
મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય વિરચિત શ્રીભાગવત વ્યાખ્યા

# સાત્વિક પ્રકરણ

## સુબોધિની

(દશમસ્કન્ધ અન્તર્ગત અધ્યાય ૬૧–૮૧)



जय श्रीकृष्ण

श्रीवल्लभाधीशो जयति

પ્રકાશક : શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, માંડવી–કચ્છ



મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય વિરચિત

# શ્રીભાગવત સુબોધિની

(દશમસ્કન્ધ ઉત્તરાર્ધ અધ્યાય ૧૫-૩૫ સળંગ અ.૬૧-૮૧)

## સાત્વિક પ્રકરણ

અનુવાદક : ગો.વા.શ્રીનાનુલાલ ગાંધી

जय श्रीकृष्ण

श्रीवल्लभाधीशो जयति

પ્રકાશક : શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, માંડવી-કચ્છ

**પ્રકાશક :**
**શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ,**
કંસારા બજાર, માંડવી-કચ્છ, ગુજરાત, ૩૭૦૪૬૫

**શ્રીવલ્લભાચાર્ય વિદ્યાપીઠ**
ફુલાભાઈ પાર્ક, હાલોલ, પંચમહાલ, ગુજરાત, ૩૮૯૩૫૦

**સમ્પાદક :** શ્રીશરદ્ ગોસ્વામી

**પ્રકાશન વર્ષ :** વિ.સં.૨૦૭૮
**શ્રીવલ્લભાબ્દ :** ૫૪૩

**પ્રતિ :** ૧૦૦૦

**મુદ્રક :**
પૂર્વી પ્રેસ્ પ્રા. લિ., રાજકોટ

# શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ

**શ્રીવલ્લભાચાર્ય વિદ્યાપીઠ, ફુલાભાઈ પાર્ક, હાલોલ, જિ.પંચમહાલ પિન.૩૮૯૩૫૦.**
**ફક્ત વોટસેપ્ મેસેજ : ૯૩૧૩૪ ૩૬૨૦૦**

| ગ્રન્થ | પ્રકાશનસહાય |
|---|---|
| **પુષ્ટિમાર્ગની પ્રાથમિક સમજ માટે** | |
| પ્રવેશિકા, લેખકઃ ગોસ્વામી શ્રીશરદ્દુમાજી(ગુજરાતી) | ૧૦ |
| પ્રવેશિકા, લેખકઃ ગોસ્વામી શ્રીશરદ્દુમાજી(હિન્દી) | ૧૦ |
| Praveshika, લેખકઃ ગોસ્વામી શ્રીશરદ્દુમાજી (અંગ્રેજી) | ૧૦ |
| પુષ્ટિપ્રવેશ ૧-૨, લેખકઃ ગોસ્વામી શ્રીશરદ્દુમાજી (ગુજરાતી) | ૨૦ |
| પુષ્ટિપ્રવેશ ૧-૨, લેખકઃ ગોસ્વામી શ્રીશરદ્દુમાજી (હિન્દી) | ૨૦ |
| પુષ્ટિપથ, લેખકઃ ગોસ્વામી શ્રીશરદ્દુમાજી (ગુજરાતી) | ૧૦ |
| પુષ્ટિપથ, લેખકઃ ગોસ્વામી શ્રીશરદ્દુમાજી (હિન્દી) | ૧૦ |
| પ્રમેયરત્નસંગ્રહ, લેખકઃ ગોસ્વામી શ્રીશરદ્દુમાજી (ગુજ.) | ૨૦ |
| Manual of the devotionalpath of Pushti. લેખક : ઉપરમુજબ (અપ્રાપ્ય) | ૬૫ |
| **શ્રીભાગવતસુબોધિનીનું શ્રીનાનુલાલ ગાંધીએ કરેલ ભાષાન્તરઃ** | |
| પ્રથમસ્કન્ધ | ૧૭૦ |
| દ્વિતીયસ્કન્ધ | ૧૦૦ |
| તૃતીયસ્કન્ધ (બે ભાગમાં) | ૪૦૦ |
| જન્મપ્રકરણ (દશમસ્કન્ધ અધ્યાય ૧-૪) | ૧૫૦ |
| તામસ પ્રમાણ પ્રકરણ (દશમસ્કન્ધ અધ્યાય ૫-૧૧ તથા પ્રક્ષિપ્તાધ્યાય૧૨-૧૪) | ૧૨૫ |
| તામસ પ્રમેય પ્રકરણ (દશમસ્કન્ધ અધ્યાય ૧૨-૧૮) | ૧૨૫ |
| તામસ સાધન-ફળ પ્રકરણ (દશમસ્કન્ધ અધ્યાય ૧૯-૩૨) | ૨૦૦ |
| રાજસ પ્રમાણ-પ્રમેય પ્રકરણ (દશમસ્કન્ધ અધ્યાય ૩૩-૪૬) | ૧૭૫ |
| રાજસ સાધન-ફલ પ્રકરણ (દશમસ્કન્ધ અધ્યાય ૪૭-૬૦) | ૧૭૫ |
| સાત્વિક પ્રકરણ (દશમસ્કન્ધ અધ્યાય ૬૧-૮૧) | ૧૫૦ |
| ગુણ પ્રકરણ (દશમસ્કન્ધ અધ્યાય ૮૨-૮૭) | ૧૫૦ |
| **તત્ત્વદર્શનવિષયકરાષ્ટ્રીયસેમિનારમાંપ્રસ્તુતથયેલવિભિન્નશોધપત્રોતથાચર્ચાનોસંગ્રહ** | |
| શબ્દખંડીયા વિદ્વત્પરિચર્ચા (સંસ્કૃત-અંગ્રેજી-હિન્દી) | ૨૦૦ |
| અન્યખ્યાતિવાદીયા વિદ્વત્સંગોષ્ઠી (સંસ્કૃત -અંગ્રેજી-હિન્દી) | ૧૫૦ |
| કાર્યકારણભાવમીમાંસા વિદ્વત્સંગોષ્ઠી (સંસ્કૃત -અંગ્રેજી-હિન્દી) | ૨૦૦ |
| પ્રત્યક્ષપ્રમાણ વિદ્વત્સંગોષ્ઠી (સંસ્કૃત -અંગ્રેજી-હિન્દી) | ૧૫૦ |
| અન્ધકારવાદ વિદ્વત્સંગોષ્ઠી (સંસ્કૃત -અંગ્રેજી-હિન્દી) | ૨૦૦ |
| વલ્લભવેદાન્ત લેખકઃ ગો.શ્રીશ્યામ મનોહરજી(સંસ્કૃત -અંગ્રેજી-હિન્દી) | નિઃશુલ્ક |
| **સામ્પ્રદાયિકવિચારગોષ્ઠીમાંપ્રસ્તુતથયેલાશોધપત્રોતથાતેનાઊપરથયેલચર્ચાનુંસંકલન** | |
| અધિકારપરિચર્ચા | ૧૦૦ |
| શરણાગતિ વિચારગોષ્ઠી | ૫૦ |
| સેવા-સમર્પણ વિચારગોષ્ઠ | ૫૦ |
| પુષ્ટિભક્તિ અને પ્રપત્તિ સાધનામાં જઘન્યાધિકાર વિચારગોષ્ઠી | ૮૦ |

પ્રતિબન્ધ (પુષ્ટિભક્તિ અને પ્રપત્તિ સાધનામાં પ્રતિબન્ધ) ૧૦૦
પુષ્ટિભક્તિ અને પ્રપત્તિ સાધનામાં ફળ ૧૦૦

**નિત્યસ્તોત્રપાઠ**

**પુષ્ટિપાઠાવલી** (હિન્દી) કાચું બાઈંડિંગ ૨૦
**પુષ્ટિપાઠાવલી** (ગુજરાતી) કાચું બાઈંડિંગ ૨૦
**પુષ્ટિપાઠાવલી** (ગુજરાતી) કાચું બાઈંડિંગ ૪''.૩'' નાની સાઈઝ ૧૦
**પુરુષોત્તમસહસ્રનામ-ત્રિવિધલીલાનામાવલી** (અનુવાદ સહિત) ૨૦

**અધ્યયનોપયોગી ગ્રન્થો**

**શ્રીભાગવતમહાપુરાણ**(ચારભાગ. મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય સમ્મત અર્થવાળું) ૫૦૦
**ષોડશગ્રન્થ**(સરળ ગુજરાતી ભાવાર્થ-વિવેચન સાથે. પેજ સં. ૨૩૦) નિઃશુલ્ક
**ભગવદ્ગીતા** અનુવાદક : શ્રીનાનુલાલ ગાંધી. શ્લોકાર્થ, વિવેચન,પાદાનુક્રમણિકા, ગીતાતાત્પર્ય તથા ન્યાસાદેશવિવરણ ગુજરાતી અનુવાદ સાથે. ૧૦૦
**પુષ્ટિઅસ્મિતા સંવર્ધક શિબિર, રાષ્ટ્રીય સંમેલન-ભરૂચ** (પ્રશ્નોત્તરી) ૨૫
**ભગવદ્ગીતાનો પુરુષોત્તમયોગ, પંદરમો અધ્યાય,** લેખક :ગો.શ્રીશ્યા.મ. નિઃશુલ્ક
**દ્રવ્યશુધ્દ્ધિ.** અપરસ-સુતક બાબતનો નિર્ણય ગ્રન્થ. લે.: ગો.શ્રીપુરુષોત્તમજી નિઃશુલ્ક
**ભાગવત શાસ્ત્ર-સ્કન્ધ-પ્રકરણ-અધ્યાયનો અર્થ.** લેખકઃ શ્રીનાનુલાલ ગાંધી ૧૦
**શ્રીભાગવતાર્થપ્રકરણ**(શ્રીવલ્લભાચાર્ય રચિત તત્ત્વાર્થદીપનિબન્ધાન્તર્ગતનું પ્રકરણ.૧૫૦ શ્રીમદ્ભાગવત ના શાસ્ત્ર-સ્કન્ધ-પ્રકરણ અને અધ્યાય ના અર્થોનું વિસ્તૃત વિવેચન.) અનુવાદક : ગો.વા.શ્રીનાનુલાલ ગાંધી.
**પુરુષોત્તમ પ્રતિષ્ઠાપ્રકાર** (શ્રીગુસાંઈજી રચિત સેવ્યસ્વરૂપને પુષ્ટ કરવાની વિધિનું નિઃશુલ્ક વિસ્તૃત ગુજરાતી વિવેચન) લે : ગો.શ્રીશ્યામમનોહરજી
**શ્રીકૃષ્ણચરિત્ર** ૧૨૫
(દશમસ્કન્ધનો સરળ ગુજરાતી ભાવાનુવાદ) અનુવાદક : ગો.વા.શ્રીનાનુલાલ ગાંધી
**સેવાઃ ઋતુ-ઉત્સવ-મનોરથ.** વ્યાખ્યાતાઃ ગો. શ્રીશ્યામ મનોહરજી અપ્રાપ્ય
**તત્ત્વાથદીપનિબન્ધાન્તર્ગત સાધનપ્રકરણ.** મૂળ સહિત ગુજરાતી અનુવાદ ૨૫
**પુરુષાર્થવ્યવસ્થા** પ્રવક્તા : ગો.શ્રીશ્યામ મનોહરજી નિઃશુલ્ક
**વૃત્રાસુર ચતુઃશ્લોકી,** સંસ્કૃત ટીકા તથા તેના ગુજરાતી અનુવાદ સાથે. ૫૦
**पुष्टिविधानम्-३**(व्रजभाषा) ૧૫૦
श्रीवल्लभाचार्य-श्रीगोपीनाथजी-श्रीगुसांईजी रचित षद्ग्रन्थोंका शब्दार्थ-श्लोकार्थ-विवेचन-पादानुक्रमणिका.
**तत्त्वार्थदीपनिबन्धान्तर्गत शास्त्रार्थप्रकरणम् सर्वनिर्णयप्रकरणम्** (व्रजभाषाटीका) १००
**वेदान्तचिन्तामणी** (हिन्दी अनुवाद सहित) तथा **सत्सिद्धान्तमार्तंड** ५०
(गुजराती प्रश्नोत्तर संक्षेप) श्रीगट्टुलालजी विरविचत.
**श्रीपुरुषोत्तमग्रन्थावली-५**(संस्कृत)(દશદિગન્તવિજયી ગો.શ્રીપુરુષોત્તમજી રચિત ૧૦૦ દ્રવ્યશુધ્દ્ધિદીપિકા, ભક્તિમાર્ગીય અપરાધનિરૂપણવિવૃતિ તેમજ ઉત્સવપ્રતાન મૂળ ગ્રન્થો તેમજ તેનો વ્રજભાષા-હિન્દી-ગુજરાતી અનુવાદ)
**श्रीपुरुषोत्तमग्रन्थावली-६**(संस्कृत)(દશદિગન્તવિજયી ગો.શ્રીપુરુષોત્તમજી રચિત ૨૦૦

ઉપનિષદો, ભગવદ્ગીતા તથા ન્યાસાદેશતાત્પર્ય ની સંસ્કૃત ટીકા)

**ब्रह्मवाद** (हिन्दी) लेखक : गो.श्रीश्याम मनोहरजी निःशुल्क

**तृतीयस्कन्ध सुबोधिनी** (संस्कृत) दो खंडोंमें. १०००

**श्रीमद्ब्रह्मसूत्राणुभाष्यम् : सप्रदीप–विवरणम्.** (संस्कृत) तीन खंडोंमें. १०००

महाप्रभु श्रीवल्लभाचार्य विरचित ब्रह्मसूत्राणुभाष्यं तथा उस पर भगवदीय श्रीइच्छाराम तथा गो.श्रीगिरिधिरजी विरचित 'प्रदीप' तथा 'विवरण' टीका.

## ઈતિહાસ

**આધુનિક ન્યાયપ્રણાલી અને પુષ્ટિમાર્ગીય સાધનાપ્રણાલી નો આપસી ટકરાવ** નિઃશુલ્ક

લે. : ગો. શ્રીશ્યામ મનોહરજી (ગુજરાતી/હિન્દી)

**શ્રીગોપીનાથપ્રભુચરણ**(ગુજરાતી/હિન્દી) ૨૫

શ્રીગોપીનાથજીના વિષયમાં ઉપલબ્ધ (ચિત્રજી, હસ્તાક્ષર, પદ, ઈતિહાસ, રચના વગેરે) તમામ માહિતિનો સંગ્રહ.

## સન્દર્ભ ગ્રન્થો

**પુષ્ટિવિધાનમ્ પાદાનુક્રમણિકા.** ૧૦

શ્રીવલ્લભાચાર્ય-શ્રીગપીનાથજી-શ્રીગુસાંઈજી રચિત ૨૬ ગ્રન્થોંની પાદાનુક્રમણિકા

**Summary of Shuddhadvaita Vangmaya** 15

Author: Sri Sharad Goswami શ્રીમહાપ્રભુજી, શ્રીગોપીનાથજી તથા શ્રીગુસાંઈજીના ગ્રન્થોનો અંગ્રેજીમાં ટુંક પરિચય.

## ગોશાળા :

મહિલાબાગ પાસે, માંડવી-કચ્છ તથા શ્રીવલ્લભાચાર્ય વિદ્યાપીઠમાં, હાલોલ.

## જીર્ણોદ્ધાર :

શ્રીબાલકૃષ્ણજીના બેઠકજી. ગામ : વિંજાણ, તા.અબડાસા-કચ્છ

## શ્રીવલ્લભાચાર્ય વિદ્યાપીઠ :

શ્રીવલ્લભાચાર્ય નગર, રેફરલ હોસ્પિટલ પાછળ, હાલોલ, જિ. પંચમહાલ.

અધ્યયનોપયોગી ગ્રન્થાલય, અધ્યયનકક્ષ, નિવાસ, ભોજન, અધ્યાપક વગેરે અત્યાવશ્યક સુવિધાઓથી સુસજ્જ.

## પુષ્ટિસ્વાધ્યાય :

અઠવાડીયાના લગભગ બધા દિવસ આબાલ-વૃદ્ધ બધા પુષ્ટિમાર્ગીઓ માટે સમ્પ્રદાયના મૂળ ગ્રન્થોનું અધ્યાપન વિદ્વાન્ આચાર્યવંશજો દ્વારા ટેલિફોનિક કોન્ફરન્સ્ માધ્યમથી કરવામાં આવે છે : વધુ માહિતિ માટે ફોન સમ્પર્ક : ૯૪૨૬૬૨૩૫૬૫


Pushti-Vidya
**'पुष्टिविद्या' मोबाईल् एप्लिकेशन्**

**व्होट्स्एप** द्वारा विद्यापीठ तथा पुष्टिमार्ग सम्बन्धी मह त्वपूर्ण जानकारीयां प्राप्त करनेकेलिए सम्पर्क करें : 9426623565

**http://www.vallabhacharyavidyapeeth.org/**
**http://www.pushtimarg.net/**

**Like our page on Facebook :**
Sri Vallabhacharya Vidyapeeth



**व्होट्स्एप** द्वारा विद्यापीठ तथा पुष्टिमार्ग सम्बन्धी मह त्वपूर्ण जानकारीयां प्राप्त करनेकेलिए सम्पर्क करें : 9426623565

**http://www.vallabhacharyavidyapeeth.org/**
**http://www.pushtimarg.net/**

**Like our page on Facebook :**
Sri Vallabhacharya Vidyapeeth



Subscribe us on You Tube:
**'Pushtiswadhyay'**

गोस्वामी श्रीश्याम मनोहरजीद्वारा सम्पादित–पुनर्मुद्रित

# शुद्धाद्वैत पुष्टिभक्ति सम्प्रदायके मूल संस्कृत ग्रन्थ

१. सव्याख्यषोडशग्रन्थ [संयुक्तप्रकाशन, दुर्लभ]

खंड १. श्रीयमुनाष्टकम् से सिद्धान्तरहस्यम्

खंड २. नवरत्नम् से भक्तिवर्धिनी

खंड ३. जलभेदः से सेवाफलम्

२. प्रकाश–रश्मि सहित ब्रह्मसूत्राणुभाष्यम्

खंड १. प्रथमाध्याय [नाथद्वारा टेम्पलबोर्ड, अतिदुर्लभ]

खंड २. प्रथमाध्याय [नाथद्वारा टेम्पलबोर्ड, अतिदुर्लभ]

खंड ३. द्वितीयाध्याय

खंड ४. तृतीयाध्याय

खंड ५. चतुर्थाध्याय

३. श्रीमद्भागवतसुबोधिनी

खंड १. प्रथम–द्वितीयस्कन्ध

खंड ४. जन्मप्रकरण

खंड ५. तामसप्रमाणप्रकरण

खंड ६. तामसप्रमेय–साधनप्रकरण

खंड ७. तामसफलप्रकरण

खंड ८. राजसप्रमाण–प्रमेयप्रकरण

खंड ९.राजससाधन–फलप्रकरण

खंड १०.सात्त्विकप्रमेयसाधनफलप्रकरण

खंड ११. गुणप्रकरण तथा यावत्प्राप्य एकादशस्कन्ध

४. तत्त्वार्थदीपनिबन्ध

खंड १. शास्त्रार्थ–सर्वनिर्णयप्रकरण

खंड २. भागवतार्थप्रकरण स्कन्ध १–५

खंड ३. भागवतार्थप्रकरण स्कन्ध ६–१४

५. सव्याख्यषड्ग्रन्थाः [संयुक्तप्रकाशन, दुलर्भ]

६. वेदान्ताधिकरणमाला–भावप्रकाशिका

७. विविधविवरणोपेत पत्रावलम्बनम्

८. प्रस्थानरत्नाकर

९. विद्वन्मण्डनम्

१०. श्रीबालकृष्णग्रन्थावली

११. श्रीवल्लभमहाप्रभुस्तोत्राणि

१२. श्रीपुरुषोत्तमप्रतिष्ठाप्रकारः

१३. वल्लभाख्यान (सप्तटीकोपेत)

१४. पुष्टिविधानम् गुजराती, व्रज तथा संस्कृत संस्करण

१५. वादावली

ब्रह्मवाद, वादकथा, विग्रहवाद, प्रपंचवाद, प्रपंचसंसारभेदवाद, ब्रह्मजीवतदैक्यस्वरूपनिरूपणम्, विरुद्धधर्माश्रयत्वविवेचनम्, आत्मवादः, प्रश्नोत्तरसाहस्रीपर्यालोचनम्, प्रश्नोत्तरसाहस्रीचर्चित-प्रकृत्यधिकरण-समालोचनम्, केवलाद्वैतवादाभिमताविद्यास्वरूपविमर्शः, अक्षरपुरुषोत्तम-द्वैतनिरासवादः

१६. अवतारवादावली

खंड २. भेदाभेदवाद,सृष्टिभेदवाद,आविर्भावतिरोभाववाद,ख्यातिवाद,प्रतिबिम्बवाद, अन्धकारवाद.

खंड ३. ब्राह्मणत्वादिदेवतावादः, जीवव्यापकत्वखण्डनवाद, जीवप्रतिबिम्बत्व-खण्डनवादः, भागवतस्वरूपविषयकशंकानिरासवादः,उपदेशादिविषयकशंकानिरासवादः,भगवत्प्रतिकृत-पूजनवादः, ऊर्ध्वपुण्ड्रधारणवादः, तुलसीमालाधारणवादः, शंखचक्रधारणवादः, भक्तिरसत्ववादः, भक्त्युत्कर्षवादः, नामफलादिप्रकारवादः, जयश्रीकृष्णोच्चारणवादः, स्ववृत्तिवाद ः, वस्त्रादिसेवावादः, मूर्तिपूजनवादः, भागवतपाठादेः शंकानिरासवादः.

१७. सत्सिद्धान्तमार्तण्डः. भारतमार्तण्ड-पञ्चनदी श्रीगोवर्धन(गट्टुलाल)शर्मा विरचित.

१८. वेदान्तचिन्तामणी. भारतमार्तण्ड-पञ्चनदी श्रीगोवर्धन(गट्टुलाल)शर्मा विरचित.

४क्र.१, ष तथा ४/१, ४/ष को छोड कर सभी ग्रन्थ श्रीवल्लविद्यापीठ-श्रीविट्ठलेश्वर-प्रभुचरण आ.हो.ट्रस्ट (कोल्हापुर) द्वारा प्रकाशित.

- वाल्लभवेदान्त निबन्धसंग्रह (हिन्दी)
- पुष्टिप्रवाहमर्यादाभेद (गुजराती)
- विवेक (हिन्दी)
- विशोधनिका (चार खंड) (गुज-हिन्दी)
- पुरुषोत्तमयोग (गुजराती-हिन्दी)
- नवरत्नम् (गुजराती-हिन्दी)
- श्रीयमुनाष्टकम् (हिन्दी)
- सिद्धान्तनुं आचमन (गुजराती)
- सिद्धान्तसूक्ति (गुजराती)
- भगवद्गीतासु भक्तियोग
- पुरुषार्थव्यवस्था (हिन्दी-गुजराती)
- चतुःश्लोकी(हिन्दी)
- रसदृष्टिनी तरफेणमां (हिन्दी-गुजराती)

- गृहसेवा और व्रजलीला (गुजराती-हिन्दी)
- ब्रह्मवाद (वादावली सम्पादकीय)
- सेवाकौमुदी/नवधाभक्ति (हिन्दी)
- चिरकुट चर्चा समीक्षा (हिन्दी-गुज)
- पुष्टिमार्गीय पीठाधीश स्वरूप और कर्तव्य
- अणुभाष्य(साधनफलाध्याय) भूमिका (गुज.)
- नवरत्नोपदेशका मानसविश्लेषण(गुज-हिंदी)
- श्रीवल्लभाचार्यके दर्शनका यथार्थ स्वरूप
- शरणागतिविचारगोष्ठी एक पूरक प्रश्नोत्तरी (गुजराती)
- धर्म-अर्थ-काम-मोक्षकी पुष्टिमार्गीय विवेचना(हिन्दी-गुजराती)
- भगवत्सेवानो सिद्धान्तशुद्ध प्रकार: एक प्रश्नोत्तरी (गुजराती)
- साकारब्रह्मवाद (तत्त्वचिन्तन भक्ति और संस्कृति विमर्श) (हिन्दी)
- तत्त्वार्थदीपनिबन्धान्तर्गत शास्त्रार्थप्रकरणोपक्रम(गुज.)
- तत्त्वार्थदीपनिबन्धान्तर्गत संक्षिप्त शास्त्रार्थ-सर्वनिर्णयप्रकरण तथा विवेकधैर्याश्रय, नवरत्न, सिद्धान्तमुक्तावली एवं भक्तिवर्धिनी का गुजराती अनुवाद-विवेचन(गुज.)
- श्रीवल्लभाख्यान : श्रीमद्भागवतको प्रारूप और श्रीवल्लभाख्यान
- सूक्तित्रय : सिद्धान्त, उत्सव, भक्ति.
- पुष्टिभक्तिका व्यापारीकरण (कुशंका, खिलवाड-समाधान)
- ब्राह्मिक याथार्थ्य और ब्रह्मवाद की नानावादानुरोधिता (लघुग्रन्थसंग्रह-२)
- पुष्टिमार्गकी आचार्यत्रयी
- अमृतका आचमन
- नलकूबर-मणिग्रीवकृत स्तुतिका व्याख्यान
- अहंकार मीमांसा (दो खंड)
- गोपीगीतका व्याख्यान
- कपिलगीता (दो खंड)
- वार्ता विवेचना(श्रीदामोदरदासजी तथा श्रीकृष्णदासजी)
- वार्तान्की सैद्धान्तिक संगति (दो खंड)
- मूलाचार्यवाणी : भक्तिरस

**म्पर्क:** गोस्वामी श्रीश्याम मनोहरजी, व्रजकमल, ६३ स्वस्तिक सोसायटी, ४था रास्ता, जुहु स्कीम, विलेपार्ले(पश्चिम) मुम्बई

# ।। પ્રકાશકીય ।।

ગો.વા.શ્રીનાનુલાલ ગાંધી દ્વારા ગુજરાતી ભાષામાં ભાષાન્તરિત મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યચરણ વિરચિત શ્રીભાગવત સુબોધિનીજીના દશમસ્કન્ધ અન્તર્ગત **'સાત્વિક પ્રકરણ'**, દશમસ્કન્ધના અધ્યાયોના ક્રમાનુસાર અધ્યાય ૬૧ થી ૮૧, પરના સુબોધિનીનું શ્રીવલ્લભવાઙ્મયના અધ્યેતાઓ સમક્ષ પ્રકાશન કરતાં પ્રસન્નતા થઈ રહી છે.

સાત્વિક પ્રકરણ અન્તર્ગત **પ્રમેય પ્રકરણ**ના પ્રથમ સંસ્કરણની અઢીસો પ્રતોનું પ્રકાશન સાતસો પચાસ રૂપીયાના ખર્ચે શ્રીકૃષ્ણભંડાર, નાથદ્વારા દ્વારા સંવત્ ૨૦૦૩; ઈ.સ. ૧૯૪૭ માં ગો.વા.શ્રીરણછોડદાસ પટવારી એ કર્યું હતું.

પ્રકાશકીયમાં તેઓએ ખુબ સૂચક વાત લખી છેઃ

> ''શ્રીમાન્ તિલકાયત ગોસ્વામી શ્રી૧૦૮ શ્રીગોવિંદલાલજી મહારાજે ૧૯મું વર્ષ પુરૂં કર્યું છે. ઉદયપુરના નામદાર મહારાણા સાહેબ તેઓશ્રીને ટૂંકા વખતમાં મંદિરનો વહિવટ સોંપશે એવો સંભવ છે. વહીવટ સંભાળ્યા બાદ, તેઓશ્રી પણ શ્રીકૃષ્ણભંડારની લાખો રૂપીયાની વાર્ષિક ઉપજમાંથી દર વર્ષે વધારે નહિ તો પાંચ-દશ હજાર રૂપીયાનો વિનિયોગ સામ્પ્રદાયિક ગ્રન્થોના પ્રકાશન માટે કરશે એવી સમ્પ્રદાય આશા રાખે એ સ્વાભાવિક છે!!!''.

સાત્વિક પ્રકરણ અન્તર્ગત **સાધન પ્રકરણ**ના પ્રથમ સંસ્કરણ નું પ્રકાશન પૂના નિવાસી શ્રીમગનલાલ સાંકળચંદ શાહની દ્રવ્યસહાયતાથી શ્રીવાડીલાલ શાહે શ્રીમગ્નલાલ શાસ્ત્રી સ્મારક ગ્રન્થમાળાના પુષ્પ રૂપે સંવત્ ૨૦૦૩; ઈ.સ. ૧૯૪૭ માં કર્યું હતું.

સાત્વિક પ્રકરણ અન્તર્ગત **ફલ પ્રકરણ**ના પ્રથમ સંસ્કરણનું પ્રકાશન શ્રીધરમદાસ ત્રિભોવનદાસ સ્મારક ધર્મગ્રન્થરત્નમાલાના પુષ્પ સ્વરૂપે, શ્રીમાધવબાગ લક્ષ્મીનારાયણ મંદિર ટ્રસ્ટ, માધવબાગ-મુંબઈ દ્વારા વિ.સંવત્ ૨૦૦૫; માં થયું હતું.

સ્મર્તવ્ય છે કે ગુણ પ્રકરણ તથા એકાદશ સ્કન્ધ સુબોધિની નું પ્રકાશન આ પૂર્વે થઈ ચુક્યું છે. તેથી, આ ગ્રન્થના પ્રકાશન સાથે શ્રીભાગવત સુબોધિનીના ગુજરાતી અનુવાદનું પ્રકાશન સમ્પન્ન થાય છે.

દોઢવર્ષ થી વધુ ચાલેલ કોરોનાના સૂતકમાં ભગવદિચ્છાથી સમયની વિશેષ ઉલબ્ધિ થતાં, અન્યથા સમયસાધ્ય આ કાર્ય, અપેક્ષાકૃત અલ્પાવધિમાં સમ્પન્ન થઈ શક્યું એને પ્રભુની અને મહાપ્રભુની અહૈતુકી કૃપાજ માનવી જોઈએ.

શ્રીનાનુલાલ ગાંધી દ્વારા અનુદિત નિબન્ધના ભાગવતાર્થપ્રકરણ અને પ્રથમ સ્કન્ધ સુબોધિની ના પ્રકાશિત થયેલા બધા પુસ્તકો વિતરિત થઈ જતાં ટુંક સમયમાં તેમનું પુનમુદ્રણ કરવું પડ્યું છે. તૃતીયસ્કન્ધ સુબોધિનીની પણ સીમિત પુસ્તકો બચી છે. આજના વિકટ વ્યસ્ત યુગમાં પણ બે-ત્રણ હજાર જિજ્ઞાસુ ગુજરાતી વૈષ્ણવો શ્રીભાગવત સુબોધિનીજીનું અવગાહન કરી રહ્યા છે એ સુખદ આશ્ચર્ય ઉપજાવે છે.

સાત્વિક પ્રકરણના પ્રમેય તેમજ ફલ પ્રકરણનું કોમ્પ્યુટર ટાઈપ સેટિંગ શ્રીમતી હેતલ શાહ, હાલોલે તેમજ સાધન પ્રકરણનું કોમ્પ્યુટર ટાઈપ સેટિંગ સુશ્રીમૈત્રી ગોસ્વામીએ કર્યું છે. જ્યારે સમ્પૂર્ણ સાત્વિક પ્રકરણના સુબોધિનીજીનું પ્રુફરીડીંગ ભરૂચ નિવાસી શ્રીમતી પ્રીતિબેન દલાલે કર્યું છે. ગ્રન્થને પ્રેસમાં મોકલવા લાયક તૈયાર કરવાનું તેમજ છપાવવા નું કાર્ય શ્રીપીયૂષ ગોંધીયા તથા શ્રીપ્રવીણભાઈ એ કર્યું છે જે સ્મરણીય છે.

**રથયાત્રા**
વિક્રમસંવત ૨૦૭૮
શ્રીવલ્લભાબ્દ ૫૪૩

**શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, માંડવી-કચ્છ દ્વારા**
શરદ્ ગોસ્વામી

# || અનુક્રમણિકા ||


ભાગવતાર્થપ્રકરણમાં નિરૂપિત સાત્વિક પ્રકરણનો અર્થ તથા તેના અધ્યાયાર્થ.

શ્રીપુરુષોત્તમનામસહસ્ર સ્તોત્રમાં નિરૂપિત સાત્વિક પ્રકરણના ભગવન્નામો તથા તેના પર શ્રીરઘુનાથચરણ વિરચિત નામચન્દ્રિકા ટીકાનો ગુજરાતી અનુવાદ.

## દશમસ્કન્ધાન્તર્ગત સાત્વિક પ્રકરણ (અધ્યાય ૬૧–૮૧)

### [સાત્વિક પ્રમેય પ્રકરણ. અધ્યાય ૬૧–૬૭]

**અધ્યાય ૬૧. નૃગનું આખ્યાન** ૦૧

**અધ્યાય ૬૨. બલદેવજીનું ગોકુલમાં પધારવું.** ૪૭

**અધ્યાય ૬૩. ભગવાને મિથ્યા વાસુદેવને માર્યો; કાશીને બાળી** ૮૭

**અધ્યાય ૬૪. બલદેવજીએ દ્વિવિદ વાનરને માર્યો.** ૨૨૫

**અધ્યાય ૬૫. બલદેવજી કૌરવોને જીતી લક્ષ્મણા અને સામ્બને લાવ્યા** ૨૫૭

**અધ્યાય ૬૬. શ્રીકૃષ્ણના ગાર્હસ્થ્યને નારદજીએ જોયું.**

**અધ્યાય ૬૭. સવારથી રાત સુધીની ભગવાનની દિનચર્યા.** ૨૯૦

### [સાત્વિક સાધન પ્રકરણ. અધ્યાય ૬૮–૭૪]

**અધ્યાય ૬૮. ભગવાન્ ઈન્દ્રપ્રસ્થ પધાર્યા.** ૨૯૦

**અધ્યાય ૬૯. ભગવાને જરાસન્ધને ભીમદ્વારા માર્યો.** ૨૯૦

**અધ્યાય ૭૦. ભગવાને રાજાઓને મુક્ત કરી ઉપદેશ આપ્યો.** ૨૯૦

**અધ્યાય ૭૧. યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞમાં શિશુપાલનો વધ.** ૨૯૦

**અધ્યાય ૭૨. દુર્યોધનના માનભંગનો પ્રસંગ.** ૨૯૦

**અધ્યાય ૭૩. શલ્વ અને પ્રદ્યુમ્નજી નું યુદ્ધ** ૨૯૦

**અધ્યાય ૭૪. શ્રીકૃષ્ણે કરેલો શાલ્વનો નાશ.** ૨૯૦

### [સાત્વિક ફલ પ્રકરણ. અધ્યાય ૭૫–૮૧]

**અધ્યાય ૭૫. દન્તવક્ત્ર તથા વિદૂરથ નો ભગવાને કરેલો ઉદ્ધાર** ૨૯૦

અધ્યાય ૭૬. બલદેવજીએ કરેલો બલ્વલનો વધ. ૨૯૦
અધ્યાય ૭૬. શ્રીકૃષ્ણના મિત્ર સુદામાનું આખ્યાન. ૨૯૦
અધ્યાય ૭૬. ભગવાને સુદામાને સમ્પત્તિ આપી. ૨૯૦
અધ્યાય ૭૬. ભગવાનનું કુરુક્ષેત્રમાં પધારવું. ૨૯૦
અધ્યાય ૭૬. ભગવાને પટરીણીઓ ઉપર કરેલ અનુગ્રહ. ૨૯૦
અધ્યાય ૭૬. બાંધવોનું પ્રસ્થાન અને વસુદેવજીના યજ્ઞનું વર્ણન. ૨૯૦

### મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય વિરચિત તત્ત્વાર્થદીપનિબન્ધનો

# શ્રીભાગવતાર્થ પ્રકરણ

### (ગો.વા.શ્રીનાનુલાલ ગાંધી અનુદિત શ્રીભાગવતાર્થ પ્રકરણમાંથી સંકલિત)

## સ્કન્ધ દશમો : નિરોધ

## સત્વિક પ્રકરણ (અધ્યાય ૬૧-૮૧)

**અતઃ પરં સાત્ત્વિકાનાં પ્રક્રિયા વિનિરૂપ્યતે ।।**
**નૃગમોક્ષાદિયજ્ઞાન્તા વસુદેવસ્ય ધીમતઃ ।।૩૦૫।।**

હવે અહીંથી નૃગની ગરોળાના અવતારમાંથી મુક્તિથી આરંભી બુદ્ધિમાન્ વસુદેવના યજ્ઞના અન્ત સુધીનું સાત્ત્વિકોનું પ્રકરણ કહેવામાં આવે છે.

આ સાત્ત્વિક પ્રકરણનો આરંભ અધ્યાય ૬૧ નૃગના વૃત્તાન્તથી થાય છે અને અધ્યાય ૮૧ માં કહેલ વસુદેવના યજ્ઞ સુધીનું તે છે. તેથી ૬૧ થી ૮૧ સુધીના એકવીસ અધ્યાયોનું આ પ્રકરણ થયું.

**પ્રમાણાનાં બલં ત્વત્ર સાત્ત્વિકાનાં ન મૃગ્યતે ।।**
**પ્રક્રિયાત્રિતયં ત્વત્ર પ્રમેયાદિ નિરૂપ્યતે ।।૩૦૬।।**

અહીં સાત્ત્વિકોને પ્રમાણના બલની તો જરૂર નથી. તેથી સાત્ત્વિકોના સમ્બન્ધમાં પ્રમેય વગેરે ત્રણ પેટાપ્રકરણો કહેલાં છે.

સાત્ત્વિક-પ્રમેય, સાત્ત્વિક-સાધન અને સાત્ત્વિક-ફલ એવાં ત્રણ જ પેટાપ્રકરણો છે. તામસ અને રાજસ પ્રકરણો પેઠે આમાં સાત્ત્વિક પ્રમાણ પ્રકરણ નથી, કારણ કે સાત્ત્વિકોમાં સત્ત્વ તો હોય જ, અને તે જ્ઞાનરૂપ અને જ્ઞાન ઉત્પન્ન કરનારું હોવાથી તે પ્રમાણરૂપ છે. સાત્ત્વિકો સ્વભાવથી જ જાણે છે કે નન્દકુમાર વસુદેવના પુત્ર શ્રીકૃષ્ણ; ભગવાન્ અને ઈશ્વર છે તેથી તેઓને એવું જ્ઞાન કરાવવાની કાંઈ જરૂર ન હોવાથી આ પ્રકરણના ત્રણ જ પેટાપ્રકરણો છે.

**સ્નેહસ્તેષાં પૂર્વસિદ્ધ આસક્તિશ્ચાપિ વૈ દૃઢા ।।**
**વ્યસનેનાઽભવન્ શુદ્ધા રાજસાઃ કિન્તુ દોષતઃ ।।૩૦૭।।**
**સંસ્કારમાત્રાત્ પુષ્ટ્યા ચ સમ્પત્ત્યા *ચોદ્ધતાઃ સદા ।।**
**અતો દોષનિવૃત્તિર્હિ સર્વેષામ્ અત્ર વર્ણ્યતે ।।૩૦૮।।**

રાજસો તથા તામસો ને ભગવાન્માં સ્નેહ પહેલાં થયેલો, અને દૃઢ આસક્તિ પણ થયેલી જ. પરન્તુ માત્ર સંસ્કારથી થયેલા દોષને લીધે અને ભગવાનની કૃપાથી પ્રાપ્ત થયેલી સમ્પત્તિને લીધે તેઓ સદા ઉદ્ધત રહેતા. તેથી આ પ્રકરણમાં સર્વના દોષ દૂર કરવાનું કહેલ છે.

આ પ્રકરણમાં કોઈક સ્થળે રાજસ અને તામસ ભક્તોનું પણ નિરૂપણ કરેલું છે.

* અહિં 'ચોદ્ધતાઃ' પાઠ હશે એમ જણાય છે.

તેઓને ભગવાન્‌માં સ્નેહ અને આસક્તિ થયેલ હોવા છતાં, સંસ્કાર તથા સમ્પત્તિને લીધે તેઓ ઉદ્ધત રહેતા. તેથી ભગવાન્ તેઓના પણ દોષ દૂર કરે છે. દોષ દૂર થતાં તેઓ પણ સાત્ત્વિક થાય છે, તેથી આ સાત્ત્વિક પ્રકરણ જ છે.

## [અ.સાત્ત્વિક પ્રમેયપ્રકરણ. અધ્યાય ૬૧ થી ૬૭]

**નૃગઃ પૂર્વતનો ભક્તઃ સાત્ત્વિકો ધાર્મિકસ્તથા ।।**
**અતિદાનેન દુઃખં સ પ્રાપ્ય કૃષ્ણેન મોચિતઃ ।।૩૦૯।।**

નૃગ પહેલાંનો ભક્ત હતો. તે સાત્ત્વિક તેમજ ધર્મવાળો હતો. ઘણું દાન કરવાથી તે દુઃખ પામ્યો, શ્રીકૃષ્ણે તેને દુઃખમાંથી છોડાવ્યો.

વૈવસ્વત મનુના પુત્ર ઈક્ષ્વાકુ (જુઓ ૯।૬।૪) નો નૃગ પુત્ર હતો (શ્લો.૧૦). તેથી આ પહેલાંનો ભક્ત હતો. તે સાત્ત્વિક અને ધર્મવાળો હોવા છતાં દાન કરવામાં જ આસક્ત હોવાથી દુઃખી થયો (શ્લો.૧૬-૨૪). શ્રીકૃષ્ણે જ તેને ગરોળાના અવતારથી છોડાવ્યો(શ્લો.૫).

**આજ્ઞેચ્છાઽભાવતો દોષમ્ અભિમાનાત્તુ કેચન ।।**
**અત્યન્તમ્ આગ્રહો ધર્મે વિચારાદેરભાવતઃ ।।૩૧૦।।**
**દુઃખભોગાય ભવતિ કૃષ્ણાદ્ અન્યત્ર સર્વથા ।।**

ભગવાનની આજ્ઞા અને ઈચ્છા તેવું તે દાન કરે તેવી ન હોવાથી તેને દોષ લાગવાનું કેટલાક કહે છે, કેટલાક તો અભિમાનને લીધે દોષ લાગવાનું કહે છે. વિચાર વગેરે ન કરતાં ધર્મમાં અત્યંત આગ્રહ રાખવો એ દુઃખ ભોગવરાવનારૂં છે. શ્રીકૃષ્ણ સિવાય બીજામાં આગ્રહ સમ્પૂર્ણ પ્રકારે દુઃખ ભોગવરાવનાર થાય છે.

કેટલાક એમ માને છે કે ભગવાનની આજ્ઞા વિના અને તેમની ઈચ્છા વિના નૃગે દાન કર્યા કર્યું એ તેનો દોષ હતો. બીજાઓ એમ માને છે કે તેને અભિમાન હતું એ તેનો દોષ હતો. શ્લો.૧૨ માં અસંખ્ય ગાયોનું દાન કર્યાનું તેણે કહેલ છે. તેથી તેને દાન કર્યાનું અભિમાન હતું એમ તેઓને જણાય છે. વસ્તુતઃ ભગવાનની આજ્ઞા અથવા ઈચ્છાનો વિચાર કર્યા વિના ધર્મમાં અત્યંત આગ્રહ રાખવાથી જ તેને ઘણું દુઃખ થયેલું. શ્રીકૃષ્ણ સિવાય બીજા હરકોઈમાં અત્યંત આગ્રહ રાખવાથી દુઃખ ભોગવવું પડે છે.

**ભક્તિયોગે તુ ભગવાંસ્તાદૃશમપિ મોચયેત્ ।।૩૧૧।।**
**તથા યથા ન કુરુતે તદર્થં તાદૃશં હરિઃ ।।**
**કૃકલાસં સર્વવધ્યં સર્વક્ષોભાચ્ચકાર હ ।।૩૧૨।।**

તેવો પણ જો ભક્તિવાળો હોય તો ભગવાન્ તેને દુઃખમાંથી છોડાવે. જે પ્રકારે તેમ ન કરે તે માટે તેવા (નૃગ)ને હરિએ સર્વને ક્રોધ ઉત્પન્ન કરનાર હોવાથી સર્વે વધ કરવા યોગ્ય ગરોળો બનાવ્યો.

તેવો ધર્મમાં અત્યંત આગ્રહ રાખનારો પણ જો ભગવાનની ભક્તિ કરનારો હોય તો ભગવાન્ તેને દુઃખમાંથી છોડાવે છે. તે ધર્મમાં અથવા ભગવાન્ શ્રીકૃષ્ણ સિવાય બીજા કોઈમાં અત્યંત આગ્રહ ન રાખે, તેમ કરવા, ભગવાને તેને સર્વને ક્રોધ ઉત્પન્ન કરાવનાર ગરોળો બનાવ્યો.

**યથૈકો બ્રાહ્મણઃ ક્રુદ્ધઃ તથૈવૈકત્ર કર્મણિ ।।**
**યાવન્તો યોગમાપન્નાઃ તાવતાં ક્લેશદં તુ તત્ ।।૩૧૩।।**
**અતોઽન્યત્ર વ્યસનિનો ધર્માદિષુ યથાયથમ્ ।।**
**દુઃખભાજો ભવુત્યેવ તસ્માત્ કૃષ્ણે તદાચરેત્ ।।૩૧૪।।**

જેમ એક કર્મમાં (કર્મ કરવાથી) એક બ્રાહ્મણને ક્રોધ થયો, તેમ ગરોળા સાથે જેટલા સમ્બન્ધમાં આવેલ તે બધાને તે દુઃખ આપનારું હતું. તેથી શ્રીકૃષ્ણ સિવાય બીજા ધર્મ વગેરેમાં વ્યસન કરનારાઓ ધીરે-ધીરે દુઃખી થાય છે જ. તેથી શ્રીકૃષ્ણમાં જ તે કરવું.

નૃગે એક બ્રાહ્મણની ગાય બીજાને આપી દીધી, તે કર્મથી બ્રાહ્મણને ક્રોધ થયો. તેમ ગરોળા સાથે જેટલા સમ્બન્ધમાં આવે તે બધાને તેને જોઈ અણગમો તથા દુઃખ થાય. તેથી શ્રીકૃષ્ણ સિવાય બીજા હરકોઈમાં ધર્મ વગેરેમાં પણ વ્યસન કરવાથી ધીરે-ધીરે દુઃખ થાય છે જ. તેથી બીજામાં વ્યસન ન કરતાં શ્રીકૃષ્ણમાં જ વ્યસન કરવું.

**અસંખ્યાતત્વકથને દૃષ્ટાન્તત્રયમીરિતમ્ ।।**
**તામસાદિવિભેદેન ગુણાશ્ચાપિ ત્રિધા મતાઃ ।।૩૧૫।।**

અસંખ્ય ગાયોનું દાન કર્યાનું કહેવામાં તામસ વગેરે ભેદથી ત્રણ દૃષ્ટાન્તો કહેલાં છે, અને ગુણો પણ ત્રણ પ્રકારના વિચારેલા છે.

નૃગે અનંત ગાયોનું દાન કરેલું એમ જણાવવા તેણે; ૧. પૃથ્વીના રજકણોનું, ૨. આકાશના તારાઓનું અને ૩. વૃષ્ટિની ધારાઓનું, એવાં ત્રણ દૃષ્ટાન્તો કહેલાં છે. ત્રણ અનુક્રમે તામસ, સાત્ત્વિક અને રાજસ છે (શ્લો.૧૨ સુબોધિની સાથે). આ દૃષ્ટાન્તો તેણે અભિમાન હોવાથી કહેલાં નથી પણ દાનનું અનંતપણું દર્શાવવા કહેલાં છે તેથી અભિમાન તેનો દોષ ન હતો. પરન્તુ દાન ધર્મનું વ્યસન જ તેનો દોષ હતો. શ્લો.૨૫ માં તેના ત્રણ ગુણો પણ કહેલા છે (શ્લો.૨૫ સુબોધિની સાથે).

**અતસ્તામસધર્મેષુ ભ્રમસ્તસ્ય ફલિષ્યતિ ।।**
**અતોઽત્ર ધર્મનિર્ધારે દોષાભાવો ગુણઃ સ્મૃતઃ ।।૩૧૬।।**
**ગુણસ્તુ દોષ એવ સ્યાદ્ ઈતિ દાનં તથોદિતમ્ ।।**

તેથી તામસ ધર્મોમાં તેને ભ્રમ થવાનો. તેથી ધર્મનો નિર્ણય કરવાના આ વિષયમાં દોષ ન હોવો એ ગુણ કહેલ છે, અને ગુણ તો દોષરૂપ જ થાય. તેથી દાન દોષરૂપ હોવાનું કહેલ છે.

દોષ ન હોવો તે ધર્મના વિષયમાં ગુણ છે. (નૃગે દોષ કરેલો, એક બ્રાહ્મણની ગાય બીજાને આપેલી) ધર્મના વિષયમાં ગુણ દોષરૂપ જ છે. ધર્મમાં ઘણી આસક્તિ રાખવાથી નૃગને દુઃખ થયું.

**ધર્મમાર્ગે બ્રાહ્મણાનાં ક્ષોભં નૈવ સમાચરેત્ ।।૩૧૭।।**
**મુખ્યે તુ સર્વભૂતાનાં ન કિઞ્ચિત્ તસ્ય નશ્યતિ ।।**

ધર્મમાર્ગમાં બ્રાહ્મણોને ઉદ્વેગ થાય તેવું ન જ કરવું. મુખ્ય માર્ગમાં તો સર્વ પ્રાણીઓને સંતાપ થાય તેવું ન કરવું. તેમ ન કરે તેને કાંઈ પણ હાનિ થતી નથી.(મુખ્ય માર્ગમાં એટલે ભક્તિમાર્ગમાં.)

**તથાऽर्थे બાન્ધવાનાં ચ કામે સ્વાત્મનિ તત્ તથા ॥૩૧૮॥**
**મોક્ષે ત્વીશસ્ય સતતં ચતુર્ભિઃ તન્નિરૂપ્યતે ॥**

તેવી રીતે અર્થ સમ્બન્ધમાં બાંધવોને અને કામમાં પોતાના આત્માની અંદર રહેલાને અને મોક્ષમાં તો ઈશ્વરને ન થાય તેવું કરવું જોઈએ. તે ચાર અધ્યાયોથી કહેલું છે.

ધર્મમાં બ્રાહ્મણોને સંતાપ ન થાય તેમ કરવું જોઈએ એ ૬૧ મા અધ્યાયમાં કહ્યું. અર્થમાં બાંધવોને સંતાપ ન થાય તેવું કરવાનું ૬૨ મા અધ્યાયમાં કહ્યું. શ્રીકૃષ્ણના બાંધવ બલભદ્રને ક્રોધ થાય તેવું યમુનાએ કર્યું*. બલભદ્રે બોલાવવા છતાં ગયાં નહીં તેથી યમુનાને ભય થયો. તેવી જ રીતે પોતાના આત્મા ભગવાન્ પ્રતિ ઈર્ષ્યા રાખી તેમને ક્રોધ થાય તેવું પૌંડ્રકે કર્યું તેથી તેને કામ પ્રાપ્ત ન થયો, આ ૬૩ મા અધ્યાયમાં કહેલું છે. દ્વિવિદે ભગવાનના આવેશવાળા બલદેવને ક્રોધ થાય તેમ કર્યું તેથી તેને મોક્ષ પ્રાપ્ત ન થયો. રામાવતારમાં તે ભક્ત હતો (અ.૬૪।૨ સુબોધિની), છતાં તેને મોક્ષ પ્રાપ્ત ન થયો.

**યથા નૃગસ્ય ધર્મો ન યમુનાયાસ્તથા નિજઃ ॥૩૧૯॥**
**સ્વાર્થઃ સિદ્ધઃ તથા કામઃ પૌણ્ડ્રકસ્ય તથા ગતિઃ ॥**
**દ્વિવિદસ્યાપિ નો સિદ્ધઃ તત્તન્મૂલવિરોધતઃ ॥૩૨૦॥**

જેમ નૃગને ધર્મ ફળ્યો નહીં, તેમ યમુનાને પોતાનો અર્થ સિદ્ધ થયો નહીં. તેવી રીતે પૌંડ્રકને કામ સિદ્ધ થયો નહીં અને દ્વિવિદને પણ મોક્ષ પ્રાપ્ત થયો નહીં, કારણકે તે-તે પુરુષાર્થના મૂલ સાથે તેમનો વિરોધ થયેલો.

બલભદ્રમાં ભગવાનનો આવેશ હોય ત્યારે તેમનો વિરોધ કરવાથી ભગવાનનો વિરોધ થાય. આ કારિકામાં ચારેનાં દૃષ્ટાન્ત આપ્યાં છે, તે ઉપર જણાવેલા છે. પોતાના કુદરતી માર્ગે વહેવું એ યમુનાનો અર્થ સિદ્ધ ન થયો એમ જણાય છે(જુઓ અ.૬૨।૩૧).

**અનિરુદ્ધે દ્વયોઃ કાર્યં તેન કૃષ્ણો બલસ્તથા ॥**
**અન્તરાન્તરભાવેન ભિન્નાર્થવિનિવારકૌ ॥૩૨૧॥**

અનિરુદ્ધમાં બેનું કાર્ય છે. તેથી શ્રીકૃષ્ણ અને (શ્રીકૃષ્ણે) અંદર આવેશ કરેલી સ્થિતિથી બલભદ્ર, એ બે જુદા-જુદા કાર્યને અટકાવનારા કહેલા છે.

અનિરુદ્ધ વ્યૂહનું કાર્ય ધર્મનું રક્ષણ કરવાનું છે. ધર્મનો વિરોધ કરનાર કોઈ ન હોય, તો ધર્મનું રક્ષણ કરવાનું રહે નહીં. તેથી ધર્મનું રક્ષણ થાય તે માટે ધર્મનો વિરોધ કરનાર તથા તેનું રક્ષણ કરનાર એવા બેની જરૂર પડે છે. તેથી શ્રીકૃષ્ણે પોતે, અને શ્રીકૃષ્ણના આવેશવાળા બલભદ્રે આ કાર્યો કરેલાં છે, તેથી ભગવાનની લીલાનું નિરૂપણ કરતાં આ પ્રકરણમાં બલભદ્રે કરેલાં કાર્ય કહેલાં છે.

**અધ્યાય ૬૨ :**

**યમુનાકર્ષણં કાર્યં પશ્ચાજ્જાતાશ્ચ ગોપિકાઃ ॥**
**શ્રુતપૂર્વા બલં દૃષ્ટ્વા રેમિરે લૌકિકાસ્તુ તાઃ ॥૩૨૨॥**

* યમુનાના બાંધવ યમને ક્રોધ થાય તેવું યમુનાએ કર્યું એમ વેદમાં કહેલા યમ અને યમીના સંવાદથી જણાય છે. તેથી યમુનાનો ભગવાનની પ્રાપ્તિરૂપ સ્વાર્થ તેમને સિદ્ધ ન થયો --યોજના. ૬૨ મા અધ્યાયમાં આ સંવાદનો ઉલ્લેખ પણ નથી.

બલભદ્રે યમુનાને ખેંચી તે વીર્યનું કાર્ય છે, અને પછી જેમણે (ભગવાને કરેલ રાસનું) શ્રવણ કરેલ તે પાછળથી ઉત્પન્ન કરેલી ગોપીઓએ બલભદ્રને જોઈ તેમની સાથે રમણ કર્યું. તેઓ તો લૌકિક હતી.

આ ગોપીઓએ પણ બલભદ્ર સાથે નહીં પરન્તુ બલભદ્રમાં જેમનો આવેશ હતો તેવા ભગવાન્ સાથે જ રમણ કરેલું, અને તેમણે જ યમુનાને ખેંચેલી. (શ્લો.૨૭ સુબોધિની).

**સાત્ત્વિકાસ્તુ પરં સંગાદ્ દોષસ્તાસાં ચ નાશ્યતે ।।**
**ગોપીનાં કૃષ્ણદેવસ્ય શિષ્ટાનાં સાત્ત્વિકત્વતઃ ।।૩૨૩।।**
**સત્સંગાત્ સુખમુત્પન્નં નિત્યં કૃષ્ણકથા યતઃ ।।**

પહેલાંની ગોપીઓએ તો સંગથી સાત્ત્વિક થઈ ભગવાનને પ્રાપ્ત કર્યા અને તે ગોપીઓના શ્રીકૃષ્ણદેવ સમ્બન્ધી દોષનો નાશ કરવામાં આવ્યો. બીજીઓને સાત્ત્વિકપણાંને લીધે સત્સંગથી સુખ થયું, કારણ કે તેઓ સદા શ્રીકૃષ્ણની કથા કરતા હતા.

પહેલાંની ગોપીઓ તો બલભદ્રના સંગથી સાત્ત્વિક થઈ અને શ્રીકૃષ્ણ કૃતઘ્ન છે એવો તેમના ઉપર તેઓ જે દોષ મૂકતી તેનો નાશ થયો. નન્દ વગેરે બીજાઓને પણ બલભદ્રના સત્સંગથી સુખ થયું, કારણ કે તેઓ સદા શ્રીકૃષ્ણની કથા કરતા હતા.

**દેવાદીનાં તુ સમ્મત્યૈ દૈત્યાનાં દેવરૂપિણામ્ ।।૩૨૪।।**
**મધુધારાદિકં પ્રોક્તં વસ્ત્રદાનાદિકં તથા ।।**

દેવો વગેરેની સમ્મતિ દર્શાવવા દેવોનું રૂપ ધારણ કરનાર દૈત્યોએ મધુની ધારા વગેરે, અને દેવોએ વસ્ત્ર વગેરે આપ્યાનું કહેલ છે.

અમૃતમથન સમયે લક્ષ્મી સાથે વારુણી ઉત્પન્ન થયેલી. તે વૃક્ષોની અધિષ્ઠાત્રી દેવતા બધા વૃક્ષોમાં રહે છે અને દૈત્યોને આપવામાં આવેલી. તેથી તે તેમના રાજા વરુણને અધીન છે. જે વૃક્ષોમાં વારુણી રહેતી હોય તેમાંથી જ મધુ એટલે મદિરાની ધારા નીકળે છે. વારુણીએ મધુની ધારા આપી વનને સુગંધિત કર્યું (શ્લો.૧૯-૨૦ સુબો) ભગવાનની ચોથી શક્તિ કાંતિએ (જુઓ.૧૦।૩૬।૫૫) બલભદ્રને ઘણા કિંમતી આભૂષણો, શ્યામ વસ્ત્રો અને માલા આપ્યા (શ્લો.૨૯). તેમનાં કાર્યમાં દેવોની સમ્મતિ હોવાનું આથી જણાવેલ છે.

**અધ્યાય ૬૩ :**

**કામો લોકે હિ સન્માનં કૃષ્ણત્વે તદ્ભવેદ્ ધ્રુવમ્ ।।૩૨૬।।**
**પૌણ્ડ્રકસ્તુ તતો જાતો માત્સર્યાત્ કૃષ્ણરૂપધૃક્ ।।**

લોકમાં સન્માન થાય તે કામ. શ્રીકૃષ્ણપણું હોય તો લોકમાં તે ચોક્કસ થાય. તેથી પૌણ્ડ્રકે તો શ્રીકૃષ્ણની ઈર્ષ્યાથી શ્રીકૃષ્ણનું રૂપ ધારણ કર્યું.

**મૂલે કૃત્વા વિરોધં હિ લોકે નષ્ટસ્તથાઽનુગઃ ।।૩૨૬।।**
**પ્રમેયબલમાસાદ્ય મુક્તઃ પૂર્વો ન ચાપરઃ ।।**

મૂલ સ્વરૂપ સાથે વિરોધ કરીને લોકમાં તે નાશ પામ્યો. તેમજ તેને અનુસરનારો પણ નાશ પામ્યો. પ્રમેયબલ પ્રાપ્ત કરીને પહેલાં કહેલો મુક્તિ પામ્યો, પરન્તુ બીજો મુક્તિ ન પામ્યો.

બાલકોના ચડાવવાથી પોતાને વાસુદેવ માની તેણે શ્રીકૃષ્ણનો વિરોધ કર્યો અને તેથી

તેનો તથા તેને અનુસરનાર કાશીના રાજાનો લોકમાં નાશ થયો. પૌણ્ડ્રકની પ્રમેયબલથી મુક્તિ થઈ, કારણ કે હરકોઈ પ્રકારે શ્રીકૃષ્ણમાં ચિત્ત રાખવાથી મુક્તિ થાય છે જ, પરન્તુ કાશીના રાજાને મુક્તિ પ્રાપ્ત ન થઈ.

**વાક્યેનૈવ તુ કર્તવ્યમ્ અવિરોધેન વા ક્વચિત્ ।।૩૨૭।।**
**ન ત્વન્યથા તીર્થદેવ-ક્ષેત્રૈર્ભક્ત્યાઽપિ કુત્રચિત્ ।।**

ભગવાનના વિરોધીને ભગવાનનાં વચનથી જ સહાય્ય કરવી, અથવા ભગવાનનો વિરોધ ન થાય તેવી રીતે કોઈવાર કરવી, પરન્તુ ભક્તિને લીધે પણ તીર્થના દેવોએ તથા તીર્થોએ કોઈ પ્રસંગે બીજા પ્રકારે સાહાય્ય કરવી નહીં.

ભગવાનના વિરોધીનો પક્ષ લેવો હોય તો ભગવાનની આજ્ઞાથી જ અથવા ભગવાનનો વિરોધ ન થાય તેવી રીતે જ લેવાય. અમૃતમંથન સમયે ભગવાનની આજ્ઞાથી દેવોએ દૈત્યો સાથે સહકાર કરેલો. વિદુર ભગવાનનો વિરોધ ન થાય તેવી રીતે જ દુર્યોધનના પક્ષમાં રહેલો. ભગવાનની આજ્ઞા વિના અથવા તેમનો વિરોધ થાય તેવી રીતે જે તેમના વિરોધીનો પક્ષ લે તેનો નાશ જ થાય. કાશીના રાજાનો તેવી રીતે પૌંડ્રકનો પક્ષ લેવાથી વિનાશ થયો. તીર્થો અને તીર્થના દેવોને પણ આ નિયમ લાગુ પડે છે. પોતાના ભક્તોનો પક્ષ લેવામાં પણ તેમણે આ ધ્યાનમાં રાખવાનું છે.

**અતઃ કાશ્યપિ નિર્દગ્ધા મહાદેવોઽપિ વારિતઃ ।।૩૨૮।।**
**તથાઽન્યાન્યપિ રૂપાણિ પ્રકટે મુરવૈરિણિ ।।**

તેથી જ્યારે મુરારિ પ્રકટ હતા ત્યારે કાશી પણ બળી ગઈ. મહાદેવનો પણ પરાભવ થયો, અને બીજા સ્વરૂપોનો પણ પરાભવ થયો.

મુરારિ પ્રકટ હતા, ત્યારે તેમની આજ્ઞા વિના તેમનો વિરોધ થાય તેવી રીતે કાશીના રાજાના પુત્ર સુદર્શનનો પક્ષ લેવાથી તીર્થ કાશી બળી ગઈ (શ્લો.૪૧), અગ્નિરૂપ મહાદેવનો પણ પરાભવ થયો (શ્લો.૨૮,૨૯,૩૯,૪૦). શ્લો.૪૩ માં આ ભગવાનનાં કાર્યનાં શ્રવણનું ફલ કહેલું હોવાથી આ યશ ગુણનું કાર્ય છે.

**અધ્યાય ૬૪ :**

ચોસઠમા અધ્યાયમાં બલભદ્રનું ચરિત્ર કહેલ છે. બલભદ્રનું પરાક્રમ તો ગયા અધ્યાયથી જ જણાય છે. કારણ કે બલભદ્ર દ્વારકા હતા ત્યાં સુધી પૌણ્ડ્રક શ્રીકૃષ્ણ પાસે દૂત મોકલવાનું સાહસ કરી શક્યો ન હતો. તે નન્દના વ્રજમાં ગયેલ ત્યારે જ તેણે દૂત મોકલેલ (અ.૬૩।૧ અ.૬૪ ના શ્રીસુબોધિનીની આરંભની કારિકા ૧). વળી આ અધ્યાયમાં બલભદ્રે દ્વિવિદને હણ્યો તે જ કથા કહેલી છે. તેમણે રમતમાં તેને હણ્યો એ શ્રીગુણનું કાર્ય સ્પષ્ટ છે. તેથી આ અધ્યાય સમ્બન્ધી નિબન્ધમાં વિચાર દર્શાવેલ નથી.

**અધ્યાય ૬૫ :**

**દોષોત્પત્ત્યૈવ તે ત્યાજ્યાઃ તેન નાત્રોક્તદૂષણમ્ ।।૩૨૯।।**
**પાંડવાદિસમસ્તાનાં દોષોઽપ્યત્ર નિવાર્યતે ।।**

દોષ ઉત્પન્ન થવાથી જ તેઓ ત્યાગ કરવા યોગ્ય થયેલા, તેથી આ વિષયમાં જણાવેલો

દોષ નથી. અહીં પાંડવ વગેરે સર્વનો દોષ પણ દૂર કરવામાં આવે છે.

કૌરવોને અભિમાન થયેલ (શ્લો.૨૪-૨૮), એ દોષને લીધે તેઓ ત્યાગ કરવા યોગ્ય થયેલા. તેથી શ્રીકૃષ્ણના આવેશવાળા બલભદ્રે હસ્તિનાપુરને ગનામાં નાખવા ખેચ્યું (શ્લો.૪૧). પછી કૌરવોએ અભિમાન તજ્યું અને બલભદ્રને શરણ આવ્યા (શ્લો.૪૩). તેથી બલભદ્ર પ્રસન્ન થયા, એટલે તેમણે તેઓના ઉપર કૃપા કરી તેમને અભય આપ્યું (શ્લો.૪૦), તેમાં કાંઈ દોષ નથી. આ કાર્યમાં પાંડવો પણ કૌરવો સાથે સામેલ રહેલા એમ શ્લોક ૨૮માં અર્જુનનું નામ હોવાથી જણાય છે. તેથી કૌરવોનો તેમજ પાંડવોનો અભિમાનરૂપ દોષ દૂર કરેલો છે.

**અધ્યાય ૬૬ :**

**તથા વૈષ્ણવમુખ્યસ્ય નારદસ્ય વિરક્તયે ।।૩૩૦।।**

તેવી રીતે પોતાનો વૈરાગ્ય જણાવવા મુખ્ય વૈષ્ણવ નારદનો દોષ પણ અહીં દૂર કરવામાં આવે છે.

'દોષ પણ અહીં દૂર કરવામાં આવે છે' એમ ઉપર કહ્યું તેનો અહીં પણ સમ્બન્ધ છે. પોતાનો વૈરાગ્ય ગુણ નારદને જણાવી ભગવાન્ પોતાના તે ગુણના અજ્ઞાનરૂપ નારદનો દોષ દૂર કરે છે. ભગવાન્ તેને પોતાનો આ ગુણ પોતાનો ગૃહસ્થાશ્રમ દેખાડ્યા પછી શ્લો.૪૦ થી જણાવે છે.

**અધ્યાય ૬૭ :**

**ધર્મસ્ય કારણાત્ સ્ત્રીણાં નીત્યા યાદવભૂભુજામ્ ।।**
**એવં પ્રમેયરૂપો હિ હરિર્દોષં ન્યવારયત્ ।।૩૩૧।।**

ધર્મ આચરીને પત્નીઓનો અને નીતિથી યાદવ ક્ષત્રિયોનો, એ પ્રમાણે પ્રમેયરૂપ હરિએ સર્વના દોષ દૂર કર્યા.

ભગવાન્ અરુણનો ઉદય થાય ત્યારથી ધર્મનું આચરણ કરતા, તે તેમની પત્નીઓ વિરહ થવાના ભયથી સહન ન કરતાં કૂકડાને દોષ દેતી (શ્લો.૧). તે ધર્મનું આચરણ સહન ન કરવારૂપ તેઓનો દોષ ભગવાને ધર્મનું આચરણ કરી (શ્લો.૪-૧૩) દૂર કર્યો. યાદવો નીતિ જાણતા નહીં. તેથી તેઓ એવા મતના હતા કે પ્રથમ જરાસંધ સાથે યુદ્ધ કરી તેને હણી તેણે કેદ કરેલ રાજાઓને છોડાવવા અને પછી યુધિષ્ઠિરના યજ્ઞમાં જવું (શ્લો.૪૫ સુબોધિની). આ તેમનો દોષ ભગવાને ઉદ્ધવને પ્રશ્ન કરી તેનો મત જણાવી, તેમને નીતિશાસ્ત્રનું જ્ઞાન કરાવી દૂર કર્યો. એ પ્રમાણે પ્રમેયરૂપ ભગવાને આ સાત્ત્વિક પ્રમેય પ્રકરણમાં સર્વના દોષ દૂર કર્યા.

**સાધનપ્રક્રિયાં વક્તું સાધનાન્તરમુક્તયે ।।**
**રાજ્યાદ્ ભ્રંશસ્તથા દુઃખં રાજ્ઞામ્ અત્ર નિરૂપ્યતે ।।**
**સાધને નારદો મુખ્યઃ તસ્યાપિ પ્રર્થનોચ્યતે ।।**

બીજા સાધન તજી દે તે માટે સાધન પ્રકરણ કહેવા માટે અહીં રાજાઓના રાજ્યની હાનિ અને દુઃખ કહેલાં છે. સાધનમાં નારદ મુખ્ય છે, તેની પણ પ્રાર્થના અહીં કહેલી છે.

દોષ દૂર કરવાના પ્રસંગમાં રાજાઓને દુઃખ થયાનું (શ્લો.૨૩-૪૦) કેમ કહેલ છે ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે હવે સાધન પ્રકરણનો આરંભ કરવાનો છે. તેથી ભગવાન્ સિવાય બીજું કોઈ સાધન નથી એમ જણાવવા રાજાઓનાં રાજ્યની હાનિ અને દુઃખ કહેલાં છે. વળી રાજ્ય દોષરૂપ છે, અને રાજ્યની હાનિ એ દોષના નાશરૂપ છે. તેથી આ પ્રકરણમાં તેનો સમાવેશ કરેલો છે. સાધન આચરવામાં નારદનો ઉપદેશ મુખ્ય છે. તે પણ અહીં ભગવાનની પ્રાર્થના કરે છે (શ્લો.૩૭-૪૪). તેથી એમ સ્પષ્ટ થાય છે કે વાસ્તવિક સાધન પણ ભગવાન્ જ છે. બીજા સાધન; કરવા યોગ્ય નથી.

## [આ.સાત્ત્વિક સાધનપ્રકરણ. અધ્યાય ૬૭|૬૮-૭૪ અને ૮૦]

સાત્ત્વિક પ્રકરણ ૬૧-૮૧ સુધીના ૨૧ અધ્યાયોનું છે. તેના ત્રણ વિભાગ છે ૧. સાત્ત્વિક પ્રમેય ૨. સાત્ત્વિક સાધન અને ૩. સાત્ત્વિક ફલ. દરેક વિભાગ સાત-સાત અધ્યાયોનો છે. કેટલાક એમ માને છે કે અનુક્રમે ૬૧-૬૭, ૬૮-૭૪ અને ૭૫-૮૧ અધ્યાયોના આ ત્રણ વિભાગો છે. સુબોધિની પ્રમાણે આચાર્યશ્રીનો મત એવો હોવાનું જણાય છે કે અનુક્રમે ૬૧-૬૬ અને ૭૯, ૬૭-૭૨ અને ૮૦ તથા ૭૩-૭૮ અને ૮૧ અધ્યાયોનાં આ ત્રણ પ્રકરણો છે. આ વિષય સાત્ત્વિક સાધન પ્રકરણનાં સુબોધિની અનુવાદના ઉપોદ્‌ઘાતમાં વિસ્તારપૂર્વક ચર્ચાયેલ હોવાથી અહીં વિશેષ વર્ણન કરેલ નથી.

**સામર્થ્યે વિદ્યમાનેઽપિ સ્વયં જ્ઞાત્વાઽપિ સર્વથા ।।૩૩૩।।**
**કૃષ્ણાજ્ઞાં વા સહાયં વા લબ્ધ્વૈવેષ્ટપરો ભવેત્ ।।**
**તદા તુ હરિરાગત્ય હિતં વક્તિ કરોતિ ચ ।।૩૩૪।।**

કાર્ય કરવાની શક્તિ હોવા છતાં પણ, પોતે તે કેમ કરવું તે સમ્પૂર્ણ રીતે જાણતો હોવા છતાં પણ શ્રીકૃષ્ણની આજ્ઞા અથવા તેમનું સાહાય્ય પ્રાપ્ત કરીને જ ઇચ્છેલું કર્મ કરવાનો ઉદ્યોગ કરવો. તેમ કરીએ ત્યારે તો હરિ પધારીને કલ્યાણકારક વચન કહે છે અને તેવું કાર્ય કરે છે.

ભગવાને જણાવેલ સાધનનો અથવા સાધનની મર્યાદાનો આ પ્રકરણમાં બોધ કરેલ હોવાથી, આ સાત્ત્વિક સાધન પ્રકરણ છે.

**સાધને સર્વથા નીતિઃ કર્તવ્યેતિ પ્રબોધયન્ ।।**
**ઉદ્ધવં મુગ્ધભાવેન પૃચ્છતિ સ્મ કરોતિ ચ ।।૩૩૫।।**

સાધન કરવામાં સમ્પૂર્ણ રીતે નીતિ સાચવવી જોઈએ, એવો બોધ કરતાં ભગવાન્ અજ્ઞાનપણાંની સ્થિતિ ધારણ કરીને ઉદ્ધવને પ્રશ્ન કરે છે અને તેના ઉત્તર પ્રમાણે કાર્ય કરે છે.

ભગવાન્ સર્વજ્ઞ છે, છતાં યાદવોના જુદા મત જાણીને પોતે અજ્ઞાની હોય તેમ તેઓને નીતિનો બોધ કરવા, શું કરવું જોઈએ તેવો ઉદ્ધવને પ્રશ્ન કરે છે (અ.૬૭|૪-૬), અને ઉદ્ધવ જે ઉત્તર આપે છે તે પ્રમાણે જ પછી કાર્ય કરે છે. તેથી સડસઠમો તથા અડસઠમો અધ્યાય, સાધન પ્રકરણના ઉપોદ્‌ઘાત જેવા જ હોવાથી તેમનો સાધન પ્રકરણમાં સમાવેશ કરેલો છે.

**અધ્યાય ૬૮ :**

**યાવત્ કર્તું હિ જીવાનાં શક્યં તાવદ્ વદત્યયમ્ ।।**
**સાહાય્યં વાઽત્ર કુરુતે તાવદ્ યેન ભવેત્ ક્રિયા ।।૩૩૬।।**

**ઇતિ બોધયિતું કૃષ્ણઃ સમ્ભૃત્યા સર્વયા ગતઃ ।।**
**સર્વભાવેન પૂજાર્થં શ્રદ્ધાદીનાં ચ વૃદ્ધયે ।।૩૩૭।।**

જેટલું કરવાનું જીવોથી બની શકે તેટલું કરવાનું આ ઉદ્ધવ કહે છે. અને જેટલાથી કાર્ય થઈ શકે તેટલી સાહાય્ય (ભગવાન્) કરે છે એમ જણાવવા શ્રીકૃષ્ણ; સર્વ સાધન સાથે પાંડવો સર્વ ભાવથી પૂજન કરે અને તેમની શ્રદ્ધા વધે તે માટે ઇન્દ્રપ્રસ્થ પધાર્યા.

અ.૬૮।૧ થી ૧૦ સુધીના શ્લોકોથી ઉદ્ધવ; ભગવાનના પ્રશ્નનો ઉત્તર આપે છે. તેમાં જીવોથી જેટલું કાર્ય થઈ શકે તેટલું કરવાનું તે કહે છે, અને ભગવાન્ પણ જેટલાથી રાજસૂય યજ્ઞ થઈ શકે તેટલી સાહાય્ય આપવા પોતાનાં સર્વ સાધનો સાથે ઇન્દ્રપ્રસ્થપધાર્યાનું કહેલ છે (શ્લો.૧૨-૧૭).

**અધ્યાય ૬૯ :**

**શત્રૂણાં દષ્ટિદોષાય ભક્તમાહાત્મ્યસિદ્ધયે ।।**
**ક્વચિદ્ એકોઽપિ વેષેણ દષ્ટાદષ્ટપ્રકારતઃ ।।૩૩૮।।**
**યથા ભીમસ્ય સામર્થ્યં દત્વા મૃત્યુશ્ચ બોધિતઃ ।।**

શત્રુઓની દષ્ટિમાં ભગવાનનો દોષ જણાય અને ભક્તનું માહાત્મ્ય સિદ્ધ થાય તે માટે કોઈવાર એકલા(સૈન્ય વિના) પણ વેષ બદલીને જાણી શકાય અને ન જાણી શકાય તેવા પ્રકારે- જેમ ભીમને પોતાનું સામર્થ્ય આપીને જરાસન્ધનું મૃત્યુ જણાવ્યું તેમ -ભક્તનું કાર્ય સિદ્ધ કરે છે.

ભક્તનું માહાત્મ્ય (યુધિષ્ઠિરનો રાજસૂય યજ્ઞ)સિદ્ધ થાય તે માટે ભીમ અને અર્જુન સાથે વેષ બદલી શ્રીકૃષ્ણ જરાસન્ધ પાસે પધાર્યા (શ્લો.૧૬). જરાસન્ધની દષ્ટિમાં ભગવાનનો દોષ જણાયો. તેણે તેમને હલકા ક્ષત્રિય (શ્લો.૨૩) અને બીકણ માન્યા (શ્લો.૩૧). પછી ભગવાને જરાસન્ધ પાસે દ્વન્દ્વ યુદ્ધ માગી (શ્લો.૨૮), તેનો પરાજય કરવાનું કાર્ય જાણી શકાય તેવા પ્રકારે સિદ્ધ કર્યું. વળી દરમ્યાન તેમણે પોતાનું સામર્થ્ય ન જાણી શકાય તેવા પ્રકારે ભીમને આપ્યું (શ્લો.૪૦) અને તેવી જ રીતે તેને જરાસન્ધનું મૃત્યુ કેવા પ્રકારે થશે તે દર્શાવ્યું (શ્લો.૪૧).

**પ્રથમે તુ મનઃપ્રીતિઃ દ્વિતીયે શત્રુમારણમ્ ।।૩૩૯।।**
**તેનૈવ યજ્ઞદેહાનાં બન્ધનં વિનિવારિતમ્ ।।**

પહેલામાં તો યુધિષ્ઠિરના મનની પ્રસન્નતા કરી, બીજામાં શત્રુને હણ્યો. તેથી જ યજ્ઞમાં હોમવાના જેઓના દેહો હતા તેઓનાં બન્ધનને દૂર કર્યું.

દરેક પેટાપ્રકરણ પાસે-પાસેના સાત અધ્યાયોનું લેવામાં આવે, તો અડસઠમો અધ્યાય આ પ્રકરણનો પહેલો અધ્યાય થાય. તેમાં યુધિષ્ઠિરના મનની ભગવાને પ્રસન્નતા કરી (શ્લો.૨૩-૨૬). બીજા (૬૯ મા) અધ્યાયમાં જરાસન્ધને હણ્યો (શ્લો.૪૩-૪૫), અને જે રાજાઓને તેણે શંકરના યજ્ઞમાં હોમવા કેદ કરેલા તેમને છૂટા કરાવ્યા (શ્લો.૪૬).

**અધ્યાય ૭૦ :**

**તતો બોધનમેકેષાં લૌકિકં ચાપિ કારયન્ ।।૩૪૦।।**

**સાધનં કારયામાસ તથાऽન્યત્રાગતસ્તથા ॥**

પછી તે રાજાઓને ભગવાન્ ઉપદેશ આપે છે અને લૌકિક કાર્ય કરાવતાં પણ સાધન કરાવે છે અને પછી ઈન્દ્રપ્રસ્થ પધારે છે.

પછી ભગવાન્ તે રાજાઓને સિત્તેરમા અધ્યાયમાં ઉપદેશ આપે છે (શ્લો.૧૮-૨૩). પછી તેમના લૌકિક સંસ્કાર કરાવી (શ્લો.૨૪-૨૭) તેમની પાસે ભગવત્પ્રાપ્તિનાં સાધન કરાવે છે (શ્લો.૨૯,૩૦) અને પોતે ઈન્દ્રપ્રસ્થપધારે છે (શ્લો.૩૧-૩૪).

**અધ્યાય ૭૧ :**

**તતસ્તુ યજ્ઞસંસિદ્ધિઃ તત્ર દૈત્યસ્ય સન્નિધૌ ॥૩૪૧॥**
**ન નિઃશંકં દેવચર્યાઃ તત્રોપાયો હરેર્ભજિઃ ॥**
**તદૈવ પ્રકટા દૈત્યાઃ સ્વાત્માનં દર્શયન્તિ હિ ॥૩૪૨॥**

પછી તો યજ્ઞ પૂરો થયો. તે (યજ્ઞ)માં દૈત્યની હાજરીમાં દેવોનું કાર્ય છૂટથી થઈ શક્તું ન હોવાથી તેનો ઉપાય હરિનું ભજન (પૂજન) કરવામાં આવ્યો. તે ઉપાય કરવામાં આવે ત્યારે જ દૈત્યો પ્રકટ થઈ પોતાનું સ્વરૂપ જણાવે છે.

પછી યુધિષ્ઠિરનો રાજસૂય યજ્ઞ પૂરો થયો (શ્લો.૪૮). તે યજ્ઞમાં શિશુપાલ દૈત્ય હાજર હતો (શ્લો.૩૦). દૈત્યની હાજરીમાં દેવોથી પોતાનું કાર્ય છૂટથી થઈ શકે નહિ, તેથી દેવોનું કાર્ય છૂટથી થઈ શકે તે માટે યજ્ઞમાં ભગવાનનું પૂજન કરવામાં આવ્યું (શ્લો.૧૯-૨૯). ભગવાનનું પૂજન થાય ત્યારે દૈત્યો છૂપા રહી શક્તા નથી, તે પ્રકટ થઈ પોતાનું સ્વરૂપ દર્શાવે છે. તેથી યજ્ઞમાં શ્રીકૃષ્ણનું પૂજન કર્યું ત્યારે શિશુપાલે પ્રકટ થઈ પોતાનું દૈત્યસ્વરૂપ જણાવ્યું (શ્લો.૩૦- ૩૮).

**અતઃ કૃષ્ણસ્ય પૂજાયાં શિશુપાલો હતોऽસુરઃ ॥**
**માનભંગસ્તથાऽન્યેષાં દુર્યોધનહિતૈષિણામ્ ॥૩૪૩॥**

તેથી શ્રીકૃષ્ણના પૂજનમાં અસુર શિશુપાલને હણવામાં આવ્યો અને દુર્યોધનનું હિત ઈચ્છનારા બીજાઓના માનનો નાશ થયો.

શ્રીકૃષ્ણના પૂજનમાં અસુર શિશુપાલને હણવામાં આવ્યો (શ્લો.૩૦- ૪૩) અને દુર્યોધનનું હિત ઈચ્છનારા એટલે દૈત્યના અંશવાળા બધાએ રાજાઓના માનનો નાશ થયો (શ્લો.૪૪ શ્રીસુબોધિની સાથે).

**અધ્યાય ૭૨ :**

**પૂર્વં તુ બલભદ્રોऽત્ર ન યાગાર્થં સમાગતઃ ॥**
**પ્રદ્યુમ્નપ્રમુખાસ્તત્ર સમાયાતા મહારથાઃ ॥૩૪૪॥**

પહેલાં બલભદ્ર તો અહીં યજ્ઞમાટે આવેલા નહિ, પ્રદ્યુમ્ન વગેરે મહારથીઓ ત્યાં આવેલા.

બલભદ્ર; રાજસૂય યજ્ઞ માટે પહેલાં બધા સાથે આવેલા નહિ, પ્રદ્યુમ્ન વગેરે જ આવેલા (અ.૬૮।૧૩ સુબોધિની સાથે).

**મુખ્યે યાગે નિવૃત્તે તુ તાન્ પ્રસ્થાપ્ય કુશસ્થલીમ્ ॥**

**પાંડવાનાં પ્રાર્થનયા કિયત્કાલં તથાઽવસત્ ॥૩૪૫॥**

મુખ્ય યજ્ઞ પૂરો થતાં પ્રદ્યુમ્ન વગેરેને ભગવાને દ્વારકા મોકલ્યા અને પાંડવોની પ્રાર્થનાથી પોતે પત્નીઓ સાથે ઈન્દ્રપ્રસ્થરહ્યા (શ્લો.૨૯ સુબોધિની સાથે). પાંડવોની પ્રાર્થનાથી ભગવાન્ એવી રીતે ઈન્દ્રપ્રસ્થરહેલા (શ્લો.૨૮).

**દુર્યોધનાદિમાનસ્ય ભંગે તત્ર સમાગતઃ ॥**
**મિલિતઃ કૃષ્ણદેવેન રામો નોવાચ કિઞ્ચન ॥૩૪૬॥**
**અન્યથા પાંડવાન્ સર્વાન્ હન્યાદેવાઽવિચારયન્ ॥**
**એતદર્થં સ્થિતઃ કૃષ્ણઃ પ્રાર્થનાં જનયન્ હૃદિ ॥૩૪૭॥**

દુર્યોધન વગેરેના માનનો નાશ થતાં બલભદ્ર ત્યાં આવ્યા. શ્રીકૃષ્ણદેવને મળ્યા તેથી કાંઈ બોલ્યા નહિ, નહિ તો વિચાર કર્યા વિના સર્વ પાંડવોને મારી જ નાખત. હૃદયમાં પ્રાર્થના ઉત્પન્ન કરાવીને આ પ્રયોજન માટે શ્રીકૃષ્ણ ત્યાં રહેલા.

દુર્યોધન વગેરેના અભિમાનનો નાશ થતાં બલભદ્ર ઈન્દ્રપ્રસ્થઆવેલા (અ.૭૪।૮). ત્યાં શ્રીકૃષ્ણ હોવાથી તેમને મળ્યા એટલે દુર્યોધનના અભિમાનનો પાંડવોએ નાશ કરવા છતાં કાંઈ બોલ્યા નહિ. શ્રીકૃષ્ણ ત્યાં રહ્યા ન હોત, તો બલભદ્ર કાંઈ પણ વિચાર કર્યા વિના સર્વ પાંડવોને મારી જ નાખત. તેવું ન થાય તે માટે શ્રીકૃષ્ણ પોતે રોકાય, તે માટે પોતાને પ્રાર્થના કરવાનું પાંડવોને સૂઝાડેલું અને પોતે ત્યાં રહેલા.

* બલભદ્રને પ્રાર્થના કરવાનું પાંડવોએ સૂઝાડયું કે બલભદ્ર તેમને હણે નહિ — યોજના. (શ્રીકૃષ્ણે પોતાને ઈન્દ્રપ્રસ્થ રહેવાની પ્રાર્થના કરવાનું પાંડવોને સૂઝાડયું એવો અર્થ જણાય છે.)

**અધ્યાય ૭૩ :**

**મહાદેવાધિદૈવસ્તુ શાલ્વસ્તત્ર સહાયવાન્ ॥**
**દ્વારકાયાં યથા પૂર્વં દદૌ કલેશં સુદુઃસહમ્ ॥૩૪૮॥**
**યાવત્ તત્ત્વાનિ પુરુષ-વ્યતિરિકતાન્યહાનિ હિ ॥**

મહાદેવ જેના અધિષ્ઠાતા દેવ હતા તેવો શાલ્વ હતો. તેને મહાદેવ સાહાય્ય કરતા હતા. પુરુષ સિવાયનાં જેટલાં તત્ત્વો છે તેટલા દિવસો સુધી તેણે પહેલાં જરીએ સહન થઈ ન શકે તેવું દુઃખ દ્વારકામાં ત્યાંના રહેવાસીઓને કર્યું.

શાલ્વને મહાદેવનું સાહાય્ય હતું. મહાદેવે તેને 'સૌભ' વિમાન બનાવડાવી આપેલું. પુરુષ સહિત અઠ્ઠાવીસ તત્ત્વો છે (૧૧।૨૨।૧૪-૧૬), પુરુષ ન ગણતાં સત્તાવીસ રહ્યાં, તેટલા દિવસો શાલ્વે દ્વારકાના રહેવાસીઓને ઘણું દુઃખ દીધું.

**અત આજ્ઞાં વિના કિઞ્ચિન્ ન કર્તવ્યં કથઞ્ચન ॥૩૪૯॥**
**યતો રામે સમાયાતે દ્વારકાઽત્યન્તપીડિતા ॥**
**કાલાદેરનુરોધેન ભગવાંશ્ચાપિ મન્યતે ॥૩૫૦॥**
**આત્માનમ્ અન્યથાઽન્યત્ર કા શંકા કાર્યસાધને ॥**

તેથી ભગવાનની આજ્ઞા વિના કાંઈ પણ કાર્ય કોઈ પણ પ્રકારે કરવું નહિ, કારણ કે

ભગવાનની આજ્ઞા વિના બલભદ્ર (ઈન્દ્રપ્રસ્થ) આવ્યા ત્યારે (શાલ્વથી) દ્વારકાને ઘણું દુઃખ થયું અને ભગવાને પણ કાલ વગેરેને અનુસરીને પોતાના વિષે ખોટા વિચાર કર્યા. બીજા પ્રસંગે ભગવાન્ કાર્ય સિદ્ધ કરે તેમાં શું શંકા હોય ?

ભગવાનની આજ્ઞા વિના બલભદ્ર દ્વારકાનું રક્ષણ કરવાનું તેમને સોંપેલ કાર્ય મૂકી ઈન્દ્રપ્રસ્થ આવ્યા, તેથી શાલ્વ દ્વારકાને પીડા કરી શક્યો. તેથી ભગવાનની આજ્ઞા વિના કાંઈ પણ કાર્ય કરવું નહિ.

**એવં સપ્તભિરુદ્દિષ્ટં સાધનં યદ્ હરિર્વદેત્ ।।૩૫૧।।**
**અન્યથા સેવનં તસ્ય કર્તવ્યમ્ ઈતિ નિશ્ચયઃ ।।**

એ પ્રમાણે જે હરિ કહે તે જ સાધન હોવાનું નક્કી કરેલું છે. હરિ કાંઈ સાધન કરવાનું ન કહે તો તેમની સેવા કરવી, એવો નિશ્ચય છે.

જે સાધન કરવાની ભગવાન્ આજ્ઞા કરે તે સાધન જ કરવું. તેવી આજ્ઞા ન હોય તો સાધન ન કરતાં ભગવાનની સેવા જ કરવી એવો નિશ્ચય છે.

## [ઈ. સાત્ત્વિક ફલ પ્રકરણ. અધ્યાય ૭૩-૭૮ અને ૮૧]

**અતઃ પરં સાત્ત્વિકાનાં ફલં સપ્તભિરુચ્યતે ।।૩૫૨।।**
**ઉભયોરૈક્યસિદ્ધ્યર્થં કથાશ્લેષો વિધીયતે ।।**

હવે પછી સાત અધ્યાયોથી સાત્ત્વિકોનું ફલ કહેવામાં આવે છે. બન્ને એક છે એમ સિદ્ધ થાય તે માટે કથાનો સમ્બન્ધ જણાવેલ છે.

હવે પછી સાત્ત્વિક ફલ પ્રકરણનો આરંભ થાય છે. (આ કારિકા આગળ ૩૬૬।। કારિકા પછી જોઈએ એમ શ્રીપુરુષોત્તમજી સૂચવે છે એવી સંશોધક શાસ્ત્રીજી શ્રીચીમનલાલની નોટ છે, પરન્તુ ૭૩ મા અધ્યાયથી ફલ પ્રકરણનો આરંભ થાય છે, એવા મત પ્રમાણે આ કારિકાનું આ સ્થલ યોગ્ય જ છે. શ્રીસુબોધિની પ્રમાણે પણ આ પ્રકરણ ૭૩ મા અધ્યાયથી જ શરૂ થાય છે (જુઓ અ.૭૩ ના આરંભની કારિકાઓ તથા શ્લો.૧ નો આભાસ)) અ. ૭૩-૭૮ અને ૮૧ નું આ પ્રકરણ છે. સાધન અને ફલ બન્ને એક છે, એમ સિદ્ધ થાય તે માટે અહીં કથાનો સમ્બન્ધ દર્શાવે છે. ''બલભદ્ર ભગવાનની આજ્ઞા વિના દ્વારકાથી ઈન્દ્રપ્રસ્થઆવ્યા અને દુર્યોધનનાં અભિમાનનો નાશ થવા છતાં શ્રીકૃષ્ણ સાથે ભેગા થવાથી કાંઈ બોલ્યા નહિ'' એ વૃત્તાન્તને દુર્યોધનનાં અભિમાનના નાશ એટલે સાધન સાથે સમ્બન્ધ હોવાથી સાધન પ્રકરણમાં કહ્યો અને તેની તે જ કથાને દ્વારકાના લોકનાં દુઃખનો નાશ કરવારૂપ ફલ સાથે સમ્બન્ધ હોવાથી તે અહીં ફલ પ્રકરણમાં પણ કહેલી છે. સાધન અને ફલ બન્ને એક જ છે એમ જણાવવા એક જ કથાનો બન્ને પ્રકરણો સાથે સમ્બન્ધ હોવાનું જણાવેલ છે.

**પ્રદ્યુમ્નસ્ય જયસ્મૃત્યા ભગવત્સ્મરણાદપિ ।।૩૫૩।।**
**શાલ્વે પ્રવિષ્ટો રુદ્રો હિ તેન પ્રદ્યુમ્નમારણમ્ ।।**

પ્રદ્યુમ્નના વિજયનું ચિન્તન થવાથી અને ભગવાનનું પણ સ્મરણ કરવાથી શાલ્વમાં રુદ્રે પ્રવેશ કર્યો, તેથી પ્રદ્યુમ્નના સૈન્યને પ્રહાર થયા.

આરંભમાં શાલ્વ સાથેના યુદ્ધમાં પ્રદ્યુમ્નનો વિજય થયો(શ્લો.૧૭-૨૪). તે વિજયનું ચિન્તન કરી, શાલ્વે પોતાના માયાવી ભગવાનનું સ્મરણ કર્યું. એટલે રુદ્રે શાલ્વમાં પ્રવેશ કર્યો. તેથી શાલ્વના સૈનિકોએ યાદવ વીરો ઉપર પ્રહાર કરી તેઓને પીડા કરી (શ્લો.૨૫).

**કામજેતા યતઃ પ્રોક્તાઃ તેનાત્રાપ્યભવત્ જયઃ ।।૩૫૪।।**
**દ્યુમત્યભૂત્ તદાવેશઃ પ્રદ્યુમ્નસ્યાપકર્ષણે ।।**
**અનેન તસ્મિન્ સમયે સર્વેષામેવ રુદ્રતઃ ।।૩૫૫।।**

શંકર કામ ઉપર વિજય પ્રાપ્ત કરનાર કહેવાયેલા છે, તેથી અહીં પણ શાલ્વનો વિજય થયો. પ્રદ્યુમ્નને રણમાંથી પાછો કાઢવા માટે દ્યુમાનમાં શંકરનો આવેશ થયો. આથી એમ જણાવ્યું કે તે સમયે શંકરથી બધાએ યાદવોનો પરાભવ થયો.

પ્રદ્યુમ્ન કામદેવનો અવતાર છે, અને શંકર કામ ઉપર વિજય પ્રાપ્ત કરનારા છે. તેથી શંકરને લીધે શાલ્વનો આ યુદ્ધમાં પણ વિજય થયો. ધુમાન પ્રદ્યુમ્નને રણમાંથી પાછો કાઢે તે માટે શંકરનો દ્યુમાનમાં આવેશ થયો. ધુમાનમાં રહેલા શંકરે પ્રદ્યુમ્ન ઉપર ગદાનો પ્રહાર કરી, તેનું હૃદય ભેદ્યું, એટલે સારથિપ્રદ્યુમ્નને રણભૂમિમાંથી દૂર લઈ ગયો (શ્લો.૨૬-૨૭). એવી રીતે યાદવોનો જે કાંઈ પરાભવ થયો તે શંકરનું સન્માન સાચવવા થયેલો (શ્લો.૨૭ નાં સુબો).

**પાંડવાનાં યાદવાનાં સર્વેષામેવ કાલતઃ ।।**
**ફલં તદૈવ ભગવાન્ પ્રયચ્છતિ યદાઽખિલાઃ ।।૩૫૬।।**
**અત્યન્તં તાપમાયાન્તિ નો ચેત્ સ્વાદુ ફલં ન હિ ।।**

જ્યારે કાલને અનુસરી સર્વેને ઘણુંજ દુઃખ થાય ત્યારેજ ભગવાન્ પાંડવો, યાદવો ને બધાઓને ફલ આપે છે. તેમ ન કરે તો ફલ મીઠું ન લાગે.

ઘણું દુઃખ થયા પહેલાં ફલ પ્રાપ્ત થાય તો તે મીઠું લાગતું નથી. તેથી જેમ પાંડવોને ઘણું દુઃખ થયા પછી જ ભગવાને ફલ આપેલું, તેમ અહીં યાદવોને પણ ફલદાન કરતાં પહેલાં ઘણું દુઃખ થવા દીધું.

**અધ્યાય ૭૪ :**

**ઈતિ કેચિદ્ વિચાર્યાત્ર કૃષ્ણેઽપિ પરમાત્મનિ ।।૩૫૭।।**
**સાક્ષાદ્ ઉદ્ભૂતરૂપેઽપિ પ્રાકૃતત્વપ્રતીતિતઃ ।।**
**અવતારાન્તરે યદ્વત્ તથા વક્તું વિચારણામ્ ।।૩૫૮।।**
**કુર્વન્તિ લોકમોહાય ... ... ... ... ... ...**

એ વિચારીને કેટલાક અહીં સાક્ષાત્ પ્રકટ સ્વરૂપ પરમાત્મા શ્રીકૃષ્ણમાં પણ પ્રાકૃતપણું જોવામાં આવતું હોવાથી; બીજા અવતારો વિષે જેમ કહે છે તેવું લોકને મોહ કરાવવા કહેવામાટે નિર્ણય કરે છે.

યાદવોને પણ દુઃખ પડે, તેઓનો પણ પરાજય થાય, વગેરે જોઈને શ્રીકૃષ્ણ પણ બીજા અવતારો જેવા છે અને તેમનામાં પ્રાકૃતપણું છે એવો લોકોને મોહ ઉત્પન્ન કરવા કેટલાક નિર્ણય કરે છે (શ્લો.૨૩-૨૯).

**... ... ... ... ... તદર્થં તન્મતં ક્વચિત્ ।।**

**ફલાત્ પૂર્વં પૂર્વપક્ષરીત્યોક્ત્વા દૂષયત્યતઃ ।।૩૫૯।।**
**શુકઃ પરમતત્ત્વજ્ઞઃ કેચિત્ પ્રક્ષેપમૂચિરે ।।**
**પૂર્વપક્ષકથાયાં તુ મોહલીલેતિ નિશ્ચયઃ।।૩૬૦।।**

તેથી તેઓનો મત ખોટો ઠરાવવા માટે પરમ તત્ત્વ જાણનાર શુક ફલ કીધાં પહેલાં કોઈક પ્રસંગે પૂર્વપક્ષની રીતથી તે મત કહી, તેના દોષ જણાવે છે. કેટલાક તે ઘુસાડી દીધેલ હોવાનું કહે છે. પૂર્વ પક્ષની કથામાં તો મોહ કરાવનારી લીલા કહેલી, એવો નિશ્ચય છે.

તેઓનો મત પૂર્વપક્ષ તરીકે (શ્લો.૨૩-૨૯ સુધીની) કહેલો છે. કેટલાક મધ્વાચાર્યના અનુયાયીઓ વગેરે આ શ્લોકો કોઈએ ઘુસાડી દીધેલ હોવાનું કહે છે. આ પૂર્વપક્ષ તરીકે કહેલી કથા મોહ કરાવવા કરેલી લીલા છે એવો સિદ્ધાન્ત ૩૦-૩૨ સુધીના શ્લોકોથી કહેલો છે.

**મહાદેવસ્ય તોષાર્થં ક્વચિત્ કલ્પે તથાऽભવત્ ।।**
**તત્સ્મૃતિઃ યોગધર્મેણ તત આહુઃ મુનીશ્વરાઃ ।।૩૬૧।।**
**તચ્ચાપિ ન શુકો મેને ભક્તિયુક્તાચ્ચ યોગતઃ ।।**
**હૃદિસ્થદુષ્ટભાવેન સહિતં સ્મરણં તથા ।।૩૬૨।।**
**ન તુ શુદ્ધેન યોગેન તથા દૃષ્ટમ્ અતો ન હિ ।।**

મહાદેવને સન્તોષ થાય તે માટે કોઈક કલ્પમાં તેમ થયેલું. તેનું સ્મરણ યોગના ગુણથી થયેલું, તેથી મોટા મુનિઓએ તેમ કહેલું તેનો પણ ભક્તિ સાથેના યોગથી શુકે આદર કરેલો નથી. મુનિઓને તેવું સ્મરણ હૃદયમાં રહેલા દુષ્ટ વિચાર સાથે થયેલું, પરન્તુ શુદ્ધ યોગથી તેઓએ તેવું જાણેલું નહિ. તેથી તે સત્ય નથી.

જે કલ્પમાં પૂર્ણ ભગવાનનો અવતાર થયેલ નહિ તેવા કોઈ એક કલ્પમાં તે પ્રમાણે બનેલું. બધા યોગીઓને યોગથી ભગવાન્ સમ્બન્ધી જ્ઞાન થતું નથી. તે સર્વ ભગવાનની લીલા વગેરે જાણી શક્તા નથી પરન્તુ ''ભક્તિથી મને જાણે છે'' એ ભગવાનનાં વાક્ય પ્રમાણે ભક્ત યોગીઓને જ ભગવાન્ સમ્બન્ધી જ્ઞાન થાય છે. શુકદેવ ભક્ત યોગી હોવાથી, તેમણે પરમ તત્ત્વ (ભગવાન્) સમ્બન્ધી વિચાર કરી તે યોગીઓના મતને ખોટો ઠરાવેલ છે, તેથી તે ખોટો જ છે. તે યોગીઓને તેવું સ્મરણ તેમના હૃદયમાં રહેલા દુષ્ટ ભાવથી જ થયેલું, પરન્તુ શુદ્ધ યોગથી થયેલ નથી, છતાં તેઓ એવી કથા કહેતા હતા, તેથી પૂર્વપક્ષ તરીકે તે કહી શુકે તેનું ખંડન કરેલું છે.

**એતસ્ય કથનાદ્ એવં જ્ઞાપિતં સર્વથા યદા ।।૩૬૩।।**
**કાર્યાવેશો વિતનુતે તદા મોહો ભવેદ્ ઈતિ ।।**
**તેન કેનાપિ લીલાऽપિ ન કર્તવ્યા કથઞ્ચન ।।૩૬૪।।**

આ (પૂર્વપક્ષ તથા સિદ્ધાન્ત) કહીને એમ જણાવેલું છે કે જ્યારે ભગવાન્ કાર્ય કરવામાં ઘણા આસક્ત થાય છે, ત્યારે *મોહ થાય. તેથી કોઈએ પણ ભગવાનની આવી

* 'ભગવાન્ જીવને કાર્યમાં ઘણી આસક્તિવાળો કરે ત્યારે મોહ થાય છે — યોજના. અહીં જીવને મોહ થવાની વાત નથી, પરન્તુ ભગવાનના અવતારને મોહ થવાની વાત છે. તેથી જ સત્ત્વવાળા અવતારમાં આવો મોહ થાય છે એમ નીચે કહે છે. જીવને તો મોહ થયા જ કરે, તેમાં કાંઈ આશ્ચર્ય નથી.

લીલાનું અનુકરણ કોઈપણ પ્રકારે ન કરવું.

અહીંથી ૩૬૬।। સુધીની કારિકાઓથી આ પૂર્વપક્ષ તથા સિદ્ધાન્ત જણાવવાનું કારણ કહેલ છે.

**તદાઽધિકારિણો દેવા મન્યન્તે દુષ્ટભાવનામ્ ।।**
**સત્ત્વાવતારપક્ષે હિ ભવેદ્ એતન્ન ચાન્યથા ।।૩૬૫।।**
**નિર્ગુણસ્તુ હરિઃ કૃષ્ણઃ સ્વયમાવિર્બભૂવ હ ।।**

તેવા પ્રસંગે અધિકારવાળા દેવો એ લીલાનું અનુકરણ કરનારની દુષ્ટ ભાવના હોવાનું વિચારે છે, કારણ કે ભગવાનના સત્ત્વાવતારની સ્થિતિમાં આ બને છે, બીજી સ્થિતિમાં બનતું નથી. હરિ શ્રીકૃષ્ણ તો પોતે નિર્ગુણ પ્રકટ થયેલા છે.

ભગવાનનો સત્ત્વાવતાર હોય ત્યારે જ આવી લીલા થાય છે. ભગવાન્ શ્રીકૃષ્ણ તો પોતે નિર્ગુણ પ્રકટ થયેલા છે. તેથી તેમના સમ્બન્ધમાં આવી લીલા થયાનું વિચારવામાં આવે તો અધિકારી દેવો તે વિચાર દુષ્ટ હોવાનું વિચારી, તેવા વિચાર કરનારનું અનિષ્ટ કરે છે.

**સન્દેહે તસ્ય ભક્તૈસ્તુ નિર્ણયો જ્ઞાયતાં યથા ।।૩૬૬।।**
**તં શસ્ત્રપૂગૈરિત્યાદિ શુદ્ધં નાન્યત્ તતોઽધિકમ્ ।।**

સન્દેહ રહેતો હોય તો તેમના ભક્તોએ તો ''શસ્ત્રોના સમૂહોથી પ્રહાર કરતા શાલ્વને'' વગેરેથી વાસ્તવિક નિર્ણય કરવો. શ્રીકૃષ્ણ શુદ્ધ બ્રહ્મ છે, તેમનાથી અધિક બીજું તત્ત્વ નથી.

જો આ વિષયમાં સન્દેહ રહેતો હોય, તો શ્રીકૃષ્ણના ભક્તોએ શાલ્વ સાથેના યુદ્ધમાં ખરેખર શું થયેલ તેનો નિર્ણય ૩૩ થી ૩૬ સુધીના શ્લોકથી કરવો. શ્રીકૃષ્ણ જ શુદ્ધ પરબ્રહ્મ છે. તેમનાથી બીજું કાંઈ અધિક તત્ત્વ છે જ નહિ.

**અધ્યાય ૭૫ :**

**આદૌ ત્રિવિધદુષ્ટાનાં વધોઽત્ર વિનિરૂપ્યતે ।।૩૬૭।।**
**શાલ્વસ્ય હરભક્તસ્ય દન્તવક્રસ્ય ચાત્મનઃ ।।**
**તદ્ભ્રાતુશ્ચ દ્વિતીયસ્ય રાજસસ્ય વધઃ સ્મૃતઃ ।।૩૬૮।।**

આ પ્રકરણના આરંભમાં ત્રણ પ્રકારના દુષ્ટોનો વધ જણાવવામાં આવે છે. ૧. શંકરના ભક્ત શાલ્વનો ૨. પોતાના (ભગવાનના ભક્ત) દન્તવક્રનો અને ૩. તેના બીજા રાજસ ભાઈ વિદૂરથનો વધ કહેલ છે.

શંકરના ભક્ત તામસ શાલ્વનો, ભગવાનના ભક્ત સાત્ત્વિક દન્તવક્રનો અને તેના રાજસ ભાઈ વિદૂરથનો વધ કર્યાનું કહેલ છે. (શાલ્વનો વધ અ.૭૩ તથા ૭૪માં કહેલ છે, તે અધ્યાયોનો પણ સાત્ત્વિક ફલ પ્રકરણમાં સમાવેશ થાય છે. દન્તવક્ર અને વિદૂરથના વધ અ.૭૫ માં કહેલ છે).

**એવં દોષપ્રણાશો હિ ફલે પૂર્વમ્ ઉદીરિતઃ ।।**
**તેનૈવ યાદવાનાં હિ સર્વવ્યસનનાશતઃ ।।૩૬૯।।**
**કૃષ્ણાત્મકં ફલં સિદ્ધં યત એવં કરોતિ હિ ।।**

એ પ્રમાણે ફલપ્રકરણમાં પહેલા દોષનો નાશ કર્યાનું કહેલ છે. તેથી જ યાદવોનાં સર્વ

દુઃખોનો નાશ થવાથી તેઓને શ્રીકૃષ્ણરૂપ ફલ પ્રાપ્ત થયું તેથી જ ભગવાને એ પ્રમાણે કરેલું.

યાદવોને શ્રીકૃષ્ણરૂપ ફલ પ્રાપ્ત થાય તે માટે જ ભગવાને એ ત્રણનો નાશ કરી તેઓનાં દુઃખ દૂર કર્યા, આનું વર્ણન અ.૭૫।૧૬ સુધીથી કરેલું છે.

**તતઃ સર્વસુખાર્થાય બલદેવવિનિર્ગમઃ ।।૩૭૦।।**
**તીર્થે સ્વધર્મનાશાય દોષે યાતે સુખં સ્વતઃ ।।**

પછી સર્વને સુખ થાય તે માટે પોતાના ધર્મનો ત્યાગ કરવા બલભદ્ર; તીર્થ કરવા ગયા. દોષ દૂર થતાં સુખ પોતાની મેળે (પ્રાપ્ત થાય છે).

પછી પાંડવો તથા કૌરવો નાં યુદ્ધનો પ્રારંભ થાય છે. આ યુદ્ધનું પરિણામ અનિષ્ટ જ હતું, તેથી તેનો ત્યાગ કરવો એ જ ધર્મ હતો. તેમાં પણ તીર્થયાત્રાના મિષથી ત્યાગ કરવો એ ઉત્તમ ધર્મ ગણાય. વળી તે યુદ્ધમાં શ્રીકૃષ્ણ પાંડવોના પક્ષમાં હતા, અને બલભદ્ર કૌરવોના પક્ષમાં રહે તો અંદર-અંદર વિગ્રહ થાય. તેથી બલભદ્ર ક્ષત્રિય હોઈ તેમનો ધર્મ યુદ્ધ કરવાનો હોવા છતાં પોતાના તે ધર્મનો ત્યાગ કરવાથી; સર્વને સુખ થાય તેમ હોવાથી, સર્વને સુખ થાય તે માટે પોતાના તે ધર્મનો ત્યાગ કરવા તે તીર્થ કરવા નીકળ્યા.

**સ્વયં તુ પાંડવાનાં હિ દુઃખનાશં ચકાર હ ।।૩૭૧।।**
**એવં ત્રિભિરિહાધ્યાયૈઃ દુઃખનાશો નિરૂપ્યતે ।।**
**સ્પષ્ટાસ્પષ્ટવિભેદેન ત્રિવિધાનાં વિશેષતઃ ।।૩૭૨।।**

ભગવાને પોતે તો પાંડવોનાં દુઃખનો નાશ કર્યો. એ પ્રમાણે ત્રણે અધ્યાયોથી સ્પષ્ટ પ્રકારે અને અસ્પષ્ટ પ્રકારે ત્રણ પ્રકારના જીવોનાં દુઃખનો નાશ સારી રીતે કર્યાનું કહેલ છે.

શાલ્વ વગેરેના નાશથી યાદવોનાં દુઃખનો સ્પષ્ટ પ્રકારે (જણાઈ આવે તેવી રીતે) નાશ કર્યો અને પાંડવોના દુઃખનો અસ્પષ્ટ રીતે (જણાઈ ન આવે તેવી રીતે) નાશ કર્યો.

**કાલદોષાત્ તુ ઋષયો વક્તારં મેનિરેઽધમમ્ ।।**
**અતોઽજ્ઞાત્વૈવ રામેણ સૂતો ધર્માર્થમ્ આહતઃ ।।૩૭૩।।**
**સન્તોષાર્થમ્ ઋષિણાં ચ સ્વાવતારં *વિધાય હિ ।।**
**તત્ર તં સ્થાપયામાસ કાર્યં ભાગવતે સ્થિતમ્ ।।૩૭૪।।**
**શુકોક્તમ્ અન્યથા વાક્યં હૃદયં ન વિશેત્ ક્વચિત્ ।।**

કાલના દોષને લીધે ઋષિઓએ તો અધમ સૂતનો વક્તા તરીકે આદર કરેલો. તેથી તે જાણ્યા વિના જ બલભદ્રે ધર્મનાં પ્રયોજનથી સૂતને હણ્યો, અને ઋષિઓને સન્તોષ થાય તે માટે પોતાના અવતારનો વિચાર કરીને, ત્યાં તેનું સ્થાપન કર્યું. પ્રયોજન ભાગવતના શ્રવણમાં હતું. તેમ કર્યું ન હોત તો શુકે કહેલું વાક્ય કોઈ સમયે હૃદયમાં પ્રવેશ ન કરત.

બલભદ્ર તીર્થયાત્રા કરતાં નૈમિષમાં આવે છે. ત્યાં ઋષિઓ લાંબા સમય સુધી ચાલે તેવો યજ્ઞ કરતા હતા. તેઓએ સૂતને કથા કહેનાર ઠરાવી બ્રહ્માસન આપેલું અને પોતાનું બ્રહ્મપણું તેનામાં મૂકેલું. આવો શૂદ્ર સૂત ઋષિઓને ઉપદેશ કરે તે ધર્મથી વિરુદ્ધ છે એમ માની ઋષિઓએ તેની અંદર પોતાનું બ્રહ્મપણું મૂકી તેને બ્રહ્માસન આપેલ. પરન્તુ તે જાણ્યા વિના

* અહીં 'વિચાર્ય' પાઠ હશે એમ જણાય છે — યોજના.

જ, ધર્મનું રક્ષણ કરનાર બલભદ્રે ધર્મ પ્રમાણે જ આચરણ થવું જોઈએ એમ માની સૂતનો વધ કર્યો. શ્લો.૨૮ પછી ઋષિઓએ તેને પોતે બ્રહ્માસન આપેલ વગેરે જણાવતાં બલભદ્રે તેઓને સન્તોષ થાય તે માટે અને પોતાના અવતારનું પ્રયોજન વિચારી, સૂતના પુત્ર ઉગ્રશ્રવસને તેની જગ્યાએ કથાનો વક્તા ઠરાવ્યો(શ્લો.૩૬). જો તેને એ પ્રમાણે વક્તા ઠરાવ્યો ન હોત તો, તે શૂદ્ર રહેવાથી તેનો પરીક્ષિતની સભામાં પ્રવેશ થાત નહિ અને તે શુકના મુખથી શ્રીભાગવતનું શ્રવણ કરી શક્ત નહિ, અને તેથી ભાગવતનો પ્રચાર બરાબર થાત નહિ (જુઓ ૧।૧।૫ ઉપરનાં શ્રીસુબોધિની).

**અધ્યાય ૭૬ :**

**બલ્વલસ્ય વધો મુખ્યો દોષસ્તેષાં ચ નાશિતઃ ।।૩૭૫।।**
**બલ્વલો દોષસૂતૌ ચ ત્રયોઽત્ર વિનિવારિતાઃ ।।**
**જ્ઞાનોપદેશો લીલાર્થો યથા તીર્થાટનં તથા ।।૩૭૬।।**

બલ્વલનો વધ મુખ્ય છે, અને તે (ઋષિ)ઓના દોષનો નાશ કરેલો છે. ૧. બલ્વલ ૨. ઋષિઓનો દોષ અને ૩. સૂત એ ત્રણનો નાશ થયાનું અહીં કહેલ છે. જેમ તીર્થમાં ફરવાનું બલભદ્રે લીલા માટે કરેલું તેવી જ રીતે ઋષિઓને જ્ઞાનનો ઉપદેશ કરેલ.

બલ્વલ, ઋષિઓનો દોષ અને સૂત એ ત્રણનો નાશ થયાનું કહેલ છે. તેમાં બલ્વલનો વધ મુખ્ય છે (શ્લો.૬). તીર્થાટન પેઠે બલભદ્રે ઋષિઓને જ્ઞાનનો ઉપદેશ (શ્લો.૩૧) પણ લીલા માટે કરેલો.

**શુદ્ધિસ્તીર્થૈસ્તથા યજ્ઞૈઃ જ્ઞાનેનાપિ ભવેદ્ ધ્રુવમ્ ।।**
**ઋષીણાં ત્રિતયં સિદ્ધમ્ અગ્રે મોહનિવૃત્તયે ।।૩૭૭।।**
**જ્ઞાનોપદેશોઽનન્યાર્થો દોષા એવં વિનાશિતાઃ ।।**
**દ્વાભ્યાં પંચભિરગ્રે તુ ગુણૈઃ દોષનિવારણમ્ ।।૩૭૮।।**

તીર્થોથી અને યજ્ઞોથી તેમ જ જ્ઞાનથી પણ નક્કી શુદ્ધિ થાય છે. ઋષિઓને તે ત્રણે પ્રાપ્ત થયાં. ભવિષ્યમાં મોહ દૂર થાય તે માટે બલભદ્રે ઋષિઓને જ્ઞાનનો ઉપદેશ કરેલો, તેનું બીજું પ્રયોજન ન હતું. એવી રીતે બે અધ્યાયોથી દોષો દૂર કર્યા. પછીના પાંચ અધ્યાયોથી તો ગુણોથી દોષો દૂર કરશે.

અન્તઃકરણ વગેરેની શુદ્ધિ તીર્થો કરવાથી, યજ્ઞો કરવાથી અને જ્ઞાનના ઉપદેશથી થાય. ઋષિઓ નૈમિષ તીર્થમાં જ રહેતા હતા અને ત્યાં જ યજ્ઞો કરતા હતા(અ.૭૫।૨૦) અને બલભદ્રે તેઓને જ્ઞાનનો ઉપદેશ પણ કર્યો(અ.૭૬।૩૧) તેથી તેઓને અન્તઃકરણ વગેરેની શુદ્ધિનાં ત્રણે સાધનો પ્રાપ્ત થયાં. એ પ્રમાણે અ.૭૫ તથા ૭૬ એ બે અધ્યાયોથી દોષો સ્વરૂપથી દૂર કર્યા.

**અધ્યાય ૭૭-૭૮ :**

**દારિદ્ર્યનાશઃ સમ્પત્ત્યા દ્વાભ્યાં તત્ર નિરૂપ્યતે ।।**
**ત્રિભિશ્ચ ત્રિવિધાનાં ચ પૂર્વોક્તાનાં ચ સર્વશઃ ।।૩૭૯।।**

તે પૈકી બે અધ્યાયોથી સમ્પત્તિવડે ગરીબાઈનો નાશ કર્યાનું કહેલ છે, અને ત્રણ

અધ્યાયોથી ઉપર કહેલા ત્રણ પ્રકારના જીવોના દોષનો સમ્પૂર્ણ રીતે નાશ થયાનું કહેલ છે.

૭૭ અને ૭૮ એ બે અધ્યાયોથી સુદામાને અલૌકિક સમ્પત્તિ પ્રાપ્ત કરાવી તેનાં દારિદ્ર્યનો નાશ કર્યો એ કહેલ છે. અને ૭૯ થી ૮૧ સુધીના ત્રણ અધ્યાયોમાં પ્રથમ કહેલ તામસ, રાજસ તથા સાત્ત્વિક જીવોના દોષ દૂર કરી તેઓને ઉત્તમ ફલ પ્રાપ્ત કરાવ્યાનું કહેલ છે.

**સુદામા બ્રાહ્મણઃ કશ્ચિદ્ અર્ધં ચ ઋષિસમ્મતઃ ।।**
**ભાર્યા તુ બ્રાહ્મણી તસ્ય નર્ષીદારિદ્ર્યદર્શનાત્ ।।૩૮૦।।**
**વિરુદ્ધમ્ ઉભયં કાલાત્ તત્રૈકસ્ય નિવારણમ્ ।।**

સુદામા કોઈ એક બ્રાહ્મણ હતો, અને તે અર્ધ ઋષિ ગણાયેલ છે. તેની પત્ની બ્રાહ્મણીને તો દારિદ્ર્યની અસર થતી હોવાથી તે ઋષિ ન હતી. બન્ને પરસ્પર વિરુદ્ધ હતાં, તે પૈકી એકને કાલે દૂર કર્યું.

શ્રીભાગવતમાં આ બ્રાહ્મણનું નામ આપેલ નથી, પરન્તુ બીજા પુરાણમાં તેનું નાશંદામા' હોવાનું કહેલ છે. સુદામામાં પોતામાં ઋષિના ગુણો હતા. દારિદ્ર્યની તેના ઉપર અસર થતી ન હતી, પરન્તુ તેની પત્ની ઉપર દારિદ્ર્યની અસર થઈ હતી અને તેથી તેનામાં ઋષિપત્નીના ગુણો ન હતા. તેથી પતિ અને પત્ની એક ગણાતાં હોવાથી સુદામાને અર્ધ ઋષિ (ગામમાં રહેતો હોવાથી ''અર્ધ ઋષિ'' કહેલ હોવાનું જણાય છે — યોજના)) કહેલ છે. સુદામામાં ઋષિના ગુણ હતા એમ અ.૭૭।૬-૭ થી જણાય છે. ઋષિપણું અને દારિદ્ર્યની અસર થવી એ બન્ને પરસ્પર વિરુદ્ધ છે. સુદામાના ઋષિપણાના ગુણોને કાલે દૂર કર્યા, તેથી તેવા ગુણોવાળો પણ પત્નીના સમજાવવાથી ભગવાન્ પાસે ધન માંગવા ગયો.

**તત્ર કૃષ્ણઃ પુષ્ટિમાર્ગે સ્ત્રીણાં ચૈવ હિતે રતઃ ।।૩૮૧।।**
**અતોઽર્ધજરતીયં તં ભક્તં ચક્રે સ્વસંગિનમ્ ।।**

પુષ્ટિમાર્ગમાં તેમ જ સ્ત્રીઓનાં કલ્યાણમાં તત્પર રહેનારા શ્રીકૃષ્ણે તેઓમાંના તે અર્ધ નાશ પામતા ભક્તને પોતાના સંગવાળો કર્યો.

ભગવાન્ શ્રીકૃષ્ણે સુદામાનો પુષ્ટિમાર્ગમાં અંગીકાર કરેલો, અને તે સદા સ્ત્રીઓનું કલ્યાણ કરનારા છે, તેથી આ અર્ધ ઋષિ અને અર્ધ સંસારી ભક્તને તેમણે પોતાના સંગવાળો કરી પોતાનો મિત્ર બનાવેલ.

**યથા હિ ભગવાન્ અત્ર પૂર્ણકામોઽપિ તિષ્ઠતિ ।।૩૮૨।।**
**તત્સંગિભિઃ તથૈવાત્ર સ્થેયમ્ ઈત્યેવ નિશ્ચિતમ્ ।।**

જેમની કામનાઓ પૂર્ણ છે તેવા ભગવાન્ પણ અહીં જેમ રહે છે તેવી જ રીતે તેમના સંગવાળાઓએ અહીં રહેવું જ જોઈએ એવો જ આથી નિશ્ચય થાય છે.

આ કથાથી એવો નિશ્ચય થાય છે કે ભગવાન્ પૂર્ણકામ હોવા છતાં જેમ ભૂતલ ઉપર અવતાર લઈ રહે છે, તેવી જ રીતે તેમના સંગવાળા મિત્રે ભૂતલ ઉપર રહેવું જોઈએ.

**નાશો ન કોઽપિ ભવિતા ઋષીણાં ચાપિ મોચકઃ ।।૩૮૩।।**
**અલૌકિકં ચ પ્રદદૌ ન દૂષણમ્ ઈહાણ્વપિ ।।**

ભગવાન્ ઋષિઓને પણ મોક્ષ આપનારા છે. પત્નીને ધન આપવાથી સુદામાને કાંઈ

પણ હાનિ થવાની ન હતી. ભગવાને પત્નીને અલૌકિક ધન આપ્યું. અહીં સુદામામાં જરા પણ દોષ આવ્યો નથી.

ભગવાન્ મુક્તિ આપનાર હોવા છતાં તેમણે બન્ધન કરાવે તેવું ધન કેમ આપ્યું ? એવો પ્રશ્ન થાય, તેથી આ કારિકા કહેલી છે. સુદામાની પત્નીને ભગવાને ધન આપ્યું, તેથી સુદામાને કાંઈ હાનિ થઈ નથી. તેણે પત્ની સાથે બહુ લમ્પટ થયા વિના વિષયો ભોગવ્યા, એટલે જરા લમ્પટ તો થયેલો (અ.૭૮।૩૮ સુબોધિની). પરન્તુ ભગવાન્ પોતાના ભક્તને ભોગ આપવા છતાં કાંઈ હાનિ થવા દેતા નથી (જુઓ પાછળ કારિકા ૨૯૩).

**સ્વતુલ્યત્વાય તુ કથા પૂર્વજાતા નિરૂપિતા ।।૩૮૪।।**
**સમક્ષં ભગવાંસ્તન્તુ ઋષિમેવાકરોત્ સ્વતઃ ।।**
**અતો ન કિઞ્ચિત્ પ્રદદૌ ભાર્યાયૈ તત્ર દત્તવાન્ ।।૩૮૫।।**

સુદામા પોતાની સમાન છે એમ જણાવવા ભગવાને પહેલાં બનેલી કથા કહેલી છે. ભગવાને રૂબરૂમાં તો પોતાની મેળે તેને ઋષિ જ કર્યો (રાખ્યો). તેથી ત્યારે કાંઈ પણ ન આપ્યું. ત્યાં (તેના ઘેર તેની) પત્નીને આપ્યું.

સુદામાની પહેલાંની કથા(અ.૭૭।૩૧-૪૨) તેને ભગવાનની સમાન જણાવવા કહી છે. સુદામા પોતાની પાસે રહ્યો ત્યાં સુધી ભગવાને તેનું ઋષિપણું જ માન્ય રાખ્યું, તેથી તે સમયે તેને કાંઈ ધન આપ્યું નહિ. તેના ઘેર તેની પત્નીને દેવોને પણ દુર્લભ અલૌકિક ધન આપ્યું.

**અનભિપ્રેતપક્ષે હિ દાનાભાવો વિશિષ્યતે ।।**
**અતોऽદાને તસ્ય તોષો ગચ્છતો વર્ણ્યતે પથિ।।૩૮૬।।**

દાન ઈચ્છેલું ન હતું એ મત પ્રમાણે દાન ન થાય તે ઉત્તમ છે. તેથી દાન થયેલું ન હતું ત્યારે માર્ગે જતાં તેના સંતોષનું વર્ણન કરેલું છે.

અ.૭૮।૧૪-૨૦માં સુદામાના સંતોષનું વર્ણન કરેલું છે. વિશેષે કરી શ્લો.૨૦ જુઓ.

**સાંસર્ગિકસ્ય દોષસ્ય નિવૃત્ત્યૈ ભગવત્પરઃ ।।**
**ભક્તિમાર્ગાનુસારેણ વિષયાન્ બુભુજેऽવશઃ ।।૩૮૭।।**

સંસર્ગનો દોષ દૂર થાય તે માટે ભગવાન્માં ચિત્ત રાખી તેણે વિષયોને વશ ન થતાં ભક્તિમાર્ગ પ્રમાણે વિષયોનો ભોગ કર્યો.

ભગવાને સુદામાની પત્નીને ઘણું જ ધન આપ્યું. સુદામા ભોગ તદ્દન ન કરે તો પત્નીને રસ ઉત્પન્ન થાય નહિ, અને ભોગ કરે તો પત્નીના સંગથી તેને દોષ લાગે. તેથી ભગવાન્માં ચિત્ત રાખી વિષયોને વશ થયા વિના તેણે ભક્તિમાર્ગ પ્રમાણે વિષયોનો ભોગ કર્યો. તેથી પત્નીને ભોગમાં રસ થયો અને તેના સંગથી દોષ લાગ્યો નહિ.

**એવમ્ ઋષિત્વં ભક્તત્વં ધનં દારિદ્ર્યમેવ ચ ।।**
**વિરુદ્ધં સ્થાપયામાસ સ્વકીયત્ત્વપ્રસિદ્ધયે ।।૩૮૮।।**

એ પ્રમાણે ઋષિપણું અને ભક્તપણું, ધન અને ગરીબાઈ એ વિરુદ્ધ ગુણોનું ભગવાને સુદામા પોતાનો ભક્ત હોવાનું પ્રસિદ્ધ થાય તે માટે તેનામાં સ્થાપન કર્યું.

સુદામા પોતાનો ભક્ત છે એમ પ્રસિદ્ધ થાય તે માટે પોતાની અંદર વિરુદ્ધ ધર્મો રહેલા

હોવાથી ભગવાને સુદામામાં પણ પરસ્પર વિરુદ્ધ ધર્મોનું સ્થાપન કર્યું. ધન અને ગરીબાઈ વિરુદ્ધ છે એ સ્પષ્ટ છે. ઋષિપણું ભક્તપણાંથી વિરુદ્ધ છે, કારણ કે ઋષિ વેદ અથવા પ્રમાણને સર્વથી પર જાણે છે, જ્યારે ભક્ત ભગવાનને સર્વથી પર જાણે છે.

**અધ્યાય ૭૯ થી ૮૧ :**

**ત્રિભિરગ્રે તુ ભગવાન્ પૂર્ણ ફલમ્ ઉદીર્યતે ।।**
**દ્વાભ્યાં દ્વાભ્યાં ત્રિભિશ્ચૈવ ફલત્રયમ્ ઉદીરિતમ્ ।।૩૮૯।।**
**દુઃખાભાવ-સુખોત્કર્ષૌ કૃષ્ણશ્ચ ત્રિવિધસ્તથા ।।**
**સર્વેષાં વાઞ્છિતાકારઃ સ્ત્રીણામ્ અત્યન્તવલ્લભઃ।।૩૯૦।।**
**ઋષિદેવપિતૃણાં ચ લૌકિકાલૌકિકત્વતઃ ।।**
**ફલદાતા સર્વભાવૈઃ સર્વતોઽત્ર નિરૂપ્યતે ।।૩૯૧।।**

આગળ ત્રણ અધ્યાયોથી ભગવાન્ પૂર્ણ ફલ (હોવાનું) કહેલ છે. બે-બે અને ત્રણ (અધ્યાયો)થી ૧. દુઃખનો અભાવ, ૨. ઉત્તમ પ્રકારનું સુખ અને ૩. ત્રણ પ્રકારના શ્રીકૃષ્ણ; એવા ત્રણ ફલ કહેલાં છે. શ્રીકૃષ્ણને અહીં ૧. સર્વના ઈચ્છેલા રૂપવાળા ૨. સ્ત્રીઓના અત્યન્ત પ્રિય અને ૩. ઋષિઓ દેવો અને પિતૃઓ ને લૌકિક અને અલૌકિક પ્રકારે સમ્પૂર્ણ રીતે સર્વ તરફથી ફલનું દાન કરનારા કહેલા છે.

આ ત્રણ અધ્યાયો વાસ્તવિક રીતે સાત્ત્વિક પ્રકરણના ત્રણ પેટાપ્રકરણના ધર્મીનું સ્વરૂપ જણાવનારા અધ્યાયો છે. તેથી ભગવાન્ જ પૂર્ણ ફલ છે એમ આ અધ્યાયોમાં જણાવેલ છે. ૭૫ તથા ૭૬ મા અધ્યાયમાં દુઃખના નાશરૂપ ફલ કહેલ છે. ૭૭-૭૮ મા અધ્યાયમાં ઉત્તમ પ્રકારનાં સુખરૂપ ફલ કહેલ છે. આ ૭૯-૮૧ સુધીના ત્રણ અધ્યાયોમાં ત્રણ સ્વરૂપથી શ્રીકૃષ્ણ ત્રણ પ્રકારનાં ફલરૂપ થાય છે એમ દર્શાવેલ છે અને તે ત્રણ સ્વરૂપો ૧. સર્વના ઈચ્છેલા રૂપવાળા વગેરેથી ઉપર જણાવેલાં છે.

**અધ્યાય ૭૯ :**

**તત્કાલસ્થાઃ સર્વ એવ વર્ણા એતે ચ માનુષાઃ ।।**
**સર્વતસ્તે સમાગત્ય કૃષ્ણસાન્નિધ્યદર્શનૈઃ ।।૩૯૨।।**
**શુદ્ધસાત્ત્વિકભાવં તે પ્રાપ્તા રોધનમાગતાઃ ।।**

તે સમયે હતા તે બધાએ વર્ણો અને આ મનુષ્યો(કહેલા છે) -તેઓએ સર્વ તરફથી આવી શ્રીકૃષ્ણનાં સાન્નિધ્ય અને દર્શનથી શુદ્ધ સાત્ત્વિક સ્થિતિ પ્રાપ્ત કરી, નિરોધ પ્રાપ્ત કર્યો.

તે સમયના બધાએ વર્ણના પુરુષોએ સર્વ તરફથી ભગવાન્ પાસે કુરુક્ષેત્રમાં આવી, ભગવાનનાં દર્શન કરી શુદ્ધ સાત્ત્વિક સ્થિતિ પ્રાપ્ત કરી અને નિરોધ પ્રાપ્ત કર્યો. ભગવાન્ તે સર્વના ઈચ્છેલા રૂપવાળા હોવાનું જણાવેલ છે, કારણ કે ભગવાનનાં દર્શનથી સર્વને પરમાનન્દની પ્રાપ્તિ થઈ (શ્લો.૨૩). જો ભગવાન્ તેઓએ ઈચ્છેલા રૂપવાળા ન હોય, તો તેઓને તેમનાં દર્શનથી પરમાનન્દ પ્રાપ્ત ન થાત.

**દેહાદિકં જગત્સર્વં વિસ્મૃત્ય ભગવત્પરાઃ ।।૩૯૩।।**
**જાતા ઈતિ ફલં તેષાં હરિરેવ ન સંશયઃ ।।**

દેહ વગેરે સર્વ જગત્‌ને ભૂલી, તેઓ ભગવાન્‌માં ચિત્ત રાખનારા થયા, તેથી તેઓનું ફલ હરિ જ છે, એમાં સંશય નથી.

પોતાના દેહ વગેરે સર્વ જગત્‌ને ભૂલી, તેઓ પોતાનું ચિત્ત ભગવાન્‌માં પરોવે છે. તેથી તેમને ભગવાન્ જ ફલ પ્રાપ્ત થાય છે.

**અન્તે ચ ગોપિકાઃ પ્રોક્તાઃ શુદ્ધસત્ત્વપ્રસિદ્ધયે ।।૩૯૪।।**
**નિરોધશ્ચાપિ તાસાં હિ સર્વભાવેન રૂપિતઃ ।।**
**તદન્તાઃ સર્વ એવૈતે તત્ફલા ઈતિ નિશ્ચિતમ્ ।।૩૯૫।।**

અને અધ્યાયના અન્તમાં ગોપીઓનું શુદ્ધ સત્ત્વ પ્રસિદ્ધ થાય તે માટે ગોપિકાઓની કથા કહેલી છે, અને તેઓનો નિરોધ પણ સમ્પૂર્ણ રીતે થયાનું જણાવેલ છે. ત્યાં સુધીના આ બધાએ ઉપાયો, તે ફલ પ્રાપ્ત કરાવનારા છે એવો નિશ્ચય થાય છે.

ગોપીઓ તમામ હતી, તે રાજસ થયાનું પહેલાં કહેલું છે. હવે તેઓ સાત્ત્વિક થયેલી છે એમ પ્રસિદ્ધ થાય તે માટે આ અધ્યાયના અન્તે તેઓની કથા કહેલી છે. અન્તે ભગવાન્ ગોપીઓને જ્ઞાનનો ઉપદેશ કરે છે (શ્લો.૪૨-૪૭), ત્યાં સુધીના બધાએ ઉપાયો તેઓનો સમ્પૂર્ણ રીતે નિરોધ થાય તે માટે જ હતા.

**સંસારો ભગવાંશ્ચૈવ વિરુદ્ધં દ્વિતયં ફલમ્ ।।**
**ઉભયૈર્યત્ સુખં તદ્ધિ તાસાં પુષ્ટ્યાઽભવત્ તદા ।।૩૯૬।।**
**તથૈવ પ્રાર્થિતં તાભિઃ સમ્મતં ચાપિ વૈ હરેઃ ।।**

સંસાર અને વળી ભગવાન્ એ બે વિરુદ્ધ ફલ છે. બન્નેથી જે સુખ થાય તે તેઓને તે સમયે ભગવાનની કૃપાથી થયું. તેઓએ તેવી જ પ્રાર્થના કરેલી અને હરિએ ખરેખર તેમાં સમ્મતિ આપી.

સંસાર અને ભગવાન્ એ બે પરસ્પર વિરુદ્ધ છે. સંસાર જેને હોય તેને ભગવાનની પ્રાપ્તિ ન થાય, અને જેને ભગવાન્ પ્રાપ્ત થયા હોય, તેનો સંસાર ન રહે. છતાં સંસાર અને ભગવાન્ બન્નેથી જે સુખ થાય તે ગોપીઓને તેમનો નિરોધ સમ્પૂર્ણ થયો ત્યારે પ્રાપ્ત થયું. ગોપીઓએ ભગવાન્ પાસે શ્લો.૪૯માં તેવી જ પ્રાર્થના કરી ભગવાને તે તેમનું ઈચ્છેલું આપ્યું(અ.૮૦।૧).

**'ન જ્ઞાનં ન ચ વૈરાગ્યં' યતઃ પ્રાહ હરિઃ સ્વયમ્ ।।૩૯૭।।**
**'અવ્યક્તા હિ ગતિર્દુઃખં' 'યે તુ સર્વાણિ' ચોકતવાન્ ।।**

કારણ કે હરિએ પોતે કહેલું છે કે ''જ્ઞાન તેમ જ વૈરાગ્ય અહીં કલ્યાણકારક થતા નથી'' ''અવ્યક્ત ફલ દેહ ધારણ કરનારાઓને દુઃખથી પ્રાપ્ત થાય છે'' ''જેઓ મને સર્વ કર્મો અર્પણ કરી''.

ભગવાનનાં પોતાનાં વચનો નીચે પ્રમાણે છે :

> ''મારી ભક્તિવાળા અને મારામાં ચિત્ત રાખનારા યોગીઓને ઘણા ભાગે જ્ઞાન અને વૈરાગ્ય અહીં કલ્યાણકારક થતાં નથી''
>
> (ભાગ.પુરા.૧૧।૨૦।૩૧)

''અવ્યક્ત બ્રહ્મમાં ચિત્ત પરોવનારને ઘણું દુઃખ થાય છે, કારણ કે અવ્યક્ત ફલ; દેહ ધારણ કરનારાઓને દુઃખથી પ્રાપ્ત થાય છે''

(ભગ.ગીતા ૧૨।૫)

''પરન્તુ જેઓ સર્વ કર્મો મને અર્પણ કરી મારામાં ચિત્ત રાખી અનન્ય યોગથી મારું ધ્યાન ધરતાં મારી ભક્તિ કરે છે, તેઓનો હું અલ્પ સમયમાં જ સંસારસાગરમાંથી ઉદ્ધાર કરું છું.''

(ભગ.ગીતા ૧૨।૬,૭).

ભગવાને પોતે જ આમ કહેલ હોવાથી સંસારમાં રહીને પણ ભગવાનની ભક્તિ કરવી એ જ્ઞાન વૈરાગ્ય વગેરે કરતાં ઉત્તમ છે, અને ભગવાન્‌માં નિરોધ થવો એ જ ફલ છે.

**જીવતશ્ચ સ્થિતિર્મૃગ્યા તથા વૃત્ત્યાદિ સર્વથા ।।૩૯૮।।**
**સ્વાભાવિકં ન દુઃખાય પરત્રેહ ચ નિશ્ચિતમ્ ।।**

અને જીવનારે રહેવાનું સ્થાન તથા જિંદગીનું સાધન વગેરે સર્વ પ્રકારે રાખવા જોઈએ. સ્વાભાવિક સ્થિતિથી આ લોકમાં અને પરલોકમાં દુઃખ થતું નથી એવો નિશ્ચય છે.

ગોપીઓએ તેઓનાં લિંગદેહનો ત્યાગ કર્યો (શ્લો.૪૮), તેથી કૈવલ્ય જ ફલ છે, નિરોધ ફલ નથી — એવી શંકા ન કરવી, કારણ કે શ્લો.૪૯, અ.૮૧।૧-૨ તથા ૬૯ ઉપરથી સિદ્ધ થાય છે કે ગોપીઓને દેહ તો હતા જ. તેઓએ લિંગદેહનો ત્યાગ કર્યાનું કહેલ છે, તેનું કારણ એ છે કે તેઓના લિંગદેહને સ્થાને આધિદૈવિક અથવા કુદરતી સર્વ શક્તિવાળા ભગવાન્ જ પ્રગટ થયેલા. તેથી ગોપીઓના દેહ હતા, અને જ્યાં સુધી જીવતાં હોઈએ ત્યાં સુધી રહેવાનું સ્થાન અને જીવન ચાલુ રાખવાં જોઈએ. તેથી જ તેઓએ ભગવાન્ પાસે એમ માગેલ કે તેઓ ઘરમાં રહે છતાં ભગવાનનું ચરણકમલ સદા તેઓના મનમાં પ્રકટ રહે(શ્લો.૪૯). ભગવાનનાં ચરણકમલમાં મન રહે એ સ્વાભાવિક સ્થિતિ છે, અને તેવી સ્થિતિથી આ લોકમાં તથા પરલોકમાં દુઃખ થતું નથી.

**લોકદ્વયેષ્ટદં તુલ્યં હરેર્નાન્યત્ પરં સુખમ્ ।।૩૯૯।।**
**વિરોધ્યન્યોન્યમન્યત્ર યાચિતં તેન તદ્વિધમ્ ।।**

હરિ પાસેથી બન્ને લોકનું ઈચ્છેલું સમાન રીતે પ્રાપ્ત થાય છે. હરિથી બીજું કાંઈ અધિક સુખ નથી. બીજામાં બન્ને લોકનાં ફલ એક-બીજાથી વિરુદ્ધ છે. તેથી ગોપીઓએ તેવા પ્રકારનું માગ્યું.

બન્ને લોકમાં આપણું ઈચ્છેલું ફલ પ્રાપ્ત કરાવનાર ભગવાન્ છે. સંસાર અને ભગવાન્‌માં આસક્તિ વિરુદ્ધ છે, પરન્તુ ભક્તિમાર્ગમાં તે બે પરસ્પર વિરુદ્ધ નથી. તેથી સંસારમાં રહેતા હોવા છતાં ભગવાનનું ચરણકમલ સદા પોતાના મનમાં પ્રકટ રહે એવું જ ફલ ગોપીઓએ માગ્યું (શ્લો.૪૯) અને તે જ ઉત્તમ ફલ છે.

**અધ્યાય ૮૦ :**

**અતિદેશાર્થમન્યેષાં નિકટે કથનં મતમ્ ।।૪૦૦।।**

**સ્ત્રીણાં સ્વસ્વપતૌ સ્નેહઃ સહજસ્તન્નિવૃત્તયે ।।**
**કૃષ્ણસ્ત્રીણાં વિવાહાનાં કથા ત્વત્ર નિરૂપ્યતે ।।૪૦૧।।**

બીજાઓને લાગુ પડે તે માટે નજીકમાં બીજાઓની કથા કહેલી હોવાનો નિશ્ચય થાય છે. સ્ત્રીઓને પોત-પોતાના પતિમાં કુદરતી સ્નેહ હોય છે, તે દૂર થાય તે માટે શ્રીકૃષ્ણની સ્ત્રીઓની વિવાહોની કથા આ અધ્યાયમાં કહેલી છે.

ગોપીઓનો નિરોધ ભગવાને ગયા અધ્યાયમાં કર્યો. તે નિરોધની કથા બીજાઓને પણ લાગુ પડે તે માટે, ત્યાર પછી તરત જ આ અધ્યાયમાં બીજા; યુધિષ્ઠિર વગેરેનો નિરોધ કર્યાનું કહેલ છે. સ્ત્રીઓને પોતાના પતિમાં કુદરતી પ્રેમ હોય છે. લૌકિક પતિ ઉપરનો આ પ્રેમ દૂર થઈ ભગવાન્ ઉપર તેઓને પ્રેમ થાય, તે માટે શ્રીકૃષ્ણની પત્નીઓના વિવાહોની કથા આ અધ્યાયમાં કહેલી છે.

**લોકાદ્ ભયં ગોપિકાભિઃ પૂર્વમેવ નિવારિતમ્ ।।**
**પુરુષોત્તમભાવેન વૈદિકં ચ નિવારિતમ્ ।।૪૦૨।।**

લોકથી થતો ભય પહેલાં જ ગોપિકાઓએ દૂર કરેલો છે, અને શ્રીકૃષ્ણ પુરુષોત્તમ છે એવા વિચારથી વેદનો ભય પણ દૂર કરેલ છે.

ગોપીઓએ લોકના ભયનો તો પ્રથમથી જ ત્યાગ કરેલો. તેમના દૃષ્ટાન્તથી લોકનો ભય દૂર થાય છે. શ્રીકૃષ્ણ પુરુષોત્તમ છે એવા વિચારથી વેદનો ભય પણ દૂર થાય છે, કારણ કે પુરુષોત્તમ વેદથી પર છે. લૌકિક પતિ ઉપરનો પ્રેમ દૂર કરવામાં લોક અને વેદ એ બેથી જ ભય રહે છે, તેથી તે બન્ને ભય દૂર કરેલા છે.

**ઉત્કર્ષે તુ શ્રુતે સ્ત્રીણાં પૂર્વભાવો વિનશ્યતિ ।।**
**પશ્ચાત્તાપશ્ચ જાયેત વિવાહખ્યાપનં તતઃ ।।૪૦૩।।**

શ્રીકૃષ્ણની સરસાઈનું શ્રવણ થાય ત્યારે તો સ્ત્રીઓની પહેલાંની સ્થિતિનો નાશ થાય છે અને પશ્ચાત્તાપ થાય છે. તેથી વિવાહો કહેલા છે.

ભગવાનની શ્રેષ્ઠતાનું શ્રવણ થાય, ત્યારે ત્યાં સુધીના સમય સુધી ભગવાન્ ઉપર પ્રેમ ન રાખવાની તેમની સ્થિતિ દૂર થાય છે, તેમને ભગવાન્ ઉપર પ્રેમ થાય છે. અને શ્રેષ્ઠતાનું શ્રવણ થયું ત્યાં સુધી ભગવાન્ ઉપર પ્રેમ રાખેલ ન હોવાથી પશ્ચાત્તાપ થાય છે. એવું થાય તે માટે ભગવાનની શ્રેષ્ઠતા દર્શાવનાર તેમની પત્નીઓના વિવાહોની કથા કહેલી છે.

**કૃષ્ણે કામાદ્યભાવાય દાસ્યં સર્વત્ર વર્ણ્યતે ।।**
**સર્વભાવેન સર્વાસાં વિવાહકરણે ક્ષમઃ ।।૪૦૪।।**
**સુતરાં ભક્તિયુક્તાનાં લક્ષ્મણાયાઃ કથા તતા ।।**

શ્રીકૃષ્ણમાં કામ વગેરે નથી એમ જણાવવા સર્વ સ્થલે દાસ્યનું વર્ણન કરેલું છે. ભગવાન્ સર્વ સ્ત્રીઓ સાથે વિવાહ કરવા સમ્પૂર્ણ રીતે શક્તિવાળા છે. ભક્તિવાળી સ્ત્રીઓ સાથે ઉત્તમ પ્રકારે વિવાહ કરે છે. લક્ષ્મણાના વિવાહની કથા વિસ્તારથી કહેલી છે.

શ્રીકૃષ્ણમાં કામ વગેરે દોષો નથી એમ જણાવવા બધા વિવાહોમાં ભગવાનની પત્નીઓની તેમનું દાસ્ય કરવાની અભિલાષા હોવાનું કહેલ છે. ભગવાન્ સર્વ સ્ત્રીઓ સાથે

વિવાહ કરવા શક્તિમાન્ છે. આઠ પટરાણીઓ આઠ ભક્તિરૂપ છે (જુઓ શ્લો.૧૬ ઉપરનાં શ્રીસુબોધિનીમાં આપેલી કારિકાઓ) તેઓની સાથે ભગવાન્ ઉત્તમ પ્રકારે વિવાહ કરે છે. (ભૌમાસુરના અન્તઃપુરમાંથી આવેલી રોહિણી વગેરે પત્નીઓ આત્મનિવેદનરૂપ નવમી ભક્તિનું સ્વરૂપ છે એમ તેઓના વિવાહની કથા શ્લો.૪૦-૪૩ સુધીમાં કહી તેથી જણાય છે). આ વિવાહો પૈકી લક્ષ્મણાના વિવાહની કથા દ્રૌપદીનાં અભિમાનનો નાશ કરવા લંબાણથી કહેલી છે (શ્લો.૧૭ ઉપરનાં સુબોધિનીનો આભાસ જુઓ).

**દ્રૌપદી પુષ્ટિમાર્ગસ્થા તતઃ પૃચ્છતિ યત્નતઃ ॥૪૦૫॥**
**તદુત્કણ્ઠપરાઃ સર્વા રુક્મિણ્યાદિવદેવ તાઃ ॥**
**જાતા ઈતિ પુરા પ્રોક્તાત્ ફલાદ્ એતદ્ વિશિષ્યતે ॥૪૦૬॥**

તેથી પુષ્ટિમાર્ગમાં રહેલી દ્રૌપદી પ્રયત્ન કરીને આ વિવાહોની કથા પૂછે છે. બીજી સર્વે આતુરતા રાખી તેનું શ્રવણ કરે છે. તેઓ પણ રુક્મિણી વગેરેના જેવી જ થઈ, એવો પહેલાં કહેલાં ફલથી આ ફલનો ભેદ છે.

દ્રૌપદીએ આ કથા પૂછેલી. બીજી બધી સ્ત્રીઓ પણ આતુરતાથી આ વિવાહોની કથાનું શ્રવણ કરતી હતી, તેઓનો પણ ભગવાન્ ઉપર રુક્મિણી વગેરેના જેવો પ્રેમ ધીરે-ધીરે થયો. તેઓ પણ ભગવન્મય થઈ. તેમનો ભગવાન્માં નિરન્તર સ્નેહ થયો અને તેમને વિસ્મય થયો (અ.૮૧।૧ ઉપરનાં શ્રીસુબોધિનીનો આભાસ).

**વિસ્મયાવિષ્ટચિત્તાનાં ભવિષ્યતિ તથા હરિઃ ॥**
**પૂર્વોક્તાનામપિ તથા ક્રમવૃદ્ધ્યા ક્ષણે ક્ષણે ॥૪૦૭॥**
**મહિષીણાં યથા ભાવઃ તથા સાધુ ભવિષ્યતિ ॥**

ઉપર કહેલી વિસ્મય પામેલ ચિત્તવાળી સ્ત્રીઓને પણ હરિ તેવા (નિરોધ કરનારા) થશે. તેઓનો ભગવાન્ ઉપરનો પ્રેમ પણ તેવી રીતે ક્ષણે-ક્ષણે ક્રમથી વધતાં, જેવો પટરાણીઓનો પ્રેમ હતો તેવો ઉત્તમ થશે.

ઉપર આ વિવાહોનું શ્રવણ કરનારી જે સ્ત્રીઓ કહેલી છે (અ.૮૦।૫ અને અ.૮૧।૧) તેઓનો પણ શ્રીકૃષ્ણ ઉપરનો પ્રેમ ક્ષણે-ક્ષણે વધતાં પટરાણીઓના પ્રેમ જેવો ઉત્તમ પ્રકારનો થશે. એવી રીતે ભગવાને સર્વ લૌકિક જીવોનો ઉદ્ધાર કર્યો.

**અધ્યાય ૮૧ :**

**લૌકિકાન્ અખિલાનેવં સમુદ્ધૃત્ય મનીષયા ॥૪૦૮॥**
**વૈદિકાન્ ઋષિદેવાંશ્ચ પૂર્વભાવસ્ય સિદ્ધયે ॥**
**તતઃ પ્રભૃતિ પૂજ્યન્ત ઈતિ ન્યાયેન વૈ હરિઃ ॥૪૦૯॥**
**સ્તોત્રં તેષાં ચકારાદ્યે ... ... ... ... ... ...**

સર્વ લૌકિક પુરુષોનો એવી રીતે ઉદ્ધાર કરીને વૈદિક ઋષિઓ અને દેવોને તેઓની પહેલાંની સ્થિતિ પ્રાપ્ત થાય તે માટે, ત્યાર પછી તેઓનું પૂજન થાય એવા નિર્ણયથી, ભગવાને આરંભમાં તેઓની બુદ્ધિપૂર્વક સ્તુતિ કરી.

---

* 'સમં મતમ્' પણ પાઠ છે.

વેદને ઉત્તમ માનનાર ઋષિઓ અને દેવોનું પહેલાંની પેઠે લોકમાં પૂજન થાય તે માટે ભગવાને આ અધ્યાયના આરંભમાં તેઓનો બુદ્ધિપૂર્વક સત્કાર કરીને તેઓની સ્તુતિ કરેલી છે (શ્લો.૬-૧૩).

**... ... ... ... ... નિરોધાર્થં તુ તે પુનઃ ।।**
**વિપરીતં સર્વમાહુઃ શાસ્ત્રાર્થોઽયં હિ પુષ્ટિતઃ ।।૪૧૦।।**
**સાન્નિધ્યાદેવ સર્વેષાં હૃદ્યેવં સમુપાગતમ્ ।।**

તેઓ તો પોતાનો નિરોધ થાય તે માટે સર્વ આથી વિરુદ્ધ કહે છે. આ તેઓનાં વચન શાસ્ત્રાર્થ છે. ભગવાનની સન્નિધિને લીધે જ પુષ્ટિને લીધે એવી રીતે તે સર્વનાં હૃદયમાં ઉતરે છે.

ઋષિઓ તો પોતાનો નિરોધ થાય તે માટે ભગવાને પોતાની સ્તુતિનાં વચન કહેલાં તેથી વિરુદ્ધ સિદ્ધાન્ત કહે છે. તેઓ ભગવાનનાં સ્વરૂપનું નિરૂપણ કરે છે, તેમને નમન કરે છે અને તેમના ચરણાવિન્દનાં દર્શનથી કૃતકૃત્ય થયાનું કહે છે (શ્લો.૧૬-૨૬). અહીં મુનિઓ કહે છે તે શાસ્ત્રાર્થ છે અને ભગવાન્ ત્યાં સમીપમાં જ હોવાથી તે શાસ્ત્રાર્થ સર્વનાં હૃદયમાં ઉતરે છે.

**અનેનૈવોપદેશોઽભૂત્ ફલં ચાપિ *સ્વસમ્મતત્ ।।૪૧૧।।**

આથી જ ઉપદેશ થયો અને પોતે ઈચ્છેલા ફલની પ્રાપ્તિ પણ થઈ.

આ ઋષિઓના વચનથી જ સર્વ સભાસદોને ઉપદેશ પણ થયો અને સર્વને પોતાનાં ઈચ્છેલાં ફલની પ્રાપ્તિ પણ થઈ. સર્વનો પોતપોતાના અધિકાર પ્રમાણે નિરોધ થયો.

**પ્રમેયબલમાસાદ્ય યાદવાનાં ફલં પુનઃ ।।**
**કૃતં સન્દેહજનનાત્ પ્રમાણેનોચ્યતે પુનઃ ।।૪૧૨।।**

વળી યાદવોને પ્રમેયબલના સમ્બન્ધથી ફલ આપેલું. તેમાં સન્દેહ ઉત્પન્ન થવાથી ફરીથી પ્રમાણથી તે કહેવામાં આવે છે.

સાત્ત્વિક પ્રમેય પ્રકરણમાં પ્રમેય બલથી યાદવોના દોષનો નાશ કરવારૂપ ફલ તેઓને આપ્યાનું કહેલ છે. તેમાં સન્દેહ થવાથી અહીં ફરીથી પ્રમાણબલથી તે જણાવવામાં આવે છે. આ પ્રમાણથી જણાવવા માટે જ વસુદેવે કરેલ યજ્ઞની કથા અહીં કહેલી છે.

**વસુદેવસ્ય સમ્પ્રશ્નઃ તતો યાગાર્થમુચ્યતે ।।**
**ઈશલીલાં સુદુર્બોધાં મત્ત્વા તે સંશયં ગતાઃ ।।૪૧૩।।**

તેથી યજ્ઞ થાય તે માટે વસુદેવને પ્રશ્ન કહેલો છે. ઈશ્વરની લીલા જાણવી ઘણી કઠણ છે એવા વિચારથી તેઓને સંશય થયો.

તેથી યજ્ઞ થાય તે માટે વસુદેવે ઋષિઓને પ્રશ્ન કર્યાનું કહેલ છે. વસુદેવ તેઓને કર્મનો નાશ કરવાના ઉપાય સમ્બન્ધી પ્રશ્ન કરે છે (શ્લો.૨૯).

ભગવાનની લીલા જાણી શકાય તેવી નથી. ઋષિઓ પણ વસુદેવ આ પ્રશ્ન કેવા અભિપ્રાયથી કરે છે તે જાણી શક્તા નથી અને તેથી તેઓને વસુદેવના અભિપ્રાય સમ્બન્ધમાં સંશય થાય છે (શ્લો.૨૯ ઉપરનાં શ્રીસુબોધિની).

**નારદઃ પૂર્વવત્ પ્રાહ સર્વસન્દેહવારકઃ ।।**
**સાત્ત્વિકપ્રક્રિયાનાં હિ પ્રમાણં ન હિ દર્શિતમ્ ।।૪૧૪।।**
**તતઃ કૃષ્ણકૃતં સર્વં લૌકિકં મેનિરેઽખિલાઃ ।।**

પહેલાંની પેઠે સર્વ સન્દેહોને દૂર કરનાર નારદ ઉત્તર કહે છે. સાત્ત્વિક પ્રકરણમાં પ્રમાણ દર્શાવેલ નથી, તેથી બધા શ્રીકૃષ્ણે કરેલાં સર્વ કાર્ય લૌકિક માનતા હતા.

ઋષિઓના સન્દેહનો ઉત્તર આપી નારદ તેઓનો સન્દેહ દૂર કરે છે (શ્લો.૩૦-૩૩). શ્રીકૃષ્ણ પરબ્રહ્મ છે એવું પ્રમાણ આ પ્રકરણમાં દર્શાવેલ નથી, તેથી શ્રીકૃષ્ણના કાર્યને સર્વ યાદવો લૌકિક માને છે, એવો આ ઉત્તરનો સાર છે.

**અતો યાગોત્સવો જાતો લૌકિકં વૈદિકં તથા ।।૪૧૫।।**
**એકીભૂયાભવદ્ભક્તૌ તેન સર્વેઽભવન્ સમાઃ ।।**

તેથી યજ્ઞનો ઉત્સવ થયો. લૌકિક અને વૈદિક સાધનો ભેગાં થઈ ભક્તિમાં ઉપયોગી થયા. તેથી સર્વ સરખા થયા.

ઋષિઓએ વસુદેવને યજ્ઞ કરવાનો ઉપદેશ કર્યો, તેથી યજ્ઞનો ઉત્સવ થયો. યાદવોનાં પહેલાનાં લૌકિક અને આ અલૌકિક સાધન ભક્તિમાં પરિણમ્યા, એટલે સર્વ રાજસ યાદવોના મનમાંથી વિષમપણું દૂર થયું, અને તે બધા સાત્ત્વિક થયા.

**સર્વેષાં સર્વભાવો હિ ફલાદપિ હરિઃ ફલમ્ ।।૪૧૬।।**
**સાત્ત્વિકપ્રક્રિયાયાં હિ સર્વ એવ નિરૂપિતાઃ ।।**
**નિર્ગુણત્વં સમાપન્ના નિરોધોઽત્રૈવ રૂપિતઃ ।।૪૧૭।।**

બધાનો ભગવાન્‌માં સમ્પૂર્ણ પ્રેમ થયો, અને બીજા બધા ફલ કરતાં પણ હરિ જ ફલરૂપ હોવાનું તેમણે જાણ્યું. સાત્વિક પ્રકરણમાં જણાવેલા બધાઓએ નિર્ગુણપણું પ્રાપ્ત કર્યું. અહીં જ નિરોધ જણાવેલ છે.

સર્વ ફલોમાં હરિ જ ફલરૂપ છે એમ જાણવામાં આવતાં, આ પ્રકરણમાં બધા નિર્ગુણ થયા. સર્વનો નિરોધ થયાનું કહેલ છે.

### મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યવિરચિત

# શ્રીપુરુષોત્તમનામસહસ્ર સ્તોત્ર ના

## નિરોધલીલા-દશમસ્કન્ધ અન્તર્ગત સાત્વિક પ્રકરણના નામો

### નૃગપાપપ્રભેત્તા ॥૯૫૭॥

નૃગરાજાના પાપને દૂર કરનાર.

નૃગરાજા બ્રાહ્મણોને ઘણું જ દાન આપતા હતા, એક દિવસ એમ બન્યું કે, એક બ્રાહ્મણને શાસ્ત્રવિધિ પ્રમાણે તેમણે ગાયનું દાન આપ્યું, તેવામાં તે બ્રાહ્મણને ત્યાંથી ગાય નાસી ગઈ અને રાજાની ગૌશાળામાં પ્રવેશ કર્યો; એટલે અજાણમાં તે જ ગાયને કોઈ બીજા બ્રાહ્મણને દાનમાં આપવામાં આવી. હવે પ્રથમ જે બ્રાહ્મણ દાનમાં તે ગાયને લઈ ગયો હતો તે બ્રાહ્મણની શોધ કરતાં - કરતાં એ જ ગાયને લઈ જતાં પેલાં બીજા બ્રાહ્મણોને માર્ગમાં મળ્યો. જેથી આ ''મારી ગાય છે મારી ગાય છે'' એમ પરસ્પર બ્રાહ્મણોને કલહ થવા લાગ્યો, તેનું સમાધાન કરવા પોતે રાજાએ પણ અનેક આગ્રહપૂર્વક બન્નેને સમજાવવા માંડ્યા; પણ કોઈએ માન્યુ નહિ, અને રાજાનો અચાનક કાળ થયો. તે પ્રાયશ્ચિત્તના યોગે રાજાને કાચીંડાનો જન્મ લેવો પડ્યો. યાદવના રાજકુમારો રમતાં - રમતાં ત્યાં આવી પહોંચતાં, કૂવામાં તેને જોયો. જેથી તેનો ઉદ્ધાર કરવા બહુ જ પ્રયાસ કર્યો છતાં કાંઈ પણ વળ્યું નહિ; એટલે તે વાત સર્વે એ આવી ભગવાન્ શ્રીકૃષ્ણને નિવેદન કરી, આપ પ્રભુએ કરકમલના સ્પર્શથી લીલામાત્રમાં જ તેનો ઉદ્ધાર કરી કાચીંડાની યોનિમાંથી મુક્ત કર્યો. એમ આ સ્કન્ધના ૬૧(/૪)માં અધ્યાયમાં જણાવેલું છે. તે નૃગરાજાને બ્રહ્મસ્વના પાપથી દૂર કરનાર પ્રભુ એમ કહે છે.

### બ્રહ્મસ્વગુણદોષદૃક્॥૯૫૮॥

૧. બ્રહ્મસ્વના ગુણ અને દોષો ને જોનાર, ૨. બ્રહ્મસ્વમાં રહેલા ગુણ અને દોષો બીજાને દર્શાવનાર, ૩. નૃગરાજાને બ્રહ્મસ્વથી થયેલા દોષ અને ગુણો અન્ય પુરુષોને દર્શાવનાર.

બ્રાહ્મણો સમ્બન્ધી કોઈ પણ દ્રવ્ય - વસ્તુને બ્રહ્મસ્વ કહેવામાં આવે છે. એ બ્રહ્મસ્વને અજાણપણામાં પણ ગ્રહણ કરવાથી અમાપ થાય છે, તો જાણી જોઈને હરણ કરવામાં આવે તો કેટલું બધું પાપ થાય ? એમ આપે યદુરાજકુમારોને જણાવ્યું છે. વળી બ્રહ્મસ્વમાં એક મહાન ગુણ પણ રહેલો છે કે વારંવાર અગણિત દાન બ્રાહ્મણોને આપવાથી ભગદ્દર્શનરૂપ અતુલ ફલ પણ ઉપલબ્ધ થાય છે. નૃગરાજાએ અજાણ પણામાં બ્રહ્મસ્વ હરણ કરવાથી સેંકડો વર્ષ કાચીંડાનો જન્મ અનુભવ્યો તેમ પુષ્કળ દાન આપવાથી ભગવદ્દર્શનરૂપ દિવ્ય ફલ પણ પ્રાપ્ત કર્યું. પ્રભુએ બ્રહ્મસ્વના ગુણ અને દોષો ને સર્વત્ર પ્રસરાવવાના હેતુથી જ યદુરાજકુમારોને ઉપદેશ આપેલો છે, માટે અહીં

શ્રીકૃષ્ણચન્દ્રને બ્રહ્મસ્વના ગુણદોષને જોનાર તથા દર્શાવનાર કહ્યા.

**વિષ્ણુભક્તિવિરોધૈકબ્રહ્મસ્વવિનિવારકઃ।।૯૫૯।।**

વિષ્ણુએ પ્રભુ શ્રીકૃષ્ણચન્દ્રની ભક્તિમાં વિરોધ આવવા અર્થાત્ પ્રતિબન્ધ થવા સારું એક સાધારણ મોટું કારણ બ્રહ્મસ્વ – બ્રાહ્મણને અર્પણ કરેલું ખૂંચી લેવું તે છે, તેવા બ્રહ્મસ્વનું વિશેષ રીતે નિવારણ કરનાર અર્થાત્ તજ્જન્ય પાપને દૂર કરનાર શ્રીહરિ.

**બલભદ્રાહિતગુણઃ ।।૯૬૦।।**

બલભદ્રજીમાંશોકરહિતપણુંઆનન્દીસ્વભાવવગેરેગુણોનેસ્થાપનકરનારપ્રભુ.

**ગોકુલપ્રીતિદાયકઃ।।૯૬૧।।**

બલદેવજીદ્વારા ગોકુલનિવાસી( નન્દ – યશોદા વગેરે )જનોને પ્રીતિ–આનન્દ –હર્ષ સમર્પણ કરનાર પ્રભુ.

**ગોપીસ્નેહૈકનિલયઃ।।૯૬૨।।**

ગોપીજનોનો સ્નેહ – પ્રેમ તેના સ્થાનરૂપ પરમાત્મા શ્રીકૃષ્ણચન્દ્ર

**ગોપીપ્રાણસ્થિતિપ્રદઃ।।૯૬૩।।**

૧. ગોપાંગનાઓના પ્રાણોને સ્થિતિ( બલદેવજીદ્વારા ) અર્પણ કરનાર – શાંતિ આપનાર, ૨. ગોપીજનોના પ્રાણોમાં સ્થિતિ કરનાર. ૩. ગોપવનિતાઓની સ્થિતિ પોતાના પ્રાણ વિષે કરનાર શ્રીગોપીજનવલ્લભ પ્રભુ.

**વાક્યાતિગામિયમુનાહલાકર્ષણવૈભવઃ।।૯૬૪।।**

બલદેવજીના વાક્યને અતિક્રમણ કરનાર – નહિ માનનાર શ્રીયમુનાજીને હલવડે આકર્ષણ કરવામાં ખેંચવામાં જેમનો વૈભવ મહાસામર્થ્ય છે. એવા બલદેવરૂપ સંકર્ષણસ્વરૂપ શ્રીભગવાન્ પૂર્ણ પુરુષોત્તમ.

**પૌણ્ડ્રકત્યાજિતસ્પર્ધઃ।।૯૬૫।।**

પૌણ્ડ્રકરાજાની સ્પર્ધાને છોડાવનાર.

કરુષદેશનો અધિપતિ પૌણ્ડ્રક શ્રીકૃષ્ણના જેવો પોતાનો સર્વ વેશ રાખી ''હું કૃષ્ણ છું, હું વાસુદેવ છું''. એમ કહી શંખ – ચક્ર – ગદા – પદ્મ, ગરુડનું વાહન વગેરે સર્વ શ્રીકૃષ્ણનાં જ ચિહ્નોને ધારણ કરતો હતો, તેમની સ્પર્ધા કરતો હતો, દૂતદ્વારા પણ શ્રીકૃષ્ણને એમ કહેવડાવી યુદ્ધની માંગણી કરી, એટલે પ્રભુએ તેના નગરને ઘેરી લઈને તેનો નાશ કર્યો તેથી અહીં પૌણ્ડ્રકની સ્પર્ધાને છોડાવનાર કહે છે.

**કાશીરાજવિભેદનઃ।।૯૬૬।।**

મિથ્યા વાસુદેવ પૌણ્ડ્રકના મિત્ર કાશીરાજને નાશ કરનાર – મારનાર.

**કાશીનિદાહકરણઃ ।।૯૬૭।।**

ચક્રને આજ્ઞા આપી કાશીનગરીનો અત્યન્ત દાહ કરનાર બાળનાર એવા શ્રીકૃષ્ણચન્દ્ર.

કાશીપુરીને બાળવાનું મુખ્ય કારણ આ છે કે, કાશીરાજાના પુત્ર સુદક્ષિણે

પોતાના પિતાનો નાશ કરનાર શ્રીકૃષ્ણનો નાશ કરવા સારું બ્રાહ્મણોદ્વારા દક્ષિણાગ્નિમાં હોમ આપી અગ્નિને દ્વારકા નગરનો વિનાશ કરવા પ્રેર્યો. જેથી ચક્રવડે પોતાના નગરનું રક્ષણ કરી ચક્રને પ્રભુએ આજ્ઞા આપી કાશીનગરને બાળી ભસ્મીભૂત કરી નાખ્યું એમ ભાગવતના આ સ્કન્ધના ૬૩ મા અધ્યાયમાં દર્શાવ્યું છે, પરન્તુ અહીં આચાર્યચરણ અન્ય નામથી હેતુ દર્શાવે છે કે :

## શિવભસ્મપ્રદાયકઃ ||૯૬૮||

ભગવાન્ શમ્ભુજીને ભસ્મ અર્પણ કરનાર પરમાત્મા.

ભસ્મરૂપ આભૂષણોથી શોભાયમાન બનનાર શંકરને આપે સકલ કાશીપુર બાળીને શરીરને શણગારવા ઘણી જ ભસ્મ – વિભૂતિ અર્પણ કરેલી છે અર્થાત્ કાશીનગર વિશ્વનાથ શ્રીશિવજીનું મનાય છે. પોતાના કૃપાપાત્ર શમ્ભુના નગરને કેમ બળાય? છતાં પોતાના જનની અભિલાષા ( શરીરને શોભાવવા સમ્બન્ધી ) પૂર્ણ કરવા તથા આસુરી જીવોથી ભરપૂર અપવિત્ર બની રહેલી કાશીનગરીને પવિત્ર કરવા ભસ્માવશેષ કરેલી છે.

## દ્વિવિદપ્રાણઘાતી ||૯૬૯||

દ્વિવિદ વાનર પ્રાણનો ઘાત કરવાના સ્વભાવવાળા શ્રીપુરુષોત્તમ.

ભૌમાસુર( નકાસુર )ના પરમમિત્ર દ્વિવિદ વાનરના પ્રાણોનો આપે બલદેવજી દ્વારા નાશ કરાવેલો છે એમ આ સ્કન્ધના ૬૪ મા અધ્યાયમાં છે જેથી દ્વિવિદના પ્રાણોનો નાશ કરનારા પ્રભુ એમ કહેવાવ છો.

## કૌરવાખર્વગર્વનુત્ ||૯૭૦||

કૌરવોના અત્યન્ત ગર્વને નાશ કરનાર – ઉતારનાર શ્રીકૃષ્ણ પ્રભુ.

દુર્યોધનાદિ સકલ કૌરવોના અપૂર્વ ગર્વને – લક્ષ્મીના મહાન મદને ઉતારવાના કારણમાં શ્રીમદ્ભાગવતના આ સ્કન્ધના ૬૫ મા અધ્યાયમાં સ્પષ્ટ છે કે, શ્રીકૃષ્ણના તૃતીય પત્ની જામ્બુવતીના પુત્ર સામ્બે પોતાના ઉપર આસક્ત થયેલી કૌરવરાજની રાજકુમારી લક્ષ્મણાનું હરણ કર્યું તેથી કોપાયમાન બની સર્વ કૌરવો એકત્ર થઈ સામ્બનો પરાભવ કરી અને તેને બન્દીવાન્ બનાવ્યો એ શ્રીકૃષ્ણ પ્રભૃતિના જાણવામાં આવતાં યુદ્ધ સમારમ્ભ કરવા લાગ્યા પરન્તુ સમ્બન્ધીઓમાં પરસ્પર કલહ ઉત્પન્ન ન થાય તેથી બલરામ કૌરવોના મનનું સમાધાન કરવા અને સામ્બને સ્ત્રી સાથે તેડી લાવવા હસ્તિનાપુર પધાર્યા. કૌરવોએ તેમનું પણ મહાન અપમાન કર્યું. જેથી ક્રોધાયમાન થઈ બલદેવજીદ્વારા પ્રભુએ તેમના મહાન અભિમાનને ઉતારી નાખ્યુ છે તે જ આગળ જણાવે છે કે :

## લાંગલાકૃષ્ટનગરીસંવિગ્નાખિલનાગરઃ ||૯૭૧||

હલની અણીથી ખેંચેલી નગરીને લીધે તેમાં નિવાસ કરનારા સર્વ નાગરિક જનોને વિકલ કરનાર બલદેવજીદ્વારા પીડા આપનાર શ્રીકૃષ્ણ પુરુષોત્તમ.

મહામદોન્મત્ત બનેલા દુર્યોધનાદિ કૌરવોના મદને ઉતારવા મહાબલવાન બલદેવજીએ પોતાના આયુધ હલની અણીથી હસ્તિનાપુર નગરને ઉપાડી ગંગાનદીમાં નાખી દેવા માંડ્યું. જેથી કૌરવોનો ગર્વ ગલિત થઈ ગયો. બલદેવજીદ્વારા એવું પ્રભાવશીલ મહત્કર્મ કરનાર આપ શ્રીકૃષ્ણ જ છો, એમ જાણવું.

**પ્રપન્નાભયદઃ ।।૯૭૨।।**

શરણે આવેલા જનોને અભય આપનાર.

પોતાની નગરીને ઉપર કહેવા પ્રમાણે ગંગામાં પડતી જોઈને તથા તેમાં નિવાસ કરનાર નાગરિકજનોની પીડાને નિહાળી સર્વ કૌરવો પ્રભાવસમ્પન્ન બલદેવજીને શરણ પ્રાપ્ત થયા. ભગવાન્ પોતે શરણે આવેલાઓને તો અભય જ આપે છે માટે શરણ થયેલા હસ્તિનાપુરના લોકોને અભય આપનાર પણ આપ પરમાત્મા શ્રીકૃષ્ણ જ છો.

**સામ્બપ્રાપ્તસન્માનભાજનમ્ ।।૯૭૩।।**

જામ્બુવન્તીના પુત્ર સામ્બને લીધે પ્રાપ્ત થયેલા સત્કારપૂર્વક સન્માનને ભોગવનાર.

બલરામથી અભય મેળવી દુર્યોધનાદિ કૌરવોએ વધૂ સહિત સામ્બને વળાવી અનેક પ્રકારની ઉત્તમ પહેરામણી યાદવોને આપી છે. જેથી અહીં સામ્બને લીધે સન્માનને ભોગવનાર એમ કહે છે.

**નારદાન્વિષ્ટચરણઃ ।।૯૭૪।।**

દેવર્ષિ નારદજીએ જેમનાં ચરણોને શોધ્યાં છે – જોવાની વાઞ્છના કરી છે.

પ્રભુને અનેક સ્ત્રીજનો છે એમ જાણી, એમની સાથે પોતે એકલા એકકાલાવચ્છિન્ન સર્વના મન્દિરોમાં નિવાસ કરી વિલાસાદિ સર્વ ગૃહસ્થાશ્રમનાં કર્મો શી રીતે કરે છે? એ ભગવલ્લીલાનો અનુભવ કરવા નારદજી ભગવાન્‌ની પટરાણીઓના જુદા – જુદા નિવાસગૃહોમાં દાખલ થયા, અને સર્વત્ર પ્રભુને નાના પ્રકારના વ્યવસાયમાં વિરાજિત થયેલા નિહાળ્યા. એમ આ સ્કન્ધના ૬૯ મા અધ્યાયમાં દર્શાવેલું છે. તેને ઉદ્દેશી આ નામનો પ્રકાશ કરે છે :

**ભક્તવિક્ષેપનાશકઃ ।।૯૭૫।।**

ભક્ત નારદજીના ચિત્તવિક્ષેપનો નાશ કરનાર.

દરેક ભગવન્મન્દિરમાં પ્રભુને વિવિધ કર્મમાં ગૂંથાયેલા ભાળી, તેમની માયાનો વૈભવ તેમનું સામર્થ્ય અલૌકિક – અચિન્ત્ય સમજી નારદજીના અન્તઃકરણમાં કંઈ – કંઈ તરંગો થવા લાગ્યા, અને આશ્ચર્યચકિત થઈ ગયા. તેથી નારદજીના ચિત્તમાં ઉત્પન્ન થયેલી વિક્ષેપતા – વિકલતાને આપ પ્રભુએ કૃપા કરી દૂર કરેલી છે. જેથી અહીં ભક્તના ચિત્તની વિક્ષેપતાને નાશ કરનાર – એમ જણાવે છે.

**સદાચારૈકનિલયઃ ।।૯૭૬।।**

સત્પુરુષોનો જે આચાર તે આચારના મૂળરૂપ – સ્થાનરૂપ ભગવાન્ શ્રીકૃષ્ણચન્દ્ર.

શિષ્ટ પુરુષોનો શાસ્ત્રમાં જેવો આચાર માન્ય કરવામાં આવ્યો છે જેમકેઃ ''બ્રાહ્મે મુહૂર્તે ઉત્થાય પરબ્રહ્મં વિચિન્તયેત્'' ''અહરહઃ સુધ્યામુપાસીત'' (બ્રાહ્મમુહૂર્તમાં ઊઠી પરબ્રહ્મનું ચિન્તન – ધ્યાન કરવું, તથા નિરન્તર સન્ધ્યોપાસન કરવું) વગેરે સત્પુરુષોના પરમ્પરાપ્રાપ્ત આચારોને માન્ય કરવા જોઈએ આપ પ્રભુ સર્વ જગતના નિયન્તા છતાં લોકસઙ્ગ્રહાર્થ એ સર્વ આચારોને શાસ્ત્ર વિધિ પ્રમાણે પાલન કરી રહ્યા છે. માટે એમને આ સ્થાને શિષ્ટજનોના આચારના સ્થાનરૂપ પ્રભુ એમ નામદ્વારા વર્ણવ્યા છે.

## સુધર્માધ્યાસિતાસનઃ।।૯૭૭।।

દ્વારકાનગરમાં સ્થાપન કરેલી સુધર્મા નામની રાજસભાના મધ્યસ્થાનમાં જેમનું સિંહાસન સ્થાપન કરેલું છે એવા પ્રભુ.

## જરાસન્ધાવરુદ્ધેન વિજ્ઞાપિતનિજક્લમઃ।।૯૭૮।।

૧. જરાસન્ધે દિગ્વિજયમાં જીતી લઈ જેમને બન્દીખાને નાખેલા છે તેવા રાજાઓએ જેમને પોતાનું દુઃખ વિશેષે કરી જણાવેલું છે એવા પ્રભુ, ૨. જરાસન્ધ રાજાએ દિગ્વિજય કરી બન્દીવાન્ બનાવી દીધેલા અનેક રાજાઓએ જેમને પોતાનું દુઃખ નિવેદન – અર્પણ કર્યું છે એવા.

## મન્ત્ર્યુદ્ધવાદિવાક્યોક્તપ્રકારૈકપરાયણઃ।।૯૭૯।।

મન્ત્રી – પ્રધાનપદમાં નિયત થયેલા ઉદ્ધવજી વગેરેનાં વાક્યોમાં કથન કરેલો (મનુ બૃહસ્પતિ આદિના મતાનુસાર) પ્રકાર જ જેમને સર્વોત્કૃષ્ટ રીતે આશ્રય કરવા યોગ્ય છે – માન્ય રાખવા લાયક છે એવા પ્રભુ.

એક દિવસે ભગવાન્ શ્રીકૃષ્ણ સુધર્માસભામાં વિરાજિત થતાં જ જરાસન્ધે બન્દીવાન્ બનાવેલા રાજાઓનો એકાન્ત દૂત આવ્યો અને ત્યાર પછી યુધિષ્ઠિરની રાજસૂય યજ્ઞ કરવાની ઈચ્છાને વિદિત કરવા દેવર્ષિ નારદજી પણ પધાર્યા. તે બન્ને કાર્યો કરવાં યોગ્ય જ છે તેમાં શી રીતે વર્તવું ? તે સમ્બન્ધમાં રાજનીતિકુશલ ઉદ્ધવજીને પૂછવામાં આવ્યું, તેમણે દર્શાવેલા પ્રકાર પ્રમાણે જ આપ વર્ત્યા છો. એમ આ સ્કન્ધના ૭૧ મા અધ્યાયમાં સ્પષ્ટ છે. તેથી જ અહીં ઉદ્ધવજીનાં વાક્યોમાં કહેલો પ્રકાર જ જેમને આશ્રય – માન્ય કરવા યોગ્ય છે એવા પ્રભુ શ્રીકૃષ્ણચન્દ્ર એમ કહે છે.

## રાજસૂયાદિમખકૃત્।।૯૮૦।।

રાજસૂયાદિ યજ્ઞને સમ્પાદન કરનાર.

રાજસૂયાદિ યજ્ઞોનું કર્મ એવું વિષમ છે કે : ભગવદિચ્છાએ જ પાર પડી શકે છે, કેમકે સર્વ રાજાઓમાં જ્યારે બલથી, ધનથી અને પ્રભાવથી વર્ચસ્વ – શ્રેષ્ઠત્વ હોય તો જ રાજસૂયયજ્ઞ થઈ શકે. યુધિષ્ઠિરરાજાને એ પ્રતાપ અર્પણ કરનાર આપ જ છો. તેથી જ તેમને રાજસૂયયજ્ઞ સાધ્ય થયો છે એ નિઃસંશય છે જેથી આપ રાજ્યાદિ યજ્ઞને સમ્પાદન કરનાર પ્રભુ એમ નામ જણાવે છે.

### સમ્પ્રાર્થિતસહાયકૃત્ ।।૯૮૧।।

પ્રાર્થના કરવાથી સહાય કરનાર એવા પ્રભુ શ્રીકૃષ્ણ.

પાણ્ડવોની પ્રાર્થનાથી જ મહાબલવાન્ જરાસન્ધનો વધ કરવાનો ઉપાય દર્શાવી આપે દિગ્વિજયમાં સહાય કરેલી છે. અર્થાત્ પ્રભુની કૃપાદષ્ટિથી જ સર્વત્ર પાણ્ડવોનો દિગ્વિજય થયેલો છે જેથી આ સ્થાને પ્રાર્થના કરવાથી સહાય આપનાર પરાત્મા એમ ઉપદેશે છે.

### ઈન્દ્રપ્રસ્થપ્રયાણાર્થમહત્સમ્ભારસમ્ભૃતિઃ।।૯૮૨।।

પાણ્ડવોની રાજધાની ઈન્દ્રપ્રસ્થ નગરીમાં પ્રયાણ કરવા; જવામાટે મહાપુરુષોને યોગ્ય મહારાજાઓને લાયક રત્નાદિ પદાર્થોની સામગ્રીનો જેમને સારી રીતે સઞ્ચય – સઙ્ગ્રહ છે એવા શ્રીપુરુષોત્તમ.

### જરાસન્ધવધવ્યાજમોચિતાશેષભૂમિપઃ ।।૯૮૩।।

જરાસન્ધના વધ – નાશને ઉદ્દેશી બન્દીખાનામાંથી અનેક રાજાઓને મુક્ત કરનાર.

બ્રાહ્મણનો વેશ ગ્રહણ કરી ભીમસેન અને અર્જુન સાથે જરાસન્ધના નગરમાં પ્રવેશ કરી તેની સામે ભિક્ષામાં દ્વન્દ્વયુદ્ધ માંગ્યું. અને ભીમસેનદ્વારા યુક્તિપૂર્વક તેનો વિનાશ કર્યો જેથી બન્દીવાન બનેલા અનેક નૃપતિઓ મુક્ત થઈ પ્રભુની સ્તુતિ કરવા લાગ્યા. એમ આ સ્કન્ધના ૬૮ મા અધ્યાયમાં સ્પષ્ટ છે. માટે જરાસન્ધના વધદ્વારા રાજાઓને છોડાવનાર.

### સન્માર્ગબોધકઃ ।।૯૮૪ ।।

સન્માર્ગ – ભક્તિમાર્ગનો ઉપદેશ કરનાર.

બન્દીખાનામાંથી મુક્ત કરેલા રાજાઓને સન્માર્ગ એટલે ભક્તિ માર્ગનો બોધ આપે આપેલો છે જેથી પ્રભુ 'સન્માર્ગબોધક' છે.

### યજ્ઞક્ષિતિવારણતત્પરઃ ।।૯૮૫।।

૧. યજ્ઞમણ્ડપના ઋત્વિજો – યજ્ઞ કરનારા બ્રાહ્મણોને વરણ કરવામાં યજ્ઞ સમ્બન્ધી કાર્યોની યોજના કરવામાં તત્પર – સાવધાન રહેનાર, ૨. યજ્ઞની ક્ષિતિ – દૂષણને નિવારણ કરવામાં તત્પર – કુશળ.

યજ્ઞોમાં અનેક વિઘ્નો ઉપસ્થિત થાય છે, તેમ દ્રવ્યના અભાવને લીધે અનેક દૂષણો પણ આવે છે. તે સર્વને સારી રીતે સુધારી દ્રવ્ય પૂર્તિ કરવી એ કાર્યો સમ્પાદન કરવા પ્રભુ જ સમર્થ છે. એવા મહાકર્મો સાધવામાં પ્રભુની કૃપા આવશ્યક છે. યુધિષ્ઠિર રાજાના રાજસૂયયજ્ઞમાં પ્રભુકૃપાના બલથી જ તે સર્વ કાર્યો સિદ્ધ થયાં હતાં તે જ આ નામથી જણાવે છે.

### શિશુપાલહતિવ્યાજજયશાપવિમોચકઃ।।૯૮૬।।

શિશુપાલના નાશનું નિમિત્ત લઈ વિષ્ણુદૂત જયના શાપને મુક્તિ આપનાર

શ્રીકૃષ્ણચન્દ્ર.

સનકાદિક મુનિઓએ ભગવાન્ વિષ્ણુના પાર્ષદો – દ્વારપાલોને જય – વિજય નામથી પ્રસિદ્ધ ગણાય છે તેમને શાપ આપેલો છે. તેમાંના જય ત્રીજા જન્મમાં શિશુપાલ થઈ અવતરેલા છે. તે પોતાના ભક્ત છે. માટે તેમનો ઉદ્ધાર કરવાને જે પ્રભુએ શિશુપાલનો નાશ કરેલો છે, નહિ કે તેના દુર્વચનથી પીડા પામી – ક્રોધી બની નાશ કરેલો છે. સર્વાન્તર્યામી પ્રભુ સર્વનું સર્વ સ્થલે કલ્યાણ જ કરે છે, તેમને કોઈનું પણ અનિષ્ટ કરવામાં પ્રયોજન નથી. તો પછી ભક્તનું ક્યાંથી અનિષ્ટ કરે ? પ્રથમ શાપ સમ્બન્ધી સર્વ હકીકત આવી ગઈ હોવાને લીધે વિશેષ સૂચન કરતા નથી.

## દુર્યોધનાભિમાનાબ્ધિશોષબાણવૃકોદરઃ ॥૯૮૭॥

દુર્યોધનરાજાના અભિમાનરૂપ સમુદ્રને અથવા દુર્યોધનરૂપ અભિમાનના સાગરને શોષણ કરવામાટે વૃકોદર – ભીમસેન જેમને બાણરૂપ છે.

દુર્યોધનને મયદાનવે રચેલી દિવ્ય સભામાં જલસ્થાને સ્થલની ભ્રાન્તિ થઈ એટલે ભીમસેન વગેરેએ તેમનું અન્ધપુત્ર વગેરે કહી ઉપહાસ્ય કર્યું, જેથી છત્રપતિ દુર્યોધનને ઘણું જ વિષમ લાગ્યું એ કથાને ઉદ્દેશી અહીં ઉપર પ્રમાણે ભગવન્નામ પ્રતિપાદન કરે છે.

## મહાદેવવરપ્રાપ્તપુરશાલ્વવિનાશકઃ ॥૯૮૮॥

૧. મહાદેવના વરદાનથી જેણે પુર – ‘સૌભ’નામના વિમાનને મેળવ્યું છે તેવા શાલ્વ રાજાનો નાશ કરનાર. ૨. મહાદેવના વરદાન અને સૌભવિમાન જેને પ્રાપ્ત થએલું છે, તેવા શાલ્વ રાજાનો વિશેષ કરી નાશ કરનાર.

## દન્તવક્ત્રવધવ્યાજવિજયાઘૌઘનાશકઃ ॥૯૮૯॥

દન્તવક્ત્ર રાજાના વધ કરવાના મિષથી – નિમિત્તથી ‘વિજય’ નામના વૈકુણ્ઠના દ્વારપાળના પાપસમુદાયનો નાશ કરનાર પ્રભુ.

‘જય’ અને ‘વિજય’ નામના દ્વારપાલોમાંથી વિજય પોતાના ત્રીજા જન્મમાં દન્તવક્ત્ર થયા હતા. અહીં પણ બ્રાહ્મણના શાપરૂપ પાપસમુદાયનો નાશ કરવાના હેતુથી જ દન્તવક્ત્રનો નાશ કરેલો છે. માટે તે નિમિત્તથી વિજયના પાપસમૂહનો નાશ કરનાર પ્રભુ.

## વિદૂરથપ્રાણહર્તા ॥૯૯૦॥

દન્તવક્ત્રના ભાઈ વિદૂરથના પ્રાણને હરણ કરનાર શ્રીહરિ.

## ન્યસ્તશસ્ત્રાર્થવિગ્રહઃ ॥૯૯૧॥

૧. પોતે પોતાના સ્થાનમાં સ્થાપન કર્યા છે શસ્ત્ર તથા અસ્ત્ર જેમણે એવા દેહધારી પ્રભુ. ૨. શસ્ત્ર તથા અસ્ત્ર વડે થતા યુદ્ધનો ત્યાગ કરનાર પ્રભુ શ્રીકૃષ્ણચન્દ્ર.

વિદૂરથનો નાશ કર્યા પછી ભગવાન્ શ્રીકૃષ્ણને કોઈ સાથે યુદ્ધનો પ્રસંગ પ્રાપ્ત થયો નથી. એમ શ્રીમદ્ભાગવતમાં સ્પષ્ટ જણાય છે, માટે ત્યાર પછી આપે શસ્ત્ર –

અસ્ત્રથી યુદ્ધ નહિ કરવું એમ નિશ્ચય કરેલો એટલા જ માટે અહીં શસ્ત્ર – અસ્ત્રથી થતા યુદ્ધનો ત્યાગ કરનાર પ્રભુ એવા અર્થસૂચક નામની પ્રેરણા કરેલી છે.

**ઉપધર્મવિલિપ્તાંગસૂતઘાતી ।।૯૯૨।।**

સ્વધર્મથી રહિત ગૌણ ધર્મથી થયેલા પાપવડે જેમનું અન લિપ્ત – વ્યાપ્ત બનેલું છે એવા સૂતપુરાણીને મારવાના સ્વભાવવાળા પ્રભુ.

પોતાનો જે ધર્મ છે, તેથી કોઈ અન્યધર્મનો આશ્રય કરી તે પ્રમાણે વર્તવું એને ઉપધર્મ કહેવામાં આવે છે. એ ઉપધર્મ મુખ્ય ધર્મથી ગૌણ મનાય છે. સૂતપુરાણી સંકર જાતિના હોય, શૂદ્ર છે. જેથી બ્રહ્માસન ઉપર વિરાજી વક્તૃત્વ કરવાનો એમનો અધિકાર નથી, છતાં બ્રહ્માસન પર બેસી વક્તા બનેલા છે. એ ગૌણ ઉપધર્મનું આચરણ એમણે કરેલું છે. વળી બલદેવજી ત્યાં પધાર્યા તેમને નિહાળવા છતાં પણ ઊઠી ઊભા થઈ સૂતપુરાણીએ સત્કાર કર્યો નહિ. કારણ કે વક્તૃત્વના – બ્રહ્મત્વના અભિમાનમાં હતા. તેમના તેવા પાપને જાણી ભગવાને બલદેવજીદ્વારા તેમનો નાશ કરેલો છે. એ કથાને ઉદ્દેશી આ નામને પ્રકટ કરે છે.

**વરપ્રદઃ ।।૯૯૩।।**

વરદાનને અર્પણ કરનાર.

સૂતપુરાણીનો નાશ કર્યા પછી શૌનકાદિક ઋષિઓના યજ્ઞની સમાપ્તિ કરવામાટે સૂતપુરાણીને બદલે તે વક્તાના સ્થાન પર બલદેવજીએ તેમના પુત્રને સ્થાપન કર્યો. અને ચિરઞ્જીવ રહેવાનું વરદાન આપી પુરાણ કહેવાનો અધિકાર આપ્યો છે. આ પ્રમાણે સૂતપુરાણીને હણી તેમના પુત્રને પુરાણકથન કરવાનું ઋષિઓના યજ્ઞને સમાપ્ત કરવાનું વરદાન બલદેવજીદ્વારા આપનાર આપ પ્રભુ છો. જેથી અહીં 'વરપ્રદાનઃ' એમ જણાવે છે.

**બલ્વલપ્રાણહરણપાલિતર્ષિશ્રુતિક્રિયઃ ।।૯૯૪।।**

ઈલ્વલ દૈત્યના પુત્ર બલ્વલ દૈત્યના પ્રાણને હરણ કરી અર્થાત્ બલદેવજીદ્વારા તેને મારી ઋષિઓની શ્રુતિઓ – વેદોમાં પ્રતિપાદન કરેલી ક્રિયાઓનું રક્ષણ કરનાર શ્રીપુરુષોત્તમ – શ્રીકૃષ્ણચન્દ્ર.

**સર્વતીર્થાઘનાશતીર્થયાત્રાવિશારદઃ ।।૯૯૫।।**

સકલ તીર્થોનાં પાપનો નાશ કરવા સારું તીર્થયાત્રા કરવામાં ચતુર.

તીર્થોમાં અનેક પાપીજનો પોતાનાં પાપોને દૂર કરવા આવી સ્નાનાદિક ક્રિયાઓ કરે છે. તેથી ઘણા કાલસુધી એમ બનવાથી તીર્થો પણ દૂષિત બને છે – પાપયુક્ત થાય છે. એટલે તેવાં તીર્થોનાં પાપને વિદારણ કરવા તેને પવિત્ર કરવા આપ પ્રભુ પણ તીર્થયાત્રા કરો છો. બલદેવજીદ્વારા આપે જ સર્વ તીર્થાટન કરેલું છે. બલદેવજી સપર્ષણ પરમાત્માનું સ્વરૂપ છે અને સપર્ષણ પોતે સાક્ષાત્ શ્રીકૃષ્ણ ભગવાન્નું જ સ્વરૂપ છે. એટલે તીર્થયાત્રા કરનાર બલદેવજી છે. છતાં અહીંયા તીર્થયાત્રા કરવામાં

વિશારદ આપ શ્રીકૃષ્ણ જ છે; એ વાસ્તવિક જ છે.

**જ્ઞાનક્રિયાવિભેદેષ્ટફલસાધનતત્પરઃ।।૯૯૬।।**

જ્ઞાન અને ક્રિયા( કર્મ ) એ બન્ને ભેદોવડે, માર્ગવડે પામવા યોગ્ય જે ફલ તેને તે – તે માર્ગ પ્રમાણે વર્તનારાઓને તેવે પ્રકારે સાધનમાં અર્થાત્ તે – તે ફલને પ્રાપ્ત કરવામાં તત્પર – સમર્થ એવા પ્રભુ.

શુભ અને અશુભ સર્વ કર્મો જ્ઞાનનિષ્ઠ થતાં નષ્ટ થઈ જાય છે એમ સર્વત્ર પ્રસિદ્ધ છે. ભગવાન્ બલદેવજી સમ્પૂર્ણ જ્ઞાનવાન છે માટે ભગવદ્ભક્તિમાં નિષ્ઠાવાન્ છે. તેમને તીર્થયાત્રા વગેરે કર્મમાં આધીન બનવાની કાંઈ પણ આવશ્યક્તા નથી. પરન્તુ જ્ઞાનમાં અનધિકારી ઋષિઓને કર્મોમાં જ અતિશય શ્રદ્ધા ઉત્પન્ન કરવા આપે તીર્થાટનાદિ કર્મો સ્વીકારેલાં છે. જેથી જ્ઞાન તથા કર્મ બન્નેને આપ પ્રતિપાદન કરનાર છે. જેવો – જેવો જેનો અધિકાર છે. તેને તેવાં – તેવાં ફલો પ્રાપ્ત કરવામાં ભગવાન્ સહાયવાન થાય છે. તે જ આશયને આ નામ પ્રતિપાદન કરે છે – સૂચવે છે.

**સારથ્યાદિક્રિયાકર્તા ।।૯૯૭।।**

અર્જુનની સારથ્યાદિ ક્રિયા કરનાર ભગવાન્ હરિ.

**ભક્તવશ્યત્વબોધક ।।૯૯૮।।**

હું ભક્તને વશ – આધીન છું એમ બોધ કરનાર.

અર્જુનને સારથિપણું કરવું તથા બલદેવજીનો અભિપ્રાય દુર્યોધનનો નાશ થવામાં ન હતો. છતાં ભક્તજનોનું પ્રિય કરવા દુર્યોધનનો નાશ કરવામાં આપે અનુમતિ આપી એટલું જ નહિ. પરન્તુ ભીમસેનદ્વારા આપે જ દુર્યોધનનો નાશ કર્યો. એમ કરીને બલદેવજીને 'હું ભક્તવશ છું' એમ દર્શાવી આપ્યું છે. જેથી અહીં ભક્તાધીનતાનો બોધ કરનાર એવા પ્રભુ એમ કથન કરે છે. ( ૯૯૭ અને ૯૯૮ એમ બન્ને નામો પાણ્ડવોમાં પોતાનો પક્ષપાત દર્શાવનારા દુર્યોધનના યુદ્ધ પ્રસનના સમયને સૂચવનારાં છે )

**સુદામારંકભાર્યાર્થભૂમ્યાનીતેન્દ્રવૈભવઃ ।।૯૯૯।।**

પોતાની સાથે સાન્દીપનિ ગુરુને ત્યાં અભ્યાસ કરનાર પરમ દરિદ્રી સુદામા નામના બ્રાહ્મણની પત્ની – સ્ત્રીને માટે ઈન્દ્રના દિવ્ય વૈભવને ભૂમિમાં લાવનાર,

**રવિગ્રહનિમિત્તાપ્તકુરુક્ષેત્રૈકપાવનઃ ।।૧૦૦૦।।**

૧. સૂર્યગ્રહણના નિમિત્તવડે પ્રાપ્ત થએલા કુરુક્ષેત્રને પવિત્ર કરનાર. ૨. સૂર્યગ્રહને ઉદ્દેશી જેમણે કુરુક્ષેત્રને પવિત્ર કર્યું છે. એવા ભગવાન્ શ્રીપુરુષોત્તમ.

**નૃપગોપીસમસ્તસ્ત્રીપાવનાર્થાખિલક્રિયઃ।।૧૦૦૧।।**

યુધિષ્ઠિર આદિરાજાઓ, ગોપીજનો અને બીજી સમસ્ત સ્ત્રીઓમાટે પવિત્ર કરવાને સ્નાનાદિ સમ્પૂર્ણ ક્રિયાઓ જેમની છે એવા પ્રભુ શ્રીકૃષ્ણ.

સૂર્યગ્રહણ નિમિત્ત કુરુક્ષેત્રમાં પધારવાનું અને ત્યાં સ્નાનાદિક સકલ ક્રિયા કરવાનું ભગવાન્‌ને મુખ્ય કારણ ભક્તોને દર્શન આપી તેમના ઉપર અનુગ્રહ કરવો એ જ

છે, તે જ તાત્પર્યનું આ નામ છે.

**ઋષિમાર્ગપ્રતિષ્ઠાતા।।૧૦૦૨।।**

૧. ઋષિઓ – દ્વૈપાયનાદિઓએ કહેલા માર્ગમાં – સિદ્ધાન્તમાં પોતાની સ્થિતિ કરનાર. ૨. ઋષિઓના માર્ગમાં રહેનાર અર્થાત્ મુનિઓએ દર્શાવેલા સિદ્ધાન્ત પ્રમાણે વર્તન કરનાર ભગવાન્ શ્રીકૃષ્ણ.

પ્રભુ સર્વત્ર સ્વતન્ત્ર છે. આપનું મુનિજનોના માર્ગમાં અનુસરણ એ સર્વ લોકસઙ્ગ્રહાર્થ છે. મુનિઓ – ઋષિઓ દ્વારા સિદ્ધાન્તોને પ્રવર્તાવનાર આપ જ છો. માટે તે સિદ્ધાન્તો પ્રમાણે સર્વ અનુસરે એટલા માટે જ આપ તેવા માર્ગ – સિદ્ધાન્તને અનુસરો છો. અનુમોદન આપો છો. સર્વને તેમ વર્તન કરવા સૂચના કરો છો. તેથી જ અહીં ઋષિઓના સિદ્ધાન્તમાં રહેનાર પ્રભુ એમ ઉપદેશે છે.

**વસુદેવમખક્રિયઃ।।૧૦૦૩।।**

વસુદેવના મખ – યજ્ઞની ક્રિયાઓ જેમની છે અથવા જેમનાથી તે ક્રિયાઓ થઈ રહેલી છે એવા પ્રભુ.

ભગવાન્ શ્રીકૃષ્ણ સ્વયં યજ્ઞરૂપ છે ( પ્રથમ તત્સમ્બન્ધી વિવેચન થઈ ગયું છે ) તો પછી તે યજ્ઞની સકલ ક્રિયાઓ આપની હોય. અને પોતાના આધારથી ચાલી રહી હોય, એમાં શું આશ્ચર્ય છે ? માટે જ આ નામમાં વસુદેવની યજ્ઞક્રિયાઓનું સ્વામિત્વ પ્રભુમાં યોજે છે.

# શ્રીમદ્‌ભાગવત દશમસ્કંધ સુબોધિની

# સાત્વિક પ્રમેય પ્રકરણ

## અધ્યાય એકસઠમો

### નૃગનું આખ્યાન.

**રાજસપ્રક્રિયા પૂર્ણા તત્ત્વૈરિન્દ્રિયશોધિકા ॥**
**નિરૂપિતા નાતિયત્ના સાત્ત્વિકી ત્વધુનોચ્યતે ॥૧ ॥**
**અધ્યાયૈરેકવિંશત્યા વસુદેવમખાવધિ ॥**

ઈન્દ્રિયોને શુદ્ધ કરનારા[1] રાજસ પ્રકરણનું અઠ્ઠાવીસ (અધ્યાયો)થી થોડા યત્નથી[2] પૂરું નિરૂપણ કર્યું. વસુદેવના યજ્ઞ સુધી એકવીસ અધ્યાયોથી હવે તો સાત્ત્વિક પ્રકરણ કહેવામાં આવે છે. કા.૧॥.

**ચતુર્ધા રૂપ્યતે ષડ્ભિ : ષડ્ભિઃ ષડ્ભિસ્ત્રિભિસ્તથા ॥૨॥**
**અર્થો ધર્મસ્તથા કામઃ મોક્ષશ્ચ ત્રિવિધોડન્તતઃ ॥**
**પ્રકીર્ણકાખ્યાનવતી પ્રક્રિયેયમિહોચ્યતે ॥૩॥**

છ, છ, છ, તેમ જ ત્રણ (અધ્યાયો)થી[3] ચાર પ્રકારે અર્થ, ધર્મ કામ અને અંતે ત્રણ પ્રકારના મોક્ષનું નિરૂપણ કરવામાં આવે છે.[4] આ છૂટાછવાયાં આખ્યાનોવાળું પ્રકરણ અહિં કહેવામાં આવે છે. કા.૩.

**નાત્ર ક્રમવિવક્ષા હિ નૃગઃ પૂર્વં નિરૂપ્યતે ॥**
**ગોપ્યઃ પશ્ચાત્તતો મિથ્યાવાસુદેવઃ પ્રકીર્તિતઃ ॥૪॥**
**ધર્મકામાર્થયુક્તા હિ પ્રમાણે નૈવ પોષિતાઃ ॥**

---

૧.તામસ પ્રકરણની લીલાનું શ્રવણ થતાં દેહ તામસ અહંકારના કાર્યરૂપ હોવાથી તેની શુદ્ધિ થઈ. એ પ્રમાણે ઈન્દ્રિયો રાજસ અહંકારના કાર્યરૂપ હોવાથી રાજસલીલાનું શ્રવણ થતાં ઈન્દ્રિયોની શુદ્ધિ થઈ. તે પ્રમાણે મન સાત્ત્વિક અહંકારના કાર્યરૂપ હોવાથી સાત્ત્વિકલીલાના શ્રવણથી મનની શુદ્ધિ થશે એવા આશયથી આ કહે છે. (લે)

૨.તામસોને દઢ આગ્રહ હોવાથી તેમનો નિરોધ કરવામાં વધારે પ્રયત્ન થાય છે. રાજસોના સંબંધમાં તેમ ન હતું. (લે)

૩. છ છ અધ્યાયોથી અનુક્રમે પ્રમેય, સાધન અને ફલનું નિરૂપણ કરવામાં આવશે અને છેલ્લા ત્રણ અધ્યાયોથી ધર્મીનું નિરૂપણ કરવામાં આવશે. (એ પ્રમાણે ૨૧ અધ્યાયોનું સાત્ત્વિક પ્રકરણ છે.) (લે)

૪. અહિં પહેલા છ અધ્યાયોનો અર્થ કહે છે. અહિં અનુક્રમ ઈચ્છેલો નથી. આથી પ્રકરણનો

**દ્વિવિદો લક્ષ્મણા ચૈવ નારદશ્ચ ત્રયઃ સ્મૃતાઃ ।।૫।।**

[૫]અહિં અનુક્રમની ઈચ્છા (રાખેલ) નથી, કારણ કે નૃગનું પહેલાં નિરુપણ કરેલું છે. પછી ગોપીઓની, (અને) પછી મિથ્યાવાસુદેવની કથા કહેલી છે. (આ ત્રણ અનુક્રમે) ધર્મ કામ અને અર્થ (રૂપ સાધન)વાળા, પ્રમાણથી જ પોષાએલા[૬] છે. દ્વિવિદ લક્ષ્મણા અને નારદ (એ) ત્રણ[૭] પણ તેવી જ રીતે (પ્રમાણથી પોષાએલા) કહેલા છે. કા.૪-૫.

**એતેષામર્થસિદ્ધિર્હિ ષડ્વિધા પ્રોચ્યતે સ્ફુટૈઃ ।।**
**તતઃ સાધારણો ધર્મો વિશિષ્ટઃ પઞ્ચભિસ્તતઃ ।।૬।।**
**યથા કામકથા ષડ્ભિસ્ત્રિભિર્મોક્ષસ્તથોચ્યતે ।।**

આમને અર્થની પ્રાપ્તિ સ્પષ્ટ (છ અધ્યાયોથી) છ પ્રકારની કહેલી છે. પછી સાધારણ ધર્મ (એક અધ્યાયથી) અને પછી પાંચ (અધ્યાયો)થી વિશેષ (ધર્મ) કહેલો છે. જેમ છ (અધ્યાયો)થી કામની કથા કહેલી છે, તેમ ત્રણ (અધ્યાયો)થી મોક્ષ કહેલો છે.[૮] કા.૬।।

**અર્થોऽનર્થઃ સર્વથૈવ ધર્માર્થમપિ યોજિતઃ ।।૭।।**
**તસ્યાપિ ભગવાનર્થઃ સ નિરુદ્ધઃ ફલે પરમ્ ।।**

ધર્મ માટે યોજેલું હોવા છતાં ધન સર્વ પ્રકારે અનર્થરૂપ જ છે.[૯] તે (ધર્મથી અનર્થ પ્રાપ્ત કરેલા)નો પણ અર્થ ભગવાન્ છે, પરંતુ ફલની કામના હોય ત્યારે તે

---

વિભાગ પણ કહેવાયો. પ્રમેય, સાધન અને ફલમાં અર્થ ધર્મ અને કામ કહ્યા, અને ધર્મી પ્રકરણમાં ત્રણ પ્રકારનો મોક્ષ કહ્યો. (લે)

૫.પહેલાં ધર્મવાળા નૃગનું, પછી કામવાળી ગોપીઓનું અને પછી ધનરૂપ મિથ્યા વાસુદેવનું નિરૂપણ છે. તેથી અનુક્રમ ઈચ્છેલો નથી. (લે)

૬. નૃગની પ્રમાણમાં ઘણી શ્રદ્ધા હોવાથી તે પ્રમાણથી પોષાએલો હતો. વેદરૂપ બલદેવ સાથે ગોપીઓએ રમણ કરેલ હોવાથી તે પ્રમાણથી પોષાએલી હતી. વેદરૂપ મહાદેવથી પૌંડ્રક પુષ્ટ થએલો હોવાથી તે પણ પ્રમાણથી પોષાએલો હતો. (લે)

૭. ત્રણ પ્રકારના મોક્ષના અધિકારીઓ અહિં કહેલા છે. દ્વિવિદનું નામ ૨।૭।૩૪માં આપેલું જ છે. ભગવાને આવેશ(બલભદ્ર) દ્વારા પણ હસ્તિનાપુરને ખેંચવાથી લક્ષ્મણાને ભગવાનના માહાત્મ્યનું જ્ઞાન થયું તે તેનો મોક્ષ, ઘણી નાયિકાઓ સાથે ભગવાન્ રમણ કેવી રીતે કરતા હશે તેવો નારદનો સંશય દૂર થવારૂપ તેનું જ્ઞાન તે તેનો મોક્ષ, એમ જાણવું. (લે)

૮. અહિં કારિકામાં કહેલો અનુક્રમ બરાબર છે. પહેલા છ અધ્યાયોથી અર્થ, એકથી સાધારણ અને પાંચથી વિશેષ એમ છથી ધર્મ, પછીના છથી કામ, અને પછી ત્રણ અધ્યાયોથી મોક્ષ કહેલા છે. (લે)

૯. નૃગે દાનમાં વાપરેલું ધન પણ અનર્થ રૂપ જ થયું, એવો અર્થ છે. (લે)

ઢંકાએલા રહે છે[10]. કા.૭॥.

**અર્થો બ્રાહ્મણસમ્બન્ધરહિતશ્ચેત્ પરઃ સ્મૃતઃ॥૮॥**

**દૃષ્ટાન્તતો નિરૂપ્યાદૌ ભગવાનાહ તત્સ્ફુટમ્ ॥**

ધન જો બ્રાહ્મણના સંબંધ વિનાનું હોય તો ઉત્તમ ગણાએલું છે. આરંભમાં દૃષ્ટાંતથી જણાવી ભગવાન્ તે સ્પષ્ટ કહે છે. કા.૮॥.

**ઉત્તરાર્ધે પઞ્ચદશે નૃગમોક્ષો નિરૂપ્યતે ॥૯॥**

**શિક્ષા ચ સાત્ત્વિકે ભાવે રાજસા યાદવા યતઃ ॥**

ઉત્તરાર્ધમાં પંદરમા અધ્યાયમાં નૃગનો મોક્ષ અને સાત્ત્વિક ભાવનો બોધ જણાવવામાં આવે છે, કારણ કે યાદવો રાજસ છે[11]. કા.૯॥.

અહિંથી સ્કંધ પૂરો થાય ત્યાં સુધી છૂટીછવાઈ કથાઓ નિરોધ(કરવા)માં (તેઓને) ઉપયોગ થાય તે માટે કહેવામાં આવે છે. તે પૈકી નૃગનો મોક્ષ આરંભમાં કહેવામાં આવે છે. નૃગ નામનો કોઈ એક ધનવાન દાનરૂપી ધર્મ (કરવા)માં આસક્તિવાળો રાજા હતો. બ્રાહ્મણના ધનનો સંબંધ થવાને લીધે તે દુઃખમાં પડ્યો. તેનો પણ ઉદ્ધાર કરનાર ભગવાન્, અધમ સ્થિતિમાંથી (તેનો) ઉદ્ધાર કરી (તેને) સ્વર્ગ પ્રાપ્ત કરાવશે. પછી સર્વ તરફથી તેનો નિરોધ થતાં ભગવાનનું માહાત્મ્ય જોઈને પ્રપંચને ભૂલેલો તે માત્ર ભગવાનમાં જ આસક્તિવાળો થશે. તેથી અહિં (આ અધ્યાયમાં) અનિરુદ્ધરૂપ[1] ભગવાને તેનો ઉદ્ધાર કરી (તેને) ધર્મનો બોધ કરેલ છે. કથાના ક્રમ પ્રમાણે તો જેમ બીજાના ભક્ત (બાણ)ને પીડા થઈ, એ પ્રમાણે ધર્મમાં આસક્તિવાળા નૃગને પણ (થયું) એમ કહેતાં, ધનના સંબંધમાં ધર્મનું તત્ત્વ કહેવામાં આવે છે. તે પૈકી આરંભમાં નીચેના શ્લોકથી આરંભી છ શ્લોકોથી નૃગ ગરોળાના શરીરનો ત્યાગ કરે છે એમ કહે છે :

॥ શ્રીશુક ઉવાચ॥

**એકદોપવનં રાજન્ જગ્મુર્યદુકુમારકાઃ ॥**

**વિહર્તું સામ્બપ્રદ્યુમ્નચારુભાનુગદાદયઃ ॥૧॥**

હે રાજન્ ! એક સમયે સાંબ, પ્રદ્યુમ્ન, ચારૂ, ભાનુ, ગદ વિગેરે યાદવકુમારો વિહાર કરવા ઉપવનમાં ગયા. ૧.

---

૧૦. 'ઢંકાએલા રહે છે' એટલે પોતે પુરુષાર્થરૂપથી પ્રકટ થતા નથી, પરંતુ પશુ પુત્ર વિગેરે અનર્થરૂપ ફલ આપે છે. (લે)

૧૧.યાદવો સાત્ત્વિક ધર્મમાં કુશલ નથી, તેથી બોધ આપેલ છે, એવો અર્થ છે. (લે)

૧.રાજસપ્રકરણમાં (લીલા કરનાર ભગવાન્) પ્રદ્યુમ્નરૂપ અને સાત્ત્વિક પ્રકરણમાં અનિરુદ્ધરૂપ હતા એમ પહેલાં કહેલું છે. (લે)

કારણ કે સ્ત્રીઓએ ભગવાનનું માહાત્મ્ય જોએલું, પરંતુ બાલકો તો (તે) જાણતા ન હતા તેથી, અને તેમના બાલકોથી જ અનર્થ ઉત્પન્ન થવાનો છે[2] તેથી, 'બ્રાહ્મણોની અવગણના કરવી નહિ' એવો તેઓને બોધ આપવા તેઓની મારફત જ નૃગના મોક્ષનું વર્ણન કરવામાં આવે છે. એક સમયે બધાએ બાલકો વિહાર કરવા દ્વારકાના ઉપવનમાં ગયા. કિલ્લામાંથી બહાર નિકળીને, જૂની દ્વારકા ઉપવન તરીકે રહેલી, ઉપવન વિહાર કરવામાં છૂપું સ્થાન હોવાથી, રક્ષણ કરનારાઓથી રુંધાએલું હોવા છતાં, (તેનું) રક્ષણ કરનારાઓથી રોકી ન શકાય તેવા યાદવ કુમારો (ત્યાં) ગયા. 'સાંબ પ્રદ્યુમ્ન' એમ તે પ્રસંગે (ત્યાં ગએલા) ભગવાનના પુત્રોના ખાસ નામો કહે છે. તેઓ વિહાર કરવા માટે જ ગએલા. ભવિષ્યમાં સાંબ અનર્થનું કારણ થવાનો હોવાથી[2] તે જ મુખ્ય ઉપદેશ કરવા યોગ્ય હોવાથી (તે) પહેલાં કહેલો છે. પ્રદ્યુમ્ન સર્વે માન આપવા યોગ્ય ઘણો શક્તિમાન હતો, છતાં પણ નૃગને બહાર કાઢવાની તેનામાં શક્તિ ન હતી એમ કહેવા તે જણાવેલો છે. 'ચારૂ' તેઓ (પ્રદ્યુમ્નના ભાઈઓ)માંજ દશમો હતો. ભાનુ નાગ્નજીતીનો[3] સર્વથી મોટો (પુત્ર) હતો. ગદ વિગેરે (ભગવાનના) ભાઈઓ હતા. ૧.

પ્રસ્તાવના માટે વિહાર(ની વાત) કહીને, નીચેના શ્લોકમાં પ્રસ્તુત (વૃત્તાંત) કહે છે :

**ક્રીડિત્વા સુચિરં તત્ર વિચિન્વન્તઃ પિપાસિતાઃ ।।**
**જલં નિરુદકે કૂપે દદશુઃ સત્ત્વમદ્ભુતમ્ ।।૨।।**

ત્યાં લાંબા સમય સુધી રમત કરીને, તરસ્યા થતાં જલ શોધતાં તેઓએ જલ વિનાના કૂવામાં અદ્ભુત પ્રાણી જોયું. ૨.

સમુદ્રના કાંઠે આવેલા સ્થાનમાં મીઠું જલ દુર્લભ હોવાથી, તેઓએ જલ શોધવા માટે પ્રવૃત્તિ કરી, કારણ કે ત્યાં કૂવાઓ હોય છે. તેઓ બાલક એટલે અજાણ હતા, અને જાણનારાઓ ઉપવનમાં પ્રવેશ કરી શકતા નથી, તેથી જલ શોધતાં તેઓએ કૂવામાં 'અદ્ભુત' એટલે વિચિત્ર પ્રાણી જોયું. સર્વ લોકથી તે જૂદા પ્રકારનું હોવાથી તે અદ્ભુત(પ્રાણી)નું વર્ણન કરે છે. આથી એમ જણાવેલું છે કે પહેલાં કરેલો ધર્મ ભગવદીઓના રમતના સ્થાનમાં સાધનરૂપ થાય છે[1],

૨-૨. જૂઓ સ્કંધ ૧૧ અધ્યાય પહેલો.

૩. 'સત્યભામાનો' જોઈએ. જૂઓ ઉત્તરાર્ધ અધ્યાય ૧૨ શ્લોક ૧૦.

૧. ભગવદીઓના રમતના સ્થાનમાં પ્રવેશ કરવાનું સાધન બને છે. નૃગે કરેલ બધા ધર્મથી તે માત્ર અહિં ગરોળાના રૂપથી પ્રવેશ કરી શક્યો. તેટલામાં જ તેના બધાએ ધર્મનો ક્ષય થયો, એવો અર્થ જણાય છે.

કારણ કે બધાએ (નૃગના) ધર્મનો આટલામાં જ ક્ષય થાય છે. ૨.

**કૃકલાસં ગિરિનિભં વીક્ષ્ય વિસ્મિતમાનસાઃ ।।**
**તસ્ય ચોદ્ધરણે યત્નં ચક્રુસ્તે કૃપયાન્વિતાઃ ।।૩।।**

પર્વત જેવડો ગરોળો જોઈને મનમાં વિસ્મય પામેલા તેઓ દયાળુ થયા, (અને) તેને બહાર કાઢવાનો પ્રયત્ન પણ કર્યો. ૩.

'ગરોળો' એ અમુક (પ્રાણીની) જાત છે. તે ઘણા ભાગે નાનો હોય છે. તેનું પર્વત જેવડા હોવાપણું આશ્ચર્યકારક હતું. પછી તેઓ(કુમારો)ને જોઈને તેણે ઉપર ચઢવાની ઈચ્છા કરી, પરંતુ ચઢી શક્યો નહિ. અડધા સ્થાને (કૂવે) આવી, વારંવાર પડતો હતો. પછી તેના અદૃષ્ટને લીધે હણવા યોગ્ય (ગરોળાના) દેહ ઉપર પણ (કુમારોને) દયા આવી. તેથી તેઓએ (તેને) બહાર કાઢવા (કરેલો) પ્રયત્ન ઉત્તરાર્ધથી કહે છે. 'ચ' શબ્દ 'પણ'ના અર્થમાં યોજાએલો છે. 'ગરોળાને પણ...' એ શ્રુતિમાં તે પ્રમાણે કહેલું હોવાથી, વાસ્તવિક રીતે તો તે હણવા યોગ્ય જ હતો. પછી (પોતાના) હાથમાંથી પડી ગએલાને તેને ઘણાએ દયાથી દુઃખી થએલા (કુમારો)એ નીચે (કૂવામાં) ઉતરીને... ૩.

**ચર્મભિસ્તાન્તવૈઃ પાશૈર્બદ્ધ્વા પતિતમર્ભકાઃ।।**
**નાશક્નુવન્સમુદ્ધર્તું કૃષ્ણાયાચખ્યુરુત્સુકાઃ।।૪।।**

પડી ગએલા (તે)ને ચામડાથી અને સૂતરના બંધનોથી બાંધીને બાલકો બહાર કાઢી શક્યા નહિ. ઉલટવાળા (તેઓ)એ શ્રીકૃષ્ણને કહ્યું. ૪.

'ચામડાથી' એટલે ચામડા ઉપર તેને નાખીને, આસપાસ સૂતરના બંધનો બાંધીને, સર્વ બાજુએ ઉભા રહીને તેને બહાર કાઢવા પ્રયત્ન કર્યો, છતાં પણ તે અલૌકિક હોવાથી તેને બહાર કાઢી શક્યા નહિ. 'અલૌકિક વિષયમાં ભગવાન જ સાધન છે' એમ માનીને તેઓએ શ્રીકૃષ્ણને કહ્યું. જો કે વધારે સાધનોથી તેને બહાર કાઢવો જોઈતો હતો, છતાં પણ ઉલટવાળા થઈ તેઓએ શ્રીકૃષ્ણને જ કહ્યું. 'ઔત્સુક્યં' 'ઉત્સુકપણું' એટલે વિવેક સહન ન કરે તેવી મનની ઉલટ. ૪.

પછી ભગવાને (ગરોળાની) યોનિમાંથી જ તેનો ઉદ્ધાર કર્યો એમ નીચેના શ્લોકથી (આરંભી બે શ્લોકોથી) કહે છે :

**તત્ર ગત્વારવિન્દાક્ષો ભગવાન્વિશ્વભાવનઃ ।।**
**વીક્ષ્યોજ્જહાર વામેન તં કરેણ સ લીલયા ।।૫।।**

કમલ જેવા નયનવાળા, વિશ્વને આનંદ કરાવનાર ભગવાને ત્યાં જઈને, (તેને) જોઈને, તેમણે ડાબા કરથી તેને સ્હેલાઈથી બહાર કાઢ્યો. ૫.

દૃષ્ટિથી દુઃખ હરનારા, સર્વ શક્તિવાળા ભગવાન્ વિશ્વને પણ આનંદ

કરાવનારા હોવાથી, ઉદ્ધાર કરનારનું રૂપ ધારણ કરી અવતરેલા હોવાથી, તેનો પણ તે ઉદ્ધાર કરે તે યોગ્ય જ છે. 'જોઈને' એટલે આના કર્મનો ભોગ પૂરો થયો છે એમ જાણીને 'બહાર કાઢ્યો' એમ (તેનો) ઉદ્ધાર કહેલો છે. (ભગવાનની) લીલા અને ઘણી જ શક્તિ જણાવવા માટે 'ડાબા કરથી' શબ્દો યોજેલ છે. ડાબો કર દૈત્યોનું હિત કરનારો[1] છે. જમણો દેવોનું (હિત કરનારો છે). તેથી દેવનો પક્ષપાત કરનારાથી તેનો ઉદ્ધાર (થાય તેમ) ન હતું એમ સૂચવેલું છે. પોતાને (તેનો ઉદ્ધાર કરવાનું) કારણ ન હોવા છતાં પણ જેમ બીજી લીલા કોઈ પ્રસંગે ધર્મથી વિરુદ્ધ કરે તેમ (આ પણ ધર્મથી વિરૂદ્ધ લીલા કરી.) ૫.

પછી જે થયું તે નીચેના શ્લોકમાં કહે છે :

**સ ઉત્તમશ્લોકકરાભિમૃષ્ટો વિહાય સદ્યઃ કૃકલાસરૂપમ્ ।।**
**સંતપ્તચામીકરચારુવર્ણઃ સ્વર્ગ્યદ્ભુતાલંકરણામ્બરસ્રક્ ।।૬।।**

ઉત્તમ કીર્તિવાળાના કરથી સ્પર્શાએલો તે તરત જ ગરોળાનો દેહ તજી સારી રીતે તપેલા સુવર્ણના જેવા રંગવાળો અને સ્વર્ગમાં રહેનારાઓના અદ્‌ભુત આભરણ વસ્ત્ર અને માલાવાળો (થયો). ૬.

કરથી સ્પર્શાએલો થતાં, ભગવાનના સ્પર્શને લીધે ગરોળાનો દેહ પ્રાપ્ત થવાનાં કારણરૂપ દોષ દૂર થતાં, (તે દેહ નભવાનો) આધાર ન રહેતાં તે શરીર પડ્યું, ત્યારે તેણે સ્વર્ગનો ઉપભોગ કરવા યોગ્ય બીજું શરીર પ્રાપ્ત કર્યું, તેથી ઉત્તરાર્ધથી તેનું વર્ણન કરે છે. ફરી ફરીને તપાવેલા સુવર્ણના જેવા રંગવાળો. આને સ્વર્ગ પ્રાપ્ત થએલ છે તેથી સ્વર્ગના સંબંધવાળો, અથવા સ્વર્ગમાં રહેનારાઓને માટે પણ અદ્‌ભુત આભરણો, વસ્ત્રો અને માલાઓ હતી જેના ઉપર તેવો તે થયો, એટલે હતો*; કારણ કે 'હોવું' 'થવું' એ ધાતુઓ સર્વત્ર યોજાય છે. ૬.

પછી (બાલકોને આનું) સ્વરૂપ જણાવીને (આને) મોકલી દેવો એવો નિશ્ચય કરીને, (અને ભગવાન્ તેનું સ્વરૂપ) પોતાની મેળે કહે તો વિશ્વાસ આવે નહિ, તેથી તેની મારફત જ જણાવવા નીચેના શ્લોકમાં તેનું વૃત્તાંત પૂછે છે :

**પપ્રચ્છ વિદ્વાનપિ તન્નિદાનં જનેષુ વિખ્યાપયિતું મુકુન્દઃ ।।**
**કસ્ત્વં મહાભાગ વરેણ્યરૂપો દેવોત્તમં ત્વાં ગણયામિ નૂનમ્ ।।૭।।**

તેનું કારણ જાણતા હોવા છતાં લોકોને જણાવવા માટે મુકુંદે પૂછ્યું કે હે મહાભાગ્યવાળા ! ઉત્તમ દેહવાળો તું કોણ છે ? હું તને ખરેખર દેવોમાં ઉત્તમ ગણું છું. ૭.

---

૧. ગરોળો આસુર હોવાથી ડાબા કરથી જ તેનો ઉદ્ધાર કર્યો એવો ભાવ છે. (લે)

*.આ ફલિત અર્થ કહેલો છે કે તે આવા દેહવાળો થયો. (લે)

જાણીને (જાણતા હોઈએ ત્યારે) પ્રશ્ન કરવો ન જોઈએ તેથી, સર્વનો સામાન્ય નિરોધ કરવા ભગવાન્ અયોગ્ય કાર્ય પણ કરે છે એમ જણાવવા, 'જાણતા હોવા છતાં' એમ કહેલું છે. અહિં પ્રમેય (ભગવાન)ના સંબંધમાં વેદની આજ્ઞાનો અધિકાર ચાલતો નથી. તેથી વેદની કોઈ પણ આજ્ઞા અથવા મના ભગવાનને લાગુ પડતી નથી. વચન (પ્રશ્ન)નું પ્રયોજન પણ 'લોકોને જણાવવા માટે' શબ્દોથી કહેલું છે. તેનું (તેણે કરેલું) દાન લોકોને જણાવવું જોઈએ. બીજા પ્રકારે (જણાવવામાં આવે તો), 'જાહેર કરવાથી ધર્મનો ક્ષય થાય છે' તે નિયમ પ્રમાણે તેના ધર્મનો ક્ષય થાય, પરંતુ ભગવાન્ પ્રશ્ન કરે ત્યારે કહેવું જ જોઈએ.

આ (પ્રશ્ન) પણ શા માટે (કર્યો)? એવી શંકા થાય, તેથી 'મુકુંદ' શબ્દ યોજેલ છે. ભવિષ્યમાં (તેને) મોક્ષ આપવાનો છે, અને તે કીર્તિવાળાને જ (પ્રાપ્ત) થાય છે. તેથી (તેની) કીર્તિ જણાવવા અથવા (તેનો) નિરાધ કરવા (પ્રશ્ન કરેલો છે), કારણ કે ઘણી કીર્તિવાળાની (ભગવાન્ સિવાય) બીજામાં પ્રવૃત્તિ થતી નથી, અને (ભગવાન્) નિરોધ (કર્યા) પછી જ મુક્તિ(આપવા)ની લીલા કરે છે.

'હે મહાભાગ્યવાળા ! તું કોણ છે?' શબ્દોથી પ્રશ્ન કહે છે. ભાગ્ય ધર્મનું ઉત્તમ તેજ છે. તે સર્વ સ્થલે ઉપકાર કરે છે. મોટું ભાગ્ય છે જેનું, એવું 'હે મહા-ભાગ્યવાળા' એ સંબોધન છે. (તેથી) એમ જણાવેલું છે કે એકાએક આવી સ્થિતિ થવામાં (થવાનું કારણ) તારું સુકૃત છે. 'ઉત્તમ દેહવાળો' વિશેષણથી (એમ જણાવેલું છે કે) આ દેહ કુદરતી નથી, તેથી એમ જણાય છે કે (તે પ્રાપ્ત થવાનું કારણ) તારું કાંઈક ઉત્તમ કર્મ છે. તેમ ન હોય તો[1] ન પૂછાએલ પોતે કરેલ ધર્મ (નૃગ) કેમ કહે?

'(સુકૃત) કહેવામાં આવશે તો સ્વર્ગ (પ્રાપ્ત) થશે નહિ' એવી શંકા દૂર કરવા 'હું ખરાખર તને દેવોમાં ઉત્તમ ગણું છું' શબ્દો યોજેલા છે. દેવોને સ્વર્ગ અપાએલું છે, તેઓ પૈકી પણ તું ઉત્તમમાં છો, તેમાં પણ હું તારી ગણના કરું છું. (તેથી તું તેવો જ છે), કારણ કે મારી ગણતરી કોઈ પણ ખોટી પાડે નહિ. ૭.

(તારો) દોષ પણ કહે, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**દશામિમાં વા કતમેન કર્મણા સંપ્રાપિતો હ્યતદર્હઃ સુભદ્ર ।।**
**આત્માનમાખ્યાહિ વિવિત્સતાં નો યન્મન્યસે ચેત્ક્ષમમત્ર વક્તુમ્ ।।૮।।**

હે ઘણા ભલા (પુરુષ) ! કયા કર્મને લીધે તને આ દશા સારી રીતે પ્રાપ્ત

૧.'તેમ ન હોય તો' એટલે 'ઉત્તમ દેહવાળા' શબ્દનો અભિપ્રાય ઉત્તમ કર્મ સંબંધી પ્રશ્ન કરવાનો ન હોય તો. (લે)

થઈ? તું તેને યોગ્ય નથી. તું તે અહિં અમને કહેવાને યોગ્ય માનતો હોય તો અમો જાણવા ઈચ્છનારને તું (તારું) સ્વરૂપ કહે. ૮.

જેનાથી ગરોળાનો દેહ (પ્રાપ્ત) થાય તેવું હલકું કર્મ ઉત્તમ (પુરુષે કરેલું હોવા)નું સંભવતું નથી. તેથી ઉત્તમ કર્મ જ એટલે અમુક પ્રકાર પ્રાપ્ત કરેલું કાંઈક સત્કર્મ જ (ગરોળાનો દેહ પ્રાપ્ત થવાનું કારણ) હશે. તેથી તે પ્રકાર સાંભળવા માટે 'કયા (કર્મને લીધે)' એવો પ્રશ્ન (કરેલો) છે. (તે કર્મે આવી દશા) સારી રીતે પ્રાપ્ત કરાવી, તેથી એમ સૂચવેલું છે કે (નૃગ) ત્યાં (કૂવામાં) ઘણા સમય સુધી રહેલો છે.

'હલકાં (કર્મો)માં પણ ઉત્તમ સુખ ઉત્પન્ન કરનારાં કર્મો થાય છે, અને ઉત્તમ (કર્મો)માં પણ હલકી સ્થિતિ કરાવનારાં (કર્મો) થાય છે. તેથી પ્રશ્ન નકામો છે' એવી શંકા થાય, તેથી 'તું તેને યોગ્ય નથી' શબ્દો યોજેલા છે.

'દૈવની ગતિથી ઉત્તમપણું (હમણા પ્રાપ્ત થયું)' એમ કહેવામાં આવે, તેથી 'હે ઘણા ભલા (પુરુષ)!' એમ કહેલું છે. કારણ કે ઘણા ભલાને ભલું સ્વાભાવિક છે, ખરાબ જ કોઈક પ્રસંગે થનારું હોય છે. વળી પહેલાં પ્રાપ્ત થએલું (તારું) સ્વરૂપ કહે. 'જાણવા ઈચ્છનારને' શબ્દથી (એમ સૂચવેલું છે કે) તારા મુખથી (તે) સાંભળવાની અમારી ઈચ્છા છે, પરંતુ પોતાની મેળે (જાણવાની ઈચ્છા) નથી.

લૌકિક નિયમ પ્રમાણે (ભગવાનના) માહાત્મ્યનું જ્ઞાન ન હોય ત્યારે સંકોચને લીધે તે કહે નહિ[૧], તેથી 'તું તે અહિં અમને કહેવાને યોગ્ય માનતો હોય તો' એમ કહેલું છે. 'નઃ' અમારે સાંભળવાને તું (તે) યોગ્ય માનતો હોય, યોગ્ય હોય તો પણ અહિં પાંચ (માણસો)ની સમક્ષ કહેવાને યોગ્ય માનતો હોય, તો કહે, એવો ભાવ છે. ૮.

ભગવાનનું સ્વરૂપ જાણીને, પુણ્યને લીધે લોકની પેઠે (ભગવાન્) બોલેલા[૧] છે એમ પણ જાણીને, ભગવાનની આજ્ઞા પ્રમાણે વર્તવા તેણે પોતાનો વૃત્તાંત કહ્યો એમ (શુક) નીચેના શ્લોકમાં કહે છેઃ

॥ શ્રીશુક ઉવાચ ॥

**ઇતિ સ્મ રાજા સંપૃષ્ટઃ કૃષ્ણેનાનન્તમૂર્તિના ॥**
**માધવં પ્રણિપત્યાહ કિરીટેનાર્કવર્ચસા ॥૯॥**

---

૧.નૃગને ભગવાનનાં માહાત્મ્યનું જ્ઞાન ન હોય તો 'નવ પદાર્થો સર્વ પ્રકારે છૂપા રાખવા યોગ્ય છે' એ લૌકિક નિયમને લીધે પોતાનું દુષ્કર્મ જણાવતાં તેને સંકોચ થાય, તેથી તે કહે નહિ, પણ જો તેને ભગવાનના માહાત્મ્યનું જ્ઞાન હોય તો 'ભગવાન્ પાસે કહેવામાં દાસને શું સંકોચ?' એમ જાણી તે કહે, એવો ભાવ છે. (લે)

ખરે! અનંત મૂર્તિવાળા શ્રીકૃષ્ણે એ પ્રમાણે પ્રશ્ન કરેલા રાજાએ સૂર્ય જેવા તેજસ્વી મુકુટથી માધવને પ્રણામ કરીને (નીચે પ્રમાણે) કહ્યું. ૯.

'ખરે!' શબ્દ પ્રસિદ્ધિ જણાવે છે. પ્રશ્ન ક્લેશવાળું કર્મ[૨] હોવાથી, પોતાનો દોષ દૂર કરવા (શુક) પ્રમાણ તરીકે પ્રસિદ્ધિ કહે છે. પરિક્ષિતની પણ[૩] શંકા દૂર થાય તે માટે 'રાજાએ' શબ્દ યોજેલ છે[૪]. સદાનંદ સાથે અથવા ભક્તોનું હિત કરનાર સાથે સંભાષણ (કરવા)થી પણ સુખ થાય છે, એમ 'શ્રીકૃષ્ણે' (શબ્દથી સૂચવેલું છે.) અનંત મૂર્તિઓ છે જેમની તે 'અનંત મૂર્તિવાળા.' તે(નૃગ)ની પાસે (ભગવાને પોતાનું) સ્વરૂપ સંપૂર્ણ રીતે પ્રકટ કરેલું નથી, તેની પાસે તેટલા (અનંત મૂર્તિવાળા સ્વરૂપ)થી જ પ્રકટ થયા, અથવા પહેલાનાં બે પ્રકરણોમાં જૂદી મૂર્તિ હતી અને આ પ્રકરણમાં જૂદી મૂર્તિ છે[૫] એમ જણાવવા અનંત મૂર્તિવાળા હોવાનું (કહેલું છે). પછી ભગવાનના દર્શન કરીને, (તે) લક્ષ્મીનું ધામ[૬] હોવાથી ભગવાન જ છે એમ જાણીને, માધવને પ્રણામ કરીને, સૂર્ય જેવા તેજસ્વી મુકુટથી જણાતા (નૃગે), ભગવાનનાં ચરણારવિંદ પણ દર્શાવતાં, ભક્તો બ્રાહ્મણોનો અપરાધ કરે નહિ તે માટે 'મોટો (પુરુષ) પણ આવી રીતે (ગરોળો) થાય છે' એમ તેઓને સમજાવતાં, (પોતાનો વૃત્તાંત કહ્યો). ૯.

પોતાનો વૃત્તાંત નીચેના શ્લોકથી આરંભી સોળ શ્લોકથી કહે છે :

।। નૃગ ઉવાચ।।

**નૃગો નામ નરેન્દ્રોઽહમિક્ષ્વાકુતનયઃ પ્રભો ।।**
**દાનિષ્વાખ્યાયમાનેષુ યદિ તે કર્ણમસ્પૃશમ્ ।।૧૦।।**

---

૧.ભગવાન્ લોકની પેઠે બોલે છે એટલે પ્રશ્ન કરે છે, તે મારો વૃત્તાંત બીજાઓને પણ જણાવવા કરે છે, એમ પણ તેણે જાણ્યું એવો અર્થ છે. (લે)

૨.પ્રશ્ન મર્મ ખુલ્લો કરનારો હોવાથી ક્લેશવાળું કર્મ છે. તેવાં કર્મનો સમાધિમાં અનુભવ થતો નથી, તેથી પ્રમાણ વિનાની વાત કહેવાનો શુક ઉપર દોષ આવે. તે દૂર થાય તે માટે શુકે પ્રમાણ તરીકે પ્રસિદ્ધિ કહી એવો અર્થ છે. (લે)

૩.પ્રસિદ્ધિ જણાવી પોતાનો દોષ દૂર કર્યો, અને રાજાની શંકા પણ દૂર કરી, એમ જણાવવા 'પણ' શબ્દ યોજેલ છે. (લે)

૪. આવો દાની પણ ગરોળો કેમ થયો એવી રાજાને શંકા થાય, તે દૂર કરવા 'રાજાએ' શબ્દ યોજેલો છે. જેમ રાજ્યના મદને લીધે તેં બ્રાહ્મણનો અપરાધ કર્યો, તેમ રાજ્યના મદને લીધે તે પણ ગરોળો થયો, એવો ભાવ છે. (લે)

૫. તામસ પ્રકરણમાં વાસુદેવ મૂર્તિ (લીલા કરનાર) હતી, રાજસ પ્રકરણમાં પ્રદ્યુમ્ન મૂર્તિ હતી, અને આ પ્રકરણમાં અનિરુદ્ધ મૂર્તિ છે, એવો અર્થ છે. (લે)

૬.આ 'માધવ' શબ્દનો અર્થ કહેલો છે.

હે પ્રભો! હું ઈક્ષ્વાકુનો પુત્ર, દાનીઓનાં નામ લેવાતાં જો આપના કાને આવેલ હું તો નૃગ નામનો પ્રસિદ્ધ રાજા છું. ૧૦.

ઈક્ષ્વાકુનો પુત્ર નૃગ પહેલાં પણ પ્રસિદ્ધ થએલ (ઈક્ષ્વાકુના) એક સો (પુત્રો)માં વિકુક્ષિ, નિમિ અને દંડક પછી આજ પ્રસિદ્ધ થએલો. 'હે પ્રભો!' એ સંબોધન પ્રભુના સ્થાનમાં ખોટું બોલાતું નથી એમ જણાવે છે.

'જેનાથી તું જાણવામાં આવે તેવી તારી કઈ પ્રસિદ્ધિ?' એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધ કહેલ છે. 'દાનીઓ' એટલે દાન કરનારાઓ, પરંતુ ઉદાર દાન આપનારા નહિ, કારણ કે દાનીને શાસ્ત્રની આજ્ઞાની આવશ્યકતા હોય છે, દાન આપનારાને તો (તેવી આવશ્યકતા) હોતી નથી. જો હું આપના કાને આવેલ હોઉં તો હું પ્રસિદ્ધ (થએલ). ૧૦.

'રાજા' એમ, 'નૃગ' એમ, 'દાની' એમ 'નૄન્ (નૃ)' માણસો પાસે તે કીર્તિ દ્વારા 'ગચ્છતિ (ગ)' પહોંચતો હતો, તેથી પ્રસિદ્ધિનાં કારણ તરીકે કીર્તિનાં શ્રવણ પછી થએલું સાધારણ જ્ઞાન કહીને, નીચેના શ્લોકમાં અસાધારણ પ્રકારથી (ભગવાનને થતું) જ્ઞાન જણાવે છેઃ

**કિં નુ તેઽવિદિતં નાથ સર્વભૂતાત્મસાક્ષિણઃ ।।**
**કાલેનાવ્યાહતદૃશો વક્ષ્યેઽથાપિ તવાજ્ઞયા ।।૧૧।।**

હે નાથ! સર્વ પ્રાણીઓનાં અંતઃકરણના સાક્ષી અને કાલથી જેમની દૃષ્ટિનો નાશ થતો નથી તેવા આપને શું અજાણેલું હોય? છતાં પણ આપની આજ્ઞાથી કહું છું. ૧૧.

'હે નાથ!' આ (સંબોધન)થી એમ કહેલું છે કે (મારો) ઉદ્ધાર આપે અવશ્ય કરવાનો જ હતો. 'આપને શું અજાણેલું હોય? પરંતુ બધુંએ (આપે) જાણેલું છે' તેવા અનુમાનના અર્થમાં 'નુ' શબ્દ યોજાએલો છે તે (આપે બધું જાણેલું હોવા)નું કારણ 'સર્વ પ્રાણીઓના અંતઃકરણના સાક્ષી' શબ્દથી કહેલું છે.

'કાલનો પડદો આવતાં જીવ પોતે અનુભવેલું પણ ભૂલી જાય છે. તેમ ભગવાનનું પણ હોવાથી (મને) તે(તારા સ્વરૂપ)નું જ્ઞાન કેવી રીતે હોય?' એવી શંકા થાય, તેથી 'કાલથી જેમની દૃષ્ટિનો નાશ થતો નથી તેવા' એ વિશેષણ યોજેલું છે. તેથી (આપને) જ્ઞાન (થાય તે) માટે કહેવું ન જોઈએ. (આપને) જણાવવાનું પ્રયોજન ન હોવાથી (કહેવું ન જોઈએ), છતાં પણ આપની આજ્ઞા (હોવા)થી હું કહીશ, કારણ કે તેમ ન કરું તો આજ્ઞાનું ઉલ્લંઘન થાય. ૧૧.

પહેલાં[1] નીચેના શ્લોકમાં પોતાનું દાની(હોવા)પણું કહે છે :

૧. 'પહેલાં' એટલે 'દોષ જણાવ્યા પહેલાં' (લે)

**યાવત્યઃ સિકતા ભૂમેર્યાવત્યો દિવિ તારકાઃ ।।**
**યાવત્યો વર્ષધારાશ્ચ તાવતીરદદં સ્મ ગાઃ ।।૧૨।।**

પૃથ્વીનાં જેટલાં રજકણો છે. આકાશમાં જેટલા તારાઓ છે અને જેટલી વૃષ્ટિની ધારાઓ છે તેટલી ગાયો મેં (દાનમાં) આપેલી. ૧૨.

તામસ રજકણો, સાત્ત્વિક તારાઓ અને રાજસ વૃષ્ટિની ધારાઓનાં દૃષ્ટાંત આપેલાં છે. (તે) ત્રણે અસંખ્યાત છે, એટલે ત્રણે પ્રકારની અસંખ્યાત ગાયો દાનમાં આપેલી. મેં આપેલી. 'સ્મ' શબ્દથી (તેનું) પ્રમાણ કહેલું છે. (રજકણ વિગેરેના) સરખી સંખ્યા કહેવાની ઈચ્છા હોત, તો તે સંખ્યા જ કહેત. પરાર્ધથી વધારે સંખ્યા પણ નથી. તેથી અસંખ્યાત દાનનાં અને ત્રણ પ્રકારનાં દાનનાં દૃષ્ટાંતો કહેલાં છે. વળી ત્રણ પ્રકારનાં દાન (કરવા)નું પ્રયોજન કહેલું છે[૨] કારણ કે ભૂમિના રજકણો (દેહનું) ઉપાદાન થએલા છે, તારાઓ (દેહને) પ્રકાશ કરનારા છે (અને) વૃષ્ટિની ધારાઓ (દેહનું) પોષણ કરનારી છે. 'અસંખ્યાત' શબ્દ યોજેલ હોય તો થોડું જાણવામાં આવે, તેથી એ પ્રમાણે કહેલું છે. ૧૨.

નીચેના શ્લોકમાં (દાનમાં આપેલી) ગાયોના ગુણો કહે છે :

**પયસ્વિનીસ્તરુણીઃ શીલરૂપગુણોપપન્નાઃ કપિલા હેમશૃઙ્ગીઃ ।।**
**ન્યાયાર્જિતા રૂપ્યખુરાઃ સવત્સા દુકૂલમાલાભરણા દદાવહમ્ ।।૧૩।।**

દૂધવાળી, જૂવાન, શીલ, રૂપ અને ગુણવાળી, કપિલ, સુવર્ણના શીંગડાં-વાળી, ન્યાયથી પ્રાપ્ત કરેલી, રૂપાની ખરીઓવાળી, વાછરડાંવાળી, વસ્ત્રોવાળી, માલાવાળી, અને આભૂષણવાળી ગાયો મેં દાનમાં આપેલી. ૧૩.

(૧) ઘણાં દૂધવાળી (૨) જૂવાન એટલે પેલવેતરી (૩) 'શીલવાળી' એટલે મારકણી નહિ (અને) શાંત સ્વભાવવાળી (૪) 'રૂપાળી' એટલે સુંદર. આ ગુણો-વાળી અથવા (૫) ગુણો એટલે સારાં વાછડાવાળી. દૂધમાં ઘણું ઘી હોવું અને આરોગ્ય ઉત્પન્ન કરનાર હોવું (એ) ગુણો છે (૬) ઘણું કરી ઘણી ગાયો કપિલ (રંગની) હતી, કારણ કે દાન (કરવા)માં કપિલ ઉત્તમ છે. (૭) 'હેમશૃઙ્ગીઃ' સુવર્ણ ના શીંગડાંવાળી (૮) ન્યાયથી પ્રાપ્ત કરેલી, પરંતુ (કોઈને) દુઃખ દઈને પ્રાપ્ત કરેલી નહિ (૯) રૂપાની ખરીઓવાળી (અને) (૧૦) વાછરડાંવાળી એમ શાસ્ત્રની આજ્ઞાનું ઉત્તમપણું જણાવવા કહેલું છે. તેથી શાસ્ત્રમાં આજ્ઞા કરેલી તેવી જ (ગાયો) આપેલી, પરંતુ આજ્ઞા નહિ કરેલી આપેલી નહિ, તેમ જ આજ્ઞા નહિ કરેલ પ્રકારથી પણ આપેલી નહિ. જેઓના ઉપર વસ્ત્રોની માલાઓ હતી તેવી

૨. અહિં 'નિબંધમાં' શબ્દ અધ્યાહાર છે. ત્યાં ૩-૧૦-૩૧૭થી એમ જણાવેલું છે કે સત્ત્વ વિગેરે ગુણવાળું દાન દોષવાળું છે, અને ગુણ વિનાનું દાન દોષ વિનાનું છે. (લે)

અથવા જેમના ઉપર (૧૧) વસ્ત્રો (૧૨) માલાઓ અને (૧૩) આભરણો હતાં તેવી (મેં દાનમાં આપેલી). એ પ્રમાણે (ગાયોના) તેર ગુણો કહ્યા. ૧૩.

દાન લેનાર વિના બધું (દાન) નકામું (થાય), તેથી નીચેના શ્લોકમાં દાન લેનારના ગુણો કહે છે :

**સ્વલઙ્કૃતેભ્યો ગુણશીલવદ્ભ્યઃ સીદત્કુટુમ્બેભ્ય ઋતવ્રતેભ્યઃ।।**
**તપઃશ્રુતબ્રહ્મવદાન્યસદ્ભ્યઃ પ્રાદાં યુવભ્યો દ્વિજપુઙ્ગવેભ્યઃ ।।૧૪।।**

મેં સારી રીતે શણગારેલા, ગુણ અને શીલવાળા, દુઃખી કુટુંબવાળા, સત્ય વ્રતવાળા, તપ શ્રુત વેદ નિર્લોભતા અને ભલમનસાઈવાળા જૂવાન ઉત્તમ બ્રાહ્મણોને (ગાયો) આપેલી. ૧૪.

(૧)શણગારવું વિગેરે શાસ્ત્રની આજ્ઞાનો પ્રકાર છે (૨)ગુણ એટલે વિદ્યા (૩)શીલ એટલે આચાર અને સારો સ્વભાવ (૪)'દુઃખી કુટુંબવાળા' વિશેષણથી (એમ જણાવેલું છે કે) લીધેલા (દાન)નો તરત સારો ઉપયોગ કરશે. (૫)'સત્ય છે વ્રત જેઓનું' એ વિશેષણથી બ્રાહ્મણનો કુદરતી ધર્મ કહેલો છે (૬)તપ એટલે ઈન્દ્રિયોને વશ રાખવી તે (૭)(શ્રુત એટલે) વિધિ પ્રમાણે ભણતર (૮)બ્રહ્મ એટલે વેદ અને વેદનો અર્થ (૯)'વદાન્યત્વમ્' નિર્લોભતા (૧૦)ભલમનસાઈ એટલે પરોપકાર. તપ, શ્રુત અને બ્રહ્મ છે જેમના તે 'તપઃશ્રુતબ્રહ્માણઃ'(તપ, શ્રુત અને વેદવાળા) તેઓ અને તે 'વદાન્યાશ્ચ' નિર્લોભી 'સન્તશ્ચ' અને ભલમનસાઈ વાળા[1] (૧૧)જૂવાન અને (૧૨)ઉત્તમ બ્રાહ્મણો એમ બ્રાહ્મણોના બાર ગુણો કહ્યા. ૧૪.

નીચેના શ્લોકમાં (તેણે કરેલાં) બીજાં દાનો પણ કહે છે :

**ગોભૂહિરણ્યાયતનાશ્વહસ્તિનઃ કન્યાઃ સદાસીસ્તિલરૂપ્યશય્યાઃ ।।**
**વાસાંસિ રત્નાનિ પરિચ્છદાન્રથાનિષ્ટં ચ યજ્ઞૈશ્ચરિતં ચ પૂર્તૈઃ ।।૧૫।।**

ગાયો, ભૂમિ, સુવર્ણ, ઘર, ઘોડા, હાથી, દાસીઓ સાથે કન્યાઓ, તલ, રૂપું, શય્યાઓ, વસ્ત્રો, રત્નો, રાચરચીલાં અને રથો (આપેલા) યજ્ઞો કરેલા અને કૂવા વિસામા બંધાવેલા. ૧૫.

એક સાથે ઘણા(બ્રાહ્મણો)ને અસંખ્યાત ગાયો (આપેલી), પછી (૧) જૂદી ગાયો પણ આપેલી. (૨) નિર્વાહ કરાવનારી ભૂમિ (૩) સુવર્ણનું સ્વતંત્ર દાન (૪) 'આયતનદાનં' ઘરનું દાન (૫) ઘોડાઓનું દાન અને (૬) હાથીઓનું દાન (૭) કન્યાઓનું દાન એટલે પોષણ કરેલી કન્યાઓનું બ્રાહ્મણને દાન. પરણેલી ક્ષત્રીય (સ્ત્રી)માં ઉત્પન્ન થએલી (પોતાની) ઔરસ રાજકન્યાનો તો

૧.આ સમાસ કેમ છોડવો તે જણાવેલું છે.

સ્વયંવર જ (થએલો). (૮) 'દાસીઓ સહિત' એટલે દાયજા સાથે અથવા કન્યાઓનાં દાન સાથે દાસીઓનું દાન કરેલું છે. (૯) 'તલ' એટલે તલના પર્વતો. (૧૦) 'રૂપું' એટલે રૂપાનો પર્વત. (૧૧) 'શય્યાઓ' એટલે સુખશય્યાઓનું દાન (૧૨) જાત જાતનાં વસ્ત્રો. (૧૩) તેવી જ રીતે નવ (પ્રકારનાં) રત્નો. (૧૪) ઝબ્બા ઓશીકાં વિગેરે રાચરચીલું અને (૧૫) હાથીઓના રથો, ઘોડાઓના રથો વિગેરે પ્રકારના 'રથો'. એવી રીતે પંદર (પદાર્થના) દાનો હું સદા કરતો. પછી યજ્ઞો કરતો. અગ્નિષ્ટોમ વિગેરે (યજ્ઞો) કરેલા; અને કૂવા વિસામા બંધાવેલા; ધર્મ (પ્રાપ્ત કરવા) માટે કૂવા વિસામા વિગેરે બંધાવેલા. ૧૫.

હું એ પ્રમાણે ધર્મમાં આસક્ત રહેતો ત્યારે કર્મને લીધે કોઈ એક અધર્મ થયો એમ નીચેના શ્લોકમાં કહે છે :

**કસ્યચિદ્દ્વિજમુખ્યસ્ય ભ્રષ્ટા ગૌર્મમ ગોધને ।।**
**સંપૃક્તાડવિદુષા સા ચ મયા દત્તા દ્વિજાતયે ।।૧૬।।**

કોઈ એક ઉત્તમ બ્રાહ્મણની જતી રહેલી ગાય મારા ગાયોના ધણમાં ભળી ગઈ, અને (તે) નહિ જાણનાર મેં તેને બ્રાહ્મણને (દાનમાં) આપી. ૧૬.

દાનમાં આસક્ત ચિત્તવાળો આ રાજા પોતાના સેવકો પાસેથી હરકોઈ રીતે (દાનમાં) આપવાના (પદાર્થો) લેતો, પરંતુ (તે સંબંધી કાંઈ) તપાસ કરતો નહિ. એવી રીતે વારંવાર ગફલત થતાં કોઈ એક સમયે ભગવાને તેનું પાપ પ્રકટ કર્યું. જેણે રાજા પાસેથી દાન લીધેલું નહિ તેવો કોઈ એક બ્રાહ્મણ પોતાના ધર્મમાં આસ્થાવાળો હતો. તેની પોતાના સ્થાનમાંથી જતી રહેલી ગાય રાજાની ગાયોમાં ભળી ગઈ. પછી તે(ગાય)ને દોષ રહિત લક્ષણોવાળી જાણીને, તે(નૃગ)ના અધિકારીઓ દાન (અપાવવા) માટે લઈ આવ્યા. ૧૬.

**તાં નીયમાનાં તત્સ્વામી દૃષ્ટ્વોવાચ મમેતિ તમ્ ।।**
**મમેતિ પ્રતિસંગૃહ્ય નૃગો મે દત્તવાનિતિ ।।૧૭।।**

તેને લઈ જવામાં આવતી જોઈને, તે(લઈ જનાર)ને તેના સ્વામીએ 'મારી છે' એમ કહ્યું. (લઈ જનારને કહ્યું) કે 'દાનમાં લઈને મારી (થએલી) છે કારણ કે નૃગે મને આપેલી છે'. ૧૭.

પછી દાન લેનાર તેનું દાન લઈ જતો હતો ત્યારે રસ્તામાં મળેલા તેના સ્વામીએ કહ્યું કે 'આ ગાય મારી છે કેમ લઈ જાય છે?' પછી દાનમાં લેનારે કહ્યું કે 'નૃગે મને આપી તેથી મારી છે.' 'દાનમાં લઈને' શબ્દથી (એમ કહેલું છે કે) દાનને લીધે (મારી છે. એમ કહી) દાનમાં લીધાની કથા પણ કહીને, તેણે કહ્યું કે નૃગે (મને) આપી છે. ૧૭.

**વિપ્રૌ વિવદમાનૌ મામૂચતુઃ સ્વાર્થસાધકૌ ।।**
**ભવાન્દાતાપહર્તેતિ તચ્છ્રુત્વા મેઽભવદ્ભ્રમઃ ।।૧૮।।**

સ્વાર્થ સાધનારા બે બ્રાહ્મણોએ મને કહ્યુંઃ- 'તમે દાન કરનારા છો' 'તમે લઈ લેનારા છો.' તે સાંભળીને મને મુંઝવણ થઈ. ૧૮.

એવી રીતે વિવાદ કરનારા બંને બ્રાહ્મણો સ્વાર્થ સાધનારા હતા. (૧) (રાજાએ કરેલું) દાન પુરું થાય તો ગાય (દાન લેનાર) બ્રાહ્મણની થાય, અને (બીજા) બ્રાહ્મણની ગાય લઈ લેવાનો દોષ રાજાને લાગે. (૨) (રાજાએ) દાન (કર્યાનું) અને બ્રાહ્મણે (તે) લીધાનું થએલ ન હોય તો ગાય (મૂલ માલિક) બ્રાહ્મણની જ રહે અને (રાજાએ તે) લઈ લીધાનો દોષ ન થાય.

(૧) લોકની દૃષ્ટિ પ્રમાણે ધર્મ (દાન) સંપૂર્ણ થાય ત્યારે (દાન) લીધાનું અને દાન થએલાં (ગણાતાં) હોવાથી દાન લેનારની જ ગાય થાય, પરંતુ (રાજાએ તે) લઈ લેવાના દોષનું પ્રાયશ્ચિત્ત કરવું જોઈએ. (૨) જો ધર્મ અલૌકિક અને દેવ વિગેરેની દેખરેખવાળો હોય તો અધર્મથી પ્રાપ્ત થએલ દ્રવ્યથી ધર્મ થતો નહિ હોવાથી, (રાજાએ કરેલું) દાન સિદ્ધ થતું નથી, (એટલે તે બ્રાહ્મણે) લીધાનું જરાએ સિદ્ધ થતું નથી. તેથી (બ્રાહ્મણોને) વિવાદ થયો. જો રાજા આ વિષયમાં દાન (કર્યા)નો સ્વીકાર કરે તો (દાન) લીધાનું સિદ્ધ થશે, અને (રાજાએ બીજાની ગાય) લઈ લીધાનું સિદ્ધ થશે. લઈ લેવાનો દોષ વધારે હોવાથી જો રાજા (દાન કર્યાનો) સ્વીકાર ન કરે તો (ગાયનો મૂલ) સ્વામી ગાય લઈ જશે. એવી રીતે સ્વાર્થ સાધનારા બે બ્રાહ્મણોએ એકબીજા સાથે વાદ કરતાં મને રાજાને કહ્યું, 'તમે દાન કરનારા છો' એવું એનું વચન હતું. તેનો (મેં) સ્વીકાર કરતાં 'તમે લઈ લેનારા છો' એમ બીજાએ કહ્યું. વસ્તુતઃ (એમ) જણાય છે કે પ્રયોજનપૂર્વક (બનેલો) વૃત્તાંત (તેઓએ) કહ્યો. પછી લઈ લીધાનું વચન સાંભળીને મને મુંઝવણ થઈ. જેથી મેં એકની પ્રાર્થના ન કરી. એક દોષ નક્કી થાય ત્યારે સ્વીકારેલું તેનું પ્રાયશ્ચિત્ત પોતાની ઈચ્છાથી કરેલું થાય (ગણાય). ૧૮.

**અનુનીતાવુભૌ વિપ્રૌ ધર્મકૃચ્છ્રં ગતેન મે ।।**
**ગવાં લક્ષં પ્રકૃષ્ટાનાં દાસ્યામ્યેષા પ્રદીયતામ્ ।।૧૯।।**

ધર્મના સંકટમાં આવેલા મેં બંને બ્રાહ્મણોને આજીજી કરી કેઃ- 'એક લાખ ઉત્તમ ગાયો આપીશ. આ (ગાય) આપો...'. ૧૯.

ગુંચવણને લીધે એક (દોષનો સ્વીકાર) ન કરતાં, પોતાની મેળે તત્ત્વનું જ્ઞાન નહિ હોવાથી (અને) બીજાને પૂછેલ નહિ હોવાથી, બંને (દોષના વિષય)ને સંદેહમાં રાખીને, જેમ કરવાથી આ વિષયમાં બીજું પણ લઈ લેવાનું (કાર્ય) થાય

તેમ '(આ) ગાય મૂકી દો' એવી બંનેને આજીજી કરી.

'બંનેને આજીજી કરવાનું શું પ્રયોજન?' એવી શંકા થાય, તેથી 'ધર્મની સંકડામણમાં આવેલા મેં' એમ કહેલું છે. તે (નૃગ)ના હૃદયમાં ધર્મ સંબંધી નિર્ણય થએલો નહિ હોવાથી તેને 'કૃચ્છ્રં' સંકટ જ પ્રાપ્ત થયું. 'આ (ગાય)ના બદલામાં એક લાખ ગાયો આપીશ, આ આપો' એવી આજીજી કરેલી છે. ૧૯.

'બદલો લેવામાં દોષ થાય, તેથી (તે) કેમ લેવાય?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**ભવન્તાવનુગૃહ્ણીતાં કિઙ્કરસ્યાવિજાનતઃ ।।**
**સમુદ્ધરત માં કૃચ્છ્રાત્પતન્તં નિરયેઽશુચૌ ।।૨૦।।**

'નહિ જાણનાર સેવક ઉપર આપ બે કૃપા કરો. સંકટને લીધે અપવિત્ર હલકી યોનિમાં પડતા મને ઉગારો'. ૨૦.

મારા ઉપરની કૃપાને લીધે (શાસ્ત્રમાં) મના કરેલું (કાર્ય) પણ કરવું જોઈએ, એવો ભાવ છે. 'સેવક' શબ્દથી કૃપા કરવાનું કારણ કહેલું છે.

'છતાં પણ અપરાધી સજા કરવા યોગ્ય જ છે' એવી શંકા થાય, તેથી 'નહિ જાણનાર' વિશેષણ યોજેલું છે, કારણ કે આ વૃત્તાંત મેં બરાબર જાણેલ ન હતો. ન જાણેલ હોય ત્યારે થોડું જ પ્રાયશ્ચિત્ત કરવું જોઈએ, તેથી તે તમારી કૃપાથી પણ થશે. તેને ભવિષ્યમાં થનાર વૃત્તાંત પોતાની મેળે જ સ્ફુર્યો, તેથી તે અટકાવવા ઉત્તરાર્ધથી પ્રાર્થના કરે છે કે ''આ ધર્મના વિષયમાં નિર્ણયનું જ્ઞાન નહિ હોવાથી થએલ 'કૃચ્છ્રાત્' સંકટને લીધે અપવિત્ર હલકી યોનિમાં પડતાં મને ઉગારો''.

હલકી યોનિ 'નિરયઃ' નરક છે. અને તેથી જો બળદ અથવા ઘોડો થવાય તો હલકી યોનિ હોવા છતાં પણ અપવિત્રપણું ન હોય, અને જો કૂતરાની અથવા ભૂંડની યોનિમાં પડાય તો તેવું (અપવિત્રપણું) થાય એવો અર્થ છે. તામિસ્ર વિગેરેમાં તો હલકી સ્થિતિ થતી નથી, પરંતુ નરક જ ભોગવવાનું હોય છે. યોનિનો સંબંધ થાય ત્યારે તો અભિમાન ઉત્પન્ન થતું હોવાથી હલકી સ્થિતિ થાય છે, અથવા 'અપવિત્ર' શબ્દથી લોકમાં પ્રસિદ્ધ મલ વિગેરે દેખાડીને દયા ઉત્પન્ન કરાવે છે. ૨૦.

**નાહં પ્રતીચ્છે વૈ રાજન્નિત્યુક્ત્વા સ્વામ્યપાક્રમત્ ।।**
**નાન્યદ્ગવામપ્યયુતમિચ્છામીત્યપરો યયૌ ।।૨૧।।**

'હે રાજન્! હું લઈશ નહિ જ' એમ કહીને ગાયનો સ્વામી જતો રહ્યો. 'હું બીજી દશ હજાર ગાયો પણ (લેવા) ઈચ્છતો નથી' એમ કહી બીજો ગયો. ૨૧.

તે પૈકી મુખ્ય (ગાયનો) સ્વામી હતો (૧) ગાય વેચવાની શાસ્ત્રમાં મના હોવાથી, 'બીજી એક લાખ, દશ હજાર વિગેરે સંખ્યા જેટલી ગાયોનું ધણ હું લઈશ નહિ' એમ કહી, (ગાયને) મુકી દેવાની રાજાની પ્રાર્થનાના અંશનો સ્વીકાર કરી, (ગાયનો) સ્વામી જતો રહ્યો, કારણ કે (બ્રાહ્મણને દીધેલું) દાન રાજાએ મંજુર રાખેલ હોવાથી, પહેલાં (રાજાએ) દાન આપેલ તે જ સિદ્ધ થયું. (૨) 'માણસે[1] એક ગાય દાનમાં લેવી જોઈએ, કોઈ સમયે બીજી લેવી જોઈએ નહિ. જો તે (દાનમાં લીધેલી ગાય) વેચવામાં આવે તો (વેચનાર) રૌરવ નરકમાં જાય છે' વાક્ય પ્રમાણે વેચાણ કરવાના અથવા (બીજી ગાયો) દાનમાં લેવાના મતમાં દોષ (થવાનું શાસ્ત્રમાં) જણાવેલ હોવાથી, 'આના બદલામાં દશ હજાર ગાયો પણ હું લઈશ નહિ' એમ (કહીને) બીજો (બ્રાહ્મણ) પણ ગયો. 'હે રાજન્!' એ સંબોધનથી એમ સૂચવેલું છે કે બદલો ગણવામાં ન આવે તો પણ બક્ષિસ લેવાની પણ શાસ્ત્રમાં મના છે. (વળી) એમ સૂચવેલું છે કે રાજાની આજ્ઞા માનવી જોઈએ, (તેણે કરેલું) નુકશાન પણ સહન કરવું જોઈએ. એક લાખ ગાયો રાજા આપી શકે, પરંતુ બ્રાહ્મણ આપી ન શકે. બ્રાહ્મણની મોટામાં મોટી હદ દશ હજારની છે. કારણ કે 'એક હજાર પશુઓ પ્રાપ્ત કરવા કોણ યોગ્ય છે?' એમ (કહેલ) હોવાથી એક હજાર જ મોટી (સંખ્યા) છે, (અને) દશ પુત્રોના ભાગ પાડતાં એક એક એક હજાર આપવામાં આવે તો પણ દશ હજાર પુરતી છે. 'દશ હજાર ગાય પણ' શબ્દોથી (બ્રાહ્મણે રાખવા) યોગ્ય દશ હજાર (ગાય) લેવાની ના પાડે છે. જો કે તેટલા (દશ હજાર ગાય લેવા)થી કામના પૂરી થાય, છતાં પણ (તે રાજાની માલિકીની હોવાનું) ચોક્કસ નહિ હોવાથી જ્યારે એક ગાયના વિષે પણ આ સંદેહ થાય છે ત્યારે બીજું (બીજી ગાયોનું) શું કહેવું? એવો ભાવ છે. ૨૧.

એ પ્રમાણે બે બ્રાહ્મણો ખીજાતાં, યમે (રાજાને) સજા કરવા પ્રવૃત્તિ કરી; અને ગાય લઈ લેવામાં આવતાં (તેનું) આયુષ્ય ક્ષીણ થયું. તેથી યમના દૂતો તે જ સમયે આવ્યા એમ નીચેના શ્લોકમાં કહે છે :

**એતસ્મિન્નન્તરે યામ્યૈર્દૂર્નીતો યમક્ષયમ્ ।।**
**યમેન પૃષ્ટસ્તત્રાહં દેવદેવ જગત્પતે ।।૨૨।।**

આટલા સમયમાં યમના દૂતો (મને) યમના સ્થાને લઈ ગયા. હે દેવોના દેવ! હે જગતના પતિ! ત્યાં મને યમે (નીચે પ્રમાણે) પૂછ્યું. ૨૨.

જેટલા સમયમાં આ (નૃગ) (હલકી યોનિમાં ન પડવાનો) ઉપાય કરે

---

૧.રા. તેલીવાલાએ પ્રસિદ્ધ કરેલ ગ્રંથમાં 'ન' પાઠ છે. વૃંદાવન પ્રેસવાળી પ્રતમાં 'ના' પાઠ છે. 'વ્રા' પાઠ હોવો જોઈએ.

તેની મધ્યે જ યમના દૂતો (તેને) યમના સ્થાને લઈ ગયા. આથી એમ કહેલું છે કે બલથી લઈ ગયા, કારણ કે તેણે બલને લીધે ગાય લઈ લીધેલી. તે (નૃગે) પણ બ્રાહ્મણો પાસે ખુલાસો કરેલો હોવાથી, (અને) તેઓએ પોતાની ઈચ્છાથી જ તેને તજી દીધેલો હોવાથી, આ(નૃગ)ને પણ પોતાની ઈચ્છાથી જ નરકનો ભોગ (પ્રાપ્ત થશે એમ) જણાવવામાં આવે છે. તેથી જ (તેની) ઈચ્છા (જાણવા) માટે જ યમે તેને પૂછ્યું. આ વૃત્તાંત સાચો છે એમ જણાવવા, 'હે દેવોના દેવ!' અને 'હે જગતના પતિ!' એવાં સંબોધન કરેલાં છે, અથવા 'ધર્મ કરનારને યમની સજા કેમ થઈ?' એવી શંકા દૂર કરવા (એ સંબોધનો કરેલાં છે) પ્રમેયનું બલ હોય તે વિષયમાં વેદના કરતાં ભગવાનની આજ્ઞા પ્રમાણે વર્તવું જોઈએ. એમ જણાવતાં (એ સંબોધનથી) એમ સૂચવેલું છે કે 'આપ દેવના પણ દેવ હોવાથી યમે આપની આજ્ઞા પ્રમાણે વર્તવું જોઈએ; તેથી આપની ઈચ્છાથી આ પ્રમાણે થએલ હોવાથી આ વિષયમાં કાંઈ ઉપાય કરવાનો નથી'. ૨૨

**પૂર્વં ત્વમશુભં ભુઙ્ક્ષે ઉતાહો નૃપતે શુભમ્ ।।**
**નાન્તં દાનસ્ય ધર્મસ્ય યશો લોકશ્ચ ભાસ્વરઃ ।।૨૩।।**

હે રાજા! પહેલાં તું અશુભનો ભોગ કરીશ કે શુભનો? દાન અને ધર્મનો અંત હોતો નથી. યશ અને ઉજ્જવળ લોક (તેનાથી પ્રાપ્ત થાય છે). ૨૩.

હે રાજા! પહેલાં તું અશુભ (કર્મનાં ફલ)નો ભોગ કરીશ? વર્તમાનકાલનું બીજા પુરુષનું એકવચન છે. પ્રશ્નના અર્થમાં વર્તમાનકાલ યોજેલ છે અશુભ (કર્મ) થોડું હોવાથી (શુભથી) છૂટું પડી શકે નહિ તેવું હોય તેમ, અશુભ (ભોગવાઈ) જશે એવા અભિપ્રાયથી પહેલાં અશુભ (કર્મનાં ફલના) ભોગ સંબંધી પ્રશ્ન કરેલો છે. અથવા અંતે દુઃખ થાય તેવાં (કાર્ય)ની શાસ્ત્રમાં મના હોવાથી (પહેલાં તેવો પ્રશ્ન કરેલો છે), અથવા દુઃખના અનુભવની કોણ દરકાર કરે? તેથી હે રાજા, પહેલાં જ તું દુઃખ ભોગવ, (એવા હેતુથી પહેલાં એવો પ્રશ્ન કરેલો છે).

તે સંબંધમાં ઉત્તરાર્ધથી પોતાનો વિચાર દર્શાવે છે. દાનનો અને બીજા ધર્મનો પણ અંત હોતો નથી. ગોદાનના પ્રસંગમાં એમ સાંભળવામાં આવેલું છે કે ''કોઈ એક ધૂતારા ઠગે મરવા પડેલી ગાય ઠગીને બ્રાહ્મણને આપી મુક્તિ પ્રાપ્ત કરી, કારણ કે નગરના મધ્યના રહેઠાણમાં મરેલી ગાય કઢાવવાની અશક્તિવાળા તેણે છલથી કોઈ એક બ્રાહ્મણને બોલાવી, તેને (તેનું) દાન કર્યું. પછી ત્રણ મુહૂર્ત પછી ગાય મરી ગઈ. પછી દાન લેનાર બ્રાહ્મણે પોતાનું વસ્ત્ર ચાંડાલોને આપી તે ગાય (ગામની) બહાર કઢાવી એ પ્રમાણે ઠગીને પછી (તે ઠગ) મરણ પામ્યો. ચિત્રગુપ્તે તેનો વૃત્તાંત કહ્યો ત્યારે યમે પૂછેલા (તે ઠગે) 'પહેલાં હું શુભ કર્મનું ફલ

ભોગવીશ' એમ કહ્યું. તેવા કર્મનું ફલ એવું છે કે જ્યાં સુધી ગાય (દાન પછી) જીવે ત્યાં સુધી કામધેનુ તેને વશ રહે. તે પ્રમાણે યમે (તેને) કહ્યું કે ત્રણ મુહૂર્ત સુધી કામધેનુ તને વશ રહેશે. (તેણે) કામધેનુને કહ્યું કે 'વાઘ થઈને યમને ખાઈ જા'. પછી વાઘ પાસે આવતાં યમ ભય પામીને જ્યાં (વિષ્ણુ) ભગવાન્ બ્રહ્મા વિગેરેથી વીંટાએલા બેઠા હતા ત્યાં વિષ્ણુને શરણ ગયો. પછી કામધેનુથી લઈ જવાતો આ (ઠગ) પણ ત્યાં ગયો, અને વિષ્ણુનો સાક્ષાત્કાર થતાં મુક્ત થયો''.

જ્યારે છલથી કરેલા ગોદાનનું પણ અનંત ફલ હોય છે, ત્યારે વિધિ પ્રમાણે દાન કરેલ (ગાય)નું તો કહેવું જ શું? બીજા પણ આવા ધર્મનું અનંત ફલ છે, કારણ કે (૧) આ લોકમાં યશ અને (૨) પરલોકમાં સ્વર્ગ એમ ફલ બે પ્રકારનું છે. 'યશ અને ઉજ્જવલ લોક' શબ્દોથી તે બંને કહેલાં છે. અનંત યશ અને અનંત લોક (ફલ પ્રાપ્ત થાય છે) એવો (અર્થ છે). તામસ ધર્મ (કરેલ) હોય ત્યારે પણ તેવું (ફલ) થાય છે તેથી, (અને) તે પાતાલમાં ભોગ કરવા યોગ્ય હોવાથી તે આનું ફલ નથી એમ જણાવવા 'ઉજ્જવલ' વિશેષણ યોજેલું છે. દાનના ફલરૂપ (પ્રાપ્ત થતો) યશ અનંત છે (અને) લોક પણ અનંત છે એવો (અર્થ છે) 'લોકસ્ય ભાસ્વતઃ' એવો પાઠ હોય ત્યારે અનંત અને શુભ યશ (ફલ તરીકે કહેલ) હોવાથી, પહેલાં કહેલાનો (ફલમાં) સમાવેશ કરવો. 'તું ભોગ કરીશ' અને 'હું ભોગવીશ' (શ્લોક ૨૪) એવી ઉજ્જવલ લોકની અથવા ઉત્તમ દેહની ક્રિયા કહેલી છે. ૨૩.

**પૂર્વં દેવાશુભં ભુઞ્જ ઈતિ પ્રાહ પતેતિ સઃ ।।**
**તાવદ્દ્રાક્ષમાત્માનં કૃકલાસં પતન્પ્રભો ।।૨૪।।**

'હે દેવ! હું પહેલા અશુભ ભોગવીશ' એમ (મેં કહ્યું). તેણે 'પડ' એમ કહ્યું. હે પ્રભો! તેટલામાં મેં પોતાને ગરોળો (થઈ) પડતાં જોયો. ૨૪.

'ગોદાનના સંબંધવાળું અશુભ કર્મનું ફલ હું પહેલાં ભોગવીશ' એમ મેં કહ્યું. 'હે દેવ!' એવું સંબોધન તે યમને ઓળખતો હતો એમ જણાવવા કરેલું. 'કહ્યું' એમ અર્થથી જાણી લેવાનું છે. એમ થતાં, તે યમે કહ્યું કે 'પડ', કારણ કે બ્રાહ્મણને થએલું નુકશાન જોઈને તે ક્રોધવાળો થયો હતો. 'પડ' એટલે તે લોકમાંથી ભૂલોક ઉપર પડ, કારણ કે હલકી યોનિરૂપ નરક ભૂમિ ઉપર જ છે, બીજે નથી.

પછી જે થયું તે ઉત્તરાર્ધથી કહે છે કર્મને લીધે[1] દેહનો સંબંધ થવાથી, પડતાં મેં પોતાને ગરોળો (થએલો) જોયો. (નવા દેહનું) ગ્રહણ અને (જૂનાના)

---

૧. અહિં 'યોગ, જ્ઞાન અને ભક્તિ વિનાના' શબ્દ અધ્યાહાર છે. આ દેહનો સંબંધ કર્મનો ભોગ કરવા માટે જ હતો, એવો અર્થ છે. (લે)

ત્યાગનું જ્ઞાન, યોગ જ્ઞાન અને ભક્તિ હોય ત્યારે જ થાય[2] છે. તેને દેહ સાથે એકપણું હોવાથી, 'આત્માનમ્' 'પોતાને' શબ્દ યોજેલ છે. બહિર્મુખ હોવાથી[3] આને કર્મનો દોષ થયો જ. 'હે પ્રભો !' એ સંબોધનથી એમ સૂચવેલું છે કે તેવાં કર્મમાંથી છોડાવવા આપ જ શક્તિવાળા છો. જીવને (દેહના) ગ્રહણ અને ત્યાગનું જ્ઞાન જ હોતું નથી, તો પછી (તેમાંથી) છોડાવવાનું (જ્ઞાન) તો ક્યાંથી જ હોય? આવા વિષયમાં ભગવાન જ શરણ (શરણ જવા યોગ્ય) છે (એવો અર્થ છે). ૨૪.

'આવા (બ્રાહ્મણની ગાય લઈ લેનારા) તને પહેલાના વૃત્તાંતનું જ્ઞાન કેવી રીતે રહ્યું?' એવો પ્રશ્ન કરવામાં આવે તેથી નીચેનો શ્લોક કહે છે :

**બ્રહ્મણ્યસ્ય વદાન્યસ્ય તવ દાસસ્ય કેશવ ॥**
**સ્મૃતિર્નાદ્યાપિ વિધ્વસ્તા ભવત્સંદર્શનાર્થિનઃ ॥૨૫॥**

હે કેશવ! બ્રાહ્મણોના ભક્ત, દાન કરનાર, આપના દાસ અને આપનાં દર્શનની ઈચ્છા રાખનારની સ્મૃતિનો હજી સુધી પણ નાશ થએલો નથી. ૨૫.

(૧) કારણ કે સ્મૃતિનો નાશ કરનારું અજ્ઞાન[1] છે, અને તે જ્ઞાનની સાથે રહેનારું (રહી શકતું) નથી. તેથી બ્રહ્મના ધર્મો 'બ્રહ્મણ્યસ્ય' બ્રાહ્મણના ભક્તનું હિત કરતા હોવાથી (તેની) સ્મૃતિનો નાશ થતો નથી. (૨) ક્ષત્રિય પણ સર્વ દેવમય હોવાથી બ્રાહ્મણ અને ક્ષત્રિય સરખા હોવાથી, 'દુઃખમાંથી રક્ષણ કરે (તે ક્ષત્રિય)' એવો તેનો ગુણ હોવાથી, અને દાન અને ઐશ્વર્ય (ક્ષત્રિયના સ્વભાવથી થએલાં કર્મ છે)' એ વાક્ય પ્રમાણે. દાન કરનારમાં ક્ષત્રિયપણું રહેલું હોવાથી, અને 'તેથી બ્રહ્મ અને ક્ષત્ર અન્યોઅન્ય પોતાનું રક્ષણ કરે છે' એ વાક્ય પ્રમાણે, જ્ઞાન ક્ષત્રિયનું પણ રક્ષણ કરે છે. (૩) ભગવાન્ સર્વના ઈશ્વર હોવાથી તેમને આધીન રહેનાર જ્ઞાન વિગેરે ભગવાનના ભક્ત ઉપર પોતાથી થતો ઉપકાર કરે છે, તેથી (એ) ત્રણે પ્રકારને લીધે (મારી) સ્મૃતિનો હજી નાશ થએલો નથી. '(વિષયોનું) ધ્યાન ધરનારનું મન વિષયોથી ખેંચાઈ ગૂંચાય છે' વિગેરેથી જ્ઞાનના નાશનો એક પ્રકાર ચોથા (સ્કંધ)માં કહેલો છે. તે આ(સમય)થી પહેલાં થએલો નથી એમ 'હજી સુધી નાશ થએલો નથી' શબ્દોથી કહેલું છે. 'હે કેશવ!' એ સંબોધનથી એમ સૂચવેલું છે કે (ભગવાન્) ઉત્પત્તિ કરનાર (ક=બ્રહ્મા) અને પ્રલય કરનાર (ઈશ=શંકર)ને પણ મોક્ષ (વઃ=આનંદ =મોક્ષ) આપે છે. તેથી ભક્તને જ્ઞાન

---

૨. તેથી જ ત્રીજા સ્કંધમાં ગર્ભમાં રહેલ જીવની સ્તુતિમાં ભગવાનને શરણ જવાનું કહેલું છે (લે)

૩. 'આટલો (બધો) ધર્મ કરનારને દોષ કેમ લાગે?' એવી શંકા થાય તેથી આ કહેલું છે. (લે)

૧. 'અજ્ઞાન' એટલે 'વસ્તુના તત્ત્વનું અજ્ઞાન' એવો અર્થ છે. પોતાના (આચાર્યશ્રીના) મત પ્રમાણે અજ્ઞાન જૂદો પદાર્થ છે, (જ્ઞાનના) અભાવરૂપ નથી, તેથી એમ કહેલું છે. (લે)

આપવામાં (તેમને) શું શ્રમ હોય? વળી માયા વિગેરે જેટલા સ્મૃતિનો નાશ કરનારા છે તે બધા મારાથી ભય પામે છે એમ 'આપનાં દર્શનની ઈચ્છા રાખનારની' વિશેષણથી કહેલું છે. જે ભગવાનના ગુણોની ગણના કરે છે, તેને બીજા ધર્મો હેરાન કરતા નથી. ૨૫.

એ પ્રમાણે પોતાનું વૃત્તાંત કહીને, ભગવાનનું દર્શન સર્વ પ્રાણીઓને દુર્લભ છે (તે) મને કેમ અકસ્માત્ થયું એમ પોતાના ભાગ્યનું અભિનંદન કરતાં નીચેનો શ્લોક કહે છે :

**સ ત્વં કથં મમ વિભોઽક્ષિપથઃ પરાત્મા યોગેશ્વરૈઃ શ્રુતિદશામલદગ્વિભાવ્યઃ ।।**
**સાક્ષાદધોક્ષજ ઉરુવ્યસનાન્ધબુદ્ધેઃ સ્યાન્મેઽનુદશ્ય ઈહ યસ્ય ભવાપવર્ગઃ ।।૨૬।।**

હે શક્તિમાન! યોગેશ્વરોએ વેદોના જ્ઞાનથી શુદ્ધ થએલી દષ્ટિથી ચિંતન કરવા યોગ્ય, ઈન્દ્રિયોથી જેમનું જ્ઞાન થતું નથી તેવા તે આપ પરમાત્માનાં, ઘણાં દુઃખને લીધે અંધ થએલી દષ્ટિવાળા મને સાક્ષાત્ દર્શન કેમ થયાં? આ(દેહ)માં જેના ભવનો અંત છે તેવા મને (આપનાં) દર્શન થાય. ૨૬.

અથવા તેવા આપનાં દર્શન મને કેવી રીતે થયાં એવું આશ્ચર્ય દર્શાવે છે. આપ 'પરમાત્મા' આત્માની પણ 'પરઃ' અંદરના છો, તેમનાં દેહની પણ બહાર દર્શન કેવી રીતે થાય? એવી દર્શન થવામાં એક અયોગ્યતા કહી. વળી યોગેશ્વરોએ પણ (૧) યોગને અનુસરીને (અને) તેમાં પણ (૨) 'શ્રુતિદશા' વેદોએ દર્શાવેલા જ્ઞાનથી જ. પરંતુ વૈદિક પ્રકારથી નહિ (અને) (૩) તેમાં પણ શુદ્ધ થએલી દષ્ટિ છે જેની તેવાએ જ (આપ) ચિંતન કરવા યોગ્ય છો. ઉત્તમ (૧) સાધન (૨) પ્રમાણ અને (૩) અધિકાર જણાવેલા છે. તેઓ (તેવા સાધનવાળાઓ)ને પણ આપ આવી રીતે પ્રત્યક્ષ થતા નથી, પરંતુ તેઓએ પણ સારી રીતે 'ભાવ્યઃ' ચિંતન કરવા યોગ્ય જ છો તે (તેવા આપ)નાં મને સાક્ષાત્ દર્શન કેમ થયાં એ આશ્ચર્ય છે. આથી પ્રમાણના વિચાર પ્રમાણે (આપનાં) દર્શન થવાની અયોગ્યતા કહી. 'ઈન્દ્રિયોથી જેમનું જ્ઞાન નથી તેવા' વિશેષણથી પ્રમેયના વિચાર પ્રમાણે પણ દર્શનની અયોગ્યતા કહે છે. 'અંધઃ' હલકું છે થતું નથી 'અક્ષજં' ઈન્દ્રિયોથી થતું જ્ઞાન જેમનું તેવા એવો અર્થ છે. વળી પોતાનો દર્શન થાય તેવો અધિકાર પણ નથી એમ 'ઘણાં દુઃખને લીધે અંધ થએલી દષ્ટિવાળા' વિશેષણથી કહેલું છે. ઘણા દુઃખોને લીધે અંધ થએલી છે દષ્ટિ જેની તેવો (હું છું).

'કારણ વિના કાર્ય ઉત્પન્ન થવાનું નથી, તેથી તને ભગવાનનું દર્શન થવાનું કારણ અવશ્ય કહેવું (હોવું) જોઈએ' એમ કહેવામાં આવે, તેથી 'મને (આપનાં) દર્શન થાય' એમ કહેલું છે. હું જેના ભવનો અંત છે તેને (આપનાં) દર્શન થાય,

ઘણું કરીને કોઈ કારણથી મારો મોક્ષ થવાનું સંભવે છે, અને ભગવાનનાં દર્શન વિના મોક્ષ થતો નહિ હોવાથી, મોક્ષ કરાવનારાં સાધનો એ ફલ આપવા તૈયાર થતાં ભગવાનનાં દર્શન કરાવેલાં છે. તેમાં પણ મોક્ષ 'ઇહ' આ જન્મમાં જ થવાનો છે, કારણ કે છેલ્લા જન્મમાં જ ભગવાનનાં દર્શન થાય છે. ૨૬.

એ પ્રમાણે ભગવાનનું દર્શન દુર્લભ છે એમ સિદ્ધ કરીને, સ્વર્ગમાં જવા માટે ભગવાનની પ્રાર્થના કરવા નવ પ્રકારે ભગવાનનું સંબોધન કરે છેઃ

**દેવદેવ જગન્નાથ ગોવિન્દ પુરુષોત્તમ ।।**
**નારાયણ હૃષીકેશ પુણ્યશ્લોકાચ્યુતાવ્યય ।।૨૭।।**

હે દેવોના દેવ! જગતના નાથ! ગોવિંદ! પુરુષોત્તમ! નારાયણ! ઇન્દ્રિયોના ઈશ! પવિત્ર કીર્તિવાળા! અચ્યુત! હે અવિનાશી! ૨૭.

(૧)દેવ લોકમાં જવું હોય ત્યારે દેવોના પણ જે દેવ હોય તેમની આજ્ઞાથી જ જવાય, કારણ કે તે જ્યારે પોતાની (મનુષ્ય નૃગની) અંદર ક્રીડા કરે ત્યારે (તે) દેવ થાય (૨)ભગવાન્ જગતના નાથ હોવાથી તેમની આજ્ઞા અવશ્ય માગવી જોઈએ (૩)'ગોવિંદ' સત્પુરુષોના ઈન્દ્ર એ પ્રમાણે રાજસ તામસ સાત્ત્વિક ભાવથી ભગવાનનાં પ્રભુ તરીકે સંબોધન કર્યા. હવે સ્વર્ગમાં જવાની આજ્ઞા માગવા માટે ભગવાનને પ્રેરણા કરનાર તરીકે ત્રણ પ્રકારના પુરુષ કહે છે. (૪) 'પુરુષોત્તમ' એટલે પૂર્ણ પુરુષ. (૫)'નારાયણ' એ બીજા પુરુષ. (૬)ઈન્દ્રિયોના ઈશ એટલે અંતર્યામી (એ) ત્રીજા પુરુષ. 'અને વિષ્ણુના તો પુરુષ નામના ત્રણ રૂપો જાણ્યા' એ વાક્ય પ્રમાણે પુરુષના ત્રણ રૂપો કહેલાં છે આથી એમ જણાવેલું છે કે ભગવાનની પ્રેરણાથી (ગોદાનનાં ફલ) ભોગવવા જઉં છું તેથી મારો અપરાધ નથી.

'ત્યાં ગએલાને ભગવાનનું સ્મરણ થતું નહિ હોવાથી મોક્ષ થશે નહિ,' એવી શંકા થાય, તેથી ભગવાનના ગુણો સર્વ સ્થલે છે એમ જણાવતાં 'પવિત્ર કીર્તિવાળા, અચ્યુત, અવિનાશી' એ ત્રણ વિશેષણો કહે છે. (૭) પવિત્ર કીર્તિ છે જેમની તેવા (આપ છો). (આથી) એમ સૂચવેલું છે કે વિષયના સંબંધથી થતો દોષ કીર્તિના સ્વભાવને લીધે જ દૂર થાય છે. વિષયોમાં પણ કીર્તિ હોય છે (રહે છે) તેથી તે વિષયોથી વિરુદ્ધ નથી. તેથી (સ્વર્ગમાં પણ ભગવાનની) સેવા થવાનો સંભવ છે. (૮) ભગવાન્ સર્વ પ્રકારે અચ્યુત હોવાથી, (તેમની) કીર્તિ નિત્ય અને પૂર્ણ છે. તેથી (તે) મેળવવાના સાધનની જરુર નથી. (૯) નથી થતો નાશ જેમનાથી તે (અવિનાશી). તેથી બીજાનો પણ (ભગવાનને લીધે) નાશ થતો નથી એમ કહેલું છે, કારણ કે (ભગવાનની કીર્તિ) શ્રવણ કરનારને પણ અચ્યુત બનાવે છે. 'અવિદ્યમાનઃ' નથી 'વ્યયઃ' નાશ જેમનો એવો છઠ્ઠી વિભક્તિનો બહુવ્રીહિ

ગણવામાં આવે તો પણ દોષ નથી. ૨૭.

એ પ્રમાણે સ્વર્ગમાં જવાની સર્વ યોગ્યતા કહીને, નીચેના શ્લોકમાં (ત્યાં જવાની પરવાનગી માટે) પ્રાર્થના કરે છે :

**અનુજાનીહિ માં કૃષ્ણ યાન્તં દેવગતિં વિભો ।।**
**યત્ર ક્વાપિ સતશ્ચેતો ભૂયાન્મે ત્વત્પદાસ્પદમ્ ।।૨૮।।**

હે શ્રીકૃષ્ણ! હે સર્વશક્તિમાન! દેવના માર્ગે જનારને મને પરવાનગી આપો. ગમે ત્યાં રહેનારના મારા ચિત્તનું આપના ચરણમાં સ્થાન હો. ૨૮.

'મને' એટલે જરુરી પુણ્યના ફલના ભોગવાળાને. 'શ્રીકૃષ્ણ' એટલે સંપૂર્ણ રીતે સર્વ પ્રકારે મુક્તિ આપવાની શક્તિવાળા, કારણ કે વિષયનો સંબંધ હોય ત્યારે મુક્તિ આપવાની શક્તિ તેમનામાં નથી એવું નથી. તેવું ન હોત (વિષયના સંબંધવાળાને મુક્તિ આપવાની શક્તિ ન હોત), તો તેમનો ખાસ અવતાર થયો ન હોત 'દેવના માર્ગે જનારને' શબ્દથી જવાનું જરુરી હોવાનું કહેલું છે. સ્વર્ગ ઈચ્છેલું (ઈચ્છવા યોગ્ય) નહિ હોવાથી ત્યાં જવાની પરવાનગી મળશે નહિ એવી શંકા થાય, તેથી 'હે સર્વ શક્તિમાન!' એવું સંબોધન કરેલું છે. 'છતાં પણ વિષયોનો સંબંધ થતાં નાશ જરુર થવાનો' એવો ભય થતાં ઉત્તરાર્ધથી પ્રાર્થના કરે છે. ત્રણ પ્રકારના રહેઠાણ છે (૧)સુખ આપનારાં (૨)દુઃખ આપનારાં અને (૩)(સુખ તથા દુઃખ) બંને ન હોય તેવાં. (૨) દુઃખ હોય ત્યાં (ભગવાનનું સ્મરણ કરવાની) શક્તિ રહેતી નથી. (૧)સુખ હોય ત્યાં ભગવાન્ સિવાય બીજામાં આસક્તિ થાય છે. (૩)બંને ન હોય ત્યાં મોહ વિગેરે થાય છે તેથી બધાએ સ્થલોમાં ભગવાનનું સ્મરણ ન થવાનું સમાન છે. છતાં પણ (ભગવાનની) કૃપાથી જ સ્મરણ થતું હોવાથી (સ્મરણ માટે) અમુક સ્થાન હોવાની જરુર નહિ હોવાથી, હું ગમે ત્યાં (રહેતો) હોઊં તો પણ મારું ચિત્ત આપના બે ચરણો જ 'આસ્પદમ્' સ્થાન છે જેનું તેવો (હોઊં). તેમ થતાં ગમે ત્યાં જનારું હોવા છતાં મારું ચિત્ત આપના બે ચરણોમાં જ સ્થિર થશે તેથી કોઈ પણ ચિંતા (થશે) નહિ. ૨૮.

પછી (સ્વર્ગમાં) જતાં, નીચેના શ્લોકથી નમસ્કાર કરે છે :

**નમસ્તે સર્વભાવાય બ્રહ્મણેऽનન્તશક્તયે ।।**
**કૃષ્ણાય વાસુદેવાય યોગાનાં પતયે નમઃ ।।૨૯।।**

સર્વ પદાર્થરૂપ અનંત શક્તિવાળા આપ બ્રહ્મને નમસ્કાર છે. યોગોના પતિ વાસુદેવ શ્રીકૃષ્ણને નમસ્કાર છે. ૨૯.

ભગવાન્ છ ગુણવાળા હોવાથી, ધર્મી(ભગવાન)નું નિરૂપણ કરી, તેમનાં છ વિશેષણો કહે છે. (૧)'(ભગવાનને મૂકી) ભક્તે જવું યોગ્ય નથી' એવી શંકા

થાય, તેથી કહે છે કે આપ સર્વ પદાર્થરૂપ હોવાથી (સ્વર્ગમાં જવાથી) આપનો ત્યાગ થવાનો નથી. આથી (ભગવાન્) કાર્યરૂપ છે એમ કહ્યું. (૨)'બ્રહ્મ' શબ્દથી (ભગવાન્) કારણરૂપ હોવાનું કહે છે. (૩)'અનંત શક્તિવાળા' (તે) કારણ હોવાનું સિદ્ધ કરનાર પ્રકાર કહેલો છે.

એ પ્રમાણે ભગવાનને સાધન તરીકે ત્રણ રૂપવાળા જણાવીને ફલના સંબંધમાં પણ ત્રણરૂપવાળા કહે છે. (૪)'શ્રીકૃષ્ણ' સદાનંદ હોવાથી શુદ્ધ ફલરૂપ છે. (૫)વાસુદેવ મોક્ષરૂપ ફલ આપનાર છે. (૬)'યોગોના પતિ' શબ્દથી તેમનું મોક્ષરૂપ ફલ આપવાનું સામર્થ્ય કહેલું છે. સર્વત્ર (બધા વિશેષણોના સંબંધમાં નમસ્કાર) ચાલુ છે એમ જણાવવા આરંભમાં અને અંતે નમસ્કાર કહેલ છે. ૨૯.

(ભગવાને નમસ્કારના) અંગીકારથી જ પરવાનગી આપેલો તે સ્વર્ગના માર્ગે ગયો* એમ નીચેના શ્લોકમાં કહે છે:

।। શ્રીશુક ઉવાચ।।

**ઈત્યુક્ત્વા તં પરિક્રમ્ય પાદૌ સ્પૃષ્ટ્વા સ્વમૌલિના ।।**
**અનુજ્ઞાતો વિમાનાગ્ર્યમારુહત્પશ્યતાં નૃણામ્ ।।૩૦।।**

એમ કહીને તેમની પરિક્રમા કરીને, પોતાના મુકુટથી તેમના ચરણોનો સ્પર્શ કરીને પરવાનગી અપાએલો તે માણસોના દેખતાં ઉત્તમ વિમાનમાં બેઠો.૩૦

પ્રદક્ષિણા અને નમસ્કાર સર્વ કાર્ય પાર પડાવનારાં છે. પોતાના મુકુટથી ચરણનો સ્પર્શ (એમ) સૂચવનારો છે કે ભગવાનના ગુણો નિત્ય હોવાથી તેમના ચરણની છાયામાં જ સર્વ ભોગ થાય છે. તે જ સમયે દેવોએ લાવેલાં વિમાનમાં બેસીને લોકમાં ભગવાનનું માહાત્મ્ય પ્રસિદ્ધ કરતો, માણસોના દેખતાં જ (સ્વર્ગમાં) ગયો એવો અર્થ છે. ૩૦.

એવી રીતે નૃગની બ્રાહ્મણની અવગણનાને લીધે થએલી દુષ્ટ ગતિ અને ભગવદીયપણાંથી થએલી સારી ગતિ દર્શાવીને ભગવાન્ યાદવોનો નિરોધ કરવા માટે નીચેના શ્લોકથી અધ્યાય પૂરો થતાં સુધી તેઓને બ્રાહ્મણનાં ધન સાથે સંબંધ ન રાખવાનો ઉપદેશ કરે છે, કારણ કે સાત્ત્વિકો પ્રથમ ધર્મનો ઉપદેશ કરવા યોગ્ય[1] છે:

---

*. આનો ક્રમથી મોક્ષ થયો; તેથી સ્વર્ગ વિગેરે ભોગ ભોગવ્યા પછી મોક્ષ થયો એવો ભાવ છે. વિમાન બેસવાનું સ્વર્ગ જવા માટે થતું હોવાથી, સ્વર્ગમાં ગયો એવો જ તાત્પર્યાર્થ છે. તેથી જ 'ગયો, એવો અર્થ છે' શબ્દોથી, (સ્વર્ગમાં) ગયો તેને જ તાત્પર્યાર્થ કહેલો છે. વિમાનમાં બેઠો, એ વાચ્યાર્થ (મૂલ શ્લોકમાં કહેલો અર્થ) છે. (લે)

૧. ક્ષત્રિયો રાજસ છે. તેઓ પૈકી સાત્ત્વિક પરિજનને ઉપદેશ કરવો યોગ્ય છે, કારણકે આ સાત્ત્વિકો નું પ્રકરણ છે, તેથી પહેલાં 'પરિજન' અને પછી 'ક્ષત્રિયો' કહેલા છે, એવો અર્થ છે (લે)

કૃષ્ણઃ પરિજનં પ્રાહ ભગવાન્ દેવકીસુતઃ।।
બ્રહ્મણ્યદેવો ધર્માત્મા રાજન્યાનનુશિક્ષયન્।।૩૧।।

બ્રાહ્મણોનું હિત ઈચ્છનારા ધર્માત્મા દેવકીના પુત્ર ભગવાન્ શ્રીકૃષ્ણે ક્ષત્રિયોને બોધ આપતાં પરિજનને (નીચે પ્રમાણે કહ્યું.) ૩૧.

'પરિજન' એટલે પુત્ર પૌત્ર વિગેરે. 'ભગવાન્' શબ્દથી (એમ જણાવેલું છે કે) તેઓનું અનિષ્ટ બ્રાહ્મણોની અવગણનાથી જ થવાનું છે એવો ભવિષ્યમાં થનારો વૃત્તાંત તે જાણે છે. 'દેવકીના પુત્ર' શબ્દથી એમ જણાવેલું છે કે ભગવાન્ ભક્તો ઉપર કૃપા રાખનારા હોવાથી તેવા (બ્રાહ્મણોની અવગણના કરવાના) વિચારમાં તેમની સંમતિ નથી. વળી ભગવાન્ આવી રીતે ઉપદેશ થતાં તેઓ બ્રાહ્મણની અવગણના ન કરે. એમ 'બ્રાહ્મણોનું હિત ઈચ્છનારા' પણ છે. વળી (તે) 'ધર્માત્મા' છે એટલે તેમણે ધર્મનું સ્થાપન કરવાનું છે (તેથી એવો ઉપદેશ કરે છે) કારણ કે બ્રાહ્મણની એક પણ મિલ્કત આપણી મિલ્કત સાથે) ભળી જવાથી, બધાએ કરેલા ધર્મનો નાશ થાય છે. વળી ભગવાને પોતે પણ રાજાના વંશમાં પોતાનો પ્રાદુર્ભાવ કરવાની લીલા કરેલી છે, તેથી 'ધર્મ કરવો જોઈએ અને કરાવવો જોઈએ' એવો ઉપદેશ ક્ષત્રિયોને બોધ આપતાં અને ધર્મ(નું સ્થાપન થાય તે) માટે, નીચેના શ્લોકથી આરંભી બાર શ્લોકોથી કરે છે. ૩૧.

દુર્જરં બત બ્રહ્મસ્વં ભુક્તમગ્નેર્મનાગપિ ।।
તેજીયસોऽપિ કિમુત રાજ્ઞામીશ્વરમાનિનામ્ ।।૩૨।।

અરેરે ! થોડું પણ બ્રાહ્મણોનું ધન ખાધેલું હોય તો અગ્નિથી પણ પચતું નથી. તેજસ્વીથી પણ (પચતું નથી) તો પછી (પોતાને) ઈશ્વર માનનારા રાજાઓને તો ક્યાંથી જ પચે? ૩૨.

આરંભમાં સાત્ત્વિકોને ઉપદેશ કરતાં, 'બ્રાહ્મણોનું ધન લીધેલું હોય તે(દોષ) બીજા ધર્મથી મટાડવો' એવા મતનું ખંડન કરે છે. 'બત' 'અરેરે !' શબ્દ ખેદ દર્શાવવા યોજેલો છે. આથી એમ જણાય છે કે જો બાલકો સર્પની સમીપ જાય તો તે સમયે જેમ તેમના પિતા વિગેરે ખેદ દર્શાવે છે તેવી રીતે ભગવાન્ (આ વચનો) કહે છે. બ્રાહ્મણોનું ધન પોતાની મેળે અથવા બીજા ઉપાયોથી પચે નહિ તેવું 'દુર્જર' છે; કારણ કે બ્રહ્મ ક્ષયરહિત છે (અને બ્રાહ્મણોનું ધન) તેનું પણ 'સ્વમ્' એટલે અંતરંગ છે, તેથી (તે) ખાવામાં આવ્યું હોય તો દુર્જર (ન પચે તેવું) છે. આથી એમ કહેલું છે કે નહિ પચેલા અન્નની પેઠે તે મરણ કરાવનારું છે. જે પદાર્થમાં બ્રહ્મના જેવા બ્રાહ્મણોનું 'આ મારું' એવું અભિમાન છે, તે જણાઈ આવે તેવા પ્રકારે જ નૃગ(ના પ્રસંગમાં થયું તે)ની પેઠે ન પચી શકે તેવો હોય છે,

તેમ ન હોય[1] ત્યારે શાસ્ત્ર દ્વારા (ન પચી શકે તેવો જણાય છે), તેથી જણાય તેવા અને ન જણાય તેવા પ્રકારે ન પચે તેવો હોય છે. જે અગ્નિ ખાધેલાં બધાંએ પદાર્થોને ભસ્મ બનાવી દે છે તેણે પણ ખાધેલું (બ્રાહ્મણનું દ્રવ્ય) ન પચે તેવું જ રહે છે, પરંતુ ભસ્મ થતું નથી[2], એમ આ લોકમાં જ ન પચવાપણું જણાવેલું છે.

'' 'તેવી રીતે જ્ઞાનરૂપ અગ્નિ સર્વ કર્મોને ભસ્મ કરે છે' એ વાક્ય પ્રમાણે જ્ઞાનથી બ્રાહ્મણનું ધન પચશે'' એવી શંકા થાય, તેથી 'તેજસ્વીથી પણ' શબ્દો યોજેલ છે, ફલ આપવા તત્પર થએલું જ્ઞાન તેજ ઉત્પન્ન કરે છે, તે જેનામાં હોય તે તેજસ્વી. બ્રાહ્મણનું ધન તેનાથી પણ આશ્રયના વિરોધને લીધે ન પચાવી શકાય તેવું છે, કારણ કે જ્ઞાન પોતાના આશ્રયનો[3] તો પરાભવ કરતું નથી. જે બ્રાહ્મણોનું ધન બ્રાહ્મણથી પણ પચી શકે તેવું નથી, ત્યારે બ્રાહ્મણનું ધન રાજાઓથી ન પચાવી શકાય તેવું કેમ ન હોય? કારણ કે રાજાઓમાં પોતાથી બ્રહ્મપણું હોતું નથી અને તેઓ બ્રાહ્મણોનો આશ્રય કરનારા છે. વળી તેઓમાં પણ જેઓ પોતાને ઈશ્વર માનનારા છે, તેઓ પોતાના ક્ષત્રિય ધર્મનો ત્યાગ કરીને ભગવાનના ગુણ ઐશ્વર્યનું (પોતામાં) અભિમાન રાખે છે. તેથી બીજાના ધર્મ ઉપર આધાર રાખતા હોવાથી બ્રાહ્મણનું ધન (તેમનાથી) જરા પણ ન પચી શકે તેવું છે.૩૨.

એ પ્રમાણે (બ્રાહ્મણનું ધન) મરણ કરાવનારું છે એમ કહીને, તેવા બીજા પણ પદાર્થો છે (એમ કહેવામાં આવે) તેથી (બ્રાહ્મણના ધન સાથે બીજા કોઈને) સરખાવી શકાય તેમ નથી એમ કહેવા બીજા (પદાર્થ) તેવા નથી એમ નીચેના શ્લોકમાં કહે છે :

**નાહં હાલાહલં મન્યે વિષં યસ્ય પ્રતિક્રિયા ||**
**બ્રહ્મસ્વં હિ વિષં પ્રોક્તં નાસ્ય પ્રતિવિધિર્ભુવિ ||૩૩||**

હાલાહલ જેનો ઉપાય થઈ શકે છે તેને હું વિષ માનતો નથી. બ્રાહ્મણના ધનને વિષ કહેલું છે. કારણ કે આનો ભૂતલ ઉપર ઉપાય નથી. ૩૩.

સમુદ્રમાં ઉત્પન્ન થએલું મહાદેવે પીધેલું વિષ હાલાહલ છે. બધા વિષ હાલાહલ નથી. હાલાહલનો પણ મહાદેવે ભક્ષણ કર્યું એ ઉપાય જણાયો, તેથી તે વિષ જ નથી. જો કે 'એમ કહે છે કે વિષ વિષ નથી (પરંતુ) બ્રાહ્મણનું ધન વિષ

---

૧. 'તેમ ન હોય તો' એટલે વાસ્તવિક રીતે બ્રાહ્મણનું ધન હોવા છતાં, તેમાં બ્રાહ્મણને 'આ મારું છે' એવું અભિમાન ન હોય તો. (લે)

૨. પુરુષ અગ્નિ (જઠરાગ્નિ)ને લીધે ખાધેલું પચાવી શકે છે તે અગ્નિરૂપ સાધન પણ જ્યારે બ્રાહ્મણનું ધન પચાવી શકતું નથી ત્યારે તે ન પચી શકે તેવું છે એવો શ્લોકનો અર્થ છે. (લે)

3. જ્ઞાનનો આશ્રય બ્રહ્મ અથવા બ્રાહ્મણ. જ્ઞાન બ્રાહ્મણમાં રહેલું છે.

કહેવાય છે. વિષ એકલાને હણે છે, બ્રાહ્મણનું ધન પુત્ર પૌત્રને પણ હણે છે' એ બીજાં વાક્યમાં જૂદા પ્રકારથી (બ્રાહ્મણના ધનરૂપ વિષની) ક્રૂરતા વર્ણવેલી છે, છતાં પણ તેનો પણ સ્વીકાર ન થાય[1] તે માટે, (તેનો) ઉપાય જ નથી એમ કહે છે; કારણ કે બ્રાહ્મણનાં ધન(રૂપ વિષ)નો ઉપાય નથી. તેમ ન હોત (બ્રાહ્મણનાં ધનનો ઉપાય હોત) તો નૃગની પ્રાર્થનાથી સર્વના મિત્રરૂપ બે બ્રાહ્મણોને દયા આવત, તો તેઓ ઉપાય કરત.

'ગરોળાનો દેહ પ્રાપ્ત કરીને તે મુક્તિ પામ્યો, એવો તેનો પણ ઉપાય જણાએલો છે' એવી શંકા થાય, તેથી 'ભૂતલ ઉપર' શબ્દ યોજેલ છે. વસ્તુસ્થિતિ જોતાં (ગરોળાના દેહમાં રહેવાથી) તેનો ઉપાય થએલો નથી, એવો અર્થ છે. ૩૩.

(બ્રાહ્મણના ધન અને બીજા વિષ વિગેરેનો) તે ભેદ પણ નીચેના શ્લોકમાં કહે છે :

**હિનસ્તિ વિષમત્તારં વહ્નિરદ્ભિઃ પ્રશામ્યતિ ।।**
**કુલં સમૂલં દહતિ બ્રહ્મસ્વારણિપાવકઃ ।।૩૪।।**

વિષ ખાનારને હણે છે. અગ્નિ જલથી શાંત થાય છે બ્રાહ્મણના ધનરૂપ અરણિમાંથી ઉત્પન્ન થએલો અગ્નિ મૂલસહિત કુલને બાળે છે. ૩૪.

ઉપાય ન થાય તો પણ વિષ ખાનારને જ હણે છે 'વિષથી અગ્નિ ક્રૂર હોવાથી બ્રાહ્મણનું ધન તેની સમાન હશે' એવી શંકા થાય, તેથી 'અગ્નિ જલથી શાંત થાય છે' એમ કહેલું છે. 'જલ અગ્નિનો શત્રુ જ છે' એ શ્રુતિ પ્રમાણે અગ્નિ જલથી શાંત થાય છે જ. બ્રાહ્મણના ધનરૂપ અગ્નિ શાંત ન થવાનું કારણ ઉત્તરાર્ધ થી કહે છે. બ્રાહ્મણનું ધન જ બે અરણિઓ છે, જેમને ઘસવામાં આવતાં અગ્નિ ઉત્પન્ન થાય છે. જે યજમાનને માટે તે ઉત્પન્ન કરવામાં આવે છે તેને પણ બાળીને શાંત થાય છે, કારણ કે જ્યાં સુધી જીવતો હોય ત્યાં સુધી અગ્નિહોત્ર કરવાનો (તેનો) ધર્મ છે. બ્રાહ્મણના ધનરૂપ અરણિ તો કુલના માટે જ (કુલમાં) આવેલી હોવાથી, કુલને પણ બાળીને શાંત થાય છે; કારણ કે કોઈ પણ ધર્મને માટે અથવા પરલોક (પ્રાપ્ત કરવા) માટે બ્રાહ્મણનું ધન લેતું નથી. શરીર પણ કુલમાં ઉત્પન્ન થએલું હોવાથી અને વંશ કરનારું (ચાલુ રાખનારું) હોવાથી કુલનું જ પોષણ કરનારું છે. શાસ્ત્રમાં મના કરેલા કર્મ કરવા માટે બ્રાહ્મણનું ધન લેવામાં આવે ત્યારે, (બ્રાહ્મણનું ધન અને શાસ્ત્રમાં મના કરેલું કર્મ) બંનેથી સર્વનો નાશ થાય છે.

અથવા 'કુલ' શબ્દ પોતાના જેવા બીજાઓનો પણ સમાવેશ કરાવનારો

---

૧. ક્રૂરતાથી દુઃખ થાય તે ભોગવવાથી બ્રાહ્મણનું ધન લીધેલ હોય તો તે પચી જાય, એવું ન સ્વીકારવા માટે, એવો અર્થ છે.

છે, જે કોઈને તે બ્રાહ્મણના ધનનો સંબંધ થાય છે તેને પણ તે બાળે છે તેથી સર્વ મતભેદ રહિત છે. 'મૂલ સહિત' વિશેષણથી (એમ કહેલું છે કે) કુલનું રક્ષણ કરનારો ધર્મ (કુલના ઉપર) આધાર રાખનારો હોવાથી તેને પણ બાળે છે.૩૪.

બ્રાહ્મણનું ધન કુલનો નાશ કરનારું છે એમ સામાન્ય રીતે સિદ્ધ કરી, નીચેના શ્લોકમાં ખાસ વ્યવસ્થા કહે છે :

**બ્રહ્મસ્વં દુરનુજ્ઞાતં ભુક્તં હન્તિ ત્રિપૂરુષમ્ ।।**
**પ્રસહ્ય તુ બલાદ્ભુક્તં દશ પૂર્વાન્દશાપરાન્ ।।૩૫।।**

ખોટી રીતે સંમતિ આપેલું બ્રાહ્મણનું ધન ભોગવવામાં આવેલ હોય તે ત્રણ પુરુષોનો નાશ કરે છે. ઝુંટવીને બલપૂર્વક ભોગવેલું તો દશ પહેલાના અને દશ પછીના (પુરુષોને હણે છે). ૩૫.

'ખોટી રીતે સંમતિ આપેલું' એટલે મનથી આપ્યા વિના જ માત્ર વાણીથી (લેવાની) સંમતિ આપેલું. જેમ બલથી લઈને સંમતિ માગે, પછી (લઈ લેનારને) સર્વથી બલવાન જાણી, તે મારશે એવા ભયથી તે મંજુર રાખે તે 'ખોટી રીતે સંમતિ આપેલું.' તે જો ભોગવવામાં આવે તો ત્રણ પુરુષોનો નાશ કરે છે. (૧) ભોગવનાર (૨) તેનો પુત્ર અને (૩) પૌત્ર એ ત્રણ પુરુષો(નો નાશ કરે છે). ચોરીથી ભોગવેલું તો શાસ્ત્રમાં મના કરેલ હોવાનું ભારે પાપ કરાવનારું થાય છે. ઝુંટવીને લીધેલું એટલે શાસ્ત્ર રીતે (બ્રાહ્મણનું) ઉલ્લંઘન કરીને લીધેલું અને લોક રીતે બલપૂર્વક ભોગવેલું એકવીસ પુરુષોને બાળે છે. તે પૈકી બાપ, દાદો, વડદાદો વિગેરે દશ પહેલાના અને પુત્ર પૌત્ર વિગેરે દશ પછીના અને (બ્રાહ્મણનું ધન બલપૂર્વક લેનાર) પોતે એકવીસમો છે. ઝુંટવીને લેવાની અને બલપૂર્વક લેવાની વ્યવસ્થા અંદરના અને બહારના ભેદથી અથવા વેદના અને લોકના ભેદથી(કહેલી છે). બલથી લઈ લેવામાં આવે તે કોઈક પોતે બલ કર્યા વિના આપે છે, અને કોઈક તો પોતે પણ બલ કરે છે તેથી (તેની તે વાત) કહેવારૂપ દોષ નથી. ૩૫.

'એવું ધર્મશાસ્ત્ર પ્રસિદ્ધ છે ત્યારે (કોઈથી) બ્રાહ્મણનું ધન લઈ લેવાનું કેમ બને?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**રાજાનો રાજલક્ષ્મ્યા ચ નાત્મપાતં વિદન્તિ તે ।।**
**નિરયં યેઽભિમન્યન્તે બ્રહ્મસ્વં સાધુ બાલિશાઃ ।।૩૬।।**

અને જે મૂર્ખ રાજાઓ નરકરૂપ બ્રાહ્મણના ધનને સારું માને છે તેઓ રાજલક્ષ્મીને લીધે પોતાના પતનને જાણતા નથી. ૩૬.

પહેલાં તો રાજાપણાને લીધે જ, (અને) તેમાં પણ રાજલક્ષ્મીને લીધે, 'ચ' 'અને' શબ્દ હોવાથી ઉત્તમ કુલ વિગેરેના મદને લીધે પોતાનું પતન જાણતા

નથી, કારણ કે તેઓ શાસ્ત્રમાં વર્ણવેલા રાજાઓ છે. તેવું ન હોત તો 'રાજ્યના અંતે નરક નિશ્ચિત છે' એવું (શાસ્ત્રમાં) ન હોત. બીજું (સર્વ) ક્ષત્રિયોથી પ્રસરેલું જ છે, પરંતુ બ્રાહ્મણ જ (ક્ષત્રિયોમાં) પ્રસરનાર છે. તે(ક્ષત્રિયો) જો બ્રાહ્મણનાં ધનને નરકનાં સાધન તરીકે જાણતા હોય, તો (તે) ન લે, કારણ કે કોઈ પણ નરકમાં પડતું (પડવા ઈચ્છતું) નથી. તેથી જ તેઓ નરકરૂપ બ્રાહ્મણનાં ધનને સારું માને છે; કારણ કે તેઓ મૂર્ખ છે.૩૬.

સામાન્ય રીતે નરક પ્રાપ્ત થાય છે એમ કહી, બે શ્લોકોથી તેનો ખાસ પ્રકાર કહે છેઃ

**ગૃહ્ણન્તિ યાવતઃ પાંસૂન્ક્રન્દતામશ્રુબિન્દવઃ ।।**
**વિપ્રાણાં હૃતવૃત્તીનાં વદાન્યાનાં કુટુમ્બિનામ્ ।।૩૭।।**
**રાજાનો રાજકુલ્યાશ્ચ તાવન્તોઽબ્દાન્નિરઙ્કુશાઃ ।।**
**કુમ્ભીપાકેષુ પચ્યન્તે બ્રહ્મદાયાપહારિણઃ ।।૩૮।।**

હરાએલી આજીવિકાવાળા, ઉદાર, કુટુંબી રુદન કરતા બ્રાહ્મણોના આંસુઓના બિંદુઓ જેટલાં પૃથ્વીનાં રજકણોને ગ્રહણ કરે છે તેટલાં વર્ષો સુધી અંકુશ વિનાના બ્રાહ્મણોનું ધન હરી લેનાર રાજાઓ અને રાજાના કુલમાં જન્મેલાઓ કુંભીપાક (નરકો)માં શેકાય છે. ૩૭-૩૮.

હરાએલી આજીવિકાવાળા રુદન કરતા (બ્રાહ્મણો)ના આંસુઓના બિંદુઓ જેટલાં પૃથ્વીનાં રજકણોને ગ્રહણ કરે છે (તેટલાં વર્ષો સુધી કુંભીપાકમાં શેકાય છે), કારણ કે અંદરનો (મનમાં) શોક થતાં રુદન થાય છે, અને તેનું માપ આંસુઓથી થાય છે, અને આંસુઓનું માપ (તેઓએ કરેલાં) કાર્યથી થાય છે. તેથી પૃથ્વીનાં રજકણો ની સંખ્યાથી જ શેકની ગણત્રી થાય છે. બીજાં કારણ(થી આવેલા આંસુઓ) ગણવાના નથી એમ જણાવવા 'હરાએલી આજીવિકાવાળા' વિશેષણ યોજેલું છે. 'ઉદાર' વિશેષણથી લોભ વિગેરે દોષ વિનાના (બ્રાહ્મણો) કહેલાં છે. 'કુટુંબી' વિશેષણથી હરાતા પદાર્થની (તેઓની) આવશ્યકતા કહેલી છે. (કુટુંબી હોય) ત્યારે બ્રાહ્મણનું ધન હોવાપણું થાય છે, કારણ કે (તે તેઓને) ઘણું જરુરી હોય છે. '(આંસુઓ) ટપકીને જેટલાં પૃથ્વીનાં રજકણોને ગ્રહણ કરે તેટલા વર્ષો સુધી પિતૃલોકને જાણતો (પ્રાપ્ત કરતો) નથી' એ શ્રુતિ પ્રમાણે બ્રાહ્મણના સંબંધમાં શાસ્ત્રમાં મના કરેલી ક્રિયાથી થતાં દુઃખનો નિર્ણય વેદમાં પૃથ્વીનાં રજકણો દ્વારા જ કહેલો છે. ૩૭.

એક(શ્લોક)થી કારણ કહીને, બીજા (આડત્રીસમા શ્લોક)થી ફલ કહે છે. 'રાજકુલ્યાઃ' એટલે રાજાના કુલમાં જન્મેલાઓ અને 'ચ' 'અને' શબ્દથી

(જણાવેલા) તેમના બીજા સંબંધીઓ જેઓ એ પ્રમાણે (બ્રાહ્મણનું ધન) હરવાની શક્તિવાળા છે તેઓ તેટલાં 'અબ્દાન્' વર્ષો થાય ત્યાં સુધી કુંભીપાક (નરકો)માં શેકાય છે. કોઈ પ્રસંગે થનારા દોષ ગણવાના નથી એમ જણાવવા 'બ્રાહ્મણોનું ધન હરી લેનાર' વિશેષણ યોજેલું છે. 'અંકુશ વિનાના' વિશેષણથી (એમ કહેલું છે કે) તેઓને વશ રાખનાર કોઈ ન હોય તો (એમ થાય છે). તેમ ન હોય (તેઓને વશ રાખનાર કોઈ હોય) તો (બ્રાહ્મણનુ ધન હરવાનો) દોષ તેને (વશ રાખનારને) જ થાય (લાગુ પડે) છે. ૩૮.

અમુક પ્રકારનું બ્રાહ્મણનું ધન હરવામાં વધારે દોષ થાય છે તે કહે છે :

**સ્વદત્તાં પરદત્તાં વા બ્રહ્મવૃત્તિં હરેચ્ચ યઃ ।।**
**ષષ્ટિર્વર્ષસહસ્રાણિ વિષ્ઠાયાં જાયતે કૃમિઃ ।।૩૯।।**

અને જે પોતે આપેલી અથવા બીજાએ આપેલી બ્રાહ્મણની આજીવિકાને હરે છે તે સાઠ હજાર વર્ષ સુધી વિષ્ટામાં કીડો થાય છે. ૩૯.

પહેલાં પોતે જ આપેલી (અને) પછી બ્રાહ્મણની અયોગ્યતા થતાં લઈ લીધેલી, (અથવા) બીજા રાજાએ આપેલી (અને) બીજાનું રાજ્ય પડાવી લેતાં લેવાએલી (બ્રાહ્મણની આજીવિકા અધમ જન્મ કરાવે છે). પિતા વિગેરેએ આપેલી (આજીવિકા) પોતે જ આપેલી કહી છે, કારણ કે પિતા પોતે જ (પુત્ર થઈ અવતરેલ) છે, અહિં ધનની વાત કહેલી નથી, પરંતુ ભૂમિ વિગેરે આજીવિકા જેમાંથી સદા નિર્વાહનું સાધન ઉત્પન્ન થાય છે તે (કહેલ છે). 'બ્રાહ્મણની આજીવિકા' એટલે બ્રાહ્મણોના જ નિર્વાહનું સાધન ઉત્પન્ન કરનાર પદાર્થ. તેવો (તેવા પદાર્થને હરનારો) સાઠ હજાર વર્ષ સુધી નરકરૂપ વિષ્ટામાં કીડો થઈ રહે છે. વર્ષ સાઠ કહેવાય છે. 'પ્રભવ' વિગેરે તેનાં નામ છે. તે એક હજાર વાર ફરી ફરી આવે તેથી તેટલાં (સાઠ હજાર) વર્ષો થાય છે. તે (વિષ્ઠા) સર્વથી વધારે સૂગ કરનારી છે, (અને) તેમાં જ ઉત્પત્તિ થાય છે તેથી, તે (વિષ્ઠાના કીડાના) શરીરમાં કોઈ પણ સમયે સુખનો સંબંધ હોતો નથી એમ કહેલું છે. ૩૯.

એ પ્રમાણે બ્રાહ્મણના ધન(ને હરવા)ના દોષો કહી, પોતાના (સેવકો)માં તે હોતો નથી એમ નીચેના શ્લોકમાં કહે છે :

**ન મે બ્રહ્મધનં ભૂયાદ્યદ્‌ગૃદ્ધ્વાલ્પાયુષો નૃપાઃ ।।**
**પરાજિતાશ્ચ્યુતા રાજ્યાદ્ભવન્ત્યુદ્વેજિનોઽહયઃ ।।૪૦।।**

જેની ઈચ્છા રાખનાર અલ્પાયુષ્યવાળા રાજાઓ પરાજય પામી રાજ્યથી ભ્રષ્ટ થઈ, પીડા કરનારા સર્પો થાય છે તે બ્રાહ્મણનું ધન મારું ન થાઓ. ૪૦.

પોતાની મેળે અથવા દૈવને લીધે બ્રાહ્મણનું ધન આવી જાય છે, તેથી

(તે) 'મારું ન થાઓ' એવું દેવને પ્રાર્થના કરતાં (કહેલું) વચન છે,

'ધ્યાન ન રહેતાં (બ્રાહ્મણનું ધન) આવી જાય તેમાં શું દોષ?' એવી શંકા થાય, તેથી 'જેની ઈચ્છા રાખનાર અલ્પ આયુષ્યવાળા' શબ્દ યોજેલ છે. 'યદ્ગૃદ્ધ્રાઃ' જેની ઈચ્છા રાખનાર અને તેઓ અલ્પ આયુષ્યવાળા (તે 'યદ્ગૃદ્ધ્રાલ્પાયુષઃ') (બ્રાહ્મણનું ધન) લેતાં તરત જ આયુષ્યનો ક્ષય થાય છે, એમ કહેલું છે. દુઃખમાં સપડાએલાઓને (બ્રાહ્મણનું ધન લેવાથી) તેવો દોષ થતો નથી એમ જણાવવા 'રાજાઓ' શબ્દ યોજેલ છે. દૈવની ગતિથી મરણ ન થાય તો પણ શત્રુઓથી (તેઓનો) પરાજય થાય છે, રાજ્યથી ભ્રષ્ટ થાય છે. પછી મરણ પામી (પોતાની) સ્થિતિથી ભ્રષ્ટ થએલા તેઓ માણસોને પીડા કરનારા સર્પો થાય છે. તેથી (બ્રાહ્મણનું ધન લેવામાં) આ લોકના અને પરલોકના દોષ રહેલ હોવાથી, તે (મને) પ્રાપ્ત ન થાઓ એમ (કહેલું છે). ૪૦.

'બ્રાહ્મણ પોતે જો સહન થઈ ન શકે તેવો અપરાધ કરે તો શું કરવું?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**વિપ્રં કૃતાગસમપિ નૈવ દ્રુહ્યત મામકાઃ ।।**
**ઘ્નન્તં બહુ શપન્તં ચ નમસ્કુરુત નિત્યશઃ ।।૪૧।।**

મારા સેવકો! અપરાધ કરેલા વિપ્રનો પણ દ્રોહ ન કરો. બહુ મારનાર અને બહુ શાપ આપનાર (વિપ્ર)ને પણ સદા નમન કરો. ૪૧.

'મારા સેવકો!' શબ્દથી, (ભગવાનના) પોતાના દેવતા બ્રાહ્મણ હોવાથી, (તેમના સેવકોને) દેવતા ઘણું જ માન આપવા યોગ્ય હોવાથી; (તેઓનો) દ્રોહ ન કરવાનું કારણ કહેલું છે. નિયમપૂર્વક (બ્રાહ્મણોનો) દ્રોહ ન કરો.

'બ્રાહ્મણ ધ્યાન વિના અપરાધ કરે તેના સંબંધમાં આ કહેલું હશે' એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધ કહેલો છે. મનથી અપરાધ કરે તેનું તો કહેવું જ શું? કાયાથી તથા વાણીથી અપરાધ કરે ત્યારે પણ તેમનો દ્રોહ ન કરો. 'બહુ' શબ્દનો બંને બાજુએ સંબંધ છે. 'હણવા ઈચ્છનારને હણવો' એ વાક્યને લીધે અહિં 'હનન'નો અર્થ 'મારવું' થાય છે, પરંતુ 'શિરશ્છેદ' થતો નથી. શાપ ધમકી છે. મારા સેવકોને શાપ લાગતો નથી. તેથી તેમને (શાપથી) ભય નહિ હોવાથી, તેમણે માત્ર શાંત જ રહેવું. કારણ કે તેમ થાય (માત્ર શાંત જ રહે) તો બ્રાહ્મણને ભય થવાનું સંભવતું હોવાથી કરીથી તેમનો અપકાર થાય, પરંતુ તેઓને ભય ન થાય તે માટે સદા નમન કરો. ૪૧.

'ભગવાન્ સર્વરૂપ હોવાથી અને વ્યવહાર પણ તેવો નહિ હોવાથી[૧], લોક

૧.ભગવાન્ સર્વરૂપ છે એટલે જેમ બ્રાહ્મણરૂપ છે તેમ બીજા મનુષ્યરૂપ પણ છે, તેથી બીજાએ

અને વેદથી વિરુદ્ધ (કાર્ય) કેમ કરવું?' એવી શંકા થાય, તેથી કહે છે :

**યથાહં પ્રણમે વિપ્રાનનુકાલં સમાહિતઃ ।।**
**તથા નમત યૂયં ચ યોઽન્યથા મે સ દણ્ડભાક્ ।।૪૨।।**

અને જેમ હું સાવધાન રહીને સમય અનુસાર વિપ્રોને પ્રણામ કરું છું તેમ તમે નમન કરો. જે (તેથી) વિરુદ્ધ વર્તશે તે મારાથી દંડ પામશે. ૪૨.

મારા સેવકોએ મેં કરેલ છે તેમ કરવું જોઈએ. તેમને લોકનું તથા વેદનું શું પ્રયોજન? હું તો ત્રણ કાલમાં સાવધાન રહીને, ભૃગુને પ્રણામ કર્યા તેમ, બધા વિપ્રોને વિપ્ર[૨] તરીકે જ પ્રણામ કરું છું, તે પ્રમાણે તમે પણ નમન કરો; કારણ કે તમે મારાથી અધિક નથી. 'ચ' 'અને' શબ્દ હોવાથી, તમારા સેવકો પણ (વિપ્રોને નમન કરે). તેમ ન કરવાથી થતી હાનિ કહે છે (કે) જે વિરુદ્ધ વર્તે છે એટલે સાવધાન રહી બ્રાહ્મણને નમસ્કાર કરતો નથી તે મારાથી દંડ પામશે મારી પાસેથી દંડને પાત્ર થશે. ૪૨.

'એવો આગ્રહ શા માટે?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**બ્રાહ્મણાર્થો હ્યપહૃતો હર્તારં પાતયત્યધઃ ।।**
**અજાનન્તમપિ હ્યેનં નૃગં બ્રાહ્મણગૌરિવ ।।૪૩।।**

જેમ બ્રાહ્મણની ગાયે આ નૃગનું પતન કરાવ્યું તેમ હરી લીધેલું બ્રાહ્મણનું ધન હરનારનું (તે) ન જાણતો હોવા છતાં નીચે પતન કરાવે છે.૪૩.

મારા સેવકો ઉંચી ગતિ જ પ્રાપ્ત કરશે. હરી લીધેલું તે બ્રાહ્મણનું ધન તો હરનારનું પતન કરાવે છે. હરવામાં આવે ત્યારે નીચે પતન કરાવે છે જ. 'ન જાણતો હોવા છતાં' શબ્દોથી (એમ કહેલું છે કે) ન જાણતો હોવાથી ફલમાં કાંઈ ભેદ થતો નથી. 'જેમ બ્રાહ્મણની ગાયે આ નૃગનું (પતન કરાવ્યું)' શબ્દોથી સ્પષ્ટ દૃષ્ટાંત (કહેલું છે).૪૩.

એ પ્રમાણે ઉપદેશ કરીને, '(ભગવાન્) પહેલાંની દ્વારકામાં પ્રસંગને લીધે પધારેલા તે ત્યાં જ રહેશે' એવી શંકા થાય, તેથી નીચેના શ્લોકમાં '(ભગવાન્) ત્યાંથી પધારી મુખ્ય દ્વારકામાં આવેલા (પોતાના) ગૃહમાં રહ્યા' એમ કહે છે :

**એવં વિશ્રાવ્ય ભગવાન્મુકુન્દો દ્વારકૌકસઃ ।।**
**પાવનઃ સર્વલોકાનાં વિવેશ નિજમન્દિરમ્ ।।૪૪।।**

---

બ્રાહ્મણને શા માટે નમન કરવું? વળી બધાએ બ્રાહ્મણને નમન કરવું એવો લોકમાં વ્યવહાર પણ નથી, તેથી બ્રાહ્મણને નમન કરવું એ વેદથી તેમ લોકથી વિરુદ્ધ કાર્ય છે, એવો અર્થ જણાય છે.

૨. 'વિપ્ર તરીકે જ' એટલે 'વિપ્ર છે તે કારણથી જ'.

એવી રીતે દ્વારકાના લોકોને સંભળાવીને સર્વ લોકને પવિત્ર કરનારા ભગવાન્ મુકુંદે પોતાના મંદિરમાં પ્રવેશ કર્યો. ૪૪.

સર્વને સારી રીતે સંભળાવીને, તેટલાથી જ કાર્ય (પતશે એમ) માનીને, બ્રાહ્મણોનો અપરાધ નહિ થાય તો મોક્ષ થશે એવા હેતુથી સર્વને મોક્ષ આપનાર ભગવાને (પોતાના મંદિરમાં પ્રવેશ કર્યો). 'દ્વારકાના લોકોને' શબ્દથી (એમ જણાવેલું છે કે) નિરોધ તેઓનો જ કરેલો, તેથી મોક્ષ આપનારે તેમનું જ રક્ષણ કર્યું. ભગવાનના ધામમાં તેઓ રહેલા, ભગવાને જ તેઓને પવિત્ર કર્યા. સંસારમાંથી તેઓનો ઉદ્ધાર કરીને ભગવાને 'નિજમન્દિરમ્' પોતાના ગૃહમાં પ્રવેશ કર્યો. આથી સાત્ત્વિકોનો નિરોધ સામાન્ય રીતે કહ્યો. ૪૪.

**ઇતિ શ્રીલક્ષ્મણ ભટ્ટના પુત્ર શ્રીમદ્વલ્લભદીક્ષિતે રચેલી**
**શ્રીમદ્ભાગવતની સુબોધિનીમાં દશમા સ્કંધના વિવરણમાં**
**ઉત્તરાર્ધમાં એકસઠમો અધ્યાય સંપૂર્ણ.**

# અધ્યાય બાસઠમો

## બલદેવજીનું ગોકુલમાં પધારવું

**વિશેષે સાત્ત્વિકે રોધે તામસાદિવિભાગતઃ ।।**
**પૂર્વં રાજસમાપન્નાઃ સત્ત્વભાવં તથાऽનયત્ ।।૧।।**

અમુક સાત્ત્વિક નિરોધ કહેવામાં[૧] તામસ વિગેરે વિભાગમાંથી પહેલાં જેમણે રાજસ ભાવ પ્રાપ્ત કરેલ તેઓને તે પ્રમાણે ભગવાને સત્ત્વભાવ પ્રાપ્ત કરાવ્યો[૨]. કા.૧.

**તેષાં સાત્ત્વિકરૂપાણાં સકામત્વાબ્દલેન હિ ।।**
**નિરોધં કારયામાસ ષોડશે તન્નિરૂપ્યતે ।।૨।।**

સાત્ત્વિક ભાવ પામેલા તેઓ સકામ હોવાથી, બલભદ્રથી તેઓનો નિરોધ કરાવ્યો[૩]. સોળમા અધ્યાયમાં તે કહેવામાં આવે છે. કા.૨.

**તતઃ સ્વરૂપભાવાર્ના દુષ્ટાનાં દોષનુદ્ધરિઃ ।।**
**પ્રસઙ્ગાદિદમત્રોક્તં વારાણસ્યાસ્તુ દાહનમ્ ।।૩।।**

પછી હરિસ્વરૂપમાં ભાવનાવાળા દુષ્ટોના[૪] દોષ દૂર કરનારા થાય છે. આ વારાણસીને બાળવાનું તો પ્રસંગને લીધે અહિં કહેલું છે. કા.૩.

**બલસ્તામસભાવાનાં રાજસાનાં તથૈવ ચ ।।**

---

૧. ગયા અધ્યાયના અંતે સામાન્ય નિરોધ કહ્યો હવે અહિંથી પાંચ અધ્યાયોનો અર્થ અમુક (વ્યક્તિઓ)નો નિરોધ છે એવા અભિપ્રાયથી આ કહેલ છે. આવો નિરોધ કહેવાનો હોવાથી, 'તે કહેવામાં આવે છે. (કા.૨)' એવો વાક્યનો સંબંધ છે. (લે)

૨. તામસ પ્રકરણમાં તામસપણું દૂર કરી રાજસપણું પ્રાપ્ત કરાવ્યું. પછી રાજસ પ્રકરણમાં રાજસપણું પણ દૂર કરી સાત્ત્વિકપણું પ્રાપ્ત કરાવ્યું. પછી સાત્ત્વિક પ્રકરણમાં નિર્ગુણપણું પ્રાપ્ત કરાવે છે. પછી મુક્તિ (અગીઆરમા) સ્કંધમાં મુક્તિ કરાવશે એવો વિભાગ નિબંધમાં કહેલો છે. તેથી પહેલા તામસ પ્રકરણથી રાજસભાવ પ્રાપ્ત કરેલ, તેઓનો તે ભાવ દૂર કરી સાત્ત્વિકભાવ કરાવ્યો એમ પાછલું કાર્ય હવે પછીનું કહેવા માટે ફરીથી જણાવેલ છે. (લે)

૩. સાત્ત્વિકભાવ પ્રાપ્ત કરેલા સકામ હોવાથી, બલભદ્ર દ્વારા તેમનો નિરોધ કરાવ્યો. કામ તામસ છે અને સંકર્ષણ પણ તેવા (તામસ) છે તેથી તેમની દ્વારા જ તેઓનો નિરોધ કરાવ્યો એવો ભાવ છે. નિષ્કામપણું બલભદ્રથી પ્રાપ્ત થતાં, ભગવાન્ પોતે કુરૂક્ષેત્રમાં તેમને નિર્ગુણપણું પ્રાપ્ત કરાવશે એવી પ્રકરણની સંગતિ છે. (લે)

૪. અમુકના નિરોધના પહેલા સોળમા અધ્યાયનો અર્થ કહી, હવે બીજા (સત્તરમા) અધ્યાયનો અર્થ કહે છે. માત્ર ભગવાનના સ્વરૂપમાં જ જેમનો ભાવ (પ્રેમ) હતો તેવા પૌંડ્રક વિગેરે હતા પણ તેઓ દુષ્ટ હતા. તેથી ભગવાન્ તેમના દોષ દૂર કરનાર થયા. તેઓના માત્ર દોષ દૂર કરવાના હતા, સ્વરૂપમાં તેઓને પ્રેમ હોવાથી સારૂપ્ય તો તેમને પ્રાપ્ત થયું જ હતું. (લે)

**સાત્ત્વિકાનાં તથા માનખણ્ડકઃ સુનિરૂપ્યતે ।।૪।।**

બલભદ્રને તામસ ભાવવાળાઓનાં, તેમ જ રાજસોના તથા સાત્ત્વિકોના[૫] માનનું ખંડન કરનારા કહેવામાં આવે છે. કા.૪.

**તતઃ સ્ત્રીણાં તુ ભગવાનેકેનૈવ કરિષ્યતિ ।।**
**સપ્તમાસ્ત્રય એકત્ર ધર્મિણઃ પૃથગીરિતાઃ ।।૫।।**

પછી સ્ત્રીઓનો (નિરોધ) તો ભગવાન્ એક જ (અધ્યાય)થી કરશે[૬]. સાતમા ધર્મિરૂપ ત્રણ (અધ્યાયો) એક સાથે જૂદા કહેલા છે[૭]. કા. ૫.

**એવં પ્રમેયબલતો નિરોધઃ પઞ્ચધા ભવેત્ ।।૫ા.।।**

એવી રીતે પ્રમેય બલથી પાંચ પ્રકારે[૮] નિરોધ થાય છે. કા.૫ા.

પહેલાના અધ્યાયમાં સાત્ત્વિકોને શાસ્ત્રમાં મના કરેલ કાર્યથી દૂર રાખ્યા. સોળમા અધ્યાયમાં તો લૌકિક સ્થિતિમાંથી સાત્ત્વિક ભાવ પ્રાપ્ત કરેલી ગોપીઓ નો નિરોધ કરવામાં આવે છે. પછી સત્તરમા અધ્યાયમાં કાશી બાળશે ત્યારે વૈદિક[૯] સ્થિતિમાંથી નિરોધ કર્યાનું કહેશે. પછી[૧૦] અઢારમા અધ્યાયમાં શાસ્ત્રથી વિરુદ્ધ ભક્તિમાંથી દ્વિવિદ વિગેરેનો નિરોધ કહેશે, અને પછી[૧૦] ઓગણીસમા અધ્યાયમાં શાસ્ત્ર પ્રમાણેની ભક્તિમાંથી ભીષ્મ વિગેરેનો નિરોધ કહેશે. પછી વીસમા અધ્યાયમાં શાસ્ત્રની પ્રવૃત્તિ કરાવનાર[૧૧] નારદનો પણ નિરોધ કહેશે.

ભગવાને મુખ્ય સ્થિતિમાંથી[૧] પોતાની શક્તિ બે સ્થલે મૂકી તેથી

---

૫. યમુના, દ્વિવિદ વિગેરે અને ભીષ્મ વિગેરેના માનનું ખંડન કરનારા એવો અર્થ છે. (લે)
૬. આ પાંચમા (વીસમા) અધ્યાયનો અર્થ છે. નારદને બોધ કરવા પત્નીઓનો ખાસ નિરોધ કરશે એવો અર્થ છે. (લે)
૭. પહેલાંની પેઠે છ (ધર્મરૂપ અધ્યાયો) પછી ધર્મિરૂપ અધ્યાય પણ અહિં હશે, એવી શંકા થાય, તેથી આ કહેલ છે. ધર્મો અને ધર્મીના પ્રકારથી નિરૂપણ કરતાં સાતમા ધર્મિરૂપ અધ્યાયો આવે તે. (લે) સાત્ત્વિક પ્રમેય, સાધન અને ફલ ત્રણે પેટા-પ્રકરણોના ત્રણે ધર્મિરૂપ અધ્યાયો આ પ્રકરણના અંતે એક સાથે કહેલા છે.
૮. અમુકના નિરોધ કહેતાં પાંચ પ્રકારે. પંદરમા અધ્યાયમાં કહેલ સામાન્ય નિરોધ લઈએ તો છ પ્રકારે એવો ભાવ છે. (લે)
૯. 'સાત્ત્વિક ભાવ પ્રાપ્ત કરેલાઓની' એ વિશેષણ અધ્યાહાર છે.
૧૦-૧૦. 'સાત્ત્વિક ભાવ પ્રાપ્ત કરાવેલા' દ્વિવિદ વિગેરે તથા ભીષ્મ વિગેરેનો (નિરોધ કરાવશે). (લે)
૧૧. 'શાસ્ત્રની પ્રવૃત્તિ કરાવનાર' એટલે 'પોતાથી જ સાત્ત્વિક ભાવવાળા' એવો અર્થ છે. (લે)
૧. ભગવાન જ સાધન અને ફલરૂપ રહે તે મુખ્ય સ્થિતિ. તેમાંથી બે વિભાગ કર્યા એમ સ્યમંતક મણિના પ્રસંગમાં કહેલું છે. પહેલાં ભગવાન્ પોતે જ સાધનરૂપ પણ હોવાથી પોતે જ નિરોધ

સાધનશક્તિરૂપ બલભદ્રે ગોપીઓનો નિરોધ કર્યો એમ જણાવવા નીચેના શ્લોકથી બલભદ્ર ગોકુલ ગયા વિગેરે કહે છે :

।।શ્રીશુક ઉવાચ।।

**બલભદ્રઃ કુરુશ્રેષ્ઠ ભગવાન્ રથમાસ્થિતઃ ।।**

**સુહૃદ્દિદક્ષુરુત્કણ્ઠઃ પ્રયયૌ નન્દગોકુલમ્ ।।૧।।**

હે ઉત્તમ કૌરવ! મિત્રોને મળવાને ઇચ્છતા, (તે માટે) આતુર ભગવાન્ બલભદ્ર રથમાં બેસી નંદના ગોકુલ ગયા. ૧.

(હે ઉત્તમ કૌરવ! એ) સંબોધન રાજાને વિશ્વાસ રહે તે માટે કરેલું છે. 'ભગવાન્' શબ્દથી એમ જણાવેલું છે કે નિરોધ બીજાએ કરેલ થતો નથી, તેથી સાધનરૂપ ભગવાને બલભદ્રમાં પ્રવેશ કરેલ હોવાથી તે 'ભગવાન્' થયા. 'રથમાં બેસીને ગયા,' પરંતુ પહેલાંની પેઠે[૨] છૂપા રહી ગયા નહિ. 'મિત્રોને મળવાને ઇચ્છતા' એટલે પહેલાનાો ભાવ[૩] પ્રાપ્ત કરેલ નંદ વિગેરેને મળવાની ઇચ્છાથી, તે માટે ઘણા જ આતુર થઇ નંદના ગોકુલ ગયા. તેઓનો નિરોધ ત્યાં કરી શકાય તેમ હતું તેથી ત્યાં ગયા. ૧.

પહેલાં બલભદ્રમાં થએલ આસક્તિ દ્વારા પછી ભગવાનમાં આસક્તિ સ્હેલાઇથી થાય[૧] તેથી લૌકિક પ્રકારથી જ તેમનામાં આસક્તિ કહે છેઃ

**પરિષ્વક્તશ્ચિરોત્કણ્ઠૈ ર્ગોપૈર્ગોપીભિરેવ ચ ।।**

**રામોઽભિવાદ્ય પિતરાવાશીર્ભિરભિનન્દિતઃ ।।૨।।**

લાંબા સમયની ઉત્કંઠાવાળા ગોપો અને ગોપીઓ જ (તેમને) ભેટ્યા. બલભદ્રે માતાપિતાને પ્રણામ કર્યા. (તેઓએ તેમને) આશિષો આપી. ૨.

ગોપોનો અને ગોપીઓનો (બલભદ્ર સાથે) ઓળખાણરૂપ એક જ ભાવ હોવાથી, (તેઓનું) સાથે નિરૂપણ કરેલું છે. 'ગોપીઓ જ' શબ્દથી (એમ કહેલું છે કે) બંનેને[૨] ગોપો ભેટેલા, પરંતુ વાસ્તવિક રીતે ગોપીઓ જ ભેટેલી. 'ચ' 'અને'

---

કરતા. હવે સાધનશક્તિ છૂટી પાડેલી હોવાથી, બલભદ્ર દ્વારા નિરોધ કરાવે છે. પછી સકામપણું દૂર થતાં ફલરૂપ ભગવાન્ પોતે કુરૂક્ષેત્રના પ્રસંગમાં નિરોધ કરશે એવો ભાવ છે. (લે)

૨. 'પહેલાંની પેઠે' એટલે 'ભ્રમરગીતના પ્રસંગમાં કરેલ તેમ' (લે)

૩. 'પહેલાંનો ભાવ' એટલે સાત્ત્વિકભાવ પછીનો ભાવ નિર્ગુણપણું છે એવો અર્થ છે.

૧. બલભદ્ર ત્યાં આવ્યા એટલે પહેલાં તેમનામાં આસક્તિ થાય, કારણ કે તે સમયે બલભદ્રમાં ભગવાનનો આવેશ હતો તેવો ભાવ છે. (લે)

૨. 'બંનેને' એટલે જેનામાં ભગવાનનો આવેશ થએલ તેવા(બલભદ્ર)ને અને આવેશ કરનાર (ભગવાન)ને ગોપો ભેટેલા તો ખરા, પરંતુ વાસ્તવિક રીતે ગોપીઓ જ ભેટેલી, એટલે

શબ્દથી (એમ જણાવેલું છે કે) નંદ અને યશોદા (ભેટેલા).

તેઓએ કરેલું કૃત્ય કહીને 'બલભદ્રે માતાપિતાને પ્રણામ કર્યા' શબ્દોથી બલભદ્રે કરેલું કૃત્ય કહે છે. માતપિતાપણાનું જ(નંદ અને યશોદામાં) સ્થાપન કરેલું, તેથી બીજો શબ્દ યાજેલો નથી. તેઓ વૈશ્ય હતા, તેથી જ તેઓએ આશિષો જ આપી. ૨.

પહેલાં કરેલો નિરોધ જતો રહેતો હોય તો હવે પછી કરવાનો (નિરોધ) વ્યર્થ થાય, તેથી પહેલાંનો સંબંધ તેવો જ રહેલો એમ નીચેના શ્લોકમાં કહે છે :

**ચિરં નઃ પાહિ દાશાર્હ સાનુજો જગદીશ્વરઃ ।।**
**ઈત્યારોપ્યાઙ્કમાલિઙ્ગ્ય નેત્રૈઃ સિષિચતુર્બલમ્ ।।૩।।**

હે યાદવ ! નાનાભાઈ સહિત આપ જગદીશ્વર અમારું લાંબા સમય સુધી પાલન કરો. એમ (કહીને) બલભદ્રને ખોળામાં બેસાડી, આલિંગન કરી, આંસુઓથી ભીંજવ્યા. ૩.

અમારું લાંબા સમય સુધી પાલન કરો, કારણ કે તમે યાદવ છો. શ્રીકૃષ્ણ અને બલભદ્ર બંનેમાં જ તેઓનો પુત્રભાવ હોવાથી 'નાનાભાઈ સહિત' એમ કહેલું છે. શ્રીકૃષ્ણ સહિત એવો અર્થ છે. 'જગદીશ્વર' શબ્દથી પહેલાં જે માહાત્મ્યનું જ્ઞાન થએલું તે કહેલું છે. લૌકિક સ્નેહ પણ પહેલાં જે થએલો તેજ પ્રકટ કર્યો એમ ઉત્તરાર્ધથી કહે છે. ખોળામાં બેસાડી, એટલે મોટી ઉમરનાને પણ બાલક જ માની, આલિંગન કરી, આંસુઓથી ભીંજવ્યા. 'બલભદ્રને' એટલે તેમના સર્વ અવયવોને; તેમ ન કહ્યું હોય, તો ચોટલી ન કહેલી હોવા છતાં આવે[1]. ૩.

જેમના વિના ચાલે નહિ તેવા (ઘણા સંબંધવાળા)ના આદરનું વર્ણન કરી, નીચેના શ્લોકમાં તેવા ન હતા તેમના (આદરનું) નિરૂપણ કરે છે :

**ગોપવૃદ્ધાંશ્ચ વિધિવદ્યવિષ્ઠૈશ્ચાભિવાદિતઃ ।।**
**યથાવયો યથાસખ્યં યથાસમ્બન્ધમાત્મનઃ ।।૪।।**

પોતાના વય પ્રમાણે, મૈત્રી પ્રમાણે અને સંબંધ પ્રમાણે બલભદ્રે વૃદ્ધ ગોપોને વિધિ પ્રમાણે પ્રણામ કર્યા, અને નાનાં ગોપોએ તેમને પ્રણામ કર્યા. ૪.

ગોત્રનો ઉચ્ચાર પહેલાં કરીને પ્રણામ કરવા એ વિધિ. બલભદ્ર કરતાં

---

તે(ગોપી)ઓને જ તેવો અધિકાર હોવાથી તેઓનું જ આલિંગન થયું (લે). લેખ પ્રમાણે અર્થ કરેલ છે. 'દ્વયોરપિ' એટલે ગોપ અને ગોપીઓમાંથી, ગોપો બલભદ્રને ભેટ્યા, પરંતુ વાસ્તવિક રીતે ગોપીઓ જ ભેટેલી, એવો અર્થ પણ થાય છે.

૧. વડિલો સંતાનને લાંબા સમયે મળે ત્યારે ખોળામાં બેસાડી ભેટી આનંદનાં આંસુઓ પાડે, તે ચોટલી ઉપર જ પડે. તેથી અહિં બધા અવયવો ઉપર આંસુઓ પડ્યા એમ 'બલં' શબ્દથી કહેલું છે એવો અર્થ છે.

નાનાઓએ (તેમને) પ્રણામ કર્યા. (બલભદ્રનું) માહાત્મ્ય જાણેલું હોવા છતાં, (તેમનામાં) લૌકિક ભાવ રાખવો એ નિરોધનો અંદરનો વિભાગ છે. 'વય પ્રમાણે, મૈત્રી પ્રમાણે, સંબંધ પ્રમાણે' શબ્દોથી (અનુક્રમે એમ) કહેલું છે કે કાલ અંતઃકરણ અને દેહના ધર્મોનું ઉલ્લંઘન કર્યું ન હતું. 'પોતાના' શબ્દનો એવો અર્થ છે કે જો કે તેઓ બધાએ માહાત્મ્ય જ્ઞાનને લીધે (બલભદ્ર) ભગવાન જ હોવાનું માનતા હતા, છતાં પણ (બલભદ્ર) પોતે તેઓને જેવા માનતા હતા, તે પ્રમાણે જ તેમણે (તેઓનો આદર) કર્યો. ૪.

**સમુપેત્યાથ ગોપાલાન્હાસ્યહસ્તગ્રહાદિભિઃ ।।**
**વિશ્રાન્તં સુખમાસીનં પપ્રચ્છુઃ પર્યુપાગતાઃ ।।૫।।**
**પૃષ્ટ્વાથાનામયં તેષુ પ્રેમગદ્ગદયા ગિરા ।।**
**કૃષ્ણે કમલપત્રાક્ષે સન્ન્યસ્તાખિલરાધસઃ ।।૬।।**

પછી ગોપાલોની પાસે આવીને, હાસ્ય હસ્ત પકડવો વિગેરેથી આદર થયો. વિશ્રામ લીધેલા અને સુખથી બેઠેલા (બલભદ્ર)ની પાસે સર્વ તરફથી આવેલાઓએ આરોગ્ય પૂછ્યું અને પછી તેઓમાં જેમણે કમલના પત્ર જેવાં નેત્રવાળા શ્રીકૃષ્ણમાં સર્વ સિદ્ધિઓ સ્થાપેલી હતી તેમણે પ્રેમથી ગદ્ગદ થએલી વાણીથી (નીચે પ્રમાણે) પૂછ્યું. ૫-૬.

'પાસે આવીને' એટલે સારી રીતે મળતાં (બલભદ્રનો) આદર થયો એમ પહેલા (શ્લોક ૪)નાં (વાક્ય) સાથે સંબંધ છે. પછી હાસ્ય, હાથ પકડવો વિગેરેથી યોગ્યતા પ્રમાણે ગોપાલોનો (બલભદ્રે) આદર કર્યો એમ અર્થને લીધે પાછલનાં વાક્ય સાથે (આ વાક્ય) યોજવું. હલકાઓનો હાથ પકડ્યો, સરખાઓ તરફ હાસ્ય કર્યું અને ઉત્તમોને પ્રણામ કર્યા એવો (અર્થ છે).

એ પ્રમાણે કાયાના આદરનું વર્ણન કરી, પાંચમા શ્લોકના ઉત્તરાર્ધથી આરંભી વાણીનો આદર કહે છે. (બલભદ્રથી) મોટાઓ પણ હતા. તેથી 'બેઠેલા' એમ કહેલું છે[1]. 'પરિતઃ' સર્વ તરફથી ગોપો આવેલા, પરંતુ કોઈએ પણ તે પ્રસંગે બલભદ્ર તરફ બેદરકારી દેખાડેલી નહિ, એવો અર્થ છે. ૫.

પહેલાં[2] લૌકિક આદર છઠ્ઠા શ્લોકથી કહે છે. પાસે આવેલાઓએ આરંભ માં આરોગ્ય પૂછીને, 'પછી' એટલે જૂદા આરંભથી પ્રેમથી ગદ્ગદ થએલી વાણીથી પૂછ્યું એવો વાક્યનો સંબંધ છે. જો કે આ ઉત્તમ ગુણ સર્વ ગોપાલમાં હતો, છતાં પણ (છઠ્ઠા શ્લોકના ઉત્તરાર્ધથી તેઓમાં) ભેદ જણાવે છે. તેઓમાં

૧. મોટાઓ પણ ત્યાં હોવાથી બલભદ્ર બેઠેલા, પરંતુ સૂતેલા નહિ, એવો અર્થ છે. (લે)
૨. 'પહેલાં' એટલે ગોપીઓના પ્રશ્ન પહેલાં, એવો અર્થ છે. (લે)

જેમણે કમલના પત્ર જેવાં નેત્રવાળા શ્રીકૃષ્ણમાં સર્વ સિદ્ધિઓ સ્થાપેલી હતી, લૌકિક અને વૈદિક બધીએ સિદ્ધિઓ ભગવાનમાં જ સ્થાપેલી હતી તેમણે ગદ્ગદ થએલી વાણીથી પૂછ્યું. તે (એ પ્રમાણે સર્વ સિદ્ધિઓ શ્રીકૃષ્ણમાં સ્થાપન કરવા)નું કારણ 'કમલના પત્ર જેવાં નેત્રવાળા' વિશેષણથી કહેલું છે. શ્રીકૃષ્ણ દૃષ્ટિથી જ સર્વ દુઃખનો નાશ અને મોહ કરાવે છે એવો અર્થ છે. ૬.

નીચેના શ્લોકથી આરંભી નંદ વિગેરેના વાક્યો કહે છે :

**કચ્ચિન્નો બાન્ધવા રામ સર્વે કુશલમાસતે ।।**
**ક્વચિત્સ્મરથ નો રામ યૂયં દારસુતાન્વિતાઃ ।।૭।।**

હે રામ! આપણા સર્વ બાંધવો કુશલ છે ને? હે રામ! સ્ત્રી અને પુત્રોવાળા થએલા તમે અમને કોઈવાર સંભારો છો? ૭.

'વસુદેવ વિગેરે સર્વે કુશલ છે ને? એમ પ્રસંગને લીધે આ લૌકિક (પ્રશ્ન) કહેલો છે. વળી ઉત્તરાર્ધથી સ્નેહ (સંબંધી પ્રશ્ન) પૂછે છે. 'નઃ' એટલે અમને. 'હે રામ!' એ સંબોધન સ્નેહને લીધે કરેલું છે. તમે બધાએ સ્ત્રી અને પુત્રોવાળા થએલા છે, એમ (ગોપોને) ભૂલી જવાનું કારણ (કહેલું) છે, તેથી પ્રશ્ન જાણે કે ઠપકાવાળો હોય તેવો છે. ૭.

તેઓની સમૃદ્ધિ વિગેરે થયાં તે પોતાના ઘણાં ઈષ્ટ છે એમ નીચેના શ્લોકમાં જણાવતાં, (સમૃદ્ધિ વિગેરે) કહે છે :

**દિષ્ટ્યા કંસો હતઃ પાપો દિષ્ટ્યા મુક્તાઃ સુહૃજ્જનાઃ ।।**
**નિહત્ય નિર્જિત્ય રિપૂન્દિષ્ટ્યા દુર્ગં સમાશ્રિતાઃ ।।૮।।**

પાપી કંસને હણ્યો તે સદ્ભાગ્ય. મિત્રોને (કંસના ત્રાસથી) છોડાવ્યા તે સદ્ભાગ્ય. સદ્ભાગ્યે શત્રુઓને હણી વિજય મેળવી તમે કિલ્લાનો આશ્રય કર્યો. ૮.

ભાગ્યને લીધે જ મિત્રોને કંસ(ના ત્રાસ)થી છોડાવ્યા. તે (કંસ) સ્વરૂપ અને ગુણથી દુષ્ટ હતો એમ જણાવતાં, અને તેના વધથી દોષ થએલ નથી એમ પણ સૂચવતાં, 'શત્રુઓને હણી વિજય મેળવી' શબ્દોથી જરાસંધે કરેલ ઉપદ્રવ દૂર થયાનું કહે છે. કાલયવન અને (તેના) સૈન્યને હણી, જરાસંધ વિગેરે ઉપર ઘણી વાર વિજય મેળવી (તમે કિલ્લાનો આશ્રય કર્યો). વિજય (મળવા)નો સંદેહ હોય ત્યારે જ કિલ્લાનો આશ્રય (કરવામાં આવે છે) તેથી, વિજય કિલ્લાનો આશ્રય કરવાનું કારણ નહિ હોવાથી, 'ક્ત્વા' પ્રત્યયથી (હણી, મેળવી શબ્દોથી) (કિલ્લાનો આશ્રય કર્યો તે) પહેલાંનો સમય જ કહેલો છે. આ (અર્થ) 'સદ્ભાગ્યે' શબ્દથી સૂચવે છે. દ્વારકાનો સારી રીતે આશ્રય કર્યો એટલે સંબંધીઓ સાથે ત્યાં રહ્યા. ૮.

એ પ્રમાણે સર્વનો પ્રશ્ન કહીને, નીચેના અર્ધ શ્લોકમાં (તેઓથી)

ગોપીઓનો ભેદ જણાવે છે :

**ગોપ્યો હસન્ત્યઃ પપ્રચ્છૂ રામસંદર્શનાદતાઃ ||૮||.||**

બલભદ્રના દર્શનથી આદરવાળી થએલી ગોપીઓએ હસતાં (તેમને નીચે પ્રમાણે) પૂછ્યું. ૮||.

રાજસ પ્રકરણમાં તે(ગોપી)ઓને શોકરહિત કરેલી, તેથી ભગવાનનું સ્મરણ થતાં પણ તેઓને હર્ષ જ થયો તેથી હાસ્યવાળી થઈ. 'પૂર્ણ (ગોપીઓ)ને ફરી પ્રશ્ન (કરવા)નું શું પ્રયોજન?' એવી શંકા થાય, તેથી 'બલભદ્રના દર્શનથી આદરવાળી થએલી' વિશેષણ યોજેલું છે. બલભદ્રના સારી રીતે એટલે સ્નેહ અને કૃપાવાળાં દર્શનથી 'આદતાઃ' આદરવાળી થઈ. તેથી જેઓ જેની થએલી હોય તેઓએ તેવી રીતે વર્તન કરવું જોઈએ[૧]. તેથી, અને પ્રશ્ન કરવામાં ન આવે તો ઉદાસીનપણું થાય તેથી તેઓએ પ્રશ્ન કર્યો. ૮||.

(ભગવાન્ કરતાં આ ગોપીઓમાં) અર્ધ ભાવ ઓછો હોવાથી[૧], નીચેના શ્લોકથી આરંભી સાડાપાંચ શ્લોકોથી (તેઓનો) પ્રશ્ન કહે છે :

**કચ્ચિદાસ્તે સુખં કૃષ્ણઃ પુરસ્ત્રીજનવલ્લભઃ ||૯||**

શહેરની સ્ત્રીઓના વલ્લભ શ્રીકૃષ્ણ સુખી છે ને? ૯.

પહેલાં ઘણા પ્રકારની ગોપીઓ જણાવેલી છે, છતાં ચાલુ પ્રસંગમાં તે કથા ઉપયોગી નહિ હોવાથી[૨], બીજા પુરાણની તે(કથા)નો આધાર લઈને જણાય છે કે ભગવાન્ નંદગોપ કુમારિકાઓને દ્વારકા લઈ જ[૩] ગએલા[૩]. વળી જે ગોપીઓ

૧. બલભદ્રના દર્શનના પ્રકારથી તેવી એટલે ભગવાનમાં આદરવાળી થઈ પરંતુ સાક્ષાત્ તેવી થઈ ન હતી તેથી પરોક્ષ રીતે જ (ભગવાનને) તેઓએ અનુસરવું જોઈએ, એવો અર્થ છે. (લે)

૧. છ ગુણવાળા ભગવાન્ પૂર્ણ છે. તેવી આ હોય તો છ શ્લોકોથી પ્રશ્ન કરે. અહિં બોલનાર (પ્રશ્ન કરનાર ગોપીઓ) આવરણ (લૌકિક પતિ) વાળી હોવાથી તેમનો ભાવ ઓછો હોવાથી સાડાપાંચ શ્લોકથી પ્રશ્ન કરે છે. (લે)

૨. 'પ્રશ્ન કરનારીના ભાવની સંખ્યા પ્રમાણે શ્લોકની સંખ્યા હોવી જોઈએ' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. પહેલાં તામસ વિગેરે ભાવ પ્રમાણે ગોપીઓ ઘણા પ્રકારની હોવાનું કહેલું છે, અને ત્યાં તેમના ભાવની સંખ્યા પ્રમાણે જ શ્લોકની સંખ્યા કહેલી છે, છતાં પણ હમણાં અંદરનું રમણ જ સ્થિર કરેલ છે. તે રમણ એક જ પ્રકારનું હોવાથી, બધીઓનો ભાવ એક જ પ્રકારનો છે. તેથી ચાલુ પ્રસંગમાં ઘણા પ્રકારના ભાવની કથા ઉપયોગી નહિ હોવાથી, તેમના ભાવની સંખ્યા પ્રમાણે શ્લોકની સંખ્યા નથી એવો અર્થ છે. (લે)

૩-૩. (પહેલાંની રાસની ગોપીઓ અને આ ગોપીઓમાં) ભેદ જણાવે છે. કુમારિકાઓને તો ભગવાન્ દ્વારકા લઈ જ ગએલા. તેઓની પ્રાર્થના ૧૦-૧૯-૪માં જણાવી તેવી હોવાથી

પહેલાં બીજાની થએલી (બીજાને પરણેલી), તેઓના જ વાક્યને અનુસરીને, (તેઓએ ભગવાનને દીધેલ) મેંણાના વાક્યોથી અને પછી ભગવાને કહેલાં વાક્યો થી, તેઓ પણ (આ ગોપીઓથી) જૂદી જ છે એમ જણાય છે માત્ર સાધારણ ગોપીઓનું જ અહિં નિરૂપણ કરવામાં આવે છે, અને તેઓનું નિરૂપણ શંખચૂડના વધના પ્રસંગે કરેલું છે. તેથી જ આમનું સાંત્વન જૂદું કરવામાં આવે છે. શબ્દના બલના વિચારનો[૪] આધાર લેતાં તો એમ જણાય છે કે જેઓ પહેલાં બીજાની થએલી તે બધી[૫] એક પ્રકારની જ હતી, અને[૬] ભગવાનની શક્તિએ હમણાં આ બલભદ્રમાં પ્રવેશ કરેલો હોવાથી, બલભદ્ર પણ ભગવાન જ છે તેથી (બલભદ્રની ભગવાનની શક્તિના પ્રવેશ) પહેલાની સ્થિતિથી બલભદ્રે ગોપીઓનું સાંત્વન કર્યું અને ભગવદ્ભાવથી રમણ કર્યું, એટલે બેમાં વિરોધ (થતો) નથી[૬], તેથી જ અહિં સાંત્વનમાં વિગત કહેલી નથી[૭]. કારણ કે તે(ગોપી)ઓની લૌકિક સ્થિતિ હોવા છતાં, બલભદ્રે પોતાને ભગવદ્રૂપ દેખાડીને પછી તેઓની કામનાઓ પૂરી કરી. મેં ભગવાને આવવાનું કહેલ હોવાથી હું ભગવાન્ બલભદ્ર સાથે એકરૂપ થઈ આવેલો છું[૮], તેથી જ 'હું આવીશ'[૯] એ વચન પણ જેવું સાંભળેલ તેવું સત્ય થયું. શ્રીકૃષ્ણ પોતે ક્લેશ વિના કર્મ કરનાર હોવાથી, પોતાને જ[૧૦] રમણ કરાવતા હોવાથી,

તેમને આવેશવાળા સાથે રમણ ન થાય એમ જણાવવા 'હવે' 'જ' શબ્દ યોજેલ છે. બીજી શ્રુતિરૂપ ગોપીઓ જે પહેલાં બીજાની થએલી તે પણ (આ ગોપીઓથી)જૂદી છે તેથી અહિં માત્ર સાધારણ ગોપીઓનું જ નિરૂપણ કરવામાં આવે છે એવો અર્થ છે. (લે)

૪. આ ગોપીઓ શ્રુતિરૂપ છે. બલભદ્ર પણ વેદરૂપ છે. તેથી બંને શબ્દરૂપના બલ એટલે સામર્થ્યનું વિવેચન કરતાં, એવો અર્થ છે (લે) 'અન્યપૂર્વાઃ' 'બીજા લૌકિક પતિને પહેલાં પરણેલી' એ શબ્દના બલનો વિચાર કરતાં, એટલે એ શબ્દનો અર્થ લેતાં રાસવાળી બીજા લૌકિક પતિવાળી શ્રુતિરૂપ ગોપીઓ અને બીજા પતિવાળી આ ગોપીઓમાં કાંઈ ભેદ ગણાય નહિ, એવો અર્થ જણાય છે. આ એક જ હોય તો બલભદ્ર સાથે રમણ કરવાથી દોષ કેમ થએલ નથી એમ નીચે દર્શાવે છે.

૫. 'બધી' એટલે ૧.બીજા પતિને પરણેલી રાસવાળી અને ૨.શંખચૂડના પ્રસંગવાળી (લે)

૬-૬. આ ગોપીઓનું બલભદ્ર સાથે રમણ કેમ સંભવે તે આ વાક્યથી દર્શાવેલ છે (લે)

૭. જૂઓ આ અધ્યાયનો શ્લોક ૧૬.

૮. ભગવાને કહેલ હોવાથી 'હું ભગવાન્ સાથે એકરૂપ થઈ આવેલ છું' (એમ બલભદ્ર જણાવે છે) એવો અર્થ છે. (લે) ભગવાને ગોપીઓને ફરી મળવા આવવાનું કહેલ હોવાથી 'હું' ભગવાન્ બલભદ્ર સાથે એકરૂપ થઈ આવ્યો છું. એવો અર્થ વધારે યોગ્ય લાગવાથી કરેલ છે.

૯. જૂઓ ૧૦-૩૬-૩૫.

૧૦. 'પોતાને જ' એટલે 'બલભદ્રમાં આવેશવાળા પોતાને' રમણમાં દેહ વિગેરેનો વ્યાપાર

હરકોઈ પ્રકારે પોતામાં જ આસક્તિ કરાવતા હોવાથી, બહારના[11] ધર્મોની અને કામની દરકાર કરતા નથી. નિરોધમાં ભક્તિમાર્ગના વિરોધની તો શંકા કરવી નહિ. વળી લૌકિક (કામ) સાથેના ભક્તિમાર્ગમાંજ (નિરોધનો) વિરોધ થાય તેથી (આ) ગોપીઓ (રાસવાળી ગોપીઓથી) જૂદી હોય અથવા તેની તે જ હોય, (તેમાં) ભેદ થતો નથી, તેથી જૂદું વર્ણન કરેલું નથી. છતાં પણ જૂદી હોય તે પ્રમાણે જ વ્યાખ્યાન કરવું એવો રીવાજ છે.

બલભદ્રે લૌકિક રીતે તેઓને આદરવાળી કરેલી હોવાથી, તેઓ લૌકિક દૃષ્ટિથી પ્રશ્ન કરે છે. શ્રીકૃષ્ણ સ્ત્રીઓનું હિત કરનારા છે. તેઓનું તેવું (હિત અથવા અહિત) સુખ અને દુઃખથી થાય છે તેથી, અમે દુઃખી છીએ અને બીજાઓ સુખી છે, કારણ કે ભગવાન્ સાથે એક સ્થલમાં રહેનારીઓને જ આનંદનું દાન આપી સુખી કરે છે. સાધારણ સ્થિતિથી તો સુખ થતું નથી. એમ કહેલું ન હોવા છતાં, ઘણા ભાગે સ્વીકારી લઈ તેઓએ આ પ્રશ્ન કહેલો છે શ્રીકૃષ્ણ ખરેખર સુખી છે, કારણ કે શહેરની સ્ત્રીઓના વલ્લભ છે. અમારા વલ્લભ હોય તો કદાચ જૂદા પ્રકારના (સુખી નહિ તેવા) હોય એવો ભાવ છે. ૯.

કોઈ સમયે અમારાં સ્મરણથી પણ જૂદા પ્રકારના (સુખ નહિ તેવા) થાય, એવા વિચારથી નીચેનો શ્લોક કહે છે :

**ક્વચિત્સ્મરતિ વા બન્ધૂન્પિતરં માતરં ચ સઃ ।।**
**અપિ વા સ્મરતેऽસ્માકમનુસેવાં મહાભુજઃ ।।૧૦।।**

તે કોઈ સમયે બંધુઓનું પિતાનું અને માતાનું સ્મરણ કરે છે? મોટી ભુજાઓવાળા (તે) અમારી અનુસેવાનું સ્મરણ કરે છે? ૧૦.

'બંધુઓનું' એટલે ગોપોનું અને ગોપીઓનું. 'પિતાનું અને માતાનું' શબ્દોથી જેમના વિના ચાલે નહિ તેમનું સ્મરણ પૂછે છે. જો કે તમે (બલભદ્ર) સ્મરણ કરો છો, છતાં પણ તે શ્રીકૃષ્ણ સ્મરણ કરે છે કે નહિ એવો સંદેહ છે.

એ પ્રમાણે પ્રસંગનું વર્ણન કરી, ઉત્તરાર્ધથી પોતાના સ્મરણ સંબંધી વિચાર કરે છે. સેવા જરુરી છે, ઈચ્છા પ્રમાણે સેવા થાય તે અનુસેવા છે. 'મોટી

---

કરાવતા નથી એમ જણાવવા 'હવે' 'જ' શબ્દ યોજેલ છે. તેવું રમણ કરાવવાનું કારણ 'ક્લેશ વિના કર્મ કરનારા' શબ્દથી કહેલું છે. દેહ વિગેરેથી રમણ કરતાં ક્લેશ થાય, એવો અર્થ છે (લે) ભગવાન્ સર્વના આત્મા હોવાથી ગોપીઓને રમણ કરાવે છે તે પોતાને જ રમણ કરાવે છે, એવો ભાવ જણાય છે.

૧૧. 'બહારના' એટલે 'દેહના સ્થાને રહેલ બલભદ્રના' એવો અર્થ છે. (લે) બહારના એટલે રમણ સિવાયના, લૌકિક, એવો અર્થ જણાય છે.

ભુજાવાળા' વિશેષણથી ક્રિયાશક્તિ સર્વથી વધારે કહેલી છે આથી એમ જણાવેલું છે કે ગોપીઓને લઈ જવામાં અથવા પોતાને ગોકુલ આવવામાં તેમને જરા પણ ભય નથી. ૧૦.

જો કે (આ ગોપીઓએ) ભગવાન્ ઉપરના દ્વેષનો ત્યાગ કરેલ હતો, છતાં પણ કાલના વિલંબને લીધે દુષ્ટ બુદ્ધિ થાય. તેથી તેઓનો દોષ નથી એમ જણાવવા નીચેનો શ્લોક કહે છે :

**માતરં પિતરં ભ્રાતૄન્ જ્ઞાતીન્પુત્રાન્સ્વસૄરપિ ।।**
**યદર્થે જહિમ દાશાર્હ દુસ્ત્યજાન્સ્વજનાન્પ્રભો ।।૧૧।।**

હે દાશાર્હ ! હે પ્રભો ! જેમને માટે માતા, પિતા, ભાઈઓ સગાંઓ પુત્રો અને બેનો (એવાં) તજી ન શકાય તેવા સગાઓનો અમે ત્યાગ કર્યો... ૧૧.

પાંચ (સગાંઓ) જરુરી છે. સ્ત્રીઓને મુખ્ય માતા હોય છે. 'પતિને તજીને' એમ કહેવાનું હતું ત્યાં 'સગાંઓ' શબ્દથી સાધારણ રીતે જ તે(પતિ)નો પણ ત્યાગ કહેલો છે, કારણ કે તેઓએ ભગવાનમાં જ પતિપણાનું સ્થાપન કરેલું. 'પતીન્ પુત્રાન્' 'પતિઓ પુત્રો' એવો પાઠ હોય ત્યારે (પતિના ત્યાગ સંબંધી) કાંઈ પણ સંદેહ રહેતો નથી. આરંભમાં અને અંતે સ્ત્રીઓ જણાવેલી છે, કારણ કે તેઓને તેમને માટે ઘણો આદર છે. સર્વથી નિંદાએલી (ગોપીઓ)એ તેમના તરફના આદરનો ત્યાગ કરી, ભગવાનને જ ગ્રહણ કર્યા, તેથી 'જેમને માટે ત્યાગ કર્યો' એમ કહેલું છે. 'હે દાશાર્હ!' એવું સંબોધન કરેલ હોવાથી, તેઓ પશ્ચાત્તાપથી આ કહેતી નથી. ત્યાગ ભારે કરેલો એમ કહેવા 'તજી ન શકાય તેવાં સગાંઓનો' શબ્દોથી જેઓનો ત્યાગ કરેલ તેઓનું નિરૂપણ કરે છે. આ શબ્દોથી અંતઃકરણના અને દેહના દઢ સંબંધો કહેલા છે. 'હે પ્રભો!' એ સંબોધનથી એમ જણાવેલું છે કે (ગોપીઓને લઈ જવાનું અથવા ગોકુલ આવવાનું ભગવાનમાં) સામર્થ્ય હોવાથી (તેઓનો) ત્યાગ કરે ત્યારે મેણું (આપવું) યોગ્ય છે. ૧૧.

જે(મેણાં)માટે આ કહેલું તે મેણું નીચેના શ્લોકમાં કહે છે :

**તા નઃ સદ્યઃ પરિત્યજ્ય ગતઃ સંચ્છિન્નસૌહૃદઃ ।।**
**કથં નુ તાદશં સ્ત્રીભિર્ન શ્રદ્ધીયેત ભાષિતમ્ ।।૧૨।।**

(તે શ્રીકૃષ્ણ) એકદમ તે અમોને તજી, મૈત્રીને તોડી નાખી જતા રહ્યા. સ્ત્રીઓ તેવાં (તેમના) વચન ઉપર વિશ્વાસ કેમ જ ન કરે ? ૧૨.

અંતઃકરણથી પણ (શ્રીકૃષ્ણે અમારો) ત્યાગ કર્યો એવો અર્થ 'મૈત્રીને તોડી નાખી' શબ્દોથી કહેલો છે. (તેમણે અમારી) મરણ સમાન પીડાની પણ દરકાર ન કરી એ (મૈત્રી) સારી રીતે તોડવાનું થયું.

'જાણવામાં જ હતું કે વસુદેવના પુત્ર હરકોઈ પ્રકારે અહિં (ગોકુલમાં) આવીને રહેલા છે. તેથી સર્વનો ત્યાગ કરીને એવી રીતે તેમની સેવા શા માટે કરી?' એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધ કહેલો છે. જો કે (તે અમારો) ત્યાગ કરશે એવો નિર્ણય તર્કથી કરેલો, છતાં પણ હૃદયને વશ કરીને જેમ વિશ્વાસ ઉત્પન્ન થાય તેવી રીતે (કહેલાં) વચન ઉપર વિશ્વાસ કેમ ન આવે? કારણ કે સ્ત્રીઓ શુદ્ધ પ્રેમવાળી હોય છે (અને) કપટને જાણતી (સમજતી) નથી, એમ (ગોપીઓએ) પોતાની પ્રશંસા કરેલી છે. તેથી (શ્રીકૃષ્ણના) વચન ઉપરના વિશ્વાસને લીધે અમે તેમ (સગાંઓનો ત્યાગ કરી તેમની સેવાનું કાર્ય) કર્યું, તેથી અમારો દોષ નથી. શાસ્ત્રની દૃષ્ટિએ પણ 'સર્વ ધર્મોનો ત્યાગ કરી મને એકલાને શરણ આવ' 'હે કૌંતેય! જાહેર કર કે મારા ભક્તનો નાશ થતો નથી' વિગેરે વાક્યો છે. 'નું' 'જ' શબ્દ અનુમાન (કરવા)ના અર્થમાં યોજેલો છે, (તેથી) 'કોઈક એવું પણ હોય જે વિશ્વાસ ન કરે' એ (વિષય)નો અસંભવ પણ સૂચવેલો છે. ૧૨.

એવી રીતે શંકાશીલપણાથી ભગવાનમાં દોષની સંભાવના કરીને, હવે (ભગવાન્) શહેરની સ્ત્રીઓ સાથે સંબંધ કરે છે એમ સંભારીને, ઘણી ઈર્ષ્યા થઈ. તેથી તેમને તે વિષય સંબંધી સુખ ન થાય એવું વિચારતાં, શહેરની સ્ત્રીઓ પણ જો (વિષય સુખથી) પાછી હઠે તો (તેમ) થાય એમ (વિચારી), તેમને પાછી હઠાવવા માટે નીચેના શ્લોકમાં (તેમને) મેણું મારે છે :

**કથં નુ ગૃહ્ણન્ત્યનવસ્થિતાત્મનો વચઃ કૃતઘ્નસ્ય બુધાઃ પુરસ્ત્રિયઃ।।**
**ગૃહ્ણન્તિ વૈ ચિત્રકથસ્ય સુન્દરસ્મિતાવલોકોચ્છ્વસિતસ્મરાતુરાઃ।।૧૩।।**

ચકોર શહેરની સ્ત્રીઓ, જેમના સેવકોની પ્રતિષ્ઠા નથી તેવા કૃતઘ્નીનું વચન કેમ માનતી હશે? (અથવા) વિચિત્ર કથાવાળાના સુંદર સ્મિત અને દૃષ્ટિથી ઉદ્ભવેલા કામથી દુઃખી થએલી માનતી હશે જ. ૧૩.

'(ભગવાનનાં) વચન સુખ ઉત્પન્ન કરનારાં છે અને સુખ આપે છે તેથી તેમનામાં વિશ્વાસ કેમ ન થાય?' એવી શંકા થાય, તેથી 'જેમના સેવકોની પ્રતિષ્ઠા નથી તેવા' વિશેષણ યોજેલું છે. 'ન' નથી 'અવસ્થિતાઃ' લોક અથવા વેદમાં (કોઈ) એક સ્થલે પ્રતિષ્ઠાવાળા 'આત્માનઃ' જીવો જેમના, તેવા (ભગવાન્ છે). કારણ કે ભગવાનના સેવકોની કોઈ સ્થલે પ્રતિષ્ઠા હોતી નથી. તેથી ભગવદીઓની ભગવાન્ સિવાય (ક્યાંય) પ્રતિષ્ઠા નહિ હોવાથી આ લોકના (સુખ)ને ઈચ્છનારીઓ 'નુ' નિશ્ચય પૂર્વક (ભગવાનના વચનને) કેમ માને?

'પ્રતિષ્ઠા (પ્રાપ્ત કરવા)ના સાધન કરવામાં આવતાં પ્રતિષ્ઠા કેમ પ્રાપ્ત ન કરે? 'આ લોકમાં જ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરે છે, પરલોકમાં જ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરે છે,

જેઓ આ રાત્રિઓ (તપ) કરે છે તેઓ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરે છે' વિગેરે વાક્યો પ્રમાણે 'કર્મ કરવામાં આવતાં પ્રતિષ્ઠા કેમ પ્રાપ્ત ન કરે?' એવી શંકા થાય, તેથી 'કૃતઘ્ની' વિશેષણ યોજેલું છે, કારણ કે તે (ભગવાન્) કરેલાં (તપ વિગેરે સાધન)નો પણ નાશ કરે છે. તેથી જ કહેલું છે કે 'હરિ તો લોકમાં અથવા વેદમાં સ્વસ્થતા કરશે નહિ, કારણ કે પુષ્ટિમાર્ગમાં રહેલાં છે. સર્વ સાક્ષી થાઓ' એમ કહેલું છે.

'(શહેરની સ્ત્રીઓ) આ જાણતી નથી' એવી શંકા થાય, તેથી 'ચકોર' વિશેષણ યોજેલું છે. ચકોર હોવાનું કારણ 'શહેરની સ્ત્રીઓ' શબ્દથી કહેલું છે, કારણ કે શહેરમાં રહેનારા ચકોર હોય છે. તે વિષયમાં પોતે જ (ભગવાનના) વચનને માનવાથી અને ન માનવાથી થતાં દુઃખના ભેદનો વિચાર કરીને, ન માનવાથી ઘણું દુઃખ થતું હોવાથી માનવાની યોગ્યતા ઉત્તરાર્ધથી કહે છે. 'વૈ' 'જ' એટલે નિશ્ચય (માનતી હશે જ), આ વિષયમાં સંદેહ પણ નથી. તેનાં ત્રણ કારણો કહે છે. (૧) 'વિચિત્ર કથાવાળા' ભગવાનની કથાના વિચિત્રપણાને લીધે વાણીથી વશ થએલીઓ (તેમનું વચન) માને. (૨) સુંદર સ્મિત અને (૩) દૃષ્ટિથી મન અને કાયાથી મોહ પામેલીઓ માને. (ભગવાનના એ) ત્રણે(ગુણો)નું કાર્ય થયું એમ કહે છે કે સ્મિત અને દૃષ્ટિથી ઉદ્‌ભવ પામ્યો જે કામ, મર્યાદાનું ઉલ્લંઘન કરીને ઉદ્‌ભવ્યો, તેનાથી દુઃખી થએલી (વચન માને). જેમ તાવથી પીડાતો વૈદ્યના વચનને સાંભળે છે (અને તેના) કહેવાથી તીખું કડવું વિગેરે પણ ખાય છે તેની પેઠે (શહેરની સ્ત્રીઓ ભગવાનનું વચન માનેજ) એવો અર્થ છે. ૧૩.

એવી રીતે કેટલીક ગોપીઓએ પોતે દુઃખનો અનુભવ કરીને, અજ્ઞાનને લીધે દોષ મટાડનાર (ભગવાન)માં દોષ હોવાનું માન્યું, તેઓને તેમ ન કરવા બીજીઓ નીચેના શ્લોકથી કહે છે :

**કિં નસ્તત્કથયા ગોપ્યઃ કથાઃ કથયનાપરાઃ ।।**
**યાત્યસ્માભિર્વિના કાલો યદિ તસ્ય તથૈવ નઃ ।।૧૪।।**

હે ગોપીઓ! તે(શ્રીકૃષ્ણ)ની કથાનું આપણને શું પ્રયોજન? બીજી કથાઓ કહો. જો તેમનો સમય આપણા વિના જાય છે તો આપણો પણ તેવી જ રીતે (તેમના વિના જાય છે). ૧૪.

હે અક્કલ વિનાની ગોપની સ્ત્રીઓ! તે(શ્રીકૃષ્ણ)ની કથાનું આપણને શું પ્રયોજન? (કથાથી ભગવાનમાં) દોષ ઉત્પન્ન (દોષબુદ્ધિ) થતાં (તેનાથી) ભક્તિ નિરોધ અથવા મુક્તિ થતાં ન હોવાથી[1] અને (આપણામાં) દોષ[2] થતો હોવાથી,

૧. (ભગવાનની) કથા ભક્તિ નિરોધ અથવા મુક્તિ પ્રાપ્ત કરાવનારી છે છતાં દોષ ઉત્પન્ન થાય એટલે (ભગવાનમાં) દોષનો આરોપ કરવામાં આવે તો કથાથી ભક્તિ નિરોધ અથવા મુક્તિ

તેમની કથાથી આપણને કાંઈ પણ લાભ થવાનો નથી[3]. ભક્તિમાર્ગ (આપણને પ્રાપ્ત થયો) હોત તો વિઘ્નોને દૂર કરી (આપણે) સ્નેહથી ભગવાનનું ભજન કર્યું હોત. નિરોધ (પ્રાપ્ત થયો) હોત તો એક ક્ષણ જ ભગવાનનું દર્શન ન થતાં (આપણે) દેહ ઇન્દ્રિયો વિગેરેનો ત્યાગ કર્યો હોત. મુક્તિ (પ્રાપ્ત થઈ) હોત તો (આપણામાં) વિષમપણું રહ્યું ન હોત[3], તેથી[4] દોષો[5] દૂર થએલ નહિ હોવાથી અને ગુણો[6] નહિ હોવાથી, તેમની કથાનું (આપણને) શું પ્રયોજન?

'કથાના રસનો આવેશ થવાથી કથા પણ કહેવી અથવા સાંભળવી જોઈએ' એવી શંકા થાય, તેથી 'બીજી કથાઓ કહો' એમ કહેલું છે. જેમનાથી (ભગવાનમાં) દોષ ઉત્પન્ન (દોષબુદ્ધિ) ન થાય તેવી (બીજી કથાઓ કહો).

'એવી રીતે (ભગવાનથી) ઉદાસીનપણું કેમ કરી (રાખી) શકાય?' એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધ કહેલો છે. પરમાર્થ (પ્રાપ્ત કરવા)નું પ્રયોજન નહિ હોવાથી, લૌકિક પ્રયોજન માટે ભગવાનની જરુર રહી. તે(લૌકિક પ્રયોજન માટેના કાર્ય)માં બંનેમાં લંપટપણું અને ભોક્તાપણું રહે છે. એમ હોવાથી જો આપણા વિના તેમનો સમય જાય છે તો તેમના વિના આપણો પણ (સમય) જાય છે જ, કારણ કે આપણે મરેલી નથી. જેમના વિના જેનો નિર્વાહ ન થાય તે મેંણું દેવા યોગ્ય થાય (તેવાને મેંણું દેવામાં આવે) ત્યારે જેમ પ્રાણ જતાં હોય ત્યારે સર્વ પદાર્થ લેવામાં (દોષ થતો નથી) તેમ શાસ્ત્ર પ્રમાણે દોષ થતો નથી અને લોકમાં નિંદા પણ થતી નથી; કારણ કે જેની પાસેથી લેવાની શાસ્ત્રમાં મના કરેલી છે તેની પાસેથી પણ અન્ન અથવા જલ લેતાં મરવા પડેલાને પાપ થતું નથી. તેવી રીતે જો ભગવાન્ વિના આપણા પ્રાણ જતા હોય તો (તેમને આપેલ) મેંણાંથી દોષ ન થાય, નહિ તો ઉદાસીનને મેંણું આપવાથી (દોષ) થાય તેમ દોષ જ થાય.

હવે (આપણા) ભજન પ્રમાણે ભજન કરવું, તે (ગુણ) ભગવાનમાં નથી

---

થતાં નથી, એવો અર્થ છે. (લે)

૨. છેવટની દશા(મરણ)ના કારણરૂપ સ્થિતિ દોષ છે, એમ ભ્રમરગીતની ટિપ્પણીમાં કહેલું છે. (લે)

૩...૩ આ ભાગથી આપણને ફલ પ્રાપ્ત થએલ નથી એમ દર્શાવે છે. (લે)

૪. 'તેથી' એટલે (ભગવાનમાં) દોષનો આરોપ થતાં ફલ પ્રાપ્ત થતું ન હોવાથી (લે)

૫. (ભક્તિમાર્ગના) વિઘ્નો દેહ ઇન્દ્રિયો વિગેરે, અને વિષમપણું રહેવું એ દોષો (લે)

૬. ૧૦-૨૮-૯માં જણાવેલ છ ગુણો આપણામાં પ્રકટ થએલ ન હોવાથી. (લે)

૭. 'બંને પ્રકારની' એટલે ભગવાનમાં દોષ હોવાનું કહેનારી અને તેઓને તેમ કહેવાની મના કરનારી (લે)

જ, કારણ કે આપણા વિના જ તેમનો સમય જાય છે. તેથી જો (આપણો) પોતાનો (ભગવાન્ આપણા ભજન પ્રમાણે આપણને ભજે) તેવો અધિકાર હોય (અને) ભગવાન્ સંબંધી શાસ્ત્ર સત્ય હોય તો ભગવાન જ અહિં પધારે, (અને તે શાસ્ત્ર) સત્ય ન હોય તો આપણું મરણ જ થાય (આ) બંને થએલ નથી, તેથી નિરર્થક મેંણું દેવું જોઈએ નહિ એવો અર્થ છે. આ બંને પ્રકારની[૭] ગોપીઓ મૂર્ચ્છા પામવા સુધીના પ્રયાસવાળી છે. તેથી પહેલા પ્રકારની દુઃખથી (મેંણાં) કહે છે, બીજા પ્રકારની મરણ થતું નહિ હોવાથી (તેમ કરવાની) મના કરે છે. ૧૪.

પછી મરણ થાય ત્યાં સુધી પીડાએલીઓએ ભગવાનની ઈચ્છાથી અંદરના દુઃખને બહાર કાઢ્યું એમ નીચેના શ્લોકમાં કહે છે :

**ઈતિ પ્રહસિતં શૌરેર્જલ્પિતં ચારુવીક્ષિતમ્ ।।**
**ગતિં પ્રેમપરિષ્વઙ્ગં સ્મરન્ત્યો મુમુહુઃ સ્ત્રિયઃ ।।૧૫।।**

એ પ્રમાણે શૌરિનું હાસ્ય, ભાષણ, સુંદર દષ્ટિ, ગતિ (અને) પ્રેમ સહિત આલિંગનનું સ્મરણ કરતી સ્ત્રીઓ મૂર્ચ્છા પામી. ૧૫.

૧.'હાસ્ય' અંદર અને બહાર મોહ કરનારું છે. 'શૌરિ' શબ્દથી ભગવાન નું સામર્થ્ય કહેલું છે. ૨.'ભાષણ' વાણીનું (કાર્ય) છે. ૩.'સુંદર દષ્ટિ' ઈન્દ્રિયનું કાર્ય છે. ૪.ગતિ અને ૫.'પ્રેમ સહિત આલિંગન' શબ્દોથી બંને પ્રકારના કાયાનાં કાર્ય કહેલાં છે એવી રીતે પાંચ અંગવાળા ભગવાનનું સ્મરણ કરતી સ્ત્રીઓ મોહ અથવા મૂર્ચ્છા પામી. ૧૫.

મરણ થાય તેવું હોત તો ભગવાન જ ત્યાં પધારત અને ગોપીઓને સાયુજ્યનું[૧] દાન કરત. તેમ ન હતું તેથી ભગવાને બલભદ્ર દ્વારા તેમનું સાંત્વન કર્યું, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**સઙ્કર્ષણસ્તાઃ કૃષ્ણસ્ય સંદેશૈર્હૃદયઙ્ગમૈઃ ।।**
**સાન્ત્વયામાસ ભગવાન્નાનાનુનયકોવિદઃ ।।૧૬।।**

જુદા જુદા પ્રકારનું સાંત્વન કરવામાં ચતુર ભગવાન્ બલભદ્રે શ્રીકૃષ્ણના હૃદયને સ્પર્શ કરે તેવા સંદેશાઓથી તેઓનું સાંત્વન કર્યું. ૧૬.

'તેઓનું' એટલે જેઓનો પહેલાં નિરોધ કરેલો અને શોક દૂર કરેલો તેવી (ગોપીઓ)નું. (તેઓમાં) દોષ ફરી ઉત્પન્ન થતાં ઉદ્ધવની પેઠે (અને) તેથી પણ ઉત્તમ પ્રકારે (તેઓનું) સાંત્વન કર્યું, કારણ કે (બલભદ્ર) ભગવાન્ હતા અને જુદા જુદા પ્રકારનું સાંત્વન કરવામાં ચતુર હતા. જેમ તેઓનું સાંત્વન થાય તેવી જ

૧. 'સાયુજ્યનું દાન કરત' એટલે (તેમની) સાથે ભેગા થઈ આલિંગન વિગેરે કરત એવો અર્થ છે. (લે)

તેઓને કરેલી. ૧૬.

બલભદ્ર સાંત્વન કરવા માટે જ ત્યાં ગએલા અને માત્ર વાણીથી સાંત્વન થાય નહિ, તેથી વસંતના સમયમાં ત્યાં જ રહ્યા, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**દ્વૌ માસૌ તત્ર ચાવાત્સીન્મધું માધવમેવ ચ ।।**
**રામઃ ક્ષપાસુ ભગવાન્ગોપીનાં રતિમાવહન્ ।।૧૭।।**

અને ભગવાન્ રામ ગોપીઓને રાત્રિઓએ રમણ કરાવતા ચૈત્ર અને વૈશાખ બે માસ ત્યાં જ રહ્યા. ૧૭.

કારણ કે હરકોઈ સ્થલે ઘણો સમય રહેતા (તેથી) ત્યાં પણ રહ્યા. 'ચૈત્ર અને વૈશાખ' શબ્દોથી (એમ જણાવેલું છે કે) વસંતમાંજ કામથી પીડા ઘણી થતી હોવાથી અને તે (બલભદ્ર) હોય તો કામ પીડા કરે નહિ તેથી (ત્યાં તે મહિનામાં રહ્યા) ભગવાનને ઉદ્ધવ દ્વારા (ગોપીઓનું) અલૌકિક સમાધાન કરીને, લૌકિક રીત પ્રમાણે બલભદ્ર દ્વારા સમાધાન કર્યું એવો અર્થ છે. 'રામ' પણ રમણની વૃદ્ધિ કરાવનારા છે. રાત્રિઓએ ભગવદ્રૂપ થઈ ગોપીઓને રમણ કરાવતાં તેમણે પોતે પણ રમણ કર્યું એમ અગલા (શ્લોક ૧૮) સાથે સંબંધ છે, અથવા (ગોપીઓને રમણ કરાવતાં) તે 'રહ્યા' એમ પહેલાનાં (આ શ્લોકના શબ્દ) સાથે (સંબંધ છે). 'ચ' 'અને' શબ્દથી એમ જાણવું કે તે વસંત ત્રણ માસની હતી[1]. ૧૭.

જો (બલભદ્ર) બીજાના કાર્ય માટે જ જાય તો લોકમાં અણછાજતું ગણાય તેથી ભગવાનની ઈચ્છાથી તેમણે પોતે પણ રમણ કર્યું, એમ કહે છેઃ

**પૂર્ણચન્દ્રકલામૃષ્ટે કૌમુદીગંધવાયુના ।।**
**યમુનોપવને રેમે સેવિતે સ્ત્રીગણૈર્વૃતઃ ।।૧૮।।**

પૂરા ચંદ્રના બિંબોથી ઉજળાં બનેલા નદીના સંબંધવાળા અને સુગંધી વાયુથી સેવાએલા યમુનાના ઉપવનમાં સ્ત્રીઓના સમૂહોથી વીંટાએલા તેમણે રમણ કર્યું. ૧૮.

તેઓના (પોતાના) પતિઓનો સંબંધ થતાં જે (ગોપીઓ) વિરોધ કરતી ન હતી, તેઓ બલભદ્રનો સંબંધ થતાં પણ વિરોધ ન જ કરે. આથી એમ સૂચવેલું છે કે સાક્ષાત્ દોષ વિનાના (જીવ)ને (ભગવાન્ સિવાય બીજાનો) સંબંધ થતો નહિ હોવાથી, ભગવાનના ધર્મોને સર્વત્ર ભગવાનની પ્રાપ્તિ થાય તે માટે તેમના જેવી (બીજી ગોપીઓ) કરેલી[1]. તેના જેવું (બીજું) કરવાનું પણ પ્રભાવવાળાના

---

૧. ફાગણ માસ પણ લેતાં વસંત ત્રણ માસની હતી; એવો અર્થ છે. (લે)

૧. દોષ વિનાના સાક્ષાત્ ભગવાનના સંબંધવાળા પદાર્થને બલભદ્રનો સંબંધ થતો નથી. તેથી 'ભગવત્સિદ્ધ્યર્થં' એટલે ભગવાનના જેવું રમણ થાય તે માટે ભગવાનના બધા ધર્મોમાં

સંબંધમાં જ થાય છે, પરંતુ પ્રભાવ વિનાનાના સંબંધમાં થતું નથી, તેથી (બલભદ્રે કરેલ) યમુનાને ખેંચવાનું અને વરુણ વિગેરેએ કરેલું (તેમનું) સન્માન કહેશે. દેહ વિગેરે તજવા યોગ્ય જ[2] છે, તેથી જેમ વસ્ત્રને પવિત્ર કરવા વસ્ત્રને જલમાં નાખવામાં આવે છે, તેમ આમને ભગવાનના ધર્મોમાં[3] મૂકી.

'પૂરા ચંદ્રના બિંબોથી 'મૃષ્ટે' ઉજળા બનેલા યમુનાના ઉપવનમાં' શબ્દોથી રમણનાં સાધન કહેલાં છે. વન અને નદી રસનું પોષણ કરનારાં છે. પછી જરુર રહી વાયુની, તેથી દેશનું વર્ણન કરીને 'નદીના સંબંધવાળા અને સુગંધી વાયુથી (સેવાએલા)' એમ કહે છે. ૧.કુમુદ (રાત્રે ખીલતાં કમળો)ના સંબંધવાળી 'કૌમુદી' એટલે નદી. તેના સંબંધવાળી ૨.ગંધવાળા વાયુથી સેવાએલા, અથવા ૧.'કૌમુદી' એટલે ચંદ્રનો પ્રકાશ અને ૨.ગંધ એ બંને સાથેના વાયુથી સેવાએલ હોવાથી જ ઉપવનમાં[4] મંદપણું હતું. આ રમણ પુષ્પો વીણવારૂપ હતું. બહારનું હતું એમ જણાવવા 'સ્ત્રીઓના સમૂહોથી વીંટાએલા' એમ કહેલું છે. આથી એમ જણાવ્યું છે કે સર્વે પ્રકારની સ્ત્રીઓ ટોળાબંધ ત્યાં હતી. ૧૮.

નીચેના શ્લોકમાં તે(બલભદ્ર)નો પ્રભાવ કહે છે :

---

એટલે પૂર્ણચંદ્ર વિગેરે સર્વ પદાર્થોમાં તેમના જેવા જ બીજા પદાર્થો કરેલા. બલભદ્ર પણ ભગવાન્ જેવા જ હતા. તેથી બધુંએ પોતાના જેવું બીજું બનાવેલું એવો ભાવ છે. બલભદ્રમાં ભગવાનનો આવેશ થએલ તેમ સર્વ પદાર્થમાં તે તે પદાર્થનો આવેશ થાય તે તેના જેવું બીજું બનાવ્યું કહેવાય. (લે) ભગવાન્ સાથે રમણ કરનાર ગોપીઓ જેવી બીજી ગોપીઓ બનાવેલી અને તેમની સાથે ભગવાનના આવેશવાળા બલભદ્રે રમણ કર્યું એવો આ લેખની નોટનો ભાવાર્થ થાય છે. વસ્તુતઃ ભગવાનના સંબંધવાળા દોષરહિત પદાર્થ સાથે બીજા કોઈનો સંબંધ થતો નથી, સુબોધિનીનો ભાવાર્થ એવો જણાય છે કે ભગવાનના સંબંધવાળી ગોપીઓને બીજા કોઈનો સંબંધ થયો નથી. તેમના લૌકિક પતિ તથા બલભદ્ર સાથે જેઓને સંબંધ થયો તે તેમના જેવી બીજી ગોપીઓ બનાવવામાં આવતી તેમને થએલ. તેથી આ ભાવાર્થ પ્રમાણે અર્થ કરેલ છે.

૨. પાછલથી ઉત્પન્ન થએલી અને જેમનામાં (મૂલ ગોપીઓનો) આવેશ થએલ તેમના દેહ વિગેરેને પહેલાંના આકારને ત્યાગ કરી પવિત્ર કરવાં જોઈએ જ એવો અર્થ છે. (લે) મૂલ ગોપીઓના જેવી જેમને બનાવવામાં આવતી તેમના દેહ વિગેરેનો ત્યાગ કરાવવો જ જોઈએ, એવો અર્થ જણાય છે.

૩. 'ભગવાનના ધર્મોમાં' એટલે 'બલભદ્રમાં રહેલા ભગવાનના ધર્મોમાં' (લે)

૪. 'સેવિતે' 'સેવાએલા' ઉપવનનું વિશેષણ છે, તેથી અહિં ઉપવનનું મંદપણું કહેલું જણાય છે. ઉપવનના વૃક્ષો વિગેરે થોડાં થોડાં હાલે તે તેનું મંદપણું વસ્તુતઃ મંદપણું વાયુનું છે. મંદ અથવા બલવાન વાયુ હોય તે પ્રમાણે ઉપવનનાં વૃક્ષો વિગેરે થોડાં અથવા ઘણાં હાલે એ સ્પષ્ટ જ છે.

**વરુણપ્રેષિતા દેવી વારુણી વૃક્ષકોટરાત્ ।।**
**પતન્તી તદ્વનં સર્વં સ્વગન્ધેનાધ્યવાસયત્ ।।૧૯।।**

વરુણે મોકલેલી વારુણી દેવીએ વૃક્ષોનાં કોટરોમાંથી પડતાં તે બધાં વનને પોતાની ગંધથી સુવાસિત કર્યું. ૧૯.

અમૃતનું મંથન થયું ત્યારે કોઈ એક વારુણી લક્ષ્મીની સાથે ઉત્પન્ન થએલી. તે (વૃક્ષોની) અધિષ્ઠાત્રી દેવતાના બધા વૃક્ષોમાં રહે છે. તે દૈત્યોને આપવામાં આવેલી તેથી દૈત્યોના રાજા(વરુણ)ને આધીન છે. તે જે વૃક્ષમાં રહેઠાણ કરે તેમાંથી જ મદિરાની ધારા ઉત્પન્ન થાય. સંકર્ષણ પણ ભગવાનની તામસી મૂર્તિ છે. તે મદિરાથી ઘણા પ્રસન્ન થાય છે તેથી દૈત્યોના રાજા વરુણે આજ્ઞા કરેલી (તે) દેવતારૂપ હોવાથી, (બલભદ્રને) જેમ સુખ થાય તેમ (તેમના) ઈચ્છેલાં ગંધ અને રસવાળી થઈ પડે છે. તેથી વૃક્ષોનાં કોટરોમાંથી પડતાં તેણે તે બધાંએ વનને પોતાની ગંધથી, જેમ તે ગંધ સર્વને ઘણો મોહ કરે તેવી રીતે સુવાસિત કર્યું. ૧૯.

તેથી જ ગંધથી જ વશ થએલા બલભદ્રે તેનું પાન કર્યું એમ કહે છે :

**તદ્ગન્ધં મધુધારાયા વાયુનોપહૃતં બલઃ ।।**
**આઘ્રાયોપગતસ્તત્ર લલનાભિઃ સમં પપૌ ।।૨૦।।**

વાયુએ આણેલી મદિરાની ધારાની તે ગંધ સૂંઘીને બલભદ્રે ત્યાં જઈ સ્ત્રીઓ સહિત (તેનું) પાન કર્યું. ૨૦.

'તે' એટલે 'આખા વનમાં પ્રસરેલી' 'વાયુએ આણેલી' હોવાથી (બલભદ્ર) દૂર ક્રીડા કરતા હોવા છતાં સૂંઘીને (ત્યાં) ગયા. બંને પૂર્ણ રમણ કરે ત્યારે ભગવાનનું સ્મરણ[1] થતાં, (બંનેને) સંકોચ થાય અથવા રસ ઉત્પન્ન ન થાય, તેથી આ (કાર્ય) માટે સ્ત્રીઓ સહિત (બલભદ્રે) તે(મદિરા)નું પાન કર્યું. ૨૦.

પછી તે (ગોપી)ઓ ચિંતા વિનાની થતાં રસનું પોષણ કરનારી થઈ એમ કહેવા, નીચેના શ્લોકમાં તેઓનું ગાન કહે છે :

**ઉપગીપમાનચરિતો વનિતાભિર્હલાયુધઃ ।।**
**વનેષુ વ્યચરત્ક્ષીબો મદવિહ્વલલોચનઃ ।।૨૧।।**

સ્ત્રીઓથી જેમના ચરિત્રનું ગાન થતું હતું, (મદિરાના) મદથી જેમનાં

૧. 'સ્મરણ' એટલે બલભદ્રમાં આવેશ કરેલ ભગવાનનું જ્ઞાન. (લે) પૂર્ણ રમણ કરતા હોય ત્યારે ભગવાનનું સ્મરણ થાય તો બંનેને સંકોચ(લજ્જા) થાય, તેથી તેવું સ્મરણ ન થાય અને પૂર્ણ રમણ થઈ શકે તે માટે વિસ્મરણ કરાવનારી મદિરાનું પાન કર્યું, એવો ભાવ જણાય છે.

લોચનો વિહ્વલ થયાં હતાં તેવા હલાયુધી વનોમાં છાકટા થઈ ફર્યા. ૨૧.

'જેમના ચરિત્રનું ગાન થતું હતું' વિશેષણથી સ્ત્રીઓની તેમનામાં રુચિ કહેલી છે, કારણ કે તે 'વનિતાઃ' વનમાં ગએલી જંગલી બનેલી હતી. 'હલાયુધ' નામથી તે(બલભદ્ર)ને પણ વિચાર ન હતો એમ કહેલું છે. વળી તે 'ક્ષીબઃ' છાકટા થયા હતા. આથી તેમને વિચાર ન હતો એ સારી રીતે જણાવેલું છે. 'મદિરાના મદથી જેમનાં લોચનો વિહ્વલ થયાં હતા' વિશેષણથી એમ કહેલું છે કે તે લોકોને જોતા હોવા છતાં જોતા નહિ. ૨૧.

એવી સ્થિતિ પ્રાપ્ત થએલ (બલભદ્ર)નું આધિદૈવિકરૂપ પ્રકટ થયું એમ જણાવવા નીચેના શ્લોકમાં (તેમનું) વર્ણન કરે છે :

**સ્રગ્વ્યેકકુણ્ડલો મત્તો વૈજયન્ત્યા ચ માલયા ।।**
**બિભ્રત્સ્મિતમુખામ્ભોજં સ્વેદપ્રાલેયરૂષિતમ્ ।।૨૨।।**

તે માલાવાળા, એક કુંડલવાળા, છાકટા હતા (અને) પરસેવારૂપ હિમથી શોભતું અને વૈજયંતી માલાથી હાસ્યવાળું મુખકમલ ધારણ કરતા હતા. ૨૨.

તે ચાર મૂર્તિવાળા[1] થાય તે માટે ચાર વિશેષણો કહેલા છે. ૧.'માલા-વાળા' એટલે પુષ્પોની માળાઓથી વીંટાએલ દેહવાળા હતા. ૨.એક જ છે કુંડલ જેમનું તેવા હતા. આ સંકર્ષણનું અસાધારણ ચિહ્ન છે કારણ કે તેમને યોગ જ છે, સાંખ્ય નથી[2]. ૩.સ્વભાવથી છાકટા હતા ૪.નવ રત્નો જડેલી પગ સુધી લંબાતી વૈજયંતી માલાને લીધે તે હાસ્યવાળું મુખકમલ એટલે શ્વેત મુખકમલ ધારણ કરતા હતા. પરસેવારૂપ 'પ્રાલેયાઃ' હિમના બિંદુઓ હતા, તેથી મુખકમલ શોભતું હતું. આથી એમ સૂચવેલું છે કે કુદરતી શ્રમ જ શોભા કરાવનારો છે, પરંતુ મહેનતથી થએલો શ્રમ તેવો નથી, કારણ કે તે (મહેનતથી થએલ) પરસેવાના બિંદુઓ શીતલ હોતાં નથી. ૨૨.

'ત્યારે[1] મદિરાથી (બલભદ્રના) સ્વરૂપનો જ નાશ થયો' એવી શંકા થાય, તેથી તેમ માનનાર દેવનો પણ તે નાશ કરે છે એમ જણાવવા, તેમ માનનારી

---

૧. વાસુદેવના આવેશવાળા સંકર્ષણનો જેમનામાં આવેશ છે તેવા બલભદ્ર છે, એમ જન્મ પ્રકરણમાં કહેલું છે. તેથી તે સદા ત્રણ મૂર્તિવાળા છે. હમણાં પુરુષોત્તમે પણ તેમનામાં આવેશ કરેલ હોવાથી તે ચારમૂર્તિવાળા થયા, એવું સંખ્યાનું તાત્પર્ય કહેલું છે (લે) વાસુદેવ સંકર્ષણ પ્રદ્યુમ્ન અને અનિરુદ્ધ એ ચાર વ્યૂહમૂર્તિ છે.

૨. સંકર્ષણ વેદરૂપ છે. સાંખ્યમાં આત્મા અને જડનો ભેદ જણાવેલ છે. વેદમાં સર્વ આત્મરૂપ હોવાથી આવો ભેદ તેને ઈષ્ટ નથી એવો ભાવ છે. (લે)

૧. 'ત્યારે' એટલે (બલભદ્ર) છાકટા થયા ત્યારે, એવો અર્થ છે. (લે)

યમુનાને શિક્ષા કરવાની ઈચ્છાથી તેમણે તેને બોલાવી, એમ કહે છે :

**સ આજુહાવ યમુનાં જલક્રીડાર્થમીશ્વરઃ।।**
**નિજં વાક્યમનાદત્ય મત્ત ઈત્યાપગાં બલઃ।।**
**અનાગતાં હલાગ્રેણ કુપિતો વિચકર્ષ હ ।।૨૩।।**

તે ઈશ્વરે યમુનાને જલક્રીડા (કરવા) માટે બોલાવી. 'આ(છાકટા) છે' એમ માની, પોતાના વાક્યનો અનાદર કરી નહિ આવેલી નદીને બલભદ્રે કોપ કરી હલની અણીથી ઘસડી. ૨૩.

માત્ર શિક્ષા કરવા બોલાવામાં આવે તો ઘણું જ છાકટાપણું થાય ગણાય, તેથી જ્યાં મદિરા પીને ઉભા હતા ત્યાં જ જલક્રીડા કરવી એવા વિચારથી 'જલક્રીડા કરવા માટે' એમ કહેલું છે. 'એમ કરવામાં આવે તો પણ છાકટાપણું થાય જ, કારણ કે ઈશ્વરની મર્યાદા પ્રમાણે રાખવામાં આવેલી નદીઓ ક્યાંય (બીજે) આવતી નથી, અથવા આવે તો તેમનાથી મર્યાદાનો ભંગ કેમ થાય?' એવી શંકા થાય, તેથી 'ઈશ્વર' શબ્દ યોજેલ છે, કારણ કે (ઈશ્વરની) મર્યાદા પોતાના માટે જ હોતી નથી. તેમ ન હોય (ઈશ્વરના માટે પણ મર્યાદા હોય) તો (ઈશ્વર) ક્રીડા માટે જગત્ બનાવે છે એવો મત ખોટો ઠરે. કારણ કે ઈશ્વર જે તે વશ રાખે છે તેની પાસે જતા નથી, (તેથી બલભદ્રે યમુનાને બોલાવી).

પછી યમુનાએ વિચાર્યું કે 'આ છાકટા છે, છાકટા જ હોવાથી વિચાર કર્યા વિના મને બોલાવે છે.' તેથી બલભદ્રના વાક્યનો અનાદર કરીને નહિ આવેલી 'આપગાં' નદીને (બલભદ્રે) હલની અણીથી ઘસડી. હલમાં પણ આધિદૈવિકપણું હોવાથી તેણે દેવતા સહિત નદીને કીનારા (ના પ્રદેશ)માં પણ નીચાણવાળી કરી અને નહેરના માર્ગે વાળી. તે વખતે દેવતા સહિત જલ પોતે હતું તે માર્ગથી ન વહેતાં (નવો નહેરરૂપ માર્ગ કર્યો) તે જ માર્ગથી વહેવા લાગ્યું. ૨૩.

'આ (નહેર માર્ગે જલ વહેવરાવવું તે) પણ છાકટાનું જ કાર્ય છે' એવી શંકા થાય તેથી (બલભદ્રે) જ્ઞાનપૂર્વક તેમ કર્યું એમ નીચેના શ્લોકમાં કહે છે :

**પાપે ત્વં મામવજ્ઞાય યન્નાયાસિ મયાહુતા ।।**
**નેષ્યે ત્વાં લાઙ્ગલાગ્રેણ શતધા કામચારિણીમ્ ।।૨૪।।**

હે પાપણી ! મેં બોલાવેલી તુ મારો અનાદર કરીને ન આવી તેથી તને સ્વચ્છંદીને હલની ટોચથી સેંકડો વિભાગવાળી કરીશ. ૨૪.

મેં 'આહુતા=આહૂતા' બોલાવેલી (તું આવી નહિ) અથવા તું મારી અવજ્ઞા કરીને આવી નહિ, તેથી મેં તને 'હુતા' હોમી છે; જેમ હોમેલી બળી જાય છે તેમ સૂકી (બનાવી છે) એવો અર્થ છે. સૂકવી એટલી જ માત્ર શિક્ષા નથી, પરંતુ

(તને) રહેઠાણ વિનાની પણ કરીશ, કારણ કે વરસાદના જલને લીધે પણ લોકો (તને) નદી તરીકે માનશે નહિ, એવો તે (અર્થ) ઉત્તરાર્ધથી કહે છે. જેમ ખેતરમાં સિંચેલું જલ જતું રહે, તેવી (તને કરીશ). ઈશ્વરના વચનનું ઉલ્લંઘન કરવાથી ભારે પાપ થાય છે, અને પાપ કરવામાં આવે ત્યારે સજા વિગેરે (કરવામાં આવે તે)માં દોષ નથી, એમ જણાવવા 'હે પાપણી!' એવું સંબોધન કરેલું છે. 'સ્વછંદી' વિશેષણથી તેનો અપરાધ કહેલો છે. ૨૪.

આ તે(બલભદ્ર)ની પ્રતિજ્ઞા ન હતી, પરંતુ માત્ર ધમકી જ હતી એમ નીચેના શ્લોકમાં કહે છે :

**એવં નિર્ભત્સિતા ભીતા યમુના યદુનન્દનમ્ ।।**
**ઉવાચ ચકિતા વાચં પતિતા પાદયોર્નૃપ ।।૨૫।।**

હે નૃપ! એ પ્રમાણે ધમકાવેલી ભય પામેલી યમુનાએ આશ્ચર્ય પામી ચરણમાં પડી યદુનંદનને (નીચે પ્રમાણે) વાણી કહી. ૨૫.

ઘસડવાનું સામર્થ્ય અનુભવેલું તેથી જાણ્યું કે (કહે છે તેમ) જરુર કરશે જ, તેથી ભય પામી. પ્રવાહના સ્થાનથી દૂર ઘસડાએલી 'ચકિતા' આશ્ચર્ય પામેલી થઈ યદુનંદન એટલે ભક્તો ઉપર કૃપા કરનારને કહેવા લાગી. 'અપરાધની ક્ષમા કરાવવા ચરણમાં પડી' એમ (કહેલું છે). હલકા (પુરુષ)ને (આવું) જ્ઞાન થતું નથી તેથી (પરિક્ષિતને) જ્ઞાન થાય તે માટે 'હે નૃપ!' એવું સંબોધન કરેલું છે. ૨૫.

નીચેના શ્લોકમાં તેની પ્રાર્થના કરે છે :

**રામ રામ મહાબાહો ન જાને તવ પૌરુષમ્ ।।**
**યસ્યૈકાંશેન વિધૃતા જગતી જગતઃ પતે ।।૨૬।।**

હે રામ! હે રામ! હે મહાબાહુવાળા! હે જગતના પતિ! જેમના એક અંશથી જગત્ ધારણ કરાએલ છે તેવા આપનું પુરુષાતન હું જાણતી નથી. ૨૬.

આદર દર્શાવવા (હે રામ! હે રામ! એમ) બે વાર કહેલું છે, તેથી અવજ્ઞા (કરેલી તે) મટી જાય છે. 'હે મહાબાહુવાળા' સંબોધનથી પોતે અનુભવેલું ભગવાન નું સામર્થ્ય કહેલું છે. તે જ્ઞાન સામાન્ય રીતે જ થએલું છે, સારી રીતે જાણતી નથી એમ 'આપનું પુરુષાતન હું જાણતી નથી' શબ્દોથી કહેલું છે. અથવા વાસ્તવિક રીતે આપ મહાબાહુવાળા છો, પરંતુ હું તે જાણતી નથી એવો અર્થ છે.

'જાણતી હતી છતાં અપરાધ ક્ષમા કરાવવા તે પ્રમાણે કહે છે' એવી શંકા થાય તેથી ઉત્તરાર્થ કહેલ છે. કારણ કે માહાત્મ્યનો અનુભવ થાય ત્યારે જાણવામાં આવે. પણ નદી ભૂમિના એક ભાગમાં (રહેલી) છે, (અને) જેમના માથા ઉપર ભૂમંડલ રાઈના દાણા પેઠે રહે છે, એ વાક્ય પ્રમાણે પચાસ કરોડ (યોજન)ના

વિસ્તારવાળી ભૂમિ જ જેમના એક અંશ (માથા)થી ધારણ કરાએલી છે (તેવા આપ છો), તેથી (આપનું પુરુષાતન) જાણ્યા (અનુભવ્યા) વિના અપરાધ કરેલો હોવાથી (આપે) ક્ષમા કરવી જોઈએ એવો ભાવ છે.

'જાણ્યા વિના પણ અપરાધ કરવામાં આવે ત્યારે લોકમાં સજા થતી જોવામાં આવે છે' એવી શંકા થાય, તેથી 'હે જગતના પતિ' એવું સંબોધન કરેલું છે. આ જાણ્યા વિના કરેલ અપરાધ માટે સજા કરવાની વ્યવસ્થા અજાણ્યા લોકમાં હોય છે. પતિ તો અજ્ઞાનથી (અપરાધ) થાય ત્યારે સજા કરતા નથી. ૨૬.

" 'સર્વ શાસ્ત્રમાં પ્રસિદ્ધ 'સંકર્ષણ મહાન છે' એવો (વૃત્તાંત) તું 'જાણતી જ હતી. તેથી' જાણતી નથી એમ કેમ (કહે છે)?'' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**પરં ભાવં ભગવતો ભગવન્મામજાનતીમ્ ।।**
**મોક્તુમર્હસિ વિશ્વાત્મન્પ્રપન્નાં ભક્તવત્સલ ।।૨૭।।**

હે ભગવન્! હે વિશ્વના આત્મા! હે ભક્ત પ્રેમી! (આપ) ભગવાનનું ઉત્તમ ગૌરવ ન જાણનારી શરણે આવેલીને મને આપ મુક્ત કરો. ૨૭.

આપમાં મનુષ્ય હોવાપણું અથવા આધિભૌતિક હોવાપણું લોકમાં પ્રસિદ્ધ છે, પરંતુ ભગવાન્ શ્રીકૃષ્ણમાં ઉત્તમ ગૌરવ (પ્રસિદ્ધ છે) તેવું (આપમાં) નથી. તે જ (ભગવાન્ શ્રીકૃષ્ણે) આપમાં આવેશ કરેલો છે. એમ કોઈ પણ જાણતું નથી. તેથી સાક્ષાત્ ભગવાનનું ઉત્તમ ગૌરવ આપમાં હોવાનું ન જાણનારીને મને મુક્ત કરો. 'હે ભગવન્!' એ સંબોધનથી એમ સૂચવેલું છે કે હવે (તે આપમાં હોવાનું) જાણ્યું તેથી ભવિષ્યમાં અપરાધ થશે નહિ. અપરાધ થાય તો પણ ક્ષમા કરવી યોગ્ય છે એમ જણાવવા 'હે વિશ્વના આત્મા!' એવું બીજું સંબોધન કરેલું છે, કારણ કે (પોતે કરેલો) પોતાનો અપરાધ કોઈને પણ રોષ કરતો નથી.

'છતાં પણ (તેં મારામાં) ગૌરવના આવેશને લીધે ભેદ જોયો તેથી ક્ષમા કરતો નથી' એમ કહે તેથી 'હે ભક્તપ્રેમી!' એવું સંબોધન કરેલ છે. પોતે ભક્ત છે એમ 'શરણે આવેલી' વિશેષણથી કહે છે. ૨૭.

એવી રીતે કર્મ જ્ઞાન ભક્તિના પ્રકારથી[1] (યમુનાએ) પ્રાર્થના કરી ત્યારે (બલભદ્રે) તેને મુક્ત કરી એમ નીચેના શ્લોકથી કહે છેઃ

**તતો વ્યમુઞ્ચદ્યમુનાં યાચિતો ભગવાન્ બલઃ ।।**
**વિજગાહ જલં સ્ત્રીભિઃ કરેણુભિરિવેભરાટ્ ।।૨૮।।**

પછી યાચના કરેલ ભગવાન્ બલભદ્રે યમુનાને મુક્ત કરી (અને) જેમ

૧. અનુક્રમે ૨૫, ૨૬ અને ૨૭મા શ્લોકથી આ ત્રણ પ્રકારે પ્રાર્થના કરી છે.

હાથણીઓ સહિત હાથી (જલમાં પડે) તેમ સ્ત્રીઓ સાથે જલમાં પડ્યા. ૨૮.

યમુનાએ જ મુક્ત કરવા યાચના કરી, કારણ કે બલભદ્ર ભગવાન્ હતા. મોટા (પુરુષો)ની આવી જ વ્યવસ્થા હોય છે.

'ફરી યમુના અપકાર કરશે નહિ એમ જાણીને તેમ કર્યું હશે' એવા વિચારને 'બલભદ્રે' શબ્દથી ખોટો જણાવે છે. તેમણે પોતાના બલના દઢ નિર્ણયને લીધે જ તેમ કર્યું પરંતુ, ફરી અપકાર કરશે નહિ એમ જાણીને તેમ કર્યું ન હતું એવો અર્થ છે. બલભદ્ર યમુના ઉપર પ્રસન્ન થયા હતા એમ જણાવવા ઉત્તરાર્ધથી તેમણે કરેલી ક્રીડા કહે છે. પહેલાંની પેઠે તેમણે મર્યાદાનો ત્યાગ કર્યો એમ જણાવવા 'જેમ હાથણીઓ સહિત હાથી જલમાં પડે' એવું દૃષ્ટાંત કહેલું છે. ૨૮.

આટલે સુધી (બલભદ્રને) ભગવાન્ કહીને, (પછી) ભગવાન્ તિરોહિત થયા એમ જણાવવા તેમનાં વસ્ત્રો ભીંજાવાથી (તેમણે) બીજાં વસ્ત્રો પહેર્યાં એમ નીચેના શ્લોકમાં કહે છે :

**કામં વિહૃત્ય સલિલાદુત્તીર્ણાયાસિતામ્બરે ।।**
**ભૂષણાનિ મહાર્હાણિ દદૌ કાન્તિઃ શુભાં સ્રજમ્ ।।૨૯।।**

ઈચ્છા પ્રમાણે વિહાર કરીને જલમાંથી બહાર નીકળેલા (બલભદ્ર)ને કાંતિએ બે શ્યામ વસ્ત્રો, ઘણાં કિંમતી આભૂષણો અને શુભ માલા આપી. ૨૯.

કાંતિ ભગવાનની ચોથી[1] શક્તિ છે. તેથી જ તેણે ભગવાનની ચોથી તામસી મૂર્તિ બલભદ્ર છે, તેમના હિત માટે તેમને પ્રિય બે શ્યામ વસ્ત્રો, તેમનાં ભૂષણો અને શુભ એટલે કલ્યાણ સૂચવનારી માલા આપ્યાં. તેમ થયું ન હોત તો પોતાના અપરાધના સ્મરણને લીધે બલભદ્રનું જીવન જ ન રહેત[2]. ભગવાનની શક્તિએ તેમનો સત્કાર કર્યો તેથી તેમનો અંદરનો તાપ[3] દૂર થયો. ૨૯.

પછી તે પહેરવાથી બહારનું મલિનપણું પણ ગયું એમ કહે છે :

**વસિત્વા વાસસી નીલે માલામુન્મુચ્ય કાઞ્ચનીમ્ ।।**
**રેજે સ્વલઙ્કૃતો લિપ્તો માહેન્દ્ર ઈવ વારણઃ ।।૩૦।।**

---

૧. 'શ્રીપુષ્ટિ..' એમ ગણતાં કાંતિ ચોથી શક્તિ છે. (લે) (જૂઓ ૧૦ )

૨. ભગવાનની શક્તિ (કાંતિ)એ સત્કાર કર્યો ન હોત તો ભગવદીયા યમુનાને ઘસડવારૂપ અપરાધના સ્મરણથી થતી ગ્લાનિને લીધે બલભદ્ર પોતાના અવતારની સમાપ્તિ કરત એવો અર્થ છે. તેમણે ભગવાનની આજ્ઞા પ્રમાણે ગોપીઓનું કાયાથી થતું સાંત્વન કરવા રમણ કરેલું, પરંતુ યમુનાને ઘસડવાનું (કાર્ય) તો પોતાની ઈચ્છાથી કરેલું હોવાથી તે અપરાધરૂપ હતું એવો ભાવ છે. (લે)

૩. 'અંદરનો તાપ' એટલે ઉપર નોટ ૨ માં જણાવેલી ગ્લાનિ. (લે)

બે શ્યામ વસ્ત્રો પહેરી, સુવર્ણની માલા ધારણ કરી, સારી રીતે અલંકાર ધારણ કરેલા અને લેપ કરેલા (તે) ઈન્દ્રના હાથીની પેઠે શોભ્યા. ૩૦.

પોતાની જાતનાથી જ પોતાની જાતનું[1] હઠે તેથી એ શ્યામ વસ્ત્રો ધારણ કરી, અને સુવર્ણની એટલે સ્વરૂપથી[2] પણ અમૃત ભરેલી સદા ગુણરૂપ કીર્તિરૂપ માલાને ધારણ કરીને, દોષ વિનાના ગુણવાળા થઈ બલભદ્ર શોભ્યા. એવી રીતે સ્વાભાવિક સ્થિતિ પ્રાપ્ત કરીને સારી રીતે અલંકારો ધારણ કર્યા અને અંગ ઉપર સુગંધી લેપો લગાડ્યા. તે બધાને સુંદર જ દેખાયા, પરંતુ અદશ્ય થયા ન હતા એવું દષ્ટાંત 'ઈન્દ્રના હાથીની પેઠે' શબ્દોથી કહે છે. ઐરાવતની પેઠે શોભતા હતા. ૩૦.

ભવિષ્યમાં પણ તેમનું માહાત્મ્ય જોવામાં આવે છે. એમ નીચેના શ્લોકમાં કહે છે, કારણ કે તેમ ન હોય તો ભવિષ્યમાં તેમની અપકીર્તિ થાયઃ

**અદ્યાપિ દશ્યતે રાજન્ યમુનાકૃષ્ટવર્ત્મના ॥**
**બલસ્યાનન્તવીર્યસ્ય વીર્યં સૂચયતીવ હિ ॥૩૧॥**

હે રાજન્! આજે પણ યમુના (બલભદ્રે) ઘસડેલા માર્ગથી અનંત વીર્યવાળા બલભદ્રના વીર્યને જાણે કે સૂચવતી હોય તેવી દેખાય છે. ૩૧.

'આકૃષ્ટવર્ત્મના' એટલે હલ વડે ઘસડેલા માર્ગથી મોટા જ વીર્યવાળાના વીર્યને જાણે કે સૂચવતી હોય તેવી યમુના થઈ છે, પરંતુ બલભદ્રનું બલ તેટલું જ છે એમ નથી. વાસ્તવિક રીતે તો તે[1] નકામું છે, કારણ કે પૂરેપૂરું માહાત્મ્ય સૂચવનારું તે નથી, એમ જણાવવા 'ઈવ' 'જાણે કે હોય તેવી' શબ્દ યોજેલ છે. ૩૧

એવી રીતે એક દિવસનું (બલભદ્રનું) કૃત્ય વર્ણવી, તે જેટલો સમય રહ્યા તે બધાએ દિવસોને નીચેના શ્લોકમાં લાગુ પાડે છે :

**એવં સર્વા નિશા યાતા એકેવ ચરતો વ્રજે ॥**
**રામસ્યાક્ષિપ્તચિત્તસ્ય માધુર્યૈર્વ્રજયોષિતામ્ ॥૩૨॥**

એવી રીતે વ્રજમાં ફરતા વ્રજસ્ત્રીઓના માધુર્યથી હરાએલાં ચિત્તવાળા બલભદ્રની સર્વ રાત્રિઓ એકની પેઠે ગઈ. ૩૨.

'એકની પેઠે' શબ્દથી (એમ કહેલું છે કે બધી રાત્રિઓ જવાના) પ્રકારમાં

---

૧. બે વસ્ત્રો શ્યામ હતા. મલિનપણું પણ શ્યામ છે એવી લોકમાં પ્રસિદ્ધિ છે. તેથી (બંને) એક જાતના થયાં. (લે)

૨. 'સુવર્ણનું હોવું' એ બ્રહ્મનો ધર્મ કહેલ હોવાથી, (તેવા પદાર્થમાં) મરણના દોષ હોતા નથી અને તે સદા સદ્‌ગુણરૂપ હોય છે, કારણ કે (ભગવાન્) દોષ વિનાના અને પૂર્ણ ગુણવાળા દેહવાળા છે, એવું વાક્ય છે. (લે)

૧. 'તે' એટલે 'બલભદ્રનું યમુનાને નવા માર્ગે ઘસડવાનું કાર્ય' એવો અર્થ જણાય છે.

ભેદ ન હતો. 'વ્રજમાં ફરતા' વિશેષણથી (એમ કહેલું છે કે) સ્થાન એક હોવાથી (બલભદ્રે) ભેદ દેખાડેલ નહિ, પરંતુ (પોતામાં તેવું) સામર્થ્ય ન હોવાથી દેખાડેલ નહિ એમ ન હતું. તેમણે પોતાનું પુરુષાતન દર્શાવ્યું પણ નહિ તેનું કારણ ઉત્તરાર્ધથી કહેલું છે, કારણ કે બલભદ્ર સાધનને મુખ્ય માનનાર હતા, (અને) ભગવાનના ગુણો ત્યાં (વ્રજમાં) પ્રકાશતા હોવાથી, તેનાં[1] સાધન માટે બીજા (સ્થાન) કરતાં તે યોગ્ય હોવાથી, તેટલાથી જ પૂર્ણ થએલી ઈચ્છાવાળા (તે થયા). માધુર્યથી[2] એટલે ભગવાન્ પ્રતિ પ્રગટ કરેલ[3] ધર્મોથી હરાએલ ચિત્તવાળા (તેમ)ને જાણે કે એક રાત્રિ ગઈ હોય તેમ (બધી રાત્રિઓ ગઈ) એવો અર્થ છે. ૩૨.

**ઈતિ શ્રીલક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીમદ્‌વલ્લભદીક્ષિતે રચેલી**
**શ્રીમદ્‌ભાગવતની સુબોધિનીમાં દશમા સ્કંધના વિવરણમાં**
**ઉત્તરાર્ધનો બાંસઠમો અધ્યાય સંપૂર્ણ.**

---

૧. 'તેનાં' એટલે 'ભગવાનના ગુણો પ્રગટ કરવાનાં' (લે)

૨. વ્રજની સ્ત્રીઓનાં માધુર્યમાં વ્રજનો સંબંધ હોવાથી જ, તેટલાથી પૂર્ણ થએલી ઈચ્છાવાળા થયા, એવો અર્થ છે (લે)

૩. આ માધુર્યનો અર્થ કહેલો છે. માધુર્ય એટલે ભગવાન્ પ્રતિ પ્રકટ કરેલ તેનાં જેવાં કટાક્ષ વિગેરે ધર્મો. (લે)

# અધ્યાય ત્રેંસઠમો.

## ભગવાને મિથ્યા વાસુદેવને માર્યો, કાશીને બાળી

**કામસ્ય પૂર્તિમુક્ત્વાત્ર ક્રોધસ્યાપિ નિરૂપ્યતે ।।**
**કંસાદેરિવ દુષ્ટાનાં મોક્ષોઽત્ર વિનિરૂપ્યતે ।।૧।।**

કામ પૂર્ણ કરવાનું કહી, અહિં ક્રોધ પણ (પૂર્ણ કરવાનું) કહેવામાં આવે છે. કંસ વિગેરેની પેઠે દુષ્ટોના મોક્ષનું નિરૂપણ કરવામાં આવે છે. કા.૧.

**સસ્થાનસ્ય સદેવસ્ય પોષકૈઃ સહિતસ્ય ચ ।।**
**વિપક્ષિણો નાશરૂપઃ પૂર્વસ્માદ્વચસા પૃથક્ ।।૨।।**

સામાવાળાઓના સ્થાન સાથેનો દેવ સાથેનો અને પોષણ કરનારાઓ સાથેના નાશરૂપ મોક્ષ (અહિં કહેલો છે). વાણીને લીધે પહેલાં કરતાં (આ) જૂદો[1] છે. કા.૨.

**લૌકિકૈરપિ વાક્યૈર્યઃ કામાદૌ પ્રવિશેત્પુમાન્ ।।**
**તં કૃષ્ણો મોચયેત્સત્યં સર્વથેતિ નિરૂપ્યતે ।।૩।।**

લૌકિક વાક્યોથી[2] પણ જે પુરુષ (ભગવાનમાં) કામ વિગેરે રાખે છે તેને શ્રીકૃષ્ણ સર્વ પ્રકારે મુક્ત કરે છે જ એમ કહેવામાં આવે છે કા.૩.

**પૌન્ડ્રકસ્ય સમિત્રસ્ય કર્મોપાસનસંયુતૌ ।।**
**સાધારવંશમાત્રસ્ય નાશઃ સપ્તદશેઽભવત્ ।।૪।।**

કર્મ અને ઉપાસના ભેગાં થતાં[3], મિત્ર સહિત (અને) આધારરૂપ આખા

---

૧. બાણાસુર પ્રસંગમાં તેનું સ્થાન રહેવા દીધેલું, અહિં સ્થાન કાશી સહિત સામાવાળાનો નાશ કરેલ છે. બાણાસુરના પ્રસંગમાં દેવ મહારૂદ્ર ઉપર ભગવાને કૃપા કરેલી, અહિં દેવ મલિના-વિદ્યાથી ઉત્પન્ન કરેલ અગ્નિનો પણ નાશ કરેલ છે. બાણાસુરના પ્રસંગમાં પોષણ કરનાર રુદ્રના ગણો કાર્તિકેય વિગેરેને રાખેલા, અહિં પોષણ કરનાર સુદક્ષિણા અને ઋત્વિજોનો પણ નાશ કરેલ છે. બાણાસુરના પ્રસંગમાં સામાવાળાનો માત્ર અહંકાર જ દૂર કરેલો, અહિં તેઓનો નાશ કરે છે. આવા પ્રકારને લીધે આ મોક્ષરૂપ નિરોધ બાણાસુરના નિરોધથી જૂદા પ્રકારનો છે. તેનું કારણ 'વાણીને લીધે' શબ્દથી જણાવેલું છે. ભગવાને પ્રહલાદને વરદાન આપેલ (૧૦-૬૦-૭૪) તેથી બાણાસુરનો નિરોધ જૂદા પ્રકારે કરેલો. (લે)

૨. ગયા અધ્યાયમાં વર્ણવેલી ગોપીઓને લોકના વાક્ય સાંભળીને ભગવાન્ વિષે કામ થએલો. આગળ શ્લોક ૨માં જણાવ્યા પ્રમાણે પૌંડ્રકને પણ લોકના વાક્યો સાંભળી ભગવાન્ વિષે ક્રોધ થએલો. (લે)

૩. આ બે ભેગાં થતાં, આધારરૂપ જે આખો વંશ તેની સાથે અને મિત્ર કાશીરાજ સાથે પૌંડ્રકનો નાશ થયો, એમ આ સત્તરમા અધ્યાયમાં કહેવામાં આવે છે. (લે)

વંશ સહિત પૌંડ્રકનો નાશ સત્તરમા (અધ્યાય)માં થયો. કા.૪.

પહેલા કહેલા તામસ વિગેરે (ભક્તો)ને સાત્ત્વિક કરેલા હોવાથી, અને ગોપીઓ કામવાળી હોવાથી, સાત્ત્વિક પ્રકરણમાં ગયા અધ્યાયમાં (તેમનો) કામ પૂર્ણ કર્યો. હવે કંસની પેઠે પ્રાકૃત વાક્યોથી પણ જેઓએ ભગવાનમાં ભાવ રાખેલ તેઓનો મોક્ષરૂપ નિરોધ[1] કહેવામાં આવે છે. દૈત્યોના અંશરૂપ (ભગવાનનો) દ્વેષ કરનારાઓનો સાક્ષાત્ મોક્ષ થતો નથી, તેથી (તેઓનો) નિરોધરૂપ મોક્ષ જ કહેવામાં આવે છે. તેમાં પણ કામ અને ક્રોધ એક સમયે પ્રકટ થાય છે તેથી અને (ભગવાનની) શક્તિઓ પણ વિભાગ કરેલ હોવાથી, જ્યારે ગોપીઓનો નિરોધ કરવા ભગવાન્ બલભદ્ર ગયા તે જ સમયે સાક્ષાત્ ભગવાનનું (ભગવાને કરેલ) કાર્ય કહેવા માટે કાશીને બાળવાની કથાનો આરંભ કરવામાં આવે છે. નીચેના શ્લોકથી આરંભી તેની પ્રસ્તાવના કહે છે :

।।શ્રીશુક ઉવાચ।।

**નન્દવ્રજં ગતે રામે કરૂષાધિપતિર્નૃપ ।।**

**વાસુદેવોઽહમિતિ દૂતં કૃષ્ણાય પ્રાહિણોત્ ।।૧।।**

હે નૃપ! બલભદ્ર નંદના નેસડે ગયા ત્યારે કરૂષના રાજાએ ‘હું વાસુદેવ છું’ એમ માની શ્રીકૃષ્ણ પાસે દૂત મોકલ્યો. ૧.

મનુના પુત્ર કરૂષમાંથી ઉત્પન્ન થએલા[2] તે કારૂષો જ કરૂષ ક્ષત્રિયો હતા. વાસ્તવિક રીતે તેઓ ઉત્તર પ્રદેશના રાજાઓ બ્રાહ્મણના ભક્તો અને ધર્મમાં આસક્તિવાળા હતા. તેઓનો કોઈ એક રાજા કોઈ એક વસુદેવ નામના (કરૂષ)નો પુત્ર, પુરાણોમાં વાસુદેવ અવતાર ધારણ કરશે એમ સાંભળીને, (પોતે) વસુદેવનો પુત્ર હોવાથી ‘હું જ વાસુદેવ છું’ એમ (માનવા લાગ્યો)[3]. ભગવાનની ઈચ્છાથી ‘હું વાસુદેવ છું’ એવો સદા વિચાર થતો દેહને આત્મા માનનાર હોવાથી[4] જ તે (તેવો વિચાર) તેને થતો હોવાથી, (તે) બહિર્મુખના જ (હું) વાસુદેવ (છું) એવા વિચારથી પોતાના દેશનો ત્યાગ કરી કાશીમાં રહેવાની (તેને) બુદ્ધિ થઈ. પછી

૧. ભગવાન્ સાથે તેમના અધિકારને યોગ્યરૂપથી સ્થિતિ, અને પછી તેમનામાં લય એ નિરોધ એવો અર્થ છે. (લે)

૨. જૂઓ શ્રીમદ્ભાગવત ૯-૨-૧૬.

૩. અહિં ‘માનવા લાગ્યો’ શબ્દ અધ્યાહાર છે. (લે)

૪. તેને ‘વાસુદેવ છું’ એવો વિચાર થયો, તેનું કારણ કે તે વસુદેવનો પુત્ર હોવાથી દેહ વાસુદેવ હતો, તેથી આત્મા પણ વાસુદેવ હોવાનું તેણે માન્યું; પરંતુ ભગવાન્ સર્વરૂપ હોવાથી, હું પણ વાસુદેવરૂપ છું એમ બ્રહ્માત્મવાદ પ્રમાણે તે તેમ માનતો ન હતો. (લે)

કાશીના રાજા સાથે મિત્રતા કરીને તે કાશીમાં જ રહેતો. એમ રહેતો હતો ત્યારે બે પ્રકારના વાસુદેવ હોવાનું શાસ્ત્રમાં પ્રસિદ્ધ નહિ હોવાથી (અને) પોતાના વિષે વાસુદેવ હોવાની બુદ્ધિ દઢ હોવાથી, અંદર અને બહાર એકસરખા હોવું યોગ્ય હોવાથી, બહારથી પણ ભગવાનનાં ચિહ્નો ધારણ કરી, સ્થાન (કાશી)ને લીધે અને મહાદેવની કૃપાથી પ્રભાવવાળો પણ થઈ, કિલ્લાનો આશ્રય વિગેરે ભગવાનની મોહ કરાવનારી લીલાનું ચિંતન કરી વાસુદેવમાં તે (તેવું કાર્ય) યોગ્ય નથી એમ વિચારી, '(હું) પોતે જ વાસુદેવ છું, બીજો કોઈ (વાસુદેવ) નથી' એવો નિશ્ચય કરી મુખ્ય (વાસુદેવપણું તમારામાં) નથી એમ જણાવવા શ્રીકૃષ્ણ ભગવાન્ પાસે તેણે દૂત મોકલ્યો.

'(તે) પોતે પણ વાસુદેવ હતો[૫] જ, વળી બે હોવાપણું પણ નથી[૬]. એક સમયે ઘણા અવતારો થાય તેમાં પણ વિરોધ નથી તેથી એ પ્રમાણે તેણે દૂત કેમ મોકલ્યો?' એવી શંકા થાય, તેથી 'અજ્ઞાની' વિશેષણ યોજેલું છે. આને શાસ્ત્રથી અથવા અનુભવથી કાંઈ પણ જ્ઞાન પ્રાપ્ત થયું ન હતું. ૧.

'ત્યારે તેણે એ પ્રમાણે (દૂત મોકલવાનું) કેમ કર્યું?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**ત્વં વાસુદેવો ભગવાનવતીર્ણો જગત્પતિઃ।।**
**ઈતિ પ્રસ્તોભિતો બાલૈર્મેન આત્માનમચ્યુતમ્ ।।૨।।**

'આપ જગતના પતિ ભગવાન્ વાસુદેવ અવતરેલા છો' એમ બાલકોએ ચઢાવેલો (તે) પોતાને અચ્યુત માનવા લાગ્યો. ૨.

ઘણા કષ્ટથી સમજી શકે તેવા મૂર્ખ બાલકો અજ્ઞાની હોય છે. તેઓએ 'વાસુદેવ લોકમાં અવતરેલા છે' એમ સાંભળીને, નજીકનાને તજવાનું કારણ નહિ હોવાથી પાસે રહેલા તે વાસુદેવને જ, એટલે પૌંડ્રક જેનું બીજું નામ હતું તેવા વાસુદેવ નામવાળાને 'આપ વાસુદેવ છો' એમ કહેતા હતા. તેથી બાલકોના વચનને લીધે તેમણે ચઢાવેલો (તે) પોતાને અચ્યુત માનવા લાગ્યો. 'વાસુદેવ' એવો વ્યુત્પત્તિથી થએલ અર્થ નથી એ જણાવવા 'ભગવાન્' શબ્દ યોજેલ છે. 'તેવા (ભગવાન)નો જન્મ કેમ થાય?' એવી શંકા થાય, તેથી 'અવતરેલા છો' શબ્દ યોજેલ છે. 'શા માટે અવતરેલા છો?' એ જાણવાની ઈચ્છા થાય, તેથી 'જગતના પતિ' શબ્દ યોજેલ છે. જગતનો ઉદ્ધાર કરવા અવતરેલા છે એમ (એ શબ્દથી) કહેવાયું. એવી રીતે 'પ્રસ્તોભિતઃ' ચઢાવેલો તે બાલકની પેઠે પોતાને

૫. કારણ કે ભગવાન્ સર્વરૂપ છે, એવો ભાવ છે. (લે)
૬. '(બ્રહ્મ) એક જ અદ્વિતીય છે' એ શ્રુતિ પ્રમાણે (દ્વૈત નથી). એવો અર્થ છે(લે)

અચ્યુત જ માનવા લાગ્યો. ૨.

**દૂતં ચ પ્રાહિણોન્મન્દઃ કૃષ્ણાયાવ્યક્તવર્ત્મને ।।**
**દ્વારકાયાં યથા બાલો નૃપો બાલકૃતોऽબુધઃ ।।૩।।**

અને જેમ બાલકોએ બનાવેલ બાલક રાજા (કરે) તેમ (તે) ઓછી બુદ્ધિવાળા અજ્ઞાનીએ, જેમનો માર્ગ જાણેલ નથી તેવા શ્રીકૃષ્ણને દ્વારકામાં દૂત મોકલ્યો. ૩.

પછી બેપણું હોવાની બુદ્ધિ પીડાકારક છે એમ (માની), અજ્ઞાની હોવાથી બહિર્મુખ હોવાથી મુખ્ય બેપણું ન હોવાને નહિ જાણતાં, બહારનાં બેપણાને મટાડવા તેણે વળી દૂત મોકલ્યો. બહિર્મુખ તેવો (હું વાસુદેવ છું તેવો) વિચાર રાખે એ જ એક અપરાધ અને ભગવાનને દૂત મોકલે તે મોટો અપરાધ એવો અપરાધનો સરવાળો દર્શાવવા 'ચ' 'અને' શબ્દ યોજેલો છે.

'સારા પુરુષોએ (તેને તેમ કરતાં) કેમ અટકાવ્યો નહિ?' એવી શંકા થાય, તેથી 'ઓછી બુદ્ધિવાળા' વિશેષણ યોજેલ છે. 'મન્દઃ' એટલે તુચ્છ, ઓછી બુદ્ધિવાળો એવો અર્થ છે. તેથી સારા પુરુષોએ (તેની) અવગણના કરી, એવો અર્થ છે.

ત્યારે પોતાના કરતાં પણ ભગવાનની સરસાઈ જોતો હોવાથી, (ભગવાને) ગોવર્ધન ઉંચો ધરી રાખ્યો તે વિગેરે સાંભળતો હોવાથી, (તેમની સાથે) તેણે હરીફાઈ કરી? એવી શંકા થાય, તેથી 'જેમનો માર્ગ જાણેલ નથી તેવા શ્રીકૃષ્ણને' શબ્દો યોજેલ છે. ભગવાનનો માર્ગ ક્યાંય પણ જણાયેલો નથી તેથી (તેમનું) માહાત્મ્ય દેખાતું નહિ હોવાથી, (તે) તેમ કરે તે યોગ્ય જ છે એવો અર્થ છે. છતાં પણ દ્વારકામાં (દૂત મોકલ્યો). 'કાશીને જ દ્વારકા કહેલી છે, કલિમાં બીજી (દ્વારકા) કોઈ પ્રકારે નથી' એવા ભ્રાંતોએ કલ્પેલા વાક્યને લીધે, '(કાશી સિવાય) બીજી દ્વારકા પણ નથી' એવો નિશ્ચય કરીને દ્વારકામાં જ રહેલા ભગવાનને નાટકની રમતમાં કરે તેની પેઠે ગાંડાનું વાક્ય હોય તેમ (સંદેશ) મોકલ્યો, કારણ કે સર્વ પ્રકારે પ્રસિદ્ધ ન હોય તેવો વિષય, તે ખોટો હોવાનું સામે જણાતું હોય ત્યારે બધાથી મંજુર થએલો હોતો નથી. આવો પણ લોકમાં વ્યવહાર હોય છે એમ જણાવવા 'જેમ બાલકોએ બનાવેલ બાલક રાજા (કરે)' એવું દષ્ટાંત કહેલું છે. 'તે (બાલક રાજા) પણ પોતાની રમતમાં જ પોતાના (બાલકો)માં કહે છે. પરંતુ મુખ્ય (સાચા રાજા) પાસે આવીને કહેતો નથી' એવી શંકા થાય, તેથી 'અજ્ઞાનીએ' એમ કહેલું છે. આ પણ તે જાણતો ન હતો, એવો અર્થ છે. ૩.

દૂત પણ તેની પેઠે મૂર્ખ હતો એમ (જણાવતાં), તે કેમ (દ્વારકા) ગયો

તેવી શંકા દૂર કરતાં, (તેનું) કાર્ય નીચેના શ્લોકમાં કહે છે :

**દૂતસ્તુ દ્વારકામેત્ય સભાયામાસ્થિતં પ્રભુમ્ ।।**
**કૃષ્ણં કમલપત્રાક્ષં રાજસંદેશમબ્રવીત્ ।।૪।।**

દૂતે તો દ્વારકા આવી, સભામાં વિરાજેલા કમલનાં પત્ર જેવાં નયનવાળા પ્રભુ શ્રીકૃષ્ણને, રાજાનો સંદેશો (નીચે પ્રમાણે) કહ્યો. ૪.

(દૂતે) દ્વારકા આવી, ત્યાં પણ સભામાં વિરાજેલા, 'પ્રભું' ત્યાં સભામાં પણ તે(શ્રીકૃષ્ણ)જ પ્રભુ છે એમ બધાએ (પ્રભુ તરીકે) સ્વીકારેલા, વાસ્તવિક રીતે પણ 'કૃષ્ણં' સદાનંદરૂપ. 'કમલનાં પત્ર જેવાં નયનવાળા' એટલે દષ્ટિથી જ સર્વ દુઃખનો નાશ કરનાર પ્રભાવવાળા (શ્રીકૃષ્ણ)ને રાજા પૌંડ્રકનો સંદેશો કહ્યો. આથી (એમ) સૂચવેલ છે કે (દૂતે તે) અવશ્ય કહેવો જોઈતો હતો અને (તેમાં દૂતનો) દોષ ન હતો. ૪.

(નીચેના શ્લોકથી આરંભી) બે શ્લોકોથી રાજાનાં વચન કહે છે :

**વાસુદેવોઽવતીર્ણોઽહમેક એવ ન ચાપરઃ ।।**
**ભૂતાનામનુકમ્પાર્થં ત્વં તુ મિથ્યાભિધાં ત્યજ ।।૫।।**

પ્રાણીઓ ઉપર કૃપા કરવા માટે હું વાસુદેવ અવતરેલો છું. (તે) એક જ છે, અને બીજો (કોઈ) નથી. તમે મિથ્યા નામ મૂકી દો. ૫.

હું વાસુદેવ અવતરેલો છું. તે (વાસુદેવ) એક જ હોઈ શકે, કારણ કે બે (વાસુદેવ)નું પ્રયોજન નથી.

'ત્યારે આ (તારું) વાક્ય ઊંધું કેમ ન હોય?' એવી શંકા થાય, તેથી 'બીજો (કોઈ) નથી' શબ્દો યોજેલ છે. બીજો જે રાજા નથી અને સામાન્ય સ્થિતિવાળો છે તે (વાસુદેવ) નથી એવો ભાવાર્થ છે. વળી (વાસુદેવનું) કાર્ય પણ તમારા (કાર્ય)થી વિરુદ્ધ છે, મારાથી વિરુદ્ધ નથી એવા હેતુથી 'પ્રાણીઓ ઉપર કૃપા કરવા માટે' શબ્દ યોજેલ છે. તમે અક્ષૌહિણીઓના વધ (કરવા)થી પ્રાણીઓ ઉપર કૃપા કરી નથી, એવો અભિપ્રાય છે.

'એમ ભલે હોય, આમ દૂતને કેમ મોકલ્યો છે?' એવી શંકા થાય, તેથી 'તમે (મિથ્યા નામ મૂકી દો)' શબ્દ યોજેલ છે. વસુદેવનો પુત્ર હોવાથી 'વાસુદેવ' એવું નામ રાખેલ છે તે મૂકી દો સરસ્વતીનો આશય તો એવો છે કે 'જે વિશુદ્ધ સત્ત્વ વસુદેવ કહેવાય છે' ૪-૩-૨૩ એ વાક્ય પ્રમાણે શુદ્ધ સત્ત્વમાં આવિર્ભાવ પામવો એ જ વાસુદેવપણું છે, તેથી વસુદેવના પુત્ર એ વાસુદેવ એ ખોટું નામ છે.

'વ્યુત્પત્તિ એવી હોવાથી નામ ખોટું કેમ કહેવાય? અથવા તેનો ત્યાગ કેમ કરી શકાય?' એમ કહો તો ખરેખર (ખોટું કહેવાય અને તજી શકાય), કારણ કે

લોકમાં પિતાના પુત્ર તરીકે નામ પડતું નથી. તેમ ન હોય (પિતાના પુત્ર તરીકે નામ પડતું હોય) તો નામ પાડવાનું નકામું થાય. તેથી વ્યુત્પત્તિ હોવા છતાં, વ્યવહારમાં તે કહેવી ન જોઈએ. અને આજ (નામનો) ત્યાગ છે કે લૌકિક અને વૈદિક વ્યવહારમાં તે નામ કહેવું (ઉપયોગમાં લેવું) નહિ. પરબ્રહ્મનું નામ પણ વાસુદેવ હોવાથી (તે નામ) ભ્રમ ઉત્પન્ન કરનારું હોવાથી ખોટું છે એમ તે માનતો હતો. ૫.

બીજા (વાસુદેવનાં) ચિહ્નો પણ તજવાં, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**યાનિ ત્વમસ્મચ્ચિહ્નાનિ મૌઢ્યાદ્બિભર્ષિ સાત્ત્વત ।।**
**ત્યક્ત્વૈહિ માં ત્વં શરણં નો ચેદ્દેહિ મમાહવમ્ ।।૬।।**

હે સાત્વત! તમે મૂર્ખાઈથી જે અમારાં ચિહ્નો ધારણ કરો છો, (તેમનો) ત્યાગ કરી તમે મને શરણ આવો. નહિ તો મારી સાથે યુદ્ધ કરો. ૬.

પહેલાં પોતાની (પૌંડ્રકની) અંદર વાસુદેવપણું સિદ્ધ થયું તેથી ચક્ર વિગેરેને અમારા (પૌંડ્રક વાસુદેવના) ચિહ્ન કહેલાં છે.

'અમો (શ્રીકૃષ્ણ) પાસે બીજાનાં ચિહ્નો કેવી રીતે હોય? તેથી તે અમારાં જ ચિહ્નો છે' એવી શંકા થાય, તેથી 'મૂર્ખાઈથી ધારણ કરો છો' શબ્દો યોજેલા છે. અમારી (જીવોની) મૂર્ખાઈને લીધે ચિહ્નો ધારણ કરો છો, એવો વાસ્તવિક અર્થ છે. ભગવાનનો આવિર્ભાવ થાય ત્યારે પણ જીવો ભગવાનને જાણતા (ઓળખતા) નથી, તેથી ભગવાન્ ચિહ્નો ધારણ કરે છે. 'અસ્મત્' એ પંચમી (વિભક્તિ)નું બહુવચન છે, 'અમારા માટે' (એવો અર્થ છે), તે(ધારણ કરવા)ના પણ કારણરૂપ ધર્મ મૂર્ખાઈ (હોવાથી, ધારણ કરવાનું) પ્રયોજન ઉદ્ધાર કરવાનું જ છે, કારણ કે નાશ પહેલાં જ થએલો. 'હે સાત્વત!' એ સંબોધન વંશના નામથી અથવા વૈષ્ણવ નામથી કરેલું છે તેથી એમ સૂચવેલું છે કે વૈષ્ણવના ભાવથી શંખ ચક્ર વિગેરે ધારણ કરવાનો નિષેધ નથી.

સત્ય જેઓમાં મુખ્ય છે તે 'સાત્ત્વાઃ' (વૈષ્ણવો) 'સાત્ત્વતઃ' (શબ્દ 'સાત્ત્વ'ને) 'તસિલ્' ('તસ્') પ્રત્યય લાગવાથી થએલો છે. (શબ્દને અંતે) વિસર્ગ લેવો, અથવા (તેનો) લોપ જાણવો. ભક્તજનોની અનુકૂલતા માટે (ચિહ્નો) ધારણ કરો છો એવો (અર્થ થયો).

એવી રીતે પોતાની બુદ્ધિ પ્રમાણે વિરોધવાળાં (ચિહ્નો)ને તજવાનું કહી, પોતાનું કૃપાલુપણું દર્શાવતાં 'તમે મને શરણ આવો' એમ કહે છે. લૌકિક દૃષ્ટિથી (તમે મારું) સામર્થ્ય જોયું નથી, તેથી જો તમે (શરણ) ન આવો તો મારી સાથે યુદ્ધ કરો. હું અહિંથી તમારા સ્થાન (દ્વારકા)માં આવવા અશક્ત હોવાથી જેમ નિકટ પધારવાથી મને સાયુજ્ય પ્રાપ્ત થાય, તેમ 'આ' સર્વ તરફથી 'ત્વમ્' આપ

'મામ્' મારી પાસે 'એહિ' પધારો. પોતે પધારીને ઉદ્ધાર કરવો, આ પણ કૃપાનું કાર્ય છે. તેમ ન કરો તો 'મમ' મારું 'વમ્ 'સુખ 'આહ' કહો, મને આટલું સુખ આપશો એમ કહો. ત્યારે સંદેહ નહિ રહેવાથી ચિંતા વિનાનો થઈ હું આપની પાસે આવવા પ્રયત્ન કરીશ, એવો (અર્થ છે). ૬.

આ વાક્યથી જો ભગવાનના ભક્તોને ક્રોધ ઉત્પન્ન થાય, તો તેને પરલોકની પ્રાપ્તિ થાય નહિ, તેથી તેઓને તે(વાક્યો)નાં શ્રવણથી કૌતુકરસ જ ઉત્પન્ન થયો એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

।। શ્રીશુક ઉવાચ।।

**કત્થનં તદુપાકર્ણ્ય પૌણ્ડ્રકસ્યાત્પમેધસઃ ।।**

**ઉગ્રસેનાદયઃ સભ્યા ઉચ્ચકૈર્જહસુસ્તદા ।।૭।।**

થોડી બુદ્ધિવાળા પૌંડ્રકની તે આત્મપ્રશંસા સાંભળીને તે સમયે ઉગ્રસેન વિગેરે સભ્યો મોટેથી હસી પડ્યા. ૭.

'કત્થનમ્' એટલે આત્મપ્રશંસા. 'પૌંડ્રક' એ નામથી તેનું હલકાપણું કહેવાયું જ છે. 'પુંડ્રાઃ' એટલે અમુક હલકા ચાંડાલો. તેમનાથી થએલ જન્મથી ઉત્પન્ન થએલો તે 'પૌંડ્ર'. દુષ્ટપણાના અર્થમાં 'ક' પ્રત્યય લાગ્યો (એટલે 'પૌંડ્રક' શબ્દ થયો). તેથી અધમ સ્વભાવવાળાઓથી ઉત્પન્ન થએલાઓમાં પણ અધમ આવો (તે નામનો અર્થ છે). તેમાં પણ તેનો દેહ જ દુષ્ટ હતો એમ ન હતું, પરંતુ અંતઃકરણ પણ (દુષ્ટ હતું) એમ જણાવવા 'થોડી બુદ્ધિવાળા' વિશેષણ યોજેલું છે. 'સભ્યો' એટલે સભામાં બેસવા યોગ્ય પુરુષો. ઉગ્રસેન જેઓનો રાજા હતો, એમ (કહેવાથી તે સભામાં) ધર્મનો વિચાર (થતો હોવાનું) કહેલું છે. બધાએ વિચાર કરનારાઓ 'પ્રમેય (ભગવાન)નો ઘણો જ વિરોધ થયો' એમ (માની), મોટેથી હસી પડ્યા 'તે સમયે' એટલે વિચાર કર્યા પહેલાં જ (હસી પડ્યા) પછી જાણે કે અજાણ્યા હોય તેવા થઈને, 'આ વાસુદેવ કેવા પ્રકારનો? તે ભક્ત પરાયણ કેવી રીતે (થયો)?' વિગેરે નિંદાના વાક્યોથી તેઓએ તેની મશ્કરીની વાતો કરી. ૭.

**ઉવાચ દૂતં ભગવાન્ પરિહાસકથામનુ ।।**

**ઉત્સ્રક્ષ્યે મૂઢ ચિહ્નાનિ યૈસ્ત્વમેવં વિકત્થસે ।।૮।।**

મશ્કરીની વાતો પછી ભગવાને દૂતને કહ્યું (કે) 'જે (ચિહ્નો)ને લીધે તું એવી રીતે બડાઈ મારે છે તે મૂઢના ચિહ્નોનો હું ત્યાગ કરીશ'. ૮.

મશ્કરીની વાતો કરીને તેઓ અટક્યા ત્યારે ભગવાને દૂતને કહ્યું. ભગવાનની સ્થિતિ પ્રાપ્ત કરેલે (પૌંડ્રકે) કહેલ તેથી તેનું વચન (સત્ય) કરવામાં ન આવે તો તેની પાસે ભગત્પણું પણ સિદ્ધ ન થાય, તેથી (ભગવાન્) તેનું વાક્ય

હરકોઈ પ્રકારે સત્ય કરે છે (ઠરાવે છે). ઉત્તરાર્ધનો એવો અર્થ છે કે જે ગુણોથી મૂઢપણું જીવપણું અથવા પ્રાકૃતપણું જણાય છે-લોકની દૃષ્ટિ પ્રમાણે 'હે મૂઢ' એવું સંબોધન છે-જે ચિહ્નને લીધે તું એવી રીતે બડાઈ મારે છે, પોતાના જ વિષે બહુ ઉંચો વિચાર રાખે છે, (તે મૂઢના ચિહ્નો હું તજીશ) કારણ કે જો હું અજ્ઞાનપણું વિગેરે (મૂઢપણાના) ગુણો પ્રકટ કરું નહિ તો તું એવી બડાઈ મારે નહિ. તેથી[1] જ (શ્લોક ૬માં) 'અમારા ચિહ્નો' શબ્દથી જીવના ગુણો સમજવાના કહેલા છે. મારા ગુણોના ત્યાગ દ્વારા[2] 'માં શરણમેહિ' (શ્લોક ૬) શરણ જેનો કુદરતી સ્વભાવ છે તેવા મને મળો, કારણ કે ભગવાન્ જીવોના આશ્રય છે અને જીવોએ જેમનો આશ્રય કરેલ છે તેવા (થઈ) રહે છે. બાકીનું[3] (પૌંડ્રકનું વચન) વિરોધવાળું નહિ હોવાથી સ્વીકારે છે. ૮.

'હું શરણ કરવા યોગ્ય છું (મને શરણ આવો)' એમ જે તેં કહ્યું, તે (બીજાનો) આધાર થવાનું જીવોનું (કાર્ય) નથી, પરંતુ બ્રહ્મનું જ (કાર્ય) છે, તેથી માગેલું (યુદ્ધ) આપવું જોઈએ તેથી, શરણના સંબંધમાં નિર્ણય કહે છે :

**મુખં તદપિધાયાજ્ઞ કઙ્કગૃધ્રબકૈર્વૃતઃ ।।**
**શયિષ્યસે હતસ્તત્ર ભવિતા શરણં શુનામ્ ।।૯।।**

હે અજ્ઞાની ! તે મુખને ઢાંક્યા વિના ત્યાં હણાએલો (અને) કક ગીધ અને બગલાથી ઘેરાએલો તું શયન કરીશ ત્યારે કુતરાઓને શરણ થઈશ. ૯.

'ત્યાં' જ એટલે કાશીની સમીપ તું કુતરાઓને શરણ થવાનો છે. દિવસ અને રાત્રિની સમાન સંખ્યાવાળા તે (દિવસ અને રાત્રિ)ના દેવતા યમના ધામમાં કુતરારૂપે રહે છે એવી પ્રસિદ્ધિ છે. '(મોક્ષમાં સર્વની) સમાન ગતિને લીધે' (બ્રહ્મસૂત્ર ૧ ।૧।૬). 'જેમ ભુખથી ઘેરાયેલો બાપડો(કુતરો)...' ૪।૨૯।૩૦ એ વાક્ય પ્રમાણે જીવો જ કુતરા છે એમ બીજાઓ કહે છે. અથવા દુષ્ટ (વિષયો)માં રમણ કરનારી ઇન્દ્રિયો (કુતરા છે), કારણ કે તે કાલના અવયવો (દિવસ અને

૧. મેં અજ્ઞાની હોવાપણું વિગેરે ગુણો પ્રકટ કર્યા તેને લીધે જ તું એવી બડાઈ મારે છે, છતાં પણ તેં કીધું તેમ જ ભલે થાઓ. 'અમારાં ચિહ્નો ધારણ કરો છો' શબ્દોમાં તે પણ જીવના ગુણો ધારણ કરવાનું કહેલું છે. (લે)

૨. 'હું ભગવાનનો ત્યાગ કરી, મને ભગવાનને શરણ આવ' એવો શ્લોકનો અન્વય છે. ભગવાનનો ત્યાગ કરવાનો પ્રકાર અહિં કહે છે કે ભગવાનના ધર્મોનો ત્યાગ કરવાથી ભગવાનનો ત્યાગ થાય છે. તેથી 'મને તજી' એટલે 'મારા ધર્મોને તજી' એવો અર્થ છે. (લે) અહિં જીવના ધર્મો તમે ધારણ કરેલ છે તે તજવાનું ઉપર કહેલ છે તેથી જીવના ધર્મોનો ત્યાગ કરી, પછી મને શરણે લો એવો અર્થ યોગ્ય જણાય છે. તેથી તે પ્રમાણે અર્થ કરેલ છે.

3. 'બાકીનું' એટલે 'શરણપણા સિવાયનું.' (લે)

રાત્રિ), જીવો અથવા ઇન્દ્રિયો જ તેવા શરીરનો આશ્રય કરે છે. પુત્રો વિગેરે મુખ ઢાંકનારા છે. બધાએ હણવાના જ છે, તેથી મુખ ઢાંક્યા વિનાનું જ રહેવાનું.

જ્ઞાનીનો દેહ[1] જ્ઞાનથી બળે છે, તેથી બાકીનાની[2] ગતિ હરકોઈ પ્રકારે થાય છે એટલે (જ્ઞાન હોય) ત્યારે (મુખના) ખુલ્લા રહેવાથી દોષ થતો નથી, તેથી (અહિં પૌંડ્રકમાં) તેવું નથી એમ જણાવવા 'હે અજ્ઞાની!' એવું સંબોધન કરેલું છે. કંક (પક્ષીઓ) તામસ છે, ગીધો રાજસ છે, બગલાઓ સાત્ત્વિક છે. તેથી ત્રણે પ્રકારના (દેહનું) ભક્ષણ કરનારાઓથી ઘેરાએલો (તું શયન કરીશ), કારણ કે હવે પછી આધિભૌતિક વિગેરેના અભિમાનવાળી બધીએ દેવતાઓ તારું પાલન કરશે નહિ. તે (પક્ષી)ઓને શરણ ઉદ્વેગ કરનારું નહિ થાય, કારણ કે તે જીવો (કુતરા)થી થવાનું છે. 'હણાએલો થઈ જ્યારે તુ શયન કરીશ, ત્યારે કુતરાંઓના શરણ થઈશ' એમ (તારા દેહનો) સંસ્કાર પણ થશે નહિ એમ કહેલું છે. દેહની આ જે ગતિ કહી, તેનું યુદ્ધના સમયમાં મરણ વખતે સ્મરણ થવાથી તે(દેહ)માં આસક્તિ રહે નહિ એવો બોધ કરવા કહેલી છે, કારણ કે (આસક્તિ ન રહે) ત્યારે જ તેનો મોક્ષ થાય. મોક્ષ આપનારે તેમ જ કહેવું જોઈએ. ૯.

તે દૂતે તે જ પ્રમાણે (સંદેશો) કહ્યો, એટલે દૂત ગુરુના જેવો થયો, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**ઈતિ દૂતસ્તદાક્ષેપં સ્વામિને સર્વમાહરત્ ।।**
**કૃષ્ણોऽપિ રથમાસ્થાય કાશીમુપજગામ હ ।।૧૦।।**

દૂતે એવો તે બધો આક્ષેપ સ્વામીને જણાવ્યો. અહો! શ્રીકૃષ્ણ પણ રથમાં બેસી કાશી સમીપ પધાર્યા. ૧૦.

દૂતે ભગવાને કહેલો તે બધોએ આક્ષેપ સ્વામી(પૌંડ્રક)ને તે પોષણ કરનાર હોવાથી[1] તેના હિત માટે કહ્યો, પરંતુ કાંઈ ખોટું અથવા ઓછું કહ્યું નહિ એવો અર્થ છે. વાક્ય(ઉત્તર) મોકલી, ભગવાન્ પોતે પણ ઉપડ્યા એમ ઉત્તરાર્ધથી કહે છે. જો કે ત્યાં જ પ્રકટ થએલા ભગવાન્ તેને મુક્તિ આપવા શક્તિવાળા હતા[2], તેમાં પણ શ્રીકૃષ્ણ એટલે ફલરૂપ અથવા ભક્તો ઉપર કૃપા રાખનારા હતા, (અને)

૧. 'દેહ' એટલે 'લિંગ શરીર' જ્ઞાનથી બળે છે, એવો અર્થ છે. (લે)
૨. 'બાકીનું' એટલે સ્થૂલ દેહ' (લે)
૧. આ 'સ્વામી' શબ્દનો અર્થ કહેલો છે. (લે)
૨. 'ત્યાં જ' એટલે પૌંડ્રકના હૃદયના પ્રદેશમાં પ્રકટ થઈ મુક્તિ આપવા શક્તિવાળા હતા, તેથી પધારવું યોગ્ય ન હતું છતાં શ્રીકૃષ્ણ હોવાથી પધાર્યા, એવો અર્થ છે. (લે) 'ત્યાં જ' એટલે દ્વારકામાં જ પ્રકટ થએલા તેને મુક્તિ આપવા શક્તિવાળા હતા, એમ લઈ શકાય તેમ છે.

તે (પૌંડ્રક) પણ અભેદ માર્ગ પ્રમાણે ભક્ત હતો[૩], અને તેની સ્ત્રીઓને દુઃખ થાય[૪] તેથી પધાર્યા. જો કે ભગવાનને ત્યાં જવાની જરુર ન હતી[૫] છતાં પણ રથમાં બેસીને, રથમાં રહેલા આનંદથી વિરાજતા (ભગવાન્) ભક્તોનું કાર્ય કરે છે, તેથી કાશી સમીપ પધાર્યા. તામસ સ્થાનમાં ભગવાનનો આવિર્ભાવ એકાએક થતો નથી[૬], તેથી ભગવાને પોતે પણ કાશીમાં પ્રવેશ કર્યો નહિ. હોત કાશીમાં પ્રવેશ કર્યો હોત તો કાશીપણું જ ન રહેત[૭], તેથી જ કાશીની 'ઉપ' સમીપ જ પધાર્યા. ૧૦.

નીચેના શ્લોકમાં કહે છે કે પૌંડ્રક પણ ભગવાનનાં દર્શન કરવા ગામમાંથી બહાર નીકળ્યો, કારણ કે તેમ ન કરે તો કાશીમાં તેનું શુંએ[૧] થઈ જાયઃ

**પૌણ્ડ્રકોઽપિ તદુદ્યોગમુપલભ્ય મહારથઃ ।।**
**અક્ષૌહિણીભ્યાં સંયુક્તો નિશ્ચક્રામ પુરાદ્દ્રુતમ્ ।।૧૧।।**

મહારથી પૌંડ્રક પણ તેમનો ઉદ્યોગ જાણીને બે અક્ષૌહિણી સાથે લઈ શહેરમાંથી તરત બહાર નીકળ્યો. ૧૧.

તેમનો એટલે ભગવાનનો આટલે બધે દૂર પધારવાનો ઉદ્યોગ (જાણીને બહાર નીકળ્યો). 'મહારથી' શબ્દથી તેની યુદ્ધમાં આસક્તિ હોવાથી તેનો પોતાનો શૌર્યરૂપ ગુણ કહેલો છે. 'બે અક્ષૌહિણી સાથે' (નીકળ્યો), કારણ કે તેને તેટલું

૩. 'ભક્ત માટે પધારવું જોઈએ પણ આવા માટે પધારવું યોગ્ય ન હતું' એવી શંકા થાય, તેથી તે પણ ભક્ત હતો એમ કહેલું છે. માત્ર ભક્તિમાર્ગ જ જૂદો છે, પરંતુ જેમની પ્રાપ્તિ કરવાની છે તે એક જ છે, તેથી પધાર્યા એવો અર્થ છે. (લે)

૪. પૌંડ્રકના હૃદયમાં જ પ્રકટ થાય તો તેની સ્ત્રીઓને દર્શન ન થાય, તેથી તેમનું દુઃખ રહે જ. તેથી તેમના ઉપર કૃપા કરી દર્શન આપી કૃતાર્થ કરવા પધાર્યા એવો અર્થ છે. (લે) દ્વારકાથી કાશી પાસે ન પધારે ને તેને મોક્ષ આપે તો પણ સ્ત્રીઓની એવી જ દશા રહે.

૫. 'પૌંડ્રક ભક્ત હોય તો તેને જ દ્વારકા બોલાવવો જોઈએ, તેને માટે પધારવાની જરુર ન હતી જ' એમ જણાય, છતાં આનંદથી વિરાજતાં જ ભગવાન્ ભક્તોનું કાર્ય કરે છે એમ જણાવવા પધાર્યા, એવો અર્થ છે. (લે)

૬. 'હૃદયમાં પ્રકટ થવાથી પણ ભક્તનું કાર્ય થાય જ' એવી શંકા થાય તેથી આ કહેલ છે. તામસ સ્થાનમાં તે રહેલ હોવાથી સાધન વિના તેના હૃદયમાં ભગવાન્ પ્રકટ થાય નહિ, એવો અર્થ છે. સાધનથી તામસપણાનો દોષ દૂર થાય તો ત્યાં પણ પ્રકટ થાય. તેથી ભક્ત ઉપર કૃપા કરનાર હોવાથી પધાર્યા. (લે)

૭. ભગવાન્ કાશીમાં પધારે તો તે કાશી મટી, મથુરા અથવા દ્વારકા જેવી વિષ્ણુપુરી થાય, કારણ કે (પુરીમાં) જે સર્વથી મોટા હોય તેના નામથી જ તેની પ્રસિદ્ધિ થાય એવો અર્થ છે.(લે)

૧. બહાર ન નીકળે અને કાશીમાં રહે તો તેનું શું કાર્ય થઈ શકે? ત્યાં ભગવાનની હાજરી નહિ હોવાથી મુક્તિ અથવા યુદ્ધ વિગેરે કાંઈ પણ કાર્ય થાય નહિ. (લે)

સૈન્ય વડવાઓથી પ્રાપ્ત થયું હતું, અને સર્વ સાધન સાથે ભગવાનની સમીપ જવું જોઈએ. 'શહેરમાંથી તરત બહાર નીકળ્યો, કારણ કે ભગવાનની ઈચ્છાથી આવેલો કાલ ત્યાં (કાશીમાં)જ શરીર લઈ લે, એવા ભયને લીધે તરત જ શહેરમાંથી બહાર નીકળ્યો'. ૧૧.

કાશીરાજ પણ તેનો મિત્ર હોવાથી, તેની પણ અડધી ગતિ થવાની હોવાથી તે પણ આવ્યો, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**તસ્ય કાશિપતિર્મિત્રં પાર્ષ્ણિગ્રાહોઽન્વયાન્નૃપ ।।**
**અક્ષૌહિણીભિસ્તિસૃભિરપશ્યત્પૌણ્ડ્રકં હરિઃ ।।૧૨।।**

હે નૃપ! તેનો કાશીપતિ સાહાય્ય કરનાર થઈ ત્રણ અક્ષૌહિણી સાથે (તેની) પાછળ આવ્યો. હરિએ પૌંડ્રકને જોયો. ૧૨.

(કાશીપતિ પૌંડ્રકનો) મિત્ર હોવાથી સાહાય્ય કરનાર થઈ પાછળ આવ્યો. રાજાનો ધર્મ એવો છે એમ જણાવવા 'હે નૃપ!' એવું સંબોધન કરેલું છે. (તે) 'ત્રણ અક્ષૌહિણી સાથે' આવ્યો, કારણ કે તેનું તેટલું જ સૈન્ય હતું. ત્યાં કૃપાને લીધે ભગવાને પહેલાં પૌંડ્રકને જોયો, એમ '(હરિએ) પૌંડ્રકને જોયો' શબ્દોથી કહેલું છે, કારણ કે ભગવાનના જ્ઞાન (જોવા)થી શાણો થઈ (તે) પોતાના સ્વાભાવિક દોષો તજે, કેમ કે (ભગવાન્) હરિ (દોષ હરનારા) છે. ૧૨.

તેની કૃપાના કારણ તરીકે તેણે જીવતાં જ (પ્રાપ્ત કરેલાં) સાયુજ્યનું નીચેના શ્લોકથી (આરંભી) વર્ણન કરે છે :

**શઙ્ખાર્યસિગદાશાર્ઙ્ગશ્રીવત્સાદ્યુપલક્ષિતમ્ ।।**
**બિભ્રાણં કૌસ્તુભમણિં વનમાલાવિભૂષિતમ્ ।।૧૩।।**

શંખ ચક્ર તલવાર ગદા શાર્ંગ શ્રીવત્સ વિગેરેથી જણાતા, કૌસ્તુભમણિને ધારણ કરનાર, વનમાલાથી શોભતા (પૌંડ્રકને જોયો શ્લોક ૧૨). ૧૩.

બનાવટી અને કુદરતી ભુજાઓ પૈકી, કુદરતી ભુજાઓમાં શંખ અને 'અરિઃ' એટલે ચક્ર તેણે ધારણ કરેલાં, (અને) બનાવટી (ભુજાઓ)માં ગદા અને શાર્ંગ (ધારણ કરેલાં). શ્રીવત્સ વિગેરે ચિહ્નો પણ તેણે કરેલાં. કૌસ્તુભ સરખી આકૃતિવાળો મણિ બનાવીને કંઠમાં પહેરેલો. બીજાઓ તો એમ કહે છે કે (તેણે પોતાની) ચામડી કાપી તેની અંદર શ્રીવત્સ અને કૌસ્તુભ ગોઠવેલા, કારણ કે તેમ હોય ત્યારે તો બનાવટી ન થાય (ગણાય). 'વનમાલાથી શોભતો' હતો, એટલે જેમ સદા નવી રહે તેવી રીતે વનમાલા રાખતો. ૧૩.

**કૌશેયવાસસી પીતે વસાનં ગરુડધ્વજમ્ ।।**
**અમૂલ્યમૌલ્યાભરણં સ્ફુરન્મકરકુણ્ડલમ્ ।।૧૪।।**

બે પીળાં રેશમી વસ્ત્રો પહેરેલાં, ધજા ઉપર ગરુડવાળા, ઘણાં કિંમતી મુકુટ અને આભરણવાળા, (અને) મકરની આકૃતિવાળા કુંડલોથી પ્રકાશતા (પૌંડ્રકને જોયો શ્લોક ૧૨) ૧૪.

ભગવાનની પેઠે બે પીળાં રેશમી વસ્ત્રો પહેરેલો આવ્યો, પરંતુ બખતર વિગેરે પહેરીને આવ્યો નહિ, કારણ કે તેમ ન કરે તો મરણ સમયે વેશને લીધે ખરાબ ગતિ થાય. 'ધજા ઉપર ગરુડવાળા' વિશેષણથી (એમ જણાવેલું છે કે) ચિત્રેલી અથવા કાષ્ઠની બનાવેલી ગરુડની મૂર્તિ તેણે ધજા ઉપર રાખેલી, કારણ કે ભજન કરવા યોગ્ય (ભગવાન્ વિના) બીજો કોઈ નહિ હોવાથી, અને બીજો ધર્મ[1] આચરવાનો નહિ હોવાથી, તે ભક્તોની સાથે પોતે પોતાને જ પૂજતો હતો. વળી ઘણા કિંમતી જ મુકુટ અને આભરણો તેણે પ્રાપ્ત કરેલાં (પહેરેલાં), તેવી જ રીતે મકરની આકૃતિવાળા કુંડલો (પહેરેલાં). 'પ્રકાશતા' શબ્દથી એમ સૂચવેલું છે કે (ભગવાનનાં) ધ્યાનને લીધે અને ભગવાનમાં આસક્તિ થવાથી ભગવાનના બધાએ ધર્મોએ તેનામાં પ્રવેશ કરેલો. ૧૪.

તેનું રૂપ જોઈને પ્રસન્ન થએલા ભગવાને અભિનંદન કર્યું એમ કહે છે :

**દૃષ્ટ્વા તમાત્મનસ્તુલ્યં વેષં કૃત્રિમમાસ્થિતમ્ ।।**
**યથા નટં રઙ્ગગતં વિજહાસ ભૃશં હરિઃ ।।૧૫।।**

બનાવટી વેષ ધારણ કરેલા તેને નાટ્યભૂમિ ઉપર આવેલા નટની પેઠે પોતાની સમાન જોઈને હરિ ઘણું હસ્યા. ૧૫.

'ઉત્તમ બનાવટી (વેષ) ધારણ કરેલો' શબ્દોથી એમ સૂચવેલું છે કે તે (વાસુદેવ વેષ)માં આસક્તિ ઘણી હોવાથી વેષમાં કોઈ પણ અંશથી ખામી ન હતી. 'બનાવટી (વેષ) હોવાથી તેનો મોક્ષ થશે નહિ' એવી શંકા થાય, તેથી 'સ્થાયીભાવ જ રસ' હોઈ, (તે વેષ) રસ ઉત્પન્ન કરનારો હોવાથી, તેમાં અધિક પ્રવેશેલું છે એમ જણાવવા 'નાટ્યભૂમિ ઉપર આવેલા નટની પેઠે' એમ કહેલું છે[1]. ભગવાન્ ઘણો હર્ષ થવાથી ઘણું હસ્યા, તેના સર્વ ભાવનું સ્મરણ કરી બધાએ (તેના ભાવ)નું અભિનંદન કર્યું, એવો અર્થ છે. (એમ કરવાનું) કારણ કે (આ) હરિ છે. ૧૫.

પછી સેનાએ પહેલાં ભગવાન્ ઉપર હુમલો કર્યો. એમ કહે છે :

---

૧. 'બીજો ધર્મ' ભક્તિ સાથે બીજો ધર્મ (આચરવાનો ન હતો. એકલી ભક્તિ જ કરવાની હતી.) (લે)

૧. રસ સ્થાયી હોય છે એવો નિયમ હોવાથી તેની હાની થઈ નથી, પરંતુ વ્યભિચાર ભાવની પેઠે 'બનાવટીપણું' વધારામાં આવેલું છે એમ જણાવવા, (તે) રસ ઉત્પન્ન કરનાર હતો એમ કહે છે, એવો અર્થ છે. (લે)

**શૂલૈર્ગદાભિઃ પરિઘૈઃ શક્ત્યૃષ્ટિપ્રાસતોમરૈઃ ।।**
**અસિભિઃ પટ્ટિશૈર્બાણૈઃ પ્રાહરન્નરયો હરિમ્ ।।૧૬।।**

શત્રુઓએ હરિ ઉપર ત્રિશૂલો, ગદાઓ, ભોગળો, શક્તિઓ, બેધારવાળી તલવારો, ભાલાંઓ, તોમરો, તલવારો, પટ્ટિશો અને બાણોથી પ્રહાર કર્યાં. ૧૬.

(તેઓને) શિવ મુખ્ય હોવાથી પ્રથમ ત્રિશૂલ લીધેલું. દશ આયુધોથી, શાંત રહેલાં[1] અને તેમને નહિ ગણકારતા હરિ ઉપર સર્વ પ્રકારે[2] પ્રહાર કર્યાં. ૧૬.

પછી ક્લેશ વિના કર્મ કરનાર ભગવાને તે સેનાને હઠાવી એમ નીચેના શ્લોકમાં કહે છે :

**કૃષ્ણસ્તુ તત્પૌણ્ડ્રકકાશિરાજયોર્બલં ગજસ્યન્દનવાજિપત્તિમત્ ।।**
**ગદાસિચક્રેષુભિરાર્દયદ્ભૃશં યથા યુગાન્તે હુતભુક્પૃથક્પ્રજાઃ ।।૧૭।।**

શ્રીકૃષ્ણે તો પૌંડ્રક અને કાશિરાજના હાથી રથ અશ્વ અને પાયદળવાળા તે સૈન્યનો, જેમ યુગના અંતે અગ્નિ જુદી જુદી પ્રજાઓનો નાશ કરે તેમ ગદા, તલવાર, ચક્ર અને બાણોથી નાશ કર્યો. ૧૭.

'તુ' 'તો' શબ્દથી ભગવાનનો વિજય કહેલો છે. 'તે' એટલે પ્રહાર કરનાર (સૈન્યનો નાશ કર્યો). 'પૌંડ્રક અને કાશિરાજના' એટલે સાત્ત્વિક અને તામસભાવ પ્રાપ્ત કરેલાઓના (સૈન્યનો નાશ કર્યો). 'રાજસો જ હમણાં યોગ્ય હોવાથી, તે (સાત્ત્વિક પૌંડ્રક અને તામસ કાશિરાજ)ને હણ્યા નહિ હોય' એવી શંકા થાય, તેથી તેઓનાં નામ કહેલાં છે. 'હાથી...વિગેરે'થી (સૈન્યનાં) અંગો ગણાવે છે. ''તેઓ રાજસ નહિ હોવાથી કદાચ સૈન્યની વ્યવસ્થા 'કરેલી' હશે નહિ'' એમ માનવામાં આવે તેથી અંગોની ગણના કરેલી છે. ગદા વિગેરે ચાર આયુધોથી જ 'આ' સર્વ તરફથી 'આર્દયત્' નાશ કર્યો. અસ્ત્રો વિગેરે સહિત બાણોથી બાળી નાખવા સુધીનું (કાર્ય) કર્યું એમ કહેવા 'જેમ યુગના અંતે (અગ્નિ નાશ કરે)' એવું દૃષ્ટાંત કહેલું છે. પ્રજાઓનો નાશ જેમાંથી થાય છે તેવા 'હુતભુક્' પ્રલય સમયનો અગ્નિ (નાશ કરે તેમ નાશ કર્યો). ૧૭.

'મહાદેવે કેમ તેને સાહાય્ય ન કરી?' એવી શંકા થાય, તેથી કહે છે :

**આયોધનં તદ્રથવાજિકુઞ્જરદ્વિપત્ખરોષ્ટ્રૈરરિણાવખણ્ડિતૈઃ ।।**
**બભૌ ચિતં મોદવહં મનસ્વિનામાક્રીડનં ભૂતપતેરિવોલ્બણમ્ ।।૧૮।।**

---

૧. આ 'હરિ' શબ્દનો અર્થ છે. (લે) હરિ એટલે દોષ કરનારા. હરિ પ્રહાર કરતા ન હતા, પરંતુ શાંત રહેલા હતા, એમ કહેલું જણાય છે.

૨. 'સર્વ પ્રકારે' એટલે સગુણ અને નિર્ગુણ પ્રકારે (હરિ) (લે) 'પ્રહાર કર્યાં' ક્રિયાપદ સાથે આ વિશેષણ લીધેલું છે. આ વિશેષણ નથી.

ચક્રથી કપાએલા રથો, અશ્વો, હાથીઓ, સૈનિકો, ગધેડાં અને ઉંટોથી પથરાએલી તે રણભૂમિ શૂરવીરોને આનંદ કરનારી મહાદેવનું ઘણું વિશાળ રમણસ્થાન હોય તેવી થઈ. ૧૮.

ચક્રથી કપાએલા રથો વિગેરેને લીધે, તેઓની 'ચિતં' વ્યાપેલી એટલે પથરાએલી 'આયોધનં' રણભૂમિ થઈ.

'ત્યારે રણભૂમિને જોઈને યુદ્ધનું મૂલ બનેલા* બે રાજા નાસી ગયા હશે' એવી શંકા થાય, તેથી 'શૂરવીરોને આનંદ કરનારી' વિશેષણ યોજેલું છે. 'મોદં' આનંદ 'વહતિ' કરાવે તે ('મોદવહમ્') ભગવાને તેને 'ભૂતપતેઃ' મહાદેવનું 'આક્રીડનં' રમણસ્થાન બનાવ્યું, અને તે પણ 'ઉલ્બણમ્' ઘણું વિશાળ બનાવ્યું, જેથી (મહાદેવને) ભક્તનું પણ સ્મરણ થયું નહિ. ૧૮.

પછી પૌંડ્રકનો વધ કરવા તત્પર થએલા ભગવાન્ પોતે ઉપદેશ કરેલો વિષય તેનાથી ભૂલાય નહિ તે માટે બે શ્લોકોથી તેનું તેને ફરીથી સ્મરણ કરાવે છે :

**અથાહ પૌણ્ડ્રકં શૌરિર્ભો ભો પૌણ્ડ્રક યદ્ભવાન્ ।।**
**દૂતવાક્યેન મામાહ તાન્યસ્ત્રાણ્યુત્સૃજામિ તે ।।૧૯।।**
**ત્યાજયિષ્યેઽભિધાનં મે યત્ત્વયાજ્ઞ મૃષા ધૃતમ્ ।।**
**વ્રજામિ શરણં તેઽદ્ય યદિ નેચ્છામિ સંયુગમ્ ।।૨૦।।**

પછી શૌરિએ પૌંડ્રકને કહ્યું કે 'એ અલ્યા પૌંડ્રક તેં મને દૂતના વાક્યથી જે કહેવરાવેલું તે અસ્ત્રો હું તારા માટે નાખું છું. હે અજ્ઞાની! મારું જે નામ તેં ખોટું ધારણ કરેલું તે તજાવીશ. જો હું હમણાં યુદ્ધની ઈચ્છા ન કરું તો તારા માટે શરણપણું આપીશ. ૧૯-૨૦.

'શૌરિ' એ પિતા અને દાદાના નામથી ભગવાનની સરસાઈ અને 'પૌંડ્રક' એ નામથી તેની હલકાઈ કહેલી છે. 'એ અલ્યા પૌંડ્રક!' એમ તેનો કુદરતી દોષ ભગવાને કહ્યો, તેથી તેનો (થવાનો) નાશ જણાવેલો છે. તેં મને દૂતના વાક્યથી જે કહેવરાવેલું તે મારાં કુદરતી અસ્ત્રો તે તારા માટે, તારું હિત કરવા નાખું છું, જેમને લીધે તું કુદરતી તેવો (એ અસ્ત્રોવાળો) થશે. મારું 'વાસુદેવ' એવું નામ જે તેં ખોટું ધારણ કરેલું, તારો ભગવદ્ભાવ થયાં પહેલાં જ બાલકોનાં વાક્યથી તેં રાખેલું, તે હું તજાવીશ, પરંતુ પિતાના નામથી પ્રાપ્ત થએલું આપીશ એવો અર્થ છે. જો યુદ્ધમાં હું તને હણીશ નહિ તો તારી પાસે આવીને સાયુજ્ય આપીશ[1]. હમણાં હું

૧. 'મૂલ બનેલા' એટલે સેનામાં મુખ્ય હતા તે પૌંડ્રક અને કાશિરાજ. (લે)

૧. 'વ્રજામિ શરણમ્' શબ્દનો અર્થ 'સાયુજ્ય આપીશ' એમ કરેલો છે. તારા માટે 'શરણત્વ' શરણપણું 'વ્રજામિ' આપીશ, એવો અર્થ છે. (લે)

યુદ્ધ માટે જ આવેલો હોવાથી સારૂપ્ય(મારા જેવું રૂપ) જ આપીશ. દૂત મોકલવાથી આ દોષ પૌંડ્રકને થયો, નહિ તો જો તે (દૂત નહિ મોકલતાં) શાંત રહ્યો હોત તો સાયુજ્ય જ થાત આથી એમ પણ સૂચવેલું છે કે જો તે હમણાં પણ ચરણમાં પડે તો (તેને) સાયુજ્યનું જ દાન કરું. ૨૦.

છતાં પણ (યુદ્ધથી) નહિ અટકેલા (તે)ને ભગવાને હણ્યો એમ કહે છે :

**ઈતિ ક્ષિપ્ત્વા સિતૈર્બાણૈર્વિરથીકૃત્ય પૌણ્ડ્રકમ્ ।।**
**શિરોઽવૃશ્ચદ્રથાઙ્ગેન વજ્રેણેન્દ્રો યથા ગિરેઃ ।।૨૧।।**

એ પ્રમાણે આક્ષેપ કરીને, પૌંડ્રકને તીક્ષ્ણ બાણોથી રથ વિનાનો કરીને, જેમ ઈન્દ્રે વજ્રથી પર્વતની (પાંખો) કાપેલી તેવી રીતે (ભગવાને) ચક્રથી માથું કાપી નાખ્યું. ૨૧.

દોષનું સ્મરણ કરાવવું તે આક્ષેપ. 'સિતૈઃ' તીક્ષ્ણ બાણોથી અશ્વોને હણી, (પૌંડ્રકને) રથ વિનાનો કરી, (ભગવાને) ચક્રથી (તેનું) માથું કાપી નાખ્યું.

'ભક્તનો વધ (કરવો) યોગ્ય નથી' એવી શંકા થાય તેથી બીજાઓને પીડા કરનારો હોવાથી (ભગવાને) તેને હણ્યો એમ જણાવવા '(જેમ) ઈન્દ્રે વજ્રથી (પર્વતની પાંખો કાપેલી)' એવું દૃષ્ટાંત કહેલું છે. જો કે 'વિષ્ણુ પર્વતોના અધિપતિ છે' તેથી તેઓની પાંખો કાપવી યોગ્ય ન હતી, છતાં પણ લોકમાં (પર્વતો) ઘણી પીડા કરતા હોવાથી[1] ઈન્દ્ર દ્વારા ભગવાને (પાંખો) કપાવી. (પર્વતની) પાંખો જ માથાને સ્થાને છે. ૨૧.

સાત્ત્વિકનો વધ કહીને, નીચેના શ્લોકમાં તામસનો પણ ભગવાને કરેલ વધ કહે છે :

**તથા કાશિપતેઃ કાયાચ્છિર ઉત્કૃત્ય પત્રિભિઃ ।।**
**વ્યપાતયત્કાશિપુર્યાં પદ્મકોશમિવાનિલઃ ।।૨૨।।**

તેવી રીતે કાશિરાજની કાયામાંથી બાણો વડે માથાને કાપી નાખી, જેમ પવન કમલની કળીને (ઉડાડે), તેમ કાશીપુરીમાં પાડ્યું. ૨૨.

તે (કાશિરાજ)ને રથ વિનાનો કરી, તેનો પણ આક્ષેપ કરી, ચક્રથી (તેને) હરવામાં આવે તો તે મુક્ત થાય તેથી (અને) જો કપાએલું પણ માથું ભગવાન્ જૂએ તો પણ તે મુક્ત થાય તેથી, કાલના વિભાગ બનેલા 'પત્રિભિઃ' બાણો વડે (તેનું) માથું કાપી નાખીને કાશીપુરીમાં પાડ્યું. (તેણે પૌંડ્રકને) શરીરથી જ

૧. પહેલાં પર્વતોને પાંખો હતી. તેઓ આકાશમાં ઉડતા. તેથી લોકોને કચડાઈ મરવાનો ભય હતો. ઈન્દ્રે વજ્રથી તેમની પાંખો કાપી નાખી હતી. અહિં તેવા કારણથી ભગવાને પૌંડ્રકનું માથું કાપી નાખ્યું. દૃષ્ટાંતમાં પાંખો છે તે અહિં પૌંડ્રકના સંબંધમાં માથાને સ્થાને છે.

સાહાય્ય કરેલી, તેથી તેના શરીરના અંશને મુક્ત કર્યો[1]. 'તે (રસ્તામાં) વચ્ચે પડ્યું હશે' એવી શંકા થાય, તેથી 'જેમ પવન કમલની કળીને (ઉડાડે)' એવું દૃષ્ટાંત કહેલું છે. આથી[2] એમ જણાવેલું છે કે ભગવાને ચાતુર્યથી મહાદેવ ઉપર તેના માથારૂપ કમલથી પૂજા કરી. ૨૨.

યુદ્ધનો ઉપસંહાર કરતાં ભગવાન્ દ્વારકા પધાર્યા એમ કહે છે :

**એવં મત્સરિણં હત્વા પૌણ્ડ્રકં સસખં હરિઃ ।।**
**દ્વારકામાવિશત્સિદ્ધૈર્ગીયમાનકથામૃતઃ ।।૨૩।।**

એવી રીતે દ્વેષી પૌંડ્રકને મિત્ર સાથે હણી, સિદ્ધો જેમની અમૃત જેવી કથાનું ગાન કરતા હતા તેવા હરિ દ્વારકા પધાર્યા. ૨૩.

ભક્તને પણ હણવાનું કારણ દ્વેષ જ હતું, અને કાશિરાજને હણવાનું કારણ તેનો મિત્ર હોવાપણું હતું એવો (અર્થ છે). પછી ભગવાને કરેલું તે લોક અને શાસ્ત્રથી વિરુદ્ધ નથી એમ જણાવવા 'સિદ્ધો જેમની અમૃત જેવી કથાનું ગાન કરતા હતા' એમ કહેલું છે. એવી રીતે સર્વનાં દુઃખ હરનારા (હરિ) તેઓનું દુઃખ મટાડી દઈ દ્વારકા પધાર્યા. ૨૩.

પૌંડ્રકને હણ્યા પછી તેની જે ગતિ થઈ તે નીચેના શ્લોકમાં કહે છે :

**સ નિત્યં ભગવદ્ધ્યાનપ્રધ્વસ્તાખિલબન્ધનઃ ।।**
**બિભ્રાણશ્ચ હરે રૂપં સ્વરૂપં તન્મયોઽભવત્ ।।૨૪।।**

નિત્ય ભગવાનના ધ્યાનથી જેનાં સર્વ બંધનોનો નાશ થએલ હતો તેવો અને હરિનું રૂપ અને સ્વરૂપ ધારણ કરતો તે તેમનામાં લીન થયો. ૨૪.

તે તેમનામાં લીન થયો, તેમનાથી સમાએલો થયો. તેના જીવમાં પરમાત્માએ પ્રવેશ કર્યો તેથી ભગવાનના આવેશવાળો થયો. શરીર, ઇન્દ્રિય, પ્રાણ અને અંતઃકરણ મોક્ષમાં રહે છે એવા મત પ્રમાણે[1] આધિદૈવિક શરીર વિગેરેએ તેના શરીર વિગેરેમાં પ્રવેશ કર્યો. બીજા મત પ્રમાણે[2] તો સ્વતંત્ર આવેશવાળાની પેઠે તે ભગવાનનો ગણ(સેવક) થયો, અને ત્યારે[3] ભગવાનની પેઠે[4] તેની પણ લીલા થશે

---

૧. 'મુક્ત કર્યો' એટલે માથાથી જૂદો કર્યો. શરીરને પૌંડ્રકની પાસે અને માથાને કાશીમાં પાડ્યું, એવો અર્થ છે. (લે) **૨.** 'આથી' એટલે કમલની કળીના દૃષ્ટાંતથી. (લે)

૧. 'બહાર નીકળતા તે(જીવ)ની પાછળ પ્રાણ પણ બહાર નીકળે છે' એ મત પ્રમાણે વાસનારૂપ દેહ રહે છે. તે દેહ વિગેરેમાં આધિદૈવિક દેહ વિગેરેનો આવેશ થાય છે એવો અર્થ છે. (લે)

૨. 'અહિં જ પ્રાણો રાખવામાં આવે છે' એ મત પ્રમાણે દેહ વિગેરે વિના જ બ્રહ્મસૂત્ર ૪-૪-૬ પ્રમાણે ભગવાનનો પાર્ષદ થયો, એવો અર્થ છે. (લે)

૩. ભગવાનનો પાર્ષદ થાય ત્યારે, એવો અર્થ છે. (લે) **૪.** જેમ દેહ વિનાના ભગવાનની લીલા

એવો મુખ્ય મત છે. કેટલાક એમ કહે છે કે વિષ્ણુદેવતા અનુકૂલ થતાં તો વૈષ્ણવલોકમાં તેવો (ગણ) થાય છે, કારણ કે શંખ, ચક્ર વિગેરે પદાર્થોનું જ પ્રાધાન્ય હતું. તે તેવો (ભગવાનમાં લીન) થવાનું કારણ કહે છે (કે) નિત્ય ભગવાનના ધ્યાનથી નાશ પામેલાં હતાં (૧) અવિદ્યા કામ કર્મ વિગેરે અને (૨) પછી ઉત્પન્ન થએલાં દ્વેષ વિગેરે, બંને પ્રકારનાં બંધનો જેનાં તેવો (તે થયો). આથી (એમ કહેલું છે કે) બીજો દેહ ઉત્પન્ન કરનારા કર્મનો નાશ થયો હતો. 'હરિનું રૂપ ધારણ કરતો' શબ્દોથી ભગવાનનો (તેનામાં) આવેશ થવાનું કારણ કહેલું છે. હરિનું રૂપ થાય છે આથી, તે (હરિનું રૂપ એટલે) શંખ, ચક્ર વિગેરે પદાર્થોનો સમૂહ. તેને બહારથી ધારણ કરતો, અને (હરિના) સ્વરૂપને તો મનથી ધારણ કરતો હતો. 'ચ' 'અને' શબ્દથી તેમની (ભગવાનની) ક્રિયા વિગેરે બધાનું ધારણ કહેલું છે. એવી રીતે (હરિ સંબંધી) બધી સામગ્રી થતાં, તેમનામાં લીન થવાનું યોગ્ય જ છે. ૨૪.

પૌંડ્રકની ગતિ કહીને 'તેની સાથે આવેલા કાશિરાજની પણ તે (તેવી) ગતિ કેમ ન થઈ' એ શંકા દૂર કરવા, તેનાથી ઉત્પન્ન થએલા અને તેના (સેવકો) બધાએનો મોટો દોષ અધ્યાય પૂરો થતાં સુધી કહે છે. વાસ્તવિક રીતે તેઓનો પણ નિરોધ થયો[1] (અને) તીર્થનો[2] પણ નિરોધ થયો એમ કહેલું છેઃ

**શિરઃ પતિતમાલોક્ય રાજદ્વારે સકુણ્ડલમ્ ।।**
**કિમિદં કસ્ય વા વક્ત્રમિતિ સંશિશ્યિરે જનાઃ ।।૨૫।।**

કુંડલવાળું રાજદ્વારમાં પડેલું શિર જોઈને, 'આ શું? કોનું મુખ છે?' એમ લોકોએ સંશય દર્શાવ્યો. ૨૫.

ભગવાને બાણોથી (કાશિરાજનું) માથું કાપ્યું તે રાજદ્વારમાં પડ્યું, તે જોઈને (સંશય દર્શાવ્યો). રાજાપણું જણાવવા 'કુંડલવાળું' વિશેષણ યોજેલું છે. મુખ લોહીથી ખરડાએલું હોવાથી, (તેને) ઓળખાવનારાં બે કુંડલો જણાવેલાં છે. આરંભમાં (શિર) પડ્યું તે સમયે 'આ શું પડ્યું?' એવો વિચાર થયો. પછી માથું છે એમ જાણીને 'કોનું છે?' એવો (વિચાર થયો). પછી 'રાજાનું હશે' એમ જાણવામાં આવ્યું છતાં પણ (તેમ) કહેવું યોગ્ય નહિ હોવાથી 'સંશિશ્યિરે' (લોકોએ) સંશય દર્શાવ્યો. ૨૫.

પછી નજીકના સંબંધીઓએ આવી નિર્ણય કર્યો એમ કહે છે :

---

થાય છે તેવી રીતે આની પણ થાય છે, એવો અર્થ છે. (લે)

૧. વિરુદ્ધ પ્રકારથી પણ ભગવાનમાં જ તેમનાં ચિત્તની વૃત્તિનો નિરોધ થયો, એવો અર્થ છે. (લે)

૨. 'તીર્થનો' એટલે 'તીર્થમાં રહેનારાઓનો'. (લે)

**રાજ્ઞઃ કાશિપતેર્જ્ઞાત્વા મહિષ્યઃ પુત્રબાન્ધવાઃ ।।**
**પૌરાશ્ચ હા હતા રાજન્નાથ નાથેતિ પ્રારુદન્ ।।૨૬।।**

રાજા કાશિપતિનું માથું છે એમ જાણી, રાણીઓ, પુત્રો, સગાંઓ અને શહેરીઓ 'હે રાજન્! અરેરે હે નાથ! હે નાથ! અમે મૂઆ' એમ ઘણું રડ્યા. ૨૬.

'રાણીઓ' એટલે રાજાની સ્ત્રીઓ. 'સગાંઓ' એટલે એકજ ગોત્રવાળા. શહેરીઓ એટલે સેવકો. 'ચ' 'અને' શબ્દથી બીજા પણ સાધારણ લોકો કહેલાં છે. રાજાનું માથું છે તે પ્રમાણે કહેવું યોગ્ય નથી એવો ભય થતાં તેઓનું સમાન દુઃખીપણું દર્શાવિવા 'અરેરે! હે રાજન્! અમે મૂઆ' એમ કહેલું છે. 'હે નાથ!' એવું સંબોધન સ્નેહને લીધે કરેલું છે. પોતાનો વધ થતો હોય ત્યારે જેમ રાજાને જણાવવામાં આવે તેની પેઠે તેઓ બોલ્યા, એવો અર્થ છે. 'ચ' 'અને' શબ્દથી એમ જણાવેલું છે કે 'હે પિતા! હે સ્વામી!' એ વિગેરે પણ તેઓએ કહેલ. પોતાનો વધ થતો હોય ત્યારે જેમ દુઃખથી રડે તેમ મુખથી બોલતા જ તેઓ રડ્યા. ૨૬.

પછી (કાશિરાજનો પુત્ર) ક્ષત્રિય હોવાથી, '(કાશિરાજના) માનનું ખંડન કરવા ભગવાને જ આવી રીતે (માથું રાજદ્વારમાં) દેખાડેલું છે' એવા વિચારથી વેર વાળવાની ઈચ્છાવાળો (તે), વિષ્ણુના સરખા બ્રાહ્મણ અને શિવ છે એમ જાણીને તેઓનું આરાધન કરવા પ્રવૃત્ત થયો, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**સુદક્ષિણસ્તસ્ય સુતઃ કૃત્વા સંસ્થાવિધિં પિતુઃ ।।**
**નિહત્ય પિતૃહન્તારં યાસ્યામ્યપચિતિં પિતુઃ ।।૨૭।।**

તેના પુત્ર સુદર્શને (વિચાર્યું કે) પિતાની પરલોકની ક્રિયા કરીને, પિતાને હણનારની હત્યા કરીને હું પિતાનું વેર વાળીશ. ૨૭.

'તેના પિતાને હણનાર તેનો કુદરતી દેહ વિગેરે દોષ જ હોવાથી, તેના વધ માટે સુદક્ષિણ પ્રયત્ન કરે છે' એમ વિચારી બ્રાહ્મણ અને મહાદેવ શાંત રહ્યા[1]. વૃત્તાંત પણ તેવો જ બન્યો[2]. ઘણા દક્ષિણ(પ્રામાણિક) યજ્ઞોથી સુદક્ષિણ ઉત્પન્ન

૧. 'ભગવાનનો દ્રોહ કરવા તત્પર થએલા સુદક્ષિણને ગોર વિગેરે બ્રાહ્મણોએ અને દેવ મહારુદ્રે કેમ અટકાવ્યો નહિ?' એવી શંકા થાય, તેથી આ કહેલું છે. આ પોતાના પિતાને હણનારનો વધ કરવા પ્રયાસ કરતો હતો. તેના પિતાને હણનાર તો તેનો જ કુદરતી દેહ વિગેરે દોષ હતો, કારણ કે તેણે દેહથી (પૌંડ્રકને) સાહાય્ય કરેલી હોવાથી જ તેને (ભગવાને) હણેલો. દેહ (હણવાનું) માત્ર કારણરૂપ હતો, છતાં મુખ્ય હતો એમ જણાવવા તેને કર્તા (હણનાર) કહેલ છે. તેથી તે સુદક્ષિણના પિતાને હણનાર તેના પિતાનો દેહ જ હતો, તેને હણવા સુદક્ષિણ પ્રયાસ કરતો હતો, પરંતુ ભગવાન્ વિરુદ્ધ કાંઈ પ્રયાસ કરતો ન હતો. તેથી તેઓ શાંત રહ્યા અને તેમણે તેને અટકાવ્યો નહિ. (લે)

૨. 'પોતે જ પુત્ર થાય છે' એ શ્રુતિ પ્રમાણે તથા કાર્ય અને કારણમાં અભેદ ગણતાં પિતા અને

થએલો હોવાથી, તેને વૈદિક પ્રકારમાં શ્રદ્ધા હતી, તેમ ન હોત તો તે રાજાઓની લૌકિક ક્રિયાનું અનુવર્તન કરત. 'સંસ્થાવિધિઃ' એટલે પરલોકની ક્રિયા. કાશિરાજ તેના પિતા હોવાથી તે કરવાનું જરુરી હતું. તેથી પણ ક્ષત્રિયનું વેર વળતું નથી તેથી 'પિતાને હણનાર પોતાના અદષ્ટ[3] શરીર વિગેરેને હણીને જ હું વેર વાળીશ' એમ તેણે પોતાની બુદ્ધિથી જ વિચાર્યું એમ નીચેના શ્લોકમાં કહે છે : ૨૭.

**ઈત્યાત્મનાભિસંધાય સોપાધ્યાયો મહેશ્વરમ્ ।।**
**સુદક્ષિણોઽર્ચયામાસ પરમેણ સમાધિના ।।૨૮।।**

એવો બુદ્ધિથી વિચાર કરીને ઉપાધ્યાય સહિત સુદક્ષિણે ઘણાં એકાગ્ર ચિત્તથી મહેશ્વરની પૂજા કરી. ૨૮.

'ઉપાધ્યાય સહિત' એટલે બ્રાહ્મણ સહિત, તેણે મહેશ્વરની પૂજા કરી, કારણ કે ભગવાન્ બ્રાહ્મણોનું હિત કરનારા હોવાથી કદાચ બ્રાહ્મણો તેમનો પક્ષપાત કરે એવા વિચારથી તે બ્રાહ્મણ કરતાં પણ મહાદેવને મોટા માનતો હતો. યોગથી મહાદેવ પ્રસન્ન થાય, તેથી 'ઘણાં એકાગ્રચિત્તથી' તેમની પૂજા કરી 'ઘણું' એટલે સાક્ષાત્ મહાદેવની પ્રીતિ ઉત્પન્ન કરે તેવું. 'સમાધિઃ' એકાગ્રચિત્ત. તે એકાગ્ર ચિત્તથી મહાદેવ પ્રસન્ન થાય છે એમ શિવતંત્રોમાં પ્રસિદ્ધ હોવાથી, તેણે તેમ કર્યું. ૨૮.

**પ્રીતોઽવિમુક્તે ભગવાંસ્તસ્મૈ વરમદાદ્ભવઃ।।**
**પિતૃહન્તૃવધોપાયં સ વવ્રે વરમીપ્સિતમ્ ।।૨૯।।**

કાશીમાં પ્રસન્ન થએલા ભગવાન્ શંકરે તેને વરદાન આપ્યું. પિતાને હણનારના વધનો ઉપાય તેણે ઈચ્છેલા વરદાન તરીકે માગ્યો. ૨૯.

પછી મહાદેવ તેના ઉપર પ્રસન્ન થયા. 'ભગવાનની[1] સંનિધિમાંજ એકાગ્ર ચિત્ત થી કરેલી પૂજા ફલ પ્રાપ્ત કરાવે છે' એવી શંકા થાય, તેથી 'અવિમુક્તે'[2] 'કાશીમાં' શબ્દ યોજેલ છે, કારણ કે ત્યાં પ્રથમ બ્રહ્માનું પાંચમું માથું કાપીને બ્રહ્મહત્યાથી લેપાએલા મહાદેવે નારાયણના આશ્રમે જઈ 'બ્રહ્મના વધથી કેમ મુક્ત થવાય?' એમ બદરીનાથને[3] પૂછ્યું. ભગવાને તે વધમાંથી મુક્ત થવાનો

---

પુત્રના દેહ એક જ છે. તેથી સુદક્ષિણના (આ પ્રયાસથી) તેના જ દેહનો નાશ થયો, એવો અર્થ છે. (લે)

૩. પોતાનું એટલે સુદક્ષિણનું જ અદષ્ટ અને નોટ ૨માં જણાવેલી રીતે દેહના અભેદ હોવાથી તેનો દેહ વિગેરે તેના પિતાને હણનારા હતા, એવો અર્થ છે. (લે)

૧. 'ભગવાનની' એટલે પૂજ્ય દેવની. (લે)

૨-૨. 'અવિમુક્ત' એટલે 'નહિ તજેલું'. કાશી અવિમુક્ત કેમ કહેવાયું તે અહિં કહેલ છે.

૩. 'પૃષ્ટવાન્ બદરીનાથમ્' એવો દેવકીનંદન પ્રેસવાળા ગ્રંથનો પાઠ લીધો છે.

ઉપાય કહ્યો કે તમે પાતાના સ્થાને જાઓ, અને જ્યાં આ ખોપરી (કાપેલું માથું) પડે ત્યાં (તે સ્થલ)થી જૂદા ન પડવું. પછી (મહાદેવ) કાશી આવ્યા ત્યારે તેમ થયું (ખોપરી પડી), તેથી ત્યાર પછીથી મહાદેવે તે (સ્થાન) તજ્યું નથી[२]. તેથી (ત્યાં) નિત્ય સંનિધિ હોવાથી, મહાદેવ ત્યાં (તેના ઉપર) પ્રસન્ન થયા, અને તે ભગવાન્ હતા, કારણ કે તામસ કલ્પમાં ભગવાન્ તેવા જ પ્રકારના હોય છે. તે ઉદયરૂપ હતા, તેથી તેમણે તેને વરદાન આપ્યું એટલે 'વર માગ, હું તને (માગીશ તે) આપીશ' એમ કહ્યું, એવો અર્થ છે. પછી પોતાનું ઈચ્છેલું તેણે 'પિતાને હણનારના વધનો ઉપાય' શબ્દથી કહ્યું.

આ દુઃખના અભાવરૂપ તથા સુખરૂપ નહિ હોવાથી વર કેમ કહેવાય?' એવી શંકા થાય, તેથી 'ઈચ્છેલા' વિશેષણ યોજેલું છે; કારણ કે વર ખરેખર કાંઈ મુકરર કરેલો પદાર્થ નથી. જે કાંઈ મનમાં ઈચ્છેલું હોય તે જ વર છે એવો અર્થ છે. ૨૯.

પછી બંને પ્રકારે અનિષ્ટ (થવાનું છે) એમ જાણી, બીજા પ્રકારે તે અટકશે નહિ એવા હેતુથી મહાદેવે ભક્તનું હિત થાય તે માટે છલથી (તેને) સાધનનો ઉપદેશ કર્યો. નીચેના શ્લોકમાં શિવનું વચન કહે છે :

**દક્ષિણાગ્નિં પરિચર બ્રાહ્મણૈઃ સમમૃત્વિજમ્ ।।**
**અભિચારવિધાનેન સ ચાગ્નિઃ પ્રમથૈર્વૃતઃ ।।૩૦।।**
**સાધયિષ્યતિ સઙ્કલ્પમબ્રહ્મણ્યે પ્રયોજિતઃ ।।૩૦।।.।।**

બ્રાહ્મણોની સાથે ઋત્વિજના સંબંધવાળા દક્ષિણ અગ્નિની મલિન વિદ્યાના પ્રકારથી ઉપાસના કર. અને પ્રમથોથી વીંટાએલો તે અગ્નિ બ્રહ્મણ્ય ન હોય તેમના સામે યોજેલો સંકલ્પ સિદ્ધ કરશે. ૩૦।।.

'રુદ્રવાળા અગ્નિને મલિન વિદ્યાનો પ્રયોગ કરવા ઈચ્છનારે અઢાર હાંડી ભાતનું બલિદાન આપવું. આ (અગ્નિના) જે ઘોર રૂપો છે તે રુદ્ર છે. તે (પ્રયોગ કરનાર)ને માટે જ આ (જેના ઉપર પ્રયોગ કરે તે)ને છિન્ન ભિન્ન કરે છે. તેઓ જગતના સૈન્ય પ્રતિ ક્રૂર થાય છે' એ શ્રુતિ પ્રમાણે દક્ષિણ અગ્નિમાં જ મલિન વિદ્યાનો હોમ કરવામાં આવે છે. તેથી (શંકરે) કહ્યું કે 'તું દક્ષિણ અગ્નિની ઉપાસના કર'. તે પણ (તારે) એકલાએ કરવી જોઈએ નહિ, તેથી 'બાહ્મણોની સાથે' એમ કહેલું છે. ('ઋત્વિજમ્' એટલે) ઋત્વિજોની મધ્યે, અથવા ઋત્વિજોના સંબંધવાળા (અગ્નિની ઉપાસના કર). તેથી એમ કહેવાયું કે ચાર હોમ કરનાર[૧] રાખીને, અને તે પણ મલિન વિદ્યામાં કહેલ પ્રકારથી કરવી. (અગ્નિ) જો ઈષ્ટિના

૧. આ ચાર ઋત્વિજો (૧) હોતા (૨) ઉદ્ગાતા (૩) અધ્વર્યુ અને (૪) બ્રહ્મા કહેવાય છે.

પ્રકારનો હોય તો ઘાસ વિગેરેવાળો ન હોય, પશુના પ્રકારનો હોય તો તો બકરો (હોમવો) જોઈએ. પશુ (હોમવાનો હોય ત્યારે) છરો, સ્તંભ કુશ ઘાસનો વૈભીતિક (વૃક્ષ)નું બલતણ (કરવું). અહિં તો રાંધેલા ભાત જ (વપરાય), કારણ કે અગ્નિ જ દેવ છે અને તે પ્રમથોથી વીંટાએલો છે. તેથી અગ્નિ રુદ્રવાળો જ છે, અથવા મલિન વિદ્યાનું સમાનપણું હોવાને લીધે ઘાસવાળો હોય તે (અગ્નિ)થી જે થવાનું છે તે 'અને (પ્રમથોથી વીંટાએલો) તે અગ્નિ....' થી કહે છે.

'આમાં તમારી (શંકરની) શું કૃપા?' એમ પૂછવામાં આવે તો જાણ કે અગ્નિ પણ મારી કૃપાથી પ્રસન્ન થશે. બીજી પણ (મારી) કૃપા છે એમ કહેવા 'પ્રમથોથી' એટલે ભૂતોના સમૂહોથી 'વીંટાએલો' એમ કહેલું છે. પછી જો બ્રહ્મણ્ય ન હોય તેમના સામે યોજેલો હશે તો તે તારો સંકલ્પ સિદ્ધ કરશે. તેમ નહિ હોય (બ્રહ્મણ્ય સામે યોજેલો હશે) તો તે વિરુદ્ધ થઈ, 'તેથી અગ્નિના લક્ષ્યથી મલિન વિદ્યા યોજનારાને પાછો વળી (તે) મલિન વિદ્યાનો પ્રયોગ ખાઈ જાય છે' એ શ્રુતિ પ્રમાણે તારું જ ભક્ષણ કરશે એવો ભાવ છે. સુદક્ષિણ તો ભગવાનને બ્રહ્મણ્ય જાણતો ન હતો. 'ચ' 'અને' શબ્દથી એમ સૂચવેલું છે કે તે (અગ્નિ)ના તાબાના દેવતાઓ પણ કાર્ય કરશે. ૩૦।।

**ઈત્યાદિષ્ટસ્તથા ચક્રે કૃષ્ણાયાભિચરન્ કુધીઃ ।।૩૧।।**

એવી આજ્ઞા કરેલા તે દુષ્ટ બુદ્ધિવાળાએ શ્રીકૃષ્ણ ઉપર મલિન વિદ્યાનો પ્રયોગ કરતાં તેમ કર્યું. ૩૧.

મહાદેવે એ પ્રમાણે આજ્ઞા કરેલા તેણે તેમ જ કર્યું પરંતુ જેમના ઉપર પ્રયોગ કર્યો તે તેમણે કહેલો ન હતો એમ જણાવવા 'શ્રીકૃષ્ણ ઉપર મલિન વિદ્યાનો પ્રયોગ કરતાં' એમ કહેલું છે. શ્રીકૃષ્ણ બ્રાહ્મણોના ફલરૂપ અને બ્રાહ્મણોનું હિત કરનારા છે. તેથી (તેમના ઉપર પ્રયોગ કરનાર) દુષ્ટ બુદ્ધિવાળો હતો. ૩૧.

(અગ્નિ) ઉત્પન્ન કરવામાં ખામી નહિ હોવાથી, અગ્નિ નીકળ્યો એમ નીચેના શ્લોકમાં કહે છે :

**તતોऽગ્નિરુત્થિતઃ કુણ્ડાન્મૂર્તિમાનતિભીષણઃ।।**
**તપ્તતામ્રશિખાશ્મશ્રુરઙ્ગારોદ્ગારિલોચનઃ।।૩૨।।**
**દંષ્ટ્રોગ્રભ્રુકુટીદણ્ડકઠોરાસ્યઃ સ્વજિહ્વયા ।।**
**આલિહન્સૃક્કિણી નગ્નો વિધુન્વંસ્ત્રિશિખં જ્વલન્ ।।૩૩।।**

પછી કુંડમાંથી ઘણો ભયંકર, તપેલાં તાંબાં જેવી શિખા અને દાઢીવાળો, અંગારા ઝેરવતાં લોચનોવાળો, દાઢને લીધે ઉગ્ર, દંડ જેવી ભ્રુકુટીવાળો અને કઠોર મુખવાળો. પોતાની જીભથી ગલોફાં ચાટતો, નાગો, ત્રિશૂલ ફેરવતો, પ્રકાશતો

મૂર્તિમાન અગ્નિ બહાર નીકળ્યો. ૩૨-૩૩.

દક્ષિણ અગ્નિના કુંડમાંથી (અગ્નિ બહાર નીકળ્યો) 'મૂર્તિમાન' શબ્દથી એમ જણાવેલું છે કે તે બળતાના આકારવાળો ન હતો. 'ઘણો ભયંકર' વિશેષણ થી (એમ જણાવ્યું છે કે તે) પ્રસન્ન થએલા દેવતાના આકારવાળો ન હતો. તે મૃત્યુરૂપ હતો એમ કહેવા બત્રીસમા શ્લોકના ઉત્તરાર્ધમાં કહેલાં બે (વિશેષણો)થી તેનું વર્ણન કરે છે. તપેલાં તાંબા જેવી હતી (શિખા અને) દાઢી જેની, જેમ કાલીય વિગેરેનાં (લોચનો અંગારા ઝેરવતાં) તેમ અંગારાઓ જ ઝેરવતાં હતાં લોચનો જેનાં તેવો અંગારા ઝેરવતાં લોચનોવાળો (તે હતો). ૩૨.

દાઢને લીધે ઉગ્ર, અને દંડ જેવી ભ્રુકુટીવાળો, આ બેને લીધે અને સ્વરૂપથી પણ કઠોર હતું મુખ જેનું તેવો તે હતો. 'પોતાની જીભથી ગલોફાં ચાટતો' વિશેષણથી કાર્યમાં આસક્તિ કહેલી છે. 'નાગો' વિશેષણથી એમ કહેલું છે કે તેને પોતાના દેહનું પણ જ્ઞાન (ભાન) ન હતું, તેથી તે વિચાર કર્યા વિના જ ક્રૂર કર્મ કરશે. 'ત્રિશૂલ ફેરવતો' વિશેષણથી એમ કહેલું છે કે તેનું સાધન પણ તેવા પ્રકારનું હતું. ક્રોધ વિગેરેને લીધે અને અગ્નિ હોવાથી સ્વભાવથી પણ તે 'પ્રકાશતો' હતો. ૩૩.

**પદ્ભ્યાં તાલપ્રમાણાભ્યાં કમ્પયન્નવનીતલમ્ ।।**
**સોઽભ્યધાવદ્વૃતો ભૂતૈર્દ્વારિકાં પ્રદહન્ દિશઃ ।।૩૪।।**

તાડ જેટલા કદવાળા બે પગોથી પૃથ્વીને કંપાવતો ભૂતોથી વીંટાએલો દિશાઓને બાળતો તે દ્વારકા તરફ દોડ્યો. ૩૪.

(તેનામાં) જવાનું સામર્થ્ય હતું એમ જણાવવા 'તાડ જેટલા કદવાળા બે પગોથી' એમ કહેલું છે. ભવિષ્યમાં (તેનાથી) કાર્ય થશે એમ જણાવવા, 'પૃથ્વીને કંપાવતો' વિશેષણથી હમણાં તેનું ભારે સામર્થ્ય કહેલું છે. ઉત્તરાર્ધથી તેનો ઉદ્યોગ વર્ણવેલો છે. 'ભૂતોથી' એટલે પ્રમથોના સમૂહોથી વીંટાએલો (તે દ્વારકા તરફ દોડ્યો). ૩૪.

નીચેના શ્લોકમાં કહે છે કે પછી દ્વારકામાં પણ તેને જોવાથી ભય થયો, કારણ કે તે દિશાઓ બાળતો આવતો હતો.

**તમાભિચારદહનમાયાન્તં દ્વારકૌકસઃ ।।**
**વિલોક્ય તત્રસુઃ સર્વે વનદાહે મૃગા યથા ।।૩૫।।**

જેમ વન બળતું હોય ત્યારે મૃગો ભય પામે તેમ તે મલિન વિદ્યાના પ્રયોગથી ઉત્પન્ન થએલા અગ્નિને આવતો જોઈ બધા દ્વારકાના લોકો ભય પામ્યા. ૩૫.

તેથી તેને જોઈને, અને તે મલિન વિદ્યાના પ્રયોગથી ઉત્પન્ન થએલો અગ્નિ હોવાથી તેની ઉત્પત્તિના વિચારથી પણ (ભય થયો). તેમાં પણ તે આવતો હતો. 'દ્વારકાના લોકો' શબ્દથી (એમ કહેલું છે કે) પહેલાંના સ્થાન(મથુરા)નો ત્યાગ કરીને જ, હરકોઈ રીતે અહિં (દ્વારકામાં) તેઓ રહેલા. અહિં પણ ભય આવ્યો ત્યારે શું કરવું? એમ ઈજા થએલી ન હોવા છતાં તે(અગ્નિ)ને જોઈને જ તેઓ ભય પામ્યા.

'ત્યાં ઘણાં બલવાળા શૂરવીરો તેવા (ભય પામેલા) થયા નહિ હોય' એવી શંકા થાય, તેથી 'બધા' વિશેષણ યોજેલું છે. જેના ઉપર આધાર છે તેનો નાશ થતો હોવાથી, (અને) ઉપાય કરવાની શક્તિ ન હોવાથી મોટાને પણ ભય થાય એમ જણાવવા દષ્ટાંત કહે છે કે 'જેમ વન બળતું હોય ત્યારે મૃગો ભય પામે તેમ' ભય પામ્યા. ૩૫.

બીજે શરણ નહિ મળતાં તેઓએ નિશ્ચિત ભગવાનને વિજ્ઞપ્તિ કરી એમ નીચેના શ્લોકમાં કહે છે.

**અક્ષૈઃ સભાયાં ક્રીડન્તં ભમવન્તં ભયાતુરાઃ ।।**
**પાહિ પાહિ ત્રિલોકેશ વહ્નેઃ પ્રદહતઃ પુરમ્ ।।૩૬।।**

ભયથી દુઃખી થએલાઓએ સભામાં પાસા રમતા ભગવાનને (કહ્યું કે) હે ત્રિલોકના ઈશ! શહેરને બાળતા અગ્નિથી રક્ષણ કરો, રક્ષણ કરો. ૩૬.

આથી (એમ કહેલું છે કે ભગવાનને) અંદરથી અને બહારથી ચિંતા ન હતી. સભ્યોને શીખવવા માટે (ભગવાન્ પાસાથી) રમતા હતા એમ જણાવવા 'સભામાં' શબ્દ યોજેલ છે. જ્યાંથી ઉઠવાનું સંભવતું નથી. 'ભગવાનને' એટલે સર્વ પ્રકારે (રક્ષણ કરવા) શક્તિવાળાને. 'ભયથી દુઃખી થએલાઓએ' વિશેષણથી એમ સૂચવેલું છે કે તેઓને (આ વિજ્ઞપ્તિ કરવાનો) સમય છે કે નથી તેનું જ્ઞાન ન હતું. ભય પામેલાઓનું વચન ઉત્તરાર્ધથી કહેલું છે. 'ત્રાહિ ત્રાહિ' એવો કેટલેક સ્થળે પાઠ છે. ત્યાં પણ કેટલાક પ્રમાણે પરસ્મૈપદનો પ્રયોગ વૈદિક છે, (અને) બીજાઓ કહે છે કે ('ત્રા') ધાતુ ઉભયપદી છે.

'હે ત્રિલોકના ઈશ' એ સંબોધનથી મહાદેવ વિગેરેને પણ હરાવવાની શક્તિ સૂચવેલી છે, 'શહેરને બાળતા અગ્નિથી રક્ષણ કરો' એટલે જેમ કરવાથી શહેર બળે નહિ તેવો પ્રયાસ કરો એમ (કહ્યું). ૩૬.

જો તેઓ એક ક્ષણ બોલે નહિ તો (શહેર) બાળવાનો આરંભ થાય ત્યાં સુધી ભગવાન્ શાંત રહેત. પછી ઘણો ક્રોધ થતાં સામાવાળાઓના મૂલનો જ છેદ એવી રીતે કરત કે જેથી ભગવાનના સામાવાળાઓ કોઈ પણ સમયે ઉભા ન થાય.

તેટલો વિલંબ લોકો સહન કરે નહિ તેથી ભક્તો ઉપર કૃપાવાળા ભગવાને તેઓના દુઃખને લીધે અર્ધું[1] કાર્ય જ કર્યું એમ નીચેના શ્લોકમાં કહે છે :

**શ્રુત્વા તજ્જનવૈક્લવ્યં દૃષ્ટ્વા સ્વાનાં ચ સાધ્વસમ્ ।।**
**શરણ્યઃ સમ્પ્રહસ્યાહ મા ભૈષ્ટેત્યવિતાસ્મ્યહમ્ ।।૩૭।।**

લોકોનું તે દુઃખ સાંભળીને અને પોતાના સેવકોનો ભય જોઈને, શરણ કરવા યોગ્યે ખૂબ હસીને કહ્યું કે 'ભય ન પામો, કારણ કે હું રક્ષણ કરનાર છું'. ૩૭.

લોકોનું 'તે' એટલે પ્રસિદ્ધ દુઃખ જોઈને, એને તેનું કારણ તેઓનો 'સાધ્વસં' ભય જોઈને, પોતે શરણ કરવા યોગ્ય ભગવાને ખૂબ હસીને કહ્યું. કારણ કે સુદક્ષિણે આ પોતાના નાશ માટે કરેલું. 'ભય ન પામો' એમ કહ્યું. ભય ન પામવાના કારણના વચન વિના ભય દૂર ન થતાં, 'હું રક્ષણ કરનાર છું' એમ કહ્યું. ૩૭.

દુઃખનું કારણ જાણવામાં ન આવે તો પણ સુદર્શન સર્વ કાર્ય માટે હોવાથી (ભગવાન્) કદાચ સુદર્શનની સાહાય્યથી જ ઉપાય કરશે, એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**સર્વસ્યાન્તર્બહિઃ સાક્ષી કૃત્યાં માહેશ્વરીં વિભુઃ ।।**
**વિજ્ઞાય તદ્વિઘાતાર્થં પાર્શ્વસ્થં ચક્રમાદિશત્ ।।૩૮।।**

સર્વના અંદરના અને બહારના સાક્ષી સર્વોત્તમે (તેને) મહેશ્વરની કૃત્યા જાણીને તેનો નાશ કરવા પાસે રહેલા ચક્રને આજ્ઞા કરી. ૩૮.

ભગવાન્ સર્વોત્તમ હોવાથી તેમણે આ મહેશ્વરની કૃત્યા છે એમ જાણીને, તેનો નાશ કરવા પાસે રહેલા ચક્રને આજ્ઞા કરી, કારણ કે ચક્ર ચક્રના આકારમાં જ ચેતનવાળું છે. ભગવાન્ સર્વોત્તમ હોવાથી ચક્રના સામર્થ્યનું તેમને કાંઈ પણ પ્રયોજન ન હતું. પરંતુ પોતાના સામર્થ્યથી જ તેમણે સર્વ કર્યું એમ કહેવાયું. 'તેનો નાશ' એટલે અગ્નિના કાર્યને અટકાવવું તે, પરંતુ તેના સ્વરૂપનો નાશ નહિ. ચક્ર 'પાસે રહેલું' એટલે તે સર્વ પ્રકારે પ્રભુના હૃદયને જાણનારું છે. ૩૮.

પછી ભગવાનની ઈચ્છા પ્રમાણે ચક્રે કરેલું કાર્ય નીચેના શ્લોકમાં કહે છે :

**તત્સૂર્યકોટિપ્રતિમં સુદર્શનં જાજ્વલ્યમાનં પ્રલયાનલપ્રભમ્ ।।**
**સ્વતેજસા ખં કકુભોऽથ રોદસી ચક્રં મુકુન્દાસ્ત્રમથાગ્નિમાર્દયત્ ।।૩૯।।**

---

૧. રા. તેલીવાલાએ પ્રસિદ્ધ કરેલ પ્રતનો 'સામિ કાર્યમ્' પાઠ લઈ આ અર્થ કરેલો છે. દેવકીનંદન પ્રેસવાળી પ્રતમાં 'સ્વામિકાર્યમ્' પાઠ છે. 'સ્વામિનું' એટલે 'સ્વામીએ કરવાનું કાર્ય' એવો તેનો અર્થ થાય.

કરોડો સૂર્યના જેવાં, ઘણા તેજથી પ્રકાશતાં, પ્રલયના અગ્નિ જેવી કાંતિવાળાં, પોતાના તેજથી અંતરિક્ષ દિશાઓ તથા સ્વર્ગ અને પૃથ્વીને ગભરાવતાં, મુકુંદના અસ્ત્રરૂપ તે સુદર્શન ચક્રે પછી અગ્નિને મુંઝવ્યો. ૩૯.

કરોડો સૂર્યના સરખા તેજવાળું હોવું એ (સુદર્શનની) સ્વાભાવિક શક્તિ છે. 'ઘણાં તેજથી પ્રકાશતાં' વિશેષણથી તેનો ઉત્સાહ કહેલો છે. 'પ્રલયના અગ્નિ જેવી કાંતિવાળા' વિશેષણથી તેનામાં (થએલ) ક્રોધનો આવેશ કહેલો છે. પછી ક્રોધને લીધે (ઉપર) કહેલ દૃષ્ટાંતના[1] જેવા ગુણવાળું થયું એમ 'પોતાનાં તેજથી અંતરિક્ષ દિશાઓ તથા સ્વર્ગ અને પૃથ્વીને ગભરાવતાં' એ વિશેષણથી કહેલું છે. અંતરિક્ષ દશ દિશાઓ સ્વર્ગ અને પૃથ્વીને જાણે કે તે બાળતું હોય તેવું હતું. આ શક્તિ (તેની) પોતાની ન હતી, પરંતુ ભગવાનની હતી એમ કહેવા 'મુકુંદના અસ્ત્રરૂપ' એમ કહેલું છે. એવી રીતે બધાને દઝાડીને જ, 'પછી' જૂદા આરંભથી તેણે અગ્નિને 'આર્દયત્' મુંઝવ્યો. 'આ' સર્વ તરફથી બધી જ રીતે નાશ પામેલા સંકલ્પવાળો કર્યો. ૩૯.

પછી જે થયું તે નીચેના શ્લોકમાં કહે છે :

**કૃત્યાનલઃ પ્રતિહતઃ સ રથાઙ્ગપાણેરસ્ત્રૌજસા સ નૃપ ભગ્નમુખો નિવૃત્તઃ ।।**
**વારાણસીં પરિસમેત્ય સુદક્ષિણં તં સર્ત્વિજ્જનં સમદહત્સ્વકૃતોઽભિચારઃ ।।૪૦।।**

તે કૃત્યારૂપ અગ્નિ ચક્રપાણિના અસ્ત્રના બલથી પરાભવ પામ્યો. હે નૃપ! તે ભાંગેલા મુખવાળો પાછો ફર્યો. પોતે કરેલા મલિન વિદ્યાના પ્રયોગરૂપ તેણે વારાણસી પાછા આવી તે સુદક્ષિણને ઋત્વિજો સાથે બાળી નાખ્યો. ૪૦.

'તે' કૃત્યારૂપ અગ્નિ હોવા છતાં, વેદ(વિધિ)થી પ્રાપ્ત કરેલો હોવા છતાં (પરાભવ પામ્યો). 'ચક્રપાણિના' શબ્દથી (ભગવાનને) લૌકિક અને વૈદિક શક્તિનો નાશ કરનાર કહેલા છે. તેમાં પણ (સુદર્શન) અસ્ત્ર હોવાથી પરાભવ ન પામે તેવું જ હતું. તેમાં પણ તે(સુદર્શન)નું બલ, તેનાથી પરાભવ પામી, ભાંગેલા મુખવાળો થઈ (તે અગ્નિ) પાછો ફર્યો. પછી તે મોટો હોવાથી તેણે વારાણસી પણ 'પ્રતિસમેત્ય' પાછા ફરીને આવી, પોતાના સ્થાનમાં આવીને, 'તે' એટલે પોતાને ઉત્પન્ન કરનાર સુદક્ષિણને 'સર્ત્વિજ્જનં' ઋત્વિજો સાથે સારી રીતે બાળી નાખ્યો. આથી (એમ જણાવેલું છે કે) બ્રાહ્મણોની હત્યા થઈ તેમાં ભગવાનનો કોઈ પણ દોષ ન હતો, કારણ કે (તે અગ્નિ તેમણે) પોતે જ કરેલ મલિન વિદ્યાનો પ્રયોગ હતો. જો પોતાનું બાણ પોતાના દેહને વીંધે તો તેમાં કોઈનો પણ દોષ નથી. એવી રીતે બધાને કૃત્યારૂપ અગ્નિએ બાળીને ખાખ કર્યા એવો અર્થ છે. ૪૦.

૧. 'ઉપર કહેલું દૃષ્ટાંત' એટલે પ્રલયના અગ્નિનું દૃષ્ટાંત. (લે)

સુદર્શન ભગવાનનો ગૂઢ અભિપ્રાય જાણતું હતું, તેથી પછી તેણે કાશીને પણ પીડા કરી એમ નીચેના શ્લોકમાં કહે છે :

**ચક્રં ચ વિષ્ણોસ્તદનુપ્રવિષ્ટં વારાણસીં સાટ્ટસભાલયાપણામ્ ।।**
**સગોપુરાટ્ટાલકકોષ્ઠસંકુલાં સકોશહસ્ત્યશ્વરથાન્નશાલામ્ ।।૪૧।।**

અને તેની પછી પ્રવેશ કરેલા વિષ્ણુના ચક્રે મેડીઓ સભાસ્થાનો અને બજારો સાથે, ખજાનાઓ હાથીશાળા અશ્વશાળા રથશાળા અને અન્નશાળાઓ સાથે દરવાજા ધનવાનોનાં ઘરો અને કોઠારોથી ખીચોખીચ વારાણસીને બાળી દીધી. ૪૧.

'તેની પછી' એટલે કૃત્યારૂપ અગ્નિ પછી (સુદર્શને) પ્રવેશ કરી વારાણસીને બાળી દીધી (શ્લોક ૪૦) એવો (વાક્યનો) સંબંધ છે (તે) વિષ્ણુનું ચક્ર હોવાથી તેને ભય ન હતો. 'છાપરાંઓ જ બળેલા હશે' એવી શંકા દૂર કરવા 'મેડીઓ, સભાસ્થાનો અને બજારો સાથે' એમ કહેલું છે. મેડીઓ વિગેરે મોટા મહેલો કહ્યા. સભાસ્થાનો પણ (બાળ્યા), તેમ જ 'આપણઃ' બજાર (બાળી), આજ પણ લોકમાં આ ચુના (રાખ) જેવા ધોળાં છે. આ સાધારણ (મકાનો) હોવાથી, 'દરવાજા ધનવાનોનાં ઘરો અને કોઠારોથી ખીચોખીચ' વિશેષણથી ઉત્તમ (મકાનો)ને પણ બાળ્યાનું કહે છે. શહેરના દરવાજા સહિત (વારાણસી બાળી). 'અટ્ટાલકાઃ' મોટા મહેલો એટલે ધનવાનોનાં ઘરો. 'કોષ્ઠાનિ' 'કોઠારો' એટલે કિલ્લા વિગેરેમાં અન્નનો સંગ્રહ કરવાનાં સ્થાનો 'સગોકુલાટ્ટાલ-સગોષ્ઠસંકુલામ્' એવો પાઠ હોય ત્યારે ગાયોના સમૂહની ગમાણો વિગેરે (બાળી) એવો અર્થ થાય. તેમાં પણ 'પ્રસિદ્ધ ગોવાળીયા ઓના મોટા મકાનો સાથેની (ગમાણો) કદાચ બાળી નહિ હોય' એવી શંકા થાય, તે દૂર કરવા એમ કહેલું.

લક્ષ્મીના સ્થાનને પીડા કરી નહિ હોય એવી શંકા થાય, તેથી 'ખજાનાઓ હાથીશાળા અશ્વશાળા રથશાળા અને અન્નશાળાઓ સાથે' એમ કહેલું છે. 'કોશાઃ' એટલે ભંડારના ઘરો(ખજાનાઓ), અને હાથીથી આરંભી અન્ન સુધીનાંની શાળાઓ બાળ્યાં. જ્યાં રથ બનાવવામાં આવે તે રથશાળા તૈયાર કરેલા રથો પણ મકાનોમાં જ રહે છે (રખાય છે), કારણ કે તેમ ન હોય તો તાપ વિગેરેથી તેને નુકશાન થાય (બગડે). ૪૧.

એવી રીતે સામાન્ય અને ખાસ પ્રકારથી બાળવાનું કહીને, 'બધું (વારાણસી) બળેલું નહિ હોય' એવી શંકા થાય, તેથી નીચેના શ્લોકમાં વધારાનું (બાળવાનું) કહેતાં ઉપસંહાર કરે છે :

**દગ્ધ્વા વારાણસીં સર્વાં વિષ્ણુચક્રં સુદર્શનમ્ ।।**

**ભૂય: પાર્શ્વમુપાતિષ્ઠત્કૃષ્ણસ્યાક્લિષ્ટકર્મણઃ ॥૪૨॥**

આખી વારાણસી બાળીને વિષ્ણુનું ચક્ર સુદર્શન ફરી ક્લેશ વિના કર્મ કરનાર શ્રીકૃષ્ણ પાસે આવી રહ્યું. ૪૨.

વિષ્ણુંનું ચક્ર હોવાથી તેણે કાર્ય પાર પાડ્યું. સુદર્શન[૧] શબ્દથી એમ કહેલું છે કે બાળનારને પણ દોષ થયો ન હતો. 'ભવિષ્યમાં પણ ફરીથી આવું કાર્ય (સુદર્શનથી) થશે' એવો ભય રહે, તેથી તે શ્રીકૃષ્ણની જ પાસે આવી રહ્યું.

'ભગવાન્ પોતે જ (તેવું કાર્ય) કરશે? સુદર્શનની શી જરુર?' એવી શંકા થાય, તેથી 'ક્લેશ વિના કર્મ કરનાર' વિશેષણ યોજેલું છે, કારણ કે ભગવાન્ ક્લેશવાળું (કાર્ય) કરતા નથી, અને કોઈ સમયે તેવું કરવાનું હોય તેવા પ્રસંગે (સુદર્શન) ગએલ. આથી સુદર્શનનો પણ નિરોધ કહેલો છે. ૪૨.

'આ કથા કાશી બાળ્યાનું સિદ્ધ કરે છે તેથી પોતાના ધર્મનાં પ્રયોજનવાળા ઓએ સાંભળવી કદાચ યોગ્ય નહિ હોય' એવી શંકા થાય, તેથી તે (દૂર કરવા) માટે નીચેનો શ્લોક કહે છે :

**ય એતચ્છ્રાવયેન્મર્ત્ય ઉત્તમશ્લોકવિક્રમમ્ ॥**
**સમાહિતો વા શ્રૃણુયાત્સર્વપાપૈઃ પ્રમુચ્યતે ॥૪૩॥**

જે મનુષ્ય ઉત્તમ શ્લોકના આ પરાક્રમનું શ્રવણ કરાવે છે અથવા સાવધાન થઈ સાંભળે છે, તે સર્વ પાપોથી મુક્ત થાય છે. ૪૩.

(શ્રવણ કરવાના) પ્રયોજનની જરૂર હોય તેથી 'ઉત્તમ શ્લોકનું પરાક્રમ' એમ કહેલું છે. ઉત્તમ (પુરુષો) પ્રશંસા કરે છે, તેથી સ્વભાવથી જ ભગવાનનું ચરિત્ર શ્રવણ કરવા યોગ્ય છે. તેમાં પણ આ 'વિક્રમઃ' પરાક્રમ છે જે (આનું) શ્રવણ કરાવે અથવા જે સાવધાન થઈ સાંભળે (અને) તિરસ્કાર ન કરે, તે સર્વ પાપોથી મુક્ત થાય છે. (આથી) એમ કહેલું છે કે ભક્તોની પેઠે ધર્મમાં આસક્તિવાળાઓએ પણ (આ ચરિત્ર) શ્રવણ કરવા યોગ્ય છે. ૪૩.

**ઈતિ શ્રીલક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીમદ્‌વલ્લભદીક્ષિતે રચેલી**
**શ્રીમદ્‌ભાગવતની સુબોધિનીના દશમા સ્કંધના વિવરણમાં**
**ઉત્તરાર્ધમાં ત્રેંસઠમો અધ્યાય સંપૂર્ણ.**

૧. 'સુદર્શન' એટલે સારું (શુભ) છે દર્શન જેનું. જો તેને દોષ થયો હોત તો તેનું દર્શન તેવું ન રહેત. તેથી દોષ થયો ન હતો.

# અધ્યાય ચોંસઠમો.

## બલદેવજીએ દ્વિવિદ વાનરને માર્યો.

**બલસ્ય ચરિતં વક્ષ્યન્ તદભાવાત્તુ પૌંડ્રકઃ ।।**
**તથોક્તવાનિતિ હ્યુક્તં અર્થાદેતદ્બલસ્ય હિ ।।૧।।**
**બલરૂપહરેઃ કાર્યં ન સમાપ્તમિતિ સ્થિતિઃ ।।**
**અતો વિશેષતો વક્તું પ્રશ્નો રાજ્ઞો નિરૂપ્યતે ।।૨।।**

બલભદ્રનું ચરિત્ર કહેતાં, તેમની ગેરહાજરીને લીધે તો પોંડ્રકે તેમ કહ્યું (તેવો સંદેશ મોકલ્યો) એમ કહેલું[1]. વાસ્તવિક રીતે બલભદ્રનું એટલે બલભદ્રરૂપ હરિનું આ[2] કાર્ય પૂરું થયું ન હતું એવી સ્થિતિ છે. તેથી વધારે[3] (શુક) કહે તે માટે રાજાનો પ્રશ્ન કહેવામાં આવે છે કા.૧-૨.

**અષ્ટાદશે તુ દ્વિવિદવધઃ સમ્યઙ્ નિરૂપ્યતે ।।**
**ગોપિકાનામિવાત્રાપિ સ્ત્રીણાં માહાત્મ્યબોધને ।।૩।।**

ગોપિકાઓની પેઠે અહિં પણ સ્ત્રીઓને માહાત્મ્ય જણાવવા માટે[4] અઢાર મા (અધ્યાય)માં તો દ્વિવિદના વધનું સારી રીતે નિરૂપણ કરવામાં આવે છે. કા.૩.

**બલસ્ત્રિયોઽન્યથા ત્વત્ર નિરુદ્ધા ન ભવન્તિ હિ ।।**
**તદા વિભાગો વ્યર્થઃ સ્યાન્નિરોધાનુપયોગતઃ ।।૪।।**

---

૧. ગયા અધ્યાયમાં આ કહેલું છે એવો અર્થ છે. (લે)

૨. બલભદ્રની (દ્વારકામાં) હાજરી નહિ હોવાથી આટલું થયું એટલે વાસ્તવિક રીતે બલભદ્રનું જ માહાત્મ્ય કહેવાયું એવો અર્થ છે. તેથી ગયા અધ્યાયમાં વર્ણવેલું માહાત્મ્ય પણ બલભદ્રમાં આવેશ કરેલા ભગવાનનું જ હતું, એવી સ્થિતિ એટલે મર્યાદા છે, એવો અર્થ છે (લે) ગયા અધ્યાયમાં વર્ણવેલું કાર્ય ભગવાને પોતે જ કરેલું છે, બલભદ્રે કરેલું નથી, તેથી બલભદ્રમાં આવેશ કરેલા ભગવાનનું તે કાર્ય ન ગણાય, પરંતુ ભગવાનનું પોતાનું જ ગણાય. 'આ કાર્ય' એટલે ભગવાને જે બલભદ્રમાં આવેશ કરી કરેલું તે કાર્ય, આવું કાર્ય કહેવાનું પડતું મૂકી વચમાં ભગવાનના કાર્યરૂપ પૌંડ્રકની કથા કહી, તેથી પડતી મૂકેલી કથાનો ફરી પ્રારંભ કરાવવા પ્રશ્ન કરેલ હોવાનું જણાય છે.

૩. ગયા અધ્યાયમાં અર્થથી (બલભદ્રનું કાર્ય) સામાન્ય રીતે કહ્યું હવે ખાસ પ્રકારે કહેવા બલભદ્ર પ્રશ્ન કરે છે. (લે) પહેલાં સોળમા અધ્યાયમાં બલભદ્રનું ચરિત્ર કહેલું. પછી તે પડતું મૂકી ભગવાન નું ચરિત્ર કહેલ. તેથી બલભદ્રનું વધારે ચરિત્ર કહેવા રાજા પ્રશ્ન કરે છે.

૪. 'માહાત્મ્યબોધને' એટલે નિમિત્ત અથવા પ્રયોજન જણાવવા યોજેલી સાતમી વિભક્તિ છે, બલભદ્રની સ્ત્રીઓને માહાત્મ્યનું જ્ઞાન થાય તે માટે એવો અર્થ છે. (લે)

તેમ ન હોય[૫] તો બલભદ્રની સ્ત્રીઓનો અહિં નિરોધ થાય નહિ. ત્યારે નિરોધમાં ઉપયોગી ન રહેવાથી વિભાગ વ્યર્થ થાય[૬]. કા.૪.

**તતઃ સર્વજનીનં ચ ચરિત્રં હિ કરિષ્યતિ ।।**
**યસ્યાવેશસ્ય ચરિતમેવં તસ્ય કિમદ્ભુતમ્ ।।૫।।**

પછી[૭] સર્વમાં પ્રસિદ્ધ ચરિત્ર (બલભદ્ર) કરશે. જેમના આવેશનું ચરિત એવા પ્રકારનું છે, તેમનું શું આશ્ચર્યકારક છે[૮]? કા.૫.

ગયા અધ્યાયમાં 'બલભદ્ર નંદના નેસડે ગયા ત્યારે' (શ્લોક ૧) એ શબ્દોથી એમ જણાયું કે બલભદ્ર દ્વારકામાં હતા ત્યાં સુધી પૌંડ્રક એમ કહેવા શક્તિવાળો ન હતો. તેથી રાજા બલભદ્રનું વધારે ચરિત્ર નીચેના શ્લોકથી પૂછે છે :

।। રાજોવાચ।।

**ભૂયોઽહં શ્રોતુમિચ્છામિ રામસ્યાદ્ભુતકર્મણઃ ।।**
**અનન્તસ્યાપ્રમેયસ્ય યદન્યત્કૃતવાન્ પ્રભુઃ ।।૧।।**

અદ્ભુત કર્મ કરનારા, અનંત, જાણી ન શકાય તેવા બલભદ્રનું (ચરિત્ર) જે (તે) પ્રભુએ કરેલું તે વધારે સાંભળવા હું ઈચ્છું છું. ૧.

યમુનાને ઢસડવાનું વિગેરે માહાત્મ્ય મેં સાંભળ્યું. બીજું પણ સાંભળવા ઈચ્છું છું (તે) અદ્ભુત કર્મ કરનારા હોવાથી તેમનું અલૌકિક ચરિત્ર છે જ, તે કહો એવો પ્રશ્ન છે. જેમ ભગવાનનું કાર્ય કરવા[૧] તે નંદના નેસડે ગયા ત્યારે ભગવાનને ઘણું જ કાર્ય કરવાનું આવી પડ્યું, તેમ બીજું પણ (ભગવાનનું કાર્ય બલભદ્રે કરેલું) હશે એવા અભિપ્રાયથી (તેમને) અદ્ભુત કર્મ કરનારા કહેલા છે. 'અનંત'

૫. આવેશ કર્યા વિના બીજા પ્રકારથી સાક્ષાત્ ભગવાનથી બલભદ્રની સ્ત્રીઓનો નિરોધ સંભવતો ન હતો, એવો અર્થ છે (લે) તેમ ન થાય એટલે સ્ત્રીઓને માહાત્મ્યનું જ્ઞાન ન થાય તો તેઓનો નિરોધ સંભવે નહિ, એવો અર્થ જણાય છે. સાક્ષાત્ ભગવાનથી કાંઈ કાર્ય (થવાનું) સંભવતું ન હોવાનું બને જ નહિ.

૬. બલભદ્રની સ્ત્રીઓનો નિરોધ ન થાય તો પહેલાં કહેલો (ભગવાનની) શક્તિનો વિભાગ નિરોધ (કરવા)માં ઉપયોગી ન થવાથી વ્યર્થ થાય. 'વ્યર્થ'માંનો 'વિ' ઉપસર્ગ વિરોધ દર્શાવનારો છે, એટલે (તે શક્તિનો વિભાગ) સ્કંધના અર્થ (નિરોધ)થી વિરુદ્ધ થાય, એવો અર્થ છે. (લે)

૭. આ (અધ્યાયમાં કહેલું) ચરિત્ર ગુપ્ત છે. પછી લક્ષ્મણાના પ્રસંગમાં સર્વમાં પ્રસિદ્ધ ચરિત્ર કરશે. (લે)

૮. અમુક વ્યક્તિઓના નિરોધના પ્રસંગમાં બલભદ્રનું ચરિત્ર કહ્યું, તેના તાત્પર્યના અર્થથી ભગવાનનું ચરિત્ર (જાણવાનું) કહેલું છે. (લે)

૧. ગોપિકાઓનું સાંત્વન કરવાનું ભગવાનનું કાર્ય કરવા. (લે)

શબ્દથી (એમ જણાવેલ છે કે) તેમનાં ચરિત્ર પણ અનંત છે, તેથી તેવાં (અદ્ભુત) ચરિત્રો ઘણાં છે. 'જાણી ન શકાય તેવા' વિશેષણથી (એમ કહેલું છે કે હું) પોતે કલ્પના કરી શકતો નથી તેથી જ (જાણી ન શકાય) તેવાનું બીજું પણ ચરિત્ર સાંભળવા ઈચ્છું છું; અને તે ચરિત્ર દૈવથી થએલું હોય[2] તે ન કહેશો, પરંતુ શક્તિવાળા હોઈ તેમણે જે કરેલ હોય તે જ કહો એવો (અર્થ છે). ૧.

નિરોધમાં સ્ત્રીઓ જ મુખ્ય હોવાથી, તેમના માટે જ બીજું (કાર્ય કરે) છે એમ જણાવતાં, નીચેના શ્લોકથી આરંભી દ્વિવિદનો વધ (કર્યાનું) કહે છે :

।।શ્રીશુક ઉવાચ।।

**નરકસ્ય સખા કશ્ચિદ્દ્વિવિદો નામ વાનરઃ ।।**
**સુગ્રીવસચિવઃ સોઽથ ભ્રાતા મૈન્દસ્ય વીર્યવાન્ ।।૨।।**

નરકનો મિત્ર કોઈ દ્વિવિદ નામનો વાંદરો હતો, તે સુગ્રીવનો મંત્રી અને મૈન્દનો પરાક્રમી ભાઈ હતો. ૨.

નરકાસુરને ભગવાને હણેલો તેથી, અને સ્ત્રીઓને જ માટે (તેને) હણેલો તેથી, તેના મિત્રને પણ એવી જ રીતે હણવો જોઈએ તેથી તે હણવા યોગ્ય હોવા છતાં આટલા સમય સુધી તેની અવગણના કરેલી (હણેલો નહિ) એમ કહેલું છે. 'કોઈક' વિશેષણથી (એમ જણાવેલું છે કે) તેને દૈત્ય તરીકે અથવા દેવ તરીકે ચોક્કસ પ્રકારે કહેવાય તેવો ન હતો. 'દ્વિધા' બે પ્રકારનું 'વિત્' જ્ઞાન છે જેનું તે 'દ્વિવિદ' એ શબ્દથી એમ (જણાવેલ છે) કે આ દ્વિસ્વભાવવાળો હતો. તેથી રામચંદ્રના અવતાર સમયે ભક્ત હોવા છતાં હમણાં વિરુદ્ધ થએલો હતો. આથી એમ કહેલું છે કે દ્વિસ્વભાવવાળાઓ પણ વધ કરવા યોગ્ય જ છે. 'વાંદરો' શબ્દથી અવગણના (કરવા)નું કારણ કહેલું છે, કે ભગવાને જ ('વા' અથવા 'નરાઃ' માણસો એટલે વાંદરા અથવા માણસો એમ) અર્ધ માણસો બનાવેલા છે તો પછી તેઓને શા માટે હણવા?

'ત્યારે તેનો વધ કરવામાં બલભદ્રનું શું માહાત્મ્ય?' એવી શંકા થાય, તેથી 'અથ' 'અને' શબ્દથી જૂદો આરંભ કરી માહાત્મ્ય કહે છે. તે સુગ્રીવનો મંત્રી હતો. તેને હનુમાન વિગેરે ચાર મંત્રીઓ હતા, તેમનામાં (આની) ગણના હોવાથી, તેમની સમાન (આને) કહેલો છે. 'તે' શબ્દથી (એમ જણાવ્યું છે કે) રામાયણમાં આ સ્વભાવથી પણ પ્રસિદ્ધ છે. 'મૈન્દનો ભાઈ' શબ્દોથી એમ (જણાવ્યું છે કે)

૨. પૌંડ્રકના વધરૂપ બલભદ્રનું આર્થિક ચરિત્ર છે તેવું ન કહેવું એવો અર્થ છે. (લે) દૈવથી એટલે પરાક્રમ કર્યા વિના થએલ હોય તેવું ન કહેવું. પરાક્રમવાળું બલભદ્રનું ચરિત્ર કહો એવો પ્રશ્ન છે. પૌંડ્રકનો વધ એ બલભદ્રનું ચરિત્ર જ નથી.

રામાયણમાં મૈન્દની શૂરવીરતા કહેલી છે, (અને) તેનો ભાઈ પણ તેની સમાન છે. તેથી પણ વધારે (શૂરવીરતા) 'પરાક્રમી' શબ્દથી કહેલી છે. ૨.

'ત્યારે આવો મોટો અને પ્રસિદ્ધ (વાંદરો ભગવાનથી) વિરુદ્ધ કેમ થયો?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**સખ્યુઃ સોऽપચિતિં કુર્વન્ વાનરો રાષ્ટ્રવિપ્લવમ્ ।।**
**પુરગ્રામાકરાન્ ઘોષાનદહદ્વહ્નિનોત્સૃજન્ ।।૩।।**

તે વાંદરો મિત્રના વૈરનો બદલો વાળતાં દેશનો નાશ થાય તેવી રીતે શહેરો, ગામડાં, ખાણો અને નેસડાઓમાં (અગ્નિ) નાખતો (તેઓને) અગ્નિથી બાળતો હતો. ૩.

નરકને ભગવાને હણેલો, તેથી (તેનાં) વૈરનો બદલો વાળતાં (બાળતો હતો). અધમનો કોઈ પણ શત્રુ તરીકે વિરોધ કરતું નથી, તેથી જેમ (કરવાથી) બધાએ દેશનો નાશ થાય તેમ તેણે દેશનો નાશ કરવા માંડ્યો. ઉત્તરાર્ધથી દેશનો નાશ જ કહેલો છે. 'દેશનો નાશ જેમ થાય તેમ' એ શબ્દનો બધી ક્રિયાઓ સાથે સંબંધ છે. 'પુરાણિ' શહેરો 'ગ્રામાઃ' નાનાં (ગામડાં) 'આકરાઃ' રત્નની ખાણો 'ઘોષાઃ' ભરવાડોના ગામડાં (નેસડાઓ). (પહેલા) ત્રણ પ્રકારના લૌકિક કહેલા છે. વૈદિકનો પણ ઘણો દોષ થાય તે માટે 'નેસડાઓ' કહેલા છે. 'વહ્નિ'ના એટલે અગ્નિથી બાળીને. આથી (એમ કહેલું છે કે) છૂપી રીતે બાળતો. તેમ ન હોય તો 'વહ્નિ' શબ્દ નિરર્થક થાય. ૩.

અગ્નિથી (કરેલો) ઉપદ્રવ કહી, નીચેના શ્લોકમાં પર્વતોથી (કરેલો) ઉપદ્રવ કહે છે :

**ક્વચિત્સ શૈલાનુત્પાટ્ય તૈર્દેશસ્થાનચૂર્ણયત્ ।।**
**આનર્તાન્સુતરામેવ યત્રાસ્તે મિત્રહા હરિઃ ।।૪।।**

કોઈ સમયે તે પર્વતોને ઉખાડીને તેઓથી દેશના લોકોના, (અને) ઘણું કરીને જ્યાં (તેના) મિત્રને હણનારા હરિ રહેતા હતા તે આર્નત દેશના લોકોના જ ચૂરેચૂરા કરતો. ૪.

પર્વતોને તેઓના સ્થાનમાંથી ઉખાડીને, દેશો ઉપર નાખીને દેશના લોકોના ચૂરેચૂરા કરતો. ભગવદીઓના જ ઘણું કરીને ચૂરા કરતો એમ ઉત્તરાર્ધથી કહે છે. તેનું કારણ 'નરકને હણનારા ગોવિંદ જ્યાં રહેતા હતા' એમ કહેલું છે. ૪.

નીચેના શ્લોકમાં તેણે જલથી (કરેલો) ઉપદ્રવ કહે છે :

**ક્વચિત્સમુદ્રમધ્યસ્થો દોર્ભ્યામુદ્ધૃત્ય તજ્જલમ્ ।।**
**દેશન્નાગાયુતપ્રાણો વેલાકૂલાનમજ્જયત્ ।।૫।।**

દશ હજાર હાથીના બલવાળો તે કોઈ વાર સમુદ્રની મધ્યમાં રહીને પોતાના બે હાથોથી તેનું જલ ઉછાળીને સમુદ્રના કાંઠા ઉપરના દેશોને ડૂબાડી દેતો. ૫.

'બે હાથ ઉછાળીને' શબ્દોથી (તેના) હાથનું સ્થૂલપણું જણાવેલું છે. સમુદ્રના કાંઠા ઉપરના દેશોને (ડૂબાડતો). તરત કોઈથી હણી શકાય તેવો ન હતો એમ કહેવા 'દશ હજાર હાથીના બલવાળો' વિશેષણ કહેલું છે. તે દશ હજાર હાથીના બલવાળો હતો. 'વેલા' સમુદ્રનો કાંઠો છે 'કૂલે' સરહદ ઉપર જેની, એમ ડૂબાડવાની સરલતા અને યોગ્યતા કહેલાં છે. ૫.

સાધારણ (લોકો)ને કરેલો ઉપદ્રવ કહી, નીચેના શ્લોકમાં વૈદિકોને પણ કરેલો ઉપદ્રવ કહે છે :

**આશ્રમાનૃષિમુખ્યાનાં કૃત્વા ભગ્નવનસ્પતીન્ ।।**
**અદૂષયચ્છકૃન્મૂત્રૈરગ્નીન્ વૈતાનિકાન્ ખલઃ ।।૬।।**

(તે) હરામખોર મુખ્ય ઋષિઓના આશ્રમોને છિન્નભિન્ન વૃક્ષોવાળા કરીને વૈદિક અગ્નિઓને ઝાડા પેશાબથી અપવિત્ર કરતો. ૬.

તેઓના પરોપકારનાં કૃત્યો અને યજ્ઞોનો તે નાશ કરતો હતો એમ કહેવા '(આશ્રમોને) છિન્નભિન્ન વૃક્ષોવાળા કરીને 'વૈતાનિકાન્' ગાર્હપત્ય વિગેરે વૈદિક અગ્નિઓને અપવિત્ર કરતો' (એમ કહેલું છે).

'એમ કરવામાં (દ્વિવિદનો) પોતાનો શું પુરુષાર્થ? કારણ કે બ્રાહ્મણો નરકના અથવા બીજા કોઈના શત્રુઓ નથી' એવી શંકા થાય, તેથી 'હરામખોર' શબ્દ યોજેલ છે. આ દુષ્ટ અંતઃકરણવાળો હતો, તેથી પ્રયોજન વિના પણ બીજાઓને દુઃખ દેવા (તેમ) કરતો એવો (અર્થ છે). ૬.

પૃથ્વી, જલ અને તેજથી દેશોને કરેલો ઉપદ્રવ કહીને દેશમાં રહેલા વૈદિકોનું પણ નિરૂપણ કરીને, નીચેના શ્લોકમાં તેણે પીડેલા બીજાઓને સ્ત્રીપુરુષના સમાનપણાથી કહે છે :

**પુરુષાન્યોષિતો દૃપ્તઃ ક્ષ્માભૃદ્દ્રોણીગુહાસુ સઃ ।।**
**નિક્ષિપ્ય ચાપ્યધાચ્છૈલૈઃ પેશસ્કારીવ કીટકમ્ ।।૭।।**

જેમ ભમરો કીડાને પૂરે છે તેમ તે સ્વચ્છંદી પુરુષોને અને સ્ત્રીઓને પર્વતોની ખાણો અને ગુફાઓમાં નાખી અને મોટા પથ્થરોથી પૂરી દેતો હતો. ૭.

સાથે રહેલા (સ્ત્રીઓને અને પુરુષો)ને તેઓના સંગનો ભંગ કરવા અને રસની હાંસી કરવા તે 'દૃપ્તઃ' સ્વચ્છંદી 'ક્ષ્માભૃતઃ' પર્વતોની 'દ્રોણીગુહાસુ' બંને પર્વતોની વચ્ચેની ખીણોમાં અને ગુફાઓમાં, 'અહિં રમણ કરો' એમ મશ્કરી કરતો

નાખીને, પૂરી દેતો. 'શલઃ' તે (ખીણો અને ગુફાઓ) ઉપર મોટા પથ્થરો મૂકતો. 'જેમ ભમરો કીડાને પૂરે તેમ' શબ્દોથી તેમ કરવાનું પ્રયોજન કહેલું છે, કારણ કે કીડો પોતાનું સ્મરણ કરીને પોતાની સમાન થાય એવા હેતુથી તે (ભમરો) તેમ કરે છે (કીડાને પૂરે છે), તેવી રીતે આ પણ બધુંએ વિશ્વ મારારૂપ થાઓ, ભગવદ્રૂપ ન થાઓ એવા હેતુથી તેમ કરતો. ૭.

એવી રીતે સહન થઈ શકે તેવો ઉપદ્રવ કહી, નીચેના શ્લોકમાં તેનો ઉપસંહાર કરતાં સહન થઈ ન શકે તેવા (ઉપદ્રવ) કહે છે :

**એવં દેશાન્ વિપ્રકુર્વન્ દૂષયંશ્ચ કુલસ્ત્રિયઃ ।।**
**શ્રુત્વા સુલલિતં ગીતં ગિરિં રૈવતકં યયૌ ।।૮।।**

એ પ્રમાણે દેશોને પીડતો અને કુલવાન સ્ત્રીઓને ભ્રષ્ટ કરતો ઘણું મનોહર ગીત સાંભળીને તે રૈવતક પર્વતે ગયો. ૮.

'(કુલવાન સ્ત્રીઓને) ભ્રષ્ટ કરતો' એમ આ સહન ન થઈ શકે તેવું (તેનું કૃત્ય કહેલું) છે. બીજી (સ્ત્રીઓ)ની ભ્રષ્ટતાથી દોષ થતો નથી, તેથી 'કુલવાન' શબ્દ યોજેલ છે. આથી એમ સૂચવેલું છે કે ભગવાન્ તેઓને નરકના ઘરમાંથી લઈ આવેલ, તેથી (તે) તે પ્રમાણે કરતો હતો.

એવી રીતે પાપ ઘણું વધતાં, તેને લીધે જ મરવા માટે તેણે પોતે જ ઉદ્યમ કર્યો એમ ઉત્તરાર્ધથી કહે છે. જેમ બધાના બધા વિષયોનો તેણે નાશ કરેલ તેમ મનોહર ગીતનો પણ (નાશ કરવા ગયો), અથવા 'હું છું ત્યારે કોણ ગાય છે?' એવા વિચારથી તે(ગાનાર)નો નાશ કરવા, રૈવતક (ગિરનાર)જ ગીત કરે છે એવા અનુમાનને લીધે[1] રૈવતક ગયો. ૮.

પછી તેણે ગીત કરનારને જોયા એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તત્રાપશ્યદ્યદુપતિં રામં પુષ્કરમાલિનમ્ ।।**
**સુદર્શનીયસર્વાઙ્ગં લલનાયૂથમધ્યગમ્ ।।૯।।**
**ગાયન્તં વારુણીં પીત્વા મદવિહ્વલલોચનમ્ ।।**
**વિભ્રાજમાનં વપુષા પ્રભિન્નમિવ વારણમ્ ।।૧૦।।**

ત્યાં તેણે કમલની માલાવાળા, મનોહર સર્વ અંગોવાળા સ્ત્રીઓના

---

૧. દ્વિવિદ પશુ હોવાથી તેને સ્વર વિગેરેનું જ્ઞાન નહિ હોવાથી મનોહરપણાંથી જ તેણે ગીત થતું હોવાનું અનુમાન કર્યું. તેમ ન હોત તો કોઈ મોટેથી બોલે છે એમ જ તે માનત એવો અર્થ છે (લે) આવો ભાવાર્થ હોત તો રૈવતક જ જવાનું કારણ ન હતું. 'તેનૈવ' એટલે મનોહરપણાને લીધે જ એવો અર્થ લેખકાર લે છે. 'તેનૈવ' એટલે રૈવતકે જ એવો અર્થ જણાયાથી તે પ્રમાણે અર્થ કરેલ છે.

સમૂહની મધ્યમાં રહેલા, મદિરાનું પાન કરીને ગાન કરતા, મદને લીધે ઘેરાએલા લોચનવાળા, મદ ઝરતા હાથીની પેઠે દેહથી શોભતા યદુઓના પતિ રામને જોયા. ૯-૧૦.

તેને અદેખાઈ ઉત્પન્ન થાય તે માટે બલભદ્રના દશ ગુણોનું વર્ણન કરે છે, કારણ કે આટલા જ ગુણો છે[૧]. તે પૈકી પહેલાં તેણે ૧.ઐશ્વર્ય જોયું એમ 'યદુઓના પતિ' શબ્દથી કહે છે. બલભદ્ર યાદવોના સ્વામી હતા કારણ કે સ્વામીના ચિહ્નો ધારણ કરતા હતા. અથવા તેવા પ્રકારનું અને (દ્વિવિદને તેમનું) જ્ઞાન અથવા પરિચય હતા. આથી કરવાનું, ન કરવાનું અને કરેલું ફેરવી નાખવાનું સામર્થ્ય કહેલું છે. આ લૌકિક છે. ૨.'રામ' શબ્દથી અલૌકિક સામર્થ્ય કહે છે. ભગવાનના વીર્યના વિભાગ થએલા હોવાથી સર્વ લોકોને આનંદ કરાવવો તે પણ તે(બલભદ્ર)નો અસાધારણ ગુણ છે. (આ શબ્દથી) સ્વરૂપથી અને કાર્યથી સરસાઈ કહેલી છે. ૩.'કમલની માલાવાળા' શબ્દથી લક્ષ્મીએ તેમને પસંદ કરેલા એમ જણાવતાં શણગારેલા હોવાનું કહેલું છે. એ પ્રમાણે ઐશ્વર્ય વિગેરે ત્રણ[૨] (ગુણો) કહ્યા.

૪.'સારી રીતે મનોહર છે સર્વ અંગો જેમના' વિશેષણથી સુંદરપણાને લીધે દેહની કીર્તિ કહેલી છે. ૫.'સ્ત્રીઓના સમૂહના મધ્યમાં રહેલા' વિશેષણથી બહારની કીર્તિ કહેલી છે, કારણ કે આ કીર્તિ શોભા કરાવનારી છે. ૯.

૬.'ગાન કરતા' વિશેષણથી જ્ઞાનના ફલરૂપ પોતાના આનંદની પૂર્ણતા કહેલી છે. ૭.'મદિરાનું પાન કરીને' શબ્દથી દેહનું વિસ્મરણ કરાવનાર જ્ઞાનનું ફલ બંને પ્રકારનું કહ્યું. ૮.'મદને લીધે ઘેરાએલાં છે લોચન જેમના' વિશેષણથી વૈરાગ્યના ફલરૂપ બહારની જ્ઞાનદષ્ટિ ઘેરાએલી કહેલી છે. ૯.'વિભ્રાજમાનં' એટલે જતો રહેલ છે પ્રકાશ જેનો અથવા ઉત્તમ છે પ્રકાશ જેનો[૩]. એમ બંને વિકલપણાને લીધે વૈરાગ્યનાં પરિણામ છે તેવા દેહથી શોભતા ૧૦.પછી 'મદ ઝરતા હાથીની પેઠે' શબ્દોથી વૈરાગ્યનું સ્વરૂપ કહેલું છે, કારણ કે જે (હાથી) ઘણો

---

૧. કારણ કે લીલા દશ પ્રકારની જ છે. (લે)

૨. આ ત્રણ શબ્દોથી અનુક્રમે (૧) ઐશ્વર્ય, વીર્ય અને શ્રી એ ત્રણ ગુણો કહ્યા. ચોથા અને પાંચમા શબ્દોથી (૪) યશઃ અથવા કીર્તિ કહી. છઠ્ઠા અને સાતમાથી (૫) જ્ઞાન કહ્યું. આઠમા નવમા અને દશમાથી (૬) વૈરાગ્ય કહ્યો. એ પ્રમાણે છ ગુણો કહ્યા.

૩. અહિં 'વિભ્રાજમાન' શબ્દના બે અર્થ કહ્યા, તે જૂદા જૂદા ગણતાં દશ ગુણો થાય છે (લે) એક શબ્દ બે અર્થ કહ્યા તેથી બે જૂદા ગુણો કહેલ હોવાનું યોગ્ય જણાતું નથી, પરંતુ 'ગાન કરતા' અને 'મદિરાનું પાન કરીને' એ બેથી જૂદા જૂદા બે ગુણો શ્રીસુબોધિનીમાં દર્શાવેલ હોવાથી તે બે જૂદા જૂદા ગણતાં દશ પૂરા થાય છે.

જ 'ભિન્નઃ' મદ ઝરતો હોય તે મર્યાદા વિનાનો હોય છે. એવી રીતે ભગવાન્ (બલભદ્ર)માં કારણ અને ફલ સહિત છ ગુણો જણાવ્યા. ૧૦.

એવા (બલભદ્ર)ને જોઈને પણ (દ્વિવિદે) પોતાનું દુષ્ટપણું પ્રકટ કર્યું, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**દુષ્ટઃ શાખામૃગઃ શાખામારૂઢઃ કમ્પયન્દ્રુમાન્ ।।**
**ચક્રે કિલકિલાશબ્દમાત્માનં સંપ્રદર્શયન્ ।।૧૧।।**

દુષ્ટ શાખામૃગે શાખા ઉપર ચઢીને વૃક્ષોને કંપાવતાં પોતાને દેખાડતાં હૂકાહૂક શબ્દ કર્યો. ૧૧.

ભગવાનને જોઈને હૂકાહૂક શબ્દ કર્યો. તેની જાતના વાંદરાઓનો શબ્દ તેવો હોય છે. જ્યારે પોતાના વિષે મોટા હોવાની બુદ્ધિ થાય છે ત્યારે પોતાની જાતનાનો શબ્દ કરે છે. ચાલુ પ્રસંગમાં તો ભગવાનને જોવા છતાં પણ તેમ કરવાનું કારણ 'દુષ્ટ' વિશેષણથી કહેલું છે. તેનો દોષ કુદરતી હતો એમ કહેવા 'શાખામૃગ'[1] શબ્દ યોજેલ છે. તે ભૂમિ અથવા ભૂમિ ઉપર ઉગેલાં વૃક્ષનો આશ્રય કરતો ન હતો, પરંતુ શાખાઓનો જ આશ્રય કરતો, અને 'શાખા ઉપર ચઢી' શબ્દોથી એમ સૂચવેલું છે કે પોતાના સ્થાનમાં રહેલો નજીવો (પણ) મદવાળો થાય છે. 'વૃક્ષોને કંપાવતા' શબ્દોથી પોતાના આશ્રયના પણ આશ્રયોની[2] અવગણના કહેલી છે. તેવો દુષ્ટ ઈશ્વરની અવગણના કરે એ યોગ્ય છે. 'છૂપો રહીને રસ ઉત્પન્ન કરવા પણ તેમ કરે' એવી શંકા દૂર કરવા, 'પોતાને દેખાડતાં' શબ્દો યોજેલ છે. ('પોતાને' એટલે) પોતાના દેહને અથવા પોતાના ગુહ્ય ભાગને. ૧૧.

નજીવું (પ્રાણી) તેમ કરે તે યોગ્ય નહિ હોવાથી ભાંડના જેવા તેને જોઈને, માત્ર તેનાથી, ક્રોધ (ઉત્પન્ન) ન પણ થાય તેથી નીચેના શ્લોકમાં સ્ત્રીઓ હસી એમ કહે છે :

**તસ્ય ધાર્ષ્ટ્યં કપેર્વીક્ષ્ય તરુણ્યો જાતિચાપલાઃ ।।**
**હાસ્યપ્રિયા વિજહસુર્બલદેવપરિગ્રહાઃ ।।૧૨।।**

તે વાંદરાની ઉદ્ધતાઈ જોઈને સ્વભાવથી ચપલ, તરુણ, જેમને હસવું પ્રિય હતું તેવી બલદેવની સ્ત્રીઓ હસી. ૧૨.

'તે' એટલે અપરાધ કરેલો હોવાથી વધ કરવા યોગ્ય તુચ્છ જીવ વાંદરાની ઉદ્ધતાઈ એટલે તેવું કાર્ય જોઈને, સ્વભાવથી જ ચપલ (અને) તરુણ (સ્ત્રીઓ

---

૧. 'શાખામૃગ' એટલે શાખાઓ ઉપર ફરનાર જનાવર, વાંદરો.

૨. વાંદરાનો આશ્રય શાખાઓ, કારણ કે તે શાખાઓ ઉપર રહેનારો છે. શાખાઓનો આશ્રય વૃક્ષો, તેમને કંપાવતો હતો એટલે તેમની અવગણના કરતો હતો.

હસી), કારણ કે વય તેમ જ સ્વભાવ પણ તેમને અસ્થિર બનાવનારા છે. 'જેમને હસવું પ્રિય હતું' વિશેષણથી (એમ કહેલું છે કે તેમનાં) ઇન્દ્રિય અને અંતઃકરણનો ગુણ પણ તેવો હતો. 'બલદેવની' એટલે ભય વિનાનાની અથવા ઉપર વર્ણવેલ (ગુણોવાળા)ની 'પરિગ્રહાઃ' વિવાહ કરેલી સ્ત્રીઓ સર્વ પ્રકારે ભય વિનાની હતી. વસ્ત્ર ન રહે તેવા ચાર[1] પ્રકારના ગુણો હોવાથી તેઓ હસી. બલભદ્ર તો (તેમને દ્વિવિદની) દરકાર જ નહિ હોવાથી કાંઈ પણ બોલ્યા નહિ. ૧૨.

બંને[1] પોતાની અવગણના કરે તેવાં હોવાથી (દ્વિવિદે) તે (સ્ત્રી)ઓની અવગણના કરી, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**તા હેલયામાસ કપિર્ભ્રૂક્ષેપૈઃ સમ્મુખાદિભિઃ ।।**
**દર્શયન્ સ્વગુદં તાસાં રામસ્ય ચ નિરીક્ષતઃ ।।૧૩।।**

ભ્રમરોનો સંકોચ, સામું જોઈ રહેવું વિગેરેથી બલભદ્રના દેખતાં પોતાની ગુદા તેઓને દેખાડતાં વાંદરાએ તેઓનું અપમાન કર્યું. ૧૩.

મુખથી પોતાની જાતના પ્રાણીઓની ચેષ્ટાઓ કરીને પણ અપમાન કર્યું એમ કહે છે. આડી દષ્ટિથી જોતાં ભ્રમરોના સંકોચ, સારી રીતે મુખ છે જેમના તરફ તે સામું જોઈ રહેવું વિગેરે મુખના વિકારોથી અપમાન કર્યું પડખેથી અને સામેથી કરેલું અપમાન કહીને 'પોતાની ગુદા તેઓને દેખાડતાં' શબ્દોથી પાછલથી પણ અપમાન કર્યું એમ કહે છે. બલભદ્રે શાંત રહી અવગણના કરેલી, તેથી તેણે બલભદ્રનું પણ અપમાન કર્યું એમ 'બલભદ્રના દેખતાં' શબ્દોથી કહે છે. બલભદ્ર દેખતા હતા અને તે સ્ત્રીઓ પણ દેખતી હતી ત્યારે બધાંને પોતાની ગુદા દેખાડતાં સાધારણ (પ્રાણી)ને પણ સંકોચ થાય, પરંતુ આને તો એમ હોવા છતાં (સંકોચ) ન થયો, એવો (તેનો) દોષ કહેવા (આ) વર્ણન કહેલું છે. ૧૩.

પછી વિચાર કર્યા વિના જ, અથવા થોડો દોષ હોય ત્યારે થોડી જ સજા (કરવી જોઈએ) એમ જણાવવા (બલભદ્રે) માત્ર પથરો જ ફેંક્યો એમ નીચેના શ્લોકમાં કહે છે :

**તં ગ્રાવ્ણા પ્રાહરત્ક્રુદ્ધો બલઃ પ્રહરતાં વરઃ ।।**
**સ વઞ્ચયિત્વા ગ્રાવાણં મદિરાકલશં કપિઃ ।।૧૪।।**
**ગૃહીત્વા હેલયામાસ ધૂર્તસ્તં કોપયન્હસન્ ।।**
**નિર્ભિદ્ય કલશં ધૃષ્ટો વાસાંસ્યાસ્ફોટયદ્બલમ્ ।।૧૫।।**

---

૧. (૧) તરુણવય (૨) ચપલ સ્વભાવ (૩) હસવું પ્રિય હોવાપણું અને (૪) ભય વિનાનાની સ્ત્રી હોવાપણું એ ચાર ગુણો હોવાથી વશ ન રહે તેવી હોઈ હસી, એવો અર્થ જણાય છે.
૧. સ્ત્રીઓનું હસવું અને બલભદ્રનું શાંત રહેવું એ બંને.

પ્રહાર કરનારાઓમાં ઉત્તમ કોપેલા બલે તેને પથ્થરથી પ્રહાર કર્યો. તે ધૂતારા વાંદરાએ પથ્થર ચૂકાવી, મદિરાના કલશને લઈ જઈ તેમને કોપાવતાં અને હસતાં (તેમનો) તિરસ્કાર કર્યો (અને તે) ઉદ્ધતે કલશને ભાંગી નાખી વસ્ત્રોને ફાડી નાખી બલભદ્રને યુદ્ધ માટે પડકાર્યા. ૧૪-૧૫.

'વાંદરાઓએ ઉપકાર કરેલો અને તેઓ દયાને પાત્ર હતા, તેથી (બલભદ્રે) અવગણનાનો ત્યાગ કરી એ પ્રમાણે પથ્થરથી કેમ પ્રહાર કર્યો?' એવી શંકા થાય તેથી 'કોપેલા' વિશેષણ યોજેલું છે. તે તુચ્છ પ્રાણીએ મોટાનું અપમાન કર્યું એ કોપ કરવાનું કારણ હતું. (ભગવાનનો) આવેશ થએલ નહિ હોવાથી હલ અને મુશલનું સ્મરણ થયું તે પહેલાં (બલભદ્રે આ) સર્વ કર્યું. (તેથી એમ જણાય છે કે આ પથ્થર ફેંકવાનો) દોષ વિચાર કરીને કરેલ ન હતો. તે 'બલ' હતા, એટલે તે (દ્વિવિદ)નું માહાત્મ્ય જાણવા છતાં પોતે સર્વથી બલવાળા હોવાથી જ તેમણે તેમ કરેલું. 'પ્રહાર કરનારાઓમાં ઉત્તમ' શબ્દથી (એમ કહેલું છે કે) કાગડાઓ વિગેરેને માત્ર ઉડાડી મૂકવા (પથ્થર) ફેંકવામાં આવે છે તેમ (ફેંકેલ) ન હતો તેથી તે (પથ્થર)થી જ દુઃખ પામે તે માટે તેવો (પથ્થર ફેંકવાનો) પ્રકાર કરેલો. તે તો પહેલાં પરમેશ્વરનો ભક્ત હતો, તેથી ભગવાનની કૃપાથી જ તેને જે શક્તિ (પ્રાપ્ત) થઈ તે ચૌદમા શ્લોકના ઉત્તરાર્ધથી આરંભી કહે છે. પોતાની મેળે જ મરવા તૈયાર થએલા તે ઉદ્ધતનો અપરાધ અસહ્ય થાય ત્યારે (બલભદ્ર) ક્રોધને લીધે (તેને) હણશે એમ કહેવા, (તેનો) તેવો અપરાધ 'પથ્થર ચૂકાવી, મદિરાના કલશને લઈ જઈ તિરસ્કાર કર્યો' શબ્દથી કહેલો છે, કારણ કે તે ધૂતારો જાણતો હતો કે (મદિરાનું) પાન કરવાના વ્યસનવાળાઓને તે લઈ લેવાથી ઘણો ક્રોધ થાય છે. (બલભદ્રને) દુઃખ દેવા (તેણે) આ કરેલ ન હતું, પરંતુ કોપાવતાં કરેલું. (બલભદ્ર) માત્ર કોપ દેખાડે તે માટે હસતાં (તેમ કરેલું).

'ત્યારે (મદિરાનું) પાન કરવા (કલશ) લઈ લીધો હશે' એવી શંકા થાય, તેથી પછીથી તેણે કરેલ ચરિત્ર પંદરમા શ્લોકના ઉત્તરાર્ધથી કહે છે. તેણે કલશને ફોડી નાખ્યો. 'તેમ થતાં (બલભદ્રનું) જીવન પણ જતું રહેશે' એવી શંકા ન રહે તે માટે કહે છે કે પછી જલક્રીડા કર્યા પછી પહેરવાનાં સ્ત્રીઓનાં અને બલભદ્રના વસ્ત્રો (ત્યાં) મૂકેલા તે 'નિર્ભિદ્ય' ઘણી રીતે ફાડી નાખી પછી બલભદ્રને 'આસ્ફોટયત્' મલ્લની પેઠે યુદ્ધ કરવા માટે બાહુઓ ઠોકી પડકાર્યા. ૧૪-૧૫.

'તુચ્છ (પ્રાણી)એ કેમ એવું કર્યું' એવી શંકા થાય, તેથી નીચેનો અર્ધ શ્લોક કહે છે :

**કદર્થીકૃત્ય બલવાન્ વિપ્રચક્રે મદોદ્ધતઃ ।।૧૫ાા.।।**

બલવાળા અને મદથી ઉદ્ધત બનેલા તેણે (બલભદ્રને) તુચ્છકારીને (તેમનો) અપરાધ કર્યો. ૧૫ા.

'બલભદ્ર પણ બલવાળા હતા. સમાન (બલવાળા) પ્રતિ પણ એવું કરવામાં આવતું નથી' એવી શંકા થાય, તેથી 'કદર્થીકૃત્ય' 'તુચ્છકારીને' શબ્દ યોજેલ છે. તે (તુચ્છ કરવાનું) પણ પોતાના મનમાં જ કરેલું એમ કહેવા, 'મદથી ઉદ્ધત બનેલા' શબ્દ યોજેલ છે. 'વિપ્રચક્રે' એટલે અપરાધ કર્યો. ૧૫ા.

પછી ભગવાને જેમનામાં આવેશ કરેલ તેવા બલભદ્રે વિચારપૂર્વક તેનો વધ કરવા યત્ન કર્યો, એમ નીચેના શ્લોકથી કહે છે :

**તં તસ્યાવિનયં દૃષ્ટ્વા દેશાંશ્ચ તદુપદ્રુતાન્ ॥૧૬॥**
**ક્રુદ્ધો મુસલમાદત્ત હલં ચારિજિઘાંસયા ॥**

તેની તે ઉદ્ધતાઈ અને (તેનાથી) પીડાએલા દેશોને જોઈને કોપેલા (બલભદ્રે) શત્રુને હણવાની ઈચ્છાથી મુસલ અને હલ લીધાં. ૧૬ા.

વાસ્તવિક રીતે તો બલભદ્રનો અપરાધ કરેલ તે તો માત્ર દ્વાર (હણવાનું કારણ) હતું. મુખ્ય અપરાધ તો 'તેનાથી પીડાએલા દેશોને જોઈને' શબ્દોથી કહેલો છે. કેટલાક એમ કહે છે કે જો કે પહેલાં (દેશોને પીડ્યાનું બલભદ્રે) જોએલું, છતાં પણ આ સમયે તેનું સ્મરણ કર્યું. ખરી રીતે તો હમણાં જ (તેમનામાં) ભગવાનનો આવેશ થયો, અને તેમને (ભગવાનને) તો સર્વ સ્થલોનું પ્રત્યક્ષ જ્ઞાન હોય છે, તેથી હમણાં જ '(તેનાથી પીડાએલા દેશો) જોઈને' એમ (કહ્યું તે) યોગ્ય છે.

ભગવાનની સાથે જ મુસલ વિગેરે પણ આવતાં તેને હણવાની ઈચ્છાથી બલભદ્રે મુસલ અને હલ લીધાં. 'કોપેલા' વિશેષણથી એમ કહેલું છે કે આયુધવાળાં ચિહ્ન તરીકે (તેમને) લીધાં ન હતાં. તે ભક્ત હતો એવી શંકા દૂર કરવા 'શત્રુને' શબ્દ યોજેલ છે. 'ચ' 'અને' શબ્દથી (એમ કહેલું છે કે) ભગવાને બીજા પણ પોતાના ગુણો બલભદ્રમાં પ્રકટ કર્યા, તેથી અલૌકિક બલ પણ થયું એમ જાણવું. ૧૬ા.

તેટલાથી પણ (દ્વિવિદ) અટક્યો નહિ તેથી ભગવાન્ કલેશ વિના કર્મ કરનાર છે એમ કહેતાં[1] (સૂચવતાં) નીચેના શ્લોકમાં (દ્વિવિદનું કાર્ય) કહે છે :

**દ્વિવિદોઽપિ મહાવીર્યઃ શાલમુત્પાટ્ય પાણિના ॥૧૭॥**
**અભ્યેત્ય તરસા તેન બલં મૂર્ધન્યાતાડયત્ ॥**

ઘણાં બલવાળા દ્વિવિદે પણ એક હાથથી સાગને ઉખાડી, ઝડપથી પાસે

૧. દ્વિવિદે પ્રથમ હુમલો કર્યો તેથી તેને હણવામાં આવે તો તે કલેશ વિનાનું કર્મ થાય તે માટે તેણે હુમલો કર્યાનું કહે છે એવો ભાવાર્થ જણાય છે.

આવી, તેનાથી બલભદ્રને માથાં ઉપર પ્રહાર કર્યો. ૧૭॥.

યુદ્ધનું વર્ણન કરવા તેનું 'દ્વિવિદ' એવું પ્રસિદ્ધ નામ કહેલું છે. રામાયણ વિગેરેમાં તેનું પરાક્રમ વર્ણવેલું તેનું, યુદ્ધના સ્મરણથી (તેની યુદ્ધ માટે) તીવ્ર ઉચ્છા થાય તે માટે 'ઘણાં બલવાળા' વિશેષણથી સ્મરણ કરાવે છે. 'એક હાથથી સાગના વૃક્ષને ઉખાડી' શબ્દોથી (તેનાં) બલનું કાર્ય (જણાવ્યું), પરંતુ (આ) માત્ર પ્રશંસા થાય તે માટે (કહેલું) નથી એમ જણાવવા (કહેલું છે). ૧૭॥.

'તરસા' બલભદ્ર ઉદ્યમ કરે તે પહેલાં જ 'અભ્યેત્ય' પાસે આવી, માથાના ભાગમાં 'અતાડયત્' (સાગને) પકડીને જ લાકડીની પેઠે તે સાગથી પ્રહાર કર્યો. 'બલં' 'બલભદ્રને' શબ્દથી શ્રવણ કરનારને ભય થશે નહિ એમ સૂચવેલું છે. ૧૭॥.

પછી (બલભદ્રે) તેની દરકાર કરી નહિ, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**તં તુ સંકર્ષણો મૂર્ધ્નિ પતન્તમચલો યથા ॥૧૮॥**
**પ્રતિજગ્રાહ બલવાન્ સુનન્દેનાહનચ્ચ તમ્ ॥**

બલવાન સંકર્ષણે તે માથાં ઉપર પડતાં વૃક્ષને તો જેમ પર્વત લે તેમ પકડી લીધું અને તેને મુસલથી પ્રહાર કર્યો. ૧૮॥.

પર્વત ઉપર વૃક્ષ ફેંકવામાં આવે તેથી તેને ભય થતો નથી, તેથી જેમ પર્વત માથાં ઉપર પડતાં વૃક્ષને પણ લે છે (તેમ બલભદ્રે પકડી લીધું), કારણ કે વૃક્ષો તેમને રુંવાડાં જેવા હતાં. તે (વૃક્ષ)ને (બલભદ્રે) હાથથી પકડી લીધું, કારણ કે તે ચૂકાવે તો પણ ભૂમિ ઉપર પ્રહાર થાય. 'ચ' 'અને' શબ્દથી એમ કહેલું છે કે વૃક્ષને પણ તે (મુસલ)થી જ ઉપાડીને તે (દ્વિવિદ)ના ઉપર ફેંક્યું. ૧૮॥.

'તેનાં વૃક્ષની પેઠે (બલભદ્રનું) મુસલ પણ કાર્ય કરી શક્યું નહિ હોય' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**મુસલાહતમસ્તિષ્કો વિરેજે રક્તધારયા ॥૧૯॥**
**ગિરિર્યથા ગૈરિકયા પ્રહારં નાનુચિન્તયન્ ॥૧૯॥.॥**

મુસલથી ભાંગેલ માથાનાં હાડકાવાળો (તે) પ્રહારને નહિ ગણકારતાં જેમ પર્વત ગેરૂથી શોભે તેમ લોહીની ધારાથી શોભવા લાગ્યો. ૧૯॥.

'મસ્તિષ્કમ્' એટલે માથાનું હાડકું. તેમાંથી લોહીનો પ્રવાહ પણ નીકળ્યો. તેનાથી પણ તે શોભતો હતો પરંતુ મૂર્ચ્છા પામ્યો નહિ. ૧૯.

'કાર્ય (લોહીનો પ્રવાહ નીકળ્યો તે) સાથેના પ્રહારથી શોભા કેમ થાય?' એવી શંકા થાય, તેથી 'જેમ પર્વત ગેરૂથી શોભે તેમ' એવું દષ્ટાંત કહેલું છે.

'આકૃતિ (પર્વતની) સમાન હોવા છતાં પણ અંદર દુઃખનો અનુભવ

થતો હોવાથી દુઃખ થાય તે જ યોગ્ય છે, પરંતુ શોભા થાય તે યોગ્ય નથી' એવી શંકા થાય, તેથી 'પ્રહારને નહિ ગણકારતાં શોભવા લાગ્યો' એમ પહેલાંનાં ('વિરેજે' શબ્દ) સાથે સંબંધ છે, અથવા પછીના વાક્ય સાથે સંબંધ લેવો. ૧૯.

**પુનરન્યત્સમુત્ક્ષિપ્ય કૃત્વા નિષ્પત્રમોજસા ॥૨૦॥**
**તેનાહનત્ સુસંક્રુદ્ધસ્તં બલઃ શતધાભિનત્ ॥**
**તતોઽન્યેન રુષા જઘ્ને તં ચાપિ શતધાભિનત્ ॥૨૧॥**

સારી રીતે કોપેલા તેણે ફરીથી બીજું (વૃક્ષ) ઉખાડી બલથી (તેને) પાંદડા વિનાનું કરી, તેનાથી પ્રહાર કર્યો. બલભદ્રે તે(વૃક્ષ)ના સેંકડો કટકા કર્યા. પછી બીજાં (વૃક્ષ)થી ક્રોધથી પ્રહાર કર્યો તેના પણ (બલભદ્રે) સેંકડો કટકા કર્યા. ૨૧.

'દેવો ત્રણ વાર સત્ય (કહેનારા) છે', તેથી સરખું યુદ્ધ પણ 'યજુર્વેદ (ના મંત્ર)થી ત્રણ વાર' એની પેઠે ત્રણ વાર કહેવામાં આવે છે. બીજાં (વૃક્ષ)ને મૂલથી ઉખાડી, અને પાંદડાં વિનાનું કર્યું–કારણ કે તેમ (પાંદડાં વિનાનું) ન કરે તો બધી શાખાઓ આગલા ભાગથી હાથમાં પકડી રાખવા યોગ્ય ન હોય, અને મૂલના ભાગથી પ્રહાર કરવા પાંદડાં વિનાનું (તે) કરતો હતો. 'બલથી' (પાંદડાં વિનાનું કર્યું જેથી તે) ઝડપથી (તેવું થાય). (તે) 'સુતરાં' સારી રીતે કોપેલો હતો. (દ્વિવિદે કરેલો) પ્રહાર અને (તેનું) બલ પ્રકટ થએલાં હતાં, તેથી તે (બીજાં વૃક્ષ)ને પકડી લેવાથી પુરુષાતન (થતું) ન હતું, તેથી બલભદ્રે તેનાં સેંકડો કટકા કર્યા, (તેને) છિન્નભિન્ન કર્યું. ત્રીજા વારામાં ફરીથી 'પછી બીજાં (વૃક્ષ)થી (ક્રોધથી પ્રહાર કર્યો ...)' એમ કહે છે. ૨૧.

પછી તે (ક્રમ) અનંત યુદ્ધને નીચેના શ્લોકમાં લાગુ પાડે છે :

**એવં યુધ્યન્ ભગવતા ભગ્ને ભગ્ને પુનઃ પુનઃ ॥**
**આકૃષ્ય સર્વતો વૃક્ષાન્નિર્વૃક્ષમકરોદ્વનમ્ ॥૨૨॥**

એવી રીતે ભગવાન્ સાથે યુદ્ધ કરતાં (વૃક્ષો) ભાંગતાં ભાંગતાં ફરી ફરીને વૃક્ષોને સર્વ સ્થલેથી ઉખાડીને તેણે વનને વૃક્ષ વિનાનું કર્યું. ૨૨.

ભગવાન્ સાથે યુદ્ધ કરતાં, એક પછી એક બધાંએ વૃક્ષોને ભગવાને ભાંગી નાખતાં વારંવાર (વૃક્ષોને) 'આકૃષ્ય' શેરડીનાં સાંઠાની પેઠે મૂલમાંથી ઉખાડીને સર્વ સ્થલે એ પ્રમાણે કરીને 'વનમ્' વનની ભૂમિને તેણે વૃક્ષ વિનાની કરી. લતાઓ અને વેલાઓ (ત્યાં) હોવાથી માત્ર વૃક્ષો જ ગયાં, પરંતુ બધુંએ વન ગયું નહિ. ૨૨.

પછી (પોતાના) પ્રયાસમાં નિષ્ફલ થતાં તેણે પથ્થરોનો વરસાદ વરસાવ્યો એમ નીચેના શ્લોકમાં કહે છે :

**તતોઽમુઞ્ચચ્છિલાવર્ષં બલસ્યોપર્યમર્ષિતઃ ।।**
**તત્સર્વં ચૂર્ણયામાસ લીલયા મુસલાયુધઃ ।।૨૩।।**

પછી કોપેલા તેણે બલભદ્રના ઉપર પથ્થરોનો વરસાદ વરસાવ્યો. મુસલાયુધે રમતમાં તે બધાના ચૂરેચૂરા કર્યા. ૨૩.

તે એટલે ફેંકેલા બધાએ (પથ્થર)ના ચૂરેચૂરા કર્યા, એમ ભગવાન્ વિરુદ્ધનાં સાધન ફરીથી સાધન થતાં નથી એમ કહ્યું. 'તેમાં (બલભદ્રને) શ્રમ થયો હશે' એવી શંકા થાય, તેથી 'રમતમાં' શબ્દ યોજેલ છે. બલભદ્રે અલૌકિક પ્રકારનો પ્રયોગ) કર્યો ન હતો એમ જણાવવા 'મુસલાયુધે' શબ્દ યોજેલ છે. ૨૩.

પછી સાધનોનો નાશ થતાં તે બાહુયુદ્ધ કરવા આવ્યો એમ નીચેના શ્લોકમાં કહે છે :

**સ બાહૂ તાલસઙ્કાશૌ મુષ્ટીકૃત્ય કપીશ્વરઃ ।।**
**આસાદ્ય રોહિણીપુત્રં તાભ્યાં વક્ષસ્યરૂરુજત્ ।।૨૪।।**

તે વાંદરાઓના રાજાએ તાલના સરખા બે હાથોની મુઠીઓ વાળી, રોહિણી પુત્ર પાસે જઈ, તેમનાથી (તેમને) છાતીમાં પીડા કરી. ૨૪.

'તાલના સરખાં' વિશેષણથી લંબાઈ જાડાઈ અને કઠોરતા કહેલાં છે. હથોડા જેવા (થાય તે માટે) મુઠીઓ વાળી તેવો પ્રયાસ કરવામાં તેને મોહ (અને) ભય થયાં ન હતાં એમ જણાવવા 'વાંદરાઓના રાજા' શબ્દ યોજલ છે. (મુક્કીઓ) મારી ત્યાં સુધી (બલભદ્ર) શાંત રહ્યા, તેથી 'રોહિણી પુત્ર'[૧] શબ્દ યોજેલ છે. તે બે ભેગા થએલા હાથોથી છાતીમાં 'અરૂરુજત્' પીડા કરી. ૨૪.

પછી (બલભદ્રે) પોતે પણ શસ્ત્ર વિનાનાની સાથે શસ્ત્રવાળાએ યુદ્ધ કરવું નહિ એવા નિયમ પ્રમાણે પોતે પણ મુસલ અને હલનો ત્યાગ કરી, બે હાથથી હાંસડી ઉપર પ્રહાર કર્યો અને (તેમને) તેવું સામર્થ્ય અને ધર્મનું જ્ઞાન હોવામાં લૌકિક જ સાધન હતું એમ નીચેના શ્લોકમાં કહે છે :

**યાદવેન્દ્રોઽપિ તં દોર્ભ્યાં ત્યક્ત્વા મુસલલાઙ્ગલે ।।**
**જત્રાવભ્યર્દયત્ક્રુદ્ધઃ સોઽપતદ્રુધિરં વમન્ ।।૨૫।।**

કોપેલા યાદવેન્દ્રે પણ હલ અને મુસલનો ત્યાગ કરી તેને બે હાથોથી હાંસડી ઉપર પ્રહાર કર્યો. તે લોહી ઓકતો પડ્યો. ૨૫.

કારણ કે તે પહેલાં પણ રામનો ભક્ત હતો, તેથી (બલભદ્રે તે પ્રમાણે) કર્યું. 'જત્રુઃ' 'હાંસડી' એટલે કંઠની નીચે રહેલું હાડકું. (તેના ઉપર પ્રહાર કર્યો)

૧. ત્યાં સુધી શાંત રહેવાની નબળાઈ દર્શાવી, તેથી 'રોહિણી પુત્ર' એમ માતાના પુત્ર કહેલા છે એવો ભાવ છે.

કારણ કે તે ભાંગે ત્યારે મરણ જ પામે. તેથી તે લોહી ઓકતો પડ્યો. ૨૫.

તેનું પરાક્રમ વર્ણવીને, નીચેના શ્લોકમાં તેના દેહનું પણ મોટું કદ કહે છે :

**ચકમ્પે તેન પતતા સટઙ્કઃ સવનસ્પતિઃ ।।**
**પર્વતઃ કુરુશાર્દૂલ વાયુના નૌરિવામ્ભસિ ।।૨૬।।**

હે ઉત્તમ કુરુ! જેમ વાયુથી જલમાં નૌકા કંપે તેમ પડતા તેના (દેહ)થી ઢોળાવવાળા પ્રદેશ તથા વૃક્ષો સાથે પર્વત કંપ્યો. ૨૬.

ઢોળાવવાળો પ્રસિદ્ધ પર્વત વૃક્ષો સાથે (કંપ્યો). સારી રીતે (તેના દેહના કદનું) જ્ઞાન થાય તે માટે આ કહેલું છે. (પર્વત) સર્વ પ્રદેશમાં કંપ્યો. 'ટઙ્કઃ' 'ઢોળાવ' શબ્દથી છાપરાના ઢાળ જેવો ઉપરનો પ્રદેશ. જેનું બીજું નામ 'વપ્રઃ' છે, તે કહેલો છે. તે(ઢોળાવ)વાળો પર્વત જ હોય. 'સ પર્વતઃ' 'તે પર્વત' એવો પાઠ તો સહેલાઈથી સમજાય તેવો છે. (રાજાને) વિશ્વાસ રહે તે માટે સંબોધન કરેલું છે. ઘણું કંપેલો એમ જણાવવા અથવા ત્યાં રહેલાઓને ભય ઉત્પન્ન કરવા દૃષ્ટાંત કહેલું છે. તેથી તે(દ્વિવિદનો દેહ) પડતાં બધી સ્ત્રીઓએ (ભયથી) બલભદ્રને આલિંગન કર્યું. તેથી કામરસે[1] (દ્વિવિદ સાથેના યુદ્ધની) મધ્યમાં વિઘ્ન કર્યું નહિ, પરંતુ તે યુદ્ધનું પોષણ કરનારો જ તે થયો, એવું પરિણામ આવ્યું. ૨૬.

'(દ્વિવિદ) ભક્ત હોવાથી અને તુચ્છ (વાંદરો) હોવાથી (તેનો વધ) કદાચ અયોગ્ય હોય' એવી શંકા થાય, તેથી નીચેના શ્લોકથી (તેમાં) દેવોની સંમતિ (હોવાનું) કહે છે :

**જયશબ્દો નમઃશબ્દઃ સાધુ સાધ્વિતિ ચામ્બરે ।।**
**સુરસિદ્ધમુનીન્દ્રાણામાસીત્કુસુમવર્ષિણામ્ ।।૨૭।।**

પુષ્પોની વૃષ્ટિ કરનારા દેવો સિદ્ધો અને ઉત્તમ મુનિઓના 'જય' 'નમઃ' અને 'સારું થયું સારું થયું' શબ્દો આકાશમાં થયા. ૨૭.

ઉત્તમોએ 'જય' શબ્દ, મધ્યમોએ 'નમઃ' શબ્દ અને બાકીનો 'સારું થયું' (શબ્દ થયો) એમ ત્રણે પ્રકારનાઓની સંમતિ કહી. પહેલાં આશિર્વાદરૂપ 'જય' શબ્દ પછી હણવા માટે પ્રાર્થનારૂપ 'નમઃ' શબ્દ અને હણ્યા પછી 'સારું થયું સારું થયું' એવા શબ્દ થયા. 'આકાશમાં' શબ્દથી એમ સૂચવેલું છે કે (તેઓ) ખોટું બોલ્યા હોત તો ત્યાંથી પડત જ. દેવો સિદ્ધો અને ઉત્તમ મુનિઓ ત્રણે પ્રકારનાનું તેવા (સત્ય બોલનાર)પણું હતું. 'પુષ્પોની વૃષ્ટિ કરનારા' વિશેષણથી (તેઓનું)

---

૧. અહિં 'કામરસેન' બદલે 'કામરસે' પાઠ વધારે સારો જણાય છે. એ પ્રમાણે એવો અર્થ થાય કે 'કામરસમાં દ્વિવિદના પડવાથી વિઘ્ન થયું નહિ, પરંતુ તે દ્વિવિદ કામરસનું પોષણ કરનારો જ થયો'.

કાયાનું કાર્ય કહેલું છે. એવી રીતે સર્વ પ્રકારે દેવોનું અનુમોદન કહેલું છે. ૨૭.

નીચેના શ્લોકમાં ભૂમિ ઉપર રહેલાઓનું પણ (અનુમોદન) કહે છે :

**એવં નિહત્ય દ્વિવિદં જગદ્વ્યતિકરાવહમ્ ।।**
**સંસ્તૂયમાનો ભગવાન્ જનૈઃ સ્વપુરમાવિશત્ ।।૨૮।।**

એવી રીતે જગતનો નાશ કરનારા દ્વિવિદને હણીને માણસોથી સ્તુતિ કરાતા ભગવાને પોતાના પુરમાં પ્રવેશ કર્યો. ૨૮.

'(તે) જગતનો 'વ્યતિકરં' નાશ કરતો હતો' એવું હણવાનું કારણ કહેલું છે. તેથી જ બલભદ્ર માણસોથી સ્તુતિ કરાતા થયા. આટલું (તેમણે કરવા)ની યોગ્યતા 'ભગવાન્' શબ્દથી કહેલી છે. 'પહેલાં તે (બલભદ્ર) (નંદના નેસડાથી) પાછા આવ્યાનું કહેલું નહિ, તેથી વચ્ચે ભગવાનને કામ[1] આવી પડ્યું. ભવિષ્યમાં પણ તેમ થશે' એવી શંકા થાય, તેથી તેમણે (બલભદ્રે) દ્વારકામાં પ્રવેશ કર્યો, એમ 'પોતાના પુરમાં પ્રવેશ કર્યો' શબ્દોથી કહેલું છે. ૨૮.

**ઈતિ શ્રીલક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીમદ્વલ્લભદીક્ષિતે રચેલી**
**શ્રીમદ્ભાગવતની સુબોધિનીમાં દશમા સ્કંધના વિવરણમાં**
**ઉત્તરાર્ધનો ચોંસઠમો અધ્યાય સંપૂર્ણ.**

૧. પૌંડ્રકનો વધ કરવાનું કામ.

# અધ્યાય પાંસઠમો.

## બલદેવજી કૌરવોને જીતી લક્ષ્મણા અને સામ્બ ને લાવ્યા

**અત્યલૌકિકમાશ્ચર્યચરિત્રમધુનોચ્યતે ।।**
**એકોનવિંશે રામસ્ય સર્વલોકાતિશાયિનઃ ।।૧।।**

હવે ઓગણીસમા (અધ્યાય)માં સર્વ લોકથી ઉત્તમ બલભદ્રનું ઘણું અલૌકિક આશ્ચર્યકારક ચરિત્ર કહેવામાં આવે છે. કા.૧.

**એવં રામસ્ય કૃષ્ણસ્ય ત્રિતયં ત્રિતયં દ્વયોઃ ।।**
**ચરિત્રમીરિતં ચ સ્યાત્ ષડ્ગુણાનાં વિભાગકૃત્ ।।૨।।**

એવી રીતે બલભદ્ર અને શ્રીકૃષ્ણ બંનેના છ ગુણોના વિભાગ કરનારાં ત્રણ ત્રણ ચરિત્ર કહેવાએલાં થશે. કા.૨.

**ધર્મઃ સિદ્ધો ભગવતિ કામઃ સિદ્ધસ્તથાપરે ।।**
**અદ્વિતીયહરિત્વં તુ કૃષ્ણે સિદ્ધં ફલત્વતઃ ।।૩।।**

ભગવાનમાં ધર્મ સિદ્ધ થયો[૧]. તેવી રીતે બીજા (બલભદ્ર)માં કામ સિદ્ધ થયો[૨]. બીજામાં ન હોય તેવું હરિપણું તો ફલરૂપ હોવાથી શ્રીકૃષ્ણમાં સિદ્ધ થયું[૩]. કા.૩.

**જગદ્દોષનિવૃત્તિસ્તુ રામે સિદ્ધા હિ સાધને ।।**
**અલૌકિકં સાધનસ્થં રામે કૃષ્ણે ફલં તથા ।।૪।।**

જગતની પીડા દૂર કરવાનું તો સાધનરૂપ બલભદ્રમાં સિદ્ધ થયું[૪]. સાધનમાં રહેલું અલૌકિક[૫] બલભદ્રમાં (અને) તેનું ફલ[૬] શ્રીકૃષ્ણમાં સિદ્ધ થયાં. કા.૪.

**અત્રાવાન્તરભેદાનાં ધર્મિણઃ પૃથુગીરિતાઃ ।।**
**વિભાગજ્ઞાપનાર્થાય યથૈવં વિનિરૂપ્યતે ।।૫।।**

અહિં અવાંતર ભેદોના વિભાગ જણાવવા ધર્મીથી જેમ જૂદા કહ્યા છે તે પ્રમાણે તેનું વિશેષરૂપથી નિરૂપણ કરવામાં આવે છે. કા.૫.

**યમુનાયાં પર્વતે ચ કૃતં પૂર્વં નિરૂપિતમ્ ।।**

---

૧ થી ૬. આ સાત્ત્વિક પ્રમેય પ્રકરણના પહેલાથી છઠ્ઠા સુધીના અધ્યાયોના અર્થ અનુક્રમે કહેલા છે. છ પૈકી ત્રણ અધ્યાયોથી બલભદ્રના અને ત્રણ અધ્યાયોથી શ્રીકૃષ્ણના ચરિત્ર કહેલાં છે. પૌંડ્રકનો વધ શ્રીકૃષ્ણનું જ ચરિત્ર છે એમ આથી પણ સિદ્ધ થાય છે.

૫. ‘સાધનસ્થં’ બદલે ‘સાધનત્વં’ પાઠ હોવો જોઈએ. અલૌકિક સાધનપણું બલભદ્રમાં, અને અલૌકિક ફલ કૃષ્ણમાં રહેલું છે, એવો અર્થ થાય.

**ગઙ્ગાયામપિ યત્કાર્યં તદત્ર સ્ફુટમુચ્યતે ॥૬॥**

યમુનામાં અને પર્વત ઉપર (બલભદ્રે) કરેલું (કાર્ય) પહેલાં જણાવ્યું. ગંગામાં પણ જે કાર્ય (કર્યું) તે અહિં સ્પષ્ટ રીતે કહેવામાં આવે છે. કા.૬.

**લક્ષ્મણોદ્વહને બદ્ધઃ સામ્બો રામેણ મોચિતઃ ॥**
**નિગૃહીતા વિપક્ષાશ્ચ તદત્ર વિનિરૂપ્યતે ॥૭॥**

લક્ષ્મણાનું હરણ કરતાં બંધાએલા સાંબને બલભદ્રે મુક્ત કરાવ્યો અને સામાવાળાઓનો પરાજય કર્યો. તે અહિં કહેવામાં આવે છે. કા.૭.

ગયા અધ્યાયમાં દુષ્ટનું નિવારણ કરવારૂપ ચરિત્ર કહીને આ અધ્યાયમાં સભ્યોને શિખામણ આપવારૂપ ચરિત્ર કહે છે. વિષયમાં પ્રસંગમાં આવેલી સાંબે હરણ કરેલી લક્ષ્મણાનું નીચેના શ્લોકમાં નિરૂપણ કરવામાં આવે છે :

॥શ્રીશુક ઉવાચ॥

**દુર્યોધનસુતાં રાજન્ લક્ષ્મણાં સમિતિંજયઃ ॥**
**સ્વયંવરસ્થામહરત્સામ્બો જામ્બવતીસુતઃ ॥૧॥**

હે રાજન્! સ્વયંવરમાં રહેલી દુર્યોધનની પુત્રી લક્ષ્મણાનું યુદ્ધમાં વિજય પ્રાપ્ત કરનાર જાંબવતીના પુત્ર સાંબે હરણ કર્યું. ૧.

'હે રાજન્!' એ સંબોધન એમ જણાવે છે કે રાજાની કન્યાનો ધર્મ સ્વયંવર જ છે. લક્ષણોથી ઉત્તમ હોવાથી 'લક્ષ્મણા' (કહેવાતી). ભગવાનના સેવકો સ્વયંવરમાં સર્વ સ્થલે જાય છે, (અને) ત્યાં (તેમને પરણવાની) ઈચ્છા રાખનારી અથવા ઈચ્છા ન રાખનારી (કન્યા)નું બલનો વિચાર કરીને અથવા વિચાર કર્યા વિના હરણ કરે છે. તે પ્રમાણે આણે પણ સ્વયંવરના સ્થાનમાં શાંત રહેલી (લક્ષ્મણા)નું વિચાર કર્યા વિના જ હરણ કર્યું. 'યુદ્ધમાં વિજય પ્રાપ્ત કરનાર' વિશેષણથી તેનું સાહસ (કરવા)નું કારણ કહેલું છે. 'જાંબવતીના પુત્ર' શબ્દથી વિચાર નહિ કરવાનું (કારણ કહેલું છે). ૧.

એ પ્રમાણે (લક્ષ્મણાનું) હરણ થયાનું કારણ ઉત્પન્ન થતાં, કૌરવોનો ભગવન્માર્ગના ઉલ્લંઘનથી થએલો અપરાધ નીચેના શ્લોકમાં કહે છે :

**કૌરવાઃ કુપિતા ઊચુર્દુર્વિનીતોઽયમર્ભકઃ ॥**
**કદર્થીકૃત્ય નઃ કન્યામકામામહરદ્બલાત્ ॥૨॥**

કોપેલા કૌરવોએ કહ્યું કે આ બાલક વિનયરહિત છે. તેણે આપણને તુચ્છકારીને નહિ ઈચ્છતી આપણી કન્યાનું બલથી હરણ કરેલું છે. ૨.

પાંડવો પણ કુરુના વંશજો હતા, પરંતુ તેઓ ત્યાં (હસ્તિનાપુરમાં) રહેતા ન હતા, જો કે ભીષ્મ વિગેરે ભગવાનના ભક્તો હતા, છતાં પણ તેઓ મર્યાદામાં

રહેલા હતા, તેથી શાસ્ત્ર વિના ભગવદીઓની પણ દરકાર કરતા નહિ. (કન્યા) વરણ કરે ત્યાર પછી જ કન્યા તેની થાય, તેથી બલથી હરણ થયાનું વિચારીને કોપ કર્યો. કૌરવો મોટા હતા, કુલ અને કર્મથી શ્રેષ્ઠ હતા. તેઓએ પોતાની મંડલીમાં કહ્યું કે 'આ બાલક વિનયરહિત છે.' (એટલે) મોટાના બાલકમાં વિનય (હોવા)ની જરુર છે, તે આનામાં નથી, તેથી આને કેદમાં રાખવામાં પણ દોષ નથી.

અથવા કેટલાકોએ કહ્યું કે 'આ વિનયરહિત છે.' બીજાઓએ (તેનો) દોષ નથી એમ જણાવવા 'બાલક છે' એમ (કહ્યું). આથી એમ સૂચવેલું છે કે (લક્ષ્મણાનું) હરણ થએલું હોવા છતાં, તે ભ્રષ્ટ થએલી નથી, કારણ કે બાલકે સ્પર્શ કરેલી ભ્રષ્ટ થતી નથી.

'(સાંબનો) શું દોષ? તેને શા માટે રોકવો?' એવી શંકા થાય, તેથી '(આપણને) તુચ્છકારીને....' શબ્દથી દોષ કહે છે. આપણને તુચ્છકારીને, ક્ષત્રિયો ના માનનો નાશ કરીને, આપણી કુલવાન કન્યાનું હરણ કર્યું આથી એમ સૂચવેલું છે કે રીંછની દિકરીનો દિકરો કુલીન નથી. વળી કન્યા પણ (તેને પરણવા) ઈચ્છતી ન હતી, વરણ (કરવાનું) તો દૂર રહ્યું. તે (કન્યા)ની ઈચ્છા પણ ન હતી.

'કોઈક અવશ્ય (કન્યાને) લઈ જવાનો અને કન્યા (કોઈકને) આપવાની જ છે' એવી શંકા થાય, તેથી 'બલથી' શબ્દ યોજેલ છે. નમાલા ક્ષત્રિયો પાસેથી બલવાન (ક્ષત્રિયો) બલથી (કન્યાને) લઈ જાય છે. ૨.

'ત્યારે એમ થતાં કરવું શું?' એ વિષયમાં નીચેનો શ્લોક કહે છે :

**બધ્નીતેમં દુર્વિનીતં કિં કરિષ્યન્તિ વૃષ્ણયઃ ।।**
**યે ઽસ્મત્પ્રસાદોપચિતાં દત્તાં નો ભુઞ્જતે મહીમ્ ।।૩।।**

આ વિનયરહિતને કેદ કરો. વૃષ્ણિઓ જેઓ આપણી કૃપાથી પ્રાપ્ત થએલી આપણી ભૂમિ ભોગવે છે તેઓ શું કરવાના છે? ૩.

વિનય ન હોવો, એ જ કેદ કરવાનું કારણ છે. 'એમ કરવામાં આવશે તો યાદવો ક્રોધ કરશે' એવી શંકા થાય, તેથી 'વૃષ્ણિઓ શું કરવાના છે?' એમ કહેલું છે. 'કેમ (ક્રોધ) નહિ કરે' એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધ યોજેલો છે. (આપણા ઉપર) નભનારા હોવાથી તેઓ ક્રોધ નહિ કરે. તેઓ પોતે આવીને યુદ્ધ વિગેરે કરે તેવો સંભવ જ નથી એમ (તે) ઉત્તરાર્ધથી કહેલું છે. જીવન માટે જોઈએ તેટલી (ભૂમિ) તો સેવા કરવાથી અને ખેતી વિગેરેથી પણ પ્રાપ્ત થાય. તેથી વધારે પ્રાપ્ત કરવી જોઈએ. તે (વધારે ભૂમિ) યાદવોને વંશપરંપરાથી (મળેલી) નથી, તેથી (તેમણે) બીજાની લેવી રહી. તે સંબંધમાં બીજો દુર્બલ હોય તો પણ, (ભૂમિ તેને) ન્યાયથી પ્રાપ્ત થએલી હોવાથી, વધારે બલવાનો પાસે નોકરી કરાવી (તેનું) રક્ષણ

કરે છે. તે પ્રસંગે (કોઈનો) પક્ષપાત કરે તો તેની ભૂમિ (જેનો પક્ષપાત કરે તેને) જાય છે. તેવી રીતે યાદવોને આપણી કૃપાથી પ્રાપ્ત થએલી ભૂમિ છે. વળી જ્યારે મંડલેશ્વરોના રાજાનો અભિષેક થાય છે, ત્યારે જુદી જુદી ભૂમિ જુદા જુદા (પુરુષો)ને આપવામાં આવે છે. તેથી આપણે પૂરુના વંશમાં ઉત્પન્ન થએલા હોવાથી રાજાઓ છીએ. તેથી સામાન્ય રીતે તથા ચોક્કસ પ્રકારથી (યાદવો) આપણે આપેલી જ ભૂમિ ભોગવે છે. ૩.

'પુત્રને કેદ કરવામાં આવશે ત્યારે ભૂમિની ગણનાનો પણ ત્યાગ કરશે' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**નિગૃહીતં સુતં શ્રુત્વા યદ્યેષ્યન્તીહ વૃષ્ણયઃ ।।**
**ભગ્નદર્પાઃ શમં યાન્તિ પ્રાણા ઈવ સુસંયતાઃ ।।૪।।**

જો પુત્રને કેદ થએલો સાંભળીને વૃષ્ણિઓ અહિં આવશે તો ગર્વ વિનાના થઈ સારી રીતે વશ કરેલા પ્રાણોની પેઠે શાંત થશે. ૪.

'ભગ્નઃ' નાશ થએલો છે 'ગર્વઃ' ગર્વનો 'યૈઃ' જેનાથી એમ વૃષ્ણિઓની સ્તુતિ થાય છે. (અને નાશ થએલો છે ગર્વનો) 'યેષામ્' જેમના, એમ નિંદા થાય છે. 'જો' શબ્દથી (એમ જણાવેલું છે કે) 'જેમ કૃપાને લીધે આપણે (તેમને) ભૂમિ આપેલી છે તેમ પુત્રને પણ મોકલશે (મોકલીશું)' એવા વિશ્વાસને લીધે, (પુત્રને કેદ થએલો) સાંભળીને પણ આવશે નહિ જ, તો પછી આપણે (પુત્રને) મોકલીશું એવો ભાવાર્થ છે. પછી જો આપણા ઉપર વિશ્વાસ નહિ રાખીને, અથવા પોતાનું બલ વધારે (હોવાનું) માનીને આવશે અને તે પણ 'અહિં' વિકટ કિલ્લામાં (આવશે), તો તેઓને પહેલાં પ્રાપ્ત થએલો મદ અહિં નાશ પામશે એટલે 'શમં' શાંતિને જ પામશે. તેઓ ખરેખરા (આપણા ઉપર) નભનારા હોવાથી નાશ કરવા યોગ્ય નથી, પરંતુ ઘણા સમય સુધી કેદમાં રહીને ગર્વ શાંત થતાં (આપણને) પ્રાર્થના કરીને ઘેર જશે અથવા (આપણને) વશ રહેશે એવો ભાવ છે, '(સારી રીતે વશ કરેલા) પ્રાણોની પેઠે' એમ તે વિષયનું દષ્ટાંત કહેલું છે. જો કે બીજાએના પ્રાણો સ્વતંત્ર હોતા નથી, છતાં પણ યોગીઓના (પ્રાણો તેમને) વશ થએલા જ હોય છે, એટલે (કૌરવો) પોતાને યોગીઓના જેવા માને છે. ૪.

આવું વાક્ય જો ભીષ્મ વિગેરેનું (કહેલું) હોત તો અર્થના સંબંધવાળું પણ હોય, તેથી (તે વાક્ય) કહેનારાઓની નીચેના શ્લોકમાં ગણના કરે છે :

**ઈતિ કર્ણઃ શલો ભૂરિર્યજ્ઞકેતુઃ સુયોધનઃ ।।**
**સામ્બમારેભિરે બદ્ધું કુરુવૃદ્ધાનુમોદિતાઃ ।।૫।।**

એમ (કહીને) વૃદ્ધ કુરુઓની સંમતિ પામેલા કર્ણ, શલ, ભૂરિ, યજ્ઞકેતુ

અને સુયોધને સાંબને કેદ પકડવાનો ઉદ્યોગ કર્યો. ૫.

'એમ' શબ્દ પ્રકાર દર્શાવનારો છે. એવા પ્રકારના બીજાં પણ વાક્યો (તેઓ બોલ્યા). અહિં બોલનારા દુષ્ટો ચાર હતા, જેઓ મહાભારતમાં (૧) કર્ણ, (૨) શલ એટલે શલ્ય, (૩) ભૂરિશ્રવાનો ભાઈ ભૂરિ અને (૪) તેઓમાં જ મુખ્ય બનેલો યજ્ઞકેતુ (નામથી પ્રસિદ્ધ છે). આ વચ્ચે કહેલા ત્રણને દોષરૂપ ગણેલા છે. ચારેના મુખ્ય પુરુષોને આરંભ અને અંતમાં કહેલા છે. આગળ (શ્લોક ૯માં) 'છ રથીઓ' એમ કહેલું હોવાથી દુઃશાસનનું પણ અહિં અનુસંધાન કરવું. તેઓએ સાંબને 'ચારે તરફથી આવીને પકડીને કેદ કરવો' એવા વિચારથી કેદ પકડવાનો ઉદ્યોગ કર્યો.

'આ (સાંબ) જમાઈ થઈ જ ગયો. તેમ હોવાથી (તેને) કેદ પકડવાથી કુલને કલંક લાગે' એવી શંકા થાય, તેથી 'વૃદ્ધ કુરુઓની સંમતિ પામેલા' વિશેષણ યોજેલું છે. આથી દશમા (સ્કંધ)માં આ કથા કહેવાનું પ્રયોજન કહેવાયું, કારણ કે આ (કૌરવો) ભક્તો હોવા છતાં બહિર્મુખ થએલા. તેથી સાત્ત્વિકો પણ નિરોધ કરવા યોગ્ય (થયા) એમ (કહેવાયું). તેમ (બહિર્મુખ થયા) ન હોત તો નિરોધ (કરવાનું) યોગ્ય ન થાય (ગણાય). ૫.

પછી આ સાંબની (૧) કન્યા સાથે પલાયન કરવાની (૨) તેને પડતી મૂકી સામા થઈ યુદ્ધ કરવાની અથવા (૩) દીનતા દેખાડવાની એવી ત્રણ પ્રકારની ગતિ સંભવે છે. તે પૈકી પલાયન કરવાનું અને દીનતા દેખાડવાનું ન કરતાં તે યુદ્ધ કરવા તૈયાર થયો એમ નીચેના શ્લોકમાં કહે છે :

**દૃષ્ટ્વાનુધાવતઃ સામ્બો ધાર્તરાષ્ટ્રાન્મહારથઃ ।।**
**પ્રગૃહ્ય રુચિરં ચાપં તસ્થૌ સિંહ ઈવૈકલઃ ।।૬।।**

ધાર્તરાષ્ટ્રોને પોતાની પાછળ દોડતો જોઈને મહારથી સાંબ મનપસંદ ધનુષ્ય પકડીને સિંહની પેઠે એકલો ઉભો રહ્યો. ૬.

પોતાની પાછલના પ્રદેશમાં પોતાને કેદ પકડવા દોડતા છ રથીઓને જોઈને સાંબ (ઉભો રહ્યો). વળી તેઓ પણ ધાર્તરાષ્ટ્રો એટલે પિતાના પુત્રો (એટલે શૂરવીર) હતા. (સાંબ) પોતે તો મહારથી હતો, પિતાની અથવા માતાની રુબરુ બંધાએલ ન હતો, તેથી હમણાં યુદ્ધ કરતો હતો. 'રુચિરં' મનપસંદ ધનુષ્ય પકડીને, પોતાના ઘણા સંબંધવાળા સેવકો પણ નાસી જતાં 'એકલઃ' એકલો જ ઉભો રહ્યો. તેને ભય ન હતો. એમ જણાવવા 'સિંહની પેઠે' એમ કહેલું છે, કારણ કે સિંહને કોઈ સાહાય્ય કરનારની જરુર હોતી નથી. ૬.

**તે તં જિઘૃક્ષવઃ ક્રુદ્ધાસ્તિષ્ઠ તિષ્ઠેતિ ભાષિણઃ ।।**

**આસાદ્ય ધન્વિનો બાણૈઃ કર્ણાગ્રણ્યઃ સમાકિરન્ ॥૭॥**

કર્ણ જેમનો નાયક હતો તેવા તેને કેદ પકડવાની ઈચ્છાવાળા કોપેલાએ તે ધનુષ્ય ધારણ કરનારાઓ 'ઉભો રહે, ઉભો રહે' એમ કહેતા તેની પાસે આવી, બાણોની વૃષ્ટિ કરી. ૭.

પછી તે ઉભેલો હોવા છતાં, 'પોતાની બહાદુરી દર્શાવવા તેને કેદ પકડવાની ઈચ્છાથી હણવો ન જોઈએ' એવા વિચારથી દૂરથી (તેના ઉપર) બાણો ન નાખતાં, 'આસાદ્ય' પાસે આવી, ધનુષ્યો ધારણ કરી, કર્ણ જ જેમનો નાયક હતો તેવા ધનુષ્યવિદ્યામાં ઘણા નિપુણ તેઓએ પછી બાણોની વૃષ્ટિ કરી. ૭.

'પછી ભય પામેલા (સાંબે) દીનતા દર્શાવી હશે' એવી શંકા થાય, તે નીચેના શ્લોકથી દૂર કરે છે :

**સોઽપિ વિદ્ધઃ કુરુશ્રેષ્ઠ કુરુભિર્યદુનન્દનઃ ॥**
**નામૃષ્યત્તદચિન્ત્યાર્ભઃ સિંહઃ ક્ષુદ્રમૃગૈરિવ ॥૮॥**

હે ઉત્તમ કૌરવ! કૌરવોથી વીંધાએલા તે યદુનંદન, ચિંતન થઈ ન શકે તેવાના પુત્રે પણ, જેમ સિંહ નમાલા જનાવરોએ (કરેલી પીડાને) ગણકારતો નથી તેમ, તેની દરકાર કરી નહિ. ૮.

માત્ર (તેની) આસપાસ બાણ ફેંક્યા એટલું જ નહિ પરંતુ તેને પણ વીંધ્યો. 'અપિ' 'પણ' શબ્દથી (તેના) ઘોડાઓ અને સારથિને (વીંધ્યા એમ કહેલું છે). તેઓ નિપુણ હતા તેથી કન્યાને વીંધી નહિ. (પરિક્ષિત) પોતાના વંશની હલકાઈ જાણીને શ્રવણથી કંટાળે તેથી તેમ ન થાય તે માટે 'હે ઉત્તમ કૌરવ!' એવું સંબોધન કરેલું છે. તેઓ તો માત્ર કૌરવ જ હતા. તેથી 'કુરુભિઃ' 'કૌરવોથી' એમ કહેલું છે. (સાંબ) આગળ ઉપર પુરુષાતન કરશે. તેથી 'યદુનંદન' કહેલ છે. 'તેની' એટલે તેમણે તેને વીંધ્યો તેની દરકાર કરી નહિ કારણ કે તે ચિંતન થઈ ન શકે તેવો ભગવાનનો 'અર્ભઃ' બાલક હતો. જેના પિતાનું બીજાઓથી પણ ચિંતન થતું નથી, તે પોતે ચિંતા કેમ કરે? મૂર્ખાઈને લીધે પણ તેમ (ચિંતા ન કરવાનું) થાય, અને જ્ઞાનને લીધે પણ તેમ થાય, તે બંને મત ખોટા હોવાનું જણાવવા 'જેમ સિંહ નમાલા જનાવરોએ (કરેલી પીડાને ગણકારતો નથી)' એવું દૃષ્ટાંત કહેલું છે, કારણ કે શીઆળો વિગેરેએ કરેલી પીડાને સિંહ ગણકારતો નથી. ૮.

પછી નીચેના શ્લોકમાં તેનું પુરુષાતન કહે છે :

**વિસ્ફૂર્જ્ય રુચિરં ચાપં સર્વાન્વિવ્યાધ સાયકૈઃ ॥**
**કર્ણાદીન્ષડ્રથાન્વીરસ્તાવદ્ભિર્યુગપત્પૃથક્ ॥૯॥**

શૂરવીરે મનપસંદ ધનુષ્યનો ટંકાર કરીને કર્ણ વિગેરે છ રથીઓને બધાને

જુદા જુદા એક સાથે તેટલા બાણોથી વીંધ્યા. ૯.

ક્ષત્રિયોમાં વર (પોતાનાં) શૌર્યને લીધે ઉત્તમ થાય છે (ગણાય છે), તેથી જાણે કે પોતાની પરીક્ષા આપતો હોય નહિ તેમ (સાંબ) પોતાની ચતુરાઈ દર્શાવે છે. કર્ણ વિગેરે બધાને દરેકને છ છ બાણોથી તેણે એક સાથે વીંધ્યા. ૯.

નીચેના શ્લોકમાં છ બાણોનો ઉપયોગ કહે છે :

**ચતુર્ભિશ્ચતુરો બાહાનેકૈકેન ચ સારથીન્ ।।**
**રથિનશ્ચ મહેષ્વાસાંસ્તસ્ય તત્તેડભ્યપૂજયન્ ।।૧૦।।**

ચારથી ચાર ઘોડાઓને, અને એક એકથી સારથિને તથા મોટા ધનુષ્યધારી રથીને (વીંધ્યા). તેઓએ તેનાં તે(કાર્ય)ની પ્રશંસા કરી. ૧૦.

જેમ (કરવાથી સામે) આવેલા બધાએ વીંધાય, આ પણ ચતુરાઈ છે. તેમ કરવામાં ન આવે તો તેઓ તેનું તેવી રીતે સ્મરણ ન કરે. એક એક (બાણ)થી બધાએ સારથિઓને અને એક એક (બાણ)થી જ કર્ણ વિગેરે રથીઓને (વીંધ્યા). 'ત્યારે તેઓ નમાલા હશે' એવી શંકા થાય, તેથી 'મોટા ધનુષ્યધારી' શબ્દ યોજેલ છે. 'ત્યારે તેઓ ધ્યાન વિનાના હશે' એવી શંકા થાય, તેથી 'તેઓએ તેનાં તે (કાર્ય)ની પ્રશંસા કરી' એમ કહેલું છે. સાંબના તે કાર્યની કર્ણ વિગેરે મહારથીઓએ પણ પ્રશંસા કરી, 'વાહ વાહ!' એમ પ્રશંસા કરી, આ જ સાંબ કેદ પકડવાનું કારણ થયું. તેમનાથી પ્રશંસા પામેલાએ વિરોધ ન કર્યો. તેમ (પ્રશંસા કરી) ન હોત તો બ્રહ્માસ્ત્ર વિગેરેથી (સાંબ) યુદ્ધ કરત. ૧૦.

એવી રીતે તેઓએ કપટ કરી, પ્રશંસાથી મોહ ઉત્પન્ન કરી યુદ્ધ કર્યું, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**તં તુ તે વિરથં ચક્રુશ્ચત્વારશ્ચતુરો હયાન્ ।।**
**એકસ્તુ સારથિં જઘ્ને ચિચ્છેદાન્યઃ શરાસનમ્ ।।૧૧।।**

તેઓએ તો તેને રથ વિનાનો કર્યો. ચારે ચાર ઘોડાઓને હણ્યા, એકે તો સારથિને હણ્યો. બીજાએ (તેનું) ધનુષ્ય કાપી નાખ્યું. ૧૧.

'તુ' 'તો' શબ્દ ધર્મયુદ્ધને બાતલ કરે છે. ચાર મહારથીઓએ ઘણાએ બાણો વિગેરેથી એક એક ઘોડાને હણી તને રથ વિનાનો કર્યો. પાંચમા એકે તો (તેના) સારથિને હણ્યો. બીજા છઠ્ઠાએ તેનું 'શરાસનું' ધનુષ્ય કાપી નાખ્યું. એક એક (રથીએ) આયુધો તથા (તેમના) પ્રયોગો કર્યા તેનો અંત[1] ન હતો. ૧૧.

પછી જે થયું તે નીચેના શ્લોકમાં કહે છે :

**તં બદ્ધ્વા વિરથીકૃત્ય કૃચ્છ્રેણ કુરવો યુધિ ।।**

---

૧. વૃંદાવન પ્રેસવાળી પ્રતનો 'સંસ્થા' પાઠ લીધો છે.

**સ્વકુમારં સ્વકન્યાં ચ સ્વપુરં જયિનોઽવિશન્ ।।૧૨।।**

કૌરવોએ કષ્ટથી યુદ્ધમાં તેને રથ વિનાનો કરી, જય પ્રાપ્ત કરેલા (તેઓ)એ પોતાના કુમારને તથા પોતાની કન્યાને કેદ કરીને પોતાના શહેરમાં પ્રવેશ કર્યો. ૧૨.

સંકટથી આરંભમાં તેને રથ વિનાનો કરી, પછી લૌકિક ધોરણ પ્રમાણે કેદ કર્યો, કારણ કે તે 'કૌરવો' હતા. કુરુએ ઘણો ધર્મ કરેલો હોવાથી તેના વંશમાં ઉત્પન્ન થએલાઓનો મનોરથ પણ પૂર્ણ થયો. 'યુદ્ધમાં' શબ્દથી કેદ પકડવા છતાં શરમ થઈ ન હતી (એમ જણાવેલું છે), કારણ કે યુદ્ધમાં જય અથવા પરાજય થવાનો નિયમ હોતો નથી. વળી 'પોતાના કુમારને તથા પોતાની કન્યાને' શબ્દોથી કેદ પકડાવાથી જરાએ નિંદા થઈ નહિ (એમ કહેલું છે), કારણ કે દુર્યોધન બલભદ્રનો જમાઈ હતો, અને આ તેની કન્યા હતી. તેથી બંને (સાંબ તથા કન્યા) પોતાના જ હતા. 'કુમારં સ્વસ્ય કન્યાં' એવો પાઠ હોય ત્યારે 'પોતાની કન્યા સાથે હજી સુધી વિવાહ નહિ થએલા કુમારને' એમ કેદ કરવાનું કારણ કહેલું છે. અધવચ રાખવામાં આવે તો કોઈક લઈ જાય, અથવા પલાયન કરી નાસી જાય, એવા હેતુથી તેઓએ પોતાના શહેરમાં પ્રવેશ કર્યો. 'જય પ્રાપ્ત કરેલા' વિશેષણથી (શહેરમાં) પ્રવેશ કરતાં સંતોષ થયાનું (જણાવેલું છે). ૧૨.

નારદ નિરોધનું મૂલ કારણ (નિરોધ કરાવનાર) છે, તેથી સાત્ત્વિકોની પોતાની (ભગવાનની) અંદર આસક્તિ થાય તે માટે નારદે આવીને જે (વૃત્તાંત) બન્યો તે કહ્યો એમ નીચેના શ્લોકમાં કહે છે :

**તચ્છ્રુત્વા નારદેનોક્તં રાજન્ સઞ્જાતમન્યવઃ ।।**
**કુરૂન્પ્રત્યુદ્યમં ચક્રુરુગ્રસેનપ્રચોદિતાઃ ।।૧૩।।**

હે રાજન્! નારદે કહેલું તે સાંભળીને ક્રોધ કરેલા (અને) ઉગ્રસેને આજ્ઞા કરેલા (યાદવો)એ કૌરવો સામે (યુદ્ધ કરવા) ઉદ્યમ કર્યો. ૧૩.

ભગવાન્ ક્લેશ વિના કર્મ કરનારા હોવાથી પુત્રને સાહાય્ય કરશે નહિ, તેથી ઉગ્રસેને જ આજ્ઞા કરેલા યાદવોએ કૌરવો સામે (યુદ્ધ કરવા) ઉદ્યમ કર્યો. ક્રોધ કરે તે યોગ્ય છે એમ જણાવવા રાજાનું સંબોધન કરેલું છે. ઉષાનું હરણ થયું તેમાં સામાવાળાનો જ દોષ હતો, અહિં તો તેવું ન હતું, તેથી ભગવાન્ શાંત રહ્યા. ૧૩.

તે પ્રસંગમાં મુખ્ય સાધનશક્તિ બલભદ્ર હોવાથી, અહિંનું (દ્વારિકાનું) કાર્ય ભગવાનનું જ હોવાથી, કુરુ ભગવાનનો પરંપરાથી સેવક હોવાથી, યદુવંશની પેઠે કુરુવંશમાં પણ દેવોએ જ અવતાર લીધેલા હોવાથી, દેવોનો પરસ્પર વિગ્રહ ધર્મનો નાશ કરનારો અને પાપનું પોષણ કરનારો હોવાથી, 'જે પહેલાં દ્રોહ કરશે

તેનો જ નાશ થશે' એમ ઉપાખ્યાનમાં પૌત્રે તે(દેવો)ને શાપ આપેલ હોવાથી, વિગ્રહ ઘણા દોષોથી દૂષિત હોવાથી તે અટકાવવા બલભદ્રે પ્રવૃત્તિ કરી એમ નીચેના શ્લોકમાં કહે છે :

**સાન્ત્વયિત્વા તુ તાન્ રામઃ સન્નદ્ધાન્વૃષ્ણિપુઙ્ગવાન્ ।।**
**નૈચ્છત્કુરૂણાં વૃષ્ણીનાં કલિં કલિમલાપહઃ ।।૧૪।।**
**જગામ હાસ્તિનપુરં રથેનાદિત્યવર્ચસા ।।**
**બ્રાહ્મણૈઃ કુલવૃદ્ધૈશ્ચ વૃતશ્ચન્દ્ર ઈવ ગ્રહૈઃ ।।૧૫।।**

કલિના મલને દૂર કરનાર બલભદ્ર તો કૌરવો અને વૃષ્ણિનાં યુદ્ધને ઈચ્છતા ન હતા. યુદ્ધ માટે તૈયાર થએલા તે ઉત્તમ વૃષ્ણિઓને શાંત કરીને, ગ્રહોથી વીંટાએલા ચંદ્રની પેઠે બ્રાહ્મણો અને કુલના વૃદ્ધોથી વીંટાએલા તે સૂર્ય જેવા તેજસ્વી રથ વડે હાસ્તિનપુર ગયા. ૧૪-૧૫.

'ઉત્તમ વૃષ્ણિઓ' શબ્દથી તેઓનું પરાક્રમ જણાવેલું છે 'યુદ્ધ માટે તૈયાર થએલા' વિશેષણથી (તેઓને) શાંત કરવાનું કારણ કહેલું છે. તેથી એમ જણાવેલું છે કે જો તે કાર્ય (બલભદ્ર) પોતે કરે તો જ તેઓ શાંત થાય. પત્ની સાથે સાંબને લઈ આવવો એ કાર્ય હતું. તે જો પ્રીતિથી જ થાય તો યુદ્ધ વ્યર્થ હતું એવા વિચારથી કૌરવો અને વૃષ્ણિઓમાં યુદ્ધને (બલભદ્ર) ઈચ્છતા ન હતા, કારણ કે બંને દેવની સ્થિતિના હતા. વળી બલભદ્ર કલિના મલને દૂર કરનારા હતા. દેવોમાં યુદ્ધ થાય તો સત્ત્વનો સંપૂર્ણ રીતે નાશ થતાં તમઃને[1] કોણ હઠાડે? કારણ કે જગતના કારણરૂપ સત્ત્વ સાથે વિરોધ ન હતો. તેમ ન હોય (કારણરૂપ સત્ત્વ સાથે વિરોધ હોય) તો તમઃ અને તેનાં કાર્યોની સ્થિતિ જ રહે નહિ[2]. બીજા પ્રકારે[3] કલિયુગમાં ઉત્પન્ન થએલાઓનો ઉદ્ધાર થાય નહિ, એટલે જન્મના કારણનો નિશ્ચય વ્યર્થ થાય. 'તુ' 'તો' શબ્દથી એમ જણાવેલું છે કે બલભદ્રે કૌરવોનો પક્ષપાત કર્યો ન હતો. 'તે' એટલે પ્રસિદ્ધ. એ શબ્દથી એમ સૂચવેલું છે કે હલકાઈની સ્થિતિ પણ ગ્રહણ કરવાની ન હતી. તેથી એમ સિદ્ધ થાય છે કે સરલ માર્ગથી કાર્ય સિદ્ધ ન થાય તો અવળા માર્ગથી પણ બલભદ્ર તે કરશે. [4]કેટલાક એમ કહે છે કે આમનામાં

૧. તમઃ એટલે તમોગુણ. 'અંધકાર' 'અજ્ઞાન' એવા પણ આ શબ્દના અર્થો છે.
૨. કારણરૂપ સત્ત્વ સાથે વિરોધ થાય ત્યારે તમઃ અને તેના કાર્યોનો મૂલથી જ નાશ થાય, એવો અર્થ છે. (લે)
૩. 'બીજા પ્રકારે' એટલે 'દેવોના યુદ્ધને લીધે સત્ત્વનો તિરોભાવ થતાં' એવો અર્થ છે. (લે)
૪...૪ 'આ કૌરવો દુષ્ટ હોવાથી ભૂમિના ભારરૂપ હોઈ ભવિષ્યમાં પણ હણવાના જ છે તેથી બલભદ્રે યુદ્ધ કેમ અટકાવ્યું? એવી શંકા થાય તેના જુદાં જુદાં ત્રણ સમાધાનો આ ભાગથી

જ્ઞાનશક્તિ સંપૂર્ણ ન હતી. બીજાઓ કહે છે કે ભગવાન્ બલભદ્ર લોકને અનુસરનારા હતા. સિદ્ધાંત એવો છે કે સાધન શક્તિ બલભદ્ર નીતિના માર્ગને અનુસરનારી છે અને ફલ શક્તિ શ્રીકૃષ્ણ પુષ્ટિમાર્ગને અનુસરનારી છે[૪]. ૧૪.

(બંને પક્ષમાં) સુલેહ રહે તે માટે બલભદ્ર (હાસ્તિનપુર)[૫] ગયા એમ પંદરમા શ્લોકમાં કહે છે. અહિં હસ્તીની હાજરી ન હતી. તેથી બલભદ્ર સરલતાથી ગયા. 'સૂર્ય જેવા તેજસ્વી' શબ્દથી (એમ કહેલું છે કે બલભદ્રનું આગમન) તેઓને જણાવાયું. 'બ્રાહ્મણો, કુલના વૃદ્ધો' અને 'ચ' 'અને' શબ્દથી જણાવેલા બીજા શાસ્ત્રીઓથી (વીંટાએલા) એમ નીતિમાર્ગમાં ઉપયોગી (પુરુષો) કહેલા છે. 'સાંબને છૂટો કરાવવો એ કૌરવોનું ઈચ્છેલું નહિ હોવાથી તેઓને દુઃખ આપવા જતા હશે' એવી શંકા થાય, તેથી તેઓનું દુઃખ દૂર કરવા જતા હતા એમ કહેવા બૃહસ્પતિ વિગેરે 'ગ્રહોથી વીંટાએલા ચંદ્રની પેઠે' એવું દષ્ટાંત કહે છે. ૧૫.

આ (સાધન)શક્તિ નીતિમાં જ આસક્તિવાળી છે એમ જણાવવા, લોકની દષ્ટિ પ્રમાણે પણ શત્રુઓના નગરમાં પ્રવેશ કરવો જોઈએ નહિ તેથી (બલભદ્રે નગરની) બહાર રહીને જ પોતે આવેલ હોવાના સમાચાર આપ્યા એમ નીચેના શ્લોકમાં કહે છે :

**ગત્વા ગજાહ્વયં રામો બાહ્યોપવનમાસ્થિતઃ ।।**
**ઉદ્ધવં પ્રેષયામાસ ધૃતરાષ્ટ્રબુભુત્સયા ।।૧૬।।**

હાસ્તિનપુર જઈને બલભદ્રે બહારના ઉપવનમાં મુકામ કર્યો, (અને) ધૃતરાષ્ટ્રને જણાવવાની ઈચ્છાથી ઉદ્ધવને મોકલ્યા. ૧૬.

તેથી જ બલભદ્રે બહારના ઉપવનમાં (મુકામ કર્યો) એટલે નગરની હદમાં પ્રવેશ કર્યો નહિ એમ કહેલું છે. 'આસ્થિતિઃ' એટલે ત્યાં મુકામ કરવો. ઉદ્ધવ નીતિ જાણનારા હતા. ધૃતરાષ્ટ્ર દૈત્યના આવેશવાળા દેવના અંશરૂપ ગંધર્વ હતા તે (બલભદ્રનું આગમન) જાણો[૧] એવી 'બુભુત્સા' અથવા ધૃતરાષ્ટ્રને જણાવવાની ઈચ્છાથી[૨] (ઉદ્ધવને મોકલ્યા). ૧૬.

તેણે યોગ્ય (કાર્ય) કર્યું એમ નીચેના શ્લોકમાં કહે છે :

---

કહેલાં છે.

૫. 'હસ્તિનાપુર'માં 'હસ્તિના' શબ્દ ત્રીજી વિભક્તિમાં હોઈ હસ્તીની હાજરી દર્શાવે છે. તેવી હાજરી હોય ત્યાં સરલ માર્ગથી ન જવાય. તેથી હસ્તીની હાજરી નહિ, પણ માત્ર સંબંધ જ સૂચવવા 'હાસ્તિનપુર' શબ્દ યોજેલ છે. (લે)

૧. બલભદ્ર આવ્યા છે એમ ધૃતરાષ્ટ્ર જાણે એવી ઈચ્છા. (લે)

૨. સાંબને મુક્ત કરવો જોઈએ એમ ધૃતરાષ્ટ્રની જણાવવાની ઈચ્છાથી (લે)

**સોઽભિવન્દ્યામ્બિકાપુત્રં ભીષ્મં દ્રોણં ચ બાહ્લિકમ્ ।।**
**દુર્યોધનં ચ વિધિવદ્રામમાગતમબ્રવીત્ ।।૧૭।।**

તેણે અંબિકાના પુત્રને, ભીષ્મને, દ્રોણને અને બાહિલકને અને દુર્યોધનને વિધિ પ્રમાણે પ્રણામ કરીને, બલભદ્ર આવ્યા એમ કહ્યું. ૧૭.

અંબિકાનો પુત્ર એટલે ધૃતરાષ્ટ્ર. બાહિલક શંતનુનો ભાઈ. 'ચ' 'અને' શબ્દથી કુપ વિગેરે બ્રાહ્મણો કહેલા છે. દુર્યોધન વરનો સાસરો હોવાથી (તેને પ્રણામ કર્યા). 'ચ' 'અને' શબ્દથી તે (દુર્યોધન)ના મિત્રો કહેલા છે. એવી રીતે બંને પ્રકારનાઓને (શ્લોકમાંના) 'વિધિવત્' 'વિધિ પ્રમાણે' સુધીના વાક્યથી નમસ્કાર કર્યા અને સમાચાર આપ્યા. 'કેમ આવ્યા છો?' એવો પ્રશ્ન (થયો તે) સમયે, 'બલભદ્ર આવ્યા છે' એમ તેણે કહ્યું. ૧૭.

**તેઽતિપ્રીતાસ્તમાકર્ણ્ય પ્રાપ્તં રામં સુહૃત્તમમ્ ।।**
**તમર્ચયિત્વાભિયયુઃ સર્વે મઙ્ગલપાણયઃ ।।૧૮।।**

તે પોતાના ઉત્તમ સ્નેહી બલભદ્રને આવેલા સાંભળીને તેઓ ઘણા પ્રસન્ન થયા. ઉદ્ધવની પૂજા કરી બધા હાથમાં મંગલ પદાર્થો લઈ બલભદ્ર સામા ગયા. ૧૮.

તેઓ તે વાર્તા સાંભળીને જ પ્રસન્ન થયા, કારણ કે તે દુર્યોધનના સાસરા અને (ગદાયુદ્ધના) ગુરુ, ઉત્તમ સ્નેહી હતા; પરંતુ (તે) યાદવોનો પક્ષપાત કરશે ત્યારે ઉલટું થશે (ક્રોધ કરશે). 'તેની' એટલે ઉદ્ધવની પૂજા કરી, તેઓ શાસ્ત્રમાં જણાવ્યા પ્રમાણે હાથમાં મંગલ પદાર્થો લઈ (બલભદ્ર) સામા ગયા. ૧૮.

બલભદ્રને મળતાં, તેઓએ સ્નેહ દૃઢ કર્યો એમ નીચેના શ્લોકમાં કહે છે :

**તં સંગમ્ય યથાન્યાયં ગામર્ઘ્યં ચ ન્યવેદયન્ ।।**
**તેષાં યે તત્પ્રભાવજ્ઞાઃ પ્રણેમુઃ શિરસા બલમ્ ।।૧૯।।**

તેમને મળીને તેઓએ પદ્ધતિ પ્રમાણે બળદ અને અર્ઘ્ય આપ્યાં. તેઓમાંના જેઓ તેમના પ્રભાવને જાણતા હતા તેઓએ મસ્તકથી બલને પ્રણામ કર્યા. ૧૯.

'પદ્ધતિ પ્રમાણે' એટલે નમન વિગેરેના પ્રકારથી અતિથિની પેઠે મધુપર્ક વિગેરેથી (તેમની) પૂજા કરી એમ જણાવવા 'બળદ અને અર્ઘ્ય (આપ્યાં)' એમ કહેલું છે. તે પૂજા કરનારાઓમાંના જે તેમના પ્રભાવને જાણનારા હતા એટલે માહાત્મ્યને જાણતા હતા તેઓએ (બલભદ્રથી) મોટા હોવા છતાં પણ લૌકિક દૃષ્ટિને દૂર કરીને (તેમને) પ્રણામ કર્યા. આથી એમ કહેલું છે કે બધા લૌકિક હતા, કેટલાક (થોડાક) જ તેમના પ્રભાવને જાણનારા હતા. જાણનારા હતા તે પણ

'બલને' (બલભદ્રમાં) બલ ઘણું હોવાને લીધે જ (જાણતા હતા), પરંતુ અલૌકિક પ્રભાવ હોવાનું જાણતા ન હતા. તેમ ન હોત (અલૌકિક પ્રભાવ હોવાનું જાણતા હોત) તો તેઓ વિરોધ કરનારાઓને બોધ કરત. ૧૯.

એવી રીતે કાયાથી કરેલ વ્યવહાર કહીને, નીચેના શ્લોકમાં વાણીથી કરેલો (વ્યવહાર) કહે છે :

**બન્ધૂન્કુશલિનઃ શ્રુત્વા પૃષ્ટ્વા શિવમનામયમ્ ।।**
**પરસ્પરમથો રામો બભાષેઽવિક્લવં વચઃ ।।૨૦।।**

પરસ્પર બંધુઓ કુશલ છે એમ સાંભળીને અને તેમને કલ્યાણ દુઃખ ન હોવાનું પૂછીને પછી બલભદ્રે પરાક્રમવાળું વચન કહ્યું. ૨૦.

બંધુઓ એટલે (બંધુપણાના) ગુણવાળાઓ[1] પરસ્પર કુશલ હોવાનું સાંભળીને અને તેમને 'શિવં' સુખરૂપ કલ્યાણ અને 'અનામયં' દુઃખ ન હોવાનું, આ પણ પરસ્પર પૂછીને, 'અથો' 'પછી' એટલે જૂદા આરંભથી બલભદ્રે 'અવિક્લવં' પરાક્રમવાળું વચન કહ્યું કારણ કે તેમ ન કરે તો યાદવોની લાચારી થાય (ગણાય), અને તેઓ (યાદવો) ભક્તો હતા. ૨૦.

ભગવાને બધા દેવોનું અધિપતિપણું ઉગ્રસેનને આપેલું. તેથી તેમની આજ્ઞા બધાએ દેવોએ ઉઠાવવી જોઈએ. તેથી યાદવોને મૂકી દઈ, નીચેના શ્લોકમાં (બલભદ્ર) ઉગ્રસેનની આજ્ઞા કહે છે :

**ઉગ્રસેનઃ ક્ષિતીશેશો યદ્વ આજ્ઞાપયત્પ્રભુઃ ।।**
**તદવ્યગ્રધિયઃ શ્રુત્વા કુરુધ્વં મા વિલમ્બિતમ્ ।।૨૧।।**

રાજાઓના નિયંતા પ્રભુ ઉગ્રસેન તમને જે આજ્ઞા કરે છે તે સાવધાન ચિત્તવાળા થઈ સાંભળીને તે પ્રમાણે કરો. વિલંબ ન કરો. ૨૧.

'તેમની આજ્ઞા પ્રમાણે બીજા રાજાઓ શા માટે વર્તન કરે?' એવી શંકા થાય, તેથી કહે છે કે 'ક્ષિતીશાનાં' બધાએ રાજાઓના તે 'ઈશઃ' નિયંતા છે. તેમણે જે તમને આજ્ઞા કરી છે, કે પત્ની સહિત સાંબને દ્વારકા મોકલો, તે આજ્ઞાનું વચન આગળ કહેવાનું છે. તે વચન બલભદ્ર કહે તે પહેલાં જ અપરાધ (ઉગ્રસેન) ક્ષમા કરે છે એવું વાક્ય (તે બોલતાં) જ કૌરવોએ ક્રોધ કરી કડવાં વચનો કહ્યાં, તેથી બલભદ્રે તે કહ્યું નહિ. તે સાંભળીને પછી ઉગ્રસેનનું ઈચ્છેલું કરો એવો બલભદ્રનો હિતકારી ઉપદેશ છે. 'વિલંબ ન કરો' એવો બીજો (ઉપદેશ) છે. કારણ કે તેમ ન થાય (વિલંબ થાય) તો રાજાઓના નિયંતા (તેઓના) વિલંબને સહન કરતા નહિ હોવાથી, (રાજાઓએ) પછીથી કરેલું (કાર્ય) વ્યર્થ થાય. એમ જણાવેલું છે કે

૧. કલ્યાણ અને દુઃખનો અભાવ ગુણો છે અને બંધુઓ એ ગુણવાળા છે. (લે)

નિયંતાની આજ્ઞાનું ઉલ્લંઘન થતાં, અનિષ્ટ તરત જ (પ્રાપ્ત) થાય છે. 'પ્રભુ' શબ્દથી ઈશ્વરપણું કહેલું છે. ૨૧.

'અપરાધ કરેલાને કદાચ સજા કરશે' એવી (કૌરવોને) શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**યદ્યૂયં બહવસ્ત્વેકં જિત્વાऽધર્મેણ ધાર્મિકમ્ ।।**
**અબધ્નીતાથ તન્મૃષ્યે બન્ધૂનામૈક્યકામ્યયા ।।૨૨।।**

જે તમો ઘણાઓએ તો અધર્મથી એક ધર્મવાળાને જીતી કેદ કર્યો તે હું બંધુઓમાં સંપ રહે તેવી ઈચ્છાથી ક્ષમા કરું છું. ૨૨.

જો કે તમો સજાને પાત્ર છો, છતાં પણ (સજા કરવાથી) બંધુઓમાં એક બીજા સાથે કંકાસ થાય, તેથી અપરાધ હું ક્ષમા કરું છું. નિયંતાએ સજા કરી હોય ત્યારે પણ બંધુઓએ જ કરાવી એવા વિચારથી કદાચ વૈર થાય, તે ઈષ્ટ નથી, પરંતુ સંપ ઈષ્ટ છે. ઘણાઓએ એકની સાથે યુદ્ધ (કરવા)ની શાસ્ત્રમાં મના છે, અને તેમ કરવામાં આવે ત્યારે રાજાએ અવશ્ય સજા કરવી જોઈએ, તેથી તે અપરાધ જણાવે છે. (૧) તમે ઘણા (હતા). 'તુ' 'તો' શબ્દથી એમ જણાવે છે કે ભારે અસ્ત્રનો પ્રયોગ અથવા પલાયન કરવું એ અધર્મ હોવાથી, (સાંબે તેવું કાંઈ) ખોટું કરેલું નહિ. (તમો) યુદ્ધ જાણનારા ઘણાઓએ એક સમયે (ભેગા થઈ), સ્ત્રીનું રક્ષણ કરવામાં રોકાએલા બાલકને થોડે થોડે (તેના) સાધનોનો નાશ કરીને જીત્યો, એવો (અપરાધ કર્યો), અને કેદ કર્યો એ બીજો અપરાધ (કર્યો). ૨૨.

આટલું સાંભળીને (કૌરવો) ગુસ્સે થયા, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**વીર્યશૌર્યબલોન્નદ્ધમાત્મશક્તિસમં વચઃ ।।**
**કુરવો બલદેવસ્ય નિશમ્યોચુઃ પ્રકોપિતાઃ ।।૨૩।।**

બલભદ્રનું વીર્ય શૌર્ય અને બલને લીધે જુસ્સાવાળું પોતાની શક્તિને યોગ્ય વચન સાંભળીને કોપેલા કૌરવોએ નીચે પ્રમાણે કહ્યું. ૨૩.

કારણ કે 'વીર્ય' ક્રિયાશક્તિ, 'શૌર્ય' સ્વભાવ, 'બલ' દેહનું (બલ) (એ) ત્રણને લીધે જુસ્સાવાળું વચન ફલ આપનારું હોય છે. 'ઉગ્રસેને તમને આજ્ઞા કરી છે' એ (વચન) વીર્યને લીધે, જુસ્સાવાળું છે. 'રાજાઓના નિયંતા' એ શૌર્યને લીધે, (અને) 'વિલંબ ન કરો' એ બલને લીધે જુસ્સાવાળું છે. 'જે તમો...' એ (બાવીસમા શ્લોકમાં કહેલું વચન) પોતાની શક્તિને યોગ્ય છે. (કૌરવોનું) અભિમાન જણાવવા 'કૌરવોએ' શબ્દ યોજેલ છે. તે(કુરુ)નો ધર્મ જ શોભાકર હતો, પરંતુ તેના સંતાનો તેવા ન હતા. તેઓ રાજાને નકામો જ જાણતા; પરંતુ બલભદ્રનું તેવું વચન જો (બલભદ્રે) પોતે કહ્યું હોત કે 'મારી આજ્ઞાથી જ (તમારે)

આ કરવું' તો તેઓને ક્રોધ થયો ન હોત કારણ કે બલભદ્ર વસ્તુતઃ નિયંતા હતા. તેઓએ વિચાર્યું કે ''અમે અને તેઓ (યાદવો) પણ ભક્ત હોઈ સરખા હોવા છતાં બલભદ્ર યાદવોમાં જ ઐશ્વર્યનું સ્થાપન કરી અમારામાં સેવકપણાનું સ્થાપન કરે છે, તેનું કારણ કુલીનપણું વિગેરે નથી, તેમ હોત (કુલીનપણાને લીધે ઐશ્વર્યનું સ્થાપન કરતા હોત) તો, અમારામાં જ (તે સ્થાપન કરવું) યોગ્ય હતું. આ સાધારણ લીલા નથી, તેથી પોતાની ઈચ્છાથી (પોતાને) ગમે તેમ કરાય નહિ, કારણ કે ભગવાને ભક્તોને માટે અવતાર લીધેલો છે, અને કારણની અનુકૂલતાથી ઉત્પન્ન થએલી તે ભક્તિ કૌરવોમાં જ દઢ થવી યોગ્ય છે, યાદવોમાં દઢ થવી યોગ્ય નથી. 'ઈશ્વર હોવાથી ભક્તિ પણ તે (યાદવો)ને જ આપે છે' એમ કહેવામાં આવે તો તેમ નથી. તેમ હોય તો ઈશ્વરનો પક્ષપાત થાય.'' તેથી પ્રાપ્ત થએલી ભક્તિનો જ આધાર લઈ ભગવાન્ કહે છે એમ, અને ભક્તિ (તેનાં) કારણને અધીન છે એમ જાણીને (કૌરવો) પોતાની શ્રેષ્ઠતા સિધ્ધ કરવા કાંઈક બોલ્યા એવો અર્થ છે; કારણ કે તે (બલભદ્રે) જ વચનોથી અથવા અંતર્યામી હોવાને લીધે તેમને ઘણા જ કોપાવ્યા. ૨૩.

(કૌરવો) પોતાની શ્રેષ્ઠતા સિધ્ધ કરવા નીચેના શ્લોકથી આરંભી પાંચ વાક્યો (શ્લોકો) કહે છે :

॥ કુરવ ઉચુઃ॥

**અહો મહચ્ચિત્રમિદં કાલગત્યા દુરત્યયા ॥**
**આરુરુક્ષત્યુપાનદ્વૈ શિરો મુકુટસેવિતમ્ ॥૨૪॥**

અહો! આ ઘણું આશ્ચર્યકારક છે. ઉલ્લંઘન ન થઈ શકે તેવી કાલની ગતિને લીધે ખાસડું નિશ્ચય મુકુટથી સેવાએલા માથાં ઉપર ચઢવા ઈચ્છે છે. ૨૪.

(અહિંથી પાંચ શ્લોકોથી) અનુક્રમે દેહ, ઈન્દ્રિય, પ્રાણ, અંતઃકરણ અને આત્માના ગુણોથી (કૌરવોની) શ્રેષ્ઠતા કહેવામાં આવે છે. તે પૈકી દેહથી થતી શ્રેષ્ઠતાનો વાસ્તવિક રીતે વિચાર કરતાં, યાદવો ધર્મ વિનાના, સ્વચ્છંદ રીતે વર્તનારા, ચામડાની થેલી જેવા છે (અને) જેઓમાં દેવો રહેલા છે તેવા કૌરવો તો મુકુટના આધારરૂપ માથાં જેવા છે. આ અર્થ સત્ય છે. આમ હોવાથી કૌરવો કરતાં પણ યાદવોની શ્રેષ્ઠતા (કહે છે તે વિષય)માં, વસ્તુ (યાદવોમાં) તેવું સામર્થ્ય નહિ હોવાથી, કાલને લીધે જ તેમ થાય છે તેથી, અને કાલ ઈશ્વર હોઈ વશ કરી શકાય તેમ નહિ હોવાથી, પહેલાં કોઈ પણ સમયે એવું થએલ નહિ હોવાથી, (આ) ઘણું આશ્ચર્યકારક થાય છે. તેમ (થવા)નું કારણ 'ઉલ્લંઘન ન થઈ શકે તેવી કાલની ગતિને લીધે' શબ્દોથી કહેલું છે. ઈશ્વરનાં વચનને લીધે ઉલ્લંઘન ન થઈ શકે તેવું

છે. તેમ (ઈશ્વરનું વચન) ન હોય તો સંબંધ વિનાના વચનમાં કાંઈ દોષ ન થાય (ગાય). 'વૈ' નિશ્ચય ખાસડું 'મુકુટૈઃ' વસ્ત્રો વિગેરેથી અને વ્યાસ વિગેરેથી સેવાએલા માથા ઉપર ચઢવા ઈચ્છે છે. ૨૪.

ઈન્દ્રિયથી થતા વ્યવહારના સંબંધમાં વિવાહ શયન વિગેરેમાં (યાદવોની) હલકાઈ નીચેના શ્લોકમાં કહે છે :

**એતે યૌનેન સમ્બદ્ધાઃ સહશય્યાસનાશનાઃ ।।**
**વૃષ્ણયસ્તુલ્યતાં નીતા અસ્મદ્દત્તનૃપાસનાઃ ।।૨૫।।**

વિવાહથી સંબંધમાં આવેલા, સાથે શય્યા આસન અને ભોજનથી (આપણી) સમાન બનાવેલા આ વૃષ્ણિઓએ આપણે આપેલું રાજ્યાસન (પ્રાપ્ત કરેલું) છે. ૨૫.

'યૂનઃ' જુવાનનો 'ભાવઃ' પ્રેમ તે 'યૌનમ્' એટલે વિવાહ, તેનાથી (યાદવો આપણા) સંબંધમાં આવેલા છે. પહેલાં એક (યયાતિ)માંથી ઉત્પન્ન થએલા હોવા છતાં, વ્યવહારમાં (આપણાથી) હલકા હોવાથી (આપણે તેમને) તજીને પણ ફરીથી વિવાહથી સંબંધમાં લીધેલા છે એવો અર્થ છે, કારણ કે કુંતિ વિગેરે સ્ત્રીઓ તેમનામાંથી આણેલી છે.

''છતાં પણ 'ખરાબ કુલમાંથી પણ ઉત્તમ સ્ત્રી (લાવવી)' એ નિયમ પ્રમાણે માત્ર (સ્ત્રી) લાવવાથી સરખાપણું થતું નથી'' એવી શંકા થાય, તેથી 'સાથે શય્યા આસન અને ભોજનથી (સમાન બનાવેલા)' એમ કહેલું છે. જો શય્યા આસન અને ભોજન 'સહ' સાથે (હોય), તો જેની સાથે (આ થતાં હોય) તેમની સમાન જ બને છે એવી વ્યવસ્થા છે. તેથી જ વૃષ્ણિઓને (આપણે) આપણી સમાન બનાવેલા છે. આથી (એમ કહેલું છે કે) 'અજ્ઞાનથી મના કરેલું કાર્ય કરવામાં આવે ત્યારે પ્રાયશ્ચિત્ત કરવું' એ નિયમ અહિં લાગુ પડતો નથી. એવી રીતે કુલના ધર્મના વિચાર પ્રમાણે પોતાની શ્રેષ્ઠતા કહી. 'આપણે આપેલું રાજ્ય (પ્રાપ્ત કરેલું) છે' શબ્દથી સત્તાના વિચાર પ્રમાણે પણ (પોતાની) શ્રેષ્ઠતા કહે છે, કારણ કે પહેલાં યયાતિએ પુરુને જ રાજ્ય આપેલું, બીજાઓ મોટા (ભાઈ)ઓ હોવા છતાં તેને અધીન હતા. ૨૫.

એવી રીતે સાધનો પોતાને અધીન છે એમ કહીને, તે (યાદવો)નો ભોગ પણ અમને જ અધીન છે એમ નીચેના શ્લોકમાં કહે છે :

**ચામરવ્યજને શઙ્ખમાતપત્રંચ પાણ્ડુરમ્ ।।**
**કિરીટમાસનં શય્યાં ભુઞ્જન્ત્યસ્મદુપેક્ષયા ।।૨૬।।**

આપણી બેદરકારીને લીધે તેઓ ચામર, પંખો, શંખ, અને શ્વેત છત્ર,

મુકુટ, આસન અને શય્યાનો ભોગ કરે છે. ૨૬.

(૧) ચામર અને (૨) પંખો બે બાજુએ, (૩) શંખ આગળ, (૪) છત્ર અને તે પણ 'પાણ્ડુરં' શ્વેત પાછલ, (૫) મુકુટ (માથાં) ઉપર (૬) આસન નીચે અને (૭) નિદ્રાની અવસ્થામાં શય્યા. આ સાત મહારાજોના ચિહ્નો બીજાઓને (રાખવા) યોગ્ય નથી. બીજામાં જોવામાં આવેલા હોય તો રાજાઓએ અવશ્ય (તે રાખવાની) મના કરવી જોઈએ. છતાં પણ (યાદવોને અમે) સમાન બનાવ્યા. તેથી અમો રાજાઓએ બેદરકારી રાખેલી હોવાથી તેઓ ભોગ કરે છે. ભોગ પ્રાણોનો ગુણ હોવાથી, (આ શ્લોકથી) તેનાથી થતી શ્રેષ્ઠતા જણાવી. ૨૬.

આજ્ઞા કરવી વિગેરે અંતઃકરણનો ગુણ હોવાથી તે સહન નહિ કરતાં તેનો ઈન્કાર કરીને તેમાં (યાદવોની) હલકાઈ નીચેના શ્લોકથી કહે છે :

**અલં યદૂનાં નરદેવલાઞ્છનૈર્દાતુઃ પ્રતીપૈઃ ફણિનામિવામૃતમ્ ।।**
**યે નઃ પ્રસાદોપચિતા હિ યાદવા આજ્ઞાપયન્ત્યદ્ય ગતત્રપા બત ।।૨૭।।**

સર્પને આપેલા અમૃતની પેઠે આપનારને નુકશાનકારક રાજ્યચિહ્નો યાદવો પાસે હવે રાખવાં નથી, કારણ કે જે યાદવો આપણી કૃપાથી સમૃદ્ધ થયા, તેઓ અરેરે! આજે લજ્જા વિનાના થઈ આપણને આજ્ઞા કરે છે. ૨૭.

પહેલાં કહેલાં રાજ્યચિહ્નો જેના વિષે આપણે બેદરકારી કરેલી, તે હવે રહેવા દેવાં નથી એમ મના કરવાના અર્થમાં 'અલમ્' શબ્દ યોજેલો છે. રાજાના ચિહ્નો રહેવા દેવાનું બહુ થયું. હવેથી પુરું થાઓ, ભવિષ્યમાં રાખવાં નથી એવો અર્થ છે. આપેલ લઈ લેવાનું કારણ 'આપનારને નુકશાનકારક' વિશેષણથી કહેલું છે. અજ્ઞાનથી આપેલું પોતાને નુકશાન કરનારું થાય ત્યારે અટકાવવું જોઈએ, એ વિષયનું દૃષ્ટાંત 'સર્પને આપેલાં અમૃતની પેઠે' શબ્દોથી કહેલું છે; કારણ કે 'સર્પને દૂધથી પોષણ કરવું એ પોષણ કરનારને નુકશાનકારક છે', કારણ કે તે (પોષણ) પ્રકોપ ઉત્પન્ન કરે છે, પછી (તે સર્પ) આંધળો થઈ પોષણ કરનારને પણ કરડે છે. તે આપણને થયું એમ કહે છે કે 'જે યાદવો આપણી કૃપાથી સમૃદ્ધ થયા તેઓ આજે લજ્જા વિનાના થઈ આપણને જ આજ્ઞા કરે છે'. 'બત' 'અરેરે!' શબ્દ ખેદ દર્શાવવા યોજલ છે. ૨૭.

વસ્તુના વિચાર પ્રમાણે આત્માના ધર્મનો આધાર લઈ કહે છેઃ

**કથમિન્દ્રોऽપિ કુરુભિર્ભીષ્મદ્રોણાર્જુનાદિભિઃ।।**
**અદત્તમવરુન્ધીત સિંહગ્રસ્તમિવોરણઃ ।।૨૮।।**

જેમ સિંહે ગળેલું હોય તે (સિંહના આપ્યા વિના) નાનું ઘેટું પ્રાપ્ત કરી શકે નહિ તેમ ભીષ્મ, દ્રોણ, અર્જુન વિગેરે કૌરવોએ આપેલું ન હોય તે ઈન્દ્ર પણ

કેમ પ્રાપ્ત કરી શકે? ૨૮.

કારણ કે ભીષ્મ કાલ કામ પરશુરામ વિગેરે ઉપર જય મેળવનાર હતા. તેનાથી પણ દ્રોણ અધિક હતા. વિદ્યામાં (તેની) સમાન હોવા છતાં બ્રાહ્મણપણાથી અધિક હતા. તેનાથી પણ અર્જુન (અધિક હતો), તેનો શિષ્ય હોવા છતાં મહાદેવ વિગેરેની કૃપાથી બલવાન થએલો હતો. આધિભૌતિક વિગેરેરૂપ આ ત્રણ મુખ્ય થએલા હતા. જેઓને તે કૌરવોએ આપેલું ન હોય તે ઈન્દ્ર પણ કેમ પ્રાપ્ત કરી શકે? વાસ્તવિક રીતે ઈન્દ્ર સર્વનો અધિપતિ છે, છતાં પણ આમણે અધિકાર પ્રાપ્ત કરેલો છે (તેથી આમણે આપેલું ન હોય તે ઈન્દ્ર પણ પ્રાપ્ત કરી ન શકે), કારણ કે દેહ વિગેરે વિરુદ્ધ હોય ત્યારે ઈશ્વર પણ ભોગ પ્રાપ્ત કરતા (ભોગવતા) નથી.

'(આ યાદવોનો) પોતાનો ભાગ છે તેઓને (કૌરવોએ) આપવાની શી જરુર?' એવી શંકા થાય તેથી 'જેમ સિંહે ગળેલું હોય તે (સિંહના આપ્યા વિના) નાનું ઘેટું પ્રાપ્ત કરી શકે નહિ' એવું દષ્ટાંત કહે છે. જો કે 'ઉરણસ્ય' નાનાં ઘેટાંનો પુત્ર અથવા સ્ત્રી (તેનો) ભાગ છે, છતાં પણ સિંહે ગળેલો (તે ભાગ) તેની કૃપાથી જ તે (ઘેટાં)ને પ્રાપ્ત થાય, તેમ જ પત્ની સહિત સાંબ આપણાથી કેદ પકડાએલો છે, એવો અર્થ છે. ૨૮.

એ પ્રમાણે પાંચ વિભાગ (શ્લોક)વાળું અહંકારવાળું વચન સંભળાવીને તેઓ ગયા એમ નીચેના શ્લોકમાં કહે છે :

॥ શ્રીશુક ઉવાચ॥

**જન્મબન્ધુશ્રિયોન્નદ્ધમદાસ્તે ભરતર્ષભ ॥**
**આશ્રાવ્ય રામં દુર્વાક્યમસભ્યાઃ પુરમાવિશન્ ॥૨૯॥**

હે ઉત્તમ ભારત! જન્મને લીધે બંધુઓની કૃપાથી (પ્રાપ્ત થએલી) લક્ષ્મીથી વધી ગએલા મદવાળા તે અસભ્યો બલભદ્રને દુષ્ટ વચન સંભળાવીને શહેરમાં ગયા. ૨૯.

વાચાથી અને કાયાથી કરેલ તિરસ્કાર જણાવતાં મનથી કરેલો પણ જણાવ્યા જેવો થયો. એવી રીતે તિરસ્કાર (કરવા)નું કારણ 'જન્મને લીધે બંધુઓ ની કૃપાથી (પ્રાપ્ત થએલી) લક્ષ્મીથી વધી ગએલ મદવાળા' વિશેષણથી કહેલું છે. સારા કુલમાં જન્મ, 'બન્ધુઃ' બાંધવ અને 'શ્રીઃ' લક્ષ્મી (તેમનાથી વધી ગએલ મદવાળા), અથવા જન્મને લીધે બંધુઓની કૃપાથી જે 'શ્રીઃ' જન્મ સાથે પ્રાપ્ત થએલી લક્ષ્મી, તેનાથી વધી ગએલો હતો મદ જેઓનો તેવા (તેઓ હતા). 'દુષ્યંતના પુત્રે માયા ઉપર જય મેળવ્યો' એ વાક્ય રાજા (પરિક્ષિત)ને માયાથી

થતો મોહ ન હતો એમ જણાવવા 'હે ઉત્તમ ભારત' એવું સંબોધન કરેલું છે. તેમ ન હોય (પરિક્ષિતને માયાથી થતો મોહ હોય) તો આ કથા શ્રવણનો અંત લાવનારી થાય. આ વાક્ય બલભદ્રને જ (કહ્યું) એ સ્પષ્ટ છે, પરંતુ અંતઃકરણથી પણ (આ) વાક્ય પોતાના (કૌરવો) પ્રતિ (કહેલું) નથી. તે અર્થ 'બલભદ્રને દુષ્ટ વચન સંભળાવીને શહેરમાં ગયા' શબ્દોથી કહેલો છે.

'(કોઈ) ઘેર આવે ત્યારે એવું કહેવું યોગ્ય નથી' એવી શંકા થાય, તેથી 'અસભ્યો' શબ્દ યોજેલ છે આ (ઘેર આવે ત્યારે એવું ન કહેવું તે) કથા સત્પુરુષોની જ છે. લક્ષ્મીના મદથી જ તેઓ અસત્ (દુષ્ટ) થયા હતા. એમ ન હોત તો પછીથી (તેઓમાં) સરલપણું ન થાત. ૨૯.

પછી જે થયું તે નીચેના શ્લોકથી કહે છે :

**દૃષ્ટ્વા કુરુણાં દૌઃશીલ્યં શ્રુત્વાઽવાચ્યાનિ ચાચ્યુતઃ ।।**
**અવોચત્વકોપસંરબ્ધો દુષ્પ્રેક્ષ્યઃ પ્રહસન્પ્રભુઃ ।।૩૦।।**

કૌરવોની દુષ્ટ વર્તણુક જોઈને અને ન કહેવા યોગ્ય વચનો સાંભળીને ક્રોધથી જુસ્સામાં આવેલા, જોઈ ન શકાય તેવા પ્રભુ અચ્યુતે હસતાં (હસતાં) નીચે પ્રમાણે કહ્યું. ૩૦.

(બલભદ્રની) અવગણના કરીને ગયા તે દુષ્ટ વર્તણુક હતી, કારણ કે તેમ ન કર્યું હોત તો સગાંનો તિરસ્કાર અને મોટા (પુરુષ)નો તિરસ્કાર ન થાત. (બલભદ્રે) ન કહેવા યોગ્ય વચનો એટલે દુષ્ટ વચનો અથવા તેવાં વચનો સાંભળ્યા. (તેમને) ભય ન હતો એમ જણાવવા 'અચ્યુત' શબ્દ યોજેલ છે. તે પોતે પણ તે વાક્યોને ખોટાં ઠરાવવાં બોલ્યા, તેમ ન કરે તો દેહથી વિરોધ કર્યા છતાં, વચનથી વિરોધ કરેલ ન થાય (ગણાય). ભગવાને કરેલું (ઉગ્રસેનને ચક્રવર્તિપણું આપ્યું તે) તેઓ ગણકારતા ન હતા, તેથી (બલભદ્ર) ક્રોધથી જુસ્સામાં આવ્યા. ક્રોધ અંદર છૂપાવી રાખેલો હોય તો (કૌરવો સાથે) વેર રાખ્યું થાય (ગણાય), (અને) (કાર્ય) તરત જ કરવામાં આવે તો (તે) ક્લેશવાળું થાય, તેથી 'જોઈ ન શકાય તેવા' વિશેષણથી ક્રોધ બહાર દર્શાવ્યાનું કહેલું છે. (તેમને) દુઃખ થયું ન હતું એમ જણાવવા 'હસતા' શબ્દ યોજેલ છે. (દુઃખ થયું ન હતું) કારણ કે તે 'પ્રભુ' હતા. ૩૦.

(કૌરવોના) પાંચ વાક્યોના અર્થને નીચેના શ્લોકથી આરંભી નવ શ્લોકથી ત્રણ યોગ્ય વિષયોથી ખોટો ઠરાવી, દશમા શ્લોકથી જે કરવાનું છે તે જણાવી નિર્ણય કરે છે :

**નૂનં નાનામદોન્નદ્ધાઃ શાન્તિં નેચ્છન્ત્યસાધવઃ ।।**

**તેષાં હિ પ્રશમો દણ્ડઃ પશૂનાં લકુટો યથા ।।૩૧।।**

ખરેખર! જાતજાતના મદથી ઉદ્ધત થએલા દુષ્ટો શાંતિ ઈચ્છતા નથી. જેમ પશુઓને ધોકો (શાંતિ કરાવે છે) તેમ તેઓને સજા જ શાંતિ કરાવે છે. ૩૧.

'વિદ્યાનો મદ, ધનનો મદ...' વિગેરે વાક્યોથી (મદના) ભેદો કહેલા છે. તે (મદ) જેમને હોય છે તેઓ નીતિના વાક્યોની દરકાર કરતા નથી તેથી તેઓનો ઉપાય ક્રિયા જ છે, વચનો નથી. તેથી આમણે (કૌરવોએ) ન સ્વીકારવાનાં વચનોથી જે (મારા ઉપદેશ)નો વિરોધ કર્યો તે યોગ્ય જ છે. તેથી શાંતિ (કરવા) યોજેલાં વચનો નિષ્ફલ થયાં, એટલે (હવે) સજારૂપ ક્રિયાથી જ શાંતિ કરવી જોઈએ, તે (અર્થ) 'તેઓને સજા જ શાંતિ કરાવે છે' શબ્દોથી કહેલો છે. આરંભમાં માત્ર શાંતિ જ હતી, અંતમાં સજા કરવાનું થયું. (તે બેમાં) વિરોધ પણ નથી, કારણ કે સજા કરવાનો ઉદ્યમ થતાં જ શાંતિ થાય છે.

'ક્રિયાથી સજા કરવામાં આવતાં, (કૌરવોમાં) ઘણો જ પ્રકોપ થશે' એવી શંકા થાય, તેથી 'જેમ પશુઓને ધોકો (શાંતિ કરાવે છે)' એવું દૃષ્ટાંત કહેલું છે; કારણ કે તે સજા લોકમાં પ્રસિદ્ધ છે. જેમ તે (ધોકો) જોવામાં આવતાં જ અથવા ઉગામવામાં આવતાં પશુઓને ભય ઉત્પન્ન કરાવે છે, તેમ પોતાનાં સર્વસ્વનો નાશ (કરવા)ની તૈયારી કરવામાં આવે, અથવા (તેવો નાશ કરવાનું) જાણવામાં આવતાં પશુ સમાન (પુરુષો)ને (તે) ભય ઉત્પન્ન કરાવે છે. ૩૧.

'એમ હોય તો યાદવોને એ પ્રમાણે (યુદ્ધની તૈયારી કરતાં) કેમ અટકાવ્યા?' એવી શંકા થાય, તેથી 'તેમ (યુદ્ધ) થતાં વૈર થાય, સજા ન થાય, કારણ કે શત્રુને જીતવો વિગેરે સજા નથી. તેથી હું હિત કરનારો જ છું' એવા વિચારથી નીચેના શ્લોકમાં પહેલાં આરંભ કરેલી પોતાની ક્રિયા કહે છે :

**અહો યદૂન્સુસંરબ્ધાન્કૃષ્ણં ચ કુપિતં શનૈઃ ।।**
**સાન્ત્વયિત્વાહમેતેષાં શમમિચ્છન્નિહાગતઃ ।।૩૨।।**

અહો! સારી રીતે (યુદ્ધ માટે) તૈયાર થએલા યાદવોને અને કોપેલા શ્રીકૃષ્ણને ધીરે ધીરે શાંત કરી, આમની શાંતિ ઈચ્છતો હું આવ્યો. ૩૨.

અને શાંતિ કરનાર ઉપર (કૌરવોએ) કોપ કર્યો એ આશ્ચર્ય છે. યાદવો બધા સારી રીતે તૈયાર થએલા, એટલે હણવાને તૈયાર થએલા અને (હણવાની) શક્તિવાળા છે.

'અદૃષ્ટને લીધે (કૌરવો) બચી ગયા. (તેમાં) તમારું શું પુરુષાતન?' એમ કહેવામાં આવે તો તે વિષયમાં 'અને કોપેલા શ્રીકૃષ્ણને' એમ કહે છે. ભગવાનના માત્ર વિચારથી જ સર્વ (કાર્ય) સિદ્ધ થાય છે તો પછી તે કોપેલા હોય ત્યારે તો

કહેવું જ શું? 'શ્રીકૃષ્ણ' શબ્દથી ભક્તોને અધીન અથવા કાલરૂપ (કહેલા છે). તેથી અદૃષ્ટ વિગેરે તેમને જ અનુકૂલ હોવાથી તે (કૌરવો)ને બધુંએ વિરૂદ્ધ છે. તે બધાને મેં ધીરેધીરે શાંત કર્યા, પરંતુ પોતાની શક્તિ પ્રકટ કરીને બલથી (શાંત કર્યા) નથી. તેમ કરવાનું પ્રયોજન 'હું' શબ્દથી કહેલું છે. કારણ કે આમણે (કૌરવોએ) અહંકારને લીધે (સાંબને) કેદ પકડેલો, અને હું તે (અહંકાર)નો અધિષ્ઠાતા છું. તેથી તેઓની શાંતિ જ ઈચ્છતો હું અહિં આવ્યો. ૩૨.

અને તે શાંતિ વચનોથી થઈ નહિ, એવું (પોતાની) ક્રિયાનું પરિણામ નીચેના શ્લોકમાં કહે છે :

**ત ઈમે મન્દમતયઃ કલહાભિરતાઃ ખલાઃ ।।**
**તં મામવજ્ઞાય મુહુર્દુર્ભાષ્યાન્માનિનોઽબ્રુવન્ ।।૩૩।।**

તે આ મંદમતિવાળા કજીઆમાં આનંદ માનનારા અભિમાની ઠગોએ તેવાની મારી અવજ્ઞા કરીને મને દુષ્ટ વચનો વારંવાર કહ્યાં. ૩૩.

કારણ કે (કૌરવો) મંદમતિવાળા હતા.

'ત્યારે લૌકિક યુદ્ધનો ઉદ્યમ થતાં શાંત થશે' એવી શંકા થાય, તેથી 'કજીઆમાં આનંદ માનનારા' વિશેષણ યોજેલું છે. પરસ્પર 'કલહે' કજીઆમાં જ 'અભિતઃ' સંપૂર્ણ રીતે 'રતિઃ' આનંદ છે જેઓનો તેવા છે, કારણ કે કજીઓ હોય ત્યારે તો યુદ્ધમાં મરણ જ થાય છે, શાંતિ થતી નથી.

'અંતર્યામીપણાથી (તેમને એવી) પ્રેરણા કરવી જોઈએ' એવી શંકા થાય, તેથી 'ઠગોએ' શબ્દ યોજેલ છે. મૂલ (સ્વરૂપ)ની ઈચ્છાથી અંતર્યામી તેઓને તેવી (કજીઓ કરવાની) જ પ્રેરણા કરે છે એવો (અર્થ છે).

'છતાં પણ તમે શાંતિ માટે ઉદ્યમ કર્યો, તેથી (તમારે) તે જ કરવું યોગ્ય છે' એમ કહેવામાં આવે તેથી ઉત્તરાર્ધ કહેલો છે. 'તેવાની' એટલે તેવું કર્મ કરનારની મારી (અવજ્ઞા કરી) અથવા 'તત્' એટલે તે વિષયમાં (મારી અવજ્ઞા કરી). (મારા ઉપદેશનો) અંગીકાર કરવામાં આવે તો વચનોથી અને તેઓનું હિત કરનારાં આચરણ વિગેરેથી (તેઓને) સમજાવી શકાય. તેમ ન કરે તો (સમજાવી શકાય) નહિ. તેઓ તો (મારી) અવજ્ઞા જ કરે છે. 'વારંવાર' શબ્દથી (એમ કહેલું છે કે) ફરીથી (તેમની) પરીક્ષા કરવી નથી. અવજ્ઞાથી (તેઓનો) મનનો દોષ કહ્યો, અને 'દુર્ભાષ્યાન્' દુષ્ટ વાક્યો તેઓએ કહ્યાં. આ વાણીથી કરેલો દોષ છે. (તેઓ) 'અભિમાની' હોવાથી ભવિષ્યમાં પણ સમાધાન થવાનું નથી. ૩૩.

'આમનું વચન યોગ્ય હતું. ઉગ્રસેનનાં વચન તરીકે તમે પણ (તેઓને) કેમ એ પ્રમાણે કહ્યું?' એવી શંકા થાય, તેથી નીચેના શ્લોકથી ઉગ્રસેન સર્વ

રાજાઓના અધિપતિ હોવાનું સિદ્ધ કરે છે :

**નોગ્રસેનઃ કિલ વિભુર્ભોજવૃષ્ણ્યન્ધકેશ્વરઃ ।।**

**શક્રાદયો લોકપાલા યસ્યાદેશાનુવર્તિનઃ ।।૩૪।।**

ઈન્દ્ર વિગેરે લોકપાલો જેની આજ્ઞા પ્રમાણે વર્તે છે તે ભોજ વૃષ્ણિ અને અંધકના અધિપતિ ઉગ્રસેન ખરેખર સમર્થ નથી. ૩૪.

પોતાથી (પોતે કહેલું) વચન નથી એમ જણાવવા 'કિલ' 'ખરેખર' શબ્દ યોજેલો છે. નામથી જ તે (ઉગ્રસેન)નું ઈશ્વરપણું પહેલાં સૂચવેલું છે, અને તેમાં પણ (તે) 'વિભુઃ' લૌકિક ધોરણ પ્રમાણે પણ શક્તિવાળો છે. તેવો ન હોત તો તેનો પુત્ર કંસ રાજા ન થાત. વળી હમણાં તે ભોજ વૃષ્ણિ અને અંધકોનો ઈશ્વર છે, (એ) ત્રણે પ્રકારના યાદવોનો પ્રભુ છે. ઉત્તરાર્ધથી (તેનું) અલૌકિક સામર્થ્ય કહેલું છે. ભગવાનની ઈચ્છાથી અથવા આજ્ઞાથી (લોકપાલો તેની આજ્ઞા પ્રમાણે વર્તે છે) 'હું સેવક સમીપમાં રહેતાં' (૧૦-૪૨-૧૪)માં જ આનું વિવરણ કરેલું છે. જેની એટલે ઉક્ષસેનની 'આદેશમ્' આજ્ઞા પ્રમાણે (લોકપાલો) વર્તે છે, એવો અર્થ છે. તેમ ન હોય તો જેમ ઈચ્છેલ હોય તેવાં વૃષ્ટિ વિગેરે ન થાય. ૩૪.

**સુધર્માક્રમ્યતે યેન પારિજાતોઽમરાઙ્ઘ્રિપઃ ।।**

**આનીય ભુજ્યતે સોઽસૌ ન કિલાધ્યાસનાર્હણઃ ।।૩૫।।**

સુધર્મામાં જે ફર્યા કરે છે, જે દેવોનાં વૃક્ષ પારિજાતને લાવીને તેનો ભોગ કરે છે તે આ ખરેખર રાજ્યાસનને યોગ્ય નથી. ૩૫.

વળી જે સુધર્મામાં ફર્યા કરે છે. ઈન્દ્ર વિગેરે પણ (તે સભાને) નમસ્કાર કરીને તે સભામાં બેસે છે, તેવી સભામાં ફર્યા કરે છે, અને દેવોનાં વૃક્ષ પારિજાતને જીતી લીધેલું છે. તેની મર્યાદાનો નાશ કર્યો તેથી તેને પણ જીત્યું. ઈન્દ્ર વિગેરેની કબુલત ન હોય તો આ બે (કાર્ય) કેમ થાય? 'આ ભગવાનની શક્તિ હતી' એવી શંકા ન કરવી, કારણ કે ભગવાને જ ઉગ્રસેનમાં ઐશ્વર્યની કલા મૂકેલી હોવાથી મનુષ્ય-પણાંની પેઠે તે (ઉગ્રસેન)ને અધીન રહેવાનું પણ (ભગવાને) સ્વીકારેલું. અંગીકાર કરેલી ગ્લાનિથી દોષ થતો નથી.

આ અધિકાર વિનાનાઓને અમે (અમારી) સમાન બનાવ્યા અને રાજ્ય આપ્યું એમ જે (કૌરવોએ) કહેલું તે ઉત્તરાર્ધથી ખોટું ઠરાવે છે; કારણ કે બધા રાજા થતા નથી. જો એક (યાદવ) રાજ્ય (કરવાને) યોગ્ય ન હોય, તો જ તેઓનું વચન સત્ય થાય. તે (રાજ્ય કરવા)માં ભાગ્ય અને ક્રિયાશક્તિ કારણરૂપ છે. તેમાં પણ ક્રિયાશક્તિ કારણરૂપ છે; જેથી ઈન્દ્રને જીતીને પારિજાત લાવીને તેનો ભોગ કરે છે.

'તે શક્તિ હવે ઝાંખી થઈ જશે' એવી શંકા થાય, તેથી 'તે આ' શબ્દો યોજેલા છે. તે જ ભગવાન્ હમણાં મારી સમીપ રહેલા છે. તેથી એમ શક્તિ ઝાંખી થએલી ન હોય. 'ખરેખર' શબ્દથી ઠપકો દેવા માટે પ્રસિદ્ધિ કહેલી છે. ૩૫.

નીચેના શ્લોકમાં (યાદવોના) ભાગ્યની શ્રેષ્ઠતા કહે છે :

**યસ્ય પાદયુગં સાક્ષાચ્છ્રીરુપાસ્તેઽખિલેશ્વરી ।।**
**સ નાર્હતિ કિલ શ્રીશો નરદેવપરિચ્છદાન્ ।।૩૬।।**

સર્વને વશ કરનારી સાક્ષાત્ લક્ષ્મી જેમના બે ચરણોની સેવા કરે છે તે લક્ષ્મીના ઈશ, ખરેખર! રાજાના ચિહ્નો (ધારણ કરવા) યોગ્ય નથી. ૩૬.

સર્વનું ભાગ્ય લક્ષ્મીને અધીન છે, તેથી તે સર્વને વશ કરનારી છે. તે (લક્ષ્મી) પણ (પોતે) અધમ હોય તેવી રીતે ભગવાનના ચરણારવિંદની સેવા કરે છે. 'સાક્ષાત્' શબ્દથી આધિદૈવિકી લક્ષ્મી (જણાવેલી છે), પરંતુ દિવ્ય સ્ત્રીરૂપ (જણાવેલી) નથી તેમ જ રાજ્યલક્ષ્મીરૂપ પણ (જણાવેલી) નથી. 'ચામર, પંખો, શંખ...' એવું જે (શ્લોક ૨૬માં) કહ્યું તેને ખોટું ઠરાવવાનું કારણ કહીને, તે (કારણ) ફરીથી જણાવી તેને ઉત્તરાર્ધથી ખોટું ઠરાવે છે. ચામર, પંખો વિગેરે રાજાના ચિહ્નો છે. (તેમને માટે ઉગ્રસેન) લાયક ન હોય તો તેમની (કૌરવોની) બેદરકારીને લીધે ભોગ કરતો હોય. તેમ ન હોય (લાયક હોવા છતાં કૌરવોની બેદરકારીથી જ ભોગ કરતો હોય), તો ઈન્દ્ર વિગેરેનું પણ તેમ જ હોય. ૩૬.

'(રાજ્યચિહ્નો હવે) યાદવો પાસે રાખવાં નથી' (શ્લોક ૨૭) એમ પણ જે કહ્યું, તે જો યાદવો પોતાથી સિંહાસનને યોગ્ય ન હોત તો (સત્ય) થાય એમ કહેવા, તે સિંહાસનને યોગ્ય છે એમ નીચેના શ્લોકમાં કહે છે :

**યસ્યાઙ્ઘ્રિપઙ્કજરજોઽખિલલોકપાલૈ–**
**ર્મૌલ્યુત્તમૈર્ધૃતમુપાસિતતીર્થતીર્થમ્ ।।**
**બ્રહ્મા ભવોઽહમપિ યસ્ય કલાઃ કલાયાઃ**
**શ્રીશ્ચોદ્વહેમ ચિરમસ્ય નૃપાસનં ક્વ ।।૩૭।।**

જેના સંબંધવાળી તીર્થોનાં તીર્થરૂપની ઉપાસના કરવામાં આવે છે તેવી જેમના ચરણકમલની રજ સર્વ લોકપાલો ઉત્તમ મસ્તકોથી ધારણ કરે છે, જેમની કલાની કલારૂપ બ્રહ્મા શંકર અને હું પણ તેમ જ લક્ષ્મી જે (રજ)ને લાંબા સમયથી ધારણ કરીએ છીએ તેવા આમને રાજ્યાસન ક્યાંથી (હોય)? ૩૭.

આ લોકપાલો આસપાસ, બ્રહ્મા ઉપર અને હું શેષ નીચે. આ દશ દિક્પાલો વચ્ચે પ્રભુ હોવા જોઈએ. તે જ 'રાજા' શબ્દનો મુખ્ય અર્થ છે, અને દિક્પાલો સંપૂર્ણ રીતે (પોતાની પાસે) અધમપણાની સ્થિતિ ધારણ કરે ત્યારે

પ્રભુપણું થાય. આ (સ્થિતિ) તો બધાએ જોએલી હોવાથી, સિદ્ધ થએલી હોય તેવી કહેવામાં આવે છે. જેમના ચરણકમલની રજ સર્વ લોકપાલો, પહેલાં કહેલા બધાજ (ધારણ કરે છે). 'ઉત્તમ મસ્તકોથી' શબ્દથી (ધારણ કરવાનું) સાધન કહેલું છે. તેઓનું પણ ભગવદીયપણું સિદ્ધ થાય તે માટે, અથવા લૌકિક નિયમ પ્રમાણે સ્વામીની સેવામાં (તેમ કરવામાં આવે તે માટે તેઓ ધારણ કરે છે).

ઐશ્વર્યની શ્રેષ્ઠતા કહી, ધર્મની શ્રેષ્ઠતા કહે છે કે જેના (સંબંધવાળી) તીર્થોનાં પણ તીર્થરૂપ ગંગાની ઉપાસના થાય છે[1]. 'બ્રહ્મા શંકર અને હું પણ જેમની કલાની કલારૂપ છીએ' શબ્દોથી કીર્તિ કહેલી છે. ભગવાનની કોઈક કલા જગતની ઉત્પત્તિ સ્થિતિ અને વિનાશ કરનારી છે. સત્ત્વ વિગેરે તેના ત્રણ અંશો છે. તે પૈકી બ્રહ્મા રજસ્ શંકર તમસ્ અને હું પૃથ્વીને ધારણ કરનારો હોઈ[2] સત્ત્વ (અંશ) છું. 'તેમ જ લક્ષ્મી' શબ્દથી શ્રીનું નિરૂપણ કરે છે. 'ચ' 'તેમજ' શબ્દથી અંદર રહેલા જ્ઞાન અને વૈરાગ્ય કહેલા છે. અમે બધાએ જેમની (જેમના ચરણકમલની) રજ મસ્તક ઉપર પધરાવીએ છીએ તેમને રાજ્યાસન ક્યાંથી હોય એવું (ઉલટો અર્થ) સૂચવનારું વચન છે. ૩૭.

એ પ્રમાણે ઈચ્છેલો વિષય કહીને, નીચેના શ્લોકથી તેઓએ કહેલા અર્થનું સીધી રીતે ખંડન કરે છે :

**ભુઞ્જતે કુરુભિર્દત્તં ભૂખણ્ડં વૃષ્ણયઃ કિલ ।।**
**ઉપાનહઃ કિલ વયં સ્વયં તુ કુરવઃ શિરઃ ।।૩૮।।**

ખરેખર, કૌરવોએ આપેલો ભૂમિનો ટૂકડો વૃષ્ણિઓ ભોગવે છે. અમે ખરે ખાસડું છીએ, કૌરવો પોતે તો માથું છે. ૩૮.

જેમણે (કૌરવોએ) આપેલ માત્ર ભૂમિનો ટૂકડો જ છે. તેમાં પણ સ્વરૂપથી પણ (તે) હલકો છે, અમે ખરે ખાસડું છીએ. (યાદવોની) શ્રેષ્ઠતા કહેલી હોવાથી (આ) ખોટું છે એ સ્પષ્ટ જ છે. ૩૮.

'ત્યારે એમ હોવાથી શું કરવું?' એવી શંકા થાય, તેથી કહે છેઃ

**અહો ઐશ્વર્યમત્તાનાં મત્તાનામિવ માનિનામ્ ।।**
**અસમ્બદ્ધા ગિરો રૂક્ષાઃ કઃ સહેતાનુશાસિતા ।।૩૯।।**

---

૧. શ્રીસુબોધિનીમાં સમાસ કરેલો છે. અર્થ તો એવો છે કે જે રજના સંબંધવાળી તીર્થોનાં પણ તીર્થરૂપ ગંગાની ઉપાસના કરે છે. 'બધા' શબ્દ અધ્યાહાર છે. (લે)

૨. સંકર્ષણ તામસરૂપવાળા હોવાથી સત્ત્વ અંશવાળા કેમ કહેવાય?' એવી શંકાનો ઉત્તર આપેલો છે. તે શેષ હોઈ ભૂમિને ધારણ કરે છે તે જ ગુણની ગણના કરતાં તે સત્ત્વરૂપ છે એવો અર્થ છે. (લે)

અહો! ગાંડાઓના જેવી અને અભિમાનીઓના જેવી ઐશ્વર્યથી છકી ગએલાઓની સંબંધ વિનાની કઠાર વાણી કયો સજા કરનાર સહન કરે? ૩૯.

તેઓનું વચન સહન ન કરવું જોઇએ. પછી જે કરવાનું છે તે આગળ કહેશે. માન આપવા યોગ્ય (પુરુષો)નાં વચન પ્રમાણે વર્તવું જોઇએ. લોકમાં પણ ગાંડાઓ માન આપવા યોગ્ય હોતા નથી, તેમાં પણ સત્તાને લીધે સદા ગાંડા બનેલાઓ (માન આપવા યોગ્ય નથી જ). 'બહારના વ્યવહારમાં (તેઓ) માન આપવા યોગ્ય હશે' એવી શંકા થાય, તેથી ગાંડા બનેલ હોવાનું જાણવામાં ન આવવાથી જ તેવા (માન આપવા યોગ્ય) હોય છે એમ જણાવતાં 'ગાંડાઓના જેવી' શબ્દથી દષ્ટાંત કહે છે. 'ઇવ' 'જેવી' શબ્દનો આગળ પણ અને 'અભિમાનીઓના જેવી' એમ સંબંધ (લેવાનો) છે, પોતાના જ વિષે બહુ ઉંચો મત ધરાવનારાઓ બહુ ગાંડા હોય છે, તેઓ સદાને માન આપવા યોગ્ય હોતા નથી, એવાં બે દષ્ટાંતો કહેલાં છે. વળી (તેઓનાં) વચનો પણ અર્થના સંબંધ વિનાના છે એમ 'સંબંધ વિનાની કઠોર વાણી' શબ્દોથી કહેલ છે.

'વિરુદ્ધ અર્થવાળી (વાણી) પણ સ્નેહથી (યોજેલી) ઉત્તેજન આપનારી થાય છે' તેથી તેવી આ નથી એમ જણાવવા 'કઠોર' વિશેષણ યોજેલું છે. તેને સહન કરવાનું વિવેકીઓ અને શક્તિ વિનાનાઓ બંનેમાં સંભવ છે. અમે તો બંને (બેમાંથી કોઇ) પ્રકારના નથી એમ 'સજા કરનાર' શબ્દથી કહે છે. લોકમાં સજા કરનારા અધિકારીઓએ તે સહન કરવી જોઇએ નહિ એવો (અર્થ છે). ૩૯.

ત્યારે શું કરવું જોઇએ તે નીચેના શ્લોકમાં જણાવે છે :

**અદ્ય નિષ્કૌરવીં પૃથ્વીં કરિષ્યામીત્યમર્ષિતઃ ।।**
**ગૃહીત્વા હલમુત્તસ્થૌ દહન્નિવ જગત્રયમ્ ।।૪૦।।**

આજે પૃથ્વીને કૌરવ વિનાની કરીશ એવા વિચારથી ક્રોધ કરી ત્રણ જગતને બાળતા હોય તેમ (બલભદ્ર) હલ લઇ ઉભા થયા. ૪૦.

યાદવો કરતાં બધાએ કૌરવોની શ્રેષ્ઠતા તેઓએ કહી તેથી, (અને) ભગવાનના હાથથી મરણ પામેલાઓને સ્વર્ગ (પ્રાપ્ત) થાય છે તેથી, ભૂમિને જ કૌરવ વિનાની કરવાનું જણાવે છે. આરંભમાં મનમાં તેમણે ઉદ્યમ કર્યો તે 'ક્રોધ કરી' શબ્દથી કહે છે. 'હલ લઇ ઉભા થયા' શબ્દોથી (તેમની) કાયાની (ક્રિયા) કહેલી છે. તેમનો ઉદ્યમ પ્રસિદ્ધ થઇ ગયો હોય એમ જણાવવા 'ત્રણ જગતને બાળતા હોય તેમ' એવું દષ્ટાંત કહેલું છે. કારણ કે જેમના મુખમાંથી અગ્નિ નીકળે છે અને ત્રણ ચક્ષુવાળા મહાદેવ નીકળે છે[1] તેવા સંકર્ષણ પ્રલય સમયે તેવી રીતે

૧. પાંચમા સ્કંધના પંદરમા અધ્યાયમાં આ કહેલું છે. (લે)

ઉભા થાય છે, તે રૂપ તેમણે પ્રકટ કર્યું એવો અર્થ છે. ૪૦.

નીચેના શ્લોકમાં (તેમણે કરેલું) કાર્ય કહે છે :

**લાઙ્ગલાગ્રેણ નગરમુદ્વિદાર્ય ગજાહ્વયમ્ ।।**
**વિચકર્ષ સ ગઙ્ગાયાં પ્રહરિષ્યન્નમર્ષિતઃ ।।૪૧।।**

કોપેલા તેમણે હસ્તિ નામવાળા નગરને ગંગામાં નાખવાની ઈચ્છાથી હલના છેડાથી ઉખાડી ખેંચ્યું. ૪૧.

સ્ત્રીઓ અને બાલકોને હણી શકાય નહિ તેથી, અને તે ભૂમિમાં ઉત્પન્ન થએલા કૌરવો જ છે એમ લોકમાં પ્રસિદ્ધ થવાના હોવાથી, નગરને જ ઉખાડીને, બીજા જન્મમાં પણ તેવા (કૌરવ) ન થાય તે માટે ગંગામાં નાખવાની ઈચ્છાથી ખેંચ્યું. ઉખાડવાની અને ખેંચવાની બે ક્રિયાઓ થઈ, ત્રીજી ક્રિયા અટકાવવા 'ચ'[1] શબ્દ યોજેલ છે. ફેંકવામાં વિલંબ થવાનું કારણ 'કોપેલા' વિશેષણથી કહેલું છે. ઘણો ક્રોધ થવાને લીધે ફેંકવાનું કર્યું નહિ. અથવા વિચાર ન કર્યો એમ દર્શાવવા ('કોપેલા' શબ્દ યોજેલો છે), ફેંકવાનો સંકલ્પ કર્યાનું કારણ (તેથી કહેલું છે). ૪૧.

'આટલાથી (કૌરવોને) શિક્ષા કેમ થઈ?' એ જાણવાની ઈચ્છા થાય, તેથી નીચેના શ્લોકો કહે છે :

**જલયાનભિવાઘૂર્ણં ગઙ્ગાયાં નગરં પતત્ ।।**
**આકૃષ્યમાણમાલોક્ય કૌરવા જાતસમ્ભ્રમાઃ ।।૪૨।।**
**તમેવ શરણં જગ્મુઃ સકુટુમ્બા જિજીષવઃ ।।**
**સલક્ષ્મણં પુરસ્કૃત્ય સામ્બં પ્રાઞ્જલયઃ પ્રભુમ્ ।।૪૩।।**

જલમાં ફરતી નોકાની પેઠે ગંગામાં પડતા નગરને સર્વ તરફથી હાલતું અને ખેંચાતું જોઈને ભય પામેલા કૌરવો હાથ જોડી લક્ષ્મણા સાથે સાંબને આગળ કરીને જીતવાની ઈચ્છાથી કુટુંબ સાથે તે જ પ્રભુના શરણ ગયા. ૪૨-૪૩.

'આ' સર્વ તરફથી 'ઘૂર્ણા' હાલવાનું થતું હતું જેમાં તે 'આઘૂર્ણ' સર્વ તરફથી હાલતું નગર (જોયું). 'ગંગામાં પડતું' એવું જૂદું વાક્ય અંતે 'અત્' પ્રત્યયવાળું (વર્તમાન કૃદંતની) ક્રિયા (દર્શાવનારું છે). (આ વાક્યથી) મરણ અવશ્ય થવાનું જ્ઞાન તથા મરણ જણાવ્યા. તે વિષયનું બીજું કારણ નથી એમ જણાવવા, કૌરવોએ બલભદ્રનું કાર્ય જોયું એમ 'ખેંચાતુ' શબ્દથી કહેલું છે. (તેઓ) કૌરવો હોવાથી (તેમનામાં) સ્વાભાવિક દોષ ન હતો. 'જાતસમ્ભ્રમાઃ' એટલે ભય પામેલા. આથી (તેઓનો) અહંકાર જતો રહ્યો એમ કહેલું છે. તેથી દોષ જતો રહેવાથી અને ગુણ હોવાથી, (કૌરવો) તેમને જ શરણ ગયા. 'કુટુંબ

૧. મૂલ શ્લોકમાં 'સ' ને બદલે 'ચ' પાઠ આચાર્યશ્રીએ લીધેલો જણાય છે.

સહિત' શબ્દથી સર્વ એક મતના હોવાનું જણાવેલું છે. (તેઓનો) મોક્ષ થવાનો નથી, એમ જણાવવા 'જીવવાની ઈચ્છાથી' શબ્દ યોજેલ છે. (પ્રહાર કરવાનું) કારણ હોય ત્યાં સુધી શરણ ગતિનો (બલભદ્ર) સ્વીકાર પણ કરે નહિ, તેથી 'લક્ષ્મણા સાથે (સાંબને આગળ કરીને)' શબ્દથી તેઓ ભાર્યા સાથે સાંબને લઈ આવ્યાનું કહેલું છે. ('સલક્ષ્મણમ્' એટલે) લક્ષ્મણા સાથે. હાથ જોડવાનું વિજ્ઞપ્તિ કરવા કરેલું.

'(કૌરવોએ) હલકાઈ કેમ સ્વીકારી?' એવી શંકા થાય, તેથી 'પ્રભુને' શબ્દ યોજેલ છે. ૪૨-૪૩.

તેઓ પહેલાં ભગવાનને (બલભદ્રને) માત્ર વાર્તા લઈ આવનારા જાણતા હતા. પછી (તેમણે) ક્રોધ કર્યો ત્યારે ભય પામી નીચેના શ્લોકથી આરંભી પાંચ શ્લોકોથી સ્તુતિ કરે છે :

**રામ રામાખિલાધાર પ્રભાવં ન વિદામહે ।।**
**મૂઢાનાં નઃ કુબુદ્ધીનાં ક્ષન્તુમર્હસ્યધીશ્વરઃ ।।૪૪।।**

હે રામ! હે રામ! હે સર્વના આધાર! અમે આપનો પ્રભાવ જાણતા નથી. આપ મોટા ઈશ્વર અમો દુષ્ટ બુદ્ધિવાળા મૂઢોને ક્ષમા કરવા યોગ્ય છો. ૪૪.

**પૂર્વં કૃતાપરાધસ્ય ક્ષમાપનમિહોચ્યતે ।।**
**ક્રીડાર્થં તત્ર હેતુર્મહત્ત્વં ચાપિ સાન્ત્વને ।।૮।।**

પહેલા કરેલા અપરાધની અહિં ક્ષમા કરવાનું કહેવામાં આવે છે (શ્લો.૪૪) તેનું કારણ (જગતની ઉત્પત્તિ વિગેરે) ક્રીડા માટે કરેલી હોવાનું છે(શ્લો.૪૫), અને બલભદ્રનું સાંત્વન થવાનું કારણ પણ તેમની મોટાઈ છે(શ્લો.૪૬). કા.૮.

**અન્યાર્થં ચ સમારમ્ભઃ શરણં ચ વયં ગતાઃ ।।૮ાા.।।**

અને ક્રોધ બીજા (ને બોધ આપવા) માટે હોય છે (શ્લોક ૪૭), અને અમે (કૌરવો) શરણે આવેલા છીએ. (શ્લોક ૪૮) કા.૮ાા.

તે પૈકી અપરાધની ક્ષમા કરવાના પાંચ કારણો આ શ્લોકમાં કહે છે. (૧) (રામ) રમણરૂપ હોવાથી પ્રેમથી (હે રામ! હે રામ! એમ) બે વાર સંબોધન કરે છે. આ પણ (ક્ષમા કરવાનું) કારણ છે, પરંતુ ભગવાનનો ગુણ છે. (૨) હે સર્વના આધાર! અમે આપનો આશ્રય રાખનારા છીએ (તેથી ક્ષમા કરો), કારણ કે જેનો જે આશ્રય રાખે છે તે તેના અપરાધને ગણતો નથી. (૩) 'અમે (આપનો) પ્રભાવ જાણતા નથી' શબ્દોથી અજ્ઞાન પણ (ક્ષમા કરવાનું) કારણ હોવાનું કહે છે. જો કે (આપનો) સ્વાભાવિક પ્રભાવ અમે જાણીએ છીએ, છતાં પણ અહિં આપ (તે)

પ્રકટ કરશો એમ જાણતા ન હતા; કારણ કે અવતારોમાં સર્વ સ્થલે જેની પ્રતિજ્ઞા કરેલી તેટલી જ બાબત પૂર્ણ કરેલી છે. (૪) 'આવો વિષય પણ પ્રતિજ્ઞાથી સિદ્ધ થએલો જ છે. તેથી તમે કેમ જાણતા ન હતા?' એવી શંકા થાય, તેથી 'મૂઢોને' શબ્દ યોજેલ છે. 'વિચાર વિનાનાને' એવો (તેનો અર્થ છે) (૫) '(તમે) બધા વિચાર વિનાના કેમ હો?' એવી શંકા થાય, તેથી 'દુષ્ટ બુદ્ધિવાળા' વિશેષણ યોજેલું છે. કેટલાકોએ કહ્યું, છતાં પણ દુષ્ટ બુદ્ધિવાળા હોવાથી અમે માન્યું નહિ, એવો અર્થ છે.

**બુદ્ધિર્ન શુદ્ધા નો શાસ્ત્રં નાપિ જ્ઞાનં સ્વતઃ ક્વચિત્ ।।૯।।**
**પ્રભુઃ સ્વામી ભવાંશ્ચાપિ ધારકઃ ક્ષન્તુમર્હતિ ।।**

૧.અમારી બુદ્ધિ શુદ્ધ નથી ૨.શાસ્ત્ર જાણતા નથી તેમ જ ૩.પોતાથી અમને કોઈ વાર જ્ઞાન થએલ નથી[1]. ૪.પ્રભુ સ્વામી છે અને ૫.આપ પણ આધાર (હોઈ)[2] ક્ષમા કરો. કા.૯।।. ૪૪.

વળી અમારે એવી (ક્ષમા કરવાની) પણ પ્રાર્થના કરવી જોઈએ નહિ, કારણ કે જગત્ આપનું જ લીલા કરવાનું સ્થાન છે એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**સ્થિત્યુત્પત્ત્યપ્યયાનાં ત્વમેકો હેતુર્નિરાશ્રયઃ।।**
**લોકાન્ક્રીડકાનીશ ક્રીડતસ્તે વદન્તિ હિ ।।૪૫।।**

આશ્રય વિનાના આપ એકલા જગતની સ્થિતિ-ઉત્પત્તિ-નાશના કારણ છો, કારણ કે હે ઈશ! ક્રીડા કરતા આપના લોકા રમકડાં છે એમ કહે છે. ૪૫.

પોતાની જ અંદર સ્થિતિવાળા એકથી જ જગતની ઉત્પત્તિ વિગેરે કરવામાં આવે છે. તે વિષયમાં તે પ્રમાણે કરવાનું પ્રયોજન લીલા છે. તે અર્થ ઉત્તરાર્ધથી કહેલો છે. 'હે ઈશ!' એ સંબોધન એમ જણાવે છે કે તેમ ન હોત (લીલા કરવી ન હોત) તો ઉત્પત્તિ વિગેરે ન કરત. 'ક્રીડાનકાઃ' એટલે યંત્રો વિગેરે રમકડાં. 'ક્રીડા કરતા આપ' શબ્દોથી બીજાની ક્રીડા માટે (ઉત્પત્તિ વિગેરે કરતા હશો) એવો મત ખોટો જણાવેલ છે. વ્યાસ વિગેરે 'કહે છે' એમ પ્રમાણ કહેલું છે. વળી આ વૃત્તાંત યોગ્ય છે, કારણ કે પૂર્ણ હોય તેમની બીજા પ્રકારે પ્રવૃત્તિ યોગ્ય નથી. ૪૫.

વળી સરખા હોય તેમને કરવામાં આવે છે, પરંતુ મગતરાં જેવાને કરવામાં આવતી નથી. તેથી અમે ઘણાં નજીવા હોવાથી અમારા ઉપર ક્રોધ કરવો

---

૧. કારિકાના આ પૂર્વાર્ધથી ક્ષમા કરવાના કૌરવોમાં રહેલ ત્રણ કારણો છેલ્લેથી અનુક્રમે જણાવેલ છે, (એટલે પાંચમું, ચોથું અને ત્રીજું કારણ કહેલાં છે) (લે)

૨. બલભદ્રમાં રહેલ ક્ષમા કરવાના બે કારણો અનુક્રમે કહેલાં છે. (પહેલું અને બીજું કારણ કારિકાના ઉત્તરાર્ધથી અનુક્રમે કહેલાં છે) (લે)

યોગ્ય નથી, એવા અભિપ્રાયથી નીચેનો શ્લોક કહે છે :

**ત્વમેવ મૂર્ધ્નીદમનન્ત લીલયા ભૂમણ્ડલં બિભર્ષિ સહસ્રમૂર્ધન્ ।।**
**અન્તે ચ યઃ સ્વાત્મનિ રુદ્ધવિશ્વઃ શેષેઽદ્વિતીયઃ પરિશિષ્યમાણઃ ।।૪૬।।**

હે એક હજાર માથાવાળા! હે અનંત! આપ જ આ ભૂમંડલને લીલાથી માથાં ઉપર ધારણ કરો છો, અને જેમણે અંતે પોતાની અંદર વિશ્વને લીન કરેલું છે તેવા બાકી રહેનારા આપ એકલા જ બાકી રહો છો. ૪૬.

આ નગરની શી વાત (કરવી)? હે અનંત! પચાસ કરોડ (યોજન)ના વિસ્તારવાળું આ ભૂમંડલ આપ લીલાથી એક માથાં ઉપર ધારણ કરો છો. તેવા એક હજાર માથાંવાળા આપ છો.

(આથી બલભદ્રનું) ભૂમંડલથી અધિક માત્ર કદ જ સિદ્ધ થયું. (પણ) વ્યાપકપણું સિદ્ધ થયું નહિ, તેથી 'હે અનંત!' એવું સંબોધન કરેલું છે. (ભૂમંડલને આપ) માત્ર બીજાની પ્રેરણાથી ધારણ કરો છો એવું નથી, પરંતુ પોતાની રુચિથી (ધારણ કરો છો); જેથી અંતે પોતાની અંદર વિશ્વને લીન કરો છો, કારણ કે તેવા આપ એકલા 'શેષે' બાકી રહો છો, કેમ કે આપ પોતે જ બાકી રહેનારા છો. તેથી આપનું નામ 'શેષ' છે એવો ભાવ છે. ૪૬.

એવી રીતે પણ મોટાએ ઘણા તુચ્છ પ્રતિ ક્રિયાનું પ્રદર્શન (બલનો પ્રયોગ) કરવું યોગ્ય નથી એમ કહી, નીચેના શ્લોકમાં (બલભદ્રે) કરેલા કોપનો બીજા પ્રકારે ઉપયોગ કહે છે :

**કોપસ્તેઽખિલશિક્ષાર્થં ન દ્વેષાન્ન ચ મત્સરાત્ ।।**
**ગૃહ્ણતો ભગવત્સત્ત્વં સ્થિતિપાલનતત્પરઃ ।।૪૭।।**

ભગવાનનું સત્ત્વ ધારણ કરનારા આપનો કોપ સર્વને શિખામણ આપવા હોય છે, દ્વેષથી હોતો નથી અને ઈર્ષ્યાથી પણ હોતો નથી. (તે) મર્યાદાનું પાલન કરવામાં તત્પર હોય છે. ૪૭.

લોકમાં બે પ્રકારે કોપ થાય છે (૧) શત્રુ ઉપર (દ્વેષથી) અથવા (૨) સરસાઈ સહન ન થવાથી મોટા (પુરુષ) ઉપર (ઈર્ષ્યાથી). ચાલુ પ્રસંગમાં તે બંને (બેમાંથી એકે) નથી, પરંતુ શિખામણ આપવા માટે જ (કોપ કરેલો) છે. બધાએ ભગવાનના બાલકો છે એમ જણાવવા 'સર્વને' શબ્દ યોજેલ છે. તેનું (આપનો કોપ શિખામણ આપવા હોવાનું) કારણ 'ભગવાનનું સત્ત્વ ધારણ કરનારા' વિશેષણથી કહેલું છે. (ભગવાનનું એટલે) બીજા ગુણો સાથે નહિ ભળેલું. તેવું ન હોય (બીજા ગુણો સાથે ભળેલું હોય), તો દબાઈ ગએલું હોય. અને 'મર્યાદાનું પાલન કરવામાં તત્પર' શબ્દથી તત્ત્વનું ભારે પ્રયોજન કહેલું છે. બીજા પ્રકારે

(ભગવાનનું સત્ત્વ ધારણ કરેલું ન હોય તો) જગતની મર્યાદાનું પાલન ન થાય. ૪૭.

નીચેના શ્લોકમાં શરણ જવાની પ્રાર્થના કરવા માટે નમન કરે છે :

**નમસ્તે સર્વભૂતાત્મન્ સર્વશક્તિધરાવ્યય ।।**
**વિશ્વકર્મન્નમસ્તેઽસ્તુ ત્વાં વયં શરણં ગતાઃ ।।૪૮।।**

હે સર્વ પ્રાણીઓના આત્મા! આપને નમસ્કાર. હે સર્વ શક્તિઓને ધારણ કરનાર! હે અવિનાશી! હે વિશ્વ રચનાર! આપને નમસ્કાર હો. અમે આપને શરણ આવ્યા છીએ. ૪૮.

માત્ર નમન (કરવા)થી કૃપા કરવા યોગ્યને (નમસ્કાર). આત્મા થોડાથી પણ પ્રસન્ન થાય છે તેથી 'હે સર્વ પ્રાણીઓના આત્મા' એવું સંબોધન (કરેલું છે). અમો વિગેરેની તામસ શક્તિઓ પણ આપની જ છે એમ જણાવવા 'હે સર્વ શક્તિઓને ધારણ કરનારા!' એવું સંબોધન (કરેલું છે). (આથી) એમ કહેલું છે કે અમારું બધું અને ધર્મ તથા અધર્મ પણ આપ છો.

'એમ હોય તો અમારા (કૌરવોના) દોષનો સંબંધ (આપને) થાય' એવી શંકા થાય, તેથી 'હે અવિનાશી!' એમ કહેલું છે. વળી આ શહેરનો નાશ થતાં ફરીથી પણ (આપને) આ કરવાનું થશે, એવા અભિપ્રાયથી 'હે વિશ્વ રચનાર!' એવું સંબોધન (કરેલું છે). વિશ્વ છે કાર્ય જેમનું તેવા (આપ છો). બીજા કોઈ સમયે પણ અપરાધ ન થાય તે માટે 'આપને નમસ્કાર હો' શબ્દોથી નમન (કરવા)ની પ્રાર્થના કરે છે. એવી રીતે (બલભદ્રને) પ્રસન્ન કરીને, 'અમે આપને શરણ આવ્યા છીએ' એમ કહે છે. ૪૮.

તેઓએ પોતાનો અભિપ્રાય જાણ્યો તેથી (બલભદ્ર) પ્રસન્ન થયા એમ નીચેના શ્લોકમાં કહે છે :

।। શ્રીશુક ઉવાચ।।

**એવં પ્રપન્નૈઃ સંવિગ્નૈર્વેપમાનાયનૈર્બલઃ ।।**
**પ્રસાદિતઃ પ્રસન્નોઽસૌ મા ભૈષ્ટેત્યભયં દદૌ ।।૪૯।।**

એવી રીતે શરણે આવેલા, ભય પામેલા અને જેમનું સ્થાન હાલતું હતું તેવાઓએ પ્રસન્ન કરેલા તે બલભદ્ર પ્રસન્ન થયા, (અને) 'ભય ન પામો' એમ તેમણે (તેઓને) અભય આપ્યું. ૪૯.

૧.શરણે આવવું એ પ્રસન્ન કરવાનો ઉપાય છે. ૨.'ભય પામેલા' એટલે મનમાં પહેલાના ગુણ (અહંકાર) વિનાના. ૩.''હાલતું હતું 'અયનં' સ્થાન ઘર અને શરીર જેઓનું'' એ વિશેષણથી ભય પામવાનું કારણ, અને શરીરમાં ગર્વ ન

હતો એમ કહેલું છે. તેથી ત્રણ પ્રકારે ઉત્તમ ગુણવાળાઓએ પ્રસન્ન કરેલા બલભદ્ર પ્રસન્ન થયા. તેમણે પ્રસન્નતાનું કાર્ય કર્યું એમ " 'ભય ન પામો' એમ તેમણે તેઓને અભય આપ્યું" શબ્દોથી કહેલું છે. વાણીની સાથે કાયાનું કાર્ય કર્યા વિના, માનસિક અભય આપ્યું. ૪૯.

ભયને લીધે કન્યા આપી ન હતી એમ જણાવવા નીચેના શ્લોકમાં દાયજો આપ્યાનું કહે છે :

**દુર્યોધનઃ પારિબર્હં કુઞ્જરાન્ષષ્ઠિહાયનાન્ ।।**
**દદૌ ચ દ્વાદશશતાન્યયુતાનિ તુરઙ્ગમાન્ ।।૫૦।।**

દુર્યોધને સાઠ વર્ષના બારસો હાથીઓ અને બાર અયુત (૧,૨૦,૦૦૦) ઘોડાઓ દાયજામાં આપ્યા. ૫૦.

સાઠ વર્ષના એટલે પૂરા (બધા) સંવત્સર (જીવેલા), એક હજાર અને બસો હાથીઓ અને બાર જ[1] અયુત (૧૨×૧૦૦૦૦) ઘોડાઓ (આપ્યા). ૫૦.

**રથાનાં ષટ્સહસ્રાણિ રૌક્મ્માણાં સૂર્યવર્ચસામ્ ।।**
**દાસીનાં નિષ્કકણ્ઠીનાં સહસ્રં દુહિતૃવત્સલઃ ।।૫૧।।**

પુત્રી ઉપર પ્રેમવાળાએ તેણે સુવર્ણના સૂર્ય જેવા તેજસ્વી છ હજાર રથો, અને સુવર્ણની કંઠીઓવાળી એક હજાર દાસીઓ (દાયજામાં આપી શ્લોક ૫૦). ૫૧.

સુવર્ણના સંબંધવાળા બનેલા રથો આપ્યા, એમ બલભદ્ર ઉપરનો પ્રેમ સૂચવેલો છે. (રથો) 'સૂર્યના જેવા તેજસ્વી' (હોઈ) સર્વ લોકમાં પ્રસિદ્ધ હતા. ૧.મહિનાઓ, ૨.વર્ષો અને ૩.ઋતુઓ સેંકડા વિગેરેની સંખ્યાથી પ્રસન્ન કરી[1], એમ કાલને ત્રણ પ્રકારે સંતોષ આપ્યો. મહાદેવનો અવતાર સાંબ, બલભદ્ર અને ક્રોધ ત્રણેને પ્રસન્ન કર્યા. ઉત્તરાર્ધથી એક હજાર દાસીઓથી અંબા (પાર્વતી)ને પ્રસન્ન કર્યા(નું કહેલું છે). 'પુત્રી ઉપરના પ્રેમવાળાએ' શબ્દથી દાન કરવામાં તેનો એવો અભિપ્રાય કહેલો છે કે જો દાન કરવામાં ન આવે તો કદાચ તેઓ (યાદવો) પુત્રી ઉપર કોપ કરે. ૫૧.

---

૧. 'અયુતમ્' એમ એકવચન નહિ કહેતાં, 'અયુતાનિ' બહુવચન યોજેલું છે, તેથી 'બાર'નો તેની સાથે પણ સંબંધ છે. (લે)

૧. બારની સંખ્યાથી મહિનાઓને પ્રસન્ન કર્યા. વર્ષમાં સાઠની સંખ્યાથી પ્રભવ વિગેરે સંવત્સરોને પ્રસન્ન કર્યા (કારણ કે સંવત્સર સાઠ છે), છની સંખ્યાથી ઋતુઓને પ્રસન્ન કરી (લે) (૧૨×૧૭૦) હાથીઓ. ૬૦૦૦ રથો હોવાથી ૬×૧૦૦૦ એમ છની સંખ્યાથી ઋતુઓ પ્રસન્ન કરી.

તેઓનો પ્રણિપાત કરીને, બલભદ્રે તે અંગીકાર કર્યાનું કહે છે :

**પ્રતિગૃહ્ય તુ તત્સર્વં ભગવાન્ સાત્ત્વતર્ષભઃ ।।**
**સસુતઃ સસ્નુષઃ પ્રાયાત્સુહૃદ્ભિરનુમોદિતઃ।।૫૨।।**

વૈષ્ણવોના સ્વામી ભગવાન્ તો તે સર્વ ગ્રહણ કરીને, મિત્રોનું અનુમોદન પામી પુત્ર સાથે અને પુત્રવધૂ સાથે (દ્વારકા) ગયા. ૫૨.

દાનની પસંદગી દર્શાવ્યા (તે) ગ્રહણ કર્યાનું કહેલું છે. પોતે (તેઓને) અભય આપ્યું અને તેઓએ આપેલું પોતે ગ્રહણ કર્યું. 'તે સર્વ' શબ્દથી સંકોચ ન રહેવાથી તેમની (બલભદ્રની) શુદ્ધ પ્રીતિ સિદ્ધ કરેલી છે. તે (શુદ્ધ પ્રીતિ થવા)નું કારણ દાન ન હતું, પરંતુ પોતાની બાજુએ 'ભગવાન્' અને તેઓની બાજુએ 'વૈષ્ણવોના સ્વામી' હોવાનું હતું[1], તે ભક્તોના સ્વામી છે. બીજા જીવો અપરાધી જ હોય છે, તેથી તેવા પ્રકારના (ભક્તો)નો અંગીકાર કરવામાં ન આવે તો ભક્તિમાર્ગનો નાશ થાય. (બલભદ્રે) પોતે તે (દાયજો) લીધો ન હતો એમ 'પુત્ર સાથે' અને 'પુત્રવધૂ સાથે' શબ્દોથી કહેલું છે. 'મિત્રોનું અનુમોદન પામી' શબ્દોથી એમ કહેલું છે કે (બલભદ્રના) પરાક્રમથી વૈર થયું ન હતું. ૫૨.

બલભદ્રમાં (આવેશ કરી કરેલું) ચરિત્ર (ભગવાનમાં) પાછું આવ્યું[1] એમ નીચેના શ્લોકમાં કહે છે, કારણ કે તેમ ન થાય તો 'બલભદ્ર નંદના નેસડે ગયા ત્યારે...' (ઉત્તરાર્ધ અ.૧૭ શ્લોક ૧)માં જણાવ્યું તે પ્રમાણે ભગવાનને કાંઈક કરવાનું આવી પડવાની શંકા થાય :

**તતઃ પ્રવિષ્ટ સ્વપુરીં હલાયુધઃ સમેત્ય બન્ધૂનનુરક્તચેતસઃ ।।**
**શશંસ સર્વં યદુપુઙ્ગવાનાં મધ્યે સભાયાં કુરુષુ સ્વચેષ્ટિતમ્ ।।૫૩।।**

પછી પ્રેમયુક્ત ચિત્તવાળા બંધુઓને મળીને પોતાના નગરમાં પ્રવેશ કરેલા હલાયુધે સભામાં ઉત્તમ યાદવોની મધ્યમાં કૌરવો પ્રતિ પોતે કરેલું કાર્ય બધું કહ્યું. ૫૩.

---

૧. બલભદ્રમાં શુદ્ધ પ્રેમ થવાનું તેમના સંબંધનું કારણ 'ભગવાન્' શબ્દથી જણાવ્યું. કૌરવોના સંબંધનું બલભદ્રમાં શુદ્ધ પ્રેમ થવાનું કારણ 'વૈષ્ણવોના પતિ' શબ્દથી જણાવ્યું. (લે) બલભદ્ર ભગવાન્ હોવાથી તેમનામાં કૌરવો માટે શુદ્ધ પ્રેમ થયો, કૌરવો વૈષ્ણવ હોવાથી તેમનામાં બલભદ્રનો શુદ્ધ પ્રેમ થયો એવો અર્થ છે.

૧. ભગવાને બલભદ્રમાં આવેશ કરીને કરેલું નિરોધરૂપ ચરિત્ર પોતાના સ્થાનમાં એટલે ભગવાનમાં પાછું આવ્યું એમ કહેલું છે. ચાર અધ્યાયમાં બલભદ્રમાં આવેશ કરી ભગવાને ચરિત્ર કરેલું, હવે પોતે જ કરશે એવો અર્થ છે. આ શ્લોકમાં બલભદ્રે વિચાર કર્યો નહિ એમ કહીને, તેમનામાં આવેશ રહ્યો નહિ એમ સૂચવેલું છે. તેથી શ્લોકનું તાત્પર્ય (આવેશ) પાછો આવવાનું છે એવો ભાવ છે. (લે)

'પોતાના નગરમાં' એટલે દ્વારકામાં બલભદ્રએ વિચાર કર્યા વિના પ્રવેશ કર્યો એમ જણાવવા 'હલાયુધે' શબ્દ યોજેલ છે. સર્વને પોતે આવ્યાનું જણાવીને સારી રીતે શણગારેલા નગરમાં પ્રવેશ કરવો જોઈએ, તેમ ન કર્યું અને વિવાહના પ્રસંગે કજીઓ અથવા મૈત્રી કરવાં ન જોઈએ (તે) બંને કર્યાં, તેથી વિચાર ન કર્યાનું (કહેલું છે). વિચાર કરેલ નહિ હોવાથી નગરમાં પ્રવેશ કર્યા પછી બંધુઓને મળ્યાં. (તેમાં) બંધુઓની અનુમતિ ન હોવાનું (બનેલ) નહિ એમ જણાવવા 'પ્રેમયુક્ત ચિત્તવાળા' વિશેષણ યોજેલું છે. (તેમને મળ્યા) અને પોતાનું પરાક્રમ[2] અને તે પ્રસંગે નગરને ખેંચવારૂપ પોતાનું કાર્ય પોતે જ કહ્યું. ૫૩.

તે ચરિત્ર સર્વ લોકમાં પ્રસિદ્ધ થયું એમ નીચેના શ્લોકમાં કહે છે :

**અદ્યાપિ ચ પુરં હ્યેતત્સૂચયદ્રામવિક્રમમ્ ।।**
**સમુન્નતં દક્ષિણતો ગઙ્ગાયામનુ દશ્યતે ।।૫૪।।**

અને હજી આ નગર બલભદ્રનું પરાક્રમ સૂચવતું ગંગાના કાંઠે કાંઠે દક્ષિણ તરફથી ઘણું ઉંચું જોવામાં આવે છે. ૫૪.

'આ' એટલે હસ્તિનાપુર 'ગંઙ્ગાયાં' ગંગાની પાસે અથવા જાણે કે ગંગાની વચ્ચે હોય તેવું (દેખાય છે). તે તેનું કુદરતી રૂપ નથી એમ 'બલભદ્રનું પરાક્રમ સૂચવતું' શબ્દથી કહેલું છે. તેથી દક્ષિણ તરફથી ઘણું ઉંચું છે. કાંઠાનું સ્થાન, કાંઠાનો પ્રદેશ જ ઉંચો હોય છે, પરંતુ બીજો (પ્રદેશ ઉંચો) હોતો નથી. આ તો (તેથી) ઉલટું છે, તેથી બલભદ્રના પરાક્રમને સૂચવનારું થાય છે. 'હસ્તિ નામનું નદીથી તણાઈ જતાં' એમ બારમામાં કહેશે, તેથી દર્શનમાં વિરોધ[1] છે એવી શંકા કરવી નહિ. (શુકે પરિક્ષિતને) ભાગવતની કથા કહી ત્યારે તો દેખાતું જ હતું. ૫૪.

**ઈતિ શ્રીલક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીમદ્વલ્લભદીક્ષિતે રચેલી**
**શ્રીમદ્ભાગવતની સુબોધિનીમાં દશમા સ્કંધના વિવરણમાં**
**ઉત્તરાર્ધનો પાંસઠમો અધ્યાય સંપૂર્ણ.**

---

૨. મોટા પુરુષે પોતાનું પરાક્રમ પોતે કહેવું ન જોઈએ. 'તેથી પણ બલભદ્રે વિચાર કર્યો ન હતો' એટલું અધ્યાહાર છે. (લે)

૧. હસ્તિનાપુર દક્ષિણથી ઉંચું થએલું દેખાતું નથી. તેથી ઉપર કહ્યું તેથી વિરુદ્ધ દેખાવાથી, એ ખોટું જણાય છે એવી શંકા ન કરવી. એવો ભાવ છે.

# અધ્યાય છાંસઠમો.

## શ્રીકૃષ્ણના ગાર્હસ્થ્યને નારદજીએ જોયું.

**સાત્ત્વિકાનાં નિરોધે તુ મુખ્યો નારદ ઈરિતઃ ।।**
**અતસ્તસ્યાપિ વક્તવ્યં પૂર્વબુદ્ધેર્નિવારણમ્ ।।૧।।**
**ભક્તિમાર્ગાનુરોધસ્ય પૃથક્ત્વં સ્યાદ્યતઃ સ્ફુટમ્ ।।**

સાત્ત્વિકોના નિરોધમાં તો નારદ મુખ્ય કહેવાએલો છે તેથી તેની પણ પહેલાંની બુદ્ધિને[1] અટકાવવાનું કહેવું જોઈએ, જેથી[2] ભક્તિમાર્ગને અનુકૂલ હોય તેના સંબંધમાં પણ (ભક્તિ અને નિરોધનું) જૂદાપણું[3] સ્પષ્ટ થાય. કા.૧ાા.

**વિંશે નારદદૃષ્ટાનાં કૃષ્ણાનાં ચરિતં મહત્ ।।૨।।**
**અલૌકિકત્વસિદ્ધ્યર્થં નિરોધે વિનિરૂપ્યતે ।।**

વીસમા (અધ્યાય)માં નારદે દર્શન કરેલ શ્રીકૃષ્ણનાં ઉત્તમ ચરિતનું અલૌકિકપણું સિદ્ધ થાય તે માટે નિરોધમાં નિરૂપણ કરવામાં આવે છે. કા.૨ાા.

**પ્રકીર્ણકે પ્રકરણે ન સઙ્ગતિરિહોચ્યતે ।।૩।।**
**તથાપિ સામ્બકથને સમાયાતસ્તથાકરોત્ ।।**

છૂટાં છવાયાં પ્રકરણમાં અહિં સંગતિ કહેલી નથી, છતાં પણ સાંબ(નો વૃત્તાંત) કહેવા આવેલાએ તે પ્રમાણે કર્યું. ૩ાા.

**ભ્રાન્ત્યભાવાય ભગવાન્બોધયામાસ તાદૃશમ્ ।।૪।।**
**નિરોધસ્તેન સંસિદ્ધઃ સાત્ત્વિકાનામતઃ પરમ્ ।।**

ભ્રાંતિ ન થાય તે માટે ભગવાને તેવા (નારદ)ને બોધ આપ્યો તેથી અહિંથી સાત્ત્વિકોનો નિરોધ સિદ્ધ થયો. ૪ાા.

ગયા અધ્યાયમાં સાંબનો વૃત્તાંત જણાવવા આવેલા નારદને, 'શાસ્ત્રની દૃષ્ટિ પ્રમાણે ભગવાન્ દોષ વિનાના અને પૂર્ણગુણવાળા દેહવાળા છે, અને લોકમાં પુત્રને હણી તેના જનાનામાંથી ઘણી સ્ત્રીઓ લઈ આવ્યા છે' એવો શાસ્ત્ર અને લોકમાં વિરોધ હોવાની શંકા થતાં, તે વિરોધ પોતાની દૃષ્ટિથી સિદ્ધ કરવા, (અને) પછી (બેમાંથી) એકનો નિર્ણય કરવા, તેણે પોતે જ જે (ભગવાનનો ગૃહસ્થાશ્રમ) જોવાની પ્રવૃત્તિ કરી એમ નીચેના શ્લોકમાં કહે છે :

---

૧. 'પહેલાંની બુદ્ધિને અટકાવવાનું' એટલે 'પ્રપંચનું વિસ્મરણ કરાવવાનું' (લે)
૨. 'જેથી' એટલે પ્રપંચનું વિસ્મરણ કરાવ્યાનું કહેવાથી. (લે)
૩. (ભગવાનમાં) આસક્તિ તો નારદને પહેલાં પણ હતી. સ્નેહ ભક્તિ છે તેની સાથે પ્રપંચનું વિસ્મરણ હોય ત્યારે નિરોધ થાય, એવું ભક્તિ અને નિરોધમાં જૂદાપણું છે. નારદને પ્રપંચનું વિસ્મરણ કરાવ્યાનું કહેવામાં આવે તેથી તે ભેદ સ્પષ્ટ થાય, એવો અર્થ છે. (લે)

।। શ્રીશુક ઉવાચ।।

**નરકં નિહતં શ્રુત્વા તથોદ્વાહં ચ યોષિતામ્ ।।**
**કૃષ્ણેનૈકેન વહ્વીનાં તદ્દિદક્ષુઃ સ્મ નારદઃ ।।૧।।**

નરકને હણાએલો તેમ જ એક શ્રીકૃષ્ણે ઘણી સ્ત્રીઓ સાથે વિવાહ કર્યાનું સાંભળીને નારદ તે જોવાની ઈચ્છાવાળો થયો. ૧.

કેટલાક તો અહિં સુધીનું અને (આ) પહેલાના તેત્રીસ અધ્યાયોનું સાત્ત્વિક પ્રકરણ (હોવાનું) કહે છે, કારણ કે સાત્ત્વિકોમાં નારદ મુખ્ય હોવાથી ત્યાં તેનું નિરૂપણ કરવા યોગ્ય છે. તેમાં જ અગીઆર અગીઆર અધ્યાયોથી તેઓએ પેટા- પ્રકરણની વ્યવસ્થા કરેલી છે. કામના વિનાના અને કામનાવાળા એવા ભેદથી સાત્ત્વિકો તો બે જ પ્રકારના છે. તેઓના મત પ્રમાણે દશ ઈન્દ્રિયો અને અંતઃકરણનો નિરોધ કરવામાં આવે તેવી રીતે નિરોધ થાય છે. આમના મતનું અવષ્ટંભન કરીને (સાત્ત્વિક પ્રકરણ) લક્ષ્મણાનું હરણ થયું ત્યાં સુધીનું છે એમ અમે નિબંધમાં કહેલું છે.

આટલાથી સ્ત્રીઓ(નો નિરોધ) પૂરો થયો. 'તેઓનો ભગવાને કરેલ ભોગ શાસ્ત્રના વિરોધને લીધે માનવો ન જોઈએ' (એવો વિચાર થાય), તેથી તે સત્ય છે એમ જણાવવા નારદે જોયાનું વર્ણન કરવામાં આવે છે; કારણ કે નારદે ભગવાનના સંબંધવાળા શાસ્ત્રોમાં (ભગવાનનાં) કલેશ વિનાનાં ચરિત્રો જ સાંભળેલાં, તેથી પહેલાં તેણે (ભગવાને કરેલ) નરકાસુરનો વધ વિગેરે સાંભળેલ નહિ. જો કે માત્ર નરકનો વધ કર્યાનું તેણે પહેલાં જાણેલું[1], છતાં પણ તેના જનાનામાંથી (લાવેલ સ્ત્રીઓ સાથે) વિવાહ થયાનું હમણાં જ[2] સાંભળ્યું તેથી તે (વિવાહ) વિચારવા યોગ્ય (તેને જણાયો). પહેલા ઋષિઓએ આ ચરિત્રનો વિચાર કરેલો નહિ. હવે પછી હજારો ચરિત્રોમાંથી પણ જે ચરિત્રનો વિચાર કરવાની ઈચ્છા થાય તેનો જ વિચાર કરવામાં આવે છે. તેથી જ (નારદની) જે

---

[illegible] ધ કરશે' એમ ૧૦-૩૪-૧૬માં કહેલું હોવાથી, ભગવાન્ નરકનો વધ કરશે એમ યોગદષ્ટિથી તેણે જાણેલું પરંતુ વધ કર્યાનું હમણાં જ સાંભળ્યું. સ્ત્રીઓ સાથે વિવાહ કરશે એ તો યોગદષ્ટિથી પણ તેણે પહેલાં જાણેલ નહિ, કારણ કે (ભગવાનનાં) સ્વચ્છંદ ચરિત્ર યોગ વિગેરેથી જણાતાં નથી. તેથી જ ૧૦-૩૪ અધ્યાયમાં ભગવાનના આ સ્ત્રીઓ સાથેના વિવાહ થવાનું તેણે કહેલ નહિ. હવે વિવાહ થવાનું સાંભળીને તે જોવાની ઈચ્છા થઈ એમ કહ્યું, તેથી વિવાહ થયાનું આ પહેલાં સાંભળેલું પણ નહિ એમ જણાય છે (લે)

૨. વિવાહનું તો હમણાં જ જાણ્યું, પહેલાં યોગથી પણ જાણેલું નહિ એમ જણાવવા 'એવ' 'જ' શબ્દ યોજેલો છે. (લે)

જ્યારે (ભગવાને) નરકને હણ્યો ત્યારે જ તે જ કાર્યથી સ્ત્રીઓ સાથેનો વિવાહ પણ સાંભળ્યો. જુદા જુદા મકાનોમાં રહેલી (સ્ત્રીઓ) સાથે એક ક્ષણે એક શ્રીકૃષ્ણે (વિવાહ કર્યાનું સાંભળ્યું). જો કે 'ઘણાં રૂપવાળા' (ઉત્તરાર્ધ અ.૧૦ શ્લો.૪૨) એવું વાક્ય હોવાથી (તે સમયે શ્રીકૃષ્ણનાં) જુદાં જુદાં રૂપ સ્પષ્ટ જ હતાં, (અને) તેમ હોવાથી બીજા અવતારોના નિયમ પ્રમાણે જુદા જુદા અવતાર થાય (ગણાય), તેથી શ્રીકૃષ્ણે જ (તેમની સાથે) વિવાહ કરેલા ન થાય, કારણ કે તે બધી દેવકીના પુત્રની વહુઓ ન થાય (ગણાય). તેમના (એકના)જ અનંત રૂપો હોવાનું તો પહેલાંના અવતારોમાં થયું નથી, તેથી વિચાર કરવો યોગ્ય છે. વાક્યમાં જે કહેલું હોય તે તો તર્કથી ખોટું ઠરાવી શકાય. પરંતુ 'જે જોવામાં આવેલ છે તેમાં અયોગ્યતા નથી' એ નિયમ પ્રમાણે જોએલું હોય (તે ખોટું ઠરાવી શકાય નહિ). એક શ્રીકૃષ્ણે ઘણી (સ્ત્રી)ઓ સાથે વિવાહ કર્યો એ આશ્ચર્યકારક હોવાથી 'નારદ તે જોવાની ઈચ્છાવાળો થયો' એવો અર્થ છે. ૧.

'ભગવાનનાં ચરિત્રમાં આ શું આશ્ચર્ય છે કે જેથી નારદને પણ જોવાની ઈચ્છા થઈ?' એવી શંકા થાય, તેથી નીચેના શ્લોકમાં આશ્ચર્ય હોવાનું ઘટાવે છે :

**ચિત્રં બત તદૈકેન વપુષા યુગપત્પૃથક્ ।।**
**ગૃહેષુ દ્વ્યષ્ટસાહસ્રં સ્ત્રિય એક ઉદાવહત્ ।।૨।।**

અહો! તે સમયે એક (શ્રીકૃષ્ણે) એક દેહથી જુદા જુદા ઘરોમાં સોળ હજાર સ્ત્રીઓ સાથે એક સાથે વિવાહ કર્યા એ આશ્ચર્ય છે. ૨.

'બત' 'અહો' શબ્દ હર્ષ દેખાડવા (યોજેલ છે). તે સમયે બધાએ સ્થલે રહેલ ભક્તો (સ્ત્રીઓ) ઉપર ભગવાન્ કૃપા કરવાના હતા, તેથી ક્યાંય જવાનો શ્રમ (તેમને થવાનો ન હતો). 'એક દેહથી' શબ્દોથી એમ (કહેલું છે કે) બ્રહ્મની પેઠે દેહ ચિંતન ન થઈ શકે તેવા ઐશ્વર્યવાળો હોવાનું શાસ્ત્રમાં પ્રસિદ્ધ નથી. જુદા જુદા દેહો હોય તો તો તેઓ શ્રીકૃષ્ણની પત્નીઓ ન થાય. તેથી દેહ બ્રહ્મનો ગુણ હોવાની અથવા દેહ નહિ હોવાની[1] કલ્પના કરવી જોઈએ. તે પૈકી દેહ ન હોય તો લૌકિક ધર્મનો સંબંધ ન થાય[2]. બ્રહ્મનો ગુણ હોય તો તો ભેદ અવશ્ય હોવો જોઈએ, કારણ કે બ્રહ્મનો પણ જે ગુણ એક સ્થલે હોય છે તે બીજે (સ્થલે) હોતો નથી, કેમ કે લોકમાં તેવી રીતે જોવામાં આવે છે. વળી નારદ સૂક્ષ્મ દૃષ્ટિવાળો છે,

૧. 'દેહ નહિ હોવાની' એટલે 'બ્રહ્મ હોવાની'. આગળ લૌકિક ધર્મનો સંબંધ નથી એમ સિદ્ધ કરી, આ સિદ્ધાંતનું સ્થાપન કરવાનું છે. (લે)
૨. તેથી આગળ સિદ્ધાંત સ્થાપન કરતાં, (આવો સંબંધ) 'ન હોવાનું સિદ્ધ કરવાનું છે' એટલું અધ્યાહાર છે (લે)

તેથી બંને (કલ્પનાઓ) અયોગ્ય હોવાથી આશ્ચર્ય થાય છે. એક સાથે એક સમયે એક દેહરૂપ સાધનથી જુદા જુદા ઘરોમાં રહેલી સોળ હજાર સંખ્યાએ પહોંચેલી (સ્ત્રીઓ સાથે વિવાહ કર્યો).

કલાઓની પેઠે તેઓ અનંત હતી એવા મત પ્રમાણે પણ નક્કી કરેલી સંખ્યા અનંત નહિ હોવાથી, તેઓ સોળ હજાર હોવાથી આશ્ચર્ય છે જ. 'સ્ત્રીઓ' શબ્દથી (એમ કહેલું છે કે) યોગથી ઉત્પન્ન (પ્રાપ્ત) થતો ગુણ તેઓમાં ન હતો, કે જેથી એક સ્થલે રહેલા (ભગવાનનાં તેમને) દર્શન થાય. આકાશની પેઠે જુદી જુદી (દેહની) હદ વડે, અથવા માયાવાળા અસત્ય (દેહ)થી વિવાહ કર્યા હશે એવો મત 'એક શ્રીકૃષ્ણે' શબ્દ ખોટો ઠરાવે છે, વળી અવતાર હોય ચાલે ત્યાં સુધી વિવાહનું પરિપાલન કરવાનું હોવાથી, (તે) માત્ર દેખાડવા માટે કરવામાં આવતો નથી. ૨.

તે કારણથી નારદ (તે જોવાને) તીવ્ર ઈચ્છાવાળો થયો એમ કહે છે :

**ઈત્યુત્સુકો દ્વારમતીં દેવર્ષિર્દ્રષ્ટુમાગમત્ ।।**
**પુષ્પિતોપવનારામદ્વિજાલિકુલનાદિતામ્ ।।૩।।**

તેથી (જોવાની) તીવ્ર ઈચ્છાવાળા દેવર્ષિ નારદ દ્વારકા જોવા આવ્યા, (જે) ખીલેલાં પુષ્પોવાળી વાડીઓમાંના વિસામાઓમાં રહેલા પક્ષીઓનાં તથા ભમરા ઓના કુલોથી ગજાવેલી હતી. ૩.

તે (નારદ) દેવોની છૂપી (વાત) પણ જાણતો. તેથી તે 'દેવર્ષિઃ' દેવોનો પણ સલાહકાર હતો; કારણ કે આ છૂપી બાબતનો ઉપદેશ કરનાર હતો, તેથી જોવા આવ્યો.

નારદની દ્વારકામાં લૌકિક બુદ્ધિ હતી એમ સિદ્ધ થાય તે માટે ઉત્તરાર્ધથી આરંભી સાડા ત્રણ શ્લોકોથી તે (દ્વારકા)નું વર્ણન કરે છે. ખીલેલાં પુષ્પોવાળી વાડીઓ, તેઓમાંના જે વિસામાઓ રમતના સ્થાનો, તેઓમાં રહેલા પક્ષીઓનાં અને ભમરાઓનાં જે 'કુલાનિ' જુદી જુદી જાતના સમૂહો, તેમનાથી ગજાવેલી, એટલે તેમના અવાજો જેમાં ઘણા હતા તેવી (દ્વારકા હતી), એમ ત્યાં થતા સ્વાભાવિક મધુર શબ્દનું વર્ણન કર્યું. ૩.

દ્વારકા (૧) વન (૨) જલ અને (૩) સ્થલ એવા ત્રણ પ્રકારની હતી તે પૈકી વન પ્રકારની વર્ણવી. નીચેના શ્લોકમાં જલ પ્રકારનીનું વર્ણન કરે છે :

**ઉત્ફુલ્લેન્દીવરામ્ભોજકલ્હારકુમુદોત્પલૈઃ ।।**
**છુરિતેષુ સરસ્સૂચ્ચૈઃ કૂજિતાં હંસસારસૈઃ ।।૪।।**

પૂર્ણ ખીલેલા ઈંદીવર, કમલ, કલ્હાર, કુમુદ અને ઉત્પલ (પુષ્પો)થી ભરપૂર સરોવરોમાં હંસ અને સારસોના મોટા અવાજોવાળી (દ્વારકા હતી). ૪.

પૂર્ણ ખીલેલાં ઈંદીવર, વિગેરે જે પાંચ પ્રકારના પુષ્પો, તેમનાથી 'છુરિતેષુ' ભરપૂર સરોવરોમાં, તે સ્થલે અવાજ કરતા હંસો અને સારસો જેમાં હતાં[1] તેવી, એમ આગળના (શ્લોક પાંચ) સાથે સંબંધ છે. ૪.

નીચેના શ્લોકમાં ભૂમિરૂપ (દ્વારકા)નું વર્ણન કરે છે :

**પ્રાસાદલક્ષૈર્નવભિર્જુષ્ટાં સ્ફાટિકરાજતૈઃ ।।**
**મહામરકતપ્રખ્યૈઃ સ્વર્ણરત્નપરિચ્છદૈઃ ।।૫।।**

મોટા મરકતવાળી ભૂમિને લીધે પ્રસિદ્ધ. સુવર્ણ અને રત્નના ઢાંકણો વાળા, સ્ફટિક અને રૂપાના બનાવેલા નવ લાખ મહેલો જેમાં હતા તેવી (દ્વારકા) હતી. ૫.

નવ લાખ મહેલો એટલે મોટા પુરુષોનાં ઘરો, ભીંતો અને થાંભલાના ભેદથી સ્ફટિક અને રૂપાના બનાવેલા હતા. થાંભલાઓ રૂપાના હતા. મોટા મરકતથી બનાવેલી ભૂમિ, તેનાથી 'પ્રખ્યાઃ' પ્રસિદ્ધ (તે) મહેલો હતા; જેમની અંદર સુવર્ણના અને રત્નનાં બનાવેલાં ઢાંકણો હતાં. જેમ ઘરમાં કાષ્ઠનાં બનાવેલાં (ઢાંકણો) હોય છે, તેમ સુવર્ણનાં બનાવેલાં હતાં, (અને) જેમ પથ્થરોનાં બનાવેલાં હોય છે, તેમ રત્નનાં (બનાવેલાં) હતાં, ઘરનો સરસામાન પણ 'પરિચ્છદાનિ' એમ કહેવાય છે, છતાં પણ (અહિં) તેનો પ્રસંગ નહિ હોવાથી તે (અર્થ) લેવાનો નથી. ૫.

એ પ્રમાણે બહારથી બહારથી નગરીનું વર્ણન કરીને નીચેના શ્લોકમાં તેનું અંદરથી વર્ણન કરે છે :

**વિભક્તરથ્યાપથચત્વરાપણૈઃ શાલાસભાભી રુચિરાં સુરાલયૈઃ ।।**
**સંસિક્તમાર્ગાઙ્ગણવીથિદેહલીં પતત્પતાકાધ્વજવારિતાતપામ્ ।।૬।।**

છૂટા છૂટા બનાવેલા રાજમાર્ગો, રસ્તાઓ, ચત્વરો અને બજારોથી, ભંડારો અને સભાઓથી (અને) મંદિરોથી શોભતી, સારી રીતે સીંચેલા માર્ગો, આંગણાંઓ, શેરીઓ અને ઉંબરાઓવાળી, ઉડતી પતાકાઓ અને ધ્વજાઓથી જેમાં તડકાને રોકવામાં આવેલ તેવી (દ્વારકા હતી). ૬.

'વિભક્તાઃ' છૂટા છૂટા બનાવેલા રાજમાર્ગો વિગેરે હતા પરંતુ ભેળસેળ થએલા ન હતા 'રથ્યાઃ' એટલે રાજમાર્ગો રસ્તાઓ 'ચત્વરમ્' આંગણું 'આપણઃ' બજાર, આ હરવા ફરવાનાં સ્થાનો છે. 'શાલાઃ' અન્ન વિગેરે ભોજન (રાખવાના) ભંડારો, 'સભાઃ' બેઠકનાં સ્થાનો. આ સ્થિતિ (કરવા)નાં સ્થાનો છે. તેમનાથી શોભતી હતી. આ લોકનાં પ્રયોજન માટે (હરવા ફરવાના અને સ્થિતિ કરવાના) બે

૧. 'કૂજિતાં'ને બદલે 'કૂજદ્ભિઃ' પાઠ શ્રીમદાચાર્યચરણે લીધેલ હોવાનું જણાય છે.

જ (કહ્યાં). પરલોકનાં પ્રયોજન માટે 'મંદિરોથી શોભતી' એમ કહેલું છે. 'સારી રીતે સીંચેલા...' વિશેષણથી પ્રસંગને લીધે થએલ ઉત્તમપણું કહેલું છે. સારી રીતે સીંચેલા હતા માર્ગોથી આરંભી ઉંબરાઓ સુધીના (પ્રદેશો) જેમાં, તેવી (દ્વારકા હતી). 'ઉડતી પતાકાઓ અને ધજાઓથી રોકવામાં આવેલ હતો તડકો જેમાં' એમ ઉપરની શોભા કહેલી છે. ૬.

સામાન્ય રીતે નગરીનું વર્ણન કરીને, નીચેના શ્લોકથી નારદે જોએલ ભગવાનના ગૃહનું ખાસ પ્રકારથી વર્ણન કરે છે કે નારદે આવા પ્રકારથી તે જોયું કારણ કે (એમ તે જૂએ) ત્યારે લૌકિક ઉત્તમપણું થાય. અને તે તેણે ઈચ્છેલું ન હતું[1]. લૌકિકપણું પ્રાપ્ત થાય (અને) તેમાં બુદ્ધિ સ્થિર થાય ત્યારે લૌકિકનો નિરોધ થાય[2], એવા હેતુથી (વર્ણન કરે છે) :

**તસ્યામન્તઃપુરં શ્રીમદર્ચિતં સર્વધિષ્ણ્યપૈઃ ।।**
**હરેઃ સ્વકૌશલં યત્ર ત્વષ્ટ્રા કાર્ત્સ્ન્યેન દર્શિતમ્ ।।૭।।**

તેની અંદર શોભતું સર્વ લોકપાલોએ પૂજેલું હરિનું અંતઃપુર હતું, જેની અંદર વિશ્વકર્માએ પોતાનું કૌશલ્ય સંપૂર્ણ રીતે દેખાડેલું હતું. ૭.

'તેની' એટલે દ્વારકાની અંદર હરિનું અંતઃપુર 'શ્રીમત્' પોતાની મેળે શોભતું હતું. આથી તેમાં વૈકુંઠથી ઉત્તમપણું જણાવ્યું. અથવા બીજા અવતારોમાં અવતરેલી લક્ષ્મી જ (પાસે) રહે છે, મૂલરૂપથી રહેતી નથી, એવા તર્કથી લક્ષ્મીની સ્થિતિ કહી. 'સર્વ લોકપાલોએ પૂજેલું, જે અંદરની વિશ્વકર્માએ પોતાનું કૌશલ્ય સંપૂર્ણ રીતે દેખાડેલુ હતું' એમ બે પ્રકારથી અંતઃપુરનું વર્ણન કરે છે. રત્ન સુવર્ણ વિગેરે તો શહેરમાં જ કહેલા, (તે) ભગવાનના અંતઃપુરમાં ઉત્તમપણું કરાવે (કરાવી શકે) નહિ, અને ઉત્તમપણું કહેવા યોગ્ય છે. તેથી ભૂમિ ઉપરના પદાર્થો સાધન[3] તરીકે જણાવેલા છે; કારણ કે ઈન્દ્ર વિગેરે 'ધિષ્ણ્યપાઃ' લોકપાલો છે. તેઓએ પણ પરંપરાથી પ્રાપ્ત કરેલાં ઘણાં દુર્લભ રત્નો વિગેરે પૂજાના સાધનરૂપ હોય છે; તેવાથી (અંતઃપુર) પૂજાએલું હતું. કેટલાક કહે છે કે તે (અંતઃપુર) બનાવવા માટે તે (લોકપાલોએ) તે (રત્નો વિગેરે) આપેલાં જેની પછી 'ત્વષ્ટ્રા'

૧. લૌકિક ઉત્તમપણું થાય એ નારદનું ઈચ્છેલું ન હતું, કારણ કે તે સંદેહ ઉત્પન્ન કરનારું હતું એવો અર્થ છે. (લે)

૨. લૌકિક ઉત્તમપણું દર્શાવવામાં ભગવાનનો અભિપ્રાય કહેલો છે. લૌકિક (પુરુષ)ની પહેલાં (ભગવાન્ સંબંધી પદાર્થમાં) લૌકિક તરીકે બુદ્ધિ સ્થિર થાય ત્યાર પછી લૌકિક અંશ દૂર કરવો, પદાર્થો તો તેના તે જ રહે એવો ભાવ છે. (લે)

૩. ઈન્દ્ર વિગેરેનાં પૂજાનાં સાધનરૂપ રત્નો અહિં ભૂમિ બનાવવામાં (જડવામાં) સાધન થયાં, એમ જણાવેલ છે. (લે)

કોતરણીના આચાર્ય વિશ્વકર્માએ હરિને માટે પોતાનું કૌશલ્ય દર્શાવ્યું. ઘણી નિપુણતાથી (અંતઃપુર) બનાવ્યું. રત્નો તો ઈન્દ્ર વિગેરેએ આપેલાં, વિશ્વકર્માએ તો સારી રીતે તેમને ગોઠવ્યાં એવો અર્થ છે. ૭.

એ પ્રમાણે સામાન્ય રીતે અંતઃપુરનું વર્ણન કરીને નીચેના શ્લોકમાં તેની અંદરના મકાનોનું દરેકનું વર્ણન કરવા માટે તેઓ જૂદા હોવાનું કહીને, એક મકાનનું વર્ણન કરે છે :

**તત્ર ષોડશભિઃ સદ્મસહસ્રૈઃ સમલંકૃતમ્ ।।**
**વિવેશૈકતમં શૌરેઃ પત્નીનાં ભવનં મહત્ ।।૮।।**

ત્યાં શૌરિની પત્નીઓનાં સોળ હજાર મકાનોથી શોભતા એક ઉત્તમ ભવનમાં તેણે પ્રવેશ કર્યો. ૮.

તે મકાનો પોતે મુખ્ય હોવા છતાં, બધાંએ પરસ્પર એકનાથી પણ જૂદાં પડતાં હતાં. (બધામાં) સરખું પ્રધાનપણું હોય તો ઘણો રસ ઉત્પન્ન ન થાય, તેથી જે ઘર (પોતાની) નજીક હતું તેમાં જ ઉત્તમપણાની બુદ્ધિ નારદની થઈ, એટલે તેણે તેમાં પ્રવેશ કર્યો. એક ઘર પણ સોળ હજાર મકાનોથી શોભતું હતું, અને તે મકાનો પત્નીઓનાં જ હતાં તેની પાસે ગએલાને તે જ મકાન ઉત્તમ હોવાનું જણાય, તેથી 'ઉત્તમ' વિશેષણ યોજેલું છે; પરંતુ મકાનોમાં હલકા ભારેપણું ન હતું. તેમ હોય તો તેમાં ભગવાનનો પક્ષપાત થાય, કારણ કે સર્વ સ્થલે (સ્ત્રીઓમાં) વિવાહ, રમણ, પુત્રો અને સંપત્તિ સરખાં હતાં. ૮.

તેથી તે ચાર પુરુષાર્થવાળું હતું એમ જણાવવા નીચેના શ્લોકથી આરંભી ચાર (શ્લોકો)થી તેનું સ્થાલીપુલાકન્યાય[1] પ્રમાણે વર્ણન કરે છે :

**વિષ્ટબ્ધં વિદ્રુમૈઃ સ્તમ્ભૈર્વૈડૂર્યફલકોત્તમૈઃ ।।**
**ઈન્દ્રનીલમયૈઃ કુડયૈર્જગત્યા ચાહતત્વિષા ।।૯।।**

વૈડૂર્યની ઉત્તમ શિલાઓવાળા પરવાળાના થાંભલાઓના ટેકાવાળું, ઈન્દ્રનીલમણિની બનાવેલી દિવાલોથી અને જેનું તેજ ઝાંખું ન પડે તેવી ભૂમિથી (શોભતાં ભવનમાં પ્રવેશ કર્યો... શ્લોક ૮). ૯.

તે પરવાળાના થાંભલાઓના 'વિષ્ટબ્ધં' ટેકાવાળું હતું અને વૈડૂર્ય મણિની બનાવેલી શિલાઓથી તે પરવાળાં ઢંકાએલાં હતાં, આથી થાંભલાઓ સાદા અને ઉપર જડેલ લાકડા (વૈડૂર્ય)વાળા એવા બે પ્રકારના જાણવા. ઉપર જડેલ શિલાઓ

---

૧. જેમ તપેલીમાંના એક જ દાણાને દાબી, તે ચડેલ હોય તો બધા ચોખા ચડેલ હોવાનું જાણવામાં આવે છે, તેમ એક ભવનનું વર્ણન થતાં બધાંએ ભવનો તેવાં જણાય (તે માટે એકનું વર્ણન કરે છે) એવો અર્થ છે. આ ન્યાય સાતમા અધ્યાયના ચોથા ચરણમાં કહેલો છે. (લે)

જ વૈડૂર્યની હતી; જાડી મોટી શિલાઓ થાંભલાઓમાં જ ગોઠવેલી. તેમાં પણ દિવાલની અંદર[૨] રહેલા થાંભલાઓ તેવા હોવાનું કહેવું યોગ્ય હોવાથી, અહિં જમીન ઉપરના થાંભલાઓ પરવાળાના બનેલા જાણવા. દિવાલો ઈન્દ્રનીલ મણિની બનાવેલી હતી. 'જગતી' ત્યાં (તે મકાન)ની જડેલી ભૂમિ. તેનાથી શોભતાં (ભવનમાં પ્રવેશ કર્યો) એવો સંબંધ છે. સૂર્ય વિગેરેથી ઝાંખી પડતી ન હતી કાંતિ જેની તેવી જડેલી ભૂમિથી શોભતા (ભવનમાં પ્રવેશ કર્યો). ૯.

**વિતાનૈર્નિર્મિતૈસ્ત્વષ્ટ્રા મુક્તાદામવિલમ્બિભિઃ ।।**
**દાન્તૈરાસનપર્યઙ્કૈર્મણ્યુત્તમપરિષ્કૃતૈઃ ।।૧૦।।**

જેમાં મોતીની માળાઓ લટકતી હતી તેવા વિશ્વકર્માએ બનાવેલા ચંદરવાઓથી, (અને) શ્રેષ્ઠ મણિઓથી શણગારેલા હાથીદાંતના બનાવેલા આસનો અને પલંગોથી (શોભતા ભવનમાં પ્રવેશ કર્યો... શ્લોક ૮). ૧૦.

'વિતાનૈઃ' ચંદરવાઓથી શોભતાં; 'વિશ્વકર્માએ બનાવેલા' વિશેષણો થી તેમને ચમત્કારિક જણાવેલા છે. જેઓની અંદર મોતીની માળાઓ લટકતી હતી તેવાં ચંદરવા હતા. વળી હાથીદાંતના બનાવેલા આસનો અને પલંગોથી તે ભુવન શોભતું હતું. 'મણ્યુત્તમૈઃ' શ્રેષ્ઠ મણિઓથી આસનો અને પલંગો શણગારેલા હતા. ૧૦.

શોભા(ના વર્ણન)માં દાસીઓ અને દાસરૂપ સ્ત્રીઓ અને પુરુષો અવશ્ય જણાવવા જોઈએ, તેથી નીચેના શ્લોકમાં તેઓને જણાવે છે :

**દાસીભિર્નિષ્કકણ્ઠીભિઃ સુવાસોભિરલઙ્કૃતમ્ ।।**
**પુમ્ભિઃ સકઞ્ચુકોષ્ણીષસુવસ્ત્રમણિકુણ્ડલૈઃ ।।૧૧।।**

સુવર્ણની કંઠીઓવાળી સુંદર વસ્ત્રોવાળી દાસીઓથી અને ઝબ્બા, પાઘડી, સુંદર વસ્ત્રો અને મણિ જડેલાં કુંડલોવાળા પુરુષોથી શોભતા (ભવનમાં પ્રવેશ કર્યો. શ્લોક ૮.) ૧૧.

નિત્ય (પહેરાતાં) આભરણો હોય ત્યારે જ કંઠનું આભરણ (પહેરાતું) હોવાથી, 'સુવર્ણની કંઠીઓવાળી' વિશેષણથી સુવર્ણની બંગડીઓ, કુંડલો વિગેરે આભરણો સૂચવેલાં છે. 'સુંદર વસ્ત્રોવાળી' વિશેષણ સર્વ બાજુથી શોભા જણાવવા કહેલું છે. જેવાં વસ્ત્રોથી શોભા થાય તેવાં જ (પહેરેલાં), એમ ન હોય તો શોભાનું વર્ણન ખોટું થાય. પુરુષોથી પણ (ભવન) શોભતું હતું. ઉત્તમ ઝબ્બાઓ, પાઘડીઓ, કેડમાં ભેટો, અને મણિ જડેલાં કુંડલો હતાં જેઓનાં, એમ ભગવાનના ઘરના દાસોના સર્વ તરફથી અલંકાર કહ્યો. ૧૧.

૨.વૃંદાવન પ્રેસવાળી પ્રતનો 'કુડ્યાન્તર્ગત' પાઠ લીધો છે.

સર્વ સમયની શોભા વર્ણવીને, નીચેના શ્લોકથી રાત્રિના સમયમાં વધારાની શોભા કહે છે :

**સદ્રત્નદીપનિકરદ્યુતિભિર્નિરસ્તધ્વાન્તં વિચિત્રવલભીષુ શિખણ્ડિનોઽઙ્ગ ।।**
**નૃત્યન્તિ યત્ર વિહિતાગુરુધૂપમક્ષૈર્નિર્યાન્તમીક્ષ્ય ઘનબુદ્ધય ઉન્નદન્તઃ ।।૧૨।।**

જેની અંદરનો અંધકાર રત્નના દીપોના સમૂહોની કાંતિઓથી દૂર થએલો હતો, અને હે રાજા! જેની અંદર કરેલા અગરના ધૂપને જાળીઆઓમાંથી બહાર નીકળતો જોઈને 'આ વાદળું છે' એમ માનનારા મયૂરો વિચિત્ર છાજણમાં મોટેથી અવાજ કરતા નૃત્ય કરતા હતા. (તેવા ભવનમાં પ્રવેશ કર્યો. શ્લો.૮). ૧૨.

રત્નના સમૂહોની કાંતિઓથી દૂર થએલો હતો 'ધ્વાન્તમ્' અંધકાર જેની અંદર (તેવા ભવનમાં પ્રવેશ કર્યો). ગૃહસ્થાશ્રમમાં રાત્રિના કામરસનું વર્ણન કરવામાં આવે છે, તેથી (કામરસના) ઉત્તેજક પદાર્થોનું વર્ણન કરે છે. 'વિચિત્રવલભીષુ' મણિઓથી જડેલ વાંકા કાષ્ઠો (છાપરાનાં છાજણો)માં મયૂરો ઉભા રહીને નૃત્ય કરતા હતા. 'હે રાજા!' એ સંબોધન (રાજા પ્રતિ) સ્નેહ સૂચવનારું છે. તેથી એમ સૂચવેલું છે કે આ કથા ભગવાનના ભોગના સંબંધની હોઈ, યોગીઓએ જ ચિંતન કરવા યોગ્ય છે, પરંતુ બહારની હોઈ સાધારણ નથી. (મયૂરોના) નૃત્યનું અલૌકિક કારણ વર્ણવે છે (કે) જેની અંદર 'વિહિતાગુરુધૂપં' ઘરને સ્વચ્છ રાખવા માટે કરેલા અગરના ધૂપને જાળીઆઓનાં માર્ગે બહાર નીકળતો જોઈને, 'આ વાદળું છે' એવી તે (મયૂરો)ની બુદ્ધિ ઉત્પન્ન થઈ. તેથી (તેઓ તેને) વાદળું માનનારા હતા. તેથી જ તેઓ મોટેથી અવાજ કરતા હતા; કારણ કે મેઘ આવે ત્યારે તેઓનું નૃત્ય થાય છે; અને નૃત્ય જોવામાં આવે ત્યારે રસ પ્રકટ થાય છે, અને ગીત અને વાજીંત્ર વિનાના નૃત્યથી શોભા થતી નથી, તેથી મોટેથી કરેલો અવાજ બે ગુણવાળો[૧] કહેલો છે. ૧૨.

જેને માટે આ વર્ણન કર્યું, તે નીચેના શ્લોકમાં કહે છે :

**તસ્મિન્સમાનગુણરૂપવયસ્સુ વેષદાસીસહસ્રયુતયાનુસવં ગૃહિણ્યા ।।**
**વિપ્રો દદર્શ ચમરવ્યજનેન રુક્મદણ્ડેન સાત્વતપતિં પરિવીજયન્ત્યા ।।૧૩।।**

ત્યાં સમાન ગુણ રૂપ વય અને સુંદર વેષવાળી એક હજાર દાસીઓ સાથે, સુવર્ણના દાંડાવાળા ચમરીના પંખાથી વૈષ્ણવોના પતિને નિરંતર પંખો કરતી ગૃહિણી સાથે વૈષ્ણવોના પતિને તેણે જોયા. ૧૩.

---

૧. (૧) સંગીતના ગુણવાળો અને (૨) મનોહર વાજીંત્રથી પ્રકટ થતા સ્વરના ગુણવાળો, એવો અર્થ છે. નાદ (અવાજ)માં શબ્દો નહિ હોવાથી, તે માત્ર સ્વરૂપ હોવાથી તે બે ગુણવાળો હોવાનું યોગ્ય છે, એવો 'હિ' શબ્દનો અર્થ છે (લે)

(પોતાની) સમાન હતા ઉદારતા વિગેરે અથવા રતિમાં ઉપયોગી નરમાશ વિગેરે ગુણો, 'રૂપ' એટલે સૌંદર્ય, 'વયઃ' એટલે તારૂણ્ય અને વસ્ત્રો વિગેરે સુંદર વેષ (જેઓનો તેવી દાસીઓ સાથે પંખો કરતી ગૃહિણીને જોઈ) રસ આજીજીથી પ્રાપ્ત કરવાનો હોઈ શંકા ઉત્પન્ન કરે છે[1] તેથી, અને થોડો (રસ)[2] પોષણ કરનાર હોતો નથી તેથી મહારસનો અનુભવ થાય તે માટે દાસીઓ જણાવેલી છે. નાયિકાઓ ભેગી હોય ત્યારે (તેઓના) સ્વભાવ જુદા જુદા હોવાથી રસ ઉત્પન્ન થતો નથી[3] અને તેઓની કામના આવી[4] હોતી નથી.

માત્ર[5] ભોગ માટેની (આ) સ્ત્રી ન હતી, એમ 'ગૃહિણી' શબ્દથી જણાવેલું છે. 'અનુસવં' નિરંતર એક હજાર દાસીઓ સાથે ચમરીના પંખાથી વૈષ્ણવોના પતિને વાસ્તવિક રીતે પોતાના પતિને-પંખો કરતી પત્ની (ગૃહિણી) સાથે વૈષ્ણવોના પતિને તેણે જોયા, એવો (વાક્યનો) સંબંધ છે. ચમરીનો બનાવેલો પંખો (કામનો) ઉત્તેજન કરનારો છે, અને સુવર્ણના દાંડાવાળો તેવો જ છે. ભગવાનના સંબંધમાં આ અદ્‌ભુત પ્રકાર કહેલો છે. લોકમાં સામાન્ય (સ્ત્રીઓ)ને[6] (પોતાની) સમાન (સ્ત્રીઓ)નો આવો પ્રકાર સંભવતો નથી. આથી[7]

---

૧. કામરસ એકાંતમાં ભોગ કરવા યોગ્ય હોઈ, આજીજીથી પ્રાપ્ત કરવા યોગ્ય છે, તેથી (તેમાં) વિઘ્ન કરનારાઓના આવવાનો ભય રહે છે. ભય હોય તો રસ પ્રાપ્ત થતો નથી. તેથી વિઘ્ન કરનારાઓ આવે નહિ તે માટે દાસીઓની જરુર રહે છે એવો અર્થ છે. (લે)

૨. નાયિકારૂપ થોડા જ (રસ ઉત્તેજક પદાર્થ)થી રસનું પોષણ થતું નથી, અને પોષણ વિનાના રસનો અનુભવ થતો નથી, અથવા પોષણ વિનાના થોડા જ રસનો અનુભવ થાય, પણ મહારસનો અનુભવ ન થાય. અનેક તેવા પદાર્થો હોય ત્યારે તેવી અનેક સ્ત્રીઓના કટાક્ષ વિગેરેથી પુષ્ટ થએલ મહારસનો અનુભવ થાય છે, અને (દાસીઓમાં નહિ પરંતુ) ગૃહિણીમાં તેનો અનુભવ થાય છે. (લે)

૩. 'ત્યારે બધી નાયિકાઓ રસ પુષ્ટ કરવા ભેગી કરવી' એવી શંકા થાય તેથી આ કહેલ છે (લે)

૪. 'આવી' એટલે દાસીઓની પેઠે માત્ર નાયિકા માટે રસને પુષ્ટ કરવાની.

૫. ધર્મના કાર્ય કરવા માટે ઉપયોગી સર્વથી મોટી સ્ત્રી મુખ્ય છે, બીજીઓ ગૌણ છે. તેથી 'માત્ર' શબ્દ યોજેલ છે.(લે) અહિં સ્ત્રીઓમાં ભગવાન્ પક્ષપાત રાખતા નથી, બધીને સરખી રીતે રાખેલ છે. તેથી 'કેવલ ભોગ માટેની સ્ત્રી'નો અર્થ 'સર્વથી મોટી ન હોય તેવી ગૃહિણીઓ' હોવાનું સંભવતું નથી, પરંતુ 'ભોગ માટે રાખેલી દાસી' એવો અર્થ સંભવે છે એમ જણાય છે.

૬. સામાન્ય પુરુષોમાં લોકમાં કુલ શીલ વિગેરેમાં સમાન હોય તેવી પત્નીઓ પંખો કરતી હોય તેવો પ્રકાર સંભવતો નથી, કારણ કે તે દાસનો ધર્મ છે. (લે) લોકમાં સામાન્ય સ્ત્રીઓ પોતાની સમાન રૂપ વિગેરેવાળી દાસીઓ જ રાખે નહિ. તેથી આવી રીતે આવી દાસીઓ સાથે ગૃહિણી પોતાના પતિને પંખો કરતી હોય તેવું લોકમાં સંભવતું નથી એવો ભાવ જણાય છે.

૭. 'આથી' એટલે 'ગૃહિણી સાથે' એમ કહ્યું તેથી. (લે)

એમ સૂચવેલું છે કે આ (નારદ) રાત્રે ભોગ (કરવા)ના સમયે ગએલા. ૧૩.

ત્યાં ભગવાને કાયા મન અને વાણી(ના કાર્ય)થી કરેલી (નારદની) મહેમાનગતિનો પ્રકાર નીચેના શ્લોકમાં કહે છે :

**તં સન્નિરીક્ષ્ય ભગવાન્ સહસોત્થિતઃ શ્રીપર્યઙ્કતઃ સકલધર્મભૃતાં વરિષ્ઠઃ ।।**
**આનમ્ય પાદયુગલં શિરસા કિરીટજુષ્ટેન સાઞ્જલિરવીવિશદાસને સ્વે ।।૧૪।।**

સર્વ ધર્મનું આચરણ કરનારાઓમાં શ્રેષ્ઠ ભગવાન્ તેને જોઈને એકદમ લક્ષ્મીના પલંગ ઉપરથી ઉભા થયા, (અને) મુકુટવાળા મસ્તકથી તેના બે ચરણમાં નમન કરીને બે હાથ જોડી (તેને) પોતાના આસન ઉપર બેસાડ્યા. ૧૪.

બધાએ પણ પોતાને યોગ્ય કાયાથી થતી (અતિથિની) પૂજા કરવી જોઈએ, તેથી ભગવાને પણ તેને જોઈને પોતાના સ્થાન ઉપર બેસાડ્યા એમ કહેવામાં આવે છે, કારણ કે આથી અધિક પૂજા સંભવતી નથી. બીજી જે લૌકિક સર્વને સાધારણ (સર્વ સામાન્ય રીતે કરે છે તેવી) પૂજા તે બીજી (પૂજા)ના અંગ તરીકે કહેવામાં આવે છે. આમ કરવાનું પ્રયોજન 'ભગવાન્' શબ્દથી કહેલું છે, કારણ કે તેમ ન કરે, જો (તેને) પોતાના સ્થાન ઉપર ન બેસાડે તો ભગવાનમાં બીજાથી કયું ઉત્તમપણું થાય?

'એકદમ ઉભા થયા' શબ્દોથી તેના વિષે (પોતાની અંદરનો) લૌકિક ભાવ સ્થિર કર્યાનું સૂચવેલું છે. તેમ ન હોય (અને) પોતાના ધર્મો (ભગવાન્) પ્રકટ કરે તો સેવક પ્રતિ ભગવાન્ ઉભા થાય તે યોગ્ય ન થાય. 'જેઓ મને જે પ્રકારે ભજે છે (તેઓને હું તેવી જ રીતે ભજુ છું)' એવી ભગવાનની પ્રતિજ્ઞા છે, અને તેણે ભગવાનને લૌકિક દષ્ટિથી જોયા, તેથી ભગવાને પણ તેમ જ કર્યું (પોતે લૌકિક હોય તેમ તેને જણાવ્યું). 'લક્ષ્મીના પલંગ ઉપરથી (ઉભા થયા)' શબ્દથી અયોગ્યતા જણાવેલી છે.

કેવલ લૌકિક પ્રકારથી પણ તેમ થાય, તેથી 'સર્વ ધર્મનું આચરણ કરનારાઓમાં શ્રેષ્ઠ' શબ્દોથી વૈદિક પ્રકાર કહે છે. 'ધર્મભૃતં' એટલે સદાએ ધર્મનું આચરણ કરનારાઓ. તેઓ જીવો જ હોય છે. તેઓમાં શ્રેષ્ઠ એમ પોતાની જાતના (જીવો)માં ઉત્તમપણું (કહ્યું). તેથી તેની બહારની દષ્ટિ જ સ્થિર કરેલી છે. તેથી જ ભગવાને (તેના) બે ચરણોમાં નમન કર્યું, તે વિષયમાં પણ ધર્મમાં (પોતાની) આસ્થા સૂચવવા 'મસ્તકથી' (નમન કર્યું). 'મુકુટવાળા' વિશેષણથી લોકમાં આસ્થા (સૂચવેલી છે).

(ભગવાને) પોતે તેના ગુણો ગ્રહણ કર્યા એટલું જ નહિ, પરંતુ તેનામાં પણ પોતાના ગુણો મૂક્યા એમ 'બે હાથ જોડી (તેને) પોતાના આસન ઉપર

બેસાડ્યા’ એ શબ્દોથી કહેલું છે. પોતાના આસન ઉપર તેને બેસાડ્યા એવો અર્થ છે. કારક અર્થનો સમાવેશ થાય તેવો (‘અવીવિશત્’ ક્રિયાપદનો) પ્રયોગ કરેલો છે. વાસ્તવિક રીતે ભગવાને જ તેનામાં પોતાનો ગુણ મૂકેલો હોવાથી, નારદ પોતે જ ત્યાં ભગવાનના આસન ઉપર બેઠા એવી ગુણની અદલાબદલી[1] સિદ્ધ કરવા ‘અવીવિશત્’ ‘બેઠા (બેસાડ્યો)’ એમ કહેલું છે, અને આસન લક્ષ્મીનો પલંગ હતો એમ જ જણાય છે. તેના ઉપરથી જ ભગવાન્ ઉભા થએલા, તેથી ‘પોતાના (આસન)’ શબ્દથી પણ તે જ સમજાય છે. ‘આસન’ શબ્દનો અર્થ ‘પોતાનું સિંહાસન’ કરવામાં આવે તો પણ આગળ સુદામાના પૌંઆના ઉપાખ્યાનમાં ‘પ્રિયાએ વાપરવાના પલંગ ઉપર બેસાડ્યો’ એમ કહેલ હોવાથી પલંગ જ આસનને ઠેકાણે (વપરાતો) હતો. ૧૪.

**તસ્યાવનિજ્ય ચરણૌ તદપઃ સ્વમૂર્ધ્ના બિભ્રજ્જગદ્ગુરુતરોઽપિસતાં પતિર્હિ ।।**
**બ્રહ્મણ્યદેવ ઈતિ યદ્ગુણનામ યુક્તં તસ્યૈવ યચ્ચરણશૌચમશેષતીર્થમ્ ।।૧૫।।**

જગતના ગુરુ હોવા છતાં સત્પુરુષોના પતિ હોવાથી તેમણે તેના બે ચરણો ધોઈને તે જલ પોતાના મસ્તક ઉપર મૂક્યું. ‘બ્રહ્મણ્યદેવ’ એવું જેમના ગુણથી પડેલું નામ યોગ્ય છે કારણ કે તેમનું જ ચરણ ધોએલ જલ સર્વ તીર્થરૂપ છે. ૧૫.

પછી, ‘તેના બે ચરણો ધોઈને’ એવું કાયાથી કરેલું કાર્ય મનથી કરેલ (કાર્ય)ના અંગ તરીકે કહે છે. પોતાની મેળે (ચરણ) ધોવાનું ભક્તિથી સંભવે છે. પોતાની અંદર નારદના ગુણોનો આવેશ થવાથી (અને) ભક્તોએ ભગવાનના ચરણારવિંદ ધોએલ જલ ધારણ કરવું જ જોઈએ તેથી (ભગવાને) ‘તે જલ’ એટલે ચરણ ધોએલ જલ પોતાના મસ્તક ઉપર મૂક્યું.

‘એ પ્રમાણે (કરવા છતાં) પણ ભગવાનનું માહાત્મ્ય જાણનાર લોક (નારદનો) કેમ આદર કરશે?’ એવી શંકા થાય, તેથી ‘જગતના ગુરુ હોવા છતાં’ ‘સત્પુરુષોના પતિ હોવાથી’ શબ્દો યોજેલ છે. જો કે (ભગવાન્) જગતના સદા ગુરુ છે, શાસ્ત્ર રચનારા[1], ઉપદેશ આપનારા[1], પ્રેરણા કરનારા[1] અને ઉપદેશ રૂપ[1] છે, છતાં પણ (તે) સત્પુરુષોના પતિ છે. ‘સારો પુરુષ જે જે કરે છે (તે તે બીજો પુરુષ કરે છે)’ એ વાક્ય પ્રમાણે ભગવાને કરેલું હોય તે જ ભગવદીય કરે છે. તેથી સત્પુરુષોનું પાલન થાય તે માટે (ભગવાને) તે પ્રમાણે કર્યું. તેમ ન કરે તો

---

૧. નારદના સ્થાન ઉપર (ભગવાન્) પોતે વિરાજ્યા, અને પોતાના સ્થાન ઉપર નારદને બેસાડ્યા, એમ સ્થાન ઉપર બેસાડવાની અદલાબદલી કરી. (લે)

૧-૧-૧-૧. આ ચાર શબ્દોથી (‘ગુરુતરઃ’ માંના) ‘તર’ પ્રત્યયનો અર્થ કહેલો છે. ભગવાનનું સ્વરૂપ નામરૂપ પણ છે એવા અભિપ્રાયથી તે ઉપદેશરૂપ પણ છે એમ કહેલું છે. (લે)

ગજેન્દ્રની પેઠે વૈષ્ણવોને દુઃખ (થવાનું) પણ સંભવે, તેથી ભગવાને ભક્તોનું રક્ષણ થાય તે માટે યોગ્ય જ કરેલું છે એવો 'હિ' શબ્દનો અર્થ છે.

'એમ હોય તો ભક્તિમાર્ગથી વિરુદ્ધ થાય[2] એવી શંકા થાય, તેથી 'બ્રહ્મણ્યદેવ' એવું જેમના ગુણથી પડેલું નામ યોગ્ય છે એમ કહેલું છે. ભગવાન્ બ્રાહ્મણોનું હિત કરનારા, તેમનું કાર્ય પાર પાડનારા દેવ છે. બ્રાહ્મણોનું હિત કરનારા અને તે દેવ (એવા 'બ્રહ્મણ્ય દેવ') હોવાથી તેઓએ જ પૂજવા યોગ્ય છે. આ ભગવાનનું (તેમના) ગુણથી પડેલું નામ જો તે તેઓનો મનોરથ પૂર્ણ કરે તો જ સાર્થક થાય; અને બ્રાહ્મણો (પોતાની) પૂજા (થાય તે) ઇચ્છે છે, પરંતુ અન્નનું દાન ઇચ્છતા નથી. તેથી જો ભગવાન જ ધર્મની પ્રવૃત્તિ કરાવનાર હોય, તો બીજા (તે પ્રમાણે) પ્રવૃત્તિ કરે, પરંતુ જે તે (તેવો હોય તો તેવી પ્રવૃત્તિ ન કરે).

'આટલાથી પણ લોક (તેવી) પ્રવૃત્તિ કેમ કરે?' એવી શંકા થાય, તેથી 'કારણ કે તેમનાં જ ચરણ ધોએલ જલ (સર્વ તીર્થરૂપ છે)' એમ કહેલું છે. જે (ચરણ ધોએલ જલ) ગંગાજલમાં 'સાડા ત્રણ કરોડ...' વાક્ય પ્રમાણે સર્વ તીર્થો (રહેલાં) છે. આથી પોતાની (ભગવાનની) હલકાઈ પણ નથી એમ કહ્યું. ૧૫.

નીચેના શ્લોકમાં (ભગવાને કરેલી) સ્તુતિ કહે છે :

**સમ્પૂજ્ય દેવઋષિવર્યમૃષિઃ પુરાણો નારાયણો નરસખો વિધિનોદિતેન।।**
**વાણ્યાભિભાષ્ય મિતયામૃતમિષ્ટયા તં પ્રાહ પ્રભો ભગવતે કરવામ તે કિમ્।।૧૬।।**

પુરાણ ઋષિ નરના સખા નારાયણે વેદે કહેલા પ્રકારથી ઉત્તમ દેવઋષિની પૂજા કરીને, તેને થોડી અમૃત જેવી મીઠી વાણીથી બોલાવીને કહ્યું કે હે પ્રભો ! આપ ભગવાન્ માટે અમે શું કરીએ? ૧૬.

પછી જે થવાનું છે તેના અંગ તરીકે પૂજા ફરી કહેલી છે, તેથી ભગવાનનાં વાક્ય કરતાં પૂજાને હલકી કહેલી છે. 'ઉત્તમ દેવ ઋષિની' શબ્દથી એમ સૂચવેલું છે કે આની પૂજા થવાથી દેવો અને ઋષિઓ પ્રસન્ન થાય છે તેથી ગૃહસ્થાશ્રમમાં ત્રણ દેવાં ચૂકવવાનું[1] જરુરી હોતાં, બે આથી જ ચૂકવાએલાં થાય છે એવી તેની જરુર છે. 'ઋષિ' શબ્દથી એમ સૂચવેલું છે કે ભગવાન્ નારાયણ અનિરુદ્ધ અંશથી એ પ્રમાણે કરે છે. 'પુરાણ ઋષિ' નારાયણ જ છે, છતાં પણ તે વેદની ઉત્પત્તિ કરનાર પણ હોય છે, તેથી આ તેવા નથી એમ જણાવવા 'નરના સખા નારાયણે' એમ કહેલું છે, અને આજ પ્રકરણના અંતે[2] 'મારી સમીપ પાછા આવશો' એ વાક્ય

૨. ભગવાન્ બીજાના ચરણ ધોઈ તે જલ મસ્તક ઉપર ધારણ કરતા હોય તો તેથી ભગવાન્ તેનાથી હલકા ગણાય, એ ભક્તિમાર્ગથી વિરુદ્ધ થાય, એવો ભાવ જણાય છે.

૧. દેવો, ઋષિઓ અને પિતૃઓનાં ઋણ ગૃહસ્થે ચૂકવાનાં હોય છે. ૨. સમીપના અર્થમાં

પ્રમાણે તે પાછા પધારવાનું કહેશે. 'વેદે કહેલા પ્રકારથી' શબ્દથી પૂજાનો પ્રકાર કહેલો છે. તેમ ન (કહેલ) હોય તો (ભગવાનના) ઐશ્વર્યને લીધે (નારદની) રાજસી પૂજા થાય. (ભગવાને) અમૃત જેવી ઘણી મીઠી વાણીથી 'ઓ નારદ' એમ કહીને તે નારદને કહ્યું. '૧.ભગવાન્ ૨.હે પ્રભો! ૩.આપ માટે અમે શું કરીએ?' એવા ત્રણ પદોથી ૧.નારદનું સર્વથી ઉત્તમપણું ૨.પોતાના સ્વામી હોવાપણું અને ૩.પોતે તેના સેવક હોવાનું કહેલું છે. '(આપ માટે શું કરીએ? એ) છેલ્લાં ત્રણ પદો, 'અહિં આપની ત્રણે પ્રકારની સેવા કરવી જોઈએ' એમ સૂચવવા યોજેલાં છે. 'તેથી આજ્ઞા કરો' એવો અધ્યાહાર રહેલ વાક્યનો અભિપ્રાય છે. ૧૬.

નીચેના શ્લોકથી આરંભી નારદ તેનો ઉત્તર આપે છે :

**નૈવાદ્ભુતં ત્વયિ વિભોઽખિલલોકનાથે મૈત્રી જનેષુ સકલેષુ દમઃ ખલાનામ્ ।।**
**નિઃશ્રેયસાય હિ જગત્સ્થિતિરક્ષણાભ્યાં સ્વેચ્છાવતાર ઉરુગાય વિદામ સુષ્ઠુ ।।૧૭।।**

હે શક્તિમાન્! હે મોટાઓથી ગાન થતી કીર્તિવાળા! સર્વ પુરુષો સાથે મૈત્રી, દુષ્ટોને શિક્ષા, આ સર્વ લોકના નાથ. જગતની સ્થિતિ અને રક્ષણ સાથે કલ્યાણ (થાય તે) માટે પોતાની ઈચ્છા પ્રમાણે અવતાર લેનાર આપમાં અદ્ભુત નથી, (એ) હું સારી રીતે જાણું છું. ૧૭.

(નારદને) કહેવાનું તો કાંઈ નથી, પરંતુ (ભગવાને) કર્યું તેનું અનુમોદન કરવું જોઈએ. તેમ ન કરે તો (નારદે) અંગીકાર કરેલ નહિ હોવાથી પૂજા કરાએલી જ ન થાય (ગણાય). તેનો પોતાથી અંગીકાર કરે તો અયોગ્ય (કાર્ય) થાય, તેથી ભગવાનના ધર્મ તરીકે (તેનું) અભિનંદનં (કર્યાનું) કહે છે. હે 'વિભો', સર્વ કરવા શક્તિમાન્! આ બ્રાહ્મણનું પૂજન આપમાં અદ્ભુત નથી, કારણ કે સર્વ લોકને (આપે) શીખવવાનું છે અને ભગવાન્ સર્વ લોકના નાથ છે. જગતનું રક્ષણ કરવા માટે ત્રણ પ્રકારનું કર્મ કરવામાં આવે છે (૧) દુષ્ટોને શિક્ષા (૨) અંતર્યામી તરીકે સર્વ (પુરુષો) સાથે મૈત્રી અને (૩) આવી બ્રાહ્મણની પૂજા.

'આ કર્મ બંધ કરાવનારું હશે' એવી શંકા કરી, 'કલ્યાણ (થાય તે) માટે' શબ્દથી તે ખોટી ઠરાવે છે બીજાઓ શ્રવણ કરનારા અને કીર્તન કરનારાઓના પણ મોક્ષ માટે આ (કાર્ય) આપ કરો છો. અને આ વિષય યોગ્ય જ છે. તેમ ન હોય તો પોતાની જાતનો કર્મને મટાડનારો (પદાર્થ) ન હોવાથી લોકોના ત્રણ પ્રકારનાં કર્મો શાંત ન થાય (ફીટે નહિ). આ દુષ્ટોને શિક્ષા વિગેરે જીવોથી પણ કરી શકાય, તેથી ભગવાનની સરસાઈ દર્શાવવા 'જગતની સ્થિતિ અને રક્ષણ સાથે' શબ્દો યોજેલા

---

સાતમી વિભક્તિ છે. મતાંતર પ્રમાણેના સાત્ત્વિક પ્રકરણના અંતસમીપના અધ્યાયમાં, એટલે ૧૦-૮૬-૫૯ શ્લોકમાં, એવો અર્થ છે. (લે)

છે. કારણ કે તે (ભગવાન્) પોતાની અંદર જગતને ધારણ કરે છે અને (તેનું) પાલન કરે છે. 'હે પોતાની ઈચ્છા પ્રમાણે અવતાર લેનાર!' એમ સૂચવે છે કે તેવા (ગુણવાળા ભગવાન્) પણ લીલા (કરવા) માટે કર્મ કરે છે અથવા (કર્મ કરવાનું) પ્રયોજન કહેવા માટે સાતમી (વિભક્તિ)ના પ્રત્યયવાળો તે શબ્દ (લેવો), કારણ કે તેમ ન હોય (ભગવાન્ કલ્યાણ કરવા પોતાની ઈચ્છા પ્રમાણે અવતાર લેતા ન હોય), તો લોકો (ભગવાનના ગુણોનું) કીર્તન કેમ કરે અને મોક્ષ કેવી રીતે પ્રાપ્ત કરે? 'હું જાણું છું' શબ્દથી આ વિષયનું પ્રમાણ કહે છે. 'સારી રીતે (જાણું છું)' એટલે અનુભવથી અને વેદથી (જાણું છું), પરંતુ માત્ર તર્કથી નહિ. ૧૭.

એ પ્રમાણે (ભગવાને) કરેલ તેનું અભિનંદન કરીને, ભગવાને કહેલું ખોટું પાડવું નહિ એવા અભિપ્રાયથી, પ્રસંગને લીધે પોતે ઈચ્છેલા કાંઈક માટે નીચેના શ્લોકમાં પ્રાર્થના કરે છે :

**દૃષ્ટં તવાઙ્ઘ્રિયુગલં જનતાપવર્ગં બ્રહ્માદિભિર્હૃદિ વિચિન્ત્યમગાધબોધૈઃ ।।**
**સંસારકૂપપતિતોત્તરણાવલમ્બં ધ્યાયંશ્ચરામ્યનુગૃહાણ યથા સ્મૃતિઃ સ્યાત્ ।।૧૮।।**

માણસ માત્રને મોક્ષ આપનાર, પૂર્ણ જ્ઞાનવાળા બ્રહ્મા વિગેરેએ પણ હૃદયમાં ચિંતન કરવા યોગ્ય, સંસારરૂપી કૂવામાં પડેલાને બહાર નીકળવા માટે આધારરૂપ, (મેં) દર્શન કરેલાં આપનાં બે ચરણોનું ધ્યાન ધરતો હું ફર્યા કરીશ. (મને તેમનું) જેમ સ્મરણ રહે તેવી કૃપા કરો. ૧૮.

આ જેનાં મેં દર્શન કર્યા તેનું ધ્યાન ધરતો હું સર્વ સ્થલે ફરીશ, એવો પોતાનો (નારદનો) નિશ્ચય કહેલો છે. આ વિષયનું જેમ (મને) સ્મરણ રહે તેવી કૃપા કરો, એથી જે (ભગવાને) કરવાનું તેની પ્રાર્થના છે; કારણ કે આ જ દુર્લભ છે. (ચરણારવિંદ) પ્રાપ્ત થવા છતાં, (તેનું સ્મરણ થવામાં) ઘણાં વિઘ્નો થાય છે, તેથી સ્મરણ થશે એવો વિશ્વાસ નથી; અને મારે બીજું કાંઈ કરવા યોગ્ય નથી. તેથી (મને) ચરણનું સ્મરણ થયા કરે તે માટે (આપ) અનુગ્રહ જ કરો.

'દર્શન કરેલાં' શબ્દથી જ્ઞાન (મારે) જોઈએ છીએ તેવા વિચારને ખોટો ઠરાવેલ છે, (કારણ કે) ભગવાનના બે ચરણો જ જીવ અને બ્રહ્મરૂપ હોવાના,[1] પોતાના આત્માનો અને પરમાત્માનો સાક્ષાત્કાર (નારદને) થઈ જ ગયો. 'માણસ માત્રને મોક્ષ આપનાર' વિશેષણથી મોક્ષ (મારે જોઈએ છીએ તેવા વિચાર)ને પણ ખોટો ઠરાવે છે. (માણસ માત્રને ચરણારવિંદ મોક્ષ આપે છે) ત્યારે મારો મોક્ષ થવામાં શું સંદેહ છે એવો ભાવ છે. આ (ચરણારવિંદ)થી બીજું કાંઈ દુર્લભ નથી

---

૧. ભગવાનનાં ચરણારવિંદ અક્ષરરૂપ છે, અને જીવ તથા બ્રહ્મ પણ અંશ અને અંશીના વિભાગથી અક્ષરરૂપ છે તેથી (ચરણો જીવ અને બ્રહ્મરૂપ છે.) (લે)

એવા અભિપ્રાયથી કહે છે કે 'અગાધબોધઃ' પૂર્ણ જ્ઞાનવાળા બ્રહ્મા વિગેરેએ પણ (ચરણારવિંદ) હૃદયમાં ચિંતન કરવા યોગ્ય જ છે, પરંતુ (તેઓને તેનાં) સાક્ષાત્ દર્શન થઈ શકતાં નથી. તેથી બ્રહ્મા વિગેરેને પણ આ દુર્લભ હોવાથી, આથી વધારે સારું કાંઈ પણ માગવા યોગ્ય નથી. આથી ચરણને આ લોકનાં અને પરલોકનાં ફલો કરતાં પણ ઉત્તમ કહેલું છે. વળી ભક્તિમાર્ગની પ્રવૃત્તિ કરાવનાર તો આ જ છે એમ 'સંસારરૂપી કૂવામાં (પડેલાને બહાર નીકળવા માટે આધારરૂપ)' શબ્દથી કહે છે. 'જ્યાં સુધી મનુષ્યની કાયારૂપી (રથ વશ છે)...'(ભાગ ૭।૧૫।૪૫) એ નિયમ પ્રમાણે શાસ્ત્રોને અનુસરીને જેઓએ પોતાનું હિત કરેલું નથી, તેઓને 'તેમ ન કર્યું હોય તો, પ્રમાદીને (વિષયોરૂપ અશ્વો કૂવામાં નાખે છે)' ભાગ૭।૧૫।૪૬ એ નિયમ પ્રમાણે વિષયો કૂવામાં પાડે છે. તેઓ કૂવામાં પડેલા છે. તેઓને બહાર નીકળવા માટે દાદર નહિ હોવાથી અને પાંખો નહિ હોવાથી[2], અંદર જ છૂપાએલો કર્મનો વેલો ઉપર લઈ જતો નથી તેથી, અને દોરડાંની પેઠે જ્ઞાન ઉપર ખેંચતું નથી[3] તેથી, સંસારરૂપી કૂવામાં પડેલાઓને તેમાંથી બહાર નીકળવા માટે ભગવાનના બે ચરણારવિંદ જ આધારરૂપ થાય છે. તેથી ત્રણે માર્ગમાં આ (ચરણારવિંદ) જ શરણ હોવાથી તેમનું ધ્યાન ધરતો હું ફરીશ આટલું કહીને, ભગવાનની રજા લઈ તે ગયા, એમ જાણવું. ૧૮.

ત્યાંથી બહાર નીકળેલા તેણે બીજા ઘરમાં પ્રવેશ કર્યો એમ કહે છે :

**તતોઽન્યદાવિશદ્ગેહં કૃષ્ણપત્ન્યાઃ સ નારદઃ ।।**
**યોગેશ્વરેશ્વરસ્યાઙ્ગ યોગમાયાવિવિત્સયા ।।૧૯।।**

પછી હે રાજા! યોગેશ્વરોના ઈશ્વરની યોગમાયા જોવાની ઈચ્છાથી તે નારદે શ્રીકૃષ્ણની પત્નીના બીજા ઘરમાં પ્રવેશ કર્યો. ૧૯.

'બીજું ઘર' એટલે પહેલાં (શ્લો ૮માં) કહેલું પહેલાંની સમાન ઘર. 'શ્રીકૃષ્ણની પત્નીના' શબ્દોથી એમ કહેલું છે કે પહેલા ઘરમાં ભગવાનનાં દર્શન થએલ હોવાથી નારદની એવી માન્યતા હતી કે આ ઘરમાં ભગવાનની પત્ની એકલાં[1]

---

૨. બહાર નીકળવા માટે આધાર નહિ હોવાથી, અને પક્ષીઓની પેઠે ઉંચે જઈ શકાતું નહિ હોવાથી, એવો અર્થ છે (લે)

૩. જેમ કૂવામાં પડેલો દોરડાને પકડે તે દોરડાને (ઉપરથી) પકડી રાખનાર આધાર ન હોવાથી તે પોતે પણ પડે છે તો પછી તેને ઉપર ક્યાંથી જ ખેંચે? તે પ્રમાણે આત્માનું જ્ઞાન પણ ભગવાનના ચરણનો આધાર ન હોય તો પોતે પણ છેવટ સંસારમાં જ પડે છે, પરંતુ જીવને ઉપર ખેંચતું નથી. (લે)

૧. 'વા' શબ્દ અહિં ૧૦-૨-૨૬ ઉપરના શ્રીસુબોધિની પેઠે 'એવ' 'જ'ના અર્થમાં યોજાએલ છે. ત્યાં ટિપ્પણીમાં 'વા'નો અર્થ 'જ' કરેલો છે. (લે)

હશે, તેથી 'શ્રીકૃષ્ણની પત્નીના' એમ કહેલું છે. નારદ તો[2] કૃપા માગીને બહાર નીકળેલા. પછી પણ બહિર્મુખ હોવાથી તેણે બીજા ઘરમાં જ પ્રવેશ કર્યો, કારણ કે તે 'નારં' માણસોને 'દ્યતિ' નિરાસ કરતો[3], કજીઆ કરાવવાના સ્વભાવવાળા હતા.

બીજા ઘરમાં પ્રવેશ કરવામાં તેની જે ઈચ્છા હતી તે ઉત્તરાર્ધથી કહેલી છે. યોગ અલૌકિક હોવાથી તેની જ ગતિ જાણી શકાય તેવી નથી. તેમાં પણ જેણે યોગને પણ વશ કરેલ તેવા યોગેશ્વરની ગતિ ન જ જણાય. ભગવાન્ તેવાઓના પણ ઈશ્વર છે. તેમની વળી યોગમાયા, જેનો વૈભવ આટલો છે એમ ભગવાન્ પણ વિચાર કરતા નથી, તેને જાણવાની ઈચ્છાથી બીજા ઘરમાં પ્રવેશ કર્યો. 'હે રાજા' એવું સંબોધન શુકે પરિક્ષિતને હું છેતરતો નથી એમ જણાવવા કરેલું છે. ૧૯.

ત્યાં રહેલા ભગવાન્, પહેલાં જોએલા તે કરતાં જૂદા જ કાર્યમાં રોકાએલા હતા એમ નીચેના શ્લોકમાં કહે છે :

**દીવ્યન્તમક્ષૈસ્તત્રાપિ પ્રિયયા ચોદ્ધવેન ચ ||**
**પૂજિતઃ પરયા ભક્ત્યા પ્રત્યુત્થાનાસનાદિભિઃ ||૨૦||**

ત્યાં પણ નારદે ભગવાનને પ્રિયા અને ઉદ્ધવ સાથે પાસા રમતા જોયા, અને સામા પધારવું આસન આપવું વિગેરેથી ઘણી ભક્તિથી તેમણે તેની પૂજા કરી. ૨૦.

સર્વ સ્થલે ભગવાનને તેવા જ પ્રકારે કાર્યમાં રોકાએલા વર્ણવવા જોઈએ કે જેથી પહેલા ઘરમાં રહેલા ભગવાન્ તરત જ ત્યાં પધાર્યા હોવાની શંકા પણ થાય નહિ. 'ત્યાં પણ' ભગવાનને 'જોયા' એ પહલાંની (શ્લોક ૧૩ની) ક્રિયા જ ચાલુ રાખવાની છે; પરંતુ પ્રિયા એટલે પત્ની અને ઉદ્ધવ સાથે પાસા રમતા જોયા. એવો (ભેદ હતો). ૨૦.

ભગવાન્ માયાથી તે પ્રમાણે દેખાડે છે એવી તે નારદની બુદ્ધિ ન થાય, તે માટે ભગવાને (તેને) કાંઈક કહ્યું એમ નીચેના શ્લોકમાં કહે છે :

**પૃષ્ટશ્ચાવિદુષેવાસૌ કદાયાતો ભવાનિતિ ||**
**ક્રિયતે કિં નુ પૂર્ણાનામપૂર્ણૈરસ્મદાદિભિઃ ||૨૧||**

---

૨. ભગવાન્ તો ત્યાં જ રહેલા, સાથે આવેલ ન હતા, એમ જણાવવા 'તુ' 'તો' શબ્દ યોજેલ છે. (લે)

૩. નારદ બહિર્મુખ હોવાનું કારણ કહે છે. 'નારં' નરના ધર્મનું 'દ્યતિ' ખંડન કરે છે, તેવા હેતુથી ખંડન કરવા માટે તેમનાં વ્યસન જોવાનો સ્વભાવ હોવાથી તે બહિર્મુખ છે. (લે) 'નારદ'ની વ્યુત્પત્તિનો અર્થ અહિં લેખમાં કરેલ છે તે પ્રમાણે 'પર્યાલોચન' 'જોવાનો' શબ્દ ઉમેરવો પડે છે. તેથી જૂદી રીતે અર્થ કરેલ છે.

જાણે કે જાણતા ન હોય તેવા તેમણે તેને પૂછ્યું કે 'આપ ક્યારે આવ્યા? અમો વિગેરે અપૂર્ણો (આપ) પૂર્ણોનું શું (કાર્ય) કરીએ?' ૨૧.

છતાં પણ 'અસૌ' પહેલાં દર્શન કરેલા ભગવાને જ-કારણ કે નારદે તેમને ચોક્કસપણાથી ઓળખેલા-તેને પૂછ્યું કે 'આપ ક્યારે આવ્યા?...' જેમ તે (નારદ) પરીક્ષા કરવા માટે પોતાના રૂપને છૂપાવતો હતો તેમ ભગવાને પણ કર્યું એવા અભિપ્રાયથી 'જાણે કે તેવું જાણતા ન હોય તેવા તેમણે' એમ કહેલું છે. 'ચ' 'અને' શબ્દથી (એમ કહેલું છે કે ભગવાને નારદની) પૂજા (કરી, પહેલાં) કરેલું સર્વ કર્યું, અને સ્તુતિ કરી એમ ઉત્તરાર્ધથી કહે છે. પહેલાંની પેઠે ભગવાન્ અને નારદના ગુણોની અદલાબદલી જાણવી. તે સંજોગોમાં આ સ્તુતિ યોગ્ય જ છે. 'આપ પૂર્ણોનું અમો વિગેરે અપૂર્ણો શું કાર્ય કરીએ?' એવી સ્તુતિ કરી. કેટલાક કહે છે કે જેમ (પહેલા ઘરમાં નારદને જોએલ તેનું) અજ્ઞાન ભજવ્યું તેમ તે અજ્ઞાનનું કાર્ય નાટકીય વાક્ય પણ કહ્યું, અથવા તેની બુદ્ધિમાં ભગવાન્ હદવાળા જણાતા હતા તેથી તેને મોહ ઉત્પન્ન કરવા લૌકિક ભાષા કહી. બીજાઓ કહે છે કે 'જેઓ જેમ મને ભજે છે (તેમ જ હું તેઓને ભજું છું)' એ નિયમ પ્રમાણે ભગવાને એવું કહેલ. ૨૧.

છતાં પણ પોતાની પાસે આવેલા અને ભગવાનના ગુણનો નિર્ણય કરવા પ્રવૃત્તિ કરનારાનું હિત કરવું જોઈએ એવા ભક્તિશાસ્ત્ર(ના નિયમ)ને અનુસરીને (ભગવાન્) નીચેનો શ્લોક કહે છે :

**અથાપિ બ્રૂહિ નો બ્રહ્મઞ્જન્મૈતચ્છોભનં કુરુ ।।**
**સ તુ વિસ્મત ઉત્થાય તૂર્ણમન્યદગાદ્ગૃહમ્ ।।૨૨।।**

છતાં પણ હે બ્રાહ્મણ! કહો, અમારા આ જન્મને સફલ કરો. તે તો વિસ્મય પામી ઉઠી તરત બીજા ઘેર ગયા. ૨૨.

(શું હિત કરીએ તે) અમને કહો, એટલે કાંઈક માગો, એવો અર્થ છે. બ્રાહ્મણને માગવું યોગ્ય હોવાથી, 'હે બ્રાહ્મણ!' એવું (સંબોધન કરેલું છે). વળી મારો આ જન્મ એટલે અવતાર ભક્તોનો ઉદ્ધાર કરનારો જ છે તેથી, અને તેઓમાં આપ મુખ્ય હોવાથી, પોતાને પૂર્ણ (પ્રાપ્ત કરેલ ઈચ્છિત પદાર્થવાળા) કરતાં (મારો) જન્મ, અથવા (તમારો) પોતાનો જન્મ સફલ કરો.

પછી જે થયું તે ઉત્તરાર્ધથી કહેલ છે. 'આ વચન સત્ય નથી' એવો પોતાના મનમાં નિશ્ચય કરીને 'ત્યાં (પહેલા ઘર)થી તરત જ આવીને મને ઠગે છે' એવો વિચાર કરતાં તરત ઉઠી તે ત્યાંથી ગયો એમ કહેલું છે. (ભગવાનને આમ કરવાનું) કારણ નહિ જાણવાથી વિસ્મય પામ્યો. 'તુ' 'તો' શબ્દથી (એમ કહેલું છે કે)

ભગવાન્ વૈભવ સહિત તેને મળ્યા ન હતા. તે ઉઠીને તરત જ બીજા ઘેર ગયો. ૨૨.

ત્યાં ભગવાન્ બીજા કાર્યમાં રોકાએલ હોવાનું નીચેના શ્લોકમાં કહે છે :

**તત્રાપ્યચષ્ટ ગોવિન્દં લાલયન્તં સુતાન્ શિશૂન્ ।।**
**તતોઽન્યસ્મિન્ગૃહેઽપશ્યન્મજ્જનાય કૃતોદ્યમમ્ ।।૨૩।।**

ત્યાં પણ ગોવિંદને બાલક પુત્રોનું લાલન કરતાં જોયા. પછી બીજા ઘરમાં સ્નાન કરવા તૈયાર થએલા જોયા. ૨૩.

બાલક[1] પુત્ર વિગેરેનું (લાલન કરતા જોયા) ત્યાં ભગવાનને દૂરથી જ બીજા કાર્યમાં રોકાએલા જોઈને, 'પછી બીજા (ઘર)માં...' એ ઉત્તરાર્ધથી આરંભી 'પછી (નારદે હસતા હોય તેમ હૃષીકેશને) કહ્યું' એ સાડત્રીસમા શ્લોકની પહેલાંના વાક્ય સુધીથી તત્ત્વની સંખ્યા (અઠાવીસ ઘર) સુધી એમ કહેલું છે કે જુદી જુદી સ્થિતિમાં રહેલા ભગવાનનું દર્શન કરતાં, જુદા જુદા (ઘર)માં પ્રવેશ કરીને, પછી ત્યાંથી બહાર નીકળતા. (૧)'મજ્જનાય' તેલના મર્દન પછી સ્નાન કરવા કરેલી છે તૈયારી જેમણે તેવા (ભગવાનને જોયા). ૨૩.

**જુહ્વન્ત ચ વિતાનાગ્નીન્ યજન્તં પઞ્ચભિર્મખૈઃ ।।**
**ભોજયન્તં દ્વિજાન્ ક્વાપિ ભુઞ્જાનમવશેષિતમ્ ।।૨૪।।**

યજ્ઞના અગ્નિઓમાં હોમ કરતા, પાંચ યજ્ઞો કરતા, ક્યાંક બ્રાહ્મણોને ભોજન કરાવતા, ક્યાંક બાકી રહેલું ભોજન કરતા (જોયા). ૨૪.

(૨) 'વિતાનાગ્નીન્' યજ્ઞની વેદીમાં રહેલા ગાર્હપત્ય વિગેરે (અગ્નિઓમાં હોમ કરતા જોયા). 'સોમ કાઢીને, અવભ્રથ સ્નાન (કર્યા) પછી તે રાત્રિ પૂરી થાય ત્યાં સુધી પાસે રહે છે' એ નિયમ પ્રમાણે મધ્ય રાત્રિએ પણ અગ્નિહોત્રમાં હોમ થાય છે. (૩ થી ૭) તેવી જ રીતે બીજે પાંચ ઘરોમાં દેવયજ્ઞ વિગેરે પાંચ યજ્ઞો[1] (કરતાં જોયા). (૮) ક્યાંક ઘરમાં બ્રાહ્મણોને રાત્રિનું ભોજન કરાવતા જોયા (૯) બીજા ઘરમાં તે (બ્રાહ્મણો)નું બાકી રહેલું ભોજન કરતા જોયા. આ નવ ઘરો, પહેલાં (શ્લોક ૧૩, ૧૯, ૨૩ પૂર્વાર્ધમાં) કહેલાં સાથે બાર (ઘરો થયાં). ૨૪.

નીચેના શ્લોકમાં ચાર પુરુષાર્થો પ્રાપ્ત કરતા ભગવાનને જોયાનું કહે છે :

**ક્વાપિ સન્ધ્યામુપાસીનં જપન્તં બ્રહ્મ વાગ્યતમ્ ।।**
**એકત્ર ચાસિચર્માભ્યાં ચરન્તમસિવર્ત્મસુ ।।૨૫।।**

ક્યાંક સંધ્યાની ઉપાસના કરતા, વાણીનો સંયમ કરેલાને બ્રહ્મનો જપ

---

૧. બાલક પુત્રોને, પરંતુ મોટી વયવાળાને નહિ, એવો અર્થ છે. (લે)

૧.દેવ યજ્ઞ, પિતૃ યજ્ઞ, ભુત યજ્ઞ, મનુષ્ય યજ્ઞ અને બ્રહ્મ યજ્ઞ એ પાંચ યજ્ઞો, જુદા જુદા ઘરમાં કરતાં જોયા. (લે) પાંચ યજ્ઞોનો એક પ્રકાર ગણતાં આઠ થયા.

કરતા, એક સ્થલે ઢાલ તલવારથી તલવાર ફેરવવાના ધારા પ્રમાણે અભ્યાસ કરતા જોયા. ૨૫.

૯.તે ધર્મ પૈકી ક્યાંક સંધ્યાની ઉપાસના કરતા ૧૦.બીજા (ઘર)માં જપ કરતા (જોયા). 'વાણીનો સંયમ કરેલાને' એ તે (જપ કરતા)નું જ વિશેષણ છે. મૌનવ્રત ધારણ કરેલા જૂદા (જોએલ) હોવાનું શંકા પડતું છે. ૧૧.એક સ્થલે ઢાલ તલવારથી તલવાર ફેરવવાના ધારા પ્રમાણે એટલે શાસ્ત્રમાં કહેલ તલવાર ફેરવવાના માર્ગની સૂચનાઓ પ્રમાણે અભ્યાસ કરતા (જોયા). ૨૫.

**અશ્વૈરથૈર્ગજૈઃ ક્વાપિ વિચરન્તં ગદાગ્રજમ્ ।।**
**ક્વચિચ્છયાનં પર્યઙ્કે સ્તૂયમાનં ચ બન્દિભિઃ ।।૨૬।।**

ક્યાંક અશ્વો, રથો અને હાથીઓ સાથે જતા ગદના મોટા ભાઈને જોયા. ક્યાંક પલંગ પર પોઢેલા, અને ભાટોથી સ્તુતિ કરતા (જોયા). ૨૬.

૧૨.તેવી જ રીતે અશ્વો, રથો અને હાથીઓ સાથે જતા ગદના મોટા ભાઈને એટલે ભક્તોના રક્ષણ માટે તે પ્રમાણે સાવચેત રહેતા હતા તેમને જોયા, એવો અર્થ છે. ૧૩.ક્યાંક પલંગ પર પોઢેલા, અને ૧૪.બીજા ઘરમાં ભાટોથી સ્તુતિ કરતા (જોયા), આ ધર્મનું દશ પ્રકારે[1] નિરૂપણ કર્યું. ૨૬.

નીચેના શ્લોકમાં (પૂર્વાર્ધથી) અર્થનું નિરૂપણ કરે છે :

**મન્ત્રયન્તં ચ કસ્મિંશ્ચિન્મન્ત્રિભિશ્ચોદ્ધવાદિભિઃ ।।**
**જલક્રીડારતં ક્વાપિ વારમુખ્યાબલાવૃતમ્ ।।૨૭।।**

અને ૧૫.કોઈક ઘરમાં ઉદ્ધવ વિગેરે મંત્રીઓ સાથે મંત્રણા કરતા અને ૧૬.ક્યાંક મુખ્ય વેશ્યાઓ અને સ્ત્રીઓથી વીંટાઈ જલક્રીડાથી રમણ કરતા જોયા. ૨૭.

ઉત્તરાર્ધથી કામનું નિરૂપણ કરેલું છે. ૨૭.

નીચેના શ્લોકમાં મોક્ષનું નિરૂપણ કરતાં, (તેનાં) સર્વ અંગો કહે છે :

**કુત્રચિદ્દ્વિજમુખ્યેભ્યો દદતં ગાઃ સ્વલઙ્કૃતાઃ ।।**
**ઈતિહાસપુરાણાનિ શ્રૃણ્વન્તં મઙ્ગલાનિ ચ ।।૨૮।।**

૧૭.કોઈક સ્થલે મુખ્ય બ્રાહ્મણોને સારી રીતે શણગારેલી ગાયોનું દાન કરતા અને ઈતિહાસ અને પુરાણો તથા મંગલોનું શ્રવણ કરતા (જોયા). ૨૮.

શ્રવણ કરતા જોયા, ઈતિહાસ અને પુરાણો એવો શ્રવણના વિષયમાં ભેદ કહ્યો. 'મંગલો' એટલે ભગવાનના ગુણો. ૨૮.

---

૧. શ્લોક ૨૪માં પાંચ યજ્ઞો યજ્ઞ રૂપે એક પ્રકારના ગણતાં ચાર પ્રકાર, શ્લોક ૨૫ના ત્રણ પ્રકાર અને શ્લોક ૨૬ના ત્રણ પ્રકાર ગણતાં દશ પ્રકારે ધર્મનું નિરૂપણ થયું.

નીચેના શ્લોકમાં જાણે કે દેવું ફીટાડતા હોય તેવાને (જોયાનું) કહે છે :

**હસન્તં હાસ્યકથયા કદાચિત્પ્રિયયા ગૃહે ।।**
**ક્વાપિ ધર્મં સેવમાનમર્થકામૌ ચ કુત્રચિત્ ।।૨૯।।**

૧૮.કોઈ પ્રસંગે ઘરમાં પ્રિયા સાથે હાસ્ય કથાને લીધે હાસ્ય કરતા ૧૯.ક્યાંક ધર્મ આચરતા ૨૦.કોઈક સ્થલે અર્થ-કામનું સેવન કરતા જોયા.૨૯.

તેના (ઋણ ફીટાડવાના) જ અંગભૂત (ધર્મ અર્થ અને કામ એ) ત્રણેના સમૂહને ઉત્તરાર્ધથી કહેલો છે. ૨૯.

**ધ્યાયન્તમેકમાસીનં પુરુષં પ્રકૃતેઃ પરમ્ ।।**
**શુશ્રૂષન્તં ગુરૂન્ક્વાપિ કામૈર્ભોગૈઃ સપર્યયા ।।૩૦।।**

૨૧.પ્રકૃતિથી પર પુરુષનું ધ્યાન ધરતાં એકલા બેઠેલાને ૨૨.ક્યાંક વડીલોની કામનાઓ, ભોગો તથા માન આપીને સેવા કરતા જોયા. ૩૦.

'ધ્યાયન્તં' એટલે ધ્યાન ધરતાં 'વડીલોની સેવા કરતાં' એટલે ત્રણ પ્રકારની વડીલોની સેવા (કરતા જોયા). ૩૦.

એવી રીતે અલૌકિક પુરુષાર્થો કહીને, નીચેના શ્લોકમાં લૌકિક વ્યવહાર (કરતાં જોયાનું) કહે છે :

**કુર્વન્તં વિગ્રહં કૈશ્ચિત્સન્ધિં ચાન્યત્ર કેવલમ્ ।।**
**કુત્રાપિ સહ રામેણ ચિન્તયન્તં સતાં શિવમ્ ।।૩૧।।**

૨૩.બીજા સ્થલે(ઘેર) કોઈની સાથે વિગ્રહ કરતા તથા માત્ર સંધિ કરતા અને ૨૪.ક્યાંક બલભદ્રની સાથે સત્પુરુષોના કલ્યાણનો વિચાર કરતા જોયા.૩૧.

બીજા રાજ્યના સભ્ય (પુરુષો)નો અંગીકાર કરેલ ન હતો. સંધિમાં (તેઓનો) અંગીકાર કર્યો. 'કેવલમ્' 'માત્ર' શબ્દથી જુદા જુદા સમયે સંધિ અને વિગ્રહ (કરતા) કહેલા છે. પછી સત્પુરુષોનું કલ્યાણ કેમ થાય? અથવા કલિમાં જે ઉત્પન્ન થવાના છે તેઓનું અલૌકિક (પ્રકાર)થી કલ્યાાણ કેમ થાય, એમ લોકના રીવાજ પ્રમાણે બલભદ્ર સાથે મંત્રણા (કરતા જોયા). ૩૧.

**પુત્રાણાં દુહિતૄણાં ચ કાલે વિધ્યુપપાદનમ્ ।।**
**દારૈર્વરૈસ્તત્સદૃશૈઃ કલ્પયન્તં વિભૂતિભિઃ ।।૩૨।।**

૨૫.પુત્રોને તેઓને યોગ્ય પત્નીઓ સાથે અને પુત્રીઓને તેઓને યોગ્ય વરો સાથે યોગ્ય સમયે વિધિપૂર્વક વૈભવથી પરણાવવાની ગોઠવણ કરતા જોયા.૩૨

પુત્રોનો અને પુત્રીઓનો વિવાહ એટલે વિધિપૂર્વક (તેઓને) 'કાલે' યોગ્ય સમયે પરણાવવાની (ગોઠવણ કરતા જોયા). વળી પુત્રોને પત્નીઓ સાથે વૈભવથી (પરણાવવાની) ગોઠવણ કરતા (જોયા), કોઈક ઘરમાં પુત્રને (તેની)

પત્ની સાથે મોટા ઉત્સવવાળો કરતા એવો અર્થ છે. તેવી રીતે પુત્રીઓને પણ તેઓને યોગ્ય વરો સાથે વૈભવથી પરણાવવાની ગોઠવણ કરતા (જોયા). એટલે પુત્રીઓને જમાઈઓ સાથે ઐશ્વર્ય વિગેરેવાળી કરી એવો અર્થ છે. ૩૨.

**પ્રસ્થાપનોપાનયનૈરપત્યાનાં મહોત્સવાન્ ।।**
**વીક્ષ્ય યોગેશ્વરેશસ્ય યેષાં લોકા વિસિસ્મિરે ।।૩૩।।**

૨૬.આણાં વળાવવાથી, તેડી આવવાથી સંતાનોના મહોત્સવોની (ગોઠવણ કરતા જોયા), જે ઉત્સવોના સંબંધવાળા લોકો યોગેશ્વરોના ઈશ્વરનો (વૈભવ) જોઈ વિસ્મય પામતા. ૩૩.

તે (પુત્રી)ઓને જ આણું વળાવવું તથા 'ઉપાનયનં' સાસરેથી પોતાના ઘેર તેડી આવવું; અથવા પુત્રોની સ્ત્રીઓના સંતાનોના મહોત્સવોની ગોઠવણ કરતા (જોયા) એવો (વાક્યનો) સંબંધ છે.

'(આ ઉત્સવો કરવાનું) આવશ્યક હોવાથી દિલ દઈને કરતા નહિ હોય' એવી શંકા થાય, તેથી તે દૂર કરવા ઉત્તરાર્ધથી ઘણી સમૃદ્ધિ જણાવે છે. (ભગવાન્) યોગેશ્વરોના પણ ઈશ્વર હોવાથી પ્રયાસ વિના તરત અનેક પ્રકારની સામગ્રી પૂરી પાડતા. તેથી જે મહોત્સવોના સંબંધવાળા લોકો તે (સામગ્રી)ને જોઈને, તેવી પહેલાં (ક્યાંક) જોએલી નહિ હોવાથી વિસ્મય પામતા. ૩૩.

લૌકિક ધર્મો પૈકી માત્ર લૌકિક (ધર્મો)નું એવી રીતે વર્ણન કરી, નીચેના શ્લોકમાં તેના જેવા ધર્મો કહે છે :

**યજન્તં સ્વકલાન્ દેવાન્ ક્વાપિ ક્રતુભિરૂર્જિતૈઃ ।।**
**પૂર્તયન્તં ક્વચિદ્ધર્મં કૂપારામમઠાદિભિઃ ।।૩૪।।**

૨૭.ક્યાંક પોતાની કલારૂપ દેવોનું વૈભવવાળા યજ્ઞોથી પૂજન કરતા અને ૨૮.ક્યાંક કૂવા વાડીઓ મંદિરો વિગેરેથી ધર્મની વૃદ્ધિ કરતા (જોયા). ૩૪.

પોતાની કલા છે જેમનામાં તે (પોતાની કલારૂપ એટલે) ભગવાનના આવેશવાળા (દેવોને) 'ઊર્જિતૈઃ' લૌકિક સાધનોથી વૈભવવાળા 'ક્રતુભિઃ' યજ્ઞો વિગેરેથી અથવા દુઃખ દૂર કરનારા અને પોષણ કરનારા યજ્ઞોથી પૂજતા જોયા. ઉત્તરાર્ધથી ધર્મનું આચરણ કરતા પણ જોયાનું કહે છે. કૂવા વાડી વિગેરેની પ્રતિષ્ઠા કરવા દેવતાનું આવાહન કરીને તેનું વિસર્જન થતાં બેઠેલા જોયા એવો અર્થ છે. 'આરામાઃ' વાડીઓ, તેની અંદર 'આલયાઃ'[1] ઘરો અથવા દેવમંદિરો આ તામસ વિગેરે (તામસ રાજસ અને સાત્ત્વિક) ભેદ કહેલા છે. બીજા (ધર્મ કાર્યો)માં તે (કૂવા વિગેરે) મુખ્ય હતા. ૩૪.

૧. 'કૂપારામાલયાદિભિઃ' પાઠ આચાર્યચરણે લીધેલ છે.

**ચરન્તં મૃગયાં ક્વાપિ હયમારુહ્ય સૈન્ધવમ્ ।।**
**ઘ્નન્તં તતઃ પશૂન્મેધ્યાન્પરીતં યદુપુઙ્ગવૈઃ ।।૩૫।।**

૨૯.ક્યાંક સમુદ્રમાંથી ઉત્પન્ન થએલ અશ્વ ઉપર બેસી મૃગયા કરતા અને ૩૦.પછી ઉત્તમ યાદવોથી વીંટાઇ પવિત્ર પશુઓને હણતા (જોયા). ૩૫.

પછી અંતઃપુરમાં આવેલ પર્વત વાડીઓ વિગેરેમાં 'સૈન્ધવં' સમુદ્રમાંથી ઉત્પન્ન થએલ અશ્વ ઉપર બેસી મૃગયા કરતા (જોયા). રાત્રિના સમયે પણ (નારદે) ઘરમાં પ્રવેશ કર્યો. ઘરમાં રહેલાઓએ (મૃગયા કરવા પધાર્યા છે) તેમ કહ્યું. મૃગયાના સ્થાનમાં તેવા પ્રકારના (ભગવાન)નાં (તેને) દર્શન થયાં એવો અર્થ છે. તેવી જ રીતે ક્યાંક શ્રાદ્ધ વિગેરે માટે પવિત્ર પશુઓને હણતા (જોયા). તે સંબંધમાં બીજાઓને માટે પણ (ભગવાન્) તેમ કરતા હતા એમ જણાવવા 'ઉત્તમ યાદવોથી વીંટાઇ' એમ કહેલું છે. ૩૫.

(નારદે ભગવાનને) છૂપા ફરવાનું (કાર્ય) કરતાં જોયા એમ નીચેના શ્લોકમાં કહે છે :

**અવ્યક્તલિઙ્ગપ્રકૃતિષ્વન્તઃપુરગૃહાદિષુ ।।**
**ક્વચિચ્ચરન્તં યોગેશં તત્તદ્ભાવબુભુત્સયા ।।૩૬।।**

૩૧.ક્યાંક જેઓનાં લક્ષણો સ્પષ્ટ ન હતાં તેવી સ્ત્રીઓમાં અને જેઓના ઘરો અંતઃપુરમાં હતાં તેઓમાં તેમનું તેમનું નિખાલસપણું જાણવાની ઇચ્છાથી યોગેશ્વરને ફરતા જોયા. ૩૬.

સ્પષ્ટ ન હતાં, સારી અથવા દુષ્ટ એમ જણાવનારાં લક્ષણો જે 'પ્રકૃતીનાં' સ્ત્રીઓમાં અને અંતઃપુરમાં હતું ઘર જેઓનું તેઓમાં પણ તે તે સારાં છે કે દુષ્ટ એવાં લક્ષણો જાણવાની ઇચ્છાથી, જેમ છૂપી રીતથી રાજાઓ છૂપા ફરે છે તેમ ભગવાનને ક્યાંક ફરતા જોયા, કારણ કે નારદ પોતે પણ ત્યાં (ભગવાનના અંતઃપુરમાં) જ તેવા ગુણમાં (છૂપી રીતે ફરવામાં) રોકાએલો હતો તેથી નારદ વિગેરે[1] (છૂપા ફરનાર)ને ભગવાન્ શોધતા હતા. 'જેઓ જે રીતે મને ભજે છે (તેમને હું પણ તેવી રીતે ભજું છું)' એ વાક્ય પ્રમાણે (ભગવાન્ અને નારદ બંને) સમાન ગુણવાળા હોવાથી ત્યાં (નારદને) ભગવાનનો સાક્ષાત્કાર થયો. ૩૬.

પછી સમીપમાં ભેગા થએલા, નાસી જવાની શક્તિ વિનાના નારદે શરમાઇ જઇ ભગવાનને કાંઇક કહ્યું એમ નીચેના શ્લોકમાં કહે છે :

**અથોવાચ હૃષીકેશં નારદઃ પ્રહસન્નિવ ।।**

---

૧. 'વિગેરે' શબ્દ પ્રકાર દર્શાવનારો છે. 'નારદ જેવા બીજા છૂપા રહેલાઓને' એવો તેનો અર્થ છે. (લે)

**યોગમાયોદયં વીક્ષ્ય માનુષીમીયુષો ગતિમ્ ।।૩૭।।**

પછી મનુષ્યની સ્થિતિ ગ્રહણ કરેલા હૃષીકેશની યોગમાયાની સમૃદ્ધિ જોઈને નારદે જાણે હસતો હોય તેમ (તેમને નીચે પ્રમાણે) કહ્યું. ૩૭.

'હૃષીકેશ' એવા આ (શબ્દ)થી (નારદે) પોતાનો અપરાધ દૂર કરેલો છે, કારણ કે ભગવાને જ (તેને) તેવી (છૂપા રહી જોવાની) પ્રેરણા કરેલી. આરંભમાં એક બીજાનાં દર્શનથી હસવું (આવ્યું); પછી શરમને લીધે જાણે કે દિલગીરીને લીધે હોય તેમ (હસ્યો).

'આટલું જોઈને નારદ (૧) શું મૂઢ થયો? અથવા (૨) ભગવાનના ન ચિંતન થઈ શકે તેવા ઐશ્વર્યનું જ્ઞાન થવાથી તેવો[૧] થયો? અથવા (૩) આ માયા જ હતી?' જો માયા માનવામાં આવે તો (નારદની ભગવાન્ વિષે) સંપૂર્ણ રીતે પ્રાકૃતપણાની બુદ્ધિ થાય. પહેલા (મૂઢ થયો એ) મત પ્રમાણે તો[૨] નારદ સંપૂર્ણ રીતે પ્રાકૃત (ગણાય). વચલા મત પ્રમાણે તો બંને ઉત્તમ ગણાય. (આ) ત્રણે પ્રકારની ચોક્કસ માન્યતા નારદની બુદ્ધિમાં સ્ફુરી ન હતી, પરંતુ 'આ (ભગવાનના) યોગનું ફલ છે' એમ પોતે અને ભગવાન્ સમાન હોવાનું (તેને) જ્ઞાન થયું અને (ભગવાનની) મધ્યમ સ્થિતિ[૩] (તેની બુદ્ધિમાં) સ્ફુરી એમ જણાવતાં 'યોગમાયાની સમૃદ્ધિ જોઈને' શબ્દો યોજેલા છે.

'યોગમાયાથી દિવ્ય ફલો પણ પ્રાપ્ત થાય છે, તેથી (નારદે) આ જ લીલા કેમ જોઈ?' એવી શંકા થાય, તેથી 'મનુષ્યની સ્થિતિ ગ્રહણ કરેલા' શબ્દો યોજેલા છે, કારણ કે યોગેશ્વર જેવા પ્રકારનું રમણ (કરવા) ઈચ્છે છે તેને અનુકૂલ (યોગમાયા નું ફલ) થાય છે.

'યોગ માયા' એટલે યોગની આધિદૈવિક દેવતા, અથવા તેવી ભગવાનની સાધનરૂપ શક્તિ એવો (અર્થ છે). ૩૭.

(ભગવાન્ યોગેશ્વર છે) તેટલું જ જાણી, (તેવો) નિશ્ચય કરીને, તેમાં જ સમાપ્ત થએલી બુદ્ધિવાળા (નારદ)ને (તેથી) અધિક વિષયનું જ્ઞાન નહિ હોવાથી, 'નાયકનું ઉત્તમપણું ન હોય તો પ્રમેય ભક્તિમાર્ગ સારો નથી' એવા વિચારથી તે મૂકી દેવાની ઈચ્છા કરતો હોય તેમ, પ્રમાણબલથી જ ભક્તિમાર્ગનો

૧. 'તેવો' એટલે 'પુરુષોત્તમના સ્વરૂપને જાણનારો'. (લે)

૨. ભગવાનના સ્વરૂપનું આ મત પ્રમાણે તો તેને અજ્ઞાન જ હતું એમ 'તુ' 'તો' શબ્દ જણાવે છે. (લે)

૩. બ્રહ્મ જ અનંત આકારવાળું છે એવી માન્યતા ઉત્તમ છે. યોગના બલથી ભગવાન્ પોતાના જુદાં જુદાં રૂપ કરે છે, એવી માન્યતા મધ્યમ છે, એવો અર્થ છે. (લે)

ઉપદેશ કરીશ એવો નિશ્ચય કરીને, નીચેના શ્લોકથી આરંભી બે શ્લોકથી તે ભગવાન્ પાસે (તેવી) પ્રાર્થના કરે છે :

**વિદામ યોગમાયાસ્તે દુર્દર્શા અપિ યોગિનામ્ ।।**
**યોગેશ્વરાત્મન્નિર્ભાતા ભવત્પાદનિષેવયા ।।૩૮।।**

યોગીઓથી પણ જાણી ન શકાય તેવી આપની યોગમાયાઓ મેં જાણી. હે યોગેશ્વરોના આત્મા ! આપના ચરણની સેવાથી (મને) જણાઈ. ૩૮.

ઈચ્છા પ્રમાણે પ્રવૃત્તિ કરનાર (આપની) જુદી જુદી ઈચ્છાઓ પૂર્ણ કરનારી આપની યોગમાયાઓ મેં જાણી. આ જ્ઞાન તેને એકલાને જ થએલું હતું એમ જણાવવા 'યોગીઓથી પણ જાણી ન શકાય તેવી' શબ્દો કહેલા છે. (આપના આ વૈભવના) કારણનું જ્ઞાન યોગીઓને પણ દુર્લભ છે, કારણ કે કાર્ય (વૈભવ)ને લૌકિક જાણતા હોવાથી, તેઓને કારણ જાણવાની ઈચ્છા જ ઉત્પન્ન થતી નથી.

'ત્યારે તને કેમ ઉત્પન્ન થઈ ?' એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધ કહેલો છે. હું વિગેરે યોગીઓને આત્મા તરીકે સ્ફુરેલા આપજ આપના ચરણનું ભજન કરવાના કારણરૂપ છો એવા અભિપ્રાયથી ('હે યોગશ્વરોના આત્મા' એવું) સંબોધન કરેલું છે. યોગમાયાઓનું જ્ઞાન થવાનું કારણ તો આપના ચરણની સેવા છે. ૩૮.

તેથી આટલા સમય સુધી કરેલી પ્રમેયબલની ભક્તિ આ વિષયનું જ્ઞાન થવામાં જ[૧] થઈ રહી, તેથી આ (પ્રમેયબલના) મતનો ત્યાગ કરીને હું કીર્તનમાર્ગ પ્રમાણે જ રહીશ (વર્તીશ) એવી નીચેના શ્લોકમાં પ્રાર્થના કરે છે :

**અનુજાનીહિ માં દેવલોકાંસ્તે યશસાપ્લુતાન્ ।।**
**પર્યટામિ તવોદ્ગાયંલ્લીલા ભુવનપાવનીઃ ।।૩૯।।**

ભુવનોને પવિત્ર કરનારી આપની લીલાઓનું ગાન કરતો આપના યશથી ભરેલા દેવલોકમાં હું ફર્યા કરું તેવી મને પરવાનગી આપો. ૩૯.

આપના યશથી 'આપ્લુતાન્' ભરેલા દેવલોકોમાં એટલે ઈન્દ્ર વિગેરેના સ્થાનોમાં (આપની લીલાઓનું) ગાન કરતો હું ફર્યા કરું. પહેલાં થઈ (નારદને દેખાડી) તે જ લીલાઓ ભુવનોને પવિત્ર કરનારી છે. આ (લીલાઓ કોઈ બીજાએ) જોએલી નહિ હોવાથી અને શાસ્ત્રમાં પ્રસિદ્ધ નહિ હોવાથી આ (લોકમાં) આદર પામેલી નથી એમ વાસ્તવિક રીતે કહેવાયું. ૩૯.

'તે વિષયમાં (નારદ) વિચાર કરવા પ્રવૃત્ત થએલ હોવા છતાં જ્ઞાન નહિ

---

૧. 'આ વિષયનું જ્ઞાન થવામાં જ' એટલે યોગમાયાનું જ્ઞાન થવામાં જ. (ગયા શ્લોકના શ્રીસુબોધિનીમાં જણાવેલ મધ્યમ ભાવનું જ્ઞાન થવામાં. (લે)

થવાથી દુઃખી થઈ માર્ગનો જ ત્યાગ કરવા ઈચ્છે છે' એવો નિશ્ચય કરીને ભગવાન્ (તેને) નીચેના શ્લોકથી ઉપદેશ આપે છે :

||શ્રીભગવાનુવાચ||

**બ્રહ્મન્ ધર્મસ્ય વક્તાહં કર્તા તદનુમોદિતા ||**

**તચ્છિક્ષયઁલ્લોકમિમમાસ્થિતઃ પુત્ર મા ખિદઃ ||૪૦||**

હે બ્રહ્મન્! ધર્મ કહેનાર આચરનાર અને તેનું અનુમોદન કરનારો હું તે શીખવતાં આ લોકમાં રહેલો છું. હે પુત્ર! ખેદ ન કર. ૪૦.

વેદ વિગેરેમાં માત્ર ધર્મ કહેવામાં આવે તો તેમાં ક્રિયાનો પ્રવેશ આચરવાનું નહિ હોવાથી, લોક તેનો આદર ન કરે; તેથી હું ધર્મ આચરનાર પણ છું. જો આચરવા માં આવતા ધર્મનું વચન આચરણ વિગેરેથી અનુમોદન ન કરું તો પણ લોકની ધર્મમાં પ્રવૃત્તિ ન થાય, તેથી હું ધર્મનું અનુમોદન પણ કરનારો છું. તેથી લોકમાં ધર્મની પ્રવૃત્તિ થાય તે માટે તે શીખવતાં એટલે લોકને ધર્મનું શિક્ષણ આપતાં હું આ લોકમાં રહેલો છું; એટલે આ સ્થિતિમાં રહેલો છું, એવો અર્થ છે. એવી રીતે પોતાના કાર્યમાં રહેલા જાતજાતના ધર્મના અભિપ્રાયનું ભગવાને વર્ણન કર્યું.

'તને ઠગવા ભગવાને માયા દેખાડી હશે' એવો વિચાર ખોટો હોવાનું જણાવવા 'હે પુત્ર!' એવું સંબોધન કરેલું છે. લીલાનું તત્ત્વ ન જાણવાને લીધે તું ખેદ ન કર, કારણ કે મેં તને તેનું તત્ત્વ કહ્યું. ૪૦.

નીચેના બે શ્લોકોથી (અનુક્રમે) તેણે પછી જોયું તે અને જોયા પછીનો તેનો નિર્ણય કહે છે :

||શ્રીશુક ઉવાચ||

**ઈત્યાચરન્તં સદ્ધર્માન્ પાવનાન્ગૃહમેધિનામ્ ||**

**તમેવ સર્વગેહેષુ સન્તમેકં દદર્શ હ ||૪૧||**

**કૃષ્ણસ્યાનન્તવીર્યસ્ય યોગમાયામહોદયમ્ ||**

**મુહુર્દૃષ્ટ્વા ઋષિરભૂદ્વિસ્મિતો જાતકૌતુકઃ ||૪૨||**

અહો! એવી રીતે પવિત્ર કરનારા ગૃહસ્થોના ઉત્તમ ધર્મોનું આચરણ કરતા તેમને એકલાને જ સર્વ ઘરોમાં રહેલા (નારદે) જોયા. અનંત વીર્યવાળા શ્રીકૃષ્ણની યોગમાયાનો ભારે વૈભવ વારંવાર જોઈને ઋષિને વિસ્મય થયો અને તે આકાંક્ષાવાળા થયા. ૪૧-૪૨.

ત્રણે પ્રકારના[1] સત્પુરુષોના સર્વ પ્રકારના ગૃહસ્થના ધર્મો પવિત્ર કરનારા છે, કારણ કે ભગવાને (આ ધર્મનું) આચરણ કર્યું એવા અભિપ્રાયથી જો કોઈ

૧. ધર્મ અર્થ અને કામવાળા, એવા ત્રણ પ્રકારના. (લે)

(તેનું) આચરણ કરે તો તે પવિત્ર થાય છે. તેથી સર્વ ઘરોમાં રહેલા અનંત રૂપવાળા તેમને (ભગવાનને) જ (નારદે) જોયા. ૪૧.

પછી જે થયું તે બેતાલીસમા શ્લોકથી કહે છે. અનંત છે વીર્યો જેમનાં તેવા (ભગવાન્ છે). (તેમની) સ્ત્રીઓમાં સ્થિતિ લીલાથી જ છે, પરંતુ વાસ્તવિક રીતે નથી;[૨] કારણ કે આમનામાં સર્વ શક્તિઓ (રહેલી) છે. તેમાં પણ આ યોગમાયાનો ભારે વૈભવ છે, આવો કોઈ વાર જોવામાં આવ્યો ન હતો. તેથી ધર્મ (યોગમાયા) અને ધર્મી (ભગવાન)ની અલૌકિક સ્થિતિ જોવાથી તે વિસ્મય પામ્યો, અને ફરીથી તેનાં દર્શન કરવાની આકાંક્ષાવાળો થયો. ૪૨.

**ઈત્યર્થકામધર્મેષુ કૃષ્ણેન શ્રદ્ધિતાત્મના ।।**
**સમ્યક્ સભાજિતઃ પ્રીતસ્તમેવાનુસ્મરન્યયૌ ।।૪૩।।**

એવી રીતે અર્થ કામ અને ધર્મમાં શ્રદ્ધાવાળા અંતઃકરણવાળા શ્રીકૃષ્ણથી સારી રીતે આદર પામેલો તે પ્રસન્ન થઈને તેમનું જ સ્મરણ કરતો ગયો. ૪૩.

પછી આદરપૂર્વક (શ્રીકૃષ્ણનાં) દર્શન કર્યા પછી અર્થ કામ અને ધર્મમાં શ્રદ્ધાવાળા અંતઃકરણવાળા ભગવાનથી સારી રીતે આદર પામેલો, બ્રાહ્મણ જાણીને તથા ઋષિ જાણીને (તેની) ઈચ્છા પ્રમાણે ભોજન વિગેરેથી પ્રસન્ન કરેલો તેમનું એટલે ભગવાનનું જ[૧] સ્મરણ કરતો તે ગયો, પરંતુ પ્રમાણબલ ઉપર આધાર રાખીને (ગયો) નહિ[૧]. ૪૩.

એવી રીતે નારદે જોએલી ભગવાનની લીલાનું વર્ણન કરી, નીચેના શ્લોકથી (તેનો) ઉપસંહાર કરે છે :

**એવં મનુષ્યપદવીમનુવર્તમાનો નારાયણોઽખિલભવાય ગૃહીતશક્તિઃ ।।**
**રેમેઽઙ્ગ ષોડશસહસ્રવરાઙ્ગનાનાં સવ્રીડસૌહૃદનિરીક્ષણહાસજુષ્ટઃ ।।૪૪।।**

હે રાજા! સર્વના કલ્યાણ માટે જેમણે શક્તિઓ ધારણ કરેલી છે તેવા, મનુષ્યની સ્થિતિને અનુસરનારા નારાયણ સોળ હજાર ઉત્તમ સ્ત્રીઓનાં લજ્જા-યુક્ત સ્નેહવાળી દૃષ્ટિ સાથેના હાસ્યથી સેવાતા રમણ કરતા હતા. ૪૪.

જુદા જુદા ધર્મોનું આચરણ કરવામાં ન આવે તો (તે) જુદા જુદા ધર્મોને કોઈ અનુસરે નહિ, તેથી મનુષ્યની સ્થિતિને અનુસરતા ભગવાન્ સોળ હજાર ઉત્તમ સ્ત્રીઓના લજ્જા યુક્ત સ્નેહની દૃષ્ટિ વિગેરેથી સેવાતા રમણ કરતા હતા.

---

૨. નારદની બુદ્ધિને અનુસરી આ કહેલું છે. (લે)

૧-૧. પ્રમેયમાર્ગની ત્યાગ કરવાની ઈચ્છાવાળો થએલ, તેનું ભગવાને સમાધાન કર્યું એવો અર્થ છે. આ 'એવ' 'જ' શબ્દનો અર્થ છે. પ્રમેયમાર્ગ ઉપર આધાર રાખ્યો એવો અર્થ છે. (લે)

મનુષ્યની સ્થિતિમાં આવેલા હોવા છતાં (ભગવાન્) મૂલરૂપ જ હતા એમ જણાવવા 'નારાયણ' શબ્દ યોજેલ છે.

'તેમને એ પ્રમાણે કરવાનું શું પ્રયોજન?' એવી શંકા થાય, તેથી 'સર્વના કલ્યાણ માટે જેમણે શક્તિઓ ધારણ કરેલી છે તેવા' એમ કહેલું છે. સર્વના કલ્યાણ માટે (ભગવાને) બધી સાત્ત્વિક શક્તિઓ ધારણ કરેલી છે. તેવા સંજોગોમાં જો મનુષ્યની ધર્મમાં પ્રવૃત્તિ ન થાય તો સર્વનું કલ્યાણ ન થાય, તેથી (ભગવાન્) તે પ્રમાણે કરે છે. 'હે રાજા!' એવું સંબોધન (શુક પરિક્ષિતને) છેતરતા નથી એમ જણાવવા કહેલું છે. આઠ પટરાણીઓના સંબંધમાં (તેઓની સાથે ભગવાન્ રમણ કરે તે વિષયમાં) કાંઈ તકરાર નહિ હોવાથી, 'સોળ હજાર ઉત્તમ સ્ત્રીઓનાં...' એમ (કહેલું છે). 'ઉત્તમ' શબ્દથી જુદી જુદી (સ્ત્રીઓ)ની દાસીઓને બાતલ કરેલી છે, અથવા બીજી (ભગવાનની પત્નીઓ ન હતી તેવી) ગોપીઓનો સમાવેશ કરેલો છે. લજ્જાયુક્ત[1] જે આ સ્નેહવાળી અમુક પ્રકારની દૃષ્ટિ તેની સાથેનું હાસ્ય, તેથી સેવાતા; એમ તામસ સાત્ત્વિક વિગેરેના ભેદથી ત્રણ પ્રકારનો પ્રેમ જણાવેલો છે. ૪૪.

એવી રીતે રમણનો ઉપસંહાર કરીને, 'આ લૌકિક લીલા ધર્મ (કરવા)ની ઈચ્છાવાળાઓએ સાંભળવી ન જોઈએ' એવી શંકા દૂર કરવા, નીચેના શ્લોકમાં (આ લીલાના) શ્રવણનું ફલ કહે છે :

**યાનીહ વિશ્વવિલયોદ્ભવવૃત્તિહેતુઃ કર્માણ્યનન્યવિષયાણિ હરિશ્ચકાર।।**
**યસ્ત્વઙ્ગ ગાયતિ શ્રૃણોત્યનુમોદતે વા ભક્તિં લભેત ભગવત્યપવર્ગમાર્ગે ।।૪૫।।**

હે રાજા! વિશ્વનો લય ઉત્પત્તિ અને સ્થિતિના કારણરૂપ હરિએ બીજાથી થઈ ન શકે તેવાં જે કર્મો અહિં કરેલાં છે (તેમનું) જે ગાન શ્રવણ અથવા અનુમોદન કરે છે તે મોક્ષના માર્ગરૂપ ભગવાનમાં ભક્તિ પ્રાપ્ત કરે છે. ૪૫.

સર્વ પ્રકારનાં કર્મો કરવામાં ભગવાનનું પ્રયોજન કહે છે કે વિશ્વનો લય, 'ઉદ્ભવઃ' ઉત્પત્તિ (અને) 'વૃત્તિઃ' સ્થિતિ, તેમના કારણરૂપ (હરિ છે) તેથી જ બીજાથી થઈ ન શકે તેવાં કર્મો (હરિએ) કરેલાં છે, કારણ કે બીજો (કોઈ) જગતની ઉત્પત્તિ વિગેરેનું કારણ થતો નથી, અને લીલામાં બીજા (કોઈ)નો પ્રવેશ કરાવતો નથી, પરંતુ જુદા જુદા (કાર્યમાં) રોકાઈ પોતે જ તેમ કરે છે. તેથી (તેના કાર્યમાં) બીજો ગોચર થતો નથી.

ઉત્તમ લીલા (કરવા)નું પ્રયોજન 'હરિ' શબ્દથી કહેલું છે. તેથી જે આ લીલાનું ગાન કરે છે, અથવા પોતે જ આનંદથી કીર્તન કરે છે, બીજાથી ગાન થતું

૧. આ ભાવ પ્રધાન છે. લજ્જા સહિત (જોવું) એ દૃષ્ટિનો એક પ્રકાર છે. એવો અર્થ છે. (લે)

હોય ત્યારે દૂર રહીને અથવા પાસે રહીને શ્રવણ કરે છે, અથવા શ્રવણ કરનારના અથવા કહેનારના સંબંધવાળી કથાઓનું[1] તે કેટલાક સમય પછી અથવા કથા પૂરી થાય ત્યારે અનુમોદન કરે છે, તે ભગવાનમાં એટલે પૂર્ણ પુરુષમાં ભક્તિ પ્રાપ્ત કરે છે. ભક્તિ બીજામાં થતી નથી એમ 'મોક્ષના માર્ગરૂપ' શબ્દથી કહે છે, મોક્ષ (પ્રાપ્ત કરવા)નો બીજો માર્ગ નથી, એવો અર્થ છે. ૪૫.

**ઈતિ શ્રીલક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીમદ્વલ્લભદીક્ષિતે રચેલી શ્રીમદ્ભાગવતની સુબોધિનીમાં દશમા સ્કંધના વિવરણમાં ઉત્તરાર્ધનો છાંસઠમો અધ્યાય સંપૂર્ણ.**

૧. 'પોતે શ્રવણ કરેલી અથવા કહેલી કથાઓનું' એવો અર્થ જણાય છે.

# અધ્યાય સડસઠ.

## સવારથી રાત્રિ પર્યન્તની ભગવાનની દિનચર્યા

**સાત્ત્વિકાનાં નિરોધે તુ પ્રમેયબલતઃ પુરા ।।**
**ષડ્ભિઃ સર્વે નિરુદ્ધાસ્તે સાધનેનોચ્યતેઽધુના ।।૧।।**
**ષડ્ભિરેવ તથાધ્યાયૈર્ધર્મોઽત્ર ભગવત્કૃતઃ ।।**
**કારિતશ્ચ દ્વિરૂપો હિ વર્ણ્યતેઽન્યનિષેધને ।।૨।।**

સાત્ત્વિકોના નિરોધમાં તો પહેલાં છ (અધ્યાયો)થી તે બધાનો પ્રમેયબલથી નિરોધ કર્યો. તેવી રીતે હવે છ જ અધ્યાયોથી સાધનથી (તેઓનો નિરોધ) કહેવામાં આવે છે. (૧) ભગવાને આચરેલા અને (૨) કરાવેલા એવા બે પ્રકારના ધર્મનું વર્ણન (શ્રીકૃષ્ણ ભગવાન્ વિના) બીજા નથી એમ જણાવવા અહિં કરવામાં આવે છે. કા.૧-૨.

**તત્રૈકવિંશે ત્વધ્યાયે ધર્મો હિ ભગવત્કૃતઃ ।।**
**નિરૂપ્યતે યતો લોકા જાતા હરિપરાઃ સ્વતઃ ।।૩।।**

એકવીસમા અધ્યાયમાં તે પૈકી ભગવાને આચરેલા ધર્મનું વર્ણન કરવામાં આવે છે, જેને લીધે લોકો પોતાની મેળે હરિમાં આસક્તિવાળા થયા. કા.૩.

**સર્વાન્ ધર્માન્ વિશેષેણ તત્તદ્ભેદેન ચૈવ હિ ।।**
**પૂર્વાધ્યાયે નિરૂપ્યૈવ હ્યાહ્નિકં હ્યત્ર રૂપ્યતે ।।૪।।**

ગયા અધ્યાયમાં જુદા જુદા ભેદથી જ સર્વ ધર્મોનું સારી રીતે નિરૂપણ કરીને જ, અહિં (આ અધ્યાયમાં) આહ્નિક[1] કહેવામાં આવે છે. કા.૪.

**તેનૈવ શુદ્ધચિત્તાસ્તે રાજાનઃ સાત્ત્વિકાસ્તથા ।।**
**પ્રપન્નાઃ સર્વથા કૃષ્ણે પ્રયોજનમિદં મતમ્ ।।૫।।**

તેનાથી જ શુદ્ધ થએલ ચિત્તવાળા તે સાત્ત્વિકો અને રાજાઓ શ્રીકૃષ્ણમાં સંપૂર્ણ રીતે આસક્તિવાળા થશે. આ આહ્નિક કહેવાનું પ્રયોજન વિચારેલું છે.કા.૫.

**અન્યથા હ્યાહ્નિકો ધર્મો નિષ્પ્રયોજનતાં વ્રજેત્ ।।**
**સભાયાં ગમનં ચૈવ રક્ષાં સૂચયતિ ક્ષતાત્ ।।૬।।**

તેમ ન હોય તો આહ્નિક ધર્મ(નું વર્ણન) પ્રયોજન વિનાનું થાય. (ભગવાન નું) સભામાં પધારવું પણ તેવી જ રીતે વિનાશમાંથી (રાજાઓનું) રક્ષણ સૂચવનારું છે. કા.૬.

એવી રીતે ગયા (છ) અધ્યાયોથી ભગવાને પ્રમેયબલનો આધાર લઇ

૧. 'આહ્નિક' એટલે 'નિત્ય આચરવાનો ધર્મ' 'નિત્યકૃત્ય'.

સર્વને પોતાના (સેવક) કર્યા. હવે ધર્મ વિગેરે સાધનોથી ભગવાન્ (સર્વને) પોતાના (સેવક) કરે છે. તે પૈકી આરંભમાં ભગવાનનો હરરોજનો નિત્ય ધર્મ કહેવામાં આવે છે.

પછી ધર્મમાં આસક્તિવાળાનું જે કૃત્ય તેનું નિમિત્ત (કારણ) કાલ જ હોવાથી, નીચેના શ્લોકથી આરંભી અરૂણનો ઉદય થાય ત્યાં સુધીનું બધું દિવસના પહેલા ભાગનું કૃત્ય કહે છે :

।। શ્રીશુક ઉવાચ।।

**અથોષસ્યુપવૃત્તાયાં કુક્કુટાન્ કૂજતોઽશપન્ ।।**

**ગૃહીતકણ્ઠ્યઃ પતિભિર્માધવ્યો વિરહાતુરાઃ ।।૧।।**

પછી અરૂણનો ઉદય થવાનો સમય થયો ત્યારે પતિઓથી કંઠમાં આલિંગન પામેલી વિરહ(ના ભય)થી દુઃખી થતી માધવની પત્નીઓ અવાજ કરતા કુકડાઓને દોષ દેવા લાગી. ૧.

આ 'પછી' શબ્દ જૂદા પેટા-પ્રકરણનો આરંભ દર્શાવનારો છે. 'ઉષસિ' અરૂણનો ઉદય[૧] 'ઉપવૃત્તાયાં' થવાનો સમય થયો ત્યારે. પરોઢની ચાર ઘડીઓ અરૂણોદય કહેવાય છે, તેથી ભગવાન્ ધર્મ અર્થ અને કામ ફરીથી કરવાના છે એમ જણાવવા, 'અવાજ કરતા કુકડાઓને દોષ દેવા લાગી' શબ્દોથી કામમાં આસક્તિ-વાળી સ્ત્રીઓ ધર્મ(નું આચરણ) સહન કરી શકતી નથી એમ કહેલું છે. તે (દોષ દેવા)નું કારણ 'પતિઓથી' એટલે શ્રીકૃષ્ણોથી 'કંઠમાં આલિંગન પામેલી' શબ્દોથી કહેલું છે.

'ગૃહસ્થાશ્રમમાં ભોજનની પેઠે ભોગ પણ પરિમિત હોવાથી સવારના સમયને સૂચવનારા કુકડાઓને દોષ કેમ દેવા લાગી?' એવી શંકા થાય, તેથી 'વિરહ (ના ભય)થી દુઃખી થતી' વિશેષણ યોજેલું છે. તેનું કારણ 'માધવ્યઃ' એટલે 'માધવની સ્ત્રીઓ' શબ્દથી (કહેલું છે). (ભગવાન્) લક્ષ્મીના પતિ હોવાથી માત્ર પોતાથી છૂટા પડતાં જ (તેમને) લક્ષ્મીનો સંબંધ થવાનું સંભવે છે. તેથી (તેમને) વિરહ થવાનું સંભવે[૨] છે એવો (અર્થ છે). જેઓને ફલ પ્રાપ્ત થએલું છે તેઓ (ફલ પ્રાપ્ત કરવાનાં) સાધનનો દ્વેષ કરે એ યોગ્ય હોવાથી, અને ભગવાન્ ધર્મ આચરે તે

---

૧. આગળ (ચોથા શ્લોકમાં) 'બ્રાહ્મ મુહૂર્તમાં' એમ કહેલ હોવાથી, તેની સાથે ઘટે તેમ અહિં 'ઉષસ્' શબ્દનો અર્થ અરૂણનો ઉદય જ કહેલો છે, પરંતુ અહાવન ઘડી કહી નથી, એવો અર્થ છે. (લે)

૨. લક્ષ્મીનો સંબંધ થતાં ભગવાન્ તેની પાસે જ રહે, એટલે આપણને તો ભગવાનનો વિરહ જ રહે, એવો અર્થ છે. (લે)

સાત્ત્વિકોનો નિરોધ કરવાના પ્રયોજનથી (આચરતા) હોવાથી, (તેમની) સાથે સંબંધ પ્રાપ્ત કરેલી (સ્ત્રી)ઓનો નિરોધ (તેમની) કેવલ ઈચ્છાથી જ થએલો હોવાથી, (તેઓ) કુકડાઓને દોષ દે તે યોગ્ય છે. ૧.

'કુકડાઓ વિગેરેએ એવી રીતે ભગવાને ઈચ્છેલું ન હોય તેવું કેમ કર્યું?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**વયાંસ્યરૂરુવન્ કૃષ્ણં બોધયન્તીવ બન્દિનઃ ।।**
**ગાયત્સ્વલિષ્વનિદ્રાણિ મન્દારવનવાયુભિઃ ।।૨।।**

જ્યારે ભમરાઓ ગાન કરતા ત્યારે મંદારના વનના વાયુઓને લીધે નિદ્રા રહિત રહેલાં પક્ષીઓ શ્રીકૃષ્ણને જગાડતા હોય તેમ બંદિજનોની પેઠે અવાજ કરતા. ૨.

'વયસાં' પક્ષીઓને પણ ભગવાનનાં લાવણ્યરૂપ અમૃત પ્રાપ્ત થાય તે ઈષ્ટ હોવાથી, આ (પક્ષીઓ) સ્વાર્થ માટે (ભગવાનને) જગાડતા હતા. 'તેમ (શ્રીકૃષ્ણને જગાડતા) હોય તો અપરાધ થાય' એવી શંકા દૂર કરવા 'બંદિજનોની પેઠે' શબ્દો યાજેલા છે. તેથી એમ સૂચવેલું છે કે પક્ષીઓને (ભગવાનને) જગાડવાનો અધિકાર પણ આપેલો.

'આ બહારના કામ કરનારા ભગવાનનો અભિપ્રાય જાણ્યા વિના (તેમને) નિત્ય કેમ જગાડતા હતા?' એ જાણવાની ઈચ્છા થાય, તેથી 'જ્યારે ભમરાઓ ગાન કરતા ત્યારે' શબ્દો યોજેલા છે; કારણ કે અંદરના કામ કરનારા જે ભમરાઓ, તેઓ ભગવાનનો અભિપ્રાય જાણીને જ ગાન કરતા હતા. વળી પક્ષીઓ સ્વભાવને લીધે જ અવાજ કરતા હતા એવી શંકા ન કરવી, કારણ કે તેઓ નિદ્રારહિત રહેલા. તેમાં પણ નિદ્રારહિત રહેવાનું પ્રયોજનપૂર્વક હતું, એમ 'મંદારના વનના વાયુઓને લીધે' શબ્દથી કહેલું છે. તેઓ (મંદારવૃક્ષની) સુગંધથી આકર્ષાએલ ચિત્તવાળાં હતા અને (તે દ્વારકા) દેવતાનું રહેઠાણ હોવાથી તેઓ બારોબાર ભોગ પણ કરી શકતા નહિ. તેથી (સુગંધનો ભોગ કરવાની) ઈચ્છા હોવાથી નિદ્રારહિત જ રહેલાં. ૨.

'બધી સ્ત્રીઓને આ કુકડાઓને દોષ દેવાનું થતું નહિ હોય' એવી શંકા થાય, તેથી મુખ્ય સ્ત્રી રુક્મિણીને પણ[૧] આ (થતું), એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

૧. 'બધી વિરહ સહન કરી શકે તેવી ન હતી એમ ગયા શ્લોકમાં કહ્યું, તેથી રુક્મિણી પણ તેવી હોવાનું કહેવાયું જ. ત્યારે આ શ્લોકનું શું પ્રયોજન?' એવી શંકા થાય તેથી આ આભાસ કહેલો છે. સર્વથી મોટી (પત્ની રુક્મિણી) ધર્મ કાર્યમાં ઉપયોગી હોવા છતાં, તેની પણ આવી દશા હતી તો બીજીઓનું તો કહેવું જ શું ? એવો અર્થ છે. (લે)

**મુહૂર્તં તં તુ વૈદર્ભી નામૃષ્યદતિશોભનમ્ ।।**
**પરિરમ્ભણવિશ્લેષાત્પ્રિયબાહ્વન્તરં ગતા ।।૩।।**

પ્રિયાના બાહુઓની મધ્યમાં રહેલી વૈદર્ભી તો આલિંગનથી વિખૂટા થવાને લીધે તે ઘણાં સુંદર મુહૂર્તને સહન કર્યું નહિ. ૩.

'તે' એટલે બ્રહ્મના સંબંધવાળું પ્રસિદ્ધ મુહૂર્ત. 'તુ' 'તો' શબ્દથી વિરુદ્ધ વિચારને ખોટો ઠરાવેલ છે.

'લક્ષ્મીના અવતાર (રૂપ વૈદર્ભીએ) એમ કેમ કહ્યું?' એવી શંકા થાય, તેથી 'વૈદર્ભી' શબ્દ યોજેલ છે. ('વિદર્ભ' દર્ભ વિનાના દેશમાં ઉત્પન્ન થએલી હોવાથી) દર્ભ નહિ હોવાથી કર્મરહિત હતી એમ કહેલું છે. (તે મુહૂર્ત) સર્વને જાગ્રત કરનારું હોવાથી અને સર્વ પુરુષાર્થો પ્રાપ્ત કરાવનારું હોવાથી ઘણું સુંદર જ હતું; છતાં પણ (તેણે તેને) સહન કર્યું નહિ. તેનું કારણ (તે) ફલનો અનુભવ (કરતી હતી) એમ 'પ્રિયાના બાહુઓના મધ્યમાં રહેલી' વિશેષણથી કહેલું છે. તેવીનું 'આલિંગનથી વિખૂટા થવું' એ (મુહૂર્તનો) અંગીકાર ન કરવાનું પ્રયોજન હતું. ૩.

'એવી રીતે બધી (સ્ત્રીઓ)ને (આ મુહૂર્ત) ઈષ્ટ નહિ હોવાથી, ભગવાન્ જો તેઓને વશ થએલ હોય તો તે પણ ઉઠે નહિ' એવી શંકા દૂર કરવા નીચેના શ્લોકથી આરંભી ભગવાને પહેલાં ઉઠીને બધી ક્રિયાઓ કરી એમ કહે છે :

**બ્રાહ્મે મુહૂર્ત ઉત્થાય વાર્યુપસ્પૃશ્ય માધવઃ ।।**
**દધ્યૌ પ્રસન્નકરણ આત્માનં તમસઃ પરમ્ ।।૪।।**

માધવે બ્રાહ્મ મુહૂર્તમાં ઉઠી જલનો ઉપસ્પર્શ કરી પ્રસન્ન ઈન્દ્રિયોવાળા થઈ અંધકારની પેલે પાર રહેલા પોતાનું ધ્યાન ધર્યું. ૪.

'ઉઠવું' એટલે નિદ્રા તજવાની લીલા, અથવા પથારીમાંથી ઉઠવું. પછી જલનો ઉપસ્પર્શ. કેટલાક માત્ર હસ્ત વિગેરે ધોવું એ ઉપસ્પર્શ એમ કહે છે, બીજાઓ સ્નાનને ઉપસ્પર્શ કહે છે. ઉપસ્પર્શ એટલે માત્ર આચમન એવો સિદ્ધાંત છે, કારણ કે ધ્યાન[1] પણ શુદ્ધિ માટે જ કરવામાં આવે છે અને દેહની અંદરની શુદ્ધિ કરવાની લીલા કરીને જ બહારની શુદ્ધિ કરવાની લીલા કરવી યોગ્ય છે. જેમ પહેલાં સ્નાનથી શુદ્ધિ થાય છે અને બીજાં સ્નાનથી ધર્મ આચરાય છે, તેમ ધ્યાનના સંબંધમાં પણ જાણવું.

'પૂર્ણ ભગવાન્ વારંવાર પ્રકટ થતા સ્વરૂપવાળા પરમાનંદરૂપ જ છે.

---

૧. 'સ્નાન કરીને ધ્યાન ધરવું જોઈએ, તેથી માત્ર આચમન કરવાનો સિદ્ધાંત કેમ કહ્યો?' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. આ ધ્યાન શુદ્ધિ માટે જ છે, પરંતુ કર્મનું અંગ નથી, એવો અર્થ છે. (લે)

(તેમને) અંતઃકરણ વિગેરે નહિ હોવાથી, તેમણે ધ્યાન કેવી રીતે ધર્યું?' એવી શંકા થાય, તેથી 'માધવ' શબ્દ યોજેલ છે. (ભગવાને) શક્તિ લક્ષ્મીનો સ્વીકાર કરેલો છે તેથી, અને મધુવંશમાં અવતરેલા છે[2] તેથી, જેમ આ લીલા કરે છે તેમ તેમણે ધ્યાન પણ (ધર્યું) એવો અર્થ છે. '' 'પ્રસન્ન છે 'કરણાનિ' ઈન્દ્રિયો જેમની'' વિશેષણથી સર્વત્ર શુદ્ધ સત્ત્વ પ્રકટ થયાનું સૂચવેલ છે. પછી 'જે બીજા દેવતાની ઉપાસના કરે છે' એ વાક્યથી આત્માથી જૂદા દેવતાનું ધ્યાન કરવાની મના કરેલી હોવાથી ભગવાને પોતાનું જ ધ્યાન ધર્યું.

'આત્મા ઘણા તેજની અંદર રહેલા ઘડાની પેઠે પ્રકાશતો પ્રત્યક્ષ હોવાથી, તેનું ધ્યાન ધરવાનું શું પ્રયોજન?' એવી શંકા થાય, તેથી 'અંધકારની પેલે પાર રહેલા' વિશેષણ યોજેલું છે. કાલથી પણ દૂર અંધકાર રહેલું છે, તેની પછી ભગવાન્ છે. કેટલાક તે અંધકાર જ તમોગુણ છે એમ કહે છે. સત્ત્વગુણ બહારના ઢાંકણ જેવો છે[3]. ૪.

'ભગવાન્ બધાએના આત્મા હોવાથી, બધા ઉપાસના કરનારાઓએ આત્માની (પોતાની) ઉપાસના કરવી જોઈએ' એવી શંકા થાય, તેથી ભગવાન્ એકલા પોતાની ઉપાસના કરનારા સિદ્ધ થાય તે માટે નીચેના શ્લોકમાં જેની ઉપાસના કરી તે આત્માના ખાસ ગુણો કહે છે :

**એકં સ્વયંજ્યોતિરનન્યમવ્યયં સ્વસંસ્થયા નિત્યનિવૃત્તકલ્મષમ્ ।।**
**બ્રહ્માખ્યમસ્યોદ્ભવનાશહેતુભિઃ સ્વશક્તિભિર્લક્ષિતભાવનિર્વૃતિમ્ ।।૫।।**

એક, પોતાની મેળે પ્રકાશનારા, અનન્ય, ફેરફાર વિનાના, સ્વરૂપમાં સ્થિતિને લીધે સદા દૂર થએલ અજ્ઞાનવાળા, બ્રહ્મ નામના, અને આ જગતનાં આબાદી નાશ અને ઉત્પત્તિરૂપ પોતાની શક્તિઓથી જેના ખાસ ગુણો અને ગુણોનો અભાવ જણાએલા છે તેવા (પોતાનું ધ્યાન ધર્યું. શ્લોક ૪) ૫.

(જેની ભગવાને ઉપાસના કરી) તે આત્માનું સ્વરૂપ છ ઐશ્વર્યવાળું બ્રહ્મ જ છે એમ કહેવા (તેના) સાત વિશેષણો કહે છે. (૧) 'એક' વિશેષણથી (કોઈ તેને) સાહાય્ય કરનારું નહિ હોવાથી (તેનું) ઐશ્વર્ય કહેલું છે. (૨) 'પોતાની મેળે પ્રકાશનારા' વિશેષણથી અલૌકિક વીર્ય (કહેલું છે). (૩) 'અનન્ય' વિશેષણથી

---

૨. 'માધવ'ના બે અર્થ કહેલા છે. (૧) 'મા+ધવઃ' માધવ એટલે લક્ષ્મીના પતિ. (૨) 'મધોઃ અયમ્' મધુના કુલમાં અવતરેલ તે માધવ.

૩. ભગવાનનું બહારનું ઢાંકણ સત્ત્વગુણ છે, અને તે (સત્ત્વગુણ)નું ઢાંકણ તમઃ છે. તેથી ભગવાન્ ગૂઢ હોવાથી તેમનું જ્ઞાન થાય તે માટે ધ્યાનની જરુર છે, એમ જીવોને શીખવવા માટે ભગવાન્ પોતે ધ્યાન ધરતા, એવો અર્થ છે. (લે)

કીર્તિ, (૪) 'ફેરફાર વિનાના' વિશેષણથી લક્ષ્મી, (૫) 'સ્વસંસ્થયા' સ્વરૂપ સ્થિતિ હોવાને લીધે જ 'સદા દૂર થએલ છે અજ્ઞાન જેનાં' વિશેષણથી જ્ઞાન (૬) 'બ્રહ્મ છે નામ જેનું' વિશેષણથી પ્રપંચના સર્વ (પદાર્થો)થી જૂદું હોવાને લીધે વૈરાગ્ય (કહેલાં છે). (૭) 'આના જન્મ વિગેરે જેમાંથી (થાય છે)' (બ્રહ્મસૂત્ર ૧-૧-૨) એ ન્યાય પ્રમાણે ધર્મીને જણાવે છે કે આ જગતનાં આબાદી નાશ અને ઉત્પત્તિ-આબાદી એટલે સત્ત્વ, કારણ કે આબાદી (વૃદ્ધિ)નું કારણ તે (સત્ત્વ) જ છે, નાશ એટલે તમોગુણ, ઉત્પત્તિ એટલે રજોગુણ; વળી આ પોતાની (બ્રહ્મ)ની શક્તિઓ જ છે-તેમનાથી જણાતા અંતઃકરણના સાત્ત્વિક વિગેરે ગુણો, તેમનો 'નિર્વૃતિઃ' અભાવ, અથવા જેની અંદર (તે) ગુણો સાથે (તેમનો) અભાવ[૧] પણ છે. આથી[૨] એમ જણાવેલું છે કે (તે) વિરુદ્ધ સર્વ ધર્મોનો આધાર હોવાથી પ્રપંચને રચનાર તેમ જ પ્રપંચ વિનાનું છે.

અથવા ૧.આ સાતમા વિશેષણથી વૈરાગ્ય, ૨.'બ્રહ્મ નામના' વિશેષણથી ધર્મી કહેલ છે. ૩.બ્રહ્મ આત્મા સર્વથી જૂદું નથી એમ જણાવવા, અથવા પાંચથી[૩] જૂદું નથી એમ જણાવવા 'એક' વિશેષણ (યોજેલું છે). ૪.તેને જણાવનારું પ્રમાણ નથી[૪] એમ જણાવવા 'પોતાની મેળે પ્રકાશનારા' વિશેષણ યોજેલું છે ૫.તેના સ્વરૂપથી ધર્મો જૂદા[૫] નથી એમ જણાવવા 'અનન્ય' વિશેષણ (યોજેલું છે). ૬.બ્રહ્મના ધર્મો નિત્ય છે એમ જણાવવા 'ફેરફાર વિનાના' વિશેષણ (યોજેલું છે). સાંખ્ય વિગેરેના મત પ્રમાણે બ્રહ્મ ન હોય તેવાના ગુણો બ્રહ્મમાં આવીને જતા રહે છે, તેથી તેવું નથી એમ જણાવવા આ (બ્રહ્મના ધર્મો નિત્ય હોવાનું) અવશ્ય કહેવું જોઈએ. ૭.અને સંસારમાં રહેલા આત્મા(જીવ)ની પેઠે તેનામાં અવિદ્યા નથી એમ જણાવવા 'સ્વરૂપમાં સ્થિતિ' કહેલી છે. 'સદા'

---

૧. 'નિર્વૃતિઃ' એટલે આનંદ. 'આનંદવાળું' એવો અર્થ છે. (લે) આ શબ્દનો અર્થ નાશ પણ થાય છે. તેથી 'અભાવ' અર્થ કરેલ છે. કારણ કે ગુણથી વિરુદ્ધ ગુણોનો અભાવ છે.

૨. ગુણોથી પ્રપંચ રચનાર અને આનંદને લીધે પ્રપંચ વિનાનું કહેલ છે. એવી રીતે વિરુદ્ધ ધર્મો કહેલા હોવાથી ધર્મીનું સ્વરૂપ જણાવ્યું એવો ભાવ છે. (લે)

૩. વીર્ય વિગેરે પાંચ ગુણોથી ઐશ્વર્ય જૂદું નથી, પરંતુ પાંચેમાં પ્રસરેલું છે. આ પહેલા ગુણ (ઐશ્વર્ય)ના સંબંધ એમ કહ્યું તે બધાને લાગુ પાડવા, એટલે બધાએ ગુણો એક બીજાની અંદર પ્રસરેલા છે એમ જણાવવા કહેલું છે. (લે)

૪. ચક્ષુ વિગેરે પ્રમાણથી તે જણાય તેવું નથી, એવો અર્થ છે. (લે)

૫. સર્પ અને (તેનું વળેલું) ગુંચળું. વિગેરે ત્રણે ન્યાય પ્રમાણે બ્રહ્મના ગુણો તેનાથી જૂદા નથી, એવો અર્થ છે.

શબ્દથી જ્ઞાન થયા પછી અવિદ્યા દૂર થવાનો મત ખોટો કહેલો છે. 'બ્રહ્મ' શબ્દથી સર્વ શ્રુતિઓનો સમન્વય(મેળ) કહેલો છે. બધાને બંધન કરાવવા તથા મોક્ષ આપવા (બ્રહ્મમાં) વિરુદ્ધ ધર્મો રહેલા છે. ૫.

એવી રીતે ભગવત્પણું અને તેના કાર્યનું ચિંતન કરીને, પોતા(ના સ્વરૂપ)માં રહેલા હોવા છતાં પણ તે સ્થિતિનો ત્યાગ કરી, અંદરથી તેવા (ભગવાન્) હોવા છતાં પણ (તેમણે) બહારના ધર્મો જૂદા આરંભથી આચર્યા એમ નીચેના શ્લોકમાં કહે છે :

**અથાપ્લુતોઽમ્ભસ્યમલે યથાવિધિ ક્રિયાકલાપં પરિધાય વાસસી ।।**
**ચકાર સંધ્યોપગમાદિ સત્કૃતો હુતાનલો બ્રહ્મ જજાપ વાગ્યતઃ ।।૬।।**

પછી વિધિ પ્રમાણે સ્વચ્છ જલમાં સ્નાન કરીને, સ્વચ્છ બે વસ્ત્રો પહેરીને, સંધ્યાની ઉપાસના વિગેરે ક્રિયાઓનો સમૂહ કર્યો, આભૂષણ ધારણ કરી, અગ્નિમાં હોમ કરીને મૌન ધારણ કરી બ્રહ્મનો જપ કર્યો. ૬.

'જલમાં સ્નાન કરીને' શબ્દોથી (એમ કહેલું છે કે) ગોમતી વિગેરેમાં ડૂબકી મારીને સ્નાન કર્યું, પરંતુ (તેમાંથી) બહાર કાઢેલા જલથી (સ્નાન કર્યું) ન હતું. 'સ્વચ્છ બે વસ્ત્રો પહેરીને' એમ દૂરના વિશેષણ અને નામના સંબંધથી[1] એમ કહેલું છે કે સ્નાન સમયે પણ રાત્રિના વસ્ત્રોનો ત્યાગ કરી બે સ્વચ્છ વસ્ત્રો પહેરીને, સ્નાન કર્યા પછી ફરીથી[2] બે સ્વચ્છ વસ્ત્રો પહેરેલાં. 'વિધિ પ્રમાણે' શબ્દનો સ્નાન, (વસ્ત્રો) પહેરવાં અને ક્રિયાઓનો સમૂહ (કરવો) સાથે સંબંધ છે. 'સંધ્યાની ઉપાસના વિગેરે' શબ્દથી ક્રિયાઓનો સમૂહ જ ખાસ પ્રકારે કહેલો છે. 'મૌન ધારણ કરી' શબ્દથી એમ જણાવેલ છે કે સંધ્યામાં કર્મના અંગ તરીકે જ મૌન ધારણ કરેલું. અર્ધ્ય આપવામાં આવે ત્યાં સુધી સંધ્યા, પછી અગ્નિમાં આહુતિનો હોમ, પછી બ્રહ્મનો જપ એટલે ગાયત્રીમંત્રનો જપ (કરવામાં આવે છે). 'આભૂષણ ધારણ કરી' શબ્દથી એમ કહેલું છે કે તિલક, જરુરી આભૂષણ વિગેરે ધારણ કર્યાં. આવી જ રીતે કરેલો હોય તે ધર્મ થાય, તેથી (ધર્મ કાર્યોનો) અનુક્રમ અને આચરણ કહેલાં છે. લાલ કિરણો (પૃથ્વી ઉપર) પડે તે પહેલાં ધ્યાન, લાલ કિરણો પડે ત્યારે સ્નાન, પછી અર્ધ્ય આપવામાં આવે ત્યાં સુધી સંધ્યા, પછી અગ્નિમાં હોમ, પછી સૂર્યનો ઉદય થાય ત્યાં સુધી ગાયત્રીનો જપ કર્યાં. ૬.

---

૧. વિશેષણ (સ્વચ્છ) અને નામ (વસ્ત્રો) શ્લોકમાં દૂર કહેલાં છે તેનું તાત્પર્ય અહિં કહેલું છે. સ્નાન સંબંધી વાક્યમાં 'સ્વચ્છ' વિશેષણ કહેલું છે તે નામને દૂરથી પોતાની પાસે લાવી સ્નાન (કરવા)ના સમયે પણ સ્વચ્છ વસ્ત્રો પહેર્યાનું સૂચવે છે. (લે)

૨. 'ફરીથી' શબ્દનો 'બે સ્વચ્છ વસ્ત્રો' શબ્દો સાથે સંબંધ છે. (લે)

સૂર્ય ઉગે ત્યારે તો (તેની) પૂજા કરવી જોઈએ, તે (કર્યાનું) નીચેના શ્લોકમાં કહે છે :

**ઉપસ્થાયાર્કમુદ્યન્તં તર્પયિત્વાત્મનઃ કલાઃ ।।**
**દેવાનૃષીન્ પિતૄન્ વૃદ્ધાન્ વિપ્રાનભ્યર્ચ્ય ચાત્મવાન્ ।।૭।।**

સંયમયાળા (ભગવાને) ઉગતા સૂર્યની પૂજા કરી. પોતાની કલારૂપ દેવો ઋષિઓ અને પિતૃઓનું તર્પણ કરી, વૃદ્ધો અને વિપ્રોની પૂજા કરી...૭.

પછી 'પોતાના કલારૂપનું તર્પણ કરી' શબ્દોથી દેવો ઋષિઓ અને પિતૃઓનું તર્પણ કહેલું છે. 'ઋષિઓ, મનુઓ, દેવો...'(ભાગ.૧।૩।૨૭) એ વાક્ય પ્રમાણે તેઓ ભગવાનની કલારૂપ જ છે. જેમ અવયવોવાળો પોતાના અવયવો વિગેરેની પુષ્ટિ કરવા પ્રયત્ન કરે છે, તેમ કલાઓનું પોષણ કરવા ભગવાને યત્ન કર્યો, પરંતુ પૂજા કરવા યોગ્ય તરીકે તર્પણ કર્યું ન હતું એમ જણાવવા 'કલારૂપ' શબ્દ યોજલો છે, 'ત્યારપછી પૂજા કરવામાં આવે છે' એ વાક્ય પ્રમાણે લોકોને બોધ દેવા માટે પણ (ભગવાને તર્પણ કર્યાનું) સિદ્ધ થાય છે.

('આત્મવાન્' ને સ્થલે) 'સપ્તમઃ' 'સાતમા' એવો પાઠ હોય ત્યારે એમ સૂચવેલું હોય છે કે દેશ વિગેરેથી નિર્ણય કરવામાં આવેલો છ પ્રકારનો ધર્મ સાતમા[1] ભગવાને આચર્યો. 'દેવો ઋષિઓ અને પિતૃઓ' શબ્દોથી કલાઓ જ કહેલી છે. પોતાની જ્ઞાતિના વૃદ્ધ ક્ષત્રિયોની, અને બધાએ વિપ્રોની (પૂજા કરી). આમની પૂજા સુગંધી દ્રવ્યો વિગેરેથી (કરી). 'સંયમવાળા' વિશેષણથી નિષ્કામપણું કહેલું છે, કારણ કે કામનાથી પણ આમની પૂજા કરવાનું સંભવે છે. આગળ (શ્લોક ૮,૯ સાથે) પણ આ વિશેષણનો સંબંધ છે. ૭.

પછી ગાયોનું દાન નિત્યનું હોવાથી, એક એક કરતાં સમૂહથી (દાન કરવું) ઉત્તમ હોવાથી, (ગાયોના) સમૂહને શણગારવાનું સંભવિત નથી એમ વિચારી નીચેના બે શ્લોકોથી શણગારના ગુણો જણાવતાં (ગાયોનું) દાન કહે છે :

**ધેનૂનાં રુક્મશ્રૃઙ્ગીણાં સાધ્વીનાં મૌક્તિકસ્રજામ્ ।।**
**પયસ્વિનીનાં ગૃષ્ટીનાં સવત્સાનાં સુવાસસામ્ ।।૮।।**
**દદૌ રૂપ્યખુરાગ્રાણાં ક્ષૌમાજિનતિલૈઃ સહ ।।**
**અલંકૃતેભ્યો વિપ્રેભ્યો બદ્ધં બદ્ધં દિને દિને ।।૯।।**

સુવર્ણના શીંગડાવાળી, સાધડી, મોતીની માળાઓવાળી દૂઝતી, પહેલવેતરી, વાછરડાંવાળી, સુંદર વસ્ત્રોવાળી રૂપાની ખરીઓની ટોચવાળી

---

૧. (૧) સૂર્યની પૂજા (૨ થી ૪) દેવો ઋષિઓ અને પિતૃઓનું તર્પણ. (૫-૬) વૃદ્ધોની અને વિપ્રોની પૂજા. એ છ ધર્મો સાતમા ભગવાને આચર્યા એવો અર્થ છે.

ગાયોની ગમાણે ગમાણોનું શણગારેલા બ્રાહ્મણોને રેશમી વસ્ત્રો, મૃગચર્મ અને તલ સાથે દરરોજ દાન કરતા. ૮-૯.

આરંભમાં ગાયો વાછરડાંવાળી અને દૂઝતી હતી. સમૂહ જ આવો (આવી ગાયોનો) હતો એમ પશુઓનું ઉત્તમ ભાગ્ય કહેલું છે; કારણ કે દ્વારકામાં કોઈ નાલાયક અદૃષ્ટવાળું[1] ન હતું એમ જણાવવા (આ) કહેલું છે. તેમ ન હોત તો ગાયો બાંધેલી હોવાનું બનત નહિ. 'રુક્મમયે' સુવર્ણના હતાં શીંગડાઓ જેઓના, રૂપાનાં હતા ચરણો (ખરીઓ) જેમની, એ દરેક ગાયના સંબંધમાં (કહેલું છે). સુંદર બે વસ્ત્રો હતાં દરેકનાં જેમનાં, 'સાધ્વ્યઃ' સાધડી, 'પયસ્વિનઃ' ઘણું દૂધ આપનારી, 'ગૃષ્ટયઃ' એકવાર વીંઆવેલી (પહેલવેતરી) (હતી). બધીઓનાં વાછરડાં જીવતાં હતાં એમ જણાવવા 'વાછરડાંવાળી' વિશેષણ કહેલું છે. મોતીની હતી માલાઓ જેમની, આ વિશેષણ (આઠમા શ્લોકના) પૂર્વાર્ધમાં છે. આવી ગાયોનું દાન કરતા. કેટલાક એમ કહે છે કે દાનની ક્રિયાઓના સમૂહ સાથે બલ્વની[2] સંખ્યાનો સંબંધ છે. બીજાઓ એમ કહે છે કે સમૂહથી જ[3] દાન કરતા. રેશમી વસ્ત્રો, મૃગચર્મ અને તલ સાથે આપવાનું શાસ્ત્રમાં કહેલું છે. તેમ થાય (સાથે અપાય) ત્યારે એક જ ઉત્તમ દાન થાય છે. 'શણગારેલા બ્રાહ્મણોને' શબ્દોથી બ્રાહ્મણોની દાનના જેટલી અથવા ગાયના જેટલી, અથવા બલ્વના જેટલી સંખ્યા જણાવેલી છે. 'બલ્વં બલ્વમ્' 'ગમાણે ગમાણ' એવો જ પાઠ છે. 'બલ્વં બલ્વં' એવો વૈદિક શબ્દ છે તેનું અહિં અનુસંધાન કરવાનું નથી. ત્યાં પણ 'બલ્વઃ' શબ્દનો અર્થ 'બલ્વં' 'ગમાણ' જ થાય છે. કેટલાક ('બલ્વં' એટલે) ચોરાસી હજાર અને તેર કહે છે. તે (અર્થ)નો નવમામાં વિચાર કરીને, તેને ખોટો ઠરાવેલ છે. તેથી 'બલ્વં' શબ્દનો અર્થ ગમાણ છે. વળી અહિં ચોક્કસ સંખ્યાનો ઉપયોગ નથી; કારણ કે નિત્ય દાન (કરવા)માં દશ હજાર, લાખ વિગેરેનો જ ઉપયોગ થાય છે.

---

૧. નાલાયક અદૃષ્ટ હોય તો તરતની વીંઆએલી ગાય ગમાણમાં ન હોય; ગમાણમાં બધી તરતની વીંઆએલી ન હોય, એવો અર્થ છે. (લે)

૨. આ મત પ્રમાણે 'બલ્વં' ક્રિયા વિશેષણ છે અને 'ધેનૂનામ્' શબ્દ બીજીના અર્થમાં છઠ્ઠી વિભક્તિમાં યોજેલો છે. બલ્વની સંખ્યા જેટલા દાન થાય છે. જે પ્રકારે બલ્વ થાય તેવી રીતે ગાયોનું દાન કરતા. સાથે રેશમી વસ્ત્ર, મૃગચર્મ અને તલનું દાન કરતા. બધા દાનો મળી 'બલ્વ' સંખ્યા જેટલા દાન થતાં, એવો અર્થ છે. (લે)

૩. આ મત પ્રમાણે રેશમી વસ્ત્ર, મૃગચર્મ અને તલ સાથે 'બલ્વ' સંખ્યા જેટલી ગાયો આપવામાં આવે તે એક જ દાન થાય, એવો અર્થ છે. આચાર્યશ્રીના મત પ્રમાણે તો 'બલ્વં'નો અર્થ ગમાણ થાય છે એમ કહેશે. (લે)

દરરોજ (આટલું દાન કરતા), પરંતુ ગૃહસ્થાશ્રમ દરમ્યાન[4] તેમ જ વર્ષમાં (આટલું દાન) કહેલું નથી. આરંભમાં[5] બહુવચન કહેલું હોવાથી દરેક ઘરે (આટલું દાન કરતા) એમ જાણવું. ૯.

પછી (ભગવાને કરેલ) નમસ્કાર વિગેરે નીચેના શ્લોકમાં કહે છે :

**ગોવિપ્રદેવતાવૃદ્ધગુરુન્ ભૂતાનિ સર્વશઃ ||**
**નમસ્કૃત્યાત્મસંભુતીર્મઙ્ગલાનિ સમસ્પૃશત્ ||૧૦||**

પોતાની વિભૂતિરૂપ ગાયો, વિપ્રો, દેવો, વૃદ્ધો, ગુરુઓ તથા પ્રાણીઓને સર્વ તરફથી નમસ્કાર કરીને, મંગલ (દ્રવ્યો)નો સારી રીતે સ્પર્શ કર્યો. ૧૦.

હોમ (કરવાના પદાર્થો આપનારી) ગાયો, મંત્રો (ભણનારા) વિપ્રો અને દેવો, ત્રણ ભેગાં થએલાં યજ્ઞ થાય છે, તેથી એવો ક્રમ કહેલો છે. વૃદ્ધો એટલે બધા સભાસદો. કર્મનો ઉપદેશ કરનારા ગુરુઓ. (તેઓને) 'સર્વ તરફથી' એટલે શિષ્યો પ્રશિષ્યો સહિત (નમસ્કાર કર્યા).

'આપને નમસ્કાર કરવાથી હલકાઈ થાય' એવી શંકા 'પોતાની વિભૂતિરૂપ' શબ્દથી દૂર કરે છે. જેમ પોતે પોતાના ચરણ ધૂએ તેની પેઠે નમસ્કાર કર્યા એવો અર્થ છે. પછી મંગલ દ્રવ્યોનો સ્પર્શ કર્યો. ગાય, સુવર્ણ વિગેરે મંગલ દ્રવ્યો છે. ૧૦.

ધર્મનું આચરણ કહી, નીચેના શ્લોકમાં ધર્મીનો શણગાર કર્યાનું કહે છે :

**આત્માનં ભૂષયામાસ નરલોકવિભૂષણમ્ ||**
**વાસોભિર્ભૂષણૈઃ સ્વીયૈર્દિવ્યગન્ધાનુલેપનૈઃ ||૧૧||**

નરલોકના ભૂષણરૂપ પોતાને પોતાનાં વસ્ત્રો, આભૂષણો (અને) દિવ્ય ગંધવાળા લેપોથી શણગાર્યા. ૧૧.

(ભગવાન્) પોતાના સચ્ચિદાનંદરૂપ દેહને શણગારે છે, એવો મત ખોટો ઠરાવવા 'આત્માનં' 'પોતાને' શબ્દ યોજેલ છે. (દેહને શણગાર્યો ન હતો), પરંતુ આત્માને જ શણગાર્યા. જીવોમાં અધ્યાસને લીધે 'આત્મા' શબ્દનો અર્થ દેહ પણ થાય છે, પરંતુ ભગવાનના સંબંધમાં (એવો અર્થ) થતો નથી એમ (જણાવેલ છે). 'નરલોકના ભૂષણરૂપ' શબ્દથી શણગારવાનું પ્રયોજન કહેલું છે. કારણ કે (ભગવાન્) અનહદ આનંદવાળા હોવાથી પોતાના માટે (પોતાને) શણગારતા નથી, પરંતુ (તે) જગતના ભૂષણરૂપ છે, અને તેમના રૂપવાળાં (ભગવદ્રૂપ)

---

૪. ભગવાનનાં ગૃહસ્થાશ્રમના બધાં વર્ષોમાં આટલું દાન થયું એમ નથી, એવો અર્થ છે. (લે)

૫. આ અધ્યાયના પહેલા શ્લોકમાં, 'પતિઓથી' એમ બહુવચન યોજેલું હોવાથી, એવો અર્થ છે. (લે)

જગતને લૌકિક સરસાઈની આવશ્યકતા છે. તેથી જેમ ભૂષણ ધારણ કરીને શોભતો પુરુષ પવિત્ર થાય છે તેમ જગત્ ભગવાનથી પવિત્ર થાય છે, એવો અર્થ છે. પહેલાં પહેરવા યોગ્ય વસ્ત્રો વિગેરેથી આ જૂદાં હતાં એમ જણાવવા 'વસ્ત્રો...' શબ્દોથી ભૂષણના સાધનો નામ દઈ કહે છે. ઝબ્બો, પાઘડી વિગેરે વસ્ત્રોથી, અને આભૂષણરૂપ પોતાનાં અસાધારણ મઘરના આકારના કુંડલો વિગેરેથી પોતાને શણગાર્યા. દિવ્ય હતી ગંધ જેની, તેવા લેપોથી શણગાર્યા. આવા લેપો ઘણા પ્રકારના હતા. પછી (ભગવાન્) સર્વ આભરણોથી શણગારાયા. ૧૧.

**અવેક્ષ્યાજ્યં તથાદર્શં ગોવૃષદ્વિજદેવતાઃ ।।**
**કામગં સર્વવર્ણાનાં પૌરાન્તઃપુરચારિણમ્ ।।**
**પ્રદાપ્ય પ્રકૃતીઃ કામૈઃ પ્રતોષ્ય પ્રત્યનન્દત ।।૧૨।।**

ત્યારબાદ આપ ઘી અને દર્પણમાં પોતાનું મુખારવિંદ જોતા; ગાય, સાંઢ, બ્રાહ્મણ અને (મંદિરમાં બિરાજમાન્) દેવોનાં દર્શન કરતા. પછી પુરવાસી તથા અંતઃપુરના ચારેય વર્ણોના લોકોની અભિલાષાઓ પૂરી કરાવતા. રાણીવાસની સ્ત્રીઓની ઈચ્છાઓ પૂર્ણ કરી તેમને સંતુષ્ટ કરતા અને તેમને પ્રસન્ન જોઈ બહુ જ આનંદિત થતા. ૧૨.

પોતાને તેજસ્વી કરવા ઘી જોતા. તે(મ કરવા)થી લોકની દૃષ્ટિ પ્રમાણે બધાએ રોગો વિગેરે દૂર થાય છે. પછી કાંતિ આવે તે માટે અરીસો જોતા; અને ગાય બળદ બ્રાહ્મણ અને દેવતાને જોતા. અહિં દેવાલયોમાં રહેલા દેવો કહેલા છે.

પછી લૌકિક (પુરુષો)ને યોગ્ય દાન કરતા એમ 'ઈચ્છા પૂર્ણ થાય તેવું (દાન અપાવીને)' શબ્દથી કહેલ છે. 'કામં' ઈચ્છાને 'ગચ્છતિ' પહોંચે એટલે પૂર્ણ કરે અથવા પ્રાપ્ત કરે તે. 'કામગાઃ' એટલે મનોહર વિષયો બધાને એક જ હોતા નથી, એમ જણાવવા મુખ્ય અને ગૌણ 'સર્વ વર્ણવાળાઓના' એમ કહેલું છે. (આ દાન આપવામાં) લૌકિક (પુરુષો) મુખ્ય છે એમ ગણાવવા 'શહેરમાં રહેનારા અને અંતઃપુરમાં રહેનારની' એમ કહેલું છે. તેઓને પરબારું દાન કરવામાં આવે તે તેમને ગમે નહિ, તેથી છૂપું (દાન) જણાવવા 'અપાવીને' એમ કહેલું છે. 'પ્રકૃતીઃ' મંત્રીઓ અથવા અંતઃપુરની સ્ત્રીઓને કામનાઓથી સંતોષ આપી, તેઓએ કરેલી પૂજા (ભગવાન્) સ્વીકારતા. ૧૨.

પછી ભોગનું નિરૂપણ કરવા માટે, (તેમાં) મુખ્ય હોવાથી તાંબૂલ વિગેરેના સ્વીકાર (કર્યાનું) નીચેના શ્લોકમાં કહે છે :

**સંવિભજ્યાગ્રતો વિપ્રાન્ સ્રક્તામ્બૂલાનુલેપનૈઃ ।।**
**સુહૃદઃ પ્રકૃતીર્દારાનુપાયુઙ્ક્ત તતઃ સ્વયમ્ ।।૧૩।।**

પહેલાં બ્રાહ્મણોને, મિત્રોને, મંત્રીઓને (અને) સ્ત્રીઓને માલાઓ તાંબૂલ અને લેપો વહેંચી આપી, પછી પોતે (તેનો) ભોગ કર્યો. ૧૩.

માલાઓ તાંબૂલ અને લેપો 'અગ્રતઃ' પહેલાં 'વિપ્રાન્ સંવિભજ્ય' બ્રાહ્મણોને વહેંચી આપીને, બધાં બધાંઓને વહેંચી આપ્યાં. લૌકિકોને આપવામાં પહેલા મિત્રો, (પછી) 'પ્રકૃતીઃ' મંત્રીઓ, પછી સ્ત્રીઓ (હતાં). જો કે પહેલાં (ભગવાને) પોતે ભોગ કરવાનો હતો છતાં પણ સર્વને વહેંચી આપવાનું પહેલાં જ કરતા કારણ કે ભગવાને ભોગ કર્યા પછી, (વધારે) પદાર્થની ઉત્પત્તિ થવાનું સંભવતું નથી. તેથી (વહેંચી આપ્યા) પછી પોતે (તેનો) ભોગ કર્યો જેથી (ભોગ કરતાં) વધેલું સેવકોને પ્રાપ્ત થાય. ૧૩.

પછી નીચેના શ્લોકથી આરંભી ચાર શ્લોકથી[1] ત્રણ લોકનું રક્ષણ કરવા તત્પર થએલા (ભગવાન્) સુધર્મા (સભા)માં પધાર્યા એમ કહે છે :

**તાવત્સૂત ઉપાદાય સ્યન્દનં પરમાદ્ભુતમ્ ।।**
**સુગ્રીવાદ્યૈર્હયૈર્યુક્તં પ્રણમ્યાવસ્થિતોઽગ્રતઃ ।।૧૪।।**

તેટલામાં સારથિ સુગ્રીવ વિગેરે અશ્વો જોડેલો પરમ અદ્ભુત રથ લાવીને, પ્રણામ કરીને, આગળ ઉભો રહ્યો. ૧૪.

'પરમ અદ્ભુત' વિશેષણથી એમ જણાવેલું છે કે વૈકુંઠથી આવેલો રથ આ ન હતો પરંતુ ધર્મમય રથ હતો. તે વૈકુંઠથી આવેલો રથ તો સંકર્ષણના ઉપયોગનો હતો. 'સુગ્રીવ વિગેરે અશ્વો જોડેલો' વિશેષણથી એમ કહેલ છે કે અશ્વો અને સારથિ તેના તે જ હતા. અત્યારે ભગવાનમાં અનિરુદ્ધનું મુખ્યપણું[2] હોવાથી 'સુગ્રીવ વિગેરે' એમ કહેલું છે. પહેલાંથી ભેદ દર્શાવવા સારથિએ કરેલ પ્રણામ કહેલ છે. આગળ ઉભા રહેવાનું તો કાર્ય લૌકિક નથી એમ જણાવનારું છે. ૧૪.

**ગૃહીત્વા પાણિના પાણિં સારથેસ્તમથારુહત્ ।।**
**સાત્યક્યુદ્ધવસંયુક્તઃ પૂર્વાદ્રિમિવ ભાસ્કરઃ ।।૧૫।।**

---

૧. ત્રણ શ્લોકથી (ભગવાન્ અંતઃપુરમાંથી) બહાર પધાર્યાનું અને ચોથા સુધર્મામાં તેમણે પ્રવેશ કર્યાનું કહેલું છે. બહાર પધારવાનું ત્રણ શ્લોકથી કહેવાનું કારણ 'ત્રણ લોકનું રક્ષણ કરવા તત્પર થએલા' વિશેષણથી કહેલું છે. (લે)

૨. સંકર્ષણનું કાર્ય (સંહાર કરવાનું) હોય ત્યારે 'સૈન્ય' અશ્વ મુખ્ય હોવાથી 'સૈન્ય વિગેરે' એમ અશ્વોના નામ કહેલ છે. અનિરુદ્ધનું કાર્ય (ધર્મનું રક્ષણ કરવાનું) હોય ત્યારે 'સુગ્રીવ' અશ્વ મુખ્ય હોવાથી 'સુગ્રીવ વિગેરે' એમ કહેલ છે. સારી છે 'ગ્રીવા' ગરદન જેની તે સુગ્રીવમાં રજોગુણ તમોગુણ નહિ હોવાથી તે ધર્મ (કાર્ય)માં ઉપયોગી છે. 'સૈન્ય' તો સૈન્યથી પેઠે સંહાર કરનારો હોવાથી સંહાર કરવામાં ઉપયોગી છે એવો ભાવ છે. (લે)

પછી જેમ પૂર્વના પર્વત ઉપર સૂર્ય ચઢે તેમ શ્રીહસ્તથી સારથિનો હાથ પકડીને સાત્યકિ અને ઉદ્ધવ સાથે (ભગવાન્) તેના ઉપર ચઢ્યા. ૧૫.

પછી (કોઈએ તેવી) પ્રેરણા કરેલી ન હોવા છતાં ભગવાન્ શ્રીહસ્તથી સારથિનો હાથ પકડીને રથ ઉપર ચઢ્યા. તે(સારથિ)ની ક્રિયાશક્તિ પોતાની ક્રિયાશક્તિ સાથે સાંકળી, તેમ ન કરે તો ધર્મને પ્રેરણા કરનાર (તેને) જૂદા પ્રકારની પ્રેરણા કરે[1], કારણ કે પહેલાંથી ભેદ ન હતો[2].

('તેના' એટલે) તે રથના ઉપર ચઢ્યા. ભગવાનથી પ્રેરાએલો ધર્મ સર્વ સ્થલે ઘણો સ્થિર થાય છે, તેથી 'તેના' એમ કહેલું છે. રક્ષણરૂપ ક્રિયાશક્તિ[3] અને સાધન તરીકે ભક્તિ ધર્મ (કાર્ય)માં ગ્રહણ કરવાં જોઈએ, તેથી 'સાત્યકિ અને ઉદ્ધવ સાથે' એમ કહેલું છે. ઉદ્ધવ ભક્ત હતો.

'ભગવાન્ અધિકારીઓને જ દર્શન દેશે' એવી શંકા થાય, તેથી 'જેમ પૂર્વના પર્વત ઉપર સૂર્ય ચઢે' એવું દૃષ્ટાંત કહેલું છે. સવારે માત્ર અધિકારીઓને નહિ, પરંતુ બધાઓને (ભગવાનનાં) દર્શન થતાં. ૧૫.

'પછી ધર્મ(ના કાર્ય)માં કામ અટકી જતો હશે' એવી શંકા થાય તે દૂર કરવા નીચેનો શ્લોક કહે છે :

**ઈક્ષિતોઽન્તઃપુરસ્ત્રીણાં સવ્રીડપ્રેમવીક્ષિતૈઃ ।।**
**કૃચ્છ્રાદ્વિસૃષ્ટો નિરગાજ્જાતહાસો હરન્મનઃ ।।૧૬।।**

અંતઃપુરની સ્ત્રીઓથી લજ્જા અને પ્રેમવાળી દૃષ્ટિથી દર્શન કરાતા, દુઃખથી રજા અપાએલા ભગવાન્ હાસ્ય કરતાં તેઓનું મન હરતાં નીકળી ગયા. ૧૬.

'સ્ત્રીઓથી' એ બહુવચન એમ સૂચવે છે કે (તેઓ) માત્ર દર્શન કરતી ન હતી, પરંતુ ભગવાન્ જ્ઞાન (નેત્ર) દ્વારા તેમના સંબંધવાળા પણ હતા. સંબંધ અંદરનો, બહારનો[1] અને અટકી પડે તેવો હોવાથી, 'લજ્જા અને પ્રેમવાળી

---

૧. દારૂકની ક્રિયાશકિતને ભગવાન્ સાંકળે નહિ, તો સંહાર ધર્મમાં પ્રેરનાર સંકર્ષણ તેને સંહાર કાર્યમાં પ્રેરે, પણ ધર્મ કાર્યમાં ન પ્રેરે, કારણ કે તે સંહાર કરવા જ આવેલ. (લે)

૨. આ રથ ઉપર ચઢવાનું પણ સંહાર કરવા રથ ઉપર ચઢેલ તેના જેવું જ છે. અનિરુદ્ધ અંશ (તેની ક્રિયા શક્તિ) સાંકળે તો તે તેમ (સંહાર) ન કરે, એવો અર્થ છે. (લે)

૩. આ સમયે સાત્યકિ શહેરનો કોટવાલ હોવાથી રક્ષણ કરનારી ક્રિયાશક્તિરૂપ હતો. (લે) ઉદ્ધવ ભક્ત હોઈ ભક્તિરૂપ હતો.

૧.બહારનો એટલે દંપતી તરીકેનો સંબંધ. આ સમયે ભગવાન્ પાસેથી તેઓને છૂટા પાડનારો હતો, કારણ કે આ સભામાં જવાનો સમય હતો. (લે) અહિં અંદરનો અને બહારનો એવા બે

દૃષ્ટિથી દર્શન કરતા' વિશેષણથી જ્ઞાનના ત્રણ પ્રકાર કહેલા છે, કારણ કે (૧) લજ્જા તામસ છે (૨) પ્રેમ રાજસ છે અને (૩) દૃષ્ટિ સાત્ત્વિક છે. પછી 'જેઓ જે પ્રકારે મને ભજે છે' (ભગવદ્‌ગીતા ૩-૨૧) એ નિયમ પ્રમાણે (ભગવાન્ તેમના) પ્રેમથી બંધાયા. તેઓના સંબંધને લીધે (ભગવાનની) પોતાની ઈચ્છા પ્રમાણે ધર્મમાં આસક્તિ ન રહે, તેથી 'દુઃખથી રજા અપાએલા' વિશેષણથી તેઓનો (ભગવાનને રોકવાનો) આગ્રહ ન હતો એમ કહેલું છે. દુઃખથી તેઓથી રજા અપાએલા 'ધર્મના આદરને લીધે ભલે પધારે' એમ (તેઓએ) વિચારેલા ભગવાન્ ત્યાંથી નીકળી ગયા. 'હાસ્ય કરતાં' શબ્દથી એમ કહેલું છે કે તેઓમાં પણ ધર્મનો આદર જોઈને ભગવાન્ હસ્યા, કારણ કે સ્ત્રીઓ કામથી અટકતી નથી. છતાં પણ 'આ ધર્મમાં આસક્ત ન થાઓ[2]' એવા વિચારથી ભગવાન્ હસ્યા. લોકને જણાવવા ધર્મમાં આસક્તિ ભગવાને દર્શાવી તેઓનો નિરોધ થાય તે માટે 'મન હરતાં' એમ (કહેલું છે) કારણ કે તેમ ન કરે તો[3] ભગવાનને રજા આપી એટલે (તેઓનું) ચિત્ત લોકમાં અથવા ધર્મમાં આસક્ત થાય. ૧૬.

**સુધર્માખ્યાં સભાં સર્વૈર્વૃષ્ણિભિઃ પરિવારિતઃ ।।**
**પ્રાવિશદ્યન્નિવિષ્ટાનાં ન સન્ત્યઙ્ગ ષડૂર્મયઃ ।।૧૭।।**

હે રાજા! સર્વ વૃષ્ણિઓથી વીંટાએલા (ભગવાને) સુધર્મા નામની સભામાં પ્રવેશ કર્યો કે જેમાં બેઠેલાઓને છ વિકારો હોતા નથી. ૧૭.

[1]'સુષ્ઠુ' સારો 'ધર્મઃ' ધર્મ છે જેની અંદર (તે સુધર્મા) એવા નામથી જ

---

પ્રકારના જ સંબંધ કહેલા જણાતા નથી. (૧) લજ્જા અંદરનો સંબંધ છે, (૨) પ્રેમ બહારનો સંબંધ છે, કારણ કે તેનું કાર્ય જણાય છે. (૩) દૃષ્ટિ બંધ થાય તેવો સંબંધ છે કારણ કે ભગવાન્ બહાર પધારે ત્યારે તેમનાં દર્શન થતાં બંધ થાય.

૨. સ્ત્રીઓ ધર્મનો થોડો આદર કરે છે છતાં પણ તેઓ ધર્મ પરાયણ ન થાય, એવો ભગવાનનો અભિપ્રાય હતો. ભગવદ્‌ગીતાના વાક્યમાં જણાવ્યા પ્રમાણે પોતાનું ધાર્મિકપણું જણાવવા એટલે લોકોને ધર્મ પરાયણ રહેવાનું શીખવવા ભગવાન્ પોતે બહારથી ધર્મ આચરે છે, પરંતુ હાસ્ય કરતા હોવાથી અંદરથી તો કામરસનો અનુભવ કરે છે, એવો અર્થ છે, સ્ત્રીઓમાં ધર્મનો દ્વેષ ન જોઈએ, તેમ માત્ર ધર્મમાં આસક્તિ પણ ન જોઈએ એમ દર્શાવવા 'અપિ' 'પણ' શબ્દ યોજેલો છે. (લે)

૩. ભગવાનને સ્ત્રીઓએ રજા આપેલી હોવાથી, ભગવાન્ ન હોય ત્યારે નિરોધ થયો ન હોય તો તેઓનું ચિત્ત લૌકિક પદાર્થમાં અથવા ધર્મમાં આસક્ત થાય, એવો અર્થ છે. તેથી જ આ શ્લોકના આભાસમાં કામનું અટકી ન જવું એ જ શ્લોકનું તાત્પર્ય કહેલું છે. (લે)

૧. ચૌદમા શ્લોકના આભાસમાં આ શ્લોકનો અર્થ કહેલો હોવાથી અહિં આભાસ કહેલો નથી. (લે)

ધર્મ પરાયણતા સિદ્ધ થાય છે. સ્વભાવથી પણ સભા ધર્મનો નિર્ણય કરવાનું સ્થાન છે. તે (સભા)માં આધિદૈવિક ધર્મ હતો એમ જણાવવા 'સર્વ વૃષ્ણિઓથી વીંટાએલા' વિશેષણથી (સર્વનો) એક મત[2] હોવાનું કહેલું છે 'જેમાં બેઠેલાઓને (છ વિકારો હોતા નથી)' શબ્દોથી કાલના ગુણોનું ઉલ્લંઘન કહેલું છે. જેમાં બેઠેલાઓને છ વિકારો[3] એટલે દેહ વિગેરેના જરુરી ગુણો પણ હોતા નથી, તો પછી ન જરુરી (દેહ વિગેરેના ગુણો) તો ન જ હોય એમ ભાવાર્થથી કહેલું છે. ૧૭.

એ પ્રમાણે સુધર્માનું માહાત્મ્ય કહીને, 'ત્યાં બેસવાથી માત્ર ધર્મ જ થતો હશે, અને તે વિવાદરૂપ હશે' એવી શંકા થાય, તેથી નીચેના શ્લોકમાં (ભગવાન્ સભામાં) સુખથી બિરાજ્યા[1] એમ કહે છે :

**તત્રોપવિષ્ટઃ પરમાસને વિભુબભૌ સ્વભાસા કકુભોઽવભાસયન્ ।।**
**વૃતો નૃસિંહૈર્યદુભિર્યદૂત્તમો યથોડુરાજો દિવિ તારકાગણૈઃ ।।૧૮।।**

ત્યાં ઉત્તમ આસન ઉપર વિરાજેલા પોતાના તેજથી દિશાઓને પ્રકાશતા, ઉત્તમ પુરુષ યાદવોથી વીંટાએલા સમર્થ ઉત્તમ યાદવ, જેમ તારાઓના સમૂહોથી વીંટાએલો ચંદ્ર આકાશમાં શોભે તેમ શોભતા હતા. ૧૮.

'ત્યાં' એટલે સભામાં. તેમાં પણ વચ્ચે ભગવાનને વિરાજવાનું સ્થાન હતું તે 'ઉત્તમ આસન' હતું. પાછલા ભાગમાં છેડે દિવાલ પાસે રાજાનું સ્થાન હતું, અને તેની સામે (સભાની)વચ્ચે ભગવાનનું સ્થાન હતું એવો નિર્ણય થાય છે. સભાસદોની અંદર (ભગવાન્ રાજાને) તાબે રહેતા ન હતા એમ જણાવવા 'પોતાના તેજથી દિશાઓને પ્રકાશતા' વિશેષણ યોજેલું છે. તેવી (રાજાને તાબે ન રહેવાની ભગવાનની) શક્તિ 'સમર્થ' વિશેષણથી (કહેલી છે). '(સભામાં) રાજા મુખ્ય હોવાથી ભગવાન્ શોભતા નહિ હોય', એવી શંકા થાય, તેથી 'શોભતા હતા' એમ કહેલું છે. 'સભાના ગુણને લીધે અથવા દેવના ગુણને લીધે તેવા શોભતા હશે' એવી શંકા થાય, તેથી 'પોતાના તેજથી' શબ્દ યોજેલ છે. મુખ્ય ન હોય તેવાથી પણ મુખ્ય પુરુષ શોભતા હોવાનું સંભવે, તેથી તેમ ન હતું એમ જણાવવા દશે દિશાઓ ભગવાનથી પ્રકાશથી કહેલી છે, પરંતુ માત્ર સભામાં રહેલા જ પ્રકાશતા

૨. 'એકમત્યમ્' પાઠ રા. તેલીવાલાવાળા ગ્રંથમાં છે. 'ઐકમત્યમ્' પાઠ હોવો જોઈએ એમ જણાય છે.

૩. ભૂખ અને તરસ, શોક અને મોહ, વૃદ્ધાવસ્થા અને મરણ એ છ વિકારો. (લે)

૧. ભગવાન્ શોભતા હતા એ સ્વતઃ સિદ્ધ હોવાથી, તેનું વર્ણન કરી ભગવાનનું સભામાં વિરાજવું એ જ વાક્યાર્થ (કહેલો) છે એવો ભાવ છે. તેથી જ શ્રીસુબોધિનીમાં 'શોભતા હતા' શબ્દ શોભતા નહિ હોય એવી શંકા દૂર કરવા જ યોજેલ હોવાનું કહેશે. (લે)

કહેલા નથી. આથી એમ કહેલું છે કે ભગવાન્ સભાથી પ્રકાશતા ન હતા.

'એમ હોય તો સભાસદો નમાલા જ હોય' એવી શંકા થાય, તે 'ઉત્તમ પુરુષ (યાદવો)થી વીંટાએલા' વિશેષણથી ખોટી ઠરાવે છે. 'યાદવો' શબ્દથી એમ કહેલું છે કે તેઓ વિદેશીય (સભા બહારના) ન હતા. તેમ ન હોય (સભામાં સદા આવનારા ન હોય) તો પરશુરામ વ્યાસ વિગેરે ઉત્તમ પુરુષ હોય (ગણાય). 'તેઓ (ભગવાનની) સમાન હશે' એવી શંકા થાય, તેથી 'ઉત્તમ યાદવ' શબ્દ યોજેલ છે. તેઓને માત્ર એક સ્થાનમાં બેસાડવાનું ભગવાન્ તેમનાથી પણ ઉત્તમ હોય તો જ બને, પરંતુ તેઓ ભગવાન્ ઉપર સત્તા ધરાવનારા હોય તો ન બને. તેમનાથી ધર્મ એક પ્રયોજન સિદ્ધ કરનારો ન થાય, તેથી ભગવાન્ તેઓના પતિ હતા એમ, 'જેમ તારાઓના સમૂહોથી વીંટાએલો ચંદ્ર શોભે' દૃષ્ટાંતથી કહેલું છે. 'આકાશમાં[2]' શબ્દથી (જેનું દૃષ્ટાંત આપેલ છે તે) ચંદ્ર આધિભૌતિક નથી એમ જણાવ્યું છે. જેમ દેવરૂપ (ચંદ્ર શોભે તેમ શોભતા હતા). ગ્રહો અને નક્ષત્રો પણ કેટલાક અંશથી ચંદ્રની સમાન અને (તેનું) પોષણ કરનારા હોવાથી, 'તારાઓના સમૂહોથી વીંટાએલો' એમ કહેલું છે. 'ઉડુરાજઃ' 'ચંદ્ર' એ શબ્દથી (તેના) પોતાના સેવકો તેને અધીન હોવાનું કહેલું જ છે. ૧૮.

પછી જાણે કે ધર્મનું ફલ કહેતા હોય તેમ મનને આનંદ થાય તે માટે[1] નીચેનો શ્લોક કહે છે :

**તત્રોપમન્ત્રિણો રાજન્ નાનાહાસ્યરસૈર્વિભુમ્ ।।**
**ઉપતસ્થુર્નટાચાર્યા નર્તક્યસ્તાણ્ડવૈઃ પૃથક્ ।।૧૯।।**

હે રાજન્! ત્યાં વિદૂષકોએ જાતજાતના હાસ્યરસોથી, અને નટાચાર્યો અને નૃત્ય કરનારીઓએ જુદાં જુદાં તાંડવથી સમર્થ (ભગવાન)ની ઉપચર્યા કરી. ૧૯.

'ઉપમન્ત્રિણઃ' એટલે વિદૂષકો. રાજાને જણાવવા માટે 'હે રાજન્' એવું સંબોધન કરેલું છે. 'જાતજાતના હાસ્ય રસો' આ લૌકિકી ભાષા ધર્મ(કાર્ય)માં

---

૨. (ચંદ્રનું) આધિભૌતિક રૂપ જ્યોતિશ્ચક્રમાં જ હોય છે, પરંતુ સ્વર્ગમાં ('દિવિ') હોતું નથી. એવો અર્થ છે. (લે) ચંદ્ર સ્વર્ગમાં શોભતો નથી, પરંતુ જ્યોતિશ્ચક્રમાં એટલે આકાશમાં જ શોભે છે. છતાં અહિં 'આકાશ' માટે 'દિવિ' શબ્દ યોજેલો છે. 'દિવ્' એટલે પ્રકાશ. પ્રકાશમાં શોભે તે આધિભૌતિક ન હોય, તેથી અહિં આધિદૈવિક અથવા દેવરૂપ ચંદ્ર કહેલો છે, પરંતુ આધિભૌતિક ચંદ્ર કહેલો નથી, એવો ભાવાર્થ જણાય છે.

૧. આ વાક્યનો તાત્પર્યાર્થ કહેલો છે. શબ્દની વ્યુત્પત્તિ પ્રમાણેનો અર્થ તો પરિચર્યા જ છે. (લે)

ચિત્તનો ઉદ્વેગ દૂર કરવા કહેલી છે. ભગવાન્ સમર્થ હોવાથી, કોઈએ પ્રેરણા કરેલી ન હોવા છતાં, તે પ્રમાણે (વિદૂષકો વિગેરેએ) ઉપચર્યા કરી. માત્ર હાસ્યરસો જ નહિ, પરંતુ વિભાવ વિગેરેથી શૃંગાર (રસ) વિગેરે પણ પ્રકટ કર્યા, એમ 'ઉપચર્યા કરી' શબ્દથી કહેલું છે. 'નટ' એટલે રસનો અભિનય કરનારા, પોતાનું શુદ્ધ અંગ દર્શાવનારા. નૃત્ય કરનારી સ્ત્રીઓ લાસ્ય(નૃત્ય) દેખાડનારી. આ બંને પ્રકારનાએ (ત્યાં) સભા હોવાથી જુદાં જુદાં તાંડવ (નૃત્ય)થી જ પરિચર્યા કરી. અથવા 'નરા નાર્યઃ' 'પુરુષો અને સ્ત્રીઓ' એવો પાઠ (લેવો). ૧૯.

ભગવાનનું સભામાં પધારવું ઉત્સવરૂપ હતું એમ જણાવવા નીચેના શ્લોકમાં વાજીંત્રો (વાધ્યા)નું કહે છે :

**મૃદઙ્ગવીણામુરજવેણુતાલદરસ્વનૈઃ ।।**
**નનૃતુર્જગુસ્તુષ્ટુવશ્ચ સૂતમાગધબન્દિનઃ ।।૨૦।।**

ભાટ ચારણ અને બંદિજનોએ મૃદંગ, વીણા, નગારા, વેણુ, તાલ અને શંખના અવાજો સાથે નૃત્ય કર્યું, ગાન કર્યું અને સ્તુતિ કરી. ૨૦.

છ પ્રકારનાં (વાજીંત્રો)ના અવાજ સાથે નૃત્ય કર્યું, ગાન કર્યું અને સ્તુતિ કરી. સ્તુતિ કરવામાં નટો વિગેરે બહુ કુશલ નહિ હોવાથી, 'ભાટ ચારણ અને બંદિજનોએ' શબ્દથી ભાટ વિગેરે કહેલા છે. ૨૦.

લૌકિક ઉત્સવનું વર્ણન કરીને, તે ધર્મરૂપ ફલ માટે[1] (કરવામાં આવેલ) હતો એમ જણાવવા નીચેનો શ્લોક કહે છે :

**તત્રસ્થા બ્રાહ્મણાઃ કેચિદાસીના બ્રહ્મવાદિનઃ ।।**
**પૂર્વેષાં પુણ્યયશસાં રાજ્ઞાં ચાકથયન્ કથાઃ ।।૨૧।।**

અને ત્યાં રહેલા કેટલાક બ્રહ્મવાદી બ્રાહ્મણો બેઠા (બેઠા) પહેલાના પવિત્ર યશવાળા રાજાઓની કથા કહેતા હતા. ૨૧.

તેઓ ધર્મનો નિર્ણય કરવા માટે સભામાં અધિકારવાળા સભાસદો હતા. કેમ કે તેઓ બ્રહ્મવાદી એટલે સર્વ જાણનારા હતા, (અને) બીજાઓ ધર્મ જાણતા ન હતા. 'કેટલાક' એટલે સાધારણ (બ્રાહ્મણો) પરંતુ વસિષ્ઠ વિગેરે નહિ.

પરંપરાથી આવેલો ધર્મ જ આચરવા યોગ્ય હોવાથી, ભગવાન્ તેવો જ આચરતા એમ જણાવવા, બ્રાહ્મણો તેવો (ધર્મ) કહેતા હતા, એમ ઉત્તરાર્ધથી કહે છે. 'પવિત્ર યશવાળા' એટલે લોકમાં પણ જેઓની નિંદા થઈ ન હતી તેવા ઈક્ષ્વાકુ વિગેરેનું ધર્મ (ના વિષય)માં જેવું વર્તન હતું (તે કહેતા હતા). 'ચ' 'અને' શબ્દથી (એમ કહેલું છે કે) બ્રાહ્મણો વિગેરેની પણ ધર્મમાં ઉપયોગી કથાઓ કહેતા હતા,

૧. ધર્મ ફલરૂપ હતો જેમાં તેવા પ્રયોજન માટે, એટલે ધર્મ થાય તે માટે, એવો અર્થ છે.(લે)

કારણ કે સભામાં ધર્મની જ વાર્તા થતી, પરંતુ બીજાની વાર્તા થતી ન હતી, એમ જણાવેલું છે. ૨૧.

સાત્ત્વિકોનો નિરોધ જેને માટે આ ધર્મની કથા કહી તેનું નિરૂપણ કરવા નીચેના ત્રણ શ્લોકોથી પ્રસ્તાવના કહે છે :

**તત્રૈકઃ પુરુષો રાજન્નાગતોઽપૂર્વદર્શનઃ ।।**
**વિજ્ઞાપિતો ભગવતે પ્રતીહારૈઃ પ્રવેશિતઃ ।।૨૨।।**
**સ નમસ્કૃત્ય કૃષ્ણાય પરેશાય કૃતાંઞ્જલિઃ ।।**
**રાજ્ઞામાવેદયદ્દુઃખં જરાસન્ધનિરોધજમ્ ।।૨૩।।**
**યે ચ દિગ્વિજયે તસ્ય સન્નતિં ન યયુર્નૃપાઃ ।।**
**પ્રસહ્ય રુદ્ધાસ્તેનાસન્નયુતે દ્વે ગિરિવ્રજે ।।૨૪।।**

હે રાજન્! ત્યાં પહેલાં નહિ દેખાએલો એકલો પુરુષ આવ્યો. પ્રતિહારોએ ભગવાનને જાહેર કરી તેને પ્રવેશ કરાવ્યો. તેણે પરમેશ્વર શ્રીકૃષ્ણને બે હાથ જોડી નમસ્કાર કરીને જે રાજાઓ જરાસંધના દિગ્વિજયના સમયે તેને સારી રીતે નમેલા ન હતા, અને જેમને તેણે બલથી કેદ કરેલા હતા તેઓને જરાસંધના કેદખાનાથી થએલું દુઃખ જણાવ્યું. (આવા) વીસ હજાર ગિરિવ્રજમાં હતા. ૨૨-૨૪.

[1]લૌકિક પ્રકારના ધર્મથી અને બહારથી જરાસંધથી કેદ થએલાઓએ બીજા ઉપાય બંધ કરી ભગવાનને જ વિજ્ઞપ્તિ કરી. છતાં પણ ભગવાન્ લૌકિક રીત પ્રમાણે લીલા કરે છે એવો નિશ્ચય કરીને તેઓએ (ભગવાન્ પાસે) દૂતને મોકલ્યો. તે આવ્યાનું કહેવામાં આવે છે. 'એકલો' અને સાહાય્ય કરનાર વિનાનો. 'પુરુષ' એટલે (સોંપેલું કાર્ય કરવા) શક્તિવાળો (પરિક્ષિતને) જણાવવા ('હે રાજન્' એવું) સંબોધન કરેલું છે. 'અપૂર્વ' પહેલાં નહિ થએલ હતું 'દર્શનં' દર્શન જેનું તે (પહેલાં નહિ દેખાએલો), જૂદો આરંભ જણાવવા કહેલ છે. પહેલા દ્વાર સાચવનારાઓ (પ્રતીહારો)એ તેને સારી રીતે જાહેર કર્યો. આ રાજાના ધર્મો છે. પછી ભગવાને (આવવાની) રજા અપાએલા એક (દૂત)ને ઘણા પ્રતીહારોએ પ્રવેશ કરાવ્યો. આ રાજ રીત છે. ૨૨.

ત્રેવીસમા શ્લોકમાં તે (પુરુષ)નું કૃત્ય કહે છે. શ્રીકૃષ્ણ અલૌકિક હોવાથી તેમને (જણાવ્યું), પરંતુ રાજાને (જણાવ્યું) નહિ. તેનું કારણ 'પરમેશ્વર' શબ્દથી (કહેલ છે. શ્રીકૃષ્ણ) કાલ અદષ્ટ વિગેરેને પણ વશ રાખનારા છે (તેથી તેમને જણાવ્યું), કારણ કે રાજાથી કાલ વિગેરેને રોકી શકાય તેમ ન હતું. 'બે હાથ જોડી' શબ્દથી દૂતનું પણ સાત્ત્વિકપણું કહેલું છે. રાજા હોવાને લીધે દુઃખનો અનુભવ

૧. વૃંદાવન પ્રેસવાળી પ્રતનો પાઠ લીધેલો છે.

થયો તેથી જ જરાસંધના કેદખાનાથી જ ઉત્પન્ન થએલું (રાજાઓનું) દુઃખ તેણે ભગવાનને જણાવ્યું. ૨૩.

'ભગવાનના ભક્તોને દુઃખ થાય તે યોગ્ય નથી' એવી શંકા થાય, તેથી ભક્તિથી વિરુદ્ધ ગુણ હોવાને લીધે તેઓને દુઃખ થયું એમ જણાવવા ચોવીસમા શ્લોકમાં તેઓનું અભિમાન કહે છે. તેઓ રાજાઓ હોવાથી તેઓએ સારી રીતે 'નતિં' નમ્રપણું પ્રાપ્ત ન કર્યું (નમ્યા નહિ). પરંતુ ભગવદીય હોવાથી અને જરાસંધ ભગવાનથી વિમુખ હોવાથી (નમ્યા નહિ એમ) ન હતું તેથી અંતર્યામીની પ્રેરણાથી બલથી તેણે (જરાસંધે) જ કેદ કર્યા. (તેવા) વીસ હજાર (રાજાઓ) ગિરિવ્રજમાં હતા. અહંતા અને મમતા ના ચૌદ ચૌદ સ્થાનો હોવાથી અને તેઓની હજાર પ્રકારે અને સેંકડો પ્રકારે પ્રવૃત્તિ થતી હોવાથી[૨]. વીસ હજાર આઠસોની સંખ્યા થાય છે. આઠસો ઉપસંહારમાં કહેલા છે. 'ગિરીણાં' પર્વતોનો 'વ્રજઃ' સમૂહ છે જેમાં (તે ગિરિવ્રજ). એમ ચારે તરફથી કિલ્લો થાય તે માટે શિખરોની પેઠે પર્વતો જણાવેલા છે. ૨૪.

છ શ્લોકોથી દૂત તે(રાજા)ઓનાં વચનો કહે છે :

**કૃષ્ણ કૃષ્ણાપ્રમેયાત્મન્પ્રપન્નભયભઞ્જન ।।**
**વયં ત્વાં શરણં યામો ભવભીતાઃ પૃથગ્ધિયઃ ।।૨૫।।**

હે કૃષ્ણ! હે કૃષ્ણ! હે ન કળી શકાય તેવા સ્વરૂપવાળા! હે શરણે આવેલાના ભયને ટાળનારા! સંસારથી ભય પામેલા ભેદબુદ્ધિવાળા અમો આપને શરણે આવીએ છીએ. ૨૫.

ઐશ્વર્ય વિગેરે ભગવાનના ગુણોનું (આ છ શ્લોકોમાં) અનુક્રમે નિરૂપણ કરવામાં આવે છે, કારણ કે ભગવાન જ પોતાના ગુણોથી જીવોને મુક્ત કરાવનારા છે. તે પૈકી ઐશ્વર્યનું આ શ્લોકમાં નિરૂપણ કરવામાં આવે છે. (હે કૃષ્ણ! હે કૃષ્ણ એમ) બે વાર આદર દર્શાવવા કહેલું છે. ઐશ્વર્ય સ્નેહ અને આદરથી વિરુદ્ધ નથી.

---

૨. દશ ઈન્દ્રિયો અને ચાર અંતઃકરણ એમ અહંતા અને મમતાનાં ચૌદ ચૌદ સ્થાન છે. જેઓને કેદ કરવાના હતા તેમનામાં તેટલાં અહંતા મમતાનાં સ્થાનો પ્રવૃત્તિવાળાં હોવાથી તેઓ કેદ પકડાયા, એમ કેદ પકડાવાનું કારણ અભિમાન હોવાનું સૂચવેલું છે. ત્રેવીસમા શ્લોકમાં કેદખાનાથી દુઃખ થયાનું કહ્યું અને આ ચોવીસમા શ્લોકમાં કેદ પકડાવાનું કારણ અભિમાન હોવાનું કહેલ હોવાથી, એ જ આ શ્લોકનો અર્થ છે તેવા અભિપ્રાયથી આ શ્લોકનો આભાસ તે પ્રમાણે કહેલો છે. (લે) દશ ઈન્દ્રિયોના સ્થાનની પ્રવૃત્તિ હજાર પ્રકારે અને ચાર અંતઃકરણની પ્રવૃત્તિ સેંકડોના પ્રકારે થતી હોવાથી ૧૦૦૦૦+૪૦૦ એ પ્રમાણે ૧૦૪૦૦ પ્રવૃત્તિઓ અહંતાની થાય અને તેટલી જ મમતાની થતાં ૨૦૮૦૦ ની સંખ્યા થાય. ૨૦૦૦૦ અહિં કહેલા છે, ૮૦૦ ઉપસંહારમાં કહેશે.

'અદષ્ટ, કાલ વિગેરે (તમને) પીડા કરતા હોવાથી અને (તમે) સાધારણ અધિકારી હોવાથી, તમારું દુઃખ કેમ દૂર થશે?' એવી શંકા થાય, તેથી 'ન કળી શકાય તેવા સ્વરૂપવાળા' એમ કહેલું છે, જે જાણી શકાય તેવું હોય તેને કાલ વિગેરેનો વિચાર થાય, પરંતુ જાણી શકાય તેવા ન હોય તેમને ન થાય. 'છતાં પણ તે ઉદાસીન હોય' એવી શંકા થાય, તેથી 'શરણે આવેલાના ભયને ટાળનારા' એમ કહેલું છે. 'સંગ્રામમાં વિરોધી...' વાક્ય પ્રમાણે તેમાં શરણે આવેલાના ભયને ટાળવાનું જરુરી છે. તેથી અમો શરણે આવીએ છીએ એમ 'અમો આપને શરણે આવીએ છીએ' શબ્દોથી કહે છે. જરાસંધથી જ (તમે) છૂટશો એવો મત 'સંસારથી ભય પામેલા' વિશેષણથી ખોટો ઠરાવે છે, કારણ કે જ્યારે સર્વ ભયો ટળી જવાનું સંભવતું હોય ત્યારે કોઈ પણ એક ભયમાંથી છૂટવાનું ઈચ્છતું નથી. બહિર્મુખોને સંસારમાં સર્વ તરફથી ભય છે. તે અર્થ 'ભેદ બુદ્ધિવાળા' શબ્દથી કહે છે. આથી જ્ઞાન વિગેરે(થી મુક્તિ મળશે તેવા) મત ખોટા જણાવેલા છે. ૨૫.

'જે પ્રકારથી બધા સંસાર ફીટાડવાની ઈચ્છા રાખે છે, તે જ પ્રકારથી સંસાર ફીટાડવો જોઈએ. મને શરણે આવવાથી શું વળે?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**લોકો વિકર્મનિરતઃ કુશલે પ્રમત્તઃ કર્મણ્યયં ત્વદુદિતે ભવદર્ચને સ્વે ।।**
**યસ્તાવદસ્ય બલવાનિહ જીવિતાશાં સદ્યશ્છિનત્ત્યનિમિષાય નમોઽસ્તુ તસ્મૈ ।।૨૬**

આ લોક નિષિદ્ધ કર્મમાં આનંદ માને છે અને આપે શાસ્ત્રમાં કરવાનાં આપે કહેલાં, આપની પૂજારૂપ અને આપના કર્મમાં પ્રમાદી રહે છે તેટલામાં જે બલવાન અહિં આની જીવનની આશાનો તરત જ નાશ કરે છે તે સાવધાન (રહેનાર) આપને નમન હો. ૨૬.

કાલરૂપ પણ આપ જ છો. તેથી આપને શરણ આવવાથી જ ભય દૂર થાય છે, બીજા પ્રકારે (દૂર થતો) નથી; કારણ કે આપની આજ્ઞાનું ઉલ્લંઘન કરવામાં આવે ત્યારે આપ જ ભક્ષણ કરો છો. આજ્ઞાનું ઉલ્લંઘન સમજાવે છે (કે), 'વિકર્મણિ' નિષિદ્ધ (કર્મ)માં અથવા આજ્ઞા કરેલ (કર્મ)નું ઉલ્લંઘન કરવામાં આનંદ માને છે, તે જ આદર સહિત કરે છે. લોકને તેમાં જ ઘણી શ્રદ્ધા હોય છે. 'કુશલે' શાસ્ત્રમાં કરવાના કહેલા (કર્મ)માં 'પ્રમત્તઃ' પ્રમાદી રહે છે. વળી તે (પ્રમાદીપણું) ઈશ્વરની આજ્ઞાના ઉલ્લંઘનરૂપ છે એમ જણાવવા 'આપે કહેલાં' વિશેષણ યોજેલું છે. વેદ વિગેરેના રચનાર વીર્યવાળા[1] આપે જ તે (કર્મ કરવાનું) કહેલું છે. તેમાં પણ

૧. આ વાક્યનો અર્થ 'વીર્ય' હોવાથી આમ કહેલું છે. આ વાક્યના અર્થરૂપ આપે કહેલ કર્મમાં, એવો અર્થ છે. (લે)

'ભવદર્ચને' તંત્રમાં કહેલું, આપની પૂજારૂપ, અવતાર ધારણ કરેલ સાક્ષાત્ ભગવાને જ તે (કર્મ કરવાનું) કહેલું છે. તેમાં પણ 'સ્વે' આપના શ્રવણ વિગેરેરૂપ કર્મમાં પ્રમાદી રહે છે. ૧.વૈદિક ૨.પંચરાત્રમાં કહેલું અને ૩.ભાગવત એવું ત્રણ પ્રકારનું કર્મ કરવાનું ભગવાને કહેલું છે. તેમાં પછી પછીનામાં પ્રાણીઓની વધારેને વધારે અશ્રદ્ધા હોય છે. તેથી તે કરવામાં પ્રમાદી રહે છે. પરંતુ ભગવાન્ પ્રમાદીની પેઠે શાંત રહેતા નથી, કારણ કે તે જગતના કર્તા[2] છે. તે અર્થ ઉત્તરાર્ધથી કહે છે. કારણ કે તે(કાલ)ને[3] સંહાર કરવાનો અધિકાર છે. તેમ ન હોય તો પ્રલય સંભવે નહિ. પ્રલય થાય છે કારણ કે જીવના ગુણો કરતાં બ્રહ્મના ગુણો ઉત્તમ છે[4]. 'તેટલામાં' એટલે લોક પ્રમાદી જ રહેતો હોય તેટલામાં આજ્ઞાનું ઉલ્લંઘન કરે કે તરત જ તેને પછાડી વશ કરે છે; અથવા આ પોતાના અનુભવરૂપ પ્રમાણ કહે છે. આ પ્રમાણે કરવામાં જે મુખ્ય રહેલ ગુણ છે તે 'બલવાન' શબ્દથી કહેલો છે. જો લોકને બારોબાર હણવામાં આવે તો તેને આ કાલનું જ્ઞાન થાય નહિ, કારણ કે મરણ થાય ત્યારે અથવા બીજો જન્મ થાય ત્યારે મરણ સમયના દુઃખનું સ્મરણ થતું નથી. તેથી રોગ વિગેરેથી તેની જીવનની આશાનો જ નાશ કરે છે, કે જેથી બધાઓને મરણનું ભાન થાય. સર્વ પ્રકારે આજ્ઞાનું ઉલ્લંઘન થાય ત્યારે ભયંકર રોગ વિગેરે ઉત્પન્ન કરે છે એવો અર્થ છે. 'કોઈક સમયે જીવની પેઠે ભગવાન્ પણ પ્રમાદી થતા હશે' એવી શંકા થાય, તેથી 'અનિમિષાય' 'સાવધાન રહેનાર' શબ્દ યોજલ છે. ભગવાન્ ઘણા સાવધાન રહે છે. તેથી પહેલાના અપરાધ ક્ષમા કરે તે માટે તેમને નમસ્કાર કરે છે. શરણે તો મોક્ષ પ્રાપ્ત કરવા આવે છે; કારણ કે અપરાધ હોય ત્યાં સુધી સાધનોથી પણ મોક્ષ થવો દુર્લભ છે. ૨૬.

એવી રીતે ઐશ્વર્ય અને વીર્યનું નિરૂપણ કરીને, યશ નિરૂપણ કરતાં, અને (પોતાનો) ઉદ્ધાર ન થાય તો તેમાં ખામી માનતાં, સિદ્ધાંત ન જાણતા હોવાથી (પ્રશ્ન) પૂછતા હોય તેમ નીચેનો શ્લોક કહે છે :

**લોકે ભવાઞ્જગદિનઃ કલયાવતીર્ણઃ સદ્રક્ષણાય ખલનિગ્રહણાય ચાન્યઃ ।।**
**કશ્ચિત્ત્વદીયમતિયાતિ નિદેશમીશ કિંવા જનઃ સ્વકૃતમૃચ્છતિ તન્ન વિદ્મઃ ।।૨૭।।**

---

૨. 'જગતના કર્તા' એટલે વેદ વિગેરે રચનારા છે. તેથી પોતાની આજ્ઞાનું ઉલ્લંઘન કરે ત્યારે સજા કરે છે એવો અર્થ છે (લે)

૩. '(સજા કરવાથી) કાલને દોષ થતો હશે' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. કાલને સંહાર કરવાનો અધિકાર છે (લે)

૪. કાલ જીવથી બલવાન હોવાનું કારણ આથી કહેલું છે. પ્રમાદી રહેવું એ જીવનો ધર્મ છે, સજા કરવાનો અધિકાર એ (કાલરૂપ) ભગવાનનો ધર્મ છે, એવો અર્થ છે. (લે)

જગતના સ્વામી આપે સત્પુરુષોનું રક્ષણ કરવા અને દુષ્ટોનો સંહાર કરવા કલા સાથે લોકમાં અવતાર લીધેલો છે. હે ઈશ! બીજો કોઈ આપની આજ્ઞાનું ઉલ્લંઘન કરે છે અથવા મનુષ્ય પોતાનું કર્મ ભોગવે છે? તે અમે જાણતા નથી. ૨૭.

'જગદિનઃ' જગતના સ્વામી આપે લોકમાં કલાની સાથે એટલે સાહાય્ય કરનાર સાથે અવતાર લીધેલો છે. તેમાં સત્પુરુષોનું રક્ષણ અને દુષ્ટોનો સંહાર એવા બે પ્રયોજન છે. સામાન્ય રીતે ઈશ્વર પાલન કરવા માટે જ તેમ કરે છે (અવતાર લે છે), અને 'ચ' 'અને' શબ્દ હોવાથી ખાસ કરીને ભક્તોનું રક્ષણ કરવા વધારે ઉદ્યમ કરે છે. એવી રીતે ત્રણ પ્રકારનાં કાર્ય સદા કરવાનાં હોવા છતાં પણ, ઈશ્વર નથી તેવો બીજો તુચ્છ (જરાસંધ) કાર્ય અને કારણને પ્રેરણા કરનાર આપની 'નિદેશમ્' આજ્ઞાનું અમારા સંબંધમાં શા માટે ઉલ્લંઘન કરે છે? '(તે) પોતાના અહંકારને લીધે (તેમ કરે છે)' એમ કહેવામાં આવે તેથી, 'મને શરણે આવેલ કોઈ પણ જન ફરીથી શોક કરતો નથી' 'સંગ્રામમાં શરણે આવેલા અને હું આપનો છું એમ જે કહે' 'સર્વ પ્રાણીઓને હું અભય આપું છું. આ મારું વ્રત છે' વિગેરે આપના વાક્યો ઉલ્લંઘન થઈ ન શકે તેવાં છે એમ જણાવવા 'હે ઈશ!' એવું સંબોધન કરે છે. સાધારણ (પુરુષ) તો પોતાનાં પ્રારબ્ધને ભોગવે છે. એમ 'મનુષ્ય (પોતાનું કર્મ ભોગવે છે)' શબ્દથી કહે છે. એવી રીતે ભગવાનનું વચન સાધારણ છે એમ માનનારા અમે દુઃખ ભોગવીને આ વિષયના તે નિર્ણયને જાણતા નથી. દુઃખનો અનુભવ નિર્ણય કરાવનારો નથી, કારણ કે (તેમ હોય તો) બધાં શાસ્ત્રોનો નાશ થાય તેથી (આપનાં) પોતાનાં વચનોનું પાલન થાય તે માટે (અમને) મુક્ત કરાવો, એવું તાત્પર્ય છે. ૨૭.

'પ્રત્યક્ષના વિરોધવાળા સંદેહવાળા આ માર્ગનો ત્યાગ કરીને, સર્વના ત્યાગરૂપ અથવા અભિમાનના અભાવરૂપ જ્ઞાનમાર્ગનો શા માટે આશ્રય કરતા નથી?' એવી શંકાનું નિવારણ કરતાં, ભગવાનની શ્રીનું નિરૂપણ કરે છે :

**સ્વપ્નાયિતં નૃપસુખં પરતન્ત્રમીશ શશ્વદ્ભયેન મૃતકેન ધુરં વહામઃ ।।**
**હિત્વા તદાત્મનિ સુખં ત્વદનીહલભ્યં ક્લિશ્યામહેડતિકૃપણાસ્તવ માયયેહ ।।૨૮।।**

હે ઈશ! રાજાનું સુખ માયિક પરતંત્ર છે. સદા ભયવાળા પડદાથી અમે ધોંસરી વહીએ છીએ. આત્માની અંદરના આપની પાસેથી વૈરાગ્યથી પ્રાપ્ત થતાં તે સુખને તજી ઘણા દુર્ભાગી અમે આપની માયાથી અહિં દુઃખી થઈએ છીએ. ૨૮.

વાસ્તવિક રીતે વિષય જ્ઞાનમાર્ગને યોગ્ય[1] છે, છતાં પણ તેને ન તજવાનું

૧. 'જ્ઞાનમાર્ગને યોગ્ય' એટલે જ્ઞાનમાર્ગમાં ઉપદેશ કરેલા ત્યાગને (ત્યાગ કરવાને) યોગ્ય; એવો અર્થ છે. (લે)

કારણ આપની શ્રીરૂપ માયા છે, તેથી આમ (આપના) વાક્યનું પાલન કરો, અથવા માયાને દૂર કરો. સ્વપ્ન માત્ર માયા છે એવો નિર્ણય કરેલ છે. રાજાઓનું સુખ લોકમાં પ્રસિદ્ધ છે, તે માયિક જ છે, કારણ કે (રાજાને) વ્યવહારમાં ઘણું કપટ હોય (કરવું પડે) છે, કેમ કે માયા કપટીને અધીન છે.

લોકને અંતર્યામીના પ્રતિનિધિ[2] તરીકે જણાવતાં, ભગવાન્ પ્રતિકૂલ છે એમ જણાવવા 'પરતંત્ર' વિશેષણ (રાજાના) સુખનું યોજેલ છે.

'અંદર રહી વશ રાખનાર સખા માટે આ (આમ કહેવું) યોગ્ય નથી' એવી શંકા થાય, તેથી 'હે ઈશ!' એવું સંબોધન કરે છે. માયા પોતાના કર્મને લીધે ભોગવવાની છે, પરંતુ આત્માએ ભોગવવાની નથી એમ જણાવવા 'મડદાંથી' શબ્દથી માયા ભોગવવાનું સાધન કહેલું છે. ચેતનાનો સંબંધ તેને નથી એમ જણાવવા (દેહ માટે) તેવું વચન યોજેલું છે. ભોગવવાના સાધન (દેહ)માં માયાનું કાર્ય સ્પષ્ટ છે એમ 'સદા ભયવાળાં' વિશેષણથી કહેલું છે. તેથી સદાએ ભાર વહેવો એ માયાથી મોહ પામેલાનું કાર્ય છે. લોકો મડદાંને જ ઘણાં દુઃખથી વહી જાય છે અથવા તજી દે છે, પરંતુ મડદાં વડે કાંઈ વહેતા નથી. અમે તો તે (મડદાં)થી ધોંસરી વહીએ છીએ, તેથી અમારામાં મોહ સ્પષ્ટ છે.

'સુખમાં આસક્તિ હોવાથી, બીજા પ્રકારે સુખ પ્રાપ્ત ન થતાં, સુખનું સાધન ન હોય તેમાં પણ પ્રવૃત્તિ કરે છે' એવી શંકા થાય, તેથી 'આત્માની અંદરના સુખને તજી' શબ્દો યોજેલા છે. 'તે' વિશેષણથી સુખનું ઘણું ઉત્તમપણું કહેલું છે. 'આત્માની અંદરના' વિશેષણથી (તે પ્રાપ્ત કરવા ક્યાંય) જવાનું દુઃખ સહન કરવું પડતું નથી એમ જણાવ્યું. 'વૈરાગ્ય પ્રાપ્ત થતાં' વિશેષણથી એમ કહેલું છે કે તે પ્રાપ્ત કરવા કાંઈ ક્રિયા કરવાનો શ્રમ થતો નથી[3]. 'તુ' શબ્દથી ન્યાય સિદ્ધાંતમાં મનાય છે તેવો આત્મા આનંદ રહિત હોવાનો મત ખોટો જણાવેલો છે.

જ્ઞાનથી અને વૈરાગ્યથી સુખ પ્રાપ્ત થાય છે. કેદખાનાથી ક્રિયારહિત થવાનું સંભવે, તેથી 'સર્વ ક્રિયાના બંધ થવારૂપ' એ (ભાગ.૭।૧૩।૨૬) વાક્ય પ્રમાણે સુખ પ્રાપ્ત થાય, પરંતુ બીજામાં આસક્તિ હોવાથી (તે) ખામીવાળું છે.

'સુખ ભોગવનાર સુખના ભેદને જાણે છે' એ નિયમ પ્રમાણે વિષયોનું સુખ જ સર્વથી ઉત્તમ હશે. તેમ ન હોય તો વિષયોમાં ચિત્તની પ્રવૃત્તિ કેમ થાય?' એવી શંકા થાય, તેથી '(ઘણાં દુર્ભાગી અમે આપની માયાથી અહિં) દુઃખી થઈએ છીએ' એમ કહેલું છે

---

૨. જેમ અંતર્યામી પ્રેરણા કરે છે, તેમ (લોક) કરે છે. તેથી તે અંતર્યામીનો પ્રતિનિધિ છે. (લે)

૩. 'ત્વદનીહલભ્યં'ને બદલે 'ત્વનીહલભ્યં' પાઠ લઈ આમ કહેલ હોવાનું જણાય છે.

'ત્વદનીહલભ્યં' 'આપની પાસેથી, વૈરાગ્યથી પ્રાપ્ત થતાં' એવો પાઠ હોય ત્યારે આપના સ્મરણથી તે સુખ સહેલાઈથી પ્રાપ્ત થતું હોવાનું કહેલું છે. વિષયભોગથી દુઃખ થતું હોવાનું અનુભવથી સિદ્ધ થતું હોવાથી, (વિષયભોગ સુખથી) ઉલટા દુઃખનું કારણ હોવાથી[૪] અને દુઃખ અલૌકિક હોય ત્યારે તેનાથી છૂટું પડે તેવું નહિ હોવાથી, દુઃખ થાય ત્યાં સુધી વિષયનો અનુભવ થવા છતાં પણ વિષયભોગથી[૫] અટકતા નહિ હોવાથી અમે ઘણા દુર્ભાગી છીએ. વિચાર કર્યા વિના માગણી વિગેરે કરતા હોવાથી[૬] ઘણાં દીન છીએ, તેનું કારણ આપની માયા જ છે, તેથી આપને પ્રાર્થના કરીએ છીએ. તેમ ન હોત (આપની માયાથી આમ થયું ન હોત) તો અહિં વિષયોની ઈચ્છા ન થાત, કારણ કે વૈરાગ્ય ઉત્પન્ન થવાનાં કારણો અનંત છે. ૨૮.

એ પ્રમાણે શ્રીનું નિરૂપણ કરીને, નીચેના શ્લોકમાં ભગવાનની જ્ઞાન શક્તિનું નિરૂપણ કરતાં તેનાં ફલ (કેદખાનામાંથી) છૂટવાની પ્રાર્થના કરે છે :

**તન્નો ભવાન્ પ્રણતશોકહરાઙ્ઘ્રિયુગ્મો બદ્ધાન્વિયુઙ્ક્ષ્વ મગધાહ્વયકર્મપાશાત્ ।।**
**યો ભૂભુજોઽયુતમતઙ્ગજવીર્યમેકો બિભ્રદ્રુરોધ ભવને મૃગરાડિવાવીઃ ।।૨૯।।**

તેથી પ્રણામ કરનારાનાં શોકને હરનારા ચરણો છે જેમના તેવા આપ કેદખાનામાં પડેલા અમને મગધ નામના કર્મના બંધનમાંથી છૂટા કરો, જેણે એકલાએ દશ હજાર હાથીઓનું બલ ધારણ કરતો હોઈ, જેમ સિંહ બકરાંને પૂરી રાખે તેમ અમો રાજાઓને ભવનમાં કેદ કરેલા છે. ૨૯.

મોક્ષના કારણરૂપ જે બ્રહ્મજ્ઞાન છે તે અક્ષર છે. ભગવાનના અવતાર સમયે તે ભગવાનનું ચરણ થાય છે. ભગવાનનો અવતાર ભક્તો માટે જ થતો હોવાથી, અમારા પ્રયત્ન વિના પણ આપના બે ચરણો પોતાની મેળે જ પ્રણામ કરનારાઓના શોકને હરનારા છે. તેથી આપની જે જ્ઞાનશક્તિ છે તે ચરણ સાથે મળીને[૧] (આપને) પ્રણામ કરનારાઓના શોકને હરે છે. તેમાં પણ અમો આપના

---

૪. વિષયોનું સુખ ભોગવ્યા પછી દુઃખ થાય છે એ અનુભવથી સાબિત થએલું છે. તેથી વિષયોનું સુખ (સુખથી) ઉલટાં દુઃખનું કારણ છે. (લે)

૫. 'દુઃખ' શબ્દ અહિં અધ્યાહાર છે. (લે) દુઃખ બંધ થતું નથી, એવો અર્થ થાય. પરંતુ દુઃખ થતું હોવા છતાં વિષય ભોગથી લોક અટકતા નથી, એવો અર્થ વધારે યોગ્ય જણાવાથી તે પ્રમાણે અર્થ કરેલ છે.

૬. વિષયોનું સુખ સારું નથી. તેવું સુખ માગનારા અમે ઘણા દીન છીએ, તેથી દુઃખી થઈએ છીએ, એવો અર્થ છે.(લે)

૧. ચરણ ધર્મીરૂપ જ્ઞાનરૂપ છે, અને શક્તિરૂપ જ્ઞાન તેની સાથે મળેલું થાય, એવો અર્થ છે. (લે)

સમાન કાલમાં અવતરેલા છીએ. તેથી (અમો) કેદમાં પડેલાને છૂટા કરો.

'આવાં લૌકિક કેદખાનામાંથી છૂટા થવું એ જ્ઞાનથી થઈ શકે તેવું નથી, તેથી જે સાધન નથી તેનાથી સાધ્ય (છૂટવા)ની પ્રાર્થના કેમ કરો છો?' એવી શંકા થાય, તેથી કહે છે કે 'મગધઃ' મગધનો રાજા જરાસંધ, તે કર્મના બંધનનું જ બીજું નામ છે. (અને ઈશ્વરના દર્શન થતાં) 'આનાં કર્મોનો ક્ષય થાય છે' એ વાક્ય પ્રમાણે (છૂટવાની પ્રાર્થના કરીએ છીએ). (કેદખાનામાં) રહેવાથી દેશના નામ (મગધ)ને લીધે વધારે કર્મો ઉત્પન્ન થવાનું સંભવતું હોવાથી (કર્મના) ભોગથી (તેનો) ક્ષય થાય તેમ નથી.

'મગધનો રાજા કર્મરૂપ છે તેની શી સાબિતી?' એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધ કહેલ છે, કારણ કે કર્મને આધીન હોય તેવો કોઈ પણ દશ હજાર હાથીઓના બલવાળો હોતો નથી. તેથી અમો રાજાઓના ભોગનું કારણ બનેલ આધિભૌતિક કર્મને અટકાવી દઈ, (તે) પોતે આધિદૈવિક (કર્મરૂપ) હોઈ, માત્ર જ્ઞાનથી જ શાંત થાય તેવો છે. 'ત્યારે તેને રાજ્ય આપીને તમે તેના સેવકો જ કેમ થતા નથી?' એવી શંકા થાય, તેથી 'જેમ સિંહ બકરાંને પૂરી રાખે તેમ' એમ કહેલું છે, કારણ કે તે (સિંહ) ભક્ષણ કરવા માટે જ બકરાંને રાખે છે, તેમ આણે પણ પ્રમથનાથ (શંકર)ના યજ્ઞ માટે વધ કરવા જ (અમને) રાખેલા છે, એવો અર્થ છે. તેથી તામસ દેવતાને સમર્પણ થએલાનો અમારો તે(તામસ દેવતા)માં જ પ્રવેશ થવાથી (ભવિષ્યમાં) કોઈ પણ સમયે મોક્ષ થશે નહિ, તેથી વધ (થાય તે) પહેલાં જ અમને છૂટા કરવા જોઈએ, એવો ભાવ છે. તેના ભવનમાં કેદ થએલા હોવાથી, (અમે) નાસી જઈએ તેવો સંભવ નથી. ૨૯.

જાણે કે ભગવાનની ભોગમાં આસક્તિને દૂર કરતા હોય તેમ, રક્ષણ કરવામાં આસક્તિને પ્રકટ કરતાં, પોતે ભગવદીય હોવાનું કહેતાં, ભગવાનની વૈરાગ્ય શક્તિને[૧] કબુલ કરતાં, (ભગવાનમાં) પક્ષપાત તથા ક્રૂરતા નથી[૨] એમ જણાવવા નીચેના શ્લોકમાં ભગવાનનો પહેલાંનો વૃત્તાંત કહે છે :

---

૧. 'વૈરાગ્યશક્તિ' એટલે બીજાઓ ઉપર પ્રેમ નહિ, પણ માત્ર ભક્તો ઉપર જ પ્રેમ. (લે) છેલ્લા યુદ્ધમાં જરાસંધ જીતેલ હોવા છતાં તેની સામે યુદ્ધ ન કરતાં પડ્યા રહેવું એ વૈરાગ્યશક્તિ હોવાનું જણાય છે.

૨. પહેલાંનો વૃત્તાંત કહ્યો, તેથી આ (જરાસંધ) મદવાળો છે (એમ જણાવ્યું), તેથી તેના હિત માટે જ તેને હણવાથી (ભગવાનમાં) પક્ષપાત અથવા ક્રૂરતાનો દોષ થતો નથી. (લે) જરાસંધને બલવાન બનાવ્યો અને અમને તેના કેદી બનાવ્યા. તેથી જરાસંધ તરફ પક્ષપાત અને અમારા તરફ ક્રૂરતા હોવાનું જણાય તેવું નથી, એવો ભાવ હોવાનું જણાય છે.

**યો વૈ ત્વયા દ્વિનવકૃત્વ ઉદાત્તચક્રભગ્નો મૃધે ખલુ ભવન્તમનન્તવીર્યમ્ ।।**
**જિત્વા નૃગલોનિરતં સકૃદૂઢદર્પો યુષ્મત્પ્રજા રુજતિ નોઽજિત તદ્વિદેહિ ।।૩૦।।**

હે ચક્ર ધારણ કરનારા! જે ખરેખર યુદ્ધમાં આપથી અઢાર વાર ભાગેલો તે મનુષ્યલોકમાં રમણ કરતા અનંતવીર્યવાળા આપને ખરેખર એકવાર જીતીને ઘણા મદવાળો થઈ આપની પ્રજારૂપ અમને પીડે છે. હે અજીત! તે અજીતપણું કરો. ૩૦.

વાસ્તવિક રીતે તો અઢારે સંગ્રામમાં તેનું પ્રયોજન સિદ્ધ નહિ થવાથી તેનો પરાજય જ થયો હતો, તેથી 'અઢાર વાર' એમ કહેલું છે. પ્રજાપતિ અથવા વિદ્યા તેને વિજય પ્રાપ્ત કરાવનારાં ન થયાં તેથી રજોગુણ અને તમોગુણ જ બાકીનાની સાથે ભળેલા, આધિદૈવિક વિગેરે ભેદ પ્રાપ્ત કરેલા તેના પરાજયના કારણ થયા; તેથી નવની સંખ્યા બે વાર કહેલી[૩] છે. ભગવાનના માહાત્મ્યને લીધે જરાસંધની અંદર રહેલા આધિદૈવિકોએ જ તેનો પરાજય કરેલ હોવાનું ખોટું ઠરાવવા 'હે ચક્ર ધારણ કરનાર!' એમ કહેલું છે. આપે યુદ્ધમાં પ્રસારેલ કાલ- શક્તિરૂપ ચક્રથી જ[૪] તે ભાગેલો. 'ખરેખર!' શબ્દથી એમ સૂચવેલું છે કે આમાં કાંઈ છૂપું નથી.

'જય અથવા પરાજય થવાનું ચોક્કસ નહિ હોવાથી એકનો જ વારંવાર પરાજય કેમ થયો?' એવી શંકા થાય, તેથી 'અનંત વીર્યવાળા આપને' શબ્દો યોજેલ છે. પરિમિત બલવાળાઓને જ જય અથવા પરાજય થવાની સ્થિતિ હોય છે. છતાં પણ આપે કપટ વેષવાળી લીલા પ્રકટ કરેલી હોવાથી, તેનો વિરોધ ન થાય તે માટે મનુષ્ય લોકમાં રમણ કરતા આપને એકવાર ઘુણાક્ષર[૫] ન્યાયથી અથવા (આપના) છૂપા પ્રયોજનને[૬] લીધે જીતીને તે ઘણો મદવાળો થયો છે. અમે

---

૩. સત્ત્વ સાથે અને તમોગુણ સાથે રજોગુણ ભળે એટલે (સત્ત્વરજઃ અને રજસ્તમઃ એવા) બે ભેદ થાય, અને તમોગુણ સત્ત્વ સાથે ભળે (સત્ત્વતમઃ). એમ ત્રણ થાય. એ ત્રણેમાં એક મુખ્ય અને બીજો ગૌણ એવો ભેદ થતાં છ થાય, તે દરેક આધિદૈવિક, આધ્યાત્મિક અને આધિભૌતિક થતાં અઢાર થાય એવો અર્થ છે. (લે) પહેલા ત્રણ થાય એ દેખાડ્યું. એ ત્રણે આધિદૈવિક વિગેરે ત્રણ પ્રકારના થતાં નવ થાય. અને તે દરેકમાં એક મુખ્ય અને બીજો ગૌણ એવો ભેદ કરતાં 'બે વાર નવ' થાય.

૪. ધારણ કરેલ ચક્રરૂપી સાધનથી જ તેને નસાડેલો એમ 'ઉદાત્તચક્રભગ્ન' સમાસ લેવો. (લે) 'ઉદાત્તચક્ર' સંબોધન લેવાથી પણ ચક્રથી તેને નસાડેલ હોવાનું જણાય છે.

૫. ઝાડના કાષ્ઠમાં અથવા પાંદડામાં કીડાઓ કોરે તે કોરણી બરાબર કોઈ અક્ષરો જેવી વખતે થાય. તે પ્રમાણે અકસ્માતથી કોઈ કાર્ય થાય તે ઘુણાક્ષર ન્યાયથી થએલ ગણાય. એવી રીતે અઢારમા યુદ્ધમાં જરાસંધ જીત્યો.

૬. મર્યાદાનું રક્ષણ કરવા ભગવાને તેને જીતવા દીધો એ રાજસ સાધન પ્રકરણમાં ઉત્તરાર્ધ અધ્યાય ૧ શ્લોક ૪૫ના શ્રીસુબોધિનીમાં જણાવેલું છે.

તો મર્યાદાનો ત્યાગ કરીને પુષ્ટિમાર્ગનો આધાર લીધેલ હોવાથી માત્ર આપે જ પાલન કરવા યોગ્ય જ છીએ. તેથી જે આપનો આદર કરતો નથી તેનાથી બધાએ પ્રકારે દુઃખ પામવા યોગ્ય છીએ. તેથી આપની પ્રજા(રૂપ અમ)ને તે પીડે છે.

'ત્યારે (મેં) લોકની રીત સ્વીકારેલી હોવાથી (તમને) કેમ છોડાવું?' એવી શંકા થાય, તેથી 'હે અજીત!' એવું સંબોધન કરે છે. આપનું સ્વરૂપ 'અજીત' હોવાથી, 'દ્રવ્ય (પદાર્થ) અને સંસ્કારનો વિરોધ હોય ત્યારે દ્રવ્ય બલવાન છે' એ નિયમ પ્રમાણે લીલા દેખાડવાનું બંધ કરી, અમારું પાલન કરતાં, 'તે' (આપનું) પોતાનું અજીતપણું કરો (સ્થાપો). આ (અજીત શબ્દ)થી બધા સંદેહો અને અયોગ્યતાઓનું નિવારણ કરેલું છે. ૩૦.

રાજાઓની પ્રાર્થના વિજ્ઞપ્તિરૂપ હોવાથી, તેનાથી તેઓને દોષ ન થાય તે માટે, તેને શરણાગમનરૂપ બનાવવા દૂત નીચેના શ્લોકમાં તેનું તાત્પર્ય કહે છે :

॥ દૂત ઉવાચ ॥

**ઈતિ માગધસંરુદ્ધા ભવદ્દર્શનકાઙ્ક્ષિણઃ ॥**
**પ્રપન્નાઃ પાદમૂલં તે દીનાનાં શં વિધીયતામ્ ॥૩૧॥**

માગધે કેદ કરેલા, આપનાં દર્શનની ઈચ્છાવાળાઓ એ પ્રમાણે આપના ચરણના મૂલને શરણ આવેલા છે. (તે) બાપડાઓનું કલ્યાણ કરો. ૩૧.

એવી રીતે આપના ચરણના મૂલને શરણ આવેલા અને માગધે કેદ કરેલા (રાજાઓ) સ્મરણ કરતાં દર્શન વધારે બલવાન હોવાથી સ્મરણથી કાર્ય સિદ્ધ થશે નહિ એમ વિચારી, આપનાં દર્શનની ઈચ્છા રાખે છે. (તે) બાપડાઓનું કલ્યાણ કરો, એમ (દૂતે કહ્યું). દૂતને ભગવાનનો સાક્ષાત્કાર થતાં, તેના ફલની પ્રાર્થના જેવું (આ તેનું વચન છે), જેથી બે (રાજાઓએ કરેલી) પ્રાર્થના[1] અને દર્શનનું ફલ એમ (રાજાઓનો છૂટકારો) કાર્ય કરાવનારાં[2] ત્રણ થયાં. ૩૧.

એવી રીતે ભગવાનના ગુણને લીધે રાજસો ભગવાનમાં આસક્તિવાળા થયા એમ દર્શાવીને, સાત્ત્વિકો પણ ભગવાનમાં આસક્તિવાળા થયા એમ જણાવવા સાત્ત્વિક કાર્યમાં તત્પર રહેનાર સાત્ત્વિકોમાં મુખ્ય નારદ આવ્યા, એમ કહે છે. તેમ ન હોય તો ભગવાનનું કાર્ય માત્ર રાજસોમાં ફલે છે, એમ થાય (જણાય). માત્ર એક ક્ષણનો વિલંબ થાય તો પણ ભક્તને દુઃખ હોય ત્યારે ભગવાન્ વિલંબ સહન કરતા નથી, તેથી રાજાઓના દૂત એ પ્રમાણે કહેતો હતો

૧.ભવના ભયમાંથી છોડાવવાની અને જરાસંધરૂપી કર્મના બંધનમાંથી છોડાવવાની એવી બે પ્રાર્થનાઓ, એવો અર્થ છે (લે)

૨. જરાસંધના વધનું કાર્ય કરાવનારાં ત્રણ થયાં. (લે)

ત્યારે જ (નારદ) આવ્યા, એમ નીચેના શ્લોકમાં કહે છે :

।। શ્રીશુક ઉવાચ।।

**રાજદૂતે બ્રુવત્યેવં દેવર્ષિઃ પરમદ્યુતિઃ ।।**
**બિભ્રત્પિઙ્ગજટાભારં પ્રાદુરાસીદ્યથા રવિઃ ।।૩૨।।**

રાજાઓના દૂત એ પ્રમાણે કહેતો હતો ત્યારે પીંગળી જટાનો ભાર ધારણ કરતા ઘણા તેજસ્વી દેવર્ષિ, રવિની પેઠે પ્રકટ થયા. ૩૨.

(નારદ) દેવોના પણ (ઋષિ) મંત્ર જાણનાર હોવાથી તે સમયે આવે તે યોગ્ય છે. બીજા અડચણ કરનારાઓના તેજને તે દૂર કરે તે માટે 'ઘણા તેજસ્વી' વિશેષણ યોજેલું છે. અધિકારવાળાનું વચન બહુ આદર કરવા યોગ્ય હોતું નથી એવી શંકા, 'પીંગળી જટાનો ભાર ધારણ કરતાં' વિશેષણથી દૂર કરેલી છે. આ તમોરૂપ છે. ત્યાં (સભામાં) રહેલાઓના તમોદોષને દૂર કરવા 'રવિની પેઠે' એવું દૃષ્ટાંત કહેલું છે. 'રવિ' શબ્દથી જ ભગવાનની હાજરીમાં અંધકાર હોવાનો સંભવ સૂચવેલો છે[1]. તેમ (અંધકાર) ન હોય તો દિવસ અને રાતની વ્યવસ્થા ન હોય. 'પ્રકટ થયા' ક્રિયાપદથી (એમ જણાવેલું છે કે) દૂતની પેઠે તે આવ્યા ન હતા. ૩૨.

પછી આવેલા નારદના વાક્યનું સન્માન થાય તે માટે કાયાના, મનના અને વાણીના એવા ત્રણ[1] પ્રકારે તેનું લૌકિક સન્માન કર્યાનું કહે છે :

**તં દૃષ્ટ્વા ભગવાન્ કૃષ્ણઃ સર્વલોકેશ્વરેશ્વરઃ ।।**
**વવન્દ ઉત્થિતઃ શીર્ષ્ણા સસભ્યો સાનુગો મુદા ।।૩૩।।**

તેને જોઈને સર્વ લાકોના ઈશ્વરના ઈશ્વર ભગવાન્ શ્રીકૃષ્ણ સભ્યો સાથે અને સેવકો સાથે આનંદથી ઉભા થયા (અને તેને) મસ્તકથી વંદન કર્યું. ૩૩.

તે પૈકી કાયિક સન્માન ઉભું થવું, વંદન કરવું અને બધાની સાથે (તેમ કરવું) એમ ત્રણ (થયાં). હર્ષ મનથી કરેલું સન્માન છે. ભગવાન્ હોવાથી તેમ કરવું અયોગ્ય હોવા છતાં, શ્રીકૃષ્ણ તરીકે અવતાર લીધેલ હોવાથી તેમ કરવું યોગ્ય હતું. આ લોકને બોધ આપવા કરેલું એમ જણાવવા 'સર્વ લોકોના ઈશ્વરના ઈશ્વર' શબ્દ યોજેલ છે. નારદ ઋષિ હોવાથી લોકના સ્થાને[2] હતા, અથવા ગુરુ હોવાથી

૧. રવિ ન હોય ત્યારે પણ ભગવાનની હાજરીને લીધે જ અંધકાર રહેતો ન હોય તો ભગવાનની લીલામાં દિવસ અને રાતની વ્યવસ્થા ન હોય. તેવી જ રીતે નારદ વિના ભગવાનની હાજરીથી જ (ત્યાં કોઈમાં) અજ્ઞાન રહેતું ન હોય તો ભગવાનની લીલામાં જ્ઞાન અને અજ્ઞાનની વ્યવસ્થા ન હોય, લીલા સિદ્ધ થાય તે માટે અજ્ઞાન પણ રાખવાની જરુર છે એવો અર્થ છે. (લે)

૧.ત્રણ શ્લોકોથી નહિ, પરંતુ આ શ્લોકથી આરંભી ત્રણ પ્રકારે એવો અર્થ છે. (લે)

૨. નારદનો લોકમાં સમાવેશ થતો હોય અથવા ઈશ્વરમાં સમાવેશ થતો હોય તો પણ ભગવાન્

ઈશ્વર[3] હતા. તેથી (તેને) વંદન કરવાથી દોષ થાય તેમ ન હતું. 'સર્વ' શબ્દથી એમ કહેલું છે કે દેવર્ષિપણાથી થતી સરસાઈ પણ (શ્રીકૃષ્ણથી ચઢતી) ન હતી. ૩૩.

**સભાજયિત્વા વિધિવત્ કૃતાસનપરિગ્રહમ્ ।।**
**બભાષે સૂનૃતૈર્વાક્યૈઃ શ્રદ્ધયા તર્પયન્ મુનિમ્ ।।૩૪।।**

વિધિ પ્રમાણે પૂજા કરીને, જેણે આસન સ્વીકારેલું છે તેવા મુનિને શ્રદ્ધાથી સંતોષ આપતાં મધુર વચનથી (નીચે પ્રમાણે) કહ્યું. ૩૪.

'પૂજા કરવી' એટલે તેના મનમાં આનંદ ઉત્પન્ન કરવો. આ લૌકિક સન્માન છે. નારદ ઋષિ હોવાથી વેદમાં આસક્તિવાળા હતા, તેથી 'વિધિ પ્રમાણે' શબ્દથી તે પણ કહેલું છે. (નારદ પોતાના) ઈશ્વરના ગુણના વિચારને લીધે કદાચ (પૂજાનો) સ્વીકાર ન કરે તો કરેલું નકામું થાય, તેથી 'જેણે આસન સ્વીકારેલું છે' વિશેષણ યોજેલ છે. આપેલું આસન લેવું તે તેનો સ્વીકાર કરવો. પછી ઉત્તરાર્ધથી વાણીથી થતું (સન્માન કરવાનો) આરંભ કરે છે. તે (નારદ) શ્રદ્ધાથી સંતોષ પામે, તેથી 'શ્રદ્ધાથી સંતોષ આપતાં' શબ્દોથી તે કહેલ છે. આ મનથી કરેલ સન્માન છે. નારદ પણ મુનિ હોવાથી મનથી કરેલા સન્માનથી જ સંતોષ પામે. ૩૪.

નીચેના શ્લોકથી આરંભી બે શ્લોકોથી વાણીનું કરેલું (સન્માન) કહે છે :

**અપિ સ્વિદદ્ય લોકાનાં ત્રયાણામ્ અકુતોભયમ્ ।।**
**નનુ ભૂયાન્ ભગવતો લોકાન્ પર્યટતો ગુણઃ ।।૩૫।।**

હાલમાં ત્રણ લોકને કોઈ તરફથી ભય નથી ને? ખરેખર! તમે લોકોમાં પર્યટણ કરો છો ત્યારે ભારે લાભ થાય છે. ૩૫.

ત્રણ લોક સર્વ લોકોના અધિકારીના ઘરરૂપ હોવાથી ત્રણ લોક કુશલ હોવાનો પ્રશ્ન જ કરવો યોગ્ય છે અને, તે(સર્વ લોકના અધિકારી નારદની) સ્તુતિરૂપ છે. 'અપિ સ્વિત્' 'છે ને?' પ્રશ્ન સંદેહવાળી શક્યતા દર્શાવે છે. રાજાઓ કેદ થયાનું સાંભળેલ હોવાથી ભય ન હોવામાં સંદેહ છે. 'કોઈ તરફથી ભય ન હોવાનું' રહસ્ય એવું છે કે પોતાથી જ (પોતાના) અજ્ઞાનને લીધે ભય છે, પરંતુ બીજાથી ભય નથી.

'લોકના ઈશ્વર[1] શા માટે પર્યટન કરે?' એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધ

---

(સર્વ લોકના તથા ઈશ્વરના પણ ઈશ્વર હોવાથી) તેના પણ ઈશ્વર હોઈ, તેમણે નારદને વંદન કર્યું તે લોકને બોધ આપવા જ કર્યું. (લે)

૩. 'તેથી' એટલે લોકને બોધ આપવા વંદન કરેલ હોવાથી. (લે)

૧. ગયા શ્લોકમાં ગુરુ તરીકે નારદને લોકના ઈશ્વર કહેલા છે. (લે) ઋષિ હોવાથી લોક અને ગુરુ હોવાથી ઈશ્વર કહ્યા, તેથી લોકના ઈશ્વર કહેલા છે.

કહેલ છે. તમે (નારદ) ભગવાન્ લોકમાં પર્યટણ કરો છો ત્યારે ભારે જ લાભ થાય છે, એવો અર્થ છે. તેથી સર્વ લોકનું હિત કરવા (તમારું) પર્યટણ થાય છે, એવો અર્થ છે, આથી તેની સ્તુતિ કહી (કરી). ૩૫.

ચાલતા વિષયમાં ઉપયોગી કાર્ય પૂછવા માટે, નીચેના શ્લોકમાં તેનું જ્ઞાન જણાવે છે :

**ન હિ તેઽવિદિતં કિઞ્ચિલ્લોકેષ્વીશ્વરકર્તૃષુ ।।**
**અથ પૃચ્છામહે યુષ્માન્પાણ્ડવાનાં ચિકીર્ષિતમ્ ।।૩૬।।**

ઈશ્વર જેના કર્તા છે તેવા લોકમાં તમારું કાંઈ પણ અજાણ્યું નથી. તેથી પાંડવોએ કરવા ઈચ્છેલ (કાર્ય) તમને પૂછીએ છીએ. ૩૬.

કારણ કે આ (નારદ) ઈશ્વરની ઈચ્છાશક્તિનું આધિભૌતિકરૂપ છે. જ્યારે ભગવાન્ ઈચ્છા કરે છે અને (કાર્ય) કરે છે તે સર્વ આ જાણે છે. 'ઈશ્વર' એટલે '(જગતનું) મૂલ બનેલ કાલ' એવો નિર્ણય છે. તેથી ઈશ્વરની ઈચ્છાથી પાંડવો જે કરવા ઈચ્છે છે તે તમે જાણેલું જ છે, તેથી તમને પૂછીએ છીએ; અથવા 'હે આયુષ્યમાન્' એવું (સંબોધન છે[૧]). 'અથ'[૨] શબ્દ કારણના અર્થમાં યોજાએલો છે, તેનો બીજો અર્થ 'પછી' છે. ૩૬.

ભગવાને કાયાથી અને વાણીથી સન્માન કરેલું તેવી રીતે (થવું) યોગ્ય ન હતું, તેથી આવી પડેલ કાર્યને કદાચ ભગવાન્ નિષ્ફલ કરે, તેથી તેમ ન થાય તે માટે ત્રણ શ્લોકોથી માયા(નો પ્રયોગ) ન થાય તેવી પ્રાર્થના કરે છેઃ

।। શ્રીનારદ ઉવાચ ।।

**દૃષ્ટા મયા તે બહુશો દુરત્યયા માયા વિભો વિશ્વસૃજશ્ચ માયિનઃ ।।**
**ભૂતેષુ ભૂમંશ્ચરતઃ સ્વશક્તિભિર્વહ્નેરિવ ચ્છન્નરુચો ન મેઽદ્ભુતમ્ ।।૩૭।।**

હે શક્તિમાન્! હે વ્યાપક! વિશ્વને રચનાર અને માયાવાળા ઢંકાએલ પ્રકાશવાળા અગ્નિની પેઠે પોતાની શક્તિઓથી પ્રાણીઓમાં વિચરતા આપની ઉલ્લંઘન ન થઈ શકે તેવી માયા મેં ઘણા પ્રકારે જોઈ. મને તેથી આશ્ચર્ય થતું નથી. ૩૭.

અનેક પ્રકારે બધા પુરુષોને મોહ કરનારી ઘણા પ્રકારે પ્રવૃત્તિ કરતી (આપની માયાઓ) મેં જોઈ. તો પછી પોતાનું અજ્ઞાન પ્રકટ કરીને અને હલકા (હોવાની) સ્થિતિ પ્રકટ કરીને મને એકલાને આપ મોહ કરો તેમાં શું આશ્ચર્ય ? એવો વાક્યનો અર્થ છે. માયાના સ્વરૂપનું જ્ઞાન તે જ તેનું 'અત્યયઃ' ઉલ્લંઘન.

---

૧. 'કિઞ્ચિદાયુષ્મન્નીશકર્તૃષુ' એવો પાઠ લેવામાં આવે ત્યારે એમ થાય.

૨. 'અથ' 'તે કારણથી' 'તેથી'. એવા અર્થમાં યાજાએલ છે.

ભગવાનની માયાઓ ના સંબંધમાં તે કોઈથી પણ થતું નથી, તેથી (તે) ઉલ્લંઘન ન થઈ શકે તેવી છે. 'એક વાર વસ્તુનો ભંગ થયાનું જાણવામાં આવતાં[1], ફરીથી દેખાડેલી માયા જાણવામાં આવશે' એવી શંકા દૂર કરવા 'ઘણા પ્રકારે' શબ્દ યોજલ છે. એક (માયા) એક હજાર પ્રકારે દેખાડેલી હોવા છતાં જાણવામાં આવતી નથી, એવો (અર્થ છે). એવું કરવાની (ભગવાનની) શક્તિ, 'હે શક્તિમાન્' સંબોધનથી કહેલી છે. (એમ કરવાનું) પ્રયોજન 'વિશ્વને રચનાર' શબ્દથી કહેલું છે. માયાથી જીવને ઘણો મોહ કરવામાં આવતો ન હોય તો વિશ્વની ઉત્પત્તિ થાય નહિ. 'ચ' 'અને' શબ્દથી સ્થિતિ અને પ્રલય કહેલા છે.

વળી, ભગવાન્ 'માયાવાળા' (એટલે) એકલા જ માયાના આધાર છે, તેમને (માયાઓને) દેખાડવામાં ન આવે તો (તેમનો) પ્રચાર ન થાય, તેથી (તેમને દેખાડવાનું) જરુરી (હોવાનું) કહેલું છે.

વળી (ભગવાન્) માયાઓને પ્રકટ ન કરે તો તે મોટા હોવાનું ઘટતું નથી, એવા અભિપ્રાયથી '(પોતાની શક્તિઓથી) પ્રાણીઓમાં વિચરતા, હે વ્યાપક!' શબ્દો યોજેલા છે. વિચરવાનું જરુરી છે એમ દર્શાવવા (હે વ્યાપક! એ) સંબોધન કરેલું છે, કારણ કે બધા પ્રાણીઓનો જેમને સંબંધ છે તે વ્યાપક (કહેવાય) છે. તે (પ્રાણી)ઓમાં રહેલા દોષનો (ભગવાનને) સંબંધ નથી એમ જણાવવા 'પોતાની શક્તિઓથી' (શબ્દ યોજેલ છે. તેનો અર્થ) 'પોતાની અસાધારણ શક્તિઓથી' છે. તેમ ન હોય[2] તો જેનામાં માત્ર અભિમાન છે તેવા જીવમાં બધી અવસ્થાઓ અને પ્રવૃત્તિઓ ન હોય.

'ભગવાનના બધા ગુણો સર્વ સ્થલે પ્રસિદ્ધ છે. માયા ગુણ ક્યાં પ્રસિદ્ધ છે?' એવી શંકા થાય, તેથી 'ઢંકાએલા પ્રકાશવાળા અગ્નિની પેઠે' એવું દૃષ્ટાંત કહેલું છે. જલ વિગેરેમાં પ્રવેશ કરેલો અગ્નિ પોતાનું કાર્ય કરતો હોવા છતાં, ઢંકાએલ પ્રકાશવાળો રહે[3] છે. જેના ગુણો જાણવામાં આવેલ છે તેવા (અગ્નિ)ના

---

૧. એકવાર માયાને લીધે વસ્તુનું સ્વરૂપ બરાબર જણાય નહિ. અમુક સમય પછી તે જાણવામાં આવે ત્યારે માયાથી પહેલાં જણાએલ નહિ એવું ભાન થાય. પછી બીજીવાર માયાની પ્રવૃત્તિ થાય ત્યારે તે માયાથી થતું હોવાનું જાણવામાં આવે, એવો ભાવાર્થ જણાય છે.

૨. વાસ્તવિક રીતે પ્રાણીઓમાં વિચરણ થતું નથી, પરંતુ તેવું માત્ર અભિમાન થાય છે, આમ હોવાથી–એવો અર્થ છે (લે) પ્રાણીઓમાં વિચરણ ભગવાનનું થાય છે, તેથી તે વસ્તુતઃ થતું નથી અને માત્ર અભિમાન થાય છે, એમ કહેલું યોગ્ય જણાતું નથી, કારણ કે વિચરણ કરનાર ભગવાન્ છે. તેમને અભિમાન હોય નહિ. તેથી જૂદા પ્રકારે અર્થ કરેલ છે.

૩. જલમાં પ્રવેશ કરેલો અગ્નિ પોતાનું કાર્ય ધૂમાડો (જલનું ઉષ્ણપણું વધારે યોગ્ય જણાય છે) વિગેરે કરતો હોવા છતાં ઢંકાએલા પ્રકાશવાળો રહે છે. તે પ્રમાણે 'અગ્નિમાંથી જલ થાય છે'

રૂપ (પ્રકાશ) અને સ્પર્શ પૈકી એક (ગુણ)નું પ્રકટ થવું[૪] માયા વિના સંભવતું નહિ હોવાથી, પ્રથમ ઉત્પન્ન થએલા અગ્નિનો પોતાનો ગુણ પ્રકટ છે[૪], એવો અર્થ છે. જે ભગવાનનું માહાત્મ્ય અને જીવોમાં સમાનપણું વિગેરે જાણે છે તેને વિરુદ્ધ ગુણો જોવામાં આવતા હોવાથી (તે) આશ્ચર્યકારક હોવાનું જ્ઞાન થાય[૫] છે. મને તો (આપના તેવા ગુણો) જોવામાં આવતા હોવા છતાં, સિદ્ધાંતના અર્થનું બરાબર જ્ઞાન હોવાથી, (તેનાથી) 'આ આશ્ચર્યકારક છે' એવું જ્ઞાન ઉત્પન્ન થતું નથી[૬], એવો અર્થ છે. આ જ અર્થ સ્વીકારીને કેટલાકોએ ભ્રમથી 'માયાથી વિરોધનું સમાધાન થાય છે' એવું વાક્ય[૭] ખોટું યોજેલું છે. ૩૭.

ભગવાન્ અદ્ભુત કર્મ કરનારા છે, તેમનાં ચરિત્રનાં દર્શનથી આશ્ચર્ય કેમ થાય?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**તવેહિતં કોઽર્હતિ સાધુ વેદિતું સ્વમાયયેદં સૃજતો નિયચ્છતઃ ॥**
**યદ્ વિદ્યમાનાત્મતયાવભાસતે તસ્મૈ નમસ્તે સ્વવિલક્ષણાત્મને ॥૩૮॥**

---

એ શ્રુતિએ કહેલા ક્રમ પ્રમાણે પોતામાંથી ઉત્પન્ન થએલ પોતાના ગુણરૂપ જલથી ઢંકાએલ રહેતો હોવાથી તે અગ્નિ માયાથી ઢંકાએલ સ્વરૂપવાળો છે, તેવી રીતે ભગવાન્ સર્વનો પ્રકાશ કરતા હોવા છતાં, પોતાની શક્તિ માયાથી ઢંકાએલ સ્વરૂપવાળા રહે છે. (લે)

૪-૪. પ્રકાશ સ્પર્શ વિગેરે અગ્નિના ગુણો જેણે જાણેલા છે તેવા પુરુષ પાસે અગ્નિનું રૂપ (પ્રકાશ) અને વાયુને લીધે આવતા સ્પર્શ, એ બેમાંથી એક માત્ર સ્પર્શનું જ પ્રકટ થવું 'અપ્રાકટ્યમ્' 'પ્રકટ ન થવું' એવો પાઠ હોય ત્યારે બે ગુણોમાંથી માત્ર રૂપનું જ પ્રકટ ન થવું, પોતાને ઢાંકી દેનાર ગુણ માયા વિના સંભવતુ નથી, તેથી જલથી વહેલાં ઉત્પન્ન થએલ અગ્નિનો પોતાનો જલરૂપ ગુણ પ્રકટ છે, અને તેનાથી અગ્નિનું રૂપ ઢંકાઈ જાય છે તે પ્રમાણે જલના સ્થાને રહેલી માયાથી ભગવાનનું સ્વરૂપ ઢંકાએલું હોવાથી, ભગવાનને ઢાંકી દેવા એ માયાનો ગુણ પ્રપંચમાં પ્રસિદ્ધ છે, એવો અર્થ છે. (લે)

૫. ભગવાનનું તે સર્વનો પ્રકાશ કરનારા છે એવું માહાત્મ્ય અને સર્વ જીવોમાં તે સમાન થઈ રહે છે એમ જે જાણે છે, તેને તેમનામાં સર્વ વિરુદ્ધ ગુણો જોવાને લીધે, ઘણા હલકા જીવોમાં મોટા ભગવાનનું વિચરણ આશ્ચર્યકારક છે એવું જ્ઞાન થાય છે, પરંતુ ભગવાનનું માહાત્મ્ય વાણી અને મનથી જણાતું નથી, તેથી કોઈને તેવું જ્ઞાન થતું નથી, એવો અર્થ છે. (લે)

૬. 'ત્યારે નારદને પણ માહાત્મ્યનું જ્ઞાન નહિ હોવાથી જ આ આશ્ચર્યકારક જણાતું નહિ હોય' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. મને માહાત્મ્યનું જ્ઞાન હોવા છતાં આ આશ્ચર્યકારક લાગતું નથી, કારણ કે ભગવાન્ પોતાની શકિતથી ઢંકાએલ સ્વરૂપવાળા રહે છે અને તેથી હલકા પ્રાણીઓ માં રહેલા હોવા છતાં તેમના સંબંધ વિનાના છે એવો સિદ્ધાંત હું જાણું છું એવો અર્થ છે. (લે)

૭. સર્વ માયિક છે, તેથી ભગવાનની (પ્રાણીઓમાં) સ્થિતિ પણ માયિક જ છે. એમ યોજેલ છે, એવો અર્થ છે. (લે)

પોતાની માયાથી આ જગત્ રચનાર અને તેનો લય કરનાર, આપની ચેષ્ટાને કોણ સારી રીતે જાણી શકે? કારણ કે પોતાથી સત્તાવાળું હોય તેવું જગત્ ભાસે છે. જેમનું સ્વરૂપ પોતે જ સર્વથી જૂદા પ્રકારનું છે તેવા તે આપને નમસ્કાર હો. ૩૮.

'આ આવું છે' એવું યથાર્થ ચરિત્રનું જ્ઞાન હોય અને ભગવાનના ચોક્કસ ગુણ(નું જ્ઞાન)[૧] હોય, ત્યારે ચરિત્રમાં વિરોધનું જ્ઞાન થતાં આશ્ચર્ય થાય, પરંતુ તે (યથાર્થ જ્ઞાન) જ સંભવતું નથી, કારણ કે કોણ આપની ચેષ્ટા 'સાધુ' 'આ આવી છે' એમ (યથાર્થ રીતે) જાણી શકે? તે (ન જાણવા)નું કારણ 'પોતાની માયાથી આ રચનાર અને (તેનો) લય કરનાર' શબ્દોથી કહેલું છે; કારણ કે માયાની બહાર હોય તે વસ્તુનું અથવા માયાનું ખરું સ્વરૂપ જાણે. (ભગવાન્ આખું) વિશ્વ જ માયાથી રચે છે અને (તેનો) લય કરે છે. તેથી અથવા પરલોકમાં કોઈ પણ (માયાનું અથવા વસ્તુનું) તત્ત્વ જાણતું નથી.

'માયા ખોટો ઠરાવેલ પદાર્થ હોવાથી, તેનું તત્ત્વ કેમ જણાએલું નથી?' એવી શંકા થાય, તેથી 'કારણ કે પોતાની સત્તાવાળું હોય તેવું ભાસે છે' શબ્દો યોજેલ છે કારણ કે જગત્ સત્તા વિનાનું હોવા છતાં, પોતાની સત્તાવાળું હોવાનો નિશ્ચય થાય છે[૨]. તેથી ઈશ્વરનું જ્ઞાન નહિ હોવાથી તેવા આપને માત્ર નમસ્કાર હો[૩]. ભગવાન્ નમસ્કાર કરવા યોગ્ય ગણાય તે માટે 'જેમનું સ્વરૂપ પોતે જ જૂદા પ્રકારનું છે' શબ્દોથી જીવના સ્વરૂપથી તે સર્વ પ્રકારે જૂદા હોવાનું કહે છે. સર્વ જૂદા પ્રકારનું પોતાથી જ છે સ્વરૂપ જેમનું, તેવા (ભગવાન્) છે. ૩૮.

'એમ હોય તો ભગવાન્ દુઃખના કારણરૂપ હોવાથી સેવા કરવા યોગ્ય કેમ હોય?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**જીવસ્ય યઃ સંસરતો વિમોક્ષણં ન જાનતોऽનર્થવહાચ્છરીરતઃ ।।**
**લીલાવતારૈઃ સ્વયશઃ પ્રદીપકં પ્રાજ્વાલયત્ત્વા તમહં પ્રપદ્યે ।।૩૯।।**

દુઃખ કરાવનાર દેહને લીધે સંસારમાં ભટકતા (અને તેમાંથી) છૂટવાનું ન જાણતા જીવને માટે લીલાથી લીધેલા અવતારોથી જેમણે પોતાના યશરૂપ દીપક પ્રકટાવેલો છે તેવા આપને હું શરણ આવું છું. ૩૯.

---

૧. અહિં 'જ્ઞાતે' 'જાણવામાં આવે' શબ્દ અધ્યાહાર છે. (લે)

૨. માયા ભગવાનને ઢાંકી દે છે, અને ઘડો વિગેરે પ્રકાશ કરે છે. 'યદ્' કારણ કે ન હોય તેવા ઘડો વિગેરે પણ હોય તેવો નિશ્ચય થાય છે. જો ભગવાનનું જ્ઞાન નહિ હોવાથી આવા ભગવાન્ (પ્રપંચમાં) રહેલા છે ત્યારે પ્રપંચ સત્તા વિનાનો ઠરતો હોવાથી, જ્ઞાન ન હોવાને લીધે (ભગવાનને) ઢાંકી દેનારું માયાનું તત્ત્વ પણ જણાતું નથી, એવો અર્થ છે. (લે)

૩. નારદ પોતે જીવના સ્વરૂપવાળો હોવાથી, (અને) ભગવાન્ સર્વથી વિલક્ષણ હોવાથી, તે નમન કરવા યોગ્ય છે, એવો અર્થ છે. (લે)

જેમણે પોતાના યશરૂપ દીપક પ્રકટાવ્યો, તેવા આપને હું શરણ આવું છું, એવો વાક્યનો સંબંધ છે. જો ભગવાન્ સંસાર અંત વિનાનો બનાવે, તેમાંથી નીકળવાનું દ્વાર ન રાખે, અથવા સંપૂર્ણ અજ્ઞાન [1]રાખે, તો ભગવાન્ દુઃખનાં કારણરૂપ થાય. આથી ઉલટું જીવને સર્વ પદાર્થોનું જ્ઞાન થાય તે માટે ભગવાને વેદ અને પુરાણોમાં પ્રસિદ્ધ અવતાર ધારણ કરીને પોતાના યશરૂપી દીપક પ્રકટાવેલો છે. તેમ ન હોત તો[2] માત્ર શબ્દમાં શ્રદ્ધાવાળાને કોઈ પણ સમયે ધર્મ પ્રાપ્ત થાત નહિ. ભગવાનની માયાથી થએલા અંધકારમાં (ભગવાનનો) યશ જ દીપક થાય છે, 'જ્ઞાન જેવી દેખાતી માયા' એ વાક્ય પ્રમાણે જ્ઞાન વિગેરે (દીપક) થતા નથી. પ્રકટાવવાનાં સાધનો પણ દુઃખથી પ્રાપ્ત કરવાના નથી, પરંતુ ભગવાને લીલાથી લીધેલા અવતારો જ (તે પ્રકટાવે છે). ભગવાન્ તેમને શરણે આવેલાઓ માટે જ (આ દીપક) પ્રકટાવે છે, તેથી તેવા આપને હું શરણ આવું છું. ૩૯.

તેથી જો કે જાણતા હોવા છતાં જ મને ઘણો મોહ કરાવવા આપ અજ્ઞાન દેખાડો છો, છતાં પણ વિષય પૂછ્યો ત્યારે ઉત્તર આપીશ એમ કહે છે :

**અથાપ્યાશ્રાવયે બ્રહ્મન્ નરલોકવિડમ્બનમ્ ।।**
**રાજ્ઞઃ પૈતૃષ્વસ્રેયસ્ય ભક્તસ્ય ચ ચિકીર્ષિતમ્ ।।૪૦।।**

છતાં પણ હે બ્રહ્મન્! નરલોકનું અનુકરણ કરનાર (આપને આપની) ફોઈ ના દીકરા, રાજા અને ભક્ત જે કરવા ઈચ્છે છે તે કહું છું. ૪૦.

આપને પોતાને છૂપાવવાનું આવશ્યક છે એમ જણાવવા 'હે વ્યાપક!' એમ કહેલું છે[1]. 'હે બ્રહ્મન્!' સંબોધનથી કહેવાનું કારણ કહેલું છે, તે સંબોધનથી એમ સૂચવેલું છે કે વેદના જેવી આપની આજ્ઞા બધાઓએ જ આચરી શકાય તેવી છે. મને સંતોષ થાય તે માટે આપે જે લોકનું કુશલ પૂછ્યું, તે સ્તુતિ કરવા પૂછેલું હોવાથી તેનો ઉત્તર હું નહિ આપું, પરંતુ આપની ફોઈના દીકરા યુધિષ્ઠિર જે કરવા ઈચ્છે છે તે કહીશ; કારણ કે રાજાએ કરવા ઈચ્છેલું પ્રજાઓનું હિત કરનારું છે, બંધુએ કરવા ઈચ્છેલું બંધુનું અને ભક્તે કરવા ઈચ્છેલું ભગવાનનું હિત કરનારું[2] છે.

---

૧. 'સાધયેત્' 'રાખે' શબ્દ અધ્યાહાર છે. (લે)

૨. 'તેમ ન હોત તો' એટલે ભગવાને અવતાર લીધા ન હોત તો 'શબ્દૈકનિષ્ઠસ્ય' શ્રુતિ ભાગવત વિગેરેમાં જ પ્રસિદ્ધ ભગવાનનો યશરૂપી ગુણ પ્રસિદ્ધ ન થાત, એવો અર્થ છે(લે) 'શબ્દૈક-નિષ્ઠસ્ય' ભગવાનનું વિશેષણ લઈ લેખકારે અર્થ કરેલ છે. ભગવાનને પાતાના માટે પોતાનો યશ પ્રસિદ્ધ કરવાની કાંઈ જરુર હોય જ નહિ. તેથી આને જીવનું વિશેષણ લઈ અર્થ કરેલ છે.

૧. 'બ્રહ્મન્'ને બદલે 'ભૂમન્' સંબોધન હોય ત્યારે આ પ્રમાણે અર્થ થાય છે.

૨. રાજા, ફોઈના દીકરા અને ભક્ત એ ત્રણે શબ્દોનું તાત્પર્ય અનુક્રમે કહેલું છે. (લે)

'ચ' 'અને' શબ્દથી એમ કહેલું છે કે ગુણવાળાએ કરવા ઈચ્છેલું સર્વને હિત કરનારું હોય છે. ૪૦.

તે (યુધિષ્ઠિરે કરવા ઈચ્છેલું) જ નીચેના શ્લોકમાં કહે છે :

**યક્ષ્યતિ ત્વાં મખેન્દ્રેણ રાજસૂયેન પાણ્ડવઃ ।।**
**પારમેષ્ઠ્યકામો નૃપતિસ્તદ્ભવાનનુમોદતામ્ ।।૪૧।।**

ચક્રવર્તિપણાને ઈચ્છતો રાજા પાંડવ ઉત્તમ યજ્ઞ રાજસૂયથી આપની પૂજા કરશે. આપ તેને અનુમોદન આપો. ૪૧.

ફલ પ્રાપ્ત કરવા આધિભૌતિક, શુદ્ધિ પ્રાપ્ત કરવા આધ્યાત્મિક અને ભગવાનની પ્રાપ્તિ માટે આધિદૈવિક એવા ત્રણ પ્રકારે યજ્ઞ કરવામાં આવે છે. 'યજ્ઞથી યજ્ઞની પૂજા કરી' શ્રુતિમાં તે (આધિદૈવિક યજ્ઞ) જ કહેલ છે. 'તેમાં વિઘ્નો દૂર કરવાનું ભગવાને જ કરવું જોઈએ, કારણ કે બીજા કોઈની પૂજા કરવાની હોતી નથી' એવા અભિપ્રાયથી 'આપની પૂજા કરશે' એમ કહેલું છે .'યજ્ઞ મખ જ છે' શ્રુતિ પ્રમાણે આધિદૈવિક યજ્ઞ જ 'મખ' છે, પ્રકરણને લીધે ક્ષત્રિય માટે રાજસૂયથી બીજો યજ્ઞ ઉત્તમ નથી, કારણ કે લાંબા યજ્ઞો કરવાનો અધિકાર બ્રાહ્મણોને અને સંસારનો ત્યાગ કરેલા ક્ષત્રિયોને જ છે. વળી મોટા યજ્ઞમાં ઘણા વિઘ્નો થાય છે. 'પાંડવ' શબ્દથી એમ જણાવેલ છે કે પાંડુના વચનને લીધે યજ્ઞ અવશ્ય કરવો જોઈએ. જો હરકોઈ સમયે મુકરર કરેલા કાલે સાધન સારી રીતે પ્રાપ્ત થતાં ભગવાનની સર્વભાવથી સેવા થઈ શકે તો[1] પ્રાણીએ ભગવાનની તેવી સેવા કરવી જોઈએ. તે સાધનોની પ્રાપ્તિ ચક્રવર્તીને જ થાય છે, બીજાને થતી નથી, તેથી યુધિષ્ઠિર ચક્રવર્તીપણાની ઈચ્છા રાખે છે. તેથી 'રાજા' શબ્દથી તેવી રીતે સેવા કરવાનો તેને અધિકાર નથી, એમ કહેલું છે. તેવી સેવા કરવામાં જેમનું પૂજન કરવાનું છે તેમની સંમતિ જરુરની છે, કારણ કે તે ન મળે ત્યાં સુધી સંતોષ થતો નથી. 'ફલ દેવતા પાસેથી મળે છે' એવા મત પ્રમાણે કર્મ ફલ આપતું નથી. 'કર્મથી ફલ મળે છે' એવા મત પ્રમાણે પણ દેવતાની પ્રસન્નતા (કર્મ પૂર્ણ થવાના) સાધન તરીકે પ્રસિદ્ધ હોવાથી 'તૃપ્ત થએલો જ ઈન્દ્ર આને પ્રજા અને પશુઓથી તૃપ્ત કરે છે' એ શ્રુતિ પ્રમાણે તેના વિના ફલ મળતું નથી. તેથી પૂજામાં જેમનું પૂજન કરવાનું છે તેમનું અનુમોદન જરુરી હોવાથી આપ તેને અનુમોદન આપો. આ અનુમોદન સમીપમાં રહીને (આપવાનું છે), કારણ કે પૂજા અને જેમની પૂજા

૧. ઈચ્છેલા સમયે અલંકાર વિગેરે સાધનો પ્રાપ્ત થાય, ત્યારે કોઈવાર તેવી સેવા થાય, તો સર્વ ભાવથી ભગવાનની સેવા કરવી જોઈએ, પરંતુ તેવી સેવા નિત્ય થતી નથી. ચક્રવર્તીપણું પ્રાપ્ત થતાં તો નિત્ય તેવાં સાધનો હોવાથી, તેવી સેવા થાય (થઈ શકે), એવો અર્થ છે. (લે)

કરવામાં આવે તે જુદા જુદા પ્રદેશમાં હોવાનું સંભવતું નથી. ૪૧.

આ (સમીપ પધારી કરેલા અનુમોદન)થી જ સ્વર્ગનાં કારણરૂપ યજ્ઞ અને અંતઃકરણની શુદ્ધિ પ્રાપ્ત થશે તેથી એકથી જ ત્રણે પ્રકારનો (યજ્ઞ) થશે[1] એવા અભિપ્રાયથી નીચેના શ્લોકથી આરંભી બે શ્લોક કહેલા છે :

**તસ્મિન્દેવ ક્રતુવરે ભવન્તં વૈ સુરાદયઃ ।।**
**દિદક્ષવઃ સમેષ્યન્તિ રાજાનશ્ચ યશસ્વિનઃ ।।૪૨।।**

હે દેવ! ઉત્તમ યજ્ઞમાં આપનાં દર્શનની ઈચ્છાવાળા દેવો વિગેરે અને યશસ્વી રાજાઓ આવશે. ૪૨.

રાજાઓ અને દેવોથી બે લોકમાં કીર્તિ થાય છે. જો કે ત્યાં યજ્ઞમાં ભાગ મળવાનો નહિ હોવાથી[2] દેવો બલિ લેવા આવવાના નથી, છતાં પણ આપનાં દર્શનની ઈચ્છાવાળા થઈ આવશે, અને રાજાઓ હરીફાઈ કરનારા હોવા છતાં આવશે, કારણ કે માત્ર આનંદ માટે આવવાના હોય તો તે યશ પ્રાપ્ત ન થાય. 'હે દેવ!' સંબોધનથી એમ જણાવેલું છે કે જેમ મોટા ઉત્સવમાં દેવનું દર્શન મોટો ઉત્સવ કરનારને યશ કરાવનારું થાય છે તેમ ઉત્તમ યજ્ઞમાં આપનું દર્શન યુધિષ્ઠિરને યશ કરાવનારું થશે. 'યશસ્વી' વિશેષણથી એમ કહેલું છે કે તે રાજાઓનો યશ પણ અહિં (યુધિષ્ઠિરના યશમાં) ભળશે. 'વિગેરે' શબ્દથી સિદ્ધો વિગેરે પણ આવશે (એમ કહેલ છે). ૪૨.

પ્રસંગથી જ શુદ્ધિ પણ (થશે એમ) નીચેના શ્લોકમાં કહે છે :

**શ્રવણાત્કીર્તનાદ્ધ્યાનાત્પૂયન્તેઽન્તેવસાયિનઃ ।।**
**તવ બ્રહ્મમયસ્યેશ કિમુતેક્ષાભિમર્શિનઃ ।।૪૩।।**

હે ઈશ! બ્રહ્મમય આપના શ્રવણ કીર્તન અને ધ્યાનથી ચાંડાલો પવિત્ર થાય છે, તો પછી જેઓને આપનાં દર્શન તથા સંબંધ હોય તેઓનું કહેવું જ શું? ૪૩.

પ્રમાણ બલમાં આરંભમાં શ્રવણ કીર્તન અને સ્મરણ જ કહેલા છે. ધ્યાન

---

૧. આપે યજ્ઞમાં પધારી અનુમોદન કરવાના એક કાર્યથી જ ત્રણે પ્રકારનો યજ્ઞ થશે. કીર્તિરૂપી ફલ મળવાથી આધિભૌતિક, અંતઃકરણ શુદ્ધ થવાથી આધ્યાત્મિક અને આપનાં દર્શનથી આધિભૌતિક યજ્ઞ થશે. (ગયા શ્લોકના શ્રીસુબોધિની જૂઓ)

૨. ભગવાનનાં અવયવ તરીકે તેઓનો ભાગ શ્રુતિમાં કહેલ છે. આ યજ્ઞમાં સાક્ષાત્ ભગવાનનાં અવયવો વિરાજવાનાં હોવાથી તેમના પ્રતિનિધિરૂપ આધિભૌતિક અવયવો (દેવો)ને ભાગ મળવાનો નથી (લે). યુધિષ્ઠિર ભગવાનનો આધિદૈવિક જ યજ્ઞ કરવાના છે અને તેમાં ભગવાનની જ પૂજા થવાની છે, બીજાની પૂજા થવાની નથી એમ ગયા શ્લોકમાં કહેલ હોવાથી જ, દેવોને ભાગ આ યજ્ઞમાં મળવાનો નથી.

એટલે એક ચિત્તથી સ્મરણ. કેટલાક એમ કહે છે કે કર્મનો ત્યાગ વિગેરે કરવાથી ચાંડાલપણાને[1] પામેલા ભક્તો જ પહેલાંની વાસનાના લીધે શ્રવણ વિગેરેથી તે દોષ દૂર કરે છે. તેમ ન હોય[2] તો પણ ચાંડાલોને ભગવાનનાં શ્રવણ વિગેરે થાય ત્યારે ભગવાન્ તેવો જન્મ કરાવનાર દોષનો નાશ કરે છે એવો નિર્ણય છે. 'આપના' એમ ભગવાનની સંમતિ મેળવવા 'આપ' શબ્દ યોજેલ છે. મર્યાદા-ભક્તોના મત પ્રમાણે ભગવાન્ પ્રાકૃત છે એવી બુદ્ધિથી શ્રવણ વિગેરે કરવામાં આવે ત્યારે ભગવાનનું પ્રમેય બલ નહિ હોવાથી ફલ મળતું નથી. તેમ ન હોય તો બધાંએ નામનો અર્થ ભગવાન્ થતો હોવાથી, કોઈનો પણ બંધ ન હોય રહે. તેથી 'બ્રહ્મમય' વિશેષણ કહેલું છે. બ્રહ્મથી ભરપૂર, પરમાનંદરૂપ મૂર્તિવાળા, અથવા સચ્ચિદાનંદરૂપથી ભરપૂર હોવાથી સર્વ વેદોથી ભરપૂર (એવા જ આપના શ્રવણ વિગેરેથી પવિત્ર થાય છે). 'હે ઈશ!' એ સંબોધનથી શુદ્ધ કરવાનું આપનું સામર્થ્ય જણાવેલું છે. ભગવાનનાં દર્શન અને સંબંધ એ પ્રમેય બલ છે. કારણ કે દર્શન અને સંબંધ ફલરૂપ છે તેથી તે પ્રાપ્ત થતાં સાધન પ્રાપ્ત કરવાનું જૂદું રહેતું નથી, એમ 'જેઓને આપનાં દર્શન અને સંબંધ હોય તેઓનું કહેવું જ શું?' એવા કૈમુતિક ન્યાયથી કહે છે. ચાંડાલોનો આમાં સમાવેશ નથી એમ જણાવવા, દર્શન અને સંબંધને એક સાથે કહેલા છે. ૪૩.

ભગવાનનાં દર્શન વિગેરે શુદ્ધ કરનારાં છે એમ કૈમુતિક ન્યાયથી કહેવા, નીચેના શ્લોકમાં ચરણોદકનું માહાત્મ્ય કહે છે :

**યસ્યામલં દિવિ યશઃ પ્રથિતં રસાયાં ભૂમૌ ચ તે ભુવનમઙ્ગલ દિગ્વિતાનમ્ ।।**
**મન્દાકિનીતિ દિવિ ભોગવતીતિ ચાધો ગઙ્ગેતિ ચેહ ચરણામ્બુ પુનાતિ વિશ્વમ્ ।।૪૪**

હે ભુવનોના મંગલરૂપ! જેમનો પવિત્ર દિશાઓને ઢાંકી દેનાર યશ સ્વર્ગમાં, પાતાલમાં અને ભૂમિ ઉપર પ્રસરેલો છે તેવા આપનું ચરણોદક સ્વર્ગમાં મંદાકિની નામથી, પાતાલમાં ભોગવતી નામથી અને અહિં ગંગા નામથી વિશ્વને પવિત્ર કરે છે. ૪૪.

ભગવાનનાં બે ચરણોમાંથી ભક્તોનું હિત કરવા માટે તીર્થરૂપ બે કીર્તિઓ નીકળેલી છે તે પૈકી એક પવિત્ર કીર્તિ સ્વર્ગમાં, પાતાલમાં અને ભૂમિ ઉપર પ્રસરેલી છે. 'સર્વ (કાર્યના) આરંભો દોષથી થાય છે' એ વાક્યથી સર્વ કર્મો

૧. વેદમાં કરવાનાં કહેલાં કર્મનો ત્યાગ કરીને, અને 'વિગેરે' શબ્દ હોવાથી ન કરવાનાં કહેલાં કર્મો કરવાથી ચાંડાલપણાને પામેલા, એવો અર્થ છે. અહિં તત્ત્વદીપનિબંધ ૨-૨૧૩ નું અનુસંધાન કરવું. (લે)

૨. 'તેમ ન હોય તો' એટલે 'પહેલાના જન્મમાં ભક્ત ન હોય તો'. (લે)

દોષવાળાં છે એમ જાણીને, 'પવિત્ર' વિશેષણ કહેલું છે, કારણ કે ભગવાન્ (પોતાના) સંબંધથી શેષ રહેલ દોષો દૂર કરનાર અને ગુણ આપનાર છે, તેથી ભગવાન્ સર્વ ભુવનોમાં મંગલરૂપ છે. અથવા (ભગવાન્) ભુવનોમાં મંગલરૂપ હોવાથી ત્રણે લોકમાં ત્યાંના લોકો (તેમનાં) યશનું ગાન કરે છે. '(લોકના) છેડાના ભાગમાં તે (યશનું ગાન) થતું નહિ હોય' એવી શંકા થાય, તેથી 'દિશાઓને ઢાંકી દેનાર' વિશેષણ યોજેલું છે. (ભગવાનનો યશ) દિશાઓને (લોકના છેડાઓને) ઢાંકી દેનારો હોય છે.

ઉત્તરાર્ધથી બીજી કીર્તિ કહેલી છે. સ્વર્ગમાં મંદાકિની, પાતાલમાં ભોગવતી (અને) પૃથ્વી ઉપર ગંગાના નામથી (ભગવાનનું) ચરણોદક કમંડલુ સમાન વિશ્વને પવિત્ર કરે છે. ૪૪.

એવી રીતે (રાજાઓના) દૂત અને નારદ પોત પોતાના પ્રયોજનવાળી પ્રાર્થના કરી, ત્યારે જે થયું તે નીચેના શ્લોકમાં કહે છે :

।।શ્રીશુક ઉવાચ।।

**તત્ર તેષ્વાત્મપક્ષેષ્વગૃણત્સુ વિજિગીષયા ।।**
**વાચઃ પેશૈઃ સ્મયન્ભૃત્યમુદ્ધવં પ્રાહ કેશવઃ ।।૪૫।।**

તે પ્રસંગે તે પોતાના પક્ષવાળાઓ જીતવાની ઈચ્છાથી બોલતા ન હતા, ત્યારે હાસ્ય કરતાં કોમલ વાણીથી કેશવે સેવક ઉદ્ધવને (નીચે પ્રમાણે) કહ્યું. ૪૫.

'જરાસંધના વધ માટે જ જવું જોઈએ' એવી લૌકિક બુદ્ધિ પ્રથમ થતી હોવાથી નારદનું ઈચ્છેલું થાય તેમ ન હતું, તેથી 'તત્ર' તે પ્રસંગે 'તે' એટલે ત્યાં રહેલા (પોતાને) સાહાય્ય કરનારાઓ (જરાસંધને) જીતવાની ઈચ્છાથી કાંઈ બોલતા ન હતા. તેથી પોતે સમાન દષ્ટિવાળા હોવાથી બંને (પક્ષ)નું સમાધાન થાય તે માટે, બ્રહ્મા અને શિવને પણ વશ રાખનાર અને સુખ આપનારે બંને મતોને જાણનાર ઉદ્ધવને ઉત્તમ વચનોથી (નીચે પ્રમાણે) કહ્યું. તે (ઉદ્ધવ)ને પણ હાસ્યથી મોહ ઉત્પન્ન કરતાં કહ્યું, (જેથી) વાણીના મધુરપણાને લીધે તે આદર સહિત સાંભળે. તેમ ન કરે તો (શ્રીકૃષ્ણ) સર્વના ઈશ્વર હોવાનું તે જાણતો હોવાથી (ભગવાનનું આવું વચન) તે સાંભળે પણ નહિ. નારદનું હિત કરવામાં ન આવે તો બ્રહ્મપક્ષની હાનિ થાય, (અને) જરાસંધનો વધ કરવામાં આવે એટલે મહાદેવના પક્ષનો નાશ થાય[1], તેથી પરિણામે યજ્ઞ માટે જ પધારવાનું થાય. તેથી

૧. દૂતના વચન પ્રમાણે કરવામાં આવે (પહેલાં જઈ જરાસંધને હણવામાં આવે) તો નારદનું હિત ન થાય, એટલે બ્રહ્મપક્ષ (યજ્ઞ)ની હાનિ થાય, અને જરાસંધનો વધ થવાથી મહાદેવના પક્ષની હાનિ થાય (કારણ કે જરાસંધ પ્રમથનાથ અથવા મહાદેવનો યજ્ઞ કરવાનો હતો).

અંગ[2] અને મુખ્યમાં[2] વિરોધ થતાં, ક્રીડા સુખ આપનારી ન થાય, તેથી તે વિષયમાં પ્રવીણ સર્વની પ્રશંસા પામેલા ઉદ્ધવને ભગવાને નીચે પ્રમાણે જણાવ્યું ૪૫.

નીચેના શ્લોકમાં ભગવાનનું વચન કહે છે :

।। શ્રીભગવાનુવાચ ।।

**ત્વં હિ નઃ પરમં ચક્ષુઃ સુહૃન્મન્ત્રાર્થતત્ત્વવિત્ ।।**
**અથાત્ર બ્રૂહ્યનુષ્ઠેયં શ્રદ્દધ્મઃ કરવામ તત્ ।।૪૬।।**

તું અમારા મુખ્ય ચક્ષુરૂપ મિત્ર અને મંત્રણાના ફલનું પરિણામ જાણનારો છે. તેથી આ વિષયમાં કરવા યોગ્ય હોય તે કહે. અમે તેમાં શ્રદ્ધા રાખશું (અને તે) કરીશું. ૪૬.

જે સર્વ જાણનાર છે તેમણે પોતાથી જ જાણીને (કાર્ય) કરવું યોગ્ય છે, પરંતુ સર્વ જાણનાર ન હોય તેવાના કહેવાથી (કરવું) યોગ્ય નથી, અને (તેમ કરવાથી) ઘણો મોહ કરાવનાર થવાય. તેથી તેવું ન થાય તે માટે, 'તું અમારા ચક્ષુરૂપ છો' શબ્દોથી ઉદ્ધવને પોતાના અવયવ તરીકે જણાવે છે. (મુખ્ય એટલે) આધિદૈવિક અથવા પરમાનંદરૂપ (ચક્ષુ છે) અથવા ચક્ષુનું ચક્ષુ છે, કારણ કે આ (ઉદ્ધવ) તેનો (ચક્ષુના ચક્ષુનો) જ અવતાર છે. 'મંત્રી જ્ઞાનચક્ષુ છે' એવી લોકમાં કહેવત પણ છે; તેથી 'અમારા' એમ બહુવચન યોજેલું છે.

માત્ર શાસ્ત્રદષ્ટિથી (આ) કહેલું નથી એમ જણાવવા 'મિત્ર' શબ્દ યોજેલો છે. 'મન્ત્રાર્થસ્ય' મંત્રણાના ફલનું 'તત્ત્વં' પરિણામ 'વેત્તિ' જાણે છે એમ (તેને) પરિણામનું જ્ઞાન હોવાનું કહે છે. 'અથ' તે કારણથી આ વિષયમાં કરવા યોગ્ય (હોય તે) કહે. અમો બંને (પક્ષવાળા) તેમાં શ્રદ્ધા રાખશું અને તે જ કરીશું. બેમાંથી કોઈ એક (પક્ષ તમારા કહેવામાં) અશ્રદ્ધા નહિ રાખે અને (તે પ્રમાણે) કર્યા વિના નહિ રહે એમ કહેલું છે. ૪૬.

પછી મુખ્ય મંત્રી ઉદ્ધવે તેમનું વાક્ય મોહ કરાવનારું નથી એમ વિચારી, ઉત્તર કહેવા માટે તૈયાર કરી એમ નીચેના શ્લોકમાં કહે છે :

।। શ્રીશુક ઉવાચ ।।

**ઈત્યુપામન્ત્રિતો ભર્ત્રા સર્વજ્ઞેનાપિ મુગ્ધવત્ ।।**

---

તેથી નારદના વચન પ્રમાણે કરવું જોઈએ એવું પરિણામ આવે છે, એવો અર્થ છે.(લે)

૨-૨. (દૂતના વચન પ્રમાણે કરતાં) અંગ એટલે બ્રહ્મા અને મહાદેવનો વિરોધ થાય, નારદના વચન પ્રમાણે કરતાં (રાજાઓને છોડાવવામાં) વિલંબ થવાથી મુખ્ય એટલે સ્વરૂપનો વિરોધ થાય, કારણ કે ભક્તનું દુઃખ ભગવાન્ સહન કરી શકતા નથી. (તેથી અંગ અથવા મુખ્યનો વિરોધ થવાનું આવી પડે છે). (લે)

**નિદેશં શિરસાધાય ઉદ્ધવઃ પ્રત્યભાષત ||૪૭||**

સર્વજ્ઞ હોવા છતાં અજ્ઞાનીની પેઠે સ્વામીએ એ પ્રમાણે પૂછેલા ઉદ્ધવે (તેમની) આજ્ઞા માથા ઉપર ચઢાવીને કહ્યું. ૪૭.

કારણ કે ઉદ્ધવ જ્ઞાનના અંશરૂપ હોવાથી તેને યુદ્ધ વિગેરે (કરવા)નો ઉપદેશ કરવામાં આવતો નથી. જો જ્ઞાન(ના વિષય)માં પણ તેનો ઉપયોગ કરવામાં ન આવે તો તેનું પોષણ (કરેલું) વ્યર્થ થાય. આ 'સ્વામીએ' શબ્દથી સૂચવેલું છે. 'સર્વજ્ઞ હોવા છતાં' શબ્દોથી (એમ કહેલું છે કે ભગવાનમાં) દોષ નથી. 'નિદેશં' આજ્ઞાને માથા ઉપર ચઢાવીને 'અભાષત' સ્વીકારી, એટલે હું વિચારીને ઉત્તર આપીશ એમ કહ્યું, એવો અર્થ છે. ૪૭.

**ઇતિ શ્રીલક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીમદ્‌વલ્લભદીક્ષિતે રચેલી**
**શ્રીમદ્‌ભાગવતની સુબોધિનીમાં દશમા સ્કંધના વિવરણમાં**
**ઉત્તરાર્ધનો સઠસઠમો અધ્યાય સંપૂર્ણ.**

## સાત્વિક પ્રમેય પ્રકરણ સમાપ્ત.

### શ્રીમદ્‌ભાગવત દશમસ્કંધ ઉત્તરાર્ધ સુબોધિની

# સાત્વિક સાધન પ્રકરણ

## અધ્યાય અડસઠમો.

## ભગવાન્ ઈન્દ્રપ્રસ્થ પધાર્યા.

**દ્વાવિંશે ધર્મરક્ષાર્થં ધર્મસ્થાનગતિર્હરેઃ ।।**
**સર્વસંભૃ[1]તિયુક્તસ્ય શોભાયુક્તા નિરૂપ્યતે ।।૧।।**

બાવીસમા (અધ્યાય)માં ધર્મનું રક્ષણ કરવા માટે (સૈન્ય વિગેરે) સર્વ આડંબર સહિત હરિનું શોભાવાળું ધર્મસ્થાનમાં ગમન કહેવામાં આવે છે. કા.૧.

**એકા કૃતિર્હરેરત્ર બહુકાર્યનિરૂપિકા ।।**
**નિર્ધાર્યતે સર્વસુખા ધર્મે સર્વાધિકારિણી ।।૨।।**

હરિની એક કૃતિ ઘણાં કાર્ય કરનારી, સર્વને સુખ આપનારી અને ધર્મના વિષયમાં સર્વ અધિકારવાળી હોવાનો અહિં નિર્ણય કરવામાં આવે છે. કા.૨.

ગયા અધ્યાયના અંતે ઉદ્ધવે ભગવાનના વાક્યને માથા ઉપર સ્વીકાર્યું. પછી ભગવાનની ઈચ્છા પ્રમાણે ઉત્તર કહેવામાં આવે તો મંત્રિપણાની ક્ષતિ થાય તેથી પોતાને આગળ પાછળના વિષયનું અનુસંધાન છે એમ જણાવવા પ્રકરણના જ્ઞાનપૂર્વક ઉદ્ધવ ઉત્તર આપવાનો આરંભ[1] કરે છે એમ નીચેના શ્લોકમાં કહે છે:

।। શ્રીશુક ઉવાચ ।।

**ઈત્યુદીરિતમાકર્ણ્ય દેવર્ષેરુદ્ધવોઽબ્રવીત્ ।।**
**સભ્યાનાં મતમાજ્ઞાય પૃષ્ણસ્ય ચ મહામતિઃ ।।૧।।**

એ પ્રમાણે દેવર્ષિનું કહેવું સાંભળીને (અને) સભ્યોનો અને શ્રીકૃષ્ણનો મત જાણીને, ઘણી બુદ્ધિવાળા ઉદ્ધવે (નીચે પ્રમાણે) કહ્યું. ૧.

દૂતના વચનના સંબંધમાં કોઈને પણ તકરાર ન હતી તેથી 'દેવર્ષિનું કહેવું' શબ્દ યોજેલ છે. ભગવાનનું વચન સાંભળ્યા પછી ઉત્તર કહેવો જોઈતો હતો, છતાં પણ પાછું નારદના વચનનું અનુસંધાન થવાથી તેમનું સમાધાન કરવા માટે જ 'ઉદ્ધવે કહ્યું'. ધર્મ અને બ્રાહ્મણ જ પુષ્ટિમાર્ગમાં બાધ કરનારા છે[2].

---

૧. અહિં 'સંમતિ'ને સ્થાને 'સંભૃતિ' પાઠ જોઈએ એમ જણાય છે.

૧. ગયા અધ્યાયના છેલ્લા શ્લોકમાં કહેલું છે. તે અહિં દૂર કહેલ હોવાથી પ્રકરણનું જ્ઞાન જ વાક્ય (આ શ્લોક)નો અર્થ છે એવો ભાવ છે.(લે)

૨. રાજાઓ ઉપર અનુગ્રહ (પુષ્ટિનું કાર્ય) કરવાથી રાજસૂય યજ્ઞ અને નારદ એ બેનો વિરોધ

તેઓનું સમાધાન કાંઈક પુષ્ટિના વિરોધવાળા અર્થથી થાય છે, એવો પ્રકરણનો અર્થ છે.

મતભેદ હોય ત્યારે મંત્રીનું વચન આદરપાત્ર હોવાથી, 'સભ્યોનો અને શ્રીકૃષ્ણનો મત જાણીને' શબ્દોથી બે મત જણાવે છે. 'યુદ્ધ માટે જવું મુખ્ય છે, પછી ધર્મ માટે જવું. દુઃખનો નાશ અને સુખ પૈકી પહેલાં દુઃખનો ઉપાય કરવો જોઈએ' એવો સભ્યોનો મત હતો. ભગવાનનો પણ એવો મત હતો, અને 'ચ' 'અને' શબ્દ હોવાથી (તેથી) વિરુદ્ધ મત હતો. એવી રીતે પહેલાં અને પાછલથી (કરવાના કાર્ય)માં સંદેહ થતાં, (તેનો) નિર્ણય કરવાની ઉદ્ધવમાં બુદ્ધિ હતી, એમ 'ઘણી બુદ્ધિવાળા' વિશેષણથી કહેલું છે. ભક્તિમાર્ગના અને નારદના કોપનું સમાધાન કરવુ જોઈએ, અને બની શકે ત્યાં સુધી મર્યાદા નભાવવી જોઈએ. તેથી એક બાજુએ ધર્મ, બ્રાહ્મણ અને મર્યાદા (એ) ત્રણનો વિરોધ થાય છે, બીજી બાજુએ એકલા ભક્તિમાર્ગનો જ વિરોધ થાય છે[3]. ૧.

તેથી ઘણા ઉપર અનુગ્રહ થાય એવા નિયમ પ્રમાણે (ઉત્તર) કહેવો જોઈએ એવો નિશ્ચય કરીને, નીચેના શ્લોકમાં બે પક્ષ ફરીથી કહે છે :

|| ઉદ્ધવ ઉવાચ ||

**યદુક્તમૃષિણા દેવ સાચિવ્યં યક્ષ્યતસ્ત્વયા ||**
**કાર્યં પૈતૃષ્વસ્રેયસ્ય રક્ષા ચ શરણૈષિણામ્ ||૨||**

હે દેવ! ઋષિએ જે ઉપાય કહ્યો (તે) આપે યજ્ઞ કરનાર ફોઈના દીકરાનું કાર્ય (કરવું) અને શરણ ઈચ્છનારાઓનું રક્ષણ કરવું. ૨.

'હે દેવ' એ સંબોધન છે. 'સાચિવ્યં' મંત્રનો ઉપદેશ (ઉપાય), પરંતુ યુદ્ધ વડે સાહાય્ય કરવાનું નહિ. મંત્રમાં અલૌકિક પ્રકાર[1] તો કહેવો યોગ્ય નથી, તેથી નારદે કહેલો ઉપાય જ ફરી કહે છે. 'કરનાર, ઉપદેશ આપનાર અને અનુમોદન કરનારને (સમાન ફલ થાય છે)' એ વાક્ય પ્રમાણે તેમ કરવાથી (ફરી કહી અનુમોદન કરવાથી) ધર્મ થાય છે. ફોઈના દીકરાનું કાર્ય કરવું એ લૌકિક છે. તેથી

---

થાય છે. તેથી અનુગ્રહ કરવાનો છે, પરંતુ કાંઈક વિલંબ પછી કરવો પડશે એટલે કાંઈક પુષ્ટિની વિરુદ્ધ થશે.(લે)

૩. રાજસૂય યજ્ઞમાં પહેલાં પધારે તો નોટ બીજીમાં જણાવ્યા પ્રમાણે પુષ્ટિ (ભક્તિમાર્ગ)નો વિરોધ થાય. રાજાઓને મુક્ત કરવા પહેલાં પધારે તો રાજસૂયયજ્ઞ (ધર્મ), નારદ (બ્રાહ્મણ) અને મર્યાદાનો વિરોધ થાય.

૧. યુધિષ્ઠિર આપ (ભગવાન)નું પૂજન કરશે, તેથી ત્યાં જવું જરુરી છે એવો (અલૌકિક) પ્રકાર લૌકિક ન્યાયથી ઉપાય કહેવામાં કહેવો ન જોઈએ, તેથી નારદે કહેલ ઉપાયનો જ અનુવાદ કર્યો છે. (લે)

આ (પ્રમાણે કરવા)માં લોક અને વેદનો વિરોધ નથી એમ બે[2] કહેલાં છે. બીજો પક્ષ શરણ ઈચ્છનારાઓનું રક્ષણ, અને 'ચ' 'અને' શબ્દ હોવાથી બંધુઓનું (યાદવોનું) વચન (મત પ્રમાણે વર્તન કરવું તે) છે. તે પ્રમાણે હોવાથી બે (પક્ષો)માં જેમ વિરોધ ન રહે તેમ કરવું જોઈએ. ૨.

તે પૈકી (રાજાઓને) છોડાવવામાં યજ્ઞનો ઉપયોગ કરવો અશક્ય હોવાથી, છોડાવવાનું જ (કાર્ય) યજ્ઞમાં કરવું એમ નીચેના શ્લોકમાં કહે છે :

**યષ્ટવ્યં રાજસૂયેન દિક્ચક્રજયિના વિભો ।।**
**અતો જરાસુતજય ઉભયાર્થો મતો મમ ।।૩।।**

હે શક્તિમાન્! સર્વ દિશાઓમાં જય પ્રાપ્ત કરનારે રાજસૂય (યજ્ઞ) કરવો જોઈએ. તેથી જરાના પુત્રને જીતવો એ બંને પ્રયોજન સિદ્ધ કરનારો (હોવાનું) હું માનું છું. ૩.

દિશાઓનું ચક્ર એટલે દશ દિશાઓ, તેમાં જય પ્રાપ્ત કરનારે રાજસૂય (યજ્ઞ) કરવો જોઈએ. તેથી જ તે (યજ્ઞ) જ જરાસંધનો વધ કરાવશે. યજ્ઞના પ્રયોજનથી વધ કરવામાં આવે ત્યારે તો દોષ (લાગતો) નથી[1]. આમ થતાં, જે દોષો (જણાય) તે ભવિષ્યમાં દૂર કરશે[2]. પહેલાં ઉત્તરાર્ધથી યજ્ઞના પ્રયોજન માટે તેનો વધ (કરવાનું) સિદ્ધ કરે છે.

'ત્યારે ભક્તિમાર્ગનો વિઘાત જ થાય' એવી શંકા થાય, તેથી 'બંને પ્રયોજન સિદ્ધ કરનારો' શબ્દ યોજેલ છે. યજ્ઞનું પ્રયોજન અને (રાજાઓને) છોડાવવાનું પ્રયોજન સિદ્ધ કરનારો આ પક્ષ (હોવાનું) હું માનું છું. વળી આ (પક્ષ) યોગ્ય છે, કારણ કે (આમાં) નારદ વિગેરેનો કોપ થતો નથી. ૩.

અઢી શ્લોકથી આ પક્ષમાં (જણાતા) દોષો દૂર કરે છે :

**અસ્માકં ચ મહાનર્થો હ્યેતેનૈવ ભવિષ્યતિ ।।**
**યશશ્ચ તવ ગોવિન્દ રાજ્ઞો બન્ધાદ્વિમુઞ્ચતઃ ।।૪।।**

અને આથી જ આપણને ઘણું ધન (પ્રાપ્ત) થશે; અને હે ગોવિંદ! રાજાઓને બંધનમાંથી મુક્ત કરાવનાર આપને યશ (પ્રાપ્ત) થશે. ૪.

પરાક્રમથી જરાસંધનો વધ કરવામાં આવતાં તેનું ધન આપણને પ્રાપ્ત

---

૨. 'યજ્ઞ કરનાર', 'ફોઈના દીકરા' એ બે શબ્દો કહેલા છે. (લે) આ શબ્દો અનુક્રમે વેદ અને લોકનો વિરોધ નથી એમ દર્શાવે છે.

૧. તેમ ન કરતાં, (બારોબાર યુદ્ધ કરી જરાસંધનો વધ કરવાથી) બ્રાહ્મણનું હિત કરનારનો વધ કરવાથી દોષ લાગે, એવો અર્થ છે. આ આવતા અધ્યાયના આરંભની કારિકામાં સ્પષ્ટ કહેશે. (લે)

થાય, પરંતુ યજ્ઞના પ્રયોજન માટે વધ કરવામાં આવે ત્યારે તે પ્રાપ્ત ન થાય. 'ચ' 'અને' શબ્દનો એવો અર્થ છે કે પહેલાં યવનના જયથી પ્રાપ્ત થએલું ભગવાનનું ધન જરાસંધ લઈ ગએલ, તે આપણને પાછું મળશે અને મુક્ત કરાવેલ (રાજાઓ પાસેથી તેણે લીધેલ ધન આપણને મળશે). 'આથી જ થશે' શબ્દોથી એમ કહેલું છે કે આ બધુંએ યજ્ઞના પ્રયોજન માટે વધ કરવાથી પણ થશે[1], કારણ કે તે ધનથી[2] મુક્ત કરાવેલ ભક્તોનું પોષણ કરવાનું છે.

'બીજાઓ સાથે ભળવાથી યશ પ્રાપ્ત નહિ થાય' એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધ કહેલ છે. 'ચ' 'અને' શબ્દથી 'સર્વ પ્રાણીઓથી અભય આપવાનું મારું વ્રત છે' એ પ્રતિજ્ઞા કહેલી છે. જરાસંધનો માત્ર વધ કરવાથી બંધનમાંથી મુક્ત કરવાનું થતું નથી, કારણ કે તેનો પુત્ર પણ બંધન કરે તેવું સંભવે. તેથી 'રાજાઓને બંધનમાંથી મુક્ત કરનાર' શબ્દોથી પ્રયોજન તરીકે સંપૂર્ણ રીતે મુક્ત કરવાનો ઉપદેશ કરે છે. 'રાજ્ઞઃ' રાજાઓના દેહો અને આત્માઓને, બંને પ્રકારના બંધનમાંથી સંપૂર્ણ રીતે મુક્ત કરાવવા તે જ મુક્ત કરાવનાર આપનું પ્રયોજન છે. ૪.

'ઋષિને જ કહેવું કે જરાસંધનો વધ (કરવાનું) જરુરી છે. તે કરીને આવીશ. (તેમાં અને યજ્ઞ માટે જવામાં) શું ભેદ છે?' (એવો વિચાર થાય, તેથી) આ પક્ષમાં (ઋષિને એમ કહી જરાસંધનો વધ કરવા પહેલાં જવામાં) સ્ત્રીઓ સાથે લીલાથી જવામાં પ્રતિબંધ થાય છે, અને મર્યાદા પ્રમાણે આ પક્ષ જરુરી છે[1] એમ કહેવા, નીચેના શ્લોકથી આરંભી બે શ્લોકોથી જરાસંધનું સ્વરૂપ કહે છે :

**સ વૈ દુર્વિષહો રાજા નાગાયુતસમો બલે ।।**
**બલિનામપિ ચાન્યેષાં ભીમં સમબલં વિના ।।૫।।**

બલમાં દશ હજાર હાથીઓ સમાન, અને બીજા બલવાનોની પણ

---

૨. જૂઓ આવતા શ્લોકનો આભાસ.

૧. (જરાસંધને હણ્યો એ) ભગવાનનું કાર્ય છે એમ જાણી અને યવનના જયથી ભગવાને પ્રાપ્ત કરેલ જરાસંધ પાસે છે એમ જાણી તે ધન આપણને જ આપશે એવો ભાવ છે. (લે)

૨. ભગવાનને તો છૂપી રીતે (જરાસંધના વધ માટે) પધારવાનું હોવાથી, ધન નહિ હોવાથી, મુક્ત કરાવેલ રાજાઓનું જરાસંધના ધનથી જ પોષણ કરવાનું છે, કારણ કે (જરાસંધનો પુત્ર) સહદેવ જ તેમનો સત્કાર કરશે, એવો અર્થ છે. (લે)

૧. (જરાસંધ) સહન ન થઈ શકે તેવો હોવાથી લીલાથી ત્યાં જવામાં પ્રતિબંધ થાય છે એવા પહેલા શ્લોકનો અર્થ છે. તે હણી ન શકાય તેવો છે એ બીજા શ્લોકનો અર્થ છે, એવો વિભાગ છે. (લે) આવો વિભાગ હોવાનું જણાતું નથી. બીજો (છઠ્ઠો) શ્લોક તો તેનો વધ કરવાનો પ્રકાર દર્શાવે છે. 'મર્યાદા પ્રમાણે આ પક્ષ જરુરી છે' એમ કહ્યું તે સ્ત્રીઓ સાથે લીલાથી જવાનું જરુરી છે, એવા ભાવથી કહેલ હોવાનું જણાય છે.

સમાન તે રાજા સમાન બલવાળા ભીમ વિના કોઈથી સહન થઈ શકે તેવો નથી જ. ૫.

તે કોઈ પણ યાદવથી સહન થઈ શકે તેવો નથી, કારણ કે (તે) રાજા એટલે ક્ષત્રિય હોઈ ઘણા ભાગે હણી શકાય તેવો નથી. આ (તેનું) બલ અલૌકિક છે. 'દશ હજાર હાથીઓ સમાન' વિશેષણથી (તેનું) લૌકિક (બલ) કહે છે. બલના વિષયમાં તે દશ હજાર હાથીઓની સમાન છે. આવા બીજાઓ પણ છે, તેથી તેઓથી ભેદ દર્શાવવા 'બીજા બલવાનોની પણ સમાન' વિશેષણ યોજેલ છે. આ ભેગા કરેલા બધાએ બલવાનોની સમાન છે. 'ચ' 'અને' શબ્દથી (એમ કહેલું છે કે) તેને બ્રાહ્મણ વિગેરેના વરદાનોથી મળેલું પણ બલ છે.

'ત્યારે મર્યાદા પ્રમાણે હણી ન શકાય તેવો જ હશે' એવી શંકા થાય, તેથી 'સમાન બલવાળા ભીમ વિના' શબ્દો યોજેલ છે. ભીમ પણ આવો (આના જેવો) છે, છતાં પણ (તેનો) જય જે પ્રકારે થાય તે આગળ કહેશે. ૫.

વળી તેનામાં બીજું પણ વરદાનથી પ્રાપ્ત થએલ બલ છે, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**દ્વૈરથે સ તુ જેતવ્યો મા શતાક્ષૌહિણીયુતઃ ।।**
**બ્રહ્મણ્યોઽભ્યર્થિતો વિપ્રૈર્ન પ્રત્યાખ્યાતિ કર્હિચિત્ ।।૬।।**

તે તો દ્વંદ્વયુદ્ધમાં જીતવા યોગ્ય છે, સેંકડો અક્ષૌહિણીવાળો (જીતવા યોગ્ય) નથી. બ્રાહ્મણોનો હિતકારી બ્રાહ્મણો માગે ત્યારે કોઈ સમયે ના પાડતો નથી. ૬.

દ્વંદ્વયુદ્ધમાં જ જીતવા યોગ્ય છે, પરંતુ અનંત અક્ષૌહિણીવાળો (જીતવા યોગ્ય) નથી. આથી તેની સેના ઘણી હોવાનું સૂચવેલું છે.

એ પ્રમાણે તેના ગુણોને કહીને, અમુક સમયે એક ગુણ દોષરૂપ થતો હોવાથી ઉત્તરાર્ધથી તે કહે છે કે સ્વભાવથી તે બ્રાહ્મણોનો હિતકારી છે. જો (બ્રાહ્મણો) માગે તો કોઈ પણ સમયે ના પાડતો નથી. (બ્રાહ્મણનું) કપટ જાણવા છતાં પણ ધર્મમાં દઢતાવાળો હોવાથી (તેને ના પાડતો નથી). હણવામાં (હણવા માટે) આ એક તેની ખામી છે. ૬.

'ત્યારે ક્ષત્રિયોનું શું થાય?' એવી શંકા થાય, તેથી નીચનો શ્લોક કહે છે :

**બ્રહ્મવેષધરો ગત્વા તં ભિક્ષેત વૃકોદરઃ ।।**
**હનિષ્યતિ ન સંદેહો દ્વૈરથે તવ સન્નિધૌ ।।૭।।**

બ્રાહ્મણનો વેષ ધારણ કરેલ ભીમે જઈને તેની પાસે માગવું. આપની હાજરીમાં દ્વંદ્વયુદ્ધમાં તે (તેને) હણશે, (એમાં) સંદેહ નથી. ૭.

કવચ વિગેરે નહિ રાખતાં, જનોઈ સાથે બે વસ્ત્રો અને તિલક વિગેરેવાળો બ્રાહ્મણનો વેષ હોય છે. જો કે બ્રાહ્મણનું તેજ પ્રાપ્ત કરી શકાય તેવું નથી, છતાં પણ માગેલું જરાસંધ આપે ત્યારે ભીમ તેને હણશે[1] 'એમ આપની હાજરીમાં' શબ્દોથી કહેલ છે. ૭.

'જો હું પરબ્રહ્મ હોઉં તો પક્ષપાત વિનાનો અને સર્વનો આત્મા છું, વિષ્ણુ હોઉં તો રક્ષણ કરનારો જ છું, હણનારો નથી. ભીમને મારા તેજથી પુષ્ટિ કરું એવો વિચાર થતો હોય તો બ્રાહ્મણના હિતકારી ઉપર વિષ્ણુના તેજની શક્તિ ચાલતી નથી. તેથી ભીમ તેનો વધ કેવી રીતે કરશે?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**નિમિત્તં પરમીશસ્ય વિશ્વસર્ગનિરોધયોઃ ।।**
**હિરણ્યગર્ભઃ શર્વશ્ચ કાલસ્યારૂપિણસ્તવ ।।૮।।**

વિશ્વની ઉત્પત્તિ અને લયમાં બ્રહ્મા અને શંકર આપ રૂપ વિનાના કાલરૂપ ઈશ્વરના માત્ર નિમિત્ત છે. ૮.

આપ ઈશ્વર અને કાલરૂપ પણ છો. માત્ર હાજરીથી જ પોતાના ઈચ્છેલા સમયે આખુંએ વિશ્વ આપ ઉત્પન્ન કરો છો અને (તેનો) લય કરો છો, બ્રહ્મા અને શંકર તો તલવાર વિગેરેની પેઠે (તેમાં) માત્ર નિમિત્ત જ છે, કારણ કે આપ કાલરૂપ છો, (અને) કાલે (પોતાના) ઉદરમાં સમાવેલાઓનાં જ ઉત્પત્તિ અને લય થાય છે. જેમ કર્મે પોતાના ઉદરમાં સમાવેલાઓના જન્મ અને મરણમાં પિતા અને વાઘ માત્ર નિમિત્ત જ છે, (તેમ આપ કાલે પોતાના ઉદરમાં સમાવેલાઓનાં ઉત્પત્તિ અને લયમાં બ્રહ્મા અને શંકર માત્ર નિમિત્ત જ છે).

'જો હું જ સદા હણનારો હોઉં તો બધા (મને) કેમ જોતા નહિ હોય?' એવી શંકા થાય, તેથી 'રૂપ વિનાના' વિશેષણ યોજેલું છે. તે (કાલ) જ આપ છો, હમણાં (આપમાં) રૂપ વધારાનું છે, એવો અર્થ છે. ૮.

'એમ હોય તો પણ તે પ્રમાણે (કરવાથી) યશ પ્રાપ્ત થશે નહિ' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**ગાયન્તિ તે વિશદકર્મ ગૃહેષુ દેવ્યો રાજ્ઞાં સ્વશત્રુવધમાત્મવિમોક્ષણં ચ ।।**
**ગોપ્યશ્ચ કુઞ્જરપતેર્જનકાત્મજાયાઃ પિત્રોશ્ચ લબ્ધશરણા મુનયો વયં ચ ।।૯।।**

દેવીઓ અને ગોપીઓ, આપનું શરણ પ્રાપ્ત કરેલાઓ, મુનિઓ અને અમે ઘરોમાં રાજાઓના પોતાના, ગજેંદ્રના, સીતાના અને આપના માતપિતાના શત્રુઓના વધરૂપ અને પોતાના છુટકારારૂપ આપના ઉજ્જવલ યશનું ગાન કરે છે. ૯.

૧. 'પ્રાર્થિતદાને મારણમાહ' એવો વૃંદાવન પ્રેસવાળા ગ્રંથનો પાઠ લીધેલ છે.

આપનો યશ પહેલે જ ત્રણ લોકમાં પ્રસરેલો રહેલ છે, (તેથી) હવે (તેને) ઉત્પન્ન કરવાના કલેશનું શું પ્રયોજન? એવો વાક્યનો અર્થ છે. આથી[1] (એમ જણાવેલું છે કે) ભગવાનનો અથવા ભગવાનના સેવકોનો યશ ભગવાન્ તરીકે અથવા ભગવાનના સેવક તરીકે પ્રસિદ્ધ જ છે, નવો ઉત્પન્ન કરવાનો નથી.

હિરણ્યકશિપુ અને રાવણના વધ વિગેરેરૂપ આપનું ઉજ્જવલ કર્મ છે. દેવીઓ એટલે દેવની સ્ત્રીઓ પોતાના શત્રુ હિરણ્યકશિપુ વિગેરેના વધરૂપ ભગવાનના કુદરતી ચરિત્રનું, અને બંધનમાં નાખેલીઓના અને ખાસ કરીને અવિદ્યામાંથી (કરેલા) પોતાના છૂટકારાનું પોતપોતાનાં ઘરોમાં ગાન કરે છે. અથવા 'તે' આપનાં ઘરોમાં નરકાસુરે બંધનમાં નાખેલી દેવીઓ, બીજું સર્વ પહેલાંની પેઠે (ઉપરની પેઠે) યોજવું. અથવા આપના રાજાઓ ઉગ્રસેન વિગેરેની દેવીઓ ગાન કરે છે. અથવા ભવિષ્યમાં થવાના વૃત્તાંતનો થએલા તરીકે ઉપયોગ કરીને જરાસંધના કેદખાનામાંથી છૂટા કરાવવાના રાજાઓની દેવીઓ ગાન કરે છે.

વળી બીજા પણ ઘણાએ આપના યશનું ગાન કરે છે એમ 'અને ગોપીઓ' શબ્દોથી કહે છે. 'ચ' 'અને' શબ્દથી એમ કહેલું છે કે સંબંધવાળી સ્ત્રીઓ પણ શંખચૂડ વિગેરે, અથવા અવિદ્યા, લજ્જા વિગેરે પોતાના શત્રુના વધ(રૂપ ચરિત્રનું ગાન કરે છે). જેમ પોતાના શત્રુના વધનું ગાન કરે છે, એવી રીતે 'કુઞ્જરપતેઃ' ગજેંદ્રના પણ શત્રુ મઘરના વધરૂપ, તેમ જ 'જનકાત્મજાયાઃ' સીતાના શત્રુ રાવણના વધરૂપ, અને 'પિત્રોઃ' (માતાપિતા) દેવકી અને વસુદેવના શત્રુ કંસના (વધરૂપ ચરિત્રનું ગાન કરે છે), એવી રીતે ત્રણ પ્રકારના પ્રાકૃત જીવો પણ પોતાના અથવા બીજાના (શત્રુના વધરૂપ અને પોતાના છૂટકારારૂપ ચરિત્રનું) ગાન કરે છે. તેવી રીતે બીજા ત્રણ પ્રકારના કર્મ કરનારા, જ્ઞાનવાળા અને ભક્તો પણ ગાન કરે છે એમ 'શરણ પ્રાપ્ત કરેલાઓ, મુનિઓ અને અમે' શબ્દોથી કહેલ છે. અથવા 'ભય ન પામો એવી ભય દૂર કરનારી બૂમો પાડતાં' (૧૦।૩૧।૨૮), 'તેથી મારે શરણે આવેલ ગોષ્ઠનું (રક્ષણ કરું)' (૧૦।૨૨।૧૮), 'આ મારું વ્રત છે' વિગેરે હજારો વાક્યને લીધે 'શરણ પ્રાપ્ત કરેલાઓ' એ વિશેષણ સર્વ સ્થલે લેવું. કેટલાક કહે છે કે 'શરણ પ્રાપ્ત કરેલા' એટલે પાંડવો. વળી દંડકારણ્યમાં રહેનારા વિશ્વામિત્ર વિગેરે મુનિઓ અને અમે બધાએ ભક્તો (ગાન કરીએ છીએ).

---

૧. 'આથી' એટલે દેવીઓ, આપની દેવીઓ, ગોપીઓ, શરણ પ્રાપ્ત કરેલાઓ, મુનિઓ અને અમે એમ ગાન કરનારા છ કહ્યા તેથી, એવો અર્થ છે. 'શરણ પ્રાપ્ત કરેલાઓ' શબ્દને વિશેષણ તરીકે લેવામાં આવે ત્યારે 'અને ગોપીઓ' શબ્દોમાં 'અને' શબ્દથી જણાવેલી સંબંધવાળી સ્ત્રીઓ લેવાથી ગાન કરવાની સંખ્યા છની થાય છે. (લે) 'આથી' એટલે 'આ શ્લોકથી' એવો અર્થ હોવાનું જણાય છે.

'ચ' 'અને' શબ્દથી (એમ કહેલું છે કે) નિર્ગુણ (ભક્તો) પણ બીજાના શત્રુઓના વધનું ગાન કરે છે. તેથી (આપની) કીર્તિ પ્રસિદ્ધ જ છે એવો અર્થ છે. ૯.

'અલૌકિક ઉપાય વડે રાજાઓને તરત (કેદખાનામાંથી) છોડાવી, યજ્ઞ માટે કેમ ન જવું?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**જરાસંધવધઃ કૃષ્ણ ભૂર્યર્થાયોપકલ્પતે ।।**
**પ્રાયઃ પાકવિપાકેન તવ ચાભિમતઃ ક્રતુઃ ।।૧૦।।**

હે શ્રીકૃષ્ણ! જરાસંધના વધથી ઘણાં પ્રયોજનો સિદ્ધ થશે. ઘણા ભાગે (તેનાં કર્મ) પાકવાનું પૂર્ણ થવાથી (તે) થશે. વળી યજ્ઞ આપને પણ ઈષ્ટ છે. ૧૦.

'હે શ્રીકૃષ્ણ!' સંબોધનથી એમ સૂચવેલું છે કે કાલરૂપ (આપ)નું આ જ કૃત્ય છે. બોલવામાં એકતાન થવાથી પ્રમાદને લીધે, અથવા પાપનો ક્ષય કરાવવા (એવું) સાદું સંબોધન કરેલું છે. 'ભૂર્યર્થાય' એટલે ઘણાં પ્રયોજન સિદ્ધ થાય તે માટે ભક્તોનો દ્રોહ થવાથી (જરાસંધનો) વિનાશ થશે એટલે ભક્તિમાર્ગનું સ્થાપન, શરણ આવેલાઓનું રક્ષણ, યજ્ઞ, કીર્તિ, પહેલાનાં વૈરનો બદલો વળવો, ભૂમિના ભારનું હરણ વિગેરે હજારો પ્રયોજનો સિદ્ધ થશે, અને ભક્તિમાર્ગ સર્વ (પ્રયોજનો)થી ઉત્તમ છે.

વળી ઘણા ભાગે 'પાકવિપાકેન' એટલે જરાસંધનાં કર્મોના પાકવાનું 'વિપાકેન' પૂર્ણ થવાથી,–અથવા 'પાપવિપાકેન' ઘણાનો દ્રોહ થવાને લીધે, કારણ કે રાજસૂય યજ્ઞ ભૂમિને વીર વિનાની કરે છે–(જરાસંધનો વધ થશે). રાજસૂય ભૂમિને વીર વિનાની કરે છે, તે કારણને લીધે યજ્ઞ આપને પણ ઈષ્ટ છે. 'ચ' 'વળી' શબ્દથી (એમ કહેલું છે કે) યજ્ઞમાં પણ શિશુપાલનો વધ, દુર્યોધનના માનનો નાશ વિગેરે થવાનાં હોવાથી, તેથી પણ ઘણાં પ્રયોજનો સિદ્ધ થશે. ૧૦.

'બીજા પ્રકારે જરાસંધ હણી શકાય તેવા નથી' એમ કહ્યું તેથી યુદ્ધ માટે તત્પર થએલાને અટકાવ્યા, અને (યશ) પ્રસિદ્ધ છે એમ કહ્યું તેથી તે (ઉત્પન્ન કરવા)ની જરુર નથી એમ જણાવ્યું. શ્રીકૃષ્ણ રાજાઓને છોડાવવા પધારે છે એવી શંકા જરાસંધ ને થાય તો તેમના પધાર્યા પહેલાં જ તે શંકરને બલિદાન આપે. તેથી ઉદ્ધવનું વચન જ સર્વ પ્રકારે કલ્યાણકારિ હોવાથી ભગવાને તે જ સ્વીકાર્યું એમ નીચેના શ્લોકમાં કહે છે :

।। શ્રીશુક ઉવાચ ।।

**ઈત્યુદ્ધવવચો રાજન્ સર્વતોભદ્રમચ્યુતમ્ ।।**
**દેવર્ષિર્યદુવૃદ્ધાશ્ચ કૃષ્ણશ્ચ પ્રત્યપૂજયત્ ।।૧૧।।**

હે રાજન્! સર્વ પ્રકારે કલ્યાણકારિ ખામી વિનાનું ઉદ્ધવનું એવું વચન

દેવર્ષિએ અને વૃદ્ધ યાદવોએ અને શ્રીકૃષ્ણે સ્વીકાર્યું. ૧૧.

'માયા એ અસુરો છે' એ શ્રુતિને લીધે, અને 'તે રહીને આમનું રક્ષણ કરે છે' એ વાક્ય પ્રમાણે એવી રીતે કાપટ્યથી વધ કરવામાં કાંઈ પણ દોષ નથી. કાપટ્ય વિના દૈત્યોનો વધ થઈ શકતો નહિ હોવાથી, કાપટ્ય કરવાથી દોષ થતો નથી. રાજાનો ધર્મ પણ તેવો છે, એમ જણાવવા 'હે રાજન્!' એવું સંબોધન કરેલું છે. ઉદ્ધવનું વચન સર્વ પ્રકારે કલ્યાણકારિ હોવાનું (આ શ્લોકના આભાસમાં) જણાવેલું જ છે. 'અચ્યુતમ્' એટલે જેમાં 'ચ્યુતમ્' કોઈ પણ ખામી નથી તેવું. જરાસંધના વધનો આ પ્રકાર દોષ વિનાનો અને પૂર્ણગુણવાળો ભગવદ્રૂપ છે. તેથી જ ઉદ્ધવનાં વચનનો બધાએ સ્વીકાર કર્યો એમ ઉત્તરાર્ધથી કહે છે. દેવર્ષિએ, યાદવોમાં વૃદ્ધ હતા તેમણે, 'ચ' 'અને' શબ્દ હોવાથી બીજાઓએ પણ સ્વીકાર કર્યો; પરંતુ શૌર્યના અભિમાનવાળા જુવાન(યાદવો)ના મનમાં તે આવ્યું નહિ, એમ સૂચવેલું છે. 'અને શ્રીકૃષ્ણે' માંના 'અને' શબ્દથી વસુદેવ વિગેરે અને ભગવાન ના ભક્તો કહેલા છે. 'સ્વીકારવું' એટલે 'બહુ સારું, બહુ સારું' એમ કહેવું. ૧૧.

પછી જૂદા આરંભથી નીચેના શ્લોકથી આરંભી છ શ્લોકોથી લૌકિક (પુરુષો)ને સુખ થાય અને ઘરમાં રહેવાનું દુઃખ ન થાય તે માટે (દ્વારકામાંથી) બહાર પધારવાના ઉત્સવનું વર્ણન કરે છે :

**અથાદિશત્પ્રયાણાય ભગવાન્દેવકીસુતઃ ।।**
**ભૃત્યાન્ દારુકજૈત્રાદીનનુજ્ઞાપ્ય ગુરૂન્વિભુઃ ।।૧૨।।**

પછી સમર્થ ભગવાન્ દેવકીના પુત્રે વડિલોની પરવાનગી લઈ, દારુક જૈત્ર વિગેરે સેવકોને પ્રયાણ કરવાની આજ્ઞા આપી. ૧૨.

આ લૌકિક ભાષા છે. 'દેવકીના પુત્રે' એટલે સ્ત્રીઓ વિગેરેને સુખ આપનારે. 'ભૃત્યાઃ' 'સેવકો' એટલે કામ કરનારા પ્રિય સેવકો. 'જૈત્ર' પણ જય પ્રાપ્ત કરવાના સ્વભાવવાળો કોઈ એક રથ જોડનાર હતો. 'વડિલો' એટલે પિતા વિગેરે અથવા બ્રાહ્મણો વિગેરે. 'વિભુઃ' 'સમર્થ' એટલે સર્વ કરવાની શક્તિવાળા. ૧૨.

**નિર્ગમય્યાવરોધાન્ સ્વાન્ સસુતાન્ સપરિચ્છદાન્**
**સંકર્ષણમનુજ્ઞાપ્ય યદુરાજં ચ શત્રુહન્ ।।**
**સૂતોપનીતં સ્વરથમારુહદ્ગરુડધ્વજઃ ।।૧૩।।**

હે શત્રુને હણનાર! પુત્રો સહિત સેવકો સાથે પોતાની પત્નીઓને વિદાય કરીને, સંકર્ષણ અને યાદવોના રાજાની પરવાનગી લઈને સારથિએ આણેલા પોતાના રથમાં ગરુડની ધજાવાળા વિરાજ્યા. ૧૩.

આરંભમાં જ અંતઃપુરની સ્ત્રીઓને વિદાય કરીને (ભગવાન્ રથમાં વિરાજ્યા). 'અવરોધઃ' એટલે અંતઃપુરની સ્ત્રીઓ. સ્ત્રીપણાનો અભાવ દર્શાવવા નરજાતિવાળો શબ્દ યોજેલ છે. સંકર્ષણ સાહાય્ય કરનાર હતા. 'યાદવોના રાજા' ઉગ્રસેન. (તેમની પરવાનગી લીધી એટલે તેઓ સાથે જવાના ન હતા). આથી એમ સૂચવેલું છે કે રાજસ અને તામસને રાખી, બીજા બધા (હસ્તિનાપુર જવા) ઉપડ્યા. 'હે શત્રુને હણનાર!' એવું સંબોધન (પરિક્ષિત) બહિર્મુખ ન થાય તે માટે કરેલું છે. પ્રદ્યુમ્ન વિગેરે પણ રમત કરવા ભગવાનનો રથ લાવે, અથવા ભગવાન્ પણ આનંદ કરવા બીજાના રથમાં વિરાજે, અથવા સ્ત્રીઓથી વીંટાઇ પધારે, તેથી (તેમ થયું ન હતું એમ જણાવવા), 'સારથિએ આણેલા પોતાના રથમાં' શબ્દો યોજેલા છે. (ભગવાન્) ગરુડની ધજાવાળા હોવાથી (તેમને) સાહાય્ય કરવાની જરુર ન હતી. ૧૩.

**તતો રથદ્વિપભટસાદિનાયકૈઃ કરાલયા પરિવૃત્ત આત્મસેનયા ।।**
**મૃદઙ્ગભેર્યાનકશઙ્ખગોમુખૈઃ પ્રઘોષઘોષૈઃ કકુભો નિરાક્રમત્ ।।૧૪।।**

પછી રથો, હાથીઓ, સૈનિકો, અશ્વોના સમૂહો અને નાયકોથી ભયંકર પોતાની સેનાથી વીંટાઇ, મૃદંગ, ભેરી, નગારાં, શંખ અને શીંગડાઓ સાથે તેમના અવાજનો દિશાઓમાંથી પડતા પડઘા સાથે (ભગવાન્) બહાર પધાર્યા. ૧૪.

પછી સેના સાથે, જુદા-જુદા પ્રકારના વાજીંત્રોની પણ સાથે, દિશાઓમાંથી પડતા પડઘાની પણ સાથે (ભગવાન્) બહાર પધાર્યા. 'સાદયઃ' એટલે અશ્વોના સમૂહો. ચાર અંગ અને નાયકોવાળી ભગવાનની સેના જ માત્ર જોવાથી જ ભય ઉત્પન્ન કરે તેવી હતી. ૧૪.

પછી નીચેના શ્લોકથી આરંભી બે શ્લોકોથી (અનુક્રમે) પતિવાળી (સ્ત્રી)ઓ અને વેશ્યાઓના જયનો પ્રકાર કહે છે :

**નૃવાજિકાઞ્ચનશિબિકાભિરચ્યુતં સહાત્મજાઃ પતિમનુ સુવ્રતા યયુઃ।।**
**વરામ્બરાભરણવિલેપનસ્રજઃ સુસંવૃતા નૃભિરસિચર્મપાણિભિઃ ।।૧૫।।**

સુંદર વ્રતવાળી, ઉત્તમ વસ્ત્રો આભરણો લેપો અને માલાઓવાળી, હાથમાં ઢાલ તલવારવાળા મનુષ્યોથી સારી રીતે વીંટળાએલી (સ્ત્રીઓ), પુત્રો સહિત માણસો અને અશ્વોથી વહન થતી સુવર્ણની પાલખીઓમાં (બેસી) અચ્યુત પતિની પાછળ ગઇ. ૧૫.

'નૃ' 'માણસો' શબ્દથી માણસોથી વહન થતું વાહન પાલખી કહેલ છે. 'વાજિનઃ' એટલે અશ્વો, એકલા અને વાહનો જોડેલા. 'કાઞ્ચનશિબિકાઃ' એટલે માણસોથી અથવા અશ્વોથી વહન થતી રાજકીય પાલખી, ભાષામાં 'ચોંડોલ' કહે

છે તે. અચ્યુત પતિની પાછળ રુક્મિણી વિગેરે સુંદર વ્રતવાળી એટલે પતિવ્રતાઓ પુત્રો સહિત ગઈ. માર્ગમાં પણ તેઓ ચાર પ્રકારના અલંકાર ધારણ કરેલી, પોતાથી પણ રક્ષાએલી[1] (અને) મનુષ્યોથી પણ સારી રીતે વીંટાએલી હતી. ૧૫.

નીચેના શ્લોકમાં વેશ્યાઓનો જવાનો પ્રકાર કહે છે :

**નરોષ્ટ્રગોમહિષખરાશ્વતર્યનઃકરેણુભિઃ પરિજનવારયોષિતઃ ।।**
**સ્વલંકૃતાઃ કટકુટિકમ્બરાદ્યુપસ્કરા યયુરધિયુજ્ય સર્વશઃ ।।૧૬।।**

સેવકો અને વેશ્યાઓ સારી રીતે અલંકાર કરી ઘાસની ઝુંપડીઓ, કામળાઓ, વસ્ત્રો વિગેરે રાચરચીલાં લઈ, તેને વાહન સાથે બાંધી, માણસ, ઉંટ, બળદ, પાડા, ગધેડાં, ખચ્ચર, ગાડાં અને હાથણીઓ ઉપર સર્વ તરફ ગઈ. ૧૬

માણસ વિગેરે આઠ (પ્રકારના વાહનો)થી સેવકો અને વેશ્યાઓ નીકળ્યાં. 'ગાવ' એટલે બળદો, ખચ્ચર, 'અનઃ' ગાડાંઓ, 'કરેણુઃ' હાથણી, બધાએ સારી રીતે અલંકાર કરેલાં હતાં. 'ઘાસની ઝુંપડીઓ' વિગેરેથી તેમની જાત અને ગુણને યોગ્ય સામગ્રીનું વર્ણન કરે છે. ઘાસોની જ ઝુંપડી, અથવા ઘાસ અને વસ્ત્રોની ઝુંપડી*, કામળાઓ વિગેરે વરસાદને અટકાવનારાં સાધનો છે. શ્રીકૃષ્ણની પાછળ (જવું) એવો તેમને નિયમ ન હતો, પરંતુ સર્વ તરફ જ ગઈ. ૧૬.

સમુદ્ર સાથે સરખાવી ભગવાનના સૈન્યનું વર્ણન કરે છે :

**બલં બૃહદ્‌ધ્વજપટછત્રચામરૈર્વરાયુધાભરણકિરીટવર્મભિઃ ।।**
**દિવાંશુભિસ્તુમુલરવં બભૌ રવેર્યથાર્ણવઃ ક્ષુભિતતિમિઙ્ગિલોર્મિભિઃ ।।૧૭।।**

તીવ્ર ઘોંઘાટવાળું (તે) સૈન્ય દિવસે સૂર્યના કિરણોથી, મોટી ધજાઓનાં વસ્ત્રો છત્રો અને ચામરોથી, ઉત્તમ આયુધો આભરણો મુકુટો અને કવચોથી ખળભળાટ કરતા મઘરો અને મોજાંઓથી સમુદ્ર શોભે તેમ શોભતું હતું. ૧૭.

વસ્ત્રો, આયુધો અને સૂર્યના કિરણો (એ) ત્રણ પ્રકારનાથી શોભતું હતું. ઉપર ઢાંકણ (છાયા) કરનારી મોટી ધજાઓ વિગેરે હતાં. વસ્ત્રોવાળાં છત્રો હતાં અથવા જૂદાં હતાં. આયુધો, આભરણો, મુકુટો અને કવચો. તીવ્ર ઘોંઘાટ હતો જેમાં, એ વિશેષણથી અંદરનું શૌર્ય (જણાવેલું છે). તે હદ વિનાનું હતું એમ જણાવવા 'સમુદ્રની પેઠે' એમ કહેલું છે. ખળભળાટ કરતા મઘરો અને

૧. પોતે પણ ઉપરનાં વસ્ત્રોથી ઢંકાએલી, એવો અર્થ છે. (લે) સુંદર વ્રતવાળી એટલે પતિવ્રતા હોવાથી પોતાથી રક્ષાએલી હતી, એમ કહેલ હોવાનું જણાય છે.

*. ઝુંપડી ન હોય તો વિષયીઓને તેમની પાસે જવામાં અગવડ થાય, તેથી ઝુંપડી તેમની જાત અને ગુણને યોગ્ય સામગ્રી છે, એવો અર્થ છે. ઘાસ અને ઝુંપડી એમ સમાસ છોડવામાં આવે ત્યારે વસ્ત્રની ઝુંપડી જાણવી. (લે)

મોજાંઓથી (સમુદ્ર શોભે તેમ શોભતું હતું). ૧૭.

એવી રીતે બહાર પધારીને નારદના વચન પ્રમાણે થોડું કરીને, પછી નારદને આગળ મોકલ્યો એમ નીચેના શ્લોકમાં કહે છે :

**અથો મુનિર્યદુપતિના સભાજિતઃ પ્રણમ્ય તં હૃદિ વિદધદ્વિહાયસા ।।**
**નિશમ્ય તદ્વ્યવસિતમાહૃતાર્હણો મુકુન્દસંદર્શનનિર્વૃતેન્દ્રિયઃ ।।૧૮।।**

પછી યદુપતિથી આદર પામેલા, તેમનો નિશ્ચય જાણેલા, મુકુંદના દર્શનથી તૃપ્ત થએલ ઈન્દ્રિયોવાળા મુનિ (મુકુંદે કરેલ) પૂજન સ્વીકારી, પ્રણામ કરી, તેમને હૃદયમાં ધારણ કરી આકાશ માર્ગે (ગયા). ૧૮.

'અથો' 'પછી' શબ્દથી સમાધિભાષા જણાવવા માટે જૂદો આરંભ કરેલો છે. 'ભક્તે ભગવાનને મૂકી દઈ તેમની આગળ જવું યોગ્ય નથી' એવી શંકા થાય, તેથી 'તેમને હૃદયમાં ધારણ કરી' શબ્દો યોજેલા છે. (મુનિ) તો 'વિહાયસા' આકાશ માર્ગે (ગયા). તેમનો એટલે ભગવાનનો યજ્ઞમાં જવારૂપ નિર્ણય 'નિશમ્ય' નિશ્ચિત થએલો સાંભળીને, બહારથી અને અંદરથી ભરપૂર થઈ ગયા એમ કહેવા 'જેમનું પૂજન કરેલું છે, તૃપ્ત થએલી છે ઈન્દ્રિયો જેમની' એવાં બે વિશેષણો યોજેલાં છે, એવી રીતે પોતાથી (જાતે) અને કાર્યથી પૂર્ણ થઈ એવો અર્થ છે. ૧૮.

પછી દૂતનું સમાધાન (કર્યું તે) નીચેના શ્લોકમાં કહે છે :

**રાજદૂતમુવાચેદં ભગવાન્ પ્રીણયન્ ગિરા ।।**
**મા ભૈષ્ટ દૂત ભદ્રં વો ઘાતયિષ્યામિ માગધમ્ ।।૧૯।।**

રાજાઓના દૂતને ભગવાને વાણીથી આનંદ પામડતાં આ કહ્યુંઃ-'હે દૂત! તમો ડરો નહિ. તમારું કલ્યાણ (થશે). હું જરાસંધનો વધ કરાવીશ'. ૧૯.

'આ' એટલે ઉત્તરાર્ધમાં કહેવાનું છે તે. વચનથી જ તેને આનંદ પમાડતાં (કહ્યું). 'તમો ડરો નહિ' એ બીજા પુરુષના બહુવચનવાળું વાક્ય રાજાઓને ઉદ્દેશી કહેલું છે. 'હે દૂત!' એવું સંબોધન રાજાઓને તે પ્રમાણે કહેવા માટે એકલા દૂતનું જ કરેલું છે. તેમ ન કરે તો ભગવાને જ રાજાઓને જણાવેલું થાય, એટલે દૂત નકામો થાય. તમો રાજાઓને માત્ર છોડાવીશ એટલું જ નહિ, પરંતુ તમારું કલ્યાણ પણ થશે એવો આશીર્વાદ છે. આશીર્વાદના કારણરૂપ પોતાનું કાર્ય 'જરાસંધનો વધ કરાવીશ' શબ્દથી કહેલું છે. ૧૯.

પછી નીચેના શ્લોકમાં [1]દૂતનું કાર્ય આરંભમાં છે જેમાં તે કહે છે :

**ઈત્યુક્તઃ પ્રસ્થિતો દૂતો યથાવદવદન્નૃપાન્ ।।**

---

૧. 'દૂતનું કાર્ય આરંભમાં છે જેના, તે' એટલે રાજાઓએ ભગવાનનાં દર્શનની રાહ જોઈ તે (લે). દૂતનું કાર્ય પણ આ શ્લોકમાં કહેલું છે.

**તેડપિ સંદર્શનં શૌરેઃ પ્રત્યૈક્ષન્ત મુમુક્ષવઃ ।।૨૦।।**

એમ કહેલો દૂત ગયો. તેણે રાજાઓને જે થએલ તે અનુક્રમે કહ્યું. મોક્ષ ઈચ્છનારા તેઓ પણ શૌરિના દર્શનની રાહ જોવા લાગ્યા. ૨૦.

'યથાવત્' એટલે જે થએલ તે અનુક્રમે. તે સાંભળેલા રાજાઓના મનની ઈચ્છા ઉત્તરાર્ધથી કહેલી છે. ભગવાનથી જ મોક્ષ પ્રાપ્ત થાય તેમ હોવાથી તેઓ ભગવાનનાં દર્શનની જ ઈચ્છા રાખતા રહ્યા. બધાને માટે આજ મોક્ષનો ઉપાય છે એમ સૂચવેલું છે. ૨૦.

નીચેના શ્લોકથી આરંભી બે શ્લોકોથી ભૂમિ અને જલ ઉતરી જવાના ભેદથી ભગવાન્ ઈન્દ્રપ્રસ્થ સુધી પધાર્યા તેનું વર્ણન કરે છે :

**આનર્તસૌવીરમરૂંસ્તીર્ત્વા વિનશનં હરિઃ ।।**
**ગિરીન્નદીરતીયાય પુરગ્રામવ્રજાકરાન્ ।।૨૧।।**

દ્વારકા, સૌરાષ્ટ્ર, મારવાડ, કુરુક્ષેત્ર વટાવી પર્વતો અને નદીઓ ઓળંગી હરિએ શહેરો, ગામડાંઓ, નેસડાઓ અને ખાણો (ઓળંગ્યા). ૨૧.

'આનર્તઃ' દ્વારકાદેશ, 'સૌવીરઃ' સૌરાષ્ટ્રદેશ, 'મરવઃ' મારવાડ પછી 'વિનશનં' કુરુક્ષેત્રદેશ (વટાવ્યા). થોડો ફેર ફરીને પધારવાનું પર્વતો વનો વિગેરે ન હોય તે માટે (કરેલ), કારણ કે (શ્રીકૃષ્ણ) હરિ (દુઃખ દૂર કરનાર) છે. ગિરનાર વિગેરે પર્વતો, અને તેમનામાંથી નીકળતી નદીઓ 'અતીયાય' ચરણથી ચાલીને જ ઓળંગી. શહેરો, ગામડાંઓ, નેસડાઓ અને ખાણો એ ચાર જુદા જુદા માણસોનાં (રહેવાનાં) સ્થાન છે. ૨૧.

**તતો દષદ્વતીં તીર્ત્વા મુકુન્દોડથ સરસ્વતીમ્ ।।**
**પાઞ્ચાલાનથ મત્સ્યાંશ્ચ શક્રપ્રસ્થમથાગમત્ ।।૨૨।।**

પછી દષદ્વતી ઉતર્યા. પછી મુકુંદ સરસ્વતી પછી પાંચાલ અને મત્સ્ય ઓળંગી પછી ઈન્દ્રપ્રસ્થ આવ્યા. ૨૨.

દષદ્વતી અને સરસ્વતી તે સમયે બહુ ઉંડી નદીઓ હતી. દષદ્વતી અને સરસ્વતીની મધ્યમાં 'મુકુંદ' શબ્દ (છે તે)થી એમ સૂચવેલ છે કે ભવિષ્યમાં તે સ્થલે મોક્ષનું દાન કરશે. 'અથ' 'પછી' શબ્દથી આગળ ધીરે ધીરે જવાનું સૂચવેલું છે. પાંચાલદેશ અને મત્સ્યદેશ વિભાગના ભેદથી માર્ગની અંદર જ હતાં એવો નિર્ણય (થાય છે). 'શક્રપ્રસ્થં' એટલે ઈન્દ્રપ્રસ્થ. (તે) સ્થાનનું અર્થ પ્રમાણે નામ હતું એમ જણાવવા તેવો શબ્દ યોજલ છે. ૨૨.

પછી (ભગવાન્) સમીપ પધારતાં, યુધિષ્ઠિરે સ્નેહપૂર્વક કરેલ કાર્ય નીચેના શ્લોકથી આરંભી ચાર શ્લોકથી કહે છે :

**તમાગતમુપાકર્ણ્ય પ્રીતો દુર્દર્શનં નૃણામ્ ।।**
**અજાતશત્રુર્નિરગાત્સોપાધ્યાયઃ સુહૃદ્વૃતઃ ।।૨૩।।**

પ્રાણિઓને જેમનાં દર્શન દુર્લભ છે તેવા તેમને પધારેલા સાંભળીને, અજાતશત્રુ ઉપાધ્યાયો સાથે મિત્રોથી વીંટાઇ બહાર નીકળ્યા. ૨૩.

'' 'નૃણાં' પ્રાણિમાત્રને જેમનાં દર્શન દુર્લભ છે'' એમ પ્રાપ્ત થઈ ન શકે તેવો લાભ કહેલો છે. 'અજાતશત્રુ' નામથી ભગવાનનાં દર્શનનો અધિકાર (જણાવેલો છે). (તેને) વિદ્યાનું અને સેવકોનું અભિમાન ન હતું એમ જણાવવા 'ઉપાધ્યાયો સાથે, મિત્રોથી વીંટાઈ' શબ્દો કહેલા છે. ૨૩.

**ગીતવાદિત્રઘોષેણ બ્રહ્મઘોષેણ ભૂયસા ।।**
**અભ્યયાત્સ હૃષીકેશં પ્રાણઃ પ્રાણમિવાદતઃ ।।૨૪।।**

મોટા ગીત અને વાજીંત્રોના અવાજ સાથે અને વેદના અવાજ સાથે જેમ પ્રાણ પ્રાણની પાસે આવે તેમ આદરવાળો થઈ તે હૃષીકેશની પાસે આવ્યો. ૨૪.

પછી ગીત વિગેરે સાથે તે પાસે આવ્યો, કારણ કે તે પાસે આવવા યોગ્ય પ્રસિદ્ધ (પુરુષ) હતો.

'ભક્તિને લીધે રસ્તામાં તે વ્યાકુલ કેમ ન થયો? કેવી રીતે (પાસે) આવ્યો?' એવી શંકાનું 'હૃષીકેશ' શબ્દથી નિવારણ કરેલું છે. (ભગવાન્) ઈન્દ્રિયોના અધિપતિ હોવાથી (યુધિષ્ઠિરની) ઈન્દ્રિયો જ (તેમની પાસે) ગઈ, પરંતુ તેમાં (ત્યાં જવામાં) તેણે કોઈ પ્રયાસ કરેલો નહિ, એવો અર્થ છે. 'જેમ પ્રાણ પ્રાણની પાસે (આવે)' શબ્દોથી પોતાની મેળે (પ્રયત્ન વિના) જવાનું દૃષ્ટાંત કહેલું છે. જેમ બહાર નીકળેલો પ્રાણ પ્રયાસ વિના પ્રાણની જ પાસે જાય છે તેમ (યુધિષ્ઠિર શ્રીકૃષ્ણ પાસે ગયો). પછી ઘણા આદરવાળો થયો. ૨૪.

નીચેના શ્લોકમાં પાસે આવેલા (યુધિષ્ઠિર)નું કાર્ય કહે છે :

**દૃષ્ટ્વા વિક્લિન્નહૃદયઃ કૃષ્ણં સ્નેહેન પાણ્ડવઃ ।।**
**ચિરાદૃષ્ટં પ્રિયતમં સસ્વજે સ્મ પુનઃ પુનઃ ।।૨૫।।**

શ્રીકૃષ્ણનાં દર્શન કરીને પ્રેમથી ઘણાં ભીંજાએલા હૃદયવાળો પાંડવ લાંબા સમયે જોએલા પ્રિય (ભગવાન)ને વારંવાર ભેટ્યો. ૨૫.

'સ્મ' શબ્દ પ્રસિદ્ધિ દર્શાવવા (યોજેલ છે). તેમ (પ્રસિદ્ધિ) ન હોય તો જીવની આવી ઉદ્ધતાઈનું વર્ણન કરવું યોગ્ય નથી. 'ભગવાને (તેના ભેટવાનો) સ્વીકાર કેમ કર્યો' એવી શંકાનું નિવારણ કરવા 'ઘણાં ભીંજાએલા હૃદયવાળો' વિશેષણ યોજેલું છે. તેનું વિચાર (કર્યા) વિના ભેટવાનું કારણ 'ઘણા પ્રિય' શબ્દથી કહેલું છે. 'વારંવાર' શબ્દથી અંદરના આનંદને લીધે બહારનું બેભાનપણું

સૂચવેલું છે. ૨૫.

પછી જે થયું તે નીચેના શ્લોકમાં કહે છે :

**દોર્ભ્યાં પરિષ્વજ્ય રમામલાલયં મુકુન્દગાત્રં નૃપતિર્હતાશુભઃ ।।**
**લેભે પરાં નિર્વૃતિમશ્રુલોચનો હૃષ્યત્તનુર્વિસ્મૃતલોકવિભ્રમઃ ।।૨૬।।**

લક્ષ્મીના નિર્મલ ધામરૂપ મુકુંદના અંગને બે હાથથી ભેટી રાજા પાપરહિત થયો, ઘણો આનંદ પામ્યો, (તેની) આંખમાં આંસુ આવ્યાં, શરીરમાં હર્ષ થયો (અને તેને) લૌકિક ચપલતાનું સ્મરણ ન રહ્યું. ૨૬.

'લક્ષ્મીના નિર્મલ ધામરૂપ' શબ્દથી લૌકિક નિયમ પ્રમાણે પણ દોષ દૂર થવાનું અને સુખ થવાનું કારણ કહેલું છે. 'મુકુંદના અંગને' શબ્દથી (યુધિષ્ઠિરને) મોક્ષનો પણ આનંદ થવાનું (કહેલું છે). પછી તેનાં સર્વ પાપોનો નાશ થયો, પછી ઘણો આનંદ થયો, અને શરીરની અંદર અને બહાર બે લોચનમાં તે (આનંદ)નો પ્રકાશ થયો, પછી (તેનો) લૌકિક મોહ જતો રહ્યો. ૨૬.

(આ) ઉત્તમ અધિકારી હોવાથી આના વિષે આટલું કહીને તેનાથી નાના ભીમનું કાર્ય નીચેના શ્લોકમાં કહે છે :

**તં માતુલેયં પરિરભ્ય નિર્વૃતો ભીમઃ સ્મયન્પ્રેમજવાકુલેન્દ્રિયઃ ।।**
**યમૌ કિરીટી ચ સુહૃત્તમં મુદા પ્રવૃદ્ધબાષ્પાઃ પરિરેભિરેઽચ્યુતમ્ ।।૨૭।।**

પ્રેમના વેગને લીધે વ્યાકુલ થએલી ઈન્દ્રિયોવાળો ભીમ મંદ હસતાં તે મામાના પુત્રને ભેટી આનંદ પામ્યો. આનંદને લીધે વધી પડેલ આંસુઓવાળા બે માદ્રીના પુત્રો અને અર્જુન ઉત્તમ સ્નેહી અચ્યુતને ભેટ્યા. ૨૭.

તે (ભીમ)ના હૃદયમાં સંબંધ જ આવ્યો, છતાં પણ વસ્તુ (ભગવાન)ના સામર્થ્યને લીધે (તેને) આનંદ થયો. ભગવાનના સંબંધને લીધે (તેનામાં) બલ પ્રકટ થતાં 'સ્મયન્' મંદ હાસ્ય કરતાં, પછી અધિકારી હોવાથી પ્રેમના વેગને લીધે વ્યાકુલ થએલી છે ઈન્દ્રિયો જેની, તેવો તે થયો. 'યમૌ' એટલે માદ્રીના બે પુત્રો. તેઓ પણ લૌકિક (સ્નેહવાળા) હોવાથી, ભીમ પછી (તેમને) કહેલા છે. 'કિરીટી' એટલે અર્જુન. ત્યાં 'કિરીટી' શબ્દ પછી 'ચ' 'અને' શબ્દ (છે તે)થી રાજાના ધર્મ અને બીજા ધર્મનો સંયોગ કરેલો છે. 'ઉત્તમ સ્નેહી' શબ્દથી ભેટવાનું કારણ (અને) 'આનંદથી વધી પડેલ આંસુઓવાળા' વિશેષણથી (ભેટવામાં) વિચાર ન રાખવાનું કારણ (કહેલ છે). ભગવાન્ તો 'અચ્યુત' હોવાથી (તેમના ભેટવાથી) તેમને કાંઈ પણ હાનિ થવાની નહિ હોવાથી, (એ શબ્દથી તેમનું) અનુમોદન સૂચવેલું છે. ૨૭.

પ્રેમનાં કાર્યનું વર્ણન કરી, નીચેના બે શ્લોકોથી અર્જુન વિગેરેનું લૌકિક

કાર્ય કહે છે :

**અર્જુનેન પરિષ્વક્તો યમાભ્યામભિવાદિતઃ ।।**
**બ્રાહ્મણેભ્યો નમસ્કૃત્ય વૃદ્ધેભ્યશ્ચ યથાર્હતઃ ।।૨૮।।**
**માનિતો માનયામાસ કુરુસૃઞ્જયકૈકયાન્ ।।**
**સૂતમાગધગન્ધર્વાન્ બન્દિનશ્ચોપમન્ત્રિણઃ ।।૨૯।।**

અર્જુને આલિંગન કરેલા, માદ્રીના બે પુત્રોએ નમન કરેલા (ભગવાને) બ્રાહ્મણો અને વૃદ્ધોને યોગ્યતા પ્રમાણે નમન કરી, સન્માન પામી કૈકયો, સૂતો, ભાટો ગંધર્વો, બંદિજનો અને વિદૂષકોને માન આપ્યું. ૨૮-૨૯.

સમાન વયવાળા આલિંગન કરે, જો વયવાળા હોય તો નમન કરે; તેથી 'અર્જુને આલિંગન કરેલા' અને 'માદ્રીના બે પુત્રોએ નમન કરેલા' વિશેષણો કહેલાં છે. પછી ભીમ વિગેરે પોતાથી મોટા હોવાથી, ભગવાન્ તે બધાઓને નમન કરે છે એમ 'બ્રાહ્મણો અને વૃદ્ધોને નમન કરી' શબ્દોથી કહેલું છે. 'યથાર્હતઃ' એટલે યોગ્યતા પ્રમાણે. ૨૮.

બધાથી સન્માન પામેલા ભગવાને બધાઓને માન આપ્યું. આથી કહેલું છે કે 'જેઓ મને જે પ્રમાણે ભજે છે' (ભગ.ગીતા ૪।૧૧) એ નિયમ પ્રમાણે લૌકિક ભાવથી શરણ આવેલા તરફ ભગવાન્ લૌકિક ભાવ જણાવે છે. 'કૌરવો, સૃંજયો અને કૈકયો' એ ત્રણ પ્રકારના સાત્ત્વિક વિગેરે ભેદના જેવા કહેલા છે. સગપણ ઉપર આધાર રાખનારાઓનું નિરૂપણ કરી, 'સૂતો ભાટો ગંધર્વો' શબ્દોથી વિદ્યા ઉપર નભાવ કરનારાઓ કહેલા છે. 'ગંધર્વો' એટલે ગાન કરનારાઓ. 'વિદૂષકો' એટલે સારા આનંદ કરાવનારાઓ. ૨૯.

પછી ભગવાને માન આપેલાઓએ ભગવાનને માન આપ્યું એમ નીચેના શ્લોકમાં કહે છે :

**મૃદઙ્ગશઙ્ખપટહવીણાપણવગોમુખૈઃ ।।**
**બ્રાહ્મણાશ્ચારવિન્દાક્ષં તુષ્ટુવુર્નનૃતુર્જગુઃ ।।૩૦।।**

અને બ્રાહ્મણોએ મૃદંગ, શંખ, ઢોલ, વીણા, નગારાં અને શીંગડીઓથી કમલનયનવાળાની સ્તુતિ કરી, નૃત્ય કર્યું અને ગાન કર્યું. ૩૦.

'ચ' 'અને' શબ્દથી ક્ષત્રિયોએ પણ (સ્તુતિ વિગેરે કર્યાનું કહેલું છે). ભગવાન્ કમલનયનવાળા હોવાથી તેમણે બધાને દષ્ટિથી જ પુષ્ટ કર્યા. જ્ઞાનીઓએ ભગવાનની સ્તુતિ કરી, ભક્તોએ નૃત્ય કર્યું અને સામ ગાનારા કર્મમાર્ગવાળાઓએ ગાન કર્યું. ૩૦.

ભગવાનનાં દર્શન થયાં તે સ્થલના કાર્યનો ઉપસંહાર કરતાં, નીચેના

શ્લોકમાં (તેની) પછીનું કાર્ય કહે છે :

**એવં સુહૃદ્ભિઃ પર્યસ્તઃ પુણ્યશ્લોકશિખામણિઃ ।।**
**સંસ્તૂયમાનો ભગવાન્વિવેશાલંકૃતં પુરમ્ ।।૩૧।।**

સ્નેહીઓથી વીંટાએલા, પવિત્ર કીર્તિવાળાઓના મુકુટના મણિરૂપ ભગવાને સ્તુતિ કરાતાં શણગારેલા શહેરમાં પ્રવેશ કર્યો. ૩૧.

એવા બનેલા સ્નેહીઓથી 'પર્યસ્તઃ' વીંટાએલા, તેમનાથી જ સ્તુતિ કરાતા (ભગવાને) શહેરમાં પ્રવેશ કર્યો.

'ભગવાન્ મોટા હોવાથી, તેમણે શહેરની બહાર જ રહેવું યોગ્ય હતું, (તેમણે શહેરની) અંદર પ્રવેશ કેમ કર્યો?' એવી શંકાનું 'પવિત્ર કીર્તિવાળાઓના મુકુટના મણિરૂપ' શબ્દથી નિવારણ કરેલું છે. યુધિષ્ઠિર વિગેરે પવિત્ર કીર્તિવાળા હતા, તેઓના 'શિખામણિઃ' મુકુટના મણિરૂપ ભગવાન્ જો (શહેરમાં) પ્રવેશ ન કરે તો પવિત્ર કીર્તિવાળો કોઈ પણ (તેમાં) પ્રવેશ ન કરે, તેથી તેમનો વિચાર કરી અથવા (તેમની) પ્રાર્થનાથી (ભગવાને શહેરની અંદર) પ્રવેશ કર્યો, એવો અર્થ છે. (શ્રીકૃષ્ણ) ભગવાન્ હોવાથી અદ્વિતીય હતા, બધાથી જ સ્તુતિ કરાતા હોવાથી (શહેરમાં પ્રવેશ કરવામાં તેમને) લજ્જા ન હતી. (ભગવાન્ પ્રવેશ કરે તેમાં) સર્વની સંમતિ હતી એમ જણાવવા 'શણગારેલા' વિશેષણ યોજેલું છે. ૩૧.

નીચેના શ્લોકથી આરંભી બે શ્લોકોથી ભગવાને પ્રવેશ કરેલા શહેરનું વર્ણન કરે છે :

**સંસિક્તવર્ત્મ કરિણાં મદગન્ધતોયૈશ્ચિત્રધ્વજૈઃ કનકતોરણપૂર્ણકુમ્ભૈઃ ।।**
**મૃષ્ટાત્મભિર્નવદુકૂલવિભૂષણસ્રગ્ગન્ધૈર્નૃભિર્યુવતિભિશ્ચ વિરાજમાનમ્ ।।૩૨।।**

હાથીઓના મદની ગંધવાળા જલોથી જેના માર્ગોમાં છંટકાવ કરેલો હતો, (અને) જે રંગબેરંગી ધજાઓથી, સુવર્ણનાં તોરણોથી ભરેલા કુંભોથી, શુદ્ધ કરેલ દેહવાળા નવાં વસ્ત્રો, ભૂષણો, માલાઓ અને સુગંધી લેપો ધારણ કરેલા પુરુષો તથા સ્ત્રીઓથી શોભતાં (શહેરમાં પ્રવેશ કર્યો શ્લોક ૩૧). ૩૨.

'હાથીઓના મદની ગંધવાળા જલોથી જેના માર્ગોમાં છંટકાવ કરેલો હતો' એમ નીચેના ભાગનું વર્ણન કર્યું. 'સુવર્ણના તોરણોથી' અને 'ભરેલા કુંભોથી' શોભતા એમ ઉપરના ભાગનું વર્ણન કર્યું. ઉત્તરાર્ધથી મધ્ય ભાગની શોભાનું વર્ણન કરે છે. '' 'મૃષ્ટાઃ' સ્નાન વિગેરેથી શુદ્ધ કરેલ 'આત્માનઃ' દેહો હતા જેઓના, અને નવાં વસ્ત્રો 'સ્રજઃ' માલાઓ અને સુગંધી લેપો ધારણ કરેલા હતા જેમણે, આવા 'નૃભિર્યુવતિભિઃ' પુરુષો અને સ્ત્રીઓથી શોભતા'' એમ સાધારણ પુરુષોની શોભા કહી. પ્રસિદ્ધ પુરુષોને તો શહેર જ શોભા કરનારું હતું. ૩૨.

સાધારણ શહેરનું વર્ણન કરી, નીચેના શ્લોકમાં રાજાના મહેલરૂપ (શહેર)નું વર્ણન કરે છે :

**ઉદ્દીપ્તદીપવલિભિઃ પ્રતિસદ્મજાલનિર્યાતધૂપરુચિરં વિલસત્પતાકમ્॥**
**મૂર્ધન્યહેમકલશૈ રજતોરુશૃઙ્ગૈર્જુષ્ટં દદર્શ ભવનૈઃ કુરુરાજધામ ॥૩૩॥**

પ્રદીપ્ત કરેલા દીપકો અને પુષ્પોના મંડલોવાળો, બધાં ઘરના જાળીઆ માંથી બહાર નીકળતા ધૂપને લીધે સુંદર, વિલાસવાળી પતાકાવાળો, શિખર ઉપર રહેલા સુવર્ણના કલશોવાળા (અને) ચાંદીના મોટા શિખરોવાળા મકાનોવાળો કુરુરાજનો મહેલ (ભગવાને) જોયો. ૩૩.

(૧) રાજાનાં બધાં ઘરો ભોગ કરવાનાં સ્થાન બનેલા હોવાથી, તેમાં પ્રદીપ્ત કરેલા દીપકો અને 'વલયઃ' પુષ્પના મંડલોવાળું. (આ) પૂજાનાં સાધનો છે. (૨) 'પ્રતિસદ્મ' બધાંએ ઘરોની અંદર જે 'જાલાઃ' જાળીઆં હતાં, તેના માર્ગથી બહાર નીકળેલા જે ધૂપો, તેમનાથી સુંદર હતું[1]. (૩) વિલાસવાળી પતાકાઓ હતી જેમાં (તેવું હતું). આ ત્રણ પદોથી અનુક્રમે સાત્ત્વિક, રાજસ અને તામસ સરસાઈ કહેલી છે.

ઉત્તરાર્ધથી ઘરોનું સ્વાભાવિક ઉત્તમપણું કહે છે. ઘરોના શિખર ઉપર રહેલા જે સુવર્ણના કલશો, અને ચાંદીનાં મોટા શિખરો (જેમાં હતાં) 'તૈર્જુષ્ટં' તેઓવાળો (મહેલ હતો), (મહેલને) દર્શાવનાર તરીકે તેઓ રહેલાં હતાં. આ (એવો) અર્થ છે કે ઉત્તમ દીપકો, પતાકાઓ, સુવર્ણના કુંભો, અને ચાંદીના શિખરોથી ભગવાને દૂરથી જ જાણ્યું કે આ રાજાનો મહેલ છે. ૩૩.

પછી શહેરમાં પ્રવેશ કરેલ ભગવાનનાં સ્વરૂપનું જૂદા પ્રકારથી વર્ણન કરવા માટે, ત્યાંના (રહેવાસી)ઓનો (ભગવાનનાં દર્શન માટેનો) ઉત્સાહ કહે છે :

**પ્રાપ્તં નિશમ્ય નરલોચનપાનપાત્રમૌત્સુક્યવિશ્લથિતકેશદુકૂલબન્ધાઃ ॥**
**સદ્યો વિસૃજ્ય ગૃહકર્મ પતીંશ્ચ તલ્પે દ્રષ્ટું યયુર્યુવતયઃ સ્મ નરેન્દ્રમાર્ગે ॥૩૪॥**

માણસોના લોચનનાં પાનના પાત્રને પધારેલા સાંભળીને ઉત્સાહને લીધે ઢીલા થએલા કેશ અને વસ્ત્રોનાં બંધનવાળી યુવતીઓ ઘરના કામને અને પથારીમાં પતિઓને એકદમ તજીને દર્શન કરવા રાજમાર્ગ ઉપર ગઈ. ૩૪.

માણસોના લાવણ્યરૂપ અમૃતના સારના જ્ઞાનવાળાં[1] જે લોચનો, તેઓને

---

૧. આવું એક ભવન હતું, આવાં ઘણાં ભવનોવાળો રાજાનો મહેલ હતો એવો શ્લોકનો અન્વય લેવો (લે). આ 'ધામ' મહેલનું જ વિશેષણ લેવાથી અન્વય વધારે સરલતાથી થાય છે. વળી 'બધાંએ ઘરોની અંદર' એમ આ જ વિશેષણમાં આવતું હોવાથી આને મહેલનું જ વિશેષણ લેવું યોગ્ય જણાવાથી તે પ્રમાણે અર્થ કરેલો છે, કારણ કે એક ભવનમાં બધાંએ ઘરોનો સમાવેશ થતો નથી, પરંતુ મહેલમાં બધાએ ઘરો અથવા ભવનનો સમાવેશ થાય છે.

લાવણ્યરૂપ અમૃતનું પાન કરવામાં ભગવાન્ પાનનું પાત્ર (ઠામ) છે, કે જેમાં રહેલા રૂપરૂપી અમૃતનું ચક્ષુઓ પાન કરે છે. પછી રૂપનાં દર્શનથી ખળભળી ઉઠેલાં હ્દયવાળીઓનાં દેહનું વ્યાકુલપણું 'ઉત્સાહને લીધે (ઢીલા થએલા કેશ અને વસ્ત્રોનાં બંધનોવાળી)' શબ્દથી કહેલું છે. (ભગવાનનાં) દર્શન સમયે અથવા દર્શન પછી જે 'ઔત્સુક્યં' ઉત્સાહ થયો, તેને લીધે ઢીલા થએલ હતા કેશ અને વસ્ત્રોનાં બંધનો જેઓનાં (તેવી યુવતિઓ થઈ). કેશના બંધનો પડી જવામાં મનનું વ્યાકુલપણું[2] અને વસ્ત્રોનાં બંધનો પડી જવામાં દેહનો શોષ (કારણ હતાં). અંદરની અને બહારની વ્યથા કહી. પછી પહેલાંની સ્થિતિમાં રહેવાની શક્તિ વિનાની થતાં ઘરનાં કામને અને પથારીમાં પતિઓને એકદમ તજીને, એટલે ક્રિયા અને ક્રિયાના ફલોનો ત્યાગ કરીને, રાજાના જ માર્ગે એટલે રાજમાર્ગ ઉપર યુવતિઓ ભગવાનનાં દર્શન કરવા ગઈ.

પતિઓ પથારીમાં જ હોવાનું કહ્યું, તેથી તેઓ ભગવાનના ભક્તો ન હતા. રાજા તો ભગવાનની સામે ગએલો હોવાથી, પતિઓનાં ઘરો કરતાં રાજમાર્ગ જ ઉત્તમ છે એવા વિચારથી ત્યાં રાજમાર્ગ ઉપર જ રહી કે જેથી ભગવાનનાં દર્શન થાય, એવો અર્થ છે. અથવા ઘરો, કામ અને પતિઓને (તજી ગઈ). (આ) તામસ વિગેરે ત્રણ પ્રકારનાં ત્યાગ કરવા યોગ્ય જ છે. વાસ્તવિક રીતે રાજમાર્ગ નિર્ગુણ જ થાય છે. ૩૪.

તેથી જ ત્યાં (રાજમાર્ગ ઉપર) ગએલાઓને ભગવાનનાં દર્શન થયાં, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**તસ્મિન્સુસંકુલ ઈભાશ્વરથદ્વિપદ્ભિઃ કૃષ્ણં સભાર્યભુપલભ્ય ગૃહાધિરૂઢાઃ ।।**
**નાર્યો વિકીર્ય કુસુમૈર્મનસોપગુહ્ય સુસ્વાગતં વિદધુરુસ્મયવીક્ષણેન ।।૩૫।।**

હાથી, ઘોડા, રથ અને પાયદલોથી સારી રીતે ભરચક થએલા તે રસ્તામાં ઘર ઉપર ચઢેલી સ્ત્રીઓએ પત્નીઓ સહિત શ્રીકૃષ્ણનાં દર્શન કરીને, પુષ્પવૃષ્ટિ કરીને, મનથી ભેટીને હાસ્યવાળી દષ્ટિથી (તેમનો) ઘણો સારો સત્કાર કર્યો. ૩૫.

ચાર અંગોવાળી સેનાથી ભરચક થએલા તે રસ્તામાં પત્નીઓ સહિત ભગવાનનાં દર્શન કરીને, ઘર ઉપર ચઢેલી સ્ત્રીઓએ ઉપર ચઢવાનો દોષ દૂર કરવા જાણે કે ભગવાન્ સાથે વિવાહ કરતી હોય તેમ તેમના ઉપર પુષ્પની વૃષ્ટિ કરીને, પછી મનથી ભેટીને 'ઉત્સ્મયવીક્ષણેન' હાસ્યવાળી દષ્ટિથી (તેમનો) ઘણો સારો

૧. 'લોચન' એટલે આલોચન અથવા જ્ઞાન; તેવાં જ્ઞાનવાળા. (લે)

૨. મનનું વ્યાકુલપણું થતાં બંધન ઢીલાં થતાં હોવાથી પડી જાય છે તેથી બંધનનું પડી જવું મનનું વ્યાકુલપણું સૂચવે છે, એવો અર્થ છે. (લે)

સત્કાર કર્યો; કારણ કે આ સર્વ[1] કરવાથી અપરાધની ક્ષમા થાય. ત્યાં વિધિ પ્રમાણે ભગવાનને પતિ તરીકે સ્વીકારીને પ્રમાણનો વિરોધ દૂર કરી[2] ભગવાનમાં પોતાનો વિનિયોગ કરી, જેમના મનોરથ પૂર્ણ કરેલા છે તેવા ભગવાનને પ્રાપ્ત કરી પૂર્ણ થએલ મનોરથવાળી થઈ, હાસ્યથી વધારે રતિનું દાન કરશું એમ સૂચવતી અથવા મોહ પમાડતી સ્ત્રીઓએ પછી લાલસા દર્શાવતાં 'ભલે પધાર્યા' એમ ભગવાનનું સન્માન કર્યું એવો અર્થ છે. ૩૫.

એમ ભગવાન્ પ્રતિ સ્ત્રીઓના પ્રેમનું વર્ણન કરી, નીચેના શ્લોકમાં પુરુષોનો પ્રેમ જણાવે છે :

**તત્ર તત્રોપસંગમ્ય પૌરા મઙ્ગલપાણયઃ ।।**
**ચક્રુઃ સપર્યાં કૃષ્ણાય શ્રેણીમુખ્યા હતૈનસઃ ।।૩૬।।**

નગરવાસીઓ અને જેમના પાપનો નાશ થયો હતો તેવા જુદી જુદી કલા ઉપર આજીવિકા ચલાવનાર મુખ્ય વાણીઆઓએ હાથમાં મંગલ દ્રવ્યો રાખી જુદે જુદે સ્થલે પાસે આવી શ્રીકૃષ્ણની પૂજા કરી. ૩૬.

'પૌરાઃ' નગરવાસીઓ બધાએ જ શ્રીકૃષ્ણની 'સપર્યાં' પૂજા કરી. જુદી જુદી કલા ઉપર આજીવિકા ચલાવનાર મુખ્ય વાણીઆઓના સંબંધમાં વધારામાં કહે છે. 'શ્રેણીમુખ્યાઃ' એટલે કલા ઉપર આજીવિકા ચલાવનાર અમુક વાણિકો, જુદી-જુદી કલાઓ સાથે ભગવાનથી સારી રીતે જોવાએલા તેઓ સંપૂર્ણ રીતે જેમના પાપનો નાશ થયો હતો તેવા થયા, એવો અર્થ છે. હાથમાં મંગલ દ્રવ્યોવાળા હોવું એ તો (નગરવાસીઓ અને કલાવાળા વાણીઆઓ બંનેમાં) સરખું જ હતું. સુગંધી દ્રવ્યો પુષ્પો, વિગેરેથી પૂજા (કરી). ૩૬.

એવી રીતે બધાનું સ્વાગત કહી, નીચેના શ્લોકમાં સ્ત્રીઓએ કરેલું મુકુંદની પત્નીઓનું સ્વાગત અધિકમાં કહે છે :

**ઊચુઃ સ્ત્રિયઃ પથિ નિરીક્ષ્ય મુકુન્દપત્નીસ્તારા યથોડુપસહાઃ કિમકાર્યભૂમિઃ ।।**
**યચ્ચક્ષુષાં પુરુષમૌલિરુદારહાસ લીલાવલોકકલયોત્સવમાતનોતિ ।।૩૭।।**

---

૧. પુષ્પની વૃષ્ટિ વિગેરે સર્વ કરવાથી (મકાન) ઉપર ચઢવાના (ભગવાનથી વધારે ઉંચા દેખાવાના) દોષની ક્ષમા થાય, એવો અર્થ છે. આટલું કરવામાં આવે ત્યારે ભગવાન્ દોષની ક્ષમા કરે તે યોગ્ય જ છે એમ દર્શાવવા 'હિ' 'કારણ કે' શબ્દ યોજેલ છે. (લે)

૨. સ્ત્રીઓ ઘરમાં રહે એ પ્રમાણમાર્ગ, કારણ કે ઘરમાં રહે ત્યારે પ્રમાણમાર્ગના વિરોધની ચિંતા રહે. આ સ્ત્રીઓ તો ઘરની ઉપર ગઈ (ચઢી), એવો અર્થ છે. (લે) પુષ્પવૃષ્ટિથી ભગવાનને વિધિપૂર્વક પતિ તરીકે સ્વીકાર્યા તેથી પોતાનો પતિભગવાનમાં વિનિયોગ કરવામાં આવે તેમાં પ્રમાણનો વિરોધ રહેતો નથી. તેથી ભગવાનને પતિ તરીકે સ્વીકારી પ્રમાણનો વિરોધ દૂર કર્યો એવો અર્થ જણાય છે. (લે)

જેમ ચંદ્ર સાથે તારા(નક્ષત્રો) રહેલ હોય તેવી મુકુંદની પત્નીઓને માર્ગમાં જોઈને સ્ત્રીઓ કહેતી હતી કે 'આમણે શું (પુણ્ય) કર્યું કે જેમનાં ચક્ષુઓને પુરુષોમાં ઉત્તમ ભગવાન્ ઉદાર હાસ્ય સહિત વિલાસવાળી દૃષ્ટિની નિપુણતાથી આનંદ આપે છે'. ૩૭.

(મુકુંદની પત્નીઓમાં અને આપણામાં) સ્ત્રીપણું અને ભક્તપણું સમાન હોવા છતાં, આજ મહાભાગ્યવાળાં છે, પરંતુ આપણે (તેવાં) નથી. જો કે આપણે ઉંચે (ઘર ઉપર) છીએ, છતાં પણ ભગવાન્ ભૂમિ ઉપર પધારેલા હોવાથી ભૂમિ જ સ્વર્ગ છે એમ જણાવતાં, 'જેમ ચંદ્ર સાથે તારા (નક્ષત્રો) રહેલ હોય તેવી' એવું દૃષ્ટાંત કહે છે. 'નક્ષત્રો દેવોનાં ઘરો છે' એ શ્રુતિ પ્રમાણે તે (મુકુંદની પત્નીઓ)ની ઈન્દ્રિયો દેવની પેઠે અધિક ભોગ કરનારી છે, એમ (આ દૃષ્ટાંતથી) સૂચવેલું છે.

કયા ગુણથી આ લાભ (તેમને) પ્રાપ્ત થયો, એ વિષે પોતાનો વિચાર 'આમણે શું પુણ્ય કર્યું?' એ શબ્દોથી કહે છે. 'ઘણીઓ તેવી (મુકુંદની પત્નીઓ) હોવાથી, તેમાં શું આશ્ચર્ય?' એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધથી તેમને થતો સર્વથી ઉત્તમ ફલનો ભોગ કહે છે. જેમનાં ચક્ષુઓને ભગવાન્ પોતે આનંદ આપે છે. 'ભગવાન જ સર્વ કરનાર હોવાથી (તેમ કરે તેમાં) શું આશ્ચર્ય?' એવી શંકાનું નિવારણ કરવા 'પુરુષોમાં ઉત્તમ' શબ્દથી ભગવાનનું ઉત્તમપણું કહે છે, કારણ કે પુરુષોત્તમ સ્ત્રીઓને આનંદ પ્રાપ્ત કરાવતા નથી. તેમ (કરાવતા) હોય તો તેમનું ઉત્તમપણું જ શંકાવાળું થાય. તેમાં પણ બધાને પ્રયાસ વિના સર્વ પુરુષાર્થો આપનાર જે ઉદાર હાસ્ય, તે સહિત સર્વ પુરુષાર્થોને પૂર્ણ કરનારી હોવા છતાં ભક્તિ અને જ્ઞાનવાળી[1] જે વિલાસવાળી દૃષ્ટિ–'ઉદાર'ગુણ હાસ્ય, વિલાસ અને દૃષ્ટિ એ ત્રણેનો છે–તે (ત્રણે)ની પણ જે 'કલા' એટલે ઘણી નિપુણતા, તેનાથી (એટલે) પોતાના સર્વસ્વથી (ભગવાન્) તેઓના નેત્રોને આનંદ આપે છે એમ તેઓની ઘણી સ્તુતિ કરેલી છે. ૩૭.

નગરવાસીઓના કૃત્યને કહીને, અંતઃપુરમાં રહેનારનું (કૃત્ય) કહે છે :

**અન્તઃપુરજનૈઃ પ્રીત્યા મુકુન્દઃ ફુલ્લલોચનૈઃ ।।**
**સસંભ્રમૈરભ્યુપેતઃ પ્રાવિશદ્રાજમન્દિરમ્ ।।૩૮।।**

પ્રીતિને લીધે પ્રફુલ્લ નેત્રોવાળાં અંતઃપુરના માણસોએ ત્વરાથી સત્કાર કરેલા મુકુંદે રાજમહેલમાં પ્રવેશ કર્યો. ૩૮.

અંતઃપુરના માણસોનાં અંતઃકરણ, શરીર અને ઈન્દ્રિયો ભગવાનમાં આસક્ત હતાં એમ કહેવા '૧.પ્રીતિને લીધે* ૨.પ્રફુલ્લ નેત્રોવાળાં* ૩.ત્વરાથી' એ

૧. 'લીલા' 'વિલાસ'થી ભક્તિ અને દૃષ્ટિથી જ્ઞાન સૂચવેલાં છે.

ત્રણ ગુણ દર્શાવનારાં લક્ષણો કહેલાં છે. 'ત્વરા' શરીરનો ગુણ છે. એવી રીતે સર્વ પ્રકારે શરણ આવેલાઓથી સત્કાર પામી (મુકુંદે) રાજમહેલમાં પ્રવેશ કર્યો. ૩૮.

સન્માન કરવાનું ચાલુ છે એમ કહેવા પૃથા વિગેરેએ કરેલું સન્માન કહે છેઃ

**પૃથા વિલોક્ય ભ્રાત્રેયં કૃષ્ણં ત્રિભુવનેશ્વરમ્ ।।**
**પ્રીતાત્મોત્થાય પર્યઙ્કાત્સસ્નુષા પરિષસ્વજે ।।૩૯।।**

ભાઈના પુત્ર, ત્રણ ભુવનના ઈશ્વર શ્રીકૃષ્ણને જોઈને પ્રસન્ન ચિત્તવાળી થઈ પૃથા પુત્રવધુઓ સાથે પલંગમાંથી ઉઠી (તેમને) ભેટી. ૩૯.

શ્રીકૃષ્ણ ભાઈના પુત્ર હોવા છતાં ત્રણ ભુવનના ઈશ્વર (હોઈ) મોટા સંબંધી હોવાથી (પૃથા) પ્રસન્ન ચિત્તવાળી થઈ, પુત્રવધુઓ સાથે, પલંગમાંથી ઉઠી (તેમને) ભેટી, અને મોટાને[1] ભેટવામાં શરમ અને ભય થાય, તે બેનો ત્યાગ કરીને ભેટવાથી જાતિના અને દેહના ધર્મો દૂર થયા. 'પલંગમાંથી ઉઠી' શબ્દોથી સુખના સાધનોનો ત્યાગ કહેલો છે. 'પુત્રવધૂઓ સાથે' શબ્દથી શુદ્ધ ભાવ જણાવેલો છે. અંતઃકરણ (ચિત્ત)ની પ્રસન્નતાથી દોષો ન હોવાનું અને સર્વ ગુણો હોવાનું કહેલું છે. પલંગમાં હોવાનું ભગવાનની કૃપા સૂચવે છે. ભગવાન્ માટે ઘરના કામમાં રહેનારી, અથવા ભગવાન્ માટે વ્યાકુલ થએલી પલંગમાં રહે. આટલું જ તે બેનું[2] કાર્ય હતું. પ્રેમથી વ્યાકુલ થએલીઓને વધારે (કરવાનું) ન હતું. ૩૯.

પછી ભગવાન્ ઘેર પધારતાં રાજાએ (કરેલું) કૃત્ય કહે છે :

**ગોવિન્દં ગૃહમાનીય દેવદેવેશમાદતઃ ।।**
**પૂજાયાં નાવિદત્કૃત્યં પ્રમોદોપહતેન્દ્રિયઃ ।।૪૦।।**

દેવોના દેવોના ઈશ ગોવિંદને ઘેર લાવીને આદરવાળો થઈ, ઘણા આનંદ ને લીધે પરવશ થએલી ઇન્દ્રિયવાળાએ પૂજામાં કરવાનું કાર્ય જાણ્યું નહિ. ૪૦.

માત્ર દેવ ઘેર આવે ત્યારે પણ ઘણી પૂજા કરવી જોઈએ. ભગવાન્ તો દેવના પણ દેવ છે. તે પણ પધાર્યા ત્યારે પોતે જ ઘેર લાવીને તેમની પૂજા કરવી જોઈએ[+]. કરવા યોગ્ય પૂજા કરવામાં આદર હોવા છતાં પણ, તેણે ખરેખરું 'કૃત્યં' (પૂજાનું) કૃત્ય જાણ્યું નહિ, કારણ કે ભગવાન્ સિવાય બીજામાં એટલે પૂજાના સાધનમાં તેની દૃષ્ટિ ન હતી. જબરજસ્તીથી ચિત્તને પૂજાના સાધનમાં પ્રેરવામાં આવે તો ન્યૂનતા (રહેવા)નો સંભવ હોવાથી પૂજાનું જ્ઞાન રહે નહિ; અને ઘણા

*-*. 'પ્રીતિ અંતઃકરણનો ગુણ છે, અને પ્રફુલ્લ નેત્ર હોવાં એ ઇન્દ્રિયોનો ગુણ છે.

૧. સંબંધી પણ મોટા હોય, તો આ બે (શરમ અને ભય) થાય જ, એવો અર્થ છે.

૨. 'તે બે' એટલે સાસુ અને પુત્રવધૂ (દ્રૌપદી). (લે)

+. 'પૂજનીયઃ' શબ્દ વૃંદાવન પ્રેસવાળી પ્રતમાં છે, તે પ્રમાણે અર્થ કરેલ છે.

આનંદને લીધે પરવશ થએલી ઈન્દ્રિયો સુખમાં આસક્તિવાળી હોઈ, (તેમની) કામ(પૂજા)માં પ્રવૃત્તિ થતી ન હતી, એવો અર્થ છે. ૪૦.

એવી રીતે પ્રેમને લીધે બધા વિવશ થયા ત્યારે ભગવાને (કરેલું) કાર્ય નીચેના શ્લોકમાં કહે છે :

**પિતૃષ્વસુર્ગુરુસ્ત્રીણાં કૃષ્ણશ્ચક્રેઽભિદનમ્ ।।**
**સ્વયં ચ કૃષ્ણયા રાજન્ભગિન્યા ચાભિવન્દિતઃ ।।૪૧।।**

અને હે રાજન્! દ્રૌપદીએ અને બેને વંદન કરેલા શ્રીકૃષ્ણે ફોઈને અને વડિલોની સ્ત્રીઓને વંદન કર્યું. ૪૧.

મોહ કરનારા જે ભગવાનના ચરિત્રથી તેઓની તે અવસ્થા દૂર થાય-તેમ ન થાય તો ભવિષ્ય(માં કરવા)નું કાર્ય થાય નહિ-તે ચરિત્ર કહે છે. પોતાના કરતાં મોટાઓની સ્ત્રીઓને અને ફોઈને ભગવાને વંદન કર્યું. પછી દેહના ધર્મવાળી (થએલી)નું તે (સ્ત્રી)ઓનું કૃત્ય ઉત્તરાર્ધથી કહે છે. સ્ત્રીપણાથી, એક ઘરમાં (રહેનારી) હોવાથી, એક ગોત્રવાળી હોવાથી વિગેરે (કારણો)થી બધીઓએ એક સ્થિતિ પ્રાપ્ત કરેલી હોવાથી, ભગવાને વૃદ્ધ સ્ત્રીઓને નમસ્કાર કરવાથી પણ, બીજીઓને પણ દેહનો સંબંધ થયો. 'કૃષ્ણા' એટલે દ્રૌપદી. 'બેન' એટલે સુભદ્રા, 'ચ' 'અને' શબ્દથી બીજી પણ (સ્ત્રીઓ કહેલી છે).

પછી નીચેના શ્લોકમાં ભગવાનની પત્નીઓની પૂજા (કરી તે) કહે છે :

**શ્વશ્વા સંચોદિતા કૃષ્ણા કૃષ્ણાપત્નીસ્તુ સર્વશઃ ।।**
**આનર્ચ રુક્મિણીં સત્યાં ભદ્રાં જામ્બવતીં તથા ।।૪૨।।**
**કાલિન્દીં મિત્રવિન્દાં ચ શૈબ્યાં નાગ્નજિતીં સતીમ્ ।।**
**અન્યાશ્ચાભ્યાગતા યાસ્તુ વાસઃસ્રઙ્મણ્ડનાદિભિઃ ।।૪૩।।**

સાસુએ પ્રેરેલી દ્રૌપદીએ તો શ્રીકૃષ્ણની પત્નીઓ રુક્મિણી, સત્યા, ભદ્રા, તેમ જ જાંબવતી, કાલિંદી અને મિત્રવિંદા, શૈબ્યા, સતી નાગ્નજીતી અને બીજીઓ જેઓ આવેલી તેમની વસ્ત્રો, માલાઓ, આભૂષણો વિગેરેથી સર્વ પ્રકારે પૂજા કરી. ૪૨-૪૩.

પૃથાએ મોકલેલી દ્રૌપદીએ 'સર્વશઃ' સર્વ પ્રકારે શ્રીકૃષ્ણની પત્નીઓની પૂજા કરી. 'તુ' 'તો' શબ્દથી (એમ કહેલું છે કે જુદી જુદી સ્ત્રીઓની) વધતા ઓછા પ્રેમથી પૂજા કરી ન હતી. એક સમૂહમાં પૂજા કરી ન હતી એમ જણાવવા 'રુક્મિણી' વિગેરે શબ્દોથી દરેકનાં નામો કહેલાં છે. 'સત્યા' એટલે સત્યભામા. 'શૈબ્યા' એટલે લક્ષ્મણા. નાગ્નજીતી જ 'સતી' સત્યા. એવી રીતે આઠ પટરાણીઓ નામથી જણાવી. ૪૨.

સોળ હજાર બાકી રહી, તેઓએ એક સ્થિતિ પ્રાપ્ત કરેલી હોવાથી તેઓને તેંતાલીસમા શ્લોકના ઉત્તરાર્ધથી સમૂહથી કહે છે. વધારે (કહેવા)થી શું? પ્રદ્યુમ્ન વિગેરેની સ્ત્રીઓ પણ જે કોઈ આવેલી તે બધીઓની વસ્ત્રો, માલાઓ અને આભૂષણાથી પૂજા કરી, એવો (વાક્યનો) સંબંધ છે. ૪૩.

તે સમયની ઉત્તમ પૂજા કહીને, રાજાએ કરેલું સ્થિર કૃત્ય નીચે કહે છે :

**સુખં નિવાસયામાસ ધર્મરાજો જનાર્દનમ્ ।।**
**સસૈન્યં સાજુગામાત્યં સભાર્યં ચ નવં નવમ્ ।।૪૪।।**

ધર્મરાજાએ સુખરૂપ જનાર્દનનો સૈન્ય, સેવકો અમાત્યો અને પત્નીઓ સાથે નવા નવા (જણાય તેમ) વાસ કરાવ્યો. ૪૪.

વાસ્તવિક રીતે તો સુખરૂપ ભગવાનનો વાસ કરાવીને ધર્મરાજા પોતે સુખી થયો, એવો અર્થ છે. 'જનાર્દન' એટલે અવિદ્યાનો નાશ કરનાર. જેમ ભગવાનનું મન પ્રસન્ન થાય, તેમ વાસ કરાવ્યો. માત્ર ભગવાનનો નહિ, પરંતુ બધાનો વાસ કરાવ્યો એમ 'સૈન્ય(સેવકો, અમાત્યો અને પત્નીઓ) સાથે' શબ્દથી કહેલું છે. સૈન્ય, સેવકો, અમાત્યો અને પત્નીઓ એવાં ભગવાનનાં ચાર અંગો છે. તેમની સાથે ભગવાન્ જેમ દરરોજ નવા-નવા જણાય તેમ વાસ કરાવ્યો. ૪૪.

એવી રીતે સંપૂર્ણ રીતે સેવા કરવામાં આવતાં રાજા લૌકિક ધર્મમાં આસક્ત થયો ત્યારે ભગવાને જે કર્યું તે નીચેના બે શ્લોકોથી કહે છે :

**તર્પયિત્વા ખાણ્ડવેન વહ્નિં ફાલ્ગુનસંયુતઃ ।।**
**મોચયિત્વા મયં યેન રાજ્ઞે દિવ્યા સભા કૃતા ।।૪૫।।**
**ઉવાસ કતિચિન્ માસાન્નાજ્ઞઃ પ્રિયચિકીર્ષયા ।।**
**વિહરન્ રથમ્ આરુહ્ય ફાલ્ગુનેન ભટૈર્વૃતઃ ।।૪૬।।**

અર્જુન સાથે મળી ખાંડવ વનથી અગ્નિને તૃપ્ત કરીને, જેણે રાજાને માટે દિવ્ય સભા કરી તે મયને અગ્નિમાંથી મુક્ત કરાવીને, રાજાનું પ્રિય કરવાની ઈચ્છાથી અર્જુન અને સૈનિકોથી વીંટાએલા રથમાં બેસી વિહાર કરતાં કેટલાક મહિના (ભગવાન્ ત્યાં) રહ્યા. ૪૫-૪૬.

દેવોમાં અગ્નિ મુખ્ય હોવાથી આરંભમાં તેને ખાંડવ (વન)થી તૃપ્ત કર્યો, અને દૈત્યોના અધિપતિ મયને (અગ્નિમાંથી) મુક્ત કરાવ્યો. દેવરૂપ અને અસુરરૂપ ઈન્દ્રિયો એવી રીતે પોતાનાં આધિદૈવિકની તૃપ્તિથી તૃપ્ત થતાં લૌકિક અને વૈદિક ભાવથી યુધિષ્ઠિરને સર્વ પ્રકારે તૃપ્ત કરશે. દૈત્યનો વિભાગ તરત ફલ આપનારો છે એમ જણાવવા, 'જે મયે રાજાને માટે દિવ્ય સભા કરી' એમ મયે કરેલો ઉપકાર કહેલો છે. (ભૂતકૃદંતના) 'કૃત્વા' પ્રત્યયવાળા શબ્દોનો સંબંધ (શ્લોક ૪૬માંના)

'ઉવાસ' 'રહ્યા' શબ્દ સાથે છે. ૪૫.

(ભગવાને) તે (યુધિષ્ઠિર)ને માત્ર કાર્યથી જ સુખી કર્યો નહિ, પરંતુ (ત્યાં) રહીને પણ (સુખી કર્યો) એમ છેતાલીસમા શ્લોકમાં કહે છે. 'કેટલાક મહિના' શબ્દોથી (એમ સૂચવેલું છે કે) બીજું કાર્ય ન કરતાં રાજાનું પ્રિય થાય તે માટે (ભગવાન્) નિરંતર રાજાની પાસે જ રહ્યા. ચાર માસ રહ્યા, એવો નિર્ણય થાય છે, કારણ કે ભગવાનને શયન (કરવાનો) સમય જ તેવો (તેટલો) છે. 'રથમાં બેસી વિહાર કરતાં' શબ્દોથી (એમ જણાવેલું છે કે ભગવાન્) બંધનથી રહ્યા ન હતા. ત્યાંના લોકોને અને પોતાના (સેવકો)ને આનંદ આપતાં (રહ્યા હતા) એમ કહેવા, 'અર્જુન અને સૈનિકોથી વીંટાએલા' એમ કહેલું છે. અર્જુન ત્યાંના લોકોને સૂચવવા કહેલો છે, સૈનિકો પોતાના (સેવકો) છે, તે બંનેથી વીંટાએલા (ભગવાન્ રહ્યા). વીંટાવાથી બધાને સદા સુખનું દાન (કરતા એમ) જણાવેલું છે. ૪૬.

**ઈતિ શ્રીલક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીમદ્વલ્લભદીક્ષિતે રચેલી શ્રીમદ્ભાગવતની સુબોધિનીમાં દશમા સ્કંધના ઉત્તરાર્ધના વિવરણમાં અધ્યાય બાવીસમો અને સળંગ અડસઠમો અધ્યાય સંપૂર્ણ.**

# અધ્યાય ઓગણોસિત્તેરમો.

## ભગવાને જરાસન્ધને ભીમદ્વારા માર્યો.

**નિરોધો સાત્ત્વિકાનાં હિ સગુણાનાં નિરૂપિતઃ ।।**
**ધર્મપ્રસંગે શુદ્ધાનાં તેષાં દુઃખં નિવાર્યતે ।।૧।।**

સગુણ[૧] સાત્ત્વિકોનો[૨] નિરોધ કહ્યો. ધર્મના પ્રસંગમાં શુદ્ધ તેઓ સાત્ત્વિકો નાં દુઃખનું નિવારણ કરવામાં આવે છે[૩]. કા.૧.

**ત્રયોવિંશે જરાસંધવધઃ ક્લેશહરો મહાન્ ।।**
**નિરૂપ્યતે યતઃ સર્વસાત્ત્વિકાઃ સુખિનોऽભવન્ ।।૨।।**

ત્રેવીસમા (અધ્યાય)માં દુઃખ હરનારો પ્રભાવવાળો જરાસંધનો વધ કહેવામાં આવે છે, જેનાથી બધા સાત્ત્વિકો સુખી થયા. કા.૨.

**ત્રિવિધાઃ સાત્ત્વિકાઃ પ્રોક્તા રાજાનો યાદવાસ્તથા ।।**
**પાણ્ડવાશ્ચ તતસ્તેષુ દ્વયોરિષ્ટો વધઃ સ્ફુટઃ ।।૩।।**

રાજાઓ, યાદવો અને પાંડવો એમ ત્રણ પ્રકારના સાત્ત્વિકો કહેલા છે. તેથી તે પૈકી બેને[૪] (જરાસંધનો) પ્રસિદ્ધ વધ ઈષ્ટ છે. કા.૩.

**પાણ્ડવાનામિષ્ટતાયૈ પ્રસઙ્ગોऽપ્યત્ર રૂપ્યતે ।।**
**ભક્તાનાં કર્મિણાં ચેત્સ્યાદિષ્ટં માગધનાશનમ્ ।।૪।।**
**તદૈવ નાશનં યુક્તં બ્રહ્મણ્યસ્ય દયાવતઃ ।।**

પાંડવોને (તે) ઈષ્ટ હોવાનું જણાવવા અહિં પ્રસંગ પણ જણાવવામાં આવે છે. જો માગધનો નાશ ભક્તોને અને કર્મમાર્ગીઓને ઈષ્ટ હોય તો જ બ્રાહ્મણનું હિત કરનાર દયાળુ (માગધ)નો વધ યોગ્ય ગણાય. કા.૪ાા.

**બ્રાહ્મણસ્યાલભનં યજ્ઞાર્થં હિ નિરૂપ્યતે ।।૫।।**
**બ્રહ્મણ્યે તત્ર કો મર્ષઃ ક્ષત્રિયે વિમુખે હરેઃ ।।**

કારણ કે યજ્ઞ માટે બ્રાહ્મણનો વધ કરવામાં આવે છે (તો) તે વિષયમાં બ્રાહ્મણનું હિત કરનાર હરિથી વિમુખ ક્ષત્રિય(ના વધ)થી શા માટે અટકવું ?

---

૧. 'સગુણ' એટલે તમોગુણ, રજોગુણ અને સત્ત્વગુણ જેમનામાં ભળેલા છે તેવા. (લે)

૨. 'સાત્ત્વિકોનો' એટલે રાજાઓ, યાદવો અને પાંડવોનો. આ સાત્ત્વિક પ્રકરણ હોવાથી તે પ્રમાણે કરવું યોગ્ય છે એમ 'હિ' શબ્દથી દર્શાવેલ છે. (લે)

૩. હવે પછી ત્રણેના વિરોધથી રાજસૂય (યજ્ઞ)ના પ્રસંગોમાં જરાસંધનો વધ કરી શુદ્ધ (સાત્ત્વિકો)નું દુઃખ દૂર કરશે એવો અર્થ છે. (લે)

૪. રાજાઓને કેદખાનામાંથી તથા શંકરના યજ્ઞમાં વધ થવામાંથી છૂટવા માટે, અને યાદવોના જરાસંધ સાથે જૂનું વૈર હોવાથી, તે બેનો તેનો વધ ઈષ્ટ છે.

કા.૫॥.

ગયા અધ્યાયના અંતે એમ કહેલું છે કે યુધિષ્ઠિરે ભગવાનને પોતાના ઘરમાં સુખથી રાખ્યા. પછી જે પ્રયોજનથી રાખેલા તે જણાવવા માટે સાધારણ અને અસાધારણ સંબંધીઓની હાજરીના ભેદથી બે શ્લોકોથી પ્રસંગ કહે છેઃ

॥ શ્રીશુક ઉવાચ ॥

**એકદા તુ સભામધ્ય આસ્થિતો મુનિભિર્વૃતઃ ॥**
**બ્રાહ્મણૈઃ ક્ષત્રિયૈર્વૈશ્યૈર્ભ્રાતૃભિશ્ચ યુધિષ્ઠિરઃ ॥૧॥**
**આચાર્યૈઃ કુલવૃદ્ધૈશ્ચ જ્ઞાતિસમ્બન્ધિબાન્ધવૈઃ ॥**
**શ્રૃણ્વતામેવ ચૈતેષામાભાષ્યેદમુવાચ હ ॥૨॥**

અને એક સમયે તો સભાની અંદર ઊભા થઈને, મુનિઓ, બ્રાહ્મણો, ક્ષત્રિયો, વૈશ્યો અને ભાઈઓ, આચાર્યો અને કુલના વૃદ્ધ પુરુષો, સગાંઓ અને બંધુઓથી વીંટાએલા યુધિષ્ઠિરે આમના સાંભળતાં જ શ્રીકૃષ્ણને સંબોધીને નીચે પ્રમાણે કહ્યું. ૧-૨.

એકાંતમાં કરેલી વિજ્ઞપ્તિ અભિમાન મટાડનારી હોતી નથી એવા વિચારથી સર્વની હાજરી કહેવામાં આવે છે. 'એક સમયે' એટલે શુભ લગ્ન હતું ત્યારે. 'તુ' 'તે' શબ્દથી બીજો(અશુભ) સમય સમીપમાં ન હોવાનું જણાવેલું છે. 'આસ્થિતઃ' એટલે ઊભા થઈને. ધર્મ(યજ્ઞ) માટે જ વિજ્ઞપ્તિ હતી એમ જણાવવા આરંભમાં મુનિઓની હાજરી કહેલી છે. બીજા સાધારણ બ્રાહ્મણો હતા. અનુક્રમે ત્રણે વર્ણો હાજર હોવાનું કહેલ છે. શૂદ્ર તો યજ્ઞમાં અધિકાર વિનાનો છે. ભીમ વિગેરે, અને 'ચ' 'અને' શબ્દ હોવાથી દુર્યોધન વિગેરે 'ભાઈઓ' હાજર હતા.૧.

દ્રોણ વિગેરે આચાર્યો, ભીષ્મ વિગેરે 'કુલના વૃદ્ધ પુરુષો', સગાંઓ એટલે ગોત્રમાં ઉત્પન્ન થએલા બીજાઓ, 'સંબંધીઓ' એટલે વિવાહથી સગાં બનેલાંઓ, અને બધાએ દૂર રહેનારા બંધુઓ હાજર હતા. બંધુઓની મારફત તેઓની સ્ત્રીઓની સંમતિ પ્રાપ્ત થઈ, તેથી કોઈ પણ ગેરહાજર ન હતું. બધાએ સાવધાન થઈ સાંભળતા જ ઉભા હતા. 'એવ' 'જ' શબ્દથી એમ સૂચવેલું છે કે ચિત્તનો વિક્ષેપ ન હતો. 'ચ' 'અને' શબ્દથી (એમ કહેલું છે કે ઉપર) નહિ કહેલાઓનાં પણ સાંભળતાં જ કહ્યું. 'સંબોધીને' એટલે 'હે શ્રીકૃષ્ણ! હે સ્વામિ!' એમ કહીને. એવી રીતે અભિમાનનો ત્યાગ કર્યો તે આશ્ચર્યકારક છે એમ જણાવવા 'હ' શબ્દ યોજેલ છે. ૨.

નીચેના શ્લોકમાં વિજ્ઞપ્તિ કહે છે :

॥ યુધિષ્ઠિર ઉવાચ ॥

**ક્રતુરાજેન ગોવિન્દ રાજસૂયેન પાવનીઃ ।।**
**યક્ષ્યે વિભૂતીર્ભવતસ્તત્સંપાદય નઃ પ્રભો ।।૩।।**

હે ગોવિંદ! ઉત્તમ યજ્ઞ રાજસૂયથી આપની પાવન કરનારી વિભૂતિઓનું પૂજન કરવાનો છું. હે પ્રભો! અમને તે સિદ્ધ કરાવો. ૩.

ઈન્દ્ર જ પૂજન કરવા યોગ્ય છે એવી મર્યાદાનું સ્થાપન કરવા, 'હે ગોવિંદ!' એવું સંબોધન કરેલું છે. જેમ પુરુષોમાં રાજા, તેમ યજ્ઞોમાં રાજસૂય હોવાથી (તે) ઉત્તમ યજ્ઞ છે. જો કે નારદે 'આપનું પૂજન યુધિષ્ઠિર કરશે' એમ કહેલું છે, છતાં પણ તેમ કરવાથી સર્વરૂપવાળા ભગવાનની હદ બંધાય, તેથી 'આપની પાવન કરનારી વિભૂતિઓનું પૂજન કરવાનો છું' શબ્દોથી ભગવાનના અંશો જ વિભૂતિરૂપ દેવોનું પૂજન (કરવાનું) કહેલું છે. 'પાવન કરનારી' એટલે આધિદૈવિક, અથવા (તે વિભૂતિઓને) દૈત્યનો સંબંધ નથી એમ જણાવવા (એ વિશેષણ યોજેલું છે). 'તત્' એટલે તેથી, અથવા તે પૂજન 'નઃ' અમોને સિદ્ધ કરાવો. (તેમ કરવાનું શ્રીકૃષ્ણમાં) સામર્થ્ય છે એમ જણાવવા 'હે પ્રભો!' એવું સંબોધન કરેલું છે. ૩.

''ભગવાનના ભક્તો કાંઈ પણ પદાર્થની ઈચ્છા રાખતા નથી 'અનન્ય-બુદ્ધિવાળા પુરુષો...' (ભાગ.૬।૧૧।૨૨) એ શાસ્ત્ર પ્રમાણે પણ ભગવદીયોનું કાર્ય સિદ્ધ થાય છે. તેથી પ્રાર્થના કેમ કરી?'' એવી શંકા થાય, તેથી કહે છે :

**ત્વત્પાદુકે અવિરતં પરિ યે ચરન્તિ ધ્યાયન્ત્યભદ્રનશને શુચયો ગૃણન્તિ ।।**
**વિન્દન્તિ તે કમલનાભ ભવાપવર્ગમાશાસતે યદિ ત આશિષ ઈશ નાન્યે ।।૪।।**

હે નાભિમાં કમલવાળા! જેઓ પાપનો નાશ કરનારી આપની બે પાદુકાઓની નિરંતર સેવા કરે છે, તેમનું ધ્યાન ધરે છે, અને પવિત્ર થઈ તેમની સ્તુતિ કરે છે, તેઓ સંસારનો અંત પામે છે, અને હે ઈશ્વર! જો તેઓ કામનાઓ ની ઈચ્છા કરે તો તેઓ તે પ્રાપ્ત કરે છે, બીજાઓ પ્રાપ્ત કરતા નથી. ૪.

જો કે કાયા, વાણી અને મનથી આપને શરણ આવેલાઓ આવી ઈચ્છા કરતા નથી, છતાં પણ જો ઈચ્છા કરે તો તેઓ (તે) પ્રાપ્ત કરે છે એવો સિદ્ધાંત છે. તેઓને (પ્રાપ્ત થતું) સ્વાભાવિક ફલ કહે છે કે 'જેઓ ભક્તિમાર્ગ પ્રમાણે આપની બે પાદુકાઓની સેવા કરે છે,'–એમ કાયાથી થતી ક્રિયા કહી. '(તેમનું) ધ્યાન ધરે છે' એમ મનથી થતી (ક્રિયા કહી). 'ચિત્ત ચંચલ છે, યોગ વિના ધ્યાન કેમ થઈ શકે?' એવી શંકા દૂર કરવા 'પાપનો નાશ કરનારી' વિશેષણ કહેલું છે. પાપને લીધે જ (ચિત્તનું) ચંચલપણું હોય છે. ધ્યાન ધરવા તૈયારી કરનારને (પાદુકાઓનું) પ્રથમ સ્મરણ થતાં (તેના) પાપનો નાશ થતાં, એક પછી એક સ્મરણ થયા કરે છે.

તેથી પવિત્ર થઇ સ્તુતિ કરે છે. તેથી તેઓને કાયાનો બીજો ઉદ્યમ રહેતો નથી, (તેમનાં) સર્વ પાપ દૂર થાય છે અને તેઓ શુદ્ધ થાય છે, એમ પ્રસંગને લીધે કહ્યું. તેથી તેઓ 'ભવસ્ય' સંસારનો 'અપવર્ગ' અંત પામે છે.

'કર્મ અને જ્ઞાન વિના માત્ર ભગવાનના ભજનથી પ્રમાણના અનુમોદન વિના સંસારનો અંત કેમ પામે?' એવી શંકા થતાં 'હે નાભિમાં કમલવાળા!' એવું સંબોધન કહેલું છે. ભુવનને ધારણ કરનારું કમલ નાભિમાં છે જેમની (તેવા આપ છો). આ (કમલે) પ્રવૃત્તિ કરાવેલો જ બધોએ સંસાર (ચાલે છે), તેથી આની સેવા કરવામાં પ્રમાણના અનુમોદનની જરુર નથી એવો ભાવ છે.

જો તેઓ બહિર્મુખ થઇને બાલક પુત્રની પેઠે લૌકિક અથવા વૈદિક કામનાઓની ઇચ્છા કરે, તો તેઓ જ કામનાઓ પ્રાપ્ત કરે છે. બીજાઓ તો કર્મ વિગેરેથી મુકરર કરેલી કામનાઓ જ પ્રાપ્ત કરે છે, ન મુકરર કરેલી પ્રાપ્ત કરતા નથી, એવો ભાવ છે. 'અનન્યબુદ્ધિવાળા' એ વાક્યમાં અંદરની જ શ્રદ્ધા કહેલી છે, તેથી કામના કરે તેમાં તેનો વિરોધ થતો નથી. ભક્તિમાં પ્રથમ પ્રવૃત્તિ કરનારનાં જ ધન વિગેરે ભગવાન્ હરે છે. તેમ ન હોય તો સર્વથી સેવા કરવા યોગ્ય ન રહે.૪.

તેથી જેઓ ભક્તો હોઇ લોકમાં પોતાની સરસાઇ ઇચ્છે છે, અથવા ભક્તિમાર્ગની સરસાઇ ગણાય તે માટે પોતાની સરસાઇ ઇચ્છે છે તેઓનો પક્ષપાત ભગવાને કરવો જોઇએ એમ નીચેના શ્લોકમાં કહે છે :

**તદ્દેવદેવ ભગવતશ્ચરણારવિન્દ-સેવાનુભાવમિહ પશ્યતુ લોક એષઃ ।।**
**યે ત્વાં ભજન્તિ ન ભજન્ત્યુત વોભયેષાં નિષ્ઠાં પ્રદર્શય વિભો કુરુસૃઞ્જયાનામ્ ।।૫।।**

તેથી હે દેવોના દેવ! આ લોક આપનાં ચરણારવિંદની સેવાનો પ્રભાવ અહિં ભલે જૂએ. હે વિભો! જેઓ આપને ભજે છે અથવા ભજતા નથી તેવા બંને કૌરવ અને સૃંજ્યોને પ્રાપ્ત થતું ફલ આપ જણાવો. ૫.

'છતાં પણ સંપૂર્ણથી કોઇનો વધ (ભગવાન્) કરશે નહિ' એવી શંકા કરી, 'હે દેવોના દેવ!' એવું સંબોધન કરેલું છે. આથી એમ સૂચવેલું છે કે દૈત્યોનો વધ ઈષ્ટ છે. 'તત્' એટલે તે કારણથી. 'આ સરસાઇનો વિષય સંપૂર્ણ રીતે બહિર્મુખ હોવાથી, તે કહેવું (તે માટે પ્રાર્થના કરવી) અયોગ્ય છે' એવી શંકા કરીને, લોકોને જાણ થાય તે માટે (કહેલી છે) એમ 'લોક આપની સેવાનો પ્રભાવ અહિં ભલે જૂએ' શબ્દોથી કહેલું છે.

'રાજ્ય (મળ્યું તે)ની પેઠે રાજસૂય પૂર્ણ થાય, છતાં પણ આ ભક્તથી જ

૧. આ નિમિત્તસપ્તમી છે. (લોકને) જ્ઞાન થાય તે માટે ભક્તોને અને નહિ ભજનારને પ્રાપ્ત થતું ફલ જણાવો એમ યુધિષ્ઠિરે કહ્યું એવો અર્થ છે.

થાય, બીજાથી ન થાય એમ કેમ જણાય?' એવી શંકા થાય, તે વિષયમાં[1] ઉત્તરાર્ધ કહેલો છે. પાંડવો વિગેરે જેઓ આપને ભજે છે, અથવા શિશુપાલ, દુર્યોધન, જરાસંધ વિગેરે જેઓ આપને ભજતા નથી તે બંનેને 'નિષ્ઠા' પ્રાપ્ત થતું ફલ,- જેઓ વિમુખ છે તેઓને મરણ, માનનો ભંગ, ઠગાવું વિગેરે, અને સેવકોને કીર્તિ, ધન, ધર્મ વિગેરે (પ્રાપ્ત થાય છે) એમ-આપ જ જણાવો. 'કૌરવ અને સૃંજ્યોને' શબ્દથી તે બધા સંક્ષેપથી કહેલા છે. સૃંજ્યવંશ દ્રુપદનો છે. તેથી તેઓ (કૌરવો)ના પક્ષપાતથી (પાંડવો) પુષ્ટ થએલા છે એવી કૌરવની કીર્તિનો ત્યાગ કરીને, પાંડવો સૃંજ્ય (તરીકે)ની કીર્તિનો જ આદર કરે છે. તેથી 'કૌરવો' એટલે ધૃતરાષ્ટ્રના પુત્રો વિમુખ છે અને 'સૃંજ્યો' એટલે પાંડવો ભક્તો છે, એવો (અર્થ છે). આથી એમ સૂચવેલું છે કે (યુધિષ્ઠિરને) પોતાને ઈર્ષ્યા થએલી છે. ૫.

'આ ટૂંકી બુદ્ધિવાળા નાના દેવોનું જ કાર્ય છે, મારું કાર્ય નથી' એવી શંકા થાય, તો તે સત્ય છે, પરંતુ ભક્તોની અનુકૂલતા માટે કરવું જોઈએ એવી પ્રાર્થના કરતાં, નીચેનો શ્લોક કહે છે :

**ન બ્રહ્મણઃ સ્વપરભેદમતિસ્તવ સ્યાત્ સર્વાત્મનઃ સમદશઃ સ્વસુખાનુભૂતેઃ ॥**
**સંસેવતાં સુરતરોરિવ તે પ્રસાદઃ સેવાનુરૂપમુદયો ન વિપર્યયોઽત્ર ॥૬॥**

સર્વના આત્મા, સમાન દૃષ્ટિવાળા, પોતાના સ્વરૂપના સુખને અનુભવ-નારા આપ બ્રહ્મની 'પોતાનો અને પારકો' એવા ભેદવાળી મતિ નથી. છતાં કલ્પતરુની પેઠે આપની સેવા કરનારાઓને સેવાના પ્રમાણમાં સમૃદ્ધિરૂપ આપનો અનુગ્રહ થાય છે. આમાં વિકાર થતો નથી. ૬.

ભગવાન્ જો પોતાના માટે કરતા હોય તો એ પ્રમાણે પક્ષપાત ન કરે, પરંતુ બીજાના માટે કરતા હોય ત્યારે તો બીજાની ઈચ્છા પ્રમાણે જ કરવું જોઈએ. તેમ ન હોય તો ભગવાન્ પુરુષાર્થ પ્રાપ્ત કરાવનારા ન થાય. (પોતાના માટે કરે છે એવો) પહેલો પક્ષ સ્વીકારીને કહે છે કે જો કે સર્વને સમાન આપ બ્રહ્મની 'પોતાનો અને પારકો' એવા ભેદવાળી મતિ નથી, છતાં પણ ભક્તોની અનુકૂલતાને લીધે આપની એવી મતિ થાય જ. અથવા (આપની એવી મતિ) ન હોય, એમ વિધ્યર્થપણું છે. (૧) જેઓ દેહ અને આત્માની સ્થિતિથી હદવાળા છે, (૨) પછી ભોગ પ્રાપ્ત થાય તે માટે વિષયોમાં વિષમ દૃષ્ટિવાળા છે, (અને ૩) પછી વિષયોનું સુખ ભોગવનારા છે, એવા ત્રણ પ્રકારના જીવોની 'પોતાનો અને પારકો' એવા ભેદવાળી મતિ હોય છે. ભગવાન્ તો આવા પ્રકારના નથી એમ જણાવવા '(૧) સર્વના આત્મા, (૨) સમાન દૃષ્ટિવાળા, (અને ૩) પોતાના (સ્વરૂપના) સુખને અનુભવનારા' એવાં ત્રણ વિશેષણો યોજેલાં છે.

(ભગવાન્) બીજાના માટે કરતા હોય ત્યારે તો, આવા (ગુણવાળા ભગવાન્) પણ વિષમ કાર્ય કરે છે એમ ઉત્તરાર્ધથી દૃષ્ટાંત સહિત કહે છે. કલ્પતરુ સ્વભાવથી જ તેવું (બીજાના માટે વિષમ કાર્ય કરનારું) છે. ભગવાન્ પણ તેવા છે. ભગવાનનો ગુણ જ સર્વ સ્થલે (કલ્પતરુ, ચિંતામણિ વિગેરેમાં) સ્પષ્ટ જણાય છે, તેથી તે ગુણને અમારા માટે પ્રકટ કરવો જોઈએ એવો ભાવ છે. ગુણને અનુસરવામાં તો ગુણવાળાને દોષ થતો લાગતો નથી. તેથી સેવાના પ્રમાણમાં સમૃદ્ધિ પ્રાપ્ત થાઓ. તેથી આમાં આવી સમૃદ્ધિ પ્રાપ્ત થવામાં ધર્મી (ગુણવાળા)નો સંબંધ નહિ હોવાથી, (આથી ધર્મીમાં) વિકાર થતો નથી. ૬.

યુધિષ્ઠિરે પોતાનો છૂપો દોષ કહ્યો તેથી ભગવાન્ સંતોષ પામીને, તેણે કરવા ઈચ્છેલું ગુણરૂપ છે એમ કહેતાં નીચેના શ્લોકમાં તેનું અભિનંદન કરે છે, કારણ કે બીજા પ્રકારે (તેનું) ઈચ્છેલું સિદ્ધ થવાનું ન હતું :

॥ શ્રીભગવાનુવાચ ॥

**સમ્યગ્વ્યવસિતં રાજન્ ભવતા શત્રુકર્ષણ ॥**
**કલ્યાણી યેન તે કીર્તિર્લોકાનનુ ભવિષ્યતિ ॥૭॥**

હે રાજન્! હે શત્રુનો નાશ કરનાર! તેં સારો નિશ્ચય કર્યો, જેથી તારી મંગલકારી કીર્તિ લોકમાં પ્રસરશે. ૭.

'હે રાજન્!' એ સંબોધનથી એમ સૂચવેલું છે કે રાજા બહિર્મુખ હોય તે યોગ્ય છે. તેમાં પણ માત્ર પોતાના રાજ્યનું પરિપાલન કરતો હોય તો તેવો (બહિર્મુખ) ન થાય, તેથી 'હે શત્રુનો નાશ કરનાર!' એવું બીજું વિશેષણ કહેલું છે. એમ કરવામાં આવતાં ધર્મ અથવા ભગવાન્ ઉપર પ્રીતિ નહિ હોવાથી, જે ફલ (પ્રાપ્ત થશે) તે ઉત્તરાર્ધથી કહેલું છે. (જરાસંધના) વધ, જય વિગેરેથી પણ કીર્તિ થાય, પરંતુ તે મંગલકારી અથવા દૃઢ થાય નહિ એમ કહેલું છે. 'લોકમાં પ્રસરશે' શબ્દોથી એમ કહેલું છે કે (આ તારો) પરિશ્રમ કીર્તિરૂપ મહિમા માટે જ થશે. ૭.

બીજા ધર્મથી પણ કીર્તિ (પ્રાપ્ત) થાય, છતાં પણ રાજસૂય (યજ્ઞ) જ કરવા યોગ્ય છે એમ નીચેના શ્લોકમાં તેણે કરવા ઈચ્છેલા કાર્યની સ્તુતિ કરે છે :

**ઋષીણાં પિતૃદેવાનાં સુહૃદામપિ નઃ પ્રભોઃ ॥**
**સર્વેષામપિ ભૂતાનામીપ્સિતઃ ક્રતુરાડયમ્ ॥૮॥**

આ ઉત્તમ યજ્ઞ ઋષિઓએ, પિતૃઓએ, દેવોએ, તેમ જ આપણા સંબંધીઓએ, પ્રભુએ અને સર્વ પ્રાણીઓએ ઈચ્છેલો છે. ૮.

રાજાને વેદના અધ્યયનમાં શ્રદ્ધા નહિ હોવાથી રાજસૂયથી જ ઋષિઓ પ્રસન્ન થાય. રાજસૂય કરનારના જ પિતૃઓ ઈન્દ્રની સભામાં (રહે છે). તેવી રીતે

(રાજસૂય) તરતમાં જ કરવાનો હોવાથી, (તેમાં) વિલંબ નહિ હોવાથી દેવોને (તેથી) ઘણી તૃપ્તિ (થશે). સંબંધીઓએ પણ (આ યજ્ઞ ઈચ્છેલો છે), કારણ કે તે પોતાના (સંબંધી)ની સરસાઈ કરાવનાર છે. તેમાં પણ આપણા (સંબંધી)ઓએ જ (ઈચ્છેલો છે), પરંતુ દુર્યોધન વિગેરેના (સંબંધીઓએ ઈચ્છેલો) નથી. પ્રભુ એટલે કાલે પણ (તે ઈચ્છેલો છે), કારણ કે (તે) ભૂમિનો ભાર હરવાના કારણરૂપ છે. ઉત્તમ યજ્ઞ રાજસૂયમાં ઉદ્ધત (પુરુષો)નો નાશ થવાનો હોવાથી બધાએ પ્રાણીઓએ (તે) ઈચ્છેલો છે. તેમાં પણ 'આ' તુ કરવાનો છે તે (યજ્ઞ) ઉત્તમ પ્રકારનો હોવાથી (બધાએ ઈચ્છેલો છે), પરંતુ વરુણ વિગેરેએ કરેલો (યજ્ઞ) ઈચ્છેલો નથી. ૮.

તેથી (યજ્ઞનો) આરંભ નહિ કરતાં, પહેલાં જ (તે કરવાનો) પોતાનો અધિકાર પ્રાપ્ત કર એમ નીચેના શ્લોકમાં કહે છે :

**વિજિત્ય નૃપતીન્ સર્વાન્ કૃત્વા ચ જગતીં વશે ।।**
**સંભૃત્ય સર્વસંભારાનાહરસ્વ મહાક્રતુમ્ ।।૯।।**

બધા રાજાઓને જીતીને અને જગતને વશ કરીને સર્વ સામગ્રીઓ તૈયાર કરીને, ઉત્તમ યજ્ઞમાં (અગ્નિ) લાવ. ૯.

બધા રાજાઓને જીત્યા વિના રાજસૂય (કરવા)નો અધિકાર (પ્રાપ્ત થતો) નથી, કારણ કે સાર્વભૌમ (રાજા)નો જ (તે કરવાનો) અધિકાર છે. વળી જેનો લોકો આદર કરતા નથી તેને પણ (તે કરવાનો) અધિકાર નથી, તેથી 'અને બધાંએ જગતને વશ કરીને' એમ કહેલું છે. પછી યજ્ઞની સામગ્રીઓ આરંભમાં જ પ્રાપ્ત કરવી, તેમ કરવામાં ન આવે તો યજ્ઞની સામગ્રી ભેગી કરેલી ન હોવાથી, તે સમયે ભેગી કરવાનું રહેવાથી, આરંભ સમયે બધા યજ્ઞની તૈયારી ન હોય. જેમ જન્મ સમયે હાથ પગ વિગેરે (હોય છે તે) જો કે તે સમયે ઉપયોગના હોતા નથી, છતાં પણ ખોડખાંપણ વિનાના જ હોવા જોઈએ, તેવી રીતે (આરંભમાં) સામગ્રીઓ (તૈયાર હોવી જોઈએ). ત્યાર પછી (અગ્નિ) લાવ. જેમ સદાએ ભગવાનના સ્વરૂપને હૃદયમાંથી પ્રતિમામાં (પધરાવે છે) તેમ (અગ્નિના) મૂલ સ્થાનમાંથી પોતાની અંદર લાવવાનું કરવું, એવો ભાવ છે; કારણ કે 'તે લાવ્યા, તેનાથી યજ્ઞ કર્યો' એમ જૂદું કહેલું છે.

કેટલાક 'આહરણં' (લાવવું) એટલે યજ્ઞનો આરંભ એમ કહે છે, તે વેદની આજ્ઞા પ્રમાણે નથી, પરંતુ અગ્નિના પોતાના સ્થાનમાંથી અગ્નિ લાવવો તે જ 'આહરણં' છે. 'ઉત્તમ યજ્ઞમાં' શબ્દથી ઘણો પ્રયત્ન કરવાનું કારણ કહેલું છે. ૯.

તે પૈકી દિગ્વિજય (કરવા)નું સાધન નીચેના શ્લોકમાં જણાવે છે :

**એતે તે ભ્રાતરો રાજન્ લોકપાલાંશસંભવાઃ ।।**
**જિતોઽસ્મ્યાત્મવતા તેઽહં દુર્જયો યોઽકૃતાત્મભિઃ ।।૧૦।।**

હે રાજન્! આ તારા ભાઈઓ લોકપાલોના અંશોથી ઉત્પન્ન થએલા છે. જેમણે ઈન્દ્રિયો જીતેલી નથી તેવાથી ન જીતી શકાય તેવો હું ઈન્દ્રિયોને જીતનાર (તારા)થી જીતાએલો હું તારો છું. ૧૦.

આ તારા ભીમ વિગેરે ભાઈઓ વાયુ વિગેરે લોકપાલોના અંશોથી ઉત્પત્તિ થએલી છે જેમની તેવા છે. આથી એમ કહેલું છે કે દેવો મનુષ્યો ઉપર સહેલાઈથી જય મેળવી શકતા હોવાથી સંદેહ વિના દિગ્વિજય થશે. અને આથી જ જગત્ વશ કરવાનું પણ બનશે. ભાઈઓ પણ તારા સેવકો હોવાથી તેમનો જય થતાં (તારો) પોતાનો જય જ થશે, એમ સૂચવવા 'હે રાજન્!' એવું સંબોધન કરેલું છે. યજ્ઞમાં આસક્તિ તો મંત્ર વિગેરેથી થતી નથી, કારણ કે યજ્ઞ ભગવદ્રૂપ છે અને ભગવાન્ સ્વતંત્ર છે; પરંતુ જો બીજા જ ઉપાયથી ભગવાન્ વશ થાય (તો જ યજ્ઞમાં આસક્તિ થાય). તે (ભગવાન્) પણ તારા છે એમ 'ઈન્દ્રિયોને જીતનાર તારાથી જીતાએલો હું તારો છું' શબ્દોથી કહેલું છે. ભગવાન્ હૃષીકેશ (ઈન્દ્રિયોના સ્વામી) છે, અને ઈન્દ્રિયો ઉપર ઘણો જ જય પ્રાપ્ત થતાં તે ઈન્દ્રિયોના રૂપવાળા (ભગવાન્) જીતાએલા થાય છે. યુધિષ્ઠિરે અસિધારાવ્રત કરેલું એમ બીજા (ગ્રંથ)માં પ્રસિદ્ધ છે. 'જ્યારે સર્વ અલંકારોવાળી પત્ની એક પથારીમાં હોય ત્યારે પોતે પણ તેવા પ્રકારનો પુષ્ટ થએલો આખું વર્ષ (તે પથારીમાં) શયન કરે, મનથી પણ તે (પત્ની)ની ઈચ્છા ન કરે, સ્પર્શ થતાં પણ તેને શિલા જેવી જાણે, આ મોટું અસિધારાવ્રત વિષ્ણુને પ્રસન્ન કરનારું છે' એવું (આ વ્રત છે). મર્યાદામાર્ગમાં આ જ ઈન્દ્રિયોનો જય છે. આ જ પ્રકારથી ભગવાન્ જીતાય છે. 'અકૃતાત્મભિઃ' એટલે જેમણે અંતઃકરણ(ઈન્દ્રિયો) જીતેલ નથી તેવાઓથી. ૧૦.

'(રાજાઓને) જીતવાનો આરંભ કરતાં કોઈક સ્થલે કોઈ એક ભાઈનો પરાજય થાય ત્યારે શું કરવું?' એવી શંકા થતાં નીચેના શ્લોક કહે છે :

**ન કશ્ચિન્મત્પરં લોકે તેજસા યશસા શ્રિયા ।।**
**વિભૂતિભિર્વાભિભવેદ્દેવોઽપિ કિમુ પાર્થિવઃ ।।૧૧।।**

મારામાં આસક્તિવાળાનો લોકમાં તેજથી, યશથી, સંપત્તિથી અથવા વિભૂતિઓથી કોઈએ દેવ પણ પરાભવ કરી શકશે નહિ, તો પછી રાજાનું તો કહેવું જ શું? ૧૧.

હું જ 'પરઃ' વશ રાખનાર સ્વામી છું જેનો તેનો પરાભવ કરવા કોઈ પણ શક્તિમાન નથી. વિષયની અવગણનાથી, શરીરની અવગણનાથી અને યશની

અવગણનાથી (એમ) ત્રણ પ્રકારે પરાભવ થાય છે, તેથી 'તેજથી, યશથી, સંપત્તિથી' એવાં ત્રણ (પરાભવનાં) વિશેષણો કહેલાં છે. તેજથી પરાભવ કરે તો તેને (કાંઈ) આપવું જોઈએ, અથવા માન આપવું જોઈએ. યશથી અભિભવ થાય, તો અપકીર્તિને લીધે મરેલો જ (ગણાય). સંપત્તિનો પરાભવ થાય તો (તેના) માનનો ભંગ થાય. સાધારણ પુરુષથી (આ) ત્રણ (થાય). જેમ આરણ્યક (પર્વ)માં ઘોષયાત્રાના પ્રસંગમાં (કૌરવોએ પાંડવોનો) પરાભવ કરવા ઉદ્યમ કરેલો તેવી રીતના (પરાભવના સંબંધમાં) 'અથવા વિભૂતિઓથી' શબ્દો રાજાઓ માટે વધારામાં કહેલા છે. ત્રણ લોક જીતવાની ઈચ્છા થતાં ત્રણ લોકને પણ (મારામાં આસક્તિવાળો) જીતે, તેમાં દેવ ઉપર પણ વિજય પ્રાપ્ત કરે. તેવાના સંબંધમાં 'દેવ પણ તેનો પરાભવ કરી શકશે નહિ' એવું વચન સંભવે છે. (તો પછી) 'પાર્થિવઃ' પૃથ્વીના વિકારરૂપ રાજા કેમ (પરાભવ) કરી શકે? કારણ કે મારામાં આસક્તિવાળો હોવાથી, મને જીત્યા વિના તેને જીતી શકાય નહિ. ૧૧.

એવી રીતે ભગવાનની આજ્ઞા પ્રાપ્ત કરીને (યુધિષ્ઠિરે) તેમ કર્યું, એમ નીચેના શ્લોકમાં કહે છે :

॥ શ્રીશુક ઉવાચ ॥

**નિશમ્ય ભગવદ્ગીતં પ્રીત્યુત્ફુલ્લમુખામ્બુજઃ ॥**
**ભ્રાતૄન્દિગ્વિજયેઽયુઙ્ક્ત વિષ્ણુતેજોપબૃંહિતાન્ ॥૧૨॥**

ભગવાનનું ગીત સાંભળીને પ્રીતિને લીધે ખીલેલા મુખકમળવાળા (યુધિષ્ઠિરે) વિષ્ણુના તેજથી પુષ્ટ થએલા ભાઈઓની દિગ્વિજય માટે યોજના કરી. ૧૨.

ભગવાને સર્વના કાનને પ્રીતિ કરનારું (વચન) કહ્યું તે 'ગીત'. પ્રીતિને લીધે ખીલેલું હતું મુખકમળ જેનું તેવા (યુધિષ્ઠિરે યોજના કરી). 'પ્રીતિ' એટલે કરવા ઈચ્છેલું સિદ્ધ થશે એવો સંતોષ. ભગવાનના સ્પર્શને લીધે વિષ્ણુના તેજથી પુષ્ટ થયા, કારણ કે દૈત્યોનો નાશ કરનારું તે તેજ રક્ષણ કરનારું છે. ૧૨.

ભગવાને દરેક (ભાઈ)ને તેજ આપેલું એમ જણાવવા દિગ્વિજય માટે (તેમને) જુદા જુદા મોકલ્યા, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**સહદેવં દક્ષિણસ્યામાદિશત્સહ સૃઞ્જયૈઃ ॥**
**દિશિ પ્રતીચ્યાં નકુલમુદીચ્યાં સવ્યસાચિનમ્ ॥**
**પ્રાચ્યાં વૃકોદરં મત્સ્યૈઃ કૈકયૈઃ સહ મદ્રકૈઃ ॥૧૩॥**

સહદેવને સૃંજ્યો સાથે દક્ષિણ દિશામાં (જવાની) આજ્ઞા કરી, નકુલને પશ્ચિમ દિશામાં, અર્જુનને ઉત્તરમાં, (અને) વૃકોદરને મત્સ્યો, કૈકયો અને મદ્રકો

સાથે પૂર્વમાં (જવાની) આજ્ઞા કરી. ૧૩.

દક્ષિણ દિશામાં વિજય (પ્રાપ્ત કરવા) માટે અમુક ક્ષત્રિયો (નામે) સૃંજ્યો સાથે સહદેવને (જવાની) આજ્ઞા કરી. પોતાના દેશથી આરંભી, ઘણી સમૃદ્ધિના પ્રકારે દિગ્વિજય (કરવાનો છે). તેવી રીતે નકુલને પશ્ચિમમાં (જવાની આજ્ઞા કરી). ઉત્તર તરફનો દેશ ઘણો મોટો હોવાથી ત્યાં (દિગ્વિજય કરવા જવા) શક્તિવાળા અર્જુનને (આજ્ઞા કરી). પૂર્વમાં જરાસંધ વિગેરે રહેતા હતા તેથી, વધારે સૈન્ય અને સર્વથી બલવાન ભીમને મોકલ્યા. ઉત્તમોએ જ બાકી રહેવાનું હોવાથી, નાનાઓની અનુક્રમે યોજના ધર્મ પ્રમાણે છે[1]. ૧૩.

તેઓએ કાર્ય સિદ્ધ કર્યું એમ નીચેના શ્લાકથી કહે છે :

**તે નિર્જિત્ય નૃપાન્ વીરા આજહ્રુર્દિગ્ભ્ય ઓજસા ।।**
**અજાતશત્રવે ભૂરિ દ્રવિણં નૃપ યક્ષ્યતે ।।૧૪।।**

હે નૃપ! તે વીરોએ રાજાઓને જીતી દિશાઓમાંથી ઘણું ધન (પોતાના) પરાક્રમથી યજ્ઞ કરનાર અજાતશત્રુને લાવી આપ્યું. ૧૪.

'ઓજસા' પોતાના પરાક્રમથી (દ્રવ્ય) લાવ્યા, પરંતુ ધર્મ માટે અથવા સ્નેહને લીધે તે (રાજાઓએ તેમને) આપેલ ન હતું.

'બધા (રાજાઓ)નો દ્રોહ કરનારને યજ્ઞ (કરવા)નો અધિકાર કેમ હોય?' એવી શંકા થાય, તેથી 'અજાતશત્રુને' નામ કહેલું છે. (ભગવાનની) આજ્ઞાથી જ તેણે તે પ્રમાણે કરેલું, પરંતુ તેના હૃદયમાં કોઈ પણ શત્રુ ન હતો, અથવા ભાઈઓમાં (તેને) પક્ષપાત ન હતો એમ જણાવવા (એ નામ કહેલું છે). પોતાના દ્રવ્યથી જ યજ્ઞ કરવો જોઈએ. તેથી જેમ રાજા ખેડુત પાસેથી ધન લે તેમ રાજાઓ પાસેથી ધન લાવ્યા. 'યજ્ઞ કરનાર અજાતશત્રુને' શબ્દોથી તે (યજ્ઞના) પ્રયોજન માટે (ધન લાવ્યાનું) કહેલું છે. ૧૪.

**શ્રુત્વાऽજિતં જરાસન્ધં નૃપતેર્ધ્યાયતો હરિઃ ।।**
**આહોપાયં તમેવાદ્ય ઉદ્ધવો યમુવાચ હ ।।૧૫।।**

જરાસંધને નહિ જીતાએલો સાંભળીને રાજા વિચાર કરતો હતો ત્યારે ઉદ્ધવે જે ઉપાય કહેલ તે જ હરિએ તે સમયે કહ્યો. ૧૫.

બ્રાહ્મણનું હિત કરનારનો વિષ્ણુનું તેજ પરાભવ કરતું નહિ હોવાથી, તે

---

૧. સર્વથી બલવાન જરાસંધ વિગેરે ત્રણ નાના ભાઈઓથી બાકી રહેતા હોવાથી, ભીમને માટે તેમને રાખ્યા, તેથી આ યોજના ધર્મ પ્રમાણે છે. (લે) આમ અર્થ કરતાં 'ત્રણ નાના ભાઈઓથી' શબ્દ અધ્યાહાર લેવા પડે છે. ઉત્તમ ભાઈએ જ બાકી રહેવાનું એટલે યુદ્ધ માટે ન જવાનું હોવાથી, નાના નાનાઓને અનુક્રમે પહેલા મોકલવા એ ધર્મ પ્રમાણે છે, એવો અર્થ જણાય છે.

સમયે જરાસંધ જીતાયો નહિ. તેને પણ જીતવામાં ન આવે તો યજ્ઞ થાય નહિ, તેથી રાજા ચિંતારૂપ વિચાર કરતો હતો. પહેલાં જ[1] ભગવાનને આ કામમાં યોજેલા, તેથી તેમનાથી પણ જરાસંધનો વધ અશક્ય હોવાના વિચારથી રાજાને ચિંતા થતી હતી. છતાં પણ તેનું દુઃખ દૂર કરનારા હરિએ, પોતાની અંદર તે (યુધિષ્ઠિર)ને લૌકિક ભાવ થયો તેથી (જરાસંધને જીતવાનો) ઉપાય જ કહ્યો. તેમાં પણ ઉદ્ધવે જે ઉપાય કહેલો તે જ કહ્યો. તેમ ન હોત (રાજાને ભગવાનમાં લૌકિક ભાવ થયો ન હોત) તો ભગવાન્ બનાવટી વેષ ધારણ ન કરાવે. ૧૫.

**ભીમસેનોऽર્જુનઃ કૃષ્ણો બ્રહ્મલિઙ્ગધરાસ્ત્રયઃ ।।**
**જગ્મુર્ગિરિવ્રજં તાત બૃહદ્રથસુતો યતઃ ।।૧૬।।**

હે તાત! બ્રાહ્મણનો વેશ ધારણ કરેલા ભીમસેન, અર્જુન અને શ્રીકૃષ્ણ ત્રણ ગિરિવ્રજ ગયા, કારણ કે બૃહદ્રથનો પુત્ર (ત્યાં) હતો. ૧૬.

અર્જુન તેમનો (ભગવાનનો) અંશ હોવાથી (અને) નર અને નારાયણ ધર્મના અવતાર હોવાથી પૂર્ણપણું (થાય તે) માટે અર્જુન ગયો. 'અદ્ય'[1] તે સમયે ભગવાને પણ તેવું વચન કહ્યું તે આશ્ચર્યકારક છે. ભગવાન્ સર્વરૂપ ધારણ કરનારા હોવાથી, બ્રાહ્મણનો વેષ ધારણ કરે તેમાં દોષ નથી. તેવી જ રીતે અર્જુન પણ પૂર્વજન્મમાં તેવો (બ્રાહ્મણ) હોવાથી, (બ્રાહ્મણનો વેષ ધારણ કરવામાં) તેનામાં પણ (દોષ નથી). તેથી જ વાસનાને લીધે પહેલાં પણ[2] તેણે સંન્યાસીનો વેષ ધારણ કરેલો. તેથી જ ઉદ્ધવે ભીમનો જ (બ્રાહ્મણનો) વેષ કહેલો[3]. (ભગવાન્ યુધિષ્ઠિરને ઉપાય) ફરીથી કહેતાં ત્રણેનો (બ્રાહ્મણનો) વેષ અનુક્રમે કહે છે, કારણ કે જૂદા વેષ હોય તો સરખી ચેષ્ટા ન થાય. તેથી (ભીમનો બ્રાહ્મણ વેષ) નવીન હોવાથી ભીમસેનને આગળ કરીને ગિરિવ્રજ ગયા. તે સમયે (તે) રાજાના ગૃહ તરીકે પ્રસિદ્ધ હતું, 'યતઃ' કારણ કે બૃહદ્રથનો પુત્ર જરાસંધ ત્યાં હતો. અથવા 'યતઃ' સપ્તમી વિભક્તિના અર્થમાં ('જ્યાં' એવા અર્થમાં) લેવું. ૧૬.

(ત્યાં) ગએલાઓએ કરેલ કૃત્ય નીચેના શ્લોકમાં કહે છે :

**તં ગત્વાતિથ્યવેલાયાં ગૃહેષુ ગૃહમેધિનમ્ ।।**

---

૧. ભગવાનને મેં પહેલેથી જ યજ્ઞના માટે યોજેલા છે. જો તે જરાસંધના વધનો ઉપાય જાણતા હોત તો તે સમયે જ કહેત. તેથી ભગવાનથી પણ જરાસંધ જીતાય તેવો નથી એવી ચિંતા (યુધિષ્ઠિરને થતી હતી), એવો અર્થ છે. (લે)

૧. શ્લોક ૧૫માં આ શબ્દ છે. તેનો અર્થ કરેલ છે. પ્રતો ઉતરતાં અહિં શ્લોક ૧૬માં કોઈએ લખેલ હશે.

૨. સુભદ્રાનું હરણ કર્યું તે પ્રસંગે.

૩. ગયા અધ્યાયનો શ્લોક ૭ જૂઓ.

**બ્રહ્મણ્યં સમયાચેરન્રાજન્યા બ્રહ્મલિઙ્ગિનઃ ।।૧૭।।**

ઘરોમાં અતિથિના સત્કારના સમયે બ્રાહ્મણનો વેષ ધારણ કરેલા (તે) ક્ષત્રિયોએ બ્રાહ્મણનું હિત કરનાર તે ગૃહસ્થ પાસે જઈને યાચના કરી. ૧૭.

'અતિથિના સત્કારનો સમય' એટલે વિશ્વ દેવોને આહુતિ આપવાનો સમય, જેમાં અતિથિને ના પડાય નહિ.

'જરાસંધ મોટો રાજા હોવાથી ઘરની અંદર કેવી રીતે પ્રવેશ કર્યો?' એવી શંકા થાય, તેથી 'ગૃહસ્થ' શબ્દ યોજેલ છે. (તે) સંપૂર્ણ રીતે ગૃહસ્થના નિયમ પ્રમાણે રહેલો હતો, તેનું કારણ 'બ્રાહ્મણનું હિત કરનાર' શબ્દથી કહેલું છે. તેમ ન રહે, તો બ્રાહ્મણો મુખ ફેરવી જતા રહે. બ્રાહ્મણનો વેષ ધારણ કરેલા આમણે પણ (તેના ઘરમાં) પ્રવેશ કર્યો. ૧૭.

સંપૂર્ણ રીતે (વેષ) અસત્ય ન થાય તે માટે નટની પેઠે યાચના પણ કરી એમ નીચેના શ્લોકમાં કહે છે :

**રાજન્ વિદ્ધ્યતિથીન્પ્રાપ્તાનર્થિનો દૂરમાગતાન્ ।।**
**તન્નઃ પ્રયચ્છ ભદ્રં તે યદ્વયં કામયામહે ।।૧૮।।**

હે રાજન્! માંગવાની ઈચ્છાથી દૂરથી આવેલાને અમને આવેલા અતિથિ જાણ. અમે જે માગીએ તે, તારું કલ્યાણ થાઓ, અમને આપ. ૧૮.

ગામના બ્રાહ્મણો નથી એમ જણાવવા 'અતિથિ' શબ્દ યોજેલો છે. બહુ દાન આપવામાં આવે, અથવા દયા કરવામાં આવે તે માટે 'દૂરથી આવેલા' વિશેષણ યોજેલું છે. અમને આપવાથી (તારી) કીર્તિ પણ થશે, એમ (આ વિશેષણથી) સૂચવેલું છે. તેથી ઉત્તરાર્ધથી સાધારણ પ્રકારે (માગવાનું) વચન કહે છે. બ્રાહ્મણપણું જણાવવા (માગવાની) વચ્ચે આશીર્વાદ કહેલો છે. ખોટા વેષવાળા હોવાથી બ્રાહ્મણનું વચન અફલ થયું. વાસ્તવિક રીતે તો (જરાસંધનો વધ) મોક્ષમાં પરિણમતો હોવાથી (તેનું) કલ્યાણ જ થયું. અથવા તારું પ્રાણ વિગેરે રૂપ જે 'ભદ્રં' કલ્યાણ અમે માગીએ તે આપ, એવો અર્થ છે. ૧૮.

'દાન ધર્મ હોવાથી સુખ માટે કરવામાં આવે છે. તેથી જેનું દાન કરવાથી ઘણું દુઃખ થાય, અથવા આજીવિકાનો નાશ થાય, તેનું દાન કરવું જોઈએ નહિ. તેથી સામાન્ય રીતે દાન માટે પ્રાર્થના કરવામાં આવતાં, જરાસંધ દાન આપવાની પ્રતિજ્ઞા કરે તેવું કેમ સંભવે?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**કિં દુર્મર્ષં તિતિક્ષૂણાં કિમકાર્યમસાધુભિઃ ।।**
**કિં ન દેયં વદાન્યાનાં કઃ પરઃ સમદર્શિનામ્ ।।૧૯।।**

સહનશીલોથી શું સહન ન થઈ શકે તેવું છે? દુષ્ટોએ શું ન કરવા યોગ્ય છે?

દાતાઓએ શું ન આપવા યોગ્ય છે? સમાન દૃષ્ટિવાળાઓને શત્રુ કોણ છે? ૧૯.

જે સહનશીલ (પુરુષો) સર્વ અપરાધ સહન કરવાના સ્વભાવવાળા છે–તેવા ન હોય તો બ્રાહ્મણનું હિત કરનાર ન હોય–તેવા હોય તો (તેઓથી) શું સહન ન થઈ શકે તેવું છે? ઘણું દુઃખ (થાય તો તે) પણ સહન કરવું જોઈએ, એવો અર્થ છે. વળી એમ પણ ન માનવું કે આ (ભીમ વિગેરે) ઘણું દુઃખ નહિ આપે, એવા અભિપ્રાયથી 'દુષ્ટોએ શું ન કરવા યોગ્ય છે?' એમ કહેલું છે. બીજા વેષમાં રહેલા દુષ્ટો હોય છે. સારા પુરુષો કુદરતી વેષવાળા હોય છે. 'અ' વિષ્ણુ અને 'સા' લક્ષ્મી સહિત, અને 'ધૂ'ધાતુ કંપાવવાના અર્થવાળો હોવાથી 'ધૂ' એટલે કંપાવનારા વાયુ–તે આ ત્રણ છે.

અથવા અમને(જરાસંધને) એવી રીતે દુઃખ શા માટે આપવામાં આવે એ જાણવાની ઈચ્છા થાય, તેથી 'શું ન કરવા યોગ્ય છે?' એમ કહેલું છે. તમો દુષ્ટો જીવતા રહીને શું ન કરો? યજ્ઞનો ભંગ પણ કરશે તેથી હણવા યોગ્ય છે, એવો ભાવ છે.

''દાન શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે. તેથી જે આપવાની શાસ્ત્રની આજ્ઞા હોય તે જ પદાર્થો આપી શકાય, પરંતુ 'આત્મા અને ધર્મનો દાસ, તેમ જ ધર્મપત્ની, બધી મિલ્કત, અને શરણે આવેલ આપવા યોગ્ય નથી એમ ડાહ્યાઓ જાણે છે' એમ શાસ્ત્રમાં અમુક પદાર્થો આપવાની મના કરેલી હોવાથી, મના કરેલા પદાર્થો આપી શકાય નહિ'' એવી શંકા થાય, તેથી 'દાતાઓએ શું ન આપવા યોગ્ય છે?' એમ કહેલું છે. દધ્યઙ્[1], શિબિ[2] વિગેરે દાતાઓ છે. આ (શાસ્ત્રમાં દાનની કરેલી મના) સાધારણ પુરુષોના જ સંબંધમાં કરેલી છે, પરંતુ દાતાઓના સંબંધમાં કરેલી નથી, કારણ કે તેઓ આત્માનું જ દાન કરે છે, (તો પછી) બીજા (પદાર્થો આપે) તેમાં શું સંદેહ? આથી તે(જરાસંધ)ની પ્રશંસા પણ કરી.

'છતાં પણ શત્રુઓને દાન કરવું ન જોઈએ. તેમ ન હોય (શત્રુઓને દાન કરવામાં આવે) તો નીતિશાસ્ત્રનો વિરોધ થાય, અધમ શત્રુઓ (દાતાનું મરણ) પણ માગે' એવી શંકાના સંબંધમાં કહે છે કે 'સમાન દૃષ્ટિવાળાઓને શત્રુ કોણ છે?' સમાન દૃષ્ટિવાળાઓ એટલે સર્વ સ્થલે બ્રહ્મ જોનારાઓને 'પરઃ' શત્રુ કોણ છે? કારણ કે (તેમને) બધુંએ આત્મારૂપ છે. ૧૯.

'છતાં પણ દેહનો અધ્યાસ દૃઢ હોવાથી, દેહ વિના બધુંએ આપીશ' એવી શંકા થતાં નીચેનો શ્લોક કહે છે :

---

૧. જૂઓ સ્કંધ ૬, અધ્યાય ૧૦.

૨. આગળ શ્લોક ૨૧માં આનું દાન કહેશે.

**યોऽनित्येन शरीरेण सतां गेयं यशो ध्रुवम् ।।**
**नाचिनोति स्वयं कल्पः स वाच्यः शोच्य एव सः ।।२०।।**

જે પોતે શક્તિવાળો હોવા છતાં નાશવંત શરીરથી સત્પુરુષોએ ગાન કરવા યોગ્ય નિશ્ચલ યશનો સંગ્રહનો કરતો નથી તે નિંદનીય થાય છે, તે શોક કરવા યોગ્ય જ થાય છે. ૨૦.

દાન કરવામાં ન આવે તો સદાની અપકીર્તિ (થાય) છે, (અને) શરીર નાશવંત છે; પરંતુ દાન કરવામાં આવે તો સદાનો યશ (પ્રાપ્ત થાય) છે (અને) કીર્તિથી સદા ટકનારું દિવ્ય શરીર પ્રાપ્ત થતું હોવાથી, શરીર પણ સદા ટકનારું જ થાય છે. અપકીર્તિથી નરકમાં પડનારું શરીર થાય છે. એવો ભેદ જાણીને નાશવંત શરીરથી વૈકુંઠ વિગેરેમાં વાસ યોગ્ય શરીર ઉત્પન્ન કરનારી, સત્પુરુષોએ ગાન કરવા યોગ્ય અને 'ધ્રુવં' નિશ્ચલ કીર્તિનો જે સંગ્રહ કરતો નથી, જેમ વસ્ત્રનો નાશ થશે એવા ભયને લીધે કંગાલ વસ્ત્રથી હીરાઓ બાંધે નહિ તેની પેઠે ચારે તરફથી જતી રહેતી કીર્તિનો પોતે શક્તિવાળો હોઈ સંગ્રહ કરતો નથી તે 'વાચ્યઃ' આ લોકમાં નિંદનીય થાય છે અને પરલોકમાં હલકો દેહ પ્રાપ્ત કરવાથી શોક કરવા યોગ્ય થાય છે. 'એવ' 'જ' શબ્દથી (તેને) ઉત્તમ શરીર પ્રાપ્ત થવાની શંકાનું નિવારણ કરેલું છે; કારણ કે હમણાં કીર્તિનો સંગ્રહ નહિ કરનાર તે બીજા પ્રકારે કેવી રીતે કરશે? કારણ કે કોઈ પણ સમયે તે(નો સ્વભાવ) બદલાશે નહિ. ૨૦

'છતાં પણ જે કોઈએ પણ આપેલું નથી તે કેમ અપાય?' એવી શંકા થાય તેથી નીચેનો શ્લોક કહે છે :

**हरिश्चन्द्रो रन्तिदेव उञ्छवृत्तिः शिबिर्बलिः ।।**
**व्याधः कपोतो बहवो ह्यध्रुवेण ध्रुवं गताः ।।२१।।**

હરિશ્ચંદ્ર, રંતિદેવ, કણ વીણી આજીવિકા કરનાર, શિબિ, બલિ, શિકારી, કબૂતર એમ ઘણાએ અનિત્યથી નિશ્ચલ (ફલ) પ્રાપ્ત કરેલું છે. ૨૧.

હરિશ્ચંદ્રે પોતાની બધીએ મિલ્કત આપી ચંડાલપણું સ્વીકારેલું. તૃષાથી મરણ પામતા રંતિદેવે ચાંડાલને પણ જલ આપી દીધું[1]. તેવી જ રીતે ભૂખથી મરતા કણ વીણી આજીવિકા કરનારે બધુંએ વીણી લીધેલું અન્ન આપી દીધેલું; અને બાજ અને કબૂતરના સંવાદના પ્રસંગે શિબિએ પોતાનું માંસ આપેલું. બલિએ વિષ્ણુને પોતાનું સર્વસ્વ આપેલું. બ્રાહ્મણનું રક્ષણ કરતાં શિકારીનું વાઘે ભક્ષણ કર્યું. ચોરરૂપ પરોણાની ભૂખ મટાડવા તેને માટે કરેલા અગ્નિમાં પત્ની

૧. શ્રીમદ્ભાગવત સ્કંધ ૯, અધ્યાય ૨૧ જૂઓ.
૨. જૂઓ પંચતંત્ર, તંત્ર ત્રીજું, વાર્તા સાતમી.

સહિત કબૂતર પોતે પડેલું[૨]. એવી રીતે ઘણાઓએ અનિત્ય દેહથી નિશ્ચલ ફલ પ્રાપ્ત કરેલું છે. ૨૧.

એવી રીતે દાન (કરવા)માં ઉત્તેજન પ્રાપ્ત કરેલાએ 'આ ધર્મનો ઉપદેશ કરનારા કોણ છે?' એમ તેઓ સંબંધી વિચાર કરી નિશ્ચય કરીને પોતાના મનમાં નીચે પ્રમાણે કહ્યું:

॥ શ્રીશુક ઉવાચ॥

**સ્વરૈરાકૃતિભિસ્તાંસ્તુ પ્રકોષ્ઠૈર્જ્યાહતૈરપિ ॥**

**રાજન્યબન્ધૂન્ વિજ્ઞાય દૃષ્ટપૂર્વાનચિન્તયત્ ॥૨૨॥**

સ્વરોથી, આકૃતિઓથી (અને) ધનુષ્યની પણછના ઘાવાળા બાહુઓથી પણ તેઓને તો પહેલાં (પોતે) જોએલા હલકા ક્ષત્રિયો જાણી તેણે (નીચે પ્રમાણે) વિચાર કર્યો. ૨૨.

પહેલા(આ શ્લોકથી તેનો) વિચાર, પછી ચાર શ્લોકોથી તેનાં વચનો, પછીના શ્લોકથી તેણે નિશ્ચય કરીને કરેલી પ્રતિજ્ઞા કહેલાં છે.

મેઘના જેવા ગંભીર સ્વરો અને ઢીંચણ સુધી પહોંચતા બાહુઓવાળી આકૃતિઓ ક્ષત્રિયોની જ હોય છે. ક્ષત્રિયપણું દર્શાવનારા અંદરના અને બહારના ગુણો તો કહ્યા. 'ધનુષ્યની પણછના ઘાવાળા બાહુઓથી' શબ્દોથી ક્ષત્રિયોના કર્મમાં રચ્યા પચ્યા રહેનારના ચિહ્ન દર્શાવનારા ગુણ કહ્યા. ક્ષત્રિયોના ત્રણ નિશ્ચલ ગુણોથી 'આ હલકા ક્ષત્રિય છે' એમ તેણે જાણ્યું. 'ઘણું કરીને તેમની સાથે મેં યુદ્ધ પણ કર્યું છે' એવા વિચારથી, પહેલાં તેમને જોએલા હોવાથી, 'આ કોણ છે?' એવો તેણે વિચાર કર્યો. ક્ષત્રિયો આવા (બ્રાહ્મણના) વેષથી શા માટે આવેલા છે એવો (વિચાર કર્યો). ૨૨.

**રાજન્યબન્ધવો હ્યેતે બ્રહ્મલિઙ્ગાનિ બિભ્રતિ ॥**

**દદામિ ભિક્ષિતં તેભ્ય આત્માનમપિ દુસ્ત્યજમ્ ॥૨૩॥**

આ હલકા ક્ષત્રિયો બ્રાહ્મણનાં ચિહ્નો ધારણ કરે છે, તેથી તેમને ન તજાય તેવો દેહ પણ માગેલો આપીશ. ૨૩.

પોતાના ધર્મમાં પ્રેમવાળા નહિ હોવાથી, જરાસંધ તેમને હલકા ક્ષત્રિયો માને છે, અથવા 'બન્ધુ' શબ્દ બલ વિનાના ક્ષત્રિય માટે યોજેલ છે. દેહ દાન આપવા યોગ્ય નથી. ક્ષત્રિયો જ્યારે પોતાની જાતિનું અભિમાન તજી દઈ, બ્રાહ્મણના વેષથી મારી પાસે માગવા આવેલા છે ત્યારે ક્ષત્રિયોના માનનું રક્ષણ કરવા માટે હું દધ્યઙ્ અને શિબિની પેઠે 'આત્માનં' (મારો) દેહ પણ આપીશ. વાસ્તવિક રીતે તે (દેહ) ન તજાય તેવો છે. ૨૩.

કપટથી (માગવા) આવેલાઓને દાન કરનાર બલિ જ હતો, એવી પોતાના હૃદયમાં આવેલી તે (બલિ)ની પ્રશંસા નીચેના શ્લોકમાં જણાવે છે :

**બલેર્નુ શ્રૂયતે કીર્તિર્વિતતા દિક્ષ્વકલ્મષા ।।**
**ઐશ્વર્યાદ્ભ્રંશિતસ્યાપિ વિપ્રવ્યાજેન વિષ્ણુના ।।૨૪।।**

વિપ્રના વેશવાળા વિષ્ણુએ બલિને સત્તાથી ભ્રષ્ટ કરેલો હોવા છતાં તેની પવિત્ર કીર્તિ દિશાઓમાં પ્રસરેલી સંભળાય છે. ૨૪.

(જરાસંધ) દૈત્યનો અંશ હોવાથી દૈત્યની કૃતિ જ તેના હૃદયમાં આવે છે. 'દિશાઓમાં પ્રસરેલી' વિશેષણથી એમ જણાવેલું છે કે તેવી કીર્તિ તેણે ઈચ્છેલી છે. 'પવિત્ર' એટલે શુદ્ધ ભાવવાળી. 'સત્તાથી ભ્રષ્ટ કરેલો હોવા છતાં' શબ્દો આત્માના દાનને ધ્યાનમાં રાખી કહેલા છે. (બલિનો દાન આપવાનો) સંકલ્પ[૧] તો ભ્રષ્ટ થતાં પહેલાં જ થએલો, અને ત્રણ લોક (તેની પાસેથી) લઈ લેવાનું (ભ્રષ્ટ થતાં પહેલાં જ થએલ). 'ભ્રષ્ટ થવું' એટલે બંધાવું. ત્યાં પણ આ પ્રમાણે બ્રાહ્મણના રૂપથી જ વિષ્ણુ આવેલા, તેથી મારી સમાન (વૃત્તાંત થએલ). તેથી તે(બલિ)ના ગુણો ફરીથી કહે છે. ૨૪.

આ પ્રયોજનથી જ નીચેના શ્લોકમાં બલિએ જાણ્યા પછી દાન કરેલું એમ કહે છેઃ

**શ્રિયં જિહીર્ષતેન્દ્રસ્ય વિષ્ણવે દ્વિજરૂપિણે ।।**
**જાનન્નપિ મહીં પ્રાદાદ્વાર્યમાણોઽપિ દૈત્યરાટ્ ।।૨૫।।**

દૈત્યોના રાજાએ ઈન્દ્ર માટે રાજ્યલક્ષ્મી હરવા ઈચ્છતા બ્રાહ્મણના રૂપવાળા વિષ્ણુને ઓળખતો હોવા છતાં (અને) વરેલો હોવા છતાં પૃથ્વીનું દાન કર્યું. ૨૫.

'જિહીર્ષતે ઈન્દ્રસ્ય' એમ કહેવાનું હોવાથી (શ્લોકમાં કરેલ) સંધિ વૈદિક છે. 'ઈન્દ્ર માટે રાજ્યલક્ષ્મી હરવા ઈચ્છતા વિષ્ણુને ઓળખતો હોવા છતાં પણ આપી' એવો (વાક્યનો) સંબંધ છે. શુક્રાચાર્યે વારેલો હોવા છતાં આપી. 'જો કોઈ પણ મને (પૃથ્વી આપતાં) વારશે તો પણ આપીશ,' એવો (નિશ્ચય) જણાવવા 'દૈત્યોના રાજાએ' શબ્દ યોજેલ છે. રાજાનો ધર્મ પ્રજાએ પણ કરવો (પાળવો) જોઈએ એવો (તેનો) નિશ્ચય હતો. ૨૫.

'છતાં પણ (વામનના) વાક્યને લીધે તેનો તેવો નિશ્ચય થયો ન હતો.

---

૧. બલિએ બંધન થયા પછી દેહનું દાન કર્યું છતાં તેનો સંકલ્પ તો પહેલાં જ કરેલો. (લે) અહિં દેહના દાનનો સંકલ્પ કહેલો જણાતો નથી, સંકલ્પ પ્રમાણે પૃથ્વી આપવા ન રહી તેથી તેના બદલામાં દેહનું દાન તેણે કરેલું.

વળી તેણે (બલિને ઓળખ્યા) પહેલાં જ પ્રતિજ્ઞા કરેલી હતી. તું તો બલિનો નાશ (થયાનું) જાણેલ છે અને પ્રતિજ્ઞા કરેલી નથી. તેથી તું (દાન કરતાં) કેમ અટકતો નથી?' એવો વિચાર થતાં નીચેનો શ્લોક કહે છે :

**જીવતાઽબ્રાહ્મણાર્થાય કોન્વર્થઃ ક્ષત્રબન્ધુના ।।**
**દેહેન પતમાનેન નેહતા વિપુલં યશઃ ।।૨૬।।**

બ્રાહ્મણના પ્રયોજન વિના જીવનાર અધમ ક્ષત્રિયોનું શું પ્રયોજન છે? ઘણો યશ પ્રાપ્ત ન કરનાર નાશવંત દેહનું શું પ્રયોજન છે? ૨૬.

'અબ્રાહ્મણાર્થાય' બ્રાહ્મણના પ્રયોજન વિના જીવનાર અથવા બીજા પ્રયોજન માટે જીવનાર અધમ ક્ષત્રિયનું શું પ્રયોજન? કાંઇ પણ પ્રયોજન નથી, એવો અર્થ છે. એ પ્રમાણે જીવન નિરર્થક હોવાનું કહીને, ઉત્તરાર્ધથી દેહ નિરર્થક હોવાનું કહે છે. ઘણો યશ 'નેહતા' પ્રાપ્ત ન કરનાર, 'જેની વૃદ્ધિ તેનો ક્ષય' એ નિયમ પ્રમાણે પોતાની મેળે જ નાશ પામનાર દેહનું શું પ્રયોજન? બ્રાહ્મણ માટે પ્રાણ ધારણ કરવા, (એ) તેનો સ્વાભાવિક ગુણ હતો. યશનો સંગ્રહ કરવાનો તો આમણે જ ઉપદેશ આપેલો. બલિના ગુણોનું તો (આમણે) સ્મરણ કરાવેલું. ૨૬.

એવી રીતે ત્રણ શ્લોકોથી વિચાર કરી, માગેલું આપીશ એવો નિશ્ચય કરીને, તેણે દાન આપવાની પ્રતિજ્ઞા કરી, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**ઇત્યુદારમતિઃ પ્રાહ કૃષ્ણાર્જુનવૃકોદરાન્ ।।**
**હે વિપ્રા વ્રિયતાં કામં દદામ્યાત્મશિરોઽપિ વઃ ।।૨૭।।**

એવી રીતે ઉદાર બુદ્ધિવાળાએ શ્રીકૃષ્ણ, અર્જુન અને વૃકોદરને કહ્યું કે 'હે વિપ્રો! ઇચ્છામાં આવે તે માગો. મારું માથું પણ તમને આપીશ'. ૨૭.

એવી રીતે બલિના ગુણોમાં આસક્તિ હોવાથી ઉદાર બુદ્ધિવાળો થઇ તેણે તેમને દરેકને 'માગો' એમ કહ્યું. 'હે વિપ્રો!' એ સંબોધનથી દાનનું શુભ ફલ થાય તે માટે તેમના બ્રાહ્મણપણાનું સ્થાપન કરે છે. 'કામં' એટલે પોતાની ઇચ્છામાં આવેલ હોય તે. કદાચ મારી સાથે યુદ્ધ કરવા અશક્ત આ જો મારું માથું માગશે તો તે પણ આપીશ એમ 'મારું માથું પણ આપીશ' શબ્દોથી કહે છે. 'તમને' એટલે તમો બ્રાહ્મણોને (આપીશ). ૨૭.

એ પ્રમાણે સત્ય પ્રતિજ્ઞા સાંભળીને ભીમ અને અર્જુન 'શું કરવું' તે (વિષય)નાં ભાન વિનાનાં થતાં, તેનો મનોરથ દૂર કરવા કાપટ્યનો ત્યાગ કરી નીચેના શ્લોકથી ભગવાને સત્ય (વૃત્તાંત) કહ્યો :

।। શ્રીભગવાનુવાચ ।।

**યુદ્ધં નો દેહિ રાજેન્દ્ર દ્વન્દ્વશો યદિ મન્યસે ।।**

**યુદ્ધાર્થિનો વયં પ્રાપ્તા રાજન્યા નાન્નકાઙ્ક્ષિણઃ ।।૨૮।।**

હે રાજેન્દ્ર! જો તારી ઈચ્છા હોય તો અમને દ્વંદ્વ યુદ્ધ આપ. અમે યુદ્ધ કરવા આવેલા ક્ષત્રિયો છીએ, અન્ન ઈચ્છનારા નથી. ૨૮.

યુદ્ધની પ્રાર્થના ક્ષત્રિયની હલકાઈ કરાવનારી નથી. 'હે રાજેન્દ્ર!' એ સંબોધનથી એમ સૂચવેલું છે કે માત્ર ક્ષત્રિય સૈન્ય સહિત રાજેન્દ્ર સાથે યુદ્ધ કરવા આવે તે યોગ્ય નથી. તેથી (દ્વંદ્વ) યુદ્ધની પ્રાર્થના સંપૂર્ણ રીતે યોગ્ય છે એવો ભાવ છે. વળી અમે અમુક પ્રકારનું યુદ્ધ માગવા આવેલા છીએ એમ 'દ્વંદ્વ' શબ્દથી કહે છે. એક આપ તમે (જરાસંધ), અમારામાંથી એક, ત્રણમાંનો હરકોઈ, આ પણ કપટયુક્ત વાક્યથી સ્વીકાર કરાવી કહેતા નથી, પરંતુ જો તારી ઈચ્છા હોય તો, હરકોઈ પ્રકારે દ્વંદ્વ યુદ્ધમાં (તારી) શ્રદ્ધા હોય તો, એવો અર્થ છે, પરંતુ આગ્રહથી આ વિષયનો સ્વીકાર કરવો નહિ. યુદ્ધનો (તું) સ્વીકાર કરે તો અમારે તો યુદ્ધ પછી જય અથવા પરાજયનો નિર્ણય થશે, પરંતુ (તું) સ્વીકાર ન કરે તો પહેલાંથી જ (જયનો નિર્ણય થાય), તેથી બંને રીતે સારું છે. આ ઘણું જ પોતાની સરસાઈ જણાવનારું વચન છે. વળી જગતમાં (અમારી સાથે) દ્વંદ્વ યુદ્ધ કરવા કોઈ પણ શક્તિવાળો નથી, તેથી તારી પાસે આવ્યા છીએ એવા અભિપ્રાયથી કહે છે કે 'અમે યુદ્ધ કરવા આવેલા છીએ'.

'' '(આ) દેવ, દૈત્ય અથવા રાક્ષસમાંના કોઈ હશે' એવા વિચારથી ભયથી (દ્વંદ્વ યુદ્ધ) સ્વીકારશે નહિ'' એવી શંકા થતાં 'ક્ષત્રિયો' શબ્દ યોજેલ છે.

'ત્યારે બ્રાહ્મણનો વેષ શા માટે (ધારણ) કર્યો?' એવી શંકા થાય, તેથી 'અન્ન ઈચ્છનારા નથી' શબ્દો કહેલા છે. બ્રાહ્મણને ભોજન પ્રિય હોય છે, તેથી અમે અન્ન ઈચ્છનારા બ્રાહ્મણો નથી (એમ કહેલું છે), અથવા અન્ન માટે (અમે) બ્રાહ્મણનો વેષ (ધારણ કરેલ) નથી, પરંતુ મોટો ક્ષત્રિય નાના (ક્ષત્રિય) સાથે યુદ્ધ કરતો નથી, પણ બ્રાહ્મણ સાથે તો તેની ઈચ્છા પૂર્ણ કરવા નાના સાથે પણ (યુદ્ધ) કરે છે, તેથી બ્રાહ્મણનો વેષ (ધારણ કરેલ) છે એવો અર્થ છે. ૨૮.

'જેમ રૂપ (વેષ) ખોટું, તેવી વાણી પણ હશે' એવી શંકા થાય, તેથી ક્ષત્રિયપણું સાબિત થાય તે માટે નીચેના શ્લોકમાં પોતાનાં નામો કહે છે :

**અસૌ વૃકોદરઃ પાર્થસ્તસ્ય ભ્રાતાર્જુનો હ્યયમ્ ।।**
**અનયોર્માતુલેયં માં કૃષ્ણં જાનીહિ તે રિપુમ્ ।।૨૯।।**

આ પૃથાનો પુત્ર વૃકોદર છે. આ તેનો ભાઈ અર્જુન છે. મને આ બેના મામાનો પુત્ર તારો શત્રુ શ્રીકૃષ્ણ જાણ. ૨૯.

'વૃકઃ' દશ પ્રકારનો પ્રાણ છે 'ઉદરે' ઉદરમાં જેના તે (વૃકોદર). એ

શબ્દથી બલ સૂચવેલું છે. 'પૃથાનો પુત્ર' એમ પોતાનો સંબંધ દર્શાવવા અથવા કપટથી આવ્યાનું (કારણ) જણાવવા (કહેલું છે), પરંતુ નમાલાપણું દર્શાવવા કહેલું નથી. આ બીજો તેનો જ ભાઈ પૃથાનો પુત્ર અર્જુન છે. આકૃતિઓ સમાન હોવાથી આ વિષય યોગ્ય જ છે એમ 'હિ' શબ્દથી (કહેલું છે). જે પ્રયોજનથી આ બેને માતાના નામથી ઓળખાવ્યા તે, 'મને બેના મામાનો પુત્ર શ્રીકૃષ્ણ જાણ' શબ્દાથી કહેલું છે.

'ત્યારે (તમે) પ્રસિદ્ધ (ક્ષત્રિયો) વેષ ધારણ કરી શા માટે આવ્યા?' એવી શંકા થાય, તેથી 'તારો શત્રુ' શબ્દો યોજેલા છે. શત્રુના સ્થાનમાં કાર્ય હોય ત્યાં સુધી વેષ ધારણ કરીને જ રહેવું જોઈએ, એવી નીતિ છે. ૨૯.

એવી રીતે ભગવાને પાર્થને ઓળખાવતાં, (તેઓ) અતિથિ હોવાની શ્રદ્ધા જતી રહેતાં, (જરાસંધને) 'આ મૂર્ખાઈથી આવેલા છે' એવો તેમના તરફ તિરસ્કાર ઉત્પન્ન થયો. પછી (તેમનું) આવવું આશ્ચર્યકારક છે એમ માની આરંભમાં હસવું આવ્યું, એમ નીચેના શ્લોકથી કહે છે :

**એવમાવેદિતો રાજા જહાસોચ્ચૈઃ સ્મ માગધઃ ।।**
**આહ ચામર્ષિતો મન્દા યુદ્ધં તર્હિ દદામિ વઃ ।।૩૦।।**

એમ કહેલો રાજા માગધ મોટેથી હસ્યો; અને ક્રોધ પામેલા તેણે કહ્યું:- 'મૂર્ખો! ત્યારે તમને યુદ્ધ આપું છું'. ૩૦.

'કહેવું' એટલે 'ઓળખાવવું'. તે રાજા રાજ્યના મદવાળો હતો, તેથી 'આ માણસો દૈવની ગતિથી અકસ્માત્ શત્રુના ઘરમાં કેવી રીતે આવી ચડ્યા?' એવા વિચારથી મોટેથી હસ્યો.

'ભગવાનનાં દર્શન થતાં વસ્તુ (ભગવદ્દર્શન)ના સામર્થ્યથી તેને ભક્તિ કેમ ઉત્પન્ન ન થઈ! તિરસ્કાર કેમ થયો?' એવી શંકા થાય, તેથી 'માગધ' શબ્દ યોજેલો છે. દેશના દોષને લીધે (તેને) સારી બુદ્ધિ ન થઈ. 'ત્યારે બેદરકાર રહેવું યોગ્ય હતું' એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધ કહેલો છે. પહેલાં ભગવાનનો અપરાધ સાંભળીને તેને ક્રોધ આવ્યો. પછી ક્રોધને લીધે 'હું હણીશ' એમ વિચારી અને પોતાની પ્રતિજ્ઞાનું સ્મરણ કરી, 'બંને પ્રકારે હણવાનું સંભવતું હોવાથી પ્રતિજ્ઞા એવી રીતે કેમ તજવી' એવા વિચારથી, પોતાનું કાર્ય બંને પ્રકારે સારું છે એમ, અને તેઓનું જ (કાર્ય) બંને પ્રકારે ખરાબ છે એમ જણાવવા 'હે મૂર્ખો' એવું સંબોધન કહેલું છે. અથવા 'તેઓ ભલે મૂર્ખ હોય, (મારી) પોતાની પ્રતિજ્ઞા તો હું પૂર્ણ કરું જ' એવા અભિપ્રાયથી કહે છે કે 'ત્યારે તમને યુદ્ધ આપું છું.' 'તમને' એ બહુવચન યોજ્યું તેથી એમ સૂચવેલું છે કે એક બાજુ તમો ત્રણે હો (રહો), બીજી

બાજુ હું (જરાસંધ) (રહીશ). ૩૦.

છતાં પણ જો દ્વંદ્વ (યુદ્ધ)નો આગ્રહ હોય, તો (તે સંબંધમાં) નીચેનો શ્લોક કહે છે :

**ન ત્વયાઽભીરુણા યોત્સ્યે યુધિ વિક્લવચેતસા ।।**
**મથુરાં સ્વપુરીં ત્યક્ત્વા સમુદ્રં શરણં ગતઃ ।।૩૧।।**

યુદ્ધમાં વ્યાકુલ ચિત્તવાળા બીકણ તમારી સાથે હું યુદ્ધ કરીશ નહિ. તમે પોતાના નગર મથુરાને તજી સમુદ્રને શરણ ગએલા છો. ૩૧.

તમારી સાથે હું યુદ્ધ કરીશ નહિ, તમે ભય પામતા નથી એવો સત્ય અર્થ છે. કપટથી 'બીકણ' એમ કહેલ છે.

'બીકણ હોઊં તો આવી રીતે કેમ આવું' એવી શંકા થાય, તેથી 'યુદ્ધમાં વ્યાકુલ ચિત્તવાળા' વિશેષણ યોજેલું છે. જો બુદ્ધિ યુદ્ધમાં સ્થિર રહેતી હોય તો જ્યાં યુદ્ધનો સંભવ હોય તેની ભૂમિ તજી ક્ષત્રિય યુદ્ધ વિનાની ભૂમિમાં જાય નહિ, એવા અભિપ્રાયથી ઉત્તરાર્ધ કહેલો છે. આપત્તિમાં પણ પોતાના દેશનો ત્યાગ કરવો ન જોઈએ, એવા અભિપ્રાયથી 'પોતાના નગર' શબ્દ યોજલ છે. દ્વારકા જતાં મધ્યે સમુદ્ર આવતો હોવાથી કિલ્લાના આશ્રયની માફક સમુદ્રને શરણ જવાનું (કહેલું છે). ૩૧.

અને નીચેના શ્લોકમાં અર્જુન (સાથે યુદ્ધ કરવા)ની ના કહે છે :

**અયં તુ વયસાઽતુલ્યો નાતિસત્ત્વો ન મે સમઃ ।।**
**અર્જુનો ન ભવેદ્યોદ્ધા ભીમસ્તુલ્યબલો મમ ।।૩૨।।**

આ અર્જુન તો વયમાં મારી સમાન નથી, ઘણા બલવાળો નથી, મારો બરોબરીઓ નથી, તે યુદ્ધ કરવા યોગ્ય નથી. ભીમ મારી સમાન બલવાળો છે. ૩૨.

આ (અર્જુન) યુદ્ધ કરનારો છે, પણ વયમાં (મારી) સમાન નથી. અહિં 'વય' એટલે બલના કારણરૂપ (વય) કહેલું છે, તેમ ન હોય તો ભીમ અને અર્જુન વચ્ચે ત્રણ વર્ષનો ગાળો હોવાથી ભીમ પણ વયમાં (જરાસંધની) સમાન ન હતો. તે જ (વિચાર) દર્શાવવા 'ઘણા બલવાળો નથી' એમ કહેલું છે. જેવા લગ્નમાં જન્મ થતાં તેવું (ઘણું અધિક) બલ થાય તેવું (લગ્ન) ભીમ, બલભદ્ર અને શાલ્વ વિગેરેનું જ હતું. તેથી જ (અર્જુન) મારો બરોબરીઓ નથી. 'દિવ્ય બલ તો (હું) બ્રાહ્મણોનું હિત કરનારો હોવાથી મારામાં પણ ઘણું જ છે, તેથી તે (અર્જુનના દિવ્ય બલ)નો આદર કરતો નથી, કારણ કે તે નાનો છે'.

'ભીમને પણ (દ્વંદ્વયુદ્ધમાં) નકારવા માટે કપટવાળો ઉત્તર હશે' એમ

જણાય, તેથી 'ભીમ મારી સમાન બલવાળો છે' શબ્દોથી તેનો સ્વીકાર કરે છે. વાસ્તવિક રીતે તો નર અને નારાયણનો ત્યાગ કરીને, (પોતે) કાલની કન્યાનો[1] પુત્ર હોવાથી મુખ્ય પ્રાણને જ (પોતાની) સમાન માને છે, કારણ કે 'તું જીવ, તું જીવ' એ વાક્ય પ્રમાણે તે (જરાસંધ) પણ દૈત્યના પ્રાણરૂપ હતો. ૩૨.

આ ત્રણની તો બધામાં (ત્રણ પૈકી ગમે તે એક સાથે દ્વંદ્વ યુદ્ધ કરવાની) સંમતિ હતી, કારણ કે ભગવાનનું બલ તો ગમે તેનામાં મૂકવાનું હતું. તે (ભીમ સાથેના યુદ્ધનો) અંગીકાર કરવામાં આવતા, જરાસંધે (કરેલ) કૃત્ય નીચેના શ્લોકમાં કહે છે :

**ઈત્યુક્ત્વા ભીમસેનાય પ્રાદાય મહતીં ગદામ્ ।।**
**દ્વિતીયાં સ્વયમાદાય નિર્જગામ પુરાદ્બહિઃ ।।૩૩।।**

એમ કહીને ભીમસેનને મોટી ગદા આપી, પોતે બીજી લઈને, શહેરની બહાર નીકળ્યો. ૩૩.

દ્વંદ્વ યુદ્ધમાં શરીરનું બલ (જાણવાનું) પ્રયોજન છે તેથી, શરીરનું બલ ગદામાં જ યોજી શકાય તેવું હોવાથી, (અને) આયુધ વિનાનાની સાથે યુદ્ધ (કરવું) યોગ્ય નથી તેથી, તે (ભીમ)ને મોટી ગદા આપી. બીજી તેની સમાન (ગદા) પોતે લઈને, એટલે સ્વરૂપથી અને સાધનથી ફલરૂપ થઈને, પોતાના ઘરની અંદર સ્થાનનું બલ પોતાનું અધિક હોય તેથી પોતાના શહેરને મૂકી દઈ, યુદ્ધ (કરવા) માટે શહેરની બહાર નીકળ્યો. ૩૩.

પછી નીચેના શ્લોકથી (આરંભી) યુદ્ધનો લૌકિક પ્રકાર કહે છે :

**તતઃ સમે ખલે વીરૌ સંયુક્તાવિતરેતરૌ ।।**
**જઘ્નતુર્વજ્રકલ્પાભ્યાં ગદાભ્યાં રણદુર્મદૌ ।।૩૪।।**

પછી યુદ્ધમાં દારુણ બે વીરો સપાટ ભૂમિ ઉપર એકબીજા ભેગા થઈ વજ્ર જેવી ગદાઓથી પ્રહાર કરવા લાગ્યા. ૩૪.

'ખલ' શબ્દનો અર્થ કોમલ ભૂમિ છે. સાહાય્ય કરનારાઓ વિના ભેગા થવાનું કારણ 'બે વીરો' શબ્દથી કહેલું છે. 'એક બીજા ભેગા થઈ' શબ્દોથી (બંનેનું) યુદ્ધમાં સમાનપણું કહેલું છે. 'વજ્ર જેવી' શબ્દથી ગદાનું માહાત્મ્ય (કહેલું છે). 'યુદ્ધમાં દારુણ' વિશેષણથી તે બેનું (માહાત્મ્ય કહેલું છે). ૩૪.

**મણ્ડલાનિ વિચિત્રાણિ સવ્યં દક્ષિણમેવ ચ ।।**
**ચરતોઃ શુશુભે યુદ્ધં નટયોરિવ રઙ્ગિણોઃ ।।૩૫।।**

---

૧. 'કાલની કન્યા' એટલે 'જરા', આ રાક્ષસીએ જરાસંધને જીવતો કર્યો હતો. જૂઓ મહાભારત, સભાપર્વ. અ. ૧૭-૧૮

યુદ્ધભૂમિમાં આસક્તિવાળાનું ડાબાં અને જમણાં જ વિચિત્ર મંડલોમાં ફરતા તે બેનું યુદ્ધ નાટકભૂમિ ઉપરના બે નટોના (યુદ્ધ) જેવું શોભતું હતું. ૩૫.

ડાબું જેમ થાય(ફરાય), જમણું જેમ થાય(ફરાય), તેવાં મંડલો ગદાયુદ્ધ માં કહેલાં છે. 'એવ' 'જ' શબ્દથી (મંડલ ફરવામાં) બંનેનો નિશ્ચય કહેલો છે. 'ચ' 'અને' શબ્દથી (એમ કહેલું છે કે) કોઈ સમયે બંને બંને (મંડલો ફરતાં). એ પ્રમાણે ફરતા (તે) બેનું યુદ્ધ શોભ્યું. તે યુદ્ધ તે જોનારાઓને સુખ આપનારું થયું એમ 'નટોના (યુદ્ધ) જેવું' શબ્દોથી કહેલું છે.

'આ ખોટું જ યુદ્ધ હતું, યુદ્ધનું ફારસ હશે' એવી શંકા થાય, તેથી 'યુદ્ધભૂમિમાં આસક્તિવાળાનું' શબ્દ યોજેલ છે. 'રઙ્ગ' યુદ્ધનો આનંદ આ બેને છે, તેવા યુદ્ધમાં રસવાળા હતા, પરંતુ ખોટું યુદ્ધ કરતા ન હતા, એવો અર્થ છે. ૩૫.

'લોકોને બીજા પ્રકારે[૧] આનંદ ઉત્પન્ન થવાનું સંભવતું નહિ હોવાથી, ખોટું જ (યુદ્ધ) હશે' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**તતશ્ચટચટાશબ્દો વજ્રનિષ્પેષસન્નિભઃ ।।**
**ગદયોઃ ક્ષિપ્તયોરેષ દન્તયોરિવ દન્તિનોઃ ।।૩૬।।**

પછી બે હાથીઓના બે દાંતોના (અથડાવાના અવાજ) જેવો મારવામાં આવતી બે ગદાઓનો વજ્રના પડવા જેવો તડતડ અવાજ (થયો). ૩૬.

'વજ્રનિષ્પેષઃ' વજ્રનું પડવું, 'તત્સન્નિભઃ' તેના જેવો એક બીજાને મારવામાં આવતી બે ગદાઓનો આ (અવાજ થયો). બધાને (આ) અવાજથી પણ ઘણો ભય થવાનું સંભવે છે, તેઓને (તેના) પ્રહારથી પણ તે (ભય) થયો ન હતો એમ (તેમનું) માહાત્મ્ય (કહ્યું). બે ગદાઓનો ત્યાગ કરશે એવી શંકા ન થાય તે માટે, અથવા ત્યાગ કર્યો ન હતો એમ જણાવવા, 'બે હાથીઓના બે દાંતોના (અથડાવાના અવાજ) જેવો' એવું દૃષ્ટાંત કહેલું છે. ૩૬.

'બે ગદાઓને જ એવી રીતે અન્યો અન્ય પ્રહાર કર્યો હશે, પરંતુ દેહોને કર્યો નહિ હોય' એવી શંકા દૂર કરવા નીચેના શ્લોકમાં પ્રહારનું વર્ણન કરે છે :

**તે વૈ ગદે ભુજજવેન નિપાત્યમાને અન્યોન્યતોંસકટિપાદકરારુજત્રૂન્ ।।**
**ચૂર્ણીબભૂવતુરુપેત્ય યથાર્કશાખે સંયુદ્ધ્યતોર્દ્વિરદયોરિવ તીવ્રમન્વોઃ ।।૩૭।।**

જેમ તીવ્ર ક્રોધવાળા યુદ્ધ કરતા બે બે દાંતવાળાઓ (હાથીઓ)એ ફેંકેલી, આકડાની બે શાખાઓ ભાંગી ભુક્કો થાય તેમ, ભુજાના વેગથી ફેંકાએલી તે બે ગદાઓ એકબીજાના ખભા, કેડ, પગ, હાથ, સાથળ અને હાંસડી ઉપર પછડાઈ

૧. 'બીજા પ્રકારે' એટલે સત્ય યુદ્ધ હોય તો.

ભુક્કો થઈ ગઈ. ૩૭.

ગદા કરતાં દેહ ઘણો કઠણ હતો, તેથી દેહનો સ્પર્શ થતાં ગદાનો નાશ (થયાનું) કહેવામાં આવે છે. ભુજાના વેગથી એક બીજા ઉપર ફેંકાએલી (ગદાઓ), ખભા, કેડ, પગ, હાથ, સાથળ અને હાંસડી એ છ અવયવો ઉપર પછડાઈ ભુક્કો થઈ ગઈ. દેહ અને ગદાનો ભેદ દર્શાવવા[૧] 'જેમ આકડાની બે શાખાઓ', બે હાથીઓએ ફેંકેલી આકડાના વૃક્ષની બે શાખાઓ (જેમ ભુક્કો થઈ જાય તેમ) એવું દૃષ્ટાંત કહેલું છે.

'તે (ગદા) નહિ રહેતાં યુદ્ધ બંધ થયું હશે' એવી શંકા થાય, તેથી 'યુદ્ધ કરતા' એવું વિશેષણ યોજેલું છે. (ગદાઓ ભાંગ્યા પછી યુદ્ધનું) સાધન અવયવો જ હતાં એવું દૃષ્ટાંત 'જેમ બે દાંતવાળાઓ (હાથીઓ)' શબ્દોથી કહેલું છે.

'અવયવ (યુદ્ધનું) સાધન કેમ હોઈ શકે? કારણ કે (તેના ઉપર) પ્રહાર થતાં (તે અવયવને) પોતાને પણ દુઃખ થવાનું સંભવે છે' એવી શંકા થાય, તેથી 'તીવ્ર ક્રોધવાળા' વિશેષણ યોજેલું છે. 'તીવ્રઃ' તીવ્ર 'મનુઃ' ક્રોધ છે જે બેનો તેવા (તેઓ હતા). ૩૭.

એવી રીતે ગદાયુદ્ધનો ઉપસંહાર કરીને, નીચેના શ્લોકમાં મુક્કીથી (કરેલું) યુદ્ધ કહે છે :

**ઈત્થં તયોઃ પ્રહતયોર્ગદયોર્નૃવીરૌ ક્રુદ્ધૌ સ્વમુષ્ટિભિરયઃસ્પર્શૈરપિષ્ટામ્ ।।**
**શબ્દસ્તયોઃ પ્રહરતોરિભયોરિવાસીન્ નિર્ઘાતવજપરુષસ્તલતાડનોત્થઃ ।।૩૮।।**

એવી રીતે બે ગદાઓ ભાંગી જતાં તે બે વીર પુરુષો ક્રોધ કરી લોઢાના જેવા સ્પર્શવાળી પોતાની મુક્કીઓથી પ્રહાર કરવા લાગ્યા. પ્રહાર કરતાં તે બેનો અવાજ બે હાથીઓના (અવાજ) જેવો થયો, (અને) હથેળીના પ્રહારથી થએલો (અવાજ) વિજળીના પડવા સાથેના વજ્રથી કઠોર થયો. ૩૮.

તે બે ગદાઓ ભાંગી ગઈ, છતાં પણ બે વીર પુરુષો ક્રોધ કરી લોઢાના જેવી મુક્કીઓથી 'અપિષ્ટામ્' એક બીજાના શરીર ઉપર પ્રહાર કરવા લાગ્યા. છતાં પણ પહેલાનાં જેવો અવાજ (થયો એમ), 'તે બેનો અવાજ (બે હાથીઓના અવાજ જેવો થયો)' શબ્દોથી કહેલું છે. તે બેના દેહના સંબંધથી થતો અવાજ બે હાથીઓના (અવાજ) જેવો એટલે (હાથીઓની) ગર્જના જેવો થયો; અથવા વીરરસને લીધે તે બેની જ વાણીરૂપ અવાજ (તેવો થયો). બંનેનો એ (અવાજ તેવો થયો) એમ કેટલાક કહે છે.

---

૧. તેઓના દેહ હાથીઓ જેવા અને ગદાઓ આકડાની શાખાઓ જેવી, દેહ કરતાં ઘણી જ નરમ હતી એમ દર્શાવવા.

ત્યાં બીજો પણ અવાજ થયો એમ શ્લોકના ચોથા ચરણથી કહેલું છે. 'નિર્ઘાતઃ' વાદળાં વિનાની વિજળીનું પડવું, તેવા વિજળીના પડવા સાથે વજ્ર(નો અવાજ થાય), તેથી પણ જે કઠોર (અવાજ), 'તલતાડન' હથેળીનો પ્રહાર, તેનાથી ઉત્પત્તિ હતી જેની (તેવો હતો). આથી બલપૂર્વક પ્રહાર કહેલો છે. ૩૮.

નીચેના શ્લોકમાં (યુદ્ધનો) ઉપસંહાર કરે છે :

**તયોરેવં પ્રહરતોઃ સમશિક્ષાબલૌજસોઃ ।।**
**નિર્વિશેષમભૂદ્યુદ્ધમક્ષીણજવયરોર્નૃપ ।।૩૯।।**

હે નૃપ! સમાન કેલવણી, બલ અને પરાક્રમવાળા અને જેમના વેગનો ક્ષય થતો ન હતો તેવા એવી રીતે પ્રહાર કરનારા તે બેનું યુદ્ધ સમાન થતું હતું. ૩૯.

(યુદ્ધ) સમાન થવાનું કારણ 'સમાન કેલવણી, બલ અને પરાક્રમવાળા' વિશેષણથી કહેલું છે. યુદ્ધમાં પરાક્રમ, બલ અને કેલવણી (જયનાં) કારણો છે. તે સમાન હોવાથી, યુદ્ધમાં ભેદ રહેતો નહિ. '(યુદ્ધ) ફરી કરતાં એકના બલનો ક્ષય થતાં, યુદ્ધમાં ભેદ થશે' એવી શંકા થાય, તેથી 'જેમના વેગનો ક્ષય થતો ન હતો' વિશેષણ યોજેલું છે. 'હે નૃપ' એ સંબોધન પરિક્ષિતને વિશ્વાસ રહે તે માટે કરેલું છે. (યુદ્ધ) ફરી કરવાથી જરાસંધ નબળો પડશે એવા અભિપ્રાયથી યુદ્ધ ફરી કર્યું, ત્યારે જરાસંધને જરાએ બનાવેલો (સાંધેલો) હોવાથી, જરા બધામાંથી બલ લાવી આને આપતી હતી, તેથી કોઈ પણ સમયે આના બલનો ક્ષય થયો નહિ. ભીમ આસન્ય (પ્રાણરૂપ) હોવાથી, તેના (બલનો ક્ષય થવાનો) ન હતો જ. ૩૯.

એવી રીતે (બંને) સમાન રહે તો પ્રયોજન પાર પડે નહિ, તેથી ભગવાને ભીમને અધિક બલવાળો કર્યો એમ નીચેના શ્લોકમાં કહે છે :

**શત્રોર્જન્મમૃતી વિદ્વાજ્જીવિતં ચ જરાકૃતમ્ ।।**
**પાર્થમાપ્યાયયત્સ્વેન તેજસાચિન્તયદ્ધરિઃ ।।૪૦।।**

શત્રુના જન્મ તથા મરણ અને જરાએ કરેલું જીવન જાણનાર હરિએ પોતાના તેજથી પાર્થને પુષ્ટ કરતાં વિચાર કર્યો. ૪૦.

ફાડીઆ બનેલ જ શત્રુ જરાસંધનો જન્મ ફાડીઆ બનેલ સિદ્ધ ફલથી થએલો, અને ફાડીઆંઓ ક્ષય વિનાનાં હતાં અને જરાએ સાંધી દીધાં તેથી જ તે જીવતો થએલો. ફાડીઆંઓનો સ્વરૂપથી નાશ થાય તેમ નહિ હોવાથી (તેમને) છૂટાં પાડવાથી જ (જરાસંધનું) મરણ થાય, અને ઘણું બલ હોય તો જ છૂટાં પાડવાનું થઈ શકે, તેથી (હરિએ) 'પાર્થને પોતાના તેજથી પુષ્ટ કર્યો.' પોતાની કાલશક્તિ તેનામાં મૂકી, એવો અર્થ છે, કારણ કે કાલની કન્યા (જરા) કરતાં કાલશક્તિ અધિક (બલવાળી) છે. પછી તેના વધના ઉપાયનો વિચાર કર્યો, કારણ

કે (પોતે ‘હરિ’) સત્પુરુષોનાં દુઃખને હરનારા છે. ૪૦.

**સંચિન્ત્યારિવધોપાયં ભીમસ્યામોઘદર્શનઃ ।।**
**દર્શયામાસ વિપટં પાટયન્નિવ સંજ્ઞયા ।।૪૧।।**

જેમનું જ્ઞાન નિષ્ફલ નથી તેવા (ભગવાને) શત્રુના વધનો વિચાર કરીને શાખાને ચીરતા હોય તેવી રીતે નિશાનીથી ભીમને (તે) જણાવ્યો. ૪૧.

પછી (ફાડીઆં) છૂટાં પાડવાં એ જ ઉપાય છે એવો નિશ્ચય કરીને ભીમને તે દેખાડ્યો. ભગવાનનો નિર્ણય ખોટો હોતો નથી એમ જણાવવા ‘જેમનું જ્ઞાન નિષ્ફલ નથી’ એવું વિશેષણ યોજેલું છે, અથવા ભીમને તે ઉપાયનું જ્ઞાન થાય તે માટે ઉત્તમ પ્રકારે ઉપાય જોયો એમ એ વિશેષણથી કહેલું છે. ભગવાને પોતે ભીમના સામું મુખ કરી, કોઈક (વૃક્ષ)ની ‘વિપટં’ શાખાને ચીરતાં ‘આને આવી રીતે ચીરી નાખવો’ એવી ‘સંજ્ઞયા’ નિશાનીથી (તેને) ચીરી નાખી. ૪૨.

**તદ્વિજ્ઞાય મહાસત્ત્વો ભીમઃ પ્રહરતાં વરઃ ।।**
**ગૃહીત્વા પાદયોઃ શત્રું પાતયામાસ ભૂતલે ।।૪૨।।**

તે જાણીને ઘણા બલવાળા, પ્રહાર કરનારાઓમાં ઉત્તમ ભીમે શત્રુને બે પગથી પકડી ભૂમિ ઉપર પછાડ્યો. ૪૨.

એવી રીતે ભગવાનની કૃપાથી જ્ઞાનશક્તિ અને ક્રિયાશક્તિવાળા થએલા, પ્રહાર કરનારાઓમાં ઉત્તમ (ભીમે) મલ્લયુદ્ધના બાનાથી પહેલાંની પેઠે જ, તેને શક ન આવે તેવી રીતે (તેને) ભૂમિ ઉપર પછાડ્યો. ‘એ પ્રમાણે હણવો એ અયોગ્ય હતું’ એવી શંકા થાય, તેથી ‘શત્રુ’ શબ્દ યોજલો છે. ‘શત્રુ’ એટલે હણનાર હરકોઈ પ્રકારે વધ કરવા યોગ્ય છે. બે પગથી પકડી પછાડવામાં આવતાં (તે) ક્ષીણશક્તિવાળો થયો. ૪૨.

પછી (તેને) હણવાનો પ્રકાર નીચેના શ્લોકમાં કહે છે :

**એકં પાદં પદાક્રમ્ય દોર્ભ્યામન્યં પ્રગૃહ્ય સઃ ।।**
**ગુદતઃ પાતયામાસ શાખામિવ મહાગજઃ ।।૪૩।।**

તેણે એક પગને પગથી દબાવી, બે હાથથી બીજા (પગ)ને પકડી જેમ મોટો હાથી શાખાને ચીરે તેમ ગુદાથી તેને ચીરી નાખ્યો. ૪૩.

પગો તો છૂટા જ હોય છે, તેથી ગુદાથી ચીરી નાખ્યો. પહેલાં (જરાસંધની) તે (ભીમ)માં બ્રાહ્મણ હોવાની બુદ્ધિ થએલી તેથી, (અને) તેને કાલશક્તિએ પકડેલો હોવાથી તેણે (છૂટવાનો) કાંઈ પણ પ્રયત્ન કર્યો નહિ એમ જણાવવા ‘જેમ શાખાને (ચીરે)’ એવું દૃષ્ટાંત આપેલું છે. પ્રયાસ વિના (ભીમે ચીરેલો તે)નું દૃષ્ટાંત ‘મોટો હાથી’ શબ્દથી (કહેલું છે). ૪૩.

પછી તેનો વધ પ્રસિદ્ધ થયો એમ નીચેના શ્લોકમાં કહે છે :

**એકપાદોરુવૃષણકટિપૃષ્ઠસ્તનાંસકે ।।**
**એકબાહ્વક્ષિભ્રૂકર્ણે શકલે દદૃશુઃ પ્રજાઃ ।।૪૪।।**

જેમાં એક પગ, સાથળ, વૃષણ, કેડ, પીઠ, સ્તન, ખભો, માથું અને એક હાથ, આંખ અને ભ્રમર અને કાન હતાં તેવાં બે ફાડીઆં પ્રજાએ જોયાં. ૪૪.

એક પગ વિગેરે (એટલે) પગ, સાથળ, વૃષણ, કેડ, પીઠ, સ્તન, ખભો, માથું એવા આઠ અંગો છૂટાં પડેલાં બે રૂપવાળા થએલાં હતાં જેમાં (તેવાં ફાડીઆં જોયાં). 'હાથ આંખ ભ્રમર અને કર્ણ પણ એક હતાં જેમાં' એમ બાર અંગોમાંથી બાકીના ચાર કહેલાં છે. આવાં બે ફાડીઆં બધીએ પ્રજાએ જોયાં. ૪૪.

પછી જે થયું તે નીચેના શ્લોકમાં કહે છે :

**હાહાકારો મહાનાસીન્નિહતે મગધેશ્વરે ।।**
**પૂજયામાસતુર્ભીમં પરિરભ્ય જયાચ્યુતૌ ।।૪૫।।**

મગધનો રાજા હણાતાં ભારે હાહાકાર થયો. જય અને અચ્યુતે ભીમનું આલિંગન કરી પ્રશંસા કરી. ૪૫.

બધાએ હાહાકાર કરેલો હોવાથી, કેદમાં પૂરાએલા રાજાઓ પણ જેમ તે સાંભળે તેવો મોટો થયો. ભગવાને તે પ્રમાણે હાહાકાર કરાવ્યો. મગધના રાજાના મરણ પછી જ તે પ્રમાણે થાય એમ જણાવવા તે પછી (થયાનું) કહેલું નથી. પછી ભીમ પાસેથી (પોતાનું) તેજ (પાછું) લેવા માટે ભગવાને છલથી તેનું આલિંગન અને પ્રશંસા કરી એમ ઉત્તરાર્ધથી કહે છે. અર્જુન પણ ભગવાનનો અંશ હોવાથી બેનાં (આલિંગન અને પ્રશંસા) કહેલાં છે. સ્તુતિ થતાં ગર્વ થવાથી તેજ જતું રહે એવા અભિપ્રાયથી પ્રસંશા (કરી). 'જય' એટલે અર્જુન અને અચ્યુત (ભગવાન્). બંનેનો ગુણ[1] ભીમમાં જાય(રહે) નહિ, તે માટે તેવો શબ્દ યોજેલ છે. ૪૫.

**સહદેવં તત્તનયં ભગવાન્ ભૂતભાવનઃ ।।**
**અભ્યષિઞ્ચદમેયાત્મા મગધાનાં પતિં વિભુઃ ।।**
**મોચયામાસ રાજન્યાન્ સંરુદ્ધા માગધેન યે ।।૪૬।।**

પ્રાણીઓનું પાલન કરનાર, ન કળી શકાય તેવા સ્વરૂપવાળા સમર્થ ભગવાને તેના પુત્ર સહદેવનો મગધોના રાજા તરીકે અભિષેક કર્યો. જે રાજાઓને માગધે કેદ કરેલા તેઓને છૂટા કરાવ્યા. ૪૬.

---

૧. અર્જુનનો ગુણ સર્વત્ર જય પ્રાપ્ત કરવાનો, અને ભગવાનનો ગુણ ક્યાંય ચ્યુતિ ન થવી તે. આ ગુણો જરાસંધનો વધ કરવા ભીમને પુષ્ટ કરવા તેનામાં મૂકેલ, તે પાછા લીધા, એવો અર્થ જણાય છે.

પછી રાજા વિનાના રાજ્યમાં રહેવું યોગ્ય નહિ હોવાથી, બીજાને તે દેશમાં રાજા તરીકે મૂકવો એ અયોગ્ય હોવાથી, અને જરાસંધનો પુત્ર રાજા તરીકે અનુકૂલ હોવાથી, ત્યાં રહેનારા પ્રાણીઓ ઉપરની દયાને લીધે તેના પુત્ર સહદેવનો અભિષેક કર્યો, કારણ કે (શ્રીકૃષ્ણ) ભગવાન્, સર્વ જેમના સમાન છે તેવા હતા.

'શત્રુને હણીને તેનું રાજ્ય પોતે લેવું જોઈએ, તેના પુત્રને (ભગવાને તે) કેમ આપ્યું?' એવી શંકા થાય, તેથી 'કળી ન શકાય તેવા સ્વરૂપવાળા' વિશેષણ યોજેલું છે. ભગવાન્ હિત અથવા અહિત કરે છે એમ કોઈથી પણ કળી ન શકાય તેવું સ્વરૂપ છે જેમનું તેવા છે. મગધદેશના રહીશોનો કુદરતી રીતે જ તે (સહદેવ) રાજા છે. તે વિરુદ્ધ[1] થાય તો પણ કોઈપણ અડચણ નથી એમ જણાવવા 'સમર્થ' વિશેષણ યોજેલું છે. જે પ્રયોજનથી આટલું (કાર્ય) કર્યું તે '(રાજાઓને) છૂટા કરાવ્યા' શબ્દથી કહેલ છે.

'જે પ્રયોજનથી તેઓને કેદ કરેલા, તે દૂર થએલું ન હોવા છતાં (તેમને) કેમ છૂટા કરાવ્યા?' એવી શંકા થાય, તેથી 'માગધે કેદ કરેલા' વિશેષણ યોજેલું છે. માગધ જ મરણ પામેલા હોવાથી, (કેદ કરવાના) પ્રયોજનનો નાશ ઘણી જ સારી રીતે થયો, એવો અર્થ છે. ૪૬ .

**ઈતિ શ્રીલક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીવલ્લભદીક્ષિતે રચેલી**
**શ્રીમદ્‌ભાગવતની સુબોધિનીમાં દશમા સ્કંધના ઉત્તરાર્ધના વિવરણમાં**
**ત્રેવીસમો અને સળંગ ઓગણોસીત્તેરમો અધ્યાય સંપૂર્ણ.**

૧. 'વિરુદ્ધ' એટલે પ્રજાનો પીડનારો. ભગવાન્ સમર્થ હોવાથી તે તેવો થાય તો તેને પણ પાંસરો કરે. 'વિરુદ્ધ' એટલે ભગવાનનો વિરુદ્ધ, એવો પણ અર્થ લઇ શકાય, પણ 'પ્રાણીઓનું પાલન કરનાર' વિશેષણ કહેલું હોવાથી પહેલો અર્થ વધારે સારો જણાય છે.

# અધ્યાય સિત્તેરમો.

## ભગવાને રાજાઓને મુક્ત કરી ઉપદેશ આપ્યો.

**ચતુર્વિંશે વિમુક્તાનાં જ્ઞાનેનાજ્ઞાનમોચનમ્ ।।**
**વિષયાત્મસમૃદ્ધિં ચ પ્રાહ કૃષ્ણ ઈતીર્યતે ।।૧।।**

ચોવીસમા અધ્યાયમાં છોડાવેલા રાજાઓના અજ્ઞાનને જ્ઞાનથી[1] દૂર કરવાનું અને વિષયોથી આત્માની સમૃદ્ધિ[1] કરવાનું શ્રીકૃષ્ણે કહ્યું એમ કહેવામાં આવે છે. કા.૧.

**સ્વધર્મૈશ્ચેન્ન પુષ્ટાઃ સ્યુર્નિરોધસ્તર્હ્યનર્થકઃ ।।**
**અતઃ સ્વાસક્તિસિદ્ધ્યર્થં જ્ઞાનરાજ્યે દદૌ હરિઃ ।।૨।।**

તેઓ જો સ્વધર્મથી પુષ્ટ થએલા ન હોય તો નિરોધ નકામો થાય. તેથી પોતાની અંદર તેઓને આસક્તિ થાય તે માટે હરિએ તેમને જ્ઞાન અને રાજ્ય આપ્યાં. કા.૨.

ગયા અધ્યાયના અંતે (જરાસંધે) કેદ કરેલા રાજાઓને (ભગવાને) છોડાવ્યા એમ કહેલું છે. (આ અધ્યાયમાં) છૂટેલા તેઓની અધિક ભક્તિને લીધે પહેલાનાં જેવી સ્થિતિ (થયાનું) કહેવામાં આવે છે. તે પૈકી આરંભમાં નીચેના શ્લોકમાં (તેઓ) કેદખાનામાંથી બહાર નીકળ્યાનું કહે છે :

।। શ્રીશુક ઉવાચ।।

**અયુતે દ્વે શતાન્યષ્ટૌ લીલયા યુધિ નિર્જિતાઃ ।।**
**તે નિર્ગતા ગિરિદ્રોણ્યા મલિના મલવાસસઃ ।।૧।।**

(જરાસંધે જે) વીસ હજાર આઠસો (રાજાઓ)ને યુદ્ધમાં સહેલાઈથી જીત્યા હતા, તેઓ મલિન દેહવાળા, મેલાં વસ્ત્રોવાળા પર્વતની ગુફામાંથી બહાર નીકળ્યા. ૧.

**એકવિંશતિસાહસ્રે વધસ્તેષાં હિ સંમતઃ ।।**
**તતઃ શતદ્વયન્યૂનાસ્તેન પૂર્વં ન મારિતાઃ ।।૩।।**

એકવીસ હજાર થાય ત્યારે તેઓનો વધ (કરવાનું) વિચારેલ હતું. તેથી બસો ઓછા હતા, તેને લીધે પહેલાં હણેલા ન હતા. કા.૩.

આ જણાવવા 'વીસ હજાર આઠસો' શબ્દથી (તેઓની) સંખ્યા કહેલી

---

૧-૧. લક્ષ્મી સાથે સત્તા, તેમનાથી થતા મદની ઉદ્ધતાઈ જાણવારૂપ પોતાનાં જ્ઞાનથી તેઓનું અજ્ઞાન દૂર કર્યું અને પ્રયાસ વિના પ્રાપ્ત થતા પદાર્થોથી આત્માની સમૃદ્ધિ કરવી એમ ભગવાને તેમને કહ્યું, એવો અર્થ છે. (લે) જૂઓ આગળ શ્લોક ૧૯ અને ૨૩.

છે. ખાંડણીઆ સાથેના બંધન પેઠે[1] અહિં પણ બે સેંકડા ઘટતા હતા. ‘આટલા એક સ્થલે કેમ રહેલા?’ એવી શંકા થાય, તેથી ‘યુદ્ધમાં સહેલાઈથી જીત્યા હતા’ એમ કહેલું છે. ‘મલિનાઃ’ સ્નાન કર્યા વિનાના દેહવાળા, ‘મલવાસસઃ’ મેલાં વસ્ત્રોવાળા તેઓ પર્વતની ગુફામાંથી બહાર નીકળ્યા. આથી (તેઓની) બહારની સ્થિતિ અધમ કહેલી છે. ૧.

નીચેના શ્લોકમાં (તેઓની) અંદરની સ્થિતિ કહે છે :

**ક્ષુત્ક્ષામાઃ શુષ્કવદનાઃ સંરોધપરિકર્શિતાઃ ।।**
**દદશુસ્તે ઘનશ્યામં પીતકૌશેયવાસસમ્ ।। ૨।।**
**પદ્મહસ્તં ગદાશઙ્ખરથાઙ્ગૈરુપલક્ષિતમ્ ।।**
**કિરીટહારકટકકટિસૂત્રાઙ્ગદાચિતમ્ ।।૩।।**
**શ્રીવત્સાઙ્કં ચતુર્બાહું પદ્મગર્ભારુણેક્ષણમ્ ।।**
**ચારુપ્રસન્નવદનં સ્ફુરન્મકરકુણ્ડલમ્ ।।૪।।**
**ભ્રાજદ્વરમણિગ્રીવં નિવીતં વનમાલયા ।।**

ભૂખથી દૂબળા થએલા, સુકાઈ ગએલાં મુખવાળા, કેદમાં રહેવાથી દુઃખી થએલા તેઓએ વાદળાનાં જેવા શ્યામ, પીળાં રેશમી વસ્ત્રોવાળા, શ્રીહસ્તમાં કમલવાળા, ગદા, શંખ અને ચક્રથી ઓળખાતા, મુકુટ હાર કડાં કંદોરો તથા બાજુબંધથી શોભતા, શ્રીવત્સના ચિહ્નવાળા, ચાર ભુજાવાળા, કમલના અંદરના ભાગના જેવા લાલ નેત્રવાળા, સુંદર પ્રસન્ન મુખવાળા, પ્રકાશતાં મકરાકારના કુંડલોવાળા, કંઠમાં પ્રકાશતા ઉત્તમ મણિવાળા (અને) વનમાલાથી શોભતા (ભગવાન)નાં દર્શન કર્યાં. ૪।।

‘ભૂખથી દૂબળા થએલા’ એટલે રોગ વિગેરે ન હોવા છતાં પણ ખોરાક ન મળવાથી દૂબળા થએલા, અંદરનો સંતોષ ન હોવાથી સૂકાઈ ગએલાં મુખવાળા (તેઓ હતા). ‘કેદમાં રહેવાથી દુઃખી થએલા’ વિશેષણથી ઈન્દ્રિયોની પીડા કહેલી છે. ‘પરિતઃ’ સર્વ તરફથી ‘કર્શિતાઃ’ દુઃખી થએલા એટલે બધી ઈન્દ્રિયોમાં જેઓને દુઃખ થએલું છે તેવા. એવી રીતે બહારના અને અંદરના ભેદથી ઘણું દુઃખ પામેલા (તેઓ)એ સર્વ (દુઃખ) દૂર થાય તે માટે તે ક્ષણે જ ભગવાનનાં દર્શન કર્યાં એમ, ‘તેઓએ વાદળાનાં જેવા શ્યામ જ.... ના દર્શન કર્યાં’ શબ્દોથી કહેલું છે.

૧. જેમ ખાંડણીઆ (સાથે બાંધવા)ના પ્રસંગમાં બાંધવામાં આવનારનું કુદરતી ઈશ્વરપણું અને બાંધનારીનું કુદરતી દાસપણું એ બે (બંધનમાં) વિઘ્નરૂપ થવાથી દોરડું બે આંગળ જ ઘટતું, તેમ અહિં પણ કેદમાં પડેલાઓ ભગવદીય હોવાથી અને પૂરનારો અસુર હોવાથી, એ બેના રહેલા બે ગુણો વિઘ્નરૂપ થવાથી બસો રાજાઓ ઓછા રહ્યા, કારણ કે અસુર શંકરનો યજ્ઞ કરે તેમાં ભગવદીઓનો વધ થાય નહિ, એવો અર્થ છે. (લે)

ભગવાને બાર લક્ષણવાળા જેવા પોતાનાં દર્શન કરાવ્યાં તેવા (ભગવાન)નું વર્ણન 'વાદળાનાં જેવા શ્યામ' વિગેરે શબ્દોથી કરે છે. મનની બાર વૃત્તિઓ દુઃખ કરાવનારી હોય છે, તેથી બધું દુઃખ દૂર થાય તે માટે (ભગવાને પોતાના) બાર ગુણો પ્રકટ કરેલા છે. (૧) તે પૈકી સૂકાઈ ગએલાઓની પણ પુષ્ટિ થાય તે માટે (ભગવાન્) વાદળાના જેવા શ્યામ હતા; કારણ કે શ્યામ વાદળું પુષ્ટિ કરનારું છે. આથી (તેઓનું) દેહનું દુઃખ[1] દૂર કર્યું. (૨) વાણીનું દુઃખ દૂર થાય તે માટે 'પીળાં રેશમી વસ્ત્રોવાળા' વિશેષણ કહેલું છે, કારણ કે પીળું વસ્ત્ર વેદરૂપ છે અને તે પણ શ્રુતિ નિવૃત્તિનો બોધ કરનારી છે તેટલા અંશે પોતાના કર્મથી બંધાએલ જીવના કોશનો[2] નાશ કરીને પ્રકટ થએલું છે. આથી એમ સૂચવેલું છે કે (તેઓની) વાણી જ્ઞાન સાથે પ્રકટ થાય છે. ૨.

(૩) પછી વસ્ત્રોનું દુઃખ ન રહે તે માટે જલ અને ઔષધિઓનાં રસરૂપ કમલ દર્શાવવા માટે જેમના શ્રીહસ્તમાં હતું (તેવા ભગવાન્ હતા). (૪) પછી 'આ મારું છે' એવો અહંકાર ત્રણ પ્રકારનો હોવાથી તે દૂર થાય તે માટે ભગવાન્ 'ગદા, શંખ અને ચક્રથી ઓળખાતા' હતા. સ્ત્રી(ગદા), પુરુષ(શંખ) અને નપુંસક(ચક્ર) આયુધના પ્રયોગથી ત્રણે પ્રકારના અહંકારનું છેદન કરતા હતા, કારણ કે આટલા ના જ સંબંધમાં જીવને મમતા થાય છે. 'ઓળખાતા હોવાપણું' તો એમ જણાવે છે કે એક જ વાર અહંકારનો નાશ થવાથી ફરીથી આયુધોનું પ્રયોજન રહેતું નથી. (૫) તેઓનાં ચક્ષુઓને દુઃખ ન થાય તે માટે મુકુટ વિગેરે પાંચ પ્રકારના અલંકારોથી ભગવાન્ શોભતા હતા; કારણ કે શ્યામ, શ્વેત, પીળો, લાલ અને રંગબેરંગી એવા ભેદથી રૂપ(રંગ) પાંચ પ્રકારનું છે. બીજાં રૂપોનો આમાં જ સમાવેશ થાય છે. ૩.

(૬) 'શ્રીવત્સના ચિહ્નવાળા' વિશેષણથી (તેઓને) ચરણનું દુઃખ રહ્યું નહિ (એમ કહેલું છે), કારણ કે ત્યાં જ બ્રાહ્મણના[3] ચરણનું દુઃખ મટાડેલું. (૭) 'ચાર ભુજાવાળા' વિશેષણથી ક્રિયા બમણી કરેલી હોવાથી હાથોનું (દુઃખ દૂર કર્યાનું કહેલું છે). (૮) 'કમલના અંદરના ભાગના જેવાં નેત્રો હતાં જેમનાં' એ વિશેષણથી મનનું અથવા બે નસ્કોરાઓનું દુઃખ નાશ કર્યાનું (કહેલું છે). (૯) 'સુંદર પ્રસન્ન મુખવાળા' વિશેષણથી (તેઓની) સર્વ કામનાઓ પૂરી કરીને

---

૧. હું પદથી સ્વીકારેલ દેહનું દુઃખ (દૂર કર્યું), એવો અર્થ છે. (લે)

૨. 'કોશ' એટલે (૧) રેશમ બનાવનાર કીડા જેમાં રહે છે તે કોશેટો. (૨) ઢાંકણ અથવા બંધન.

૩. ભૃગુઋષિનાં ચરણનું દુઃખ મટાડેલું. જૂઓ દશમ ઉત્તરાર્ધ, અધ્યાય ૪૦, શ્લોક ૭ થી ૧૩.

(તેઓનું) કામનાઓનું દુઃખ દૂર કરેલું (કહેલું) છે. (૧૦) 'પ્રકાશતાં મકરાકારના કુંડલોવાળા' વિશેષણથી કાનનું (દુઃખ દૂર કર્યાનું કહેલું છે). ૪.

(૧૧) " 'ભ્રાજત્' પ્રકાશતો જે ઉત્તમ મણિ, તે કંઠમાં હતો જેમની" એ વિશેષણથી જ્ઞાન અને ક્રિયાની વચ્ચે રહેલથી જીવને બહાર નીકળવાનું[૪] દુઃખ દૂર કરેલું છે. (૧૨) 'વનમાળાથી શોભતા' વિશેષણથી સર્વ સ્થલે રહેલી કીર્તિથી ત્વચાના સ્પર્શનાં દુઃખને દૂર કરેલું છે. ૪॥.

આવા ભગવાનનાં દર્શન કરીને 'હું પહેલી, હું પહેલી' એવા પ્રકારથી બધી ઇન્દ્રિયો (તેમના) રૂપ, રસ, ગંધ અને સ્પર્શ કરવા માટે તત્પર થઇ એમ કહેતાં, ભગવાનમાં ઇન્દ્રિયોની સંપૂર્ણ રીતે પ્રવૃત્તિ થઇ, એમ કહે છેઃ

**પિબન્ત ઈવ ચક્ષુર્ભ્યાં લિહન્ત ઈવ જિહ્વયા ।।૫।।**
**જિઘ્રન્ત ઈવ નાસાભ્યાં રમ્ભન્ત ઈવ બાહુભિઃ ।।**
**પ્રણેમુર્હતપાપ્માનઃ મૂર્ધભિઃ પાદયોર્નૃપાઃ ।।૬।।**

જાણે કે ચક્ષુઓથી પાન કરતા હોય, જીભથી ચાટતા હોય, નાકથી સુગંધ લેતા હોય, બાહુઓથી આલિંગન કરતા હોય તેવા અને જેમનાં પાપ નાશ પામેલાં હતા તેવા રાજાઓએ મસ્તકોથી ભગવાનનાં ચરણારવિંદોમાં પ્રણામ કર્યા.૫-૬.

(જાણે કે ચક્ષુઓથી પાન કરતા હોય તેવા તેઓ હતા), કારણ કે રૂપની સુંદરતારૂપ અમૃતનું પાન ચક્ષુથી થાય છે. દર્શન (ભગવાનની) બહાર સ્થિતિ હોય ત્યારે જ થાય છે, (તેમને) હૃદયની અંદર પધરાવવા તે પાન છે, એવો ભેદ છે. બે હાથે કરેલા ભોજનની પેઠે બંને (ચક્ષુઓ)થી કરેલું પાન ઘણી આસક્તિ અથવા બાલકની સ્થિતિ જણાવે છે. રસની પ્રાપ્તિ માટે ગાય વાછરડાંને (ચાટે) તેમ 'જાણે કે જીભથી ચાટતા હોય' તેમ કહેલું છે. તે પ્રકારના (તે ગુણોવાળા) ભગવાનનાં દર્શન કરીને તેઓને (તેમના ઉપર) તેવો પ્રેમ થયો, એવો અર્થ છે. ૫.

તેઓને સુગંધનો અનુભવ થયો એમ જણાવવા 'જાણે કે નાકથી સુગંધ લેતા હોય' એમ કહેલું છે. તેનું વ્યાખ્યાન પહેલાંની પેઠે કરવું. સ્પર્શ થયો એમ જણાવવા માટે 'જાણે કે બાહુઓથી આલિંગન કરતા હોય' એમ કહેલું છે. 'રમ્ભણમ્' એટલે આલિંગન, ભેટવું તે. અહિં ([૧]બાહુઓથી એ) બહુવચનથી જુદા જુદા પ્રકારના સ્પર્શની પ્રાપ્તિ માટે (જુદા જુદા) અવયવોથી કરેલો સ્પર્શ

---

૪. ભગવાને કંઠમાં ચૈત્યતત્ત્વનું સ્થાપન કરેલું હોવાથી, તેને (જીવને) બહાર નીકળવાનું દુઃખ થશે નહિ. (લે) 'જ્ઞાન અને ક્રિયાની વચ્ચે' એટલે નેત્ર અને હસ્તની વચ્ચે કંઠમાં ઉત્તમ મણિ કૌસ્તુભ રાખેલો છે.

૧. સંસ્કૃતમાં બેથી વધારે પદાર્થો માટે જ બહુવચન યોજાય છે. તેથી હાથ બેથી વધારે હોવા જોઈએ. તેથી આ પ્રમાણે અર્થ કરેલો છે.

ઈચ્છેલો છે, અથવા (તે બહુવચન ભગવાને તેમને કરેલું) ચાર ભુજારૂપ સારૂપ્યનું દાન જણાવે છે.

એવી રીતે લૌકિકભાવથી ભગવાનને પોતાના કરીને, પછી સંતુષ્ટ થઈ, દુઃખ દૂર થતાં જ્ઞાનનો ઉદય થતાં ભગવાનનું ઐશ્વર્ય જેમને જણાએલું છે તેવા તેઓએ, 'નમસ્કાર કરવો, નમસ્કાર કરવો એવો એટલો ઉત્તમ બોધ છે' (ભાગ.૫-૩-૪) એ શાસ્ત્ર પ્રમાણે (પોતાને) કરવાનું બીજું કાંઈ ન રહેવાથી સ્નેહપૂર્વક (ભગવાનને) નમસ્કાર કર્યા એમ ઉત્તરાર્ધથી કહે છે. ('પ્રણેમુઃ'માંના) 'પ્ર' શબ્દથી સ્નેહ સૂચવેલો છે, કારણ કે 'નમસ્કાર કરવો, નમસ્કાર કરવો' એમ બે વાર કહેવાથી (તે) સ્નેહ જ ઈચ્છેલો છે.

'આમની આવી બુદ્ધિ કેવી રીતે થઈ? (તેઓ) તેવા જ હતા એમ ન માનવું જોઈએ, કારણ કે (તેઓ) કેદમાં પડેલા હતા' એવી શંકા થાય, તેથી 'જેમનાં પાપ નાશ પામેલાં હતા તેવા' એ વિશેષણ કહેલું છે. (ભગવાનનાં) દર્શનથી, ભોગથી[૨] અને (દર્શન અને ભોગના) સ્મરણથી (તેઓનાં) ત્રણે પ્રકારનાં પાપનો નાશ થયો. પછી શુદ્ધ થઈને, પોતાના જ્ઞાનરૂપ આત્માને પરબ્રહ્મ અક્ષરરૂપ ભગવાનનાં ચરણારવિંદ સાથે જોડતા હોય તેમ, અંતર્યામી અને અવતારના ભેદથી બંનેમાં અંદરથી અને બહારથી સાયુજ્ય પ્રાપ્ત થાય તે માટે 'મસ્તકોથી ચરણારવિંદોમાં' (પ્રણામ કર્યા) એમ કહેલું છે. તેઓ 'રાજાઓ' હોવાથી ચતુર હતા. આથી જ (તેઓને) રાજ્યના ભોગનું પ્રયોજન ન હતું એમ સૂચવેલું છે. ૬.

'દુઃખ દૂર થાય તે માટે (ભગવાનને) કેમ નમસ્કાર કર્યા નહિ?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**કૃષ્ણસંદર્શનાહ્લાદધ્વસ્તસંરોધનક્લમાઃ ।।**
**પ્રશશંસુર્હૃષીકેશં ગીર્ભિઃ પ્રાઞ્જલયોઃ નૃપાઃ ।।૭।।**

શ્રીકૃષ્ણનાં દર્શનથી થએલા આનંદથી જેઓનું કેદખાનાનું દુઃખ નાશ પામ્યું હતું તેવા રાજાઓએ બે હાથ જોડી હૃષીકેશની વાણીથી સ્તુતિ કરી. ૭.

સદાનંદ (શ્રીકૃષ્ણ)નાં અંદર પ્રવેશ કરાવવારૂપ દર્શનથી થએલા આનંદથી, જેમ સૂર્યનો ઉદય થતાં અંધકાર નાશ પામે તેમ, નાશ પામેલું હતું કેદખાનાનું 'ક્લમઃ' દુઃખ જેઓનું તેવા (રાજાઓ થયા). એવી રીતે સંપૂર્ણ રીતે જેમના સર્વ પુરુષાર્થો સિદ્ધ થએલા છે તેવા (રાજાઓએ) આવી સ્થિતિ દઢ થાય તે માટે ભગવાનની પ્રેરણાથી જ ભગવાનની પ્રસન્નતા થાય તે માટે ભગવાનની સ્તુતિ કરી, એમ ઉત્તરાર્ધથી કહે છે. 'હૃષીકેશ' એ શબ્દ એમ જણાવે છે કે

૨. રૂપની સુંદરતારૂપ અમૃતનું પાન વિગેરે ઉપર કહ્યા તે 'ભોગ' કહેલા જણાય છે.

ભગવાને પ્રેરેલી વાણી આનંદકારક રીતે તેમની સ્તુતિ કરે છે, અને તે રાજાઓને કાંઇ પણ ચિંતા નથી. 'બે હાથ જોડી' શબ્દથી ચિત્ત અને શરીરનું સાવધાનપણું જણાવેલું છે. તેઓને નીતિનું જ્ઞાન હતું એમ 'રાજાઓએ' શબ્દથી જણાવેલું છે. સંબોધન કરેલું છે એવા મત પ્રમાણે પણ તેમ કરવુ યોગ્ય હોવાનું જણાવે છે. ૭.

**સગુણાસ્તે મહાત્માનો ગુણાતીતં હરિં મુદા ।।**
**નવભિઃ શ્લોકયામાસુર્નિર્ગુણત્વાય સર્વશઃ ।।૩।।**

તે સગુણ મહાત્માઓએ સર્વ પ્રકારે નિર્ગુણપણું (પ્રાપ્ત) થાય તે માટે ગુણથી પર હરિની નવ (શ્લોક)થી આનંદથી સ્તુતિ કરી. કા.૩.

**પ્રાર્થના મત્સરાભાવો ગતરાજ્યાનુમોદનમ્ ।।**
**યુક્તિસ્તત્ર સ્વદોષોક્તિઃ સ્વભાગ્યસ્યાભિનન્દનમ્ ।।૪।।**

પ્રાર્થના (૮), ઈર્ષ્યા ન હોવી (૯), રાજ્યની હાનિનું અનુમોદન (૧૦), તે વિષયમાં યુક્તિ (૧૧), પોતાના દોષનું કથન (૧૨), પોતાના ભાગ્યથી થએલ આનંદ (૧૩), કા.૪.

**વૈરાગ્યમુપદેશસ્ય પ્રાર્થના સ્વાધિકારિતા ।।**
**ક્રમાન્નિરૂપિતા હ્યર્થા યતસ્તાન્ સુષ્ઠુબોધયત્ ।।૫।।**

વૈરાગ્ય (૧૪), ઉપદેશ માટે પ્રાર્થના (૧૫), પોતાનું અધિકારી હોવાપણું (૧૬), આ વિષયો અનુક્રમે (સ્તુતિમાં) કહેલા છે, કારણ કે (ભગવાને) તેઓને સારી રીતે જ્ઞાન આપેલું. કા.૫.

આરંભમાં નીચેના શ્લોકમાં પ્રાર્થના કરવા માટે નમસ્કાર કરે છે :

।। રાજાન્ ઊચુઃ ।।

**નમસ્તે દેવદેવેશ પ્રપન્નાર્તિહરાવ્યય ।।**
**પ્રપન્નાન્ પાહિ નઃ કૃષ્ણ નિર્વિણ્ણાન્ ઘોરસંસૃતેઃ ।।૮।।**

હે દેવોના દેવોના ઈશ! હે શરણ આવેલાઓના દુઃખને હરનાર! હે વિકાર વિનાના! આપને નમસ્કાર છે. હે શ્રીકૃષ્ણ! ઘોર સંસારથી દુઃખી થએલા અને શરણે આવેલાનું અમારું પાલન કરો. ૮.

આપને નમસ્કાર છે. માગેલું આપવાનું (આપમાં) સામર્થ્ય છે એમ જણાવવા 'હે દેવોના દેવોના ઈશ!' એવું સંબોધન કરેલું છે. દેવોના પણ દેવો કાલ વિગેરે છે, તેમને પણ વશ રાખનાર આપ છો એવો (અર્થ છે). સામર્થ્ય હોય છતાં પણ બીજાનાં દુઃખને નાશ કરવાની ઈચ્છા જોઈએ, તેથી 'હે શરણ આવેલાઓના દુઃખને હરનાર!' સંબોધનથી તે (ઈચ્છા) કહેલી છે. વળી, આ વિષય અમારા અનુભવથી સાબિત થએલો છે. ભક્તો માટે કાર્ય કરવા છતાં પણ ભગવાનને કાંઇ

પણ હાનિ થતી નથી, એમ 'હે વિકાર વિનાના!' એ સંબોધનથી કહેલું છે.

(ભગવાન્) શરણ આવેલાઓના જ દુઃખનો નાશ કરે છે એવો તેમનો સ્વભાવ કહી, 'હે શ્રીકૃષ્ણ! શરણે આવેલાનું અમારું પાલન કરો' શબ્દોથી પોતે શરણે આવેલ હોવાનું કહે છે. રક્ષણ કરવાનો વિષય[1] દેખાડતા હોય તેમ 'ઘોર સંસારથી દુઃખી થએલા' એમ કહે છે. (સંસારના) ઘોરપણાનો અનુભવ થએલો જ છે. જન્મ અને મરણ વારાફરતી થયા કરે તે સંસાર. ૮.

એ પ્રમાણે પાલન માટે પ્રાર્થના કરી, પહેલાં ભગવાને કેદખાનામાંથી છોડાવવાનું લૌકિક કાર્ય કર્યું તેને જો તેઓ ફલ તરીકે માનતા હોય તો જેમ લૌકિક દુઃખનો નાશ કર્યો તેમ ભગવાન્ સુખ પણ લૌકિક જ આપે, તેથી તેમ ભગવાન્ ન કરે તે માટે તેઓને દુઃખ આપનાર તરફ ઈર્ષ્યા નથી એમ નીચેના શ્લોકમાં કહે છે :

**નનં નાથાન્વસૂયામો માગધં મધુસૂદન ।।**
**અનુગ્રહો યદ્ભવતો રાજ્ઞાં રાજ્યચ્યુતિર્વિભોઃ ।।૯।।**

હે નાથ! હે મધુસૂદન! આ માગધની અમે ઈર્ષ્યા કરતા નથી; કારણ કે હે સમર્થ! રાજાઓ રાજ્ય ગૂમાવે તે આપની કૃપા છે. ૯.

'આ' એટલે મારી નાખેલો પાડી નાખેલો જરાસંધ. 'તમારા માટે જ આને હણ્યો (હવે) એમ કેમ બોલો છો?' એવી શંકા થાય, તેથી 'હે નાથ!' એવું સંબોધન કરે છે. (આપ) નાથ હોવાથી જ (તેને હણવાનું કાર્ય) કર્યું, પરંતુ અમારી પ્રેરણાથી કરેલું નથી, આવો અર્થ છે. ઈર્ષ્યા એટલે 'દોષ વિનાના અમોને આણે દોષ દીધો, તેથી આ દુષ્ટ છે' એવા દોષનો આરોપ કરીને જોવું તે. વળી આ 'માગધ' હોવાથી દેશના દોષને લીધે આની પણ એવી બુદ્ધિ થઈ. વળી આ જરાસંધને હણ્યો તે આપનું પરાક્રમ નથી, કારણ કે આપ 'મધુસૂદન' (મધુ દૈત્યને હણનારા) છો.

ઈર્ષ્યા ન હોવાનું કારણ ઉત્તરાર્ધથી સ્પષ્ટ કરે છે. જેમ સંનિપાત-વાળાઓનો સંનિપાત દૂર થાય, તેમ રાજાઓ રાજ્ય ગૂમાવે તે આપની કૃપા છે. આપની કૃપા પ્રાપ્ત કરાવનારો ખચિત ઈર્ષ્યા કરવા યોગ્ય નથી.

'રાજ્ય ઈચ્છેલા પદાર્થ પ્રાપ્ત કરાવનારું છે. તે ગૂમાવવામાં આવતાં ઈચ્છેલું કેમ પ્રાપ્ત થશે?' એવી શંકા થાય, તેથી 'હે સમર્થ' એવું સંબોધન કરેલું છે. ૯.

રાજ્ય દુઃખનું કારણ છે એમ નીચેના શ્લોકમાં કહે છે :

**રાજ્યશ્વર્યમદોન્નદ્ધો ન શ્રેયો વિન્દતે નૃપઃ ।।**

---

૧. 'રક્ષણનું સ્થાન (વિષય)' એટલે રક્ષણની સ્થિતિનું કારણ, 'દુઃખ' એવો અર્થ છે.(લે)

**ત્વન્માયામોહિતો નિત્યા મન્યતે સંપદોઽચલાઃ ।।૧૦।।**

રાજ્યના સત્તાના મદથી છકી ગએલો રાજા કલ્યાણ પ્રાપ્ત કરતો નથી. આપની માયાથી મોહ પામેલો (તે) સંપત્તિને નિત્ય અને અચલ માને છે. ૧૦.

રાજ્યની જે સત્તાનો 'હું ઈશ્વર છું, મને આનંદ થશે તેમ કરીશ' એવો મદ (રહેલો) છે, તેનાથી 'ઉન્નદ્ધ' છકી ગએલો (રાજા) પોતાનું જે ધર્મ વિગેરે કલ્યાણ તે જાણતો નથી, અને કોઈ પણ સમયે પ્રાપ્ત કરતો નથી. વળી એમ ન માનવું કે તે તેની ઈચ્છેલી દશા હોવાથી, ધર્મ વિગેરે તેને હોતા નથી જ, કારણ કે (તે) રાજા (હોઈ) પ્રજાનું રક્ષણ કરવાના ધર્મવાળો છે. તાત્પર્ય એવું છે કે તે (પ્રજાનું રક્ષણ) પણ કરતો નથી. 'સંપત્તિ પણ કલ્યાણ છે (અને રાજા) તે પ્રાપ્ત કરે છે. તેથી એમ કહો છો?' એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધ યોજેલો છે. સંપત્તિ કલ્યાણ છે એ ખરું, પણ મૂલવાળી હોય તો. ધર્મ વિગેરે તેનું મૂલ છે. તે (ધર્મ વિગેરે) ન હોય ત્યારે (સંપત્તિ) મૂલ વિનાની હોઈ ક્ષણમાં જતી રહે છે. ભગવાનની માયાથી મોહ પામેલો (રાજા) આવી સંપત્તિને નિત્ય જ અને વળી અચલ માને છે. ચલવું એટલે થોડો નાશ થવો. અનિત્યપણું એટલે સર્વનો નાશ થવો. તેથી મૂલ વિનાની સંપત્તિ મોહ ઉત્પન્ન કરનારી હોવાથી સારી નથી. ૧૦.

વળી સંપત્તિ સર્વ પ્રકારે દુષ્ટ નથી, પરંતુ મૂલવિનાની જ (દુષ્ટ છે) એમ કહીને, નીચેના શ્લોકથી તે સર્વ પ્રકારે દુષ્ટ હોવાનું દષ્ટાંતથી કહે છે :

**મૃગતૃષ્ણાં યથા બાલા મન્યન્ત ઉદકાશયમ્ ।।**
**એવં વૈકારિકીં માયામયુક્તા વસ્તુ ચક્ષતે ।।૧૧।।**

જેમ બાલકો ઝાંઝવાના જલને જલાશય માને છે, તેમ (આપના) સંબંધ વિનાના વિકારવાળી માયાને વસ્તુ તરીકે જૂએ છે. ૧૧.

(સંપત્તિ) માત્ર દેખાવમાં સંપત્તિ છે, વાસ્તવિક રીતે તો ઉપયોગ વિનાની હોવાથી, જેમ ઝાંઝવાના જલમાં જલ હોવાની માન્યતા (સુખરૂપ નથી) પરંતુ તેથી ઉલટું ઉનાળામાં દોડાવનારી હોઈ દુઃખરૂપ જ છે; તેમ દુઃખરૂપ જ છે, છતાં પણ સારું અથવા નઠારું પારખવાની શક્તિ વિનાના બાલકો તર્કથી જલ ન હોય (એમ જણાય) તેવા પ્રદેશમાં પણ તે (ઝાંઝવાના જલ)ને જલાશય જ માને છે, તેવી રીતે 'અયુક્તાઃ' આપના ચરણારવિંદના સંબંધ વિનાનાઓ 'વૈકારિકીં' જાતજાતના વિકારવાળી (સત્ય) વસ્તુ નથી એમ સિદ્ધ થાય તેવી માયાને સત્ય વસ્તુ જાણે છે, કારણ કે આત્મામાં સંદેહ અથવા જુદા જુદા પ્રકારના હોવાનું હોતાં નથી. છતાં પણ વિકારથી ઉત્પન્ન થએલા (પદાર્થ)ને (સત્ય) વસ્તુ તરીકે માનનાર, માયાથી મોહ પામેલો જ હોય છે. ૧૧.

'મૂર્ખાઓને જ સંપત્તિ દુઃખનાં કારણરૂપ થાય છે, તમને નહિ' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**વયં પુરા શ્રીમદનષ્ટબુદ્ધયો જિગીષયાસ્યા ઇતરેતરસ્પૃધઃ ।।**
**ઘ્નન્તઃ પ્રજાઃ સ્વા અતિનિર્ઘૃણાઃ પ્રભો મૃત્યું પુરસ્ત્વાવગણય્ય દુર્મદાઃ ।।૧૨।।**

હે પ્રભો! લક્ષ્મીના મદથી વિનાશ પામેલા બુદ્ધિવાળા, છાકટા થએલા અમે પહેલાં આ (પૃથ્વી)ને જીતવાની ઈચ્છાથી એકબીજાની સ્પર્ધા કરતાં, ઘણાં ક્રૂર થઈ પોતાની પ્રજાને હણતાં આગળ (રહેલ) મૃત્યુરૂપ આપની અવગણના કરી (રહેતા હતા). ૧૨.

લક્ષ્મીના મદથી વિનાશ પામેલી હતી બુદ્ધિ જેઓની, તેવાનો અમારો તો પહેલાં જ સારી રીતે જ નાશ થયો હતો, કારણ કે આ પૃથ્વીને જીતવાની ઈચ્છાથી (અમે) એકબીજાની સ્પર્ધા કરનારા થએલા. પોતાના નાશનું મુખ્ય કારણ સ્પર્ધા છે. સમાન સ્વભાવવાળાઓ પ્રતિ માત્ર સ્પર્ધા એ જ (અમારો) દોષ ન હતો, પરંતુ (અમે) ઘણા ક્રૂર થઈને તેઓની પ્રજાને હણતા હતા, (અને) ખોટી રીતે (કરેલ) દંડ વિગેરેથી પોતાની પ્રજાને પણ પીડતા હતા. 'હે પ્રભો!' એ સંબોધન એમ સૂચવે છે કે તે (રાજા)ઓ પ્રભુ ન હતા.

'ભગવાને રાજ્ય આપ્યું તે સમયે જ રાજ્યમાં રહેલી બધીએ (પ્રજા) તેઓને આપી, તેથી પોતાની (પ્રજા સાથે તેઓ) પોતાની ઈચ્છા પ્રમાણે (વર્તન) કરે (તેમાં) શું દોષ?' એવી શંકા થાય, તેથી 'આગળ રહેલ મૃત્યુરૂપ આપની અવગણના કરી' શબ્દો યોજેલ છે, કારણ કે તે મૃત્યુરૂપ ભગવાન્ 'આ શું કરે છે?' એમ જોવા તેની આગળ છૂપાઈને રહે છે, અને ખોટું કરવામાં આવે તો હણશે એમ જાણવા છતાં પણ (અમે) તેમની અવગણના કરી રહેતા હતા. એવી રીતે બુદ્ધિમાં ભ્રાંતિ થવાનું કારણ 'છાકટા થએલા' વિશેષણથી કહેલું છે. ૧૨.

'ત્યારે ભગવાને (તમારી તરફ) બેદરકારી કરી કે તમને સજા કરી?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**ત એવ કૃષ્ણાદ્ય ગભીરરંહસા દુરન્તવીર્યેણ વિચાલિતાઃ શ્રિયઃ ।।**
**કાલેન તન્વા ભવતોઽનુકમ્પયા વિનષ્ટદર્પાશ્ચરણૌ સ્મરામ તે ।।૧૩।।**

હે શ્રીકૃષ્ણ! ગંભીર વેગવાળા, અત્યંત પરાક્રમવાળા આપની મૂર્તિરૂપ કાલે લક્ષ્મીથી ભ્રષ્ટ કરેલા તે જ અમે આજે આપની કૃપાથી મદ વિનાના થઈ આપના ચરણોનું સ્મરણ કરીએ છીએ. ૧૩.

'હે શ્રીકૃષ્ણ!' એ સંવાદથી ઉદ્ધત બનેલાઓએ સ્નેહથી કરેલું સંબોધન છે. 'આજે' શબ્દથી એમ જણાવેલ છે કે આ છૂપી વાત નથી. 'શું થયું?' એમ

જાણવાની ઈચ્છા થાય, તેથી '' 'ગંભીરરંહસા' ગંભીર વેગવાળા કાલે લક્ષ્મીથી ભ્રષ્ટ કરેલા'' શબ્દો યોજેલા છે. કાલનું (તેવું) સામર્થ્ય હોવાનું અને તે વિષયમાં (તેના પ્રતિ) દ્વેષ ન હોવાનું કારણ 'આપની મૂર્તિરૂપ' શબ્દોથી કહેલું છે. 'ગંભીર વેગવાળા' વિશેષણથી (એમ કહેલું છે કે) કાલને ઠગીને બીજા દેશમાં જતું રહેવાય તેમ ન હતું. 'અત્યંત પરાક્રમવાળા' વિશેષણથી (એમ કહેલ છે કે) તેનું વેર વાળી શકાય તેમ નથી.

'(કાલ) મારી મૂર્તિરૂપ છે એવો નિર્ણય કેવી રીતે થયો?' એવી શંકા થાય, તેથી કહે છે કે, કારણ કે રાજ્ય ગૂમાવ્યા પછી આપની કૃપાથી મદ વિનાના એટલે દોષ વિનાના થઈ, આપના ચરણોનું સ્મરણ કરીએ છીએ એટલે અમે મોટો ગુણ પ્રાપ્ત કરેલો છે. જો ભગવાને જ તે પ્રમાણે કર્યું (અમને રાજ્ય વિનાના કર્યા) ન હોત, તો રાજ્ય ગૂમાવતાં અમારી ઘણી ઉત્તમ જ બુદ્ધિ ન થાત. ભગવાન તો બહુ કૃપાલુ હોઈ તેમણે અનિષ્ટ રાજ્યનો ત્યાગ કરાવી અમોને ઉત્તમ કાર્યમાં યોજ્યા, તેથી કાર્યને અનુસરીને કાલ આપની મૂર્તિ છે એવો નિર્ણય અમે કરેલ છે. ૧૩.

'જેમ તાવવાળાને અન્ન (દુઃખનું કારણ થાય છે) તેમ દોષવાળાઓને જ રાજ્ય દુઃખનું કારણ થાય છે. તેથી હમણાં દોષ દૂર થએલા હોવાથી, રાજ્ય ગ્રહણ કરો' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**અથો ન રાજ્યં મૃગતૃષ્ણિરૂપિતં દેહેન શશ્વત્પતતા રુજાં ભુવા ।।**
**ઉપાસિતવ્યં સ્પૃહયામહે વિભો ક્રિયાફલં પ્રેત્ય ચ કર્ણરોચકમ્ ।।૧૪।।**

હે સમર્થ! નિરંતર મૃત્યુએ ગળેલા, રોગોના સ્થાનરૂપ, દેહથી ભોગવી શકાય તેવા ઝાંઝવાના જલ જેવા રાજ્યની, અને કર્ણને આનંદકારક, મરણ પછી (પ્રાપ્ત થાય તેવા) કર્મનાં ફલની હવે અમે ઈચ્છા રાખતા નથી. ૧૪.

આથી આ લોકના અને પરલોકના દોષ દર્શાવીને વૈરાગ્ય જણાવવામાં આવે છે. 'અથો' દોષ દૂર થયા પછી 'હવે' અમે રાજ્યની ઈચ્છા રાખતા નથી. 'ઝાંઝવાના જલ જેવા' વિશેષણથી રાજ્યનો સ્વરૂપથી દોષ કહેલા છે, (તે) લાભ વિનાનું છે એવો અર્થ છે.

આ (રાજ્ય ભોગવવા)નું સાધન તો બહુ જ દુષ્ટ છે એમ 'દેહથી ભોગવી શકાય તેવા' વિશેષણથી કહે છે, કારણ કે રાજ્ય આત્માથી ભોગવી શકાય તેવું નથી, પરંતુ દેહથી જ (ભોગવી શકાય તેવું છે). દેહ તો (૧) હાલની સ્થિતિમાં અને (૨) ભવિષ્યમાં દોષવાળો છે એવા (તેના) બે દોષો ''(૧) 'શશ્વત્પતતા' નિરંતર મૃત્યુએ ગળેલા અને (૨) 'રુજાં ભુવા' રોગોની ઉત્પત્તિના સ્થાનરૂપ'' એ બે વિશેષણોથી કહેલા છે. તેથી (દેહ) પોતાથી અને અનુચરોથી દોષવાળો હોવાથી

અમે (તેનાથી ભોગવાય તેવા રાજ્યની) ઈચ્છા રાખતા નથી. એવી રીતે આ લોકના ફલમાં દોષ કહ્યો. 'અને મરણ પછી (પ્રાપ્ત થાય તેવા) કર્મનાં ફલની અમે ઈચ્છા રાખતા નથી' શબ્દોથી પરલોકનાં (ફલ)નો પણ દોષ કહેલો છે. યજ્ઞ વિગેરે કર્મ તેનું ફલ સ્વર્ગ વિગેરે છે, તે પણ 'પ્રેત્યૈવ' મરણ પછી જ પ્રાપ્ત થાય તેવું છે. નાત બહાર થવાથી જે પ્રાપ્ત થાય તેવું હોય તેની પણ લોકો દરકાર કરતા નથી, તો પછી જે મરણથી પ્રાપ્ત થાય તેવું હોય તેની ડાહ્યો માણસ કેમ જ દરકાર કરે? તે પણ માત્ર કર્ણને જ આનંદકારક હોઈ, દૂરથી જ સારું હોવાનું સાંભળવામાં આવે છે, પરંતુ ત્યાં સ્વર્ગમાં સ્પર્ધા, ઈર્ષ્યા, ભય વિગેરે ઘણાં હોવાથી સારું નથી. ૧૪.

એવી રીતે આ લોકના અને પરલોકના ફલ પ્રતિ પોતાનો વૈરાગ્ય હોવાનું કહીને, પોતે જ્ઞાનના ઉપદેશ માટે અધિકારી છે એમ જણાવીને નીચેના શ્લોકમાં પ્રાર્થના કરે છે :

**તન્નઃ સમાદિશોપાયં યેન તે ચરણાબ્જયોઃ ।।**
**મતિર્યથા ન વિરમેદપિ સંસરતામિહ ।।૧૫।।**

આ લોકમાં જન્મ મરણ થતાં હોવા છતાં પણ જે (કરવા)થી અમારી બુદ્ધિ આપના ચરણકમલથી અટકે નહિ તે ઉપાયનો અમને ઉપદેશ કરો. ૧૫.

(ભગવાનના) ચરણના સ્મરણથી જ (તેઓ સન્માર્ગમાં) આટલે દૂર આવ્યા, તેથી ચરણના નિરંતર સ્મરણના ઉપાયથી જ પ્રાર્થના કરે છે. જો ઉપાય જાણવામાં આવે તો જ જે પ્રાપ્ત કરવાનું છે તે પોતાના ઉપયોગમાં આવે, તેથી 'યથા' જે ઉપાયથી આપના ચરણકમલના સંબંધવાળી (અમારી) બુદ્ધિ અટકે નહિ (તેવો ઉપદેશ કરો). પોતાની બુદ્ધિને (ભગવાનના ચરણમાં) રાખવાનું અશક્ય છે એમ કહેવા 'જન્મ મરણ થતાં હોવા છતાં' શબ્દોથી તેનો વિનાશ કરનાર જણાવે છે. જન્મમરણરૂપ સંસાર જ ભગવાનના ચરણના સ્મરણને વિસરાવનારો છે.

'ત્યારે તે સંસાર ન રહે તેની જ પ્રાર્થના કરવી યોગ્ય છે, (ચરણના) સ્મરણના ઉપાયની પ્રાર્થના શા માટે કરો છો?' તેવી શંકા થાય, તેથી 'અપિ' 'પણ' શબ્દ યોજલ છે. સંસાર તો ભગવાનના માર્ગમાં ઉપયોગી હોવાથી પ્રાર્થના કરવા યોગ્ય છે, એવો ભાવ છે. ૧૫.

એવી રીતે પ્રાર્થના કરીને, નીચેના શ્લોકમાં ભગવાનનાં છ ગુણો જણાવનારાં નામો કહીને નમસ્કાર કરે છે :

**કૃષ્ણાય વાસુદેવાય હરયે પરમાત્મને ।।**
**પ્રણતક્લેશનાશાય ગોવિન્દાય નમો નમઃ ।।૧૬।।**

શ્રીકૃષ્ણ, વાસુદેવ, હરિ, પરમાત્મા, પ્રણામ કરનારાઓનાં દુઃખનો નાશ કરનારા, ગોવિંદને નમસ્કાર હો, નમસ્કાર હો. ૧૬.

(શ્રીકૃષ્ણ) સદાનંદરૂપ હોવાથી અથવા કાલરૂપ હોવાથી વૈરાગ્યના કારણરૂપ છે. વાસુદેવ શુદ્ધ સત્ત્વરૂપ હોવાથી 'વાસુદેવ' જ્ઞાનનાં કારણરૂપ છે. બહારનું દુઃખ શ્રી (લક્ષ્મી)થી જ દૂર થાય છે, તેથી (દુઃખ હરનાર) 'હરિ' શ્રીનાં કારણરૂપ છે. સર્વથી ઉત્તમ હોવાપણું જ યશનું કારણ હોવાથી 'પરમાત્મા' યશનાં કારણરૂપ છે. વીર્યનું કાર્ય 'પ્રણામ કરનારાઓનાં દુઃખનો નાશ' (વીર્યનાં) કારણરૂપ છે, 'ગોવિંદ' ઈન્દ્ર હોવાથી ઈશ્વર (ઐશ્વર્યવાળા) છે. પ્રેમ દર્શાવવા (નમસ્કાર) બે વાર કરેલા છે. (તેથી) એમ સૂચવેલું છે કે પ્રેમથી (કરેલા) નમસ્કાર સર્વ કાર્યો સફલ કરાવનાર છે. ૧૬.

પછી જે થયું તે નીચેના શ્લોકમાં કહે છે :

॥ શ્રીશુક ઉવાચ॥

**સંસ્તૂયમાનો ભગવાન્ રાજભિર્મુક્તબન્ધનૈઃ ॥**
**તાનાહ કરુણસ્તાત શરણ્યઃ શ્લક્ષ્ણયા ગિરા ॥૧૭॥**

હે તાત! બંધનથી મુક્ત થએલા રાજાઓથી સ્તુતિ કરાતા, કૃપાલુ અને શરણ જવાયોગ્ય ભગવાને સુખ આપનારી વાણીથી તેઓને નીચે પ્રમાણે કહ્યું. ૧૭.

મોટા પુરુષ જેમને સ્તુતિ પ્રિય હોય તેવા હોય છે જ. તેથી 'ભગવાન્' એમ કહેલું છે. મોટાઓ સ્તુતિ કરે ત્યારે પ્રસન્ન થાય છે એમ જણાવવા 'રાજાઓથી સ્તુતિ કરાતા' શબ્દ યોજેલ છે. '(કેદખાનામાંથી) છૂટા કરવાથી કાર્ય પુરું થયું નથી' અથવા 'એક વાર ફલ પ્રાપ્ત કરેલાઓએ સ્તુતિ કરી' એમ 'બંધનથી મુક્ત થએલા' વિશેષણથી (કહેલું છે). ઉદ્ધતાઈ થતાં ક્રોધ કર્યા વિના વરદાન આપવાનું કારણ 'કૃપાલુ' શબ્દ કહેલું છે. (શુક પરિક્ષિતને) ઠગતા નથી એમ જણાવવા 'હે તાત!' એવું પરિક્ષિતનું સંબોધન કરેલું છે. 'શરણ જવા યોગ્ય' એ ભગવાનનો કુદરતી ગુણ છે એવો (અર્થ છે). 'શ્લક્ષ્ણા' એટલે માત્ર શ્રવણ થતાં સુખ આપનારી વાણી(થી કહ્યું). પાંચમો પદાર્થ[1] શબ્દ પણ[1] કહ્યો. ૧૭.

**જિજ્ઞાસાર્તી તદધિકારે દ્વયમસ્તીતિ વૈ હરિઃ ॥**
**સાત્ત્વિકેભ્યો મુખ્યશાસ્ત્રં સગુણં પ્રાહ યોગ્યતઃ ॥૬॥**

તે (મુખ્ય શાસ્ત્ર)ના અધિકારના સંબંધમાં (રાજાઓને તે) જાણવાની

૧-૧. શ્લોક ૫(તથા ૬)માં રૂપ, રસ ગંધ અને સ્પર્શ કહેલા છે. અહિં (બાકીનો પાંચમો ગુણ) શબ્દ પણ કહ્યો, એમ 'અપિ' 'પણ' શબ્દથી જણાવે છે. (લે)

ઈચ્છા અને ઉત્કંઠા બે હતાં જ, તેથી હરિએ સાત્ત્વિક (રાજાઓને) યોગ્ય હોવાથી [1]ગુણવાળું મુખ્યશાસ્ત્ર કહ્યું . કા.૬.

**સ્વકીયાન્ ષડ્ગુણાન્ પ્રાહ ષડ્ભિઃ સર્વત્ર દુર્લભાન્ ।।**
**ભક્તિદાનં બુદ્ધિશંસા રાજ્યદોષઃ કૃપાકૃતિઃ ।।૭।।**
**ઋણત્રયં નિરાકૃત્ય તત્ર ચિન્તા વિરાગતા ।।**
**એવં ધર્મૈર્હરિપ્રાપ્તિરિતિ વાક્યાર્થસઙ્ગ્રહઃ ।।૮।।**

(ભગવાને) છ (શ્લોકો)થી સર્વ (કોઈપણ) સ્થલે પ્રાપ્ત ન થાય તેવા પોતાના છ ગુણો કહ્યા, ભક્તિનું દાન (૧૮), (રાજાઓની) બુદ્ધિની પ્રશંસા (૧૯), રાજ્યમાં (રહેલ) દોષ (૨૦), કૃપાથી (દર્શાવેલ) કર્તવ્ય (૨૧), ત્રણ ઋણ ભરી દઈ તેમનું (ભગવાનનું) ચિંતન (૨૨), વૈરાગ્ય (૨૩), એવા ગુણોથી ભગવાનની પ્રાપ્તિ થશે એવો (ભગવાનના) વાક્યનો ભાવાર્થ છે. કા. ૭-૮.

જરાસંધને હણી તેઓના દેહોને મુક્ત કરાવી, સ્તુતિથી પ્રસન્ન થઈ, નીચેના શ્લોકોથી ભગવાન્ તેઓના આત્માઓને મુક્ત કરાવે છે :

।। શ્રીભગવાનુવાચ ।।

**અદ્યપ્રભૃતિ વો ભૂપા મય્યાત્મન્યખિલેશ્વરે ।।**
**સુદઢા જાયતાં ભક્તિર્બાઢમાશંસિતં તથા ।।૧૮।।**

હે રાજાઓ! સર્વના ઈશ્વર (અને) આત્મારૂપ મારામાં આજથી તમારી ઘણી દઢ ભક્તિ થાઓ. તમે તેવી રીતે (તે) ઘણું સારું ઈચ્છેલું છે. ૧૮.

'અમારું સ્મરણ અટકે નહિ' એમ તેઓએ પ્રાર્થના કરેલી, તેનો આરંભમાં ઉત્તર આપે છે કે ''આજથી 'વઃ' તમારી મારામાં ઘણી દઢ ભક્તિ થાઓ.'' સિદ્ધાંત એવો છે કે ઘણો સ્નેહ હોય ત્યારે જ સદા સ્મરણ થાય છે, પ્રયોજન સિદ્ધ કરાવનાર હોવાપણું તો સ્મરણનું ઉપાધિવાળું કારણ છે. તે* પણ 'સર્વના ઈશ્વર અને આત્મારૂપ મારામાં' શબ્દોથી કહે છે. અંદરથી અને બહારથી ભગવાન્ જરુર સેવા કરવા યોગ્ય છે એવો અર્થ છે. તેઓને ભેદનું જ્ઞાન થાય તે માટે 'હે રાજાઓ' એવું સંબોધન કરેલું છે. 'બાઢં' જેમ ઈચ્છેલું, આ યોગ્ય પ્રકારે ઈચ્છેલું (તે) જ આપેલું છે, પરંતુ કાંઈ નવીન (અજાણ્યું) આપેલ નથી. ૧૮.

ત્યારે 'ઈચ્છા કરવામાં દોષ હશે' એવી શંકા થાય, તેથી 'સારી ઈચ્છા કરી' એમ નીચેના શ્લોકમાં કહે છે :

**દિષ્ટ્યા વ્યવસિતં ભૂપા ભવન્ત ઋતભાષિણઃ ।।**

---

૧. 'ગુણવાળું' એટલે છ ગુણો દર્શાવનારું. (લે)

*. 'તે' એટલે '(મારામાં) ઘણો સ્નેહ હોવાનું કારણ' એવો અર્થ જણાય છે.

**શ્રિયૈશ્વર્યમદોન્નાહં પશ્ય ઉન્માદકં નૃણામ્ ।।૧૯।।**

હે રાજાઓ! તમોએ સદ્‌ભાગ્યે સારો નિશ્ચય કર્યો છે. તમો સત્યવાદી છો. લક્ષ્મી સાથેની સત્તાથી થતા મદનું બંધન મનુષ્યોને ગાંડા કરનારું હું જોઉં છું. ૧૯.

અટક્યા વિનાનું સ્મરણ થવાના ઉપાયની પ્રાર્થના સંબંધી એવો નિશ્ચય સાધારણ (પુરુષો)ને થતો નથી. વળી તમો સત્યવાદી છો. રાજ્ય દુઃખનું કારણ હોવાનું (તમારું) વચન, (જે) તમે અંતઃકરણપૂર્વક વિચારેલું છે તે સત્ય જ છે, કારણ કે હું પણ લક્ષ્મી સાથેની સત્તાથી થતા મદનું બંધન મનુષ્યોને ગાંડા કરનારું જ જોઉં છું. લક્ષ્મી સાથેની જે સત્તા, તેનાથી જે 'મદોન્નહઃ' મદનું બંધન, સદા મદવાળી સ્થિતિ થાય છે, તે મનુષ્યોને ગાંડા કરનારી એટલે ભ્રાંતિ ઉત્પન્ન કરનારી છે. આ વિષયનું પ્રમાણ 'હું જોઉં છું' શબ્દોથી કહેલું છે. ૧૯.

તેથી જ મેં ઘણાને તે મદનો ત્યાગ કરાવેલો છે એમ કહે છેઃ

**હૈહયો નહુષો વેનો રાવણો નરકોઽપરે ।।**
**શ્રીમદાદ્ભ્રંશિતાઃ સ્થાનાદ્દેવદૈત્યનરેશ્વરાઃ ।।૨૦।।**

હૈહય, નહુષ, વેન, રાવણ, નરક (તથા) બીજા, દેવ દૈત્ય અને મનુષ્યના રાજાઓ લક્ષ્મીના મદને લીધે સ્થાનથી ભ્રષ્ટ કરાવેલા છે. ૨૦.

જો આ (રાજાઓ)ને જ આજે જ (મદનો) ત્યાગ કરાવવામાં આવે તો વિવેક વિનાની સ્થિતિમાં ઈર્ષ્યા(થી તેમ કર્યું) એમ પણ થાય (માનવામાં આવે); પરંતુ પહેલાં પણ એવી સ્થિતિ હોય તો 'પાંચની સાથે દુઃખ (થતું) નથી' એ નિયમ પ્રમાણે (ભગવાનમાં) દોષ હોવાનો સંભવ રહેતો નથી; અને જો તેઓ (પહેલાં મદનો ત્યાગ કરાવેલા રાજાઓ) મોટા હોય તો તો જરાએ (દોષ હોવાનો સંભવ) રહેતો નથી; તેથી તેઓની મોટાઈ સિદ્ધ થાય તે માટે (તેઓનાં) નામ કહે છે. હૈહય એટલે સહસ્રાર્જુન, અને યયાતિના બાપ નહુષને (અનુક્રમે) પરશુરામ અને ઈન્દ્રાણીએ ભ્રષ્ટ કરાવેલા. વેનને બ્રાહ્મણોએ, રાવણને રામે, (અને) નરકને મેં (શ્રીકૃષ્ણે) જ (ભ્રષ્ટ કરાવેલા), અને હિરણ્યકશિપુ વિગેરે એવા (ભ્રષ્ટ) થએલા બીજા સેંકડો છે. લક્ષ્મીનો મદ અને સ્થાનનો ત્યાગ કરાવેલા એટલે રાજ્ય અને દેહ તજાવેલા એવો (અર્થ છે). નહુષ વિગેરે દેવો, હિરણ્યકશિપુ વિગેરે દૈત્યો, અર્જુન (સહસ્રાર્જુન) વિગેરે મનુષ્યોના રાજાઓ, એમ ત્રણે ગુણવાળાઓને પણ સ્થાનથી ભ્રષ્ટ કરવામાં આવે છે. ૨૦.

તેથી મદ હશે તો સ્થાનથી ભ્રષ્ટ થવાશે એવો નિશ્ચય કરીને, મદનો ત્યાગ કર, હું કહું તેમ કરો એમ નીચેના શ્લોકમાં કહે છે :

**ભવન્ત એતદ્વિજ્ઞાય દેહાદ્યુત્પાદ્યમન્તવત્ ।।**

**માં યજન્તોઽધ્વરૈર્યુક્તાઃ પ્રજા ધર્મેણ રક્ષથ ।।૨૧।।**

તમો આ જાણીને, ઉત્પન્ન થનારા દેહ વિગેરેને અંતવાળા જાણીને, મારું યજ્ઞોથી પૂજન કરતાં, સાવધાન રહી ધર્મ પ્રમાણે પ્રજાનું રક્ષણ કરો. ૨૧.

'આ' એટલે પહેલાં કહેલ (મદથી થતો) ભ્રષ્ટ થવારૂપ (અનર્થ) અનુભવ અને તર્કથી વધારે જાણીને, દેહ વિગેરે પ્રતિ વૈરાગ્ય રાખવો જોઈએ એમ કહેતાં, પહેલાં દેહના દોષ કહે છે. 'દેહ વિગેરે' દેહ, રાજ્ય વિગેરે 'ઉત્પાદ્યં' કોઈકથી ઉત્પન્ન કરવામાં આવે છે, પરંતુ તે સદા રહેનારાં કુદરતી નથી. તેથી જ આને અંતવાળાં એટલે નાશ થનારાં જાણીને, દેહનું રક્ષણ કરવામાં ઓછા પ્રયત્નવાળા થઈ, પોતાની મેળે જ દૈવને લીધે રહેલા તે (દેહ)થી 'અધ્વરૈઃ' યજ્ઞોથી મારું પૂજન કરતાં ધર્મ પ્રમાણે પ્રજાનું રક્ષણ કરો. પ્રજાનું પાલન અને યજ્ઞો (કરવાં એ) રાજાઓના ધર્મો છે. ૨૧.

નીચેના શ્લોકમાં સાધારણ ધર્મ કહે છે :

**વિતન્વન્તઃ પ્રજાતન્તૂન્ સુખં દુઃખં ભવાભવૌ ।।**
**પ્રાપ્તં પ્રાપ્તં ચ સેવન્તો મચ્ચિત્તા વિચરિષ્યથ ।।૨૨।।**

સંતતિની પરંપરાનો વિસ્તાર કરતાં, સુખ અને દુઃખ, લાભ અને હાનિ અને જે જે પ્રાપ્ત થાય તેનું સેવન કરતાં મારામાં ચિત્ત રાખી વિચરશો. ૨૨.

આ ગૃહસ્થનો જ ધર્મ છે. સર્વ સ્થલે (આશ્રમમાં) પુરુષાર્થ સિદ્ધ થતા હોવાથી બીજા આશ્રમોનો (ભગવાન્) ઉપદેશ કરતા નથી. 'પ્રજાતન્તૂન્' સંતતિની પરંપરા 'વિતન્વન્તઃ' સારી રીતે પ્રાપ્ત કરતાં, (અને) ત્યાર પછી (૧) સુખ અને (૨) દુઃખ, (૩) 'ભવઃ' લાભ અને (૪) 'અભવઃ' હાનિ, સાધ્ય અને સાધનરૂપ આ ચાર દૈવને લીધે 'પ્રાપ્તં પ્રાપ્તં' જે જે પ્રાપ્ત થાય (તેનું સેવન કરતાં વિચરશો). એક વાર દુઃખ પામીને મટી ગએલો રોગ ફરી થાય ત્યારે પહેલાં અનુભવ કરેલા દુઃખના ભયને લીધે તેને મટાડવાનો પ્રયત્ન કરવો નહિ, એમ સૂચવવા ('પ્રાપ્તં પ્રાપ્તં' એમ) બે વાર કહેલ છે. 'ચ' 'અને' શબ્દથી બીજાં પણ સુખ અને દુઃખના પ્રાપ્ત થએલાં સાધનો કહેલાં છે. 'મારામાં ચિત્ત રાખી' શબ્દથી (તેમને) સહન કરવાનું સાધન (કહેલું છે). 'શ્રીકૃષ્ણ મારા છે, આ (સુખ વિગેરે) સારા અથવા (દુઃખ વિગેરે) નઠારાનું શું પ્રયોજન?' એવો નિશ્ચય કરીને, જેવું જેવું પ્રાપ્ત થાય તેનો અનુભવ કરવો, એવો અર્થ છે. ૨૨.

એમ કરવાથી જે ફલ થશે તે નીચેના શ્લોકમાં સાધન સહિત જણાવે છે :

**ઉદાસીનાશ્ચ દેહાદાવાત્મારામા ધૃતવ્રતાઃ ।।**
**મય્યાવેશ્ય મનઃ સમ્યઙ્ મામન્તે બ્રહ્મ યાસ્યથ ।।૨૩।।**

અને દેહ વિગેરે પ્રતિ ઉદાસીન રહી, આત્મામાં રમણ કરનાર વ્રત ધારણ કરનાર થઈ, મારામાં સારી રીતે મન રાખી, અંતે બ્રહ્મરૂપ મને પ્રાપ્ત કરશો. ૨૩.

પોતાનાં ધન, બંધુઓ દેહ (તેના) ધર્મો વિગેરે પ્રતિ ઉદાસીન રહી, એટલે (તે) પ્રાપ્ત થાઓ અથવા ન થાઓ એમ (તેમનામાં) પ્રેમ અથવા દ્વેષ વિનાના થઈ (મને પ્રાપ્ત કરશો). માત્ર બહિર્મુખપણું ન હોય એટલું જ જરુરી નથી, પરંતુ આત્મામાં રમણ (કરવાનું) પણ (જરુરી છે). આ બંને સિદ્ધ થાય તે માટે ભગવાનના વ્રત ધારણ કરનારા થાઓ. એવી રીતે સાધનોથી, જીંદગી રહે ત્યાં સુધી, મારામાં સારી રીતે મન રાખી અંતે એટલે મરણ સમયે બ્રહ્મ જેમનું સ્વરૂપ છે તેવા મને 'યાસ્યથ' પ્રાપ્ત કરશો. વચમાં દેહનો નાશ કરવા પ્રયત્ન કરવામાં આવે તો દેહમાં બીજ[1] રહે, તેથી દેહના પડવાની જ રાહ જોવી જોઈએ. મારું સ્મરણ જ કરી શકાય તેવું અને કાર્ય સિદ્ધ કરાવનારું છે, અને તેનાથી મારી જ પ્રાપ્તિ થશે. હું બ્રહ્મ હોવાથી તે (મારા સ્મરણ)નું ફલ મોક્ષ જ થશે, એમ ફલ અને તેની પ્રશંસા કહ્યાં. ૨૩.

એવી રીતે અભિમાન વિનાની સ્થિતિ, પ્રેમભક્તિ, અટકે નહિ તેવું સ્મરણ અને મરણ થતાં મોક્ષ તેઓને આપીને, સંતોષ પામેલાઓને પણ લોકો માન આપે તે માટે લૌકિક સેવાથી વિશુદ્ધ કર્યા એમ ત્રણ શ્લોકથી કહે છેઃ

॥ શ્રીશુક ઉવાચ ॥

**ઈત્યાદિશ્ય નૃપાન્ કૃષ્ણો ભગવાન્ ભુવનેશ્વરઃ ॥**
**તેષાં ન્યયુઙ્ક્તઃ પુરુષાન્ સ્ત્રિયોમજ્જનકર્મણિ ॥૨૪॥**

ભુવનોના ઈશ્વર ભગવાન્ શ્રીકૃષ્ણે રાજાઓને એમ કહીને તેઓને સ્નાન કરાવવાના કર્મમાં પુરુષોને (અને) સ્ત્રીઓને યોજ્યાં. ૨૪.

કારણ કે શ્રીકૃષ્ણ સદાનંદ હોઈ તેમણે ભક્તોના સુખ માટે જ અવતાર લીધેલો હતો. તેમની પાસે સાધન ઘણાં હતાં એમ જણાવવા 'ભુવનોના ઈશ્વર' શબ્દ યોજેલ છે. આરંભમાં તેઓને 'મજ્જનકર્મણિ' સ્નાન કરાવવાનાં કર્મમાં પુરુષોને અને સ્ત્રીઓને યોજ્યાં. પુરુષો શ્રમ દૂર કરાવે, અને સ્ત્રીઓ સૌંદર્ય પ્રાપ્ત કરાવે તેથી બંનેને યોજ્યાં; અથવા સ્નાન ન કરવું પડે તેવાં કર્મોમાં અને સ્નાન કરાવવું પડે તેવાં કર્મોમાં એટલે જે કર્મો કરવામાં આવતાં સ્નાન કરવું પડે તથા સ્નાન કરવું ન પડે તેવાં કર્મોમાં યોજ્યાં એવો અર્થ લેવો. હજામત કરાવવી, તેલ વિગેરે ચોળાવવું વિગેરેમાં સ્નાન કરવું પડે છે અને તિલક કરવું વિગેરેમાં સ્નાન

૧. પ્રયત્ન કરી દેહનો નાશ કરવામાં આવે તો દેહનું બીજ એટલે દેહ પ્રાપ્ત કરાવનારું કર્મ રહી જ જાય. એવા પ્રસંગે બીજો જન્મ થાય જ, એવો અર્થ છે. (લે)

કરવું પડતું નથી. ૨૪.

**સપર્યાં કારયામાસ સહદેવેન ભારત ।।**
**નરદેવોચિતૈર્વસ્ત્રૈર્ભૂષણૈઃ સ્રગ્વિલેપનૈઃ ।।૨૫।।**

હે ભારત! રાજાઓને યોગ્ય વસ્ત્રો, ભૂષણો, માલાઓ અને લેપોથી સહદેવ પાસે (તેઓની) પૂજા કરાવી. ૨૫.

પછી તે રાજાઓ (સહદેવના) ઘેર આવેલા હોવાથી જરાસંધના પુત્ર સહદેવ પાસે તેઓની 'સપર્યાં' વિધિ પ્રમાણે પૂજા કરાવી. (પરિક્ષિતને) ધર્મના કાર્યમાં વિશ્વાસ રહે તે માટે 'હે ભારત' એમ સંબોધન કરેલું છે. પૂજાનો પ્રકાર ઉત્તરાર્ધથી કહે છે. ઉત્તમ ઝબ્બા, પાઘડી વિગેરે (વસ્ત્રો)થી, કુંડલ વિગેરે ભૂષણોથી, માલાઓથી (અને) ચંદન વિગેરે (લેપો)થી (પૂજા કરાવી). ૨૫.

**ભોજયિત્વા વરાન્નેન સુસ્નાતાન્ સમલઙ્કૃતાન્ ।।**
**ભૌગૈશ્ચ વિવિધૈર્યુક્તાંસ્તામ્બૂલાદ્યૈર્નૃપોચિતૈઃ ।।૨૬।।**

ઉત્તમ અન્નથી ભોજન કરાવીને, સારી રીતે નાએલા અને શણગારેલાઓને રાજાને યોગ્ય તાંબૂલ વિગેરે જાતજાતના ભોગ કરાવ્યા. ૨૬.

પછી પકાવેલાં ઉત્તમ અન્નથી ભોજન કરાવીને, ફરી સાંજે નાએલા અને શણગારેલાઓને નૃત્ય, ગીત વિગેરે જાતજાતના ભોગ કરાવ્યા. રાજાના ભોગમાં તાંબૂલ મુખ્ય હોવાથી, અન્ન અને વસ્ત્ર(ના ભોગ) સર્વને સમાન હોવાથી, (આ) ભેદ ગૌણ જ છે. તે (તાંબૂલ વિગેરે) પણ રાજાને યોગ્ય (હતાં). ૨૬.

નીચેના શ્લોકમાં ભગવાને વિશુદ્ધ કરેલા તે (રાજા)ઓનું વર્ણન કરે છે :

**તે પૂજિતા મુકુન્દેન રાજાનો મૃષ્ટકુણ્ડલાઃ ।।**
**વિરેજુર્મોચિતાઃ ક્લેશાત્ પ્રાવૃડન્તે યથા ગ્રહાઃ ।।૨૭।।**

મુકુંદે પૂજેલા ઉજળાં કુંડલોવાળા, દુઃખમાંથી છોડાવેલા તે રાજાઓ, વર્ષાઋતુના અંતે જેમ ગ્રહો ઘણા શોભે તેમ, ઘણા શોભ્યા. ૨૭.

પહેલાં બીજા મારફત શુદ્ધ થએલા હોવા છતાં, મુકુંદે વચનોથી અને ઉત્તમ પદાર્થો આપીને ફરીથી પૂજેલા બધાએ રાજાઓ 'મૃષ્ટકુણ્ડલાઃ' રત્ન જેવાં ઉજળાં કુંડલોવાળા થઈ એટલે રાજ્યનાં ચિહ્નો પ્રાપ્ત કરી, પહેલાંની સ્થિતિ કરતાં પણ ઘણા વધારે શોભ્યા. તેનું કારણ 'દુઃખથી છોડાવેલા' વિશેષણથી કહેલું છે. દુઃખ ભોગવ્યા પછી ફરીથી શુદ્ધિ થતાં, વધારે કાંતિ થાય છે. આ વિષયનું દૃષ્ટાંત 'વર્ષાઋતુના અંતે જેમ ગ્રહો ઘણા શોભે તેમ' શબ્દોથી કહેલું છે. વાદળાંઓ જાય ત્યારે શુક્ર વિગેરે ગ્રહો પહેલાં કરતાં પણ ઘણા ઉજળા થાય છે. વચમાં રહેલાં ભૂમિનાં રજકણો વરસાદથી અને વાદળાંઓની ગતિથી નીકળી જતાં હોવાથી,

મેલવાળા પદાર્થો વચ્ચે રહેતા નહિ હોવાથી, ગ્રહો ઉજળા થાય છે. એવી રીતે પુરુષો પણ દુઃખના ભોગથી પાપનો નાશ થતાં (અને) શુદ્ધિથી બહારનો મેલ નીકળી જતાં, ભૂષણોથી ઘણા કાંતિવાળા[1] થાય છે, એવો અર્થ છે. ૨૭.

પછી ભગવાન્ તેઓને પોતાની સાથે લઈ જશે એવી શંકા દૂર કરવા કહે છે :

**રથાન્ સદશ્વાનારોપ્ય મણિકાઞ્ચનભૂષિતાન્ ।।**
**પ્રીણય્ય સૂનૃતૈર્વાક્યૈઃ સ્વદેશાન્ પ્રત્યયાપયત્ ।।૨૮।।**

ઉત્તમ અશ્વો જોડેલા, મણિ અને સુવર્ણથી શણગારેલા રથોમાં બેસાડી, મધુર વચનોથી પ્રસન્ન કરી પોતપોતાના દેશોએ પહોંચાડ્યા. ૨૮.

બધાને રથોમાં બેસાડ્યા, અને રથોને ઉત્તમ અશ્વો જોડાવ્યા. વળી તે રથો મણિ, સુવર્ણ વિગેરેથી શણગારેલા હતા. પછી મધુર વચનોથી પણ તે રાજાઓને પ્રસન્ન કરીને (પોતપોતાને દેશ પહોંચાડ્યા). એવી રીતે કાયા, વાણી અને મનથી તેઓને સંપૂર્ણ રીતે સુખી કરીને 'સ્વદેશાન્' (પોતપોતાના) જુદા જુદા દેશોએ 'પ્રત્યયાપયત્' પહોંચાડ્યા. નિરોધમાં પહોંચાડવાનું જરુરી છે, અને તે ઘરમાં સ્થિર થાય ત્યાં સુધીનું (હોવું જોઈએ); તેમ ન હોય તો (પહોંચાડવાનું) અધુરું જ કરેલું થાય (ગણાય). ૨૮.

એવી રીતે ભગવાનથી માન પામેલાઓ પોતાના દેશ ગયા એમ કહે છે :

**ત એવં મોક્ષિતાઃ કૃચ્છ્રાત્કૃષ્ણેન સુમહાત્મના ।।**
**યયુસ્તમેવ ધ્યાયન્તઃ કૃતાનિ ચ જગત્પતેઃ ।।૨૯।।**

એવી રીતે ઉત્તમ મહાત્મા શ્રીકૃષ્ણે દુઃખમાંથી મુક્ત કરાવેલા તેઓ તેમનું જ અને જગત્પતિના કૃત્યોનું ધ્યાન ધરતાં ગયા. ૨૯.

લોકમાં જેઓને મુક્ત કરાવવામાં આવે છે તેઓ પાસેથી ઉલટું કાંઈક લઈને અથવા લીધા વિના (તેઓને) સાંકળો વિગેરેથી માત્ર છૂટા કરવામાં આવે છે, પરંતુ આવી રીતે સર્વ સુખનાં સાધનો આપવામાં આવતા નથી. આમને તો આવી રીતે મુક્ત કરાવવામાં આવ્યા, અને તે પણ દુઃખમાંથી, કારણ કે થોડોક વિલંબ થયો હોત તો મહાદેવ માટે (તેઓને) હણવામાં આવ્યા હોત. શ્રીકૃષ્ણે એટલે સદાનંદે મુક્ત કરાવ્યા તેથી મુક્ત કરાવનારા ગુણોનો પાછલથી તેમનામાં પ્રવેશ થવાથી એવી રીતે થયું, એવો અર્થ છે. મહાત્મા તો[1] પોતાના ઉપકાર[2] વિના જ

---

૧. 'સોજ્જવલા' એટલે ઉજળાં રૂપવાળા, એવો અર્થ છે.(લે)

૧-૧. (આ વાક્યમાં) 'પરં' શબ્દ બે વાર આવે છે. તેમાંનું એક 'તો'ના અર્થમાં છે, બીજું 'શત્રુ'ના અર્થમાં છે. (લે) 'બીજાને' એવો અર્થ પણ થાય છે.

૨. 'ઉપકાર વિના જ' એટલે પોતે ઉપકાર કરે છે એવી બુદ્ધિ વિના જ. એવો અર્થ જણાય છે.

બીજાને[1] મુક્ત કરે છે. આ શ્રીકૃષ્ણ તો ઉત્તમ મહાત્મા છે, તેથી પોતાની મેળે સર્વનું દાન કરે તે યોગ્ય છે. તેથી તેમનું જ અને ભગવાને કરેલાં સન્માન વિગેરેનું ધ્યાન ધરતાં તેઓ ગયા. વળી તેઓ આ (ભગવાનનું) સ્મરણ કરે તે યોગ્ય જ છે, કારણ કે ભગવાન્ પતિ હોવાથી તે આવશ્યક છે, પરંતુ આ (સ્મરણ)થી પણ તેઓ બદલો વાળતા ન હતા એમ જણાવતાં 'જગત્પતિના' એમ કહેલ છે. ૨૯.

પોતાના ઘેર જઈને આશ્ચર્યમાં ગરકાવ થએલા પોતાના ઘરમાં રહેનારાઓ પાસે તેમણે (ભગવાનના કૃત્યનું) ગાન કર્યું એમ કહે છે :

**જગદુઃ પ્રકૃતિભ્યસ્તે મહાપુરુષચેષ્ટિતમ્ ।।**
**યથાન્વશાસદ્ભગવાંસ્તથા ચક્રુરતન્દ્રિતાઃ ।।૩૦।।**

તેઓએ મહાપુરુષના ચરિત્રનું રૈયત પાસે ગાન કર્યું (અને) ભગવાને જેમ આજ્ઞા કરેલી તેમ આલસ વિનાના થઈ કર્યું. ૩૦.

મહાપુરુષનું ચરિત્ર આવું જ હોય છે એમ મહાપુરુષ ભગવાનના ચરિત્ર(નું ગાન કર્યું). પછી અભિમાન વિનાના જ થઈને (ભગવાનની આજ્ઞાનું) પાલન કર્યું, એમ ઉત્તરાર્ધથી કહે છે. ૩૦.

એવી રીતે તેમની જીવન્મુક્ત અવસ્થાનું નિરૂપણ કરીને જરાસંધના વધનું (રાજાઓની) મુક્તિમાં ઉપયોગીપણું કહીને, (તેનું) ભક્તિ અને ધર્મમાં ઉપયોગી-પણું કહેવા માટે નીચેના શ્લોકથી આરંભી પાંચ શ્લોકોથી (ભગવાન્) ઈન્દ્રપ્રસ્થ પાછા પધાર્યા તે કહે છે :

**જરાસંધં ઘાતયિત્વા ભીમસેનેન કેશવ ।।**
**પાર્થાભ્યાં સંયુત પ્રાયાત્ સહદેવેન પૂજિતઃ ।।૩૧।।**

ભીમસેનથી જરાસંધનો ઘાત કરાવીને, સહદેવથી પૂજાએલા કેશવ બે પાર્થો સાથે મળી (ત્યાંથી) નીકળ્યા. ૩૧.

ભીમસેનરૂપ સાધનથી[1] જરાસંધનો ઘાત કર્યો. બ્રહ્મા અને મહાદેવે તેનું રક્ષણ ન કર્યું[2], તેનું કારણ 'કેશવ' શબ્દથી (કહેલું છે) કે 'કઃ' બ્રહ્મા અને 'ઈશઃ' મહાદેવ, બંનેને મોક્ષ આપનાર હોવાથી, (ભગવાન્ તેમના) આશ્રય છે. પછી ઘવાયા વિનાના બે પૃથાના પુત્રો સાથે મળી, પિતાના વધનું સ્મરણ નહિ કરતાં,

૧. બલભદ્ર, અર્જુન, ભીમ વિગેરેના વ્યાજથી (શ્રી.ભાગ. ૨.૭.૩૫) એ વાક્ય પ્રમાણે બલભદ્ર વિગેરેમાં ભગવાનનો આવેશ થવાથી તેમણે ઘાત કરેલ એમ કહેલું હોવાથી તેઓ કરણ જ હતા. (લે)

૨. જરાસંધ બ્રાહ્મણોનું હિત કરનાર હોવાથી બ્રહ્મા તેનું રક્ષણ કરે, અને મહાદેવનો સેવક હોવાથી તે તેનું રક્ષણ કરે એમ સંભવતું હતું. (લે)

દેવના અંશરૂપ સહદેવે પૂજેલા (ભગવાન્) નીકળ્યા; પહેલાંની પેઠે દ્વેષનો ત્યાગ કરીને સારી રીતે (ત્યાંથી) નીકળ્યા, એવો અર્થ છે. ૩૧.

એવી રીતે આવીને, દૂરથી જ પોતાનું આગમન જણાવ્યું એમ નીચેના શ્લોકમાં કહે છે :

**ગત્વા તે ખાણ્ડવપ્રસ્થં શઙ્ખાન્ દધ્મુર્જિતારયઃ ।।**
**હર્ષયન્તઃ સ્વસુહૃદો દુર્હૃદાં ચાસુખાવહાઃ ।।૩૨।।**

શત્રુ ઉપર વિજય પ્રાપ્ત કરેલા તેઓએ ખાંડવપ્રસ્થ જઈને પોતાના મિત્રોને આનંદ પમાડતાં અને શત્રુઓને દુઃખ કરતાં શંખો વગાડ્યા. ૩૨.

ખાંડવ(વન)ને બાળ્યા પછી ત્યાં ઈન્દ્રપ્રસ્થ પાસે ભગવાને ઘણા અદ્ભુત પદાર્થોવાળું નગર વસાવેલું હતું, ત્યાં જઈને ઈન્દ્રપ્રસ્થના વતનીઓને (પોતાનું આગમન) જણાવવા માટે 'હૃષીકેશે પાંચજન્ય... (વગાડ્યો)' (ભ.ગી. ૧.૧૫) એ શ્લોકમાં કહેલા શંખો વગાડ્યા. તેઓએ શત્રુ ઉપર વિજય પ્રાપ્ત કરેલો હોવાથી ઉત્સાહથી (શંખો) વગાડ્યા. તે વગાડવાનું પ્રયોજન પોતાના મિત્રોને આનંદ પમાડવાનું અને શત્રુઓને દુઃખ કરવાનું હતું. ઘણા ભાગે રાત્રે (ખાંડવપ્રસ્થ) પહોંચેલા. ૩૨.

જે પ્રયોજનથી શંખો વગાડેલા તે સિદ્ધ થયું એમ કહે છેઃ

**તચ્છ્રુત્વા પ્રીતમનસ ઈન્દ્રપ્રસ્થનિવાસિનઃ ।।**
**મેનિરે માગધં શાન્તં રાજા ચાપ્તમનોરથઃ ।।૩૩।।**

તે સાંભળીને ઈન્દ્રપ્રસ્થના વતનીઓએ પ્રસન્ન ચિત્તવાળા થઈ જરાસંધને મરણ પામેલો માન્યો, અને રાજા સિદ્ધ થએલ મનોરથવાળો થયો. ૩૩.

બધા ઈન્દ્રપ્રસ્થના વતનીઓ પ્રસન્ન ચિત્તવાળા થયા. તેઓએ (શંખના) અવાજ સાંભળીને જ જરાસંધને મરણ પામેલો માન્યો, અને રાજા સિદ્ધ થએલ મનોરથવાળો થયો. ૩૩.

એવી રીતે નગરના વતનીઓ આનંદ પામતાં, પછી (તેઓને) નયનોનો આનંદ આપવા તેઓ આવ્યા, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**અભિવન્દ્યાથ રાજાનં ભીમાર્જુનજનાર્દનાઃ ।।**
**સર્વમાશ્રાવયાઞ્ચક્રુરાત્મના યદનુષ્ઠિતમ્ ।।૩૪।।**

પછી ભીમ અર્જુન અને જનાર્દને રાજાને નમસ્કાર કરીને પોતે જ કરેલું તે સર્વ સંભળાવ્યું. ૩૪.

ત્રણેએ અનુક્રમે પ્રસ્તાવનાને અનુસરીને 'આત્મના' ભગવાને અથવા પોતે (પોતપોતે) (જે કરેલું) તેનો વૃત્તાંત સંભળાવ્યો. જો કે અર્જુને કરેલું સ્પષ્ટ ન

હતું, છતાં પણ શસ્ત્રથી (કરવાનું) યુદ્ધ વિગેરે પ્રાપ્ત થતાં તેણે જ (ભીમનું) રક્ષણ કરેલું એમ જાણવું, કારણ કે જે કરેલું તે સામાન્ય રીતે વર્ણવેલું છે. ૩૪.

એ પ્રમાણે સંભળાવવામાં આવતાં, યુધિષ્ઠિરની ભગવાનમાં આસક્તિ થઈ એમ નીચેના શ્લોકમાં કહે છે :

**નિશમ્ય ધર્મરાજસ્તત્કેશવેનાનુકમ્પિતમ્ ।।**
**આનન્દાશ્રકણાન્ મુઞ્ચન્ પ્રેમ્ણા નોવાચ કિંચન ।।૩૫।।**

કેશવે કરેલી તે કૃપા સાંભળીને, આનંદના આંસુઓનાં બિંદુઓ પાડતાં ધર્મરાજે કાંઈ કહ્યું નહિ. ૩૫.

ધર્મરાજ અધિકારી હતા. તેથી આ સર્વ કેશવે 'અનુકમ્પિતમ્' કૃપાથી કર્યું એમ તેમણે જાણ્યું, પરંતુ પોતાના ભાઈઓનું (આ) પુરુષાતન હોવાનું જાણ્યું નહિ. પછી (કેશવ પ્રતિ) ઘણો પ્રેમ થવાથી, આનંદના આંસુઓનાં બિંદુઓ પાડતાં, (તેમની) વાણી અટકી પડતાં, તેમણે (કેશવની) પ્રશંસા, અભિનંદન વિગેરે કાંઈ પણ કહ્યું નહિ, એવો અર્થ છે. ૩૫.

**ઈતિ શ્રીલક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીવલ્લભદીક્ષિતે રચેલી**
**શ્રીમદ્‌ભાગવતની સુબોધિનીમાં દશમા સ્કંધના ઉત્તરાર્ધના વિવરણમાં**
**ચોવીસમો અને સળંગ સિત્તેરમો અધ્યાય સંપૂર્ણ.**

# અધ્યાય એકોતેરમો.

## યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞમાં શિશુપાલનો વધ

**પઞ્ચવિંશે નિરુદ્ધસ્ય રાજ્ઞો ધર્મો નિરૂપ્યતે ।।**
**પ્રતિબન્ધવિહીનસ્ય પ્રેમગદ્ગદચેતસઃ ।।૧।।**

પચીસમા (અધ્યાય)માં નિરોધ કરેલા, વિરોધ વિનાના, પ્રેમને લીધે ગદ્ગદ્ ચિત્તવાળા રાજાના ધર્મનું નિરૂપણ કરવામાં આવે છે. કા.૧.

**આધિદૈવિકયજ્ઞોઽપિ ધર્મેઽત્ર વિનિરૂપ્યતે ।।**
**તત્રાપિ બાધકં કૃષ્ણો ન્યવારયદિતીર્યતે ।।૨।।**

અહિં ધર્મમાં આધિદૈવિક યજ્ઞનું[1] પણ નિરૂપણ કરવામાં આવે છે. તેમાં પણ (થએલ) વિઘ્ન[1] શ્રીકૃષ્ણે દૂર કર્યું એમ કહેવામાં આવે છે. કા.૨.

**મોચનાદેવ રાજ્ઞાં હિ તત્સેવાઽત્ર નિરૂપિતા ।।**
**બ્રહ્મણ્યત્વાન્માગધસ્ય બ્રાહ્મણેષ્વત્ર સંશયઃ ।।૩।।**

રાજાઓને મુક્ત કરવાથી જ તેઓની સેવા યજ્ઞમાં કહેવાઇ. જરાસંધ બ્રાહ્મણોનું હિત કરનારો હોવાથી, આમાં બ્રાહ્મણોના સંબંધમાં સંશય રહે. કા.૩.

**અતઃ સર્વેઽત્ર ઋષયો નિરૂપ્યન્તે સ્વનામતઃ ।।**
**આધિદૈવિકયજ્ઞસ્ય સર્વોપ્યુત્કર્ષ ઉચ્યતે ।।૪।।**

તેથી અહિં બધા ઋષિઓ પોતાના (તેમના) નામથી જણાવવામાં આવે છે. આધિદૈવિક યજ્ઞની બધીએ શ્રેષ્ઠતા કહેવામાં આવે છે. કા.૪.

**આધ્યાત્મિકસ્તુ તચ્છેષઃ પ્રધાનાર્થો યતઃ પરઃ ।।૪ાા.।।**

આધ્યાત્મિક યજ્ઞ તો તેના પેટાનો છે, કારણ કે મુખ્ય પ્રયોજનવાળો બીજો (આધિદૈવિક) છે. કા.૪ાા.

ગયા અધ્યાયના અંતે એમ કહેલું છે કે (ધર્મરાજ) ભક્તિને લીધે આનંદથી ભરપૂર થયો. હવે તેવા (ધર્મરાજ)ના મનોરથની સિદ્ધિ કહેવામાં આવે છે. આરંભમાં તે ભક્ત થયો એમ કહેવા માટે, પહેલાં આજ્ઞા કરવાને લીધે તે ભક્તથી વિરુદ્ધ (કાર્ય) કરનારો થઇ હવે તેણે તે(વી વર્તણુક)નો ત્યાગ કર્યો એમ પાંચ (શ્લોકો)થી કહેવામાં આવે છે. તે પૈકી દોષનો ત્યાગ થાય તે માટે નીચેના શ્લોકથી આરંભમાં (તેનો) ઉદ્યમ કહેવામાં આવે છે :

।। શ્રીશુક ઉવાચ ।।

**એવં યુધિષ્ઠિરો રાજા જરાસંધવધં વિભોઃ ।।**

---

૧-૧. 'આધિદૈવિક યજ્ઞ' એટલે ભગવાનની પૂજા, તેમાં વિઘ્ન કરનાર શિશુપાલ હતો. (લે)

**કૃષ્ણસ્ય ચાનુભાવં તં શ્રુત્વા પ્રીતસ્તમબ્રવીત્ ।।૧।।**

એવી રીતે યુધિષ્ઠિર રાજાએ જરાસંધનો વધ અને સ્વામી શ્રીકૃષ્ણનો પ્રભાવ સાંભળીને પ્રસન્ન થઈ, તેમને (નીચે પ્રમાણે) કહ્યું. ૧.

પોતાના ધર્મમાં રહેલા, ઉદાર, ભગવાનનો (પોતા ઉપરનો) ઉપકાર સાંભળીને જેણે ભગવાનનું માહાત્મ્ય જાણ્યું છે તેવા (યુધિષ્ઠિરે) 'વિભોઃ' સ્વામી શ્રીકૃષ્ણનો પોતાની ઉપરનો ભક્તિરૂપ પ્રભાવ જાણીને, અને વળી નારદ વિગેરેના મુખથી તેનો નિર્ણય સાંભળીને, (પોતે) કૃતાર્થ થયો તેથી પ્રસન્ન થઈને, પહેલાં કરેલો પોતાનો અપરાધ દૂર થાય તે માટે ભગવાનને કાંઈક કહ્યું, એવો અર્થ છે. ૧.

આરંભમાં નીચેના શ્લોકમાં ભગવાનનું માહાત્મ્ય કહે છે :

।। યુધિષ્ઠિર ઉવાચ ।।

**યે સ્યુસ્ત્રૈલોક્યગુરવઃ સર્વે લોકાઃ સહેશ્વરાઃ ।।**
**વહન્તિ દુર્લભં લબ્ધ્વા શિરસવાનુશાસનમ્ ।।૨।।**
**સ ભવાનરવિન્દાક્ષો દીનાનામીશમાનિનામ્ ।।**
**ધત્તેઽનુશાસનં ભૂમંસ્તદત્યન્તવિડમ્બનમ્ ।।૩।।**

જેઓ ત્રણ લોકમાં ઉપદેશકો છે, ઈશ્વરસહિત સર્વ લોકો છે, તેઓ (જેમની) દુર્લભ આજ્ઞા પ્રાપ્ત કરીને માથા ઉપર જ ચઢાવે છે, તે કમલના જેવાં નયનવાળા આપ, શોક કરવા યોગ્ય, પોતાને ઈશ્વર માનનારાઓની આજ્ઞા પ્રમાણે વર્તો છો તે, હે પરમેશ્વર, ઘણું જ ભારે અનુકરણ છે. ૨-૩.

'ત્રૈલોક્યગુરવઃ' ત્રણ લોકમાં ઉપદેશકો એટલે બ્રહ્મા વિગેરે આજ્ઞા કરનારાઓ અથવા વેદમાં કહેલા ઋષિઓ, અને ઈશ્વર સહિત એટલે ઈન્દ્ર વિગેરે સહિત સર્વ 'લોકાઃ' પ્રાણીઓ અથવા ભૂર્ વિગેરે (લોક)ના અભિમાની દેવો. એ પ્રમાણે લોક અને વેદમાં તત્પર રહેનારાઓ, પોતે અધિકારી ન હોવાને લીધે (પોતાને) દુર્લભ ભગવાનની આજ્ઞા પ્રાપ્ત કરીને માથા ઉપર ચઢાવે છે, એટલે ઘણા આદરથી (તે પ્રમાણે) વર્તન કરે છે એવો અર્થ છે. ૨.

'એમ હોય તેથી શું?' એવો વિચાર આવે તેથી ત્રીજો શ્લોક કહે છે. તે જ સર્વના ઈશ્વર પુરુષોત્તમ આપ ભક્તો ઉપર દયા કરવા માટે કમલનાં જેવા નયનવાળા એટલે દષ્ટિથી જ (તેઓને) પુષ્ટ કરનાર થયા. એવા (ભગવાન્) 'દીનાનામ્' શોક કરવા યોગ્ય, પોતાને ઈશ્વર માનનારા એટલે દોષવાળાઓની આજ્ઞા પ્રમાણે પોતે વર્તો છો, તે કપટથી કરેલી મનુષ્ય હોવાની લીલાના દેખાવ કરતાં પણ ઘણું જ ભારે 'વિડમ્બનમ્' અનુકરણ છે. ૩.

હલકા પુરુષની આજ્ઞા પ્રમાણે વર્તન કરવું અયોગ્ય છે એમ સિદ્ધ કરી

'ભગવાન્ અયોગ્ય આચરણ કરે છે' એમ કહેવું એ પણ અયોગ્ય હોવાથી, નીચેના શ્લોકમાં પ્રભુએ પણ (હલકાની આજ્ઞા પ્રમાણે વર્તન) કરવું યોગ્ય છે એમ કહે છે :

**ન હ્યેકસ્યાદ્વિતીયસ્ય બ્રહ્મણઃ પરમાત્મનઃ ||**
**કર્મભિર્વર્ધતે તેજો હ્રસતે ચ યથા રવેઃ ||૪||**

કારણ કે એક, અદ્વિતીય, બ્રહ્મ, પરમાત્માનું તેજ, સૂર્યની પેઠે, કર્મોથી વધતું નથી, અને ઘટતું નથી. ૪.

જો આત્માઓ ઘણા હોય તો (તેઓમાં) હલકા અને મુખ્યની સ્થિતિ થતાં, બીજાના ગુણનો આશ્રય કરવાની (શાસ્ત્રમાં) મના હોય; પરંતુ (આત્મા) એક હોય ત્યારે જેમ હાથથી ચરણ ધોવામાં આવે છે તેમ હલકામાં હલકા અંગની પણ સેવા ઉત્તમ અંગ કરે ત્યારે વિરોધ થતો નથી. તેથી ભગવાન્ જગતમાં એક જ હોવાથી (તે હલકાની આજ્ઞા પ્રમાણે વર્તે તેમાં) વિરોધ નથી. 'હિ' 'કારણ કે' શબ્દથી તો કહેલો તર્ક જણાવેલ છે.

વળી જ્યાં બેપણા જેવું હોય ત્યાં એકબીજાની હલકાપણાની સ્થિતિ માને, જેનાથી બીજો (કોઈ) નથી એવા ભગવાન જ જગતમાં સર્વ સ્થલે છે, તેથી ભગવાનમાં કાંઈ દૂષણ નથી એમ 'અદ્વિતીય' વિશેષણથી કહેલું છે.

વળી કાર્ય કરવાની પ્રેરણા કરવી, અને કાર્ય કરાવવું–આ જીવોનો ગુણ છે, પરંતુ શુદ્ધ બ્રહ્મનો નથી. લીલાથી બીજાનો ગુણ સ્વીકારવામાં આવે તેમાં તો શું વડાઈ અથવા હલકાઈ થાય? એમ 'બ્રહ્મ' શબ્દથી કહેલ છે.

વળી સર્વને વશ રાખનાર ભગવાન્ પરમાત્મા પ્રેરણા કરનારા હોઈ બધાઓને સુખ થાય તેમ સર્વ સ્થલે પ્રેરણા કરે છે. તેમાં શું ઉત્તમ અથવા અધમ છે? બધાઓમાં (કાંઈ પણ) ભેદ વિના ભગવાન્ રહેલા હોવાથી (તેમને) બીજાના ધર્મનો સંબંધ થાય ત્યારે પણ (તેમને) કાંઈ પણ હાનિ થતી નથી. જેમ આકાશમાં વાદળાં, અંધકાર અને પ્રકાશ છે, તેમ ભગવાનમાં પણ (જુદા જુદા પદાર્થો છે) એવા અભિપ્રાયથી 'પરમાત્મા' શબ્દ કહેલો છે. તેથી જ પોતાના કર્મોથી, કર્મરૂપ પરમ સ્થિતિમાં રહેલા, નહિ લેપાતા (ભગવાન)નું તેજ વધતું પણ નથી, તેમ ઘટતું પણ નથી. અલૌકિકપણાને લીધે 'સૂર્યની પેઠે' એવું દષ્ટાંત કહેલું છે. ઊંચા તથા હલકાં સ્થાનમાં કિરણોનો સંબંધ થવા છતાં પણ (સૂર્યની) કાંઈ પણ હાનિ થતી નથી, અને (સૂર્યનાં કિરણોને) સર્વ ગ્રહોનો સંબંધ થાય તો પણ ક્યાંય પણ (તેનો) ઉદય અથવા અસ્ત થતો નથી. ૪.

''એમ હોય તો ભગવાન્ (પોતે) સર્વના ઈશ્વર હોવાનું જ કેમ માને છે? (પોતાની) હલકી સ્થિતિ કેમ માનતા નથી? 'તેમ હોય (ભગવાન્ પોતાની હલકી

સ્થિતિ માનતા હોય) તો જીવોની (ભગવાન્) હલકા હોવાની બુદ્ધિ થતાં, તેઓનો નાશ થશે' એમ કહેવામાં આવે, ચાલુ પ્રસંગમાં પણ તેમ થશે'' એવી શંકા થતાં, નીચેનો શ્લોક કહે છે :

**ન વ તેઽજિત ભક્તાનાં મમાહમિતિ માધવ ।।**
**ત્વં તવેતિ ચ નાનાધીઃ પશૂનામિવ વૈકૃતા ।।૫।।**

હે અજીત! હે માધવ! 'હું, મારું, અને તું, તારું' એવી પશુઓના જેવી વિકારવાળી ભેદબુદ્ધિ આપના ભક્તોની હોતી નથી જ. ૫.

હે 'અજિત' એટલે કોઈને પણ વશ ન થાઓ તેવા આપના ભક્તોને 'હું, મારું' એવું પોતાના સંબંધી પોતાની વડાઈ દર્શાવનારું અભિમાન કોઈ પણ સમયે થતું નથી. પંચભૂતના બનેલા દેહવાળા જીવોને વડાઈ તો લક્ષ્મીથી જ થએલી હોય છે, અને તે (લક્ષ્મી)ના તો આપ જ પતિ છો. તેથી આપમાં તો અભિમાન શેનું જ થાય? એવો ભાવ છે. વળી ત્રણ પ્રકારના[1] અદ્વૈતવાળા આપના ભક્તોને કોઈ પણ પદાર્થમાં અભિમાન થતું નથી, અને દ્રવ્ય વિગેરે જૂદાં થાય ગણાય તે માટે 'તું, તારું' એવી બુદ્ધિ થતી નથી. 'જે જેનામાં શ્રદ્ધાવાળો છે, તે તેવો જ છે' (ભ.ગી. ૧૭.૩) એ શાસ્ત્ર પ્રમાણે આપના ભક્તો આપરૂપ જ હોવાથી તેમને સર્વાત્મપણું સદા સ્ફૂરે છે. તેથી તેઓને 'નાનાધીઃ' ભેદબુદ્ધિ થતી નથી.

'બધાએ (જીવો)ની બુદ્ધિ દુષ્ટ હોઈ છે, ભક્તોમાં શું સરસાઈ છે?' એવી શંકા થાય, તેથી 'પશુઓના જેવી' શબ્દો યોજેલ છે. દુષ્ટ હોવા છતાં પણ (બીજાઓની બુદ્ધિ) બહિર્મુખની થાય છે એવો (અર્થ છે).

'ભેદબુદ્ધિ ભગવાનના સંબંધમાં થાય, તેમાં કાંઈ ભેદ નથી' એવી શંકા થાય, તેથી 'વિકારવાળી' વિશેષણ યોજેલું છે. ભક્તો ન હોય તેઓની બુદ્ધિ વિકારવાળી હોય છે, કારણ કે વાસ્તવિક રીતે ભેદ નથી, એવો ભાવ છે. ૫.

આવી રીતે સર્વના આત્મા હોવાપણું વિગેરે ભગવાનના ગુણને લીધે અનુસંધાનથી પોતાનો અપરાધ દૂર કરી, વિઘ્ન વિનાના થઈ, યુધિષ્ઠિરે ઈચ્છેલા રાજસૂય યજ્ઞનો આરંભ કર્યો એમ નીચેના શ્લોકમાં કહે છે :

।। શુક ઉવાચ ।।

**ઈત્યુક્ત્વા યાજ્ઞિયે કાલે વવ્રે યુક્તાન્ સ ઋત્વિજઃ ।।**
**કૃષ્ણાનુમોદિતઃ પાર્થો બ્રાહ્મણાન્બ્રહ્મવાદિનઃ ।।૬।।**

એમ કહીને યજ્ઞના સમયે શ્રીકૃષ્ણનું અનુમોદન પામેલા તે પાર્થે યોગ્ય

---

૧. ભાવાદ્વૈત, ક્રિયાદ્વૈત અને દ્રવ્યાદ્વૈત એ ત્રણ પ્રકારનાં અદ્વૈત શ્રીમદ્ભાગવત ૭-૧૫-૬૨માં કહેલાં છે. (લે)

બ્રહ્મવાદી બ્રાહ્મણોને ઋત્વિજ તરીકે પસંદ કર્યા. ૬.

કાલ મુખ્ય હોવાથી 'યજ્ઞના સમયે' એમ કહેલું છે. રાજસૂય (યજ્ઞ) પણ બાર દિવસમાં કરાય તેવો હોવાથી માઘ માસમાં જ (તેનો) આરંભ થાય છે. એક વર્ષમાં થનારા (યજ્ઞ)નો પણ તે જ (આરંભનો) સમય છે. 'યુક્તાન્' 'યોગ્ય' એટલે પરંપરાથી પ્રાપ્ત થએલા અથવા (શાસ્ત્રથી) મના કરવામાં આવેલ ન હોય તેવા, ઘણાં ભાગે વૃદ્ધ, વિદ્યા અને તપની સમૃદ્ધિવાળા ઋત્વિજોને અધ્વર્યુ વિગેરેની સ્થિતિએ પસંદ કર્યા. 'શ્રીકૃષ્ણનું અનુમોદન પામેલા' વિશેષણથી વિઘ્ન થવાની શંકા દૂર કરેલી છે. 'પાર્થ' શબ્દથી નિશ્ચયપૂર્વક ભગવાનનું સાહાય્ય સૂચવેલું છે. બધાએ યજ્ઞોમાં બ્રાહ્મણો જ ઋત્વિજ હોય છે, તેથી 'બ્રાહ્મણોને' શબ્દથી (એમ કહેલું છે કે) વિદ્યા અને તપની સમૃદ્ધિવાળા ક્ષત્રિયોને ઋત્વિજ કર્યા ન હતા. 'બ્રહ્મવાદી' વિશેષણથી બ્રાહ્મણોનું પણ ઉત્તમપણું જણાવેલું છે. ૬.

નીચેના ત્રણ શ્લોકોથી તે (બ્રાહ્મણો)નાં નામ કહે છે :

**દ્વૈપાયનો ભરદ્વાજઃ સુમન્તુર્ગૌતમોઽસિતઃ ।।**
**વસિષ્ઠશ્ચ્યવનઃ કણ્વો મૈત્રેયઃ કવષસ્ત્રિતઃ ।।૭।।**
**વિશ્વામિત્રો વામદેવઃ સુમતિર્જૈમિનિઃ ક્રતુઃ ।।**
**પૈલઃ પરાશરો ગર્ગો વૈશમ્પાયન એવ ચ ।।૮।।**
**અથર્વા કશ્યપો ધૌમ્યો રામો ભાર્ગવ આસુરિઃ ।।**
**વીતિહોત્રો મધુચ્છન્દા વીરસેનોઽકૃતવ્રણઃ ।।૯।।**

૧.દ્વૈપાયન ૨.ભરદ્વાજ ૩.સુમંતુ ૪.ગૌતમ ૫.અસિત ૬.વસિષ્ઠ ૭.ચ્યવન ૮.કણ્વ ૯.મૈત્રેય ૧૦.કવષ ૧૧.ત્રિત. ૭.

૧૨.વિશ્વામિત્ર ૧૩.વામદેવ ૧૪.સુમતિ ૧૫.જૈમિનિ ૧૬.ક્રતુ ૧૭.પૈલ ૧૮.પરાશર ૧૯.ગર્ગ અને વળી ૨૦.વૈશંપાયન. ૮.

૨૧.અથર્વા ૨૨.કશ્યપ ૨૩.ધૌમ્ય ૨૪.રામ ૨૫.ભાર્ગવ ૨૬.આસુરિ ૨૭.વીતિહોત્ર ૨૮.મધુચ્છંદા ૨૯.વીરસેન ૩૦.અકૃતવ્રણ. ૯.

જો કે અહિં (યજ્ઞમાં) ઘણા બ્રાહ્મણોની જરુર છે, છતાં ઉત્તમ આટલા જ છે એમ અકૃતવ્રણ સુધીના ત્રીસ ઋષિઓનાં નામ અહિં કહેલાં છે. સત્તર ઋત્ત્વિજો દશ ચમસ[૧] રાખનારા, (અને) ત્રણ એકધનવાળા[૨]; અથવા ઉત્તમપણું વિગેરે સ્થિતિ પ્રાપ્ત કરેલા દશ દશ પોતાના જેવા બીજા સૂચવનારા કહેલા છે. પહેલા(સાતમા) શ્લોકમાં કહેલા અગીઆર બ્રાહ્મણો જ બ્રહ્મ જાણનારા છે,

---

૧. યજ્ઞમાં સોમનું પાન કરવાનો ચાટવો 'ચમસ' કહેવાય છે.

૨. યજ્ઞમાં જલ રાખવાનો કળશો 'એકધન' કહેવાય છે.

વિશ્વામિત્ર વિગેરે નવ મધ્યમ છે, અથર્વા વિગેરે દશ છે. અથવા રામ ભાર્ગવને એક ગણતાં નવ છે. આ સર્વ મોટા ઉપાખ્યાનવાળા છે. ૭-૮-૯.

બીજા પણ રાજાઓ અને બ્રાહ્મણોને બોલાવેલા એમ કહે છે :

**ઉપહૂતાસ્તથા ચાન્યે દ્રોણભીષ્મકૃપાદયઃ ।।**
**ધૃતરાષ્ટ્રઃ સહસુતો વિદુરશ્ચ મહામતિઃ ।।૧૦।।**

વળી તે જ પ્રમાણે બીજા દ્રોણ, ભીષ્મ, કૃપ વિગેરે, પુત્રો સહિત ધૃતરાષ્ટ્ર, અને ઘણી બુદ્ધિવાળા વિદુરને આમંત્રણ આપવામાં આવ્યાં હતાં. ૧૦.

ભીષ્મ વિગેરે ઉત્તમ બંધુઓ, દ્રોણ વિગેરે ગુરુઓ, કૃપ વિગેરે માન આપવા યોગ્યોને પણ આમંત્રણ આપેલાં. સર્વ સાથે મૈત્રી કરેલી એમ જણાવવા 'પુત્રો સહિત ધૃતરાષ્ટ્ર' શબ્દથી ધૃતરાષ્ટ્ર વિગેરેને આમંત્રણ આપ્યાનું કહેલું છે. દુર્યોધન વિગેરે પુત્રો સહિત ધૃતરાષ્ટ્રને આમંત્રણ આપેલ. અને વળી વિદુર શૂદ્ર સ્ત્રીથી ઉત્પન્ન થએલ હોવા છતાં ઘણી બુદ્ધિવાળો હોવાથી, બીજના મુખ્ય-પણાને લીધે સ્માર્ત જ્ઞાનમાં પૂર્ણ હોવાથી તેને આમંત્રણ આપવું યોગ્ય હતું. ૧૦.

વધારે (કહેવાથી) શું? જગતમાં રહેલા ચારે વર્ણોને આમંત્રણ આપેલું એમ નીચેના શ્લોકમાં કહે છે :

**બ્રાહ્મણાઃ ક્ષત્રિયા વૈશ્યાઃ શૂદ્રા યજ્ઞદિદક્ષવઃ ।।**
**તત્રેયુઃ સર્વરાજનો રાજ્ઞાં પ્રકૃતયો નૃપ ।।૧૧।।**

બ્રાહ્મણો, ક્ષત્રિયો, વૈશ્યો (અને) શૂદ્રો (ને આમંત્રણ આપવામાં આવેલાં). હે નૃપ! યજ્ઞનાં દર્શન કરવાની ઈચ્છાવાળા સર્વ રાજાઓ અને રાજાઓની સ્ત્રીઓ ત્યાં ગએલાં. ૧૧.

'યજ્ઞનાં દર્શન કરવાની ઈચ્છાવાળા' એ વિશેષણથી આ વિષયમાં શ્રદ્ધાથી અધિકાર પ્રાપ્ત થએલ કહેલો છે. માત્ર આમંત્રણ આપવામાં આવેલ એટલું જ નહિ, પરંતુ બધા આવ્યા એમ ઉત્તરાર્ધથી કહેલું છે. બીજાની સ્ત્રીઓ આવશે જ. રાજાની સ્ત્રીઓ નહિ આવે એમ જણાય, તેથી 'રાજાની સ્ત્રીઓ' શબ્દોથી તેઓ આવ્યાનું કહેલું છે. 'હે નૃપ!' એવું પ્રેમથી સંબોધન કરેલું છે. ૧૧.

**તતસ્તે દેવયજનં બ્રાહ્મણાઃ સ્વર્ણલાઙ્ગલૈઃ ।।**
**કૃષ્ટ્વા તત્ર યથામ્નાયં દીક્ષયાઞ્ચક્રિરે નૃપમ્ ।।૧૨।।**

પછી તે બ્રાહ્મણોએ યજ્ઞની ભૂમિને સુવર્ણના હળથી ખેડીને, ત્યાં શાસ્ત્રમાં કહેલી વિધિ પ્રમાણે રાજાને દીક્ષા આપી. ૧૨.

રાજસૂય, અગ્નિવાળા ઈચ્છા કરી શકે તેવો હોવાથી, 'આ ભૂમિ અગ્નિના ઘણા દાહથી ભય પામી' એ ઉપાખ્યાનમાં ભૂમિને ખેડવાનું કહેલું છે.

પછી 'દેવયજનં' એટલે આ જ સ્થાનમાં દેવોની પૂજા કરવામાં આવે છે તે સ્થાનને બ્રાહ્મણોએ પોતે છ બલદો અથવા બાર બલદો જોડેલા સુવર્ણના હળથી ખેડી, અને તેમાં વાવણી કરી, ત્યાં જ 'યથારમ્નાયં' શાસ્ત્રમાં કહેલી વિધિ પ્રમાણે રાજાને 'દીક્ષયાશ્ચક્રિરે' દીક્ષા આપી, એવો અર્થ છે. 'અભ્યુત્સાદયામ્' એ (પાણિ.સૂ.૩।૧।૪૨) પ્રમાણે આ શબ્દનો પણ 'આમ્' પ્રત્યય વૈદિક છે. ૧૨.

નીચેના શ્લોકમાં યજ્ઞમાં પદાર્થોની સમૃદ્ધિ કહે છે :

**હૈમાઃ કિલોપકરણા વરુણસ્ય યથા પુરા ।।**
**ઈન્દ્રાદયો લોકપાલા વિરિઞ્ચિશિવસંયુતાઃ ।।૧૩।।**
**સગણાઃ સિદ્ધગન્ધર્વા વિદ્યાધરમહોરગાઃ ।।**
**મુનયો યક્ષરક્ષાંસિ ખગાઃ કિન્નરચારણાઃ ।।૧૪।।**
**રાજાનશ્ચ સમાહૂતા રાજપત્ન્યશ્ચ સર્વશઃ ।।**
**રાજસૂયં સમીયુઃ સ્મ રાજ્ઞઃ પાણ્ડુસુતસ્ય વૈ ।।૧૫।।**

પહેલાં વરુણના (યજ્ઞમાં) હતી તેવી સુવર્ણની સામગ્રી ખરેખર હતી. બ્રહ્મા અને શંકર સાથે ઈન્દ્ર વિગેરે લોકપાલો, ૧૩.

ગણો સહિત સિદ્ધો અને ગંધર્વો, વિદ્યાધરો, મોટા સર્પો, મુનિઓ, યક્ષો, અને રાક્ષસો, પક્ષીઓ, કિન્નરો અને ચારણો ૧૪.

અને રાજાઓ અને રાજાઓની પત્નીઓ આમંત્રણ આપેલાં હોવાથી રાજા પાંડપુત્રના રાજસૂય (યજ્ઞ)માં સર્વ તરફથી ગયા. ૧૫.

'કિલ' 'ખરેખર' શબ્દથી (એમ કહેલું છે કે) લોક આ વિષયમાં પ્રમાણ છે. વરુણ ખજાનાનો પતિ હોવાથી, તેનું દૃષ્ટાંત અહિં આપેલું છે. 'પહેલાં' શબ્દથી (એમ જણાવ્યું છે કે) તેને પણ આ સમયે (આવો ખજાનો) દુર્લભ હતો, એમ (યુધિષ્ઠિરની) સર્વથી સરસાઈ (કહી). 'દેવ વિગેરે લોકપાલો અને બીજા દ્વીપમાં રહેનારા રાજાઓ આવ્યા નહિ હોય' એવી શંકા થાય, તેથી તેઓને (કરેલું) આમંત્રણ અને તેમનું આગમન (તેરમા શ્લોકના) ઉત્તરાર્ધથી આરંભી કહે છે. બ્રહ્મા અને શંકર સાથે (ઈન્દ્ર વિગેરે દેવો આવ્યા). ૧૩.

'સગણાઃ' ગણો સહિત આવ્યા. અથવા આદિત્ય, વિશ્વ વિગેરે ગણદેવો આવ્યા; અને સિદ્ધો અને ગંધર્વો વિગેરે આવ્યા. 'મુનિઓ' એટલે સપ્તર્ષિરૂપ અધિકારીઓ, કુબેર, પુલસ્તિ, વિભીષણ વિગેરે યક્ષો અને રાક્ષસો, ગરુડ વિગેરે પક્ષીઓ, અને કિન્નરો અને ચારણો (આવ્યા). ૧૪.

પછી બીજા દ્વીપમાં રહેલા રાજાઓ, અને 'ચ' 'અને' શબ્દથી સૂચવેલા બ્રાહ્મણો અને વૈશ્યો આમંત્રણ આપેલા હોવાથી આવ્યા; અને રાજાઓની

પત્નીઓ સર્વ તરફથી એટલે જ્યાં જઈ ન શકાય તેવા સ્થલેથી પણ આવી, કારણ કે રાજસૂય યજ્ઞે આવી. 'સ્મ' શબ્દથી પ્રમાણ કહેલું છે. મોટો પુરુષ યજ્ઞ કરે છે, તેથી ત્યાં આવવામાં શરમ નથી, એમ જણાવવા 'રાજા પાંડુપુત્રના' શબ્દો યોજેલા છે. ૧૫.

'વિચાર વિના બધાને આવવાનું શું પ્રયોજન?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**મેનિરે કૃષ્ણભક્તસ્ય સૂપપન્નમવિસ્મિતાઃ ।।**
**અયાજયન્ મહારાજં યાજકા દેવવર્ચસઃ ।।**
**રાજસૂયેન વિધિવત્ પ્રાચેતસમિવામરાઃ ।।૧૬।।**

તેઓએ માન્યું કે શ્રીકૃષ્ણના ભક્તને આ યજ્ઞ સ્હેલાઈથી થઈ શકે તેવો છે, અને વિસ્મય પામ્યા નહિ. જેમ દેવોએ વરુણને કરાવેલો તેમ દેવના જેવા તેજસ્વી યજ્ઞ કરાવનારાઓએ મહારાજને વિધિ પ્રમાણે રાજસૂય યજ્ઞ કરાવ્યો. ૧૬.

બીજાને દેશ વિગેરે શુદ્ધ પ્રાપ્ત ન થાય તેથી (યુધિષ્ઠિરથી) સ્હેલાઈથી થઈ શકે તેવો હતો, તેથી જ ઘણી સમૃદ્ધિ જોઈને પણ તેઓ વિસ્મય પામ્યા નહિ. પછી યજ્ઞ કરાવનારા ઋત્વિજોએ મહારાજને રાજસૂય યજ્ઞ કરાવ્યો, 'દેવના જેવા તેજસ્વી' એ વિશેષણથી યજ્ઞનો પ્રકાશ કરાવવાનું તેઓનું સામર્થ્ય સૂચવેલું છે. 'વિધિ પ્રમાણે' શબ્દથી (એમ જણાવ્યું છે કે) કોઈ પણ અંશમાં અનુકલ્પ* ન હતો. 'દેવોએ વરુણને કરાવ્યો તેમ' એ પહેલાંની પેઠે જ દષ્ટાંત કહેલું છે. ૧૬.

**સુત્યેઽહન્યવનીપાલો યાજકાન્ સદસસ્પતીન્ ।।**
**અપૂજયન્ મહાભાગાન્ યથાવત્સુસમાહિતઃ ।।૧૭।।**

સોમ કાઢવાના દિવસે રાજાએ મહાભાગ્યવાળા યજ્ઞ કરાવનારાઓ તથા સભાસદોની વિધિ પ્રમાણે ઘણા શાંત ચિત્તથી પૂજા કરી. ૧૭.

પછી સોમ કાઢવાના મુખ્ય દિવસે, 'મધ્યાહ્ને સોમ કાઢવાના સમયે દક્ષિણા લઈ જાય છે', 'જેટલા સભાસદો હોય તે બધા દક્ષિણા આપવા યોગ્ય છે' એ વાક્યો પ્રમાણે સોમ કાઢવાના દિવસે દક્ષિણા આપવાના આરંભમાં રાજાએ યજ્ઞ કરાવનારા ઋત્વિજોની, 'સદસસ્પતીન્' સભાસદોની અને બીજા પણ ઘણા ભાગ્યવાળા-ઓની પૂજા કરી. 'ઘણા શાંત ચિત્તથી' એટલે ક્રોધ, લોભ વિગેરે વિનાના થઈ, 'વિધિપ્રમાણે' એટલે આત્રેય[1] વિગેરેની પૂજા કરવાના પ્રકારથી પૂજા કરી. ૧૭.

આધિદૈવિકની પૂજા માટે આ જ યજ્ઞ મુખ્ય હોવાથી, અહિં (કોણ પૂજા

*. મુખ્ય જોઈએ તે પદાર્થ ન મળે ત્યાં બીજાથી ચલાવી લેવું તે 'અનુકલ્પ' કહેવાય છે.
૧. સભાસદોના ગાઢ સંબંધવાળો પુરોહિત 'આત્રેય' કહેવાય છે.

કરવા યોગ્ય છે તેનો) નીચેના શ્લોકથી આરંભી સુડતાલીસમા સુધીના શ્લોકોથી વિચાર કરવામાં આવે છે :

**સદસ્યાગ્ર્યાર્હણાર્હં વૈ વિમૃશન્તઃ સભાસદઃ ।।**
**નાધ્યગચ્છન્નનૈકાન્ત્યાત્ સહદેવસ્તદાબ્રવીત્ ।।૧૮।।**

સભાસદોમાં મુખ્યપણાને લાયક કોણ તે વિષે વિચાર કરતાં, મુખ્યપણાનો નિર્ણયકારક હેતુ નહિ હોવાથી, સભાસદો નિર્ણય કરી શક્યા નહિ; ત્યારે સહદેવે નીચે પ્રમાણે કહ્યું. ૧૮.

બહુ દક્ષિણાવાળા યજ્ઞોમાં સભાસદોમાં મુખ્યપણાને લાયક બહુ પ્રસિદ્ધ છે, જેમ કે બ્રાહ્મણોમાં બ્રહ્મ જાણનાર જ તેને યોગ્ય હોવાથી યાજ્ઞવલ્ક્યને એક હજાર ગાયરૂપ દક્ષિણા આપેલી[1]. જો અહિં આકાર ધારણ કરીને પરબ્રહ્મ રહેલા ન હોય, તો જીવોમાં બ્રહ્મવિદ્યા જાણનાર પણ મોટો ગણાય; પરંતુ જ્યાં જેમના મહિમાનો લોપ થએલો નથી તેવા ભગવાન જ આકાર ધારણ કરીને રહેલા છે, ત્યાં પહેલાના નિયમ પ્રમાણે અનુકલ્પ[2] જ કરવો, અથવા ભગવાનને મુખ્યપણું આપવું? કારણ કે અનુકલ્પથી પણ આરંભ કરવામાં આવે ત્યારે તેનાથી જ સમાપ્તિ કરવી જોઈએ.

કેટલાકનો મત એવો હતો કે બધા યજ્ઞોમાં ઋષિઓએ અનુકલ્પ જ કરેલો હોવાથી અહિં પણ બ્રહ્મ જાણનારાઓમાં કોઈ પણ (પ્રકારની) શ્રેષ્ઠતાને લીધે જે ઉત્તમ હોય તે જ પૂજા કરવાને યોગ્ય છે. તેમ હોય તો યજ્ઞો સર્વમાં રહેલા હોવાનું કહેલ હોવાથી વ્યાસ અથવા વસિષ્ઠ પૂજા કરવા યોગ્ય થાય. બીજી રીતે મુખ્યનો સંભવ હોય ત્યાં હલકાની કલ્પના અયોગ્ય હોવાથી, બીજાઓનો મત એવો હતો કે ભગવાન જ તેને યોગ્ય છે. બીજાઓ એવા મતના હતા કે એમ હોય તો પણ વ્યાસ ભગવાન્ અને બ્રહ્મ જાણનાર ઉભય પ્રકારના હોવાથી, કુલમાં વૃદ્ધ હોવાથી અને યુધિષ્ઠિર વિગેરેના પિતામહ હોવાથી, તે જ પૂજા કરવા યોગ્ય હતા. બીજાઓ એમ કહેતા હતા કે સર્વ ધર્મ જાણનાર ભીષ્મ તેમનાથી વ્યાસથી પણ મોટા હોવાથી તે જ યોગ્ય હતા. બીજાઓ એમ માનતા હતા કે તે (ભીષ્મ)ના પણ ગુરુ પરશુરામ યોગ્ય હતા, અને બધામાં જુદા જુદા પ્રકારના વિચાર પ્રસરતા હતા. તેમાં (મુખ્યપણું) સિદ્ધ કરનારો વ્યભિચાર[3] વિનાનો કોઈ પણ હેતુ ન હતો. ભગવાન્

૧. દૈવરાતિ જનકના યજ્ઞમાં યાજ્ઞવલ્ક્યને આવું ગાયોનું દાન થયું હતું, એવી કથા મહાભારતના શાંતિપર્વમાં છે.
૨. મુખ્ય પ્રાપ્ત ન થાય, ત્યાં તેના જેવા બીજાથી કાર્ય ચલાવી લેવું તેને ‘અનુકલ્પ’ કહે છે.
૩. બધા હેતુઓ સવ્યભિચાર દોષવાળા હેત્વાભાસ હતા, એવો અર્થ છે.

શ્રીકૃષ્ણનું બ્રહ્મ જાણનાર હોવાપણું, ભગવત્પણું, માન આપવા યોગ્યપણું, ઉત્તમપણું અથવા બીજું સાક્ષાત્ પરબ્રહ્મ હોવાપણું, સર્વકલાઓથી ભરપૂર હોવાપણું, સચ્ચિદાનંદ દેહવાળા હોવાપણું કોઈક જ જાણતું. તેથી (ભગવાનના) અંશ હોવાપણું જ (સર્વમાં) સમાન હોવાથી પહેલાં બધાની (શ્રીકૃષ્ણને ઉત્તમપણું આપવામાં) સંમતિ થતી ન હતી. તેથી બધાએ સભાસદોએ ઉત્તમપણાનો વિચાર કરતાં કોઈને પણ સર્વથી ઉત્તમ જાણ્યા નહિ. તેનું કારણ 'નિર્ણયકારક નહિ હોવાથી' શબ્દથી કહેલું છે. તે પ્રસંગે સાક્ષાત્ પૂર્ણ પરબ્રહ્મ હોવાપણાને અને સર્વ દોષ વિનાના હોવાપણાને (ઉત્તમપણાનો) હેતુ માનનાર સહદેવે ભગવાન્ શ્રીકૃષ્ણમાં તે (હેતુ) સિદ્ધ કરવા કહ્યું, કારણ કે તે જ્ઞાનકલાનો અવતાર, સર્વ જાણનાર હોઈ, બાર વર્ષમાં થનારું જાણતો હતો; છતાં પણ પૂછ્યા વિના બોલતો ન હતો. આ પ્રસંગે (થતા) વિચારમાં તો બધાએ પૂછેલા ગણાય, તેથી ભગવાનની પ્રેરણાથી તે બોલ્યો. ૧૮.

આરંભમાં નીચેના શ્લોકમાં જે સિદ્ધ કરવાનું છે તે કહે છે :

**અર્હતિ હ્યચ્યુતઃ શ્રૈષ્ઠ્યં ભગવાન્ સાત્વતાં પતિઃ ।।**
**એષ વૈ દેવતાઃ સર્વા દેશકાલધનાદયઃ ।।૧૯।।**

વૈષ્ણવોના પતિ ભગવાન્ અચ્યુત ઉત્તમપણાને યોગ્ય છે. આ, નિશ્ચય સર્વ દેવતાઓ, દેશ, કાલ, ધન વિગેરે છે. ૧૯.

તેનો હેતુ 'ભગવાન્' શબ્દથી કહેલો છે. 'ભગવત્પણું વ્યાસ વિગેરેમાં પણ છે' એવી શંકા થાય, તેથી 'વૈષ્ણવોના પતિ' શબ્દો યોજેલ છે; કારણ કે બીજાઓ કાર્યને માટે, ભગવાનના અંશ પુરુષે રચેલા જગતના એક ભાગનું પ્રયોજન સિદ્ધ થાય તે માટે કોઈક અંશથી અવતરેલા છે, (અને) શ્રીકૃષ્ણ તો વૈષ્ણવોના પતિ હોવાથી, કાલને ઠગીને કાલના ઘરમાં આવેલાઓને લઈ જવા પધારેલા હોવાથી, મર્યાદાનું રક્ષણ કરવા પતિ હોવાથી પધારેલા છે. તેથી ભગવાનની ઈચ્છાને જ લીધે કાલના સંબંધવાળાઓ તેમને જાણતા નથી. તેથી આ 'પૂર્ણ ભગવાન્ હાવાપણું' એ વ્યભિચાર વિનાનો હેતુ છે.

''છતાં પણ પ્રકરણને અનુસરીને પદાર્થનો નિર્ણય કરવો જોઈએ. '(આપની) વિભૂતિઓનું પૂજન કરીશ' (ઉત્તરાર્ધ ૨૩.૩) એ વાક્ય પ્રમાણે અહિં પ્રકરણ દેવોની પ્રીતિ છે. જે સેવકોને આપવા યોગ્ય છે, તે સ્વામીને આપી શકાતું નથી. સ્વામીના દર્શન થતાં હોય ત્યારે પણ લોકો સેવકોને આપે છે'' એવી શંકા થાય, તેથી 'આ નિશ્ચય સર્વ દેવતાઓ છે' એમ કહેલું છે. જો બધા દેવતાઓને પ્રસન્ન કરવાના હોય તો (દેવતાઓને રહેવાના) સ્થાન કરતાં (દેવતાઓનું) સ્વરૂપ

ઉત્તમ હોવાથી, 'જેટલા દેવતા છે (તે બ્રહ્મ જાણનાર બ્રાહ્મણમાં રહેલા છે)', 'જેની ભગવાનમાં નિષ્પ્રયોજન ભક્તિ છે, (તેમાં સર્વ દેવતાઓનો વાસ છે)' વિગેરે વાક્યોનો આદર તજીને સાક્ષાત્ સર્વ દેવતારૂપ ભગવાનની જ પૂજા કરો, એવો અર્થ છે. જેમ 'અગ્નિ સર્વ દેવતાઓ છે', 'જલ સર્વ દેવતાઓ છે' એ જુદા જુદા ઉપાખ્યાનોમાં તેઓનું સર્વદેવપણું ગૌણભાવથી[1] કહેલું છે, તેવો ઉપચાર[2] કરેલો નથી એમ જણાવવા 'વૈ' 'નિશ્ચય' શબ્દ યોજેલો છે. જેમ 'દેવો અને અસુરો યુદ્ધ કરતા હતા. તે દેવો ભય પામી અગ્નિમાં પેઠા. તેથી અગ્નિ સર્વ દેવતાઓ છે એમ કહે છે', તેમ અગ્નિએ પણ 'તે સંતાઈ ગયો, તેણે જલમાં પ્રવેશ કર્યો' એ વાક્ય પ્રમાણે જલમાં પ્રવેશ કર્યો. એવી રીતે કોઈ એક નિમિત્તથી જ સર્વનું સર્વદેવતારૂપપણું ગૌણ જ છે. ભગવાન્ સ્વભાવથી જ સર્વ દેવતારૂપ છે. 'કોઈ વાર આત્મા જ સર્વ થાય છે' એ મત પ્રમાણે તે જ દેવો અહિં (શ્રીકૃષ્ણમાં) પૂજવા યોગ્ય છે; અથવા 'ઈન્દ્ર વિગેરે બાહુઓ છે' વિગેરે વાક્ય પ્રમાણે આધિદૈવિકો જ યજ્ઞનો ભાગ લેનારા હોય છે.

'છતાં પણ કોઈક દેશમાં કોઈક કાલમાં ત્યાં થતો યજ્ઞ (અને) ઋષિઓ તે (દેશ અને કાલ)ને અધીન હોવાથી, પ્રકરણને લીધે તે દેશ અને તે કાલના અભિમાનવાળી દેવતા જ પૂજા કરવા યોગ્ય છે' એવી શંકા થાય, તેથી 'દેશ, કાલ, ધન છે' શબ્દો યોજેલા છે.

'છતાં પણ યોગ્યનો યોગ્ય સાથે સંબંધ થાય છે. તેથી ધન વિગેરે હલકા પદાર્થો સાક્ષાત્ ભગવાનને કેમ આપી શકાય? લોકમાં પણ શૂદ્ર પોતાની કન્યા વિપ્ર ગુરુ (તથા) સ્વામીને આપતો નથી, પરંતુ શૂદ્ર અધમ હોવા છતાં તેને જ આપવા ઈચ્છે છે' એવી શંકા થાય, તેથી 'ધન વિગેરે' શબ્દો યોજેલા છે. 'વિગેરે' શબ્દથી વસ્ત્રો, આભરણો, ગાયો વિગેરે કહેલાં છે. ૧૯.

એવી રીતે (શ્રીકૃષ્ણમાં) બ્રહ્મપણું સ્વીકારી લઈ, તેમને (મુખ્યપણું) આપવાનું સિદ્ધ કર્યું. બ્રહ્મપણું તો નીચેના શ્લોકથી સિદ્ધ કરે છે :

**યદાત્મકમિદં વિશ્વં ક્રતવશ્ચ યદાત્મકાઃ ।।**
**અગ્નિરાહુતયો મન્ત્રાઃ સાંખ્યં યોગશ્ચ યત્પરઃ ।।૨૦।।**

આ વિશ્વ જેમના રૂપ છે અને યજ્ઞો જેમના રૂપ છે, (આ) અગ્નિ, આહુતિઓ, મંત્રો (છે), સાંખ્ય અને યોગ જેમનામાં લીન થએલા છે (તેવા શ્રીકૃષ્ણ છે). ૨૦.

---

૧. 'ગૌણભાવથી' એટલે 'ગૌણ છે ભાવ જેમનો તેવા હોવાથી' એવો અર્થ છે.
૨. સરખા ગુણોને લીધે એક જ હોવાની કલ્પના કરવામાં આવે તેને ઉપચાર કહે છે.

વિશ્વ શ્રીકૃષ્ણરૂપ હોવામાં યશોદા પ્રમાણ છે. માત્ર લૌકિક(વિશ્વ)ના આત્મા હોવાથી બ્રહ્મપણું થતું નથી, તેથી 'અને યજ્ઞો જેમના રૂપ છે' શબ્દોથી (તે) વેદના અર્થરૂપ હોવાપણું પણ કહે છે. યજ્ઞો તે (શ્રીકૃષ્ણ)રૂપ હોવામાં વરાહ અવતાર જ પ્રમાણ છે. સર્વ યજ્ઞોનું સ્વરૂપ પ્રકટ કરીને ભગવાન્ તે રૂપથી પ્રકટ થએલા.

બધાનો અગ્નિમાં હોમ કરવામાં આવે છે, તેથી અગ્નિની પ્રીતિ (પ્રાપ્ત) કરવી જોઈએ, એવું પ્રકરણ હોવાના મત પ્રમાણે પણ 'અગ્નિ' એમ કહેલ છે. 'ત્યારે અગ્નિ બ્રહ્મ છે' એ શ્રુતિ પ્રમાણે આ (શ્રીકૃષ્ણ) જ અગ્નિ છે. આહુતિઓ (પૂજા કરવા) યોગ્ય થાય તે માટે 'આહુતિઓ' શબ્દથી (તેમને) ભગવાન્ કહેલ છે. 'પ્રકરણને લીધે મંત્રોના અભિમાનવાળી દેવતા મુખ્ય (પૂજા યોગ્ય) છે' એવી શંકા થાય, તેથી 'મંત્રો'એમ કહેલ છે.

'છતાં પણ શાસ્ત્ર પ્રમાણે જે ઉત્તમ હોય તે જ (પૂજા કરવા યોગ્ય) સ્વીકારવા જોઈએ, પરંતુ તર્કથી કાંઈ કરવું ન જોઈએ' એવી શંકા થાય, તેથી 'સાંખ્ય અને યોગ જેમનામાં લીન થએલા છે' એમ કહેલું છે. વેદ વિગેરે પાંચ શાસ્ત્રો છે. તે પૈકી, બ્રહ્મપણું અને યજ્ઞપણું સિદ્ધ થતાં (૧)વેદના અર્થરૂપપણું સિદ્ધ થયું. (૨)સાંખ્યનું તો શ્રીકૃષ્ણમાં જ તાત્પર્ય છે. આ જ સ્નેહને[૧] લીધે સર્વના આત્મા હોવાનો[૨] નિર્ણય કરેલો છે. (૩)(આ શ્રીકૃષ્ણ) યોગનું તાત્પર્ય છે, કારણ કે યોગની પણ ધ્યાન કરવાની મૂર્તિ શ્રીકૃષ્ણ જ છે, અને શ્રીકૃષ્ણ આત્મા હોવાથી '(મન) આત્માને જ વશ કરવું' (ભ.ગી.૬.૨૪) એ વાક્ય પ્રમાણે આપના માટે જ ચિત્તની વૃત્તિઓનો નિરોધ કરવાનો છે. (૪) 'ચ' 'અને' શબ્દથી (એમ સૂચવેલું છે કે) પશુપતિમતનું પણ તાત્પર્ય આપનામાં જ છે, કારણ કે પુરાણમાં મહાદેવે સ્કંદને કહેલું છે કે 'એક વિષ્ણુ જ સર્વથી મોટા છે. તેમનું જ્ઞાન ઉત્તમ મનાએલું છે. આ શાસ્ત્રનો નિર્ણય છે. તેનાથી જૂદું મોહ કરવા કહેલું છે.' (૫) વૈષ્ણવ સિદ્ધાંતમાં તો (શ્રીકૃષ્ણ ઉત્તમ હોવામાં) સંદેહ જ નથી. તેથી સર્વ શાસ્ત્રોનું તાત્પર્ય આ (શ્રીકૃષ્ણ)માં જ છે એવો અર્થ છે. ૨૦.

'છતાં પણ (શ્રીકૃષ્ણમાં) બ્રહ્મનું લક્ષણ ન હોવાથી, (તે) બ્રહ્મ કેમ હોઈ

---

૧. 'પુત્ર પુત્ર હોવાથી પ્રિય નથી' વિગેરેથી આત્મામાં જ સ્નેહ થતો હોવાથી સર્વમાં સ્નેહ થાય છે એમ કહેલું છે. (લે)

૨. અસુરોની આસુરબ્રહ્મવિદ્યામાં દેહ જ આત્મા છે એમ નિર્ણય કરેલો હોવાથી, તેઓને ભગવાન્ આત્મા તરીકે સ્ફુરતા નથી, તેથી તેમનો (ભગવાનમાં) સ્નેહ હોતો નથી એવો ભાવ છે. (લે)

શકે?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**એક એવાદ્વિતીયોઽસાવૈતદાત્મ્યમિદં જગત્ ।।**
**આત્મનાત્માશ્રયઃ સભ્યાઃ સૃજત્યવતિ હન્ત્યજઃ ।।૨૧।।**

આ એક જ અદ્વિતીય છે. આ જગતના આ આત્મા છે. હે સભ્યો! પોતાની મેળે પોતાના આશ્રયવાળા જન્મરહિત આ જગતને ઉત્પન્ન કરે છે, પાળે છે અને નાશ કરે છે. ૨૧.

બ્રહ્મ એક છે, અદ્વિતીય છે, એવું ઉપનિષદોમાં કોઈ સ્થલે તેનું લક્ષણ છે. કોઈ સ્થલે નિર્ણય કરનારા શાસ્ત્રમાં 'વિશ્વ બ્રહ્મ છે' એવું લક્ષણ છે. તેથી જ 'વિશ્વ' એવું પહેલું નામ (શ્લોક ૨૦માં કહેલું છે). વળી 'તેમણે પોતાની મેળે પોતાને કર્યા' એ શ્રુતિ પ્રમાણે, જે પોતાની મેળે પોતાને(આત્માને) કરે છે, તે આત્મા બ્રહ્મ છે. તેથી જે પોતાના આશ્રયવાળા છે તે બ્રહ્મ છે. 'જેમાંથી આ પ્રાણીઓ ઉત્પન્ન થાય છે...' વિગેરે શ્રુતિઓ પ્રમાણે સૃષ્ટિ અને પ્રલય કરનાર બ્રહ્મ જ છે. વળી 'અંદર રહેલ વશ કરે છે' એ શ્રુતિ પ્રમાણે જે સર્વના અંતર્યામી, સર્વને પ્રેરણા કરનાર છે તે બ્રહ્મ છે. એ પ્રમાણે ઘણાં વાક્યો પ્રમાણે બધાએ ગુણોનો સમૂહ ભગવાનમાં રહેલો છે એમ કહે છે.

આ 'એક જ' છે. આ વિષયમાં ઉત્તમ (પુરુષો)ની દૃષ્ટિ પ્રમાણ છે, કારણ કે તેઓ સર્વ સ્થલે શ્રીકૃષ્ણને જ જૂએ છે. વળી 'તારાઓ વિષ્ણુ છે' એ વાક્ય પ્રમાણે (આ) 'અદ્વિતીય' છે. તે (ઉત્તમ પુરુષો)નો અનુભવ પણ (આ વિષયમાં) પ્રમાણ છે.

'તે બીજા હશે' એવી શંકા થાય, તેથી 'આ' એમ કહેલું છે. 'તે માધવ બધાએ પ્રાણીઓના પિતા અને માતા છે. હે ઉત્તમ કૌરવો! શરણે જવા યોગ્ય તેમને જ શરણ જાઓ' (મહા.વનપર્વ ૧૮૯.૫૫) એ માર્કંડેયના વાક્ય પ્રમાણે, અને પાંદડારૂપ પાત્રમાં તે (માર્કંડેયે) આપને જ જોયા અને ઓળખ્યા તેથી (તે આ જ છે). વળી 'આ જગતના આત્મા છે.' આરણ્યક પર્વમાં દુર્વાસાએ (એવો) નિર્ણય કરેલો છે. તેમ ન હોત તો એક મુઠી શાકરૂપ અન્ન (આ શ્રીકૃષ્ણે) ભક્ષણ કરતાં તેઓ (દુર્વાસા અને તેમના શિષ્યો) ધરાઈ કેમ જાત? વળી આ જ 'પોતાની મેળે પોતાના આશ્રયવાળા થઈ' પોતાના સ્વરૂપવાળા જગતને 'ઉત્પન્ન કરે છે, પાળે છે અને નાશ કરે છે, પોતે જન્મરહિત રહે છે'. આ વિષયમાં 'સભ્યો' શબ્દથી પ્રમાણ (કહેલું છે). તેઓની સંમતિ દર્શાવવા સંબોધન કરેલું છે. ૨૧.

**વિવિધાનીહ કર્માણિ જનયન્ યદવેક્ષયા ।।**
**ઈહતે યદયં સર્વઃ શ્રેયો ધર્માદિલક્ષણમ્ ।।૨૨।।**

આ લોકમાં વિવિધ કર્મો ઉત્પન્ન કરતાં (તે રહે છે), કારણ કે આ સર્વ (લોક) જેમની સંભાળને લીધે ધર્મ વિગેરેરૂપ કલ્યાણ પ્રાપ્ત કરવા પ્રયાસ કરે છે. ૨૨.

વળી 'ઇહ' આ જગતમાં જ વિવિધ કર્મો ઉત્પન્ન કરતાં જે (શ્રીકૃષ્ણ) રહે છે. 'જે અંદર પ્રવેશ કરીને મારી વાણીને (પ્રેરે છે)' એ વાક્ય પ્રમાણે આ (ભગવાન) જ સર્વ કર્મોને ઉત્પન્ન કરે છે. આ વિષયમાં પણ 'સભ્યો' એ શબ્દથી જ પ્રમાણ કહેલું છે. વળી આ (શ્રીકૃષ્ણ) સાક્ષી છે, કારણ કે આપણે વિગેરે બધાએ લોક જેમની (તેમની) સંભાળને લીધે જ ધર્મ વિગેરે રૂપ કલ્યાણ પ્રાપ્ત કરવા પ્રયાસ કરે છે, કારણ કે ભગવાનની સંભાળ વિના કલ્યાણ પ્રાપ્ત થતું નથી જ. આ વિષયમાં અમે (પાંડવો) જ પ્રમાણ છીએ. ૨૨.

**તસ્માત્કૃષ્ણાય મહતે દીયતાં પરમાર્હણમ્ ।।**
**એવં ચેત્સર્વભૂતાનામાત્મનશ્ચાર્હણં ભવેત્ ।।૨૩।।**

તેથી ઉત્તમ શ્રીકૃષ્ણનું મુખ્ય પૂજન કરો. એમ કરવામાં આવશે તો સર્વ પ્રાણીઓનું અને આપણું પૂજન થશે. ૨૩.

'તેથી' એટલે (શ્રીકૃષ્ણ) સાક્ષાત્ પૂર્ણ પરબ્રહ્મ હોવાથી અને (તેમ હોવામાં) કોઇ પણ અયોગ્યતા ન હોવાથી, શ્રીકૃષ્ણનું જ મુખ્ય પૂજન કરો.

'તો પણ અમારાથી નાના મામા પૂજનના દાન માટે યોગ્ય કેમ ગણાય?' એવી શંકા થાય, તેથી 'ઉત્તમ' વિશેષણ યોજેલું છે. ભગવાને પોતાનું વિશ્વરૂપ દર્શાવેલું તેથી, અને (તે સર્વના) 'પિતા માતા છે' (૧૦.૪૩.૪૨) એ વાક્યથી તેમનું ઉત્તમપણું સિદ્ધ થએલું છે, અને તેમનું અલ્પપણું તો મોહ ઉત્પન્ન કરવા જ (દેખાડે છે). પરંતુ હલકું પૂજન ન કરવું, પણ મુખ્ય પૂજન કરવું.

'એમ કરવામાં આવે તેમાં શું વધારે છે? વળી લૌકિક ન હોય તેવું થાય છે. તેથી કોઇક વ્યાસ વિગેરે જ પૂજન કરવા યોગ્ય ભલે રહે' એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધ યોજલ છે. આ પ્રસંગે ઘણાએ સરખા છે. બધાઓનું એક સમયે પૂજન કરવું અશક્ય છે. તેથી એકનું પૂજન કરતાં બીજાઓનો દ્રોહ થશે, એમ પ્રત્યક્ષનો વિરોધ થાય છે, અને 'જે બીજા દેવતાને પૂજે છે' એ શ્રુતિનો વિરોધ થાય છે. તેથી તેવાને (પૂજનનું) દાન કરવું કે જેમને દાન કરવાથી બધાઓની તૃપ્તિ થાય. તે (તેવા) આ શ્રીકૃષ્ણ જ છે એમ 'એમ કરવામાં આવશે તો સર્વ પ્રાણીઓનું અને આપણું પૂજન થશે' એ શબ્દોથી કહે છે. ૨૩.

તેનું કારણ નીચેના શ્લોકમાં કહે છે :

**સર્વભૂતાત્મભૂતાય કૃષ્ણાયાનન્યદર્શિને ।।**

**દેયં શાન્તાય પૂર્ણાય દત્તસ્યાનન્ત્યમિચ્છતા ।।૨૪।।**

દાનનું અનંત ફલ ઈચ્છનારે સર્વ પ્રાણીઓ અને આત્મા બનેલા, બીજું કાંઈ નહિ જોનાર, શાંત, પૂર્ણ શ્રીકૃષ્ણને દાન કરવું જોઈએ. ૨૪.

સર્વ પ્રાણીઓ બનેલા અને આત્મા બનેલા (શ્રીકૃષ્ણને દાન કરવું જોઈએ). વેદવ્યાસને (દાન) કરવાનું નથી એમ જણાવવા 'કૃષ્ણાય' 'શ્રીકૃષ્ણને' એમ એકવચન કહેલું છે.

'છતાં પણ અવતાર ધારણ કરેલા (શ્રીકૃષ્ણ) કોઈ પ્રસંગે પણ પોતાને હદવાળા માને, ત્યારે દોષને લીધે (કરેલું) દાન અયોગ્ય થાય (ગણાય)' એવી શંકા થાય, તેથી 'બીજું કાંઈ નહિ જોનાર' વિશેષણ કહેલું છે. તે કોઈ સમયે બીજું જોતા નથી, પરંતુ સર્વને આત્મા તરીકે જ જૂએ છે એવો અર્થ છે. પ્રસંગને લીધે (તેમનામાં) બીજો પણ દોષ થતો નથી, એમ 'શાંત, પૂર્ણ' વિશેષણોથી કહે છે[1]. શાંત અને પૂર્ણ, દાન આપવા યોગ્ય છે. લોભ અને ક્રોધ બે દોષો છે. એ પ્રમાણે દોષ વિનાના અને પૂર્ણ ગુણો જેમનામાં છે તેવાને દાન આપવાથી અનંત ફલ (પ્રાપ્ત) થાય છે. ૨૪.

**ઈત્યુક્ત્વા સહદેવોઽભૂત્તૂષ્ણીં કૃષ્ણાનુભાવવિત્ ।।**
**તચ્છ્રુત્વા તુષ્ટુવુઃ સર્વે સાધુ સાધ્વિતિ સત્તમાઃ ।।૨૫।।**

શ્રીકૃષ્ણનો પ્રભાવ જાણનાર સહદેવ એમ કહીને શાંત રહ્યો. તે સાંભળીને બધા ઉત્તમ પુરુષોએ 'બહુ સારું, બહુ સારું' એમ કહી પ્રશંસા કરી. ૨૫.

એમ યુધિષ્ઠિરને કહીને, (સહદેવ) પોતે ઉદ્યમ નહિ કરતાં શાંત રહ્યો; નહિ તો પૂજા કરવા માટે પોતે બલથી સામગ્રી તૈયાર કરત. તે (શાંત રહેવા)નું કારણ 'શ્રીકૃષ્ણનો પ્રભાવ જાણનાર'વિશેષણથી કહેલું છે. જો (ભગવાને આ) વિષય ઈચ્છેલો હશે તો ભગવાનનો પ્રભાવ પોતે જ સર્વના હૃદયને (તેમનું પૂજન કરવાની) પ્રેરણા કરશે. આ (પૂજન)માં ભગવાનના ગુણો પ્રકટ થાય છે, તેથી (તે વિષયમાં) ભગવાનની ઈચ્છામાં સંદેહ હોવાથી (તે) શાંત રહ્યો. પછી ભગવાનની ઈચ્છાથી તેના વાક્યમાં સર્વની સંમતિ થઈ, એમ ઉત્તરાર્ધથી કહે છે. તે વિષય સર્વ ઉપપત્તિવાળો હોવાથી, બધાએ જ 'બહુ સારું, બહુ સારું' એમ કહીને ભગવાન્ (અને) સહદેવની પ્રશંસા કરી. દૈત્યના અંશવાળાઓની સ્તુતિ તેઓના નાશમાં અડચણરૂપ હેવાથી, તે (તેઓના નાશમાં અડચણ થાય તે) વિષયમાં ભગવાનની ઈચ્છા નહિ હોવાથી ઉત્તમ પુરુષોએ જ તે જ પ્રમાણે કહ્યું. ૨૫.

પછી સર્વની સંમતિ જાણીને, શાપ થવાના વિગેરે ભયને તજીને

---

૧. ભગવાન્ પૂર્ણ હોવાથી તેમને લોભ નથી, શાંત હોવાથી તેમને ક્રોધ નથી.

યુધિષ્ઠિરે ભગવાનની પૂજા કરવા માટે પ્રવૃત્તિ કરી, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**શ્રુત્વા દ્વિજેરિતં રાજા જ્ઞાત્વા હાર્દં સભાસદામ્ ।।**
**સમર્હયદ્ધૃષીકેશં પ્રીતઃ પ્રણયવિહ્વલઃ ।।૨૬।।**

દ્વિજોએ કહેલું સાંભળીને, સભાસદોનો આશય જાણીને પ્રેમથી વિહ્વલ થએલા રાજાએ પ્રસન્ન થઈ હૃષીકેશનું પૂજન કર્યું. ૨૬.

બધાએ દ્વિજોએ કહેલું (સાંભળ્યું). રાજા હોવાથી તેઓનો આશય પણ જાણ્યો; તે 'સભાસદોનો આશય જાણીને' શબ્દોથી કહેલું છે. સભાસદો એમ માનતા હતા કે આ વિષયમાં વાદીઓ સંમત છે. પછી (રાજાએ) ઈન્દ્રિયોને પ્રેરણા કરનાર અંતર્યામીનું, તેમની પ્રેરણાથી, પૂજન કર્યું. 'પ્રસન્ન થઈ' શબ્દથી (એમ કહેલું છે કે) અંતઃકરણથી પૂજન (કર્યું). 'પ્રેમથી વિહ્વલ થએલા' વિશેષણથી ઈન્દ્રિયોથી (પૂજન કર્યાનું કહેલું છે). શરીરથી તો પૂજન કરે છે જ. ૨૬.

તે પૂજનનો પ્રકાર નીચેના શ્લોકમાં કહે છે :

**તત્પાદાવવનિજ્યાપઃ શિરસા લોકપાવનીઃ ।।**
**સભાર્યઃ સાનુગામાત્યઃ સકુટુમ્બોઽવહન્મુદા ।।૨૭।।**

તેમનાં ચરણો ધોઈને, લોકને પવિત્ર કરનાર જલ પત્ની સાથે, સેવકો અને અમાત્યો સાથે, કુટુંબ સાથે આનંદથી માથા ઉપર ધારણ કર્યું. ૨૭.

ચરણ ધોએલ જલને ધારણ કરવું એ ઘણી શ્રદ્ધા જણાવનાર છે. તેમ કર્યું ન હોય તો શ્રદ્ધા વિના કરેલું (પૂજનનું) દાન વ્યર્થ થાય. તેથી લોકોને પવિત્ર કરનાર જલ માથા ઉપર ધારણ કર્યું. 'પત્ની સાથે' એટલે સંપૂર્ણ (થઈને), 'સાનુગામાત્યઃ' એટલે સેવકો અને અમાત્યો સાથે, અને કુટુંબ સાથે (માથા ઉપર ધારણ કર્યું). આથી સર્વની શ્રદ્ધા અને સંમતિ કહેલાં છે. ૨૭.

પછી નીચેના શ્લોકમાં પીતાંબર વિગેરેથી (કરેલ) પૂજન કહે છે :

**વાસોભિઃ પીતકૌશેયૈર્ભૂષણૈશ્ચ મહાર્ધનૈઃ ।।**
**અર્હયિત્વાશ્રુપૂર્ણાક્ષો નાશકત્સમવેક્ષિતુમ્ ।।૨૮।।**

પીળાં રેશમી વસ્ત્રોથી અને ઘણાં કિંમતી આભૂષણોથી પૂજન કરીને, આંસુઓથી ભરેલાં ચક્ષુઓવાળો દર્શન કરી શક્યો નહિ. ૨૮.

ભગવાન્ પૂજન કરવા યોગ્ય હતા એમ જણાવવા 'પીતકૌશેયૈઃ' પીળાં રેશમી વસ્ત્રોથી અને ઘણાં કિંમતી આભૂષણોથી પૂજન કર્યું, અને દેહની અંદર હર્ષ થયો. ભક્તિથી કરેલું પૂજન કોઈ અંગમાં ખોડવાળું હોતું નથી, એમ જણાવવા 'પૂજન કરીને' શબ્દ યોજેલ[1] છે. 'આંસુઓથી ભરેલાં હતાં ચક્ષુઓ જેનાં', એ

૧. પૂજન કર્યું ત્યાં સુધી ચક્ષુમાં આંસુ ન હતાં, તેથી પૂજન થયું ત્યાં સુધી ચક્ષુ ખોડવાળું ન

શબ્દોનો એવો અર્થ છે કે ભગવાનનાં દર્શનથી યુધિષ્ઠિરનું ચક્ષુ તેજમાંથી જેની ઉત્પત્તિ થાય છે[2] તે (જલ)વાળું થયું. પછી જેમ ઈચ્છેલું તેમ (તે ભગવાનનાં) દર્શન કરી શક્યો નહિ, એમ 'દર્શન કરી શક્યો નહિ' શબ્દોથી કહેલું છે. એમ સૂચવેલું છે કે દર્શનના સંબંધથી પણ તેનો વ્યય થયો નહિ, એટલે તેનું આધિદૈવિકનું પૂજન પૂર્ણ જ રહ્યું. ૨૮.

આ આધિદૈવિક ધર્મ ઉત્તમ છે એમ જણાવવા, બધાએ ધન્યવાદ આપ્યો, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**ઈત્થં સભાજિતં વીક્ષ્ય સર્વે પ્રાઞ્જલયો જનાઃ ।।**
**નમો જયેતિ નેમુસ્તં નિપેતુઃ પુષ્પવૃષ્ટયઃ ।।૨૯।।**

એવી રીતે (કરેલું શ્રીકૃષ્ણનું) પૂજન જોઈને બધા માણસોએ બે હાથ જોડ્યા, 'નમઃ, જય' એમ કહીને તેમને નમસ્કાર કર્યા. પુષ્પોની વૃષ્ટિઓ થઈ. ૨૯.

કાયા, વાણી અને મનથી સ્તુતિ કરી, અને ઈર્ષ્યા ન હતી એમ કહેવામાં આવે છે. 'બે હાથ જોડ્યા' એ કાયાની ક્રિયા છે. 'નમસ્કાર કર્યા' એ મનની ક્રિયા છે. 'જય' કહ્યા, એ વાણીની ક્રિયા છે, અને ઈર્ષ્યા ન હતી એમ જણાવે છે. ત્યાંના (લોકો)નું જ (એમ હતું) એમ ન હતું, પરંતુ સ્વર્ગમાં રહેનારાઓનું પણ (એમ હતું) એમ જણાવવા 'પુષ્પોની વૃષ્ટિઓ થઈ' એમ કહેલું છે. આ સર્વથી ઉત્તમ ધર્મ હતો એમ જણાવવા (પુષ્પોની વૃષ્ટિઓ થઈ). ૨૯.

દૈત્યના અંશવાળાએ (શ્રીકૃષ્ણના પૂજનનું) અભિનંદન ન કરવું, દ્વેષ કરવો અને નિંદા કરવી, અને ભગવાનનો (આ) ઈચ્છેલો વિષય હોવાથી પોતાની[1] મેળે જ તેને હણવો, અને (ભગવાન્) સર્વના આત્મા હોવાથી[1] તેને પણ ભોગ પ્રાપ્ત થાય તે માટે (ભોગમાં) પ્રતિબંધ કરનાર અંશનો નાશ કરી (તેને આપેલ) સાયુજ્યનું નિરૂપણ કરવામાં આવે છે. તે પૈકી આરંભમાં તે (પૂજન)ના દર્શનથી દૈત્યને કોપ થયો, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**ઈત્થં નિશમ્ય દમઘોષસુતઃ સ્વપીઠાદુત્થાય કૃષ્ણગુણવર્ણનજાતમન્યુઃ ।।**
**ઉત્ક્ષિપ્ય બાહુમિદમાહ સદસ્યમર્ષીસંશ્રાવયન્ ભગવતે પરુષાણ્યભીતઃ ।।૩૦।।**

આ પ્રમાણે સાંભળીને, શ્રીકૃષ્ણના ગુણોના વર્ણનથી જેને ક્રોધ થયો હતો તેવા, અદેખા દમઘોષના પુત્રે પોતાના આસન ઉપરથી ઉભા થઈ, હાથ ઉંચો

હતું, એવો ભાવ જણાય છે.

૨. તેજમાંથી જલ ઉત્પન્ન થાય છે, તેથી ચક્ષુ જલવાળું થયું. ચક્ષુ તેજનો અંશ હોવાથી તેમ થયું, એવો ભાવ છે. (લે)

કરીને, ભય રહિત થઈ ભગવાનને સભામાં કઠોર (વચનો) સંભળાવતાં આ (નીચે પ્રમાણે) કહ્યું. ૩૦.

બધાનું અનુમોદન અને સ્તુતિ સાંભળીને, ઉલટાવેલા[2] મદનું એટલે દુષ્ટ મદનું જે 'ઘોષઃ' સર્વ લોકમાં બરાડવું તેવા રૂપવાળો દમઘોષ; તેનો, બીજ અને યોનિના દોષને લીધે, દુષ્ટ પુત્ર (શિશુપાલ) હતો. (તે) પોતે પણ જો બેઠો રહીને બોલે તો બધાં એ સાંભળે નહિ, તેથી પોતાના આસન ઉપરથી ઉભો થઈ (તેણે કહ્યું). ભગવાને પોતાના ગુણો પ્રકટ કર્યા ત્યારે સિંહાસનમાં ભગવાનનો ગુણ પ્રકટ થયો, એટલે ત્યાંથી ઉઠાડી મૂકવામાં આવ્યો એવી વાસ્તવિક સ્થિતિ છે. 'શ્રીકૃષ્ણના ગુણોના વર્ણનથી જેને ક્રોધ થયો હતો' એ વિશેષણથી તેનો સભામાં આસન પર બેસવાનો અધિકાર ન હતો એમ સૂચવેલ છે. ભગવાનના સંબંધવાળા વિષયનું શ્રવણ કરીને જે તેને સહન કરતો નથી, દુઃખી થાય છે અને તેની વિરુદ્ધ બોલે છે તેને જ દૈત્યનો અંશ જાણવો; અને તેથી યજ્ઞમાં દૈત્યનો સંબંધ યોગ્ય નહિ હોવાથી, ભગવાનની પ્રેરણાથી જ તે અયોગ્ય વચન (બોલ્યો). તેમ (થયું) ન હોત તો તે વધ કરવા યોગ્ય ન થાત. એક બાજુ દેવો, મનુષ્યો અને પિતૃઓ છે, અને બીજી બાજુએ અસુરો, રાક્ષસો અને પિશાચો છે. 'વેદી ઉપર બેઠેલા અસુરો, રાક્ષસો અને પિશાચોને કાઢી મૂકેલા છે' (યજુ. ૨.૨૯) એ મંત્રના પ્રમાણથી અસુરો વિગેરેને સર્વ પ્રકારે કાઢી મૂકવા જોઈએ. તે પૈકી આ બંધુના વેષથી છૂપાએલ હોવાથી, વધ કરી શકાય તેવો ન હતો. તે માટે આટલું કહેવામાં આવે છે.

'હાથ ઉંચો કરીને' શબ્દોથી પોતાની ક્રિયાશક્તિ ઘણી છે એમ સૂચવે છે. 'આ' એટલે નીચે કહેવામાં આવશે તે (તેણે) કહ્યું. 'સભામાં' શબ્દથી એમ જણાવ્યું છે કે તેનો અપરાધ સર્વને પ્રસિદ્ધ થાઓ. '' 'સદસિ' બધાઓને અને ભગવાનને કઠોર (વચનો) વારંવાર સંભળાવતાં'' એ શબ્દોથી એમ જણાવવામાં આવ્યું છે કે આ બધા એના શત્રુ છે. 'ભયરહિત થઈ' શબ્દથી (એમ કહેલું છે કે) તે

૧-૧. 'સ્વતઃ' શિશુપાલના કારણથી જ તેને હણ્યો, એમ કહેવામાં આવે છે. પણ ભગવાનના કારણથી હણ્યો નથી. તેનું કારણ 'ભગવાન્ સર્વના આત્મા છે' એમ કહેલ છે. ભગવાન્ શિશુપાલના પણ આત્મા હોવાથી, તેના ઉદ્યમ વિના તેને કેમ હણે? એવો ભાવ છે. 'ભગવત-શ્ચાભિપ્રેતોઽર્થ ઈતિ સ્વતઃ' પાઠ હોવાથી 'સ્વતઃ' ભગવાનને લાગુ પડે છે. વળી પ્રથમાના એકવચનના શબ્દો જે વિષય કહે છે, તે જણાવે છે. તેથી 'સાર્વાત્મકત્વાત્' શબ્દનો સંબંધ, 'તેનો ભોગ સિદ્ધ થાય છે તે માટે તેને સાયુજ્ય આપ્યું' તેની સાથે લેવો વધારે યોગ્ય જણાવાથી તે પ્રમાણે અર્થ કરેલ છે.

૨. 'દમઘોષ' માંનો 'દમ' શબ્દ 'મદ' શબ્દને ઉલટાવવાથી થાય છે, તેથી 'દમ' એટલે ઉલટાવેલો અથવા દુષ્ટ મદ.

બધાથી (કોઈથી) વધ કરી શકાય તેવો ન હતો. ૩૦.

તેવા (શિશુપાલ)નું સર્વને ઠપકારૂપ વાક્ય નીચેના શ્લોકમાં કહે છે :

**ઈશો દુરત્યયઃ કાલ ઈતિ સત્યવતી શ્રુતિઃ ।।**
**વૃદ્ધાનામપિ યન્બુદ્ધિર્બાલવાક્યૈર્વિભિદ્યતે ।।૩૧।।**

કાલ ઉલ્લંઘન થઈ ન શકે તેવો ઈશ છે એવું વચન સત્ય છે, કારણ કે વૃદ્ધોની બુદ્ધિ પણ બાલના વચનોથી ફરી જાય છે. ૩૧.

કારણ કે સભાસદો સભામાં (શું) યોગ્ય અને (શું) અયોગ્ય તેનો વિચાર કરે છે, તેથી તેઓને ઠપકો (આપવો) યોગ્ય છે, કારણ કે દૈત્યનો અંશ સમીપમાં રહેલો હોવા છતાં (તેને) દૂર કાઢતા નથી. અહિં ધર્મના સ્થાનમાં (આ) જે અયોગ્ય થાય છે, તેનું કારણ ‘કાલ’ જ છે, કારણ કે તે કોઈ વાર ધર્મનો અંગીકાર કરે છે (અને) કોઈ વાર અધર્મનો અંગીકાર કરે છે એમ દ્વિસ્વભાવવાળો છે. વળી તે ‘ઈશ’ કોઈથી પણ ઉલ્લંઘન થઈ ન શકે તેવો છે, એવું, ‘લોક જેને વશ છે તે કાલ’ એ કાલનું માહાત્મ્ય જણાવનારું વચન સત્ય જ છે.

‘કાલનો વિપરીત ગુણ તે કયો જોયો?’ એ જાણવાની ઈચ્છા થાય, તેથી ઉત્તરાર્ધ કહેલો છે. બંને પ્રકારે (સ્તુતિ અને નિંદા બંને પ્રકારે અર્થ કરતાં) સભાસદો વૃદ્ધ છે. (ભગવાનની નિંદા કરે છે એવો) નિંદાનો અર્થ લેતાં સહદેવ બાલ છે. સ્તુતિનો અર્થ લેતાં ‘શિશુઃ’ બાલ અને તે વળી ‘પલસમૂહઃ પાલઃ’ માંસનો ઢગલો એમ નામથી શિશુપાલ (માંસનો ઢગલો છે), પરંતુ તેમાં ધર્મના કારણરૂપ ઈન્દ્રિયોનો સમૂહ અથવા જીવ કોઈ પણ રહેલ નથી, તેથી તે રાક્ષસોને જ યોગ્ય છે. કાલનો આ વિપરીત (ગુણ) છે કે આ (શિશુપાલ)ના વચનથી પણ વૃદ્ધોની બુદ્ધિ પણ ફરી જશે. (૨) (શિશુપાલને) પોતાને કાલ અનુકૂલ છે તેથી તેણે એમ જણાવ્યું કે ‘હું એકલો હોવા છતાં પણ તે પ્રમાણે (સભાના આશયથી) વિરુદ્ધ બોલું છું’. આ સભાસદોનો બીજો દોષ છે. ૩૧.

પોતાનું વચન (સભાસદો) સાંભળે તે માટે નીચેના શ્લોકમાં પાછો તેઓની પ્રશંસા કરે છે :

**યૂયં પાત્રવિદાં શ્રેષ્ઠા મા મન્ધ્વં બાલભાષિતમ્ ।।**
**સદસસ્પતયઃ સર્વે કૃષ્ણો યત્સંમતોઽર્હણે ।।૩૨।।**

હે સભાસદો! તમે બધા પાત્ર જાણનારાઓમાં ઉત્તમ છો. બાલનું વચન જેને લીધે કૃષ્ણને પૂજનની સમીપ રહેવા દીધો તે ન ગણકારો. ૩૨.

‘માત્ર વિદ્યાથી અથવા તપથી પણ પાત્રપણું થતું નથી’ એમ પાત્રનું સ્વરૂપ જેઓ જાણે છે તેઓ પાત્ર જાણનારા છે. તેઓમાં શ્રેષ્ઠ, પાત્રનું સૂક્ષ્મપણું

જાણનારાઓ છો. તેથી જ બાલનું એટલે મારું (અથવા) સહદેવનું વચન સ્વીકારો નહિ. બાલના વચનથી પાત્રનો નિર્ણય ન કરવો, પરંતુ (તમારે) પોતાની બુદ્ધિથી જ કરવો જોઈએ; કારણ કે તમે સભાસદો, સભામાં નિવૃત્તિ અને પ્રવૃત્તિ કરાવનારા છો. તમે બધા તેવા જ છો, એવી પણ (તેઓની) સ્તુતિ (કરેલી છે). 'જેને લીધે કૃષ્ણને પૂજનની સમીપ રહેવા દીધો' શબ્દોથી તેવા (સભાસદોના કાર્ય)નો અયોગ્ય ભાગ કહેલો છે. દુષ્ટના મુખમાંથી નીકળેલો 'કૃષ્ણ' શબ્દ મલિનપણાના સંબંધને લીધે મલિનને જ દર્શાવે છે, અને શિશુપાલનો અભિપ્રાય પણ તેવો જ છે. તેથી (મલિનપણાના) સંબંધને લીધે તેવો (મલિન) શિશુપાલ જ છે. તેવા આને 'યત્' જે કારણથી પૂજનની સમીપમાં 'સંમતઃ 'ભલે રહે' એમ રહેવા દીધો છે. આ (કાર્ય) સભાસદોને યોગ્ય નથી, એવો અર્થ છે, કારણ કે (આથી) યજ્ઞમાં કાલનો વિલંબ થશે. ૩૨.

'તું પણ ક્ષત્રિય છે, નજીકનો સગો છે, તેથી સમીપ રહે તેમાં શું દોષ?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :-

**તપોવિદ્યાવ્રતધરાઞ્જ્ઞાનવિધ્વસ્તકલ્મષાન્ ।।**
**પરમર્ષીન્બ્રહ્મનિષ્ઠાન્લોકપાલૈશ્ચ પૂજિતાન્ ।।૩૩।।**
**સદસસ્પતીનતિવ્રજ્ય ગોપાલઃ કુલપાંસનઃ ।।**
**યથા કાકઃ પુરોડાશં સપર્યાં કથમર્હતિ ।।૩૪।।**

(૧) તપ, વિદ્યા અને વ્રત ધારણ કરનારા, (૨) જ્ઞાનથી જેઓનાં પાપ નાશ થએલાં છે તેવા, (૩) બ્રહ્મમાં નિષ્ઠાવાળા, અને (૪) લોકપાલોએ પૂજેલા, (૫) મોટા ઋષિરૂપ સભાસદોનું ઉલ્લંઘન કરી, (૧) ઈન્દ્રિયોને પોષનાર, (૨) કુલમાં અધમ, (૩) જેમ કાગડો યજ્ઞના બલિ (પાસે રહેવા) યોગ્ય નથી તેમ, પૂજન સમીપ રહેવા યોગ્ય કેમ ગણાય? ૩૩-૩૪.

શ્રીકૃષ્ણની નિંદાના અર્થમાં લોકમાં પ્રસિદ્ધ જ અર્થ લેવાનો છે. તપ અને વિદ્યા(પૂજન કરવાયોગ્ય) પાત્રના લક્ષણમાં જ સાધન હોવાનું સ્પષ્ટ છે. 'આચાર રહિતને વેદો પવિત્ર કરતા નથી' (વશિ.સ્મૃ.૬.૩) એ વાક્યમાં વ્રતને પણ (પૂજન યોગ્ય થવાનું) કારણ કહેલું છે. 'વ્રત'નો અર્થ 'નિયમ' થાય છે. વધારે (કહેવા)નું શું પ્રયોજન? ભગવાનનાં વ્રત સુધીના વ્રતો ધારણ કરનારા અહિં (સભામાં) છે.

પાત્રમાં ગુણો કહીને 'જ્ઞાનથી જેઓનાં પાપ નાશ થએલાં છે તેવા' એ વિશેષણથી (સભાસદોમાં) દોષ નથી એમ કહે છે. 'જ્ઞાનરૂપી અગ્નિ સર્વ કર્મોને (બાળે છે)' (ભ.ગી.૪.૩૧) એ વાક્ય પ્રમાણે જ્ઞાન સર્વથી વધારે પાપનો નાશ કરનારું છે.

સાધારણ બ્રાહ્મણોમાં પણ આટલું સંભવે છે. તમે તો 'મોટા ઋષિ' મંત્રોનું દર્શન કરનારા છો. આથી એમ કહ્યું કે (તમે) પૂર્વકાંડની પ્રવૃત્તિ કરાવનારા છો. તેમાં પણ બ્રહ્મમાં નિષ્ઠાવાળા, એટલે ઉત્તરકાંડથી પ્રવૃત્તિ કરાવનારા છો. લોકમાં પણ તેવા તરીકે મનાએલા છો, એમ 'લોકપાલોએ પૂજેલા' વિશેષણથી કહે છે. લોકપાલોને પણ ફલનું દાન કરવા તમે (સભાસદો) શક્તિવાળા છો. ૩૩.

'આવા સભાસદોનું ઉલ્લંઘન કરીને' એમ ઉલ્લંઘન કરવાનો દોષ પણ કહ્યો. તે (સભાસદો)ની જ (પૂજનના) સમીપમાં સ્થિતિ યોગ્ય છે, મારી (સમીપમાં સ્થિતિ) યોગ્ય નથી, એમ (કહે છે). તેનાં કારણ તરીકે (૧) ઈન્દ્રિયોને પોષનાર, (૨) કુલમાં અધમ, અને (૩) જેમ કાગડો (યજ્ઞના બલિ પાસે રહેવા યોગ્ય નથી) એવાં પોતાનાં દૂષણો કહે છે. સભાસદોમાં પાંચ ગુણો છે. પોતામાં ત્રણ દોષો છે. (૧) ઈન્દ્રિયોનું પોષણ કરનાર, અથવા 'રાજા દશ વેશ્યાઓ સમાન છે'. (મનુ. ૪.૮૫) એમ (રાજાના) દોષનું શ્રવણ થતું હોવાથી ભૂમિનું પાલન કરનાર, અધમ ક્ષત્રિય (હું છું). (૨) તેમાં પણ 'કુલપાસનઃ' કુલમાં અધમ છું, જેને લીધે બધાએ ચૈદ્યવંશની નિંદા થએલી છે. તેઓ (ચૈદ્યવંશના રાજાઓ) તો હજારોમાં કીર્તિને પવિત્ર કરે છે. વળી (૩) જેમ કાગડો યજ્ઞના બલિ (પાસે રહેવા યોગ્ય નથી તેવો છું), કારણ 'જો કાળું પક્ષી ઉપર ઉડે' એમ (તે) સમીપમાં રહેવાથી પણ દોષ (થવાનું) કહેલું છે. તે બહાર રહેલા બલિને યોગ્ય જ છે, પરંતુ વેદીમાં રહેલા યજ્ઞના બલિને યોગ્ય નથી, કારણ કે (તે) સમીપમાં આવે તો પણ યજ્ઞના બલિનો નાશ થાય છે. તેવી રીતે હું 'સપર્યા' પૂજનની પાસે રહેવા યોગ્ય કેમ હોઉં? (શ્રીકૃષ્ણની) નિંદાના અર્થમાં તો બાલપણમાં અન્યાયવાળું વર્તન, પછી બીજાની સ્ત્રીઓનું હરણ વિગેરેથી અપકીર્તિ થએલી.

અથવા જેમ 'અકાકઃ' યજ્ઞના બલિને યોગ્ય નથી,–'કમ્' સુખ, 'અકમ્' દુઃખ, તે બંને વિનાનો શુક વિગેરેની સમાન (હોય તે) 'અકાકઃ'–તે જેમ 'પુરોડાશં' કર્મમાર્ગ માટે યોગ્ય નથી, તેમ હું પણ પૂજન (સમીપે રહેવા) યોગ્ય નથી, એવો અર્થ છે.

('ગોપાલઃ') વેદનું[1] રક્ષણ કરનાર, 'કુલપાન્' કુલ પવિત્ર કરવામાં પ્રવીણ અથવા કુલનું રક્ષણ કરનારાઓને 'અંસેન' ખભા ઉપર 'નયતિ' લઈ જાય છે, એમ (ભગવાનને) સત્પુરુષોનું રક્ષણ કરનાર કહેલા છે. (તેવા ભગવાન્) ભૌતિક કર્મના અધ્યક્ષપણાને યોગ્ય નથી, એમ (આ શબ્દોને) કેટલાક ભગવાનના

૧. 'ગો' શબ્દના ઘણા અર્થો છે. (૧) ઈન્દ્રિય, (૨) ભૂમિ અને (૩) વાણી=વેદ એ અર્થો લઈ 'ગોપાલઃ'ના જુદા જુદા અર્થો અહિં કહેલા છે.

સંબંધમાં પણ યોજે છે; તેની અવગણના કરવી યોગ્ય છે, કારણ કે ('કુલપાંસનઃ') શબ્દ દુષ્ટ છે. ૩૪.

ફરીથી પોતાની નિંદા થાય તે માટે નીચેના શ્લોકમાં બીજો દોષ કહે છે :

**યયાતિનૈષાં હિ કુલં શપ્તં સદ્ભિર્બહિષ્કૃતમ્ ।।**
**વૃથાપાનરતં શશ્વત્સપર્યાં કથમર્હતિ ।।૩૫।।**

યયાતિએ આપના કુલને શાપ આપેલ છે. સત્પુરુષોએ (તેનો) બહિષ્કાર કરેલો છે, (અને) તે વિના કારણ મદિરાપાનમાં આસક્તિવાળું છે. (તે કુલમાં જન્મેલ) પૂજાને યોગ્ય કેમ હોય? ૩૫.

યયાતિએ ચાર પુત્રોની[1] નિંદા કરી છે, એકલા પૂરુની પ્રશંસા કરી છે. અથવા યયાતિએ આ પાંડવોના કુલને શાપ આપેલો છે, કારણ કે (પાંડવોના વડવા પૂરુ) પુત્રના વયથી તેણે તેની (પૂરુની) માતા સાથે સંભોગ કરેલો. તે (પાંડવ યુધિષ્ઠિર)ને પરંપરાથી પણ દોષનો સંબંધ હોવાથી પવિત્ર કેમ થાય? તેથી આ (પાંડવો)ના ઘરમાં ભગવાન્ પૂજન કેમ લે? વળી સત્પુરુષોએ તે (કારણ)થી અથવા બીજા કારણથી (પાંડવોના કુલને) નિંદેલું છે, અને (તે) વિના કારણ મદિરાપાનમાં આસક્તિવાળું છે. એ પ્રમાણે આ સાધારણ (આખા કુલનો) દોષ છે. તેથી યયાતિના વંશમાં ઉત્પન્ન થએલો[1] પૂજન અથવા (પૂજનની) સમીપ રહેવાને યોગ્ય કેમ હોય? ૩૫.

કુલની નિંદા કરીને, કુલમાં ઉત્પન્ન થએલાની નિંદા કરે છે :

**વર્ણાશ્રમકુલાપેતઃ સર્વધર્મબહિષ્કૃતઃ ।।**
**સ્વૈરવર્તી ગુણૈર્હીનઃ સપર્યાં કથમર્હતિ ।।૩૬।।**

વર્ણ, આશ્રમ અને કુલથી ભ્રષ્ટ થએલો, સર્વ ધર્મોથી દૂર રાખેલો, બંધુઓ સાથે વર્તન નહિ રાખનાર, ગુણહીન પૂજનની સમીપ રહેવાયોગ્ય કેમ હોય? ૩૬.

વર્ણો અને આશ્રમો ચાર છે. ક્ષત્રિયપણું વિગેરે જાતિ છે. આ ત્રણેથી પણ ભ્રષ્ટ થએલો. વર્ણ, આશ્રમ અને કુલરૂપ ભગવાન જ હોવાથી, તેમનાથી શિશુપાલ દૂર રહેલો હોવાથી, તે (શિશુપાલ) તેવો (વર્ણ, આશ્રમ અને કુલથી ભ્રષ્ટ થએલો) છે. તે ભગવાનથી વિમુખ હોવાથી બધાએ ધર્મોથી દૂર રાખેલો છે. પછી 'સ્વૈરવર્તી' એટલે 'સ્વૈઃ' બંધુઓ સાથે ('અવર્તી') વર્તન નહિ રાખનારો પણ છે. તેવો ન હોત તો (ભગવાન્ સાથે) સ્નેહ જ કરત. તેથી જ તપ વિગેરે

૧-૧. શિશુપાલ પણ યયાતિના પુત્ર યદુના વંશમાં જ ઉત્પન્ન થએલો. જૂઓ શ્રીમદ્ ભાગવત સ્કંધ ૯, અધ્યાય ૨૩-૨૪.

ગુણોથી હીન તે પૂજન અથવા તેની સમીપ રહેવા યોગ્ય કેમ હોય? એવો અર્થ છે.

કેટલાક ભગવાનના સંબંધમાં પણ (આ શ્લોકનો) એવો અર્થ કરે છે કે (ભગવાન્) ગુણાતીત હોવાથી દેહ વિનાના હોવાથી (તેમનો) વર્ણ, આશ્રમ અને કુલ નથી, ઈન્દ્રિય વિનાના હોવાથી (તેમને) ધર્મ નથી, પોતાની ઈચ્છા પ્રમાણે ચાલનાર હોવાથી સ્વચ્છંદ વર્તન કરનારા છે, તેથી તેમને અંતઃકરણ નથી. તેથી (દેહ, ઈન્દ્રિય અને અંતઃકરણ) ત્રણ વિનાના (ભગવાન્) (એ) ત્રણવાળા હોય તેમને યોગ્ય પૂજનને લાયક કેમ હોય? ૩૬.

કુલ અને સ્વરૂપની નિંદા કહી, વ્યવહારથી નિંદા જણાવે છે :

**બ્રહ્મર્ષિસેવિતાન્દેશાન્હિત્વૈતેઽબ્રહ્મવર્ચસમ્ ।।**
**સમુદ્રં દુર્ગમાશ્રિત્ય બાધન્તે દસ્યવઃ પ્રજાઃ ।।૩૭।।**

આ બ્રહ્મર્ષિઓએ સેવેલા દેશોને તજી, બ્રહ્મતેજ વિનાના મુદ્રાવાળા પાખંડનો આશ્રય કરી, લૂંટારા થઈ પ્રજાને પીડે છે. ૩૭.

'તમારામાં શું દોષ છે?' એવી શંકા થાય, તેથી કહે છે કે 'આ' અમે વિદ્યા વિગેરે પ્રાપ્ત કરવા બ્રહ્મર્ષિઓએ સેવેલા કુરુક્ષેત્ર વિગેરે દેશોમાં ન રહેતાં, બ્રહ્મતેજ વિનાના 'સમુદ્ર' મુદ્રાવાળા પાખંડનો આશ્રય કરીને લૂંટારા થઈ પ્રજાને પીડીએ છીએ, એવો (અર્થ છે).

અથવા ભગવાનની સંનિધિને લીધે તે (ઋષિ)ઓની સ્તુતિ કરે છે. આ ઋષિઓ બ્રહ્મર્ષિઓએ સેવેલા, જ્ઞાન કર્મ વિગેરેવાળા દેશોનો ત્યાગ કરીને, બ્રહ્મનું પણ 'વર્ચઃ' તેજ છે જેમનાથી તેવા 'સમુદ્રં' મુદ્રાવાળા હસ્તમાં ચક્રવાળા ભગવાનરૂપી દુર્ગનો આશ્રય કરીને, 'અદસ્યવઃ' થઈને એટલે ઈન્દ્રિયો વિગેરે દ્વારા કોઈની પણ વસ્તુ ગ્રહણ નહિ કરતાં, (પ્ર) બલાત્કારથી ('જાઃ') ઉત્પન્ન થએલી ઈન્દ્રિયોની સર્વથી બલવાન વૃત્તિઓને રોકી રાખે છે, એમ 'ભગવાનના આશ્રયને લીધે જ તમે કૃતાર્થ છો' એવી તેઓની સ્તુતિ (કરેલી છે). સમુદ્ર ખાડો હોવાથી શાપ પામેલ હોવાથી, અથવા 'સમુદ્રનો કાંઠો ચંદ્રભાગા...(દેશોને શૂદ્રો ભોગવશે', ભાગ.૧૨।૧।૩૯) એ વાક્ય પ્રમાણે બ્રહ્મતેજ વિનાનાઓની સ્થિતિને લીધે, બ્રહ્મતેજ વિનાનો છે. વાસ્તવિક રીતે તો ભગવાનથી મોહ પામેલો (શિશુપાલ), ભગવાને ક્રીડા માટે સ્વીકાર કરેલા હોય નહિ તેવા બીજાના ગુણોને ભગવાનના ગણી નિંદા કરે છે, એટલે પોતાનાને દોષ દેતો હોય તેની પેઠે ભગવાનની સરસાઈ દર્શાવનારી સ્તુતિ જ થાય છે. ૩૭.

પછી જે થયું તે નીચેના શ્લોકમાં કહે છે :

**એવમાદીન્યભદ્રાણિ બભાષે નષ્ટમઙ્ગલઃ ।।**

**નોવાચ કિંચિદ્ભગવાન્ યથા સિંહઃ શિવારુતમ્ ।।૩૮।।**

જેનું મંગલ નાશ પામેલ હતું તેવા (શિશુપાલે) એ વિગેરે અમંગલ (વચનો) કહ્યાં. જેમ શીયાળનો અવાજ (થતો હોય ત્યાં) સિંહ બોલે નહિ તેમ ભગવાન્ કાંઈ પણ બોલ્યા નહિ. ૩૮.

'અભદ્રાણિ' અમંગલ વચનો (બોલ્યો). (તેનું) મંગલ નાશ પામેલું હોવાથી, અને 'જેનું મનથી ધ્યાન કરે છે' એ વાક્ય પ્રમાણે તેણે અમંગલ વચનો જ કહ્યાં. ત્યારે આ સાંભળીને પણ ભગવાન્ કાંઈ પણ બોલ્યા નહિ, (તેનો) વિરોધ કરવા કાયાનું અથવા વાણીનું (કાંઈ પણ કાર્ય) કર્યું નહિ. કેટલાક એમ કહે છે કે (ભગવાન્) 'પોતાનો દ્રોહ થતાં વધના જેવું કરે છે' તેથી શાંત રહ્યા તે વધના જેવું છે, કારણ કે (તેથી તેનો) તિરસ્કાર કરેલો છે. વાસ્તવિક રીતે તો તેનાં વાક્યો ધર્મમાં વિઘ્ન કરનારાં નહિ હોવાથી, 'આ દુષ્ટ બુદ્ધિવાળો છે' એમ (વિચારી), ભગવાને તેની દરકાર કરી નહિ.

'વચનરૂપી બાણો બાણો કરતાં કઠોર હોય છે, તેથી (ભગવાને) દરકાર કેમ ન કરી?' એવી શંકા થાય, તેથી 'જેમ (શીયાળનો અવાજ થતો હોય ત્યાં) સિંહ (બોલે નહિ)' એવું દૃષ્ટાંત કહેલું છે, કારણ કે શીયાળનો અવાજ સિંહની સમીપ થતો હોય તો પણ તેનો સિંહની નિંદારૂપ અર્થ થતો નથી, (મારા સામો અવાજ કરે છે એવી) અભિમાનને લીધે કલ્પના કરી, અને તે (અવાજ)ની સમાન બીજો જ શીયાળ અવાજ કરે છે, પરંતુ સિંહ અથવા સિંહ સમાન (પ્રાણી) (તેના સામે) અવાજ કરતું નથી. વર્ણ ઉલટાવવાથી 'સિંહ' શબ્દથી 'હણનારો' કહેવાય છે. તેથી 'આને હું હણીશ જ, બોલવાથી શું?' એમ (વિચારી ભગવાન્) શાંત રહ્યા. વળી તેણે કહેલા ગુણો ભગવાનમાં નથી, જેથી (જે ભગવાનમાં હોવાથી) મર્મસ્થાન વિંધાય. તેમ જ ભગવાન્ નિંદાએલા વિષયોને ગ્રહણ કરતા નથી, જેથી (જે ગ્રહણ કરવાથી) નિંદા કરનાર ઉપર ક્રોધ થાય. તેથી મૂર્ખોનાં વચન હોવાથી, (તેની) દરકાર ન જ કરવી જોઈએ. ૩૮.

વળી બીજા બહિર્મુખો 'ભગવાનની આ નિંદા છે' એમ માની, અને પોતાનો વિરોધ થએલ હોવાથી આ સાંભળવું ન જોઈએ એમ વિચારી, (શિશુપાલને) શાપ આપી (ત્યાંથી) જતા રહ્યા, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**ભગવન્નિન્દનં શ્રુત્વા દુઃસહં તત્સભાસદઃ ।।**
**કર્ણૌ પિધાય નિર્જગ્મુઃ શપન્તશ્ચેદિપં રુષા ।।૩૯।।**

સહન થઈ ન શકે તેવી ભગવાનની તે નિંદા સાંભળીને સભાસદો કાન ઢાંકીને ક્રોધથી શિશુપાલને શાપ આપતાં બહાર નીકળી ગયા. ૩૯.

તે (નિંદા) તો સહન ન થઇ શકે તેવી, કાનને પણ કઠોર હતી. નિંદાવાળી સભામાં જે રહેલા તેઓ પોતાના કાન ઢાંકીને 'ચેદિપં' શિશુપાલને ક્રોધથી શાપ આપતાં બહાર નીકળી ગયા. ૩૯.

એમ કરવાથી ધર્મ થાય છે, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**નિન્દાં ભગવતઃ શૃણ્વંસ્તત્પરસ્ય જનસ્ય વા ।।**
**તતો નાપૈતિ યઃ સોઽપિ યાત્યધઃ સ્વકૃતાચ્ચ્યુતઃ ।।૪૦।।**

ભગવાનની અથવા તેમનામાં આસક્તિવાળા માણસની નિંદા સાંભળતાં, ત્યાંથી જે જતો રહેતો નથી તે પણ પોતાના સુકૃતથી ભ્રષ્ટ થઇ અધોગતિ પામે છે. ૪૦.

'નિંદા' એટલે હલકાઇ જણાવનારું વાક્ય. જે વાક્યથી ભગવાનમાં હલકાઇ (હોવા)નું જ જ્ઞાન થાય તે, તથા (જેથી) ભગવાનના 'જનસ્ય' ભક્તમાં હલકાઇ હોવાનું જ્ઞાન થાય તે ન સાંભળવું, 'જનસ્ય' શબ્દથી (એમ કહેલું છે કે જેનાથી) સાધારણ માણસમાં હલકાઇ હોવાનું જ્ઞાન થાય તે પણ ન સાંભળવું. કાન ઢાંકીને ત્યાંથી જે જતો રહેતો નથી, તે પણ પોતાના સુકૃતથી ભ્રષ્ટ થઇ અધોગતિ પામે છે, કારણ કે ભગવાનની સરસાઇનું જ્ઞાન થાય તે માટે બધાએ પ્રયત્ન (કરવામાં આવે છે). તેમની હલકાઇ હૃદયમાં આવે ત્યારે તેથી ઉલટું થાય, તેથી પોતે કરેલા ધર્મ(સુકૃત)નો વૃથા નાશ થવાથી અને ઊંધું જ્ઞાન થવાથી પોતે અધોગતિ પામે છે. જેઓ શક્તિ વિનાના છે તેમના સંબંધમાં આ કહેલું છે. 'જો શક્તિમાન હોય તો ક્લેશ કરાવનારી દુષ્ટ જીભને કાપી નાખવી, અને પછી પ્રાણ પણ કાઢવા. તે ધર્મ છે' (૪।૪।૧૭) એમ શક્તિવાળાનો ધર્મ તો ચોથા સ્કંધમાં કહેલો છે. ૪૦.

પાંડવો તો મરવાની અને હણવાની શક્તિવાળા હતા, તેથી તેમણે તેને હણવાની પ્રવૃત્તિ કરી, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**તતઃ પાણ્ડુસુતાઃ ક્રુદ્ધા મત્સ્યકૈકયસૃઞ્જયાઃ ।।**
**ઉદાયુધાઃ સમુત્તસ્થુઃ શિશુપાલજિઘાંસયા ।।૪૧।।**

પછી પાંડુના પુત્રો, મત્સ્યો, કૈકયો અને સૃંજ્યો ક્રોધ કરી શિશુપાલને હણવાની ઇચ્છાથી હથીઆર ઉગામી ઉભા થયા. ૪૧.

શૂરવીર છે એમ જણાવવા પિતાના નામથી જણાવેલા છે. આરંભમાં તેઓએ ક્રોધ કર્યો, કારણ કે તેમ (ક્રોધ) ન કરે તો (શિશુપાલ તેઓની) માસીનો પુત્ર હોવાથી, સ્નેહ (હણવામાં) પ્રતિબંધ કરે. વિરાટવંશમાં જન્મેલા મત્સ્યો, અને ભરતના વડવા કૈકયો વૈષ્ણવો હતા. સૃંજ્યો દ્રુપદના વંશમાં ઉત્પન્ન થએલા.

આ ચારે પ્રકારના (યોદ્ધા)ઓ હથીઆર ઉગામી ઉભા થયા. 'શિશુપાલને હણવાની ઈચ્છાથી' એ શબ્દોથી પોતાનું મરણ (થવા)નો સંદેહ દૂર કરેલો છે. ૪૧.

**તતશ્ચેદ્યસ્ત્વસંભ્રાન્તો જગૃહે ખડ્ગચર્મણી ॥**
**ભર્ત્સયન્કૃષ્ણપક્ષીયાન્ રાજ્ઞઃ સદસિ ભારત ॥૪૨॥**

પછી હે ભારત! શિશુપાલે તો ગભરાયા વિના શ્રીકૃષ્ણના પક્ષના રાજાઓને ધમકાવતાં રાજાની સભામાં તલવાર અને ઢાલ લીધાં. ૪૨.

શિશુપાલ પણ ક્રિયાશક્તિમાં સર્વથી અધિક હતો. તેથી 'હણવા ઈચ્છનારને હણવો' એ નિયમ પ્રમાણે તેણે ગભરાયા વિના પાંડવોનો વધ કરવા તલવાર અને ઢાલ લીધાં. પછી બીજાઓએ 'આ તું અયોગ્ય (કાર્ય) કરે છે' એમ કહ્યું ત્યારે 'આ શ્રીકૃષ્ણના પક્ષના છે' એમ (માની) તેઓને ધમકાવતાં બારોબાર વધ કરવાનું અને પોતાનું રક્ષણ કરવાનું સાધન (તલવાર અને ઢાલ) લીધાં. 'રાજાની સભામાં' એ શબ્દોથી એમ સૂચવેલું છે કે આ પ્રસંગે બ્રાહ્મણના શાપનો ભય (તેને) ન હતો. 'હે ભારત!' એ સંબોધન (પરિક્ષિતને) વિશ્વાસ રહે છે માટે કરેલું છે. ૪૨.

પછી ભગવાને આ (શિશુપાલ)ને તેઓના કરતાં વધારે બલવાન અને નિષ્ફલ ન થાય તેવા પરાક્રમવાળો માનીને, (આ બધા) પોતાના (ભગવાનના) માટે પ્રયત્ન કરતા હતા તેથી 'ભક્તોનો દ્રોહ થતાં વધ વિચારેલો છે' એ શાસ્ત્રનો આદર કરી, પોતે (તેને) હણવા પ્રવૃત્તિ કરી એમ નીચેના શ્લોકમાં કહે છે :

**તાવદુત્થાય ભગવાન્ સ્વાન્નિવાર્ય સ્વયં રુષા ॥**
**શિરઃ ક્ષુરાન્તચક્રેણ ચિચ્છેદાપતતો રિપોઃ ॥૪૩॥**

તેટલામાં ભગવાને ઉભા થઈ, પોતાના સેવકોને અટકાવી, દોડી આવતા શત્રુનું માથું પોતે ક્રોધથી અસ્ત્રાના જેવી ધારવાળા ચક્રથી કાપી નાખ્યું. ૪૩.

શ્રીકૃષ્ણ ભગવાન્ હોવાથી, તેમની પોતાની શક્તિ પૂર્ણ હતી. તેથી જ પોતાના ભક્તોને શિશુપાલ સાથે યુદ્ધ કરતાં અટકાવી તેમણે પોતે ચક્રથી કાપી નાખ્યું.

'તે (શિશુપાલ) પણ ભક્ત હતો. (ભગવાને) એમ શા માટે કર્યું?' એવી શંકા થાય, તેથી 'ક્રોધથી' શબ્દ યોજેલો છે. ભગવાનના ભક્તોમાં તેણે ક્રોધ ઉત્પન્ન કર્યો, તેથી ભગવાનના ક્રોધગુણે તેને હણ્યો, તેમાં પણ જે માર્ગથી તે (શિશુપાલની) વાણી નીકળી હતી તે માથું કાપી નાખ્યું. 'ભગવાનની અલૌકિક શક્તિથી તેને હણ્યો હશે' એવી શંકા દૂર કરવા 'અસ્ત્રાના જેવી ધારવાળા (ચક્રથી)' શબ્દ યોજેલ છે. તેમ હોય (અલૌકિક શક્તિથી તેને હણ્યો હોય) તો ભગવાનની

સરસાઈ ન થાય (જણાય), (કાર્ય કરવાના) સાધનનું, ઉત્તમપણું તો (કાર્ય) કરનારની હલકાઈ કરાવનારું નથી, 'દોડી આવતા શત્રુનું' એ શબ્દોથી તેનો અપરાધ અને વધ કરવાનું કારણ કહેલાં છે. ૪૩.

**શબ્દઃ કોલાહલોઽપ્યાસીચ્છિશુપાલે હતે મહાન્ ।।**
**તસ્યાનુયાયિનો ભૂપા દુદ્રુવુર્જીવિતૈષિણઃ ।।૪૪।।**

શિશુપાલ હણાયો ત્યારે ભારે અવાજ અને કોલાહલ થયો. જીવવાની ઈચ્છાવાળા તેને અનુસરનારા રાજાઓ નાસી ગયા. ૪૪.

પછી તેનો વધ થતાં ભારે અવાજ થયો, અને બધાએ કોલાહલ કર્યો. 'શિશુપાલ હણાયો તયારે' એ શબ્દોથી કોલાહલ થવાનું કારણ અને વિના પ્રયાસે કરેલો તેનો વધ કહેલાં છે. પછી તેનો પક્ષ કરનારા દૈત્યના અંશવાળા બધાએ પોતાના જીવનું રક્ષણ કરવા યુદ્ધ કર્યા વિના જ જીવતા રહેવા માટે નાસી ગયા. ૪૪.

એવી રીતે ધર્મ માટે (કરેલા) તેના વધનું વર્ણન કરીને, તે જીવ જો મોક્ષ ન પામે તો તે સ્થાન સ્મશાન[1] થાય (ગણાય), તેથી તે દોષ દૂર કરવા નીચેના શ્લોકમાં (તેની) મુક્તિ થઈ એમ કહે છે :

**ચૈદ્યદેહોત્થિતં જ્યોતિર્વાસુદેવમુપાવિશત્ ।।**
**પશ્યતાં સર્વભૂતાનામુલ્કેવ ભુવિ ખાચ્ચ્યુતા ।।૪૫।।**

જેમ આકાશમાંથી પડેલો અગ્નિ ભૂમિમાં પ્રવેશ કરે તેમ સર્વ પ્રાણીઓના દેખતાં શિશુપાલમાંથી નીકળેલા તેજે વાસુદેવમાં પ્રવેશ કર્યો. ૪૫.

હૃદયમાં રહેલા 'જીવ' નામના પ્રસિદ્ધ, કુદરતી ક્રિયાવાળા તેજે ભગવાનની ઈચ્છાથી 'વાસુદેવં' મોક્ષ આપનાર વાસુદેવમાં પ્રવેશ કર્યો. ભગવાનના ચરણોમાં તેણે પ્રવેશ કર્યો. તે (ભગવાનનું ચરણારવિંદ) વૈકુંઠરૂપ છે. 'પુનર્લોક,' '(ભગવાનની) સમીપ' વિગેરે શબ્દોથી વ્યાપિવૈકુંઠ જ કહેલું છે. તેમ (વ્યાપિ વૈકુંઠમાં પ્રવેશ કરાવવાનો) ન હોત તો '(કાદવમાં પડીને) કાદવ ધોવા

૧. 'સ્થાન સ્મશાન થાય' એમ કહ્યું. તેથી શિશુપાલને ત્યાં જ બાળ્યો હશે એમ જણાય છે. સુષુપ્તિમાં પણ જીવ (દેહમાં) હોતો નથી (પણ પ્રાણ હોય છે.) તેથી પ્રાણ હોય ત્યારે શરીર શુદ્ધ ગણાય છે, અને પ્રાણ ન હોય ત્યારે અશુદ્ધ ગણાય છે. તેથી પ્રાણ વિનાના શિશુપાલના દેહને બાળ્યો તેથી તે સ્થાન સ્મશાન જેવું થાય. તેમ ન હોય તો સળગતા ઘરમાં પુરુષ બળી મરે તે ઘર પણ સ્મશાન ગણાય. શિશુપાલના જીવે ભગવાનમાં પ્રવેશ કર્યો, અને તેના પ્રાણ,ઈન્દ્રિય વિગેરે દેહમાં જ રહ્યા, તેથી પ્રાણવાળા શરીરને બાળ્યું. તેથી તેની મુક્તિ કહી, તેથી પ્રાણ શરીરમાં હોવાનું સૂચવાયું. તેથી તે સ્થાન સ્મશાન થવાની શંકા દૂર થઈ એવો ભાવ છે. (લે)

કરતાં, તેને સ્પર્શ કર્યા વિના દૂર રહેવું સારું)' એ નિયમ પ્રમાણે કૃત્રિમ વૈકુંઠમાંથી કાઢવાનું વ્યર્થ થાય. આ બીજા પ્રકારે (જીવ વ્યાપક હોય તો) ઘટતું નહિ હોવાથી જ, સોયની ટોચ જેટલો જ જીવ છે એ મત જ મુખ્ય છે એમ સ્વીકારવું જોઈએ.

શરીરના બાકીના સાત્ત્વિક અંશથી (તેણે ભગવાનમાં પ્રવેશ કર્યો) એ મત અયોગ્ય છે, કારણ કે 'જ્યોતિઃ' 'તેજ' એવું વાક્ય છે, અને બીજા સ્થલોએ આત્મા (જીવ)ને તેજનો પ્રકાર (કહેલો છે). 'આમને (ઈન્દ્રિયોને) લઈને જાય છે' (ભ.ગી.૧૫।૮) એ વાક્ય પ્રમાણે તેને કુદરતી ક્રિયા હોવાનું પણ સિદ્ધ થાય છે. માત્ર જીવનું આવું રૂપ જે પ્રકારે થાય છે તે નિબંધમાં દર્શાવેલ છે. 'સર્વ પ્રાણીઓના દેખતાં' શબ્દોથી (શિશુપાલને ભગવાનનું) સાયુજ્ય (પ્રાપ્ત થવા)નું પ્રમાણ અને જીવના સ્વરૂપનો નિર્ણય કહેલાં છે. બધાએ (તેનો ભગવાનમાં) પ્રવેશ જોયો નહિ એમ જણાવવા '(જેમ આકાશમાંથી પડેલો) અગ્નિ (ભૂમિમાં પ્રવેશ કરે)' એવું દૃષ્ટાંત કહેલું છે. (શિશુપાલમાંથી) નીકળી અને (ભગવાનમાં) પ્રવેશ કરવાના સમયે તે દેખાએલ નહિ. આકાશમાંથી ભૂમિ ઉપર પડેલું તેજ (વીજળી) (તેવા સમયે દેખાતું નથી). ૪૫.

એવી રીતે (શિશુપાલનો ભગવાનમાં) શંકા વિનાનો પ્રવેશ કહીને, ભગવાનની નિંદા કરનારને સાયુજ્ય કેમ પ્રાપ્ત થયું, એવી શંકા દૂર કરે છે :

**જન્મત્રયાનુગુણિતવરસંરમ્ભયા ધિયા ।।**
**ધ્યાયંસ્તન્મયતાં યાતો ભાવો હિ ભવકારણમ્ ।।૪૬।।**

ત્રણ જન્મોમાં વારંવાર થતાં વૈરને લીધે થએલા ક્રોધવાળી બુદ્ધિને લીધે તે (ભગવાનનું) ધ્યાન ધરતાં (તેમનાં) સ્વરૂપને પામ્યો, કારણ કે ભાવ જન્મનું કારણ છે. ૪૬.

વૈકુંઠમાંથી પડેલાના હિરણ્યકશિપુ, રાવણ અને શિશુપાલરૂપ ત્રણ જન્મોમાં અપકાર, વધ વિગેરેને લીધે વારંવાર થએલું જે વૈર, તેનાથી થએલ જે 'સંરમ્ભઃ' (ક્રોધ)વાળી બુદ્ધિ એટલે વૈરબુદ્ધિથી તે ભગવાનનું ધ્યાન ધરતા, તે તેમના સ્વરૂપને જ પામ્યો. તેથી ભમરીની[1] પેઠે ભગવાનના ધ્યાનથી ભગવદ્રૂપ થઈ, તેણે ભગવાન માં સાયુજ્ય પ્રાપ્ત કર્યું. તેમ (ધ્યાન ધરેલ) ન હોત તો ભગવાનમાં રહેલાં જગતની પેઠે, (તેને) સાયુજ્ય પ્રાપ્ત ન થાત. તેથી આ (સાયુજ્ય) (શિશુપાલનો) ભગવાનના રૂપથી જન્મ હતો. તે(વો જન્મ થવા)નું કારણ 'ભાવઃ' જ, (ભગવાનનું) અટક્યા વિનાનું સ્મરણ જ છે. જે પદાર્થનું જે

૧. ભમરી ઈયળને લાવી પોતાના દરમાં પૂરે છે. તે ઈયળ ભમરીનું જ ધ્યાન ધરતાં ભમરી બની તે દરમાંથી નીકળે છે, તે ભમરીની પેઠે, એવો અર્થ જણાય છે.

નિરંતર સ્મરણ કરે છે, તે તે જ થાય છે. ૪૬.

એવી રીતે પ્રસંગને લીધે દોષ દૂર થવાનું અને (શિશુપાલના) મોક્ષનું નિરૂપણ કરીને, નીચેના શ્લોકમાં આરંભેલા યજ્ઞના બાકીના ભાગનું વર્ણન કરે છે :

**ઋત્વિગ્ભ્યઃ સસદસ્યેભ્યો દક્ષિણાં વિપુલામદાત્ ।।**
**સર્વાન્ સંપૂજ્ય વિધિવચ્ચક્રેઽવભૃથમેકરાટ્ ।।૪૭।।**

ઋત્વિજોને અને સભાસદોને ઘણી દક્ષિણા આપી. વિધિ પ્રમાણે સર્વની પૂજા કરીને ચક્રવર્તી(રાજા)એ અવભૃથ (સ્નાન) કર્યું. ૪૭.

પછી ઋત્વિજોને દક્ષિણા (આપી). પછી 'જેટલા સભાસદો હોય (તે બધા દક્ષિણા આપવા યોગ્ય છે)' એ વાક્ય પ્રમાણે બધાએ સભાસદોને ઘણી, તેઓએ ઈચ્છેલી તેથી પણ વધારે, (દક્ષિણા) આપી. પછી ત્રણ સવન[૧] પછી, તરત થતા અને બે રાત્રે થતા સત્ર પછી યજ્ઞના ભાગનો ભોગ કરનારા બધાએ દેવોની (તેમના) જુદા જુદા સ્થાને પૂજા કરીને અને લૌકિક (પુરુષો)ની પણ દાન, માન વિગેરેથી પૂજા કરીને, પછી યુધિષ્ઠિરે અવભૃથ સ્નાન કર્યું. તેને ચક્રવર્તીપણું પ્રાપ્ત થયું એમ 'ચક્રવર્તી' શબ્દથી (તેને) યજ્ઞનું ફલ મળ્યાનું કહેલું છે. ૪૭.

એ પ્રમાણે યજ્ઞ સફલ થયાનું કહી નીચેના શ્લોકથી આરંભી બે શ્લોકોથી આ સર્વ ભગવાને જ કર્યું એવું ભગવાનનું ચરિત્ર કહી, ઉપસંહાર કરતાં ભગવાન્ (ત્યાંથી) પધાર્યા એમ કહે છે :

**સાધયિત્વા ક્રતું રાજ્ઞઃ કૃષ્ણો યોગેશ્વરેશ્વરઃ ।।**
**ઉવાસ કતિચિન્માસાન્ સુહૃદ્ભિરભિયાચિતઃ ।।૪૮।।**

રાજાનો યજ્ઞ સફલ કરાવી, યોગેશ્વરોના ઈશ્વર શ્રીકૃષ્ણ મિત્રોએ વિજ્ઞપ્તિ કરવાથી કેટલાક મહિના (ત્યાં) રહ્યા. ૪૮.

રાજાના યજ્ઞ રાજસૂયને સફલ કરાવી, શ્રીકૃષ્ણ (પોતે) ફલરૂપ હોવા છતાં પણ સાધનના સાધન તરીકે પોતાનો ઉપયોગી કરાવી ઘણો મોહ ઉત્પન્ન કરાવી, જેમ (કોઈએ) ન જાણ્યું તેમ યોગને પૂર્ણ કરી (ત્યાં રહ્યા). યોગશ્વરોના પણ ઈશ્વર જાણી ન શકાય તેવા હોય છે. યોગની ગતિ જાણી શકાય તેવી નહિ હોવાથી, યજ્ઞ સફલ થવા છતાં પણ તેઓ (પાંડવો) મને જાણી શકશે નહિ એવો નિશ્ચય કરીને, અજ્ઞાની મિત્રોએ આનંદ માટે (ત્યાં રહેવાની) વિજ્ઞપ્તિ કરવાથી (ભગવાન્) ત્યાં કેટલાક મહિના રહ્યા. ૪૮.

**તતોઽનુજ્ઞાપ્ય રાજાનમનિચ્છન્તમપીશ્વરઃ ।।**

---

૧. યજ્ઞમાં દેવોનું પ્રવાહી પદાર્થોથી કરવામાં આવતા તર્પણને 'સવન', અને તેઓને આપવામાં આવતા બલિદાનને 'સત્ર' કહેલા હોય તેમ જણાય છે.

**યયૌ સભાર્યઃ સામાત્યઃ સ્વપુરં દેવકીસુતઃ ।।૪૯।।**

પછી (જવા દેવા) નહિ ઈચ્છનાર રાજાની પણ સંમતિ લઈને, ઈશ્વર દેવકીપુત્ર પત્નીઓ સાથે (અને) પ્રધાનો સાથે પોતાના નગર પધાર્યા. ૪૯.

પછી બીજી લીલા કરવા માટે, સ્નેહને લીધે (જવા દેવા) નહિ ઈચ્છનાર રાજાની પણ સંમતિ લઈને, (પોતે) ઈશ્વર હોવાથી સ્વતંત્રતા ધારણ કરી, જેમ (ઈન્દ્રપ્રસ્થ) પધાર્યા હતા, તેમ પત્નીઓ સાથે અને પ્રધાનો સાથે પોતાના નગર પધાર્યા.

'ભગવાનનું કાંઈ પણ કાર્ય (ઈન્દ્રપ્રસ્થમાં) સિદ્ધ થયું નહિ. એવી રીતે ભારે દબદબા સાથે કેમ (ત્યાં) આવ્યા અને કેમ પાછા પધાર્યા?' એવી શંકા થાય, તેથી 'દેવકીપુત્ર' શબ્દ યોજેલ છે. ભક્તો ઉપરના પ્રેમને લીધે જેમ દેવકીના પુત્ર થયા, તેમ (તેમણે) આ (કાર્ય) પણ કર્યું, એવો અર્થ છે. ૪૯.

નીચેના શ્લોકથી ઉપસંહાર કરે છે :-

**વર્ણિતં તદુપાખ્યાનં મયા તે બહુવિસ્તરમ્ ।।**
**વૈકુણ્ઠવાસિનોર્જન્મ વિપ્રશાપાત્પુનઃ પુનઃ ।।૫૦।।**

વૈકુંઠમાં વસનારા બે (પાર્ષદો)નો જન્મ વિપ્રના શાપને લીધે વારંવાર થએલ તે કથા મેં તને બહુ વિસ્તારથી કહેલી છે. ૫૦.

'અહિં શિશુપાલનું સ્વરૂપ સારી રીતે કહેલું નથી. તે કહેલ નહિ હોવાથી કથા રસવાળી નથી' એવી શંકા થાય, તેથી તે કહે છે કે મેં પહેલાં જ વૈકુંઠમાં વસનારા બે (પાર્ષદો)ના જન્મ વિપ્રના શાપને લીધે વારંવાર થએલ એમ, બહુ વિસ્તારથી જેમ થાય તેમ, તે શિશુપાલની કથા ત્રીજા અને સાતમા (સ્કંધ)માં મેં કહેલી છે. ૫૦.

પછી રાજાના સર્વ પાપનો ક્ષય થતાં, તેની ઘણી શોભા થઈ એમ કહે છે :

**રાજસૂયાવભૃથ્યેન સ્નાતો રાજા યુધિષ્ઠિરઃ ।।**
**બ્રહ્મક્ષત્રસભામધ્યે શુશુભે સુરરાડિવ ।।૫૧।।**

રાજસૂયનું અવભૃથ સ્નાન કરેલો રાજા યુધિષ્ઠિર બ્રાહ્મણો અને ક્ષત્રિયોની સભામાં ઈન્દ્રના જેવો શોભતો હતો. ૫૧.

રાજસૂયનું 'અવભૃથ્યઃ' અવભૃથ કર્મ, તેમાં સ્નાન કરેલો રાજા, તેના સર્વ પાપનો ક્ષય થતાં, બ્રાહ્મણો અને ક્ષત્રિયોની સભામાં સર્વથી વધારે શોભતો હતો. ક્ષત્રિયોનો સમાન જાતવાળો હોવા છતાં, બ્રાહ્મણોથી હલકો હોવા છતાં, સર્વથી વધારે શોભતો હતો, તે વિષયમાં દૃષ્ટાંત કહે છે કે 'સુરરાટ્' 'ઈન્દ્રની પેઠે'. ૫૧.

અંગ સહિત રાજસૂયનું ફલ કહી, (બધા) પાછા ગયાનું કહેતાં, નીચેના શ્લોકમાં બધા રાજાઓ પાછા ગયાનું કહે છે :

**રાજ્ઞા સભાજિતાઃ સર્વે સુરમાનવખેચરાઃ ।।**
**કૃષ્ણં ક્રતું ચ શંસન્તઃ સ્વધામાનિ યયુર્મુદા ।।૫૨।।**

રાજાએ સત્કાર કરેલા સર્વ દેવો મનુષ્યો અને આકાશમાં ફરનારાઓ શ્રીકૃષ્ણની અને યજ્ઞની પ્રશંસા કરતાં આનંદથી પોતાના સ્થાને ગયા. ૫૨.

દેવો વિગેરે સર્વ સાત્ત્વિક, રાજસ અને તામસ (જીવો)નો સત્કાર કર્યો. આધિદૈવિક અને આધ્યાત્મિક બંનેને પ્રસન્ન કર્યા. (તેની) મધ્યે અંશ હોવાથી અને પ્રસંગને લીધે પ્રસન્ન કરવામાં આવેલા (દેવો વિગેરે) પોતે આનંદથી પોતાના સ્થાને ગયા. ૫૨.

રાજસૂયનું ફલ સ્વારાજ્ય (યુધિષ્ઠિરની ઘણી શોભા) અને સર્વનો સંતોષ કહીને, ભૂમિનો ભાર હરવો તે પણ તેનું પ્રયોજન હોવાથી, તેનું બીજ પણ ત્યાં ઉત્પન્ન થયું, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**દુર્યોધનમૃતે પાપં કલિં કુરુકુલામયમ્ ।।**
**યો ન સેહે શ્રિયં સ્ફીતાં દષ્ટ્વા પાણ્ડુસુતસ્ય તામ્ ।।૫૩।।**

પાંડુના પુત્રની વૃદ્ધિ પામેલી પ્રસિદ્ધ સંપત્તિ જોઈને જે (તેને) સહન કરી શક્યો નહિ, તે કુરુકુલના રોગરૂપ પાપ કલિ દુર્યોધન સિવાયના (બધા રાજાઓ આનંદથી પોતાના ધામ ગયા. શ્લો.૫૨). ૫૩.

દૈત્યના અંશવાળાઓને પહેલાં જ કાઢી મૂકેલા. આ (દુર્યોધન) નજીકના બંધુ તરીકે છૂપો અંદર રહેલો, છતાં પણ (યુધિષ્ઠિરને યજ્ઞનું) ફલ પ્રાપ્ત થયું ત્યારે તેણે પોતાનો દોષ પ્રકટ કર્યો. પછી માનભંગ થઈ દુઃખી થઈ ગયો, કારણ કે તે પાપરૂપ કલિનો અવતાર હતો. 'તેવો (પાપરૂપ) બંધુ કેમ હોઈ શકે?' એવી શંકા થાય, તેથી 'કુરુકુલના રોગરૂપ' શબ્દ યોજેલ છે. બ્રહ્મકલ્પથી આરંભી આ (સમય) સુધીમાં કુરુકુલમાં જેટલું પાપ થએલ તે જ ભેગું થઈ દુર્યોધનના આકારથી પ્રકટ થએલું. તેથી 'બંધુ' અને 'પાપરૂપ' હોય તેમાં વિરોધ નથી, એવો અર્થ છે. 'આમયઃ' રોગ પ્રાણીઓને કુદરતી હોય છે, ધાતુ અને અન્નના વિષમપણાને (ઓછું વધારે હોવાને) લીધે સદા હોય છે, તે કોઈ સમયે વૃદ્ધિ પામે ત્યારે 'રોગ' સંજ્ઞા પ્રાપ્ત કરે છે. તેમ આ (દુર્યોધન) પણ પાપરૂપ હતો.

'તે (પાપ) જાગ્રત થવાનું કારણ?' એ જાણવાની ઈચ્છા થાય, તેથી ઉત્તરાર્ધ કહેલો છે. જેમ રોગ ભારે ભોજન સહન કરતો નથી તેથી અધર્મ ધર્મનું ફલ સહન કરતો નથી. જાણવામાં આવે તેવા અને ન જાણવામાં આવે તેવા

ઉપાયોથી પાંડુના પુત્રની સંપત્તિ વૃદ્ધિ પામી તેવી (વૃદ્ધિ પામેલી) પ્રસિદ્ધ (સંપત્તિ) તે સહન કરી શક્યો નહિ, તેથી કુરુકુલમાં તે રોગરૂપ હતો. ૫૩.

આ ઉપાખ્યાનના શ્રવણનું ફલ નીચેના શ્લોકમાં કહે છે :

**ય ઈદં કીર્તયેદ્વિષ્ણોઃ કર્મ ચૈદ્યવધાદિકમ્ ।।**
**રાજ્ઞાં મોક્ષં વિતાનં ચ સર્વપાપૈઃ પ્રમુચ્યતે ।।૫૪।।**

જે વિષ્ણુના આ ચૈદ્યનો વધ વિગેરે, રાજાઓનો મોક્ષ અને અને યજ્ઞરૂપ કર્મનું કીર્તન કરે, તે સર્વ પાપોથી મુક્ત થાય છે. ૫૪.

સદા પાઠ કરવો જોઈએ. 'એવી રીતે શા માટે આનો પાઠ કરવો?' એવી શંકા થાય, તેથી 'વિષ્ણુનું કર્મ' શબ્દો યોજેલ છે.

'આ રાજસૂય નામનું તો રાજાનું કર્મ છે. ભગવાનનું કર્મ કેમ ગણાય?' એવી શંકા થાય, તેથી 'ચૈદ્યનો વધ વિગેરે' શબ્દ યોજેલ છે, 'શિશુપાલનો વધ છે આરંભમાં જેનાં' (તેવું કર્મ), ત્યાર પછીનું બધું ભગવાનનું જ કર્મ છે.

'ત્યારે તેટલા (શિશુપાલનો વધ અને ત્યાર પછીના)નું જ શ્રવણ કરવું જોઈએ' એવી શંકા થાય, તેથી 'રાજાઓનો મોક્ષ અને યજ્ઞરૂપ' શબ્દો યોજેલ છે. તામસ, રાજસ અને સાત્ત્વિક એવાં આ ત્રણ કર્મ છે. આનું કીર્તન કરવાથી અને શ્રવણ કરવાથી સર્વ પાપોથી મુક્ત થાય છે, એમ શ્રવણ વિગેરેનું ફલ કહેતાં, તે ધર્મને ઉત્તમ કહેલો છે. જેમ સ્વરૂપથી (આ ધર્મનું) ઉત્તમપણું વર્ણવેલું છે, તેમ જાણી શકાય તેવું ફલ પ્રાપ્ત કરાવનાર તરીકે પણ તેનું માહાત્મ્ય હોવાથી, (તેનાં શ્રવણ વિગેરેનું) ફલ કહેલું છે. ૫૪.

**ઈતિ શ્રીલક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીમદ્વલ્લભદીક્ષિતે રચેલી**
**શ્રીમદ્ભાગવતની સુબોધિનીમાં દશમા સ્કંધના ઉત્તરાર્ધના વિવરણમાં**
**પચ્ચીસમો અને સળંગ એકોતેરમો અધ્યાય સંપૂર્ણ.**

# અધ્યાય બોત્તેરમો.

## દુર્યોધનના માનભંગનો પ્રસંગ

**ષડ્વિંશે રાજસૂયસ્ય ભૂભારહણે યથા ।।**
**કારણત્વં તદર્થં હિ માનભઙ્ગો નિરૂપ્યતે ।।૧।।**

જે પ્રકારે રાજસૂય (યજ્ઞ) ભૂમિનો ભાર હરવામાં કારણરૂપ થાય છે તે (જણાવવા) માટે છવીસમા (અધ્યાય)માં (દુર્યોધનના) અભિમાનના નાશનું વર્ણન કરવામાં આવે છે. કા.૧.

**યથાન્યદ્ભગવત્કર્મ મુખ્યં કંસવધાદિકમ્ ।।**
**રાજસૂયકૃતિસ્તદ્વત્ ભૂભારહૃતિકારણમ્ ।।૨।।**

જેમ ભગવાનનું કંસનો વધ વિગેરે બીજું કર્મ ભૂમિનો ભાર હરવાનું મુખ્ય કારણ છે, તેવું રાજસૂયનું કાર્ય પણ (મુખ્ય કારણ) છે. કા.૨.

**સ્વાતન્ત્ર્યે તુ હરેરત્ર ગૌણતેતિનિરૂપણમ્ ।।**
**હરેઃ કથાયાં તસ્યાત્ર ન યુક્તમિતિ નિશ્ચયઃ ।।૩।।**

(રાજસૂયનું) સ્વતંત્રપણું હોય તો આમાં હરિની અધીનતા થાય, એવું તેનું વર્ણન અહિં હરિની કથામાં યોગ્ય નથી એવો નિશ્ચય (થાય છે). કા.૩.

**લૌકિક્યેવ સમૃદ્ધિર્હિ તસ્યાભિમતિકારણમ્ ।।**
**અતઃ સૈવ પૂર્વોક્તાદધિકા વર્ણ્યતે સ્ફુટા ।।૪।।**

તે (યુધિષ્ઠિર)ના આદરનું કારણ લૌકિક સમૃદ્ધિ જ છે. તેથી પહેલાં કહેલ તે કરતાં અધિક તે(સમૃદ્ધિ) જ સ્પષ્ટ વર્ણવેલી છે. કા.૪.

**તસ્માદ્ભાષા લૌકિકીયં ભાવાદઙ્ગં ન સર્વથા ।।**
**ન વિરોધસ્તતઃ પૂર્વૈર્નાગ્રિમૈરપિ વાચકૈઃ ।।૫।।**

તેથી આ લૌકિક ભાષા છે. (ભગવાનનું) પ્રેમને લીધે અધીનપણું છે, સર્વ પ્રકારે નથી. તેથી પહેલાંના વાક્યોથી તેમ જ હવે કહેવાનાં વાક્યોથી (ભગવાનના સ્વતંત્રપણામાં) વિરોધ થતો નથી. કા.૫.

એ પ્રમાણે ગયા અધ્યાયના અંતે 'પાપરૂપ દુર્યોધન વિના' (શ્લોક ૫૩) એમ કહ્યું. નીચેના બે (શ્લોકો)થી રાજા તે વિષયમાં વિસ્તાર (કરવા) પ્રશ્ન કરે છે, (અને) પોતે બધું સાવધાન રહી સાંભળે છે એમ જણાવવા (આરંભમાં) દોઢ (શ્લોક)થી પહેલાં કહેલ (કથા) કહે છે :

।। રાજોવાચ ।।

**અજાતશત્રોસ્તાં દૃષ્ટ્વા રાજસૂયમહોદયામ્ ।।**

**સર્વે મુમુદિરે બ્રહ્મન્નૃદેવા યે સમાગતાઃ ।।૧।।**
**દુર્યોધનં વર્જયિત્વા રાજાનઃ સર્ષયઃ સુરાઃ ।।**
**ઇતિ શ્રુતં નો ભગવંસ્તત્ર કારણમુચ્યતામ્ ।।૨।।**

હે બ્રહ્મન્! રાજસૂયથી જેની ઘણી વૃદ્ધિ થએલી તેવી અજાતશત્રુની તે (સમૃદ્ધિ) જોઈને, માણસો, દેવો, રાજાઓ, ઋષિઓ અને સુરો જે આવેલા તે, દુર્યોધન સિવાય, સર્વને આનંદ થયો એમ અમે સાંભળ્યું છે. હે ભગવન્ તેનું કારણ કહો. ૧-૨.

'અજાતશત્રુની' શબ્દથી (એમ સૂચવેલું છે કે દુર્યોધનને તેમની સાથે) વૈર હોવાનું કારણ ન હતું. રાજસૂયથી ઘણી વૃદ્ધિ થએલી જેની તેવી 'તામ્' તે અલૌકિક સમૃદ્ધિ જોઈને (સર્વને આનંદ થયો); અથવા ('તં રાજસૂયમહોદયમ્' એવો) નરજાતિનો પાઠ લેવો. 'સર્વને આનંદ થયો' શબ્દોથી તે સર્વને આનંદ ઉત્પન્ન કરનાર થયો એમ કહેલું છે. બ્રહ્મવાદી (શુક)નું વચન સત્ય છે એમ કહેવા ('હે બ્રહ્મન્' એવું) સંબોધન કરેલું છે. 'માણસો, દેવો' શબ્દથી સાત્ત્વિક અને રાજસ (પુરુષો) કહ્યા. માણસો અને દેવો ('નૃદેવાઃ'). 'રાજાઓ, ઋષિઓ અને સુરો' શબ્દોથી ત્રણ પ્રકારના બીજા લોકના વસનારાઓ કહ્યા. 'એમ સાંભળ્યું છે' શબ્દોથી (એમ કહેલ છે કે) સાંભળેલું હોય તેનું સમર્થન કરવું જોઈએ, અને 'નઃ' અમો બધાએ જ આપ (શુક)ની પાસેથી જ સાંભળેલું છે. 'હે ભગવાન્!' એ સંબોધનથી (શુકને તેનું) જ્ઞાન છે એમ જણાવવા (તેની) પ્રશંસા કરેલી છે. દુર્યોધન (યુધિષ્ઠિરનો) બંધુ હોવા છતાં (તેને) આનંદ કેમ ન થયો? તેને આનંદ ન થવાનું કારણ કહો, એવો અર્થ છે. ૧-૨.

નીચેના શ્લોકમાં (શુક યુધિષ્ઠિરની) લૌકિક સંપત્તિ કહે છે :

।। ઋષિરુવાચ ।।

**પિતામહસ્ય તે યજ્ઞે રાજસૂયે મહાત્મનઃ ।।**
**બાન્ધવાઃ પરિચર્યાયાં તસ્યાસન્ પ્રેમબન્ધનાઃ ।।૩।।**

મહાત્મા તારા દાદાના રાજસૂય યજ્ઞમાં, પ્રેમના બંધનવાળા બાંધવો તેની સેવા કરવા રહેલા. ૩.

સંબંધને[૧] લીધે શ્રવણ કરવામાં ઘણો ઉત્સાહ (થએલ) જણાવેલ છે. 'મહાત્મા' વિશેષણથી (એમ કહેલું છે કે યુધિષ્ઠિર) ઘણા પ્રભાવવાળો હોવાથી, બીજાઓને સેવા કરવામાં કાંઈ પણ શરમ ન હતી. તેથી જ બાંધવો તેની સેવા

૧. પરિક્ષિતના 'દાદા'ની વાત કહે તે સાંભળવામાં તેને સગપણને લીધે ઘણો ઉત્સાહ થાય એમ સૂચવેલું છે.

(કરવા) રહેલા. ૩.

યજ્ઞમાં ઘણાં કાર્યો (કરવાનાં) હોય છે. તે પૈકી મુકરર કરેલાં કાર્યો કરનારા બધા હતા એમ કહેવા માટે, સામાન્ય રીતે (સેવામાં રહેલ એમ) કહીને[1] નીચેના શ્લોકથી (આરંભી) ચોક્કસપણે (સર્વની સેવા) કહે છે :

**ભીમો મહાનસાધ્યક્ષો ધનાધ્યક્ષઃ સુયોધનઃ ।।**
**સહદેવસ્તુ પૂજાયાં નકુલો દ્રવ્યસાધને ।।૪।।**

ભીમ રસોડાનો અધિકારી, સુયોધન ધનનો અધિકારી, સહદેવ તો પૂજાનો, (અને) નકુલ પદાર્થો ભેગા કરનાર (અધિકારી) હતા. ૪.

જેને જે કાર્યમાં ઘણો જ આનંદ થતો હોય, તે જ તે (કાર્ય)માં નીમાય. તે પ્રસંગે ભીમ બહુ ભોજન કરનારો હોવાથી તેને જ રસોડાનો અધિકારી બનાવવામાં આવ્યો, કારણ કે તે ઘણું રંધાવે. તેવી રીતે દુર્યોધનને ધનનો અધિકારી એટલે ધનને સાચવનાર (બનાવવામાં આવ્યો), કારણ કે તેના હાથમાં પદ્મ હોવાથી જે પદાર્થને તે અડતો તે અક્ષય થતો. સહદેવ જ્ઞાનવાળો હોવાથી, બ્રાહ્મણો વિગેરેની પૂજા કરવા તેને નીમવામાં આવ્યો. નકુલ તો અશ્વિનીકુમારનો પુત્ર હોવાથી, પદાર્થોના ગુણ અને દોષને જાણનાર હતો. તેથી દ્રવ્ય ભેગાં કરવામાં એટલે ઉપયોગમાં લેવા માટે દ્રવ્યોની પરીક્ષા કરવામાં તેને નીમવામાં આવ્યો. ૪.

**સતાં શુશ્રૂષણે જિષ્ણુઃ કૃષ્ણઃ પાદાવનેજને ।।**
**પરિવેષણે દ્રુપદજા કર્ણો દાને મહામનાઃ ।।૫।।**

અર્જુનને સત્પુરુષોની સેવા કરવામાં, શ્રીકૃષ્ણને (તેઓના) પગ ધોવામાં, દ્રૌપદીને પીરસવામાં, (અને) ઉદાર મનવાલા કર્ણને દાન (આપવા)જ્ઞાં (અધિકારી બનાવવામાં આવેલ). ૫.

તેવી રીતે સત્પુરુષોની સેવા કરવામાં 'જિષ્ણુઃ' અર્જુનને (અધિકારી બનાવેલ), કારણ કે જેણે વૃદ્ધોની ઉપાસના કરેલ તેવો તે સેવા (કરવાનું) જાણતો હતો. 'શ્રીકૃષ્ણને પગ ધોવામાં' શબ્દોથી (એમ જણાવેલું છે કે) ભગવાન્ અધીન (કહેલ) ન હોય તો દુર્યોધનની દૃષ્ટિમાં યુધિષ્ઠિર સર્વથી ઉત્તમ હોવાનું સ્ફુરે નહિ, તેથી ભગવાન્ બ્રાહ્મણોનું પ્રિય કરનાર હોવાથી તે કામમાં તેમની યોજના વર્ણવેલી છે, કારણ કે ભૃગુની પરીક્ષામાં આ જ* ભગવાનનું ઉત્તમપણું કહેવામાં આવશે. પીરસવાના કામમાં અમૃત જેના હાથમાં હતું તેવી 'દ્રુપદજા' દ્રૌપદીને, (અને) કર્ણ ઘણો ઉદાર હોવાથી દાન (કરવા)માં (તેને અધિકારી બનાવેલ). તે ઘણું દાન આપે તો પણ રાજાને સંતોષ જ થતો હતો, એવો આ અર્થ જણાવવા માટે 'ઉદાર

૧. વૃંદાવન પ્રેસવાળી પ્રતનો 'નિરૂપ્ય' પાઠ લીધો છે. *. ૧૦-૮૬-શ્લોક ૧ થી ૨૦ જૂઓ.

મનવાળા' વિશેષણ કહેલું છે. ૫.

**યુયુધાનો વિકર્ણશ્ચ હાર્દિક્યો વિદુરાદયઃ ।।**
**બાહ્લીકપુત્રા ભૂર્યાદ્યા યે ચ સંતર્દનાદયઃ ।।૬।।**
**નિરૂપિતા મહાયજ્ઞે નાનાકર્મસુ તે તદા ।।**
**પ્રવર્તન્તે સ્મ રાજેન્દ્ર રાજ્ઞઃ પ્રિયચિકીર્ષવઃ ।।૭।।**

યુયુધાન અને વિકર્ણ, હાર્દિક્ય, વિદુર વિગેરે, બહલીકના પુત્રો ભૂરિશ્રવા વિગેરે અને જે સંતર્દન વિગેરે હતા તેઓને તે સમયે મહાયજ્ઞના જુદા જુદા કાર્યોમાં નીમેલા. હે રાજેંદ્ર! રાજાનું પ્રિય કરવા ઇચ્છતા તેઓ તે તે કાર્ય કરતા હતા. ૬-૭.

પક્ષપાત ન થાય તે માટે યુયુધાન વિગેરે બધાઓને જુદા જુદા કાર્યોમાં (અધિકારી) નીમેલા. યુયુધાન એટલે સાત્યકિ યાદવ હોવા છતાં અર્જુનનો શિષ્ય હતો. વિકર્ણ વિગેરે પણ (યુધિષ્ઠિરના) બંધુઓ હતા. બાહલીક શંતનુનો ભાઈ, તેના પુત્રો ભૂરિશ્રવા વિગેરે હતા, અને સંતર્દન વિગેરે ગોત્રમાં ઉત્પન્ન થએલા હતા. (યુધિષ્ઠિર પ્રતિ) આદર થાય તે માટે બધા કહેલા છે. ૬.

આ મહાયજ્ઞ હતો, તેથી બોલાવવા, મોકલવા, પદાર્થો લાવવા વિગેરે જુદા જુદા કાર્યોમાં નીમાઈ (તે તે કાર્ય) કરતા. રાજસૂય યજ્ઞ મોટો ધર્મ હોવાથી, તે યજ્ઞ કરનારના મનને પ્રસન્ન કરવા બધાએ કાર્ય કરતા. એવી રીતે યજ્ઞના આરંભમાં બધા બંધુઓને કાર્યમાં યોજવારૂપ યુધિષ્ઠિરનો ભારે આદર કહેલો છે. ૭.

અંતમાં તો ઘણો જ આદર થયો એમ કહેવા, નીચેના શ્લોકમાં મધ્યે થએલ વૈદિક આદર સંક્ષેપથી કહે છે :

**ઋત્વિક્સદસ્યબહુવિત્સુ સુહૃત્તમેષુ સ્વિષ્ટેષુ સૂનૃતસમર્હણદક્ષિણાભિઃ ।।**
**ચૈદ્યે ચ સાત્વતપતેશ્ચરણં પ્રવિષ્ટે ચક્રુસ્તતસ્ત્વવભૃથસ્નપનં દ્યુનદ્યામ્ ।।૮।।**

ઋત્વિજો સભાસદો મોટા જ્ઞાનીઓ અને ઉત્તમ સ્નેહીઓને મધુરવાણી, પૂજન, દક્ષિણા વિગેરેથી ઘણા પ્રસન્ન કરવામાં આવ્યા અને શિશુપાલે વૈષ્ણવોના પતિના ચરણમાં પ્રવેશ કર્યો ત્યારપછી તો દ્યુનદીમાં અવભૃથ સ્નાન કર્યું. ૮.

ઋત્વિજો, સભાસદો અને મોટા જ્ઞાનીઓને શાસ્ત્રમાં જણાવેલ દાનથી તૃપ્ત કર્યા. ઉત્તમ સ્નેહીઓને તો લૌકિક દાનથી 'સ્વિષ્ટાઃ'[1] (તેઓની) ઇચ્છાઓ પૂર્ણ કરી પ્રસન્ન કર્યા. 'સુનૃતં' વાણીથી તૃપ્ત કરવું. પૂજન કાયાથી થાય છે. દક્ષિણા દ્રવ્યથી કરેલી. માનસિક સત્કાર તો આથી જ જાણવામાં આવે છે. એવી રીતે મિત્રોનો સંતોષ કરીને, નાશના બાનાથી શત્રુઓનું પણ હિત કર્યું, એમ

૧. 'યજ્' ધાતુને ભૂતકૃદંતનો 'ત' પ્રત્યય લાગવાથી 'ઈષ્ટ' રૂપ થએલું છે, તેથી 'ઈષ્ટ' એટલે દેવો તરીકે પૂજાએલ, એવો અર્થ છે. (લે)

'શિશુપાલે વૈષ્ણવોના પતિના ચરણમાં પ્રવેશ કર્યો' શબ્દોથી કહેલ છે. 'ત્યાર પછી તો ઘુનદીમાં અવભૃથ સ્નાન કર્યું,' એ શબ્દોથી (એમ જણાવેલું છે કે) અવભૃથ સ્નાનમાં લૌકિક ઉત્સવ થાય છે. ઘુનદી યમુના જ છે, કારણ કે યમુના પણ દેવના રૂપવાળી છે અને સૂર્યમંડલમાંથી[2] જ ભૂતલ ઉપર આવેલી છે. અથવા વેદનો વિરોધ થતો ન હોવાથી ગંગામાં સ્નાન માટે ગયા. આથી[3] વળી અલૌકિક શક્તિ સૂચવેલી છે. ૮.

ત્યાં મૃદંગ વાજીંત્રો વાગ્યાં એમ નીચેના શ્લોકમાં કહે છે :

**મૃદઙ્ગશઙ્ખપણવધુન્ધુર્યાનકગોમુખાઃ ।।**
**વાદિત્રાણિ વિચિત્રાણિ નેદુરાવભૃથોત્સવે ।।૯।।**

અવભૃથના ઉત્સવમાં મૃદંગ, શંખ, પણવ, ધુંધુરી, આનક, શીંગડીઓ (એ) જાતજાતનાં વાજીંત્રો વાગ્યાં. ૯.

વાજીંત્રો પ્રસિદ્ધ હોવા છતાં પણ યુધિષ્ઠિરની લૌકિક સરસાઈ જણાવવા જ તેમનું વર્ણન કરેલું છે. ૯.

અવભૃથના કારણનો આધાર લઈ (કરેલા) લૌકિક ઉત્સવમાં, ઉત્સવનું બધુંએ કાર્ય (થયું એમ) નીચેનાશ્લોકમાં કહે છે :

**નર્તક્યો નનૃતુર્હૃષ્ટા ગાયકા યૂથશો જગુઃ ।।**
**વીણાવેણુતલોન્નાદસ્તેષાં સ દિવમસ્પૃશત્ ।।૧૦।।**

આનંદ પામેલી નાચનારીઓએ નાચ કર્યો. ગાનારાઓએ ટોળે મળી ગાન કર્યું. તેઓના વીણા, વેણું અને તાલનો તે અવાજ આકાશે પહોંચ્યો. ૧૦

આનંદ પામેલી એટલે ઉત્સવમાં આસક્તિવાળી. 'યૂથશઃ' એટલે ટોળે મળી. વીણાઓ, વેણુઓ અને 'તલઃ' તાલ અથવા હથેલીનો અવાજ આકાશે પહોંચ્યો, એવું લૌકિક કથન છે. ૧૦.

એવી રીતે બહાર નીકળતાં થએલ કોલાહલનું વર્ણન કરી, નીચેના શ્લોકમાં બધા રાજાઓ યુધિષ્ઠિર સાથે બહાર નીકળ્યા તેનો પ્રકાર કહે છે :

**ચિત્રધ્વજપતાકાગ્રૈરિભેન્દ્રસ્યન્દનાર્વભિઃ ।।**
**સ્વલંકૃતૈર્ભટૈર્ભૂપા નિર્યયૂ રુક્મમાલિનઃ ।।૧૧।।**

---

૨. યજ્ઞની દીક્ષા લીધી હોય તેને દીક્ષાની હદ બહાર જવાની શાસ્ત્રની મના છે, છતાં પણ ગંગાજલમાં શોભિતાં તુલસીના પાન સાથે ભળેલી શ્રીકૃષ્ણના ચરણકમલની રજ ઘણી હોવાથી ત્યાં જવું યોગ્ય છે. તેથી ભગવન્માર્ગને અનુસરતાં વેદનો વિરોધ રહેતો નથી એવો અર્થ છે. (લે)

૩. 'આથી' એટલે એટલા બધા દમામ સાથે ગંગા સુધી આવવાનું કહ્યું તેથી, એવો અર્થ છે (લે)

ઉત્તમ રંગબેરંગી ધજાઓ અને પતાકાઓ સહિત, શણગારેલા ઉત્તમ હાથીઓ, રથો, અશ્વો અને સૈનિકો સાથે સુવર્ણની માલાઓવાળા રાજાઓ બહાર નીકળ્યા. ૧૧.

ધજાઓ ગરુડ વિગેરેના ચિહ્નવાળી હોય છે. પતાકાઓ વિજયના લખાણોથી જણાય તેવી હોય છે. રંગબેરંગીપણું આશ્ચર્ય ઉપજાવનારું છે. (આ) ધજાઓ અને પતાકાઓમાં 'અગ્ર્યાઃ' શ્રેષ્ઠ હતી. ઉત્તમ હાથીઓ, રથો અને 'અર્વાણઃ' અશ્વો, આ અને સૈનિકો શણગારેલા હતા. (સેનાના) ચાર અંગોનો શણગાર કર્યો. તે (બધા)ની સાથે સુવર્ણના અલંકારોના સમૂહવાળા રાજાઓ બહાર નીકળ્યા. 'રુક્મ' એટલે સુવર્ણ. ૧૧.

**યદુસૃઞ્જયકામ્બોજકુરુકેકયકોસલાઃ ।।**
**કમ્પયન્તો ભુવં સૈન્યૈર્યજમાનપુરઃસરાઃ ।।૧૨।।**

યદુઓ, સૃંજ્યો, કાંબોજો, કુરુઓ, કેકયો અને કોસલો સૈન્યોથી ભૂમિને કંપાવતા યજમાનને આગળ કરી બહાર નીકળ્યા. ૧૨.

યદુઓ, સૃંજ્યો વિગેરે ક્ષત્રિયોના પેટા વિભાગો છે. તે તે કુલના અભિમાનવાળા હોવા છતાં, યુધિષ્ઠિરની સાથે બહાર નીકળ્યા એવી યુધિષ્ઠિરની સરસાઈ જણાવી. યજમાન યુધિષ્ઠિર આગળ જનાર હતો જેમની તેવા તેઓ પોતપોતાના સૈન્યથી ભૂમિને કંપાવતા (બહાર નીકળ્યા). ૧૨.

એવી રીતે સંપૂર્ણ પ્રકારે લૌકિકમાં આસક્તિવાળા બહાર નીકળ્યાનું કહીને, નીચેના શ્લોકમાં અલૌકિક પુરુષો પણ યુધિષ્ઠિરની સાથે બહાર નીકળ્યા એમ કહે છે :

**સદસ્યર્ત્વિગ્દ્વિજશ્રેષ્ઠા બ્રહ્મઘોષેણ ભૂયસા ।।**
**દેવર્ષિપિતૃગન્ધર્વાસ્તુષ્ટુવુઃ પુષ્પવર્ષિણઃ ।।૧૩।।**

સભાસદો, ઋત્વિજો અને ઉત્તમ દ્વિજો મોટા વેદધ્વનિ સાથે (બહાર નીકળ્યા). દેવો, ઋષિઓ, પિતૃઓ અને ગંધર્વો પુષ્પોની વૃષ્ટિ કરતાં સ્તુતિ કરતા (જતા) હતા. ૧૩.

(સભાસદો, ઋત્વિજો અને ઉત્તમ દ્વિજો) ત્રણે પ્રકારના બ્રાહ્મણો વેદધ્વનિ સાથે બહાર નીકળ્યા. 'મોટા' એ વિશેષણથી (એમ જણાવેલું છે કે) વાજીંત્રો કરતાં વેદધ્વનિ નજીક થતો હોવાથી, તે જ મોટો (મોટા અવાજવાળો) હતો. અલૌકિકોના સમૂહમાં દેવો પણ આવ્યા એમ ઉત્તરાર્ધથી કહે છે. દેવો વિગેરે ઉપર જતાં પુષ્પોની વૃષ્ટિ અને સ્તુતિ કરતા હતા. ૧૩.

પછી કામની કલાઓથી જનારાઓનો ઉત્સવ નીચેના શ્લોકમાં કહે છે :

**સ્વલંકૃતા નરા નાર્યો ગન્ધસ્રગ્ભૂષણામ્બરૈઃ ।।**
**વિલિમ્પન્તોઽભિષિઞ્ચન્તો વિજહ્રુર્વિવિધૈ રસૈઃ ।।૧૪।।**

સુગંધી પદાર્થો, માલાઓ, આભૂષણો અને વસ્ત્રોથી સારી રીતે શણગારાએલા પુરુષો અને સ્ત્રીઓ જાતજાતના રસોથી લેપ કરતાં અને છંટકાવ કરતાં વિહાર કરતા હતા. ૧૪.

સુગંધી પદાર્થો વિગેરેથી સારી રીતે શણગારાએલા, (શ્લો ૧૫ પૂર્વાર્ધમાં કહેલા) તેલ, દહીં વિગેરે જાતજાતના રસોથી લેપ કરતાં આનંદ પામતા (પુરુષો અને સ્ત્રીઓ) કામની કલાઓથી વિહાર કરતાં હતાં. જે (સ્ત્રી)ઓની સાથે લીલા કરવી યોગ્ય ગણાય તે સ્ત્રીઓ અને પુરુષો વિહાર કરતા હતા એવો નિર્ણય છે.૧૪.

નીચેના શ્લોકમાં વેશ્યાઓનો (વિહાર જૂદા) પ્રકારથી કહે છે :

**તૈલગોરસગન્ધોદહરિદ્રાસાન્દ્રકુઙ્કુમૈઃ ।।**
**પુંભિર્લિપ્તાઃ પ્રલિમ્પન્ત્યો વિજહ્રુર્વારયોષિતઃ ।।૧૫।।**

તેલ, દહીં, સુગંધી જલ, હલદર અને ઘટ્ટ કેસરથી પુરુષોએ લેપ કરેલી વેશ્યાઓ, (તેઓને) લેપ કરતી વિહાર કરતી હતી. ૧૫.

આ પૂર્વાર્ધ ઉંબરામાં મુકેલ દીવા[1] જેવો છે. પુરુષોએ એટલે જારોએ સારી રીતે લેપ કરેલી 'વારયોષિતઃ' વેશ્યાઓ પોતે પણ તેઓને લેપ કરતી હતી. 'વરાણાં' વરોનો સમૂહ 'વારમ્' વાર, તેની સ્ત્રીઓ, એવો અર્થ છે. ધર્મ(યજ્ઞના કાર્ય)માં પણ તેવા પ્રકારના વર્ણનથી આ લૌકિક ભાષા હોવાથી દોષ થતો નથી. ૧૫.

પછી નીચેના શ્લોકમાં રાજાઓની પત્નીઓનો બહાર નીકળવા સમયનો વિહાર કહે છે :

**ગુપ્તા નૃભિર્નિરગમન્નુપલબ્ધુમેતદ્દેવ્યો યથા દિવિ વિમાનવરૈર્નૃદેવ્યઃ ।।**
**તા માતુલેયસખિભિઃ પરિષિચ્યમાનાઃ સવ્રીડહાસવિકસદ્વદના વિરેજુઃ ।।૧૬।।**

જેમ દેવીઓ ઉત્તમ વિમાનોથી આકાશમાં આ જોવા બહાર નીકળેલી તેમ પુરુષોથી રક્ષાએલી રાજાઓની રાણીઓ આ જોવા બહાર નીકળી. મામાના પુત્રો અને પ્રણયવાળીઓથી છંટાતી તેઓ લજ્જાવાળાં હાસ્યને લીધે પ્રફુલ્લ મુખવાળી (થઈ) શોભતી હતી. ૧૬.

હાથમાં શસ્ત્રોવાળા પગે ચાલનારા (સૈનિકો)થી રક્ષાએલી 'દેવ્યઃ'

---

૧. આવો દીવો બંને ઓરડામાં પ્રકાશ કરે છે તેમ આ પૂર્વાર્ધ પાછલા અને આ બંને શ્લોક સાથે સંબંધવાળો છે.

રાજાઓની સ્ત્રીઓ 'આ' અવભૃથ નામનું કર્મ (જોવા) પાલખીમાં બેસી નીકળી. પાલખીઓનું અને તે(સ્ત્રી)ઓનું ઉત્તમપણું 'જેમ દેવીઓ ઉત્તમ વિમાનોથી આકાશમાં (નીકળેલી)' એ દૃષ્ટાંતથી કહે છે. 'રાજાઓની રાણીઓ' હોવાથી તેઓની પણ લેપ કરવાની વિગેરે લીલા ઉત્તરાર્ધથી કહે છે. તેઓ મામાના પુત્રો અને પ્રણયવાળાઓથી છંટાતી હતી; અથવા મામાના પુત્રો જ પ્રણયવાળાઓ હતા (તેમનાથી છંટાતી હતી).

'મામાના પુત્ર' એટલે ભગવાન્, તેમના મિત્રોથી (છંટાતી હતી) એવું વ્યાખ્યાન ખોટું છે. બધા રાજાઓની સ્ત્રીઓની વાત થતી હોવાથી 'મામાના દીકરા' શબ્દથી તેઓના મામાના દીકરા જ સમજાય છે, તેઓના પતિના મામાના દીકરા (સમજાતા) નથી. વળી, 'તેઓના દીઅરોને અને પ્રણયવાળાને...' એ આગળના (શ્લોક ૧૭ના) વાક્યનો (એ ખોટા વ્યાખ્યાનમાં) વિરોધ થાય છે. કન્યાના મામાના દીકરાનાં કન્યા સાથે લગ્ન થાય ત્યારે, મોટા ભાઈની વહુના નાના (ભાઈ)ઓ દીઅરો અને મામાના દીકરાઓ થાય છે. 'મામાના દીકરા' શબ્દથી 'ફોઈના દીકરા' પણ સૂચવેલા છે. સખીઓનો દીઅરો સાથે મશ્કરીનો આનંદ લૌકિક છે, સર્વ દેશોમાં પ્રસિદ્ધ છે, અને મના કરાએલા નથી. જેમ રાજાએ ભોગવવાના પદાર્થો બધાના ઉપયોગમાં આવે છે, તેમ સ્ત્રીઓનાં પણ બહારના વિનોદનો સંબંધવાળાઓ ઉપયોગ કરે છે. 'મામાના દીકરા' શબ્દથી વિવાહ ધર્મ પ્રમાણેનો ન હોવાનું કહેલું છે. જેઓના ધર્મ પ્રમાણે વિવાહ થએલા હોય તેવીઓને અને ખાસ કરીને પતિવ્રતાઓને તો વિનોદ હોતા જ નથી, (પતિ વિના) બીજાઓની સાથે જરાએ (હોતા નથી). તેથી 'મામાના દીકરાઓ અને પ્રણયવાળીઓથી (છંટાતી)' એમ બરાબર કહેલું છે. છતાં પણ (રક્ષકોથી) વીંટાએલી અને 'લજ્જાવાળાં હાસ્યને લીધે પ્રફુલ્લ મુખવાળી' એવી પહેલાં કહેલી (સ્ત્રીઓ)થી સરસાઈ (કહેલી છે). છંટાવાનું તો જલમાં થતું, રસ્તામાં નહિ. ત્યાં (જલમાં) જ કમલોની પેઠે તેઓ શોભતી હતી. ૧૬.

તેઓએ પણ સહચારીઓ ઉપર છંટકાવ કર્યો, એમ કહે છેઃ

**તા દેવરાનુત સખીન્સિષિચુર્દતીભિઃ ક્લિન્નામ્બરા વિવૃતગાત્રકુચોરુમધ્યાઃ ।।**
**ઔત્સુક્યમુક્તકબરાશ્ચ્યવમાનમાલ્યાઃ ક્ષોભં દધુર્મલધિયાં રુચિરૈર્વિહારૈઃ ।।૧૭।।**

ભીંજાએલા વસ્ત્રોવાળી, સ્પષ્ટ દેખાતાં અવયવો, સ્તનો, સાથળો અને નાભિના ભાગવાળી, આનંદને લીધે છુટી ગએલા અંબોડાવાળી, અને જેમનાં પુષ્પો ખરી પડતાં હતાં તેવી તેઓ દીઅરોને અને પ્રણયવાળાઓને પીચકારીઓથી છાંટતી હતી (અને) મનોહર વિહારોથી મલિન બુદ્ધિવાળાઓ(ના

ચિત્ત)માં ખળભળાટ કરતી હતી. ૧૭.

તે મામાના પુત્રો જ દીઅરો હતા. પ્રણયવાળાઓ (તેમનાથી) જૂદા હતા એમ જણાવવા 'અને' શબ્દ યોજેલ છે. પીચકારીઓ વાંસની અથવા ચામડાની બનેલી હતી, અને તેઓ પોતે ભીંજાએલાં વસ્ત્રોવાળી, (અને) ઝીણાં વસ્ત્રો પહેરેલાં હોવાથી સ્પષ્ટ દેખાતા અવયવોવાળી હતી. રસનાં સ્થાનો પણ દેખાતાં હતાં એમ જણાવવા 'સ્તનો, સાથળો અને નાભિના ભાગ' એમ વધારે કહેલું છે. (તેઓ) શૃંગારનું સ્થાન છે એમ જણાવવા તેઓનું તેવું વર્ણન કરેલું છે. 'મધ્યમ્' એટલે નાભિનો પ્રદેશ. રમતના આનંદને લીધે છૂટી ગયો હતો અંબોડો જેમનો તેવી, અને તેથી જ ખરી પડતાં હતાં પુષ્પો જેમનાં તેવી (તેઓ હતી). તેઓનાં દર્શનથી કામનો આવિર્ભાવ થતો હતો, તેથી તેવા પ્રકારથી (તેઓનું) ઉત્તમપણું વર્ણવેલું છે. (તેઓમાં) ચોક્કસ રીતે દોષ ઉત્પન્ન કરવાપણું ન હતું એમ 'મલિન બુદ્ધિવાળાઓ (ના ચિત્ત)માં' એ શબ્દોથી કહેલું છે. જેઓએ અંતઃકરણને જીતેલું ન હતું તેઓને જ તેઓનાં દર્શનથી ખળભળાટ થતો હતો. આથી એમ કહેલું છે કે (આ કથાના) કીર્તન શ્રવણ વિગેરેમાં પણ દોષ નથી. 'મનોહર' એટલે જેમનાથી રસનો આભાસ થાય તે સિવાયના. ૧૭.

પછી નીચેના શ્લોકમાં યુધિષ્ઠિર બહાર નીકળ્યા (નો પ્રકાર) કહે છે :

**સ સમ્રાડ્રથમારૂઢઃ સદશ્વં રુક્મમાલિનમ્ ।।**
**વ્યરોચત સ્વપત્નીભિઃ ક્રિયાભિઃ ક્રતુરાડિવ ।।૧૮।।**

ઉત્તમ અશ્વોવાળા, સુવર્ણની માલાઓવાળા રથમાં પોતાની પત્નીઓ સાથે બેઠેલો તે ચક્રવર્તી જેમ ક્રિયાઓથી ઉત્તમ યજ્ઞ શોભે તેમ ઘણો શોભતો હતો. ૧૮.

કર્મ (યજ્ઞ)થી સામ્રાજ્ય તે (યુધિષ્ઠિરે) જ પ્રાપ્ત કરેલું હોવાથી (તે ચક્રવર્તી હતો). 'ઉત્તમ અશ્વોવાળા, સુવર્ણની માલાઓવાળા' એ રથનાં વિશેષણ છે. 'ઉત્તમ' શબ્દથી (હાથી) દાંતનો બનેલ હોવાનું પણ સમજાય[1] છે. તે સુવર્ણના અલંકારોવાળો હતો. 'પોતાની પત્નીઓ' એટલે અસાધારણ પોતાની એકની સ્ત્રીઓ એમ પહેલાં કહેલી સ્ત્રીઓથી ભેદ જણાવવા કહેલું છે. '' 'ક્રિયાઓથી' એટલે નિત્ય ક્રિયાઓથી અથવા ઋત્વિજોની ક્રિયાઓથી 'ઉત્તમ યજ્ઞ' શોભે તેમ'' એ શબ્દોથી તે (યુધિષ્ઠિર)નું અલૌકિકપણું કહેલું છે. (આ દૃષ્ટાંતથી) પ્રકરણને લીધે પ્રાપ્ત થતું લૌકિકપણું કાઢી નાખેલું છે. ઉત્તમ યજ્ઞનાં દર્શન પણ યોગથી

૧. ઉત્તમ અશ્વો હાથીદાંતના બનેલા રથને જ જોડવા યોગ્ય હોય છે, એવો ભાવ છે. (લે) ઉત્તમ અશ્વો જોડેલા હોવાથી રથ હાથીદાંતનો જ બનાવેલો હોવો જોઈએ.

ઉત્પન્ન થએલી દષ્ટિથી થાય છે. તે (યજ્ઞ) પ્રકાશતો હોય તેવી દશામાં તો બધીએ નિત્ય ક્રિયાઓથી અથવા ઋત્વિજોની ક્રિયાઓથી (તેનાં દર્શન થાય છે). ૧૮.

**પત્નીસંયાજાવભૃથ્યૈશ્ચરિત્વા તે તમૃત્વિજઃ ।।**
**આચાન્તં સ્નાપયાઞ્ચક્રુર્ગઙ્ગાયાં સહ કૃષ્ણયા ।।૧૯।।**

તે ઋત્વિજોએ પત્નીસંયાજ (યાગ) અને અવભૃથના સંબંધવાળું (કર્મ) કરીને, આચમન કરતા તે (યુધિષ્ઠિર)ને કૃષ્ણા સાથે ગંગામાં સ્નાન કરાવ્યું. ૧૯.

જુદી જુદી શાખાઓમાં યાગો જુદા જુદા પ્રકારથી થાય છે, તેથી હમણાં પત્નીસંયાજ સુધીના પ્રકારના અથવા એક હજાર પ્રકારના (યાગો) પ્રચલિત છે. તે મત પ્રમાણે પત્નીસંયાજ (યાગો) પાછળ વધેલા વિગેરે દ્રવ્યોથી સ્વતંત્ર રીતે જૂદા જ કરવામાં આવે છે, અને અવભૃથ સંબંધી યાગો અવભૃથના કર્મોથી (કરવામાં આવે છે). 'ચરણં' એટલે કૃતિ. (તે યાગો) કરીને, પછી તે ઋત્વિજોએ કર્મ સમાપ્ત થયા પછી આચમન કરતા (યુધિષ્ઠિર)ને અભિષેકના વિધિ પ્રમાણે સ્નાન કરાવ્યું. 'અભિષેક કરનારી મુખ્ય (રાણી) છે' એ વાક્ય પ્રમાણે અભિષેક મુખ્ય (રાણી) સાથે જ થતો હોવાથી 'કૃષ્ણા સાથે' એમ કહેલું છે. 'ગંગામાં' એ શબ્દથી (એમ સૂચવેલ છે કે) જલમાં પ્રવેશ કરીને અભિષેક (કરેલો). ૧૯.

**દેવદુન્દુભયો નેદુર્નરદુન્દુભિભિઃ સમમ્ ।।**
**મુમુચુઃ પુષ્પવર્ષાણિ દેવર્ષિપિતૃમાનવાઃ ।।૨૦।।**

મનુષ્યોએ વગાડેલાં દુંદુભિઓ સાથે દેવોના દુંદુભિઓ વાગ્યાં. દેવો, ઋષિઓ, પિતૃઓ અને મનુષ્યોએ પુષ્પોની વૃષ્ટિઓ કરી. ૨૦.

તેનાં યજ્ઞનાં કાર્યનું બધાએ અનુમોદન કર્યું એમ જણાવવા દેવોનાં દુંદુભિઓ વાગ્યાં. મનુષ્યોએ વગાડેલાં દુંદુભિઓ લૌકિક છે. ઈચ્છેલા સમયે મનુષ્યોનાં દુંદુભિઓ વગાડવામાં આવ્યાં, તે જ સમયે દેવોનાં પણ (દુંદુભિઓ વાગ્યાં) એમ કહ્યું. દેવો યુધિષ્ઠિરની ઈચ્છા પ્રમાણે વર્તનારા થયા એમ જણાવવા સાથે વાગવાનું કહેલું છે. દેવપણું પ્રાપ્ત કરાવનાર કર્મ કરતાં પણ રાજસૂય (યજ્ઞ) ઉત્તમ છે એમ જણાવવા, 'પુષ્પોની વૃષ્ટિઓ કરી' એમ કહેલું છે. ૨૦.

**સસ્નુસ્તત્ર તતઃ સર્વે વર્ણાશ્રમયુતા જનાઃ ।।**
**મહાપાતક્યપિ યતઃ સદ્યો મુચ્યેત કિલ્બિષાત્ ।।૨૧।।**

પછી ત્યાં વર્ણાશ્રમ પાળનારા બધા પુરુષોએ સ્નાન કર્યું, કે જેનાથી મોટો પાપી પણ તરત જ પાપથી મુક્ત થાય છે. ૨૧.

પછી રાજાની સમીપ બધાએ સ્નાન કર્યું. પતિતો અને નાસ્તિકોનો ત્યાં પ્રવેશ (થયો) ન હતો, એમ જણાવવા 'વર્ણાશ્રમ પાળનારા પુરુષોએ' એમ કહેલું

છે. ઉત્તરાર્ધથી (સ્નાનનું) માહાત્મ્ય કહે છે. અકસ્માત આવી ચડેલ (મોટો પાપી પણ) જો સંમતિથી સ્નાન કરે તો 'સદ્યઃ' સ્નાન કર્યા પછી તરત જ (પાપથી) મુક્ત થાય છે. ૨૧.

પછી રાજાની લૌકિક સરસાઈ થાય, તે માટે તેણે અલંકાર ધારણ કર્યાનું નીચેના શ્લોકમાં કહે છે :

**અથ રાજાઽહતે ક્ષૌમે પરિધાય સ્વલંકૃતઃ ।।**
**ઋત્વિક્સદસ્યબ્રહ્માદીનાનર્ચાભરણામ્બરૈઃ ।।૨૨।।**

પછી રાજાએ બે નવાં રેશમી વસ્ત્રો પહેરી, સારા અલંકારો ધારણ કરી, ઋત્વિજો, સભાસદો, બ્રાહ્મણો વિગેરેનો આભરણો અને વસ્ત્રોથી સત્કાર કર્યો. ૨૨.

(યજ્ઞની) દીક્ષા (લીધી) હોય ત્યારે ભૂષણ તજવાનાં હોવાથી આટલા સમય સુધી તો (રાજા) અલંકાર વિનાનો હતો. 'અહતે' નવાં 'ક્ષૌમે' 'રેશમી સૌમ્ય જ છે' એ વાક્ય પ્રમાણે જાણે કે સોમે (ચંદ્રે) વરદાનમાં આપેલાં હોય તેવાં બે (વસ્ત્રો) પહેરીને તેણે સારા અલંકારો ધારણ કર્યા. પછી ઋત્વિજ વિગેરે બીજાઓને પણ પોતાના સરખા વેષવાળા કર્યા. ૨૨.

**બન્ધુજ્ઞાતિનૃપાન્મિત્રસુહૃદોઽન્યાંશ્ચ સર્વશઃ ।।**
**અભીક્ષ્ણં પૂજયામાસ નારાયણપરો નૃપઃ ।।૨૩।।**

નારાયણમાં આસક્તિવાળા રાજાએ બંધુઓ, સગાંઓ, રાજાઓ, મિત્રો, સ્નેહીઓ અને બીજાઓની સર્વ પ્રકારે વારંવાર પૂજા કરી. ૨૩.

(ત્યાં) આવેલા બંધુઓ, સગાંઓ, રાજાઓ, મિત્રો, સ્નેહીઓ અને બીજાઓની (રાજાએ) સર્વ પ્રકારે યથાયોગ્ય (પૂજા કરી). અહિં પૂજામાં કાલ અધ્યક્ષ ન હતો, પરંતુ પુરુષો જ હતા, એમ જણાવવા 'વારંવાર' એમ કહેલું છે. 'પૂજા કરી' એમ વિધિ (શાસ્ત્રની આજ્ઞા) કહેલી છે, પરંતુ લૌકિક (કાર્ય) (જણાવેલું) નથી. આથી એમ (જણાવ્યું) કે આ પ્રકરણમાં માત્ર રાજાની ક્રિયા વૈદિક હતી, બીજાઓની તો લૌકિક જ હતી.

'શાસ્ત્રમાં કહેલા, યાગમાં અંગભૂત (ઉપયોગી) તો થોડા જ હોય છે. (રાજાએ) એવી રીતે બધાની પૂજા કેમ કરી?' એવી શંકા થાય, તેથી 'નારાયણમાં આસક્તિવાળા' વિશેષણ યોજેલું છે. તેનો આશય ભગવાનની જ પૂજા કરવાનો હતો, તે (કારણ)થી સર્વ ભગવદ્રૂપ હોવાથી તેણે શ્રદ્ધાથી સર્વની પૂજા કરી. 'રાજા' હોવાથી (સર્વની પૂજા માટે જરુરી) ઘણું ધન હતું. ૨૩.

નીચેના શ્લોકમાં રાજાએ પૂજેલા બધાની શોભા કહે છે :

**સર્વે જનાઃ સુરરુચો મણિકુણ્ડલસ્રગુષ્ણીષકઞ્ચુકદુકૂલમહાર્ધ્યહારાઃ ।।**
**નાર્યશ્ચ કુણ્ડલયુગાલકવૃન્દપુષ્ટવક્ત્રશ્રિયઃ કનકમેખલયા વિરેજુઃ ।।૨૪।।**

મણિ જડેલાં કુંડલો, માલાઓ, પાઘડી, ઝબ્બો, રેશમી વસ્ત્ર અને ઘણાં કિંમતી હારવાળા સર્વ પુરુષો દેવોના જેવી કાંતિવાળા થયા, અને કુંડલોની જોડી અને કેશના સમૂહથી વધેલી મુખની શોભાવાળી સ્ત્રીઓ સુવર્ણના કંદોરાથી શોભતી હતી. ૨૪.

અંદરના અને બહારના દોષો દૂર થયા. ઈચ્છા પૂર્ણ થવાથી અને આભૂષણોને લીધે કાંતિમાં દેવોના જેવી કાંતિવાળા થયા. તે(વા થવા)નું કારણ બનેલ 'મણિ જડેલાં કુંડલો, (માલાઓ, પાઘડી, ઝબ્બો, રેશમી વસ્ત્ર અને ઘણાં કિંમતી હારવાળા)' વિશેષણ કહેલું છે. મણિ જડેલાં કુંડલો, માલાઓ, પાઘડી, ઝબ્બો, કેડે બાંધવાનું રેશમી વસ્ત્ર, અને ઘણાં કિંમતી હાર હતાં જેઓના, તેવા (પુરુષો હતા). સ્ત્રીઓ પણ તેવી રીતે શણગારેલી હતી. 'ચ' 'અને' શબ્દથી તે ગુણ (શણગાર) કહેલો છે. 'કુંડલોની જોડી અને કેશના સમૂહથી વધેલી હતી મુખની શોભા જેઓની' એમ (શણગારનો) પ્રકાર કહેલો છે. સુવર્ણના કંદોરાથી ઘણી જ શોભતી હતી. અહિં સુધી લૌકિક શોભા (કહી). ૨૪.

હવે જૂદા આરંભથી જે આવેલા તેઓ ગયા એમ નીચેના શ્લોકથી (આરંભી) કહે છે :

**અથર્ત્વિજો મહાશાલાઃ સદસ્યા બ્રહ્મવાદિનઃ ।।**
**બ્રહ્મક્ષત્રિયવિટ્શૂદ્રા રાજાનો યે સમાગતાઃ ।।૨૫।।**
**દેવર્ષિપિતૃભૂતાનિ લોકપાલાઃ સહાનુગાઃ ।।**
**પૂજિતાસ્તમનુજ્ઞાપ્ય સ્વધામાનિ યયુર્નૃપ ।।૨૬।।**

હે નૃપ! પછી વિદ્વાન ઋત્વિજો, બ્રહ્મવાદી સભાસદો; જે બ્રાહ્મણો ક્ષત્રિયો વૈશ્યો શૂદ્રો (અને) રાજાઓ આવેલા તેઓ; દેવો, ઋષિઓ, પિતૃઓ, પ્રાણીઓ, અને સેવકો સહિત લોકપાલો (રાજાથી) સત્કાર પામી, તેની રજા લઈ, પોતપોતાનાં સ્થાને ગયા. ૨૫-૨૬.

આગળ દુર્યોધનના અભિમાનનો નાશ કહેવાનો છે. (બધા) પાછા જાય ત્યાં સુધીમાં વચ્ચે (યજ્ઞમાં) કોઈ પણ અંશથી ખામી આવે તો તેથી જ દુષ્ટોને સંતોષ થવાથી, (તેમનો) દ્વેષ પુષ્ટ ન થાય, તેથી (બધા) પાછા ગયા ત્યાં સુધીનું વર્ણન (કરેલું છે). 'મહાશાલાઃ' એટલે વિદ્વાન. તે(વા)ઓ જ ઋત્વિજ થાય. સભાસદો તો બ્રહ્મવાદી હતા, તેઓ (બ્રહ્મવાદીઓ) જ સર્વ જાણનારા હોય છે. એવી રીતે બંને જોઈએ તેવા ગુણોવાળા કહેલા છે. બીજા બ્રાહ્મણો વિગેરે (હતા).

તેઓનું આવવું જ જરુરી હતું. તે (અર્થ) 'જે આવેલા' શબ્દોથી કહેલો છે. ૨૫.

તેવી રીતે દેવો વિગેરે પણ (પાછા ગયાનું) છવીસમા શ્લોકમાં કહે છે. તે બધા સત્કાર પામી આનંદથી પોતપોતાના સ્થાને ગયા. 'હે નૃપ!' એવું સંબોધન (યજ્ઞ) સમાપ્ત થતાં (તેને થએલ) સંતોષ જણાવવા કરેલું છે. ૨૬.

તેઓનાં મનનું અને કાયાનું કાર્ય કહીને, વાણીનું (કાર્ય) કહે છે :

**હરિદાસસ્ય રાજર્ષે રાજસૂયમહોદયમ્ ।।**
**નૈવાતૃપ્યન્પ્રશંસન્તઃ પિબન્મર્ત્યોઽમૃતં યથા ।।૨૭।।**

જેમ મર્ત્ય અમૃતનું પાન કરતાં તૃપ્ત થતો નથી, તેમ હરિના દાસ રાજર્ષિની રાજસૂયની ભારે સરસાઈની પ્રશંસા કરતાં તેઓ તૃપ્ત ન જ થયા. ૨૭.

(યુધિષ્ઠિર) રાજર્ષિ એટલે પોતાના ધર્મમાં આનંદ માનનાર હરિનો દાસ હોઈ પ્રમાણબલ અને પ્રમેયબલની સમૃદ્ધિવાળો હતો. તેણે પણ રાજસૂય યજ્ઞ (કર્યો), અને તે પણ ભારે સરસાઈવાળો (કર્યો). તેથી જ (તેની) પ્રશંસા કરતાં તેઓ પોતે જ તૃપ્ત ન જ થયા. બીજાની ઈચ્છાથી વર્ણન કરતા હોય તો તેની ઈચ્છા પૂર્ણ થતાં (વર્ણન કરતાં) અટકી પણ જાય. આ તો પોતાના માટે જ (વર્ણન કરતા હતા), તેથી સદા પ્રશંસા કરતા. ક્ષણે ક્ષણે (પ્રશંસા કરવામાં) રુચિ વધતી એમ જણાવવા દૃષ્ટાંત કહે છે કે 'મર્ત્યઃ' મરણ પામવું એ જેનો ગુણ છે તેવો (મનુષ્ય), સ્વાદિષ્ટ અને મરણને મટાડનારું એટલે અનુભવ કરવાના સમયે અને પરિણામે ઉત્તમ અમૃતનું (પાન કરતાં) અટકતો નથી, (તેમ) અહિં પણ તે (પ્રશંસા કરવા)માં આસક્તિ હોવાથી, 'જેની જેમાં શ્રદ્ધા છે (તે તે જ છે)' એ નિયમ પ્રમાણે (પ્રશંસા પોતાને) રાજાની સમાન બનાવનારી હોવાથી, વર્ણન કરતાં અટકે નહિ એ યોગ્ય જ છે, એવો અર્થ છે. ૨૭.

લૌકિક ઉત્તમપણું બંધુઓને ખાસ જણાવવું જોઈએ તેથી, અને બંધુઓને સામાન્ય પુરુષોની સમાન રાખવામાં આવે તેમાં શોભા નહિ, તેથી સામાન્ય પુરુષો ગયા ત્યારે બંધુઓને યુધિષ્ઠિરે ત્યાં રાખ્યા, એમ કહે છે :

**તતો યુધિષ્ઠિરો રાજો સુહૃત્સંબન્ધિબાન્ધવાન્ ।।**
**પ્રેમ્ણા નિવાસયામાસ કૃષ્ણં ચ ત્યાગકાતરઃ ।।૨૮।।**

પછી રજા આપતાં દુઃખી થતા યુધિષ્ઠિર રાજાએ મિત્રો, સંબંધીઓ અને શ્રીકૃષ્ણને પ્રેમથી (ત્યાં) રાખ્યા. ૨૮.

આ (આવી) ભગવાનની જ ઈચ્છા હતી, કે જેનાથી ભવિષ્યમાં સંકટ થવાનું હતું. 'સુહૃદઃ' મિત્રો, સંબંધીઓ એટલે જમાઈઓ, બંધુઓ એટલે (પોતાના જ) ગોત્રવાળાઓ(ને રાખ્યા). 'પ્રેમથી' એ શબ્દનો એવો અર્થ છે કે

યજ્ઞના સમયમાં બંધુઓ સેવા (કરવા)માં જ રોકાએલા હોવાથી સુખથી ભોગ કરી શકેલ નહિ, તેથી જનસમૂહ વીખરાયા ત્યારે સાથે ભોગ કરવાની ઈચ્છાથી પ્રેમથી તેઓને રાખ્યા. 'અને શ્રીકૃષ્ણને' એ શબ્દો વિશેષ પ્રયોજન માટે કહેલા છે. 'રજા આપતાં દુઃખી થતા' એ વિશેષણ ઘણો સમય રાખ્યાનું સૂચવે છે. ૨૮.

બધા બંધુઓ ખાસ (કામ) નહિ હોવાથી ત્યાં રહ્યા. ભગવાનને તો બીજું કામ પણ હતું. તેથી તે કદાચ રહ્યા નહિ હોય, એવી શંકા થાય તેથી નીચેનો શ્લોક કહે છે :

**ભગવાનેવ તત્રાઙ્ગ ન્યવાત્સીત્તત્પ્રિયંકરઃ ।।**
**પ્રસ્થાપ્ય યદુવીરાંશ્ચ સામ્બાદીંશ્ચ કુશસ્થલીમ્ ।।૨૯।।**

હે રાજન્! યાદવવીરોને અને સાંબ વિગેરેને કુશસ્થલી મોકલીને, તેનું પ્રિય કરનાર ભગવાન્ ત્યાં જ રહ્યા. ૨૯.

'હે રાજન્!' એ સંબોધન હું છેતરતો નથી એમ જણાવવા (શુકે કરેલું). 'ત્યાં જ રહ્યા' એ શબ્દોમાંનાં 'જ' શબ્દથી એમ કહેલું છે કે પત્નીઓ સાથે રહ્યા. (ભગવાને) બીજાં કાર્યો માટે પોતાના પ્રતિનિધિ તરીકે બીજાઓને મોકલ્યા એમ ઉત્તરાર્ધથી કહે છે. ભગવાન્ વિરાજતા હોય ત્યારે દ્વારકામાં રક્ષણ અને વિલાસ થાય. એકથી બે કાર્ય થઈ શકે નહિ, તેથી તે પૈકીનું રક્ષણ કરવા માટે યાદવવીરોને, અને વિલાસ (કરવા) માટે સાંબ વિગેરેને મોકલ્યા. વળી 'કુશસ્થલી' શબ્દથી એમ કહેલું છે કે કુદરતથી તે ભયવાળું સ્થાન હતું. કુશ દૈત્ય હોવાથી, તે ભૂમિમાં દૈત્યોના ઉપદ્રવનો સંભવ હતો. ૨૯.

યજ્ઞની પહેલાં, યજ્ઞ દરમ્યાન અને યજ્ઞના અંતે જેટલું ઈચ્છેલું તેટલું રાજાને પ્રાપ્ત થયું, એમ રાજાનાં કૃત્યનો નીચેના શ્લોકમાં ઉપસંહાર કરે છે :

**ઈત્થં રાજા ધર્મસુતો મનોરથમહાર્ણવમ્ ।।**
**સુદુસ્તરં સમુત્તીર્ય કૃષ્ણેનાસીદ્ગતજ્વરઃ ।।૩૦।।**

આવી રીતે ધર્મનો પુત્ર રાજા (યુધિષ્ઠિર) શ્રીકૃષ્ણને લીધે તરી ન શકાય તેવા મનોરથરૂપી મોટા સમુદ્રને સારી રીતે તરીને નિશ્ચિંત થયો. ૩૦.

'રાજા' એ શબ્દથી (એમ કહેલ છે કે તે) પોતાના ધર્મ પ્રમાણે વર્તનાર હતો. 'ધર્મનો પુત્ર' હોવાથી (તેનું) બીજ શુદ્ધ હતું. મનોરથ જ મોટો સમુદ્ર હતો, કારણ કે તે મોટો હતો અને તેમાં વિઘ્ન કરનાર (જરાસંધ, શિશુપાલ વિગેરે રૂપ) મઘરો હતા. તેથી જ તે બીજાઓથી તેમ જ પોતાથી પણ તરી ન શકાય તેવો હતો. છતાં શ્રીકૃષ્ણને લીધે સારી રીતે તરીને જેના મનનો તાવ (ચિંતા) જતો રહ્યો હતો તેવો થયો. જેમ વૈષ્ણવના ધર્મોથી ચિંતા વિગેરે સમુદ્રમાં નાખીને (સમુદ્રની) પાર

ઉતરેલો નિશ્ચિંત થાય, (તેમ શ્રીકૃષ્ણને લીધે મનોરથરૂપી સમુદ્રને તરી નિશ્ચિંત થયો), એવો અર્થ છે. ૩૦.

અહિં ભૂમિનો ભાર હરવારૂપ ભગવાનનું ચરિત્ર કહેવા માટે નીચેના શ્લોકથી આરંભી દુર્યોધનના અભિમાનના નાશ(ની કથા) કહે છે :

**એકદાન્તઃપુરે તસ્ય વીક્ષ્ય દુર્યોધનઃ શ્રિયમ્ ।।**
**અતપ્યદ્રાજસૂયસ્ય મહિત્વં ચાચ્યુતાત્મનઃ ।।૩૧।।**

એક સમયે અચ્યુતમાં ચિત્તવાળા તે (રાજા)ના અંતઃપુરમાં સમૃદ્ધિ અને રાજસૂયનું ઉત્તમપણું જોઈને દુર્યોધન દુઃખી થયો. ૩૧.

દુર્યોધન વિગેરે કુરુઓમાં પણ ભીષ્મ વિગેરે મોટાઓ પોતાના ઘેર ગયા. જેમણે યજ્ઞમાં કામ કરેલું તેઓ જ રહેલા. પહેલાં યજ્ઞમાં ચિત્ત હોવાથી દ્વેષ ઉત્પન્ન થયો ન હતો. પછી તો સ્વાભાવિક દોષ પ્રકટ થતાં દ્વેષ થયો. એમ કહે છે કે તેના અંતઃપુરમાં ૧.સ્ત્રીરૂપ અને ધનરૂપ સંપત્તિ જોઈને, અને ૨.રાજસૂયરૂપ વૈદિક ઉત્તમપણું જોઈને અને ૩.'અચ્યુતમાં ચિત્તવાળા' શબ્દથી કહેલું ભક્તિનું અધિક-પણું જોઈને, ત્રણે માર્ગની સંપત્તિમાં પોતાને પણ યુધિષ્ઠિરની સમાન માનનારો દુર્યોધન ત્રણમાંથી એક પણ સંપત્તિ પોતાને નહિ હોવાથી દુઃખી થયો. ૩૧.

તે પૈકી ધનથી થએલી સંપત્તિનું નીચેના શ્લોકમાં વર્ણન કરે છે :

**યસ્મિન્નરેન્દ્રદિતિજેન્દ્રસુરેન્દ્રલક્ષ્મીર્નાના વિભાન્તિ કિલ વિશ્વસૃજોપક્લૃપ્તાઃ ।।**
**તાભિઃ પતિં દ્રુપદરાજસુતોપતસ્થે યસ્યાં વિષક્તહૃદયઃ કુરુરાડતપ્યત્ ।।૩૨।।**

જેની અંદર વિશ્વ સર્જનારે બનાવેલી રાજાઓની ઉત્તમ દૈત્યોની અને ઉત્તમ દેવોની જાતજાતની સંપત્તિ ખરેખર શોભતી હતી. તે(સંપત્તિ)ઓથી દ્રુપદરાજાની પુત્રી પતિની સેવા કરતી હતી. જે (દ્રુપદરાજની પુત્રી)માં આસક્ત હૃદયવાળો કુરુઓનો રાજા દુઃખી થયો. ૩૨.

'નરેન્દ્રાઃ' મનુષ્યોના રાજાઓ, તેઓની માનુષી સંપત્તિ. 'દિતિજેન્દ્રાઃ' ઉત્તમ દૈત્યો, તેઓની માયાની ભરપૂર આસુરી સંપત્તિ. 'સુરેન્દ્રાઃ' ઉત્તમ દેવો. તેઓની વિચિત્ર અલૌકિક સંપત્તિ. તે બધીએ જાતજાતની હતી. તે બધીએ રાજા (યુધિષ્ઠિર)ના અંતઃપુરમાં શોભતી હતી. 'ખરેખર' એ શબ્દથી (તેનું) પ્રમાણ (જણાવેલું છે).

'(સર્વની) જુદી જુદી મુકરર કરેલી બધી મનુષ્યને કેમ (પ્રાપ્ત) થઈ?' એવી શંકા થાય, તેથી 'વિશ્વ સર્જનારે બનાવેલી' એ વિશેષણ યોજેલું છે. ભગવાને (બધી) નવી બનાવેલી. તેથી તે તે (રાજા, ઉત્તમ દૈત્યો તથા દેવોની સંપત્તિ) કરતાં પણ (યુધિષ્ઠિરની સંપત્તિનું) ઉત્તમપણું કહેલું છે. તે સમૃદ્ધિઓથી

દ્રુપદરાજાની પુત્રી પોતાના પતિની સેવા કરતી હતી.

'તેથી શું?' એવો પ્રશ્ન થાય, તેથી કહે છે કે 'જેમાં આસક્ત હૃદયવાળો (કુરુઓનો રાજા દુઃખી થયો)'. હરકોઈ પ્રકારે પ્રાપ્ત થએલા સર્વથી ઉત્તમ આ પદાર્થ (દ્રોપદી)નો જેમ પાંચ (પાંડવો) ભોગ કરે છે તેમ મારે પણ (તેનો) ભોગ કરવો, એવી તે (દુર્યોધન)ની ઈચ્છા હતી. તેથી તે (દ્રોપદી)માં આસક્ત હૃદયવાળો 'કુરુરાટ્' તે (કુરદેશ)માં રહેલા ઉત્તમ સર્વ પદાર્થોવાળો 'અતપ્યત્' કામને લીધે થતું ઘણું જ દુઃખ પામ્યો. ૩૨.

એ પ્રમાણે પહેલો અને છેલ્લો એમ બે દોષો વર્ણવ્યા. મોહનું વર્ણન કરવા નીચેના શ્લોકમાં તે સ્થલની ભગવાનના સંબંધવાળી લીલાનું વર્ણન કરે છે :

**યસ્મિંસ્તદા મધુપતેર્મહિષીસહસ્રં શ્રોણીભરેણ શનકૈઃ ક્વણદઙ્ઘ્રિશોભમ્ ।।**
**મધ્યે સુચારુકુચકુઙ્કુમશોણહારં શ્રીમન્મુખં ચપલકુણ્ડલકુન્તલાઢ્યમ્ ।।૩૩।।**

જેમાં તે સમયે નિતંબના ભારને લીધે ધીમે ધીમે ઝંકાર કરતા ચરણોની શોભાવાળી, મધ્યમાં ઘણાં સુંદર સ્તનો ઉપરના કુંકુમને લીધે રાતા હારવાળી, શોભતા મુખવાળી અને અસ્થિર કુંડલો અને કેશવાળી મધુપતિની એક હજાર રાણીઓ (જોઈને દુર્યોધન દુઃખી થયો. શ્લોક ૩૧). ૩૩.

'તદા' તે (દ્રોપદી)નાં દર્શન થયાં તે સમયે 'મધુપતેઃ' કરોડો કામદેવરૂપ મોહ ઉત્પન્ન કરનાર ભગવાન્ (મધુપતિ)ની એક હજાર રાણીઓ જોઈને (દુર્યોધન દુઃખી થયો) એમ પહેલાના (શ્લોક ૩૧) સાથે જ સંબંધ છે. કામ પૂર્ણ કરનાર તરીકે અને ઘણી (રાણીઓ) હોવાથી ભગવાનને પણ મોહ ઉત્પન્ન કરનાર કહેલા છે. 'નિતંબના ભારને લીધે (ધીમે ધીમે ઝંકાર કરતા ચરણોની શોભાવાળી)' એ વિશેષણ જાણે કે મોહ (કરવા)નું સાધન હોય તેવું કહેલું છે. નિતંબના ભારને લીધે ધીમે ધીમે ઝાંઝર વિગેરેથી ઝંકાર કરતા બે ચરણો શોભા હતી જેમની (એવી રાણીઓ હતી). ઝાંઝરોનું દર્શન અથવા તેમનો અવાજ મોહ કરનારો છે, એવો અર્થ છે. 'મધ્યમાં ઘણું સુંદર જે સ્તનો ઉપરનું કુંકુમ' આ શબ્દોથી અમુક પ્રકારે લગાડેલું કુંકુમ કહેલું છે. મકરિકાના ચિત્રમાં કુંકુમ જોવામાં આવેલું, એટલે ઘણાં ઝીણાં વસ્ત્રની આડચ રસ જ ઉત્પન્ન કરતી હતી, પરંતુ દષ્ટિને રોકતી ન હતી. તેથી મોહ (ઉત્પન્ન કરવા) માટે (આ) વર્ણન ઘટે છે. તે (કુંકુમ)થી જાણે કે કમલના પત્રો હોય તેમ લાલ થએલો જે હાર, તેની અંદર શોભતા મુખવાળી (રાણીઓ હતી). કામમાં રોકાએલ હોવાને લીધે અથવા વિચારને લીધે અસ્થિર કુંડલો અને કેશવાળી (રાણીઓ હતી).

અથવા 'મધ્યમાં ઘણી સુંદર' એ શબ્દો જૂદા લેવા, કારણ કે છેડા ઉપર

રહેલી સ્ત્રીઓ કરતાં પણ રુક્મિણી વિગેરે મધ્યમાં રહેલી સ્ત્રીઓ ઘણી ઉત્તમ હતી. ૩૩.

એ પ્રમાણે સ્ત્રીઓ મોહ (થવા)નું કારણ હતી એમ કહીને, રાજાએ કરેલ મોહરૂપ કારણ સિદ્ધ કરી, નીચેના શ્લોકથી (આરંભી) દૈત્યે સ્થાનથી કરેલ મોહરૂપ કારણ કહે છે :

**સભાયાં મયક્લૃપ્તાયાં ક્વાપિ ધર્મસુતોઽધિરાટ્ ।।**
**વૃતોઽનુગૈર્બન્ધુભિશ્ચ કૃષ્ણેનાપિ સ્વચક્ષુષા ।।૩૪।।**
**આસીનઃ કાઞ્ચને સાક્ષાદાસને ભગવાનિવ ।।**
**પારમેષ્ઠ્યશ્રિયા જુષ્ટઃ સ્તૂયમાનશ્ચ બન્ધુભિઃ ।।૩૫।।**

કોઈ સમયે સેવકો અને બંધુઓથી અને પોતાના ચક્ષુરૂપ શ્રીકૃષ્ણથી વીંટાએલો, ચક્રવર્તીની સંપત્તિથી પુષ્ટ થએલો અને બંધુઓથી સ્તુતિ કરાતો ધર્મનો પુત્ર ચક્રવર્તી (રાજા) મયે બનાવેલી સભામાં સુવર્ણના સાક્ષાત્ આસન ઉપર ભગવાનની પેઠે બેઠો હતો. ૩૪-૩૫.

મયે ખાસ કરીને આ પ્રયોજન માટે જ સભા બનાવેલી. કોઈ સમયે એટલે કાલ પણ જ્યારે તેવા પ્રકારનો હતો ત્યારે. 'ધર્મનો પુત્ર' એ શબ્દથી વાસ્તવિક રીતે એમ સૂચવેલું છે કે (તે) અધર્મનો નાશ કરશે. 'ચક્રવર્તી' શબ્દથી (અધર્મનો નાશ કરવાનું તેનું) સામર્થ્ય (કહેલું છે). 'સેવકો અને બંધુઓથી વીંટાએલો' એ વિશેષણથી (તેના) ક્રિયારૂપ સાહાય્ય કરનાર (કહેલા છે). 'પોતાના ચક્ષુરૂપ શ્રીકૃષ્ણથી' એ શબ્દથી જ્ઞાનરૂપ અને ક્રિયારૂપ સાહાય્ય કરનાર (કહેલા છે). આથી એમ સૂચવેલું છે કે દુર્યોધન કરતાં પણ ભગવાનનું વધારે સન્માન હતું, અને ભગવાન્ કરે તે જ પ્રમાણ હતું. ૩૪.

પાંત્રીસમા શ્લોકમાં દુર્યોધન જૂએ (જાણે) તે માટે તે (યુધિષ્ઠિર) ઉત્તમ સિંહાસન ઉપર બેઠેલ એમ કહે છે. સર્વથી ઉત્તમપણું પ્રાપ્ત કરીને ભગવાનની પેઠે તે સુવર્ણના સિંહાસન ઉપર બેઠો હતો. 'સાક્ષાત્ આસન ઉપર' એ શબ્દોથી (એમ કહેલું છે કે ભગવાને) આસનની શક્તિ તે (આસન)માં જ મૂકેલી. યજ્ઞના ફલરૂપ 'ચક્રવર્તીની સંપત્તિથી પણ પુષ્ટ' (અને) 'બંધુઓથી સ્તુતિ કરાતો' એ વિશેષણોથી (તેનું) ઘણું જ માન (હોવાનું કહેલું છે). ૩૫.

એવા પ્રકારના સમયે દુર્યોધન (ત્યાં) આવ્યો, એમ કહે છેઃ

**તત્ર દુર્યોધનો માની પરિતો ભ્રાતૃભિર્નૃપ ।।**
**કિરીટમાલી ન્યવિશદસિહસ્તઃ ક્ષિપન્રુષા ।।૩૬।।**

હે નૃપ! ભાઈઓથી વીંટાએલા, અભિમાની, મુકુટ અને માલા ધારણ

કરેલા દુર્યોધને હાથમાં તલવાર લઈ ક્રોધથી અપમાન કરતાં ત્યાં પ્રવેશ કર્યો. ૩૬.

મને સેવક કરવા ઈન્દ્રિયોમાં પીડા કરવા (યુધિષ્ઠિર) રાખે છે એવા વિચારથી, અથવા (યુધિષ્ઠિરની) સંમતિ વિનાનું યુધ્ધ (તેની સાથે) કરીશ એવો નિશ્ચય કરી સ્થલે સ્થલે સર્વનું અપમાન કરતો, મુકુટ અને માલા ધારણ કરી, જાણે કે ઘણા ભાગે કોઈને હણવા (આવતો હોય) તેમ હાથમાં તલવાર લઈ, તે અભિમાનીએ ભાઈઓ સાથે (ત્યાં) પ્રવેશ કર્યો. 'ક્રોધથી' એ શબ્દથી લૌકિક ધારા પ્રમાણે પણ તે જોઈ શકે નહિ તેનું કારણ કહેલું છે. ૩૬.

પછી સભામાં પદાર્થોમાં (તેને) ભ્રમ થયો એમ નીચેના શ્લોકમાં કહે છે :

**સ્થલેઽભ્યગૃહ્ણાદ્વસ્ત્રાન્તં જલં મત્વા સ્થલેઽપતત્ ।।**
**જલે ચ સ્થલવદ્ભ્રાન્ત્યા મયમાયાવિમોહિતઃ ।।૩૭।।**

મયની માયાથી મોહ પામેલાએ જલ માનીને સ્થલમાં વસ્ત્રનો છેડો ઉંચો પકડ્યો, (અને) સ્થલમાં પડ્યો, અને સ્થલની પેઠે જલમાં ભ્રમથી પડ્યો. ૩૭.

કાચ વિગેરેથી (મયે) તેવું (તેવી સભા) કરેલ. સ્થલમાં જ (આ) જલ છે એવી બુદ્ધિથી સ્વભાવ પ્રમાણે વસ્ત્રનો છેડો ઉંચો લીધો. તેનું કારણ 'જલ માનીને' એ શબ્દોથી કહેલું છે. માત્ર વસ્ત્ર (ઉંચુ) લીધું એટલું જ નહિ, પરંતુ આ નીચાણવાળું સ્થાન છે એમ વિચારી, જલમાં પ્રવેશ કરતો હોય તેમ સ્થલમાં જ પડ્યો. વળી જલમાં એવી રીતે '(આ) સ્થલ છે' એવી બુદ્ધિથી વસ્ત્ર સાથે જ પ્રવેશ કર્યો, (અને) નીચાણ હોવાથી પડી ગયો. તેનું કારણ 'સ્થલની પેઠે ભ્રમથી' એ શબ્દોથી કહેલું છે. જેમ સ્થલમાં પહેલાં જલ હોવાનો ભ્રમ થયો, એવી રીતે આ સ્થલમાં (જલમાં) પણ (સ્થલ હોવાનો ભ્રમ) થયો, એવો અર્થ છે. 'મયની માયાથી મોહ પામેલાએ' એ વિશેષણથી તેનું અટકાવી ન શકાય તેવું કારણ કહેલું છે, કારણ કે જે અભિમાનવાળો દુષ્ટ (પુરુષ) ક્રોધથી તે પ્રદેશમાં પ્રવેશ કરે, તેને ભ્રમ થાય, એવી કોઈક દેવતારૂપ માયાનું મયે તે સભામાં સ્થાપન કરેલું. તે (માયા) તેવી જ રીતે વિરુદ્ધ ભ્રમ કરાવતી, એમ 'માયાથી મોહ પામેલાએ' એ વિશેષણથી કહેલું છે. ૩૭.

પછી જે થયું તે નીચેના શ્લોકમાં કહે છે :

**જહાસ ભીમસ્તં દૃષ્ટ્વા સ્ત્રિયો નૃપતયોઽપરે ।।**
**નિવાર્યમાણા અપ્યઙ્ગઃ રાજ્ઞા કૃષ્ણાનુમોદિતાઃ ।।૩૮।।**

હે રાજન્! તેને જોઈને શ્રીકૃષ્ણનું અનુમોદન પામેલા ભીમ, સ્ત્રીઓ અને બીજા રાજાઓએ રાજા (યુધિષ્ઠિરે) રોકેલ હોવા છતાં તેની મશ્કરી કરી. ૩૮.

તેને આંધળાના જેવો જોઈને તેનાથી સંપૂર્ણ રીતે વિરુદ્ધ સ્વભાવવાળો

ભીમ, સ્વભાવને લીધે બધી સ્ત્રીઓ, અને દુર્યોધનના સંબંધીઓ ન હતા તેવા બીજા રાજાઓએ (તેની મશ્કરી કરી).

'રાજસભામાં મશ્કરી (કરવી) અયોગ્ય છે' એવી શંકા થાય, તેથી 'રોકેલ હોવા છતાં' એ શબ્દો યોજેલ છે. રાજાએ રોકેલ હોવા છતાં એ (મશ્કરી કરી તો રાજા) પોતે અયોગ્ય (કાર્ય) કેમ જ કરે? તે (મશ્કરી કરવા)નું કારણ 'શ્રીકૃષ્ણનું અનુમોદન પામેલા' એ વિશેષણથી (કહેલું છે). અંતઃકરણમાં અને બહારથી (શ્રીકૃષ્ણનું અનુમોદન પામેલા હોવાથી મશ્કરી કરી), કારણ કે આ પ્રયોજન માટે જ આટલો ઉદ્યમ કરેલો હતો. ૩૮.

પછી જે થયું તે નીચેના શ્લોકમાં કહે છે :

**સ વ્રીડિતોઽવાગ્વદનો રુષા જ્વલન્નિષ્ક્રમ્ય તૂષ્ણીં પ્રયયૌ ગજાહ્વયમ્ ।।**
**હાહેતિ શબ્દઃ સુમહાનભૂત્સતામજાતશત્રુર્વિમના ઈવાભવત્ ।।**
**બભૂવ તૂષ્ણીં ભગવાન્ભુવો ભરં સમુજ્જિહીર્ષુર્ભ્રમતિ સ્મ યદ્દૃશા ।।૩૯।।**

શરમાએલો નીચાં મુખવાળો ક્રોધથી સળગતો તે બહાર નીકળી છાનોમાનો હસ્તિનાપુર ગયો. સત્પુરુષોએ 'અરેરે!' એવો મોટો અવાજ કર્યો. અજાતશત્રુ ઉદાસ મનવાળો હોય તેવો થયો. ભૂમિનો ભાર હરવાની ઈચ્છાવાળા ભગવાન્ શાંત રહ્યા, કારણ કે તે દૃષ્ટિથી ફરે છે. ૩૯.

(દુર્યોધન) બહારથી નીચા મુખવાળો થયો. પછી અપમાનને લીધે (તેને) ઘણો ક્રોધ થયો. તે (ક્રોધ)થી સળગતો હોય નહિ તેમ તે સ્થાનમાંથી ભીમને ધમકાવ્યા વિના જ છાનોમાનો નીકળી, 'હું જઈશ' એમ રાજાની રજા લીધા વિના જ છાનોમાનો હસ્તિનાપુર જ ગયો. યમુના ઉતરીને જતો જ રહ્યો. પછી મુખ્ય બંધુ એવી રીતે ગયો, તેથી 'અરેરે!' એવો ઘણો મોટો અવાજ થયો. તે પણ પ્રાણીઓ ઉપર દયા રાખનાર સત્પુરુષોનો જ થયો; અને રાજા અજાતશત્રુ (જેને કોઈ શત્રુ થએલ નથી તેવો) હોવાથી ઉદાસ મનવાળો થયો. 'ઈવ' (ઉદાસ મનવાળો હોય) તેવો એ શબ્દથી (એમ કહેલું છે કે) ભગવાનના અનુમોદનને લીધે કાંઈક છે એમ તેણે જાણ્યું. '(ભગવાન્) શાંત રહ્યા' એ શબ્દોથી એમ કહેલું છે કે ભગવાને મશ્કરી ન કરી, તેમ શોક, કાંઈ પણ કર્યું નહિ, કારણ કે પાછું (દુર્યોધનનું) સન્માન કરવામાં આવે તો ભૂમિનો ભાર હરવાનું બને નહિ, અને તેને હણવામાં આવે તો પાંડવોનો અહંકાર મટે નહિ. ભગવાન્ સર્વને સમાન (હોવાથી) શાંત રહ્યા, કારણ કે ભૂમિનો ભાર હરવા ઈચ્છતા હતા.

'એમ કરવાથી ભૂમિનો ભાર હરવાનું કેમ બનશે?' એવી શંકા થાય, તેથી કહે છે કે, 'યત્' કારણ કે ભગવાન્ 'દૃશા' 'દૃષ્ટિથી' એટલે જ્ઞાનની દૃષ્ટિથી, જ્ઞાન

સાથે જ, ફરે છે. બધોએ સાધ્ય અને સાધનનો ભાવ (કયા સાધનથી કયું કાર્ય થશે તે સ્થિતિ) તેમને પ્રત્યક્ષ છે એવો અર્થ છે. 'સ્મ' શબ્દથી આ વિષય સર્વ લોક અને વેદમાં પ્રસિદ્ધ છે એવું પ્રમાણ કહેલું છે. ૩૯.

જે કહેલ તેનો ઉપસંહાર નીચેના શ્લોકમાં કરે છે :

**એતત્તેऽભિહિતં રાજન્ યત્પૃષ્ટોऽહમિહ ત્વયા ।।**
**દુર્યોધનસ્ય દૌરાત્મ્યં રાજસૂયે મહાક્રતૌ ।।૪૦।।**

હે રાજન્! મહાયજ્ઞ રાજસૂયમાં દુર્યોધનનું દુષ્ટપણું જે તેં મને હમણાં પૂછેલું તે મેં તને કહ્યું. ૪૦.

'હે રાજન્!' એ સંબોધન (શુકે) સ્નેહથી કરેલું છે. આ ચરિત્ર નિરોધમાં ઉપયોગી નથી એવી શંકા દૂર કરવા, તેં પૂછ્યું ત્યારે મેં કહ્યું, એમ 'જે તેં મને હમણાં પૂછેલું' એ શબ્દોથી કહેલ છે. તેં (દુર્યોધનના) અભિમાનના નાશનું કારણ પૂછ્યું, દુર્યોધનનું દુષ્ટપણું જ તેના અભિમાનના નાશનું કારણ છે, એવો તેનો ઉત્તર છે, અને અભિમાનરૂપ દુષ્ટપણું (મેં) કહ્યું. વળી રાજસૂયમાં આવેલાએ તે (દુષ્ટપણું) કરવું અયોગ્ય હતું, કારણ કે ધર્મ માટે આવે તે અભિમાન કરતો નથી. તેમાં પણ (આ) મહાયજ્ઞ હોવાથી નિરભિમાનપણાથી જ ત્યાં જવું યોગ્ય હતું, એવો અર્થ છે. ૪૦.

**ઈતિ શ્રીલક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીમદ્વલ્લભદીક્ષિતે રચેલી**
**શ્રીમદ્ભાગવતની સુબોધિનીમાં દશમા સ્કંધના ઉત્તરાર્ધના વિવરણમાં**
**છવ્વીસમો અને સળંગ બોત્તેરમો અધ્યાય સંપૂર્ણ.**

# અધ્યાય તોત્તેરમો.

## શાલ્વ અને પ્રદ્યુમ્નજી નું યુદ્ધ.

**સાત્ત્વિકાનાં નિરોધસ્તુ ષડ્ભિરેવં નિરૂપિતઃ ।।**
**સાધનાંશઃ ફલાંશસ્તુ ષડ્ભિરગ્રે નિરૂપ્યતે ।।૧।।**

એવી રીતે સાત્ત્વિકોનો સાધન અંશવાળો નિરોધ છ (અધ્યાયો)થી કહ્યો. ફલના અંશવાળા (સાત્ત્વિકોના નિરોધનું) તો આગળ (આ અધ્યાયથી આરંભી) છ (અધ્યાયો)થી નિરૂપણ કરવામાં આવે છે. કા.૧.

**ફલં તુ ત્રિવિધં પ્રોક્તં શત્રુનાશો યશસ્તથા ।।**
**અલૌકિકી તથા સંપદ્ દ્વાભ્યાં દ્વાભ્યાં નિરૂપ્યતે ।।૨।।**
**બન્ધૂનાં ચ તથાંશસ્ય મિત્રસ્યેતિ પૃથક્ પૃથક્ ।।**

(૧) બંધુઓના શત્રુઓનો નાશ, (૨) અને વળી અંશનો (બલભદ્રનો) યશ, (૩) અને વળી મિત્રની અલૌકિક સંપત્તિ, એવું ફલ તો ત્રણ પ્રકારનું કહેલું છે. (આ) જુદું જુદું બબે (અધ્યાયો)થી કહેવામાં આવે છે. કા.૨ાા.

**બન્ધૂનાં કૃષ્ણસદ્ભાવાન્નાન્યત્રેચ્છા કથંચન ।।**
**સહાગતસ્ય ત્વંશસ્ય કીર્તિરેવેપ્સિતા ભુવિ ।।૩।।**

શ્રીકૃષ્ણ ઉપરના સ્નેહને લીધે બંધુઓને બીજા કોઈની કોઈ પ્રકારે ઈચ્છા ન હતી. સાથે આવેલ અંશને તો ભૂમિ ઉપર કીર્તિની જ ઈચ્છા હતી. કા.૩ાા.

**મિત્રસ્ય લક્ષ્મીવૈમુખ્યાત્ સંપત્તિર્વાઞ્છતા ક્વચિત્ ।।**
**પરોક્ષે દારદૃષ્ટો હિ મિત્રત્વમુપયાતિ હિ ।।૪।।**

લક્ષ્મીની મિત્ર ઉપર પ્રીતિ નહિ હોવાથી તે(મિત્ર)ને કોઈ સમયે સંપત્તિની ઈચ્છા થઈ, કારણ કે ભૂતકાલમાં પત્નીએ સમજાવેલ[1] (તે) મિત્ર પાસે જાય છે.

---

૧. ભગવાનના મિત્ર ઉપર લક્ષ્મીની પ્રીતિ ન હોવાનું કારણ કહેલું છે. ભગવાનનાં પત્ની લક્ષ્મી છે. ભગવાનની ગેરહાજરીમાં લક્ષ્મી ઉપર દૃષ્ટિ થતાં, મિત્ર પાસે જાય છે. 'ગેરહાજરીમાં (મિત્રની) સ્ત્રીનાં દર્શન (કરવાં નહિ)' એ નીતિના વાક્યની સંમતિ દર્શાવવા 'હિ' શબ્દ યોજેલ છે. તેથી ભગવાનની સન્મુખ થઈ તેમણે આપેલી સંપત્તિરૂપ લક્ષ્મી (સુદામાએ) લીધી, એવો અર્થ છે. (લે) આ અર્થ સમજાય તેવો જણાતો નથી. મિત્રની ગેરહાજરીમાં તેની સ્ત્રી ઉપર દૃષ્ટિ ન કરવી એવું નીતિનું વાક્ય વિરુદ્ધ થાય છે, કારણ કે સુદામાએ ભગવાનની ગેરહાજરીમાં લક્ષ્મી ઉપર દૃષ્ટિ કર્યાનું લેખકાર ઉપર કહે છે. તેથી 'પરોક્ષે'નો અર્થ 'ગેરહાજરીમાં' ન કરતાં 'ભૂતકાલમાં' લીધેલ છે. ભૂતકાલમાં એટલે સુદામો ભગવાન્ પાસે જવા નીકળ્યો તે પહેલાં, તેની સ્ત્રીએ તેને ત્યાં જવા 'દૃષ્ટઃ' સમજાવેલો હોવાથી, તે ત્યાં જવા નીકળે છે, એવો અર્થ જણાય છે.

કા.૪॥.

**અત્રાદૌ દ્વારકાસ્થાનાં બન્ધૂનાં ચ તથા ક્વચિત્ ॥**
**અનિવાર્યં દુઃખમુક્તં દ્વિતીયેન નિવાર્યતે ॥૫॥**

તે પ્રમાણે અહિં આરંભમાં[2] કોઈ સમયે દ્વારકામાં રહેનારાઓનું અને બંધુઓનું દૂર ન થઈ શકે તેવું દુઃખ કહેલું છે. બીજા (અધ્યાય)થી તેનું નિવારણ કરેલું છે. કા.૫॥.

**સપ્તવિંશે તથાધ્યાયે યાદવાનાં મહદ્ભયમ્ ॥**
**મહાદેવાદિપુષ્ટેભ્યઃ શાલ્વાદિભ્યો નિરૂપ્યતે ॥૬॥**

અને મહાદેવ વિગેરે પાસેથી બલ પ્રાપ્ત કરેલ શાલ્વ વિગેરેથી યાદવોને થએલ મોટા ભયનું સત્તાવીસમા અધ્યાયમાં નિરૂપણ કરવામાં આવે છે. કા.૬॥.

**અપ્રત્યાખ્યેયતાસિદ્ધ્યૈ પ્રદ્યુમ્નાય જયો મહાન્ ॥**
**નિરૂપિતઃ સમસ્તાનાં યતઃ સ્યાત્તુ મહદ્ભયમ્ ॥૭॥**

(તેઓ) પરાજય કરી શકાય તેવા નથી એવું પ્રદ્યુમ્નને સંપૂર્ણ જ્ઞાન થાય તે માટે બધા (યાદવો) ઉપર (તેઓનો) મહાન વિજય કહેલો છે, કે જેથી (યાદવોને) ઘણો ભય થાય. કા.૭॥.

॥ શ્રીશુક ઉવાચ ॥

**અથાન્યદપિ કૃષ્ણસ્ય શૃણુ કર્માદ્ભુતં મહત્ ॥**
**ક્રીડાનરશરીરસ્ય યથા સૌભપતિર્હતઃ ॥૧॥**

વળી ક્રીડા માટે નરનું શરીર ધારણ કરેલ શ્રીકૃષ્ણનું જે પ્રકારે (તેમણે) સૌભપતિને હણ્યો તે બીજું પણ ઘણું અદ્ભુત કર્મ સાંભળ. ૧.

(ઘણો ભય થાય) ત્યારે જ નિરોધ જેમનો થએલ હોય તેઓની ભગવાનમાં આસક્તિ થાય છે. આ ચરિત્ર ઉત્તમ હોવાથી 'બીજું પણ શ્રીકૃષ્ણનું (કર્મ) સાંભળ' એ શબ્દોથી શ્રવણ (કરવા) માટે (રાજાને) ખાસ પ્રેરણા કરે છે, કારણ કે (આ) અદ્ભુત છે. આ ચરિત્ર કરતાં અદ્ભુત ભગવાનનાં ઘણાં કર્મો છે, અને આ ચરિત્ર અદ્ભુત છે. જે (ભગવાનના કર્મથી) એક પ્રયોજન માટે આરંભેલું (જીવનું કાર્ય) બીજા જ વિષયમાં પરિણમે, તે જ અદ્ભુત છે. તેથી[1] જ ભગવચ્છાસ્ત્ર પ્રમાણે વિશ્વ જ (ભગવાનનું) અદ્ભુત ચરિત્ર છે. ધર્મ માટે પ્રયત્ન કરતાં (જીવ) અધર્મ આચરે છે, અર્થ (ધન) માટે (પ્રયત્ન કરતાં) અનર્થ કરે છે.

૨. 'આરંભમાં' એટલે 'આ પ્રકરણના આરંભમાં'. (લે)

૧. 'તેથી જ' એટલે 'વિશ્વમાં જીવે એક પ્રયોજન માટે આરંભેલું કાર્ય બીજા જ પ્રયોજનમાં પરિણમે છે તેથી'. (લે)

તેવી જ રીતે બીજા પુરુષાર્થના સંબંધમાં પણ (થાય છે). વધારે કહેવાથી શું? સુખ (પ્રાપ્ત કરવા) માટે પ્રયત્ન કરતાં દુઃખ પ્રાપ્ત કરે છે. ભગવાનના અનુસંધાન[2] વિનાના સર્વ આશ્રમ વિગેરેના ધર્મોમાં એ પ્રમાણે જાણવું. અહિં પણ ભગવાનના અનુભવરૂપ ફલને સાધન તરીકે જાણે છે. બધાએ ભગવાનના સંબંધવાળા પદાર્થને તેવી રીતે (સાધન તરીકે) જાણે છે. ભગવદીઓએ આ રહસ્ય[3] સદાએ ધ્યાનમાં રાખવું જ.

તેથી જો કે (ભગવાનનું) બધુંએ ચરિત્ર અદ્ભુત છે, છતાં પણ આ (ચરિત્ર) ઘણું (અદ્ભુત છે). ઉત્તરાર્ધથી તે (ચરિત્ર)નું અદ્ભુતપણું જણાવે છે. 'નરાણામ્' નરોનું ('કમ્') સુખ જ નરક હોવાથી, જેમાં ક્રીડાનો સંભવ પણ નથી, તેવું નરનું શરીર ક્રીડા માટે ધારણ કરેલું છે.

'તે (ચરિત્ર) કયું?' એ જાણવાની ઈચ્છા થાય, તેથી 'જે પ્રકારે સૌભપતિને હણ્યો' એ શબ્દોથી (તે) જણાવે છે. 'સૌભ' શબ્દથી 'માયિક ઘર' કહેલું છે. શાલ્વ તેનો પતિ હતો. જો તે પ્રયત્ન ન કરે તો દુર્યોધન વિગેરેની પેઠે કેટલોક સમય જીવત પણ ખરો, આ તો તરત જ હણાયો. ૧.

નીચેના શ્લોકથી (આરંભી) તેને હણવા માટેનું ઉપાખ્યાન કહે છે :

**શિશુપાલસખઃ શાલ્વો રુક્મિણ્યુદ્વાહ આગતઃ ।।**
**યદુભિર્નિર્જિતઃ સંખ્યે જરાસન્ધાદયસ્તથા ।।૨।।**

રુક્મિણીના વિવાહમાં આવેલા શિશુપાલના મિત્ર શાલ્વને, તેમ જ જરાસંધ વિગેરેને યુદ્ધમાં યાદવોએ હરાવેલ. ૨.

સોગનપૂર્વક તે (શિશુપાલ)ની સાથે (શાલ્વને) મૈત્રી હતી. શાલ્વ શિશુપાલના મિત્ર તરીકે જ પ્રસિદ્ધ હતો. તેથી જ રુક્મિણીનો વિવાહ 'આગતે' નજીક આવ્યો ત્યારે (યાદવોએ તેને હરાવેલ), અથવા (રુક્મિણીના વિવાહમાં) આવેલાને યાદવોએ હરાવેલ, અથવા (રુક્મિણીના વિવાહમાં) યુદ્ધ આવ્યું (થયું),

૨. 'અહિં પણ' એટલે 'ઉલટું ફલ જેમાં પ્રાપ્ત થાય છે તેવા જગતમાં પણ' ફલરૂપ ભગવાનના અનુભવ એટલે સાક્ષાત્કારને આ ઉત્તમ સાધન છે એમ જીવ માને છે. વર માગવા ભગવાનનો સાક્ષાત્કાર કરવો (એમ જાણે છે). તે પ્રમાણે ભગવાનના ભજનમાં ઉપયોગી પુષ્પ વિગેરે બધાએ ફલરૂપ પદાર્થને પ્રસન્ન કરેલા ભગવાન્ પાસેથી ફલ પ્રાપ્ત કરવાના સાધન તરીકે પ્રાપ્ત કરવા જોઈએ એમ માને છે એવો અર્થ છે. (લે) 'અહિં પણ' એટલે 'ભક્તિમાર્ગમાં પણ' એવો અર્થ વધારે યોગ્ય જણાય છે, કારણ કે ભગવદીઓએ આ રહસ્ય ધ્યાનમાં રાખવાનો આગળ બોધ કરેલો છે.

૩. 'આ રહસ્ય' એટલે 'ભગવાનનું અનુસંધાન ન હોય ત્યાં (સર્વ પ્રયત્નનું ફલ) વિપરીત જ થાય છે, એ રહસ્ય'. (લે)

ત્યારે યાદવોએ હરાવેલ. માત્ર (તેને) એકલાને હરાવેલ નહિ, પરંતુ જરાસંધ વિગેરે પણ 'તથા' (તે પ્રમાણે) મિત્રો અને (યાદવોએ) હરાવેલા હતાં. ૨.

એવી રીતે સર્વ તેવા (યાદવોએ હરાવેલા) થયા, ત્યારે સર્વનું હિત ઈચ્છનાર (શાલ્વે) યાદવોને હણવાનો વિચાર કર્યો એમ નીચેના શ્લોકમાં કહે છે :

**શાલ્વઃ પ્રતિજ્ઞામકરોચ્છૃણ્વતાં સર્વભૂભુજામ્ ।।**
**અયાદવીં ક્ષ્માં કરિષ્યે પૌરુષં મમ પશ્યત ।।૩।।**

સર્વ રાજાઓના સાંભળતાં શાલ્વે પ્રતિજ્ઞા કરી કે 'હું પૃથ્વી યાદવ વિનાની કરીશ. મારું પુરુષાતન જૂઓ.' ૩.

પછી તે (યાદવોને હણવાનું) સિદ્ધ થાય તે માટે શાલ્વે 'પ્રતિજ્ઞા કરી'. દુઃખ પડવા છતાં પણ અટકવું નહિ તેવા હેતુથી 'સર્વ રાજાઓના સાંભળતાં (પ્રતિજ્ઞા) કરી.' 'હું પૃથ્વી યાદવ વિનાની કરીશ' એ શબ્દોથી પ્રતિજ્ઞા કહેલી છે. જે પૃથ્વીમાં યાદવો રહે (હોય) નહિ (તેવી કરીશ), એમ બીજ સહિત નાશ કરવા (પ્રતિજ્ઞા કરી).

'શું બ્રાહ્મણના શાપની પેઠે (યાદવોનો નાશ કરીશ)?' (એમ પૂછવામાં આવે તો) કહે છે કે ના, 'મારું પુરુષાતન જૂઓ'. 'જૂઓ' શબ્દથી (કહે છે કે) પોતાનાં (શાલ્વનાં) પુરુષાતનને સાક્ષાત્ જૂઓ. ૩.

**ઈતિ મૂઢઃ પ્રતિજ્ઞાય દેવં પશુપતિં પ્રભુમ્ ।।**
**આરાધયામાસ નૃપ પાંસુમુષ્ટિં સકૃદ્ગ્રસન્ ।।૪।।**

હે નૃપ! મૂર્ખે એવી પ્રતિજ્ઞા કરી, એક વાર મૂઠી ધૂળ ખાતાં પશુપતિરૂપ પ્રભુ દેવની આરાધના કરી. ૪.

તે (રાજા)ઓથી બીજાઓને પણ (પોતાની પ્રતિજ્ઞા) કહે છે. એમ કહી (પ્રતિજ્ઞા કરી), મૂર્ખ ન થઈ શકે તેવું કરવા માટે તત્પર થયો, કારણ કે ભૂમિ યાદવના ઉપર નભનારી[1] હતી, તે યાદવ વિનાની થાય તો (પોતાનું) સ્વરૂપ કેમ પ્રાપ્ત કરે? છતાં પણ મૂર્ખાઈને લીધે (તેવી) પ્રતિજ્ઞા કરી, તેણે તે (સિદ્ધ કરવા)માં પણ શક્તિ વિનાના દેવની સેવા કરી, કારણ કે તે (દેવ) પશુઓના જ પતિ હતા, અને તે પણ પ્રભુ (માલિક) હતા, પરંતુ અંતર્યામી ન હતા. જો તે પુરુષોત્તમની અથવા અંતર્યામી ની ભક્તિ કરે, તો ભક્ત અથવા જ્ઞાનવાળો થાય, તો (તેનામાં) જગત્ ઉત્પન્ન કરવાની શક્તિ અથવા વિશ્વનો સંહાર કરવાની શક્તિ

૧. ભૂમિનું દુઃખ (બ્રહ્માએ ભગવાનને) જણાવ્યું ત્યારે તેનું રક્ષણ કરવા ભગવાને યાદવકુલમાં અવતાર લીધો એમ આ સ્કંધના આરંભમાં કહેલું હોવાથી, ભૂમિ યાદવ ઉપર નભનારી છે. (લે)

થાય (આવે). વિશ્વામિત્રની પેઠે તે ઘણા સમયે થઈ શકે તેવી હોવાનું માનીને, પોતે પશુ હોવાથી તરત પ્રસન્ન થાય તેવા પશુના પ્રભુ (માલિક)ની આરાધના કરી. 'એક વાર મૂઠી ધૂળ ખાતાં' એ શબ્દોથી તે આરાધનાનો પ્રકાર કહેલો છે. ભગવાનથી વિમુખ હોવાથી પોતાના હાથે જ તેણે પોતાના મુખમાં ધૂળ નાખી. ૪.

પછી જે થયું તે નીચેના શ્લોકમાં કહે છે :

**સંવત્સરાન્તે ભગવાનાશુતોષ ઉમાપતિઃ ।।**
**વરેણ છન્દયામાસ શાલ્વં શરણમાગતમ્ ।।૫।।**

તરત પ્રસન્ન થાય તેવા ભગવાન્ ઉમાપતિએ એક વર્ષના અંતે શરણ આવેલા શાલ્વને વરદાનથી સંતોષ્યો. ૫.

મહાદેવ કાલના સેવક છે, (અને કાલ તો વર્ષરૂપ છે. દુષ્ટ શાલ્વ ભગવાન્ સાથે શત્રુપણું કરવા ઈચ્છે છે, અને મારી પ્રાર્થના કરે છે. તે વિષયમાં ભગવાન્ અદ્‌ભુત કર્મ કરનારા હોવાથી, આને આ વરદાન આપવું કે નહિ એવો તેમનો અભિપ્રાય જણાતો નથી. તે માટે એક વર્ષ સુધી મહાદેવે રાહ જોઈ. 'જો સંવત્સર આ (શાલ્વ)ને હણે તો સ્વામીનું હિત કરનાર સંવત્સરથી જ કાર્ય સિદ્ધ થાય. પછી જો દુઃખ જ દઈને (આને સંવત્સર) જીવાડશે તો પછી મારે પણ (તેને) દુઃખ આપવા માટે જ વરદાન આપવું' એવો વિચાર કરીને મહાદેવ એક વર્ષ શાંત રહ્યા.

'(એક વર્ષ) પછી પણ કેમ શાંત ન રહ્યા?' એવી શંકા થાય, તેથી 'તરત પ્રસન્ન થાય તેવા' એ વિશેષણ યોજેલું છે. તે ઘણા દયાળુ હોઈ બીજાનું જરા પણ દુઃખ સહન કરતા નથી, છતાં પણ તે ખોટા સ્થલે પ્રયાસ કરતો હોવાથી (તેમણે) તેટલો વિલંબ કર્યો.

'છતાં પણ સ્વામીનો દ્રોહ કરનારની દરકાર ન જ કરવી જોઈએ. એવી રીતે વરદાન કેમ કર્યું?' એ જાણવાની ઈચ્છા થાય, તેથી 'ઉમાપતિ' એ શબ્દ યોજેલ છે. તપ કરતી ઉમાની પણ મેં દરકાર કરેલી નહિ. પછી તપથી પુષ્ટ થઈ તે (મારા) ગલે પડી, તેવો આ પણ થશે, એમ વિચારીને પછી (તેને) દુઃખ થાય તે માટે જ વરદાનથી સંતોષ્યો. 'વર માગ' એમ (તેને) કહ્યું.

'તેનો કયો ગુણ હતો કે જેને લીધે તેને વરદાન માગવા કહ્યું? ભગવાનથી વિમુખ હોવાથી, તપ તો ન હતું જ, કારણ કે નરકમાં વસનારાઓ અથવા રોગીઓ તપ કરતા નથી, પરંતુ તેઓને તેવાં (દુઃખ આપનારાં) કર્મોનો જ અનુભવ થાય છે. તેથી (તેની) દરકાર જ કરવી યોગ્ય ન હતી' એવી શંકા થાય, તેથી 'શરણ આવેલા' એ વિશેષણ યોજેલું છે. શરણ આવેલાની દરકાર ન કરવાથી થતા

દોષના ભયથી (તેને વર માગવા કહ્યું) એવો (અર્થ છે). ૫.

પછી તેના અંતર્યામીએ જ (તેની) બુદ્ધિનો નાશ કર્યો, તેથી તેણે જે તે માગી લીધું, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**દેવાસુરમનુષ્યાણાં ગન્ધર્વોરગરક્ષસામ્ ।।**
**અભેદ્યં કામગં વવ્રે સ યાનં વૃષ્ણિભીષણમ્ ।।૬।।**

દેવો, અસુરો અને મનુષ્યો, ગંધર્વો, સર્પો અને રાક્ષસોથી ભાંગી ન શકાય તેવું, ઈચ્છા પ્રમાણે ફરનારું (અને) વૃષ્ણિઓને ભય પમાડનારું વાહન તેણે માગ્યું. ૬.

જેઓમાં ત્રણ ગુણો પ્રધાન છે તેવા દેવો, અસુરો અને મનુષ્યો છે. જેઓમાં મિશ્રણ થએલા ગુણો પ્રધાન છે તેવા ગંધર્વો, સર્પો અને રાક્ષસો છે. એવી રીતે છમાં સર્વ સગુણ (જીવો)નો સંગ્રહ કર્યો. તે બધાઓથી ભાંગી ન શકાય તેવું અને મને (શાલવને) વશ રહેનારું, (મારી) ઈચ્છા પ્રમાણે ફરનારું-(કારણ કે) તેવું ન હોય તો સમુદ્રની પેઠે મારો કોઈ પણ પુરુષાર્થ (તેનાથી) સિદ્ધ ન થાય-(વાહન માગ્યું). વળી જે પ્રયોજન માટે પ્રયાસ કર્યો, તે પ્રયોજન માટે કાંઈક માગવું જોઈએ, તેથી 'વૃષ્ણિઓને ભય પમાડનારું' એ વિશેષણથી તે વાહનના બીજા ગુણ માટે પ્રાર્થના કરે છે. વૃષ્ણિઓને ભય ઉત્પન્ન કરનારું (તે હોવું જોઈએ). ૬.

ભગવાનને (આ) કાંઈ પણ નડનારું નથી, એમ વિચારી, મહાદેવે પણ 'તેમ થાઓ' એમ (કહી, તેની માગણીનો) સ્વીકાર કર્યો. માત્ર વરદાનથી સિદ્ધ થએલું નિત્ય (નાશ ન પામે તેવું) થાય તેથી, (અને) નાશ પામનારું હોય તે બનાવેલું હોવાનું જરુરી હોવાથી, (મહાદેવે) મયને આજ્ઞા આપી, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**તથેતિ ગિરિશાદિષ્ટો મયઃ પરપુરંજયઃ ।।**
**પુરં નિર્માય શાલ્વાય પ્રાદાત્સૌભમયસ્મયમ્ ।।૭।।**

'તેમ થાઓ' એમ (મહાદેવે કહ્યું). શંકરે આજ્ઞા કરેલા, શત્રુઓના પુરોને જીતનારા મયે લોઢાનું સૌભ પુર બનાવી શાલ્વને આપ્યું. ૭.

શંકરે આજ્ઞા કરેલો હોવાથી (મયે પુર બનાવી આપ્યું). 'પરપુરંજયઃ' એટલે શત્રુઓના પુરોને જીતવાના સ્વભાવવાળો, કારણ કે જીતી શકાય તેવું અને ન જીતી શકાય તેવું પુરને તે જાણે છે, તેથી જેમ ન જીતી શકાય તેવું થાય તેવું તે કરશે, એવો અર્થ છે. તેથી (મયે) તેવું પુર બનાવી શાલ્વને આપ્યું. 'સૌભ, લોઢાનું' એ શબ્દોથી તે (પુર)નાં નામ અને સ્વરૂપ કહેલાં છે. 'સુષ્ઠુ' સારો 'ભા'

પ્રકાશ છે જેઓનો, તેઓ 'સુભાઃ' (સારા પ્રકાશવાળા). તેઓના સંબંધવાળું પુર 'સૌભ' છે. ઉત્તમ લોઢાનું બનેલું મજબૂત હોય છે (તેથી લોઢાનું બનાવ્યું). ૭.

પછી કૃતાર્થ થઈ, (શાલ્વ) યુદ્ધ (કરવા) માટે દ્વારકા આવ્યો, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**સ લબ્ધ્વા કામગં યાનં તમોધામ દુરાસદમ્ ।।**
**યયૌ દ્વારવતીં શાલ્વો વૈરં વૃષ્ણિકૃતં સ્મરન્ ।।૮।।**

ઈચ્છા પ્રમાણે ફરનારું, કોઈ ન પહોંચી શકે તેવું, અંધકારના ધામરૂપ વાહન પ્રાપ્ત કરીને, વૃષ્ણિએ કરેલાં વૈરનું સ્મરણ કરતાં તે શાલ્વ દ્વારકા ગયો. ૮.

'કામગં' માત્ર ઈચ્છાથી જ ઈચ્છેલા પ્રદેશમાં પહોંચાડનારું, અંધકારના ધામરૂપ એટલે જે અંધકારથી ભરપૂર હતું તેવું. તેમાં અંધકાર રહેલ હોવાથી તે (શાલ્વ) દેખાતો ન હતો. વળી 'દુરાસદમ્' કોઈ પણ પહોંચી ન શકે તેવું (વાહન પ્રાપ્ત કર્યું). એવી રીતે જેને દેવનું વરદાન પ્રાપ્ત થએલું તેને ભગવાનનું શત્રુપણું જ ફલ (પ્રાપ્ત થયું), તેથી તે દ્વારકા જ ગયો. વૃષ્ણિએ કરેલું (પોતે) પહેલાં અનુભવેલ રુક્મિણીના હરણરૂપ અને સાંભળેલ શિશુપાલના વધરૂપ વૈરનું સ્મરણ કરતાં (તે દ્વારકા ગયો). ૮.

પછી વૈરને લીધે તેણે જે કર્યું તે નીચેના શ્લોકમાં કહે છે :

**નિરુધ્ય સેનયા શાલ્વો મહત્યા ભરતર્ષભ ।।**
**પુરીં બભઞ્જોપવનાન્યુદ્યાનાનિ ચ સર્વશઃ ।।૯।।**

હે ઉત્તમ ભારત! મોટી સેનાથી નગરીને ઘેરીને શાલ્વે સર્વ તરફથી વાડીઓ અને બગીચાઓ ભાંગવા માંડ્યા. ૯.

તેને વરદાનથી માત્ર સૌભ મળેલું. સેના તો વધારાની (તેની) પોતાની હતી. તેથી તે (સેના)ને લઈને, નગરીને ઘેરીને, તેણે સર્વ તરફથી વાડીઓ અને બગીચાઓ ભાંગવા માંડ્યા. ૯.

પછી તેણે કિલ્લાની અંદર પણ ઉપદ્રવ કર્યો, એમ કહે છેઃ

**સગોપુરાણિ દ્વારાણિ પ્રાસાદાટ્ટાલતોલિકાઃ ।।**
**વિહારન્સવિમાનાગ્ર્યાન્નિપેતુઃ શસ્ત્રવૃષ્ટયઃ ।।૧૦।।**

શહેરના દરવાજાઓ સહિત દ્વારો, મહેલો, અટારીઓ, બાંકોરાઓ, અને ઉંચી મેડીઓના ઉંચા ભાગ સહિત આરામનાં સ્થાનો ઉપર શસ્ત્રોના વરસાદ પડ્યા. ૧૦.

શહેરના દરવાજાઓ સહિત દ્વારોને લક્ષમાં રાખી શસ્ત્રોના વરસાદ પડ્યા, એવો (વાક્યનો) સંબંધ છે. 'ભાંગવા માંડ્યા (શ્લોક ૯)' એમ કેટલાક

(સંબંધ લે છે). મહેલો, અટારીઓ, બાંકોરાઓ, આ મહેલોમાં જ રહેલા (મહેલના જ ભાગો) છે. 'બાંકોરા' એટલે છિદ્રોની હારો, જેની પાસે રહેલાઓ (ત્યાંથી) પથ્થરો ફેંકે છે; અથવા 'પ્રતોલિકાઃ' એટલે શોભાના સ્થાનો. 'વિહારાન્' આરામનાં સ્થાનો, તેઓ ઉંચી મેડીઓના ઉંચા ભાગ સાથેનાં. તેઓને ભાંગવા અથવા તેઓ ઉપર રહેલા પુરુષોને પીડા (કરવા) માટે શસ્ત્રોના વરસાદ પડ્યા. આ સાધારણ[1] યુદ્ધ (કહ્યું). ૧૦.

નીચેના શ્લોકમાં દૈત્યોએ કરેલું યુદ્ધ કહે છે :

**શિલા દ્રુમાશ્ચાશનયઃ સર્પાઃ પ્રાસારશર્કરાઃ ।।**
**પ્રચણ્ડશ્ચક્રવાતોઽભૂદ્રજસાચ્છાદિતા દિશઃ ।।૧૧।।**

પથ્થરો, વૃક્ષો, વીજળીઓ, સર્પો, અને મોટા બિંદુઓ જેવા પાષાણો(નો વરસાદ પડ્યો શ્લોક ૧૦). પ્રચંડ વંટોળીઓ થયો. દિશાઓ ધૂળથી ભરાઈ ગઈ.૧૧.

પથ્થરો, વૃક્ષો (શહેરની) બહાર ઉખાડીને અંદર નાખેલા. વીજળીઓ પણ (બહારથી અંદર નાખેલી). તેને વરદાનથી મળેલી અસુરોની માયાને લીધે વીજળીઓ પણ તેને અધીન હતી. તેવી જ રીતે સર્પો અને મોટા બિંદુઓ જેવા પાષાણો અને નાના પાષાણોની વૃષ્ટિ કરી. પથ્થરો અને વૃક્ષો તામસ છે. વિજળીઓ સાત્ત્વિક છે. સર્પો અને મોટા બિંદુઓ જેવા પાષાણો રાજસ છે. એવી રીતે ત્રણ પ્રકારનાઓથી બધોએ પ્રકાર કહ્યો.

પછી 'પ્રચંડ વંટોળીઓ થયો' એમ બનાવટી કાર્ય કહેલું છે; અને તે ભ્રમ ઉત્પન્ન કરતું હોવાથી જૂદું કહેલું છે. 'ચક્રવાતઃ' એટલે વંટોળીઓ. 'રજસા' ધૂળના સમૂહથી દિશાઓ ભરાઈ ગઈ. એવી રીતે મહેલોમાં અને તેઓથી વચ્ચે રહેનારા-ઓની ક્રિયાનો નાશ કરનારું અને જ્ઞાનનો નાશ કરનારું કાર્ય કર્યું એવો અર્થ છે. ૧૧.

તેઓના ઉપદ્રવથી થએલું ફલ નીચેના શ્લોકમાં કહે છે :

**ઈત્યર્દ્યમાના સૌભેન કૃષ્ણસ્ય નગરી ભૃશમ્ ।।**
**નાભ્યપદ્યત શં રાજંસ્ત્રિપુરેણ યથા મહી ।।૧૨।।**

હે રાજન્! એવી રીતે સૌભથી ઘણી પીડાતી શ્રીકૃષ્ણની નગરી, ત્રિપુરે પીડેલી પૃથ્વીની પેઠે, સુખ પામી નહિ. ૧૨.

એવી રીતે અધમ સૌભ (શાલ્વ)થી પીડાતી દ્વારકા તેવી પીડાને યોગ્ય ન હતી, કારણ કે (તે) શ્રીકૃષ્ણની નગરી ઘણી સુકુમાર હતી. પીડાવાથી તે સુખ પામી નહિ. નિરોધ (થએલ હોવા)ને લીધે ભક્તિમાર્ગથી વિરુદ્ધ વર્ણન (કરેલું)

૧. સામાન્ય સૈનિકોએ કરેલું, એવો અર્થ જણાય છે.

નથી. 'હે રાજન્!' એવું સંબોધન (રાજાને) વિશ્વાસ રહે તે માટે (કરેલું છે). પીડાનું પરિણામ કહેવા 'ત્રિપુરે પીડેલી પૃથ્વીની પેઠે' એવું દૃષ્ટાંત કહેલું છે. ૧૨.

મહાદેવ પ્રસન્ન થાય તે માટે એવી રીતે તેની સરસાઈ કહીને સંપૂર્ણ રીતે જે ઉપાય વિનાનો થાય તે જ ભગવાનમાં આસક્ત થાય છે, તેથી બીજા ઉપાયનો નાશ કરવા પ્રદ્યુમ્ન વિગેરેએ રક્ષણ માટે કરેલાં યુદ્ધનું વર્ણન કરે છે :

**પ્રદ્યુમ્નો ભગવાન્વીક્ષ્ય બાધ્યમાના નિજાઃ પ્રજાઃ ।।**
**મા ભૈષ્ટેત્યભ્યયાદ્વીરો રથારૂઢો મહાયશાઃ ।।૧૩।।**

પોતાની પ્રજાને પીડાતી જોઈને ઘણા યશસ્વી વીર ભગવાન્ પ્રદ્યુમ્ન 'ભય ન પામો' એમ (કહી), રથમાં બેસી દોડી આવ્યા. ૧૩.

તે (પ્રદ્યુમ્ન) પહેલાં (યુદ્ધ કરવા) ગયા તેનું કારણ 'ભગવાન્' શબ્દથી કહેલું છે. તે ભગવાન્ હોવાથી (તેમને સૌભના) સ્વરૂપનું જ્ઞાન હતું અને ઉપાયનું જ્ઞાન હતું. 'પોતાની પ્રજાને' એમ (તેમની) રક્ષણ (કરવા)ની તીવ્ર ઈચ્છા જણાવવા કહેલું છે. તેમણે આરંભમાં મનથી રક્ષણનો વિચાર કર્યો, પછી વચનથી પણ 'ભય ન પામો' એમ કહી દોડી આવ્યા. મુખથી 'ભય ન પામો' એમ કહીને, પછી રથ વડે યુદ્ધના પ્રદેશમાં દોડી આવ્યા, એવો અર્થ છે. ૧૩.

**સાત્યકિશ્ચારુદેષ્ણશ્ચ સામ્બોઽક્રૂરઃ સહાનુજઃ ।।**
**હાર્દિક્યો ભાનુવિન્દશ્ચ ગદશ્ચ શુકસારણૌ ।।૧૪।।**
**અપરે ચ મહેષ્વાસા રથયૂથપયૂથપાઃ ।।**
**નિર્યયુર્દંશિતા ગુપ્તા રથેભાશ્વપદાતિભિઃ ।।૧૫।।**

સાત્યકિ અને ચારુદેષ્ણ, સાંબ અને ભાઈઓ સાથે અક્રૂર, હાર્દિક્ય અને ભાનુવિંદ, ગદ અને શુક અને સારણ અને બીજા ધનુષ્યધારીઓ રથોની સેનાનું રક્ષણ કરનારાઓના પણ સેનાપતિઓ કવચ ધારણ કરી, રથ, હાથી, અશ્વ અને સૈનિકોથી રક્ષાતા બહાર નીકળ્યા. ૧૪-૧૫.

તેવી રીતે સાત્યકિ પ્રદ્યુમ્નનો ભાઈ ચારુદેષ્ણ, ભાઈઓ સાથે અક્રૂર, હાર્દિક્ય વિગેરે યાદવો, ગદ વિગેરે ભાઈઓ (બહાર નીકળ્યા). શુક અને સારણ દૂતો હતા, છતાં (શ્રીકૃષ્ણના) ભાઈઓ હતા. ૧૪.

અને બીજા 'મહેષ્વાસાઃ' ધનુર્ધારી યાદવો, રથોની સેનાનું રક્ષણ કરનારાઓના પણ સેનાપતિઓ કવચ પહેરી, રથ વિગેરેથી વીંટાઈ બહાર નીકળ્યા. (આ) ફલ પ્રકરણ હોવાથી લૌકિકી ભાષા છે. ફલ સર્વ સ્થલે અનુભવથી સિદ્ધ થતું હોવાથી લૌકિક જ (હોય છે). તેથી શૂરવીરો પોતે સાધનો સાથે યુદ્ધ (કરવા) માટે બહાર નીકળ્યા, એવી (તેઓની) પોતાની મેળે (રક્ષણના) ઉપાય (કરવા)ની

પ્રવૃત્તિ થઈ, તે ભગવાન્ અટકાવશે. આ લૌકિકી ભાષા હોવાથી પહેલાં (કહેલ તે)ની સાથે વિરોધ નથી. બલદેવ (દ્વારકામાં) હાજર હોવા છતાં, 'આને મહાદેવે પ્રેરણા કરેલી છે' એમ વિચારી (તેમણે તેની) દરકાર કરી નહિ એમ કેટલાક કહે છે, અને (કેટલાક એમ કહે છે કે) તે બીજા સ્થલે ગએલા. ૧૫.

પછી બંને (પક્ષ)નું શૂરવીરપણું જણાવવા નીચેના શ્લોકથી (આરંભી) યુદ્ધનું વર્ણન કરે છે :

**તતઃ પ્રવવૃતે યુદ્ધં શાલ્વાનાં યદુભિઃ સહ ।।**
**યથાસુરાણાં વિબુધૈસ્તુમુલં લોમહર્ષણમ્ ।।૧૬।।**

પછી જેમ અસુરોનું દેવો સાથે રુંવાડાં ઉભાં કરે તેવું ઘણું યુદ્ધ થએલું તેવું શાલ્વોનું યાદવો સાથે થવા લાગ્યું. ૧૬.

બલનું પોષણ કરનારનું (નામ આપવું) એવા નિયમ પ્રમાણે, અથવા મુખ્ય (પુરુષ)નું નામ આપવું એવા નિયમ પ્રમાણે 'શાલ્વોનું' એમ બહુવચન યોજેલું છે. 'જેમ અસુરોનું દેવો સાથે' એ શબ્દોથી બંનેની યુદ્ધમાં દૃઢતા કહેલી છે. જેમ અસુરોનું દેવો સાથે 'તુમુલં' ઘણું, રુંવાડાં ઉભાં કરે એવું એટલે પ્રચંડ પ્રહારવાળું, જેને સાંભળતાં રુંવાડાં ઉભાં થાય તેવું (યુદ્ધ થએલું તેવું શાલ્વોનું યાદવો સાથે થયું). ૧૬.

પછી તેઓએ માયાથી જે ત્રાસ દેખાડેલ તેનું પ્રદ્યુમ્ને નિવારણ કર્યું, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તાશ્ચ સૌભપતેર્માયા દિવ્યાસ્ત્ર રુક્મિણીસુતઃ ।।**
**ક્ષણેન નાશયામાસ નૈશં તમ ઈવોષ્ણગુઃ ।।૧૭।।**

અને સૌભપતિની તે માયાઓનો, જેમ સૂર્ય રાત્રિના અંધકારનો નાશ કરે તેમ, રુક્મિણીના પુત્રે એક ક્ષણમાં દિવ્ય અસ્ત્રોથી નાશ કર્યો. ૧૭.

'દિવ્ય અસ્ત્રોથી' એટલે અગ્નિના વિગેરે, અથવા નારાયણ અસ્ત્રથી અથવા પાશુપત (અસ્ત્રથી) મૂલથી નાશ ન કરતાં અડધી લૌકિક બુદ્ધિથી (પ્રદ્યુમ્ન) યુદ્ધ કરતો હતો, તેથી (તેના યુદ્ધથી) સંતોષ ન થવાથી 'રુક્મિણીના પુત્રે' એ શબ્દ યોજેલ છે. જે પ્રયોજનથી (દિવ્ય અસ્ત્રોનો પ્રયોગ) કરેલો, તે (સિદ્ધ) થયું એમ 'એક ક્ષણમાં નાશ કર્યો' એ શબ્દોથી કહેલું છે. 'નૈશં તમઃ' રાત્રિના સંબંધવાળો અંધકાર સૂર્યે કુદરતથી દૂર કરવાનો છે, તેથી પ્રયાસ વિના (માયાઓનો) નાશ કર્યો એમ કહેલું છે. ૧૭.

પછી અમુક પુરુષો સાથે કરેલું યુદ્ધ નીચેના શ્લોકથી (આરંભી) કહે છેઃ

**વિવ્યાધ પઞ્ચવિંશત્યા સ્વર્ણપુઙ્ખૈરયોમુખૈઃ ।।**

**શાલ્વસ્ય ધ્વજિનીપાલં શરૈઃ સન્નતપર્વભિઃ ।।૧૮।।**

તેમણે શાલ્વના સેનાપતિને સુવર્ણના પુંખવાળા, લોઢાના મુખવાળા, નીચી ગાંઠવાળા પચીસ બાણોથી વીંધ્યો. ૧૮.

પચીસ તત્ત્વોરૂપ બધા (શાલ્વો) સંપૂર્ણ રીતે વીંધાયા એમ જણાવવા, ''શાલ્વના 'ધ્વજિનીપાલં' સેનાપતિને (તેટલા) બાણોથી વીંધ્યો''. દોરીથી તરત જ બાણો નીકળે તે માટે 'સુવર્ણના પુંખવાળા', અને ઉત્તમ પ્રકારે વીંધે તે માટે 'લોઢાના મુખવાળા' કહેલા છે. બાણો વચમાં નીચી (ઉંડી) ગાંઠવાળા હતા. ૧૮.

**શતેનાતાડયચ્છાલ્વમેકૈકેનાસ્ય સૈનિકાન્ ।।**
**દશભિર્દશભિર્નેતૄન્વાહનાનિ ત્રિભિસ્ત્રિભિઃ ।।૧૯।।**

એક સો (બાણ)થી શાલ્વ ઉપર, એક એકથી આના સૈનિકો ઉપર, દશ દશથી સારથિ ઉપર, (અને) ત્રણ ત્રણથી વાહનો ઉપર પ્રહાર કર્યા. ૧૯.

પછી એકસો બાણથી શાલ્વ પર પ્રહાર કર્યો, અને એકથી આના સૈનિકો ઉપર, દશથી સારથિ ઉપર અને ત્રણ ત્રણ બાણથી અશ્વો ઉપર પ્રહાર કર્યા. ૧૯.

એવી રીતે એક પુરુષ સર્વના ઉપર પ્રહાર કરે તે ઘણું આશ્ચર્યકારક હોવાથી, તેના શત્રુઓએ પણ તેની પ્રશંસા કરી, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તત્તસ્ય ચાદ્ભુતં કર્મ પ્રદ્યુમ્નસ્ય મહાત્મનઃ ।।**
**દૃષ્ટ્વા તં પૂજયામાસુઃ સર્વે સ્વપરસૈનિકાઃ ।।૨૦।।**

અને તે મહાત્મા પ્રદ્યુમ્નનું તે આશ્ચર્યકારક કર્મ જોઈને પોતાના અને શત્રુના બધા સૈનિકોએ તેમની પ્રશંસા કરી. ૨૦.

'અદ્ભુતમ્' એટલે આશ્ચર્યકારક. મંત્રની શક્તિને લીધે અથવા પિતાની શક્તિને લીધે આ (કાર્ય તેમણે કર્યું હશે) એવો મત 'મહાત્મા' શબ્દથી ખોટો હોવાનું કહે છે. તે પોતે જ ઘણા પ્રભાવવાળો હતો. તેથી (આ કર્મ) આશ્ચર્યકારક હતું. પોતાના અને 'પરસ્ય' શત્રુના સૈનિકોએ (પ્રશંસા કરી). ૨૦.

પછી શાલ્વ પોતે યુદ્ધ કરશે એમ કહેવા, સૌભનું સ્વરૂપ કહે છેઃ

**બહુરૂપૈકરૂપં તદ્દૃશ્યતે ન ચ દૃશ્યતે ।।**
**માયામયં મયકૃતં દુર્વિભાવ્યં પરૈરભૂત્ ।।૨૧।।**

મયે બનાવેલું માયામય વિમાન ઘણા રૂપવાળું અને એક રૂપવાળું, કોઈ વાર દેખાતું અને કોઈ વાર ન પણ દેખાતું, બીજાઓથી જાણી ન શકાય તેવું હતું. ૨૧.

કોઈ વાર (તે) 'બહુરૂપં' ઘણાં રૂપવાળું દેખાતું, કોઈ વાર એકરૂપવાળું દેખાતું કોઈ વાર દેખાતું અને કોઈ વાર દેખાતું નહિ, એમ પ્રમાણ અને પ્રમેયનો પણ વિરોધ કહેલો છે. તેમ થવાનું કારણ 'માયામય' એ વિશેષણથી (કહેલું છે).

'ત્યારે દિવ્ય અસ્ત્રોથી (તેનો) નાશ થશે' એમ ધારવામાં આવે, તેથી 'મયે બનાવેલું' એ વિશેષણ કહેલું છે.

'ત્યારે તેવા[1] બીજાઓએ સૂક્ષ્મ દૃષ્ટિથી તેના નાશનો ઉપાય જાણેલો હશે' એવી શંકા થાય, તેથી કહે છે કે 'પરૈઃ' બીજાઓથી 'દુર્વિભાવ્યં' જાણી ન શકાય તેવું તે હતું, એવો અર્થ છે. ૨૧.

તેનું સ્થલ પણ જાણી શકાય તેવું ન હતું, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**ક્વચિદ્ભૂમૌ ક્વચિદ્વ્યોમ્નિ ગિરિમૂર્ધ્નિ જલે ક્વચિત્ ।।**
**અલાતચક્રવદ્ભ્રામ્યત્સૌભં તદ્દુરવસ્થિતમ્ ।।૨૨।।**

કોઈ વાર ભૂમિ પર, કોઈ વાર આકાશમાં, કોઈ વાર પર્વતની ટોચ ઉપર, કોઈ વાર જલમાં એમ અલાતચક્રની પેઠે ભમતું તે સૌભ ઘણું અસ્થિર હતું. ૨૨.

નિશાન જોઈને પછી શસ્ત્રનો પ્રયોગ થાય. (નિશાન) સ્થિર અથવા ફરતું હોય ત્યારે તે થાય; અને ફરતું હોય ત્યારે નિશાનની જગ્યા જાણી શકાય તેવી હોય છે. આના સંબંધમાં તો બધુંએ અશક્ય હતું એમ (જણાવવા માત્ર) એક ક્ષણનો પણ અંતરાય થતાં, (તેનાં) વિરુદ્ધ સ્થલોનું વર્ણન કરે છે. આકાશ અને ભૂમિ વચ્ચે ઘણો અંતરાય છે, એવી રીતે પર્વતની ટોચ અને જલની વચ્ચે (ઘણો અંતરાય છે). વળી તે અલાતચક્ર (ઉંબાડીઆ)ની પેઠે ભમતું હતું. તેથી (તે) ન હોય તેવા સ્થલે પણ જોવામાં આવતું, તેથી તેનો નાશ કરવા શસ્ત્રનો પ્રયોગ કરી શકાતો નહિ. 'કોઈ પણ મંત્ર વિગેરેથી તેવું (થતું) હોય તો તે (મંત્ર વિગેરે)ના વિરોધથી (તેના નાશનો) ઉપાય કરવો,' એવી શંકા 'તે સૌભ સ્વભાવથી જ અસ્થિર હતું' એ શબ્દોથી દૂર કરે છે.૨૨.

એ પ્રમાણે (સૌભનું) માહાત્મ્ય કહીને, તેવાને પણ યાદવો નિષ્ફલ કરે છે, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**યત્ર યત્રોપલક્ષ્યેત સસૌભઃ સહસૈનિકઃ ।।**
**શાલ્વસ્તતસ્તતોઽમુઞ્ચન્ શરાન્ સાત્વતયૂથપાઃ।।૨૩।।**

સૌભ સાથે (અને) સૈનિકો સાથે જ્યાં જ્યાં શાલ્વ જોવામાં આવતો ત્યાં ત્યાં યાદવોના સેનાપતિઓ બાણો ફેંકતા. ૨૩.

ઉપલક્ષણના પ્રકારથી પણ તે શાલ્વ સૌભ સાથે અને સૈનિકો સાથે જ્યાં જોવામાં આવતો ત્યાં યાદવોના સેનાપતિઓ બાણો ફેંકતા. 'તતઃ[1]' 'ત્યાં' એ

---

૧. 'તેવા' એટલે 'પ્રદ્યુમ્ન જેવા' એવો અર્થ હોવાનું જણાય છે.

૧. 'તતઃ'નો અર્થ 'ત્યાંથી' પણ થાય છે. તેથી શાલ્વ 'ત્યાંથી' જતો રહેલ હોવાનું આ શબ્દ સૂચવે છે, એમ કહેલું છે.

શબ્દ શાલ્વને તે સ્થલેથી ગએલ હોવાનું સૂચવે છે. તેમ ન હોત તો 'તત્ર તત્ર' (તે તે સ્થલે) એમ કહેલું હોત. ૨૩.

એવી રીતે સર્વ સ્થલે બાણો ફેંકવામાં આવતાં, જવાનું સૂક્ષ્મ સ્થલ પણ (બાણોથી) ઘેરાઇ ગએલ હોવાથી, સૌભને અને શાલ્વના સૈનિકોને ઇજા થઇ, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**શરૈરગ્ન્યર્કસંસ્પર્શૈરાશીવિષદુરાસદૈઃ ।।**
**પાટ્યમાનપુરાનીકઃ શાલ્વોઽમુહ્યત્પરેરિતૈઃ ।।૨૪।।**

શત્રુઓએ નાખેલાં અગ્નિ અને સૂર્ય જેવા સ્પર્શવાળાં સર્પના જેવાં, ઉપાય થઇ ન શકે તેવાં બાણોથી જેનું વિમાન અને સૈનિકો હણાતાં હતાં, તેવો શાલ્વ મોહ પામ્યો. ૨૪.

(બાણો) સ્પર્શમાં અગ્નિ અને સૂર્યની સમાન હતાં, પરિણામમાં સર્પોની સમાન હતાં. તેથી જ 'દુરાસદૈઃ' ઉપાય થઇ ન શકે તેવાં બાણોથી હણાતાં હતાં વિમાન અને સૈનિકો જેના, એવો શાલ્વ મોહ પામ્યો.

'ત્યારે નાસી જવું જોઇએ, અથવા તે (શત્રુ)ઓની પ્રાર્થના કરવી જોઇએ' એવી શંકા થાય, તેથી 'શત્રુઓએ નાખેલા' એ વિશેષણ યોજેલું છે. આ બાણો શત્રુઓએ નાખેલાં હતાં, તેથી શત્રુઓ ઉપર વિજય અથવા મરણ (તેથી બચવાનો) ઉપાય હતો, બીજો (ઉપાય) ન હતો. તેથી (શાલ્વ) મોહ પામ્યો. ૨૪.

એવી રીતે યાદવોનાં પુરુષાતનનું વર્ણન કરીને, શાલ્વના સૈનિકો તેઓની સમાન હતા એમ જણાવવા નીચેના શ્લોકથી તેઓનું પણ પુરુષાતન કહે છે :

**શાલ્વાનીકપશસ્ત્રૌઘૈર્વૃષ્ણિવીરા ભૃશાર્દિતાઃ ।।**
**ન તત્યજૂ રણં સ્વં સ્વં લોકદ્વયજિગીષવઃ ।।૨૫।।**

શાલ્વના સેનાપતિઓના શસ્ત્રોના સમૂહોથી ઘણા પીડાએલા યાદવવીરો બંને લોકને પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળા હોઇ પોતપોતાનાં યુદ્ધના સ્થાનને તજતા ન હતા. ૨૫.

શાલ્વના પણ 'અનીકપાઃ' સેનાપતિઓ, અને તેઓના શસ્ત્રોના સમૂહો, તેમનાથી સર્વ તરફથી પીડાએલા હોવા છતાં પણ યાદવવીરો પોતપોતાનાં યુદ્ધના સ્થાનને તજતા ન હતા. આથી એમ જણાય છે કે સ્થલની યોજના પ્રમાણે યુદ્ધ થતું. (યુદ્ધનું સ્થાન) ન તજવાનું કારણ 'બંને લોકને પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળા' એ વિશેષણથી કહેલું છે; કારણ કે વિજય થતાં આ લોકમાં કીર્તિ, અથવા મરણ થતાં પરલોકમાં સ્વર્ગ (પ્રાપ્ત થાય). તેથી બંને લોક પ્રાપ્ત કરવા (યુદ્ધનું સ્થાન) તજતા ન હતા. ૨૫.

એવી રીતે સામાન્ય (સૈનિકો)નું યુદ્ધ કહીને, નીચેના શ્લોકથી (આરંભી) મુખ્ય (પુરુષના) યુદ્ધનું વર્ણન કરે છે :

**શાલ્વામાત્યો દ્યુમાન્નામ પ્રદ્યુમ્નં પ્રાક્ પ્રપીડિતઃ ।।**
**આસાદ્ય ગદયા મૌર્વ્યા વ્યાહત્ય વ્યનદદ્બલી ।।૨૬।।**

પહેલાં પીડા પામેલા દ્યુમાન નામના શાલ્વના બલવાન અમાત્યે પ્રદ્યુમ્ન પાસે આવી, (તેમને) લોઢાની ગદાથી પ્રહાર કરી ગર્જના કરી. ૨૬.

'અમાત્યઃ' એટલે મુખ્યમંત્રી શાલ્વની સમાન હતો. (તેનું) નામ દ્યુમાન હતું, અને તે કાંતિવાળો હતો. પહેલાં પ્રદ્યુમ્નની પીડા પામેલો હોઈ, 'આસાદ્ય' (તેમની) પાસે આવી 'મૌર્વ્યા' કાળા લોઢાની બનાવેલી મૂર્વા ઘાસથી બાંધેલી ગદાથી પ્રહાર કરી તેણે 'વ્યનદત્' 'હું જીત્યો, હું જીત્યો' એવી ગર્જના કરી; કારણ કે તે બલવાન હતો. ગદામાં બલ મુખ્ય છે. તે (પ્રહાર)થી (પ્રદ્યુમ્નને) ઘણી પીડા થઈ એમ સૂચવેલું છે. ૨૬.

પછી જે થયું તે નીચેના શ્લોકમાં કહે છે :

**તં દ્યુમદ્ગદયા શીર્ણવક્ષઃસ્થલમરિંદમમ્ ।।**
**અપોવાહ રણાત્સૂતો ધર્મવિદ્દારુકાત્મજઃ ।।૨૭।।**

દ્યુમાનની ગદાથી ચીરાએલ વક્ષસ્થલવાલા, શત્રુને પીટનારા તેને ધર્મ જાણનાર સારથિ દારુકનો પુત્ર યુદ્ધભૂમિમાંથી દૂર લઈ ગયો. ૨૭.

(પ્રદ્યુમ્નના) શરીરને જ ઘણી પીડા થઈ. અહિં જે કાંઈ (પ્રદ્યુમ્નની) હલકાઈ (દર્શાવેલી છે) તે મહાદેવનું સન્માન કરવાના પ્રયોજનથી થએલી. પ્રસિદ્ધ દ્યુમાનની ગદાથી ચીરાએલું હતું વક્ષસ્થલ જેનું (તેવો પ્રદ્યુમ્ન થયો), પરંતુ સ્વભાવથી તે નમાલો ન હતો એમ 'શત્રુને પીડનારા' એ વિશેષણથી કહેલું છે. પછી યુદ્ધભૂમિમાંથી તેમનો સારથિ (તેમને) 'અપોવાહ' દૂર લઈ ગયો. 'તે (સારથિ) પણ શત્રુનો પક્ષપાત કરનારો હશે' એવી શંકા દૂર કરવા 'દારુકનો પુત્ર' એમ કહેલ છે. 'ધર્મ જાણનાર' એ વિશેષણથી (એમ કહેલું છે કે) તે (તેમને) ભયને લીધે લઈ ગયો ન હતો. ૨૭.

પછી શું થયું તે જાણવાની ઈચ્છા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**લબ્ધસંજ્ઞો મુહૂર્તેન કાર્ષ્ણિઃ સારથિમબ્રવીત્ ।।**
**અહો અસાધ્વિદં સૂત યદ્રણાન્મેડપસર્પણમ્ ।।૨૮।।**

એક મુહૂર્ત પછી ભાનમાં આવેલા શ્રીકૃષ્ણપુત્રે સારથિને કહ્યું કે 'અરર, હે સારથિ! આ મારું જે યુદ્ધભૂમિમાંથી દૂર જવું તે નિંદિત છે.' ૨૮.

પ્રદ્યુમ્ન રુક્મિણીનો પુત્ર હોવાથી, અથવા તે (પોતાના) મામા વિગેરેનો

પક્ષપાત કરનાર હોવાથી માત્ર એક મુહૂર્ત મૂર્ચ્છામાં રહ્યો. પછી ભગવાનની કૃપાને લીધે એક મુહૂર્ત પછી ભાનમાં આવ્યો, કારણ કે તે 'કાર્ષ્ણિઃ' શ્રીકૃષ્ણનો પુત્ર હતો. પોતાની આગળ સારથિને જોઈને, યુદ્ધભૂમિમાંથી પલાયન ઈચ્છવા યોગ્ય નથી એવો (તેને) બોધ આપતાં કહે છે. 'અરર!' એ તેનો તિરસ્કાર દર્શાવનારું વચન છે. આ મારું (યુદ્ધભૂમિમાંથી) દૂર જવું ઘણું જ 'અસાધુ' સર્વ સ્થલે નિંદિત છે. 'હે સારથિ!' એવું સંબોધન (તે આ વાત) જાણે તે માટે (કરેલું છે). ૨૮.

'લોકમાં (યુદ્ધભૂમિમાંથી) નાસી જનારાઓ પણ શૂરવીરો (હોવાનું) જોવામાં આવે છે' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**ન યદૂનાં કુલે જાતઃ શ્રૂયતે રણવિચ્યુતઃ ।।**
**વિના માં ક્લીબચિત્તેન સૂતેન પ્રાપ્તકલ્મષાત્ ।।૨૯।।**

ભયભીત ચિત્તવાળા સારથિએ જેને કલંક લગાડેલ છે તેવા મારા વિના, યદુના કુલમાં જન્મેલો (કોઈ) યુદ્ધભૂમિમાંથી નાઠાનું સાંભળવામાં આવેલ નથી. ૨૯.

'યુદ્ધભૂમિમાંથી નાઠાનું' એ શબ્દોથી (એમ કહેલું છે કે) યુદ્ધભૂમિમાંથી (કોઈ) નાઠાનું પહેલાં સાંભળવામાં આવેલ નથી, મરણ અથવા વિજય (થાઓ), એટલે ત્રીજી સ્થિતિ હોતી નથી.

'હમણાં (ત્રીજી સ્થિતિ) થઈ ત્યારે પણ નિયમનો ભંગ થયો' એવી શંકા થાય, તેથી 'ભયભીત ચિત્તવાળા સારથિએ (જેને કલંક લગાડેલ છે તેવા) મારા વિના' એ શબ્દો યોજેલ છે. હું એકલો જ (યુદ્ધમાંથી નાઠેલ) છું, (અને) તે પણ સારથિને લીધે તેવો થયો, (અને) સારથિ પણ તેવો ભયભીત ચિત્તવાળો છે એમ આજે જ જાણવામાં આવ્યો, તેથી મને કલંક લાગ્યું. ૨૯.

'આટલું કહેવાનું શું પ્રયોજન?' એવી શંકા થાય, તેથી કહે છેઃ

**કિં નુ વક્ષ્યેઽભિસંગમ્ય પિતરૌ રામકેશવૌ ।।**
**યુદ્ધાદ્ધર્મ્યાદપક્રાન્તઃ પૃષ્ટસ્તત્રાત્મનઃ ક્ષમમ્ ।।૩૦।।**

ધર્મયુદ્ધમાંથી નાઠેલો હું પિતા બલભદ્ર અને કેશવ પાસે જઈને, (તેમણે) પૂછેલો ત્યાં મારું શું સામર્થ્ય કહીશ? ૩૦.

પિતા બલભદ્ર અને કેશવ પાસે જઈને (શું કહીશ)? 'નુ' શબ્દ અનુમાન (કરવા)ના અર્થમાં યોજેલ છે. 'શું કહીશ?' એ શબ્દથી (એમ જણાવેલું છે કે) કહેવાનો કોઈ પણ પ્રકાર નથી.

'પ્રહાર જ (વક્ષસ્થલ ઉપર) છે' એવી શંકા થાય, તેથી 'ધર્મયુદ્ધમાંથી નાઠેલો' એ શબ્દ યોજેલ છે. ધર્મના ઉલ્લંઘન વિનાનું યુદ્ધ હતું, તેથી તેમાંથી

નાસવું એ અધર્મ છે.

'ત્યારે શાંત રહેવું (કાંઈ ન કહેવું)' એવી શંકા થાય, તેથી '(તેમણે) પૂછેલો' એ વિશેષણ યોજેલું છે. 'ત્યારે (પોતાની) અશક્તિ જણાવવી' એમ કહેવામાં આવે તેથી 'મારું (પોતાનું) સામર્થ્ય (શું કહીશ)?' એ શબ્દો યોજેલ છે, કારણ કે મારાથી (મારી) અશક્તિ (હોવાનું) કહી શકાય તેમ નથી. ૩૦.

વળી, સારથિનો દોષ કહેવામાં આવે, ત્યારે કદાચ પિતા (તે) સ્વીકારે, પરંતુ મશ્કરી (કરવા)ના સ્વભાવવાળી ભોજાઈઓ (તે સ્વીકારે) નહિ, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**વ્યક્તં મે કથયિષ્યન્તિ હસન્ત્યો ભ્રાતૃજામયઃ ।।**
**ક્લૈબ્યં કથં કથં વીર તવાન્યૈઃ કથ્યતાં મૃધે ।।૩૧।।**

મારી ભોજાઈઓ મશ્કરી કરતાં મને જરુર કહેશે કે 'હે વીર! કહો કે બીજાઓની સાથે સંગ્રામમાં તમારા બલની હાનિ કેમ કેવા પ્રકારે થઈ?' ૩૧.

ઉપાય કહેવામાં આવશે ત્યારે પણ ઉલટું જાણીને તેઓ મશ્કરી કરશે, કારણ કે (તે) ભોજાઈઓ કુલવંતી સ્ત્રીઓ છે, અને આમ કહેશે, એમ કહે છે, કે ''હે વીર! (તમારા) બલની હાનિ 'કેમ કેવા પ્રકારે' થઈ?''. 'હે વીર!' એ સંબોધન ઉલટો અર્થ જણાવનારું છે. 'બીજાઓની સાથે (સંગ્રામમાં) તમારા બલની હાનિ 'કથં કથં' કેમ કેવા પ્રકારે થઈ?' એમ સાંભળવામાં પ્રેમ દર્શાવવા બે વાર કહેલ છે. અથવા (મારા) બલની હાનિ કહેશે. હાનિ કહેવામાં પણ 'બીજાઓની સાથે (સંગ્રામમાં) કેમ કેવા પ્રકારે થઈ?' એમ મશ્કરી કરશે. ૩૧.

એ પ્રમાણે ઠપકો આપેલા સારથિનું વચન કહે છે :

।। સારથિ ઉવાચ ।।

**ધર્મં વિજાનતાયુષ્મન્કૃતમેતન્મયા વિભો ।।**
**સૂતઃ કૃચ્છ્રગતં રક્ષેદ્રથિનં સારથિં રથી ।।૩૨।।**

હે આયુષ્મન્! હે સમર્થ! સારથિએ સંકટમાં આવેલા રથીનું રક્ષણ કરવું અને રથીએ સારથિનું રક્ષણ કરવું, એ ધર્મને જાણનાર મેં આ કાર્ય કરેલું છે. ૩૨.

ધર્મનું સ્વરૂપ આગળ (આ શ્લોકના ઉત્તરાર્ધમાં) કહેવાનું છે.

'ત્યારે મરણ ભલે થાય. એવી રીતે (યુદ્ધભૂમિમાંથી) દૂર કેમ લઈ ગયો?' એમ કહેવામાં આવે, તેથી 'હે આયુષ્મન્!' એવું સંબોધન કરેલ છે. આયુષ્ય હતું. એમ હોવાથી (આયુષ્યની) દરકાર ન રાખવાથી મોટો દોષ લાગે, તેથી આયુષ્ય અને ધર્મ જાણનાર મેં આ (કાર્ય) કરેલું.

ઉત્તરાર્ધથી ધર્મ કહે છે. મારી પણ એવી સ્થિતિ થાય ત્યારે તારે (મારું)

રક્ષણ કરવું જોઈએ, એવો ઉપદેશ આપવા (આ ધર્મનું) વચન કહેલું છે. ૩૨.

'આ[1] તેં ક્યાંથી જાણ્યું?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**એતદ્વિદિત્વા તુ ભવાન્મયાપોવાહિતો રણાત્ ।।**
**ઉપસ્પૃષ્ટઃ પરેણેતિ મૂર્ચ્છિતો ગદયા હતઃ ।।૩૩।।**

આ જાણીને તો હું તમને યુદ્ધમાંથી દૂર લઈ આવેલ છું. એ પ્રમાણે (તમને) શત્રુએ પ્રહાર કરેલો, અને ગદાનો પ્રહાર કરેલો, અને ગદાનો પ્રહાર થવાથી (તમે) મૂર્ચ્છા પામેલા હતા. ૩૩.

'તુ' 'તો' શબ્દથી (એમ કહેલું છે કે) અજ્ઞાનને લીધે (યુદ્ધભૂમિમાંથી અહિં) આવેલ નથી. આ ધર્મ જાણીને જ (હું) તમને યુદ્ધમાંથી દૂર લઈ આવેલ છું.

'મને શું થયું હતું?' એ જાણવાની ઈચ્છા થાય, તેથી 'એ પ્રમાણે (તમને) શત્રુએ પ્રહાર કરેલો' એમ કહેલું છે. 'ઈતિ' આ હૃદયના ચીરવારૂપ પ્રકારથી 'પરેણોપસ્પૃષ્ટઃ' શત્રુએ (તમને) પ્રહાર કરેલો. 'ગદાનો પ્રહાર થવાથી' એ શબ્દોથી પ્રહાર કહેલો છે. તેથી '(તમે) મૂર્ચ્છા પામેલ હતા' એવું આ સંકટ આવેલ. તેથી ધર્મ અને કીર્તિનો વિરોધ હોય ત્યારે ધર્મનું રક્ષણ કરવું જોઈએ, એવો સિદ્ધાંત છે. ૩૩.

**ઈતિ શ્રીલક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીમદ્વલ્લભદીક્ષિતે રચેલી**
**શ્રીમદ્ભાગવતની સુબોધિનીમાં દશમા સ્કંધના ઉત્તરાર્ધના વિવરણમાં**
**સત્યાવીસમો અને સળંગ તોત્તેરમો અધ્યાય સંપૂર્ણ.**

---

૧. 'આ' એટલે 'હું સંકટમાં આવેલો તે' એવો અર્થ છે. (લે) 'આ' એટલે શ્લોક ૩૨ના ઉત્તરાર્ધમાં કહેલું ધર્મનું સ્વરૂપ. આ શ્લોકમાંના 'એતદ્' 'આ'નો અર્થ શ્રીસુબોધિનીમાં 'ધર્મ' એટલે ધર્મનું સ્વરૂપ કરેલો છે, તેથી આભાસમાંના આ 'આ' શબ્દનો પણ તે જ અર્થ લેવો વધારે યોગ્ય જણાય છે.

# અધ્યાય ચુંમોતેરમો.

## શ્રીકૃષ્ણે કરેલો શાલ્વનો વધ

**અષ્ટાવિંશેતિપીડાયાં ભગવત્સ્મરણે કૃતે ।।**
**તદ્દુઃખવારણં કૃષ્ણશ્ચકારેતિ નિરૂપ્યતે ।।૧।।**

અઠાવીસમા અધ્યાયમાં એમ કહેવામાં આવે છે કે (યાદવોને) ઘણી પીડા થતાં (તેઓએ) ભગવાનનું સ્મરણ કર્યું ત્યારે શ્રીકૃષ્ણે તે દુઃખ દૂર કર્યું. કા.૧.

**દ્યુમતોપિ વધં કૃષ્ણશ્ચેત્કુર્યાત્સ્વયમાગતઃ ।।**
**તદા પ્રદ્યુમ્નદુઃખસ્ય ન નિવૃત્તિર્ભવેત્ક્વચિત્ ।।૨।।**

જો શ્રીકૃષ્ણ પધારીને પોતે દ્યુમાનનો પણ વધ કરે તો કોઈ સમયે પ્રદ્યુમ્નનું દુઃખ મટે નહિ. કા.૨.

**અતઃ પ્રદ્યુમ્નહસ્તેન મારણં તસ્ય રૂપ્યતે ।।૨।।.।।**

તેથી પ્રદ્યુમ્નના હાથે તે હણાયાનું કહેવામાં આવે છે. કા.૨॥.

**ભક્તાનાં દુઃખદાનં તુ ન યુક્તમિતિ વૈ હરિઃ ।।૩।।**
**મતાન્તરેણાશક્યત્વં બોધયામાસ વાક્યતઃ ।।**

ભક્તોને દુઃખ આપવું તો યોગ્ય નથી એવા વિચારથી જ હરિએ બીજાના મત પ્રમાણે શાલ્વને જીતવાનું બલભદ્રનું અશક્યપણું પોતાના વાક્યથી જણાવેલું છે[1]. કા.૩॥.

**અન્યથા શ્રીશુકો લીલાં તાદશીં નૈવ વર્ણયેત્ ।।૪।।**
**તાદૃગ્લીલાન્તરમિવ વર્ણિતાં વા ન દૂષયેત્ ।।**

તેમ ન હોત તો[2] શ્રીશુક તેવી લીલાનું વર્ણન ન જ કરત, અને તેના જેવી

---

૧. ઘણા ભયને લીધે નિરોધ સિદ્ધ થાય એમ કહેલું હોવાથી, નિરોધ થાય તે માટે (શાલ્વને જીતવાનું બલભદ્ર માટે) અશક્ય હોવાનું કહેલું છે. તેમ (શાલ્વને જીતવાનું) અશક્ય હોય તો ભગવાનના માહાત્મ્યના જ્ઞાન સાથે સ્નેહવાળા ભક્તોને તેથી માહાત્મ્યનો વિરોધ થવાથી દુઃખ થાય, તે યોગ્ય નહિ હોવાથી હરિએ બીજાના મતથી એટલે શુકથી બીજાના મત પ્રમાણે અંશાવતાર (બલભદ્ર)થી શાલ્વને જીતવાનું અશક્ય હોવાનું આ અધ્યાયના ચોવીસમા શ્લોકમાં કહેલું છે. આવી લીલા થઈ હોય તો પણ અંશાવતારથી આ કાર્ય થઈ શકે તેવું ન હતું એમ જણાવવા થએલી, પરંતુ વાસ્તવિક રીતે પૂર્ણ ભગવાનમાં આવી સ્થિતિ નથી. તેમ હોત તો શુક પોતાના મત પ્રમાણે તેમ કહેત એવા જ્ઞાનથી ભક્તોને દુઃખ ન થાય. પૂર્ણ ભગવાનમાં એવી (કોઈને જીતવાની) અશક્તિ નહિ હોવાથી અંશાવતારની આવી લીલા નિરોધ થાય તે માટે કહેલી છે. જ્યારે ભગવાનના પણ કોઈ અવતારમાં આવી સ્થિતિ થાય છે ત્યારે બીજાનું તો કહેવું જ શું ? એમ આ કાર્ય સર્વથી અશક્ય હોવાનું જાણવામાં આવે ત્યારે જ સર્વ પ્રકારે ભગવાનને શરણ જવાનું થાય અને તેથી નિરોધ થાય. (લે)

૨. 'તેમ ન હોત તો' એટલે 'ભક્તોને દુઃખ આપવું (થવા દેવું) નહિ એવું પ્રયોજન ન હોત તો'

વર્ણવેલી બીજી લીલાનું ખંડન ન કરત. કા.૪॥.

**એવં સિદ્ધાન્તમજ્ઞાત્વા લોકો ભ્રામ્યતિ સર્વથા ।।૫।।**

એવી રીતે (એવો) સિદ્ધાંત ન જાણવાથી લોક સંપૂર્ણ પ્રકારે ભ્રમણ કર્યા જ કરે છે. કા.૫.

**કલ્પાન્તરે તથા ચક્રે સૂક્ષ્માંશસ્યાવતારતઃ ।।**
**નિરોધે યદિ નો બ્રૂયાત્ સિદ્ધાન્તો હિ વિરુધ્યતે ।।૬।।**

બીજા કલ્પમાં સૂક્ષ્મ અંશથી અવતાર થએલ હોવાથી (હરિએ) તેમ કરેલું. જો નિરોધમાં (તે) ન કહે તો સિદ્ધાંતમાં વિરોધ થાય[3]. કા.૬.

**શાસ્ત્રાર્થે દોષનાશાય નિરાકરણમુચ્યતે ।।**
**અતઃ સ્કન્ધાર્થશાસ્ત્રાર્થો પક્ષાભ્યામિહ રૂપિતૌ ।।૭।।**

દોષ દૂર કરવા શાસ્ત્રાર્થમાં (તેનું) ખંડન કહેલું છે. તેથી અહિં બે પક્ષોથી[4] સ્કંધનો અર્થ[5] અને શાસ્ત્રનો અર્થ કહેલા છે. કા.૭.

ગયા અધ્યાયના અંતે દ્યુમાનથી (પ્રદ્યુમ્નને) કલંક લાગતાં, (તેણે કરેલ) પશ્ચાત્તાપ કહ્યો. તે સમયે પ્રદ્યુમ્ને દ્યુમાનનો વધ કરવા કરેલી પ્રવૃત્તિ કહે છેઃ

।। શ્રીશુક ઉવાચ ।।

**સ તૂપસ્પૃશ્ય સલિલં દંશિતો ધૃતકાર્મુકઃ ।।**
**નય માં દ્યુમતઃ પાર્શ્વં વીરસ્યેત્યાહ સારથિમ્ ।।૧।।**

તેણે તો જલનું આચમન કરી, કવચ પહેરી, ધનુષ્ય ધારણ કરી સારથિને કહ્યું કે મને શૂરવીર દ્યુમાનની પાસે લઈ જા. ૧.

---

એવો અર્થ જણાય છે.

૩. સ્કંધમાં નિરોધ કરવાનો છે. તે માટે ભક્તિથી વિરુદ્ધ કામ વિગેરે પદાર્થોનું પણ નિરૂપણ કરવાનું છે એવો સિદ્ધાંત છે. (લે) સર્વથી, અંશાવતાર બલભદ્રથી પણ, અશક્ય કાર્ય હતું, તેવું કાર્ય ભગવાને કરી ભક્તોનું રક્ષણ કર્યું એમ જાણવામાં આવે ત્યારે નિરોધ થાય. તેથી મતાંતરથી અશક્યપણાની કથા શુકે કહી, અને શાલ્વે વસુદેવ જેવા પુરુષનું માથું ખડ્ગથી કાપ્યું ત્યારે ભગવાન્ પ્રકૃતિમાં લીન થયા એવી બીજી આના જેવી કથા કહી, અને આ અધ્યાયના ૩૦ થી ૩૨ સુધીના શ્લોકોથી સિદ્ધાંત કહી તેનું ખંડન કર્યું. એવો સિદ્ધાંત ન જાણવાથી લોક ભ્રમણ કરે છે, એવો અર્થ જણાય છે.

૪.શ્લોક ૨૮માં જણાવેલ ભગવાનનો પ્રકૃતિમાં લય થવારૂપ પૂર્વપક્ષ, અને ૩૦-૩૨ સુધીના શ્લોકમાં કહેલ સિદ્ધાંતરૂપ તેનાં ખંડનનો પક્ષ-એ બે પક્ષોથી, એવો અર્થ જણાય છે.

૫. ભગવાનની લીલા અને ભગવાન્ પોતે પણ આનંદરૂપ અને દુઃખ હરનાર છે. આ લીલા તો ભક્તોને દુઃખ ઉત્પન્ન કરનારી છે. (લે) તેથી એ દોષ દૂર કરવા ૩૦ થી ૩૨ સુધીના શ્લોકથી તેનું ખંડન કરેલું છે.

મૂર્છા પછી આચમન કરવું જોઈએ, તેથી જલનું 'ઉપસ્પર્શન' આચમન કર્યું. કેટલાક કહે છે કે સ્નાન કર્યું. પછી વળી 'દંશિતઃ' નારાયણકવચ વિગેરેથી અને લૌકિક પ્રકારથી કવચ પહેર્યું. પછી ધનુષ્ય ધારણ કર્યું. આથી એમ જણાય છે કે પહેલાં પોતાના પુરુષાતનના અભિમાનને લીધે કવચ વિનાજ યુદ્ધ કરવા ગએલ. તેથી જ તેના અહંકારનો નાશ થાય તે માટે પરાજય પણ થએલો. પછી 'મને દ્યુમાનની પાસે લઈ જા' એમ સારથિને કહ્યું. 'શૂરવીર' એ શબ્દથી શત્રુની પ્રશંસા (કરેલી છે). ૧.

તે (દ્યુમાન)ને તો ઠગીને શરમને લીધે અથવા કોલાહલથી માર્યો તેવા કારણથી દોષ લાગે તે માટે નીચેનો શ્લોક કહે છે :

**વિધમન્તં સ્વસૈન્યાનિ દ્યુમન્તં રુક્મિણીસુતઃ ।।**
**પ્રતિહત્ય પ્રત્યવિધ્યન્નારાચૈરષ્ટભિઃ સ્મયન્ ।।૨।।**

પોતાની સેનાને હણતા દ્યુમાનને શોધીને રુક્મિણીના પુત્રે હસતાં (હસતાં તેને) આઠ બાણોથી વીંધ્યો. ૨.

પોતાની સેનાને હણતો હોવાથી (તે) હણવા યોગ્ય જ હતો, એવો અર્થ છે. છતાં પણ કોલાહલ કરીને તેને માર્યો, તેથી 'રુક્મિણીના પુત્રે' એ શબ્દ યોજેલ છે. 'પ્રતિહત્ય' એટલે શોધીને અથવા ધમકાવીને, આઠ બાણોથી તેને વીંધ્યો; સામગ્રી સાથે[1] તેનો નાશ કર્યો, એવો અર્થ છે. 'હસતાં હસતાં' એ શબ્દનો એવો અર્થ છે કે હવે આ (દ્યુમાન)નું બલ જોવું. ૨.

નીચેના શ્લોકમાં આઠ બાણોની યોજના કહે છે :

**ચતુર્ભિશ્ચતુરો વાહાન્સૂતમેકેન ચાહનત્ ।।**
**દ્વાભ્યાં ધનુશ્ચ કેતું ચ શરેણાન્યેન વૈ શિરઃ ।।૩।।**

ચારથી ચાર ઘોડાઓને અને એકથી સારથિને હણ્યો. બેથી ધનુષ્ય અને ધજા, અને બીજા બાણથી (તેના) માથાને જ (કાપી નાખ્યું). ૩.

'બીજા' એટલે આઠમા બાણથી દ્યુમાનના માથાને કાપી નાખ્યું. જેઓ ના ઉપર ચડીને ઘોડાઓને, જેનાથી પ્રેરાએલો સારથિ, જે સાધનથી યુદ્ધ કરતો (ધનુષ્ય), જેનાથી પ્રતિષ્ઠા પામેલો(ધજા), તે સર્વને પ્રદ્યુમ્ને કાપી નાખ્યા. ૩

પછી પ્રધાન હણાતાં બીજાઓએ પણ તેના સૈન્યને હણ્યું, એમ કહે છે :

**ગદસાત્યકિસામ્બાદ્યા જઘ્નુઃ સૌભપતેર્બલમ્ ।।**
**પેતુઃ સમુદ્રે સૌભેયાઃ સર્વે સંછિન્નકન્ધરાઃ ।।૪।।**

ગદ, સાત્યકિ, સાંબ વિગેરે સૌભપતિના સૈન્યને હણવા લાગ્યા.

---

૧. આ ત્રીજા શ્લોકમાં કહેલ છે.

સૌભમાંના સર્વ (સૈનિકો) ગરદન કપાએલા, સમુદ્રમાં પડ્યા. ૪.

ગદાથી પ્રદ્યુમ્ન ઉપર પ્રહાર કરેલો, તેથી પોતાના બલથી તે (શાલ્વ)ના સૈન્યને હણવા લાગ્યા. શૌર્ય અને બલ ગદામાં જ રહેલાં છે. પછી યુદ્ધ માટે અંતરિક્ષમાં આવેલા અથવા નાસતા બધા સૌભમાંના સૈનિકો ગરદન કપાએલા થઈ સમુદ્રમાં પડ્યા. ૪.

ભગવાનની રાહ જોવાય તે માટે, જય અથવા પરાજય વિનાના યાદવો અને શાલ્વોનું યુદ્ધ એવી રીતે ચાલું રહ્યું, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**એવં યદૂનાં શાલ્વાનાં નિઘ્નતામિતરેતરમ્ ।।**
**યુદ્ધં ત્રિણવરાત્રં તદભૂત્તુમુલમુલ્બણમ્ ।।૫।।**

એવી રીતે એકબીજાને હણતા યાદવો અને શાલ્વોનું તે કોલાહલવાળું ક્રૂર યુદ્ધ સત્તાવીસ રાત ચાલ્યું. ૫.

'એકબીજાને હણતા' એ વિશેષણથી સમાનપણું કહેલું છે. 'ત્રિણવ-રાત્રમ્' એટલે સત્તાવીસ દિવસ અને રાત, 'તુમુલમ્' ઘણા કોલાહલવાળું, અને 'ઉલ્બણમ્' ક્રૂર યુદ્ધ ચાલ્યું. ૫.

એવી રીતે દૂર થઈ ન શકે તેવું કષ્ટ પામેલા યાદવોના ઘણા દુઃખનું નિરૂપણ કરીને, એવી રીતે ભગવાનનું વિસ્મરણ અયોગ્ય હોવાથી (તે) દોષ દૂર કરવા માટે નીચેના શ્લોકથી બીજાના મતનો આરંભ કરે છે :

।। શ્રીશુક ઉવાચ ।।

**ઈન્દ્રપ્રસ્થં ગતઃ કૃષ્ણ આહૂતો ધર્મસૂનુના ।।**
**રાજસૂયેऽથ નિર્વૃત્તે શિશુપાલે ચ સંસ્થિતે ।।૬।।**
**કુરુવૃદ્ધાનનુજ્ઞાપ્ય મુનીંશ્ચ સસુતાં પૃથામ્ ।।**
**નિમિત્તાન્યતિઘોરાણિ પશ્યન્દ્વારવતીં યયૌ ।।૭।।**

ધર્મપુત્રે બોલાવેલા શ્રીકૃષ્ણ ઈન્દ્રપ્રસ્થ પધારેલા. પછી રાજસૂય પૂરો થતાં અને શિશુપાલ મરણ પામતાં, વૃદ્ધ કુરુઓની, મુનિઓની, અને પુત્રો સાથે કુંતીની રજા લઈ, (શ્રીકૃષ્ણ) ઘણાં ઘોર શુકનો જોતાં દ્વારકા પધાર્યા. ૬-૭.

(આ) બીજાના મતામાં પહેલાં (શ્રીશુકના મતમાં) કહેલા નિયમ પ્રમાણે ઈન્દ્રપ્રસ્થ જવામાં અને ત્યાંથી આવવામાં પણ તેવો આડંબર નથી. તે માટે ત્યાંની ઈન્દ્રપ્રસ્થની કથા જ કહે છે. ધર્મપુત્રે બોલાવેલ શ્રીકૃષ્ણ પોતે એકલા ઈન્દ્રપ્રસ્થ પધાર્યા. પછી બલભદ્રને પણ બોલાવેલા. દુર્યોધનના અભિમાનનો નાશ તો તે સમયે થયો ન હતો. થવાનો હોય તો પણ જૂદા પ્રકારે થવાનો. તેથી બલભદ્રની હાજરીથી પણ દોષ થતો નથી[૧(ફુટનોટ આગળના પાને છે)]. પછી રાજસૂય 'નિવૃત્તે' જૂદા પ્રકારથી પૂરો

થયો, અને શિશુપાલ મરણ પામ્યો, ત્યાર પછી જ વૃદ્ધ કુરુઓની રજા લઈને, અને પુત્ર સાથે ફોઈને કહીને દ્વારકામાં આપત્તિ હોવાનું સૂચવનારાં અપશુકનો થતાં હતાં ત્યારે, જાણે કે ભય પામેલા હોય તેવા (શ્રીકૃષ્ણ) ઘોર શુકનો જોતાં દ્વારકા પધાર્યા. ૬-૭.

નીચેના શ્લોકમાં માર્ગમાં જતાં તે ચિંતા કરતા હતા તે કહે છે :

**આહ ચાહમિહાયાત આર્યમિશ્રાભિસંગતઃ ।।**
**રાજન્યાશ્ચૈદ્યપક્ષીયા નૂનં હન્યુઃ પુરીં મમ ।।૮।।**

અને કહેતા હતા કે હું બલભદ્ર સાથે અહિં આવેલ છું. શિશુપાલના પક્ષના રાજાઓ મારી નગરી ઉપર પ્રહાર કરતા હશે. ૮.

પહેલાં હું અહિં ઈન્દ્રપ્રસ્થ આવ્યો, પછી 'આર્યમિત્રેણ' બલભદ્ર 'અભિસંગતઃ' મને મળ્યા અથવા બંને સાથે જ (ઈન્દ્રપ્રસ્થ) આવ્યા. તેથી રક્ષણ માટે અવતાર ધારણ કરેલા બંને અંશો દ્વારકામાં નહિ હોવાથી શિશુપાલના પક્ષના દૈત્ય રાજાઓ જરુર મારી નગરી ઉપર પ્રહાર કરતા હશે.

**નિમિત્તદર્શનં ચિન્તાભઙ્ગશ્ચેતિ નિરૂપ્યતે ।।**
**મતાન્તરે દોષભાવં મોહકા વર્ણયન્તિ હિ ।।૮।।**

અપશુકનનાં દર્શન, ચિંતા અને નગરી ઉપર પ્રહાર એમ કહેલું છે, કારણ કે બીજાના મતમાં મોહ ઉત્પન્ન કરનારાઓ ભગવાનમાં દોષ હોવાનું વર્ણન કરે છે. કા.૮. ૮.

પછી જે થયું તે નીચેના શ્લોકમાં કહે છે :

**વીક્ષ્ય તત્કદનં સ્વાનાં નિરૂપ્ય પુરરક્ષણમ્ ।।**
**સૌભં ચ શાલ્વરાજં ચ દારુકં પ્રાહ કેશવઃ ।।૯।।**

પોતાના (સૈનિકો)નો તે વિનાશ જોઈને, અને સૌભને અને શાલ્વરાજાને જોઈને, નગરનું રક્ષણ (કરવાનું) કહીને કેશવે દારુકને (નીચે પ્રમાણે) કહ્યું. ૯.

રાત અને દિવસ પોતાના સૈનિકોને થતું યુદ્ધનું દુઃખ જોઈને, નગરનું રક્ષણ કરવાનું સ્થિતિ પ્રમાણે બલભદ્રને કહીને દારુકને કહ્યું. હરકોઈ પ્રકારે (બીજાના મત પ્રમાણેની) કથાનો અનુવાદ કરેલો હોવાથી આમાં રક્ષણ કરવાનું ન સોંપ્યાનું હોવાનો દોષ નથી[૧], તેમ જ કરે છે તે ક્રિયામાં બીજી ક્રિયાનું ઉલ્લંઘન કર્યાનો દોષ[૧] નથી.

---

૧. બલભદ્ર દુર્યોધનના માનની તેવી હાનિ સહન કરી શકે નહિ, તેથી આમ કહેલ છે.

૧-૧. નગરનું રક્ષણ કરવાનું બલભદ્રને સોંપેલ હોવાનું કહેલું નથી એ દોષ, અને સારથિને રથ લઈ જવા કહ્યું એ ક્રિયા કરી, તેમાં શહેરનું રક્ષણ કરવાની ક્રિયા (કાર્ય)નું ઉલ્લંઘન કર્યું (પડતું

વળી સૌભને જોઈને અને શાલ્વ રાજાને જોઈને શ્રીકૃષ્ણે પોતાના સારથિ દારુકને કહ્યું. 'પોતે જ શક્તિમાન હોય તે સારથિને પ્રેરણા કરે તે યોગ્ય નથી' એવી શંકા થાય, તેથી 'કેશવે' શબ્દ યોજેલ છે. જેમ (ભગવાન્) બ્રહ્મા('ક') અને શિવને ('ઈશ') પ્રેરણા કરે છે, તેમ આ (સારથિ)ને પણ (કરી) એવો અર્થ છે. ૯.

તે કલ્પમાં સારથિ પ્રાકૃત (લૌકિક) હતો, તેથી તેને સૂચના આપે છે :

**રથં પ્રાપય મે સૂત શાલ્વસ્યાન્તિકમાશુ વૈ ।।**
**સંભ્રમસ્તે ન કર્તવ્યો માયાવી સૌભરાડયમ્ ।।૧૦।।**

હે સારથિ! મારા રથને ઝડપથી શાલ્વ પાસે લઈ જા, તારે ભય ન રાખવો. આ સૌભરાટ્ માયાવી છે. ૧૦.

'સંભ્રમઃ' એટલે ભય, તે તારે (ન કરવો), કારણ કે સૌભરાટ્ (સૌભમાં પ્રકાશતો શાલ્વ) માયાવી છે, એવી તેની પ્રશંસા (કરેલી છે), કારણ કે પ્રેરણા કરી તે પહેલાં દારુક મૂઢ રહેલો હતો. ૧૦.

**ઈત્યુક્તશ્ચોદયામાસ રથમાસ્થાય દારુકઃ ।।**
**વિશન્તં દદૃશુઃ સર્વે સ્વે પરે ચારુણાનુજમ્ ।।૧૧।।**

એમ કહેલા દારુકે રથ ઉપર બેસી (તેને) હાંક્યો અને પોતાના અને શત્રુના સર્વ (સૈનિકોએ) ગરુડને (યુદ્ધભૂમિમાં) પ્રવેશ કરતો જોયો. ૧૧.

એમ ભગવાને કહેલા (દારુકે) ભગવાનનું માન્યું, 'હું તેમ જ કરીશ' એમ કહીને ભય તજી પ્રવૃત્તિ કરી, એવો અર્થ છે. તે રથમાં સારી રીતે બેઠો, કારણ કે તે ('દારુ')લાકડાંના ('ક')શિરરૂપ અથવા સુખરૂપ હતો. તેથી લાકડાં(રથ) તેની ઈચ્છા પ્રમાણે ફરતાં, એમ કહેલું છે. તેથી રથની ઝડપવાળી ગતિને લીધે ધૂળથી ઢંકાઈ જતાં, રથને જોયા વિના જ બધાએ પોતાના અને શત્રુના (સૈનિકો)એ 'અરુણાનુજમ્' ગરુડને જ પ્રવેશ કરતો જોયો. ૧૧.

પછી શાલ્વે જ શ્રીકૃષ્ણને જોયા, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**શાલ્વશ્ચ કૃષ્ણમાલોક્ય હતપ્રાયબલેશ્વરઃ ।।**
**પ્રાહરત્કૃષ્ણસૂતાય શક્તિં ભીમરવાં મૃધે ।।૧૨।।**

અને લગભગ હણાઈ ગએલા સૈન્યના માલિક શાલ્વે શ્રીકૃષ્ણને જોઈને યુદ્ધમાં શ્રીકૃષ્ણના સારથિ ઉપર ભયંકર અવાજવાળી શક્તિ ફેંકી. ૧૨.

શાલ્વ લગભગ હણાઈ ગએલા સૈન્યનો માલિક હતો. તે પણ ચાલુ યુદ્ધથી દુઃખ પામ્યો હતો. પછી, સારથિ રથને ઝડપથી લઈ આવ્યો તેથી ક્રોધને લીધે શ્રીકૃષ્ણના સારથિ ઉપર ભયંકર અવાજવાળી શક્તિ ફેંકી. 'મૃધે' યુદ્ધમાં (તે)

---

મૂક્યું) એ દોષ નથી, એમ કહેલ જણાય છે.

સાવધાન સ્થિતિમાં હતો ત્યારે (ફેંકી). ૧૨.

પછી નીચેના શ્લોકમાં (શ્રીકૃષ્ણે) તેને નિષ્ફલ કર્યાનું કહે છે :

**તામાપતન્તીં નભસિ મહોલ્કામિવ રંહસા ।।**
**ભાસયન્તીં દિશઃ શૌરિઃ સાયકૈઃ શતધાચ્છિનત્ ।।૧૩।।**

મોટા ઉંબાડીયાની પેઠે આકાશમાં ઝડપથી આવતી (અને) દિશાઓનો પ્રકાશ કરતી તે (શક્તિ)ના શૌરિએ બાણોથી સેંકડો કટકા કર્યા. ૧૩.

(શક્તિ) જોતાં જ ભય ઉત્પન્ન કરે તેવી હતી એમ જણાવવા 'મોટા ઉંબાડીઆની પેઠે' એમ કહેલું છે. 'ઝડપથી આવતી' એ વિશેષણથી એમ કહેલું છે કે (તેને નિષ્ફલ કરવાનો) બીજો ઉપાય ન હતો. 'દિશાઓનો પ્રકાશ કરતી' એ વિશેષણથી તે અવશ્ય ફલ પ્રાપ્ત કરે (મરણ ઉપજાવે) તેવી હોવાનું જણાવવા તેનું માહાત્મ્ય કહેલું છે. પછી ભગવાને ઘણાએ બાણોથી તેના સેંકડો કટકા કર્યા. ૧૩.

પછી ભગવાને શક્તિથી પ્રહાર કરનાર પર પણ પ્રહાર કર્યો, એમ કહે છે :

**તં ચ ષોડશભિર્વિદ્ધ્વા બાણૈઃ સૌભં ચ ખે ભ્રમત્ ।।**
**અવિધ્યચ્છરસંદોહૈઃ ખં સૂર્ય ઈવ રશ્મિભિઃ ।।૧૪।।**

અને તેને આકાશમાં ભમતા સૌભને સોળ બાણોથી વીંધીને જેમ સૂર્ય આકાશને કિરણોથી વીંધે તેમ બાણોના સમૂહોથી સૌભને વીંધ્યું. ૧૪.

આઠ અંગોમાં બબે (બાણો)થી એમ સોળ બાણોથી (શાલ્વને) વીંધ્યો, અને આકાશમાં ભમતા જ, પરંતુ સ્થિર રહેલ નહિ તેવા સૌભને સોળ (બાણો)થી વીંધ્યું. આરંભમાં તે (શાલ્વ)ને વીંધીને, (પછી સૌભનું) રક્ષણ થતું નહિ હોવાથી તેને વીંધ્યું. તેના ઉપર તો ઉપર અને નીચે ઘણાએ બાણોના સમૂહો હતા. 'જેમ સૂર્ય આકાશને (કિરણોથી વીંધે)' એવું વીંધાવા માટે દૃષ્ટાંત કહેલું છે. આથી એમ કહેલું છે કે જેમ આકાશને પીડા થતી નથી, તેમ સૌભને પણ પીડા થઈ ન હતી. આ મહાદેવની પ્રશંસા છે. ૧૪.

પછી સૌભના ઉપર હુમલો થયો ત્યારે મહાદેવ ઉપરની ભક્તિને લીધે શાલ્વે પણ હુમલો કર્યો એમ નીચેના શ્લોકમાં કહે છે :

**શાલ્વઃ શૌરેસ્તુ દોઃ સવ્યં સશાર્ઙ્ગં શાર્ઙ્ગધન્વનઃ ।।**
**બિભેદ ન્યપતદ્ધસ્તાચ્છાર્ઙ્ગમાસીત્તદદ્‌ભુતમ્ ।।૧૫।।**

શાલ્વે તો શાંર્ગધનુષ્યવાળા શૌરિના શાંર્ગ સહિત ડાબા હાથને વીંધ્યો. હાથમાંથી શાંર્ગ પડી ગયું. તે અદ્‌ભુત થયું. ૧૫.

'તુ' 'તો' શબ્દ (આ) સિદ્ધાંત નથી એમ કહે છે. આયુધ સાથેનો 'સવ્યં દોઃ' ડાબો હાથ વીંધ્યો, કારણ કે આ શાંર્ગધનુષ્યવાળા તરીકે પ્રસિદ્ધ હતા. એવી

રીતે પ્રસિદ્ધિના કારણ (શાંર્ગ) સાથે ઘણાં પરાક્રમવાળા શૌરિનો પરાજય કર્યો એવી, અને 'હાથમાંથી શાંર્ગ પડી ગયું' એવી પણ મહાદેવની પ્રશંસા (કહી). ૧૫.

**હાહાકારો મહાનાસીદ્ભૂતાનાં તથ પશ્યતામ્ ।।**
**વિનદ્ય સૌભરાડુચ્ચૈરિદમાહ જનાર્દનમ્ ।।૧૬।।**

ત્યાં જોનાર પ્રાણીઓએ મોટો હાહાકાર કર્યો. સૌભના માલિકો મોટી ગર્જના કરી જનાર્દનને આ (નીચે પ્રમાણે) કહ્યું. ૧૬.

(આવું) કોઈ વાર પહેલાં થએલ નહિ હોવાથી, ત્યાં જોનાર પ્રાણીઓએ હાહાકાર કર્યો. એવી કાયા કાયાથી (કરેલ) પરાજય કહીને, ઉત્તરાર્ધથી (આરંભી) વાણીનો (પરાજય) કહે છે. 'હું જીત્યો' એવી ગર્જના કરીને, પછી 'સૌભરાટ્' સૌભમાં પ્રકાશતા (શાલ્વે) ભ્રાંત થઈ 'જનાર્દનમ્' અવિદ્યાનો પણ નાશ કરનારને 'આ' નીચેના બે શ્લોકો(માં જણાવેલ વચન) કહ્યાં. ૧૬.

**યત્ત્વયામૂઢ નઃ સખ્યુર્ભ્રાતુર્માર્યા હૃતેક્ષતામ્ ।।**
**પ્રમત્તઃ સ સભામધ્યે ત્વયા વ્યાપાદિતઃ સખા ।।૧૭।।**
**તં ત્વાદ્ય નિશિતૈર્બાણૈરપરાજિતમાનિનમ્ ।।**
**નયામ્યપુનરાવૃત્તિં યદિ તિષ્ઠેર્મમાગ્રતઃ ।।૧૮।।**

હે અમૂઢ! તમે જે અમારા મિત્ર અને તમારા ભાઈની પત્નીનું અમારા દેખતાં હરણ કર્યું (અને) તમે અસાવધાન તે મિત્રને સભામાં મારી નાખ્યો તેવા તમે જો મારી આગળ ઉભા રહેશો તો (પોતાને) ન જીતી શકાય તેવા માનનાર તમને આજે તીક્ષ્ણ બાણોથી જ્યાંથી ફરી ન અવાય ત્યાં પહોંચાડીશ. ૧૭-૧૮.

તેવું વચન કહે છે. 'અમૂઢ' એવો (શબ્દ) છૂટો પાડવો. અમારા મિત્ર અને તમારા ભાઈ, અથવા (અમારા) ભાઈરૂપ મિત્ર શિશુપાલની (પત્નીનું) અમો નમાલા જોઈ રહેલ હતા ત્યારે જ (અમારી) સમક્ષ (તમે) હરણ કર્યું. આથી એવી સ્તુતિ કહેલી (કરેલી) છે કે સ્વાભાવિક શૌર્ય કરતાં તમારું શૌર્ય ઘણું વધારે છે. તેથી પત્નીને જ પોતાની કરી એટલું જ નહિ, પરંતુ તેને પણ (પોતાનો કર્યો) એમ ઉત્તરાર્ધથી કહે છે. તે પણ શક્તિવાળો હતો, છતાં પણ અસાવધાન હોવાને લીધે તમે સભામાં તેને મારી નાખ્યો, પરંતુ યુદ્ધમાં (હણ્યો) નથી. તેથી તે મિત્ર છે એમ (મિત્ર હોવાનું) કારણ જણાવવા ફરીથી કહેલું છે. ૧૭.

પછી અઢારમા શ્લોકમાં પોતાનું કર્તવ્ય કહે છે. 'તીક્ષ્ણ' એ વિશેષણથી પોતાનું પુરુષાતન જણાવે છે. ૧૮.

ભગવાન્ તો નીચેના શ્લોકમાં તેણે કહેલ વિષય ખોટા હોવાથી શબ્દથી (કરેલ પોતાનો) અનાદર ખોટો હોવાનું વાણીથી કહે છે :

|| શ્રીભગવાનુવાચ ||

**વૃથા ત્વં કત્થસે મન્દ ન પશ્યસ્યન્તિકેઽન્તકમ્ ||**

**પૌરુષં દર્શયન્તિ સ્મ શૂરા ન બહુભાષિણઃ ||૧૯||**

હે મંદ! તું મિથ્યા બડાઈ મારે છે, (મારી) સમીપ (રહેલા તારા) મૃત્યુને જોતો નથી. શૂરવીરો પુરુષાતન દેખાડે છે, બહુ બોલતા નથી. ૧૯.

તેથી (શાલ્વે કહેલ વિષય ખોટો હોવાથી) જ તે મંદ (અક્કલ વિનાનો) છે. ઉલટું તારું વિપરીત (મરણ) છે, એમ '(મૃત્યુને) જોતો નથી' એ શબ્દોથી કહે છે. વળી 'અન્તિકે' મારી[1] પાસે તારું મૃત્યુ છે તેથી આ પણ અયોગ્ય છે એવો (અર્થ છે). જય અથવા પરાજય થવો ચોક્કસ નથી, તેથી શૂરવીરોએ પોતાની સ્તુતિ કહેવી (કરવી) યોગ્ય નથી એવો તેનો ઉત્તરાર્ધથી ઉપદેશ કરે છે. 'પુરુષાતન' પુરુષના શરીરનું બલ 'શૂરવીરો' ક્ષત્રિયો (દેખાડે છે). બ્રાહ્મણોને તો વાણીનું જ બલ હોવાથી, તેઓનો સમાવેશ કરેલ નથી. ૧૯.

એમ કહીને પોતાનું વચન સત્ય ઠરાવવા, ભગવાને પોતાનું પુરુષાતન દેખાડ્યું, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**ઈત્યુક્ત્વા ભગવાન્ શાલ્વં ગદયા ભીમવેગયા ||**

**તતાડ જત્રૌ સંરબ્ધઃ સ ચકમ્પે વમન્નસૃક્ ||**

**ગદાયાં સન્નિવૃત્તાયાં શાલ્વસ્ત્વન્તરધીયત ||૨૦||**

એમ કહીને ભગવાને ભયંકર વેગવાળી ગદાથી શાલ્વને ક્રોધ કરી, હાંસડી ઉપર પ્રહાર કર્યો. તે લોહી ઓકતો કંપવા લાગ્યો, ગદા પાછી ફરતાં શાલ્વ તો અંતર્ધાન થયો. ૨૦.

કારણ કે 'ભગવાન્' શક્તિવાળા હતા. 'ભયંકર વેગવાળી' એ વિશેષણથી (એમ કહેલું છે કે) અલૌકિક શક્તિનો ઉપયોગ કર્યો. 'સંરબ્ધઃ' એટલે ક્રોધ કરીને, અથવા (એ શબ્દથી) માત્ર ક્રિયામાં આસક્તિ (જણાવેલી છે). પછી 'તે' શાલ્વ લોહી ઓકતો કંપવા લાગ્યો. પછી તેનું લોહી જોઈને (પોતાનું) કાર્ય જેણે કરેલું છે તેવી ગદા પાછી ફરી. તે પાછી ફરતાં, બીજા પ્રહારથી (મારું) મરણ થશે એવો નિશ્ચય કરીને, (શાલ્વ) અસુર હોવાથી ભગવદ્રૂપ માયાની પ્રાર્થના કરવા અંતર્ધાન થયો. 'તુ' 'તો' એ શબ્દથી (એમ કહેલું છે કે હવે) મહાદેવ તેના પક્ષમાંથી નીકળી ગયા. ૨૦.

પછી નીચેના શ્લોકમાં ભગવદ્રૂપ માયાનું કાર્ય કહે છે :

**તતો મુહૂર્ત આગત્ય પુરુષઃ શિરસાચ્યુતમ્ ||**

---

૧. 'મત્' એ પાંચમી વિભક્તિનો શબ્દ છે. મારાથી સમીપમાં તારું મૃત્યુ છે, એવો અર્થ છે. (લે)

**દેવક્યા પ્રહિતોઽસ્મીતિ નત્વા પ્રાહ વચો રુદન્ ॥૨૧॥**

પછી મુહૂર્ત પછી પુરુષે આવી, 'મને દેવકીજીએ મોકલ્યો છે' એમ જણાવી, માથાથી અચ્યુતને પ્રણામ કરી રડતાં (નીચે પ્રમાણે) વાણી કહી. ૨૧.

પછી મુહૂર્ત પછી કોઇ એક પુરુષ આવ્યો. આ મનથી કરવામાં આવતો પરાભવ છે, તેથી મનથી (શાલ્વે) પ્રાર્થના કરેલ ઈશ્વર કરતા હોવાથી, ભગવાનના પણ મનમાં જ કોઇક તે(વી) જ મૂર્તિ (આવી). તે પુરુષ માયિક હોવા છતાં પણ ભગવદીય હતો, તેથી ભગવાનની સમીપ આવતાં તેનો નાશ થયો નહિ, તેણે પણ 'અચ્યુતં' મોહ નહિ પામેલાને મોહ પમાડવા માટે 'મને દેવકીજીએ મોકલ્યો છે' એમ પોતાને જણાવી, પછી ભગવાનને નમન કરી, રડતાં (નીચે પ્રમાણે) વાણી કહી. દેવકીજીનો અંતરંગ (સેવક) હોવાનું જણાવવા તે રડેલ. ૨૧.

નીચેના શ્લોકમાં તેણે (કહેલું) વચન કહે છે :

**કૃષ્ણ કૃષ્ણ મહાબાહો પિતા તે પિતૃવત્સલ ॥**
**બદ્ધ્વાપનીતઃ શાલ્વેન સૌનિકેન યથા પશુઃ ॥૨૨॥**

હે કૃષ્ણ! હે કૃષ્ણ! હે મોટા બાહુવાળા! હે પિતા ઉપર પ્રેમ રાખનાર! જેમ કસાઇ પશુને બાંધી લઇ જાય તેમ શાલ્વ આપના પિતાને બાંધી લઇ ગયો છે. ૨૨.

દુઃખમાં હોવાથી (હે કૃષ્ણ! હે કૃષ્ણ એમ) બે વાર કહેલું છે. 'હે મોટા બાહુવાળા' એ સંબોધનથી ક્રિયાશક્તિનું સામર્થ્ય કહેલું છે. કહેવાનું છે તે 'આપના પિતાને (બાંધીને શાલ્વ લઇ ગયો છે)' એ શબ્દોથી કહે છે. 'હે પિતા ઉપર પ્રેમ રાખનાર!' એ સંબોધન સ્વમાન થાય તે માટે કરેલું છે. 'બાંધીને લઇ ગયો છે' એ શબ્દોથી ઘણું અપમાન થયાનું (જણાવેલ છે).

'પોતાની મેળે મૂકી દેશે' એવી શંકા ન રહે તે માટે '(જેમ) કસાઇ પશુને બાંધી લઇ જાય' એવું દૃષ્ટાંત કહેલું છે. હત્યા કરવામાં પ્રસિદ્ધ (કસાઇ) હણનારો જ હોય છે. તેથી (શાલ્વ) હણવા માટે લઇ ગયો, એવો અર્થ છે. ૨૨.

પરાભવનું કાર્ય ભગવાનમાં દેખાયું, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**નિશમ્ય વિપ્રિયં કૃષ્ણો માનુષીં પ્રકૃતિં ગતઃ ॥**
**વિમનસ્કો ઘૃણી સ્નેહાદ્બભાષે પ્રાકૃતો યથા ॥૨૩॥**

અપ્રિય (વચન) સાંભળીને, મનુષ્ય સ્વભાવમાં આવેલા શ્રીકૃષ્ણ ઉદાસ (અને) દયાળુ થઇ સ્નેહને લીધે લૌકિક (પુરુષ) પેઠે (નીચે પ્રમાણે) બોલ્યા. ૨૩.

'માનુષીં' મનુષ્ય સ્વભાવનો સ્વીકાર કરેલા, (અને) તેથી તે સ્વભાવને લીધે ઉદાસ, અને 'ઘૃણી' પિતા ઉપર દયાળુ (શ્રીકૃષ્ણ) પછી સ્નેહને લીધે (નીચે) કહેવામાં આવશે તે બોલ્યા. ૨૩

'મન પહેલાનું અને વાણી પછીનું રૂપ છે' એ શ્રુતિને લીધે (અને) 'યજુષ્ જ તેનું શિર છે' એ શ્રુતિ પ્રમાણે માનસપુરુષ શબ્દના સ્વભાવવાળો હોવાથી, શોકના શબ્દો ઉચ્ચાર્યા વિના મનની પીડા પૂરી કહેવાતી નથી, તેથી (ભગવાનનું) વચન પણ નીચેના શ્લોકમાં કહે છે :

**કથં રામમસંભ્રાન્તં જિત્વાજેયં સુરાસુરૈઃ ।।**
**શાલ્વેનાલ્પીયસા નીતઃ પિતા મે બલવાન્વિધિઃ ।।૨૪।।**

સુરો અને અસુરોથી જીતી ન શકાય તેવા સાવધાન બલભદ્રને જીતીને નમાલો શાલ્વ મારા પિતાને કેવી રીતે લઈ ગયો? દૈવ બલવાન છે. ૨૪.

બલભદ્રને રક્ષણ કરવાનું સોંપેલું, અને અસાધારણ સમય હોવાથી તે પણ ઘણા સાવધાન છે. 'સુરો અને અસુરોથી જીતી ન શકાય તેવા' એ વિશેષણ થી એમ કહેલ છે કે તેમનો પરાભવ કરવો તો અશક્ય છે. 'શાલ્વ સર્વથી ઉત્તમ હશે' એવી શંકા થાય, તેથી 'નજીવો શાલ્વ લઈ ગયો' એમ કહેલું છે. 'મારા પિતાને' એ શબ્દોનો એવો અર્થ છે કે ભાગ્યે તેમનું રક્ષણ કેમ ન કર્યું ? દૈવે સર્વનું ઉલ્લંઘન કરેલું જોવામાં આવેલ હોવાથી, નિત્ય ઈચ્છાવાળું દૈવ જ બલવાન છે. ૨૪.

માત્ર લઈ ગયો એટલું જ નહિ. તેમ હોય તો મનનું દુઃખ શંકાવાળું પણ રહે, પરંતુ બીજું પણ અનિષ્ટ (થયું) એમ નીચેના શ્લોકથી આરંભી કહે છે :

**ઈતિ બ્રુવાણે ગોવિન્દે સૌભરાટ્ પ્રત્યુપસ્થિતઃ ।।**
**વસુદેવમિવાનીય કૃષ્ણં ચેદમુવાચ સઃ ।।૨૫।।**

ગોવિંદ એમ બોલતા હતા એટલામાં સૌભનો માલિક વસુદેવ જેવા (પુરુષ)ને લાવીને, તેણે શ્રીકૃષ્ણને આ (નીચે પ્રમાણે) કહ્યું. ૨૫.

'પ્રત્યુપસ્થિતઃ' સામે આવ્યો. પછી વસુદેવ જેવા કોઈક માયિક પુરુષને લાવીને, તેણે શ્રીકૃષ્ણને 'આ' જે (નીચે) કહેવામાં આવશે તે કહ્યું; કારણ કે તે, જેની ઉપાસના કરેલી તે, માયારૂપ ભગવાન્ હતો. ૨૫.

નીચેના શ્લોકમાં તેવું વાક્ય કહે છે :

**એષ તે જનિતા તાતો યદર્થમિહ જીવસિ ।।**
**વધિષ્યે વીક્ષતસ્તેઽમુમીશશ્ચેત્ પાહિ બાલિશ ।।૨૬।।**

જેને માટે આ લોકમાં તમે જીવો છો તે તમારા જન્મ આપનાર પિતા આ રહ્યા. હે બાલિશ! તમારા દેખતાં હું આપને હણીશ. જો શક્તિમાન હો તો (આમનું) રક્ષણ કરો. ૨૬.

શાલ્વ માયારૂપ ભગવાન્ હોવાથી, તેની ઈન્દ્રિયની(જીભની આમ બોલવાની) પ્રવૃત્તિ થઈ. વાસ્તવિક સ્થિતિ તો 'અજનિતા[1]' જન્મ નહિ આપનાર,

'અતાત[1]' પિતા નહિ, એવી છે. શ્રીકૃષ્ણે ભૂમિનો ભાર હર્યો છતાં પણ તેમની સ્થિતિ પિતાને માટે હતી એમ શાલ્વ માને છે. જો કે બીજાઓની સ્થિતિ ઘણાં કાર્યો કરવા માટે હોય છે, તો પણ પિતા ઉપર પ્રેમ રાખનારનું આ (પિતાનું રક્ષણ કરવાનું) જ કાર્ય છે, તેથી ચાલુ પ્રસંગમાં (શ્રીકૃષ્ણને) વધારે દુઃખ થાય તે માટે (તે) પિતા ઉપર પ્રેમ રાખનાર હોવાનું આરોપના[2] નિયમથી કહીને, પોતે (શ્રીકૃષ્ણને) પીડા કરવા અશક્ત હોઈ, તે (શ્રીકૃષ્ણને પીડા) ન થતાં પોતે જ દુઃખ પામશે, તેથી તેણે તે પ્રમાણે કહ્યું. (શ્રીકૃષ્ણને) વધારે દુઃખ થાય તે માટે 'હું (આમને) હણીશ' એમ કહેલું છે. (હણવાની) ક્રિયા તો કરવાની છે. મારી પ્રતિજ્ઞા ખોટી પાડવા માટે, 'જો શક્તિમાન હો તો રક્ષણ કરો' એમ કહેલ છે. પોતાની બુદ્ધિ પ્રમાણે (હે બાલિશ!) એવું સંબોધન કરેલ છે. બાલિને પણ 'શમ્' સુખ જેમનાથી થએલ (તે બાલિશ), એમ શત્રુઓ ઉપર પણ તમે પોતે જ ઉપકાર કરો છો, તેથી અમને (બાલિની પેઠે) હણીને કૃતાર્થ કરો એવી પ્રાર્થના છે. આ મતાંતરની ભાષા હોવાથી પદનો અર્થ ઈચ્છેલ નહિ હોવાથી પદોના બીજા અર્થ અહિં જણાવવામાં આવતા નથી. ૨૬.

**એવં નિર્ભર્ત્સ્ય માયાવી ખડ્ગેનાનકદુન્દુભેઃ ।।**
**ઉત્કૃત્ય શિર આદાય ખસ્થં સૌભં સમાવિશત્ ।।૨૭।।**

એ પ્રમાણે શ્રીકૃષ્ણનો તિરસ્કાર કરી, માયાવીએ તલવારથી આનક-દુંદુભિનું માથું કાપી, (તે) લઈને, આકાશમાં રહેલા સૌભમાં પ્રવેશ કર્યો. ૨૭.

'તિરસ્કાર કરવો' એટલે અભિમાનનો નાશ કરવો. તેમ કરવાનું બલ 'માયાવી' શબ્દથી (જણાવેલું છે). 'માયા એ અસુરો છે' એ શ્રુતિ પ્રમાણે, અને 'તેમની જે જે પ્રકારે ઉપાસના કરે છે, તે થઈ આમનું રક્ષણ કરે છે' એ શ્રુતિ પ્રમાણે ભગવાન્ ભગવાનની સાથે જ એવી રીતે ક્રીડા કરે છે, તેથી કાંઈ પણ અયોગ્યતા નથી. તેથી (શાલ્વમાં) ભગવાનનો આવેશ હોવાને લીધે, લીલા દેખાડનારની પેઠે, તેણે તલવારથી આનકદુંદુભિનું માથું કાપી, ફરીથી (તે) જોડી દેવામાં ન આવે તે માટે (માથું લઈને), 'ખસ્થં' આકાશમાં રહેલા 'સૌભમ્' (પોતાના) મૂલ આશ્રયરૂપ (સૌભ)માં પ્રવેશ કર્યો. ૨૭.

---

૧-૧. 'તે' પછી 'અજનિતા' આવે તો 'અ'નો અવગ્રહ(ऽ) થાય છે અને તે લખાતો નથી. તેમ જ 'ऽ જનિતા' પછી 'અતાત' આવે તો 'અ' 'તા'ના 'આ'માં સમાઈ જાય છે. તેથી આવી રીતે પદચ્છેદ વાસ્તવિક છે એમ કહેલ હોવાનું જણાય છે.

૨. 'આરોપ' એટલે વસ્તુમાં ન હોય તેવા ગુણો તેમાં હોવાનું જણાવવું તે. ભગવાનને સર્વ સમાન છે. તેથી માત્ર પિતા ઉપર જ પ્રેમ નથી. છતાં અહિં તેમને દુઃખ થાય તેવા હેતુથી આવા ગુણનો શાલ્વ તેમનામાં આરોપ કરે છે.

**તતો મુહૂર્તં પ્રકૃતાવુપપ્લુતઃ સ્વબોધ આસ્તે સ્વજનાનુષઙ્ગતઃ ।।**
**મહાનુભાવસ્તદબુધ્યતાસુરીં માયાં સ શાલ્વપ્રસૃતાં મયોદિતામ્ ।।૨૮।।**

પછી સ્વજનોના સંબંધને લીધે એક મુહૂર્ત પ્રકૃતિમાં લીન થઈ, પોતાની મેળે જ્ઞાનવાળા થયા. તે ઘણા પ્રભાવવાળાએ તેને મયે કહેલી (અને) શાલ્વે પ્રસારેલી આસુરી માયા જાણી. ૨૮.

આ માત્ર મુહૂર્તમાં થયું. ત્રીજા[1] મુહૂર્તમાં પણ ભગવાન્ આ વિષયનો વિચાર કરતાં શાંત રહ્યા. બલભદ્રે (વસુદેવનું) રક્ષણ કર્યું ન હતું, એવી શંકા પણ આથી દૂર થઈ. ત્યાર પછી માત્ર એક મુહૂર્ત સુધી પ્રકૃતિમાં જ લીન થઈ, પછી મનુષ્યના સ્વભાવને તજી, બીજાએ જ્ઞાન આપવા છતાં, (શ્રીકૃષ્ણ) પોતાની મેળે જ જ્ઞાનવાળા થયા, એટલે તેમણે પોતાની જ્ઞાનશક્તિ પ્રકટ કરી. 'સ્વજનોના સંબંધને લીધે પ્રકૃતિમાં લીન થયા' એમ કહેલું હોવાથી, અહિં (પોતાની મેળે જ્ઞાનવાળા થવામાં) પણ ક્રિયાથી છૂટા પડેલા (જ્ઞાન) સાથે સંબંધ છે. અથવા 'અસ્વજના-નુસઙ્ગતઃ' 'સ્વજનોનો સંબંધ ન હોવાને લીધે' એમ (શબ્દો છૂટા પાડવા). તેમને સ્વજનોનો સંબંધ નહિ હોવાથી મોહ નહિ હોવાથી, જ્ઞાન ઈચ્છાને લીધે પોતાની મેળે જ્ઞાન થવાની સ્થિતિ થઈ, એવો અર્થ છે.

'છતાં પણ ઉપદેશ વિના ઉત્તમ જ્ઞાન કેવી રીતે થયું?' એવી શંકા થાય, તેથી 'ઘણા પ્રભાવવાળાએ' એ શબ્દ યોજેલ છે. તે સમયે શ્રીકૃષ્ણે તેને આસુરી માયા જાણી, આ મારું જ બીજું રૂપ છે એમ જાણ્યું, કારણ કે આત્માને જાણવાની ઈચ્છા થાય, ત્યારે જ આત્માનું જ્ઞાન થાય છે. આથી એમ કહેલું છે કે તે કલ્પમાં પણ ભગવાન્ શુદ્ધ બ્રહ્મ જ હતા. 'અજ્ઞાની હોવું' વિગેરે લીલાઓ તો બધા અવતારોમાં હોય છે, તેથી કંઈ પણ અયોગ્યતા નથી. છતાં પણ ભાગવતના આરંભમાં શ્રીકૃષ્ણ એવા પ્રકારના નથી એમ કહેલું હોવાથી અહિં પણ તેમને સામાન્ય દેવ તરીકે યોજનારાઓનો દોષ આગળ કહેવામાં આવશે. તે માયા ક્યાંથી ઉત્પન્ન થઈ અને કોનામાં સ્થિર રહેલી તે બે 'મયે કહેલી (અને) શાલ્વે પ્રસારેલી' એ વિશેષણોથી કહે છે. શાલ્વમાં વ્યાપી રહેલી, અને મયે કહેલી (તે હતી). ૨૮.

પછી જ્ઞાન થતાં, તે (માયારૂપ ભગવાનનું) રૂપ નિવૃત્ત થતાં તેનાં કાર્યોનો લય થયો એમ નીચેના શ્લોકમાં કહે છે :

**ન તત્ર દૂતં ન પિતુઃ કલેવરં પ્રબુદ્ધ આજૌ સમપશ્યદચ્યુતઃ ।।**
**સ્વાપ્નં યથા ચામ્બરચારિણં રિપું સૌભસ્થમાલોક્ય નિહન્તુમુદ્યતઃ ।।૨૯।।**

---

૧. શાલ્વ અંતર્ધાન થયા પછી, ભગવાન પાસે એક મુહૂર્તે એક પુરુષ આવ્યો. બીજા મુહૂર્તમાં આ બધુ શાલ્વની માયાનું કાર્ય થયું, અને ત્રીજા મુહૂર્તમાં ભગવાન્ આનો વિચાર કરતાં શાંત રહ્યા.

જેમ જાગેલો સ્વપ્નના (પદાર્થો)ને જોતો નથી, તેમ જ્ઞાની અચ્યુતે ત્યાં યુદ્ધભૂમિમાં દૂતને જોયો નહિ, (અને) પિતાના શરીરને (જોયું) નહિ, અને આકાશમાં ફરનારા શત્રુને સૌભમાં બેઠેલો જોઈને હણવાનો ઉદ્યમ કર્યો. ૨૯.

આથી પણ શ્રીકૃષ્ણ ભગવાન જ છે એમ સિદ્ધ થાય છે. તેમ ન હોય તો માયિક પદાર્થો નિવૃત્ત થવાનું કારણ નથી. દૂત અને પિતાનું શરીર પહેલાં દેખાતાં હતાં, છતાં પણ, જ્ઞાની થતાં પછી 'આજૌ' યુદ્ધભૂમિમાં શ્રીકૃષ્ણે જોયાં નહિ, કારણ કે બીજા રૂપમાં રહેલા આ 'અચ્યુત' તેવા (અચ્યુત)જ હતા એમ જણાવવા, આ ગૂઢ અર્થ હોવાથી, 'જેમ જાગેલો સ્વપ્નના પદાર્થોને જોતો નથી' એવું દૃષ્ટાંત કહેલું છે. સ્વપ્નમાં પણ (જેને સ્વપ્ન થાય છે તે પુરુષ) પોતે જ હોય છે, પરંતુ બીજાં રૂપથી હોવાથી, બીજાં (સ્વપ્ન વિનાનાં) રૂપનો સ્વીકાર કરે ત્યારે તે (સ્વપ્નમાં જોએલા પદાર્થો) ન જૂએ તે યોગ્ય જ છે. 'ચ' 'અને' એ શબ્દથી માયાથી ઈચ્છેલા પદાર્થો વિગેરેનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. પછી આકાશમાં ફરનારા શત્રુને સૌભમાં બેઠેલો જોઈને, (તેને) હણવામાં આવે તો તેના પાપને લીધે મહાદેવ અને ભગવાને તેનો ત્યાગ કરેલ હોવાથી તેનું રક્ષણ કરનાર કોઈ નહિ હોવાથી, (શ્રીકૃષ્ણે તેને) હણવાનો ઉદ્યમ કર્યો, એવો પૂર્વપક્ષ છે. ૨૯.

નીચેના શ્લોકથી આરંભી સિદ્ધાંત કહે છે :

**એવં વદન્તિ રાજર્ષે મુનયઃ કેચનાન્વિતાઃ ।।**
**યત્સ્વવાચો વિરુધ્યેરન્નૂનં તે ન સ્મરન્ત્યુત ।।૩૦।।**

હે રાજર્ષિ, મુનિઓ એ પ્રમાણે કહે છે. (તેમાંના) કેટલાક યોગ્ય (વચન) કહેનારા છે. જે પોતાની વાણીમાં વિરોધ થાય તેનું તેઓને ખરેખર સ્મરણ પણ રહેતું નથી. ૩૦.

આ પૂર્વપક્ષ હોવાનું યુક્તિ જણાવીને કહેવાનું જ છે. પ્રમાણથી ખોટું સિદ્ધ થવાથી પણ (પૂર્વપક્ષ હોવાનું) કહેવામાં આવે છે. 'મુનિઓ એ પ્રમાણે કહે છે' એટલે મનનથી ઉત્પન્ન થએલું જે ઋષિઓને થતું જ્ઞાન, તેનાથી અનુમાન વડે જ જાણીને કહે છે. મૂલની સાથે વિરોધ હોય, ત્યારે ઋષિઓનું જ્ઞાન પ્રમાણ નથી એવી શાસ્ત્રની મર્યાદા છે, કારણ કે જેના ઉપર તેનો આધાર છે તેનાથી તે વિરુદ્ધ છે. જેમ પ્રમાણોએ જણાવેલા ગુણને લીધે જ ઋષિઓનું જ્ઞાન થએલ હોવાથી, મુકરર કરેલા સાંખ્ય વિગેરે મતો પ્રમાણ સાથેના વિરોધને લીધે અપ્રમાણ છે, એવી રીતે ભગવાનના પ્રભાવવાળી કૃપા વિના એટલે પ્રમેયબલ વિના ઋષિનું જ્ઞાન થતું નથી, તેથી ઋષિના જ્ઞાનથી ભગવાનમાં દોષ જોવો તે પોતાના જન્મના સંબંધમાં માતાએ કરેલ વ્યભિચાર જોવાની પેઠે સંપૂર્ણ રીતે ખોટું ઠરતું હોવાથી, અવગણના

કરવા યોગ્ય છે. છતાં પણ જેઓ ઉદ્ધત (અને) નિર્લજ્જ થઈ (સર્વના) મૂલ બનેલ ભગવાનમાં પણ દોષો (હોવાનું) કહે છે, તેઓની 'મુનિઓ કહે છે' એમ (જણાવી શુક) મશ્કરી કરે છે. 'ઋષયઃ' 'ઋષિઓ' એ શબ્દ હોય ત્યારે પણ તેવો જ (અર્થ) છે. 'હે રાજર્ષિ!' એ સંબોધનથી પોતાના પક્ષ અને બીજાના પક્ષમાં આસક્તિ-વાળાઓ પર (અનુક્રમે) વિશ્વાસ અને ઉપહાસ (મશ્કરી) જણાવેલાં છે. આમનામાં કેટલાક જ 'અન્વિતાઃ' યોગ્ય વચન કહેનારા છે. સર્વને ખોટા ઠરાવનારા હોય ત્યાં અડધાને ખોટા ઠરાવવા એ (બાકીનાઓનાં) આકર્ષણ માટે છે. અથવા 'નાન્વિતાઃ' 'યોગ્ય કહેનારા નથી' એમ પદચ્છેદ કરતાં સર્વને ખોટા ઠરાવવાનું છે. 'પોતાની વાણીમાં વિરોધ થાય' એ શબ્દોથી મશ્કરી (કરવા)માં તર્ક કહેલો છે. તેઓ બીજા કલ્પની વ્યવસ્થા યોગના બલથી જાણીને કહે છે? અથવા હાલની ભગવાનની વ્યવસ્થા (સ્થિતિ) કહે છે? જો પહેલું (યોગના બલથી જાણીને કહેતા) હોય તો અમને કોઈ પણ પ્રકારની હાનિ નથી. બીજું (હાલની ભગવાનની સ્થિતિ કહેતા) હોય તો તો 'શ્રીકૃષ્ણ તો પોતે ભગવાન્ છે' એ શાસ્ત્રના નિર્ણયને લીધે તે (નિર્ણય) ને અનુકૂલ જ ગુણો (ભગવાનમાં હોવાનું) કહેવું જોઈએ, તેથી વિરુદ્ધ કહેવાને લીધે તેઓને ખરેખર (શાસ્ત્રમાં પહેલાં કહેલા નિર્ણયથી આ વિરુદ્ધ હોવાનું) સ્મરણ રહેતું નથી. વળી તેવા ઋષિના જ્ઞાનથી 'ઉત' પણ, પહેલાં પણ શાસ્ત્રમાં કહેલુ અપ્રમાણ જ થાય. ૩૦.

''બધાએ અવતારોમાં ગુણો હોય છે. તેમ ન હોય તો 'વસુદેવના પુત્ર હોવાપણું' વિગેરે ગુણો પણ ખોટા જ હોવાથી ન કહેવા જોઈએ. તેથી અવતાર લીધેલા ભગવાનમાં દોષનું વર્ણન કરવું એ વિરુદ્ધ નથી'' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**ક્વ શોકમોહૌ સ્નેહો વા ભયં વા યેઽજ્ઞસમ્ભવાઃ ।।**
**ક્વ ચાખણ્ડિતવિજ્ઞાનજ્ઞાનૈશ્વર્યઃ સુરેડિતઃ ।।૩૧।।**

જે અજ્ઞાનમાંથી ઉત્પન્ન થાય છે તેવા શોક અને મોહ, સ્નેહ અને ભય ક્યાં, અને અખંડ આત્માનુભવ, જ્ઞાન અને ઐશ્વર્યવાળા દેવોએ સ્તુતિ કરેલા (શ્રીકૃષ્ણ) ક્યાં? ૩૧.

આ અવતાર બીજા અવતારોની પેઠે કોઈ પણ અંશથી (થએલો) નથી, તેમ જ જ્ઞાનશક્તિ વિનાનો નથી, પરંતુ પૂર્ણ શક્તિવાળા સાક્ષાત્ પુરુષોત્તમનો જ છે, અને તેથી પૂર્ણરૂપવાળા તેમનામાં હલકાઈનો બોધ કરવો એ જ પ્રથમ અયોગ્ય છે, કારણ કે (તેનાથી) ભક્તોને (તેમના) ઉત્તમપણાનો બોધ થતો નથી. તેમાં પણ પિતા માટે શોક અને મોહ, માયિક (પુરુષ)માં પિતા હોવાની બુદ્ધિ અને

તેનામાં સ્નેહ એ (જણાવવાં અયોગ્ય છે). 'વા' શબ્દ તિરસ્કાર દર્શાવવા (યોજેલ છે). વળી તેને અનુસરતું મારા પિતાને (કેવી રીતે લઈ ગયો?) 'વિધિ બલવાન છે' વિગેરે વચન (તેમનાં હોવાનું જણાવવું અયોગ્ય છે).

'આ (તેમનાં) કેમ ન હોય?' એ જાણવાની ઈચ્છા થાય, તેથી 'અજ્ઞાનમાં થી ઉત્પન્ન થતાં' એ વિશેષણ યોજેલ છે. આ અંતઃકરણના ગુણો અજ્ઞાને ઘેરી લીધેલા ચૈતન્યમાં જ ઉત્પન્ન થાય છે.

'ચાલુ પ્રસંગ (શ્રીકૃષ્ણ)માં પણ એમ જ ભલે હો' એવી શંકા થાય, તેથી 'અને અખંડ આત્માનુભવ, જ્ઞાન અને ઐશ્વર્યવાળા ક્યાં?' એમ કહેલું છે. (૧) અખંડ વિજ્ઞાન એટલે આત્માનો અનુભવ, (૨) સર્વ પદાર્થોનું જ્ઞાન, અને (૩) ઐશ્વર્ય (આ) ત્રણ ભગવાનમાં, (અને) તેમની બધી લીલાઓમાં પણ આ ત્રણ સદા (હોવાનો) નિર્ણય થએલો છે, કારણ કે પૂતનાના પ્રાણરૂપી ધાવણના પાનથી આરંભી સર્વ પ્રસંગે (આ) ત્રણે જણાવેલાં છે. જે અજ્ઞાન બાલપણમાં સર્વમાં પ્રસિદ્ધ છે તે પણ જ્યારે તેમનામાં નથી, ત્યારે આ સમયે જ્યારે જીવો પણ સારું નરસું પારખવાની સ્થિતિમાં હોય છે ત્યારે તે (હોવાનું) કેમ સંભવે? વળી લોકોને તેવો જ બોધ કરવામાં આવે છે, એવો મત પણ (યોગ્ય) નથી, ભગવાનમાં હદ વિનાનું ઐશ્વર્ય છે એવી લોકોની પણ બુદ્ધિ છે, કારણ કે દેવોએ ક્ષણે ક્ષણે (ભગવાનની) સ્તુતિ કરેલી છે. આ વાનગી[1] છે. પારિજાતનું (સ્વર્ગમાંથી) હરણ, ગોવર્ધનને ઉંચો ધરી રાખવો, કાલિયને વશ કરવો વિગેરે પામર (પુરુષો)ને પણ માહાત્મ્ય જણાવનારાં ભગવાનના ચરિત્રો છે. તેથી આ અવતારમાં કોઈ પણ અંશથી અજ્ઞાન વિગેરે (હોવાનું) કહેવું એ સંપૂર્ણ રીતે ખોટું જ છે. ૩૧.

વળી, જો આ અવતારમાં અજ્ઞાનથી થતો, અથવા દેખાવ માટેનો જો કોઈ પણ અંશ હોત, તો આ અવતાર જ ન થાત, કારણ કે 'મનુષ્યોના મોક્ષ માટે' (૧૦।૨૯।૪૪) એ વાક્ય પ્રમાણે મોક્ષ આપવો એ જ આ અવતારનું પ્રયોજન છે, બીજું પ્રયોજન તો ગૌણ જ છે. તેમ ન હોત તો કામ વિગેરેથી ભજન કરવામાં આવતાં, મોક્ષ ન મળત. 'ભક્તિયોગ સાધવા માટે'(૧।૮।૧૯) એ મત પ્રમાણે પણ આ ચરિત્ર માહાત્મ્યજ્ઞાનનો નાશ કરનારું હોવાથી અયોગ્ય છે, એવા અભિપ્રાયથી કહે છે :

**યત્પાદસેવોર્જિતયાત્મવિદ્યયા હિન્વન્ત્યનાદ્યાત્મવિપર્યયાગ્રહમ્ ।।**
**લભન્ત આત્માનમનન્તમીશ્વરં કુતો નુ મોહઃ પરમસ્ય સદ્ગતેઃ ।।૩૨।।**

જેમના ચરણના સેવનથી પુષ્ટ થએલી આત્મવિદ્યાની અનાદિ આત્માના

---

૧. 'ઉપલક્ષણમ્' ઘણું કહેવાનું હોય તેમાંથી થોડું જ કહેવું, અને તેથી વધારાનું જાણી લેવાનું રાખવું તે. 'વાનગી' શબ્દથી પણ આ જ અર્થ જણાય છે.

નિર્ણયથી ઉલટામાં આગ્રહનો નાશ કરે છે, અને અનન્ત ઐશ્વર્યવાળા ભગવાનને પ્રાપ્ત કરે છે, તે ઉત્તમ સત્પુરુષોના ફલરૂપ શ્રીકૃષ્ણને મોહ ક્યાંથી જ હોય? ૩૨.

જેમના ચરણના સેવનથી આત્મવિદ્યા પુષ્ટ થાય છે (તેવા શ્રીકૃષ્ણ છે). બ્રહ્મ જાણનારના ચરણની સેવાથી ઉત્પન્ન થએલી (આત્મવિદ્યા) ભગવાનના ચરણની સેવાથી પુષ્ટ થાય છે. બીજની સ્થિતિ અને દેહની સ્થિતિમાં લોકમાં ઘણો ભેદ છે, તેવા જ ગુરુ પાસેથી અને ભગવાન્ પાસેથી (પ્રાપ્ત) થતા જ્ઞાનમાં ભેદ છે. એ પ્રમાણે જ્યારે બીજા ચરણની સેવા કરનારાઓને એ પ્રમાણે (પુષ્ટ જ્ઞાન) થાય છે, અને જ્યારે ગુરુનો પણ મોહ દૂર થાય છે, ત્યારે ભગવાનને મોહ થવાનો સંભવ ક્યાંથી હોય?

વળી, તેઓને જ્ઞાન જ ઉત્પન્ન થાય છે એટલું જ નહિ, પરંતુ તે જ્ઞાનથી તેઓ અનાદિ આત્માના નિર્ણયથી ઉલટા નિર્ણયનો 'હિન્વન્તિ' નાશ કરે છે. અનાદિ છે જે આ આત્માનો નિર્ણય, તેનાથી ઉલટી દેહ વિગેરેમાં 'આત્મા છે' એવી બુદ્ધિ, તેમાં આ જે આગ્રહ (તેનો નાશ કરે છે), મૂલ સાથે અજ્ઞાનના પરિણામનો નાશ થાય છે, એવો અર્થ છે.

માત્ર એટલું જ થાય છે એમ પણ નથી, પરંતુ અજ્ઞાન દૂર થયા પછી 'આત્માનં' ભગવાનને પણ પ્રાપ્ત કરે છે.

'પોતાનો આત્મા પ્રાપ્ત થએલ જ છે. (એમાં) શી સરસાઈ?' એવી શંકા થાય, તેથી 'અનંત ઐશ્વર્યવાળા' એ શબ્દો યોજેલ છે. આત્માને લીધે ઐશ્વર્યમાં હદ નથી, અને ત્યાં આત્મામાં જ તે જ ઐશ્વર્ય છે, એવું વાદીઓએ સ્વીકારેલ છે. હદ તો કેટલાકના મત પ્રમાણે અવિદ્યાથી થએલી છે. બંને પ્રકારે (બંનેના મત પ્રમાણે) સાયુજ્ય થાય ત્યારે જ ઉત્તમ આત્મા(ભગવાન)ની પ્રાપ્તિ થાય છે. તેથી એક જ જન્મમાં શાસ્ત્રમાં મના કરેલ પ્રકારથી પણ માત્ર ચરણની સેવા કરવાથી અવિદ્યાનો નાશ કરનારું જ્ઞાન, અને જ્ઞાનમાર્ગ પ્રમાણે પણ કરોડો જન્મોથી પ્રાપ્ત થઈ શકે તેવું સાયુજ્ય એક પછી એક (તરત જ) કેમ પ્રાપ્ત કરે છે? તેથી તે (મુનિ)ઓ આ અવતારમાં પણ અજ્ઞાન વિગેરે (દોષો) હોવાનું વર્ણન કરે છે તે બીજાં શાસ્ત્રોના સાધનથી થતા જ્ઞાનની પેઠે અવગણના કરવા યોગ્ય જ છે.

'દેખાડવા માટે, અથવા શિવ અને તેમના ભક્તોનું માહાત્મ્ય જણાવવા માટે તેવી લીલા ભગવાન્ દેખાડતા હશે' એવી શંકા થાય, તેથી 'ઉત્તમ સત્પુરુષો ના ફલરૂપ' એ શબ્દો યોજેલ છે. કાલ વિગેરેથી પણ ઉત્તમ ભગવાન્ પાસે મહાદેવ અને તેમના ભકતનો આદર બીચારો કોણ? વળી સત્પુરુષોના ફલરૂપથી મોહ પ્રવૃત્તિ કેમ થાય? સત્પુરુષો જ પોતામાં મોહ દેખાડતા નથી, તો પછી તેઓના પણ ફલરૂપ

ભગવાન્ કેમ જ દેખાડે? બીજા અવતારમાં પણ 'મારા ભક્તોની પૂજા અધિક છે' એમ દેખાડવા માટે જ ભક્તોની સાથે લીલામાં જ અવતારના પરાજય વિગેરેનું વર્ણન થાય છે. તેથી ચાલુ પ્રસંગમાં શ્રીકૃષ્ણમાં મોહ હોવાનું કાંઈ પણ કારણ નહિ હોવાથી, મોહ 'નુ' એટલે નિશ્ચયપૂર્વક કેમ જ સંભવે? ન જ હોય. ૩૨.

'ત્યારે અહિં શાલ્વ સાથેના યુદ્ધમાં શું થએલી' એ જાણવાની ઈચ્છા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**તં શસ્ત્રપૂગૈઃ પ્રહરન્તમોજસા શાલ્વં શરૈઃ શૌરિરમોઘવિક્રમઃ ।।**
**વિધ્વાચ્છિનદ્વર્મ ધનુઃ શિરોમણિં સૌભં ચ શત્રોર્ગદયા રુરોજ હ ।।૩૩।।**

બલસહિત શસ્ત્રોના સમૂહોથી પ્રહાર કરતા તે શાલ્વને નિષ્ફલ ન થાય તેવા પરાક્રમવાળા શૌરિએ બાણોથી વિંધી, (તેના) કવચ, ધનુષ્ય, અને માથામાં પહેરેલા મણિને કાપી નાખ્યાં, અને શત્રુના સૌભના ગદાથી કટકા કર્યા. ૩૩.

આ વિષયમાં કેટલાક એમ કહે છે કે શ્રીકૃષ્ણે મોહ દેખાડ્યો ત્યાંથી આરંભી બધુંએ ખોટું છે, પરંતુ ભગવાન્ ઘેર (દ્વારકામાં) જ વિરાજતા હતા ત્યારે શાલ્વ આવતાં, શસ્ત્રોના સમૂહોથી પ્રહાર કરનારને તેને ભગવાને હણ્યો. બીજાઓ તો એમ (કહે છે) કે ઈન્દ્રપ્રસ્થથી જ આવીને, શસ્ત્રોથી પોતાનાં સૈન્ય ઉપર પ્રહાર કરતો જોઈને (ભગવાને તેને) હણ્યો. બીજાઓ તો એમ (કહે છે) કે (ભગવાનનો) બાહુ વીંધવાનું વિગેરે મોહ દેખાડવાનું થએલું જ, ભગવાનમાં માત્ર મોહ હોવામાં જ (સિદ્ધાંતથી) વિરોધ કરેલો છે, પરંતુ બીજા (વિષય)નો (વિરોધ કરેલો) નથી, તેથી પછી મોહ ન રહેતાં ભગવાને પાછા પધારી શસ્ત્રોથી પ્રહાર કરતા શાલ્વને હણ્યો તે સંબંધમાં (આ) મતાંતર હોવાથી, બીજા કલ્પમાં બધું એ સત્ય હતું, પરંતુ ભગવાનના સંબંધમાં પ્રકરણ સહિત તે બધાએ મોહનો (સિદ્ધાંતથી) વિરોધ કરેલો હોવાથી, અઠ્ઠાવીસમા દિવસે માત્ર ભગવાને પોતે પધારી તેને હણેલો, એવો એક મત છે, અથવા પત્નીઓ સાથે ભગવાને પધારી તેને હણેલો એવો (મત છે).

'શસ્ત્રપૂગૈઃ' જાત જાતના પેટા વિભાગવાળા શસ્ત્રોના સમૂહોથી, અથવા જુદી જુદી જાતના શસ્ત્રોથી ઉત્પન્ન થતા પ્રહારો બલથી કરતા શાલ્વને શૌરિએ ત્રણ બાણોથી વિંધીને, તે બાણોથી જ તેઓનાં કવચ, ધનુષ્ય અને માથામાં પહેરેલા મણિને કાપી નાખ્યાં. ફરીથી બીજા બાણથી સૌભને અને 'ચ' 'અને' એ શબ્દ હોવાથી શાલ્વને વીંધ્યો. પછી પાસે આવેલા તેને, બાણના પ્રહારોથી પાસે લાવેલા સૌભને, ગદાથી 'રુરોજ' પીડા કરી, (કટકા કર્યા)[૧]. 'હ' શબ્દ આશ્ચર્ય

૧. શાલ્વ પાસે આવ્યો, તેને ગદાથી પીડા કરી સૌભને બાણના પ્રહારોથી પાસે લાવ્યા, તેના ગદાથી કટકા કર્યા; એવો અર્થ જણાય છે, કારણ કે નિર્જીવ સૌભને પીડા થાય નહિ.

દર્શાવવા યોજેલો છે. ૩૩.

પછી જે થયું, તે નીચેના શ્લોકમાં કહે છે :

**તત્કૃષ્ણહસ્તેરિતયા વિઘૂર્ણિતં પપાત તોયે ગદયા સહસ્રધા ।।**
**વિસૃજ્ય તદ્ભૂતલમાસ્થિતો ગદામુદ્યમ્ય શાલ્વોઽચ્યુતમભ્યગાદ્દ્રુતમ્ ।।૩૪।।**

શ્રીકૃષ્ણના હસ્તથી ફેંકેલી ગદાથી તે ધૂમરી ખાતું હજાર કટકા થઇ જલમાં પડ્યું. શાલ્વ તેને તજી, ભૂતલ ઉપર ઉભો રહી ગદા ઉગામી અચ્યુત પાસે ઝડપથી દોડી આવ્યો. ૩૪.

મૂલ (તે કૃષ્ણ) કાલરૂપ, તેમની પણ પૂર્ણ ક્રિયાશક્તિ (શ્રીહસ્ત). અને તેણે ફેંકેલી ગદા. તેથી આધ્યાત્મિક વિગેરે સર્વ (સૌભનું) રક્ષણ કરનારાઓ જતા રહેતાં ધૂમરી ખાતું સૌભ હજાર કટકા થઇ ગદા સાથે જલમાં પડ્યું; અથવા 'ગદાથી' એ શબ્દ (ગયા શ્લોકમાં કહેલ તે) ફરીથી કહેલ છે. સૌભના કટકા કરવાનું સાધન તો ગદાનો પ્રહાર જ હતો. અને ગદા પાછી ભગવાનના શ્રીહસ્તમાં આવેલી.

પછી શાલ્વ સૌભને તજીને, ભૂતલ ઉપર ઉભો રહીને ગદા ઉગામી ગભરાઇ ગએલો થઇને, 'આ અચ્યુત જ છે, આમનાથી નાસી જવાથી અથવા આમની સામે પરાક્રમ કરવાથી શું વળે ?' એવા વિચારથી અચ્યુત પાસે દોડી આવ્યો. ૩૪.

પછી જે થયું, તે નીચેના શ્લોકમાં કહે છે :

**આધાવતઃ સગદં તસ્ય બાહું ભલ્લેન છિત્ત્વાથ રથાઙ્ગમદ્ભુતમ્ ।।**
**વધાય શાલ્વસ્ય લયાર્કસંનિભં બિભ્રદ્બભૌ સાર્ક ઈવોદયાચલઃ ।।૩૫।।**

દોડી આવતા તેના ગદા સાથેના હાથને ભાલાથી કાપી નાખી, પછી શાલ્વનો વધ (કરવા) માટે પ્રલય કરનાર સૂર્યના જેવું અદ્ભુત ચક્ર ધારણ કરતા (શ્રીકૃષ્ણ), સૂર્ય સહિત ઉદયાચલની પેઠે શોભ્યા. ૩૫.

(શાલ્વની) ક્રિયાશક્તિ (તેનાથી) છૂટી પાડવા માટે ભાલાથી (તેના) હાથને કાપ્યો. પછી ચક્રથી મોક્ષ આપવા માટે પ્રલયના સૂર્ય જેવું, માત્ર જોવાથી જ મરણનો ભય ઉત્પન્ન કરે તેવું અદ્ભુત ચક્ર ધારણ કરતા ભગવાન્ શોભ્યા. પ્રાતઃકાલ થતાં સર્વને ઘણું સુખ થાય છે તેના જેવું ઘણું સુખ સર્વને તેટલાથી જ થયું એમ 'સૂર્ય સહિત ઉદયાચલની પેઠે' એ શબ્દોથી કહેલું છે. 'જો કોઇ આનું રક્ષણ કરનાર હો તો આવો' એવી રીતે મહાદેવ વિગેરેની પરિક્ષા કરવા માટે ભગવાન્ કેટલાક સમય સુધી શસ્ત્ર (ચક્ર) ધારણ કરીને રહ્યા. ૩૫.

**જહાર તેનૈવ શિરઃ સકુણ્ટલં કિરીટયુક્તં પુરમાયિનો હરિઃ ।।**
**વજ્રેણ વૃત્રસ્ય યથા પુરન્દરો બભૂવ હાહેતિ વચસ્તદા નૃણામ્ ।।૩૬।।**

જેમ વજ્રથી ઈન્દ્રે વૃત્રનું માથું કાપેલું તેવી રીતે હરિએ તેનાથી જ પુરરૂપ

માયાવાળાનું કુંડલોવાળું માથું કાપી નાખ્યું. તે સમયે માણસોની ‘હા! હા!’ એવી વાણી થઈ. ૩૬.

પછી કોઈ પણ ન આવ્યું ત્યારે તે (ચક્ર)થી જ માથું કાપી નાખ્યું. બીજા (શાલ્વનું રક્ષણ કરવા આવનાર) માટે (ભગવાને) ચક્ર ધારણ કરેલું હોવાથી, આ (શાલ્વ) તુચ્છ હોવાથી આનો વધ બીજા (શસ્ત્ર)થી થશે, એમ માનવામાં આવે, તેથી ‘તેનાથી જ’ એમ કહેલું છે. ‘કુંડલવાળું’ એટલે સર્વ દેવોનું રહેઠાણ હોવા છતાં, (અને) તે પણ ‘પુરમાયિનઃ’ પુરરૂપ મોહ કરાવનારી માયા હતી જેની, (તેવાનું માથું કાપી નાખ્યું). આવાનો પણ વધ કરવાનું કારણ ‘હરિએ’ એ શબ્દથી કહેલ છે. સર્વનું દુઃખ હરનારાએ આને પણ મોક્ષ આપવા માટે જ (તેમ કર્યું). વળી જો આ જીવત તો બધાને પીડા કરત એમ ‘જેમ વજ્રથી ઈન્દ્રે વૃત્રનું (માથું કાપેલ)’ એ દષ્ટાંતથી કહેલું છે. તે સમયે તેના માણસોની ‘હા! હા!’ એવી વાણી થઈ. ૩૬.

તેટલાથી પણ યુદ્ધ બંધ ન થયું એમ જણાવવા, નીચેનો શ્લોક કહે છે :

**તસ્મિન્નિપતિતે પાપે સૌભે ચ ગદયા હતે ।।**
**નદુર્દુન્દુભયો રાજન્ દિવિ દેવગણેરિતાઃ ।।**
**સખીનામપચિતિં કુર્વન્દન્તવક્રો રુષાભ્યગાત્ ।।૩૭।।**

તે પાપી પડ્યો અને સૌભનો ગદાથી નાશ થયો ત્યારે હે રાજન્! આકાશમાં દેવોના સમૂહોએ વગાડેલાં દુંદુભિઓ વાગ્યાં. મિત્રોના વૈરનો બદલો વાળતો દંતવક્ર ક્રોધથી ધસી આવ્યો. ૩૭.

ભગવાન્ ક્લેશ વિના કર્મ કરનારા છે. તેમણે તે (શાલ્વ)ને હણ્યો નહિ, પરંતુ (પોતાનાં) પાપથી જ તે પડ્યો, અથવા પાપને લીધે (તેને) સાયુજ્યની પ્રાપ્તિ થઈ નહિ. ‘અને સૌભનો ગદાથી નાશ થયો’ એ શબ્દોથી (એમ જણાવેલું છે કે) તે માયાથી બનાવેલું હોવાથી કદાચ રહ્યું હોય, તો પછી તેની અંદર પ્રવેશ કરી બીજો યુદ્ધ કરે. તેથી મુખ્ય (શાલ્વ)ના પછી પણ સૌભ(ના નાશ થવાનું) જૂદું કહેલ છે. પછી પહેલાં મરણ પામેલા મિત્રોના વૈરનો બદલો વાળતો દંતવક્ર મિત્રોના લીધે ‘રુષા’ ક્રોધથી, ‘બીજાની સાથે યુદ્ધ કરવાથી (ભગવાન્) થાકેલી સ્થિતિમાં છે ત્યારે પોતાનો જય થશે’ એવા વિચારથી યુદ્ધ કરવા માટે સામો આવ્યો. ૩૭.

**ઈતિ શ્રીલક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીમદ્વલ્લભદીક્ષિતે રચેલી**
**શ્રીમદ્ભાગવતની સુબોધિનીમાં દશમા સ્કંધના ઉત્તરાર્ધના વિવરણમાં**
**અઠ્યાવીસમો અને સળંગ ચુંમોતેરમો અધ્યાય સંપૂર્ણ.**

# શ્રીમદ્‌ભાગવત દશમસ્કંધ સુબોધિની

# સાત્વિક ફલ પ્રકરણ

## અધ્યાય પંચોતેરમો

### દન્તવક્ત્ર તથા વિદૂરથ નો ભગવાને કરેલો ઉદ્ધાર.

**બલભદ્રસ્ય સત્કીર્તિરધ્યાયદ્વિતયેન હિ ।।**
**નિરૂપ્યતે ઋષિપ્રોક્તા યેનાસૌ સુસ્થિરીભવેત્ ।।૧।।**

બે અધ્યાયોથી બલભદ્રની સત્કીર્તિ ઋષિઓએ પ્રસિદ્ધ કરેલી જણાવી છે કે જેથી[1] તે સારી રીતે સ્થિર થાય. કા.૧.

**તીર્થાભિષેકાદ્ યજ્ઞાચ્ચ જ્ઞાનસ્યાપ્યુપદેશતઃ ।।**
**કીર્તિર્જાતાનુભાવાચ્ચ માધ્યસ્થાચ્ચેતિ વર્ણ્યતે ।।૨।।**

તીર્થમાં અભિષેક થવાથી[૨] યજ્ઞ (કરવા)થી[૨], વળી જ્ઞાનના ઉપદેશથી[૨] અને પ્રભાવથી અને મધ્યસ્થપણાથી[3] (બલભદ્રની) કીર્તિ થઇ એવું વર્ણન કરવામાં આવે છે. કા.૨.

**વિજયોઽયં યથા રામસ્તતોઽધ્યાયે નિરૂપિતઃ ।।**
**રામસ્ય કીર્તિરૂપે ચ તદ્ભ્રાતા ચ તથાવિધઃ ।।૩।।**
**અતો ભગવતો ભૃત્યાસ્ત્રય એકત્ર રૂપિતાઃ ।।**

જેવા બલભદ્ર[૪](ભગવાનના સેવક) તેવો આ વિજય[૪] છે. તેથી બલભદ્ર ની કીર્તિ જણાવનારા અધ્યાયમાં કહેલો છે અને તેવા પ્રકારનો તેનો ભાઈ[૫] કહેલ છે. તેથી ભગવાનના ત્રણ સેવકો એક સ્થલે(આ અધ્યાયમાં) જણાવેલા છે. કા.૩।।

---

૧. જેથી એટલે ઋષિઓએ પ્રસિદ્ધ કરવાથી, તે કીર્તિ સ્થિર થાય એવો અર્થ છે. (લે)
૨-૨-૨. જૂઓ ઉત્તરાર્ધ અધ્યાય ૩૦ શ્લોક ૭, ૩૦ અને ૩૧.
૩.. ભીમ અને દુર્યોધન યુદ્ધ કરતા હતા, ત્યારે બલભદ્રે મધ્યસ્થ રહી ઉત્તરાર્ધ અધ્યાય ૩૦, શ્લોક ૨૬-૨૭ કહેલા, પરંતુ જમાઈ તરીકે દુર્યોધનનો પક્ષ કરેલો નહિ, એવો અર્થ છે. (લે)
૪-૪. આ દંતવક્ર ભગવાનનો 'વિજય' નામનો પાર્ષદ છે. જેમ બલભદ્ર શેષરૂપ હોઈ ભગવાનના સેવક છે, તેવી રીતે દંતવક્ર પણ (પાર્ષદ હોઈ) સેવક છે, તેથી બલભદ્રની કીર્તિ જણાવનારા આ અધ્યાયમાં તેનું નિરૂપણ કરેલું છે. (લે)
૫. તેનો (એટલે દંતવક્રનો) ભાઈ વિદૂરથ પણ તેવા પ્રકારનો એટલે ભગવાનનો સેવક જ છે, એવો અર્થ છે. આને પણ ભગવાને મુક્તિ આપેલી છે એમ ૨।૭।૩૪ ઉપરથી જણાય છે. (લે)

તે પૈકી આરંભમાં ભગવાનની ક્રિયાશક્તિનું ઉત્તમપણું દર્શાવવા દંતવક્રના વધનું નિરૂપણ કરવામાં આવે છે, અને દંતવક્ર પણ ભગવાનનો સેવક હોવાથી તેની મુક્તિ ભગવાને કરવી જોઈએ, તેથી અવતારના પ્રયોજન તરીકે (તેની મુક્તિનું) વર્ણન કરવામાં આવે છે. ગયા અધ્યાયના અંતે 'દંતવક્ર આવ્યો' એમ કહેલું છે. તે કયા પ્રયોજનથી કેવા પ્રકારે (આવ્યો) તે વિસ્તારથી કહેવામાં આવે છેઃ

।।શ્રીશુક ઉવાચ।।

**શિશુપાલસ્ય શાલ્વસ્ય પૌણ્ડ્રકસ્યાપિ દુર્મતિઃ ।।**
**પરલોકગતાનાં ચ કુર્વન્પારોક્ષ્યસૌહૃદમ્।।૧।।**
**એકઃ પદાતિઃ સંક્રુદ્ધો ગદાપાણિઃ પ્રકમ્પયન્ ।।**
**પદ્ભ્યામિમાં મહારાજ મહાસત્ત્વો વ્યદૃશ્યત ।।૨।।**

હે મહારાજ! પરલોકમાં ગએલા શિશુપાલ, શાલ્વ અને વળી પૌંડ્રકની (તેઓના) અભાવમાં મિત્રતા જણાવતો દુષ્ટબુદ્ધિવાળો એકલો, પગપાળો, ઘણો ક્રોધ પામેલો, હાથમાં ગદાવાળો, પગેથી પૃથ્વીને કંપાવતો મોટો પ્રાણી જોવામાં આવ્યો. ૧-૨.

જેમ પતિના કારણે પ્રવૃત્ત થએલી પત્ની તેનું મરણ થતાં પોતે જ મરણ પામે છે, તેમ શિશુપાલ વિગેરેના કારણે તેનો મિત્ર (દંતવક્ર મરણ પામ્યો). આ (દંતવક્ર) જાણતો હોવા છતાં મરવા માટે જ આવ્યો, કારણ કે આ મરણ પામવાથી તેઓનું ભલું થવાનું ન હતું, છતાં પણ (આ) દુષ્ટ બુદ્ધિવાળો હોવાથી આણે તેમ કર્યું (મરણ પામ્યો). તે પૈકી શિશુપાલ રાજસ હતો. દંતવક્ર (શાલ્વ?) તામસ હતો, પૌંડ્રિક સાત્ત્વિક હતો. 'અપિ' 'વળી' શબ્દથી એવા પ્રકારના ઘણાએનો સમાવેશ કરેલો છે. વળી 'જેઓની દુર્ગતિ થએલી હોય તેઓનો ઉદ્ધાર કરવા પતિવ્રતા મરણ પામે છે' એમ કહેવામાં આવે, તો (તેમ ન હતું એમ જણાવવા) 'પરલોકમાં ગએલા' વિશેષણ યોજેલું છે. તેઓ ભગવાનના હાથથી મરણ પામેલા હોવાથી તેમને પરલોક પ્રાપ્ત થએલો. 'ચ' 'અને' શબ્દથી (એમ કહેલું છે કે પરલોકમાં) નહિ ગએલાની અથવા મોક્ષ પામેલાની (મિત્રના જણાવતો દેખાયો). મિત્રતા તેઓના જાણવામાં આવેલી હોય તો તેઓનું ભલું કરનારી થાય, ચાલુ પ્રસંગમાં તેઓના અભાવમાં પણ આણે (મિત્રતા) કરી, એમ 'અભાવમાં મિત્રતા (જણાવતો)' શબ્દથી કહેલું છે.૧.

જ્યારે મરવાનું જ ઈચ્છેલું છે ત્યારે સાહાય્ય કરનારનું શું પ્રયોજન? એવા વિચારથી 'એકલો' (અને) તે પણ 'પગપાળો', અને જો ક્રોધ થએલ ન હોય

તો નાસી જવાય. તેથી 'ઘણો ક્રોધ પામેલો' (આવ્યો). સમીપમાં ગદાથી યુદ્ધ થાય, તેથી તરત મરણ પામવાના (વિચારથી 'હાથમાં ગદાવાળો' આવ્યો). છતાં પણ 'ભગવાન્ મને હણશે નહિ' એવી શંકા કરીને (ભગવાન્) હણે તે માટે 'પગોથી પૃથ્વીને કંપાવતો (દેખાયો)' એમ કહેલું છે. 'હે મહારાજ!' એ સંબોધન થી એમ જણાવેલું છે કે તેવાને હણવામાં આવે છે. 'મોટો પ્રાણી' શબ્દથી યુદ્ધ કરવા માટેની પ્રવૃત્તિમાં તેનું સાહસ (જણાવેલું છે). ૨.

પછી 'ધર્મયુદ્ધ જ કરવું જોઈએ' એવા વિચારથી ભગવાન્ પોતે પણ તેવા (પગપાળા, એકલા, હાથમાં ગદાવાળા) થયા, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તં તથાયાન્તમાલોક્ય ગદામાદાય સત્વરઃ ।।**
**અવપ્લુત્ય રથાત્કૃષ્ણઃ સિન્ધું વેલેવ પ્રત્યધાત્ ।।૩।।**

તેને તે પ્રમાણે આવતો જોઈને ઝડપથી ગદા લઈને રથમાંથી નીચે કૂદીને, જેમ નદી સામે ભરતી આવે તેમ શ્રીકૃષ્ણ સામે આવ્યા. ૩.

આવવાથી (આવવાનું) તેને દુઃખ ન થાય તે માટે 'ઝડપથી (સામે આવ્યા)' એમ કહેલું છે. 'નીચે કૂદીને' શબ્દનો (એવો અર્થ છે કે તેને આવતો) જોયા પછી (શ્રીકૃષ્ણે) જરાએ વિલંબ કર્યો નહિ એમ જણાવવા રથમાંથી કૂદ્યા હોવાનું કહેલું છે, કારણ કે (તે) શ્રીકૃષ્ણ કાલરૂપ હતા તેથી ભરતીની પેઠે સર્વ યાદવોને હણવા માટે પ્રવૃત્ત થએલ નદીની 'પ્રત્યધાત્' સામે આવ્યા. ૩.

ભગવાન ઝડપથી આવ્યા ત્યારે, 'આ કોઈક શાલ્વનો પગપાળો (સૈનિક) છે' એવા અનાદરને લીધે કદાચ મુક્તિ ન આપે, એવા વિચારથી (દંતવક્ર) પોતાનું પ્રયોજન પ્રવૃત્તિ અને સ્વરૂપ નીચેના શ્લોકથી આરંભી કહે છેઃ

**ગદામુદ્યમ્ય કારૂષો મુકુન્દં પ્રાહ દુર્મદઃ ।।**
**દિષ્ટ્યા દિષ્ટ્યા ભવાનદ્ય મમ દષ્ટિપથં ગતઃ ।।૪।।**

ઉન્મત્ત કારૂષે ગદા ઉગામીને મુકુંદને કહ્યું કેઃ– 'આજે આપના મને દર્શન થયાં છે તે (મારા) ભાગ્યથી થએલ છે. ૪.

કારણ કે તે (દંતવક્ર) કારૂષ દેશનો અધિપતિ હતો. (તેણે) 'મુકુન્દં' મોક્ષ આપનારને 'ગદા ઉગામીને' એટલે પોતાનો અધિકાર દેખાડીને, અથવા (પોતાનું) દ્વારપાલપણું જણાવીને (કહ્યું). (દ્વારપાલ) ઉત્તમ અધિકારી સ્નેહથી જ સાયુજ્ય પ્રાપ્ત કરવા યોગ્ય હતો, (છતાં) વૈરથી પ્રાપ્ત કરવા ઈચ્છતો હતો તેથી ઉન્મત્ત (કહેલો છે). તેથી જ તે ઉત્તરાર્ધથી આરંભી વિરોધવાળું (વચન) કહે છે. આટલો (ઉત્તરાર્ધમાં કહેલો) વિષય બંને (વિરોધવાળા અને સ્તુતિના અર્થ)માં સમાન છે. આ જે આપનાં મને દર્શન થયાં તે મારાં ભાગ્યથી થયાં, કારણ કે મનોરથના

પ્રકારથી (મનોરથ કરીને) જેમને શોધવામાં આવે છે, તેમનાં દર્શન થયાં. ૪.

નીચેના શ્લોકમાં પોતાની ઓળખાણ આપતાં (પોતાનો) ભગવાન્ સાથેનો સંબંધ જણાવે છેઃ

**ત્વં માતુલેયો નઃ કૃષ્ણ મિત્રધ્રુઙ્માં જિઘાંસસિ ।।**
**અતસ્ત્વાં ગદયામન્દ હનિષ્યે વજ્રકલ્પયા ।।૫।।**

હે શ્રીકૃષ્ણ! આપ અમારા મામાના પુત્ર છો. મિત્રોનો દ્રોહ કરો છો. મને હણવા ઈચ્છો છો તેથી હે બુદ્ધિમાન્! હું આપને વજ્ર જેવી ગદાથી પ્રાપ્ત કરીશ. ૫.

(આપ) 'અમારા' એટલે શિશુપાલ વિગેરેના (અને) તેથી વધારે અમારા મામાના દીકરા છો. 'હે કૃષ્ણ!' એ સંબોધન સ્નેહને લીધે કરેલું છે. 'મિત્રધ્રુઙ્' 'મિત્રનો દ્રોહ કરનાર' એમ ઠપકો (આપેલ), વાસ્તવિક રીતે તો (શ્રીકૃષ્ણ દુષ્ટના મિત્રોને પીડા કરે છે) તેથી સર્વના મિત્ર અને શિક્ષક છે એમ કહેલું છે. તેથી જ આપ મને હણવા ઈચ્છો છો, કારણ કે હું પણ દુષ્ટનો મિત્ર છું. 'અપરાધ વિના (ભગવાન્) હણશે નહિ' એવા વિચારથી, 'હું પ્રથમ અપરાધ કરીશ' એમ ઉત્તરાર્ધથી કહે છે. 'અમન્દ' એમ શબ્દ છૂટો પાડવો. ગદાથી એટલે સુષુમ્ણાથી હું (આપને) 'હનિષ્યે' પ્રાપ્ત કરીશ. 'વજ્ર જેવી' શબ્દથી (એમ કહેલું છે કે) જેમ વજ્રથી વૃત્ર આપને પ્રાપ્ત થયો તેમ હું (આપની ગદાથી આપને પ્રાપ્ત કરીશ). ૫.

**તર્હ્યાનૃણ્યમુપૈમ્યજ્ઞ મિત્રાણાં મિત્રવત્સલઃ ।।**
**બન્ધુરૂપમરિં હત્વા વ્યાધિં દેહચરં યથા ।।૬।।**

હે અજ્ઞ! દેહમાં ફરનારા વ્યાધિની પેઠે બંધુના આકારમાં રહેલા શત્રુને હણીને મિત્રો ઉપર પ્રેમ રાખનારો હું મિત્રોના ઋણમાંથી મુક્ત થઈશ. ૬.

આમ થતાં(આપને પ્રાપ્ત થતાં), 'ત્યારે પ્રાણીઓને મારું બલિદાન કરી ઋણમાંથી મુક્ત થએલો'(૬।૧૧।૧૮) એ વાક્ય પ્રમાણે હું મિત્રોના ઋણમાંથી મુક્ત થઈશ, કારણ કે હું મિત્રો ઉપર પ્રેમ રાખનારો છું, અથવા (કારણ કે) આપ દૈત્યો ઉપર પણ કૃપા કરતા હોવાથી શત્રુઓ ઉપર પ્રેમ રાખનારા છો; અથવા (આપ) મિત્ર ઉપર પ્રેમ રાખનારા છો, કારણ કે બધાએના મિત્ર છો.

'શું કરીને ઋણમાંથી મુક્ત થઈશ?' એ જાણવાની ઈચ્છા થાય, તેથી 'બંધુના આકારમાં રહેલા શત્રુને હણીને' શબ્દો યોજેલા છે. બંધુના આકારના જેવો છે આકાર છે જેનો તેવો દેહ, બંધુના આકારવાળો છે, કારણ કે હિત કરનારો છે, પરંતુ વાસ્તવિક રીતે 'આ (બીજા દેહ)નાં બીજરૂપ કર્મ ઉત્પન્ન કરીને' (૧૧।૯।૨૬) એ રીતે શત્રુ છે. 'આત્મા તરીકે સ્વીકારેલો (દેહ) હણવા યોગ્ય કેમ

છે?' એમ કહેવામાં આવે, તેથી 'દેહમાં ફરનારા વ્યાધિની પેઠે'[1] એવું દષ્ટાંત કહેલું છે. આ (ભગવાનની) સ્તુતિ (કરી એવા) મત પ્રમાણે વ્યાખ્યાન કર્યું. નિંદાનો મત તો પ્રસિદ્ધ છે. (એ મત પ્રમાણે ભગવાન્ દંતવક્રના) મામાના પુત્ર હોવાથી બંધુરૂપ છે, (અને) હણનાર હોવાથી શત્રુ છે. ૬.

**એવં રૂક્ષૈસ્તુદન્વાક્યૈઃ કૃષ્ણં તોત્રૈરિવ દ્વિપમ્ ।।**
**ગદયા તાડયન્મૂર્ધ્નિ સિંહવદ્વ્યનદચ્ચ સઃ ।।૭।।**

એવી રીતે અંકુશોથી હાથીને પીડા કરે તેમ કઠોર વાક્યોથી શ્રીકૃષ્ણ પાસે (પોતાનો) દોષ દૂર કરાવતાં, તેણે મસ્તક ઉપર ગદાથી પ્રહાર કર્યો અને સિંહની પેઠે ગર્જના કરી. ૭.

નિંદાના અર્થમાં કઠોરપણું છે. 'તુદન્' એટલે મર્મમાં પીડા કરતાં. સ્તુતિ (ના અર્થ)માં 'કૃષ્ણં તુદન્' એટલે શ્રીકૃષ્ણ પાસે પોતાનો દોષ દૂર કરાવતાં, 'તોત્રં' અંકુશનો પાછલો ભાગ, તેનાથી જેમ હાથીને આગળ જવા માટે ઉશ્કેરવામાં આવે છે, એવી રીતે શ્રીકૃષ્ણને પણ ઝડપથી (કાર્ય) કરવા, (પોતાને) હણવા અથવા મૃત્યુ આપવા ઉશ્કેર્યા (એવો અર્થ છે). એવી રીતે વાક્યથી અપરાધ કરીને, તેણે કાયાનો અપરાધ કર્યો એમ 'ગદાથી (મસ્તક ઉપર પ્રહાર કર્યો)' શબ્દથી કહે છે. 'મસ્તક ઉપર' એટલે મસ્તક પાસે (પ્રહાર કર્યો) અથવા સુષુમ્ણાથી બ્રહ્મરંધ્રના છિદ્રને ભેદ્યું. પછી પોતાને કૃતાર્થ (થએલો) માનતાં, તેણે સિંહની પેઠે ગર્જના કરી, કારણ કે તે પહેલાં કહેલા[1] પ્રકારે ભક્ત અથવા શૂરવીર હતો. (તેથી) આટલા (પ્રહાર)થી પોતે કૃતકૃત્ય થયો એમ (વિચારી ગર્જના કરી). ૭.

**ગદયા નિહતોપ્યાજૌ ન ચચાલ યદૂદ્વહઃ ।।**
**કૃષ્ણોઽપિ તમહન્ગુર્વ્યા કૌમોદક્યા સ્તનાન્તરે ।।૮।।**

ગદાથી પ્રહાર થવા છતાં પણ ઉત્તમ યાદવ રણભૂમિમાં ડગ્યા નહિ. શ્રીકૃષ્ણે પણ ભારે કૌમોદકીથી છાતીમાં પ્રહાર કર્યો. ૮.

અને ગદાથી પ્રહાર થયો. રણભૂમિમાં ક્રોધ થાય છે, તેથી (રણભૂમિમાં શબ્દથી) પ્રહારનું ક્રૂરપણું જણાવેલું છે. 'યદૂદ્વહઃ' 'ઉત્તમ યાદવ' શબ્દનો એવો અર્થ છે કે (ભગવાને) યાદવલીલાનો સ્વીકાર કરેલો હોવાથી તેવું (પ્રહાર થવાનું) વર્ણન કરવામાં આવે છે. એવી રીતે તેનો અપરાધ કહીને, પછી તેના અપરાધની

---

૧. 'અજ્ઞ' સંબોધનનો સ્તુતિપક્ષમાં 'ન વિદ્યતે જ્ઞઃ યસ્માત્' 'જેનાથી કોઈ વિશેષ જાણનાર નથી તે' એવો અર્થ થાય છે. જૂઓ.૧૦।૨૨।૫ ઉપરનાં શ્રીસુબોધિની.

૧. 'સ્તુતિ કરી' એવો અર્થ લેતાં તે ભક્ત હતો, નિંદાનો અર્થ લેતાં તે શૂરવીર હતો, એવો અર્થ જણાય છે.

શાંતિ (થાય તે) માટે ઉત્તરાર્ધથી ભગવાનની કૃપા કહેલી છે. 'ભારે' વિશેષણથી સાધન (કૌમોદકી ગદાનું) ઉત્તમપણું (કહેલું છે). 'કૌમોદકી' શબ્દથી પોતાની પ્રસિદ્ધ ગદા (જણાવેલી છે). તેનાથી મોક્ષ (થતો હોવાનું) સારી રીતે પ્રસિદ્ધ છે. તેનાથી પણ છાતીમાં (પ્રહાર કર્યો) કે જેથી જીવને બહાર નીકળવામાં (દેહના) છ ચક્રો વીંધવાનો શ્રમ થાય નહિ. ૮.

પછી જે થયું તે નીચેના શ્લોકમાં કહે છેઃ

**ગાઢનિર્ભિન્નહૃદય ઉદ્વમન્ રુધિરં મુખાત્ ।।**
**પ્રસાર્ય કેશબાહ્વઙ્ઘ્રીન્ધરણ્યાં ન્યપતદ્વ્યસુઃ ।।૯।।**

હૃદયમાં ઉંડા ચીરાવાળો તે મુખથી લોહી ઓકતો, કેશ હાથ અને પગ લાંબા કરી પ્રાણરહિત થઈ પૃથ્વી પર પડ્યો. ૯.

વાણીની કઠોરતાનો દોષ દૂર થાય તે માટે મુખથી લોહી ઓકવાનું થયું. પછી જાણે કે દયા ઉત્પન્ન કરાવવા માટે હોય તેમ કેશ હાથ અને પગ લાંબા કરી, પૃથ્વી ઉપર ભગવાનનાં ચરણકમલમાં ઉત્તમ પ્રાણવાળો[1] અથવા નીકળી ગએલા[1] પ્રાણવાળો થઈ પડ્યો. પહેલા (પક્ષ)માં ત્યાં જ (પ્રાણો) લઈ જવામાં આવે છે, બીજામાં (તેને) ભોગની જરુર ન રહેવાથી તેણે પ્રાણનો ત્યાગ કર્યો. ૯.

પછી તેને સાયુજ્ય (પ્રાપ્ત) થયું, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તતઃ સૂક્ષ્મતરં જ્યોતિઃ કૃષ્ણમાવિશદદ્ભુતમ્ ।।**
**પશ્યતાં સર્વભૂતાનાં યથા ચૈદ્યવધે નૃપ ।।૧૦।।**

પછી હે નૃપ! જેમ શિશુપાલના વધ સમયે (થએલ) તેમ સર્વ પ્રાણીઓનાં દેખતાં ઘણાં સૂક્ષ્મ અદ્‌ભૂત જ્યોતિએ શ્રીકૃષ્ણમાં પ્રવેશ કર્યો. ૧૦.

આત્મરૂપ જ્યોતિએ શ્રીકૃષ્ણમાં એટલે ભગવાનના ચરણારવિંદમાં (પ્રવેશ કર્યો). આ પ્રસંગના બધા સાક્ષીઓ હતા એમ '(સર્વ પ્રાણીઓના) દેખતાં' શબ્દથી કહેલું છે. 'જેમ શિશુપાલના વધ સમયે (થએલ)' શબ્દોનો એવો અર્થ છે કે શિશુપાલના વધ સમયે તેનાં તેજે દશ દિશાઓનો પ્રકાશ કરતાં ભગવાનમાં પ્રવેશ કરેલો, એવી રીતે આણે પણ કર્યું. ૧૦.

તેનું સાયુજ્ય જોઈને, તેના ભાઈ વિદૂરથે પણ તે પ્રમાણે કરવાની પ્રવૃત્તિ કરી એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**વિદૂરથસ્તુ તદ્‌ભ્રાતા ભ્રાતૃશોકપરિપ્લુતઃ ।।**

---

૧-૧. પહેલા પક્ષ પ્રમાણે તે ભક્ત હોવાથી ઉત્તમ પ્રાણવાળો થઈ ભગવાનના ચરણકમલમાં પડ્યો. ભક્તનાં પ્રાણ ત્યાં જ (ચરણકમલમાં જ) લઈ જવાય છે. બીજા પક્ષ પ્રમાણે તે શૂરવીર યુદ્ધમાં હણાયો, એવો અર્થ જણાય છે.

**આગચ્છદસિચર્માભ્યામુચ્છ્વસંસ્તજ્જિઘાંસયા ।।૧૧।।**

ભાઈના શોકમાં ડૂબેલો તેનો ભાઈ વિદૂરથ તો તેમને પ્રાપ્ત કરવાની ઈચ્છાથી તલવાર અને ઢાલ લઈ નિશ્વાસ નાખતો આવ્યો. ૧૧.

'વિદૂરથ' એ અક્ષરચ્યુતક[૧] અલંકાર છે. વિકટ છે દૂરથી જ રથ જેનો (તે વિદૂરથ) એમ માહાત્મ્ય (જણાવેલું છે). 'તેનો ભાઈ' એટલે દંતવક્રનો ભાઈ, ભાઈના શોકમાં સર્વ તરફથી 'પ્લુતઃ' ડૂબેલો હોઈ તલવાર અને ઢાલ લઈ નિઃશ્વાસ નાખતો આવ્યો. આથી તેનો ક્રોધ સર્પ જેવો (હોવાનું) કહેલ છે. 'તેમને પ્રાપ્ત કરવાની ઈચ્છાથી' શબ્દથી (તેનો) આવવાનો અભિપ્રાય (જણાવેલો છે). ભ્રાંત હોવા છતાં (તે) પ્રવૃત્તિ કરાવનારો હતો[૨]. ૧૧.

**તસ્ય ચાપતતઃ કૃષ્ણશ્ચક્રેણ ક્ષુરનેમિના ।।**
**શિરો જહાર રાજેન્દ્ર સકિરીટં સકુણ્ડલમ્ ।।૧૨।।**

અને હે રાજેન્દ્ર! શ્રીકૃષ્ણે અસ્ત્રાના જેવી ધારવાળા ચક્રથી દોડી આવનારાનું તેનું મુકુટવાળું અને કુંડલવાળું માથું ઉડાડી દીધું. ૧૨.

પછી તે સેવકનો સંબંધી હોવાથી દોડી આવતો હતો ત્યારે જ તેણે પ્રહાર કર્યા પહેલાં જ શ્રીકૃષ્ણે તેનું માથું ચક્રથી ઉડાડી દીધું. (તેમણે) પોતાનાં અલૌકિક સામર્થ્યનો ઉપયોગ કર્યો ન હતો એમ જણાવવા 'અસ્ત્રાના જેવી ધારવાળા' વિશેષણ યોજેલું છે. 'જહાર' એટલે ઉડાડી દીધું. (તે) કુંડલવાળું અને મુકુટવાળું હોવાથી દેવોનું રહેઠાણ હતું, તેથી (દેવોનું રહેઠાણ હોવાથી) તેની મુક્તિ માટેની યોગ્યતા જણાવેલી છે. ૧૨.

હણેલા સાત્ત્વિક રાજસ અને તામસોના ઉપસંહાર કરે છેઃ

**એવં સૌભં ચ શાલ્વં ચ દન્તવક્રં સહાનુજમ્ ।।**
**હત્વા દુર્વિષહૈરન્યૈરીડિતઃ સુરમાનવૈઃ ।।૧૩।।**
**મુનિભિઃ સિદ્ધગન્ધર્વૈ વિદ્યાધરૈર્મહોરગૈઃ ।।**
**અપ્સરોભિઃ પિતૃગણૈર્યક્ષૈઃ કિન્નરચારણૈઃ ।।૧૪।।**
**ઉપગીયમાનવિજયઃ કુસુમૈરભિવર્ષિતઃ ।।**
**વૃતશ્ચ વૃષ્ણિપ્રવરૈર્વિવેશાલંકૃતાં પુરીમ્ ।।૧૫।।**

---

૧. જેમાં અક્ષર પડ્યો મૂકવામાં આવે તે અક્ષરચ્યુતક અલંકાર કહેવાય છે. આમાં 'વિ+દૂર+રથ' એટલે 'વિદૂરરથ' શબ્દ થાય, તેમાંથી એક 'ર' પડતો મૂકી 'વિદૂરથ' કરેલ હોવાથી એ અલંકાર થએલ છે.

૨. વિદૂરથ ભ્રાંત હોવાથી તેની દરકાર કરવી ન જોઈએ, છતાં પણ બીજાઓની યુદ્ધ માટે પ્રવૃત્તિ કરાવતો હોવાથી હણવા યોગ્ય જ હતો, એવો અર્થ છે. (લે)

એવી રીતે સૌભનો અને શાલ્વનો અને નાનાભાઈ સાથે દંતવક્રનો બીજા નિગ્રહ ન થઈ શકે તેવાઓ સાથે નાશ કરીને, દેવો અને મનુષ્યોથી સ્તુતિ કરાતા, અને મુનિઓ, સિદ્ધો, ગંધર્વો, વિદ્યાધરો, મોટા સર્પો, અપ્સરાઓ, પિતૃઓના સમૂહો, કિન્નરો અને ચારણોથી વિજયનું ગાન કરાતા, પુષ્પોની વૃષ્ટિ કરાતા, અને ઉત્તમ યાદવોથી વીંટાએલા (ભગવાને) શણગારાએલી નગરીમાં પ્રવેશ કર્યો. ૧૩-૧૪-૧૫.

('સૌભં' પછીનો) 'ચ' 'અને' શબ્દથી તેની (અંદરની) સેનાનો સમાવેશ કરવા (યોજેલો છે અને) 'શાલ્વ' પછીનો 'ચ' 'અને' શબ્દ તેની માયારૂપ દેવતાએ આપેલ વરદાનનો નાશ દર્શાવવા (યોજેલ છે). વિદૂરથ સાથે દંતવક્રનો બીજા નિગ્રહ ન થઈ શકે તેવા શૂરવીરો સાથે (નાશ કર્યો) એટલે તેઓને પણ હણ્યા એમ (કહેલું છે). હણીને રહેલા (ભગવાન)ની સ્તુતિ કરવામાં આવી, એમ વસ્તુતઃ (રહેવાની) ક્રિયા અધ્યાહાર પણ છે. અથવા 'દેવો અને મનુષ્યોથી' (અને) 'નિગ્રહ ન થઈ શકે તેવા બીજાઓથી' એ પદ યાદવો જણાવનારું છે.૧૩.

તેવી જ રીતે મુનિઓથી આરંભી 'પુષ્પોની વૃષ્ટિ કરાતા' સુધીના શબ્દો થી ભગવાનની યુદ્ધલીલા સમાપ્ત થતી હોવાથી સંતોષને લીધે ઘણી સ્તુતિ એવા પ્રયોજનથી કરેલી છે કે સાંભળનારાઓની યુદ્ધલીલામાં આસક્તિ થાય. પછી પંદરમા શ્લોકના ઉત્તરાર્ધથી ભગવાનનો નગરીમાં પ્રવેશ કહેલો છે. 'હણીને, સ્તુતિ કરાતાએ, પ્રવેશ કર્યો' એમ તેમની ત્રણ ગુણવાળી ત્રણ ક્રિયાઓ કહી. ૧૪-૧૫.

નીચેના શ્લોકમાં ભગવાનની ક્રિયારૂપ લીલાનો ઉપસંહાર કરતાં, (તેમાં) દોષ નથી એમ કહે છેઃ

**એવં યોગેશ્વરઃ કૃષ્ણો ભગવાન્ જગદીશ્વરઃ ।।**
**ઈયતે પશુદૃષ્ટીનાં નિર્જિતો જયતીતિ સઃ ।।૧૬।।**

એ પ્રમાણે શ્રીકૃષ્ણ ભગવાન્ યોગેશ્વર (અને) જગદીશ્વર છે. તે હારે છે અને જીતે છે એમ પશુઓની દૃષ્ટિથી જણાય છે. ૧૬.

શ્રીકૃષ્ણ 'યોગેશ્વર' હોવાથી જેઓ યોગથી ભ્રષ્ટ થએલા તેઓને મુક્ત કર્યા, એ ક્રિયારૂપ લીલાનું એક પ્રયોજન હતું. 'શ્રીકૃષ્ણ' કાલરૂપ હોવાથી ભૂમિનો ભાર હર્યો એ બીજું પ્રયોજન હતું. 'ભગવાન્' શબ્દથી (તેમ કરવાનું) સામર્થ્ય જણાવેલું છે. 'જગદીશ્વર' શબ્દથી (તેમ કરવાનું) આવશ્યકપણું કહેલું છે. એવી રીતે ક્રિયા કરવાનાં પ્રયોજનો કહીને લૌકિક બુદ્ધિથી પ્રાપ્ત થતા પ્રયોજનોની ઉત્તરાર્ધથી નિંદા કરે છે. પશુઓની દૃષ્ટિથી ભગવાન્ હારે છે, જીતે છે અને 'ઈયતે'

જણાય છે એટલે કોઈ સમયે હારે છે, કોઈકને જીતે છે એમ (જણાય છે). આ બંને પણ આગળ પાછળ અનુસંધાન ન રહેતું હોય તેવાઓને જ થાય છે. તેઓ જ પશુઓ છે, કારણ કે તે (શ્રીકૃષ્ણ) પુરુષોત્તમ છે, પરંતુ કોઈ પણ અંશથી બીજી (હલકી) સ્થિતિ પામેલા નથી, એવો અર્થ છે. બીજા પુરાણમાં ભગવાને અહિં શસ્ત્રોનો ત્યાગ (કર્યાનું) કહેલું છે. અહિં ઉપસંહારથી પણ તે જ સૂચવેલ છે. ૧૬.

એવી રીતે ભગવાનની ક્રિયાશક્તિનો ઉપસંહાર કરીને, બલભદ્રને પણ કીર્તિ પ્રાપ્ત થાય તે માટે નીચેના શ્લોકથી આરંભી તેમની ધર્મક્રિયાનું નિરૂપણ કરે છેઃ

**શ્રુત્વા યુદ્ધોદ્યમં રામઃ કુરૂણાં સહ પાણ્ડવૈઃ ।।**
**તીર્થાભિષેકવ્યાજેન મધ્યસ્થઃ પ્રયયૌ કિલ ।।૧૭।।**

કૌરવોનો પાંડવો સાથે યુદ્ધ (કરવા)નો ઉદ્યમ સાંભળીને તટસ્થ રહેનાર બલભદ્ર ખરેખર! તીર્થમાં અભિષેક (કરવા)ના બાનાથી ગયા. ૧૭.

જે સંકટમાં પરિણમે તેનો ત્યાગ જ પ્રથમ ધર્મ છે. તેમાં પણ તે (ધર્મ)ના બાનાથી તીર્થ કરવાં એ ઘણો વધારે (ધર્મ) છે. તેથી યુદ્ધનો ઉદ્યમ સાંભળીને, ભગવાન્ પાંડવોના પક્ષમાં રહેલા હોવાથી પોતે જો કૌરવોના પક્ષમાં રહે તો એકબીજાને જ વિગ્રહ થાય, તેથી તીર્થમાં અભિષેક (કરવા)ના બાનાથી–વાસ્તવિક રીતે તીર્થોની યાત્રા ઈચ્છેલી નહિ હોવાથી (બહાર ફરવાનું) કારણ ન હોવાથી તે (તીર્થયાત્રા)ના બાનાથી જ–બંને પ્રતિ તટસ્થ રહી તીર્થના પ્રદેશોમાં જ ગયા. 'કિલ' 'ખરેખર!' શબ્દથી (તેનું) પ્રમાણ (કહેલું છે). જીવની પેઠે તે તીર્થો કરે તે ભગવત્પણાંથી વિરુદ્ધ હોવાથી, (શ્રીશુકે) પોતે (તે) ન કહેતાં, (પોતાના) હૃદયમાં (તીર્થના) બાનાથી (ગયા હોવાનું) છતાં પણ, લોકના જાણવામાં આવે તે માટે, 'ખરેખર!' એમ કહેલું છે. ૧૭.

પ્રભાસ જઈ, સંકલ્પ કરીને ત્યાંથી નીકળ્યા, એમ કહે છેઃ

**સ્નાત્વા પ્રભાસે સન્તર્પ્ય દેવર્ષિપિતૃમાનવાન્ ।।**
**સરસ્વતીં પ્રતિસ્રોતં યયૌ બ્રાહ્મણસંવૃતઃ ।।૧૮।।**

પ્રભાસમાં સ્નાન કરી, દેવો, ઋષિઓ, પિતૃઓ અને મનુષ્યોને તૃપ્ત કરી, બ્રાહ્મણોથી વીંટાએલા બલભદ્ર સરસ્વતીના કાંઠે–કાંઠે મૂલ તરફ ગયા. ૧૮.

સાત્ત્વિક પ્રકરણમાં ભગવાને ધર્મ આચરવો જોઈએ, અને તે પ્રવૃત્તિરૂપ છે. તે ધર્મ યજ્ઞ અને તીર્થો (કરવા તે) છે, તે 'યજ્ઞો અને વળી તીર્થો હરિએ સમાન કરેલા છે' વાક્યમાં કહેલું છે. યજ્ઞો ભગવાને ધર્મરૂપ કરેલા છે, અને વળી તીર્થો તેમની સમાન કરેલા છે. તે પ્રસંગે વસુદેવ જીવતા હોવાથી, પોતાથી યજ્ઞ કરવાનું

સંભવે તેમ નહિ હતું, અને રાજસૂય વિગેરે ઉત્તમ યજ્ઞ કરવાનું જરાએ સંભવતું ન હતું. તેથી ભગવાને યુધિષ્ઠિરને રાજસૂય કરવામાં સાહાય્ય જ કરેલી. બલભદ્ર તો તીર્થયાત્રાને યજ્ઞની સમાન માનતા હતા, તેથી તે જ કરવાની તેમણે પ્રવૃત્તિ કરી. બાનાથી તીર્થયાત્રા કરવી એ ધર્મ નથી, તેથી પાછળથી ભગવાન્ તીર્થયાત્રા કરવાનું કારણ ઉભું કરશે. તેમ ન થાય તો અધિકાર વિનાનાએ કરેલું ન કરેલું હોવાથી (તીર્થયાત્રાથી) ધર્મ જ થાય નહિ. પ્રભાસમાં અગ્નિકુંડમાં અથવા (નદી સમુદ્રના) સંગમમાં સ્નાન કરીને, પછી દેવો, ઋષિઓ, પિતૃઓ અને મનુષ્યોને બ્રાહ્મણનાં ભોજન વિગેરેથી તૃપ્ત કરીને, સરસ્વતીનાં કાંઠે કાંઠે જ જે પ્રકારે મૂલ તરફ જવાય, તેવી રીતે ગયા. તીર્થયાત્રા પૂર્ણ થાય તે માટે 'બ્રાહ્મણોથી વીંટાએલા' ગયા, કારણ કે બ્રાહ્મણોની રજા વિના તીર્થયાત્રા પૂર્ણ થતી નથી. ૧૮.

**પૃથૂદકં બિન્દુસરસ્ત્રિતકૂપં સુદર્શનમ્ ।।**
**વિશાલં બ્રહ્મતીર્થંચ ચક્રં પ્રાચીં સરસ્વતીમ્ ।।૧૯।।**
**યમુનામનુ યાન્યેવ ગઙ્ગામનુ ચ ભારત ।।**
**જગામ નૈમિષં યત્ર ઋષયઃ સત્રમાસત ।।૨૦।।**

હે ભારત! પ્રાચી સરસ્વતી ઉપરનાં (૧) પૃથૂદક (૨) બિંદુ સરોવર (૩) ત્રિતકૂપ (૪) સુદર્શન (૫) વિશાલ બ્રહ્મતીર્થ અને ચક્રતીર્થ (થઈ), જે યમુનાના જ કાંઠા ઉપર છે તે અને જે ગંગાના કાંઠા ઉપર છે, ત્યાં થઈ, નૈમિષ ગયા, કે જ્યાં ઋષિઓ યજ્ઞ કરતા હતા. ૧૯-૨૦.

જો કે (સરસ્વતીના) મૂલ તરફ જતાં પૃથૂદક વિગેરે તીર્થો અનુક્રમે (આવતાં) નથી, છતાં પણ તીર્થોનાં માહાત્મ્યનો આદર કરી તેઓને ગણાવેલાં છે, અથવા તે કલ્પમાં (તે તીર્થો) તેવાં સ્થલે હતાં. પૃથૂદક વિગેરે છ તીર્થો છે, (તે) સર્વ સ્થલે સરસ્વતી છે. એવી રીતે પ્લક્ષ (પીપરના) વૃક્ષ પાસેથી સરસ્વતી નીકળે છે તે ત્યાં સુધી ગયા. ૧૯.

પછી યમુના જઈ, પ્રવાહ જેમ વહે છે તે પ્રમાણે પ્રયાગ આવ્યા, પછી ગંગાના કાંઠે હરિદ્વાર સુધી અથવા બદ્રિકાશ્રમ સુધી ગયા. પછી વળી ગોમતીના કાંઠે નૈમિષ સુધી આવ્યા. ત્યાં વિલંબ થવાનું કારણ 'જ્યાં ઋષિઓ (યજ્ઞ કરતા હતા)' શબ્દોથી કહેલું છે. કોઈ એક યજ્ઞ તેઓ કરતા હતા. ૨૦.

પછી જે થયું તે નીચેના શ્લોકમાં કહે છેઃ

**તમાગતમભિપ્રેત્ય મુનયો દીર્ઘસત્રિણઃ ।।**
**અભિનન્દ્ય યથાન્યાયં પ્રણમ્યોત્થાય ચાર્ચયન્ ।।૨૧।।**

(તેમના આગમનનો) અભિપ્રાય રાખી લાંબો યજ્ઞ કરનારા મુનીઓએ

આવેલાનો તેમનો નિયમ પ્રમાણે સત્કાર કરી, પ્રણામ કરી ઉભા થઈને (તેમની) પૂજા કરી. ૨૧.

'મુનીઓ' ભવિષ્યમાં આ (બલભદ્ર)થી જ્ઞાનનો ઉપદેશ થશે એમ ભવિષ્યના જ્ઞાનવાળા હતા, (અને) તેથી જ તે પ્રયોજન માટે લાંબો યજ્ઞ કરતા હતા. તેઓએ તેમના આગમનનું અભિનંદન કરી, 'નિયમ પ્રમાણે' એટલે ઉત્તમ ક્ષત્રિય આવતાં જેમ કરવું યોગ્ય હતું તેમ કર્યું. પછી (બલભદ્ર) ભગવાન્ છે એવી બુદ્ધિથી (તેમને) પ્રણામ કરી, ઉભા થઈને (તેમની) પૂજા કરી. ૨૧.

તેમણે (તીર્થ કરવાના) બાનાથી પ્રવૃત્તિ કરેલી, તેથી મુખ્ય સ્વામીનો તેવો (બાનાથી તીર્થ કરે તેવો) અભિપ્રાય નહિ હોવાથી અને (બલભદ્રને) ભગવચ્છાસ્ત્રનું પૂર્ણ જ્ઞાન નહિ હોવાથી સ્મૃતિના નિયમ પ્રમાણે ધર્મને પણ અધર્મ જાણીને, 'ધર્મના સ્થાનમાં અધર્મ (કરવો) યોગ્ય નથી' એમ વિચારીને, તેઓને (ઋષિઓને) સત્કાર કરવાનું ફલ પ્રાપ્ત થાય તે માટે (તેઓ ઉપર) ઉપકાર કરતા હોય તેમ, સૂતનો વધ થાય તે માટે (બલભદ્રે) તેને જોયો, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**સોઽર્ચિતઃ સપરીવારઃ કૃતાત્સનપરિગ્રહઃ ।।**
**રોમહર્ષણમાસીનં મહર્ષેઃ શિષ્યમૈક્ષત ।।૨૨।।**

પરિવાર સાથે પૂજાએલા અને આસનનો સ્વીકાર કરેલા તેમણે મહર્ષિના શિષ્ય રોમહર્ષણને બેઠેલો જોયો. ૨૨.

'પરિવાર સાથે' એટલે બ્રાહ્મણો સાથે, 'કરેલો છે આસનનો સ્વીકાર જેમણે' એમ સ્થિરપણા માટે, ઉપદેશ (કરવા)ની યોગ્યતા માટે અને અભિમાન (જણાય તે) માટે કહેલું છે. રોમહર્ષણ એટલે સૂત (પુરાણી), બ્રાહ્મણોની આગળ ઉંચા આસન ઉપર બેઠો હતો. વળી આ બાલક ન હતો, કારણ કે મહર્ષિ વ્યાસનો શિષ્ય હતો. ૨૨.

એ પ્રમાણે પણ સ્મૃતિથી વિરુદ્ધ (કર્મ) તે કરતો હતો, તેથી (બલભદ્રે) તેના ઉપર ક્રોધ કર્યો, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**અપ્રત્યુથાયિનં સૂતમકૃતપ્રહ્વણાઞ્જલિમ્ ।।**
**અધ્યાસીનં ચ તાન્વિપ્રાંશ્ચુકોપોદ્વીક્ષ્ય માધવઃ ।।૨૩।।**

ઉભો ન થનાર, વિનયથી હાથ નહિ જોડનાર, અને તે વિપ્રોથી ઊંચા આસને બેઠેલા સૂતને જોઈને માધવે ક્રોધ કર્યો. ૨૩.

વાસ્તવિક રીતે બ્રાહ્મણોનો અપરાધ જ તેને શિક્ષા (કરવા)નું કારણ હતો, છતાં પણ તેના ઉપર (બ્રાહ્મણોનો) ક્રોધ થએલ નહિ હોવાથી, બ્રાહ્મણોએ

કોઈક પ્રકારે તેના દોષનું અનુમોદન કરેલું, (તેથી) ઉભો ન થયો તે જ (બલભદ્રે શિક્ષા કરવાનું) કારણ માન્યું. આનું ઉત્તમપણું કોઈ પણ પ્રકારથી થયું હતું, તો પણ ઉત્તમ બ્રાહ્મણથી વધારે થયું ન હતું. જ્યારે બ્રાહ્મણોએ પણ ઉભા થવાનું વિગેરે કર્યું તો પછી આને ઉભા થવામાં શું સંદેહ હતો? તેથી (આવી) રીત નહિ હોવાથી આનામાં ધર્મ નથી. તેથી પાખંડમાં કોઈક લોભ વિગેરેથી પુષ્ટ થએલા ખોટા ધર્મે અહંકાર ઉત્પન્ન કરેલ હોવાથી હાનિકારક જ થએલ છે એમ (વિચારી), તેનામાં રહેલા ધર્મને પાષંડપણું માનીને (બલભદ્રે) ક્રોધ કર્યો. 'સૂત' હોવાથી જાતિમાં હલકો હતો. 'વિનય માટે હાથ જોડેલા ન હતા જેણે' તેવો હતો. વ્રતમાં રહેલો (વ્રત આચરતો) હોય તેણે પણ આટલું કરવું જોઈએ એમ (તેનો) બીજો દોષ કહ્યો. '(તે વિપ્રોથી) ઉંચા આસને બેઠેલા' વિશેષણથી ત્રીજો (દોષ) કહેલો છે. (પોતાના) ઉત્તમપણાને લીધે ઉંચું આસન લીધેલું હોવાથી, બ્રાહ્મણોને (પોતાથી) હલકા કરીને બેઠેલો હતો, અને તેઓ 'વિપ્રાઃ' ઘણું પૂરનારા સર્વના મિત્રો હતો, તેથી તેઓની શાંતિથી (તેમને) દોષ લાગતો ન હતો, એમ (તેમણે માન્યું). (તે) પોતે શિક્ષા કરવાના અધિકારવાળા હતા, તેથી (તેમને) ક્રોધ થયાનું કહેલું છે. 'માધવ' એટલે 'મધુના વંશમાં ઉત્પન્ન થએલા (બલભદ્ર)'. ૨૩.

નીચેના શ્લોકથી આરંભી, તેમની માન્યતા કહેલી છેઃ

**કસ્માદસાવિમાન્વિપ્રાનૃધ્યાસ્તે પ્રતિલોમજઃ ।।**
**ધર્મપાલાંસ્તથૈવાસ્માન્વધમર્હતિ દુર્મતિઃ ।।૨૪।।**

આ પ્રતિલોમથી જન્મેલો આ વિપ્રોથી અને તેવી જ રીતે ધર્મનું પાલન કરનાર અમારાથી શા માટે ઉંચા આસને બેઠો છે? (આ) દુષ્ટ મતિવાળો વધને યોગ્ય છે. ૨૪.

'અસૌ' 'આ' શબ્દથી એમ જણાવ્યું કે આનામાં તેજ જોવામાં આવતું નથી. 'આ વિપ્રો' શબ્દથી (એમ જણાવ્યું છે કે આમનામાં) તેજ દેખાય છે. વળી આ ઉત્તમ (પુરુષ) પણ નથી, કારણ કે પ્રતિલોમથી[૧] જન્મેલો છે. આથી 'જ્ઞાન વધારે હોવાને લીધે (ઉંચા આસને) બેઠો છે' એવો વિચાર ખોટો ઠરાવેલ છે. વિપ્રો જ જ્ઞાનમાં સર્વથી વધારે છે એવો ભાવ છે. વળી આને આ લોકનો ભય તથા પરલોકનો ભય નથી એમ જણાવવા '(વિપ્રોથી અને) તેવી જ રીતે ધર્મનું પાલન કરનાર અમારાથી (ઉંચા આસને બેઠો છે)' એમ બે કહેલ છે. તે માટેની શિક્ષા વધ જ છે એમ 'વધને યોગ્ય છે' શબ્દોથી કહે છે.

---

૧. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રમાંથી ઉપરની જાતની સ્ત્રી અને નીચલી જાતના પુરુષથી જન્મેલો.

'આને બોધ જ આપવો જોઈએ, એવી રીતે વધ કેમ કરવામાં આવે છે?' એવી શંકા થાય, તેથી 'દુષ્ટ મતિવાળો' વિશેષણ યોજેલું છે. દુષ્ટ બુદ્ધિવાળો હોવાથી કહેવામાં આવેલું પણ તે માનશે નહિ. ૨૪.

'જેણે વૃદ્ધોની ઉપાસના કરેલી છે તેવા આને બાલકની પેઠે બોધ જ આપવો જોઈએ' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**ઋષેર્ભગવતો ભૂત્વા શિષ્યોऽધીત્ય બહૂનિ ચ ।।**
**સેતિહાસપુરાણાનિ ધર્મશાસ્ત્રાણિ સર્વશઃ ।।૨૫।।**

ભગવાન્ ઋષિનો શિષ્ય થઈને અને સર્વ પ્રકારે ઈતિહાસ અને પુરાણો સાથે ધર્મશાસ્ત્રોનું અધ્યયન કરીને (આવું વર્તન કરે છે). ૨૫.

ઋષિ મંત્રોનું દર્શન કરનાર છે, તેનો શિષ્ય પણ અલૌકિક અર્થ જાણનારો હોવો જોઈએ, તેમાં પણ 'ભગવાન્' એટલે પ્રભાવવાળા (ઋષિનો આ શિષ્ય છે). માત્ર શિષ્ય છે એટલું જ નહિ, પરંતુ ઘણાં (ધર્મશાસ્ત્રો વિગેરે) ભણેલો છે. 'ચ' 'અને' શબ્દથી (એમ કહેલું છે કે બીજાઓને) ભણાવેલ છે અને (પોતે) અભ્યાસ કરેલો છે. વેદનું અધ્યયન કર્યું હશે એવી શંકા થાય, તેથી તે દૂર કરવા 'ઈતિહાસો અને પુરાણો' એમ કહેલું છે. ઈતિહાસનું શ્રવણ કરવાથી રાજનીતિનું જ્ઞાન થાય છે. તે ન હોય (અને) માત્ર ધર્મ (જાણેલો) હોય તો પણ ગજેંદ્રની પેઠે દુઃખ થાય. પુરાણનું અધ્યયન કરવાથી આશય સહિત ધર્મનું જ્ઞાન થાય છે. ધર્મશાસ્ત્રોથી દેશ કાલ કુલ વિગેરેના પણ ગુણો, ચાલુ સમયના પણ બધાએ જાણવામાં આવે છે, 'સર્વ પ્રકારે' શબ્દથી (એમ કહેલું છે કે) તે બધાનો આશય પણ ઘણાનાં મુખથી (તેણે) જાણેલો છે. ૨૫.

'વિદ્યાએ આનામાં કેમ ગુણો ઉત્પન્ન કર્યા નહિ? આ આવો કેમ થયો?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**અદાન્તસ્યાવિનીતસ્ય વૃથાપણ્ડિતમાનિનઃ ।।**
**ન ગુણાય ભવન્તિ સ્મ નટસ્યેવાજિતાત્મનઃ ।।૨૬।।**

નટની પેઠે, ઈન્દ્રિયોને વશ રાખનાર, વિનયરહિત, (પોતાને) વૃથા પંડિત માનનાર અને જેણે અંતઃકરણ વશ કરેલ નથી તેવાને (વિદ્યા) ગુણ કરતી નથી. ૨૬.

આશ્રય (જે પુરુષમાં રહેલી હોય તે)માં દોષ ન હોય તો વિદ્યા ગુણો ઉત્પન્ન કરે છે. તેમાં ઈન્દ્રિયો વશ ન હોવાપણું એ આશ્રયનો મોટો દોષ છે. 'બ્રહ્માએ ઈન્દ્રિયો પ્રતિકૂલ બનાવેલી છે' એ શ્રુતિ પ્રમાણે, (ઈન્દ્રિયો) કુદરતથી બહિર્મુખ છે, (અને) વિદ્યા (પુરુષને) અંતર્મુખ કરવા ઈચ્છે છે, તે ઈન્દ્રિયો

વિઘ્નકારક હોય ત્યારે થતું નથી, તેથી ઈન્દ્રિયો ઉપર વિજય ઈચ્છવામાં આવે છે. વળી 'વિદ્યા બ્રાહ્મણ પાસે આવી, (અને કહ્યું કે) મારું રક્ષણ કર. હું તારો ખજાનો છું. ઈર્ષ્યા કરનારને, દુષ્ટને, સંયમ વિનાને મને જણાવીશ નહિ. તે પ્રકારે હું વીર્યવાળી થઈશ' એ શ્રુતિ પ્રમાણે વિદ્યા ગ્રહણ કરવામાં વિદ્યાથી વિરુદ્ધ ગુણ ન હોવો એ કારણ છે. વિનય રહિતની વિદ્યા વીર્ય વિનાની હોવાથી તે ગુણો ઉત્પન્ન કરવાની શક્તિવાળી હોતી નથી. '(પોતાને) વૃથા પંડિત માનનાર' શબ્દથી (એમ કહેલું છે કે) બુદ્ધિથી વિદ્યા ગ્રહણ કરવામાં આવે ત્યારે તે પોતાનું કામ કરે છે, તે (વિદ્યા)નાં અભિમાનને લીધે તેણે ગ્રહણ કરેલી જ નથી, પરંતુ જે પાઠ (કર્યા) વિના પણ 'હું પંડિત છું' એમ માને છે, તેને પોતાના માટે (વિદ્યાનું) પ્રયોજન નહિ હોવાથી, તે વિદ્યા ગ્રહણ નહિ જ કરે, (તો પછી) વિદ્યા ફલ કેમ જ ઉત્પન્ન કરે? તેથી પુરાણો વિગેરે ગુણ કરતા નથી.

વળી નટની પેઠે બીજાઓને દેખાડવા માટે જ જે વિદ્યા ગ્રહણ કરે છે, તેને જેમ નટને (ફલ મળતું નથી) તેમ વિદ્યાથી ફલ થતું નથી. વળી જેણે અંતઃકરણ વશ કરેલ નથી તેને અંતઃકરણ ઉપર વિજય (થએલો) નહિ હોવાથી (તેની વિદ્યાએ) ઉત્પન્ન કરેલા ગુણો પણ તામસ વિચારોથી જતા રહે છે. તેથી આ (સૂત)માં (વિદ્યા વિરોધી) બધુંએ હોવાથી, પાંચ દોષો હોવાથી આને વિદ્યાનું ફલ થએલ નથી. ૨૬.

'આના દોષથી આનો જ ભલે વિનાશ થાય. તમારે શું? જેમ વિનય આનો ધર્મ છે, તેમ ક્ષમા તમારો પણ ધર્મ છે. તે (ક્ષમા) ન હોવાથી તમને પણ દોષ જ લાગશે' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**એતદર્થો હિ લોકેઽસ્મિન્નવતારો મયા કૃતઃ ।।**
**વધ્યા મે ધર્મધ્વજિનસ્તે હિ પાતકિનોઽધિકાઃ ।।૨૭।।**

આ પ્રયોજનથી મેં આ લોકમાં અવતાર ધારણ કરેલો છે, કે ધર્મનો દંભ કરનારાઓ મારો વધ કરવા યોગ્ય છે, કારણ કે તેઓ વધારે પાપી છે. ૨૭.

આ (ધર્મનો દંભ કરનારો પ્રતિ ક્ષમા) અધિકારીઓએ કરવા યોગ્ય નથી. તેમ ન હોય (ક્ષમા કરવામાં આવે) તો અધિકારનો સ્વીકાર વ્યર્થ થાય. જે પરમહંસોને સર્વના અપરાધ સહન કરવાનું યોગ્ય છે, તેવું રાજાને પણ હોય તો સર્વનો નાશ થાય. આ પ્રયોજનથી જ મેં અવતાર ધારણ કરેલ છે કે જેથી ધર્મનું રક્ષણ થાય. તેથી તે જ મારે કરવું યોગ્ય છે, અને ધર્મના વિરોધીઓ નાશ કરવા યોગ્ય છે. તેમાં અધર્મ કરનારાઓ કરતાં પણ ધર્મનો દંભ કરનારાઓ દુષ્ટ છે, કારણ કે તેઓ બીજાઓનો પણ નાશ કરે છે. 'કારણ કે તેઓ વધારે પાપી છે'

શબ્દોથી તેઓનો દોષ વધારે હોવાનું કહેલું છે. તેઓ વધારે પાપી છે. મના કરેલ કાર્ય સ્પષ્ટ પ્રકારે કરવું એ અધર્મ છે. તેવું ઘણું કરવું એ મહાપાપ છે. તેમના (તેવા મહાપાપ કરનારાઓ) કરતાં પણ ધર્મનો દંભ કરનારા વધારે (પાપી) છે. 'વિધર્મ અને પરધર્મ' ૭।૧૫।૧૨ વાક્યમાં ('ઉપમા=ઉપધર્મ' શબ્દથી) આ કહેલ છે. તે ઉપધર્મો છે. આવા ગુણવાળાઓ તેમના ગુણો જતા રહે એવી ઈચ્છા કરે ત્યારે પણ તે દૂર થતા નથી, અને (તેમને દૂર કરવાનો) ઉપાય કરવાની ઈચ્છા પણ કરતા નથી. તેથી આ હોય ત્યાં સુધી અધર્મ ચાલુ રહેનાર હોવાથી, (આના) વધની આવશ્યકતા કહેલી છે. ૨૭.

પછી તેમણે જે કર્યું, તે નીચેના શ્લોકમાં કહે છેઃ

**એતાવદુક્ત્વા ભગવાન્નિવૃત્તોઽસદ્વધાદપિ ।।**
**ભાવિત્વાત્તં કુશાગ્રેણ કરસ્થેનાહત્પ્રભુઃ ।।૨૮।।**

આટલું કહીને ભગવાન્ (બલભદ્ર) દુષ્ટોનો વધ કરતાં અટકેલા હોવા છતાં પણ, (તેમ) થવાનું તેથી પ્રભુએ હાથમાં રહેલા કુશની ટોચથી તેને હણ્યો. ૨૮.

તેમણે (તીર્થનો) સંકલ્પ કરેલો ત્યારથી આરંભી દુષ્ટોના વધથી પણ અટકેલા, કારણ કે, વ્રત કરનારને વધ કરવા યોગ્યનો પણ વધ કરવાની (શાસ્ત્રમાં) મના છે. છતાં પણ ઘણા ક્રોધને લીધે (અને) તેમ જ થવાનું (ભાવિ) તેથી, ધર્મનું પાલન કરવા માટે લૌકિક શાસ્ત્રનો ત્યાગ કરી, તે સંજોગોમાં પણ પોતાના હાથમાં રહેલા ઝીણાં જ કુશને (તેને) હણવા માટે લીધું. તે હાથમાં રહ્યું ત્યારે તેની અંદર (બલભદ્રની) ક્રિયાશક્તિ આવી. 'પ્રભુ' શબ્દથી (સૂતનું) મરણ થવાનું અને (તેને બલભદ્રે) મારવાનું કારણ (જણાવેલું છે). ૨૮.

જો કે તેને હણવો એ ધર્મ હતો, છતાં પણ ધર્મની પ્રવૃત્તિ કરાવનારા (બ્રાહ્મણો)ને (તે વધ) ઈષ્ટ ન હતો, તેથી તેઓ ઉદાસ થયા, એમ કહે છેઃ

**હાહેતિ વાદિનઃ સર્વે મુનયઃ ખિન્નમાનસાઃ ।।**
**ઊચુઃ સંકર્ષણં દેવમધર્મસ્તે કૃતઃ પ્રભો ।।૨૯।।**

'હા!, હા!' એમ બોલતા ઉદાસ મનવાળા બધા મુનિઓએ સંકર્ષણ દેવને કહ્યું કેઃ– હે પ્રભુ! આપે અધર્મ કર્યો છે. ૨૯.

પોતે ઈચ્છેલા (પદાર્થ)નો નાશ થવાથી બધાએ 'હા! હા!' એમ બોલ્યા, કારણ કે તેઓ ભગવાનની કથાનું શ્રવણ કરતા હતા, (અને) તે અટકી પડી, તેથી ઉદાસ મનવાળા થયા. કારણ કે તેઓ મુનિઓ હતા. શ્રવણ કરેલા ભગવાન્ મનન કરવા યોગ્ય છે. ગુરુ પાસેથી સાક્ષાત્ અધ્યયનનું કાર્ય થતું હોય ત્યારે મનન

અટકેલું હોય છે. તેથી પ્રસંગને લીધે ઘેર આવેલ આ(સૂત) સર્વનું શ્રવણ કરાવતો હતો, એટલે પ્રયાસ વિના (મુનિઓને) ઈચ્છેલાની પ્રાપ્તિ થઈ હતી, તેનો નાશ થવાથી (તેઓના) મનમાં દુઃખ થયું.

'છતાં પણ અનિષ્ટ થઈ જ ગયું, તેથી શાંત રહેવું જોઈએ. એવી રીતે ઠપકો કેમ દેતા હતા?' એવી શંકા થાય, તેથી 'સંકર્ષણ' શબ્દ યોજેલ છે, કેમ કે તે [1]દ્રષ્ટા અને દશ્યનો મેળ કરાવનાર છે. તેમાં પણ 'દેવ' હોઈ અલૌકિકનો પણ મેળ કરે. તેથી તેમને કહેવું જ જોઈએ, એટલે 'કહ્યું' કે 'તે' 'આપે અધર્મ કર્યો છે'. (તેનો) આ (એવો) અભિપ્રાય છે કે આ અધર્મ આપનો જ થએલ છે, અમારો થએલ નથી. 'હે પ્રભો!' એ સંબોધનથી એમ સૂચવેલું છે કે આપે શક્તિ જ પ્રકટ કરી, પરંતુ જ્ઞાન પ્રકટ કર્યું નહિ. ૨૯.

'અધર્મ કેવી રીતે થયો?' એ જાણવાની ઈચ્છા થાય, તેથી કહે છેઃ

**અસ્ય બ્રહ્માસનં દત્તમસ્માભિર્યદુનન્દન ।।**
**આયુશ્ચાત્માક્લમં તાવદ્યાવત્સત્રં સમાપ્યતે ।।૩૦।।**

હે યદુનંદન! જ્યાં સુધી યજ્ઞ પૂરો થાય ત્યાં સુધી અમે આને બ્રહ્માસન, આયુષ્ય અને દેહને શ્રમ ન થવાપણું આપેલ. ૩૦.

(બ્રાહ્મણ સિવાય) બીજા પાસેથી કથા શ્રવણ કરવામાં આવે તો દોષ લાગે. તેથી (અમે આને) બ્રહ્માસન આપેલું, એટલે જ્યાં સુધી આ આસન ઉપર બેસીને રહે ત્યાં સુધી (આ) બ્રાહ્મણ જ હતો. તેથી જ આ ઉભો થએલ નહિ. તે (મુનિ)ઓએ તો પોતાનું બ્રાહ્મણપણું આ (સૂત)માં મૂકેલું, તેથી તેઓ ઉઠવા છતાં પણ આ ઉઠ્યો નહિ, કારણ કે બ્રાહ્મણ ક્ષત્રિયનો આદર કરતો નથી. અયોગ્ય (પુરુષ)માં બ્રાહ્મણપણું મૂકેલું હોવાથી, ધર્મ તો (તેનો) વધ થવામાં અનુકૂલ થયો. 'અમે' શબ્દથી પોતાની શક્તિ જણાવે છે. 'હે યદુનંદન!' સંબોધનથી બ્રાહ્મણના અભિપ્રાયનું અજ્ઞાન જણાવેલું છે. '(બ્રાહ્મણ તથા ક્ષત્રિયને) પિતા અને પુત્ર જાણવા' એ વાક્ય પ્રમાણે ક્ષત્રિય પુત્ર છે. તેથી તમે પિતા (બ્રાહ્મણ)નો અભિપ્રાય ન જાણો એ યોગ્ય છે એવો (આ વાક્યનો) છૂપો અભિપ્રાય છે. વળી અમારા વચનને પણ આપે ખોટું ઠરાવ્યું એમ 'આયુષ્ય (આપેલ)' શબ્દથી કહેલું છે. જો કે બ્રાહ્મણની કૃતિ ખોટી પણ થાય, છતાં પણ વાણી ખોટી થવા યોગ્ય નથી, અને આને થોડાં આયુષ્યવાળો જાણીને, અમે આને આયુષ્ય આપેલું. જ્યાં સુધી યજ્ઞ પૂરો થાય, ત્યાં સુધી અમારું આયુષ્ય આનામાં રહેલું, તેથી અમારા

---

૧. 'દ્રષ્ટા' એટલે ભગવાન્, અને 'દશ્ય' એટલે પ્રપંચ. સંહાર કરીને પ્રપંચને ભગવાન્ સાથે જોડનાર છે, એવો અર્થ છે. (લે)

આયુષ્યનો પણ ક્ષય થયો. ધર્મ વિગેરે કરવામાં આવતા હોય તેવી સ્થિતિમાં સૂર્ય આયુષ્ય લઈ લેતો નથી[1] એમ અમે કહેલું છે. વળી 'આત્માક્લમં' એટલે 'આત્મનઃ' દેહને 'ક્લમાભાવઃ' શ્રમ ન થવાપણું (આપેલ). તેથી પોતાનું (આયુષ્ય) દાન કરેલ તેનો અને અલૌકિક દાન (દેહને શ્રમ ન થવાપણાં) નો એની મેળે નાશ થયો , એટલે રાડ પડી. ૩૦.

'ત્યારે શું પરિણામ આવ્યું?' એ જાણવાની ઈચ્છા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**અજાનતૈવાચરિતસ્ત્વયા બ્રહ્મવધો યથા ।।**
**યોગેશ્વરસ્ય ભવતો નામ્નાયોઽપિ નિયામકઃ ।।૩૧।।**

બ્રાહ્મણના વધના જેવો (આનો વધ) આપે અજાણતાં જ કરેલો છે. આપ યોગેશ્વરને વેદ પણ શાસક નથી. ૩૧.

આનો વધ બ્રાહ્મણના વધના જેવો હોવાથી મહાપાપ સમાન છે. અજ્ઞાનથી કરેલ હોવાથી પ્રાયશ્ચિત્ત થઈ શકે તેમ છે, ઈચ્છાપૂર્વક બ્રાહ્મણનો વધ કરવામાં આવે તો પ્રાયશ્ચિત્ત (શાસ્ત્રમાં) કહેલું નથી એવો (અર્થ છે).

'ત્યારે શું કરવું?' એ જાણવાની ઈચ્છા થાય, તેથી ઉત્તરાર્ધ કહેલ છે, કારણ કે જે જીવ હોય તેને જ કર્મથી ગુણ અને દોષ થાય છે, આપ તો યોગેશ્વર બ્રહ્મ છો. તેથી વેદ પણ આપનો શાસક નથી. વેદ બધા પદાર્થોને વશ રાખનાર છે. તેથી જો કે આપને વધનો દોષ લાગતો નથી, જૂદા પ્રકારે (આનો વધ) ધર્મે પણ ઈચ્છેલો છે એમ પણ કહેલું છે. ૩૧.

છતાં પણ આપે પ્રાયશ્ચિત્ત કરવું એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**યદ્યેતદ્‌બ્રહ્મહત્યાયાઃ પાવનં લોકપાવન ।।**
**ચરિષ્યસિ ભવાઁલ્લોકસંગ્રહોઽનન્યચોદિતઃ ।।૩૨।।**

હે લોકોને પાવન કરનાર! બીજાએ નહિ પ્રેરેલા આપ જો આ બ્રહ્મહત્યાનું પ્રાયશ્ચિત્ત કરશો તો લોકનું કલ્યાણ થશે. ૩૨.

આવી બ્રહ્મહત્યાનું 'પાવનં' પ્રાયશ્ચિત્ત જો કરશો તો તમારાથી લોકનું કલ્યાણ થશે, નહિ તો નહિ થાય. બીજાથી પ્રેરેલા (આપ પ્રાયશ્ચિત્ત) કરશો તો અમારા વિરોધને લીધે લોકનું કલ્યાણ નહિ થાય.

---

૧. 'મુનિઓએ પોતાનું આયુષ્ય સૂતમાં મૂકેલ હોવાથી, તેઓ કેવી રીતે જીવતા હતા?' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. સૂર્ય એક વર્ષે એક આયુષ્ય લઈ લે છે. પુણ્યથી આયુષ્ય વધે છે અને પાપથી ઘટે છે. તેથી યજ્ઞના આરંભમાં જે આયુષ્ય મુનિઓનું હતું તે યજ્ઞ દરમ્યાન ઘટતું ન હતું, તેથી તેઓ જીવતા હતા એવો ભાવ છે. (લે) ૩।૧૧।૧૨ ઉપરના શ્રીસુબોધિનીજીમાં આ કહેલું છે.

'લોકનું કલ્યાણ ભલે ન થાય' એમ કહેવામાં આવે, તેથી 'હે લોકને પાવન કરનાર!' એ સંબોધન કહેલું છે. લોકને પાવન કરવા માટે જ આપ (ભૂમિ ઉપર) આવેલા છો એવો (અર્થ છે). જેમ (સૂતનો) વધ ન કરો તો અવતાર વ્યર્થ થાય એમ આપે કહ્યું તેવી રીતે પ્રાયશ્ચિત્ત ન કરો તો પણ લોકના ઉપર ઉપકાર નહિ થવાથી (આપનો) અવતાર વ્યર્થ થશે, એવો ભાવ છે. ૩૨.

ઋષિઓએ કહેલું પ્રાયશ્ચિત્ત કરવું એવો નિશ્ચય કરીને, નીચેના શ્લોકમાં (બલભદ્ર તેઓને) પ્રશ્ન કરે છેઃ

**ચરિષ્યે વધનિર્વેશં લોકાનુગ્રહકામ્યયા ।।**
**નિયમઃ પ્રથમે કલ્પે યાવાન્સ તુ વિધીયતામ્ ।।૩૩।।**

લોકનું કલ્યાણ કરવાની ઈચ્છાથી હું (અલ્પ) વધનું પ્રાયશ્ચિત્ત કરીશ. પ્રાયશ્ચિત્તના ઉત્તમ પ્રકારમાં જેટલો નિયમ હોય તે કહો. ૩૩.

'વધનિર્વેશઃ' એટલે વધનું પ્રાયશ્ચિત્ત. લોકને પાવન કરવાના સાધન (તરીકે પ્રાયશ્ચિત્ત)નો સ્વીકાર કરીને 'લોકને પવિત્ર કરવાની ઈચ્છાથી' શબ્દ યોજેલ છે. તેથી (પ્રાયશ્ચિત્તના) હલકા પ્રકારને તજીને મુખ્ય પ્રકાર જ કહો એમ ઉત્તરાર્ધથી કહે છે. મુખ્ય પ્રકારમાં જેટલું વ્રત કરવાનું છે તેટલું વેદમાં કહેલ નથી, તેથી સંક્ષેપનો ત્યાગ કરીને તે (મુખ્ય પ્રકાર) કહો. ૩૩.

પછી તમારું બીજું પણ ઈચ્છેલું કરીશ, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**દીર્ઘમાયુર્બતૈતસ્ય સત્ત્વમિન્દ્રિયમેવ ચ ।।**
**આશંસિતં યત્તદ્ બ્રૂત સાધયે યોગમાયયા ।।૩૪।।**

આનું લાંબુ આયુષ્ય, બલ અને વળી ઈન્દ્રિય જે ઈચ્છેલું હોય તે કહો. હું યોગમાયાથી પ્રાપ્ત કરાવીશ. ૩૪.

જેમ આનું લાંબુ આયુષ્ય 'સત્ત્વ' બલ અને ઈન્દ્રિયોનું સામર્થ્ય, 'ચ' 'અને' શબ્દથી (જણાવેલું) બીજું જે કાંઈ જ તમે ઈચ્છેલું હોય તે અને પહેલાં ન ઈચ્છેલું હોય (અને તે હવે ઈચ્છતા હો) તે બધું હું યોગમાયાથી પ્રાપ્ત કરાવીશ. ૩૪.

પછી સંતોષ પામેલા ઋષિઓએ, સંદેહવાળા હોઈ, (બલભદ્રની) પરીક્ષા કરવા માટે, 'આપણે બે પરસ્પર વિરુદ્ધ (કાર્ય) કહેવાં. જો આ તેનું સમાધાન જાણે તો આનું કહેલું થશે' એવા વિચારથી તેવું (તેમને) નીચેના શ્લોકમાં કહ્યુંઃ

।। ઋષયઃ ઊચુઃ ।।

**અસ્ત્રસ્ય તવ વીર્યસ્ય મૃત્યોરસ્માકમેવ ચ ।।**

**યથા ભવેદ્વચઃ સત્યં તથા રામ વિધીયતામ્ ।।૩૫।।**

હે રામ! જે પ્રકારે અસ્ત્રનું, આપના વીર્યનું, મૃત્યુનું અને વળી અમારા વચનનું સત્યપણું થાય તે પ્રકાર કરો. ૩૫.

અહિં ચારે કાર્ય કરેલ છે. (૧) અસ્ત્રે (૨) આપના વીર્યે (૩) મૃત્યુએ અને (૪) અમે. તેમાં જો આ (સૂત) જીવે તો (પહેલાં) ત્રણ ખોટાં થાય; પરંતુ જીવતો ન થાય તો અમો અને 'ચ' 'અને' શબ્દથી (સૂચવેલું) તમારું વચન (ખોટાં થાય). હે રામ! જે પ્રકારે આ ચારે સત્ય થાય તે પ્રકાર કરો, એમ (કહ્યું). ૩૫.

નીચેના એક જ (શ્લોક)થી ચારેનો નિર્ણય કહે છેઃ

।। શ્રીબલદેવ ઉવાચ।।

**આત્મા વૈ પુત્ર ઉત્પન્ન ઈતિ વેદાનુશાસનમ્ ।।**
**તસ્માદસ્ય ભવેદ્વક્તા આયુરિન્દ્રિયવીર્યવાન્ ।।૩૬।।**

'પોતે જ પુત્ર થાય છે' એવી વેદની આજ્ઞા છે. તેથી આનો (પુત્ર) આયુષ્યવાળો ઈન્દ્રિયની શક્તિવાળો અને બલવાળો (તમને પુરાણ) સંભળાવ-નાર થશે. ૩૬.

''અંગે અંગમાંથી ઉત્પન્ન થાય છે, હૃદયમાંથી જન્મે છે, (તેવો) આત્મા જ 'પુત્ર' નામનો છે. તે એકસો શરદ જીવો'' એવી (વેદની આજ્ઞા) છે. જો કે આ (પુત્રને પિતા ગણવો તે) હલકો પ્રકાર છે, તો પણ ઉત્તમ (પ્રકાર) ન (સંભવતો) હોય ત્યાં કરવામાં આવે છે, કારણ કે વેદની આજ્ઞા છે. તેથી પુરાણ સંભળાવનાર, આયુષ્યવાળો, ઈન્દ્રિયની શક્તિવાળો અને બલવાળો (આનો પુત્ર) આ જ થાય, તો અસ્ત્ર, મારું વીર્ય, અને તેનાથી થએલ આનું મૃત્યુ ખોટાં થતાં નથી. 'સામાન્ય (પુરુષ)માંથી વિધિને અનુસરીને જન્મેલો (તેનો) પ્રતિનિધિ થાય છે' એવો નિયમ હોવાથી આના સંબંધમાં પણ તેવો પ્રકાર થાઓ, એમ સૂચવેલું છે. ૩૬.

વળી જો કે આ તમારું સંપૂર્ણ રીતે ઈચ્છેલું નથી, છતાં પણ આના બદલામાં બીજું કહો (માગો), એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**કિં વઃ કામો મુનિશ્રેષ્ઠા બ્રૂતાહં કરવાણ્યથ ।।**
**અજાનતસ્ત્વપચિતિં યથા મે ચિન્ત્યતાં બુધાઃ ।।૩૭।।**

હે ઉત્તમ મુનિઓ! તમારી શું કામના છે (તે) કહો. પછી હું (તે) કરીશ. હે જ્ઞાનીઓ! પ્રાયશ્ચિત્ત નહિ જાણનારનું મારું પ્રાયશ્ચિત્ત બરોબર વિચારો. ૩૭.

'અથ' ત્યાર પછી (કીધા પછી) હું તરત જ તે કરીશ. 'ત્યારે (આપની) પોતાની ઈચ્છાથી જ કાંઈક કરો' એમ કહેવામાં આવે, તેથી ઉત્તરાર્ધ કહેલ છે. 'યથા' બરોબર નિર્ણય કરીને (કહો), કારણ કે તમો જ્ઞાનીઓ છો. તેથી

'અપચિતિં' (બ્રહ્મહત્યાનો) અપરાધ મટાડવાના ઉપાયનો વિચાર કરો, (અને) ત્યાર પછી કહો, એવો અર્થ છે. ૩૭.

(ઋષિઓ) નીચેના શ્લોકથી આરંભી તે (પોતાની કામના) કહે છેઃ

**ઇલ્વલસ્ય સુતો ઘોરો બલ્વલો નામ દાનવઃ ||**
**સદૂષયતિ નઃ સત્રમેત્ય પર્વણિ પર્વણિ ||૩૮||**

ઇલ્વલનો પુત્ર બલ્વલ નામનો ઘોર દાનવ છે. તે પર્વે પર્વે આવીને અમારા યજ્ઞને દૂષિત કરે છે. ૩૮.

પ્રાયશ્ચિત્તનું સાધન પણ (અપરાધની) સમાન[1] હોય છે. ઇલ્વલ પણ બ્રાહ્મણનો વેષ ધારણ કરતો. કોઈ એક સમયે ઋષિના જ વેષમાં રહીને 'અતિથિ અગસ્ત્ય માટે જેણે વાતાપિને રાંધ્યો હતો' તે ઇલ્વલ. તેનો પુત્ર બલ્વલ હતો. સ્વભાવને લીધે પણ તે વધ કરવા યોગ્ય હતો, એમ જણાવવા 'દાનવ' કહેલ છે. 'તેથી (દાનવ હોય તેથી) શું?' એમ પૂછવામાં આવે, તેથી ઉત્તરાર્ધ યોજેલ છે. 'પર્વે પર્વે' એટલે સોમ કાઢવાના દિવસે, પૂર્ણિમાએ. ૩૮.

એવી રીતે તેનો અપરાધ કહીને, શું કરવાનું છે તે કહે છેઃ

**તં પાપં જહિ દાશાર્હ તન્નઃ શુશ્રૂષણં પરમ્ ||**
**પૂયશોણિતવિણ્મૂત્રસુરામાંસાભિવર્ષણમ્ ||૩૯||**

હે શરણ કરવા યોગ્ય! પરૂ, લોહી, વિષ્ઠા, મૂત્ર, મદિરા અને માંસની વૃષ્ટિ કરનાર તે પાપીને હણો. તે અમારી ઉત્તમ સેવા છે. ૩૯.

(તે) પાપી હોવાથી અવશ્ય હણવા યોગ્ય છે. 'હે શરણ કરવા યોગ્ય!' એ સંબોધનથી પોતે શરણ આવેલ હોવાનું અને તે (બલભદ્ર) તેઓ (શરણ આવેલાઓ)નું પાલન કરનાર હોવાનું જણાવેલું છે. (તેને હણો) તે જ (અમારે) જરુરી હોવાથી અને (અમારું) દુઃખ મટાડનારું હોવાથી અમારી સેવા છે. જો કે ચરણ ચાંપવા વિગેરે પણ સેવા છે, છતાં પણ તે (તેને હણો તે) ઉત્તમ સેવા છે. તેનો (યજ્ઞને) દૂષિત કરવાનો પ્રકાર ઉત્તરાર્ધથી કહેલો છે. (તેને હણો તે) ઉત્તમ સેવા છે એમ જણાવવા આ પછી કહેલ છે, કે પરૂ વિગેરે છ (પદાર્થો)ની વૃષ્ટિ જેનાથી થાય છે તેવો (તે છે). ૩૯.

એવી રીતે પોતાનું ઇચ્છેલું કહીને, તે કરવાથી અમને સંતોષ થતાં, આપને કરવાનું પ્રાયશ્ચિત્ત ઘણી સહેલાઈથી જ થશે, એમ કહે છેઃ

**તતશ્ચ ભારતં વર્ષં પરીત્ય સુસમાહિતઃ ||**

---

૧. બ્રાહ્મણ બનેલ સૂતને હણ્યો, એ અપરાધ હતો. તેનું પ્રાયશ્ચિત્ત પણ બ્રાહ્મણ બનતો તેવા ઇલ્વલના પુત્રને હણવાથી થશે. એવો ભાવ જણાય છે.

**ચરિત્વા દ્વાદશાન્ માસાન્ તીર્થસ્નાયી વિશુધ્યસે ॥૪૦॥**

પછી ચિત્ત વશ રાખી ભારતવર્ષની પ્રદક્ષિણા કરી, બાર માસ સુધી વ્રતો આચરી તીર્થમાં સ્નાન કરતાં પવિત્ર થશો. ૪૦.

સંપૂર્ણ ભારતવર્ષની પ્રદક્ષિણા કરવી. આ (પ્રાયશ્ચિત્તનો) મુખ્ય પ્રકાર છે. તે (પ્રદક્ષિણા)નો પ્રકાર 'ચિત્ત વશ રાખી' શબ્દથી કહેલો છે. 'બાર માસ સુધી વ્રત આચરી' એમ શૂદ્રની હત્યાના પ્રાયશ્ચિત્તનાં વ્રતનો ઉપદેશ કરેલો છે. પછી એક વર્ષ સુધી તીર્થમાં સ્નાન કરવાથી અથવા છેવટના (તીર્થમાં સ્નાન કરવા)થી 'વિશુધ્યસે' શુદ્ધ થશો. યાત્રા બ્રહ્મહત્યાનું પ્રાયશ્ચિત્ત છે. શૂદ્રની હત્યાનું (પ્રાયશ્ચિત્ત) તો સમય છે. બલ્વલના વધથી અમને સંતોષ થશે, પ્રતિનિધિનું (સૂતને ઠેકાણે તેના પુત્રનું) સ્થાપન કરવાથી વચન વિગેરે સત્ય થશે, એટલે બધું યોગ્ય થવાથી તમે શુદ્ધ થશો. ૪૦.

**ઈતિ શ્રીલક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીમદ્‌વલ્લભદીક્ષિતે રચેલી શ્રીમદ્‌ભાગવતની સુબોધિનીમાં દશમાસ્કંધના વિવરણમાં દશમા સ્કન્ધના ઉત્તરાર્ધના ઓગણત્રીસમા અને સળંગ પંચોતેરમા અધ્યાયનું વિવરણ સંપૂર્ણ.**

# અધ્યાય છોતેરમો.

## બલદેવજીએ કરેલો બલ્વલનો વધ.

**કીર્ત્યભાવે સુસંસિદ્ધે કીર્તિહેતૂ બલઃ સ્વયમ્ ।।**
**ત્રિંશત્તમે તથાધ્યાયે ચકારેતિ નિરૂપ્યતે ।।૧।।**

કીર્તિની હાનિ સારી રીતે થતાં, ત્રીસમા અધ્યાયમાં તો બલભદ્રે પોતે ખચિત કીર્તિના સાધનો[૧] કર્યાં, એમ કહેવામાં આવે છે. કા.૧.

તે પૈકી આરંભમાં બલ્વલનો વધ (કરવા) માટે સમયની રાહ જોઈ. પછી નીચેના શ્લોકમાં બલ્વલ આવ્યાનું કહે છેઃ

।। શ્રીશુક ઉવાચ ।।

**તતઃ પર્વણ્યુપાવૃત્તે પ્રચણ્ડઃ પાંશુવર્ષણઃ ।।**
**ભીમો વાયુરભૂદ્રાજન્પૂયગન્ધસ્તુ સર્વશઃ ।।૧।।**

હે રાજન્! પછી પર્વ આવતાં ધૂળની વૃષ્ટિ કરતો, પ્રચંડ, ભયાનક, પરૂની ગંધવાળો વાયુ સર્વ તરફથી થયો. ૧.

દાનવો અદશ્ય જ હોવાથી, તે (બલ્વલ)નું કાર્ય જોવામાં આવ્યું, તેનું વર્ણન કરે છે કે પછી પ્રચંડ 'પાંશુવર્ષણઃ' ધૂળની વૃષ્ટિ કરતો ભયાનક વાયુ જણાયો. આ તેઓનું પહેલું કાર્ય છે. પાછળથી મોટું સૈન્ય આવશે એમ જણાવવા માટે 'હે રાજન્!' એવું સંબોધન કરેલું છે. પછી મદિરા માંસ વિગેરે વૃષ્ટિ કરવા માટે (તે) લાવેલ હોવાથી સર્વ તરફથી (વાયુ) પરૂની ગંધવાળો થયો. ૧.

**તતોઽમેધ્યમયં વર્ષં બલ્વલેન વિનિર્મિતમ્ ।।**
**અભવદ્યજ્ઞશાલાયાં સોઽન્વદશ્યત શૂલધૃક્ ।।૨।।**

પછી બલ્વલે કરેલી અપવિત્ર પદાર્થોની વૃષ્ટિ યજ્ઞશાલામાં થઈ. શૂલ ધારણ કરનારો તે પછી દેખાયો. ૨.

પછી યજ્ઞશાલામાં અપવિત્ર પદાર્થોની વૃષ્ટિ થઈ, તેથી એવો નિશ્ચય થયો કે તે (બલ્વલે કરેલો) જ ઉપદ્રવ છે. પછી તે પણ દેખાયો. 'શૂલ ધારણ કરનારો' વિશેષણ એમ જણાવવા યોજેલું છે કે યુદ્ધ માટે મહાદેવ પાસેથી વરદાનમાં તેણે (શૂલ) પ્રાપ્ત કરેલું. ૨.

પછી બલભદ્રને તે દેખાયો તેવા તેના સ્વરૂપનું વર્ણન કરેલ છેઃ

---

૧. તીર્થયાત્રા, ભીમ અને દુર્યોધન વચ્ચે મધ્યસ્થની સ્થિતિ, યજ્ઞ વિગેરે ધર્મ કીર્તિનાં સાધનો છે. તેથી ગયા અધ્યાયમાં કીર્તિની હાનિ થઈ, અને આ અધ્યાયમાં કીર્તિ પ્રાપ્ત થશે, એવો અર્થ છે. (લે)

**તં વિલોક્ય બૃહત્કાયં ભિન્નાઞ્જનચયોપમમ્ ।।**
**તપ્તતામ્રશિખાશ્મશ્રું દંષ્ટ્રોગ્રભ્રુકુટીમુખમ્ ।।૩।।**

મોટા દેહવાળા, જૂદા મશના પર્વત જેવા, તપેલા તાંબાના જેવી ચોટલી અને દાઢીવાળા, દાઢ અને ભયંકર ભ્રુકુટીવાળા મુખવાળા તેને જોઈને...૩.

('મોટા દેહવાળા' વિશેષણથી) આરંભમાં તેને મોટા કદવાળો, જોવાથી પણ ભય ઉત્પન્ન કરનારો અને ઘણા બલવાળો (કહેલો છે). 'જૂદા મશના પર્વત જેવા' વિશેષણથી રંગમાં પણ તે તેવો હોવાનું કહેલ છે. 'અઞ્જનચયઃ' મશનો પર્વત પ્રસિદ્ધ મશના પર્વતથી જૂદો જો આકારવાળો મશનો પર્વત હોય, (એટલે) તે (પર્વત)નો આધિદૈવિક પર્વત જૂદો જો રહેલ હોય તો આ તેની સમાન થાય. એવી રીતે તેની અંદરના તામસભાવને જણાવી, તેમ હોય તો (બલ્વલ) જડ હોવો જોઈએ એવી શંકા થાય, તેથી તેના સ્વરૂપમાં અને રંગમાં રહેલો રાજસભાવ 'તપેલા તાંબાના જેવી ચોટલી અને દાઢીવાળા' વિશેષણથી કહે છે. અગ્નિમાં તપેલા તાંબાના જેવી ચોટલી એટલે કેશો અને દાઢીના વાળો હતા જેના તેવા તેને (જોઈને...) દાઢોવાળું અને ભયંકર ભ્રુકુટીવાળું મુખ, દાઢોથી ભયંકર (હતું જેનું) તેવો, એટલે આ સર્વ પ્રકારે વધ કરવા યોગ્ય જ હતો, એમ (જણાવેલું છે). ૩.

**સસ્માર મુસલં રામઃ પરસૈન્યવિદારણમ્ ।।**
**હલં ચ દૈત્યદમનં તે તૂર્ણમુપતસ્થતુઃ ।।૪।।**

બલભદ્રે શત્રુઓના સૈન્યનો નાશ કરનાર મુસલનું અને દૈત્યોને પીડા કરનાર હલનું સ્મરણ કર્યું. તે બે તરત નજીક આવ્યાં. ૪.

બલભદ્રે મુસલ અને હલરૂપ પોતાનું શસ્ત્ર જે દ્વારકામાં હતું, અથવા પાતાલમાં કે વૈકુંઠમાં હતું તેનું સ્મરણ કર્યું, કારણ કે (તે) 'રામઃ' સર્વને આનંદ કરનાર હતા. 'પરસૈન્યવિદારણમ્' 'શત્રુઓના સૈન્યનો નાશ કરનાર' વિશેષણ પહેલાંની પેઠે કહેલું છે. હલ પણ તેવું હતું. 'ચ' અને શબ્દથી તેના ગુણો ખેંચવું વિગેરેની સરસાઈ નથી (એમ જણાવેલું છે). સ્મરણ કર્યા પછી તરત જ તે બે બલભદ્ર 'ઉપતસ્થતુઃ' સમીપ આવ્યા. ૪.

લીલા કરવાની નહિ હોવાથી બલભદ્રે એક જ પ્રહારથી તેને મારી નાખ્યો એમ કહે છે :

**તમાકૃષ્ય હલાગ્રેણ બલ્વલં ગગનેચરમ્ ।।**
**મુસલેનાહનત્ક્રુદ્ધો મૂર્ધ્નિ બ્રહ્મદ્રુહં બલઃ ।।૫।।**

ગગનમાં ફરનારા, બ્રાહ્મણોના દ્રોહી તે બલ્વલને હલની ટોચથી ખેંચીને ક્રોધ પામેલા બલભદ્રે મુસલથી (તેના) માથામાં પ્રહાર કર્યો. ૫.

આકાશમાં ફરનારો એટલે દૂર રહેલો હોવા છતાં (ખેંચીને પ્રહાર કર્યો). (બલભદ્ર) ભગવાન હોવા છતાં, ક્રોધ પામેલા હોવાથી (તેને) પ્રહાર કર્યો. ક્રોધ (કરવાનું) કારણ 'બ્રાહ્મણોના દ્રોહી' વિશેષણથી કહેલું છે. 'બલઃ' 'બલભદ્ર' શબ્દથી (તેમની તેમ કરવાની) શક્તિ (જણાવેલી છે). ૫.

'તેનાથી કાંઈ પણ પરાક્રમ થયું નહિ' એમ કહેવા માટે, 'તે તરત પડ્યો જ' એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**સો પતદ્ભુવિ નિર્ભિન્નલલાટોઽસૃક્સમુત્સૃજન્ ।।**
**મુઞ્ચન્નાર્તસ્વરં શૈલો યથા વજ્રહતોઽરુણઃ ।।૬।।**

ભાંગી ગએલા લલાટવાળો, લોહી નીકળતો તે દુઃખની રાડ પાડતો, વજ્રથી હણાએલા લાલ પર્વતની પેઠે ભૂમિ ઉપર પડ્યો. ૬.

'ભૂમિ ઉપર (પડ્યો)' શબ્દથી તેની પણ મુક્તિ (જણાવેલી છે). 'ભાંગી ગએલા લલાટવાળો' વિશેષણ પ્રહાર જણાવનારું છે. 'લોહી નીકળતો' વિશેષણથી ભારે પ્રહાર (જણાવેલ છે). 'દુઃખની રાડ પાડતો' શબ્દ (એમ) જણાવનારો છે, કે તેણે સામો ઉપાય કરેલ ન હતો. (આ શબ્દથી) મુક્તિ થાય તે માટે પોતાની ઉપર દયા (કરવાનું) જણાવેલ છે. તેવો (દુઃખની રાડ પાડતો) હોવા છતાં પણ હણવા યોગ્ય જ હતો એમ જણાવવા 'વજ્રથી હણાએલા પર્વતની પેઠે' એવું દૃષ્ટાંત કહેલું છે. 'અરુણઃ' એટલે લાલ રંગના[1] પર્વત (પેઠે પડ્યો). ૬.

પછી (પોતાનું) ઈચ્છેલું સિદ્ધ થતાં, ઋષિઓએ સ્તુતિ વિગેરે કર્યા, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**સંસ્તુત્ય મુનયો રામં પ્રયુજ્યાવિતથાશિષઃ ।।**
**અભ્યસિઞ્ચન્મહાભાગા વૃત્રઘ્નં વિબુધા યથા ।।૭।।**

મહાભાગ્યવાન મુનિઓએ બલભદ્રની સ્તુતિ કરીને, (તેમને) સત્ય આશિષો આપીને, જેમ દેવોએ વૃત્રને હણનારો અભિષેક કરેલો, તેમ (તેમનો) અભિષેક કર્યો. ૭.

સ્તુતિ પોતાનો (મુનિઓનો) સંતોષ જણાવનારી છે. પછી પ્રસન્ન થએલાઓએ સત્ય આશિષો આપી. પછી સર્વ પુરુષાર્થો પ્રાપ્ત થાય તે માટે અભિષેક કર્યો.

'ઘણા દયાળુ વ્રત આચરનાર (બલભદ્રે) એમ કેમ કર્યું?' એવી શંકાનું નિવારણ કરવા, અને '(ઋષિઓની) ઘણી પ્રાર્થનાને લીધે જ (બલભદ્રે તેને)

---

૧. રંગે મશ જેવો હતો, પણ લોહી નીકળવાથી લાલ થએલો. તેથી 'લાલ રંગના પર્વત પેઠે પડ્યો' એવું દૃષ્ટાંત આપેલું જણાય છે.

હણ્યો, પરંતુ પોતાથી જ હણ્યો ન હતો' એમ જણાવવા, 'જેમ દેવોએ વૃત્રને હણનારનો અભિષેક કર્યો' એવું દૃષ્ટાંત કહેલું છે. વૃત્ર હણાતાં જેમ દેવોએ ઇંદ્રનો અભિષેક કરેલો, (તેમ અભિષેક કર્યો) એવો અર્થ છે. આથી તેમનાં બધાં પાપોનો નાશ (થએલો) કહેલ છે. ૭.

**વૈજયન્તીં દદુર્માલાં શ્રીધામામ્લાનપઙ્કજામ્ ।।**
**રામાય વાસસી દિવ્યે દિવ્યાન્યાભરણાનિ ચ ।।૮।।**

તેઓએ રામને લક્ષ્મીના ધામરૂપ ન કરમાય તેવાં કમળોની વૈજયંતી માલા, બે દિવ્ય વસ્ત્રો અને દિવ્ય આભૂષણો આપ્યાં. ૮.

પછી કીર્તિ વિગેરેની વૃદ્ધિ થાય તે માટે વૈજયંતી માલા આપી. વૈજયંતી ચરણ સુધી લટકતી હોય છે. 'શ્રીધામ' 'લક્ષ્મીના ધામરૂપ' પદથી સ્થિર લક્ષ્મી હોવાનું (જણાવેલું છે). 'ન કરમાય તેવા' વિશેષણથી (એમ કહેલું છે કે) દોષ (રહેલ) નથી. 'કમળો' શબ્દથી ગુણો (હોવાનું જણાવેલું છે). પછી 'રામાય' સર્વના રમણરૂપ (બલભદ્ર)ને બે દિવ્ય વસ્ત્રો અને દિવ્ય આભરણો (તેમની) લૌકિક શોભા ઉત્તમ થાય તે માટે આપ્યા. ૮.

**અથ તૈરભ્યનુજ્ઞાતઃ કૌશિકીમેત્ય બ્રાહ્મણૈઃ ।।**
**સ્નાત્વા સરોવરમગાદ્યતઃ સરયુરાસ્રવત્ ।।૯।।**

પછી તેઓની આજ્ઞા લઈ, બ્રાહ્મણો સાથે કૌશિકી આવી (તેમાં) સ્નાન કરીને, જેમાંથી સરયુ નીકળે છે તે સરોવર ગયા. ૯.

એવી લૌકિક અને અલૌકિક ઘણી શોભાવાળા થઈ, તેઓની આજ્ઞાનું પાલન કરવા 'તૈરભ્યનુજ્ઞાતઃ' તેઓએ તીર્થયાત્રા કરવા માટે આજ્ઞા કરેલા બલભદ્ર બ્રાહ્મણોની સાથે કૌશિકી નદી ગયા. ત્યાંથી ઉત્તરના પ્રદેશમાં જે 'કોટા' ગામથી આવે છે તે કૌશિકી. તેમાં સ્નાન કરીને તે જ માર્ગે બલભદ્ર માન સરોવર ગયા. ૯.

**અનુસ્રોતેન સરયું પ્રયાગમુપગમ્ય સઃ ।।**
**સ્નાત્વા સન્તર્પ્ય દેવાદીન્જગામ પુલહાશ્રમમ્ ।।૧૦।।**

સરયુના પ્રવાહના માર્ગે પ્રયાગ જઈ, સ્નાન કરી, દેવો વિગેરેને સારી રીતે તૃપ્ત કરી, તે પુલહના આશ્રમે ગયા. ૧૦.

તે (માન) સરોવરમાંથી ઘણી નદીઓ નીકળેલી છે. સરયુ પણ તેમાંથી નીકળેલી છે. તેથી તેની સાથે એટલે સરયુના પ્રવાહના માર્ગે અયોધ્યા સુધી આવીને, પછી (બલભદ્ર) પ્રયાગ ગયા. 'સરયુ' શબ્દ છે અને 'સરયૂ' શબ્દ (પણ) છે. 'સરઃ' એ 'જલ'નું નામ છે. 'સરઃ' જલને 'યુનક્તિ' ભેગાં કરે તે (સરયુ). પછી પ્રયાગ તીર્થોનો રાજા હોવાથી ત્યાં ઉત્તમ પ્રકારે સ્નાન વિગેરે કર્યાં, એમ

'સ્નાન કરી, (દેવો વિગેરેને) સારી રીતે તૃપ્ત કરી' શબ્દોથી કહેલું છે. ત્યાંથી ઉત્તરના પ્રદેશમાં પુલહના આશ્રમે હરિક્ષેત્ર ગયા. ૧૦.

**ગોમતીં ગણ્ડકીં સ્નાત્વા વિપાશાં શોણ આપ્લુતઃ ।।**
**ગયાં ગત્વા પિતૄનિષ્ટ્વા ગઙ્ગાસાગરસઙ્ગમમ્ ।।૧૧।।**

ગોમતી, ગંડકી અને વિપાશામાં સ્નાન કરીને, શોણમાં સ્નાન કર્યું. ગયા જઈ પિતૃઓનું પૂજન કરી, ગંગા અને સાગરના સંગમે ગયા. ૧૧.

જતાં મધ્યે જ ગોમતીમાં, ગંડકીમાં સ્નાન કરીને (ગયા).'વિપાશા' કોઈ એક નાની (નદી) હરિક્ષેત્રની સમીપમાં જ પાંચ નદીઓમાં મળે છે. બીજી વિપાશા તો કાશ્મીર દેશમાં છે. ત્યાંથી ગંગા ઉતરીને શોણ આવ્યા. તે પણ મોટો નદ હોવાથી 'શોણમાં સ્નાન કર્યું' એમ કહેલું છે. પછી ગયા જઈને, પિતૃઓનું સામાન્ય રીતે, અથવા દાદા, તેમના પિતા વિગેરેનું પૂજન કરીને ગયા. જેના પિતા જીવતા હોય, તેને માત્ર ગયા જવાની શાસ્ત્રમાં મના છે, પરંતુ યાત્રામાં (ગયા જવાની) મના નથી, એવો ભેદ છે. પછી ગંગા અને સાગરના સંગમે ગયા. સર્વ સ્થલે સ્નાન, (દેવો વિગેરેની) તૃપ્તિ વિગેરે કર્યા. ૧૧.

**ઉપસ્પૃશ્ય મહેન્દ્રાદ્રૌ રામં દૃષ્ટ્વાભિવાદ્ય ચ ।।**
**સપ્તગોદાવરીં વેણાં પમ્પાં ભીમરથીં તતઃ ।।૧૨।।**

મહેન્દ્ર પર્વત ઉપર જઈ, પરશુરામનાં દર્શન કરી અને તેમને પ્રણામ કરી, પછી સપ્તગોદાવરી, વેણા, પંપા અને ભીમા ગયા. ૧૨.

પછી રસ્તામાં (આવતું) પુરુષોત્તમસ્થાન તે સમયે માત્ર સ્થાન હતું, ભગવાન ત્યાં ન હતા, તેથી તેનું વર્ણન નહિ કરતા, 'મહેંદ્ર પર્વત ઉપર ગયા' (એમ કહેલું છે). ત્યાં પરશુરામનાં દર્શન કરી, અને તે મોટા હોવાથી તેમને પ્રણામ કરી, પછી સપ્તગોદાવરી, જ્યાં સાત પ્રવાહ થઈને ગોદાવરી સમુદ્રને મળે છે ત્યાં ગયા. પછી કૃષ્ણવેણી, એટલે તેનો પણ સંગમ થાય છે ત્યાં ગયા. પછી દેશની અંદર આવીને જ્યાં (ભીમા) અટકે છે કૃષ્ણાને મળે છે ત્યાં સંગમ ઉપર અથવા પાંડુરંગ પાસે ભીમા ગયા. અને વિદ્યાનગરની સમીપ પંપા સરોવર ગયા. ૧૨.

**સ્કન્દં દૃષ્ટ્વા યયૌ રામઃ શ્રીશૈલં ગિરિશાલયમ્ ।।**
**દ્રવિડેષુ મહાપુણ્યં દૃષ્ટ્વાદ્રિં વેઙ્કટં પ્રભુઃ ।।૧૩।।**
**કામકોષ્ણીં પુરીં કાઞ્ચીં કાવેરીં ચ સરિદ્વરામ્ ।।**
**શ્રીરઙ્ગાખ્યં મહાપુણ્યં યત્ર સંનિહિતો હરિઃ ।।૧૪।।**

બલભદ્ર કાર્તિકેયનાં દર્શન કરીને શંકરના ધામ શ્રીશૈલ (પર્વત) ઉપર ગયા. દ્રવિડ દેશમાં ઘણા પવિત્ર વેંકટ પર્વતનાં દર્શન કરીને શક્તિમાન (બલભદ્ર)

કામકોષ્ણી, કાંચીપુરી, ઉત્તમ નદી કાવેરીએ ઘણું પવિત્ર શ્રીરંગનામનું (તીર્થ) જ્યાં હરિ રહેલા છે ત્યાં ગયા. ૧૩-૧૪.

ત્યાં જ કાર્તિકેયનાં દર્શન કરીને, પછી શ્રીશૈલ ગયા. આથી એમ કહેલું છે કે દેશની અંદર ફરીને પણ તેમણે બધાં તીર્થો કર્યાં. પછી 'પૂર્વદેશમાં શ્રીશૈલ એવી રીતે શા માટે ગયા?' એ જાણવાની ઈચ્છા થાય, તેથી 'શંકરના ધામ' શબ્દ યોજેલ છે. ત્યાં મહાદેવનાં દર્શન કરીને દ્રવિડદેશમાં ઘણું શ્રેય કરનાર ભગવદ્રૂપ વેંકટ પર્વતનાં દર્શન કર્યાં, કારણ કે નારાયણની પેઠે તે પર્વત જ વિષ્ણુરૂપ છે. ૧૩.

પછી 'કામાક્ષી' અને 'શિવકાંચી'ના નામથી પ્રસિદ્ધ 'કામકોષ્ણી' (ગયા). પછી ઘણી જ પવિત્ર કાંચી(પુરી ગયા), પછી કાવેરી ઉપર શ્રીરંગના સ્થાને (ગયા), અને ત્યાં ઘણું કલ્યાણ કરનાર શ્રીરંગનાં દર્શન કર્યાં. 'જ્યાં હરિ રહેલા છે' શબ્દોથી બધાં સ્થાનો કરતાં શ્રીરંગનું ઉત્તમપણું કહેલું છે. ૧૪.

**ઋષભાદ્રિં હરેઃ ક્ષેત્રં દક્ષિણાં મથુરાં તથા ॥**
**સમુદ્રસેતુમગમન્મહાપાતકનાશનમ્ ॥૧૫॥**

હરિના ક્ષેત્ર ઋષભ પર્વતે તેમજ દક્ષિણ મથુરા, (અને) મહાપાપનો નાશ કરનાર સમુદ્રના સેતુએ ગયા. ૧૫.

પછી તેના જ બીજા ભાગપર આવેલા ઋષભ પર્વતે ગયા. તે શિવનું ધામ છે કે વિષ્ણુનું? એવો સંદેહ રહે, તેથી નિર્ણય થાય તે માટે 'હરિના ક્ષેત્ર' શબ્દો યોજેલ છે. પછી દક્ષિણ મથુરા જે 'મથુરા(મદુરા)' એવા નામથી પ્રસિદ્ધ છે, પછી સમુદ્રના સેતુએ એટલે સેતુ બાંધેલ છે ત્યાં ગયા. 'મહાપાપનો નાશ કરનાર' વિશેષણથી તેનું માહાત્મ્ય કહેલું છે. તે ઘણું જ પવિત્ર છે, એવો તેનો અર્થ છે.૧૫.

**તત્રાયુતમદાદ્ધેનૂર્બ્રાહ્મણેભ્યો હલાયુધઃ ॥**
**કૃતમાલાં તામ્રપર્ણીં મલયં ચ કુલાચલમ્ ॥૧૬॥**

ત્યાં હલાયુધે દશ હજાર ગાયો બ્રાહ્મણોને આપી, (પછી) કૃતમાલા, તામ્રપર્ણી અને કુલપર્વત મલય ઉપર ગયા. ૧૬.

ત્યાં દશ હજાર ગાયો આપી. 'તીર્થમાં રહેનારાઓને (ગાયો) આપી હશે', એવી શંકા દૂર કરવા 'બ્રાહ્મણોને' શબ્દ યોજેલ છે. જો કે તે સ્થાન (બલભદ્રે) પોતે જ બનાવેલું હતું (છતાં) પછી તેને ઓળખ્યું નહિ, એમ જણાવવા 'હલાયુધે' એમ કહેલું છે. પછી આગળ દક્ષિણ સમુદ્રની સમીપ કૃતમાલા, ત્યાંથી તામ્રપર્ણી અને ત્યાં જ કુલપર્વત મલય જેના ઉપર અગસ્ત્યનું રહેઠાણ છે ત્યાં ગયા. ૧૬.

પછી ત્યાં આવી, તેમણે અગસ્ત્યને નમસ્કાર કર્યા, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તત્રાગસ્ત્યં સમાસીનં નમસ્કૃત્યાભિવાદ્ય ચ ।।**
**યોજિતસ્તેન ચાશીર્ભિરનુજ્ઞાતો ગતોઽર્ણવમ્ ।।**
**દક્ષિણં તત્ર કન્યાખ્યાં દુર્ગાં દેવીં દદર્શ સઃ ।।૧૭।।**

ત્યાં સારી રીતે બેઠેલા અગસ્ત્યને નમસ્કાર કરીને અને અભિવાદન કરીને, તેણે આશિષો આપેલા અને સંમતિ આપેલા (બલભદ્ર) દક્ષિણ સમુદ્રે (ગયા, અને) ત્યાં તેમણે 'કન્યા' નામની દુર્ગા દેવીનાં દર્શન કર્યાં. ૧૭.

'સારી રીતે બેઠેલા' એટલે તપ કરતાં અથવા સ્થિર આસને ભગવાનનું ચિંતર કરતાં બેઠેલા. નમસ્કાર અગસ્ત્યનું માહાત્મ્ય જણાવનારો છે. 'અભિ-વાદન' એટલે પોતાના નામનો ઉચ્ચાર કરીને સાષ્ટાંગ પ્રણામ કરવા તે. 'ચ' 'અને' શબ્દથી એમ જણાય છે કે (બલભદ્રે) તેમની સ્તુતિ પણ કરેલી. તેથી તેણે તેમને આશિષો આપી. ત્યાંથી પણ (જવાની) સંમતિ આપેલા (બલભદ્ર) દક્ષિણ સમુદ્રના સ્થાને, જ્યાં કન્યાકુમારી આવેલ છે ત્યાં ગયા. પછી તેનાં પણ દર્શન કર્યાં, એમ 'ત્યાં કન્યા નામની દુર્ગા (દેવીના દર્શન કર્યાં)' શબ્દોથી કહેલું છે. (તે) લક્ષ્મીના અંશરૂપ નથી એમ જણાવવા 'દુર્ગા' શબ્દ યોજેલ છે. વળી તે 'દેવી' એટલે દેવતારૂપ છે, પહેલાં માનુષી (સ્ત્રીરૂપ) હોવા છતાં દેવતારૂપ થએલી. ૧૭.

**તતઃ ફાલ્ગુનમાસાદ્ય પઞ્ચાપ્સરસમુત્તમમ્ ।।**
**વિષ્ણુઃ સંનિહિતો યત્ર સ્નાત્વાસ્પર્શદ્ગવાયુતમ્ ।।૧૮।।**

પછી જ્યાં વિષ્ણુ સારી રીતે રહેલા છે તે ઉત્તમ ફાલ્ગુન (અથવા) પંચાપ્સરા ગયા. (ત્યાં) સ્નાન કરીને દશ હજાર ગાયોનું દાન કર્યું. ૧૮.

પછી 'ફાલ્ગુન' જ્યાં અનંત શય્યા (વિષ્ણુ શેષ ઉપર પોઢેલા) છે ત્યાં ગયા. ત્યાં પાંચ અપ્સરાઓ જેમણે પોતાના ચરણ પકડેલ તેમનો અર્જુને ઉદ્ધાર કરેલ હોવાથી, તેમના નામથી જ તે પ્રસિદ્ધ થયું, તે 'પંચાપ્સરા'[1] શબ્દથી કહેલું છે. તે ઉત્તમ જ સ્થાન છે. 'જ્યાં વિષ્ણુ સારી રીતે રહેલા છે' શબ્દોથી તે સ્થાનનું ઉત્તમપણું કહેલું છે. ત્યાં પણ સ્નાન કરીને, સમુદ્ર સેતુની પેઠે દશ હજાર ગાયો આપી. ૧૮.

**તતોઽતિવ્રજ્ય ભગવાન્ કેરલાન્ સ્તોક્યગર્તકાન્ ।।**
**ગોકર્ણાખ્યં શિવક્ષેત્રં સાન્નિધ્યં યત્ર ધૂર્જટેઃ ।।૧૯।।**

પછી કેરલ, સ્તોકય અને ગર્તક દેશોમાંથી ઝડપથી જઈને ભગવાન

---

૧. મહાભારત આદિ પર્વ અધ્યાય ૨૧૬-૨૧૭ જૂઓ.

ગોકર્ણ નામનું શિવનું ક્ષેત્ર જ્યાં શંકર સમીપમાં રહે છે ત્યાં ગયા. ૧૯.

પછી 'અતિવ્રજ્ય' તરત જ તે દેશો ઓળંગાય તે માટે ઝડપથી જવાનું (કહેલું છે), કારણકે આ (બલભદ્ર) ભગવાન્ છે. તે દેશના ત્રણ ભેદો 'કેરલ, સ્તોક્ય અને ગર્તક' શબ્દોથી કહેલા છે. તે જ (દેશ) મલ્લિવાર (મલબાર) નામથી પ્રસિદ્ધ છે. પછી આગળ ગોકર્ણ નામના (શિવના ક્ષેત્રે ગયા). મહાદેવને લઈ જતાં રાવણે ત્યાં પધરાવેલા, (પછી) ત્યાંથી (તે તેમને) ઉઠાડી શક્યો નહિ. પછી જોરથી ઉઠાડતા (મહાદેવ) ગાયના કાનના જેવી આકૃતિવાળા થયા. તે (ગોકર્ણ નામનું) શિવનું ક્ષેત્ર છે, જ્યાં શંકર સદાએ સમીપ રહે છે. ૧૯.

**આર્યાં દ્વૈપાયનીં દૃષ્ટ્વા શૂર્પારકમગાદ્બલઃ ।।**
**તાપીં પયોષ્ણીં નિર્વિન્ધ્યામુપસ્પૃશ્યાથ દણ્ડકમ્ ।।૨૦।।**
**પ્રવિશ્ય રેવામગમદ્યત્ર માહિષ્મતી પુરી ।।**
**મનુતીર્થમુપસ્પૃશ્ય પ્રભાસં પુનરાગમત્ ।।૨૧।।**

દ્વૈપાયની આર્યાનાં દર્શન કરીને બલભદ્ર શૂર્પારિક ગયા. તાપી, પયોષ્ણી અને નિર્વિન્ધ્યામાં સ્નાન કરીને, પછી દંડકારણ્યમાં પ્રવેશ કરીને રેવા ઉપર જ્યાં માહિષ્મતી નગરી હતી ત્યાં ગયા. મનુતીર્થમાં સ્નાન કરીને પાછા પ્રભાસ આવ્યા. ૨૦-૨૧.

પછી દ્વૈપાયન(વ્યાસ)ના તપના સંબંધવાળી 'આર્યા' નદીએ ગયા. ત્યાંથી કૃષ્ણવેણી ઉપરના શૂર્પારિક સ્થાનમાં ગયા. ત્યાંથી તાપી નદીએ, ત્યાંથી પયોષ્ણીએ (અને) ત્યાંથી નિર્વિન્ધ્યા (નદી)એ ગયા. ત્યાંથી તેમણે દંડકારણ્યમાં પ્રવેશ કર્યો, અને ત્યાં (તે વનમાં) 'રેવા' એટલે નર્મદા ઉપર જ્યાં મંડપાચલ સમીપ માહિષ્મતી નામની નગરી પહેલાં પ્રસિદ્ધ હતી ત્યાં ગયા. પછી (તેના) કાંઠે જતાં મનુતીર્થમાં સ્નાન કરીને (નર્મદાના) સમુદ્ર સાથેના સંગમ સુધી આવીને, પાછા પ્રભાસ આવ્યા. એવી રીતે ચક્કર લઈને ભારતવર્ષમાં ફરી આવ્યાનું કહેલું છે. આટલાથી પણ વર્ષ પૂરું થયું નહિ. ૨૦-૨૧.

**શ્રુત્વા દ્વિજૈઃ કથ્યમાનં કુરુપાણ્ડવસંયુગે ।।**
**સર્વરાજન્યનિધનં ભારં મેને હૃતં ભુવઃ ।।૨૨।।**

બ્રાહ્મણોથી વર્ણવાતા કૌરવો અને પાંડવોના યુદ્ધમાં (થએલા) સર્વ રાજાઓના વિનાશને સાંભળીને, તેમણે ભૂમિનો ભાર દૂર થએલો માન્યો. ૨૨.

ત્યાંથી પણ આગળ ફરી ફરવા માટે જતાં તે કુરુક્ષેત્રની સમીપ ગયા. ત્યાં રહેનાર બ્રાહ્મણોથી વર્ણન કરાતા, કૌરવ અને પાંડવોના યુદ્ધમાં તે (યુદ્ધ)ના સંબંધવાળા બધા રાજાઓના વિનાશને સાંભળીને, તેમણે ભૂમિનો ભાર દૂર

થએલો માન્યો. ૨૨.

પછી તેમનાથી જ 'ગદાયુદ્ધ પણ થાય છે' એમ સાંભળીને, 'ભૂમિનો ભાર તો દૂર થઈ જ ગયો. (યુદ્ધનું) બીજું કાંઈ પ્રયોજન નહિ હોવાથી, જેમ પાંચ પાંડવો જીવે છે તેમ એક દુર્યોધન પણ ભલે જીવતો રહે. (તેના) મરણથી શું લાભ?' એવો નિશ્ચય કરીને, કુરુક્ષેત્રની પ્રદક્ષિણા કરતાં (બલભદ્ર) ત્યાં આવ્યા, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**સ ભીમદુર્યોધનયોર્ગદાભ્યાં યુધ્યતોર્મૃધે ।।**
**વારયિષ્યન્ વિનશનં જગામ યદુનન્દનઃ ।।૨૩।।**

યુદ્ધભૂમિ ઉપર ગદાઓથી યુદ્ધ કરતા ભીમ અને દુર્યોધનને અટકાવવા માટે તે યદુનંદન કુરુક્ષેત્ર ગયા. ૨૩.

'તે' બલભદ્ર, ભીમ અને દુર્યોધન ગદાઓથી યુદ્ધ કરતા હતા ત્યારે, યુદ્ધ અટકાવવા માટે 'વિનશનં' કુરુક્ષેત્ર આવ્યા. આ સમયે આવવાથી, પક્ષપાતની શંકા રહેતી નહિ હોવાથી તે આવ્યા, કારણ કે તે 'યદુનંદન' એટલે યદુની પેઠે વિચારેલું કાર્ય કરનાર, (અને) સ્નેહ વિગેરેને લીધે પક્ષપાત ન કરે તેવા હતા. ૨૩.

પછી સર્વને શંકા થઈ, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**યુધિષ્ઠિરસ્તુ તં દૃષ્ટ્વા યમૌ કૃષ્ણાર્જુનાવપિ ।।**
**અભિવાદ્યાભવંસ્તૂષ્ણીં કિં વિવક્ષુરિહાગતઃ ।।૨૪।।**

યુધિષ્ઠિર, જોડકાંઓ, શ્રીકૃષ્ણ તથા અર્જુન પણ તેમને તો જોઈને પ્રણામ કરી, 'શું કહેવાની ઈચ્છાથી અહિં આવેલ છે' એવી શંકાથી શાંત રહ્યા. ૨૪.

'તેમને' એટલે બલભદ્રને. 'તુ' 'તો' શબ્દથી એમ સૂચવેલું છે કે સાધારણ પુરુષોને અને પાંડવોનો દ્વેષ કરનારાઓને સુખ થયું. યુધિષ્ઠિર વિગેરેને તો તેથી ઉલટું દુઃખ થયું, એમ બીજા[1] પક્ષનો નિરાસ કરેલો છે. 'જોડકાંઓ' એટલે નકુલ અને સહદેવ, બધાએ પ્રણામ કરી શાંત રહ્યા. 'શું કહેવાની ઈચ્છાથી અહિં આવેલ છે' શબ્દોથી તેઓનો વિચાર કહેલો છે. ક્રિયા કરવાનું પ્રયોજન તો જતું રહેલ, માત્ર વાણી બોલવાની રહી, તેથી તે વાણીની જ શંકા કરતા હતા. ૨૪.

પછી બલભદ્રે પોતે જ પોતાનાં આવવાનું (પ્રયોજન) પ્રકટ કર્યું એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**ગદાપાણી ઉભૌ દૃષ્ટ્વા સંરબ્ધૌ વિજયૈષિણૌ ।।**

---

૧. 'તુ' શબ્દથી પાંડવના પક્ષ સિવાયનાને દુઃખ થયું ન હતું, પરંતુ ઉલટું સુખ થએલ, એમ સૂચવેલું છે, એવો અર્થ જણાય છે.

**મણ્ડલાનિ વિચિત્રાણિ ચરન્તાવિદમબ્રવીત્ ।।૨૫।।**

બંનેને હાથમાં ગદાવાળા, ક્રોધ પામેલા, વિજયની ઈચ્છાવાળા અને જાતજાતના ચક્રાવામાં ફરતા જોઈને તેમણે આ (નીચે પ્રમાણે) કહ્યું. ૨૫.

બંનેના હાથમાં (યુદ્ધ) કરવા માટે ગદા હતી. 'ક્રોધ પામેલા' વિશેષણથી અંદરનું (યુદ્ધનું) સાધન કહેલું છે. 'વિજયની ઈચ્છાવાળા' વિશેષણથી (તેઓ) યુદ્ધથી અટકે તેમ ન હતું એમ જણાવવા (તેઓની) કામના કહેલી છે. 'જાત જાતના ચક્રાવામાં ફરતા' વિશેષણથી તે (વિજય) માટે (તેઓનો) પ્રયત્ન પણ કહેલો છે, કારણકે આવી રીતે પ્રયત્ન કરનારાઓ કોઈ સમયે પોતાની મેળે (પ્રયત્ન કરતાં) અટકતા નથી, તેથી જ્ઞાનથી જ અટકવાનું બને. તેથી જ્ઞાનનો ઉપદેશ કરવા આવેલા (બલભદ્રે તેઓને) 'આ' એટલે (નીચે) કહેવામાં આવશે તે કહ્યું. ૨૫.

આરંભમાં નીચેના શ્લોકમાં બંનેની પ્રશંસા કહે છેઃ

**યુવાં તુલ્યબલૌ વીરૌ હે રાજન્ હે વૃકોદર ।।**
**એકં પ્રાણાધિકં મન્યે ઉતૈકં શિક્ષયાધિકમ્ ।।૨૬।।**

હે રાજન્! હે વૃકોદર! તમે બંને સમાન બલવાળા યોધાઓ છો. એકને બલમાં અધિક અને બીજાને શિક્ષણમાં અધિક હું માનું છું. ૨૬.

'હે રાજન્! હે વૃકોદર!' એમ બંનેને જુદું જુદું સંબોધન કરેલું છે. 'હે રાજન્!' એ સંબોધનથી એવો નિશ્ચય કહેલો છે કે એક પણ (દુર્યોધન) જીવતો હશે તો રાજ્ય પ્રાપ્ત કરશે જ.

'' 'ભીમ અને બલભદ્ર' એવું વાક્ય હોવાથી, દુર્યોધન ભીમની સમાન કેમ (ગણાય)?'' એવી શંકા થાય તેથી ઉત્તરાર્ધ કહેલ છે. એક ભીમને 'પ્રાણ' એટલે બલને લીધે બીજાથી અધિક માનું છું; બીજા રાજા (દુર્યોધન)ને ભીમ કરતાં મેં જ આપેલા શિક્ષણને લીધે અધિક માનું છું. ૨૬.

'ત્યારે એમ છે તો શું થાય?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**તસ્માદેકતરસ્યેહ યુવયોઃ સમવીર્યયોઃ ।।**
**ન લક્ષ્યતે જયોઽન્યો વા વિરમત્વફલો રણઃ ।।૨૭।।**

તેથી સમાન વીર્યવાળા તમો બેમાંથી એકનો અહિં જય અથવા પરાજય જણાતો નથી. નિષ્ફલ યુદ્ધ અટકો. ૨૭.

બલના અંશવાળો શિક્ષણના અંશવાળાની સમાન થશે. એમ છે તેથી વાસ્તવિક રીતે સમાન વીર્યવાળા થયા, એટલે તમો બેમાંથી એકનો પણ જય અથવા 'અન્યઃ' પરાજય જણાતો નથી, તેથી આ નિષ્ફલ દુઃખરૂપ યુદ્ધ અટકો, કારણ કે તે ફલ વિનાનું છે. ૨૭.

એમ કહેલા હોવા છતાં અટક્યા નહિ, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**ન તદ્વાક્યં જગૃહતુર્બદ્ધવૈરૌ નૃપાર્થવત્ ।।**
**અનુસ્મરન્તાવન્યોન્યં દુરુક્તં દુષ્કૃતાનિ ચ ।।૨૮।।**

હે નૃપ! જેમણે વેર બાંધેલું તેવા તે બેએ એક બીજાનાં દુષ્ટ વચનો અને દુષ્ટ કૃત્યોનું સ્મરણ કરતાં તેમનું વચન હિતકારિ હતું છતાં પણ સ્વીકાર્યું નહિ. ૨૮.

કારણકે તેઓએ વેર બાંધેલું. (વચન) અંદરનું (વેર) અટકાવનાર થતું નથી, કારણકે (બલભદ્ર) બહારના અટકાવનાર હતા. તેથી (તેમનું વચન) હિતકારિ હતું છતાં પણ (તે બેએ સ્વીકાર્યું નહિ). ૨૮.

**દિષ્ટં તદનુમન્વાનો રામો દ્વારવતીં યયૌ ।।**
**ઉગ્રસેનાદિભિઃ પ્રીતૈર્જ્ઞાતિભિઃ સમુપાગતઃ ।।૨૯।।**

તેને ભાગ્યાધીન માનતા બલભદ્ર દ્વારકા ગયા. પ્રસન્ન થએલા ઉગ્રસેન વિગેરે સગાઓ સામા આવ્યા. ૨૯.

'તે' તેઓનું યુદ્ધ નહિ અટકવું 'દિષ્ટં' ભાગ્યાધીન છે, એટલે જેમ ભાગ્યમાં હશે તેમ થશે, એમ માનતા (બલભદ્ર) પોતે યાત્રા કરતાં જ દ્વારકા ગયા. બલભદ્ર ઘણા સમયે ઘેર આવ્યા, તેથી જેમનું ગુમાએલું ધન પ્રાપ્ત થયું હોય તેવા ઉગ્રસેન વિગેરે સામા આવી તેમને ઘેર લઈ ગયા. યાત્રા પૂરી થએલ નહિ હોવાથી પછી (બલભદ્ર) પાછા નૈમિષ આવ્યા. આટલા (સમય)માં વર્ષ પૂરું થયું. ૨૯.

**તં પુનર્નૈમિષં પ્રાપ્તમૃષયોઽયાજયન્મુદા ।।**
**ક્રત્વઙ્ગં ક્રતુભિઃ સર્વૈર્નિવૃત્તાખિલવિગ્રહમ્ ।।૩૦।।**

સર્વની સાથેનો જેમનો કજીઓ મટી ગએલો હતો તેવા ફરીથી નૈમિષ આવેલા તેમની પાસે ઋષિઓએ આનંદથી સર્વ યજ્ઞો વડે ભગવાનનું પૂજન કરાવ્યું. ૩૦.

પછી ઋષિઓએ આનંદથી તેમની પાસે અગ્નિહોત્ર વિગેરે બધાએ યજ્ઞો વડે (ભગવાનનું) પૂજન કરાવ્યું. 'પિતા વિગેરે જીવતા હતા ત્યારે બધા યજ્ઞો કેમ કર્યા?' એવી શંકા 'ક્રત્વઙ્ગમ્' 'યજ્ઞરૂપ અવયવવાળા' વિશેષણથી દૂર કરેલી છે, કારણકે 'ક્રતવઃ' યજ્ઞો 'અંગાનિ' અવયવો છે જેમના, અથવા અવયવોની અંદર છે જેમના, તેવા તે હતા, તેમની પાસે યજ્ઞ કરાવ્યા. અથવા 'ક્રત્વઙ્ગમ્' એટલે ભગવાન્. તે પ્રમાણે અર્થ લેવામાં આવે ત્યારે, યજ્ઞ કરાવવાનું કર્મ બલભદ્ર છે, અને પૂજન કરવાનું કર્મ ભગવાન્ છે એમ (જાણવું). 'પુરુષ કર્મ (કરવા)ના પ્રયોજન માટે છે' એ નિયમ પ્રમાણે યજ્ઞનું અંગ યજમાન (યજ્ઞ કરનાર) છે. 'હું

યજ્ઞ કરીશ' એવો સંકલ્પ કર્યો, પછી (તેમની પાસે ઋષિઓએ) યજ્ઞ કરાવ્યો, એવો અર્થ છે.

'આ સંકર્ષણ, પ્રાણીઓ ઉપર દયા વિનાના, પ્રલય કરનારા છે તે યજ્ઞ કરનાર કેમ થયા? કારણ કે સર્વની મૈત્રી કર્યા પછી જ યજ્ઞ (કરવા)નો અધિકાર (પ્રાપ્ત) થાય છે.' એવી શંકા થાય, તેથી 'સર્વની સાથેના જેમના કજીઆ મટી ગએલા હતા તેવા' એવું વિશેષણ યોજેલું છે. 'નિવૃત્ત' મટી ગએલા છે 'અખિલૈઃ સહ' સર્વની સાથેનો 'વિગ્રહઃ' કજીઓ જેમનો તેવા તે હતા. ૩૦.

પછી દક્ષિણા તરીકે (બલભદ્રે) તેઓને જ્ઞાન આપ્યું, એમ કહે છેઃ

**તેભ્યો વિશુદ્ધવિજ્ઞાનં ભગવાન્ વ્યતરદ્વિભુઃ ||**
**યેનૈવાત્મન્યદો વિશ્વમાત્માનં વિશ્વગં વિદુઃ ||૩૧||**

સમર્થ ભગવાને તેઓને વિશુદ્ધ વિજ્ઞાન આપ્યું, જેનાથી જ તેઓએ આ વિશ્વને પોતાની અંદર (રહેલું), અને પોતાને વિશ્વમાં રહેલા જાણ્યા. ૩૧.

'જ્ઞાન આપવું તે દક્ષિણા' એ વાક્ય પ્રમાણે, અને 'આત્માના લાભથી ઉત્તમ કાંઈ નથી' એ શ્રુતિ પ્રમાણે, અને 'આત્માની દક્ષિણા જેમાં (અપાય) તે જ યજ્ઞ છે' એ, અને 'આત્માને જ દક્ષિણા તરીકે લઈ જઈ સ્વર્ગલોકમાં જાય છે' એ વાક્ય પ્રમાણે, જ્ઞાન આપવું એ જ દક્ષિણા છે. 'વિશુદ્ધ જ્ઞાન' એટલે ઉપાધિ વિનાનું અનુભવરૂપ (જ્ઞાન).

'કર્મમાં આસક્તિવાળા ઋષિઓને એકાએક જ્ઞાન કેમ (પ્રાપ્ત) થયું?' એવી શંકા થાય, તેથી 'સમર્થ ભગવાને આપ્યું' શબ્દો યોજેલ છે. (બલભદ્ર) ભગવાન્ હોવાથી (તેમને) તેવું જ્ઞાન હતું અને તેમણે (તેઓને તે) આપ્યું. આપવામાં (જેમને આપવામાં આવે છે તેઓ) દાન આપવા યોગ્ય હોવાની (તેમને) જરુર ન હતી, કારણ કે (પોતે) સમર્થ હોવાથી સર્વશક્તિવાળા હતા.

'તે જ્ઞાન પ્રાપ્ત થતાં, તેઓની કેવી અવસ્થા થઈ?' એ જાણવાની ઈચ્છા થાય, તેથી 'જેનાથી જ આ વિશ્વને પોતાની અંદર (રહેલું જાણ્યું)' શબ્દો યોજેલ છે. નહિ દેખાતા વિશ્વને પણ તેઓએ પોતાની અંદર જોયું અને વિશ્વની અંદર પોતાને જોયા. તે 'પોતાને વિશ્વમાં રહેલા (જાણ્યા)' શબ્દોથી કહેલું છે. ૩૧.

પછી દક્ષિણા આપ્યા પછી યજ્ઞ સમાપ્ત કર્યો, એમ કહે છેઃ

**સ્વપત્ન્યાવભૃથસ્નાતો જ્ઞાતિબન્ધુસુહૃદ્વૃતઃ ||**
**રેજે સ્વજ્યોત્સ્નયેવેન્દુઃ સુવાસાઃ સુષ્ઠ્વલઙ્કૃતઃ ||૩૨||**

પોતાની સ્ત્રી સાથે અવભૃથ સ્નાન કરેલા, સગાઓ બંધુઓ અને મિત્રોથી વીંટાએલા, શોભિતા વસ્ત્રોવાળા (અને) સારી રીતે અલંકાર ધારણ

કરેલા બલભદ્ર, જેમ પોતાની ચંદ્રિકાથી ચંદ્ર શોભે તેમ શોભ્યા. ૩૨.

રેવતી બલભદ્રની પત્ની હતાં, તેમની સાથે (બલભદ્રે) અવભૃથ સ્નાન કર્યું. સ્નાન કરતી વખતે જ તે સગાઓ વિગેરેથી વીંટાએલા હતા, અથવા પછીથી (વીંટાએલા), એમ શોભા જણાય તે માટે કહેલું છે, અને શોભામાં સ્ત્રી કારણભૂત થઈ એમ 'જેમ પોતાની ચંદ્રિકાથી ચંદ્ર શોભે તેમ' દૃષ્ટાંતથી કહેલું છે. તેમ (ચંદ્રિકા સાથે) ન હોય, તો દિવસે ફીક્કો ચંદ્ર શોભતો નથી. 'શોભિતા વસ્ત્રોવાળા (અને) સારી રીતે અલંકાર ધારણ કરેલા' વિશેષણોથી એમ કહેલું છે કે અવભૃથ (સ્નાન) પુરું કરેલ અને ઘણી શોભા પ્રાપ્ત કરેલ (બલભદ્રે) પાછળથી આદર થાય તે માટે લૌકિક વસ્ત્રો અને આભરણો ધારણ કર્યાં. ૩૨.

નીચેના શ્લોકથી ઉપસંહાર કરે છેઃ

**ઈદૃગ્વિધાન્યસંખ્યાનિ બલસ્ય બલશાલિનઃ ।।**
**અનન્તસ્યાપ્રમેયસ્ય માયામર્ત્યસ્ય સન્તિ હિ ।।૩૩।।**

બલવાન, અનંત, જાણી ન શકાય તેવા, માયાથી મનુષ્ય થએલા બલભદ્રના આવા અસંખ્ય (ચરિત્રો) છે. ૩૩.

જેવું તીર્થોની યાત્રારૂપ આ એક ચરિત્ર, તેવાં તેમનાં અસંખ્ય ચરિત્રો છે, કારણ કે આ બલવાન હોવાથી બલનાં ઘણાંએ કાર્યો કરશે. વળી ચરિત્ર પરાજયરૂપ નથી, કારણ કે આ 'અનંત' છે.

'ત્યારે (તેમનાં બીજા ચરિત્રો) કેમ કહેતા નથી?' એવી શંકા થાય, તેથી 'જાણી ન શકાય તેવા' વિશેષણ યોજેલું છે.

'આમણે અવતાર ધારણ કરેલ હોવાથી. દેહ ધારણ કર્યા પછીનાં ચરિત્રોનો વિચાર કરવામાં આવે છે, પરંતુ (જાણી ન શકાય તેવા) સત્ય સ્વરૂપનો વિચાર કરવામાં આવતો નથી. તેમ ન હોય (સત્ય સ્વરૂપનો વિચાર કરવામાં આવતો હોય) તો બધાએ (બલભદ્ર) તેવા (જાણી ન શકાય તેવા) હોય' એવી શંકા થાય, તેથી 'માયાથી મનુષ્ય થએલા' વિશેષણ યોજેલું છે. 'છે' શબ્દથી (એમ જણાવેલું છે કે તેમની) સ્તુતિ માટે આ કહેલું નથી. આ વિષય યોગ્ય જ છે, કારણ કે કાંઈક કાર્ય માટે ધારણ કરેલ અવતાર કેટલાકને ધર્મની પ્રાપ્તિ કરાવે, બીજાઓને બીજાંની (પ્રાપ્તિ કરાવે), બીજાઓને બીજાંની[1] (પ્રાપ્તિ કરાવે), એમ (કરે); તેમ ન હોય તો અવતાર વ્યર્થ થાય, તેથી ગ્રંથનો વિસ્તાર થવાના ભયને લીધે બીજું લખતા નથી, પરંતુ (બીજા ચરિત્રો) છે. ૩૩.

એક સ્થલે સ્થિર થએલી બુદ્ધિ દૃઢ થાય છે, તેથી બલભદ્રના ચરિત્રનું

૧. અહિં 'અન્ય'ને બદલે 'અન્યન્' પાઠ હોવો જોઈએ એમ જણાય છે.

શ્રવણ વિગેરે ભગવાનના ભજનમાં ઉપયોગી છે, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**શ્રૃણ્વન્ગૃણંશ્ચ રામસ્ય કર્માણ્યદ્ભુતકર્મણઃ ।।**
**સાયં પ્રાતરનન્તસ્ય વિષ્ણોઃ સ દયિતો ભવેત્ ।।૩૪।।**

જે અદ્ભુત કર્મ કરનાર શેષરૂપ બલભદ્રના કર્મો સવારે અને સાંજે શ્રવણ કરે છે અને કહે છે તે વિષ્ણુને પ્રિય થાય છે. ૩૪.

સાંભળનાર હોય ત્યારે કહે એમ આરંભી વ્યાખ્યાન કરવું. 'કહે' એટલે પોતાની મેળે જ ઉચ્ચાર કરે.

'ભગવાનનો ભક્ત બીજી સ્થિતિ પ્રાપ્ત કરેલ (બલભદ્ર)નાં (કર્મો) એવી રીતે કેમ શ્રવણ કરશે?' એવી શંકા થાય, તેથી 'અદ્ભુત કર્મ કરનાર' વિશેષણ યોજેલું છે. (કર્મો) અદ્ભુત હોવાથી શ્રવણ (કરશે).

દુર્યોધન વિગેરે એમ માનતા હતા કે 'જેમ પાંડવોના પક્ષમાં શ્રીકૃષ્ણ છે તેમ અમારા પક્ષમાં બલભદ્ર છે. તેથી અમો (પાંડવોની) સમાન હોઈ જીતીશું.' ભૂમિનો ભાર હરવા માટે (તેમની) આ બુદ્ધિ બલભદ્રે જ કરેલી. સત્ય બોલતાં, અને (બોલ્યા હોય) તેવી જ રીતે સાહાય્ય કરવા છતાં પણ, શ્રીકૃષ્ણ અને બલભદ્ર એક સત્તા હોવાથી (તે તેમને) હણે છે જ, એમ અદ્ભુત કર્મ કરનાર છે.

સ્વતંત્ર રીતે શ્રવણ વિગેરે કરવામાં આવતાં, તે (બલભદ્ર)માં જ ભક્તિ થાય, તેથી કર્મનાં અંગ તરીકે (શ્રવણ વિગેરે હોવાનું) ઉત્તરાર્ધથી કહે છે. 'અનંતના' એટલે શેષ (બલભદ્ર)નાં. 'વિષ્ણુને' એટલે પુરુષોત્તમને. તે શ્રવણ વિગેરે કરનાર ભગવાનને પ્રિય થાય છે. 'આ મારા સેવક (બલભદ્ર)નો સેવક છે,' એમ પુત્રના પૌત્રની પેઠે પ્રિય થાય છે. એવી રીતે ઉપસંહાર કરીને ફલ કહેવાથી તે ચરિત્ર પૂરું થયાનું સૂચવેલું છે. તે (બલભદ્ર)ની કીર્તિ સર્વ પ્રકારે સ્થિર કરેલી જણાવી. ૩૪.

**ઇતિશ્રી લક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીમદ્વલ્લભદીક્ષિતે રચેલી**
**શ્રીમદ્ભાગવતની સુબોધિનીમાં દશમ સ્કંધના ઉત્તરાર્ધના વિવરણમાં**
**ત્રીસમા અને સળંગ છોંત્તેરમા અધ્યાયનું વિવરણ સમાપ્ત.**

# અધ્યાય સિત્યોતેરમો.

## શ્રીકૃષ્ણના મિત્ર સુદામાનું આખ્યાન.

**સંપત્તિર્ભગવન્મિત્રે દ્વાભ્યામત્ર નિરૂપ્યતે ||**
**લોકાવગતહેતૂનામભાવાત્કેવલે હરેઃ ||૧||**

લોકમાં જણાએલા (સંપત્તિના) કારણો[1] નહિ હોવાને લીધે, માત્ર[2] હરિના સંબંધને લીધે, ભગવાનના મિત્રને સંપત્તિ (પ્રાપ્ત) થઈ, એમ અહિં બે અધ્યાયોથી કહેવામાં આવે છે. કા.૧.

**એકત્રિંશે તથાધ્યાયે કૃષ્ણમિત્રસ્ય સર્વથા ||**
**સંપત્ત્યભાવો વાક્યાચ્ચ સ્થાપ્યતે સ વિશેષતઃ ||૨||**

અને એકત્રીસમા અધ્યાયમાં શ્રીકૃષ્ણના મિત્રને જરાએ સંપત્તિ ન હતી (એમ કહેવામાં આવે છે), અને વચનથી[3] તે સારી રીતે સિદ્ધ કરવામાં આવે છે. કા.૨.

**અઙ્ગત્વેન બલસ્યાત્ર શ્રુત્વા લીલાં વિચક્ષણઃ ||**
**નિર્વિણ્ણો ભગવલ્લીલાં વિશેષેણાત્ર પૃચ્છતિ ||૩||**

અહિં ચતુર (રાજા) બલભદ્રની લીલા (ભક્તિના) અંગ તરીકે (હોવાનું) સાંભળીને, ખિન્ન થઈ અહિં (આ અધ્યાયમાં) ભગવાનની લીલાનો ઉત્તમ પ્રકારે પ્રશ્ન કરે છે. કા.૩.

ગયા અધ્યાયમાં બલભદ્રની લીલા સાંભળીને, ભગવાનની લીલા (જાણવાની) ઈચ્છાવાળો થઈ (પરીક્ષિત્) નીચેના શ્લોકથી આરંભી ચાર શ્લોકોથી પ્રશ્ન કરે છેઃ

|| રાજોવાચ ||

**ભગવન્યાનિ ચાન્યાનિ મુકુન્દસ્ય મહાત્મનઃ ||**
**વીર્યાણ્યનન્તવીર્યસ્ય શ્રોતુમિચ્છામહે પ્રભો ||૧||**

હે ભગવન્ ! હે પ્રભો! અને અનંત વીર્યવાળા મહાત્મા મુકુંદના જે બીજાં

---

૧. લક્ષ્મીનાં કારણભૂત રાજ્ય વિગેરે નહિ હોવાથી, એવો અર્થ છે. (લે)

૨. જેમાં ભગવાને ઐશ્વર્ય વિગેરે રાખેલ નથી, પરંતુ માત્ર મિત્રપણું જ રાખેલ છે, એવો અર્થ છે. (લે)

૩. શ્લોક ૨૭ (૨૮?)થી આરંભી કહેલાં ભગવાનનાં વચનોથી. આ વચનોમાં (સુદામાને) ધન નથી પરંતુ ગુરુની સેવા જ કરેલી એમ જણાવેલ હોવાથી, આ અધ્યાયમાં ધનનો અભાવ અને બીજા (બત્રીસમા) અધ્યાયમાં અલૌકિક સંપત્તિ તેમને પ્રાપ્ત કરાવી એવા (અધ્યાયોના) વિભાગ છે. (લે)

પરાક્રમરૂપ (ચરિત્રો) છે તે અમે સાંભળવા ઈચ્છીએ છીએ. ૧.

'હે ભગવન્!' એ સંબોધન ભગવાનનાં ચરિત્રમાં શુકનાં શ્રદ્ધા અને જ્ઞાન સૂચવે છે. 'જે' પ્રસિદ્ધ ચરિત્રો અને 'ચ' 'અને' શબ્દથી (સૂચવેલાં) અપ્રસિદ્ધ ચરિત્રો, બીજાં એટલે તેમના સંબંધમાં બીજા ગ્રંથોમાં કહેલાં અને 'ચ' 'અને' શબ્દથી (સૂચવેલા) નહિ કહેલાં (ચરિત્રો) સાંભળવા ઈચ્છીએ છીએ. વળી 'એવાં ઘણાં ચરિત્રો નથી' એવી શંકા પણ કરવી નહિ, કારણ કે મુકુંદનાં ચરિત્રો ઘણાં ન હોય તો સર્વને મુક્તિ પ્રાપ્ત થાય નહિ, કેમ કે દેશ અને કાલથી વિખૂટા થએલા બધાઓને ચરિત્રનું શ્રવણ વિગેરેથી જ મોક્ષ પ્રાપ્ત થાય છે. મને તો આટલી શ્રદ્ધા છે કે માત્ર મોક્ષ ઈચ્છનાર તરીકે જ નહિ, પરંતુ ઉત્તમપણાંને ઈચ્છનાર[1] અને આત્માની ઈચ્છાવાળા[1] તરીકે પણ તે બધાંએ ચરિત્રોનું, (અને) તેમાં પણ 'વીર્યાણિ' પરાક્રમરૂપ (ચરિત્રો)નું શ્રવણ કરવું. તેવા પણ (ચરિત્રો) ઘણાં છે એમ 'અનંત વીર્યવાળા' વિશેષણથી કહેલું છે. 'અમે સાંભળવા ઈચ્છીએ છીએ' શબ્દોથી બધાની શ્રવણ કરવાની ઈચ્છા કહેલી છે. 'હે પ્રભો!' એ સંબોધનથી (એમ કહેલું છે) કે આટલાથી (ચરિત્રો કહેવાથી) અમારી શ્રવણ કરવાની ઈચ્છા આપથી જ પૂર્ણ કરી શકાય તેવી છે, બીજાથી (પૂર્ણ કરી શકાય તેવી) નથી. ૧.

'ઘણાં ચરિત્રો સાંભળ્યાં જ છે. ફરી ઈચ્છા કેમ થાય છે?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**કો નુ શ્રુત્વાસકૃદ્બ્રહ્મન્નુત્તમશ્લોકસત્કથાઃ ।।**
**વિરમેત વિશેષજ્ઞો વિષણ્ણઃ કામમાર્ગણૈઃ ।।૨।।**

હે બ્રહ્મન્! કામના બાણોથી દુઃખી થએલો આધિક્ય જાણનાર કયો પુરુષ ઉત્તમશ્લોકની સારી કથાઓ વારંવાર સાંભળીને (તે સાંભળતા) અટકી જાય? ૨.

'અસકૃત્' વારંવાર સાંભળીને પણ સાંભળતા (કોણ) અટકે? 'હે બ્રહ્મન્!' એ સંબોધનથી (શુક) સર્વજ્ઞ હોવાથી આ વિષયમાં તેની સંમતિ કહેલી છે. તેમાં પણ ઉત્તમશ્લોકની કથાઓનું ઉત્તમ (પુરુષો) પણ ગાન કરે છે તેથી (તે) નિંદિત નથી અને કથાઓ પણ સારી છે, પોતે જ પુરુષાર્થરૂપ થનારી છે. એવી રીતે સર્વ પ્રકારે ઉત્તમ (કથા)ઓથી કોણ અટકે?

'ઘણા (પુરુષો)ની અને ભગવાનની સારી કથાઓ ઘણીએ છે, તેથી સાંભળેલી હોય તેમનું જ સ્મરણ કરવું, નવી સાંભળવાથી શું લાભ?' એવી શંકા થાય, તેથી 'આધિક્ય જાણનાર' શબ્દ યોજેલ છે. જે એક ચરિત્ર સાંભળેલ હોય ત્યારે જેટલો રસ પ્રાપ્ત થાય, તેના કરતાં સો ગણો (રસ) બીજાં ચરિત્રનું શ્રવણ

૧-૧. આ 'મહાત્મનઃ' શબ્દનો અર્થ કરેલ જણાય છે.

કરતાં થાય છે, અને તેનાથી સો ગણો વધારે (રસ) ત્રીજાં ચરિત્રનું શ્રવણ કરતાં પણ થાય છે. એવી રીતે શ્રવણ કરનારાઓને એક પછી એક વધારે રસ (પ્રાપ્ત) થાય છે એ અનુભવથી સાબિત થએલું છે. તેથી (રસનાં) આધિક્યને જાણનાર કોણ જ અટકે? પહેલાં ચરિત્ર(નાં શ્રવણ)થી અંતઃકરણની મલિનતા દૂર થતાં, એક પછી એક અધિક ચરિત્રનાં સ્વરૂપનું જ્ઞાન થવાથી આધિક્ય જાણનાર થવાય એ યોગ્ય જ છે. કોઈ સમયે સંસારમાં રોકાઈ ગએલો, બીજા ગુણોથી વશ થએલો તે સંજોગોમાં (ભગવાનના ચરિત્રનું શ્રવણ કરતાં) અટકી પણ જાય, પરંતુ વધારામાં જે સંસારમાં વૈરાગ્યવાળો હોય, તે કથાઓ કેમ ન સાંભળે? 'કામના બાણોથી દુઃખી થએલો' શબ્દોથી (સંસારમાં) વૈરાગ્ય થવાની યોગ્યતા કહેલી છે. જાતજાતની કામનાઓ બાણરૂપ હોવાથી દેહની અંદર રહેલી દેહને ભેદીને બહાર નીકળે છે અને બહાર રહેલીઓ (એવી જ રીતે) અંદર પ્રવેશ કરે છે, તેથી (કથાના શ્રવણથી કામનાઓ ફીટાડવાનો) ઉપાય થયો, કારણ કે આ પુરુષ કામનાઓથી ભરપૂર છે. તેથી સર્વથી જૂદા પ્રકારનો (સંસારમાં વૈરાગ્યવાળો) સર્વ આનંદના કારણરૂપ (ભગવાન)ના ચરિત્ર (નાં શ્રવણ)થી કેમ અટકે? એવો અર્થ છે. ૨.

એવી રીતે જીવ પોતાની મેળે ભગવાનનાં ચરિત્રનાં શ્રવણથી અટકતો નથી એમ કહીને, અટકે તો કામનાઓથી માત્ર આત્માનો જ નાશ થાય છે એટલું જ નહિ, પરંતુ બધી ઈન્દ્રિયો ફલરહિત થાય છે એમ કહેતાં, ભગવાનનાં ચરિત્રને લીધે જ ઈન્દ્રિયવાળા થવાય છે, એમ નીચે બે શ્લોકોથી કહે છેઃ

**સા વાગ્યયા તસ્ય ગુણાન્ગૃણીતે કરૌ ચ તત્કર્મકરૌ મનશ્ચ ।।**
**સ્મરેદ્વસન્તં સ્થિરજઙ્ગમેષુ શ્રૃણોતિ તત્પુણ્યકથાઃ સ કર્ણઃ ।।૩।।**

જેનાથી તેમના ગુણોનું ગાન કરે છે તે વાણી છે, અને જે તેમનું કાર્ય કરનારા છે તે હાથો છે, અને જે સ્થાવર જંગમ (પદાર્થો)માં રહેનારનું સ્મરણ કરે તે મન છે, જે તે કલ્યાણ કરનારની કથાઓ સાંભળે છે તે કાન છે. ૩.

વાણી દેવતારૂપ છે. આથી (એમ જણાવેલ છે કે ભક્તો સિવાયના) બીજાઓની વાણી દૈત્યરૂપ હોવાથી, તેમની ઈન્દ્રિયોના સંબંધમાં 'વાણી' વિગેરે શબ્દો યોજવામાં આવે છે તે યોજના ગૌણ છે. અથવા (તેઓની) વાણી વિગેરે દેખાવના છે (સત્ય નથી), તેમ ન હોય તો ભગવાન પાસેથી ઉત્પન્ન થએલાં વાણી વિગેરે બીજામાં આસક્તિવાળા કેમ હોય?

અથવા '(દેવો અને અસુરો) બે પ્રજાપતિથી ઉત્પન્ન થએલાં' ઉપાખ્યાન માં દેવના પક્ષમાં જ 'તેઓએ વાણીને કહ્યું' વિગેરેથી 'વાણી' શબ્દનો વ્યવહાર કહેલો છે. અસુરોની બધી ઈન્દ્રિયો તો આસુર જ છે, વાણી વિગેરેરૂપ નથી.

અથવા 'આમાંથી પ્રાણ, મન અને સર્વ ઈન્દ્રિયો ઉત્પન્ન થાય છે' એમ, અને 'બ્રહ્માએ ઈન્દ્રિયોને વિમુખ બનાવેલી છે' વિગેરે, એમ બે પ્રકારે[1] શ્રુતિમાં ઈન્દ્રિયોની ઉત્પત્તિ કહેલી છે. પુરાણોમાં અહંકારમાંથી પણ તેઓની ઉત્પત્તિ કહેલી છે. તે પૈકી જેઓ ભગવાનને યોગ્ય[2] છે, તેઓની (ઈન્દ્રિય વિગેરે) સામગ્રી ભગવદીય જ છે, અને તેઓનો જ 'વાણી' વિગેરે (શબ્દોથી) વ્યવહાર થાય છે. બ્રહ્માએ બનાવેલ[3] અથવા અહંકારે બનાવેલ[4] ઈન્દ્રિયાના સમૂહનો આ વ્યવહાર થતો નથી, કારણકે તેમનો 'રાજસ' અને 'તામસ' (એવો) વ્યવહાર થાય છે. તેથી[5] ભગવદીયો સાત્ત્વિક અથવા નિર્ગુણ હોવાથી, તેઓને ભગવાને બનાવેલી ઈન્દ્રિયોનો જ સંબંધ થાય છે. તે વિષયમાં પરીક્ષા માટે[6] '(જેનાથી તેમના ગુણોનું ગાન કરે છે) તે વાણી' આ (શ્લોક)નો આરંભ થાય છે.

ઈચ્છેલી[7] વાણી તે જ છે કે જેનાથી તેમના ગુણોનું 'ગૃણીતે' ગાન કરે છે. 'ગૃણનં' (ગાન કરવું) એટલે માત્ર ઉચ્ચાર કરવો એમ નહિ, પરંતુ 'ગૃ નિગરણે' 'ગૃ ધાતુનો અર્થ પચાવવું છે' એ નિયમ પ્રમાણે સંપૂર્ણ રીતે (પચાવવા). કોઈક પ્રસંગે બીજો પણ માત્ર ભગવાનની કથા કહે, પરંતુ ઉત્તમપણું

૧. સાક્ષાત્ ભગવાનથી અને બીજાઓ દ્વારા, એવા બે પ્રકારની. (લે)

૨. જે ભગવાનને યોગ્ય પુરુષો છે, તેઓની બે પ્રકારની ઈન્દ્રિયો પૈકી જે ભગવદીય સામગ્રી છે, તેનો જ 'વાણી વિગેરે' વ્યવહાર થાય છે એવો અર્થ છે. (લે)

૩. કાલના પ્રકરણમાં ૩।૧૦।૧૬ના ઉત્તરાર્ધમાં કાર્યમાં ઉપયોગી તરીકે વર્ણવેલી સૃષ્ટિ બ્રહ્માએ બનાવેલી છે. (લે)

૪. રાજસ અહંકારમાંથી થએલી સૃષ્ટિ અહંકારે બનાવેલી છે. (લે)

૫. ઈન્દ્રિયો અને માત્રાઓ રાજસ અને તામસ છે, અને ભગવદીયો સાત્ત્વિક અથવા નિર્ગુણ હોય છે. તેથી ભગવદીયોને રાજસ અથવા તામસ ઈન્દ્રિયો હોવાનું સંભવતું નથી. તેથી તેઓને ભગવાને બનાવેલી ઈન્દ્રિયો સાથે જ સંબંધ હોય છે, એવો અર્થ છે. (લે)

૬. લૌકિક પુરુષો (ઈન્દ્રિયો તરીકે) પ્રસિદ્ધ હોય તેમને જ ઈન્દ્રિયો કહે છે. આવી ઈન્દ્રિયો પૈકી કઈ વાણી છે કયા હાથ છે, એવી પરીક્ષા કરવા માટે તે બધાનાં લક્ષણો (કહેવા)નો આરંભ કરે છે, એવો અર્થ છે. (લે) આ બધી ઈન્દ્રિયો પૈકી 'વાણી' તરીકે પ્રસિદ્ધ છે તેમાં સત્ય વાણી કઈ, હાથ તરીકે પ્રસિદ્ધ છે તેમાં સત્ય હાથ કયા, એવી પરીક્ષા માટે લક્ષણો કહે છે, એવા અર્થ જણાય છે.

૭. લોકમાં વાણી તરીકે પ્રસિદ્ધ હોય તેને 'વાણી' કહેવી એવો નિયમ નહિ હોવાથી, જેનાથી (ભગવાનના) ગુણોનું ગાન કરે છે, તે જ 'વાણી' ઈચ્છેલી છે. તેમ ન હોય તો 'હાથ' વિગેરે પણ 'વાણી' ગણાય. તે વાણી ન ગણાય તે માટે જ 'એવ' 'જ' શબ્દ યોજેલ છે. (લે) ભગવાનના જેનાથી ગુણોનું ગાન કરે છે તે જ વાણી છે. લૌકિક કથા કરનારી વાણી 'વાણી' નથી. તેવી 'વાણી' ન ગણાય તે માટે જ 'એવ' 'જ' શબ્દ યોજેલ જણાય છે.

પ્રાપ્ત કરાવનારાઓ તો ભગવાને બનાવેલી વાણીનો જ તે પ્રકારે સંપૂર્ણ રીતે ભક્તિપૂર્વક ઉચ્ચાર કરે છે, તેથી ક્યાંય પર અવ્યાપ્તિ[૮] અથવા અતિવ્યાપ્તિ[૮] થતાં નથી,[૯] અને આ જ ઓળખાવનાર (ચિહ્ન) છે. એવી રીતે આગળ પણ જાણવું.

'અને જે તેમનું કાર્ય કરનારા છે તે હાથો છે'. 'કાર્ય' એટલે ભગવાન્ તરીકે જાણીને (કરેલું) લૌકિક સેવારૂપ કાર્ય. યજ્ઞ કરવામાં આવે ત્યારે તે પણ થાય છે[૧૦]. અથવા 'તેમનું' શબ્દનો અર્થ 'પુરુષોત્તમનું' (કરવો).

[૧૧]યજ્ઞ તો પુરુષનું કર્મ હોવાથી તેમાં અતિવ્યાપ્તિ થતી નથી. 'ચ' 'અને' શબ્દથી બહિર્મુખોના એટલે સેવકોના પણ સેવકોના હાથોનો સંગ્રહ કરેલો છે. અંદરનું ગુણોનું વર્ણન તો તેઓથી થઈ શકે તેવું નથી, બહારનું તો પ્રસંગને લીધે થાય પણ ખરું. 'અને મન', ત્યાં 'ચ' 'અને' શબ્દ છે તે પહેલાનાં કર્મોનો સંગ્રહ કરવા યોજેલ છે પરંતુ સેવકોનો (સંગ્રહ કરવા યોજેલ) નથી. 'તે (મન) સ્થાવર જંગમ (પદાર્થો)માં રહેનારનું સ્મરણ કરે છે' એવો અર્થ છે. આથી, બીજા સ્કંધમાં 'ધારણાથી સ્મરણ કરે છે' (૨।૨।૮) એમ જે કહ્યું, તેનાથી 'સ્થાવર અને જંગમ (પદાર્થો)માં વસતા' એવો ભેદ કહેલો છે. ત્યાં (બીજા સ્કંધમાં) તો 'પોતાના દેહની અંદર હૃદયના સ્થલમાં' એમ (કહેલું છે). (અહિં સ્થાવર અને જંગમ પદાર્થોમાં વસતા એવા) સામાન્ય વચનથી 'આધિદૈવિકરૂપ' અને 'અંતર્યામિરૂપ' એવાં બે બીજાં રૂપોનો પણ સમાવેશ કરેલો છે, (અને) તે (રૂપો)માં પણ 'ઉત્તમ' વિગેરે ભેદોની કલ્પના કરવી. ઉત્તમ (પુરુષો) તો પહેલાં કહેલા[૧૨] છે. સર્વ સ્થલે ભગવાનનું દર્શન તો ભગવાનને જ અથવા (ભગવાનનો જેમના ઉપર) તેવા

૮-૮. બ્રહ્માએ અને અહંકારે બનાવેલી વાણી 'વાણી' નથી, તેથી (તેને વાણીમાં ન ગણવાથી) અવ્યાપ્તિ દોષ (આ વાણીની વ્યાખ્યામાં) નથી, નિરંતર ભગવાનના ગુણોનું કથન કરનારી વાણી 'વાણી' હોવાથી આ વ્યાખ્યામાં અતિવ્યાપ્તિ દોષ પણ નથી. (લે) સત્ય 'વાણી' હોય તેનો વ્યાખ્યામાં સમાવેશ ન થતો હોય તો તે 'અવ્યાપ્તિ' દોષ ગણાય છે. સત્ય 'વાણી' ન હોય તેનો વ્યાખ્યામાં સમાવેશ થતો હોય તો તે 'અતિવ્યાપ્તિ' દોષ કહેવાય છે.

૯. 'ચ' 'અને' શબ્દથી એમ કહેલું છે કે ભગવાને બનાવેલી વાણીની જ વ્યાખ્યા કરેલી છે. (લે)

૧૦. 'યજ્ઞના કર્મ' અને દેવના સંબંધવાળા દૈવી કર્મનો પણ સમાવેશ થાય છે, (એટલે તેવાં કર્મો કરે તે પણ હાથ છે.) (લે) મર્યાદાના કર્મો કરે તે પણ પ્રભુ (ની વિભૂતિ)ના સંબંધવાળા હોવાથી, તેવા કર્મ કરનારનો પણ હાથમાં સમાવેશ આ અર્થ પ્રમાણે થાય છે, તેથી જ નીચે બીજો અર્થ કરેલો છે.

૧૧. આ અર્થ પ્રમાણે યજ્ઞનાં કર્મ કરે તે 'હાથ' ગણાય નહિ.

૧૨. દ્વિતીય સ્કંધમાં, ૨।૨।૮માં જણાવેલ (ધારણાથી સ્મરણ કરનાર). (લે)

પ્રકારનો અનુગ્રહ હોય[13] તેમને થાય છે. તેવાને ભગવાનનું સ્મરણ રહેતું નથી, સર્વ સ્થલે અનુભવ જ થાય છે. '(જે કલ્યાણ કરનારની કથાઓ) સાંભળે છે' એમ કાનનો ભેદ કહેલો છે. 'તત્પુણ્યસ્ય' તે જીવનું કલ્યાણ કરનાર[14] ભગવાનની કથાઓ સાંભળે છે. પ્રકરણના વિરોધને લીધે[15] પુણ્ય પ્રાપ્ત કરાવનારી કથાઓ' એવો અર્થ લેવાનો નથી. 'કર્ણઃ' 'કાન' એ એકવચન ડાબા (કાન)ના અભિપ્રાયથી (યોજેલું છે). 'જમણા (કાન)ને દેવહૂ સમજવો.' (૪।૨૯।૧૨) એવું વાક્ય છે. અથવા જે કાન ભક્તિ ઉત્પન્ન કરનારી કથાઓ સાંભળે છે તે સર્વની પ્રશંસા પામેલો હોવાથી તેને મૂકી દઈ, જે પવિત્ર[16] કથાઓ પણ સાંભળે છે, તે કાન છે, એટલે તે જ કાન છે, અથવા પહેલાં કહેલો[17] (તે જ કાન છે એમ કહેલું છે). ૩.

ઈન્દ્રિયોના (નિરર્થકપણા)નું નિરૂપણ કરીને, નીચેના શ્લોકમાં અંગોનું નિરૂપણ કરતાં, ઉત્તમ અંગ (શિર)નું નિરૂપણ કરે છેઃ

**શિરસ્તુ તસ્યોભયલિઙ્ગમાનમેત્તદેવ યત્પશ્યતિ તદ્ધિ ચક્ષુઃ ।।**
**અઙ્ગાનિ વિષ્ણોરથ તજ્જનાનાં પાદોદકં યાનિ વહન્તિ નિત્યમ્ ।।૪।।**

શિર તો બંને ચિહ્નવાળાને તેમને નમન કરે (તે છે). તેજ જે જૂએ તે ચક્ષુ છે. પછી વિષ્ણુના અને તેમના સેવકોનાં ચરણોદકને જે સદા ધારણ કરે તે જ અંગો છે. ૪.

'શિર તો બંને ચિહ્નવાળાને તેમને નમન કરે (તે છે)' નો (એવો અર્થ છે કે) સ્થાવર જંગમરૂપ બંને ચિહ્નો છે જેમનાં (તેમને નમન કરે તે શિર છે), બીજું તો ભારરૂપ હોવાનું પહેલાં જ કહેલું છે. 'તુ' 'તો' શબ્દથી (એમ કહેલું છે કે બીજું ભારરૂપ હોય) તે શિર નથી. આ (નમન કરવાનું) જેનાથી સંભવે છે તે પણ[1] ઈન્દ્રિયનું કાર્ય છે, છતાં પણ ફલની અવસ્થામાં (તેનો) ઉપયોગ થાય છે તેથી, 'તેજ જે જૂએ (તે ચક્ષુ છે)' શબ્દોથી તે કહેલ છે. બધુંએ જગત્ જ્યારે તેમનાં

૧૩. જ્ઞાનમાર્ગે અનુગ્રહ થએલ હોય તેમને. (લે)

૧૪. જીવોનું હિત કરનાર જે ભગવાનનું 'પુણ્યં' સારું ચરિત્ર, તે જણાવનારી કથાઓ, એવો અર્થ છે. (લે)

૧૫. ભગવદીય ઈન્દ્રિયોના વર્ગનું પ્રકરણ છે. પુણ્ય ઉત્પન્ન કરનારી કથાઓ આવી ઈન્દ્રિયો સ્મરણ ન કરે, કારણ કે તેવું સ્મરણ કર્મમાર્ગીય છે, એવો અર્થ છે. (લે)

૧૬. અહિં 'પવિત્ર' એટલે 'પુણ્ય ઉત્પન્ન કરનારી' એવો જ અર્થ છે. (લે) આ બીજા પ્રકારે મર્યાદામાર્ગ રીતે અર્થ કરેલ જણાય છે.

૧૭. પહેલાં કહેલ અર્થ મુખ્ય છે એમ જણાવવા તે જ ફરીથી કહેલ છે. (લે)

૧. 'તે પણ' એટલે (સ્થાવર જંગમ પદાર્થોનું) ભગવાનનાં ચિહ્ન તરીકે દર્શન. (લે)

ચિહ્ન તરીકે જ જૂએ ત્યારે જ તે 'ચક્ષુ' થાય છે. અહિં આ (નીચે પ્રમાણે) સાધનોનો ક્રમ પણ કહેલો છે. (૧) બીજા માર્ગને અનુસરીને જ જ્યારે (ભગવાનના) ગુણોની પ્રશંસા કરવા સુધીનો અધિકાર પ્રાપ્ત થાય, ત્યાર પછી ગુણોનું ગાન ભગવદીયોનું પ્રથમ સાધન છે. (૨) પછી સેવાની રુચિ થતાં સેવા[2] (૩) પછી જ્ઞાનનો ઉદય થતાં[3] સર્વ સ્થલે ભગવાનનું અનુસંધાન (૪) તેવા સર્વ સ્થલે ભગવાનના અનુસંધાનવાળાને બહારના કાર્યમાં તે (કાર્ય) સિદ્ધ કરનારું પવિત્ર કથાઓનું શ્રવણ, અથવા તેમના ગુણવાળા (સેવક) નારદ વિગેરે પાસેથી કથાનું શ્રવણ. (૫) પછી સર્વ સ્થલે ભગવાનનો સાક્ષાત્કાર (૬) પછી નમન.

એવી રીતે અનુક્રમ સિદ્ધ થાય તે માટે, બધા કરતાં પહેલું જ કરવા યોગ્ય, (અને) અવશ્ય ફલ પ્રાપ્ત કરાવનારું ભગવાનનું ચરણોદક પાછળથી પણ ફલ કરાવનારું હોવાથી સર્વની પછી ઉત્તરાર્ધથી કહે છે. તે જ અંગો છે કે જે વિષ્ણુનાં ચરણોદક ગંગાને ધારણ કરે છે. 'અથ' 'પછી' જૂદા આરંભથી શાલિગ્રામ (તીર્થ) વિગેરેમાં વિષ્ણુનાં અને તેમના સેવકોનાં (ચરણોદકને) નિત્ય ધારણ કરે (તે અંગો). અંગમાંથી પ્રથમ નીકળવું એ જૂદો ક્રમ છે. 'નિત્ય ધારણ કરવું' એટલે ત્રણ વાર સ્નાન કરવાં અથવા દરરોજ તેનું જ પાન વિગેરે કરવાં. એવી રીતે ભગવદીય થવાથી જ સર્વ પુરુષાર્થ (પ્રાપ્ત) થાય છે, તેથી કથા(નાં શ્રવણ)થી કેમ અટકે? એવો અર્થ છે. ૪.

એવી રીતે ભગવાનનાં ઉત્તમપણાનું વર્ણન થતાં, (તેનાં) શ્રવણથી ભક્તિના આનંદમાં ડૂબેલા શુકે પણ કથાનો આરંભ કર્યો, એમ સૂત શૌનક વિગેરેને નીચેના શ્લોકમાં કહે છેઃ

॥ સૂત ઉવાચ ॥

**વિષ્ણુરાતેન સંપૃષ્ટો ભગવાન્ બાદરાયણિઃ ॥**
**વાસુદેવે ભગવતિ નિમગ્નહૃદયોઽબ્રવીત્ ॥૫॥**

---

૨. શ્રવણ અને સ્મરણનો સેવામાં સમાવેશ થઈ જાય છે જ, કારણ કે 'સેવામાં અથવા કથામાં (જેની દૃઢ આસક્તિ હોય)' એમ સેવા સાથે તે કહેલ છે એવો ભાવ છે. (લે) આ યોગ્ય જણાતું નથી, કારણ કે શ્રવણ પાછલથી ચોથા સાધન તરીકે કહેલ છે.

૩. શ્રીમદ્ભાગવતમાં પ્રથમ નમન, અને પછી દર્શન કહેલ છે, છતાં પણ અર્થનો ક્રમ બલવાન હોવાના અભિપ્રાયથી અહિં 'પછી જ્ઞાનનો ઉદય થતાં' એમ કહેલું છે. (લે) શ્લોકના ક્રમમાં કાંઈ ફેરફાર કરેલ હોવાનું જણાતું નથી. અહિં શ્રીસુબોધિનીમાં જે ક્રમ કહેલ છે તે ગયા શ્લોકમાં અને આ શ્લોકમાં એમ બંને શ્લોકમાં જણાવેલ ક્રમ કહેલો છે, એમ સ્પષ્ટ જણાય છે. અહિં જ્ઞાનનો ઉદય થતાં ભગવાનનું અનુસંધાન કહેલ છે, તે ગયા શ્લોકમાં મનના સંબંધમાં કહેલ છે તે જ છે.

વિષ્ણુરાતે પૂછેલા ભગવાન્ બાદરાયણિએ ભગવાન્ વાસુદેવમાં ડૂબેલા હૃદયવાળા થઈને (નીચે પ્રમાણે) કહ્યુંઃ- ૫.

કારણ કે ભગવાને પરિક્ષિતનું આ પ્રયોજનથી જ (અશ્વત્થામાના બ્રહ્માસ્ત્રથી) રક્ષણ કરેલું. શુક પણ ભગવાનમાં ઘણી શ્રદ્ધા હોવાથી 'ભગવાન્' થએલ, કારણ કે (તે) 'બાદરાયણિ' તપમાં આસક્ત ભગવાન્ બાદરાયણથી ઉત્પન્ન થએલ. તેથી જ સત્ત્વવાળાં અંતઃકરણમાં આવિર્ભાવ પામેલ વાસુદેવમાં ડૂબેલા હૃદયવાળા થઈ, જાણે કે તેમનાથી (વાસુદેવ પાસેથી) ગૂઢ ભગવાનનું ચરિત્ર ગ્રહણ કરીને (કહેતા હોય તેમ) કહ્યું. આ સખ્ય (મૈત્રીરૂપ ભક્તિ)નું ચરિત્ર અગિઆર[1] અધ્યાયોથી કહેવાનું છે. તેથી વાસુદેવમાં ડૂબેલા હૃદયવાળા હોવાપણું (આ કહેવાનાં) સાધન તરીકે જણાવેલું છે. ૫.

નીચેના શ્લોકથી આરંભી કથા કહે છેઃ

॥ શ્રીશુક ઉવાચ ॥

**કૃષ્ણસ્યાસીત્સખા કશ્ચિદ્બ્રાહ્મણો બ્રહ્મવિત્તમઃ ॥**
**વિરક્ત ઇન્દ્રિયાર્થેષુ પ્રશાન્તાત્મા જિતેન્દ્રિયઃ ॥૬॥**
**યદૃચ્છયોપપન્નેન વર્તમાનો ગૃહાશ્રમી ॥**
**તસ્ય ભાર્યા કુચૈલસ્ય ક્ષુત્ક્ષામા ચ તથાવિધા ॥૭॥**

કોઈ એક બ્રાહ્મણ, બ્રહ્મ જાણનારાઓમાં ઉત્તમ, ઇન્દ્રિયોના વિષયોમાં વૈરાગ્યવાળો, ઘણા શાંત આત્માવાળો, જિતેન્દ્રિય, ભગવદિચ્છાથી મળી આવે તેનાથી નભનારો, (અને) ગૃહસ્થાશ્રમવાળો શ્રીકૃષ્ણનો મિત્ર હતો, અને તે ફાટલાં વસ્ત્રો પહેરનારની ભૂખથી દુબળી થએલી સ્ત્રી તેવી જ હતી. ૬-૭.

તે પહેલાં પણ 'કૃષ્ણસ્ય' શ્રીકૃષ્ણનો જ (સેવક) 'આસીત્' હતો. હમણાં તો 'સખા' બાલપણનો મિત્ર થએલો. 'કોઈ એક' શબ્દથી (એમ જણાવેલું છે કે) તેનામાં ઉત્તમ દૈવ અંશ ન હતો, પરંતુ (તે) માત્ર સારો જીવ હતો.

'ત્યારે તેની સાથે (ભગવાનને) મૈત્રી કેમ થઈ?' એવી શંકા થાય, તેથી 'બ્રાહ્મણ' વિગેરે સાત વિશેષણો કહેલાં છે કે જેથી છ ગુણોના વૈભવવાળા ભગવાન્ પણ તેની અંદર રહેલા થાય (જણાય). આથી એમ કહેવાયું કે ભગવાન જ ભગવાનના મિત્ર થાય છે. તે પૈકી (૧) બ્રાહ્મણ શ્રીનું રૂપ છે, કારણ કે લક્ષ્મી (શ્રી) બ્રહ્મના આનંદરૂપ છે, અને આ બ્રહ્મનો સંબંધ બ્રહ્મ સાથેના જ સંબંધની યોગ્યતા પ્રાપ્ત કરાવે છે, પરંતુ જીવ સાથેના સંબંધની (યોગ્યતા) કરાવતો નથી;

૧. અહિંથી આરંભી સ્કંધ પૂરો થતાં સુધી સખ્યચરિત્ર કહેલું છે, એવો મત પણ છે, એવા અભિપ્રાયથી આમ કહેલું છે. (લે)

એવી રીતે પ્રકરણ પ્રમાણે 'બ્રાહ્મણ્ય' (બ્રાહ્મણપણાં)ની વ્યુત્પત્તિ કહી. આથી એમ કહેવાયું કે આવી સ્થિતિ થવામાં (તેનું) જે અદષ્ટ અથવા ભગવાનની ઈચ્છા (કારણ) હતું, તેનાથી જ આને (ભગવાનની) મૈત્રી થઈ. (૨) (આ) બ્રહ્મ જાણનારાઓમાં શ્રેષ્ઠ હતો. આ બ્રાહ્મણ્યની ઉત્તમ સરસાઈ (કહી). આ જ્ઞાનનું રૂપ છે. (૩) 'વૈરાગ્યવાળો' વિશેષણથી સ્વાભાવિક ઈન્દ્રિયોના વિષયોમાં પ્રીતિ ન હોવાનું (કહેલું છે). આ વૈરાગ્યનું સ્વરૂપ છે. (૪) 'ઘણો જ શાંત હતો આત્મા જેનો' એમ ત્રણ (વિશેષણો) પછી ધર્મી જણાવેલ છે. (૫) પછી જીતેન્દ્રિય એટલે ઐશ્વર્યવાળો હતો. (૬) 'ભગવદિચ્છાથી મળી આવે તેનાથી નભનારો' એટલે વીર્યવાળો હતો. આ ઘણી સહનશીલતા ઘણાં વીર્યનું કાર્ય છે. (૭) 'ગૃહસ્થાશ્રમવાળો' એટલે ગૃહસ્થ. આ કીર્તિનું સ્વરૂપ છે.

'આવા (ઉત્તમ બ્રાહ્મણ)ને ગૃહસ્થાશ્રમ યોગ્ય નથી' એવી શંકા દૂર કરવા (સાતમા શ્લોકનો) ઉત્તરાર્ધ કહેલો છે. પહેલાં પરમહંસ અને ગૃહસ્થ(ના ઉત્તમપણા)નો નિર્ણય કરતી વખતે એમ (કહેલું છે કે) જો આવી પત્ની પ્રાપ્ત થાય તો ગૃહસ્થાશ્રમ ઉત્તમ છે, (અને) એ ન હોય તો પરમહંસપણું (સંન્યાસ) (ઉત્તમ છે). તેમ (તેવી પત્ની) ન હોય તો પુરુષ અર્ધ અશ્વ (ભાર વહેનારો) હોવાથી પુરુષાર્થ પ્રાપ્ત કરવામાં વિચ્છેદ થાય. 'ફાટેલા વસ્ત્રો પહેરનારની' વિશેષણથી (તેની) તે (પત્ની)માં આસક્તિ ન હોવાનું કહેલું છે, કારણ કે, (પત્નીમાં) આસક્તિવાળા હોય તેઓ આરંભમાં (સારાં) વસ્ત્રો અને અલંકારો પહેરે છે. 'ભૂખથી દુબળી થએલી' વિશેષણથી તે (સ્ત્રી)માં આની પણ આસક્તિ ન હોવાનું કારણ કહેલું છે. (તે) ભૂખથી સંપૂર્ણ પ્રકારે 'ક્ષામા' દુબળી હતી, એમ તેના કરતાં આ (સ્ત્રી)નું વ્રત વધારે હોવાનું (કહેલું છે). (બંનેને) પદાર્થનો લાભ થવાનો એક જ પ્રકાર હતો, તેમાં પણ (સ્ત્રી) વધેલું ખાતી હોવાથી (તેનું વ્રત) વધારે હતું. 'ચ' 'અને' શબ્દથી (એમ કહેલું છે કે સ્ત્રી) તે ગુણવાળી હોવા છતાં તેવા પ્રકારની એટલે ફાટેલાં[1] વસ્ત્રો પહેરનારી હતી. આથી એમ જણાવેલ છે કે (બ્રાહ્મણ)માં પણ તે (સ્ત્રી)ની આસક્તિ ન હતી. ૭.

નીચેના શ્લોકમાં આરંભમાં સ્ત્રીને ધનની ઈચ્છા થવાનું કારણ કહે છેઃ

**પતિવ્રતા પતિં પ્રાહ મ્લાયતા વદનેન સા ।।**
**દરિદ્રા સીદમાના સા વેપમાનાભિગમ્ય ચ ।।૮।।**

---

૧. ફાટેલાં વસ્ત્રો પહેરનારી સ્ત્રીની ક્યાંએ આસક્તિ હોતી નથી, એવો ભાવ છે. (લે) શ્રીસુબોધિનીમાં સ્પષ્ટ છે કે તેમાં એટલે તે બ્રાહ્મણ (સુદામા)માં આસક્તિ ન હતી એવો ભાવ જણાય છે.

તે ગરીબ દુઃખી હતી (સ્ત્રી) ધ્રુજતી પતિ સામે આવી અને તે પતિવ્રતા એ કરમાતા મુખથી પતિને (નીચે પ્રમાણે) કહ્યું. ૮.

પતિ જ વ્રત હતું જેનું (તેવી પતિવ્રતા હતી), કારણ કે જેમ વ્રત કરનાર પોતાના વ્રતની સરસાઈ ઈચ્છે છે, તેમ તે પણ પતિને બધી સમૃદ્ધિ (પ્રાપ્ત થાય તેમ) ઈચ્છતી હતી. પોતે પતિવ્રતા હોવાથી જ બીજા પાસેથી તે (સમૃદ્ધિ)ની પ્રાપ્તિ (ઈચ્છતી) ન હતી, તેથી તેણે પતિને કહ્યું. 'કરમાતા મુખથી' શબ્દથી (તેની) દીનતા જણાવેલી છે.

'મનમાં કામના ન હોય તો દીનતા કપટરૂપ હોવાથી પતિવ્રતાના ધર્મથી વિરુદ્ધ છે. (કામના) હોય તો તેવી (દીનતાવાળી) ન હતી' એવી શંકા થાય, તેથી 'તે' શબ્દ યોજેલ છે. તે પતિવ્રતા હતી (અને) વ્રત માટે તે (દીનતા) સાધન હતી, તેથી દોષ નથી એવો ભાવ છે. (તેનાથી) પોતાથી પોતાના વ્રતની સરસાઈ થતી ન હતી એમ જણાવવા 'ગરીબ, દુઃખી થતી' વિશેષણો યોજેલ છે. ગરીબાઈને લીધે અધમ સ્થિતિ થવાથી કાંઈ પ્રયોજન (સરતું) નથી, તેમાં પણ તે શરીરથી દુઃખી થતી હતી. તેથી આરંભમાં જ દેહ પડે તો વ્રતનો પણ ભંગ થાય એવા ભયથી તેણે તેમ કર્યું, કારણ કે 'તે' (પતિવ્રતા હતી) એમ પહેલાંની પેઠે (અર્થ કરવો).

'ત્યારે આટલા સમય સુધી (પતિને કાંઈ) કેમ કહ્યું નહિ?' એવી શંકા થાય તેથી 'ધ્રુજતી' વિશેષણ યોજેલું છે. કેટલાક કહે છે કે ભયથી (ધ્રુજતી હતી). શરીર પડવાની સ્થિતિમાં આવેલું (હોવાથી ધ્રુજતી હતી) એવો (અર્થ છે). હવે કાલ વિલંબ કરે તેમ ન હતો, તેથી (પતિના) સામે આવી, 'ચ' 'અને' શબ્દ હોવાથી તેના મનને પ્રસન્ન કરીને, (નીચે) કહેવામાં આવશે તે પ્રમાણે (તેની) સ્તુતિ કરી. ૮.

નીચેના શ્લોકથી આરંભી સાડા ત્રણ શ્લોકોથી તેનાં વાક્યો કહે છેઃ

**નનુ બ્રહ્મન્ ભગવતઃ સખા સાક્ષાચ્છ્રિયઃ પતિઃ ।।**
**બ્રહ્મણ્યશ્ચ શરણ્યશ્ચ ભગવાન્સાત્વતર્ષભઃ ।।૯।।**

હે બ્રહ્મન્! સાક્ષાત્ લક્ષ્મીના પતિ, અને બ્રાહ્મણોનું હિત કરનાર, અને શરણ કરવા યોગ્ય, ભક્તોના સ્વામી ભગવાન્ આપ ભગવાનના મિત્ર છે. ૯.

સંપૂર્ણ રીતે દુઃખ થાય ત્યારે ઈશ્વર પાસે જવાનું શાસ્ત્રમાં કહેલું છે. તેથી આપત્તિના ધર્મ તરીકે તે (પતિને) કહે છે. 'નનુ' શબ્દથી કોમલ સંબોધન કરેલું છે. 'હે બ્રહ્મન્!' સંબોધન એમ જણાવવા (યોજેલ છે કે બ્રાહ્મણ) વિકાર વિનાનો છે, આ સિદ્ધની અવસ્થા છે. (તેથી એમ જણાવેલ છે કે) (તમે) વિષયો ભોગવો તો પણ તમારા સ્વરૂપની હાનિ થવાની નથી. વળી ભગવાને પોતાનું સ્વરૂપ તમારામાં

મૂકેલું છે. તેથી 'ભગવતઃ' આપ ભગવાનના મિત્ર સાક્ષાત્ ભગવાન્ છે. આથી (એમ જણાવ્યું કે) દાન લેવાય, અને તેમાં દોષ નથી.

'તે પણ આપણી સમાન હોય તો (તેમની) પાસે જવું નકામું છે' એવી શંકા દૂર કરવા, મિત્રની સ્થિતિથી જ (તમે) ભગવત્પણું પ્રાપ્ત કરેલું છે એમ 'સાક્ષાત્ લક્ષ્મીના પતિ' શબ્દોથી કહેલ છે. (આથી) એમ કહેલું છે કે દેહ ધારણ કરેલ આધિદૈવિક લક્ષ્મીના તે પતિ છે, તેથી સર્વ સંપત્તિઓ તેમને અધીન છે.

'છતાં પણ આપણને (ધન) કેમ આપશે?' એવી (શંકા થાય), તેથી તેનું કારણ 'બ્રાહ્મણોનું હિત કરનાર' વિશેષણથી કહેલું છે. 'ચ' 'અને' શબ્દથી (એમ જણાવ્યું છે કે તે) પોતે પણ ઉદાર છે. વળી 'શરણ કરવા યોગ્ય' છે, અને જે શરણ જાય છે તેને સર્વ આપે છે. શરણ ન જાય તો પણ માત્ર (પાસે) જવાથી જ આપશે એમ જણાવવા 'ચ' 'અને' શબ્દ યોજેલ છે.

'એમ હોય તો સર્વને દાન કરતાં પદાર્થ ખૂટી જાય, અથવા થોડો બાકી રહે તો પોતાને માટે રાખે' એવી શંકા 'ભગવાન્' શબ્દથી દૂર કરે છે. (તેમનામાં) સર્વ શક્તિઓ પૂરેપૂરી છે.

'સેવકો (દાન આપતાં) રોકશે' એવી શંકા થાય, તેથી 'ભક્તોના સ્વામી' એમ કહેલ છે. (તે) 'સાત્વતાનાં' પરમ ભક્તોના 'ઋષભઃ' સ્વામી છે. ૯.

'એમ હોય તેથી શું?' એવો પ્રશ્ન થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**તમુપૈહિ મહાભાગ સાધૂનાં ચ પરાયણમ્ ।।**
**દાસ્યતિ દ્રવિણં ભૂરિ સીદતે તે કુટુમ્બિને ।।૧૦।।**

અને હે મોટા ભાગ્યવાળા, સાધુઓના પરમફલરૂપ તેમની પાસે જાઓ. દુઃખી થતા, કુટુંબવાળા તમને તે ઘણું ધન આપશે. ૧૦.

'તેમની પાસે જાઓ' એવી પ્રાર્થના (કરેલી) છે.

'મોટાં ભાગ્ય વિના ભગવાન્ પાસે કેમ જવાય? અને તે (મોટું ભાગ્ય) નથી એવો તો ગરીબાઈથી જ નિર્ણય થાય છે' એવી શંકા થાય, તેથી 'હે મોટા ભાગ્યવાળા!' સંબોધન કરેલું છે. પતિવ્રતાના ધર્મથી તેનું ઉત્પન્ન થએલું ભાગ્ય જોતી, તેવું સંબોધન કરે છે. 'થોડું દ્રવ્ય (પ્રાપ્ત કરવા)ના પણ ભાગ્ય વિનાનો સર્વ પુરુષાર્થોના નિધિરૂપ (ભગવાન)ને કેમ પ્રાપ્ત કરશે?' એવી શંકા આથી દૂર કરેલી છે, કારણ કે (તેનું મોટું ભાગ્ય) હમણાં જ પ્રકટ થયું છે. વળી (ભગવાન્) 'સાધુઓના પરમફલરૂપ' છે. જેઓ સ્વભાવથી જ ગરીબ ઘણા સાધુ (સત્પુરુષો) છે, તેમના પણ ફલરૂપ છે. 'ચ' 'અને' શબ્દ એમ જણાવવા (યોજેલ) છે કે આ બીજી યુક્તિ છે.

'એમ હોય તો પણ (ભગવાન્ ધન) આપશે કે નહિ, એ કોણ જાણે?' એવી શંકા દૂર કરવા 'ઘણું ધન આપશે' એમ કહેલું છે. તેનું કારણ 'દુઃખી થતા, કુટુંબવાળા, તમને' શબ્દોથી કહેલું છે. દુઃખી થતો (અને) કુટુંબવાળો દાન (આપવા) યોગ્ય છે. તેમાં પણ 'તમે' સર્વ ગુણોવાળા છો. ૧૦.

'ભગવાન્ કદાચ બીજા સ્થલે પધારેલ હોય' એવી શંકા નીચેના શ્લોકથી દૂર કરે છેઃ

**આસ્તેઽધુના દ્વારવત્યાં ભોજવૃષ્ણ્યન્ધકેશ્વરઃ ।।**
**સ્મરતઃ પાદકમલમાત્માનમપિ યચ્છતિ ।।**
**કિં ન્વર્થકામાન્ ભજતો નાત્યભીષ્ટાઞ્જગદ્ગુરુઃ ।।૧૧।।**

હમણાં દ્વારકામાં ભોજ, વૃષ્ણિ અને અંધકોના ઈશ્વર છે. (પોતાનાં) ચરણકમલનું સ્મરણ કરનારને આત્માનું પણ દાન કરે છે તો પછી જગતના ગુરુ ભજન કરનારને (પોતાને) બહુ વહાલા નહિ તેવાં ધન અને ઈચ્છેલા પદાર્થ આપે તેમાં કહેવું જ શું? ૧૧.

તે બીજા કાર્યમાં રોકાએલ નથી એમ જણાવવા, 'ભોજ, વૃષ્ણિ અને અંધકોના ઈશ્વર' શબ્દથી (ભગવાનનું) ઐશ્વર્ય જણાવેલું છે. ત્રણ ગુણો જેમનામાં મુખ્ય છે તેવા ત્રણ કહેલા છે.

છતાં પણ 'જગતમાં દાન કરનાર દુર્લભ છે' એ નિયમ પ્રમાણે કદાચ (ભગવાન્ ધન) ન આપે' એવી શંકા થાય, તેથી 'ચરણકમલનું સ્મરણ કરનારને (આત્માનું પણ દાન કરે છે)' એમ કહેલું છે. જે સ્મરણ કરે છે, તેને ઘણું દાન કરે છે. વધારે શું કહેવું? બ્રહ્મનો આનંદ (આપે છે). વધારે કહેવાથી શું? આત્માના આનંદનું પણ (દાન કરે છે). તો પછી ભજન કરનારને ધન અને ઈચ્છેલા પદાર્થો આપે, એમાં કહેવું જ શું?'

'ધન અને ઈચ્છેલા પદાર્થો જ જો તેમને વહાલા હોય તો ન આપે' એવી શંકા થાય તેથી 'બહુ વહાલાં નહિ તેવાં' વિશેષણ યોજેલ છે. (પોતાને) વહાલું ન હોય તેવું ઘણું અપાય છે એ લોકમાં પ્રસિદ્ધ છે. સંપૂર્ણ પ્રકારે વહાલું (ઈચ્છેલું) ન હોય તેવું (ભગવાન્) મિત્રને આપશે નહિ એવા અભિપ્રાયથી 'બહુ (વહાલાં) નહિ' એમ કહેલું છે. કાંઈક વહાલાં તો (તે ભગવાનને) છે જ. તેથી પ્રથમ આપીને પછી ત્યાગ કરાવશે, એવો ભાવ છે.

'યોગ્ય (પુરુષ) મળતાં કદાચ બધાનું દાન કરે' એવી શંકા 'જગતના ગુરુ' પદથી દૂર કરે છે. સર્વને હિતનો ઉપદેશ કરનાર (તમને) નિરાશ કેમ કરે? એવો અર્થ છે. અથવા (આ શબ્દથી ભગવાનને ધન અને કામનાઓ) વહાલાં ન હોવાનું

કારણ કહેલું છે, કારણ કે તેમ ન હોય (તે વહાલાં હોય) તો (ભગવાન્) જગતના ગુરુ ન હોય, કેમ કે (જે) પોતે વિષયોમાં આસક્તિવાળો હોય તે બીજાઓને વૈરાગ્યનો બોધ આપી શકતો નથી. ૧૧.

એવી રીતે તે સ્ત્રીનાં વચનો કહીને, તે વારંવાર કહેવાથી તે (બ્રાહ્મણ)નું મન પણ કાંઈક તેવું થયું, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**એવં સ ભાર્યયા વિપ્રો બહુશઃ પ્રાર્થિતો મુહુઃ ।।**
**અયં હિ પરમો લાભ ઉત્તમશ્લોકદર્શનમ્ ।।૧૨।।**
**ઈતિ સંચિંત્ય મનસા ગમનાય મતિં દધે ।।**
**અપ્યસ્ત્યુપાયનં કિઞ્ચિદ્‌ગૃહે કલ્યાણિ દીયતામ્ ।।૧૩।।**

એવી રીતે પત્નીએ ઘણા પ્રકારે વારંવાર પ્રાર્થના કરેલા તે વિપ્રે 'આ ઉત્તમ લાભ છે કે ઉત્તમશ્લોકનાં દર્શન (થશે)' એમ મનમાં વિચારી, જવાનો નિર્ણય કર્યો, (અને કહ્યું) 'હે કલ્યાણિ! કાંઈ ઘરમાં ભેટ (આપવાનું) છે? આપ.' ૧૨-૧૩.

'પોતાની મેળે જ કેમ ન ગયા? એવી રીતે પત્નીએ પ્રાર્થના કરવાથી કેમ (ગયા)? કારણ કે ભગવાનનું દર્શન બધાઓને વહાલું છે', એવી શંકા થાય, તેથી 'વિપ્ર'[1] શબ્દ યોજેલ છે. 'બહુશઃ' એટલે (ઉપર) કહ્યું તેના જેવા ઘણા પ્રકારે 'મુહુઃ' એક દિવસમાં પણ વારંવાર (પત્નીએ પ્રાર્થના કરી), કારણ કે તે પતિને ગમતી હતી. પછી બારમા શ્લોકના ઉત્તરાર્ધથી (દ્વારકા) જવાનો તેણે કરેલ નિર્ણય કહેલો છે. ઉત્તમશ્લોકનું દર્શન બ્રહ્મભાવથી પણ દુર્લભ છે, કારણ કે બ્રહ્મા પણ તેની ઈચ્છા રાખે છે. ૧૨.

એવી રીતે એક (જવાનું) કાર્ય બંને[2] પ્રાપ્ત કરાવશે, એવો વિચાર કરીને (જવાનો નિર્ણય કર્યો). આ ગુપ્ત રાખવા યોગ્ય (નિર્ણય) પત્નીને કહેવા યોગ્ય ન હતો, તેથી 'મનમાં' એમ કહેલ છે. તેમ કર્યું ન હોય (પત્નીને કહ્યું હોય) તો તે પણ આવે. પછી જવાનો નિર્ણય કર્યો. પછી જવાના સાધનનો વિચાર કરતાં, 'ખાલી હાથે દર્શન ન કરવાં' એમ વિચારી ભેટ (આપવાનું) માગ્યું. માગવાનું વચન તેરમા શ્લોકના ઉત્તરાર્ધથી કહેલું છે. 'અપિ' શબ્દ સંભવ દર્શાવવા (યોજેલ છે). (પત્ની) 'કલ્યાણી' હોવાથી કદાચ ક્યાંકથી પ્રાપ્ત કરે. 'ઘરમાં છે?' એવો પ્રશ્ન છે. 'નથી' એમ કહેવામાં આવે તો કદાચ (પતિના દ્વારકા) જવામાં આ જ વિઘ્નરૂપ થાય,

૧. 'વિપ્ર' એટલે પાછળથી અક્કલ આવે તેવા. જૂઓ ૭।૨૧।૨૬ અને ૧૦।૨૦।૩૭ ઉપરનાં શ્રીસુબોધિનીજી.

૨. (૧) પત્નીની પ્રાર્થના પ્રમાણે દ્વારકા જવાનું અને (૨) ભગવાનનાં દર્શન થવાં તે બંને.

તેથી (પત્ની) મૂંગી રહી. પછી જેની ના પાડેલી નથી તે કબૂલ કરેલું છે, એમ જાણીને, 'આપ' એમ માંગે છે. ૧૩.

**યાચિત્વા ચતુરો મુષ્ટીન્ વિપ્રાન્ પૃથુકતણ્ડુલાન્ ।।**
**ચૈલખણ્ડેન તાન્ બદ્ધ્વા ભર્ત્રે પ્રાદાદુપાયનમ્ ।।૧૪।।**

તેણે બ્રાહ્મણો પાસે ચાર મુઠી પૌંઆ માગી, તેમને વસ્ત્રના કટકામાં બાંધી (આપવાની) ભેટ તરીકે પતિને આપ્યા. ૧૪.

અને તે પતિવ્રતાએ પતિના વાક્યનું પાલન કરવા માટે ચાર મુઠી 'પૃથુકતણ્ડુલાન્' પૌંઆ-વિશ્રામ સમયે તે ખાઈ પણ શકાય તે માટે તે (પૌંઆ) જ- માગીને, 'ચૈલખણ્ડેન' પોતાના વસ્ત્રના કટકામાં તે બાંધીને, પોતાના પતિને 'આ ભગવાનને આપવાના છે' એવા અભિપ્રાયથી આપ્યા. (વસ્ત્રના કટકામાં) બાંધ્યા વિના આપે, તો (પતિ) કદાચ બીજાને આપે, અથવા પાડી નાખે. ૧૪.

પછી ભેટ સાથે તે ભગવાન્ પાસે જવા નીકળ્યો, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**સ તાનાદાય વિપ્રાગ્ર્યઃ પ્રયયૌ દ્વારકાં કિલ ।।**
**કૃષ્ણસંદર્શનં મહ્યં કથં સ્યાદિતિ ચિન્તયન્ ।।૧૫।।**

'મને શ્રીકૃષ્ણનાં દર્શન કેમ થશે' એમ ખરેખર વિચારતો તે ઉત્તમ બ્રાહ્મણ તે (પૌંઆ) લઈને દ્વારકા ગયો. ૧૫.

'કિલ' 'ખરેખર' શબ્દથી પ્રમાણ (કહેલ છે). રસ્તામાં જે જાય છે, તે પોતાના ઈચ્છેલા (પદાર્થ)નો વિચાર કરે છે, તેથી આ પણ વિચાર કરતો જતો હતો. 'તે શેનો ધનનો કે દર્શનનો વિચાર કરતો હતો' એવો સંદેહ થાય, તેથી તે દૂર કરવા 'શ્રીકૃષ્ણનાં દર્શન મને કેમ થશે?' એમ કહેલું છે, પરંતુ (મને) કેમ કેટલું ધન પ્રાપ્ત થશે, એમ (વિચારતો) ન હતો. ૧૫.

'પછી (દ્વારકાને) કિલ્લો હોવાથી જૂદા જૂદા સ્થલે પહેરેગીરો મૂકેલા. તેઓ કોઈ પણ અજાણ્યા પુરુષને પ્રવેશ કરવા દેતા નહિ. ત્યાં આ કેવી રીતે ગયો?' એવી શંકા નીચેના શ્લોકમાં દૂર કરે છેઃ

**ત્રીણિ ગુલ્માન્યતીયાય તિસ્રઃ કક્ષાશ્ચ સ દ્વિજઃ ।।**
**વિપ્રોઽગમ્યાન્ધકવૃષ્ણીનાં ગૃહેષ્વચ્યુતધર્મિણામ્ ।।૧૬।।**
**ગૃહં દ્વ્યષ્ટસહસ્રાણાં મહિષીણાં હરેર્દ્વિજઃ ।।**
**વિવેશૈકતમં શ્રીમદ્બ્રહ્માનન્દં ગતો યથા ।।૧૭।।**

તે બ્રાહ્મણે ત્રણ ગુલ્મો અને ત્રણ કક્ષાઓ વટાવીને અંધક અને વૃષ્ણિ વૈષ્ણવોના પ્રવેશ ન કરી શકાય તેવા ઘરોની મધ્યે આવેલા હરિની સોળ હજાર

મહારાણીઓના ઘરો પૈકી ઘણી શોભાવાળા એક ઘરમાં, બ્રહ્માનંદ પ્રાપ્ત કરેલ હોય તેવા વિપ્રે પ્રવેશ કર્યો. ૧૬-૧૭.

ગુલ્મો સૈન્યના વિભાગ છે. કક્ષા (કિલ્લાના) ..લના પ્રકાર છે. અથવા 'ગુલ્મ' શબ્દથી ઝાડીથી બનેલા વગડાના સાંકડા માર્ગો (કહેલા છે). શંકા વિના જવાનું કારણ 'સદ્વિજઃ' શબ્દથી કહેલું છે. 'બ્રાહ્મણો સાથે' અથવા 'તે જ બ્રાહ્મણે' (એવો તેનો અર્થ છે). બ્રાહ્મણપણું સાધારણ હોવાથી, સારી રીતે પૂર્ણ કરનારપણું કહેતાં, 'વિપ્રે' એમ કહેલું છે. અંધક અને વૃષ્ણિ 'અચ્યુતધર્મિણામ્' વૈષ્ણવોનાં સર્વ બાજુએ આવી રહેલા ઘરોની મધ્યે, અને હરિની સોળ હજાર મહારાણીઓના અંદરના 'દ્વિજઃ' જેને ના પાડી ન શકાય તેવાએ એક ઘરમાં પ્રવેશ કર્યો, એવા આશયથી કે અહિં ભગવાન્ રહેતા હશે. તેનું કારણ 'શ્રીમત્' શબ્દથી (કહેલું છે). (તે ઘર) ઘણી શોભા અને સંપત્તિવાળું હતું.

'બ્રહ્માનંદ પ્રાપ્ત કરેલ હોય તેવા' શબ્દોથી ત્યાં માત્ર જવાથી જ તેની જે અવસ્થા થઈ તે કહેલી છે. દ્વારકામાં વૈકુંઠે પ્રવેશ કરેલો હોવાથી, અને તે (સુદામો) બ્રાહ્મણ હોવાથી, અને તે (દ્વારકાની) મધ્યમાં ભગવાનનું ઘર આનંદાંશવાળું હોવાથી તેની અંદર પ્રવેશ કરેલાને બ્રહ્માનંદની પ્રાપ્તિ થાય જ. 'યથા' 'તેવા' શબ્દ (બ્રહ્માનંદના) પ્રકારનો ભેદ જણાવવા યોજેલ છે. ૧૬-૧૭.

પછી આસપાસ જોવાની શક્તિ વિનાના, આનંદના અનુભવને લીધે જાણે કે આંખો બંધ કરેલી હોય તેવા (તે)ને ભગવાને જોયો, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તં વિલોક્યાચ્યુતો દૂરાત્ પ્રિયાપર્યઙ્કમાસ્થિતઃ ।।**
**સહસોત્થાય ચાભ્યેત્ય દોર્ભ્યાં પર્યગ્રહીન્મુદા ।।૧૮।।**

તેને દૂરથી જોઈને, પ્રિયાના પલંગ ઉપર બેઠેલા અચ્યુત એકદમ ઉભા થઈ અને (તેની) પાસે જઈ, આનંદથી બે હાથથી (તેને) ભેટ્યા. ૧૮.

'પ્રિયાના પલંગ ઉપર' એટલે 'લક્ષ્મણાના પલંગ ઉપર' (દિવસના) ચોથા પહોરમાં વિશ્રામના સમયે, અથવા રાત્રે ભગવાન્ પ્રિયાના પલંગ ઉપર બેઠા હતા. તે (લક્ષ્મણા) 'લક્ષ્મણા' ચિહ્નથી લક્ષ્મી છે. ત્યાંથી એકદમ ઉભા થઈ, પાસે આવી બે હાથથી ભેટ્યા. આથી સમાનપણું જણાવેલું છે. 'આનંદથી' શબ્દથી અંદરનો પ્રેમ (જણાવેલો છે). ભગવાનનો સંબંધ થતાં તેને જેવો હર્ષ થયો, તેવો (તે) ભક્ત હોવાથી તેનો સંબંધ થતાં ભગવાનને પણ થયો, એમ જણાવેલું છે. ૧૮.

પછી આનંદથી ઉભરાએલાની પેઠે (ભગવાને) લીલા કરી, એમ નીચેના

શ્લોકમાં કહે છેઃ

**સખ્યુઃ પ્રિયસ્ય વિપ્રર્ષેરઙ્ગસઙ્ગાતિનિર્વૃતઃ ।।**
**પ્રીતો વ્યમુઞ્ચદબ્બિન્દૂન્નેત્રાભ્યાં પુષ્કરેક્ષણઃ ।।૧૯।।**

મિત્ર, પ્રિય અને વિપ્રર્ષિના અંગના સંગથી ઘણું સુખ પામેલા કમલનયને (ભગવાને) પ્રીતિને લીધે નેત્રોમાંથી આંસુના ટીપાંઓ પાડ્યાં. ૧૯.

(તે) મિત્ર હોવાથી તેને જેમ (સુખ) થયું, તેવું જ (ભગવાનને) થવું જોઈએ. ભગવાનનો પણ (તે) ઘણો જ 'પ્રિય' જેના ઉપર પ્રેમ હોય તેવો હતો. (આ) પહેલાનું[1] પણ કારણ છે. તેથી પણ (વધારામાં) 'વિપ્રર્ષિ' ઉત્તમ બ્રાહ્મણ હતો, કારણ કે આનામાં અલૌકિક પરમાનંદ પણ પ્રકટ થયો હતો. તેના સંગથી (ભગવાન્) 'અતિનિર્વૃત્તઃ' અંદરથી સુખ પામ્યા. પછી પ્રીતિને લીધે જાણે કે મન તેને જોવા બહાર આવેલું હોય[2] તેમ 'નેત્રોમાંથી આંસુના ટીપાઓ પાડ્યાં.' 'કમલનયન' વિશેષણથી કારણ તરીકે કૃપાલુપણું કહેલું છે. ૧૯.

'પછી પત્ની અવશ્ય જૂદાઈ કરાવે, તેથી તે (કારણ)થી જ મૈત્રી ઘટી હશે' એવી શંકા થાય, તેથી નીચેના શ્લોક કહે છેઃ

**અથોપવેશ્ય પર્યઙ્કે સ્વયં સખ્યુઃ સમર્હણમ્ ।।**
**ઉપહૃત્યાવનિજ્યાપઃ પાદૌ પાદાવનેજનીઃ ।।૨૦।।**
**અગ્રહીચ્છિરસા રાજન્ ભગવાઁલ્લોકપાવનઃ ।।**
**વ્યલિમ્પદ્દિવ્યગન્ધેન ચન્દનાગુરુકુઙ્કુમૈઃ ।।૨૧।।**
**ધૂપૈઃ સુરભિભિર્મિત્રં પ્રદીપાવલિભિર્મુદા ।।**
**અર્ચિત્વાવેદ્ય તામ્બૂલં ગાં ચ સ્વાગતમબ્રવીત્ ।।૨૨।।**

પછી હે રાજન્! લોકને પાવન કરનાર ભગવાને (તેને) પલંગ ઉપર બેસાડીને, મિત્રની પૂજાની સામગ્રી જાતે લાવીને, (તેના) બે પગ ધોઈને, ચરણ ધોએલ જલને માથે ચઢાવ્યું. ચંદન, અગર, કેસર (અને) દિવ્ય સુગંધવાળા (પદાર્થો)થી લેપ કર્યો, મિત્રની સુગંધવાળા ધૂપોથી અને આરતિથી આનંદથી પૂજા કરીને, પાન અને આખલો સમર્પણ કરીને, આવકાર(નું વચન) કહ્યું. ૨૦-૨૧-૨૨.

પછી (ભગવાને) જાતે મિત્રની પૂજા કરી. આના બે પગ ધોઈને, પૂજાનાં સાધનો લાવીને, ચરણ ધોએલ જલને માથે ચઢાવ્યું. આ ધર્મ હોવાથી, આમાં

---

૧. મિત્રતાનું દાન કરવામાં પ્રિયપણું કારણ હતું, એવો અર્થ છે. (લે)

૨. નેત્રમાર્ગે મન બહાર નીકળતું હોવાથી નેત્રને શ્રમથી થએલ પરસેવા જેવા આંસુઓ હતાં. (લે)

દૂષણ નથી, અને (ભગવાન્) લોકોને ઉપદેશ દેવા ધર્મનું આચરણ કરે છે. 'હે રાજન્!' એ સંબોધન (પરિક્ષિતની આમાં) સંમતિ જણાવવા (કરેલું છે). 'લોકને પાવન કરનાર' વિશેષણથી ઉત્તમ પ્રકારે ચરણ ધોએલ જલ ધારણ કરવાનો બીજો અભિપ્રાય કહેલો છે, કારણ કે તે (ભગવાન્) સર્વ લોકરૂપ છે (અને) બ્રાહ્મણમાં પણ પોતે રહેલા છે એમ પહેલાં કહેલું છે. તેથી પોતાના ચરણારવિંદ (ધોએલ) જલથી તેમણે લોકોને પાવન કર્યા, એમ કહેલું છે. આટલાથી હલકાઈ તો થતી નથી, કારણ કે (પોતે) 'ભગવાન્' છે.

પછી 'દિવ્ય સુગંધવાળા (પદાર્થો)થી લેપ કર્યો' એમ પૂજા કહેલી છે. પૂજા(થવા)થી થતી, તે દેવ હશે એવી શંકા, 'મિત્ર' શબ્દથી દૂર કરેલી છે. 'પ્રદીપાવલિભિઃ' એટલે આરતિથી. આથી (એમ જણાવેલું છે કે) જો કે તે (સુદામા)ને તે પ્રકારે સુખ થતું ન હતું, છતાં પણ આનંદથી (ભગવાને પૂજા) કરી. પછી માથા ઉપર પુષ્પોથી (પુષ્પો નાખી) પૂજા કરી, પાન અને વેદની આજ્ઞાનું પાલન કરવા 'ગાં' આખલો સમર્પણ કરીને, પછી આવકાર(નું વચન) કહ્યું. અહિં 'ગૌઃ (ગામ્)' શબ્દથી આખલો કહેલ છે. ૨૦-૨૧-૨૨.

પછી પત્ની પણ પતિવ્રતા હોવાથી, અદેખાઈ વિગેરે ન કરતાં તેણે પણ તે (બ્રાહ્મણ)ની પૂજા કરી, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**કુચૈલં મલિનં ક્ષામં દ્વિજં ધમનિસંતતમ્ ।।**
**દેવી પર્યચરચ્છૈબ્યા ચામરવ્યજનેન વૈ ।।૨૩।।**

ફાટેલાં વસ્ત્રવાળા મલિન દુર્બલ શિરાઓથી વ્યાપેલા દ્વિજની દેવી શૈબ્યાએ ચમરીના પંખાથી સેવા કરી. ૨૩.

મલિન, ફાટેલાં જાડાં વસ્ત્રવાળા શબ્દોથી શરીરના સંસ્કાર વિનાનો જણાવેલ છે. દુર્બલ 'ધમનિભિઃ' શિરાઓથી વ્યાપેલો છતાં પણ દ્વિજ હતો. બ્રાહ્મણની આજ શોભા છે. તેવાની પણ 'દેવી' લક્ષ્મીનો (પોતામાં) પ્રવેશ થવાથી દેવતારૂપ 'શૈબ્યા' લક્ષ્મણાએ ચમરીના પંખાથી સેવા કરી. પહેલાં તે ભગવાનને ચમરીનો પંખો કરતી ઉભેલી; પછી બ્રાહ્મણની પૂજા થઈ ત્યારે પણ તેમ જ (પંખો) કરતી ઉભી રહી, એવો અર્થ છે. ૨૩.

એવી રીતે (ભગવાન્ અને લક્ષ્મણા) બંનેથી પૂજાતા (બ્રાહ્મણ)ને જોઈને ત્યાં રહેલાઓને આશ્ચર્ય થયું, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**અન્તઃપુરજનો દૃષ્ટ્વા કૃષ્ણેનામલકીર્તિના ।।**
**વિસ્મિતોઽભૂદતિપ્રીત્યા અવધૂતં સભાજિતમ્ ।।૨૪।।**

પવિત્ર કીર્તિવાળા શ્રીકૃષ્ણથી ઘણા પ્રેમથી પૂજાએલા મલિન (બ્રાહ્મણ)

ને જોઈને અંતઃપુરના માણસો વિસ્મય પામ્યા. ૨૪.

શ્રીકૃષ્ણથી પૂજાએલા મલિન (બ્રાહ્મણ)ને જોઈને વિસ્મય પામ્યા. 'આથી ભગવાનની પણ હલકાઈ જણાય' એવી શંકા ન થાય તે માટે 'પવિત્ર કીર્તિવાળા' વિશેષણ યોજેલું છે. તેમાં પણ 'ઘણા પ્રેમથી' અને તે સમયે પણ તે 'અવધૂતઃ' મલિન જ હતો. બીજા પાસે મેલ કઢાવી નાખી પછી પૂજા (કરી હશે), એવો મત (આથી) ખોટો ઠરાવેલ છે. ૨૪.

વિસ્મય પામેલાઓનું વાક્ય નીચેના શ્લોકથી કહે છેઃ

**કિમનેન કૃતં પુણ્યમવધૂતેન ભિક્ષુણા ।।**
**શ્રિયા હીનેન લોકેઽસ્મિન્ગર્હિતેનાધનેન ચ ।।૨૫।।**
**યોઽસૌ ત્રૈલોક્યગુરુણા શ્રીનિવાસેન સંભૃતઃ ।।**
**પર્યઙ્કસ્થાં શ્રિયં હિત્વા પરિષ્વક્તોઽગ્રજો યથા ।।૨૬।।**

આ કાંતિ વિનાના, આ લોકમાં નિંદાએલા, નિર્ધન, અને મલિન ભિક્ષુકે શું પુણ્ય કર્યું હશે, કે જેનો ત્રણ લોકના ગુરુ, લક્ષ્મીના સ્થાનરૂપ (ભગવાને) આદર કર્યો? પલંગ ઉપર રહેલી શ્રીનો ત્યાગ કરીને જેમ મોટાભાઈને ભેટે તેમ આને ભેટ્યા. ૨૫-૨૬.

તે બધા પુણ્યના ફલને જ કલ્યાણકારક માનતા હતા. પહેલાં તે જાણેલું નહિ હોવાથી 'શું' એવી શંકા થઈ. 'કાંઈક તેવું (પુણ્ય) હશે' એમ કહેવામાં આવે, તેથી 'મલિન' વિગેરે પાંચ વિશેષણો કહેલાં છે. (૧) જો આણે ધર્મ (કરેલ) હોય તો આરંભમાં ધર્મે ઉત્પન્ન કરેલું શરીર (તેને) હોય, અને તેને પાપનાં કાર્યરૂપ મેલનો સંબંધ ન થાય, પણ આ મલિન છે. વળી (૨) જો આણે ધર્મ (કરેલ) હોય, તો દેહ ઉત્પન્ન થયા પછી દેહનું પોષણ થાય તે માટે (આને) સારું અન્ન (પ્રાપ્ત) થાય, પરંતુ તે પણ નથી, કારણ કે આ ભિક્ષુક છે. વળી (૩) જો આણે ધર્મ (કરેલ) હોય, તો (આના) દેહમાં ઉત્તમ કાંતિ હોય, પરંતુ આ કાંતિ વિનાનો છે[૧]. આથી જ લૌકિક સંપત્તિનો પણ સમાવેશ થયો. વળી (૪) જો આણે ધર્મ (કરેલ) હોય, તો લોકમાં આની કીર્તિ (થઈ) હોય, પરંતુ આ લોકમાં નિંદાએલો છે. 'અસ્મિન્' 'આ લોકમાં' શબ્દથી (એમ જણાવેલ છે કે) અમે જ આ વિષયમાં પ્રમાણ છીએ, (અને) એમ સૂચવેલું છે કે જેવું આ લોકમાં તેવું પરલોકમાં પણ હોય છે. વળી (૫) જો ધર્મ (આણે કરેલ) હોય, તો આને તેનાં ફલરૂપ ધન હોય, પરંતુ આ નિર્ધન દરિદ્ર છે. અથવા 'અધમ' એવો કોઈ સ્થલે પાઠ છે. ત્યારે (તેવો

૧. કાંતિ વિનાનો કહ્યો એટલે લૌકિક સંપત્તિ નથી એમ પણ કહેવાઈ ગયું, એવો અર્થ જણાવે છે.

પાઠ હોય ત્યાં) સંસ્કારનાં સાધનો (નિર્ધનપણાંને લીધે) ન હોવાથી તેમ કહેલું છે (એમ જાણવું). 'ચ' 'અને' શબ્દથી બીજાં પણ (ધર્મરહિતનાં) ચિહ્નોનો સમાવેશ કરેલો છે. ૨૫.

'આને શું (ફલ પ્રાપ્ત) થયું કે આટલું બધું કહો છો?' એવી શંકા દૂર કરવા છવીસમો શ્લોક કહેલ છે. 'ત્રણ લોકના ગુરુ' શબ્દનો (એવો અર્થ છે કે) ભગવાન્ લોકોને બોધ આપવા કર્મો કરે છે. જો લોકમાં (ભગવાન્) આવાની સાથે પણ (પોતાની) મૈત્રી જણાવે તો લોકો હલકાઓની સાથે પણ મૈત્રી કરે. વળી ભગવાન્ લક્ષ્મીના સ્થાનરૂપ છે. જો પુણ્ય વિનાનાને પણ લક્ષ્મી પ્રાપ્ત થાય, તો કોઈ પણ દરિદ્ર રહે નહિ. આવા (ભગવાને) આદર આપ્યો, તેથી (તેનું) કાંઈક પુણ્ય હોવું જોઈએ, એમ જણાય છે. વળી જો આ ધર્મ (કરવા)ના સમયે આવ્યો હોત, તો એમ જણાત કે (ભગવાને) ધર્મ (કરવા) માટે કર્યું, પરંતુ આ તો કામના સમયે આવ્યો હતો. તે (કામ એટલે પત્ની)નો પણ ત્યાગ કરીને (તેને) ભેટ્યા, તેથી એમ જણાય છે કે આણે ઘણો ધર્મ (કરેલ) છે, અને ઉત્તમ સ્થિતિ પ્રાપ્ત કરેલ કામના કરવા યોગ્ય[2] છે. વળી (ભગવાન્) ઘણા આદરથી ભેટ્યા. આથી આના ઉપરનો (ભગવાનનો) અંદરનો પ્રેમ પણ દર્શાવેલ છે. 'જેમ મોટાભાઈ બલભદ્રને (ભેટે) તેમ' શબ્દોથી તે પ્રેમ જણાવવા દૃષ્ટાંત કહેલું છે. કોઈ સમયે બીજા દેશમાંથી બલભદ્ર આવે ત્યારે ભગવાન્ આવો આદર કરતા, એવો અર્થ છે. પૂજા તો વધારાની (કરી). ૨૬.

એવી રીતે કાયાનો અને મનનો સંતોષ ઉત્પન્ન થયાનું કહી નીચેના શ્લોકથી આરંભી વાણીનો સંતોષ ઉત્પન્ન થયાનું કહે છેઃ

**કથયાંચક્રતુર્ગાથાઃ પૂર્વા ગુરુકુલે સતોઃ ।।**
**આત્મનો લલિતા રાજન્કરૌ ગૃહ્ય પરસ્પરમ્ ।।૨૭।।**

હે રાજન્! તે બેએ પરસ્પર હાથ પકડીને ગુરુકુલમાં હતા ત્યારની પોતાને આનંદકારક પહેલાંની કથાઓ કહી. ૨૭.

'ગાથાઃ' પહેલાંની કથાના બનાવેલ શ્લોકો, જે (કથા)ઓ પહેલાં ગુરુકુલમાં હતા, તેના સંબંધવાળી હતી તે કહી, અથવા કથાના કારણનું સ્મરણ કરીને (કથાઓ) કહી. તે (કથા)ઓ 'આત્મનો લલિતાઃ' પોતાને જ આનંદ ઉત્પન્ન કરનારી હતી. 'હે રાજન્!' એ સંબોધન (પરીક્ષિત્) સાવધાન રહે તે માટે (કરેલું

૨. શ્રીપલંગમાં હતાં તેથી એવો ભાવ છે. (લે) લક્ષ્મણા પલંગમાં હતાં, તેમને તજી ભગવાન્ સુદામાને ભેટ્યા, તેથી સુદામા કોઈ ઉત્તમ સ્થિતિ પ્રાપ્ત કરેલ. કામના કરવા યોગ્ય મિત્ર હોવો જોઈએ એવો અર્થ જણાય છે.

છે). 'પરસ્પર હાથ પકડીને' એમ સમાનપણું કરીને, જે શ્લોકો અથવા જે શ્રુતિઓ[1] (પહેલાં કરતા) તેનો પરસ્પર સંતોષ ઉત્પન્ન કરવા પહેલાં પાઠ કર્યો[2]. પછી ભગવાને કહ્યું, અથવા સાથે[3] કહેલ. ૨૭.

પછી નીચેના શ્લોકથી આરંભી સોળ (શ્લોકો)થી ભગવાનનાં વચનો કહે છે. (આ) વચનોથી તેને સંપત્તિ ન હતી એ વિષય પણ દઢ કરવામાં આવેલ છે. તેમ ન કરે તો માત્ર વર્ણન કરવા જ તેવી રીતે વર્ણવેલો થાય (ગણાય). તે પૈકી આરંભમાં વિયોગ થયા પછીનો તે (વૃત્તાંત) નીચેના શ્લોકથી આરંભી ત્રણ (શ્લોકો)થી પૂછે છેઃ

॥ શ્રીભગવાનુવાચ॥

**અપિ બ્રહ્મન્ ગુરુકુલાદ્ભવતા લબ્ધદક્ષિણાત્ ॥**
**સમાવૃત્તેન ધર્મજ્ઞ ભાર્યોઢા સદશી ન વા ॥૨૮॥**

હે બ્રહ્મન્! હે ધર્મ જાણનાર! જેણે દક્ષિણા પ્રાપ્ત કરેલી છે તેવા ગુરુકુલથી પાછા આવેલા તમે લાયક પત્ની પરણ્યા છો કે નહિ? ૨૮.

વિદ્યાની સમાપ્તિ તો (આપણે સાથે હતા) ત્યારે જ થએલી. ત્યાર પછી કાયમનું બ્રહ્મચર્ય છે કે પાછા આવીને વિવાહ કરેલ છે એ કહેવું જોઈએ, તે માટે પ્રશ્ન કરે છે. 'હે બ્રહ્મન્!' એ સંબોધનથી વિદ્યા સિદ્ધ થયાનું સૂચવેલું છે. 'ગુરુકુલથી' (કહ્યું તેમાં) 'કુલ' શબ્દ એમ જણાવવા યોજેલ છે કે, નહિ જણાએલા પ્રયોજનથી પણ ગુરુના કુલમાં રહેનારને બ્રહ્મચર્ય (પાળવાનું) હોય છે. ગુરુ ન હોય તો તેમની પત્ની પાસે, તેમના પુત્ર પાસે અથવા તેમના કુલમાં (રહેનારે) બ્રહ્મચર્ય પાળવાનું છે[1].

'ગુરુ તો માગેલું આપી, તેમની પરવાનગીથી સ્નાન કરવું' (યાજ્ઞવલ્ક્ય સ્મૃ. ૧।૩।૫૧) એ પ્રમાણે સ્નાન નામનું સમાવર્તન (ગુરુને) દક્ષિણા આપ્યા પછી થાય છે, અને ત્યાર પછી 'આયુષ્યનો પહેલો ચોથો ભાગ ગુરુના ઘેર રહીને દ્વિજે આયુષ્યનો બીજો (ચોથો) ભાગ પત્ની કરીને ઘેર રહેવું' (મનુ.સ્મૃ.૪।૧) એ

---

૧. કથામાં પણ જે પોતાને આનંદ ઉત્પન્ન કરનારી હતી તે પહેલા કહી, એવો અર્થ છે. (લે)
૨. કહેનાર બે હોવા છતાં 'પઠિતવન્તઃ' એ બહુવચન કહેનારનું ઉત્તમપણું જણાવવા યોજેલ છે. (લે)
૩. 'આનંદકારક' એ વિશેષણ આ અર્થ પ્રમાણે ભેદ જણાવનારું નથી પરંતુ સ્વરૂપ દર્શાવનારું છે. બધીએ કથાઓ આનંદકારક હતી, એવો અર્થ થાય. (લે)
૧. નૈષ્ઠિક (સદાના) બ્રહ્મચારીના ગુણો યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ ૧-૨ શ્લોક, ૪૯-૫૦માં કહેલા છે. તે પૈકી ૪૯મા શ્લોકનો ભાવાર્થ અહિં કહેલ જણાય છે.

પ્રમાણે ત્યાર પછી વિવાહ (કરવામાં આવે છે). તે સંબંધમાં 'જેણે દક્ષિણા પ્રાપ્ત કરેલી છે તેવા ગુરુકુલથી પાછા આવેલા' એમ કહેલું છે. ત્યાર પછી સમાવર્તન (સ્નાન કરી ગુરુના ઘરથી પાછા ફરવું તે) સંસ્કારથી શુદ્ધ થએલા હે 'ધર્મજ્ઞ' ધર્મનું રહસ્ય જાણનાર! તમે પોતાને લાયક, સર્વ પ્રકારે (તમને) યોગ્ય પત્ની પરણ્યા છો કે નહિ? ૨૮.

'પરણ્યો છું' એવો તેના આશયનો સ્વીકાર કરીને, 'રાગ અને દ્વેષવાળાનો વિવાહ થયો' એમ નિંદા થાય, તેથી નીચેના શ્લોકમાં (સુદામાને)[1] તે (રાગ) ન હોવાનું કહે છેઃ

**પ્રાયો ગૃહેષુ તે ચિત્તમકામવિહતં તથા ।।**
**નૈવાતિપ્રિયતે વિદ્વન્ધનેષુ વિદિતં હિ મે ।।૨૯।।**

હે વિદ્વન્! કામનાઓથી નહિ રુંધાએલું તમારું ચિત્ત ઘણા ભાગે તે પ્રમાણે ઘરોમાં અને ધનોમાં બહુ પ્રીતિવાળું નથી (એ) મેં જાણેલ છે. ૨૯.

તમારું ચિત્ત ઘણા ભાગે ઘરોમાં કામનાઓથી રુંધાએલું નથી, 'તેમ ન હોય તો (હું) પરણ્યો કેમ?' એવો (પ્રશ્ન થાય, તેથી) 'તે પ્રમાણે' શબ્દથી ભેદ જણાવેલો છે, જેમ લોકોનું (ચિત્ત કામનાઓથી રુંધાએલું) હોય છે તેવી રીતે કામનાઓથી રુંધાએલું નથી, એવો અર્થ છે. તેથી જ ઘરોમાં 'નૈવાતિપ્રિયતે' બહુ પ્રીતિવાળું (તમારું) ચિત્ત નથી. તેનું કારણ 'હે વિદ્વન્!' એ સંબોધનથી કહેલું છે. જ્ઞાનનો ઉદય થવાને લીધે શરીરનો અધ્યાસ ન રહેવાથી, તે (શરીર)ને પ્રીતિ ઉત્પન્ન કરનાર ઘરમાં (તમારી) પ્રીતિ નથી.

'' 'નિર્ધન અને મરેલામાં હું કાંઈ ભેદ જોતો નથી' એ વાક્ય પ્રમાણે ધન ન હોવાથી પણ પુરુષને ઘરમાં પ્રીતિ હોતી નથી'' એવી શંકા થાય, તેથી 'ધનોમાં' શબ્દ યોજેલ છે, તમારા ચિત્તને જુદીજુદી જાતના ધનોમાં પણ પ્રીતિ નથી. ગાય, ભૂમિ, સુવર્ણ વિગેરે ભેદને લીધે ધન ઘણા પ્રકારનું છે. તેવી જ રીતે સ્ત્રી જૂદી હોવાથી અને વિલાસ જૂદા પ્રકારના હોવાથી ઘરો પણ (ઘણા પ્રકારના) છે. આ વિષયનું પ્રમાણ 'મેં જાણેલ છે' શબ્દોથી કહેલું છે. વળી આ વિષય યોગ્ય જ છે, કારણ કે જે મહાપુરુષ હોય છે તે આવો (ઘરો અને ધનોમાં બહુ પ્રીતિ વિનાનો) જ હોય છે. ૨૯.

'' 'જે દિવસે જ વૈરાગ્ય થાય, તે જ દિવસે સંન્યાસ લેવો' એ શ્રુતિ પ્રમાણે વૈરાગ્યવાળાને સંન્યાસનો જ અધિકાર છે. તેથી વિવાહ કેમ કર્યો?'' એવી

૧.'સંસારમાં રાગવાળી સ્ત્રી સાથે સંસારમાં રાગવિનાના તેં વિવાહ કર્યો તેથી તને પણ સંસારમાં રાગ થયો હશે' એમ સુદામાની નિંદા થાય એવો ભાવાર્થ જણાય છે.

શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**કેચિત્કુર્વન્તિ કર્માણિ કામૈરહતચેતસઃ ।।**
**ત્યજન્તઃ પ્રકૃતીર્દૈવીર્યથાહં લોકસંગ્રહમ્ ।।૩૦।।**

જેમ હું લોકસંગ્રહ કરું છું, તેમ કેટલાક કામનાઓથી નહિ રુંધાએલા ચિત્તવાળાઓ દૈવી પ્રકૃતિઓનો ત્યાગ કરતાં કર્મો કરે છે. ૩૦.

'આ લોકમાં કર્મ કરતાં જ એકસો વર્ષ જીવવાની ઈચ્છા રાખવી' એ, અને 'એકસો શીઆળા તમને તાપ કરતા' એ શ્રુતિ પ્રમાણે જીવીએ ત્યાં સુધી કર્મ કરવું જોઈએ. તેથી જ અગ્નિહોત્ર વિગેરે જીવતા હોય ત્યાં સુધી કરવાની ફરજ છે. તે સંબંધમાં વૈરાગ્યવાળાઓએ (કર્મનો) ત્યાગ કરવો અને વૈરાગ્ય ન હોય તેઓએ કર્મ કરવાં, એવી વ્યવસ્થા (હોવાનું) માનનારાઓને ભગવાન્ (અહિં) જૂદા પ્રકારની વ્યવસ્થા કહે છે. તમે કહ્યા તેવા કેટલાક તો તેવી જ વ્યવસ્થા હોવાનો નિર્ણય કરે છે, (જ્યારે) કેટલાક તો કામનાઓથી નહિ રુંધાએલા ચિત્તવાળા એટલે કામના વિનાના હોવા છતાં કર્મો કરે છે જ.

''કર્મો પાપની સંપૂર્ણ દશારૂપ હોવાથી કર્મો સાક્ષાત્ પુરુષાર્થ પ્રાપ્ત કરાવનારા નથી, પરંતુ માત્ર અંતઃકરણ શુદ્ધ કરનારા છે. 'જે કામનાઓ આના હૃદયમાં રહેલી છે, તે જ્યારે જતી રહે છે' એ શ્રુતિ પ્રમાણે કામનાઓ ન હોય ત્યારે મોક્ષ નજીક હોવાથી (કામના વિનાનાને) મોક્ષનો ઉપયોગ ક્યાં (રહ્યો)?'' એવી શંકા થાય, તેથી 'દૈવી પ્રકૃતિઓનો ત્યાગ કરતાં' શબ્દો યોજેલ છે. સ્વભાવ ઉપર વિજય પ્રાપ્ત કરવા કર્મો કરવામાં આવે છે, કારણ કે સ્વભાવ જીતવો કઠણ છે. તેથી જ 'પ્રાણીઓ પ્રકૃતિ પ્રમાણે ચાલે છે. નિગ્રહ શું કરશે?' એમ ભગવાને (ભગવદ્ગીતા.૩।૩૩માં) કહેલું છે, અને તે સ્વભાવરૂપ પ્રકૃતિઓ દેશ કાલ બીજ યોનિ વિગેરેના ભેદથી અનેક પ્રકારની છે. તે (પ્રકૃતિ)ઓ જો પુરુષને મૂકી દે તો મૂલ પ્રકૃતિને પણ તજીને તે સ્વસ્થ થાય, તેમ ન હોય (પ્રકૃતિઓ મૂકી ન દે) તો કામના નમાલી છે, કારણ કે કામનાઓ ન હોય તો પણ સંસાર (રહે છે એમ) કહેલ છે.

'તે (પ્રકૃતિઓ) (યોગ્ય) પ્રકારથી જ જીતવી જોઈએ. તેમાં કર્મનું શું પ્રયોજન?' એવી શંકા થાય, તેથી 'દૈવી' વિશેષણ યોજેલ છે. તેઓ દેવતારૂપ હોવાથી વૈદિક કર્મોથી જ તે દૂર થાય છે, તેથી કર્મ કરવામાં આવે છે.

'રાગને બાળવા માટે જ અથવા સ્વર્ગ વિગેરે (પ્રાપ્ત કરવા) માટે કર્મનો ઉપયોગ થતો હોવાનું શાસ્ત્રમાં કહેલું છે, પરંતુ સ્વભાવ ઉપર વિજય (મેળવવા) માટે કહેલું નથી; અને તેથી માત્ર તર્કથી તે પ્રયોજન માટે (શા માટે) કર્મ કરવાં?'

એવી શંકા થાય, તેથી 'જેમ હું લોકસંગ્રહ કરું છું' એમ કહેલું છે. વળી હું લોકસંગ્રહ કરવા કર્મો કરું છું, તેમાં '(મનુષ્યો) મારા માર્ગને અનુસરે' એવો તર્ક જ આધાર છે, અને કોઈપણ સ્થલે (શાસ્ત્રમાં) એવું વાક્ય પણ નથી કે લોકસંગ્રહ કરવા ઈશ્વરે (કર્મો) કરવાં. તેથી ફલનો નિર્ણય તર્કથી પણ થાય છે, એવો અર્થ છે. ૩૦.

(સુદામો) વૈરાગ્યથી ગૃહસ્થાશ્રમમાં રહે છે એમ તેણે કરેલો, પોતાની મેળે જાણેલો પ્રસંગ પણ પ્રશ્નના બાનાથી કહીને, સ્વભાવને લીધે અથવા માત્ર વાસનાથી (તેમ સુદામાએ) કરેલ એવું તેમ કરવાનું પ્રયોજન હોવાથી, (વિષયોનો) દોષ સાંભળેલ હોવા છતાં પણ 'અનુભવ કર્યા વિના માણસ વિષયોની ઉગ્રતા જાણતો નથી' એ વાક્ય પ્રમાણે (પોતાના) મનની ખાત્રી થાય તે માટે (સુદામાએ) વિવાહ કરેલ કે જેથી (વિષયોની) ઈચ્છા રહે નહિ. પછી ઈચ્છા ન રહેતાં 'ભાર્યા ગળે વળગી' એમ જાણે કે મશ્કરી કરતા હોય તેમ તેણે કરેલ (વિવાહ)નું અનુમોદન કરી, તેની સાથેની મિત્રતાનું સ્મરણ કરાવવા (ભગવાન્) નીચેના શ્લોકથી આરંભી ચાર (શ્લોકો)થી (તેઓ) ગુરુકુલમાં રહેલા તેનું સ્મરણ કરાવે છેઃ

**ક્વચિદ્ગુરુકુલે વાસં બ્રહ્મન્ સ્મરસિ નૌ યતઃ ।।**
**દ્વિજો વિજ્ઞાય વિજ્ઞેયં તમસઃ પારમશ્નુતે ।।૩૧।।**

હે બ્રહ્મન્! જેનાથી દ્વિજ જાણવા યોગ્ય જાણીને અંધકારના અંતને પ્રાપ્ત કરે છે તેવા ગુરુકુલમાંના આપણા બેના રહેઠાણનું સ્મરણ છે ને? ૩૧.

આરંભમાં ગુરુકુલમાંના રહેઠાણની પ્રશંસા કરે છે. (તે) સફલ થવાને લીધે ઉત્તમપણું (પ્રાપ્ત થતાં તેનું) સ્મરણ થાય છે. 'હે બ્રહ્મન્!' એ સંબોધન એમ જણાવે છે કે તેની કૃપાથી જ (બ્રહ્મપણું પ્રાપ્ત) થયું. 'નૌ' આપણા બેનાં ગુરુકુલમાંના રહેઠાણનું સ્મરણ છે ને? આથી એમ જણાવેલું છે કે ગુરુકુલમાં બહારના અને અંદરના ભેદથી જે કાંઈ અનુભવેલું હોય છે તેનાં સ્મરણથી કૃતાર્થતા થાય છે. ઉત્તરાર્ધથી ગુરુકુલની પ્રતિષ્ઠા કહેલી છે. જાણવા યોગ્ય આત્માને અને પ્રમાણને જાણીને, અંધકારના અંતને એટલે 'અંધકારને પેલે પાર, સૂર્યના જેવા રૂપવાળા' એ શ્રુતિ પ્રમાણે ભગવાનને પ્રાપ્ત કરે છે. ૩૧.

**સ વૈ સત્કર્મણાં સાક્ષાદ્દ્વિજાતેરિહ સંભવઃ ।।**
**આદ્યોઽયં યત્રાશ્રમિણાં યથાહં જ્ઞાનદો ગુરુઃ ।।૩૨।।**

તે દ્વિજાતિઓનો જન્મ છે, આ લોકમાં સત્કર્મોનું સાક્ષાત્ મૂલ છે. જેમાં આ આશ્રમવાળાઓ પૈકી પ્રથમ (આશ્રમવાળો) થાય છે. જેવો હું તેવો ગુરુ જ્ઞાન આપનાર છે. ૩૨.

વળી ગુરુકુલમાંનું રહેઠાણ દ્વિજોનો બીજો જન્મ છે અને કર્મના સંબંધવાળું ઉત્તમ પ્રકારનું સાક્ષાત્ મૂલ છે જેમાં, તેવો તે (જન્મ) છે. 'જન્મતો બ્રાહ્મણ ત્રણથી દેવાદાર જન્મે છે' એ શ્રુતિ પ્રમાણે તેમાંથી જ કર્મોની ઉત્પત્તિ થાય છે. વળી જેમાં (રહેનાર) આશ્રમવાળાઓ પૈકી પ્રથમ થાય છે. ગુરુકુલમાં રહેનાર બ્રહ્મચારી થાય છે. આશ્રમો પુરુષાર્થ પ્રાપ્ત કરાવનારા છે, તેઓમાં પહેલો આ (આશ્રમ) છે, કારણ કે તે ન હોય તો કોઈપણ આશ્રમ થાય નહિ.

સાધન પ્રાપ્ત કરાવનાર તરીકે ગુરુનો ઉપયોગ કહીને, સાક્ષાત્ જ્ઞાન પ્રાપ્ત કરાવનાર તરીકે (તે) પુરુષાર્થ (પ્રાપ્ત કરવા)માં ઉપયોગી છે એમ 'જેવો હું તેવો ગુરુ જ્ઞાન આપનાર છે' શબ્દોથી કહે છે. ગુરુની ભક્તિ અનુભવમાં પરિણામ પામતી હોઈ, ગુરુ પોતાની (ભગવાનની) સમાન છે. ૩૨.

'(જ્ઞાન અને કર્મ એકબીજાથી) વિરુદ્ધ હોવાથી બંને સાધન કેવી રીતે થાય?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**નન્વર્થકોવિદા બ્રહ્મન્ વર્ણાશ્રમવતામિહ ।।**
**યે મયા ગુરુણા વાચા તરન્ત્યઞ્જો ભવાર્ણવમ્ ।।૩૩।।**

હે બ્રહ્મન્! આ લોકમાં વર્ણ અને આશ્રમના ધર્મવાળાઓમાં જેઓ હું ગુરુથી (માત્ર) વાણીથી ભવરૂપ સાગરને સહેલાઈથી તરે છે, તેઓ પુરુષાર્થ પ્રાપ્ત કરવામાં પંડિત છે જ. ૩૩.

'અર્થ' પુરુષાર્થ (પ્રાપ્ત કરવા)માં જેઓ 'કોવિદાઃ' પંડિતો છે, 'પુરુષાર્થ તરત પ્રાપ્ત થાઓ' એમ જેઓ વિચારે છે તેઓ તેવા (પંડિત) જ છે. જેઓ હું ગુરુથી 'વાચા' માત્ર વાણીથી જ 'અઞ્જઃ' સહેલાઈથી ભવરૂપ સાગરને તરે છે, 'અમે તરશું જ' એવો નિશ્ચય કરીને ગુરુને જ ભજે છે, તેઓ જ પુરુષાર્થ (પ્રાપ્ત કરવા)માં પંડિત છે, એવો અર્થ છે. 'હે બ્રહ્મન્!' એ સંબોધન (આમાં સુદામાની) સંમતિ જણાવવા યોજેલું છે. બીજાં સાધનોથી પુરુષાર્થ પ્રાપ્ત થતો નથી એમ જણાવવા 'આ લોકમાં વર્ણ અને આશ્રમના ધર્મવાળાઓમાં' શબ્દો યોજેલા છે. આથી એમ કહેવાયું કે વર્ણના ધર્મો અને આશ્રમના ધર્મો (પુરુષાર્થ) પ્રાપ્ત કરાવનારા નથી. ૩૩.

એ પ્રમાણે પ્રસંગને લીધે ગુરુની સેવા સિવાયના જે કોઈ સંસાર તરવાના ઉપાયો (ગણાય) છે, તે (સત્ય ઉપાય) નથી એમ જણાવવા, નીચેના શ્લોકમાં એમ કહે છે કે ગૃહસ્થાશ્રમના, વાનપ્રસ્થના અને સંન્યાસના મુખ્ય ધર્મો મને પ્રીતિ કરનારા નથીઃ

**નાહમિજ્યાપ્રજાતિભ્યાં તપસોપશમેન વા ।।**

**તુષ્યેયં સર્વભૂતાત્મા ગુરુશુશ્રૂષયા યથા ।।૩૪।।**

સર્વ પ્રાણીઓનો આત્મા હું જેવો ગુરુની સેવાથી પ્રસન્ન થાઉં તેવો યજ્ઞ અને સંતતિથી, તપથી અથવા શાંતિથી પ્રસન્ન થતો નથી. ૩૪.

'ઈજ્યા' યજ્ઞ, 'પ્રજાતિઃ' સંતતિ, બંને ગૃહસ્થાશ્રમના દેવું ફીટાડવારૂપ ધર્મ છે. તપ વનમાં રહેનાર (વાનપ્રસ્થ)નો, (અને) શાંતિ પરમહંસ (સંન્યાસી)નો (ધર્મ છે), એવી રીતના ત્રણેથી પણ હું પ્રસન્ન થતો નથી, તેનું કારણ 'સર્વ પ્રાણીઓનો આત્મા' શબ્દથી કહેલ છે. સર્વ પ્રાણીઓમાં આત્મા છે જેમનો, તેવો (હું છું). યજ્ઞથી જીવોનો નાશ થાય છે, સંતતિથી (જીવોની) ઉત્પત્તિ (થાય છે), તેથી ઉત્પત્તિ અને પ્રલય કરનાર મને સંતોષ કરાવતો નથી, કારણ કે ઉત્પન્ન કરવાથી પણ જીવ દુઃખી થાય છે. તપથી શરીરને દુઃખ થાય છે. શાંતિથી દેહ અને ઈન્દ્રિયોને (દુઃખ થાય છે). તેથી (આ આશ્રમોના ધર્મો) દુઃખ કરનારા હોવાથી, (તેમનાથી) મને સંતોષ થતો નથી. ગુરુની સેવામાં તો સ્નેહથી (કરેલી) સેવાથી સેવકને અને ગુરુને આનંદ થાય છે. એમ છે તેથી હું (તેનાથી) પ્રસન્ન થાઉં છું. વેદનો અભ્યાસ જ દેવું ફીટાડવારૂપ હોવાથી, સેવા વધારાની જ છે. જો કે સેવા ગૌણ પ્રકારે જ કરવામાં આવે છે, તો પણ ભક્તિથી કરેલી અને પ્રીતિ ઉત્પન્ન કરનારી પણ થાય છે. ૩૪.

એવી રીતે (ભક્તિથી કરેલ ગુરુસેવા) સાથેના અને તે વિનાના પ્રકારથી ગુરુકુલમાંના રહેઠાણની સ્તુતિ કરી, તેને (તેનું) સ્મરણ કરાવી, સેવા માટે આપણાં બેના (ગુરુકુલમાંનાં) રહેઠાણે ઘણું દુઃખ કરાવેલું, એમ નીચેના શ્લોકથી આરંભી નવ[1] (શ્લોકો)થી અમુક સેવાનું સ્મરણ કરાવે છે, કારણ કે આ ત્રણ ગુણોનું[1] કાર્ય છેઃ

**અપિ નઃ સ્મર્યતે બ્રહ્મન્ વૃત્તં નિવસતાં ગુરૌ ।।**
**ગુરુદારૈઃ પ્રેરિતાનામિન્ધનાનયને ક્વચિત્ ।।૩૫।।**

હે બ્રહ્મન્! ગુરુના ઘેર વસતા, (અને) કોઈ એક સમયે ગુરુપત્નીએ બળતણ લાવવા મોકલેલા આપણા વૃત્તાંતનું (તમને) સ્મરણ છે? ૩૫.

'નઃ' આપણા સંબંધના (નીચે) કહેવામાં આવશે તે (વૃત્તાંત)નું સ્મરણ છે? 'અપિ' શબ્દ (સ્મરણ હોવાનો) સંભવ જણાવવા યોજેલ છે. 'હે બ્રહ્મન્!' એવું સંબોધન (ગુરુપત્નીની) ઈર્ષ્યા નથી એમ (જણાવે છે). ગુરુના ઘેર વસતા (બ્રહ્મચર્ય) વ્રત આચરનારાઓએ ગુરુના વચન પેઠે ગુરુના પુત્ર અને ગુરુની પત્નીનું વચન પણ કરવું જોઈએ એવો (અર્થ છે). તેથી જ 'ક્વચિત્' કોઈ એક

---

૧-૧. ત્રણ ગુણો મિશ્રણથી નવ થતાં હોવાથી નવ શ્લોકોથી કહેલું છે એવો ભાવ જણાય છે.

ભયંકર સમયે બળતણ લાવવા 'વનમાંથી બળતણ લઇ આવો' એમ ગુરુની પત્નીએ મોકલેલા (આપણા) વૃત્તાંતનું સ્મરણ છે ને? ૩૫.

**પ્રવિષ્ટાનાં મહારણ્યમપર્તૌ સુમહદ્દ્વિજ ।।**
**વાતવર્ષમભૂત્તીવ્રં નિષ્ઠુરાઃ સ્તનયિત્નવઃ ।।૩૬।।**

હે દ્વિજ! (આપણે) મોટા વનમાં પ્રવેશ કર્યો ત્યારે ઋતુ વિના ઘણા ભારે (અને) દારુણ પવન અને વરસાદ થયા, (અને) કાન ફાડી નાખે તેવી ગર્જનાઓ થઈ. ૩૬.

પછી ઉત્તમ બળતણ (લેવા) માટે (આપણે) મોટા વનમાં પ્રવેશ કર્યો, ત્યારે 'અપર્તૌ' વર્ષાઋતુ વિનાના સમયે શિશિર (ઋતુ)માં ઘણા ભારે પવન અને વરસાદ થયા. તે (સુદામાની) જન્મભૂમિ હતી એમ જણાવવા 'હે દ્વિજ!' એવું સંબોધન કરેલું છે. અને કાન ફાડી નાખે તેવી 'સ્તનયિત્નવઃ' ગર્જનાઓ થઈ. કાન ફાડી નાખે તેવી એટલે કાન સહન ન કરી શકે તેવી. ૩૬.

**સૂર્યશ્ચાસ્તં ગતસ્તાવત્તમસા ચાવૃતા દિશઃ ।।**
**નિમ્નં કૂલં જલમયં ન પ્રાજ્ઞાયત કિંચન ।।૩૭।।**

તેટલામાં સૂર્ય અસ્ત થયો અને દિશાઓ અંધકારથી ભરપૂર થઈ. જલથી ભરપૂર નદીકાંઠાનો ઢોળાવ જરાએ જણાતો ન હતો. ૩૭.

વળી આટલા સમયમાં સૂર્ય અસ્ત થયો, અને દિશાઓ અંધકારથી ભરપૂર થઈ. 'છતાં પાછા કેમ ન આવ્યા?' એ જાણવાની ઈચ્છા થાય, તેથી 'નદીકાંઠાનો ઢોળાવ જલથી ભરપૂર' થયાનું કહેલું છે. નદીનો કાંઠો બધોએ જલથી ભરપૂર હતો. નદી કઇ અને ભૂમિ કઇ એ જાણવું અશક્ય હતું. તેથી ક્ષિપ્રાને ઉતરવાનો કોઈપણ ઉપાય 'ન પ્રાજ્ઞાયત' જાણવામાં આવ્યો નહિ. તેથી તેના સામા કાંઠે જ રાત રહ્યા એવો (અર્થ છે). ૩૭.

નીચેના શ્લોકમાં દુઃખની સ્થિતિનું સ્મરણ કરાવે છેઃ

**વયં ભૃશં તત્ર મહાનિલમ્બુભિર્નિહન્યમાના મુહુરમ્બુસંપ્લવે ।।**
**દિશોઽવિદન્તોઽથ પરસ્પરં વને ગૃહીતહસ્તાઃ પરિબભ્રિમાતુરાઃ ।।૩૮।।**

જલમાં નિમગ્ન થએલા તે સ્થલમાં ઘણા પવન અને પાણીથી વારંવાર ઘણું પીડાતાં આપણે દિશાઓ ન જાણતાં પછી પરસ્પર હાથ પકડી દુઃખી થતા વનમાં ભટક્યા. ૩૮.

આપણે ત્રણે[૧] વનના તે પ્રદેશમાં જ ઘણાં પવન અને પાણીથી અત્યંત સારી રીતે પીડાયા. 'જલમાં નિમગ્ન થએલા' શબ્દથી એમ કહેલું છે કે બેસવા માટે

૧. ભગવાન્ પોતે, બલભદ્ર અને સુદામા એ ત્રણ. (લે)

પણ (ત્યાં) જમીન ન હતી. પછી દિશાઓ પણ ન જાણતાં, 'આમ થયું ત્યારે આપણે શું કરવું?' એમ વિચારતાં, 'અથ' 'પછી' જૂદા આરંભથી 'હવેથી (ઘેર) જવા પ્રયત્ન ન કરવો, પરંતુ સમય જ વીતાડવો' એવો વિચાર કરીને, એકબીજા છૂટા ન પડાય તે માટે (પરસ્પર) હાથ પકડીને, તે વનમાં 'આતુરાઃ' દુઃખી ભૂખ્યા થએલા (આપણે) 'પરિબભ્રિમ' આમતેમ ભટક્યા જ કર્યું. ૩૮.

'ત્યારે ગુરુ નિર્દય હતો. ત્યાં (તેને ઘેર) વાસ કેમ કર્યો?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**એતદ્વિદિત્વાઽનુદિતે રવૌ સાંદીપનિર્ગુરુઃ ।।**
**અન્વેષમાણો નઃ શિષ્યાનાચાર્યોઽપશ્યદાતુરાન્ ।।૩૯।।**

આ જાણીને સૂર્ય ઉગ્યા પહેલાં સાંદીપનિ ગુરુએ આપણને શિષ્યોને શોધતાં, (તે) આચાર્યે (આપણને) દુઃખી જોયા. ૩૯.

ગુરુના હૃદયમાં પણ આપણું દુઃખ જણાયું જ. તેથી જ સૂર્ય ઉગતાં પહેલાં જ સાંદીપનિ ગુરુ ઘેરથી નીકળી ગયા, (અને) 'નઃ' આપણને શોધતાં (તેમણે આપણને) દુઃખી ધ્રુજતા જોયા. ૩૯.

તેથી તેમને ઘણી દયા આવી, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**અહો હે પુત્રકા યૂયમસ્મદર્થેઽતિદુઃખિતાઃ ।।**
**આત્મા વૈ પ્રાણિનાં પ્રેષ્ઠસ્તમનાદત્ય મત્પરાઃ ।।૪૦।।**

અહો! હે પુત્રો! તમે અમારા માટે ઘણા દુઃખી થયા. પ્રાણીઓને દેહ સર્વથી પ્રિય જ છે, તેનો અનાદર કરી મારી સેવામાં તત્પર રહ્યા છો. ૪૦.

આ પ્રયોજનથી જ ભગવાને આમ કરેલું, કારણ કે શાસ્ત્રના નિયમ પ્રમાણે વિદ્યા ગુરુમાં રહેલી છે, (અને) ઘણું મથન થતાં પ્રકટ થઈ શિષ્યમાં આવે છે. તેમાં મથનના ઠેકાણે ઘણી દયા છે. 'અહો' શબ્દ દયા દર્શાવે છે. 'પુત્રકાઃ' એટલે પુત્ર જેવા. 'હે પુત્રો!' એ દયાથી ઉત્પન્ન થએલા પ્રેમથી કરેલું સંબોધન છે. આથી 'આ તમારું જ ઘર છે, તેથી પોતાના માટે જ (તમે) આ કરેલું છે' એવું આશ્વાસન પણ કહેવાયું. તેમનું દુઃખ વર્ણન કરવાથી જાય, તેથી 'તમે અમારા માટે ઘણા દુઃખી થયા' શબ્દોથી (તે) કહેલ છે.

'અમે વ્રત કરીએ છીએ, દુઃખ શેનું?' એમ કહે, તેથી 'પ્રાણીઓને દેહ સર્વથી પ્રિય જ છે' એમ કહેલું છે. 'દ્રવ્ય અને સંસ્કારમાં વિરોધ હોય ત્યારે દ્રવ્ય વધારે બલવાન છે' એ નિયમ પ્રમાણે શરીર અને વ્રતમાં વિરોધ થાય ત્યારે શરીરનો જ આદર કરવો યોગ્ય છે. તેમાં પણ (શરીર) સ્નેહ કરવા યોગ્ય છે, કારણ કે શાસ્ત્રની આજ્ઞા અને સ્નેહ (એ બે)માં સ્નેહ ઘણો બલવાન છે. એવી રીતે વૈદિક

અને લૌકિક નિયમોનું ઉલ્લંઘન કરીને પણ તમે મારી સેવામાં તત્પર રહ્યા છો, તેથી (અમારા માટે ઘણા દુઃખી થયા). 'આત્મા' દેહ પ્રાણીઓને ઘણો પ્રિય છે, તેનો અનાદર કરી મારી સેવામાં તત્પર રહ્યા છો એમ તે (અર્થ) કહેલ છે. ૪૦.

'ત્યારે (વૈદિક લૌકિક નિયમોથી) વિરુદ્ધ આચરણ (કરેલ હોવા)થી તમે પ્રસન્ન કેમ થયા?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**ઈયદેવ હિ સચ્છિષ્યૈઃ કર્તવ્યં ગુરુનિષ્કૃતમ્ ।।**
**યદ્વૈ વિશુદ્ધભાવેન સર્વાર્થાત્મસમર્પણમ્ ।।૪૧।।**

ઉત્તમ શિષ્યોએ આટલો જ ગુરુને બદલો આપવો જોઈએ જે વિશુદ્ધ ભાવથી સર્વ અર્થો અને આત્માનું નિશ્ચય સમર્પણ કરવું. ૪૨.

ઉત્તમ શિષ્યો એટલે અલૌકિક શિષ્યોએ 'ઈયત્' આટલો જ 'ગુરુનિષ્કૃતમ્' ગુરુને સામો બદલો (આપવો જોઈએ). 'જે વિશુદ્ધ ભાવથી સર્વ અર્થો અને આત્માનું સમર્પણ કરવું' શબ્દોથી તે કહેલ છે. 'વૈ' નિશ્ચય (સમર્પણ કરવું), પરંતુ કોઈક બાનાથી ન કરવું. ૪૧.

**તુષ્ટોઽહં હે દ્વિજશ્રેષ્ઠાઃ સત્યાઃ સન્તુ મનોરથાઃ ।।**
**છન્દાંસ્યયાતયામાનિ ભવન્ત્વિહ પરત્ર ચ ।।૪૨।।**

હે ઉત્તમ દ્વિજો! હું પ્રસન્ન થયો છું. (તમારા) મનોરથો સત્ય થાઓ. (તમે ભણેલા) વેદો આ લોકમાં અને પરલોકમાં નિષ્ફલ ન થાઓ. ૪૨.

તે (સમર્પણ) તમે કર્યું, તેથી હું પ્રસન્ન થયો છું, કારણ કે બની શક્યું ત્યાં સુધી (તમે) નિષ્કપટપણાથી કરેલું છે. 'હે ઉત્તમ દ્વિજો!' એ સંબોધનથી (પોતાની) પ્રસન્નતાનું ફલ કહેલું છે. ઉત્તમપણું (પ્રાપ્ત) થાઓ, (તમારું) વ્રત સર્વથી ઉત્તમ થાઓ, એવો અર્થ છે. 'મનોરથો સત્ય થાઓ' શબ્દોથી જે ફલ માટે વ્રત કરેલું તે આપ્યાનું કહેલ છે, અને 'વેદો નિષ્ફલ ન થાઓ' શબ્દોથી ભણેલી વિદ્યા નિષ્ફલ ન થવાનું (કહેલું છે).

**આમ્નાયા તુ વિનિર્મુક્તા અનધ્યાયે તથા સ્મૃતાઃ ।।**
**અયાજ્યે યોજિતાશ્ચૈવ નિષિદ્ધાય ચ પાઠિતાઃ ।।૪।।**
**ફલાર્થં યોજિતા દષ્ટા યાતયામા ભવન્તિ હિ ।।**

(પાઠ) તજેલા, તેમ જ પાઠ ન કરવાના સમયે સ્મરણ કરેલા, યજ્ઞ ન કરાવવા યોગ્ય (પુરુષ) માટે યોજેલા, અને શાસ્ત્રમાં મના કરેલ (કાર્ય) માટે પાઠ કરાવેલા (અને) ફલ (પ્રાપ્તિ) માટે ઉપયોગમાં લેવામાં આવેલ વિચારેલા વેદો તો નિષ્ફલ થાય છે. કા.૪।।

**અન્યથા જ્ઞાતરૂપાશ્ચ અન્યાર્થંપ્રબોધિતાઃ ।।૫।।**

**અવ્રતૈઃ શૂદ્રસંકાશૈઃ પાતિત્યાદ્યાકુલે સ્થલે ।।**
**અધીતાઃ સર્વથૈવૈતે યાતયામા ભવન્તિ હિ ।।૬।।**

જેમનું સ્વરૂપ ખોટું જાણવામાં આવેલ હોય તેવા, બીજાના માટે શીખવેલા, વ્રતરહિત શૂદ્ર જેવાઓએ જ્ઞાતિ-ભ્રષ્ટતા વિગેરેથી ભરપૂર સ્થલમાં અભ્યાસ કરેલા આ (વેદો) સંપૂર્ણ પ્રકારે નિષ્ફલ થાય છે. કા.૬.

આવા સમયોમાં પણ (પાઠ કરેલા) મારી કૃપાથી નિષ્ફલ ન થાઓ, એવું વરદાન આપેલ છે. 'આ લોકમાં અને પરલોકમાં' એટલે પરલોકના પ્રયોજન માટે અને આ લોકના પ્રયોજન માટે. પોતાના માટે રાખેલ હોય તે પરલોકના પ્રયોજન માટે (ઉપયોગી) થાય છે, અને યોજેલા (હોય તે) તો આ લોકનું ફલ આપનારા હોય છે. તમને તો બંને લોકમાં ફલ આપનારા થાઓ, એવો અર્થ છે. 'ચ' 'અને' શબ્દથી (એમ કહેલું છે કે) બધા કર્મોમાં (તમને ફલ આપનાર થાઓ). ૪૨.

ફલ પ્રાપ્ત કરાવનારું આ એક ચરિત્ર કહીને, (આવું ચરિત્ર) આ જ નથી એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**ઈત્થંવિધાન્યનેકાનિ વસતાં ગુરુવેશ્મસુ ।।**
**ગુરોરનુગ્રહેણૈવ પુમાન્ પૂર્ણઃ પ્રશાન્તયે ।।૪૩।।**

(આપણે) ગુરુના ઘેર રહેતાં ત્યારે આવા પ્રકારના અનેક (ચરિત્રો) થએલાં. ગુરુની કૃપાથી જ પુરુષ શાંતિ (પ્રાપ્ત કરવા) સમર્થ થાય છે. ૪૩.

ગુરુના ઘેર રહેતાં (ત્યારે આવા પ્રકારનાં ઘણાં ચરિત્રો) થએલાં. ઉત્તરાર્ધથી ગુરુના ઘરમાંના રહેઠાણનું નિત્યપણું કહેલું છે. માત્ર (ગુરુના) ઘરમાં ના રહેઠાણથી જ પુરુષ પૂર્ણ થતો નથી. (તેવા રહેઠાણથી) સર્વ કાર્યોથી જ શાંત થાય છે, (પરંતુ) સ્વાભાવિક કામનાઓ વિગેરે તેનાથી[1] ઉત્પન્ન થએલ (ગુણો)થી શાંત થતી નથી, પરંતુ ગુરુની કૃપાથી જ[2] અથવા સ્મરણ કરેલા[3] ભગવાનથી જ શાંતિ (પ્રાપ્ત કરવા) માટે 'પૂર્ણઃ' સમર્થ થાય છે. આવી રીતના ઉપાખ્યાનોથી 'તમે સર્વ પુરુષાર્થો પ્રાપ્ત કર્યા કે નહિ?' એવો પ્રશ્ન કર્યો. ૪૩.

---

૧. 'તેનાથી' એટલે 'સ્વભાવથી ઉત્પન્ન થએલા શમ વિગેરેથી'. (લે) 'ગુરુના ઘરમાંનાં રહેઠાણથી ઉત્પન્ન થએલ ગુણોથી' એવો અર્થ જણાય છે.

૨. (ગુરુની કૃપાથી જ શાંતિ પ્રાપ્ત કરવા) 'સમર્થ થાય છે' એ શબ્દ અધ્યાહાર છે. ત્યારે પૂર્ણ થાય છે, એવો શ્લોકનો અર્થ છે. (લે) શ્રીસુબોધિનીમાં જ 'પૂર્ણઃ'નો અર્થ 'સમર્થ' કરેલ છે તેથી કોઈ શબ્દ અધ્યાહાર લેવાની જરુર જણાતી નથી.

૩. ગુરુની 'અનુ' પછી 'ગ્રહઃ' ભગવાને કરેલ 'ગ્રહણ' એટલે સ્મરણ, એવો અર્થ છે. (લે) લેખકાર 'કૃતસ્મરણેન' શબ્દ તૃતીયા તત્પુરુષ સમાસ હોવાનું જણાવે છે. ષષ્ઠી તત્પુરુષ લઈ અનુવાદ કરેલ છે.

નીચેના શ્લોકથી આરંભી (સુદામા) તેનો ઉત્તર આપે છેઃ

॥ બ્રાહ્મણ ઉવાચ॥

**કિમસ્માભિર્ન નિર્વૃત્તં દેવદેવ જગદ્ગુરો ॥**
**ભવતા સત્યકામેન યેષાં વાસોઽભવદ્ગુરૌ ॥૪૪॥**

હે દેવોના દેવ! હે જગતના ગુરુ! સત્ય કામનાવાળા આપની સાથે જેમનો ગુરુના ઘેર વાસ થએલ તેવા અમોએ શું પ્રાપ્ત કર્યું નથી? ૪૪.

અમે કયો પુરુષાર્થ પ્રાપ્ત કરેલ નથી?, પરંતુ (પુરુષાર્થથી) અધિક (પ્રાપ્ત કરેલ) છે એમ કહે છે. આપની સાથે જેમનો ગુરુના ઘેર વાસ થયો, એવો અર્થ છે. ગુરુના ઘેર વાસ થયા પછી, અને તેમની કૃપા થયા પછી બધા પુરુષાર્થો પ્રાપ્ત કરી શકાય છે. અમે તો ગુરુકુલમાં (રહેતા હતા ત્યારે) જ સર્વ પુરુષાર્થરૂપ સ્વરૂપવાળા આપને પ્રાપ્ત કરેલ. તેથી ગુરુકુલમાંનું રહેઠાણ અમારું જ સફલ થએલ, બીજાનું તો (સફલ થએલ) નથી, એમ 'અમે શું પ્રાપ્ત કર્યું નથી?' શબ્દોથી કહેલ છે. વળી કાર્ય સાધનારી જુદા જુદા મંત્રોના દેવતાઓની તૃપ્તિ માટે પણ પ્રયાસ કરવાની અમારે જરુર ન હતી, કારણ કે આપ 'દેવોના દેવ' છો. વળી ગુરુની કૃપા પ્રાપ્ત કરવાના પ્રયાસની પણ જરુર ન હતી, કારણ કે આપ જ જગતના ગુરુ છો. વળી આપ સત્ય કામનાવાળા છો. 'અમારી સાથે અભ્યાસ કરનારાઓના અને અમારા સર્વ પુરુષાર્થો લોકના નિયમ પ્રમાણે સિદ્ધ થાઓ' એવી આપની કામના હતી. તે સત્ય જ થઈ, એટલે આપની ઈચ્છાથી જ અમારા સર્વ પુરુષાર્થો સિદ્ધ થયા, એવો અર્થ છે. તેથી આપની સાથે ગુરુકુલમાંનું રહેઠાણ પુરુષાર્થ છે અને તેનું સાધન (પણ) છે. ૪૪.

વળી (આપે) જે કહ્યું કે આપણા બધાના ગુરુકુલમાંના રહેઠાણનું સ્મરણ છે ને? તે વિષયમાં આપ સ્વામીનું ગુરુકુલમાં રહેઠાણ (લોકોને) અનુકરણ કરવા માટે જ હતું. એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**યસ્ય છન્દોમયં બ્રહ્મ દેહ આવપનં વિભોઃ ॥**
**શ્રેયસાં તસ્ય ગુરુષુ વાસોઽત્યન્તવિડમ્બનમ્ ॥૪૫॥**

જે સર્વત્ર વિદ્યમાનનો દેહ જેમાં કલ્યાણો ઉત્પન્ન થાય છે તેવો, વેદરૂપ બ્રહ્મ છે, તેમનું ગુરુના ઘરમાં રહેઠાણ ઘણું જ ઉપહાસરૂપ છે. ૪૫.

વેદરૂપ બ્રહ્મ જેને (લોકો) 'શબ્દબ્રહ્મ' જાણે છે, (અને) જેનું અધ્યયન કરવા ગુરુના ઘરમાં રહેવાની જરુર છે, તે આપનો દેહ છે. '(વેદરૂપ બ્રહ્મ) મારો દેહ કેમ હોય? કોઈ અમુક જીવ જ ત્યાં રહેતો હશે' એમ કહેવામાં આવે, તેથી 'સર્વત્ર વિદ્યમાનનો' વિશેષણ યોજેલું છે. આપ જ તેમાં રહેવા યોગ્ય છો, કારણ

કે અનંત પ્રદેશ સમય અને પુરુષોમાં રહેલ તે (દેહ)થી સર્વ સ્થલે રહેનાર (આપ)નું રહેઠાણ થયા વિના ફલદાન થતું (થઈ શકતું) નથી. 'જેમાં કલ્યાણ ઉત્પન્ન થાય છે તેવો' વિશેષણથી તે (શબ્દ બ્રહ્મરૂપ આપનો દેહ) જ ફલ પ્રાપ્ત કરાવનાર છે એમ કહેલું છે. 'શ્રેયાંસિ' કલ્યાણો 'આ' સર્વ તરફથી 'ઉપ્પન્તે' ઉત્પન્ન થાય છે આની (જેની) અંદર તેવો (તે છે). આવા દેહવાળા આપનું ગુરુના ઘરમાં રહેઠાણ 'અત્યંતંવિડમ્બનં' 'ઘણું જ ઉપહાસરૂપ' અયોગ્ય અનુકરણ છે, એવો અર્થ છે. ૪૫.

**ઈતિ શ્રીલક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીમદ્‌વલ્લભદીક્ષિતે રચેલી શ્રીમદ્‌ભાગવતની સુબોધિનીમાં દશમા સ્કંધના ઉત્તરાર્ધના વિવરણમાં એકત્રીસમા અને સળંગ સિત્યોતેરમા અધ્યાયનું વિવરણ સમાપ્ત.**

# અધ્યાય અઠોતેરમો.

## ભગવાને સુદામાને સંપત્તિ આપી.

**દ્વાત્રિંશે ભગવાનસ્ય પુરુષાર્થતયોદિતઃ ।।**
**સ્વકર્તવ્યં વિદિત્વૈવ કૃતવાનિત્યુદીર્યતે ।।૧।।**

બત્રીસમા અધ્યાયમાં એમ કહેવામાં આવે છે કે આ (સુદામા)ના પુરુષાર્થ તરીકે પ્રકટ થએલા ભગવાને પોતાનું કર્તવ્ય જાણીને જ (તે) કર્યું. કા.૧.

**મર્યાદયા પ્રેરિતા તુ લક્ષ્મીઃ સ્થૈર્યમિહાશ્નુતે ।।**
**અતોઽત્ર ભગવાંસ્તસ્ય પૃથુકાનપ્યભક્ષયત્ ।।૨।।**

લક્ષ્મી તો મર્યાદા પ્રમાણે મોકલેલી અહિં સ્થિર રહે. તેથી અહિં ભગવાને તેના પૌંઆ પણ ખાધા. કા.૨.

**દાનેઽપિ તેજોહાનિઃ સ્યાત્ ભાર્યાદાત્તમુપાયનમ્ ।।**
**તસ્યા એવ ફલં ભૂયાદિતિ જગ્ધું સમુદ્યતઃ ।।૩।।**

દાન કરવામાં આવે તો પણ સુદામાના તેજની હાનિ થાય. ભેટ પત્નીએ આપેલી. તેથી તેને જ ફલ પ્રાપ્ત થાય એવા હેતુથી ભગવાને પૌંઆ ખાવાનો ઉદ્યમ કર્યો. કા.૩.

**મુષ્ટિરેકો જગત્તૃપ્ત્યૈ વનવાસે નિરૂપિતઃ ।।**
**સર્વં ફલં સર્વતૃપ્ત્યા પરલોકે તથાપરઃ ।।૪।।**

એક મુઠી જગતને તૃપ્ત કરવા પૂરતી છે એમ વનવાસમાં[1] કહેલું છે. સર્વની તૃપ્તિ થતાં સર્વ ફલ થાય. તેવી રીતે બીજી મુઠી પરલોકમાં (સર્વ ફલ આપનારી) છે. કા.૪.

**તૃતીયે દેવતાં દદ્યાદાત્માનં ચ તતઃ પરે ।।**
**એવં બુદ્ધ્યા તયા દત્તાસ્તે ચેન્નિર્વિવિશુર્હરિમ્ ।।૫।।**

ત્રીજી મુઠી ખાતાં લક્ષ્મી દેવતાનું દાન કરે, અને ત્યાર પછીની ખાતાં આત્માનું દાન કરે. એવી બુદ્ધિથી તે (સુદામાની સ્ત્રીએ ચાર મુઠી પૌંઆ) આપેલ. તેઓ જો હરિમાં પ્રવેશ કરે તો (એવું પૂરેપૂરું ફલ થાય)[2]. કા.૫.

**ચતુર્થાંશઃ સિદ્ધિમેતુ તસ્યા નાધિકમિત્યુત ।।**
**લક્ષ્મણાયાં પ્રવિષ્ટા શ્રીઃ પ્રતિબન્ધં ચકાર હ ।।૬।।**

---

૧. વનપર્વમાં કહેલું છે–પત્રાળીમાં ચોટેલું થોડું શાક ભગવાને ખાધું તેથી દુર્વાસા અને તેમના ૧૦૦૦૦ શિષ્યોને તૃપ્તિ થઇ હતી. (મહાભારત વનપર્વ અધ્યાય. ૨૬૪) (લે)

૨. 'કાર્ય પૂર્ણ થાય' શબ્દો અધ્યાહાર છે. (લે)

'ચોથો ભાગ ફલપ્રાપ્તિ ભલે કરાવે. તે (સ્ત્રી)ને અધિકની જરુર નથી' એવા આશયથી લક્ષ્મણામાં પ્રવેશ કરેલી લક્ષ્મીએ (બીજી મુઠીના ભક્ષણમાં) અંતરાય કર્યો. કા.૬.

ગયા અધ્યાયના અંતે (સુદામાના) મનની પ્રસન્નતા[1] કહી તેનું ઈચ્છેલું આપી, તેની પત્નીનું ઈચ્છેલું આપવા માટે આરંભમાં ઉપસંહાર કરતાં[2] કહે છેઃ

॥ શ્રીશુક ઉવાચ॥

**સ ઈત્થં દ્વિજમુખ્યેન સહ સંકથયન્ હરિઃ ॥**
**સર્વભૂતમનોભિજ્ઞઃ સ્મયમાન ઉવાચ હ ॥૧॥**

આ પ્રમાણે ઉત્તમ બ્રાહ્મણ સાથે વાતચીત કરતાં, અહો! સર્વ પ્રાણીઓનું મન જાણનાર તે હરિએ હસતાં (નીચે પ્રમાણે) કહ્યું. ૧.

'જીવની સાથે (ભગવાન્) વાતચીત કેમ કરે?' એવો પ્રશ્ન ઉઠે, તેથી 'ઉત્તમ બ્રાહ્મણ' શબ્દ યોજેલ છે. બ્રહ્મભાવ થવાથી જીવ પણ (ભગવાનના) આવેશવાળો થાય છે, તેથી તેની સાથેની વાતચીતથી દોષ થતો નથી, એવો અર્થ છે. વળી તે હરિ એટલે સર્વ પુરુષાર્થરૂપ ભગવાન જ હતા એવો તે (બ્રાહ્મણ)નો નિશ્ચય હોવાથી, જો ભગવાન્ સંપૂર્ણ રીતે તેને આધીન ન થાય તો તેના મનનું દુઃખ દૂર થાય નહિ, તેથી (ભગવાને) તેમ કર્યું, એવો અર્થ છે.

પછી તેની પત્નીનો છૂપો ભાવ જાણીને ભગવાને કહ્યું, એમ 'સર્વ પ્રાણીઓનું મન જાણનાર' શબ્દથી કહેલું છે. એ પ્રમાણે કહેવાનું કારણ જણાવવા માટે સામાન્ય રીતે (એ વિશેષણ) કહેલું છે. 'હસતાં' એટલે પત્નીના સંબંધને લીધે તેની સાથે મશ્કરી કરવાની ઈચ્છાવાળા થઈને. 'હ' 'અહો' શબ્દ આશ્ચર્ય દર્શાવવા યોજેલો છે, કારણ કે પૂર્ણ ભગવાન્ જીવે આપેલ ન હોય તે પોતાની મેળે લેતા નથી. બ્રાહ્મણ તો (તે) જાણતો હોવા છતાં શરમને લીધે આપતો ન હતો. ૧.

**બ્રહ્મણ્યો બ્રાહ્મણં કૃષ્ણો ભગવાન્ પ્રહસન્ પ્રિયમ્ ॥**
**પ્રેમ્ણા નિરીક્ષણેનૈવ પ્રેક્ષન્ ખલુ સતાં ગતિઃ ॥૨॥**

બ્રાહ્મણના હિતકારી સત્પુરુષોના ફલરૂપ ભગવાન્ શ્રીકૃષ્ણે પ્રેમવાળી દૃષ્ટિથી જ જોતાં પ્રિય બ્રાહ્મણની મશ્કરી કરતાં ખરેખર (નીચે પ્રમાણે કહ્યું. શ્લો.૧)૨.

---

૧. ગયા અધ્યાયના શ્લોક ૪૪થી આરંભી સુદામાના મનની પ્રસન્નતા શુકે કહી. (લે)

૨. ગયા અધ્યાયમાં ભગવાને સુદામાની ઈચ્છા પૂર્ણ કરી, એ પહેલાનાં વાક્યનો ઉપસંહાર કરતાં, આ અધ્યાયમાં તેની પત્નીની ઈચ્છા પૂર્ણ કરવા ભગવાન્ 'શું ભેટ લાવ્યા?' વિગેરે વચનો ત્રીજા શ્લોકથી આરંભી કહે છે. એમ શુક કહે છે એવો અર્થ છે. 'વાતચીત કરતાં નીચે પ્રમાણે કહે છે' એમ કહ્યું, તેથી 'પછીના પ્રસંગનો આરંભ થયો, એટલે પહેલાંના પ્રસંગનો ઉપસંહાર થયો,' એ નિયમ પ્રમાણે પહેલાંના પ્રસંગનો અંત થઈ જ ગયો. (લે)

છતાં પણ ભગવાન્ 'બ્રહ્મણ્યઃ' બ્રાહ્મણોનું હિત કરનારા છે, અને તે પણ બ્રાહ્મણ હતો. વળી ભગવાન્ પોતે શ્રીકૃષ્ણ, અને[1] તે (કાર્ય) માટે અવતરેલા હતા. તેમ ન હોય તો ભગવાન્ ભૂતલ ઉપર કેમ પધારે? ભગવાન્ છૂપું કાર્ય કરતા હતા એમ 'મશ્કરી કરતાં' શબ્દથી (જણાવેલું છે). 'પ્રિય' વિશેષણથી તેને તેવું કહેવાનું કારણ જણાવેલું છે. ૨.

નીચેના શ્લોકથી આરંભી અઢી શ્લોકોથી ભગવાનનું વચન કહે છેઃ

॥ શ્રીભગવાનુવાચ॥

**કિમુપાયનમાનીતં બ્રહ્મન્ મે ભવતા ગૃહાત્ ॥**
**અણ્વપ્યુપાહૃતં ભક્તૈઃ પ્રેમ્ણા ભૂર્યેવ મે ભવેત્ ॥**
**ભૂર્યપ્યભક્તોપહૃતં ન મે તોષાય કલ્પતે ॥૩॥**

હે બ્રહ્મન્! આપ મારા માટે ઘેરથી શું ભેટ લાવ્યા છો? ભક્તોએ પ્રેમથી આપેલ થોડું પણ મને ઘણું થઈ પડે છે. ભક્ત ન હોય તેવાએ આપેલું ઘણું હોવા છતાં મને પ્રસન્ન કરી શકતું નથી. ૩.

'હે બ્રહ્મન્!' એ સંબોધનથી (સુદામાને) ધર્મનું જ્ઞાન હોવાનું સૂચવેલું છે. તેથી (તે) ભેટ લાવેલ છે એવો (ભગવાને) નિશ્ચય કરેલો છે. 'મે' એટલે 'મારા માટે.' શાસ્ત્રની આજ્ઞા પળાય તે માટે માર્ગમાંથી લીધેલ હોય તેથી તો મને સુખ થતું નથી, એવો ભેદ 'ઘેરથી' શબ્દથી કહેલો છે.

'આપ પૂર્ણ(ભગવાન)ને ભેટનું શું પ્રયોજન? મારા માટે (લાવ્યો હોત) તો તો હું જ આપત. તેથી (ભેટ) લેવી વ્યર્થ છે' એવી શંકા થાય, તેથી '(ભક્તોએ પ્રેમથી) આપેલ થોડું પણ (મને ઘણું થઈ પડે છે)' એમ કહેલું છે. 'ભક્ત ન હોય તેવાએ આપેલું ઘણું હોવા છતાં મને પ્રસન્ન કરી શકતું નથી' વાક્યથી (એમ સૂચવેલું છે કે) આ સર્વ ઘણા[1] ભાગે ભક્તો ન હોય તેવાએ આપેલ છે. આખીએ દ્વારકામાં પૌંઆ બનેલ ચોખા જ ભક્તે આણેલા છે.

---

૧. અહિં 'બ્રાહ્મણના હિતકારી' શબ્દ અધ્યાહાર છે. 'શ્રીકૃષ્ણ' શબ્દ સાથે આનો અન્વય લેવાનો હોત તો 'ચ' 'અને' શબ્દ યોજત નહિ. (લે) 'બ્રહ્મણ્ય' 'બ્રાહ્મણનાં હિતકારી' શબ્દનું વ્યાખ્યાન ઉપર આવી ગએલ હોવાથી અહિં તે અધ્યાહાર લેવાનું યોગ્ય જણાતું નથી. 'તે પણ બ્રાહ્મણ હતો. વળી ભગવાન્ પોતે શ્રીકૃષ્ણમાં 'વળી' શબ્દનો અર્થ 'ચ'થી અને 'શ્રીકૃષ્ણ'નો અર્થ 'તે (કાર્ય) માટે અવતરેલા' શબ્દથી કહેલ હોય તેમ જણાય છે. 'તે કાર્ય માટે અવતરેલા' શબ્દથી કહેલ હોવાનું જણાય છે. આ પણ અવતારનું એક પ્રયોજન હતું, એમ કહેવાનો ભાવાર્થ જણાય છે.

૧. 'આ સર્વ એટલે દ્વારકામાં છે તે સર્વ પદાર્થો, ભગવાનના ઐશ્વર્યને લીધે ઇંદ્ર વિગેરેએ લાવી આપેલા છે, પરંતુ ભક્તિથી આપેલા નથી, એવો અર્થ છે. (લે)

'ભક્તે આણેલ હોય તેમાં શું ઉત્તમપણું છે?' એવો પ્રશ્ન થાય, તેથી પ્રેમથી ભક્તોએ આપેલ થોડું હોવા છતાં મને ઘણું થઈ પડે છે' એમ કહેલ છે. પ્રેમ અંતઃકરણનો ગુણ છે. 'જેઓ મને જે પ્રકારે ભજે છે' એ વાક્ય પ્રમાણે જે પોતાની જરુર કરતાં વધારે લાવે છે, તે તેનું લાવેલું અધિક થાય છે. વળી મારો આ નિયમ છે કે પ્રેમથી લાવેલું હૃદયથી આણેલું છે. હૃદય અણુ જેટલું જ છે, અને પૌંઆ તો ચાર મુઠી જેટલા છે, અને હું તો હૃદયરૂપ (થઈને) જ તે સ્વીકારું છું. તેથી આપેલું માત્ર અણુ હોય તો પણ મારી સમાન હોવાથી ભક્ષણ કરવા યોગ્ય છે. થોડા કદવાળું (થોડું) જ યોગ્ય હોવાથી, તે મને ઘણું જ થઈ પડે છે.

ભક્ત ન હોય તેવાએ આપેલું તો બહારની દૃષ્ટિથી આપેલું હોય છે, અને બહાર તો બ્રહ્માંડ હોવાથી હું પણ તેને ગ્રહણ કરવામાં તેવો (બ્રહ્માંડરૂપ) થાઉં છું. તેથી ઘણા પ્રયાસે સર્વ શક્તિથી લાવેલું હોય તો પણ મને તે તૃપ્ત કરી શકતું નથી, તેથી થોડું હોવાથી મને પ્રસન્ન કરી શકતું નથી.

અથવા 'ભક્તિથી જ પ્રસન્ન થાય છે' એ વાક્ય પ્રમાણે ભગવાન્ પ્રેમથી જ પ્રસન્ન થાય છે પરંતુ બીજા પ્રકારે (પ્રસન્ન થતા) નથી તેથી, પ્રેમ તો બીજા (પદાર્થ) સાથે ભળીને જ મારી સમીપ આવે છે તેથી, અને તે (સુદામાની સ્ત્રી)નો દેહ તો બીજાના[2] માટે જ ઉપયોગમાં આવેલ હોવાથી લિંગ- શરીર તેણે જ રોકી લીધેલું હોવાથી, પૌંઆનો આશ્રય કરીને જ ભક્તિ(પ્રેમ) અહિં આવેલ છે. તેથી પદાર્થોનો ભક્તિ સાથે સંયોગ કહેલો છે. 'ભક્ત ન હોય તેવો' એટલે લૂખો. લોકમાં પણ ઘી વિગેરે (સ્નેહ)માં બોળેલો ખોરાક પ્રસન્નતા (કરે છે), પરંતુ લૂખો (ખોરાક પ્રસન્નતા કરતો) નથી. શાસ્ત્રાજ્ઞામાં (૧) અધિકાર જણાવનારું ચિહ્ન અને (૨) સાધન બે (કાર્ય) કરાવનારાં છે[3]. નિષેધમાં તો વિશેષણ કહેલું છે, કારણ કે કાર્ય તો થએલું જ છે[4]. અથવા ભક્ત ન હોય તેની ભક્તિ પણ ભક્તિ નથી જ. ૩.

---

૨. 'બીજાના માટે' ધર્મના માટે ઉપયોગમાં આવેલ છે. ભગવાન્ સંબંધી તો પ્રેમ જ છે, એવો અર્થ છે. (લે) 'બીજાના માટે' એટલે સુદામા માટે, એવો અર્થ જણાય છે. દેહ પતિના ઉપયોગમાં આવેલ અને પતિએ રોકી રાખેલ હોવાથી પ્રેમ દેહ સાથે પ્રભુ પાસે આવી શકે તેમ નહિ હોવાથી, પદાર્થ પૌંઆ સાથે પ્રભુ પાસે આવેલ છે, એવો ભાવ જણાય છે.

૩. શ્લોકના બીજા પાદમાં ભક્તિને અધિકારીના વિશેષણ તરીકે કહેલી છે, અને 'પ્રેમથી' શબ્દથી તે ભક્તિને જ સાધન કહેલી છે. (લે)

૪. ત્રીજા પાદમાં 'અભક્તિ' અધિકારીના વિશેષણ તરીકે કહેલી છે, અને પહેલાંની પેઠે તેને જ એટલે શુદ્ધ અંતઃકરણને કારણ (સાધન) કહેલ નથી. (લે) 'અભક્તોપહૃતમ્' એ વિશેષણ જ કહેલું છે, પરંતુ જેમ બીજા પાદમાં 'પ્રેમ્ણા' સાધન કહેલ તે અહિં કહેલ નથી, કારણ કે કાર્ય (લાવવાનું અને ભગવાનને આપવાનું) એ વિશેષણથી જ કહેવાઈ ગયું; અથવા

એવી રીતે પદાર્થ (પૌંઆ)ની સ્થિતિ કહીને, નીચેના શ્લોકમાં બલથી તે લઈ લેવાનું પોતાનું પ્રયોજન (કહેતા) હોય તેમ પોતાનો સંકલ્પ કહે છેઃ

**પત્રં પુષ્પં ફલં તોયં યો મે ભક્ત્યા પ્રયચ્છતિ ।।**
**તદહં ભક્ત્યુપહૃતમશ્નામિ પ્રયતાત્મનઃ ।।૪।।**

જે મને ભક્તિથી પત્ર પુષ્પ ફલ (અથવા) જલ આપે છે (તે) વશ કરેલ અંતઃકરણવાળાના ભક્તિથી આપેલા તે (પદાર્થ)નો હું ભોગ કરું છું. ૪.

(૧) તુલસી વિગેરે પત્ર (૨) લવીંગ વિગેરે પુષ્પ (૩) કેરી વિગેરે ફલ (૪) ગંગાજલ વિગેરે જલ. આ ચાર વિકાર વિનાના અને દોષરહિત છે, કારણ કે (તેમને) અગ્નિનો સંસ્કાર વિગેરે હોતા નથી[1]. બીજું (બધું) રંધાવા વિગેરેથી દોષવાળું થાય છે. કેટલાક એમ કહે છે કે વનમાં રહેનારાઓ, દરિદ્રો, સંન્યાસીઓ -તેઆને માટે ઉપલક્ષણ[2] વિધિથી આ ચાર કહેલાં છે, કારણ કે 'હું (જેવો બ્રાહ્મણના સમર્પેલાંનો ભોગ કરું છું) તેવો (યજ્ઞના હવિષનો) ભોગ કરતો નથી' ૩।૧૬।૮ એ વાક્ય પ્રમાણે બ્રાહ્મણ દ્વારા તો (ભગવાન્) બીજા (પદાર્થ)નો[3] પણ ભોગ કરે છે. વિચાર કરનારાઓ એમ (માને છે કે) 'વિકાર વિનાનું' એટલે ઉત્તમ સંસ્કારથી[4] શુદ્ધ કરેલું. એકે આપેલાં તો એક જ (પદાર્થ)નો ભોગ કરું છું, કારણ કે કોઈની પણ ચાર (પદાર્થ)માં ઘણી શ્રદ્ધા હોતી નથી. તેથી કહેલા (ચાર)માંથી ઈચ્છા પ્રમાણે એક (આપવાનું છે એમ) જણાવવા 'તે (પદાર્થ)' એમ કહેલું છે. 'તે' એટલે પત્ર વિગેરેમાંથી હરકોઈ એક. 'હું' એટલે પુરુષોત્તમ. મારા માટે (પદાર્થ) પ્રાપ્ત કરી, પોતાના અધિકાર પ્રમાણે હરકોઈ સ્થલે (મને) નિવેદન કરે,

---

અભક્તની ભક્તિ પણ ભક્તિ નથી એટલે (એ કાર્યનું) સાધન નહિ હોવાથી કહેલું નથી, એવો ભાવ જણાય છે.

૧. આ ચાર વિકાર વિનાના અને દોષ વિનાના હોવાનું કારણ આથી કહેલું છે. દૂધ વિગેરે અગ્નિના સંબંધથી દોષવાળા થાય છે. ચોખા વિગેરે વિકારવાળા પણ થાય છે. (લે)

૨. 'ઉપલક્ષણ વિધિથી કહેલાં છે' એટલે તેમના જેવાં બીજાઓનો સમાવેશ તેમાં કરેલ છે.

૩. 'બીજા' એટલે વિકારવાળા અને દોષવાળા પદાર્થોનો પણ ભોગ કરે છે એવો અર્થ છે. (લે)

૪. 'યોગ્ય ક્રિયા' એટલે જલનાં સંબંધમાં પાન વિગેરે.

૫-૫. એમ (બ્રાહ્મણ દ્વારા બીજા પદાર્થોનો પણ ભોગ કરતા) હોય તો ભક્તિમાર્ગનો વિરોધ થાય, એવી શંકા થાય, તેથી આ કહેલ છે. 'ઉત્તમ સંસ્કાર' એટલે ભક્તિથી પ્રાપ્ત કરાવેલ સંસ્કાર. માત્ર દોષ હોય (વિકાર ન હોય) તો ખામીવાળું નથી એવો ભાવ છે, એટલે આ ચાર વિકાર વિનાના પદાર્થો જણાવવા કહેલા છે. આમ હોય તો પણ 'ભક્તિથી' એમ કહેલું હોવાથી, આ ચારે કહેવાં નકામા હોવાથી, આ અર્થ નહિ રુચવાથી 'વાસ્તવિક રીતે તો' એમ નીચે (આ ચારમાં પદાર્થ માત્રનો સમાવેશ કરેલ છે). (લે)

ત્યાં જ હું (તેનું) ભક્ષણ કરું છું, એવો અર્થ છે. જેમ હરકોઈ (પોતાનું) ઈચ્છેલું પુત્રને આપે છે તેમ આપતી વખતે ભક્તિથી જ આપવું જોઈએ. મારા સંબંધમાં તો તેનાથી પણ ભેદ છે એમ 'ભક્તિથી આપેલા' વિશેષણથી કહેલું છે. તે (પદાર્થ)ના સ્થાનમાંથી ઉપાડેલ હોય ત્યારથી મારી પાસે લાવવામાં આવે ત્યાં સુધી સ્નેહ અખંડિત હોવાની જરુર છે. કેટલાક એમ કહે છે કે સ્મરણ સાથે સ્નેહ હોવો જોઈએ. વળી તે પદાર્થ જો વશ કરેલ અંતઃકરણવાળાનો હોય, પત્ર વિગેરે 'પ્રકર્ષેણં' ઘણું 'નિયતાન્તઃકરણસ્ય' વશ કરેલ અંતઃકરણ જેણે તેવાનું એટલે કામ વિગેરે સર્વ દોષ વિનાનો હોય તેવાનું હોય, તો હું અવશ્ય (તેનું) ભક્ષણ કરું છું. ભક્ષણ યોગ્ય ક્રિયા જણાવનારું[૪] છે.

વાસ્તવિક[૫] રીતે તો સર્વ(પદાર્થો)નો આ ચારમાં સમાવેશ થાય છે, કારણ કે અન્ન, વસ્ત્ર વિગેરે પણ ફલ જ છે. દૂધ, શેરડીનો રસ વિગેરે જલ છે, તાંબૂલ વિગેરે પત્રો છે. સુવર્ણ, રત્નો વિગેરે પુષ્પો છે; અને ભોજન એટલે (દેહની) અંદર પ્રવેશ કરાવવો તે. હરકોઈ સ્થલે ધરવામાં આવેલ હોય તે (ભગવાન્) સ્વીકારી લે છે, એવો અર્થ છે. ૪.

**ઈત્યુક્તોઽપિ દ્વિજસ્તસ્મૈ વ્રીડિતઃ પતયે શ્રિયઃ ।।**
**પૃથુકપ્રસૃતિં રાજન્ન પ્રાયચ્છદવાઙ્મુખઃ ।।૫।।**

હે રાજન્! એમ કહેવાએલ હોવા છતાં, શરમાએલ, નીચું જોએલ દ્વિજે તે લક્ષ્મીનાં પતિને ચાર મુઠી પૌંઆ આપ્યા નહિ. ૫.

એવી રીતે 'પત્નીએ મોકલેલું અને તે ભક્તે આણેલું આપવું યોગ્ય છે' એમ કહેવાએલ હોવા છતાં, 'દ્વિજ' એટલે સંકોચ પામેલા અલ્પ બુદ્ધિવાળાએ તે લક્ષ્મીના પતિને 'પૃથુકપ્રસૃતિં' ચાર મુઠી જે માત્ર એક શેર થાય તે (પૌંઆ) આપ્યા નહિ, અને 'ઘણા સાધારણ (પુરુષો)એ જ ભક્ષણ કરવા યોગ્ય આ હું શું લાવ્યો?' એમ શરમને લીધે નીચું જોઈ ગયો. પછી ભગવાને વિચાર કર્યો કે આ તો આપતો નથી, છતાં પણ (પૌંઆ) લેવા કે નહિ? અને તે માટે આ (વિષય)નો વિચાર કરે છે કે આને સંપત્તિઓ આપવી કે ન આપવી?

**કામિતં દોષરહિતં ભગવાંસ્તુ પ્રયચ્છતિ ।।**
**અલૌકિકત્વાત્સંપત્તેર્દોષાભાવઃ સુનિશ્ચિતઃ ।।**
**કામાભાવસ્ત્વસ્ય સિદ્ધો ન દેયં તત્કથંચ ન ।।૭।।**

દોષરહિત ઈચ્છેલો (પદાર્થ) તો ભગવાન્ આપે છે. સંપત્તિ અલૌકિક હોવાથી, (તેમાં) દોષ ન હોવાનો ઉત્તમ નિશ્ચય છે; પરંતુ આ (સુદામા)ને કામના ન હોવાનું જણાવેલ છે. તેથી (તેને) કોઈ પ્રકારે આપવું ન જોઈએ. કા.૭.

**સ્વત આગમનં તસ્ય ન ભવત્યેવ ભાર્યયા।।**
**પ્રેપિતસ્યાગતિસ્ત્વસ્ય ભાર્યાગતિરિયં મતા ।।૮।।**

તે પોતાની મેળે આવવાનું બને જ નહિ. પત્નીએ મોકલેલા આનું આ આવવું તો પત્નીનું આગમન ગણાએલ છે. કા.૮.

**પ્રતિબન્ધકતા ત્વસ્ય દાને લજ્જાદિદોષતઃ ।।**
**તસ્માત્તસ્યા ગૃહીત્વૈતત્તસ્યૈ દાસ્યામિ નિશ્ચિતમ્ ।।૯।।**

આપવામાં આને લજ્જા વિગેરે દોષને લીધે અડચણ થાય છે. તેથી તે (સ્ત્રી)ની પાસેથી આ લઈ, તે (સ્ત્રી)ને નક્કી આપીશ. કા.૯. ૫.

આ વિચાર કહેતાં, નીચેના શ્લોકમાં (સુદામામાં) દોષ નથી એમ કહે છેઃ

**સર્વભૂતાત્મદક્ સાક્ષાત્તસ્યાગમનકારણમ્ ।।**
**વિજ્ઞાયાચિન્તયન્નાયં શ્રીકામો માભજત્પુરા ।।૬।।**

સર્વ પ્રાણીઓના અંતઃકરણને જાણનારે તેના આવવાનું સાક્ષાત્ કારણ જાણીને વિચાર્યું કે 'આ લક્ષ્મીની કામનાવાળો નથી. આણે મને પહેલાં ભજેલ છે...' ૬.

સર્વ પ્રાણીઓનાં 'આત્માનં' અંતઃકરણને જાણે તે ('સર્વભૂતાત્મદક્') ભગવાન્ સુદામાના અને તેની પત્નીનાં પણ અંતઃકરણને જાણતા હતા, એમ કહ્યું. તેને આવવાનું સાક્ષાત્ કારણ તેની પત્નીનાં કાર્ય માટે જ હતું, પોતાના કાર્ય માટે તો પ્રાસંગિક (કારણ) હતું. આ જાણીને (ભગવાને) વિચાર્યું. આ વિષયમાં અર્થ સંદેહવાળો હોવાથી 'આ લક્ષ્મીની કામનાવાળો નથી. આણે મને પહેલાં ભજેલ છે'[૧] શબ્દોથી સંદેહ જ કહેલ છે. તેથી આ ભક્ત કામના વિનાનો છે. તેથી આને (મારા) સ્વરૂપનું જ દાન કરવું. ૬.

**પત્ન્યા મે પ્રેષિતાયાતઃ સખા પ્રિયચિકીર્ષયા ।।**
**પ્રાપ્તો મામસ્ય દાસ્યામિ સંપદોઽમર્ત્યદુર્લભાઃ ।।૭।।**

પત્નીએ મોકલેલો મારો મિત્ર મારું પ્રિય કરવાની ઈચ્છાથી મારી પાસે આવેલો છે. આના (સંબંધને) લીધે હું દેવોને દુર્લભ સંપત્તિઓ આપીશ. ૭.

અને હમણાં પત્નીએ મોકલેલો તે મારી પાસે આવેલો છે. ('પ્રેષિત' અને 'આયાત'ની) સંધિ વૈદિક છે.

'ત્યારે હવે તે(સ્ત્રી)ના જ માટે દાન કરવું જોઈએ (એમાં) શું સંદેહ છે?' એવી શંકા થાય, તેથી 'મારો મિત્ર' શબ્દો યોજેલ છે. છતાં પણ તે મારો મિત્ર છે, અને મારું પ્રિય કરવાની ઈચ્છાથી આવેલો છે. તેથી શું આનું હિત કરવું કે તે

૧. આ કામનાવાળો નથી. ત્યારે ભક્તિ કેમ કરેલી, એવો સંદેહ હોવાનું જણાય છે.

(સ્ત્રી)નું હિત કરવું? ભોગ આને થવાનો કે તે(સ્ત્રી)ને થવાનો? જો આને થવાનો હોય તો (સંપત્તિઓ) આપવી ન જોઈએ. જો તે (સ્ત્રી)ને થવાનો હોય તો આપવી જોઈએ, એવો (વિચાર કર્યો). પહેલા(પક્ષ)માં (સુદામાને ભોગ થવાનો હોય તો) ભોગને લીધે આનું સ્વરૂપથી પતન થશે. બીજા(પક્ષ)માં (સ્ત્રીને ભોગ થવાનો હોય તો આને) પ્રાસંગિક ભોગ થશે, તેથી તે નાશ કરનારો નહિ થાય, અને તે(સ્ત્રી)ને પ્રાસંગિક મોક્ષ પણ થશે. તેથી આ પ્રયોજન માટે પૌંઆ આરોગવા જરુરી છે. જો આને દાન કરવાનું હોત તો એમને એમ (પૌંઆ લીધા વિના) જ દાન કરત, કારણ કે બીજા બ્રાહ્મણો પાસેથી કાંઈક લઈને (ભગવાન્) દાન કરતા નથી. તેથી 'મારી પાસે આવેલો છે. આના (સંબંધને) લીધે હું દાન કરીશ' શબ્દોથી બીજો (સ્ત્રીને ભોગ થવાનો) પક્ષ કહે છે. 'અસ્ય' 'આના' શબ્દથી માત્ર સંબંધ જણાવેલ છે, પરંતુ સંપ્રદાન[1] કહેલું નથી એવો વિચાર કરીને 'દેવોને દુર્લભ સંપત્તિઓ' શબ્દોથી જે આપવાનું છે તેનું ઉત્તમપણું કહેલું છે. દેવોને પણ દુર્લભ (સંપત્તિઓ આપીશ). જ્યારે ભગવાન્ પોતે ઈંદ્ર થએલા, ત્યારે (તેમની) જે સંપત્તિ હતી તે તેમણે આપી એમ 'સુદામા નામના રંક ભક્તને માટે ભૂમિ ઉપર આણેલો છે ઈંદ્રનો વૈભવ જેમણે' એ બીજાં વાક્યથી જણાય છે, અને અહિં 'દેવોને દુર્લભ' વિશેષણ (કહેલું છે). તેથી દેવથી જૂદો ઈંદ્ર ભગવાન જ હોવાથી (પોતે ઈંદ્ર થએલા તે સમયની પોતાની સંપત્તિ આપી). ૭.

**ઈત્થં વિચિન્ત્ય વસનાચ્ચીરબદ્ધાન્ દ્વિજન્મનઃ ।।**
**સ્વયં જહાર કિમિદમિતિ પૃથુકતણ્ડુલાન્ ।।૮।।**

આ પ્રમાણે વિચાર કરીને, 'આ શું છે?' એમ કહીને, દ્વિજના વસ્ત્રમાંથી વસ્ત્રમાં બાંધેલા પૌંઆ (ભગવાને) પોતે લઈ લીધા. ૮.

એવો નિશ્ચય કરીને, 'વસનાત્' તેણે ઢાંકી દીધેલ ઢાંકેલા (વસ્ત્ર)માંથી, તે ઢાંકણ કાઢી નાખીને 'ચીરેણ' વસ્ત્રના કટકામાં બાંધેલા (પૌંઆ લઈ લીધા). '**દ્વિજન્મનઃ**' 'દ્વિજના' શબ્દથી (એમ કહેલું છે કે) જ્યારે આ ગાફલ હતો અથવા કર્મ કરવા માટે વ્યાકુલ થએલો, ત્યારે (ભગવાને) પોતે લઈ લીધા. 'આ શું છે?' શબ્દોથી (ભગવાનનું તે) લેવા સમયનું વચન કહેલું છે. ૮.

પછી (ગાંઠ) છૂટી કરાવી, પૌંઆ જોઈને ભગવાને નીચેનો શ્લોક કહ્યોઃ

**નન્વેતદુપનીતં મે પરમપ્રીણનં સખે ।।**

---

૧. જેને કાંઈ આપવામાં આવે તેને માટે સંસ્કૃતમાં ચોથી વિભક્તિ યોજાય છે. અહિં 'અસ્ય' એમ છઠ્ઠી વિભક્તિ યોજેલી છે. તેથી સુદામાને દાન કરેલું નથી, પરંતુ તેના સંબંધને લીધે તેની પત્નીને દાન કરેલું છે.

**તર્પયન્ત્યઙ્ગ માં વિશ્વમેતે પૃથુકતણ્ડુલાઃ ।।૯।।**

હે સખે! આ ખરેખર મને ઘણી પ્રસન્ન કરનારી (ભેટ) તું લાવ્યો છે. હે ભાઈ આ પૌંઆ વિશ્વરૂપ મને તૃપ્તિ કરે છે. ૯.

આ ભેટ ઘણી પ્રસન્ન કરનારી છે. (તું) મિત્ર હોવાથી, નથી આપતો તો પણ લેવા યોગ્ય છે. ઉત્તરાર્ધથી પૌંઆનું માહાત્મ્ય કહેલું છે. 'આ' (મારી પાસે) આવેલા, ભક્તિ સાથે મિશ્ર થએલા (પૌંઆ મને તૃપ્તિ કરે છે). ૯.

એવી રીતે વિચાર કરી, મુઠી જેટલા લઈ, ભગવાને ખાધા, એમ કહે છેઃ

**ઈતિ મુષ્ટિં સકૃજ્જગ્ધ્વા દ્વિતીયં જગ્ધુમાદદે ।।**
**તાવચ્છ્રીર્જગૃહે હસ્તં તત્પરા પરમેષ્ઠિનઃ ।।૧૦।।**

એમ (વિચારી), એક વાર મુઠી ખાઈ, ખાવા માટે બીજી (મુઠી) લીધી તેટલામાં તેમનામાં આસક્તિવાળી લક્ષ્મીએ પરમેશ્વરનો હાથ પકડી લીધો. ૧૦.

બધાએ (પૌંઆ) ખાવા માટે બીજી મુઠી લીધી, ત્યારે લક્ષ્મીએ અંતરાય કર્યો એમ 'તેટલામાં લક્ષ્મીએ હાથ પકડી લીધો' શબ્દોથી કહેલ છે. લક્ષ્મણામાં પ્રવેશ કરેલી (લક્ષ્મીએ અંતરાય કર્યો). અંતરાય કરવામાં તેનો અભિપ્રાય 'તેમનામાં આસક્તિવાળી' વિશેષણથી કહેલો છે, કારણ કે તે ભગવાનમાં આસક્તિવાળી હતી. જો (ભગવાન્) બધા (પૌંઆ) આરોગશે તો તેને સર્વ આપી દેશે, તેથી મને આપી દેશે કારણ કે હું સર્વ છું; પરંતુ હું ભગવાનમાં આસક્તિવાળી હોવાથી ત્યાં (સુદામા પાસે) જઈશ નહિ, એવું તાત્પર્ય છે.

વળી અર્ધ પણ આપવામાં આવે ત્યારે તેને પરલોકનું પણ ફલ પ્રાપ્ત થશે તેથી, તેની મર્યાદા આખુંએ બ્રહ્માંડ છે તેથી, (અને) હમણાં બ્રહ્માંડરૂપ દેહવાળા ભગવાન જ છે તેથી બીજી મુઠી (લેતાં) જ તેણે અંતરાય કર્યો. તે (અર્થ) 'પરમેશ્વરનો' શબ્દથી કહેલો છે. ભગવાન પુરુષરૂપ (વિશ્વદેહવાળા) થતાં લક્ષ્મી પણ તેવી[1] થઈ. ૧૦.

તે સંજોગોમાં (લક્ષ્મી) બ્રહ્માંડ જેમનો દેહ છે તેવા (પુરુષ)ના સંબંધ-વાળી થવાથી, સુદામાનું[1] જ, તેમ થતાં વળી અનિષ્ટ થાય. તે ફલમાત્રમાં વિઘ્ન કરતી હોવાની શંકા થાય, તેથી તે (લક્ષ્મી) નીચેના શ્લોકમાં (વિઘ્ન કરવાનો) પોતાનો અભિપ્રાય કહે છેઃ

**એતાવતાલં વિશ્વાત્મન્ સર્વસંપત્સમૃદ્ધયે ।।**
**અસ્મિઁલ્લોકેઽથવામુષ્મિન્ પુંસસ્ત્વત્તોષકારણમ્ ।।૧૧।।**

હે વિશ્વના આત્મા! પુરુષને આ લોકમાં અથવા પરલોકમાં સર્વ

૧. 'તેવી' એટલે અર્ધબ્રહ્માંડરૂપ (લે) બ્રહ્માંડરૂપ.

સંપત્તિઓની વૃદ્ધિ થાય તે માટે આટલાથી બસ છે. આપનો સંતોષ (સંપત્તિ-ઓની વૃદ્ધિનું) કારણ છે. ૧૧.

આ (સ્ત્રી)ને આપવા ઈચ્છેલું થોડું, (જ્યારે) માત્ર એક મુઠી પણ ઘણા દાનની ઉત્પત્તિ કરનારી છે. તેથી 'આટલાથી બસ છે' એમ કહેલું છે. તેમ ન હોત (મુઠી દાનની ઉત્પત્તિ કરનારી ન હોત અને દાન જ હોત) તો 'આટલું બસ છે' એમ કહેત.

વળી 'હું બધુએ આપી દઈશ' એમ કહેવું યોગ્ય નથી, કારણ કે આપ 'વિશ્વના આત્મા' છો. બીજાઓને શું આપશો? બીજાઓ પણ આપને આવશ્યક (અવશ્ય દાન કરવા યોગ્ય) છે, એવો અર્થ છે. બધી જે ધન વિગેરે સંપત્તિઓ છે તેઓની આને વૃદ્ધિ થાય તે માટે આટલાથી બસ છે, વધારે આરોગવું જરુરી નથી.

'માત્ર એક મુઠીથી આ લોકની સર્વ સંપત્તિ પ્રાપ્ત થાય, પરંતુ પરલોકની (પ્રાપ્ત) ન થાય' એવી શંકા થાય, તેથી 'આ લોકમાં અથવા પરલોકમાં' શબ્દો યોજેલ છે. બંને લોકમાં તેને ભોગની જરુર નથી, કારણ કે (તેનો) અધિકાર ઉત્તમ છે. કોઈક સમયે કાંઈક ભોગની ઈચ્છા થાય, તે આ લોકમાં અથવા પરલોકમાં ભલે (પ્રાપ્ત) થાય. તે વિષયમાં એક જ મુઠી કાર્ય સાધનારી છે, કારણ કે સમુચ્ચય (વધારે) તેને પણ ઈષ્ટ નથી.

'માત્ર એક મુઠીથી બધી સંપત્તિ કેમ પ્રાપ્ત થશે?' એવી શંકા થાય, તેથી 'આપનો સંતોષ (સંપત્તિઓની વૃદ્ધિનું) કારણ છે' એમ કહેલું છે. એક મુઠી આરોગવા કરેલો ઉદ્યમ સંપૂર્ણ મુઠી ઉદરમાં જાય ત્યાં સુધી ચાલુ રહે છે, તેટલા સમયમાં તેના રસથી તૃપ્તિ થાય છે. બીજી મુઠી આરોગવામાં ફરી ઉદ્યમ આદરવો જોઈએ, અને તેનાથી ફરી બીજી તૃપ્તિ થવાની. વળી આપવાનું ફલ એક છે, તેથી

૧. સુદામાને બ્રહ્માંડરૂપ ફલ પ્રાપ્ત થાય, તો તેના અર્ધ(ફલ)રૂપ લક્ષ્મી પણ તેને અધીન થાય, અને તે પાછું લક્ષ્મીનું અનિષ્ટ થાય એવો અર્થ છે. (લક્ષ્મી) ભગવાનના સંગમાં (રહી તેમની) સેવા કરે છે જ, પણ (સુદામાને) ફલ આપવામાં આવતાં તેને અધીન જ થાય, તેથી 'પુનઃ' 'વળી' શબ્દ યોજેલ છે. ભગવાન પણ તેને અધીન થાય, તેથી સુદામા જ બ્રહ્માંડનો અધિપતિ થાય, એમ જણાવવા 'એવ' 'જ' શબ્દ યોજેલ છે. (લે) આ અર્થ બહુ ક્લિષ્ટ છે અને યોગ્ય જણાતો નથી. 'તેમ થતાં' એટલે લક્ષ્મી બ્રહ્માંડ જેમનો દેહ છે તેવા પુરુષના સંબંધવાળી થતાં સુદામાનું જ અનિષ્ટ થાય; કારણ કે લક્ષ્મી તેવી થતાં તેને ભોગ થવાનો જ, અને ભોગ થવાથી તેનું સ્વરૂપથી પતન થવાનું. પહેલાં વિચાર કરતાં ભગવાને આમ વિચારેલ છે. લક્ષ્મી વળી તેવું જ પરિણામ આવવાનું કહે છે, તેથી 'પુનઃ' 'વળી' શબ્દ યોજેલ જણાય છે. સુદામાનું હિત વિચારો છો, પરંતુ બીજી મુઠી આરોગવાથી તેનું જ અહિત થશે એમ જણાવવા 'એવ' 'જ' શબ્દ યોજેલ જણાય છે.

આપને બીજો (બીજી મુઠી આરોગવાથી) સંતોષ થશે, તે એવો ને એવો (ફલ આપ્યા વિનાનો) રહેશે, તેથી બીજો સંતોષ થવા દેવો જ નહિ, એવો અર્થ છે. ૧૧.

એવી રીતે ભગવાન્ અને લક્ષ્મીનો સંવાદ કહીને, એક ફલ (પ્રાપ્ત) થશે એવો નિશ્ચય કરીને, બ્રાહ્મણને તે ફલ પ્રાપ્ત થાય તે માટે તેના ઘેર (તે) ગયો એમ કહેતાં, ભગવાનની સંનિધિમાં તેને પોતાનો ઈચ્છેલો આનંદ થયો, એમ કહે છેઃ

**બ્રાહ્મણસ્તાં તુ રજનીમુષિત્વાચ્યુતમન્દિરે ॥**
**ભુક્ત્વા પીત્વા સુખં મેને આત્માનં સ્વર્ગતં યથા ॥૧૨॥**

બ્રાહ્મણે તો તે રાત્રિ અચ્યુતના મંદિરમાં રહીને, આનંદપૂર્વક ખાઈપીને પોતાને સ્વર્ગમાં ગએલ હોય તેવો માન્યો. ૧૨.

ત્યાં અચ્યુતના મંદિરમાં જ 'ઉષિત્વા' રહીને, જાતજાતના રસવાળા પદાર્થો અમૃત વિગેરે પણ ખાઈપીને, અલૌકિક ભોગ કરવાથી શક્તિવાળો થઈને (બ્રાહ્મણે) પોતાને સ્વર્ગમાં ગએલો માન્યો, કારણ કે સ્વર્ગમાં ગએલાને જ અમૃતનું પાન વિગેરે પ્રાપ્ત થાય છે. પૂજાનાં કાર્ય માટે ભગવાને કાંઈક આભૂષણ, વસ્ત્ર વિગેરે અને ગાય-જેટલાથી તે સારા વેષે ઘેર જાય-તેટલાં આપેલ એમ જણાય છે. ૧૨.

પછી સવારે તે ત્યાંથી નીકળી ગયો, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**શ્વોભૂતે વિશ્વભાવેન સ્વસુખેનાભિનન્દિતઃ ॥**
**જગામ સ્વાલયં તાત પથ્યનુવ્રજ્ય નન્દિતઃ ॥૧૩॥**

હે તાત! સવાર થતાં વિશ્વમાં જેમનો પ્રભાવ છે અને સેવકોને જેમનાથી સુખ થાય છે તેવા (ભગવાને જવાને) અનુમોદન કરેલો, (અને) માર્ગે જઈ સંતોષ પમાડેલો પોતાના ઘેર ગયો. ૧૩.

'વિશ્વમાં જેમનો પ્રભાવ છે' વિશેષણથી (પોતાની) સમક્ષ ન આપવાનું કારણ કહેલું છે. બધાએ વિશ્વમાં છે પ્રભાવ જેમનો એવા (ભગવાન્ હોવાથી), જ્યાં (સુદામો) જશે ત્યાં જ બધી (સંપત્તિઓ) પ્રકટ થવાનો સંભવ હોવાથી, અહિંથી (ત્યાં) શા માટે લઈ જવી? મિત્રપણું જ પ્રકટ કર્યું તેથી મિત્ર બહુ આપતા નથી. 'હું જાઉં છું' એમ (સુદામાએ) કહ્યું, ત્યારે 'ભલે જાઓ' એમ (ભગવાને તેને) અનુમોદન આપ્યું. પછી તે પોતાના ઘેર ગયો. વધારામાં ભગવાને જલના અંત સુધી[1] માર્ગે આવી (તેને) 'નન્દિતઃ' સંતોષ પમાડ્યો. ૧૩.

---

૧. જલના અંત સુધી એટલે (કિલ્લાની આસપાસની) જલની ખાઈ સુધી ભગવાન્ પધાર્યા અને પછી પાછા ફરી પોતાના મંદિરે પધાર્યા એમ પહેલાનાં (વાક્ય) સાથે સંબંધ લેવો. આ પ્રમાણે 'જઈ' શબ્દનો અર્થ કર્યો. શ્લોકમાં 'ભગવાને માર્ગે જઈ સંતોષ પમાડ્યો' એવો

માર્ગમાં તેને પત્નીના ભયને લીધે ચિંતા થઈ, એમ કહે છેઃ

**સ ચાલબ્ધ્વા ધનં કૃષ્ણાન્ન તુ યાચિતવાન્સ્વયમ્ ।।**
**સ્વગૃહાન્ વ્રીડિતોડગચ્છન્મહદ્દર્શનનિર્વૃતઃ ।।૧૪।।**

અને શ્રીકૃષ્ણ પાસેથી તેને ધન નહિ મળતાં, તેણે પોતે તો માગ્યું નહિ. શરમાએલો, ઉત્તમ (પુરુષ)નાં દર્શનથી સુખ પામેલો તે પોતાના ઘેર ગયો. ૧૪.

ભગવાને પોતાની મેળે (ધન) ન આપ્યું, તેથી ધન મળ્યું નહિ, અને પોતે મિત્ર પાસે માગ્યું નહિ. તેથી ઉભય પ્રકારે શરમાએલો પોતાનાં ઘેર ગયો. ઉત્તમ (પુરુષ)નાં દર્શનથી (તે) સુખી જ થયો પરંતુ ધન ન મળવાથી દુઃખી ન થયો, એવો અર્થ છે. ૧૪.

પછી તેને જે પ્રકારનો મનોરથ થયો, તે છ (શ્લોકો)થી કહે છેઃ

**અહો બ્રહ્મણ્યદેવસ્ય દૃષ્ટ્વા બ્રહ્મણ્યતા મયા ।।**
**યદ્દરિદ્રતમો લક્ષ્મીમાશ્લિષ્ટો બિભ્રતોરસિ ।।૧૫।।**

અહો! બ્રાહ્મણોનું હિત કરનાર દેવનું બ્રાહ્મણોનું હિતકારીપણું મેં જોયું કે લક્ષ્મીને વક્ષઃસ્થલમાં ધારણ કરનાર સર્વથી દરિદ્રને (મને) ભેટ્યા. ૧૫.

ધર્મીથી તો (મારું) કાર્ય સિદ્ધ થયું જ. (તેમના) ગુણોથી (સિદ્ધ થશે કે નહિ એવો) સંદેહ હતો. તેથી બ્રાહ્મણોનું હિત કરનારા દેવ પણ અમુક (યોગ્ય) સમયે બ્રાહ્મણોનું હિત કરે છે, આ (શ્રીકૃષ્ણે) તો કટાણે પણ તેમ કર્યું તેથી આશ્ચર્ય થાય છે. મેં જ (તેમનું) બ્રાહ્મણોનું હિતકારીપણું જોયું, તે અર્થ ઉત્તરાર્ધ થી કહેલો છે. લક્ષ્મીને વક્ષઃસ્થલમાં ધારણ કરનાર ભગવાન્ સર્વથી દરિદ્ર, જોવા પણ અયોગ્ય એવા મને ભેટ્યા. ૧૫.

**ક્વાહં દરિદ્રઃ પાપીયાન્ ક્વ કૃષ્ણઃ શ્રીનિકેતનઃ ।।**
**બ્રહ્મબન્ધુરિતિ સ્માહં બાહુભ્યાં પરિરમ્ભિતઃ ।।૧૬।।**

દરિદ્ર ઘણો પાપી હું ક્યાં, (અને) લક્ષ્મીના ધામરૂપ શ્રીકૃષ્ણ ક્યાં? હું બ્રાહ્મણકુલમાં જન્મેલો હોવાથી (મને શ્રીકૃષ્ણ) બે હાથથી ભેટ્યા. ૧૬.

(દરિદ્ર), તેથી જ ઘણો પાપી; દાળદર જેના દેહમાં વ્યાપી રહેલું છે તેવો, અથવા દાળદરને લીધે જેના પાપનું અનુમાન થાય છે તેવો (હું ક્યાં?) અને લક્ષ્મીના ધામરૂપ ભગવાન ક્યાં? તેથી (અમે બે) સમાન નહિ હોવાથી, મૈત્રીનો સંભવ પણ નથી.

'ત્યારે ભગવાને કેમ આલિંગન કર્યું?' એવી શંકા થાય, તેથી 'બ્રાહ્મણકુલ

---

અન્વય લેવો. (લે) અંત સુધી માર્ગે આવી (પાછા પોતાના મંદિર પધાર્યા) એમ લેખકાર પ્રમાણે સુબોધિનીજીના વાક્યનો અર્થ લેવાય.

માં જન્મેલો' શબ્દ યોજેલ છે. બ્રાહ્મણ માન આપવા યોગ્ય છે એવી પ્રસિદ્ધિ દર્શાવવા 'સ્મ' શબ્દ યોજેલ છે. ૧૬.

કારણ કે તે (સુદામા) બ્રહ્મનું સ્થાન હતો (અને શ્રીકૃષ્ણ) પોતે વિષ્ણુ છે, તેથી તેમણે સમાનતાથી આલિંગન અને સર્વ ભોગનું દાન કર્યું, એમ નીચેના શ્લોકમાં કહે છે:

**નિવાસિતઃ પ્રિયાજુષ્ટે પર્યઙ્કે ભ્રાતરો યથા ।।**
**મહિષ્યા વીજિતઃ શ્રાન્તો વાલવ્યજનહસ્તયા ।।૧૭ ।।**

પ્રિયાએ ઉપયોગમાં લેવાના પલંગ ઉપર ભાઈઓની પેઠે (મને) બેસાડ્યો. ચમરીનો પંખો હાથમાં ધારણ કરેલાં મહારાણીએ થાકેલાને (મને) પંખો કર્યો. ૧૭.

પોતાના સ્થાનમાં પોતે જ (રહેવું) યોગ્ય છે, પરંતુ બીજાને ત્યાં બેસાડવો જોઈએ નહિ. તે વિષયમાં 'ભાઈઓની પેઠે' શબ્દો યોજેલ છે. આ (શબ્દો)થી[1] (એ કાર્યની) અયોગ્યતા જ દૂર કરી. ઉપચારો તો કર્યા જ, એમ 'મહારાણીએ પંખો કર્યો' શબ્દોથી કહેલ છે. 'થાકેલાને' વિશેષણથી (એમ કહેલું છે કે પંખો કરવાનું) ન જણાય તેવું પ્રયોજન ન હતું. 'ચમરીનો પંખો હાથમાં ધારણ કરેલાં' શબ્દથી રાજાની (થતી) સેવા જણાવેલી છે. ૧૭.

પછી (તે) બ્રાહ્મણ હોવાથી ભગવાને પણ (તેની) પુજા કરી, એમ નીચેના શ્લોકમાં કહે છે:

**શુશ્રૂષયા પરમયા પાદસંવાહનાદિભિઃ ।।**
**પૂજિતો દેવદેવેન વિપ્રદેવેન દેવવત્ ।।૧૮।।**

વિપ્રો જેમના દેવ છે તેવા દેવોના દેવોએ ચરણ ચાંપવા વિગેરેથી દેવની પેઠે મારી ઘણી પૂજા કરી. ૧૮.

ચરણ ચાંપવા એ જ મૂલ છે જેમનું તેવી તે નૃત્ય ગીત વિગેરે ચોસઠ સેવાઓ છે. 'આટલાથી (તારું) શું ઉત્તમપણું થયું?' એવી શંકા થાય, તેથી 'દેવોના દેવોએ' શબ્દ યોજેલ છે. દેવો પૂજા કરવા યોગ્ય છે, તેઓના પણ દેવ છે. તેમણે પણ જો મારી પૂજા કરી, તો પછી (મારું) શું ઉત્તમપણું બાકી રહ્યું?

'ભગવાન્ એવી રીતે હલકી સ્થિતિ કેમ ધારણ કરે છે?' એવી શંકા થાય, તેથી 'વિપ્રો જેમના દેવ છે તેવા' વિશેષણ યોજેલું છે. વિપ્રો જ છે દેવો જેમના

૧. 'ભાઈઓનું દૃષ્ટાંત માત્ર અયોગ્યતા દૂર કરવા જ કહેલું છે, પરંતુ સેવાના સંબંધમાં કહેલું નથી. તેમ હોત તો મહારાણીએ પંખો કર્યો ન હોત, કારણ કે મહારાણી (મહારાજાના) ભાઈઓને પંખો કરતાં નથી એવો અર્થ છે. (લે)

તેવા (ભગવાન્ છે). 'દેવની પેઠે' શબ્દથી એમ જણાવેલું છે કે તે વિષયમાં પોતાની (સુદામાની) જરાએ ક્રિયા ન હતી, (અને) સ્નાન વિગેરે પણ ભગવાને જ (તેને) કરાવેલ. ૧૮.

એ પ્રમાણે ભગવાનની સ્તુતિ કરીને, (તેમણે) ધન ન આપ્યું તેથી ઉલટું વચન (નિંદા) પ્રાપ્ત થાય, તે દૂર કરવા અહિં નીચેના શ્લોકમાં (ધન ન આપવાનું) બીજું પ્રયોજન સિદ્ધ કરે છેઃ

**સ્વર્ગાપવર્ગયોઃ પુંસાં રસાયાં ભુવિ સંપદામ્ ।।**
**સર્વાસામપિ સિદ્ધીનાં મૂલં તચ્ચરણાર્ચનમ્ ।।૧૯।।**
**અધનોઽયં ધનં પ્રાપ્ય માદ્યન્નુચ્ચૈર્ન માં સ્મરેત્ ।।**
**ઈતિ કારુણિકો નૂનં ધનં મે ભૂરિ નાદદાત્ ।।૨૦।।**

પુરુષોને સ્વર્ગ અને મોક્ષનું, રસાતલની અને ભૂતલ ઉપરની સંપત્તિઓ નું અને બધીએ સિદ્ધિઓનું મૂલ તેમના ચરણનું પૂજન છે. આ નિર્ધન ધન પ્રાપ્ત કરીને ઘણા મદવાળો થઈ, મારું સ્મરણ નહિ કરે, એવા વિચારથી ખરેખર! દયાળુએ મને ઘણું ધન આપ્યું નથી. ૧૯-૨૦.

[૧]ત્રણ લોકનું સુખ, મોક્ષ અને અણિમા વિગેરે સિદ્ધિઓ એમ પાંચ પ્રકારે ફલ જગતમાં પ્રસિદ્ધ છે. હરિના ચરણ સેવવા એ એક જ તેઓનું કારણ છે, કારણ કે બધાએ પુરુષોને (ફલનું તે જ કારણ છે), પરંતુ બીજા દેવની ઉપાસના કરનાર કોઈને પણ (ફલ પ્રાપ્ત થવાનું) બીજું કારણ નથી. 'મૂલં' એટલે મુખ્ય કારણ. ૧૯.

''હમણા તું ચરણની સેવા કરવા ગયો, ત્યારે (ભગવાને ધન) કેમ ન આપ્યું? 'પહેલા ચરણની સેવા કરી ન હતી' એમ કહેતો હોય, તો હવે ચરણની સેવા કરેલી છે. તેથી તે (ચરણની સેવા) ધન પ્રાપ્તિનું કારણ જ નથી'' એવી શંકા થાય, તેથી વીસમો શ્લોક કહેલો છે. 'ધનથી અવશ્ય મદ થાય, અને મદથી આત્મા નું જેને વિસ્મરણ થએલ છે તેવો, મારું તો જરાએ સ્મરણ ન કરે. તેથી (મારું) સ્મરણ ન થતાં, સર્વનો નાશ થાય' એવા વિચારથી દયાળુ ભગવાને મને ઘણું ધન આપ્યું નથી. થોડું તો આપ્યું છે, એમ સૂચવેલું છે. ૨૦.

ઉપસંહાર કરતાં, પછીની (કથા) નીચેના શ્લોકમાં કહે છેઃ

**ઈતિ તચ્ચિન્તયન્નન્તઃ પ્રાપ્તો નિજગૃહાન્તિકમ્ ।।**
**સૂર્યાનલેન્દુસંકાશૈર્વિમાનૈઃ સર્વતો વૃતમ્ ।।૨૧।।**

એવી રીતે તેનો મનમાં વિચાર કરતાં, સૂર્ય અગ્નિ અને ચંદ્ર જેવાં

૧. સ્વર્ગ, રસાતલ અને ભૂતલ એ ત્રણ લોકનું સુખ.

વિમાનોથી સર્વ બાજુએ ઘેરાએલાં પોતાનાં ઘરની સમીપ પહોંચ્યો. ૨૧.

તે સિદ્ધાંતનો વિચાર કરતાં પોતાનાં ઘરની સમીપ પહોંચ્યો. ઉત્તરાર્ધથી આરંભી બે શ્લોકથી નવું ઘર જોયું એમ કહેલું છે, અને ઉપરના આસપાસના અને મધ્યના ભાગનું વર્ણન કરેલું છે. દિવસે સૂર્યનો, સંધ્યા સમયે અગ્નિનો અને રાત્રે ચંદ્રનો પ્રકાશ હોય છે. વિમાનો તો (તે) ત્રણે સમયોએ શોભાવાળાં હોય છે. આવા મનથી ઈચ્છેલું સુખ આપનારાં વિમાનોથી તેનું ઘર સર્વ બાજુએ ઘેરાએલું હતું. ૨૧.

પછી નીચેના શ્લોકમાં આસપાસની શોભા કહે છેઃ

**વિચિત્રોપવનોદ્યાનૈઃ કૂજદ્દ્વિજકુલાકુલૈઃ ।।**
**પ્રફુલ્લકુમુદામ્ભોજકહ્લારોત્પલવારિભિઃ ।।૨૨।।**

ટૌકા કરતા પક્ષીઓના સમૂહોથી ભરપૂર જાતજાતના ઉપવનો અને વાડીઓથી, (અને) ખીલેલાં કુમુદો, કમળો, કલ્હારો અને ઉત્પલવાળાં સરોવરોથી (સર્વ બાજુએ ઘેરાએલું હતું) (શ્લોક ૨૧). ૨૨.

ફલો જેમાં મુખ્ય હોય તે ઉપવન, પુષ્પો જેમાં મુખ્ય હોય તે વાડી. તેમના પેટા વિભાગોનો સમાવેશ કરવા બહુવચન યોજેલું છે. 'કૂજદ્દ્વિજાનાં' ટૌકા કરતા પક્ષીઓના 'કુલાનિ' અમુક જાતિઓના સમૂહો, તેમનાથી ભરપૂર. (આ વિશેષણથી) ફલો અને પુષ્પો ઘણાં હોવાનું કહેલું છે. તામસ અને રાજસ પદાર્થો કહીને ઉત્તરાર્ધથી સાત્ત્વિક પદાર્થો કહે છે. ખીલેલાં કુમુદો હતાં જે જલોમાં તે સરોવરોનાં જલોથી સર્વ બાજુએ ઘેરાએલું હતું. કુમુદ રાત્રે ખીલનારું અચોક્કસ છે. કમલ, કલ્હાર અને ઉત્પલ અનુક્રમે દિવસે, સંધ્યાસમયે અને રાત્રે ખીલનારાં ચોક્કસ છે. ૨૨.

નીચેના શ્લોકમાં મધ્યના ભાગનું વર્ણન કરે છેઃ

**જુષ્ટં સ્વલંકૃતૈઃ પુમ્ભિઃ સ્ત્રીભિશ્ચ હરિણાક્ષીભિઃ ।।**
**કિમિદં કસ્ય વા સ્થાનં કથં તદિદમિત્યભૂત્ ।।૨૩।।**

સારા અલંકાર ધારણ કરેલા પુરુષો અને હરણનાં નયનો જેવાં નયનોવાળી સ્ત્રીઓ (તેમાં) રહેલી હતી. 'આ શું? કોનું ધામ છે? તે આ (આવું) કેવી રીતે થયું?' એમ (સુદામાના મનમાં) થયું. ૨૩.

હરણનાં નયનો જેવાં નયનોવાળી એટલે ઘણાં સૌંદર્યવાળી સ્ત્રીઓ તેમાં રહેલી હતી. ઘરની પાસેનું સ્થાન એવા પ્રકારનું જોઈને; 'ગંધર્વ નગર વિગેરે હશે' એવી શંકાને લીધે (સુદામો) ઉત્તરાર્ધથી કાંઈક અલૌકિક હોવાનું વિચારે છે, કે આ આસપાસ દેખાય છે તે ગંધર્વનગર[૧] અથવા માયાથી (જણાતા) વૈભવમાંનું

૧. આકાશમાં ખોટી રીતે દેખાતું નગર. ઝાંઝવાને લીધે દેખાતું હશે. નગર આકાશમાં હોય નહિ, છતાં નગર જેવું જણાય તે ગંધર્વનગર.

એક હશે અથવા સત્ય જ હશે? પછી (તેમાંના) પદાર્થોનું સ્થિરપણું જોઈને, આ બીજું 'કોનું ધામ છે?' એમ પોતાની ભૂલથી (પોતે) બીજાના ધામ ગએલ હોવાનો વિચાર કરે છે. પછી પણ આસપાસના ભાગો જોઈને, આ મારું જ ધામ છે એવો નિશ્ચય કરીને, તેણે એવો વિચાર કર્યો કે, 'તે' ઘણું હલકું મારું ઘર 'ઈદમ્' આવું કેવી રીતે થયું? ૨૩.

એવી રીતે આશ્ચર્યમાં ગરકાવ થએલાએ જ, તે (ધામ)ની અંદર તેનો નિર્ણય થાય તે માટે બીજું આશ્ચર્ય જોયું એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**એવં મીમાંસમાનં તં નરા નાર્યોઽમરપ્રભાઃ ।।**
**પ્રત્યગૃહ્ણન્ મહાભાગં ગીતવાદ્યેન ભૂયસા ।।૨૪।।**

એવી રીતે વિચાર કરતા તે મોટા ભાગ્યવાળાને દેવના જેવી કાંતિવાળા પુરુષો અને સ્ત્રીઓએ ઘણાં ગીત અને વાજીંત્રોથી આવકાર આપ્યો. ૨૪.

'મીમાંસા' શબ્દનો અર્થ આદરપાત્ર વિચાર છે. એવી રીતે ઉત્તમ વિષયનો વિચાર કરનારને પુરુષોએ અને સ્ત્રીઓએ ઘણાં ગીત અને વાજીંત્રોથી આવકાર આપ્યો.

'પિશાચ જેવા આ સુદામાએ ગીત વાજીંત્ર વિગેરે આવકારનો સ્વીકાર કેમ કર્યો, કારણ કે તે તેને યોગ્ય ન હતો' એવી શંકા થાય, તેથી 'મહાભાગ્યવાળાને' શબ્દ યોજેલ છે. તે ઘણા ભાગ્યવાળો હતો. ભગવાનના સ્વરૂપ દેવેંદ્રનો તેમાં પ્રવેશ થએલો. તેથી (એ આવકારને) યોગ્ય રૂપવાળો થયો ત્યારે જ નૃત્ય વિગેરેથી (તેનો) આવકાર કરવામાં આવ્યો, એવો અર્થ છે. ૨૪.

**પતિમાગતમાકર્ણ્ય પત્ન્યુદ્ધર્ષાતિસંભ્રમાત્ ।।**
**નિશ્ચક્રામ ગૃહાત્તૂર્ણં રૂપિણી શ્રીરિવાલયાત્ ।।૨૫।।**

પતિને આવેલ સાંભળીને ઘણા હર્ષમાં આવેલી પત્ની ઘણા ઉત્સાહને લીધે, જેમ આકારવાળી લક્ષ્મી પોતાના ધામમાંથી બહાર નીકળે તેમ, ઝડપથી ઘરમાંથી બહાર નીકળી. ૨૫.

તે પહેલાં તે જ સ્થાનમાં અમરાવતી પ્રકટ થએલી અને તે (સુદામાની પત્ની)માં ઈન્દ્રની પત્નીનો આવિર્ભાવ થએલો. તેથી તે ઘણી સુંદર થએલી. પછી પૌંઆ આરોગવાની પછીની જ ક્ષણે ભગવાને તેવી સ્થિતિ પ્રાપ્ત કરાવેલી. 'પતિ ક્યારે આવશે?' એમ પતિનો જ વિચાર કરતી, હમણાં પતિને આવેલ સાંભળીને તેનામાં જ આસક્તિવાળી પત્ની, ઘણા હર્ષમાં આવી વિસ્તારેલ નયનવાળી થઈ, ઘણા ઉત્સાહને લીધે સર્વ આભૂષણોથી શણગારાઈ સર્વ પ્રભુત્વવાળી થઈ, ઝડપથી ઘરમાંથી બહાર નીકળી. 'જેમ આકારવાળી લક્ષ્મી (પોતાના) ધામમાંથી

બહાર નીકળે તેમ' દૃષ્ટાંતથી બહાર નીકળતીનું તેનું અને (તે) ધામનું વર્ણન કરેલું છે. ક્ષીરસમુદ્રમાંથી અથવા કમલરૂપી ધામમાંથી 'આકારવાળી લક્ષ્મી' એટલે અવતાર ધારણ કરેલી લક્ષ્મી જેમ નીકળે તેમ (સુદામાની પત્ની ઘરમાંથી બહાર નીકળી). ૨૫.

**પતિવ્રતા પતિં દૃષ્ટ્વા પ્રેમોત્કણ્ઠાશ્રુલોચના ।।**
**મીલિતાક્ષ્યનમદ્‌બુદ્ધ્યા મનસા પરિષસ્વજે ।।૨૬।।**

પ્રેમને લીધે ઉત્સાહવાળી, લોચનમાં આંસુવાળી પતિવ્રતાએ પતિને જોઈ આંખો બંધ કરી, બુદ્ધિથી નમન કર્યું અને મનથી આલિંગન કર્યું. ૨૬.

પછી પતિવ્રતા પતિને જોઈ 'મારા માટે પતિને દુઃખ થયું' એમ (અને) લાંબા સમયે દૂરથી આવ્યા' એમ વિચારી, પ્રેમને લીધે ઉત્સાહવાળી થઈ, લોચનમાં આંસુવાળી થઈ. પછી લજ્જાને લીધે અથવા (આંસુ પડવાથી થતા) અપશુકનના ભયથી આંખો બંધ કરી. પછી યોગ્ય પ્રકારે પૂજા કરી એમ 'બુદ્ધિથી નમન કર્યું' શબ્દોથી કહેલ છે. વિવેકભરી બુદ્ધિથી જ પતિને નમસ્કાર કર્યા, અને મનથી આલિંગન કર્યું; અને આટલું જ કરવા યોગ્ય હતું. ૨૬.

પછી બ્રાહ્મણ પત્નીને જોઈને વિસ્મય પામ્યો, એમ કહે છેઃ

**પત્નીં દૃષ્ટ્વા પ્રસ્ફુરન્તીં દેવીં વૈમાનિકીમિવ ।।**
**દાસીનાં નિષ્કકણ્ઠીનાં મધ્યે ભાન્તીં સ વિસ્મિતઃ ।।૨૭।।**

સુવર્ણની માલાઓવાળી દાસીઓની વચ્ચે શોભતી જાણે કે વિમાનમાં બેઠેલી દેવી હોય તેમ ઘણી પ્રકાશતી પત્નીને જોઈને તે વિસ્મય પામ્યો. ૨૭.

પહેલાંના કરતાં 'દેવીં' વસ્ત્રો અલંકારો વિગેરેથી પૂજાએલી દેવી હોય તેમ ઘણી પ્રકાશતી (જોઈ). ઉત્તમ તેજ, પ્રેમ વિગેરે જોઈને 'જાણે કે વિમાનમાં બેઠેલી હોય તેમ' શબ્દોથી તેના વિષે સંભાવના કરે છે. જેમ વિમાનમાં બેઠેલી અપ્સરા હોય તેવી (તેને માને છે). 'સુવર્ણની માલાઓવાળી દાસીઓની વચ્ચે શોભતી' વિશેષણથી તે(તેવી અપ્સરા)થી પણ ઉત્તમપણું કહેલું છે. દાસીઓ આનંદ આપનારી સ્ત્રીઓ હતી એમ જણાવવા તેમનું વિશેષણ યોજેલું છે. તેઓની વચ્ચે 'વિભાન્તીં' શોભતી આવી (પત્ની)ને જોઈને, ભગવાનનું ચરિત્ર આવું અલૌકિક છે એમ વિચારી તે બ્રાહ્મણ વિસ્મય પામ્યો. ૨૭.

**પ્રીતઃ સ્વયં તયા યુક્તઃ પ્રવિષ્ટો નિજમન્દિરમ્ ।।**
**મણિસ્તમ્ભશતોપેતં મહેન્દ્રભવનં યથા ।।૨૮।।**

પ્રસન્ન થએલા (તેણે) પોતે તેની સાથે મહેન્દ્રના ભવનના જેવા એકસો મણિના સ્તંભોવાળા પોતાના મંદિરમાં પ્રવેશ કર્યો. ૨૮.

પછી ભગવાને કૃપાથી આ આપેલું છે એવો નિશ્ચય કરી, પ્રસન્ન થએલા તેણે તે(પોતાની પત્ની)ની સાથે પોતાના મંદિરમાં પ્રવેશ કર્યો. 'એકસો મણિના સ્તંભોવાળા' વિશેષણથી તે મંદિરનું વર્ણન કરેલું છે.

એક જ ભવન, જેની અંદર પત્ની સાથે તે રહેતો તે એકસો મણિના સ્તંભોવાળું હતું. એવી રીતે તે અલૌકિક હતું એમ કહીને, 'મહેંદ્રના ભવનના જેવા' વિશેષણથી તે ઘણું ઉત્તમ હતું એમ સામાન્ય રીતે કહેલું છે. ૨૮.

નીચે ત્રણ શ્લોકોથી તેમાંના પદાર્થોનું વર્ણન કરે છેઃ

**પયઃફેનનિભાઃ શય્યા દાન્તા રુક્મપરિચ્છદાઃ ।।**
**પલ્યઙ્કા હેમદણ્ડાનિ ચામરવ્યજનાનિ ચ ।।૨૯।।**

દૂધના ફીણ જેવી શય્યાઓ, સુવર્ણના સાજવાળા હાથીદાંતના પલંગો, અને સુવર્ણના હાથાવાળા ચમરીના પંખાઓ. ૨૯.

શયનમાં ઉપયોગી, આસનના ઉપયોગની અને ઘરના ઉપયોગની વસ્તુઓનું[1] વર્ણન કરવામાં આવે છે. દૂધના ફીણ જેવી ઉજળી ઉંચી શય્યાઓ, સુવર્ણના સાજવાળા હાથીદાંતના બનાવેલા પલંગો, એટલે હાથીદાંતમાં વચ્ચે સુવર્ણ જડેલા (પલંગો). સુવર્ણના હાથાવાળા ચમરીના પંખાઓ. 'ચ' 'અને' શબ્દથી (સૂચવેલાં) બીજાં પણ શયનનાં સાધનો. ૨૯.

**આસનાનિ ચ હૈમાનિ મૃદૂપસ્તરણાનિ ચ ।।**
**મુક્તાદામવિલમ્બીનિ વિતાનાનિ દ્યુમન્તિ ચ ।।૩૦।।**

અને સુંવાળા બીછાનાવાળા સુવર્ણના આસનો, અને મોતીની માલાઓ જેમાં લટકતી હતી તેવા કાંતિવાળા ચંદરવાઓ. ૩૦.

'આસનો' એટલે બેસવાનાં સ્થાનો. 'હૈમાનિ' સુવર્ણના બનાવેલાં (અને) સુંવાળા વસ્ત્રોનાં બનાવેલાં હતાં. 'ચ' 'અને' શબ્દથી સૂચવેલ સિંહાસનને ઉપયોગી બીજા પદાર્થો હતા. આસનોના ઉપર, મોતીની માળાઓ જેમાં લટકતી હતી તેવા, 'દ્યુમન્તિ' જાત જાતના કાંતિવાળા ચંદરવાઓ હતા. ૩૦.

નીચેના શ્લોકમાં ઘરની ભીંતોનું વર્ણન કરે છેઃ

**અચ્છસ્ફટિકકુડ્યેષુ મહામારકતેષુ ચ ।।**
**રત્નપ્રદીપા આભાન્તિ લલનારત્નસંયુતાઃ ।।૩૧।।**

સ્વચ્છ સ્ફટિકની અને મોટા મરકત (મણિ)ઓની ભીંતોમાં ઉત્તમ સ્ત્રીઓ સહિત રત્નના દીપકો પ્રકાશતા હતા. ૩૧.

ભીંતો સ્ફટિક મણિની બનાવેલી અને મોટા મરકત(મણિ)ની બનાવેલી

---

૧. આ ત્રણ શ્લોકોમાં અનુક્રમે આ ત્રણના ઉપયોગની વસ્તુઓનું વર્ણન કરે છે.

હતી, તેઓમાં સર્વ સ્થલે રત્નના દીપકો પ્રકાશતા હતા. અને 'લલનાઃ' સ્ત્રીઓ રત્ન સહિત હતી. સ્ત્રીઓ ચીતરેલી, અથવા રત્નોની બનાવેલી અથવા સત્ય જ હતી. ૩૧.

એ પ્રમાણે જોઈને, બ્રાહ્મણની જે માન્યતા થઈ તે નીચે શ્લોકમાં કહે છેઃ

**વિલોક્ય બ્રાહ્મણસ્તત્ર સમૃદ્ધીઃ સર્વસંપદામ્ ।।**
**તર્કયામાસ નિર્વ્યગ્રઃ સ્વસમૃદ્ધિમહૈતુકીમ્ ।।૩૨ ।।**

ત્યાં સર્વ સંપત્તિઓની વૃદ્ધિ જોઈને બ્રાહ્મણ સાવધાન થઈ, કારણ વિનાની પોતાની સમૃદ્ધિ સંબંધી (નીચે પ્રમાણે) વિચાર કરવા લાગ્યો. ૩૨.

વળી સર્વ સંપત્તિઓની વૃદ્ધિ જોઈને, તેનું કારણ વિચારવા લાગ્યો. 'નિર્વ્યગ્રઃ' એટલે સાવધાન.

'કારણ પ્રસિદ્ધ જ હતું, એવી રીતે વિચાર કરવા કેમ લાગ્યો?' એવી શંકા થાય, તેથી 'કારણ વિનાની પોતાની સમૃદ્ધિ સંબંધી' એમ કહેલું છે. ૩૨.

(સમૃદ્ધિનું) લોકમાં જણાવેલ કારણ નહિ હોવાથી, તે વિષયમાં ઘણાં કારણો હોવાની સંભાવના કરી (તે) ખોટાં હોવાનું નીચેના શ્લોકમાં કહે છેઃ

**નૂનં બતૈતન્મમ દુર્ભગસ્ય શશ્વદ્દરિદ્રસ્ય સમૃદ્ધિહેતુઃ ।।**
**મહાવિભૂતેરવલોકતોઽન્યો નૈવોપપદ્યેત યદૂત્તમસ્ય ।।૩૩।।**

અહો! આ ખરેખર દુર્ભાગીનું મારું ક્યાંથી? સદા દરિદ્રની મારી સંપત્તિનું કારણ મોટી વિભૂતિઓવાળા ઉત્તમ યાદવની દૃષ્ટિથી બીજું હોવાનું સંભવતું નથી જ. ૩૩.

(મારી સમૃદ્ધિનું કારણ) ભગવાનની ઈચ્છા, અદૃષ્ટ, કાલ, ગ્રહો અથવા ભગવાન જ છે? તે પૈકી બીજાના વિષય ખોટા ઠરતા હોવાથી, ભગવાન જ કારણ હોવાનું જાણવામાં આવે છે, એવો નિર્ણય કહે છે. આસપાસ દેખાતું 'આ' મારું ક્યાંથી? 'અહો!' શબ્દ હર્ષ દેખાડવા (યોજેલ છે).

'કોઈક સમયે ભાગ્યનો ઉદય થતાં (પ્રાપ્ત) થાય' એવી શંકા થાય, તેથી 'સદા દરિદ્રની' શબ્દ યોજેલ છે. સદા દરિદ્ર હું એક જ સમયે ઘણી સમૃદ્ધિવાળો કેવી રીતે થયો? કારણ કે ભાગ્યો આવી રીતે અકસ્માત્ ફલ આપતાં નથી. તેથી ઘણી વિભૂતિવાળા ભગવાનની જ દૃષ્ટિ વિના બીજું કારણ (હોવાનું) સંભવતું નથી જ. લોકમાં એવું સાંભળવામાં આવે છે કે લક્ષ્મીની દૃષ્ટિ પડેલો અકસ્માત્ ઘણી સમૃદ્ધિવાળો થાય છે, અને ભગવાન્ 'મહાવિભૂતિઃ' લક્ષ્મી જેવી મોટી વિભૂતિઓ છે જેમની તેવા છે. 'ઉત્તમ યાદવ' શબ્દથી આ (નિર્ણય)ની યોગ્યતા કહેલી છે. યાદવો પહેલાં ઘણા નજીવા હતા, (અને) હમણાં ભગવાનની દૃષ્ટિને

લીધે ઘણા ધનવાળા જોવામાં આવે છે. (આ ભગવાન્) 'ઉત્તમ યાદવ છે' એવી યોગ્યતા (કહેલી છે). ૩૩.

'જો ભગવાને (સમૃદ્ધિઓ) આપી હોત, તો તે કહેત કેમ નહિ? તેથી (આ વિષયમાં) સંદેહ છે' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**નન્વબ્રુવાણો દિશતેऽસમક્ષં યાચિષ્ણવે ભૂર્યપિ ભૂરિભોજઃ ।।**
**પર્જન્યવત્તત્સ્વયમીક્ષમાણો દાશાર્હકાણામૃષભઃ સખા મે ।।૩૪।।**

નક્કી, ઘણા ભોગવાળા, દાશાર્હોના અધિપતિ, મારા મિત્ર મેઘની પેઠે પોતાની મેળે તેનો વિચાર કરીને માગવા ઈચ્છનારને બોલ્યા વિના પરોક્ષમાં ઘણુંએ આપે છે. ૩૪.

'નનુ' 'નક્કી' શબ્દ નિશ્ચય દર્શાવવા (યોજેલ છે). ભગવાન જ માગવા ઈચ્છનારને આ 'દિશતે' જણાવે છે, દેખાડે છે, આપે છે, એવો અર્થ છે; પરંતુ પરોક્ષમાં અને બોલ્યા વિના (આપે છે). પરંતુ 'હું આ આપું છું' એમ તેમણે કહ્યું નહિ, અને પોતાની સમક્ષ આપ્યું નહિ એટલો ભેદ છે, એવો અર્થ છે.

'આવું દાન કરનારનું સ્વરૂપ ક્યાંય પણ જોવામાં આવ્યું નથી' એવી શંકા થાય, તેથી 'મેઘની પેઠે પોતાની મેળે તેનો વિચાર કરીને' દૃષ્ટાંત કહેલું છે. જેમ મેઘ ખેડુતોને પોતાને જ શરણ રહેલા તાપથી પીડાએલા જોઈને, તેઓ સૂતા હોય ત્યારે જ તેમના બધાએ વાવેલા અનાજને પુષ્ટ કરે છે, તેમ ભગવાને પણ 'તેનો' એટલે ભક્તના સ્વરૂપનો પોતે જ વિચાર કરીને તેવા જ પ્રકારના મને પુષ્ટ કર્યો.

'છતાં પણ જેટલાંની જરુર હોય તેટલું જ (ભગવાન્) આપે, ઘણું શા માટે આપ્યું?' એવી શંકા થાય, તેથી 'ઘણુંએ' શબ્દ યોજેલ છે. (ઘણુંએ આપ્યું), કારણ કે પોતે 'ઘણા ભોગવાળા' છે. 'કેટલાક પોતે ભોગ કરનારા હોવા છતાં પણ બીજાને બહુ આપતા નથી' એવી શંકા થાય, તેથી 'દાશાર્હોના અધિપતિ' શબ્દો યોજેલ છે. 'દાશાર્હકાઃ' 'દાશાર્હો' અમુક યાદવો હતા. તેઓ સેવકોને સમૃદ્ધિ થાય તેવી ઈચ્છા રાખતા હતા, કારણ કે તેમના અધિપતિ (શ્રીકૃષ્ણે) પોતાના સેવક દાશાર્હોને તેવા બનાવેલા[૧].

'તેઓ તેમના (શ્રીકૃષ્ણના) સંબંધીઓ હતા' એવી શંકા થાય, તેથી હું પણ તેવો છું એમ, 'મારા મિત્ર' શબ્દોથી કહેલું છે. ૩૪.

બીજા પણ ભગવાનના ગુણનું સ્મરણ કરીને, દઢ નિશ્ચયવાળા ઉદાર ભગવાન જ આવી રીતે દાન કરવાની શક્તિવાળા છે એવો નિશ્ચય કરે છેઃ

---

૧. દાશાર્હો પોતાના સેવકોની સમૃદ્ધિ ઈચ્છતા, તો તેમના અધિપતિ પોતાના સેવકની ઘણી સમૃદ્ધિ ઈચ્છે અને આપે તે યોગ્ય જ છે એવો ભાવ જણાય છે.

**કિઞ્ચિત્કરોત્યુર્વપિ યત્સ્વદત્તં સુહૃત્કૃતં ફલ્ગ્વપિ ભૂરિકારી ।।**
**મયોપનીતં પૃથુકૈકમુષ્ટિં પ્રત્યગ્રહીત્પ્રીતિયુતો મહાત્મા ।।૩૫।।**

જે પોતે આપેલું ઘણું હોવા છતાં થોડું જણાવે છે, મિત્રે આપેલું થોડું હોવા છતાં ઘણું માને છે. મહાત્માએ મેં આણેલા એક મુઠી પૌંઆ પ્રીતિપૂર્વક સ્વીકાર્યા. ૩૫.

કારણ કે થોડું આપે છે, તે લજ્જાને લીધે બોલ્યા વિના આપે છે. તે પ્રમાણે ચાલુ પ્રસંગમાં (ભગવાને) બાલ્યા વિના આપતાં (પોતે આપેલ સમૃદ્ધિ) થોડી જણાવી. તેથી 'પોતે આપેલું' (તે) ઘણું હોવા છતાં થોડું જણાવે છે'. 'મિત્રે આપેલું' મેં આપેલું તો ચાર મુઠી (પૌંઆ)રૂપ ભેટ, થોડું હોવા છતાં પણ 'હે ભાઈ! (આ પૌંઆ) વિશ્વરૂપ મને તૃપ્તિ કરે છે' વિગેરે વાક્યોથી ઘણું માને છે. ઉત્તરાર્ધ થી તે (અર્થ) પ્રકટ કરે છે. ભગવાન્ જે પ્રકારે એક મુઠી પૌંઆ આરોગ્યા, એવા પ્રકારે ઈંદ્ર વિગેરેએ આણેલું અમૃત પણ આરોગતા નથી. તેથી અમૃત કરતાં પણ પૌંઆને (વધારે) માન આપેલ હોવાથી (તેને) ઘણું માનેલ છે. તેમાં પણ ઘણો જ જોઈતો પદાર્થ પ્રાપ્ત થએલ હોય તેની પેઠે 'પ્રેમપૂર્વક' (આરોગ્યા). પોતે તો 'મહાત્મા' કરોડો બ્રહ્માંડોના નાયક (હોવા છતાં પૌંઆ પ્રેમપૂર્વક આરોગ્યા). ૩૫.

તેથી એવી રીતે ભક્ત ઉપર પ્રેમ રાખનાર (બીજો) કોઈ પણ ન હોવાથી, 'તેમની સાથે મારા ઘણા સંબંધો થાઓ' એવી નીચેના શ્લોકમાં પ્રાર્થના કરે છેઃ

**તસ્યૈવ મે સૌહૃદસખ્યમૈત્રી દાસ્યં પુનર્જન્મનિ જન્મનિ સ્યાત્ ।।**
**મહાનુભાવેન ગુણાલયેન વિષજ્જતસ્તત્પુરુષપ્રસઙ્ગઃ ।।૩૬।।**

વળી (ભગવાન્) ઘણા પ્રભાવવાળા (અને) ગુણોના ધામરૂપ હોવાથી મને જન્મોજન્મ તેમનાં જ સૌહાર્દ, સખ્ય, મૈત્રી અને દાસ્ય (પ્રાપ્ત) થાઓ, (મારી સંસારમાં) આસક્તિ થતાં, તેમના ભક્તોનો સંગ થાઓ. ૩૬.

પ્રાણીઓને (૧) દેહ (૨) ઈંદ્રિયો (૩) પ્રાણ અને (૪) અંતઃકરણ (એ) ચાર પ્રકારનાં (સાધન) હોય છે. તે પૈકી (૧) હૃદયનો (અંતઃકરણ)નો સંબંધ સૌહાર્દથી થાય છે, (કારણ કે) સૌહાર્દથી જ સ્મરણ થાય[૧] છે. (૨) સખ્ય પ્રાણનું[૨] હોય છે, કારણ કે તે સર્વ સ્થલે જીવને પ્રાપ્ત થાય છે, મિત્ર (જીવ)ની જ પાછળ જાય છે. ભગવાન્ જો મારા પ્રાણોના સખા થાય, તો (મારા પ્રાણો) તેમની જ પાછળ ફરે, એવું તાત્પર્ય છે. (૩) મૈત્રી ઈંદ્રિયોની હોય છે, તેઓ મિત્રને અનુકૂલ (કાર્ય) જ કરે છે. (૪) દાસ્ય દેહનું હોય છે. આ ચાર મારે પહેલાં (ભગવાન્ સાથે) હતાં જ. તે ન હોત તો (મને) ભગવાનનો સંબંધ કેમ થાત? છતાં 'જન્મોજન્મ' થાય, એવી પ્રાર્થના છે. જ્યારે પ્રાર્થના વિના પણ (ભગવાને) આટલી સમૃદ્ધિ

આપી ત્યારે પ્રાર્થના કરવામાં આવે શું નહિ આપે, એવા આશયથી (પોતાના) ઘરમાં પ્રવેશ કરી પ્રાર્થના કરે છે.

'એક જન્મમાં એક (શ્રીકૃષ્ણ) સાથે સૌહૃદ વિગેરે થયાં. બીજા જન્મમાં શિવ સાથે અથવા બીજા સાથે (સૌહૃદ વિગેરે સુદામો) ભલે માગે. આ (શ્રીકૃષ્ણ સાથે સૌહૃદ વિગેરે માગવાનો) આગ્રહ શા માટે?' એવી શંકા થાય, તેથી 'ઘણા પ્રભાવવાળા, ગુણોના ધામરૂપ' શબ્દો યોજેલ છે, કારણ કે શ્રીકૃષ્ણ ઘણા પ્રભાવવાળા છે, એટલે તેમના સેવકોના સેવકોમાં પણ સંસાર વિગેરેના ધર્મો હોતા નથી. વળી 'ગુણોના ધામરૂપ છે'. ગુણોના એકલા તે જ 'આલયઃ' ધામરૂપ એટલે નિધિ છે.

'તેમની સાથે સખ્ય વિગેરેની પ્રાર્થના થતાં, તે (જન્મ)માં વિષયો સાથે સંગ થાય તો અનિષ્ટ થાય' એવી શંકા થાય, તેથી '(મારી સંસારમાં) આસક્તિ થતાં, તેમના ભક્તોનો સંગ થાઓ' એમ કહેલું છે. તેવા સમયે ભગવાનના ભક્તો સાથે સંગ થાઓ. તે (સંગ)થી જ દુઃસંગનો દોષ દૂર થશે, એવો અર્થ છે. ૩૬.

'તે જન્મમાં ધન, રાજ્ય વિગેરે સંપત્તિઓ હોવાથી, ભગવાનના ભક્તો સાથે સંગ થશે નહિ, તેમ જ મોક્ષ થશે નહિ' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહેલ છેઃ

**ભક્તાય ચિત્રા ભગવાન્ હિ સંપદો રાજ્યં વિભૂતીર્ન સમર્ધયત્યજઃ ।।**
**અદીર્ઘબોધાય વિચક્ષણઃ સ્વયં પશ્યન્નિપાતં ધનિનાં મદોદ્ભવમ્ ।।૩૭।।**

ધનવાનોનું મદથી થતું પતન પોતે જોનાર વિચક્ષણ ભગવાન્ જન્મરહિત હોઈ ભક્તો માટે ઉંચા પ્રકારનું જ્ઞાન ન થવા દેનાર જાતજાતની સંપત્તિઓ રાજ્ય અને વિભૂતિઓની વૃદ્ધિ કરતા નથી. ૩૭.

ભગવાન્ બુદ્ધિને મોહ (ઉત્પન્ન) કરનારી વિચિત્ર સંપત્તિઓની ભક્તો માટે વૃદ્ધિ કરતા નથી, તેવી જ રીતે રાજ્ય અને વિભૂતિઓ એટલે પ્રભુતાઓની (વૃદ્ધિ કરતા નથી). તેનું કારણ 'અજઃ' 'જન્મરહિત' વિશેષણથી (કહેલું છે કે) પદાર્થોના થતા છ વિકારો (ભગવાનને) થતા નથી. તેથી પોતાના માટે સેવકોની સમૃદ્ધિ કરતા નથી, એવો અર્થ છે.

'તે (સેવકો) માટે (તેમની સમૃદ્ધિ) કરશે' એવો મત 'ઉંચા પ્રકારનું જ્ઞાન ન થવા દેનાર' શબ્દથી ખોટો ઠરાવે છે, કારણ કે સંપત્તિઓ ઉંચા પ્રકારનું જ્ઞાન થવા દેતી નથી. તેઓ ઉંચા પ્રકારનું જ્ઞાન ન થાય તેમ કરનારી અથવા નાશ કરનારી છે.

---

૧. આ ભાગથી સૌહાર્દ હૃદયનો ગુણ છે એમ સિદ્ધ કરેલું છે. (લે)

૨. ('પ્રાણનો ગુણ'). 'ગુણ' શબ્દ અધ્યાહાર છે. (લે)

તેથી (સંપત્તિઓ હોય તો) ભક્તોને ઉંચા પ્રકારની બુદ્ધિ થશે નહિ એવા વિચારથી, અથવા થઈ હશે તો નાશ પામશે એવા વિચારથી, (ભગવાન્ ભક્તોની સંપત્તિઓ ની) વૃદ્ધિ કરતા નથી. આ વિષયમાં (ભગવાનને) બીજાએ કહેવાની આવશ્યકતા નથી, કારણ કે (તે) પોતે જ વિચક્ષણ છે.

'કોઈ પ્રસંગે (ભગવાન્) ભૂલી જાય, તો શું પરિણામ આવે?' એવી શંકા થાય, તેથી 'ધનવાનોનું મદથી થતું પતન જોનાર' વિશેષણ યોજેલ છે. ધનવાનોનું ધનના મદને લીધે થતું પતન જ ભગવાનને (એ વિષયનું) સ્મરણ કરાવનારું છે એવો અર્થ છે. ૩૭.

એવી રીતે ભગવાન્ સાથે સખ્ય વિગેરે (રાખવા)નો જ નિશ્ચય કરીને, તેમનામાં આસક્તિવાળો થઈ, (ભવિષ્યમાં) ત્યાગ કરવા માટે તેણે વિષયોનો ઉપભોગ કર્યો, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**ઈત્થં વ્યવસિતો બુદ્ધ્યા ભક્તોऽતીવ જનાર્દને ।।**
**વિષયાન્ જાયયા ત્યક્ષ્યન્ બુભુજેऽનતિલમ્પટઃ ।।૩૮।।**

આ રીતે બુદ્ધિથી નિર્ણય કરીને, જનાર્દનમાં ઘણી ભક્તિવાળા થઈ, પત્ની સાથે વિષયોનો ત્યાગ કરવા ઈચ્છતાં, બહુ લંપટ થયા વિના (વિષયો) ભોગવ્યા. ૩૮.

આ રીતે બુદ્ધિથી નિશ્ચય કરીને, અને પોતે જનાર્દનમાં ભક્તિવાળો થઈને, 'પત્ની માટે જ આટલું થયું તેથી કેટલાક સમય પછી તે (પત્ની[1])નો અને વિષયોનો ત્યાગ કરીશ' એમ પત્ની સાથે બહુ લંપટ થયા વિના એટલે થોડોક લંપટ થઈને-કારણકે તેવો ન થાય તો (ભોગમાં) રસ (ઉત્પન્ન) થાય નહિ-(વિષયો) ભોગવ્યા. ૩૮.

એવી રીતે તેનું ચરિત્ર કહીને, આ ભગવાનનો બ્રાહ્મણના હિતકારી હોવાનો ગુણ કહ્યો એમ જણાવવા, નીચેના શ્લોકમાં (ભગવાનની) સ્તુતિ કરે છેઃ

**તસ્ય વૈ દેવદેવસ્ય હરેર્યજ્ઞપતેઃ પ્રભોઃ ।।**
**બ્રાહ્મણાઃ પ્રભવો દૈવં ન તેભ્યો વિદ્યતે પરમ્ ।।૩૯।।**

તે દેવોના દેવ, હરિ, યજ્ઞના પતિ (અને) પ્રભુના પ્રભુ (અને) દેવ બ્રાહ્મણો છે. તેમનાથી ઉત્તમ (તેમને કાંઈ) નથી. ૩૯.

**પૂજ્યો દુઃખપ્રહર્તા ચ કર્માધ્યક્ષો પ્રભુસ્તથા ।।**
**ચતુર્વિધો મહાન્ લોકે તાદશોऽપિ દ્વિજપ્રિયઃ ।।૧૦।।**

તે (ભગવાન્) (૧) પૂજા કરવા યોગ્ય (૨) દુઃખ હરનાર અને (૩) કર્મના

૧. વૃંદાવન પ્રેસવાળી પ્રતનો 'તામ્' પાઠ લીધેલો છે.

અધ્યક્ષ તેમ જ (૪) (સર્વને) વશ રાખનાર એવા ચાર પ્રકારના લોકમાં ઉત્તમ છે. તેવા હોવા છતાં બ્રાહ્મણો જેમને પ્રિય છે તેવા છે. કા.૧૦.

તે અર્થ કહે છે. 'તે' પ્રસિદ્ધ દેવોના પણ દેવ, સર્વનાં દુઃખ હરનાર, યજ્ઞનો ભોગ કરનાર અને સર્વને વશ રાખનાર, એવા ભગવાનના પણ બ્રાહ્મણો પ્રભુ અને દેવ છે, એટલે ભગવાન્ તેઓની આજ્ઞા પ્રમાણે કરે છે અને તેઓને પૂજે છે, એવો અર્થ છે. વળી ભગવાનના વિચાર પ્રમાણે તેઓથી કાંઈ ઉત્તમ નથી. ભગવાન્ સભ્યતાને લીધે તેઓને માન આપે છે, એવો મત આથી ખોટો ઠરાવેલ છે.

**શુદ્ધાસ્ત એવ વક્તારો માહાત્મ્યૌક્તૌ વિચક્ષણાઃ ।।**
**નિઃસ્પૃહા જ્ઞાનસંયુક્તા મોક્ષયોગ્યા હરિપ્રિયાઃ ।।૧૧।।**

શુદ્ધ તે (બ્રાહ્મણો) જ (કથા) કહેનારા, ભગવાનનું માહાત્મ્ય જણા-વવામાં ચતુર, સ્પૃહા વિનાના, જ્ઞાનવાળા અને મોક્ષ પ્રાપ્ત કરવા યોગ્ય હરિને પ્રિય છે. કા.૧૧. ૩૯.

એવી રીતે (ભગવાન્) બ્રાહ્મણોના હિતકારી હોવાનો ગુણ સિદ્ધ કરી, પછી સુદામાનું શું થયું, એ જાણવાની ઈચ્છા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**એવં સ વિપ્રો ભગવાન્ સુહૃત્તદા દૃષ્ટ્વા સ્વભક્તૈરજિતં પરાજિતમ્ ।।**
**તદ્ધ્યાનવેગોદ્ગ્રથિતાત્મબન્ધનસ્તદ્ધામ લભેડચિરતઃ સતાં ગતિમ્ ।।૪૦।।**

એવી રીતે ભગવાન્ (અને ભગવાનના) મિત્ર તે વિપ્રે તે સમયે અજીતને પોતાના ભક્તોથી પરાજય પામેલા જોઈને તેમના ધ્યાનના વેગથી છૂટી ગયા છે આત્મામા બંધનો જેનાં તેવો થઈ, તેમનું ધામ અને તરત જ સત્પુરુષોના ફલને પ્રાપ્ત કર્યા. ૪૦.

સુદામો ભગવાનના આવેશને લીધે ભગવાન્ હતો અને ભગવાનનો મિત્ર હતો; અથવા ભગવાનનો મિત્ર હતો. ભગવાન્ બધાથી અજીત હોવા છતાં ભક્તોથી પરાજય પામેલા, (એટલે) સર્વથી વશ ન થાય તેવા હોવા છતાં ભક્તોને વશ થયા. સર્વના ઈશ્વર વશ થાય ત્યારે સર્વ પુરુષાર્થો (પોતાના) હાથમાં રહેલ હોવાથી, 'તેમના ધ્યાનના વેગથી છૂટી ગયા છે આત્માના બંધનો જેના' તેવો (સુદામા) થયો. તેમના ધ્યાનના વેગથી જ છૂટી ગએલા છે આત્માના અવિદ્યા વિગેરે સર્વ બંધનો જેના, એમ તેવા પ્રકારનો થઈ, ભગવાનના ચિંતનથી જ તેણે તેમનું ધામ વૈકુંઠ 'લેભે' પ્રાપ્ત કર્યું. પછી 'અચિરતઃ' તરત જ સત્પુરુષોના ફલરૂપ ભગવાનને પણ (પ્રાપ્ત કર્યા અને) પછી સાયુજ્ય પ્રાપ્ત કર્યું, એવો અર્થ છે. ૪૦.

એવી રીતે સુદામાના ઉદ્ધારનું વર્ણન કરી, પછી પણ લોકમાં તેની કીર્તિ

થાઓ, એવા આશયથી આ ઉપાખ્યાનના શ્રવણનું ફલ નીચેના શ્લોકમાં કહે છેઃ

**એતદ્બ્રહ્મણ્યદેવસ્ય શ્રુત્વા બ્રહ્મણ્યતાં નરઃ ।।**
**લબ્ધભાવો ભગવતિ કર્મબંધાદ્વિમુચ્યતે ।।૪૧।।**

હવે બ્રાહ્મણના હિતકારી દેવનું બ્રાહ્મણના હિતકારી હોવાપણું સાંભળીને માણસ ભગવાનમાં સ્નેહ પ્રાપ્ત કરી કર્મનાં બંધનથી મુક્ત થાય છે. ૪૧.

'એતદ્' 'હવે' એ અવ્યય છે. આ બ્રાહ્મણનાં હિતકારી હોવાપણું સાંભળીને માણસ ભગવાનમાં સ્નેહ પ્રાપ્ત કરે છે. માણસોની આ લોકના ફલમાં દઢ દષ્ટિ હોવાથી, (અને) ભગવાન તે કરે છે (આ લોકનું ફલ ધન આપે છે) તેથી, આ ઉપાખ્યાનના શ્રવણથી (તેઓનો) ભગવાનમાં સ્નેહ દઢ થાય છે, પછી તે કર્મના બંધનથી મુક્ત થાય છે. જ્યારે આ સાંભળનારને પણ મોક્ષ (પ્રાપ્ત) થાય છે, ત્યારે સુદામાનો મોક્ષ (થવા)માં શું સંદેહ? એવી રીતે ભોગ અને મોક્ષ આપનાર ભગવાન જ છે, અને બીજું પણ ફલ ભગવાન આપે છે એમ કહેલું છે. એવી રીતે જેઓનો નિરોધ થએલો છે તેમને ફલ આપનાર (ભગવાન્ છે એમ) કહેલ છે. ૪૧.

**ઈતિ શ્રીલક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીમદ્વલ્લભદીક્ષિતે રચેલી**
**શ્રીમદ્ભાગવતની સુબોધિનીમાં દશમા સ્કંધના ઉત્તરાર્ધના વિવરણમાં**
**બત્રીસમા સળંગ અઠોતેરમા અધ્યાયનું વિવરણ સંપૂર્ણ.**

# અધ્યાય ઓગણાએંશી.

## ભગવાનનું કુરુક્ષેત્રમાં પધારવું.

**સાત્ત્વિકપ્રક્રિયાયાં તુ ષડ્ભિઃ ષડ્ભિસ્ત્રયં જગૌ ।।**
**પ્રમેયસાધનફલં ધર્માસ્તત્ર નિરૂપિતાઃ ।।૧।।**

સાત્ત્વિક પ્રકરણમાં તો છ છ (અધ્યાયો)થી પ્રમેય, સાધન અને ફલ ત્રણ કહ્યાં. તેમાં ગુણોનું નિરૂપણ કરેલું છે. કા.૧.

**ધર્મિણોઽત્ર ત્રયો વાચ્યાસ્તત્રાધ્યાયત્રયં મતમ્ ।।**
**સાત્ત્વિકે તુ પ્રમેયે હિ ધર્મી યાદગ્વિધો મતઃ ।।૨।।**
**ત્રયસ્ત્રિંશે તથાઽધ્યાયે પ્રથમં સ નિરૂપ્યતે ।।**

અહિં (આ પ્રકરણમાં) ત્રણ ધર્મીઓ કહેવાના છે, તે સંબંધના ત્રણ અધ્યાયો કહેલા છે. સાત્ત્વિક પ્રમેય (પ્રકરણ)માં તો જેવા પ્રકારના ધર્મીનો આદર કરવામાં આવેલ છે તેવા પ્રકારના તેમનું નિરૂપણ આરંભમાં તેત્રીસમા (અધ્યાય) માં કરવામાં આવે છે. કા.૨।।.

**સર્વાભિષ્ટઃ સર્વસાક્ષી સર્વપ્રિયહિતૈષણઃ ।।૩।।**
**તીર્થૈકગમ્યો જ્ઞાનાત્મા ગુરુર્મોક્ષપ્રદઃ પરઃ ।।**

સર્વના વહાલા, સર્વના સાક્ષી, સર્વનું પ્રિય અને હિત ઈચ્છનાર, માત્ર તીર્થ (કરવા)થી પ્રાપ્ત થાય તેવા, જ્ઞાનરૂપ ગુરુ, જ્ઞાન આપનાર, મોક્ષ આપનાર (સાત્ત્વિકપ્રમેય ધર્મી) છે. કા.૩।।.

**સાત્ત્વિકાનામેકમેવ સાધનં ગુણવર્ણનમ્ ।।૪।।**
**સરસસ્ય શ્રુતિશ્ચાપિ તદગ્રે વિનિરૂપિતમ્ ।।**

(ભગવાનના) ગુણોનું વર્ણન અને વળી રસવાળા[૧] (ચરિત્રો)નું શ્રવણ[૨] (એ) સાત્ત્વિકોનું એક જ સાધન છે. તે આગળ[૩] કહેલું છે. કા.૪।।.

**તતઃ ફલાત્મા સ હરિઃ સર્વાભીષ્ટપ્રપૂરકઃ ।।૫।।**
**દેશકાલૌ તથા ચાઙ્ગં તતસ્તત્રૈવ તત્ત્રયમ્ ।।**

પછી સર્વનું ઈચ્છેલું પૂરનાર ફલરૂપ તે હરિનું નિરૂપણ કરેલું છે, અને વળી દેશ અને કાલ[૪] તેમના અંગ[૪] છે. તેથી ત્યાં જ તે ત્રણ (કહેલાં છે). કા.૫।।.

---

૧. 'સરસસ્ય' એટલે 'રસવાળા ચરિત્રનું'. (લે)
૨. 'શ્રુતિઃ' એટલે 'શ્રવણ અને કીર્તન' શ્રવણ સાધન છે, એવો અર્થ છે. (લે)
૩. 'આગળ' એટલે આ પછીના (ચોત્રીસમા) અધ્યાયમાં. (લે)
૪-૪. 'અંગ' એટલે 'અંગરૂપ ક્રિયાશક્તિ' એવો અર્થ છે. પાંત્રીસમા અધ્યાયના શ્લો.૪૩માં દેશનું, શ્લો.૫૨માં કાલનું અને શ્લો.૪૩માં યજ્ઞનું નિરૂપણ કરેલ છે. એ પ્રમાણે એ ત્રણ

**તામસા રાજસા પ્રોક્તા રાજસાશ્ચૈવ સાત્ત્વિકાઃ ।।૬।।**
**તતોઽધ્યાયે પ્રમેયેઽત્ર સર્વે સાત્ત્વિકતાં ગતાઃ ।।**

તામસોને રાજસ જણાવ્યા, અને વળી રાજસોને સાત્ત્વિક જણાવ્યા[૫], તેથી અહિં પ્રમેય અધ્યાયમાં સર્વે સાત્ત્વિકપણું પ્રાપ્ત કરેલું. કા.૬।।.

**પ્રમેયમેતદેવાત્ર યદા સર્વેઽત્ર સાત્ત્વિકાઃ ।।૭।।**
**તદા પ્રમેયો ભગવાન્નાન્યથેત્યુચ્યતે સ્ફુટઃ ।।**

અહિં આ જ જાણવા યોગ્ય છે. જ્યારે અહિં બધા સાત્ત્વિક થાય ત્યારે ભગવાન્ જાણી શકાય[૬], બીજા પ્રકારે જાણી શકાતા નથી. તેથી સ્પષ્ટ ભગવાનનું વર્ણન કરવામાં આવેલ છે. કા.૭।।.

હવે ત્રણ અધ્યાયોથી ભગવાનનો સાક્ષાત્કાર અને ભગવદીઓનું સાધન અને તેઓનું ફલ અનુક્રમે કહેવામાં આવે છે. તે પૈકી આરંભમાં એમ કહેવામાં આવે છે કે સર્વથી ઉત્તમ સાત્ત્વિકોને પણ ગ્રહણ વિગેરે અમુક સમયે કુરુક્ષેત્ર વિગેરે (સ્થલ)માં જ ભગવાનનું દર્શન થાય છે, બીજા પ્રકારે થતું નથી. તે માટે કુરુક્ષેત્રની યાત્રાનો પ્રસંગ (કહેલો છે). તીર્થ પણ જો ઘર હોય તો (તે) ફલ આપતું નથી, તેથી મથુરાથી અને દ્વારકાથી બધા (કુરુક્ષેત્ર) જાય છે. તે સંબંધમાં કાલ મુખ્ય હોવાથી આરંભમાં નીચેના શ્લોકમાં સૂર્યગ્રહણ (થયાનું) કહે છેઃ

।। શ્રીશુક ઉવાચ ।।

**અથૈકદા દ્વારવત્યાં વસતો રામકૃષ્ણયોઃ ।।**
**સૂર્યોપરાગઃ સુમહાનાસીત્કલ્પક્ષયે યથા ।।૧।।**

પછી એક સમયે બલભદ્ર અને શ્રીકૃષ્ણ દ્વારકામાં રહેતા હતા ત્યારે કલ્પના ક્ષય સમયે જેવું થાય તેવું ઘણું મોટું સૂર્યગ્રહણ થયું. ૧.

'રાહુએ ગળેલા સૂર્યથી બીજો મુખ્ય સમય નથી, અને તે સમય સર્વનો નાશ કરનારો હોવાથી ભગવાન્ ભૂતલ ઉપર હોય ત્યાં સુધી કદાચ આવતો નહિ હોય' એવી શંકા થાય, તેથી 'બલભદ્ર અને શ્રીકૃષ્ણ દ્વારકામાં' જ, 'રહેતા હતા ત્યારે' શબ્દો યોજેલ છે. 'કલ્પના ક્ષય સમયે જેવું થાય તેવું' શબ્દોથી એમ કહેલ છે કે તે સમય કલ્પના ક્ષયનું કારણ હતો. તેને સૂચવનારું સૂર્યગ્રહણ સૂર્યના ગ્રાસરૂપ[૧]

---

સ્પષ્ટ કહેલ છે. (લે)

૫. તામસપણું દૂર કરી રાજસ બનાવ્યા, પછી રાજસપણું દૂર કરી સાત્ત્વિક બનાવ્યા એમ કહ્યું, એવો અર્થ છે. (લે)

૬. સર્વ સાત્ત્વિક થતાં, ભગવાન્ જાણી શકાય તેવા થાય છે, એવો અર્થ છે. (લે)

૧. ખગ્રાસ સૂર્યગ્રહણ.

હોય છે. એવી રીતે ભગવાન્ હોવા છતાં થએલ (ખગ્રાસ સૂર્યગ્રહણ) ભૂમિનો ભાર હરવાનું સૂચવે છે. ૧.

'તેથી શું?' (એ જાણવાની ઈચ્છા થાય), તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**તં જ્ઞાત્વા મનુજા રાજન્ પુરસ્તાદેવ સર્વતઃ ।।**
**સ્યમંતપઞ્ચકં ક્ષેત્રં યયુઃ શ્રેયોવિધિત્સયા ।।૨।।**

હે રાજન્! આગળથી જ તે જાણીને મનુષ્યો કલ્યાણ પ્રાપ્ત કરવાની ઈચ્છાથી સર્વ તરફથી સ્યમંતપંચક તીર્થે ગયા. ૨.

જ્યોતિઃશાસ્ત્રનાં પ્રમાણપણાને લીધે આગળથી જ માઘ માસમાં ગ્રહણ થવાનું છે એમ સાંભળીને (મનુષ્યો) કુરુએ બનાવેલ, દેશોમાં મુખ્ય સ્યમંતપંચક ક્ષેત્રે 'શ્રેયોવિધિત્સયા' ત્યાં જઈને કલ્યાણ પ્રાપ્ત કરીશું એવો નિશ્ચય કરીને, ત્યાં ભેગા થયા. ૨.

'ત્યાં જ કલ્યાણની પ્રાપ્તિ કેમ થાય?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**નિઃક્ષત્રિયાં મહીં કુર્વન્ રામઃ શસ્ત્રભૃતાં વરઃ ।।**
**નૃપાણાં રુધિરૌઘેણ યત્ર ચક્રે મહાહ્નદાન્ ।।૩।।**

જ્યાં પૃથ્વીને ક્ષત્રિય વિનાની કરતાં, શસ્ત્ર ધારણ કરનારાઓમાં ઉત્તમ પરશુરામે રાજાઓના લોહીના પ્રવાહથી મોટા ધરાઓ કરેલા. ૩.

પહેલાં પરશુરામે બધાએ ક્ષત્રિયોનો નાશ કરવાનો સંકલ્પ કરેલો. પછી આપણને સર્વને હણશે એવો નિશ્ચય કરીને, યુદ્ધમાં ક્યાં મરવાથી મોક્ષ પ્રાપ્ત થશે એવો વિચાર કરીને 'ગંગા કુરુક્ષેત્રની સમાન છે' એ તથા 'ધર્મના તીર્થ કુરુક્ષેત્રમાં' એ વાક્યથી તથા કુરુએ ઘણા કષ્ટથી તે સ્થાન તીર્થરૂપ કરેલું હોવાથી ત્યાં જ મોક્ષ પ્રાપ્ત થશે એવો નિશ્ચય કરીને પરશુરામ હણવાના હતા તે સમયે બધાએ ક્ષત્રિયો ત્યાં ભેગા થયા. પછી પરશુરામે તે બધાને હણ્યા, (અને) તેઓના લોહીના પ્રવાહથી નવ ધરાઓ કર્યા. તે જ ગંગાથી પણ અધિક તીર્થો થયા. આ (વાક્ય)થી તે (કુરુક્ષેત્ર)નું ઉત્તમપણું જણાવ્યું[૧]. 'શસ્ત્ર ધારણ કરનારા-ઓમાં ઉત્તમ' વિશેષણથી એમ જણાવેલું છે કે તે(પરશુરામ)ને ઘણું સારું દેશનું જ્ઞાન[૨] હતું. ૩.

---

૧. જેટલાના લોહીથી ધરાઓ થાય તેટલા (ક્ષત્રિયો) મરવાનો સ્વીકાર કરીને, 'મોક્ષ થશે' એવા નિશ્ચયથી ત્યાં મરવા તૈયાર થયા, એવું તે દેશનું ઉત્તમપણું લોહીના પ્રવાહના ધરાઓ કહેવાથી જણાવ્યું એવો અર્થ છે. (લે)

૨. અહિં હણવાથી હણવાનો દોષ લાગશે નહિ, એવું જ્ઞાન, એવો અર્થ છે. આવતા શ્લોકમાં આ સ્પષ્ટ થશે. (લે)

વળી (પરશુરામે) ત્યાં માત્ર ક્ષત્રિયોને જ કીર્તિ[1] પ્રાપ્ત કરાવી એમ ન હતું, પરંતુ પોતે પણ (પ્રાપ્ત કરી) એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**ઈજે ચ ભગવાન્ રામો યત્રાસ્પૃષ્ટોડપિ કર્મણા ।।**
**લોકં સંગ્રાહયન્નીશો યથાન્યોડઘાપનુત્તયે ।।૪।।**

અને જ્યાં ભગવાન્ પરશુરામે (પોતે) કર્મના સંબંધ વિનાના (અને) ઈશ્વર હોવા છતાં લોક પાસે (કર્મ) કરાવવા માટે બીજાની પેઠે પાપ દૂર કરવા યજ્ઞો કર્યા હતા. ૪.

અને (પરશુરામે) પ્રાયશ્ચિત્ત કરવા માટે યજ્ઞો ત્યાં જ કર્યા હતા. 'પ્રાયશ્ચિત્ત તો પાપનો સંબંધ થાય ત્યારે (કરવાનું) હોય છે, અને તેથી તે તીર્થમાં પાપ પણ ઉત્પન્ન થતું હશે' એવી શંકા દૂર થાય તે માટે 'જ્યાં કર્મના સંબંધ વિનાના હોવા છતાં' શબ્દો યોજેલા છે. જો કે (પરશુરામ) 'ભગવાન્' હોવાથી પણ (તેમને) કર્મનો સંબંધ ન હતો, છતાં પણ ત્યાં દેશના માહાત્મ્યને લીધે જ (તેમને) કર્મનો સંબંધ થયો ન હતો એમ જણાવવા 'જ્યાં' એમ કહેલું છે, નહિ તો 'ચ' 'અને' શબ્દથી પણ પહેલાં (કહેલું) સ્થલ પ્રાપ્ત થાય છે (સમજાય છે).

'ત્યારે યજ્ઞ (કરવા)નું શું પ્રયોજન?' એવી શંકા થાય, તેથી 'લોક પાસે (કર્મ) કરાવવા માટે' શબ્દો યોજેલા છે. 'એ પ્રમાણે તેમણે કેમ વિચાર કરેલ?' એવો પ્રશ્ન ઉઠે, તેથી 'ઈશ્વર' શબ્દ યોજેલ છે.

'ઈશ્વરને યજ્ઞ કરવાનો અધિકાર જ નથી. તેમણે કેમ કર્યા?' એવી શંકા થાય, તેથી 'બીજાની પેઠે' શબ્દ યોજેલ છે. 'પાપ દૂર કરવા' શબ્દથી (એમ કહેલું છે કે) ફલ (પ્રાપ્ત કરવા) માટે કર્યા ન હતા. પાપનો નાશ કરવા (કર્યા હતા). ૩.

એ પ્રમાણે દેશ અને કાલનું માહાત્મ્ય કહીને, બધી પ્રજાઓ ત્યાં ભેગી થઈ એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**મહત્યાં તીર્થયાત્રાયાં તત્રાગન્ભારતીઃ પ્રજાઃ ।।**
**વૃષ્ણયશ્ચ તથાક્રૂરવસુદેવાહુકાદયઃ ।।૫।।**
**યયુસ્તે ભારતં ક્ષેત્રં સ્વમઘં ક્ષપયિષ્ણવઃ ।।**
**ગદપ્રદ્યુમ્નસામ્બાશ્ચ સુચન્દ્રશુકસારણૈઃ ।।૬।।**

ત્યાં મોટી તીર્થયાત્રામાં ભારતની પ્રજાઓ ગઈ હતી અને વૃષ્ણિઓ તેમ જ અક્રૂર, વસુદેવ, આહુક વિગેરે, સુચંદ્ર, શુક અને સારણ સાથે ગદ, પ્રદ્યુમ્ન અને સાંબ પોતાના પાપનો નાશ કરવા ઈચ્છતા તેઓ ભારતક્ષેત્રે ગયા. ૫-૬.

આવું પ્રયોજન હોય ત્યારે તીર્થયાત્રા મોટી થાય છે. (યાત્રાનું) મોટાપણું

૧.યુદ્ધમાં મરવાથી ક્ષત્રિયોને કીર્તિ પ્રાપ્ત થાય છે. (લે)

બધા (ત્યાં) જવાથી અને ઘણું ફલ થવાથી થાય છે. તેથી જ 'ભારતીઃ' ભારતવર્ષ માં ઉત્પન્ન થએલી બધીએ પ્રજાઓ ત્યાં ગઈ. તે પૈકી મોટા (પુરુષો)ના નામો 'વૃષ્ણિઓ' વિગેરેથી ટૂંકાણથી કહેલાં છે. આરંભમાં વૃષ્ણિઓ આવ્યા, તેમાં પણ મુખ્ય (વૃષ્ણિઓ) જ આવ્યા એમ કહેવા 'અક્રૂર, વસુદેવ, આહુક[1] વિગેરે' શબ્દથી (અનુક્રમે) સાત્ત્વિક, મોટા પુરુષો અને રાજાઓ કહેલા છે. ૫.

તેઓ બીજા સ્થલે ગયા ન હતા એમ જણાવવા છઠ્ઠો શ્લોક કહેલો છે. ભરતવંશમાં ઉત્પન્ન થએલાએ બનાવેલ ('ભારતં') તીર્થે ગયા. વૃષ્ણિઓને સર્વ કલ્યાણો[2] પોતાના ઘેર જ હતાં, તેથી ભગવાનની અવજ્ઞાનું પાપ થવાનું સંભવે એટલે પાપ દૂર કરવાનું બીજા સ્થલે નહિ બનતાં, પોતાનાં અસાધારણ પાપનો નાશ કરવા ઈચ્છતા તેઓ ત્યાં આવ્યા, એમ કહેલું છે. ત્રણ પ્રકારના જ વૃષ્ણિઓ આવ્યા, એવી શંકા દૂર કરવા છઠ્ઠા શ્લોકના ઉત્તરાર્ધથી બીજા વૃષ્ણિઓનાં નામો કહેલાં છે. ૬.

'બધા (કુરુક્ષેત્ર) આવ્યા, ત્યારે દ્વારકામાં કોણ રહ્યું?' એ જાણવાની ઈચ્છા થાય, તેથી નીચેનો (અર્ધ શ્લોક) કહે છેઃ

**આસ્તેઽનિરુદ્ધો રક્ષાયાં કૃતવર્મા ચ યૂથપઃ ।।૬ાા.।।**

રક્ષણ કરવા માટે અનિરુદ્ધ અને સેનાપતિ કૃતવર્મા રહ્યા. ૬ાા.

અનિરુદ્ધ યોગના પતિ હોવાથી યોગના અભ્યાસમાં મચ્યા રહેનાર પણ ન આવ્યાનું કહેલું છે. 'અને સેનાપતિ કૃતવર્મા' એટલે તે (અનિરુદ્ધ)ના સેનાપતિ એવો અર્થ છે, કારણ કે જે તે (અનિરુદ્ધ)થી રક્ષણ કરાવનાર તે પણ ન આવે. જો કે આ યાત્રા સર્વને સમાન હતી, છતાં પણ પ્રકરણ ભગવાનના ચરિત્રનું હોવાથી મુખ્ય પ્રકારે યાદવોનું જ વર્ણન કરવામાં આવે છે. ૬ાા.

'જેઓ આવ્યા તેઓ યાત્રાના નિયમ પ્રમાણે આવ્યા કે શોભા સહિત આવ્યા?' એવો સંદેહ થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**તે રથૈર્દેવધિષ્ણ્યાભૈર્હયૈશ્ચ તરલપ્લવૈઃ ।।૭।।**
**ગજૈર્નદદ્ભિરભ્રાભૈર્નૃભિર્વિદ્યાધરદ્યુભિઃ ।।**
**વ્યરોચન્ત મહાતેજાઃ પથિ કાઞ્ચનમાલિનઃ ।।૮।।**
**દિવ્યસ્રગ્વસ્ત્રસંવાહાઃ કલત્રૈઃ ખેચરા ઈવ ।।**

દેવોના આસનો જેવા રથો સાથે અને તરંગના જેવી ગતિવાળા અશ્વો સાથે નાદ કરતા, વાદળાં જેવા હાથીઓ સાથે, વિદ્યાધરોના જેવી કાંતિવાળા પુરુષો સાથે માર્ગમાં સુવર્ણની માલાઓવાળા, દિવ્ય માલા વસ્ત્ર અને કવચવાળા

૧. દેવક અને ઉગ્રસેનનો પિતા. (૯-૨૪)    ૨. સર્વ કલ્યાણના કારણરૂપ શ્રીકૃષ્ણ.

ઘણા તેજવાળા તેઓ સ્ત્રીઓ સાથે દેવોની પેઠે ઘણું શોભતા હતા. ૮॥

યાત્રામાં 'યાત્રાળુનો વેશ ધારણ કરીને' એવો નિયમ હોય છે. જ્યાં માત્ર દેશનું જ મુખ્યપણું હોય ત્યાં તે નિયમ હોય છે, પરંતુ કાલનું મુખ્યપણું હોય ત્યાં હોતો નથી. તેથી ચાર અંગોવાળી મોટી સેના સાથે તેઓ શોભતા હતા એમ રક્ષણ અને શોભાનો વિષય કહેવામાં આવે છે. રથો વિગેરે વાહનરૂપ હતા, એમ કેટલાક કહે છે.

(૧) 'દેવધિષ્ણ્યાનિ' એટલે વિમાનો, અથવા જગન્નાથ વિગેરે દેવના સ્થાનોની યાત્રાના કારણરૂપ દેવોના આસનરૂપ રથ જેવા જાતજાતના અલંકાર-વાળા (રથો). તેમનાથી ઘણું શોભતા હતા એમ આગળના (આઠમા શ્લોક) સાથે સંબંધ છે. 'તેઓ' એટલે ગદ વિગેરે, અથવા સર્વ લોકો (શોભતા હતા).

(૨) તે પ્રમાણે અશ્વો પણ 'તરલવત્' તરંગના જેવી 'પ્લવઃ' ગતિ હતી જેમની તેવા (હતા). ગતિ જ અશ્વોનો ગુણ છે. ૭.

(૩) અને હાથીઓ નાદ કરતા, વાદળાં જેવા ઘણા ઉંચા હતા. નાદથી અંદરનો સંતોષ અથવા મદવાળા હોવાપણું જણાવેલ છે.

(૪) પુરુષો એટલે પગે ચાલનારા સૈનિકો અથવા પાલખી ઉપાડનારા-ઓ. તેઓની કાંતિ વિદ્યાધરોના જેવી હતી કારણકે જાતજાતની વિદ્યાથી તેઓ જુદા જુદા રૂપ અને અલંકારવાળા થતા. દરેક ક્ષણે જુદું જુદું રૂપ થતું એમ જણાવવા વિદ્યાધરની કાંતિની સમાનતા કહેલી છે.

પોતે પણ 'મહાતેજાઃ મહત્' ઘણું 'તેજઃ' તેજ હતું જેઓનું તેવા હતા. અહિં સમાસના અંતે 'અ' અક્ષર છે તેથી લોપ હોવાથી 'મહાતેજઃ' એવો અંતે 'અ' અક્ષરવાળો શબ્દ થાય છે. આથી તેઓનું કુદરતી ઉત્તમપણું કહેલું છે. 'માર્ગમાં સુવર્ણની માલાઓવાળા' વિશેષણથી પ્રાસંગિક (ઉત્તમપણું) કહેલું છે. આથી સર્વ દેશોમાં સ્વસ્થપણું અને સર્વ નિર્મલ ચિત્તવાળા હોવાપણું કહેલ છે. તેમ ન હોત તો બધા સર્વ બાજુઓથી આભરણો સાથે અને ભય વિનાના ન આવત. ૮.

'દિવ્યસ્રગ્વસ્ત્રસન્નાહાઃ' એટલે 'દિવ્યાનિ' લોકમાં આશ્ચર્ય (ઉત્પન્ન) કરે તેવાં અલૌકિક વસ્ત્રો વિગેરે, 'સંવાહાઃ' અશ્વો અથવા 'સન્નાહાઃ' કવચો વિગેરે (હતા જેઓના તેવા હતા). બધાએ સ્ત્રીઓ સહિત (આવ્યા), કારણ કે પ્રવૃત્તિ (કરવા)માં (સ્ત્રીઓ) સાથે હોય તેઓનો જ અધિકાર હોય છે, અથવા પ્રભાવ દર્શાવનાર (એ શબ્દ છે). સ્ત્રીઓ ઘણી હતી અને શોભા ઘણી (થઈ) હતી એમ જણાવવા 'દેવોની પેઠે' એવું દૃષ્ટાંત કહેલું છે. ૮॥

એવી રીતે સર્વ આવ્યાનું કહી અમાવાસ્યામાં ગ્રહણના દિવસે જ જેટલા આવવાનું સંભવતું હતું તેઓનું નિરૂપણ કરી, પછી તેઓએ તીર્થમાં સ્નાન વિગેરે કર્યા એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તત્ર સ્નાત્વા મહાભાગા ઉપોષ્ય સુસમાહિતાઃ ।।૯।।**
**બ્રાહ્મણેભ્યો દદુર્ધેનૂર્વાસઃસ્રગ્રુક્મમાલિનીઃ ।।**
**રામહ્રદેષુ વિધિવત્પુનરાપ્લુત્ય વૃષ્ણયઃ ।।૧૦।।**
**દદુઃ સ્વર્ણં દ્વિજાગ્ર્યેભ્યઃ કૃષ્ણે નો ભક્તિરસ્ત્વિતિ ।।**

મહાભાગ્યવાળાઓએ ત્યાં સ્નાન કરી ઉપવાસ કરી, શાંત ચિત્તવાળા થઈ, વસ્ત્રો, માલાઓ અને સુવર્ણની માલાઓવાળી ગાયો બ્રાહ્મણોને આપી. વૃષ્ણિઓએ ફરીથી પરશુરામે બનાવેલા ધરાઓમાં વિધિ પ્રમાણે સ્નાન કરીને 'શ્રીકૃષ્ણમાં અમારી ભક્તિ હો' એવી (કામનાથી) ઉત્તમ બ્રાહ્મણોને સુવર્ણ આપ્યું. ૯-૧૦-૧૦ાા.

'મહાભાગ્યવાળાઓએ' શબ્દથી તીર્થ પ્રાપ્ત થયાનું ભાગ્ય અને દાન વિગેરે માટેનું ધન કહેલું છે. પછી ઘેરાએલો સૂર્ય આથમવાનો હતો તેથી તે દિવસે બધાએ ઉપવાસ કર્યો, પરંતુ તીર્થે આવ્યાના કારણથી ઉપવાસ કર્યો ન હતો, કારણકે કુરુક્ષેત્રમાં તેવો ઉપવાસ કરવાની શાસ્ત્રની મના છે. 'શાંત ચિત્તવાળા થઈ' શબ્દથી સર્વ ભોગ બંધ રાખ્યાનું અને ક્રોધ વિગેરે સર્વ દોષો દૂર થયાનું કહેલું છે.

પછી ગ્રહણના સમયે વસ્ત્રો માલાઓ અને સુવર્ણની માલાઓ જેમના ઉપર હતી તેવી, એટલે સર્વ અલંકારોવાળી ગાયો બ્રાહ્મણોને આપી, એવો અર્થ છે. ત્યાં એક સરોવર મુખ્ય છે અને બીજા નવ ધરાઓ છે. 'લોહીના પ્રવાહના નવ ધરાઓ (બનાવ્યા)' ૯।૧૬।૧૯ એ વાક્ય પ્રમાણે તે પરશુરામે બનાવેલા ધરાઓ છે. પછી પરશુરામના ધરાઓ પણ ફલ પ્રાપ્ત કરાવનારા હોવાથી તેઓમાં વિધિ પ્રમાણે સ્નાન કર્યું. ૧૦.

ત્યાં પણ સ્નાનનું ફલ મળે તે માટે દાન આપ્યું. દાન ન કરે તો સ્નાન નિરર્થક થાય. 'શ્રીકૃષ્ણમાં અમારી ભક્તિ હો' શબ્દોથી કામના કહેલી છે. તીર્થ અને સુવર્ણનું દાન બંને પણ સર્વ કામનાઓ પૂર્ણ કરનારાં હોવાથી આ સ્નાન (ગ્રહણના) બીજા દિવસે જ કરેલું એમ કેટલાક કહે છે. 'પુનઃ' 'ફરીથી' શબ્દ હોવાથી બીજા દિવસે પણ (સ્નાન) અને દાન કરેલ. ૧૦ાા.

**સ્વયં ચ તદનુજ્ઞાતા વૃષ્ણયઃ કૃષ્ણદેવતાઃ ।।૧૧।।**
**ભુક્ત્વોપવિવિશુઃ કામં સ્નિગ્ધચ્છાયાઙ્ઘ્રિપાઙ્ઘ્રિષુ ।।**

અને શ્રીકૃષ્ણ જેમના દેવ હતા તેવા વૃષ્ણિઓ તેમની પરવાનગી લઈ,

ભોજન કરી શીતલ છાયાવાળા વૃક્ષોના મૂલ પાસે ઈચ્છા પ્રમાણે બેઠા. ૧૧॥.

પછી બ્રાહ્મણોની પરવાનગી લઈ-શ્રીકૃષ્ણ જ જેમના દેવ હતા તેવા (વૃષ્ણિ)ઓએ ત્યાં તીર્થમાં શ્રીકૃષ્ણની પૂજા કરી, ભગવાન્ ભોજન માટે બેઠા ત્યારે અથવા ભગવાને ભોજન કર્યું ત્યારે,-અથવા ભગવાનની પરવાનગી લઈ, શીતલ છાયાવાળા વૃક્ષોની નીચે ભોજન કરીને ભેગા થઈ બેઠા. ૧૧॥.

આટલા સમય સુધી તીર્થ(નાં કાર્ય)માં રોકાએલ હોવાથી તેઓને લોક જોવાનો અવકાશ ન હતો. પછી યાદવોએ પોતે બીજા સ્થલે ગયા વિના જ, ભગવાન્ ત્યાં હોવાથી ત્યાં જ આવેલા બધાને જોયા, એમ કહે છેઃ

**તત્રાગતાંસ્તે દદૃશુઃ સુહૃત્સંબન્ધિનોઽપરાન્ ॥૧૨॥**
**મત્સ્યોશીનરકૌસલ્યવિદર્ભકુરુસૃઞ્જયાન્ ॥**
**કામ્બોજકૈકયાન્મદ્રાન્કુન્તીન્નારદકેરલાન્ ॥૧૩॥**
**અન્યાંશ્ચૈવાત્મપક્ષીયાન્પરાંશ્ચ શતશો નૃપ ॥**
**નન્દાદીન્સુહૃદો ગોપાન્ગોપીશ્ચોત્કણ્ઠિતાશ્ચિરમ્ ॥૧૪॥**

હે નૃપ! તેઓએ ત્યાં આવેલા મિત્રો સંબંધીઓ અને બીજાઓને મત્સ્ય, ઉશીનર, કૌસલ્ય, વિદર્ભ, કુરુ, સૃંજય, કાંબોજ, કૈકય, મદ્ર, કુંતિ, નારદ, કેરલ અને બીજાઓને તથા બીજા પોતાના પક્ષના અને સેંકડો શત્રુઓના પક્ષનાને, અને નંદ વિગેરે ગોપમિત્રોને અને લાંબા સમયની ઘણી અભિલાષાવાળી ગોપીઓને જોયા. ૧૨-૧૩-૧૪.

'સુહૃદઃ' મિત્રો, 'સંબંધિનઃ' વિવાહથી સંબંધવાળા થએલાઓ અને 'બીજાઓ' એટલે તટસ્થ રહેલાઓ ભગવાનનાં દર્શન માટે આવેલા તેઓને, અથવા નૃપોને[1] જોયા.

તેઓ જુદા જુદા દેશમાં રહેનારા હતા, તેથી જુદા જુદા દેશો જણાવે છે. નારદદેશ એટલે કૌંકણદેશ. બીજા તો અગિઆર પ્રસિદ્ધ (દેશો), જુદા જુદા (દેશવાળાઓ)ની મુખ્ય મનોવૃત્તિ જણાવવા કહેલા છે. ન જણાવેલ (દેશવાળા) નો સમાવેશ કરવા 'અને બીજાઓને' શબ્દો યોજેલા છે. 'પરાન્' શત્રુઓના પક્ષનાને. 'સેંકડો' શબ્દથી શત્રુઓ ઘણા આવ્યાનું સૂચવેલું છે. તેઓ પણ દર્શન કરવા આવેલા હોવાથી ભગવાનનું ચિંતન થઈ ન શકે તેવું સામર્થ્ય જણાવેલું છે. આ બધા પોતાની જાતના ક્ષત્રિયો જ કહ્યા. બીજી જાતનાઓને જણાવતાં પ્રથમ નંદ વિગેરેને અને ગોપોને અને ઘણી ઈચ્છાવાળી ગોપીઓને જોયાં. ભગવાનનાં

૧. શ્લોક ૨૩માં નૃપો કહેલા છે તેથી, એવો ભાવ છે. (લે) 'પરાન્' બદલે 'નૃપાન્' પાઠ છે તેથી આ વિકલ્પે અર્થ કરેલ જણાય છે.

(દર્શનના) સંબંધની (તેઓની) ઈચ્છા હતી, અથવા 'ભગવાનનો આટલો વિલાસ છે' એમ સર્વ ઘણી સમૃદ્ધિવાળા ભગવદીઓને જોવાની તેઓની ઘણી ઈચ્છા હતી. 'ચિરં' 'લાંબા સમયની' એ ઘણી ઈચ્છાનું જ વિશેષણ છે. ૧૨-૧૩-૧૪.

પછી લૌકિક ભાષાથી તેઓની પરસ્પર વાતચીત વિગેરે[1] જણાવે છેઃ

**અન્યોન્યસંદર્શનહર્ષરંહસા પ્રોત્ફુલ્લહૃદ્વક્ત્રસરોરુહશ્રિયઃ ।।**
**આશ્લિષ્ય ગાઢં નયનૈઃ સ્રવજ્જલા હૃષ્યત્ત્વચો રુદ્ધગિરો યયુર્મુદમ્ ।।૧૫।।**

એકબીજાના દર્શનથી થએલ હર્ષના વેગથી ખીલી ઉઠેલાં હૃદય અને મુખરૂપી કમલની કાંતિવાળા, આંખોથી આંસુ ટપકાવતાં તેઓ ગાઢ આલિંગન કરી, રોમાંચિત થઈ રુંધાએલી વાણીવાળા થઈ આનંદ પામ્યા. ૧૫.

સીધી રીતે અથવા પરંપરાથી ભગવાનના ભક્તો સાથે બધાની આસક્તિ હોવાથી બધા ભગવદીઓ જ હતા, તેથી તેઓ જાણવા યોગ્ય થાય છે. તેમ ન હોય તો તેઓનું નિરૂપણ કરવાથી અધર્મ થાય અને પ્રકરણનો વિરોધ થાય. તેથી તે[2] કહેવા માટે જ એકબીજાનાં દર્શનથી અધિક પ્રેમ થયાનું કહેલું છે. હર્ષ અંદરનો (ગુણ) છે, તેનો તેવો વેગ હતો કે જે બહાર પણ પોતાનો પ્રભાવ જણાવતો હતો. તેથી ખીલી ઉઠેલા હૃદય અને મુખરૂપી કમલોની કાંતિ હતી જેમની તેવા (તેઓ થયા). આટલું દૂરથી દર્શન થવાથી (થયું). આલિંગનથી તેથી પણ અધિક થયું એમ ઉત્તરાર્ધથી કહે છે. કાયા, વાણી અને મનને અને સર્વ ઈંદ્રિયોને પ્રેમ ઉત્પન્ન થયો એમ કહે છે. તે પૈકી આરંભમાં સર્વ ઈંદ્રિયો(નો પ્રેમ) જણાવવા માટે 'રોમાંચિત' થયાનું (કહેલું છે. આ) કાયાનો સંતોષ કહ્યો. 'રુંધાએલી વાણીવાળા' વિશેષણથી વાચાનો (અને) 'આનંદ પામ્યા' શબ્દોથી મનનો (સંતોષ કહેલ છે). ૧૫.

એવી રીતે પુરુષોનો પરસ્પર (વ્યવહાર કહ્યો). નીચેના શ્લોકમાં સ્ત્રીઓનો પણ કહે છેઃ

**સ્ત્રિયશ્ચ સંવીક્ષ્ય મિથોઽતિસૌહૃદ-સ્મિતામલાપાઙ્ગ-દશોઽભિરેભિરે ।।**
**સ્તનૈઃ સ્તનાન્ કુઙ્કુમ-પઙ્કરૂષિતાન્ નિહત્ય દોર્ભિઃ પ્રણયાશ્રુ-લોચનાઃ ।।૧૬।।**

અને સ્ત્રીઓ પણ એક બીજીને જોઈને, ઘણાં સ્નેહ સ્મિત અને સ્વચ્છ કટાક્ષયુક્ત દૃષ્ટિવાળી થઈ, પ્રેમને લીધે આંખોમાં આંસુવાળી થઈ, કેસરના લેપથી ખરડાએલ સ્તનોને સ્તનો સાથે દબાવી, હાથોથી એકબીજાને ભેટી. ૧૬.

તેઓનો પ્રેમ પ્રકટ થયો એમ જણાવવા સ્મિત અને સ્વચ્છ કટાક્ષ કહેલાં

---

૧. પરસ્પર વાતચિત અને 'વિગેરે' શબ્દથી જણાવેલ આલિંગન વિગેરે, એવા પરસ્પરના કાર્યમાં લૌકિક ભાષા યોજેલી છે, પરંતુ ભગવાને કરેલ ઉપદેશ નથી એવો ભાવ છે. (લે)
૨. 'તે' એટલે 'ભગવદીયપણાનું વર્ણન કરવા માટે જ સર્વનું વર્ણન કરેલું છે તે'. (લે)

છે. ઘણો સ્નેહ અંદરનો ગુણ છે, સ્મિત મધ્યે રહેલું અને સ્વચ્છ કટાક્ષો બહારના છે. આ ત્રણ યુક્ત દૃષ્ટિઓ હતી જેઓની તેવી થઈ. 'અભિતઃ' અંદરના મનના આવરણ વિનાનું રમણ[1] વાણીનું કાર્ય છે. 'સ્તનોને સ્તનો સાથે દબાવી' શબ્દોથી કાયાથી ગાઢ આલિંગન કરેલ જણાવેલું છે. પ્રેમને લીધે 'આંખોમાં આંસુવાળી થઈ' શબ્દથી સર્વ ઇંદ્રિયોનો સંબંધ થએલ જણાવેલ છે. એ પ્રકારે બંને ભેટનારીઓનું એકપણું કહ્યું. ૧૬.

તેથી બધાએ ભગવદી હતા, અને ભગવદીઓ ભગવાન્ હોવાથી, જ્ઞાન પ્રાપ્ત કરવા યોગ્ય ભગવાનનું જ વર્ણન થયું. એવી રીતે સંજોગ પ્રમાણે તેમનાં ભગવદીયપણાનું વર્ણન કરીને, તેનું સ્પષ્ટ પ્રકારથી વર્ણન કરે છેઃ

**તતોઽભિવાદ્ય તે વૃદ્ધાન્ યવિષ્ઠૈરભિવાદિતાઃ ।।**
**સ્વાગતં કુશલં પૃષ્ટ્વા ચક્રુઃ કૃષ્ણકથાં મિથઃ ।।૧૭।।**

પછી નાનાઓએ પ્રણામ કરેલા તેઓ વૃદ્ધોને પ્રણામ કરી સ્વાગત અને કુશલના પ્રશ્ન કરીને પરસ્પર શ્રીકૃષ્ણની કથા કરવા લાગ્યા. ૧૭.

વૃદ્ધોને પ્રણામ (કરવા એ) કીર્તનના અંગરૂપ ધર્મ છે. 'પ્રણામ કરેલા' વિશેષણથી નાનાઓ ઉપર કૃપા જણાવેલી છે. એવી રીતે મોટા નાનાની સ્થિતિનો સ્વીકાર કરીને, બધાનું હિત થાય તે માટે તેઓ પરસ્પર શ્રીકૃષ્ણની કથા કરવા લાગ્યા. 'તે ભગવદીઓ પરસ્પર ભેગા થઈ મારા પુરુષાતનોનો આદર કરે છે' (૩।૨૫।૩૪) એ વાક્ય પ્રમાણે આ જ વૈષ્ણવોનું મુખ્ય લક્ષણ છે. ૧૭.

એવી રીતે સાધારણ (પુરુષો)નું ભગવદીયપણું વર્ણવીને, સ્વભાવથી જ (ભગવાનમાં) આસક્તિવાળા અસાધારણ (પુરુષો)ના એકબીજાના અનાદરરૂપ દોષને દૂર કરવા નીચેના શ્લોકથી આરંભી આક્ષેપ કર્યાનું અને તે દૂર કર્યાનું કહે છેઃ

**પૃથા ભ્રાતૄન્સ્વસૄર્વીક્ષ્ય તત્પુત્રાન્પિતરાવપિ ।।**
**ભ્રાતૃપત્નીર્મુકુન્દં ચ જહૌ સંકથયા શુચઃ ।।૧૮।।**

કુંતીએ ભાઈઓ, બહેનો, તેમના પુત્રો અને માતપિતાને, ભાઈની પત્નીઓને અને મુકુંદને જોઈને (તેમની) સાથેની વાતચિતથી શોકનો ત્યાગ કર્યો. ૧૮.

વસુદેવ વિગેરે ભાઈઓ, શ્રુતદેવા વિગેરે બેનો, બલભદ્ર અને શિશુપાલ વિગેરે તેમના (અનુક્રમે ભાઈના તથા બેનના) પુત્રો, મારિષા અને શૂર (અનુક્રમે) માતા અને પિતા, દેવકી વિગેરે ભાઈની પત્નીઓ અને સર્વને મોક્ષ આપવા

---

૧. લાંબા સમયે મળેલી સ્ત્રીઓ રોતી રોતી તેમનાં નામ લઈ ભેટે છે એમ લોકમાં પ્રસિદ્ધ છે. (લે) અહિં 'રમણ' શબ્દ છે, તેથી આચાર્યશ્રીનો ઈષ્ટ પાઠ 'ડભિરેભિરે' હશે, એમ જણાય છે.

પધારેલા ભગવાન્ મુકુંદને જોયા. 'ચ' 'અને' શબ્દથી તેમનો (મુકુંદનો) સર્વ સાથે સંબંધ કહેલો છે. એ પ્રમાણે (તેમની) સાથે વાતચિતથી શોકનો ત્યાગ કર્યો. સામાન્ય પ્રશ્નથી જ શોકરૂપ દોષ દૂર થયો. ૧૮.

(શોક) વધારે દૂર થાય તે માટે નીચેના શ્લોકમાં આક્ષેપ કહે (કરે છે):

॥ કુન્ત્યુવાચ॥

**આર્ય ભ્રાતરહં મન્યે આત્માનમકૃતાશિષમ્ ॥**
**યદ્વા આપત્સુ મદ્વાર્તાં નાનુસ્મરથ સત્તમાઃ ॥૧૯॥**
**સુહૃદો જ્ઞાતયઃ પુત્રા ભ્રાતરઃ પિતરાવપિ ॥**
**નાનુસ્મરન્તિ સ્વજનં યસ્ય દૈવમદક્ષિણમ્ ॥૨૦॥**

હે આર્ય! હે ભાઈ! હું પોતાને અલ્પ ભાગ્યવાળી માનું છું કારણકે આપત્તિઓમાં પણ સર્વથી ઉત્તમ પુરુષો તમે મારી વાર્તાનું સ્મરણ કરતા નથી. જે સગાનું દૈવ પ્રતિકૂલ હોય છે તેને મિત્રો, સંબંધીઓ, પુત્રો, ભાઈઓ અને માતપિતા પણ સંભારતા નથી. ૧૯-૨૦.

દુષ્ટ તો ન જ પૂછે, પરંતુ તું તો આર્ય છે, છતાં પણ પૂછતો નથી એ આશ્ચર્ય છે. ''હું પોતાને જ 'અકૃતાશિષં' અલ્પ ભાગ્યવાળી માનું છું'' શબ્દોથી તેનાં કારણની પોતે જ કલ્પના કરે છે. નથી કરેલી ભાગ્યનાં કારણવાળી 'આશિષઃ' શુભેચ્છાઓ જેણે, તેવી હું છું, પરંતુ તને બેદરકાર રહેનાર માનતી નથી. ૧૯.

ભાગ્ય ન હોય ત્યારે બંધુઓ લોકમાં પણ ખબર અંતર પૂછતા નથી એ પ્રસિદ્ધ હોવાથી વીસમા શ્લોકમાં તે કહે છે. અમારી[1] તો આપત્તિઓમાં એકની પણ વાર્તાનું (કોઈ પણ) સ્મરણ કરતા નથી, તેમાં શું આશ્ચર્ય?[2] જેનું દૈવ પ્રતિકૂલ હોય છે તેનું મિત્રો વિગેરે કોઈ પણ સ્મરણ કરતા નથી. આપત્તિઓ સદા હોય છે તેથી 'આપત્તિઓમાં જ (સ્મરણ કરતા નથી)' એમ કહેવું યોગ્ય નથી. 'દૈવ' એટલે અદષ્ટના અભિમાનવાળી દેવતા. 'અદક્ષિણમ્' એટલે પ્રતિકૂલ. ૨૦.

નીચેના શ્લોકથી આરંભી વસુદેવ આક્ષેપ દૂર કરે છેઃ

॥ વસુદેવ ઉવાચ॥

**અમ્બ માસ્માનસૂયેથા દૈવક્રીડનકાન્નરાન્ ॥**

---

૧. 'અમારામાંથી એકની પણ (વાત પૂછતા નથી)' એવો અર્થ છે. (લે) એક પણ આપત્તિના સંબંધમાં ખબર કાઢતા નથી, એવો ભાવ જણાય છે.

૨. અહિંથી આશ્ચર્ય ન થાય, તેવું સિદ્ધ કરે છે. આની પહેલા 'યતઃ' 'કારણ કે' શબ્દ અધ્યાહાર જાણવો. (લે)

**ઈશસ્ય હિ વશે લોકઃ કુરુતે કાર્યતે હિ વા ।।૨૧।।**

હે મા! અમને દેવનાં રમકડાંરૂપ માણસોને દોષ ન દો, કારણ કે ઈશ્વરને વશ રહીને લોક (કાર્ય) કરે છે, અથવા કરાવે છે. ૨૧.

નાની બેનનું સ્નેહને લીધે 'મા' નામથી સંબોધન કરે છે. ભાઈ વિગેરેને અમને 'મા અસૂયેથાઃ' દોષ દઈને જૂઓ નહિ. તેનું કારણ 'દેવનાં રમકડાંરૂપ' શબ્દથી કહેલ છે. અહિં દેવ કાલ છે. તેણે જ અવતાર લીધેલ છે, તેથી 'દેવ' શબ્દ યોજેલ છે. તેમાં પણ 'માણસોને' (દોષ ન દો), કારણ કે માણસો સર્વના સેવકો છે. 'એમ કેમ (હોય)' એવી શંકા થાય, તેથી 'કારણ કે ઈશ્વરને વશ રહીને લોક' એમ કહેલ છે. (કોઈના) કરાવ્યાથી કરવામાં અને પરભારું કરવામાં (લોક) 'ઈશસ્ય' વશ રાખનાર કાલને જ વશ છે. (લોક) તે (કાલ)ના ઉદરમાં જ ઉત્પન્ન થએલ હોવાથી આ અર્થ યોગ્ય જ છે. કારણ કે જે જેના ઘરમાં ઉત્પન્ન થાય છે તે તેને વશ હોય છે. 'હિ' શબ્દ સમુચ્ચયના[૧] અર્થમાં યોજેલ છે. 'વા' શબ્દ અનાદર[૨] દર્શાવે છે. બધી ક્રિયાઓ તે (કાલ)ને અધીન છે, એવો અર્થ છે. ૨૧.

એવી રીતે સામાન્ય રીતે (પોતાનું) પરાધીનપણું કહીને નીચેના શ્લોકમાં વિશેષ પ્રકારે પણ (પોતાનું પરાધીનપણું) કહે છેઃ

**કંસપ્રતાપિતાઃ સર્વે વયં યાતા દિશં દિશમ્ ।।**
**એતર્હ્યેવ પુનઃ સ્થાનં દૈવેનાસાદિતાઃ સ્વસઃ ।।૨૨।।**

હે બેન! કંસે દુઃખી કરેલા અમે સર્વે જુદી જુદી દિશામાં ગએલા. દૈવે હમણાં જ પાછા (પોતાના) સ્થાને પહોંચાડેલા છે. ૨૨.

ઘણાં જ દુઃખી કરેલા બધાએ યાદવો 'દિશં દિશં' જુદી જુદી આઠ દિશાઓમાં ગએલા. 'એતર્હ્યેવ' હમણાં જ (દૈવે સ્થાને પહોંચાડેલા છે). ભોગને લીધે (વસુદેવને) કાલનું સ્મરણ રહ્યું નહિ, તેથી કંસનો વધ હમણાં જ થયો, એમ તે માનતા હતા. પાછા 'દૈવેન' ભગવાન્ કાલે, (કંસે) દુઃખ દીધું તે પહેલાનું જે સ્થાન હતું ત્યાં (અમને) પહોંચાડેલા છે. 'હે બેન!' એ સંબોધન હું ઠગતો નથી એમ જણાવવા યોજેલ છે. ૨૨.

એવી રીતે દોષ દૂર કરવાનું કહીને, ગુણો જણાવવા આરંભમાં નીચેના શ્લોકમાં મનનો ગુણ કહે છેઃ

---

૧. પોતે કરે છે અને કોઈના કરાવવાથી કરે છે, તે બધી ક્રિયાઓનો સરવાળો, એવો અર્થ જણાય છે.

૨. 'અનાદર' એટલે તિરસ્કાર. માણસ પોતે કાંઈ કરી શકતો નથી, કાલ કરાવે તેમ જ કરે છે. તેથી તેઓ અનાદર કરેલ છે, એવો ભાવ છે.

।। શ્રીશુક ઉવાચ।।

**વસુદેવોગ્રસેનાદ્યૈર્યદુભિસ્તેઽર્ચિતા નૃપાઃ ।।**

**આસન્નચ્યુતસંદર્શપરમાનન્દનિર્વૃતાઃ ।।૨૩।।**

વસુદેવ ઉગ્રસેન વિગેરે યાદવોથી પૂજાએલા તે રાજાઓ અચ્યુતના દર્શનથી થએલા પરમાનંદથી સુખી થયા. ૨૩.

વસુદેવ ઘણા અલૌકિક હતા, ઉગ્રસેન લૌકિક હતો. તે બે પ્રથમ હતા જે યાદવોમાં, તેઓથી આગળ કહેવામાં આવશે તે બધાએ પૂજાઇ, મોટાના આદર સત્કારથી જેમના મુખ્ય દોષો દૂર થએલા તેવા થયા. અચ્યુતના દર્શનથી જે પરમાનંદ થયો તેનાથી સુખી થયા. સુખ મનનું (મનનો ગુણ) છે. ૨૩.

નીચેના શ્લોકથી આરંભી ત્રણ (શ્લોકો)થી તેમના નામ કહે છેઃ

**ભીષ્મો દ્રોણોઽમ્બિકાપુત્રો ગાન્ધારી સસુતા તથા ।।**

**સદારાઃ પાણ્ડવાઃ કુન્તી સૃઞ્જયો વિદુરઃ કૃપઃ ।।૨૪।।**

(૧) ભીષ્મ (૨) દ્રોણ (૩) અંબિકાનો પુત્ર (૪) અને પુત્રો સાથે ગાંધારી (૫) પત્નીઓ સહિત પાંડવો (૬) કુંતી (૭) સૃંજય (૮) વિદુર (અને) (૯) કૃપ. ૨૪.

(ત્રણ શ્લોકોમાં) અનુક્રમે સાત્ત્વિક, રાજસ અને તામસ કહેલ છે. અંબિકાનો પુત્ર ધૃતરાષ્ટ્ર. 'પુત્રો સાથે' એટલે દુર્યોધન વિગેરે સાથે (ગાંધારી). 'તથા' 'અને' શબ્દથી તે (ગાંધારી) સાત્ત્વિક કહેવામાં સંદેહ હોય તે દૂર કરેલ છે. સાત્ત્વિકના નવ પ્રકાર (કહ્યા). ૨૪.

તેવી જ રીતે નીચેના શ્લોકમાં નવ પ્રકારના રાજસ કહે છેઃ

**કુન્તિભોજો વિરાટશ્ચ ભીષ્મકો નગ્નજિન્મહાન્ ।।**

**પુરુજિદ્દ્રુપદઃ શલ્યો ધૃષ્ટકેતુઃ સકાશિરાટ્ ।।૨૫।।**

(૧) કુંતિભોજ અને (૨) વિરાટ (૩) ભીષ્મક (૪) ઉદાર નગ્નજીત (૫) પુરુજીત (૬) દ્રુપદ (૭) શલ્ય (૮) ધૃષ્ટકેતુ અને (૯) કાશિરાજ. ૨૫.

'ઉદાર' એ નગ્નજીતનું વિશેષણ છે. ૨૫.

**દમઘોષો વિશાલાક્ષો મૈથિલો મદ્રકેકયૌ ।।**

**યુધામન્યુઃ સુશર્મા ચ સસુતા બાહ્લિકાદયઃ ।।૨૬।।**

(૧) દમઘોષ (૨) વિશાલાક્ષ (૩) મૈથિલ (૪) મદ્ર (૫) કેકય (૬) યુધામન્યુ (૭) સુશર્મા (૮) પુત્રો સાથે (૯) બાહ્લિક વિગેરે. ૨૬.

દમઘોષ વિગેરે તામસ છે. 'મદ્રકેકયૌ' મદ્ર દેશનો રાજા અને કેકય દેશનો રાજા. 'પુત્રો સાથે' શબ્દથી (બાહ્લિકના પુત્ર) ભૂરિશ્રવા વિગેરેને જૂદા કહેલા છે,

તેથી તે (તામસો) પણ નવ પ્રકારના હતા. ૨૬.

નિર્ગુણ અથવા પરમ સાત્ત્વિકો જેઓને (ભગવાન સાથે) સંબંધ ન હતો, તેઓનું નીચેના શ્લોકમાં નિરૂપણ કરે છેઃ

**રાજાનોન્યે ચ રાજેન્દ્ર યુધિષ્ઠિરમનુવ્રતાઃ ।।**
**શ્રીનિકેતં વપુઃ શૌરેઃ સસ્ત્રીકં વીક્ષ્ય વિસ્મિતાઃ ।।૨૭।।**
**અથ તે કૃષ્ણરામાભ્યાં સમ્યક્પ્રાપ્તસમર્હણાઃ ।।**
**પ્રશશંસુર્મુદા યુક્તા વૃષ્ણીન્કૃષ્ણપરિગ્રહાન્ ।।૨૮।।**

અને હે ઉત્તમ રાજા! યુધિષ્ઠિરને અનુસરેલા બીજા રાજાઓ સ્ત્રીઓ સહિત શૌરિના લક્ષ્મીના ધામરૂપ દેહને જોઈ વિસ્મય પામ્યા. પછી શ્રીકૃષ્ણ અને બલભદ્રથી સારી રીતે સત્કાર પામેલા તેઓએ આનંદ પ્રાપ્ત કરી શ્રીકૃષ્ણે અનુગ્રહ કરેલા વૃષ્ણિઓની પ્રશંસા કરી. ૨૮.

'બીજા' એટલે પહેલાં કહ્યા તે સિવાયના, 'ચ' 'અને' શબ્દ હોવાથી તેમના સંબંધવાળા (રાજાઓ વિસ્મય પામ્યા).

'આ (પહેલા કહ્યા તેમના) સંબંધવાળા હતા. તેઓ ત્રણ ગુણવાળા થયા, (ત્યારે) બીજા નિર્ગુણ અથવા પરમ સાત્ત્વિક કેમ થયા?' એવી શંકા થાય, તેથી 'યુધિષ્ઠિરને અનુસરેલા' વિશેષણ યોજેલું છે. પરમ વૈષ્ણવ(યુધિષ્ઠિર)ના સંગને લીધે તેના સદ્‌ગુણથી (તેમણે) બોધ લીધો હતો. એ પ્રમાણે આ ચારે પ્રકારનાઓ લક્ષ્મીના ધામરૂપ ભગવાનના દેહને જોઈને વિસ્મય પામ્યા. આ ધ્યાનથી પ્રાપ્ત થાય તેવા દેહનાં દર્શન કેમ થાય છે એમ (વિસ્મય પામ્યા), કારણ કે ધ્યાનથી પ્રાપ્ત થાય તેવો હોવાનું જણાવનાર લક્ષ્મીના ધામરૂપ(પણું) છે. 'સ્ત્રીઓ સહિત' વિશેષણથી (એમ કહેલું છે કે) કુદરતી પત્ની (લક્ષ્મી) વિદ્યમાન હોય ત્યારે વળી બીજીઓને ગ્રહણ કરવી એ પણ આશ્ચર્યકારક છે.

તે (સ્ત્રીઓ)નું એકમતવાળી હોવાપણું અથવા અતિશય કાંતિ જોઈને વિસ્મય પામેલા (રાજા)ઓને નિરંતર (સ્ત્રીઓ સાથે ભગવાનનું) સ્મરણ થવાથી જ્ઞાન ઉત્પન્ન થતાં મોક્ષ પ્રાપ્ત થાય તેથી, અને હમણાં તે (તેમને મોક્ષ પ્રાપ્ત થાય તે) ઈચ્છેલું નહિ હોવાથી શ્રીકૃષ્ણ અને બલભદ્રે તેઓની પૂજા (કરવા)નો આરંભ કર્યો, એમ 'સારી રીતે થએલો છે આદર સત્કાર જેમનો' (શબ્દથી કહેલ છે). પછી ભગવાનની ઈચ્છાથી ભક્તો જ થઈને તેઓએ ભગવાનની સ્તુતિ કરી એમ 'પ્રશંસા કરી' શબ્દથી કહેલ છે. 'આનંદ પ્રાપ્ત કરી' શબ્દોથી અંદરનો સંતોષ, (અને) માત્ર વાણીની (સ્તુતિ) નથી (એમ જણાવેલું છે). ભગવાનની તો બધાએ સ્તુતિ કરે છે. તેઓ દુર્લભ છે કે જે ભગવાનને જેમના ઉપર અનુગ્રહ કરેલ હોય

તેઓની સ્તુતિ કરે. તેથી તેઓએ શ્રીકૃષ્ણે અનુગ્રહ કરેલા વૃષ્ણિઓની પ્રશંસા કરી. ૨૮.

નીચેના શ્લોકથી આરંભી ત્રણ (શ્લોકો)થી સાત્ત્વિક વિગેરે ભાવથી (તેઓએ કરેલી) પ્રશંસા કહે છેઃ

**અહો ભોજપતે યૂયં જન્મભાજો નૃણામિહ ।।**
**યત્પશ્યથાસકૃત્કૃષ્ણં દુર્દર્શમપિ યોગિનામ્ ।।૨૯।।**

હે ભોજપતિ! આ લોકમાં મનુષ્યોમાં તમે સાર્થક જન્મવાળા છો, કારણ કે યોગીઓને પણ જેમનાં દર્શન દુર્લભ છે તેવા શ્રીકૃષ્ણનાં તમે વારંવાર દર્શન કરો છો. ૨૯.

ભગવાનનાં દર્શન દુર્લભ છે એમ માનીને, તે (યાદવો)ને પ્રયાસ વિના થાય છે, તેથી હે ભોજપતિ રાજા! તમે જ સાર્થક જન્મવાળા છો, (અને) ખાસ કરીને મનુષ્યોમાં, કારણ કે વૈકુંઠમાં રહેનારાઓને તો કોઈ સમયે (ભગવાનનાં દર્શન) થાય છે. સંપૂર્ણ પ્રકારે કોઈ સમયે સિદ્ધ થએલો યોગ એક વાર દર્શન કરાવે છે. તમે તો 'અસકૃત્' વારંવાર દર્શન કરો છો. 'પશ્યથ' એવો પાઠ હોય ત્યારે 'થ' ને બદલે 'ત' ન મૂકવાનો પ્રયોગ વૈદિક છે. ૨૯.

એ પ્રમાણે ભગવાનનાં દર્શનની સ્તુતિ કરીને નીચેના શ્લોકમાં ભગવાનના ગુણોનું શ્રવણ વિગેરે ગુણોની પ્રશંસા કરે છેઃ

**યદ્વિશ્રુતિઃ શ્રુતિનુતેદમલં પુનાતિ પાદાવનેજનપયશ્ચ વચશ્ચ શાસ્ત્રમ્ ।।**
**ભૂઃ કાલભર્જિતભગાપિ યદઙ્ઘ્રિપદ્મ**
**સ્પર્શોત્થશક્તિરભિવર્ષતિ નોઽખિલાર્થાન્ ।।૩૦**
**તદ્દર્શન-સ્પર્શનાનુપથ-પ્રજલ્પ-શય્યાશનાસન-સયૌન-સપિણ્ડ-બન્ધઃ ।।**
**યેષાં ગૃહે નરકવર્ત્મનિ વર્તતાં નઃ સ્વર્ગાપવર્ગવિરમઃ સ્વયમાસ વિષ્ણુઃ ।।૩૧।।**

વેદોએ સ્તુતિ કરેલી જેમની કીર્તિ, અને જેમનું ચરણોદક અને જેમની વાણી-શાસ્ત્ર જગતને અત્યંત પવિત્ર કરે છે, પૃથ્વી કાલથી નાશ પામેલ સામર્થ્યવાળી હોવા છતાં પણ જેમનાં ચરણકમલના સ્પર્શથી ઉત્તમ શક્તિવાળી થઈ આપણા સર્વ પદાર્થો આપે છે, (જે) તેવાં દર્શન, સ્પર્શ, સાથે ફરવાનું, વાતચિત, (સાથે) સૂવાનું, ખાનપાન, આસન, વિવાહનો સંબંધ અને ગોત્રના સંબંધવાળા (છે તેવા) વિષ્ણુ પોતે નરકના માર્ગરૂપ ઘરમાં રહેલા તમોને સ્વર્ગ અને મોક્ષમાં આનંદ રહિત કરનાર થયા છે. ૩૦-૩૧.

ભગવાનની 'વિશ્રુતિઃ' કીર્તિ 'શ્રુતિભિઃ' બધાએ વેદોએ સ્તુતિ કરેલી છે. આથી (કીર્તિ) ઘણી અને ઉત્તમ હોવાનું કહ્યું. અથવા 'શ્રુતિભિઃ' શ્રવણ કરનારી

ઇંદ્રિયોએ 'નુતા' ઘણી રસાલ હોવાથી ઘણા આદરપૂર્વક ગ્રહણ કરેલી (ભગવાનની કીર્તિ) 'આ' જગતને પણ ઘણું પવિત્ર કરે છે. ભગવાનની કીર્તિને (કીર્તિના) વિષય[1] તરીકે જ ભગવાન્ સાથે સંબંધ છે, પરંતુ સાક્ષાત્ (સંબંધ) નથી. તેવી (કીર્તિ) પણ જ્યારે પવિત્ર કરે છે ત્યારે સાક્ષાત્ સંબંધવાળા ભગવાનનું તો કહેવું જ શું? એમ (ભગવાનનું) માહાત્મ્ય કહેવાયું. કીર્તિ સાત્ત્વિક છે, ગંગા રાજસી છે, શાસ્ત્ર તેનાથી જૂદું છે, તેથી (તે) બધા સમાન છે એમ જણાવવા 'ચરણોદક (અને વાણી શાસ્ત્ર)' શબ્દ યોજેલ છે. 'વાણી શાસ્ત્ર' એટલે ગીતા અને ભાગવત. આ બે પણ (જગતને) ઘણું પવિત્ર કરે છે. એવી રીતે કીર્તિ વિગેરે દ્વારા પણ ભગવાનનું માહાત્મ્ય કહીને, (ત્રીસમા શ્લોકના) ઉત્તરાર્ધથી જૂદા પ્રકારે પણ પ્રત્યક્ષ જ (માહાત્મ્ય) કહે છે. ઘણા બલવાન કાલથી જેનું જણાએલ અને નહિ જણાએલ સામર્થ્ય નાશ પામેલું છે તેવી થએલી હોવા છતાં પણ, જેમના ચરણના માત્ર સ્પર્શથી જ 'ઉત્થિતાઃ' ઉત્પન્ન થએલી છે બધીએ શક્તિઓ જેની, તેવી થઈ (ભૂમિ) 'નઃ'[2] આપણને બધાએ પદાર્થો આપે છે. આથી એમ જણાવ્યું કે કાલે ગળેલ હોય તે પણ ભગવાનના ચરણનો સ્પર્શ થતાં પાછું સજીવન થાય છે. (ભૂમિનું) પહેલાં કરતાં અધિકપણું અને સર્વને જીવિકા આપનાર હોવાપણું કહ્યું. ૩૦.

એવી રીતે (ભગવાનનાં) દર્શન અને સ્પર્શનું માહાત્મ્ય કહીને, તેવાં દર્શન વિગેરે સર્વ જેમને એકસાથે થાય છે, તેઓનાં ભાગ્યનું શું કહેવું? એમ એકત્રીસમા શ્લોકમાં કહે છે. તેવું દર્શન, સ્પર્શ, 'અનુપથં' સાથે ફરવાનું, ઉત્તમ વાતચિત એટલે ઇચ્છેલી કથાઓ, 'શય્યા' સૂવાનું, 'અશનં' ખાનપાન, 'આસનં' બેસવાનું, 'સયૌનં' સ્ત્રીઓથી થતો (વિવાહનો) સંબંધ, 'સપિણ્ડઃ' ગોત્રનો સંબંધ,- એવી રીતના નવ પ્રકારથી જેને ભગવાન્ સાથે સાક્ષાત્ 'બન્ધઃ' સંબંધ છે (તેવા તમો છો). (ભગવાન્ સાથે) સગુણ સંબંધ તો દુર્લભ છે, તેથી તે જ કહેલો છે. વળી નરકના માર્ગરૂપ ઘરમાં રહેનારા 'યેષાં' જે તમો, તેમને નરક અવશ્ય (પ્રાપ્ત) થાય. સાધારણ ઘર માત્ર નરકનું જ સાધન છે. ખાસ કરીને મર્યાદારહિતનું અમારું અથવા તમારું (ઘર નરકનું સાધન છે). વિષ્ણુ પોતે જ સર્વ સંકટ દૂર કરનારા છે. જે સંબંધ બીજાઓને નરક પ્રાપ્ત કરાવનાર થાય છે, તે જ તમારે વિષ્ણુ (પોતે) થાય છે.

---

૧. કીર્તિનો વિષય ભગવાન્ છે, એટલો જ ભગવાન્ સાથે કીર્તિને સંબંધ છે, સાક્ષાત્ સંબંધ નથી.

૨. 'નઃ' અને 'વઃ' એવા જુદા જુદા પાઠ લઈ, એ પ્રમાણે અર્થ કરેલો જણાય છે.

'તેથી શું?' એવી શંકા દૂર કરવા, વિષ્ણુનો ચાલુ પ્રસંગમાં ઉપયોગી ગુણ કહે છે કે સ્વર્ગ અને મોક્ષમાં પણ આનંદ રહિત કરનાર છે, કારણ કે ભગવાનનાં દર્શન થાય ત્યારે કોઈને પણ સ્વર્ગમાં અથવા મોક્ષમાં આનંદ થતો નથી. અથવા (સ્વર્ગમાં અને મોક્ષમાં આનંદ) બંધ કરાવનાર છે. જ્યાં સુધી એવી રીતે સંબંધમાં આવેલા ભગવાન્ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી જ સ્વર્ગ અને મોક્ષ પ્રાપ્ત કરે છે (કરવા ઈચ્છે છે). એવી રીતે તે (વૃષ્ણિ)ઓની પ્રશંસા કરી શાંત રહ્યા. ૩૧.

એવી રીતે એક પ્રકારના[૧] (રાજા)ઓ ભગવાનમાં આસક્તિવાળા હોવાનું કહ્યું. (ભગવાન્) જ્ઞાન પ્રાપ્ત કરવા યોગ્ય છે એમ જણાવવા, નીચેના શ્લોકથી આરંભી બીજાઓની[૨] (ભગવાનમાં આસક્તિ) કહે છેઃ

।। શ્રીશુક ઉવાચ।।

**નન્દસ્તત્ર યદૂન્ પ્રાપ્તાન્ શ્રુત્વા કૃષ્ણપુરોગમાન્ ।।**
**તત્રાગમદ્‌વૃતો ગોપૈરનઃસ્થાર્થૈર્દિદક્ષયા ।।૩૨।।**

શ્રીકૃષ્ણ જેઓમાં મુખ્ય હતા તેવા યાદવોને ત્યાં આવેલા સાંભળીને, (તેમને) મળવાની ઈચ્છાથી ગોપો અને ગાડામાં રહેલા પદાર્થોથી વીંટાએલ નંદ ત્યાં ગયા. ૩૨.

નંદ પૂર્વ ભાગમાં દૂર હતા, અને યાદવો તો પશ્ચિમ ભાગમાં રહ્યા હતા. તેથી પછીથી આવેલા સાંભળીને બધા સાથે ત્યાં ગયા. ત્યાં કુરુક્ષેત્રમાં 'કૃષ્ણપુરો-ગમાન્' શ્રીકૃષ્ણ જ મુખ્ય હતા જેઓમાં તેવા યાદવોને આવેલા સાંભળીને, ભગવાનનું ઐશ્વર્ય જોવું જોઈએ, એવા વિચારથી ગોપો અને ગાડાઓ તથા સર્વ પદાર્થોથી વીંટાએલ નંદ ભગવાનનાં દર્શન કરવા ત્યાં આવ્યા. ૩૨.

તેમના પ્રતિ યાદવોએ પહેલાં કરતા પણ વિશેષ આદર દર્શાવ્યો, એમ નીચેના શ્લોકથી આરંભી કહે છેઃ

**તં દૃષ્ટ્વા વૃષ્ણયો હૃષ્ટાસ્તન્વઃ પ્રાણમિવોત્થિતાઃ ।।**
**પરિષસ્વજિરે ગાઢં ચિરદર્શનકાતરાઃ ।।૩૩।।**

તેમને જોઈને લાંબા સમયે થએલ દર્શનને લીધે આકુલ થએલા વૃષ્ણિઓએ પ્રસન્ન થઈ, જેમ પ્રાણ આવે ત્યારે અંગો ઉભા થાય તેમ ઉભા થઈ, (તેમને) ગાઢ આલિંગન કર્યું. ૩૩.

માત્ર દર્શનથી જ બધા વૃષ્ણિઓ પ્રસન્ન થયા, તેમના મનમાં પ્રસન્નતા થઈ. પછી મનની પ્રેરણા વિનાના જ દેહથી પણ તેઓ ઉભા થયા, એમ 'જેમ

૧. 'એક પ્રકારના' એટલે પોતાની જાતના (ક્ષત્રિયો). (લે)
૨. 'બીજાઓ' એટલે જૂદી જાતના (ગોપ વિગેરે વૈશ્યો). (લે)

પ્રાણ આવે ત્યારે અંગો ઉભા થાય તેમ ઉભા થઈ' શબ્દોથી કહેલ છે. જેમ પ્રાણો આવે ત્યારે હાથ, પગ વિગેરે અવયવો પોતાની મેળે જ ઉભા થાય છે, તેમ (ઉભા થયા). આથી એમ કહેલું છે કે આટલા સમય સુધી યાદવો જાણે કે મૂર્ચ્છા પામેલા હોય તેવા હતા. તેથી તેઓએ અનુક્રમે જેમ (નંદ વિગેરે) મળ્યા તેમ આલિંગન કર્યું, અને વળી 'ચિરદર્શનેન' લાંબા સમયે થએલ દર્શનને લીધે 'કદાચ (આ) અમને તજીને જતા રહેશે' એવા વિચારથી આકુલ થયા. ૩૩.

એવી રીતે સાધારણ (યાદવો)નો (આદર) કહીને, નીચેના શ્લોકમાં પહેલાંની પેઠે વસુદેવનો ઉત્તમ (આદર) કહે છેઃ

**વસુદેવઃ પરિષ્વજ્ય સંપ્રીતઃ પ્રેમવિહ્વલઃ ।।**
**સ્મરન્ કંસકૃતાન્ ક્લેશાન્ પુત્રન્યાસં ચ ગોકુલે ।।૩૪।।**

વસુદેવ (તેમને) ભેટી, કંસે દીધેલ દુઃખોનું અને પુત્રોને ગોકુલમાં રાખેલ તેનું સ્મરણ કરતાં પ્રસન્ન થયા (અને) પ્રેમથી વિહ્વલ થયા. ૩૪.

(વસુદેવ) અંદરથી સારી રીતે પ્રસન્ન થયા, અને બહાર પ્રેમથી વિહ્વલ થયા એમ તેમની આટલી જ અવસ્થા કહેલી છે. વિહ્વલ થવાનું કારણ ઉત્તરાર્ધથી કહેલું છે. પુત્રોને હણ્યા તે, વિગેરે (કંસે દીધેલ દુઃખો) અને શ્રીકૃષ્ણ અને બલભદ્રને ગોકુલમાં રાખેલ તે (વિહ્વલ થવાનાં કારણ હતા). ૩૪.

પછી નંદને સાક્ષાત્ ભગવાનનાં દર્શન થયાં, એમ કહે છેઃ

**કૃષ્ણરામૌ પરિષ્વજ્ય પિતરાવભિવાદ્ય ચ ।।**
**ન કિંચનોચતુઃ પ્રેમ્ણા સાશ્રુકણ્ઠૌ કુરૂદ્વહ ।।૩૫।।**

હે ઉત્તમ કૌરવ! શ્રીકૃષ્ણ અને બલભદ્રે ભેટી માતપિતાને નમન કર્યું, અને પ્રેમને લીધે આંસુથી ભરેલ કંઠવાળા થઈ કાંઈ પણ બોલ્યા નહિ. ૩૫.

બંને આરંભમાં ભેટી (યશોદા અને નંદ) માતપિતા હોવાથી (તેમને) નમન કરી, પ્રથય થએલા પ્રેમને લીધે આંસુથી ભરેલ કંઠવાળા થઈ, કાંઈ પણ બોલ્યા નહિ, શાંત રહ્યા. નંદ પ્રતિ કાયાની અને મનની જ ક્રિયા ભગવાને દેખાડી, પણ વાણીની (દેખાડી) નહિ, એવો (અર્થ છે). 'હે ઉત્તમ કૌરવ!' એ સંબોધન (પરીક્ષિતને) વિશ્વાસ રહે તે માટે કરેલું છે. ૩૫.

પછી નીચેના શ્લોકમાં નંદનું કાર્ય કહે છેઃ

**તાવાત્માસનમારોપ્ય બાહુભ્યાં પરિરભ્ય ચ ।।**
**યશોદા ચ મહાભાગા સુતૌ વિજહતુઃ શુચઃ ।।૩૬।।**

(નંદ) અને મહાભાગ્યવાળી યશોદાએ તે બે પુત્રોને દેહરૂપી આસન ઉપર બેસાડી, અને બે હાથથી ભેટી, શોકનો ત્યાગ કર્યો. ૩૬.

યશોદા અને નંદ બાલભાવથી જ ભગવાનનું ચિંતન કરતા હોવાથી, 'જેઓ મને જે પ્રકારે ભજે છે' (ભ.ગી.૪।૧૧) એ નિયમ પ્રમાણે (ભગવાન્ અને બલભદ્ર) તેમની પાસે બાલક તરીકે જ આવ્યા. તેથી (તેઓ નાના હોવાથી તેમને) પોતાના ખોડામાં બેસાડી,-કારણ કે 'આત્મા' દેહ જ આસન હતું-પછી બે હાથથી ભેટી, 'ચ' 'અને' શબ્દ હોવાથી (મસ્તક) સૂંઘવાનું વિગેરે પણ કરીને, (તેઓએ) 'શુચઃ' શોકના આંસુઓ પાડ્યા, અથવા શોકનો ત્યાગ કર્યો. ૩૬.

એવી રીતે પુરુષોનો પરસ્પર સંબંધ કહીને, નીચેના શ્લોકમાં સ્ત્રીઓનો (તેવો સંબંધ) કહે છેઃ

**રોહિણી દેવકી ચાથ પરિષ્વજ્ય વ્રજેશ્વરીમ્ ।।**
**સ્મરન્ત્યૌ તત્કૃતાં મૈત્રીં બાષ્પકણ્ઠ્યૌ સમૂચતુઃ ।।૩૭।।**

અને પછી રોહિણી અને દેવકીએ વ્રજેશ્વરીને ભેટી, તેણે કરેલ ઉપકારનું સ્મરણ કરતાં આંસુવાળા કંઠવાળી થઈ (નીચે પ્રમાણે) કહ્યું. ૩૭.

'પછી' એટલે પહેલાંની (સ્ત્રીઓ) કરતાં જૂદા આરંભથી. રોહિણી દેવકી અને 'ચ' 'અને' શબ્દ હોવાથી તેમના સંબંધવાળી (સ્ત્રી)ઓ પણ (ભેટી).

'(પોતાની) સમાન નહિ તેવી (યશોદા)ને તેઓ કેમ ભેટી?' એવી શંકા થાય, તેથી 'વ્રજેશ્વરીને' શબ્દ યોજેલ છે. તે વ્રજ એટલે સર્વ ગાયોરૂપી ધનની માલિક હતી. તેથી દેવતારૂપ હોવાથી (તેમની) સમાન[1] હતી, એવો અર્થ છે. પછી તેણે કરેલ ઉપકારનું સ્મરણ કરતાં, આંસુવાળા કંઠવાળી થઈ (તેમણે નીચે પ્રમાણે) કહ્યું. આ (સ્ત્રીઓ)ની દેહ વિગેરે ત્રણની ક્રિયા કહી. ૩૭.

નીચેના શ્લોકથી આરંભી બે (શ્લોકો)થી તેઓનાં વચન કહે છેઃ

**કા વિસ્મરેત વાં મૈત્રીમનિવૃત્તાં વ્રજેશ્વરિ ।।**
**અવાપ્યાપ્યૈન્દ્રમૈશ્વર્યં યસ્યા નેહ પ્રતિક્રિયા ।।૩૮।।**

હે વ્રજેશ્વરિ! ઈંદ્રનું ઐશ્વર્ય પ્રાપ્ત કરીને પણ જેનો આ લોકમાં બદલો નથી તેવા, બદલો ન વાળી શકાય તેવા તમારા ઉપકારને કોણ ભૂલે? ૩૮.

'વાં' તમો બે નંદ અને યશોદાના 'અનિવૃત્તાં' બદલો વાળી ન શકાય તેવા એટલે સામો ઉપકાર થઈ ન શકે તેવા (ઉપકારને કોણ ભૂલે?). 'હે વ્રજેશ્વરિ!' એ સંબોધન (યશોદાનું) માહાત્મ્ય જણાવવા (યોજેલું છે). નંદ પણ સમીપમાં જ ઉભા છે. દૂરથી વ્યવહાર ક્ષત્રિયોમાં જ (હોય છે).

'સામો ઉપકાર કરવા શક્તિવાળા હોવા છતાં યાદવોએ સામો ઉપકાર કરેલ નથી' એવું યશોદાના હૃદયમાં કદાચ (યાદવોનું) કૃતઘ્નપણું જણાય, તે દૂર

૧. વૃંદાવન પ્રેસવાળી પ્રતનો 'સમા' પાઠ લઈ અર્થ કરેલ છે.

થાય તે માટે 'ઇંદ્રનું ઐશ્વર્ય પ્રાપ્ત કરીને પણ' શબ્દો કહેલા છે. ઇંદ્રનું ઐશ્વર્ય પ્રાપ્ત કરીને પણ કોણ ભૂલે? એવો (અર્થ છે). યશોદા અને નંદે જે પદાર્થ આપેલ છે તે સ્વર્ગ વિગેરેમાં પણ નથી જ. તે (પદાર્થ) જ ભૂલાવનાર હોઈ શકે કે જે (તેથી) ઉત્તમ હોય. 'હવે સામો ઉપકાર કરવો જોઈએ' એવા તે મત પ્રમાણે પણ, ઇંદ્રનું સ્થાન આપવામાં આવે તો પણ સામો ઉપકાર થતો નથી, તેથી ઇંદ્રની ઉત્તમ સ્થિતિ કહેલી છે. જે ઉપકારનો 'ઇહ' જગતમાં સામો ઉપકાર જ નથી (તેવો ઉપકાર તમે બેએ કરેલો છે). આથી એમ જણાવેલું છે કે તમે બેએ ઉપકારથી બધા યાદવોને ખરીદ કરેલા છે. ૩૮.

નીચેના શ્લોકમાં તે ઉપકારનું સ્મરણ કરાવે છેઃ

**એતાવદૃષ્ટપિતરૌ યુવયોઃ સ્મ પિત્રોઃ**
**સંપ્રીણનાભ્યુદયપોષણલાલનાનિ ।।**
**પ્રાપ્યોષતુર્ભવતિ પક્ષ્મ હ યદ્વદક્ષ્ણોર્ન્ય-**
**સ્તાવકુત્ર ચ ભયૌ ન સતાં પરઃ સ્વઃ ।।૩૯।।**

જેમણે (પોતાના) માતપિતાને જોયા ન હતા તેવા આ બે હતા. તમો બે માતપિતા પાસેથી પ્રસન્નતા, સમૃદ્ધિ, પોષણ અને લાલન પ્રાપ્ત કરી રહેલા. હે આર્યે! જેમ આંખોનું પાપણ (રક્ષણ કરે છે) તેની પેઠે (આ) બેનું તમે (રક્ષણ કર્યું). તમને સોંપેલા સર્વ તરફથી ભયરહિત હતા. સત્પુરુષોને પોતાનો અને પારકો હોતા નથી. ૩૯.

બાલપણમાં જોએલ હોય તે જોએલ નથી (ન ગણાય). તેથી જેમણે (પોતાના) માતપિતાને જોયા ન હતા તેવા હતા. તમે બે જ માતપિતા હતા ત્યારે માતપિતા પાસેથી પ્રસન્નતા વિગેરે પ્રાપ્ત કરી, તમો બેની પાસે જ રહેલા. (તમારા) અલૌકિક દાન, કલ્યાણકારિ આચરણ વિગેરેથી સારી રીતે પ્રસન્નતા, સાંત્વન વિગેરેથી સમૃદ્ધિ, માખણ વિગેરેથી પોષણ, (અને) પ્રશંસા ચુંબન વિગેરેથી લાલન, આ ચાર પ્રાપ્ત કરી (રહેલા). જેમ આંખોનું પાપણ (રક્ષણ કરે છે) તેવા (તમો) હતા, તેથી 'હે આર્યે!' તેવું સંબોધન કરેલું છે. હે આર્યે! જેમ આંખોનું પાપણ (રક્ષણ કરે છે) તમે તમે આ બેનું રક્ષણ કરતા હતા, એવી યશોદાની અધિક સ્તુતિ કરેલી છે. તેથી જ તમો બેને સોંપેલા આ બે સર્વ તરફથી ભયરહિત હતા. તેથી જ પૂતના વિગેરેનો ભય દૂર થએલ, એવો ભાવ છે.

એવી રીતે પોતાના (હોય તે)ની જ રક્ષા કરવામાં આવે છે, તેથી શ્રીકૃષ્ણ અમારા જ છે, અને અમારે લઈ જવાના છે, એવી શંકા થાય, તેથી 'સત્પુરુષોને પોતાનો અને પારકો હોતા નથી' એમ કહેલું છે. 'પારકો અને પોતાનો' એવી દુષ્ટ

બુદ્ધિ સત્પુરુષોને કોઈ પણ સમયે હોતી નથી. ૩૯.

એમ[1] બીજાઓની (ભગવાનમાં આસક્તિ) કહીને નીચેના શ્લોકમાં ત્રીજીઓની કહે છેઃ

।। શ્રીશુક ઉવાચ।।

**ગોપ્યશ્ચ કૃષ્ણમુપલભ્ય ચિરાદભીષ્ટં યત્પ્રેક્ષણે દશિષુ પક્ષ્મકૃતં શપન્તિ।।**
**દગ્ભિર્હૃદીકૃતમલં પરિરભ્ય સર્વાસ્તદ્ભાવમાપુરપિ નિત્યયુજાં દુરાપમ્।।૪૦।।**

અને જેમના દર્શનના સમયે આંખોમાં પાપણ બનાવનારની નિંદા કરતી હતી તેવા લાંબા સમયથી ઈચ્છેલા શ્રીકૃષ્ણને પ્રાપ્ત કરીને, બધી ગોપીઓએ દૃષ્ટિથી હૃદયમાં પધરાવેલા (તેમ)ને ગાઢ આલિંગન કરી, નિત્ય યોગ આચરનારા ઓને પણ પ્રાપ્ત ન થઈ શકે તેવો તેમણે (તાદાત્મ્ય) ભાવ પ્રાપ્ત કર્યો. ૪૦.

ગોપીઓને શ્રીકૃષ્ણ જ વાતચિત કરવા યોગ્ય હતા, પરંતુ દેવકી વિગેરે (તેવા) ન હતા[2]. તેવી (ગોપી)ઓએ શ્રીકૃષ્ણને 'પ્રાપ્ત કરી' એટલે સારી રીતે જોઈને, દૃષ્ટિમાં રહેલા ભગવાનને ચક્ષુઓથી જ હૃદયમાં પધરાવીને અંતઃકરણમાં પધારેલા ભગવાનને દેહ વિગેરેના પડદા વિના આત્માથી જ 'અલમ્' અત્યંત ગાઢ આલિંગન કરીને, બધીઓએ જ તેમનો ભાવ શ્રીકૃષ્ણની સ્થિતિ પ્રાપ્ત કરી. ભગવાન્ (હૃદયની) અંદર પધાર્યા ત્યારે આલિંગન કરવા તત્પર થએલીઓએ પોતાના જીવાત્માનો તેમની સાથે સંબંધ કરાવી, ભગવાન્ સાથે ઐક્ય પ્રાપ્ત કર્યું. (જીવાત્મા સાથે) સૂક્ષ્મ શરીર પણ હોય છે તેથી, (અને) જીવના ગુણો કરતાં ભગવાનના ગુણો ઘણા બલવાન હોવાથી, તેઓએ જીવભાવનો ત્યાગ કરી ભગવદ્ભાવ પ્રાપ્ત કર્યો, એવો અર્થ છે. 'લાંબા સમયથી ઈચ્છેલા' વિશેષણથી સંપૂર્ણ રીતે પ્રાણોનું[3] ભગવાનની સમીપ જવાનું કારણ કહેલું છે. 'જેમનાં દર્શનના સમયે આંખોમાં પાપણ બનાવનારની નિંદા કરતી હતી' શબ્દોથી ઈચ્છેલા હોવાની ઉત્તમ સીમા કહેલી છે. 'જ્યારે શ્રીમુખનું દર્શન કરીએ છીએ ત્યારે આંખોની પાંપણ કરનાર જડ જણાય છે' ૧૦।૨૮।૧૫ વાક્યથી 'આંખોનું

૧. 'અમારા માતપિતાને પ્રીતિ ઉત્પન્ન કર' 'ગોપિકાઓના વિયોગના દુઃખને દૂર કર' એમ ૧૦।૪૩।૩માં જૂદી જાતનાં બે પ્રકારના કહેલા છે. પોતાની જાતનાને પહેલાં ગણતાં આ બીજા અને ત્રીજા (અનુક્રમે) થાય છે. (લે)

૨. કારણ કે તેઓ શ્રીકૃષ્ણને વ્રજમાંથી લઈ ગએલ. (લે) દેવકી વિગેરે સાથે ગોપીઓને પહેલાં કોઈ સંબંધ ન હતો, તે કારણ હોવાનું સંભવે છે.

૩. 'પ્રાણો' એટલે ઈંદ્રિયો અને અંતઃકરણ (લે) અહિં લેખમાં 'પ્રાણાનાં' બદલે 'પ્રમાણાનાં' ભૂલથી છપાએલ જણાય છે.

રક્ષણ કરવા પાપણ કરવામાં આવે છે. ભગવાન નાં દર્શન થતાં હોય ત્યારે આંખને (કોઈ) ઈજા કરનાર હોવાનો ભય રહેતો નહિ હોવાથી પાપણ નકામી છે, ઉલટું (દર્શનમાં) આવરણ કરતી હોવાથી વિઘ્ન કરનારી છે. તેથી જેમને ભગવાનનાં દર્શન થાય છે તેમની પાપણ બનાવનાર બ્રહ્મા દર્શનરસથી અજાણ જડ જ છે' એમ કહેતાં, ભગવાનનાં દર્શન થાય ત્યારે આંખોમાં જેણે પાપણ કરેલી છે તે બ્રહ્માની (ગોપીઓ) નિંદા કરે છે. એ પ્રમાણે દર્શનના રસને જાણનારી (ગોપીઓ), પછી દૃષ્ટિથી ભગવાનને હૃદયમાં પધરાવી ને, બહાર ભયને લીધે આલિંગનમાં વિઘ્ન થાય તેથી અંદર જ આલિંગન કરીને, તદ્રૂપ (ભગવાનના ભાવવાળી) થઈ. તેઓનો આ ભાવ કામથી[૪] થયો, અને તે પણ પ્રયાસ વિના. આ હજારો સાધનથી પણ થઈ શકે તેમ નથી એમ 'નિત્ય યોગ આચરનારાઓને પણ પ્રાપ્ત થઈ ન શકે તેવો' શબ્દોથી કહેલ છે. સદા યોગ આચરનારાઓને પણ પ્રાપ્ત ન થઈ શકે તેવો (આ ભાવ) છે. ઈર્ષ્યા વિગેરે બધા દોષો મટાડવા માટે બીજો ઉપાય પ્રાપ્ત ન થવાથી ભગવાને (તેમને) પોતાનો ભાવ[૫] આપ્યો, પરંતુ તેઓને પોતાના ભાવનું કાંઈ ભાન ન હતું. તેથી જ શાસ્ત્રમાં કહેલું છે કેઃ ''હે ઇંદ્રિયોવાળી! હે બુદ્ધિશાળી! આ શું (થયું)? અરેરે! હરિ સાથે (મને) સંગ કેમ થયો? (મારું) વસ્ત્ર પીળું થયું, શરીર કાળું થયું (અને) સ્ત્રીભાવ જતો રહ્યો.'' તેથી પહેલાની (સ્થિતિ) ભૂલાવવા માટે ભગવાને એ પ્રમાણે કર્યું, એમ ત્રીજી કક્ષામાં રહેલીઓનું ઉત્તમપણું કહ્યું. ૪૦.

પછી ભગવાને તે ભાવ દઢ કરવા માટે કાંઈક ઉપદેશ આપવા ત્યાંથી ઉઠી એકાંતમાં જઈ જે યોગ્ય હતું તે કર્યું, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**ભગવાંસ્તાસ્તથાભૂતા વિવિક્ત ઉપસંગતાઃ ।।**
**આશ્લિષ્યાનામયં પૃષ્ટ્વા પ્રહસન્નિદમબ્રવીત્ ।।૪૧।।**

તેવી થએલી, એકાંતમાં સમીપ આવેલી તેઓને ભગવાને આલિંગન કરી, કુશલ પૂછી, હસતાં આ (નીચે પ્રમાણે) કહ્યું. ૪૧.

(ભગવાન્) પોતે જ (ગોપીઓની) અંદર હોવાથી, તે જે કરશે તે જ તેઓ સ્વીકારશે એવા આશયથી, 'વિવિક્તે' એકાંતમાં 'ઉપસંગતાઃ' સમીપ આવેલી ગોપીઓને બહારથી પોતે જ આલિંગન કરીને, પોતાના બહારના ધર્મોનું પણ તેઓમાં બહારથી સ્થાપન કરીને, પછી કુશલ પૂછીને પોતાના વચનનું[૧] સ્મરણ કરીને હસતાં 'આ' એટલે જે (નીચે) કહેવામાં આવશે તે (ભગવાને) કહ્યું. ૪૧.

૧. ૧૦।૩૬।૩૫માં ભગવાને કહેલું વચન.

પોતાની લીલા તેઓમાં સ્થાપન કરતા હોય તેમ (ભગવાન્) નીચેના શ્લોકથી આરંભી કહે છે:

**અપિ સ્મરત નઃ સખ્યઃ સ્વાનામર્થચિકીર્ષયા ।।**
**ગતાંશ્ચિરાયિતાન્ શત્રુપક્ષક્ષપણચેતસઃ ।।૪૨।।**

હે સખીઓ! બંધુઓનું હિત કરવાની ઈચ્છાથી ગએલ (અને) શત્રુઓના પક્ષોનો નાશ કરવામાં રોકાએલ ચિત્તવાળા લાંબા સમય સુધી (બહાર) રહેલ અમને તમે સંભારો છો ને? ૪૨.

હે સખીઓ! 'અપિ' શબ્દ સંભવ દર્શાવવા (યોજેલ છે). 'નઃ' અમને તમે સંભારો છો ને? ન સંભારો તો તે તમારો જ દોષ (ગણાય) એવું મશ્કરીનું વચન છે. 'બંધુઓનું હિત કરવાની ઈચ્છાથી ગએલ' શબ્દોથી પોતાનો અપરાધ ન હોવાનું જણાવે છે.

શા માટે (અપરાધ નહિ)? કાર્ય માટે મથુરા ગયા, ત્યાં બંધુઓનું હિત કરવાની પ્રવૃત્તિમાં ઘણો સમય થયો, તેથી જ (તમારી પાસે ગોકુલ) અવાયું નહિ, પરંતુ ચિત્ત તો તમારામાં જ હતું, એવો અર્થ છે. 'શત્રુઓના પક્ષોનો નાશ કરવામાં રોકાએલ ચિત્તવાળા' વિશેષણથી લાંબા સમય સુધી (ગોકુલથી દૂર) રહેવાનું કારણ કહેલું છે. શત્રુઓના બધાએ પક્ષોનો નાશ કરવો જોઈએ, કારણ કે તેમ કરવામાં ન આવે તો મૂલ સહિત (શત્રુઓનો) નાશ થાય નહિ. સ્ત્રીઓ સાથે મશ્કરીની ભાષામાં ભગવાને આ કહેલું છે. ૪૨.

પરંતુ જે મર્મ ન જાણતો હોય તે આ (ખુલાસો) સ્વીકારે, પણ જાણતો હોય તે ન સ્વીકારે. મર્મ જાણનારી ગોપીઓ 'ભગવાન ઠગે છે' એમ વિચારી ભગવાન્ વિષે વિરુદ્ધ વિચારની બુદ્ધિવાળી થઈ.[1] તેથી (તેઓનો) તે દોષ દૂર કરવા ભગવાન્ નીચેનો શ્લોક કહે છે:

**અપ્યવધ્યાયથાસ્માન્સ્વિદકૃતજ્ઞા વિશઙ્કયા ।।**
**નૂનં ભૂતાનિ ભગવાન્ યુનક્તિ વિયુનક્તિ ચ ।।૪૩।।**

શું અમે કૃતજ્ઞ નથી એવી શંકાથી તમે અમારા વિષે વિરુદ્ધ વિચાર કરો છો ને? ખરેખર! ભગવાન્ પ્રાણીઓને ભેગા કરે છે અને વિખૂટા પાડે છે. ૪૩.

'ધ્યૈ' ધાતુ વિચાર કરવાના અર્થવાળો છે. 'અવ' ઉપસર્ગ સહિત આજ્ઞાર્થમાં ('થ'ને બદલે) 'ત' પ્રત્યય વિનાનું બીજા પુરુષના બહુવચનનું (તે ધાતુનું) રૂપ 'અવધ્યાયથ' એવું છે. 'અવધ્યાનં' એટલે વિરુદ્ધ ધ્યાન 'અપિ' શબ્દ

૧. ભગવાન્ મનુષ્ય છે એવી આમની બુદ્ધિ હતી, એમ સ્વીકારીને આ વચન (કહેલું છે) એવો ભાવ છે. (લે)

સંભવ જણાવવા યોજેલ છે. 'અસ્માન્' 'અમારા વિષે' શબ્દ (ભગવાન્) બલભદ્ર, ઉદ્ધવ વિગેરે સાથે હોવાથી, તેમના વિષે વિરુદ્ધ વિચાર થયાનું સૂચવે છે.

'અપિ સ્વિદ્' 'શું!' (વિગેરે)થી (એમ કહેલું છે કે) 'આ કૃતજ્ઞ નથી' એવી જે સ્પષ્ટ શંકા અથવા વિરુદ્ધ શંકા (તેમને છે તે સંબંધમાં) ઉત્તરાર્ધથી એમ કહે છે કે પોતાને આધીન હોય તો આ દોષ થાય, પરંતુ આ (કૃતજ્ઞ થવું તે) પરાધીન છે. (ભગવાન્ પ્રાણીઓને) ભેગા કરે છે અને કોઈ સમયે 'વિયુનક્તિ' વિખૂટા પાડે છે. જે પક્ષમાં ભગવાન્ વિષે જાર (હોવા)ની બુદ્ધિ હતી, તે પક્ષ પ્રમાણે એવા પ્રકારનું વચન કહેલું છે, કારણ કે પ્રાણીઓ જ જાર હોય છે. (ભગવાન્ હોતા નથી). ૪૩.

'ભેગા કરવાનું અને વિખૂટા પાડવાનું કાલથી કેવી રીતે થાય?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**વાયુર્યથા ઘનાનીકં તૃણં તૂલં રજાંસિ ચ ||**
**સંયોજ્યાક્ષિપતે ભૂયસ્તથા ભૂતાનિ ભૂતકૃત્ ||૪૪||**

જેમ વાયુ વાદળાઓના સમૂહને ઘાસને રૂને અને રજકણોને ભેગાં કરે છે અને વળી વિખૂટા પાડે છે તેમ કાલ પ્રાણીઓને ભેગાં કરે છે અને વિખૂટા પાડે છે. ૪૪

જેમ વાયુ વાદળાઓના સમૂહને વિખેરે છે અને ભેગાં કરે છે, જેમ વંટોળીઆરૂપ (વાયુ) ઘાસના સમૂહને અને 'તૂલં' રૂના જથ્થાને, 'રજઃ' ભૂમિનાં રજકણોને (વિખેરે છે અને ભેગાં કરે છે)–ઘાસ વિગેરે (ત્રણ અનુક્રમે) રાજસ, સાત્ત્વિક અને તામસ છે. વાદળાં નિર્ગુણ છે. ચારે પ્રકારનાને વાયુ પોતાની ઈચ્છા પ્રમાણે ખેંચી જાય છે અને રાખે છે–તેવી રીતે 'ભૂતકૃત્' કાલ 'ભૂતાનિ' ચારે પ્રકારના પ્રાણીઓને ભેગા કરે છે અને વિખૂટા પાડે છે. તેથી ભેગા થવું અને વિખૂટા પડવું કાલને અધીન હોવાથી તે માટે કોઈને પણ દોષ દેવો યોગ્ય નથી. ૪૪.

'જો (ગોપીઓ) પરમ તત્ત્વને જાણનારી હોય તો?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**મયિ ભક્તિર્હિ ભૂતાનામમૃતત્વાય કલ્પતે ||**
**દિષ્ટ્યા યદાસીન્મત્સ્નેહો ભવતીનાં મદાપનઃ ||૪૫||**

મારા ઉપરની ભક્તિ પ્રાણીઓને મોક્ષ આપવાની શક્તિવાળી છે. તમારો મારી પ્રાપ્તિ કરાવનારો જે મારામાં સ્નેહ થયો તે ભાગ્યથી (થયો). ૪૫.

'ભક્તિ' એટલે શાસ્ત્રમાં જણાવેલી અંદરના પ્રેમવાળી સેવા વિગેરે, અથવા 'હું પહેલી, હું પહેલી' એવી ઈંદ્રિયોની કુદરતી ક્રિયા. 'અમૃતત્વાય' મોક્ષ આપવાની (શક્તિવાળી છે). 'પ્રાણીઓને' શબ્દથી (એમ જણાવ્યું છે કે) આ

વિષયમાં અધિકાર વિગેરે ગૌણ ભેદ કહેવાના નથી. જેમ મર્યાદામાં બ્રાહ્મણને જ મોક્ષ પ્રાપ્ત થાય છે એવું છે, તેવું ભક્તિમાર્ગમાં નથી. 'શક્તિવાળી છે' શબ્દથી (એમ કહેલું છે કે) (બીજા કોઈની) સાહાય્ય વિનાની જ ભક્તિ મોક્ષ આપવાની શક્તિવાળી છે, પરંતુ જ્ઞાનની પેઠે કર્મની અથવા અંતઃકરણની શુદ્ધિની તેને જરુર નથી. તેથી ભક્તોને મોક્ષ પ્રાપ્ત કરવાનું ઘણું કઠણ નથી.

તમારામાં તો તેથી પણ ઉત્તમ (ગુણ) છે એમ ઉત્તરાર્ધથી કહેલ છે. સ્નેહ લૌકિક છે, તે તો 'પુરુષ કામનાથી ભરપૂર છે' વાક્ય પ્રમાણે કામથી થએલ હોય છે, અને કુદરતી પણ હોય છે. શાસ્ત્રમાં કહેલો કૃત્રિમ છે, કારણ કે ભગવાનના સંબંધવાળો કુદરતી હોતો નથી, કેમ કે ભગવાન્ (તેમની) સાથે વ્યવહાર થઈ ન શકે તેવા છે. ચાલુ પ્રસંગમાં (ગોપીઓનો) તો દૈવની ગતિમા મારા સંબંધવાળો (સ્નેહ) થયો અને તેનું ફલ 'મદાપનઃ' એટલે મને જ 'આપયતિ' પ્રાપ્ત કરાવનારો છે, એટલે મારો ભાવ અથવા મારી સાથે સાયુજ્ય કરે છે, એવો અર્થ છે. 'મોક્ષ' એટલે બ્રહ્મભાવ, મારો ભાવ એટલે પુરુષોત્તમભાવ. તે (બે)નો ભેદ પહેલાં જ અમે કહેલો છે. ૪૫.

'સ્નેહ જેમને પ્રાપ્ત કરાવે છે, તે ભગવાન્ કેવા?' એ જાણવાની ઈચ્છા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**અહં હિ સર્વભૂતાનામાદિરન્તોઽન્તરં બહિઃ ।।**
**ભૌતિકાનાં યથા ખં વાર્ભૂર્વાયુર્જ્યોતિરઙ્ગનાઃ ।।૪૬।।**

હે અંગનાઓ! જેમ આકાશ, જલ, ભૂમિ, વાયુ, અને તેજ મહાભૂતના બનેલા પદાર્થોના આરંભમાં અંતમાં અંદર બહાર છે, તેમ હું સર્વ પ્રાણીઓના આરંભમાં, અંતમાં, અંદર અને બહાર છું. ૪૬.

સ્નેહથી મને પ્રાપ્ત કરવામાં માત્ર આવરણ દૂર કરવાનું જ (કાર્ય) કરવાનું છે, પરંતુ બીજો પ્રયત્ન (કરવાનો) નથી એમ કહેવા, પ્રાણીઓનાં પહેલાં, પછી, બહાર અને અંદર એવા ભેદથી ચાર પ્રદેશમાં (ભગવાન્) પોતાની સ્થિતિ કહે છે, અને આ વિષય જ યોગ્ય જ છે, કારણ કે સર્વત્ર રહેનાર હદવાળાઓના સંબંધમાં એ પ્રમાણે જ (રહેલ) હોય છે. 'આરંભમાં અને અંતમાં' એટલે પ્રાણીઓની ઉત્પત્તિ પહેલાં અને નાશ પછી હું જ (રહેલ હોઊં છું) એમ કાલની હદના સંબંધ- માં કહ્યું. 'અંદર (અને) બહાર' શબ્દોથી દેશની હદમાં બંને પ્રકારે પોતાની સ્થિતિ કહી. 'જીવ અણુ છે' એવા અભિપ્રાય પ્રમાણે પણ દેહના અભિપ્રાયથી (દેહને ધ્યાનમાં રાખી) આ કહેલું છે. ઉત્તરાર્ધથી તે વિષયમાં પાંચ મહાભૂતોનું દૃષ્ટાંત કહે છે. 'ખમ્' આકાશ, 'વાર્' જલ, (એવો) આકાશ અને જલનો ક્રમ તામસ અને રાજસ ભાવ

જણાવવા કહેલો છે. તેવી જ રીતે સૃષ્ટિ અને પ્રલયના ભેદથી ભૂમિ અને વાયુનો ક્રમ કહ્યો. એ પ્રમાણે બે ક્રમો કહ્યા. મધ્યમાં સાત્ત્વિક (તેજ) છે. આરંભમાં અને અંતે તામસ (આકાશ અને ભૂમિ), તેથી સાથે રહેલા બે રાજસ (વાયુ અને જલ), અને મધ્યમાં સાત્ત્વિક(તેજ), એમ કહેલ છે. જેમ સર્વ બાજુએ પ્રસરેલું શરીર, તેની સાથે રહેલા ઇંદ્રિયો અને પ્રાણો, અને મધ્યમાં ચૈતન્ય (જીવ) છે, એવું જણાવવા (દૃષ્ટાંત કહેલું છે). (ગોપીઓ) ઉત્તમ અંગવાળી હોવાથી (તેમને આમાં) વિશ્વાસ રહે તે માટે 'હે અંગનાઓ' એવું સંબોધન (કરેલું છે). ૪૬.

એવી રીતે સર્વ તરફના માત્ર ઢાંકણ તરીકે પોતાનો જીવોથી અથવા જગતથી ભેદ કહ્યો. નીચેના શ્લોકમાં તે ખોટો હોવાનું કહેતાં માત્ર આત્મા (પોતા)નો જ અનુભવ (થવાનું) કહે છેઃ

**એવં હ્યેતાનિ ભૂતાનિ ભૂતેષ્વાત્માત્મતયા તતઃ ।।**
**ઉભયં મય્યથ પરે પશ્યતાભાતમક્ષરે ।।૪૭।।**

એ પ્રમાણે આ મહાભૂતો ભૌતિક પદાર્થોમાં તેઓના આત્મા તરીકે રહેલા છે. પછી બંને મારામાં (રહેલા છે). અક્ષર પ્રકાશતાને જૂઓ. ૪૭.

ભગવાન્ પ્રમેય (જાણવા યોગ્ય) છે એ (નિર્ણય) આથી દૃઢ થશે. ગયા શ્લોકમાં મહાભૂતો (ભૌતિક પદાર્થોની) સર્વ બાજુએ હોવાનું કહ્યું, પરંતુ કાલની મર્યાદામાં અને દેશની મર્યાદામાં ભૌતિક પદાર્થોની વચમાંની સ્થિતિ કહી નથી. 'વચમાંની (તેમની) સ્થિતિ કેવા પ્રકારની છે?' એ જાણવાની ઈચ્છા થાય, તેથી કહે છે કે વચમાં પણ ભૌતિક પદાર્થોમાં મહાભૂતો જ રહેલા છે. '(મહાભૂતો ભૌતિક પદાર્થોમાં) નદીમાં ડૂબેલા ઘડાની પેઠે રહેલા હશે તેથી અને (ભૌતિક પદાર્થોના) પિંડાના કારણ તરીકે રહેલા હશે' એવો વિચાર આવે, તેથી 'તેઓના આત્મા તરીકે' એવો પ્રકાર કહેલો છે. 'આત્મનાં' ઘડો, વસ્ત્ર વિગેરે ભૌતિક પદાર્થ કહેવાય છે, તેમના 'આત્મતયા' સ્વરૂપ તરીકે મહાભૂતો ભૌતિક પદાર્થોમાં રહેલા છે, એવો અર્થ છે. આથી એમ કહ્યું કે જગત્ પાંચ મહાભૂતરૂપ છે. ત્યાર પછી કાર્ય અને કારણની સ્થિતિ પ્રાપ્ત કરેલા ઉભય પ્રકારના ભૂતોના સમૂહના આરંભમાં અંતમાં અંદર બહાર અને ભૂતરૂપ ભગવાન જ છે, એમ જ્ઞાન થાય તે માટે 'પછી બંને મારામાં (રહેલા છે)' શબ્દોથી કહેલ છે. 'પછી' શબ્દથી પરંપરા જણાવવા ક્રમ કહેલો છે. આ 'મારામાં' શબ્દ બ્રહ્માંડમાં રહેલા મહાભૂત અને ભૌતિક પદાર્થોના સમૂહના સંબંધમાં પુરુષના અર્થમાં યોજાએલ છે. 'અથ' ત્યારપછી કાલ સાથે બધાએ કાર્યમાત્ર પહેલાંની પેઠે 'મયિ પરે' ઉત્તમ મારામાં (રહેલા છે). હું તેઓના આરંભમાં અંતમાં અંદર બહાર રહેલો વિગેરે છું. આટલું બધું સ્વરૂપ

કહીને 'જૂઓ' શબ્દથી તેનો અનુભવ કરાવે છે. 'શું જોવાનું છે?' એ જાણવાની ઈચ્છા થાય તેથી પરંપરા કહેવાનું પડતું મૂકી 'અક્ષરમાં પ્રકાશતાને' શબ્દથી ફલ કહે છે. આથી બ્રહ્મ પોતે (ભગવાન્) હોવાનું વાસ્તવિક સત્ય પણ કહેવાયું. જીવોની પણ (ભગવાનથી) જૂદી સ્થિતિ નથી એમ સિદ્ધ કરેલ હોવાથી, મારી (ભગવાનની) પ્રાપ્તિ કરાવવામાં સ્નેહનો અધિકાર હોય તેવું કહ્યું. ૪૭.

'તે (ભગવાને આપેલ જ્ઞાન)થી કયો અધિકાર પ્રાપ્ત થયો?' એ જાણવાની ઈચ્છા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

।। શ્રીશુક ઉવાચ।।

**અધ્યાત્મશિક્ષયા ગોપ્ય એવં કૃષ્ણેન શિક્ષિતાઃ ।।**
**તદનુસ્મરણધ્વસ્તજીવકોશાસ્તમધ્યગન્ ।।૪૮।।**

એ પ્રમાણે શ્રીકૃષ્ણે અધ્યાત્મ શિક્ષાથી બોધ આપેલી ગોપીઓ તેમનાં અનુસ્મરણથી લિંગદેહનો ત્યાગ કરી તેમના સ્વરૂપવાળી થઈ. ૪૮.

'અધ્યાત્મશિક્ષા' એટલે આત્મા બ્રહ્મ છે એવું જ્ઞાન યુક્તિપૂર્વક આપવું તે. તેવી શિક્ષાથી એ પ્રમાણે ભગવાને બોધ આપેલી ગોપીઓ, તેમણે બ્રહ્મભાવ પ્રાપ્ત કરેલ હોવા છતાં બોધ આપનાર ભગવાનનાં અનુસ્મરણથી, અથવા બોધ આપેલ વિષયનાં અનુસ્મરણથી 'ધ્વસ્તજીવકોશાઃ' થઈ એટલે આડે આવનાર ઉપાધિરૂપ પોતાના લિંગશરીરનો ત્યાગ કરી 'તમેવાધ્યગન્' જેવા ભગવાન્ તેવી ભગવદ્રૂપ જ થઈ. તેથી તેમની અંદર પૂર્ણ ભગવાન જ પ્રકટ થયા. લિંગશરીરને સ્થાને આધિદૈવિક અથવા કુદરતી સર્વ શક્તિવાળા ભગવાન્ (પ્રકટ) થયા. ૪૮.

પરંતુ જેમાં ભગવાનનો અંશ સર્વત્ર પ્રસરેલ છે તેવો દેહ તો બાકી રહ્યો. તેનાથી વિઘ્ન ન થાય તે માટે (ગોપીઓ) ભગવાનને વિજ્ઞપ્તિ કરે છેઃ

**આહુશ્ચ તે નલિનનાભ પદારવિન્દં યોગેશ્વરૈર્હૃદિ વિચિન્ત્યમગાધબોધૈઃ ।।**
**સંસારકૂપપતિતોત્તરણાવલમ્બં ગેહંજુષામપિ મનસ્યુદિયાત્સદા નઃ ।।૪૯।।**

અને તેમણે કહ્યું કેઃ હે નલિનનાભ! પૂર્ણ જ્ઞાનવાળા યોગેશ્વરોએ હૃદયમાં ચિંતન કરવા યોગ્ય, (અને) સંસારરૂપ કૂવામાં પડેલાઓને ઉપર ચઢવાના આધારરૂપ આપનું ચરણકમલ ઘરમાં રહેલીઓના પણ અમારા મનમાં સદા પ્રકટ રહો. ૪૯.

ભક્તોની આવી સ્થિતિ અને આવો ભાવ ઉત્તમ છે. બ્રહ્માત્મભાવ અમને પ્રાપ્ત થયો જ, અને ઈંદ્રિયોનાં સમૂહને અમે વશ કર્યો. તેથી અમારા આધિદૈવિક મનમાં અવતાર ધારણ કરેલ આપ પુરુષોત્તમનાં ચરણયુગલ મનમાં સદા પ્રકટ રહો. તેટલાથી (અમારી) આ સ્થિતિ સ્થિર થશે. આ ન થાય (આપનું ચરણ

મનમાં પ્રકટ ન રહે) તો બ્રહ્મભાવ પ્રાપ્ત કરેલામાં પણ સર્વ દોષો થવાનો સંભવ છે, એવા આશયથી 'હે નલિનનાભ' એમ કહેલ છે. નાભિમાં કમલ હોવાથી આ (ભગવાન્) બ્રહ્મા વિગેરેને ઉત્પન્ન કરનાર છે અને તેમનું (ભગવાનનું) સ્મરણ કરવાથી જ જીવોની બ્રહ્મભાવની સ્થિતિ (નભે). ચેતનહીન રહેવાથી કૃતઘ્નતા થાય, તેથી તે (દોષ) ન લાગે તે માટે પ્રાર્થના કરેલી છે, એવો અર્થ છે.

'ઉપાયથી (હૃદયમાં મારા ચરણનો) આવિર્ભાવ પ્રાપ્ત કરો' એમ જણાવવામાં આવે, તેથી 'યોગેશ્વરોએ હૃદયમાં ચિંતન કરવા યોગ્ય' વિશેષણ યોજેલ છે. 'અગાધબોધૈઃ' પૂર્ણ જ્ઞાનવાળા, બહારના યોગરૂપ સાધનવાળાઓએ પર હૃદયમાં ચિંતન કરવા યોગ્ય જ છે.

'એવા (ચરણના) આવિર્ભાવનું શું પ્રયોજન છે?' એવી શંકા થાય, તેથી સંસારરૂપ કૂવામાં પડેલાઓને ઉપર ચઢવાના આધારરૂપ વિશેષણ યોજેલ છે. જેમાંથી બહાર નીકળવાનો ઉપાય નથી, તેવા સંસારરૂપ કૂવામાં જે પડે છે, (જે) ઘણે ઉંચે રહેલો પતન કરાવનાર કર્મથી નીચપણું પ્રાપ્ત કરે છે, તેને વૈકુંઠ સ્થાને ચઢવામાં (ભગવાનનું ચરણ) આધારરૂપ છે. ઉંચે લઈ જનાર કર્મ, જ્ઞાન વિગેરે[૧] છે, તે આધાર ન હોય ત્યાં કાર્ય કરતાં નથી, તેથી સદા આધારરૂપ હોય તે માગવામાં આવે છે.

'ઘરમાં રહેલીઓના પણ' શબ્દોથી પોતાને બીજું વિઘ્ન હોવાનું કહે છે. દેહ છે તેથી, દેહની સાથે સંબંધ ધરાવનારાઓ ઘરમાં કામે લગાડશે. પછી ઘરમાં આસક્તિ થતાં પહેલાની પેઠે જ પ્રાકૃતપણું (પ્રાપ્ત) થશે. આજ કૂવામાં પડવાનું છે. 'અપિ' 'પણ' શબ્દથી એમ પણ સૂચવેલું છે કે કદાચ આપની કૃપાથી દેહનો સંબંધ ન થાય તો કાંઈ પણ ચિંતા નથી. (આપનું ચરણારવિંદ) 'નઃ' અમો બધીના મનમાં પોતાની મેળે પ્રકટ રહો. એવી રીતે કામરહિત હોવાને લીધે ગોપીઓ મુખ્ય ભક્ત થઈ, અને કામને દૂર કરવા (ભગવાને) જ્ઞાનનો ઉપદેશ કર્યો, એમ કહેલું છે. ૪૯.

**ઈતિ શ્રીલક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીમદ્‌વલ્લભદીક્ષિતે રચેલી**
**શ્રીમદ્‌ભાગવતની સુબોધિનીમાં દશમ સ્કંધના ઉત્તરાર્ધના વિવરણમાં**
**તેત્રીસમા અને સળંગ ઓગણાએંશીમા અધ્યાયનું વિવરણ સમાપ્ત.**

---

૧. ઉંચે લઈ જનાર એટલે ઈચ્છેલા સ્થાનનો સંબંધ કરાવવામાં અનુકૂલ ક્રિયા કરાવનાર. આધાર વિનાના માર્ગમાં ઈચ્છેલા સ્થાને પહોંચાડતું નથી, એવો અર્થ છે. (લે)

# અધ્યાય એંશીમો.

## ભગવાને પટરાણીઓ ઉપર કરેલ અનુગ્રહ.

**ચતુસ્ત્રિંશે સાધનાનાં મુખ્યં સાધનમીર્યતે ।।**
**કીર્તનં સરસત્વાય સ્ત્રીભિઃ સ્ત્રીણાં નિરૂપ્યતે ।।૧।।**

ચોત્રીસમા (અધ્યાય)માં સાધનોમાં મુખ્ય સાધન કહેવામાં આવે છે. કીર્તન રસવાળું થાય તે માટે સ્ત્રીઓ સ્ત્રી સાથે (કરવાનું) કહેવામાં આવે છે. કા.૧.

**સર્વસાધનસંપત્તિઃ કૃષ્ણાનુગ્રહપૂર્વિકા ।।**
**તદભાવે નૈવ સિદ્ધ્યેદિત્યનુગ્રહવર્ણનમ્ ।।૨।।**

સર્વ સાધનની પ્રાપ્તિ શ્રીકૃષ્ણના અનુગ્રહપૂર્વક થાય છે. તે (અનુગ્રહ) ન હોય તો નથી જ થતી. તેથી અનુગ્રહનું વર્ણન (કરેલું છે). કા.૨.

**અનુગ્રહસ્ય સ્થિરતા સદ્બુદ્ધ્યૈવ હરૌ ભવેત્ ।।**
**માહાત્મ્યજ્ઞાનતઃ પુષ્ટા સ્તુત્યા કાર્યક્ષમા ભવેત્ ।।૩।।**

હરિમાં ઉત્તમ બુદ્ધિ રાખવાથી જ અનુગ્રહ સ્થિર થાય છે. માહાત્મ્યનાં[1] જ્ઞાનથી પુષ્ટ થએલી (બુદ્ધિ) સ્તુતિ (કરવા)થી કાર્ય[2] કરવા શક્તિવાળી થાય છે. કા.૩.

**સર્વશક્તિયુક્તઃ કૃષ્ણ શ્રોતવ્ય ઇતિ સિદ્ધ્યતિ ।।**
**શક્તીનામપ્યભીષ્ટશ્ચ સજ્જ્ઞાનસ્તુતિભાવિતઃ ।।૪।।**

સર્વશક્તિવાળા અને શક્તિઓના પણ પ્રિય, ઉત્તમ જ્ઞાન અને સ્તુતિથી ચિંતન કરેલા શ્રીકૃષ્ણનું શ્રવણ કરવું એમ સિદ્ધ થાય છે. કા.૪.

ગયા અધ્યાયમાં ગોપીઓને (આપેલ) ઉપદેશ અને (તેમણે કરેલી) પ્રાર્થના કહ્યાં. અનુગ્રહ (કરવાનો) તો બાકી રહ્યો. તેથી અહિં તેઓના ઉપર અનુગ્રહ કરતાં (ભગવાને) પ્રસંગને લીધે બીજાઓ ઉપર પણ અનુગ્રહ કર્યો, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

।। શ્રીશુક ઉવાચ।।

**તથાનુગૃહ્ય ભગવાન્ ગોપીનાં સ ગુરુર્ગતિઃ ।।**
**યુધિષ્ઠિરમથાપૃચ્છત્સર્વાંશ્ચ સુહૃદોઽવ્યયમ્ ।।૧।।**

ગોપીઓના તે ગુરુ અને ફલરૂપ ભગવાને તે પ્રમાણે (તેમના ઉપર)

૧. ભગવાને આવા પ્રકારથી વિવાહ કર્યો એવા (ભગવાનનાં) માહાત્મ્યનાં જ્ઞાનથી પુષ્ટ થએલી બુદ્ધિ. (લે)

૨. 'કાર્ય કરવા' એટલે 'અનુગ્રહને સ્થિર કરવા'. સર્વ સ્થલે અનુગ્રહ જણાવીને, તેને સ્થિર કરનારી ઉત્તમ બુદ્ધિનું પોષણ થાય તે માટે માહાત્મ્ય કહેલું છે, એવો ભાવાર્થ છે. (લે)

અનુગ્રહ કરીને પછી યુધિષ્ઠિરને અને સર્વ સંબંધીઓને પૂછ્યું. ૧.

'તે પ્રમાણે' એટલે તેઓએ જેવી પ્રાર્થના કરેલી તેવા જ પ્રકારે તેમનાં હૃદયમાં પોતાના ચરણારવિંદનું સ્થાપન કરીને, પછી યુધિષ્ઠિરને પૂછ્યું, એવો (વાક્યનો) સંબંધ છે. ''ગોપીઓના તે જ ગુરુ અને 'ગતિઃ' ફલરૂપ હતા'' શબ્દોથી ભગવાને તેવા પ્રકારે અનુગ્રહ કર્યો તેનું કારણ કહેલું છે.(ભગવાન્) તેઓનાં ફલરૂપ અને સાધનરૂપ હોવાથી, બીજો ઉપાય નહિ હોવાથી (ભગવાને) પોતાનાં ચરણારવિંદનું સ્થાપન કર્યું એવો અર્થ છે. સંપૂર્ણ પ્રકારે પુષ્ટિ(માર્ગ)માં રહેલી ગોપીઓ ઉત્તમ અધિકારવાળી હતી. તેમની પછી મર્યાદામાં યુધિષ્ઠિર શ્રેષ્ઠ હતો. તેથી તેમની પછી (ભગવાને) યુધિષ્ઠિર ઉપર અનુગ્રહ કર્યો, અને પછી બધાએ સંબંધીઓને કુશલ પૂછ્યું. 'અવ્યય' શબ્દનો અર્થ કુશલ અને જ્ઞાન પણ થાય છે. તેથી એમ સમજાય છે કે (ભગવાને) પહેલા મન દ્વારા તેઓને પણ[1] જ્ઞાનનો ઉપદેશ કરેલો, તેને સ્થિર કરવા તે સંબંધી ફરી પ્રશ્ન (કરે છે). આથી એમ કહેવાયું કે ઉત્તમ વિગેરે બધાએ (ભક્તો) ઉપર અનુગ્રહ કર્યો. ૧.

પછી તેઓએ પોતાનો અધિકાર પ્રકટ કરતાં, પ્રત્યુત્તર આપ્યો, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**ત એવં લોકનાથેન પરિપૃષ્ટાઃ સુસત્કૃતાઃ ।।**
**પ્રત્યૂચુર્હૃષ્ટમનસસ્તત્પાદેક્ષાહતાંહસઃ ।।૨।।**

લોકોના નાથે એવી રીતે પૂછેલા, સારી રીતે સત્કાર કરેલા, તેમના ચરણનાં દર્શનથી જેમના પાપનો નાશ થએલ તેવા તેઓએ પ્રસન્ન મનવાળા થઈ (નીચે પ્રમાણે) ઉત્તર આપ્યો. ૨.

'લોકના નાથે પૂછેલા' વિશેષણથી એમ જણાવેલ છે કે પ્રશ્નથી પણ ઘણો સંતોષ થયો, ઉત્તમનો માત્ર પ્રશ્ન પણ સંતોષ ઉત્પન્ન કરનારો છે. 'સારી રીતે સત્કાર કરેલા' વિશેષણથી ચાલુ પ્રસંગમાં તો (પ્રશ્નથી) અધિક પણ હોવાનું કહેલું છે. આસન વિગેરેથી સત્કાર કરવામાં આવેલ. આથી દેહથી થતી પૂજા કહી. પછી ઉત્તર આપ્યો એટલે આદરયુક્ત વાણી કહી. (એ પ્રમાણે) કાયા, વાણી અને મનના ગુણ કહી, 'તેમનાં દર્શનથી જેમના પાપનો નાશ થએલ તેવા' વિશેષણથી (તેમનામાં) દોષ ન હોવાનું કહેલ છે. ભગવાનનાં ચરણારવિંદનાં દર્શનથી (તેમનાં) પાપ નાશ પામ્યા હતા. ૨.

ભગવાને '(તમો) કુશલ છો' એમ જે પ્રશ્ન કર્યો, તેનો કહે છેઃ

---

૧. વાણીથી ગોપીઓને જ્ઞાનનો ઉપદેશ કર્યો, અને મનથી તેઓને પણ જ્ઞાનનો ઉપદેશ કર્યો, એમ જણાવવા 'અપિ' 'પણ' શબ્દ યોજેલ છે. (લે)

**કુતોઽશિવં ત્વચ્ચરણામ્બુજાસવં મહન્મનસ્તો મુખનિઃસૃતંક્વચિત્ ।।**
**પિબન્તિ યે કર્ણપુટૈરલં પ્રભો દેહભૃતાં દેહકૃદસ્મૃતિચ્છિદમ્ ।।૩।।**

હે પ્રભો! પ્રાણીઓને દેહ ધારણ કરાવનારી અસ્મૃતિનો નાશ કરનાર, ઉત્તમ (પુરુષ)ના મનમાં રહી મુખમાંથી કોઈ સમયે બહાર નીકળનાર આપનાં ચરણકમલ(ની કથા)ના રસનું જે આ કાનના છિદ્રોથી ઘણું પાન કરે છે તેઓને દુઃખ ક્યાંથી (હોય)? ૩.

દુઃખનો સંભવ હોય ત્યાં કુશલ(સંબંધી) પ્રશ્ન ઘટે છે. તેમ ન હોય તો સંદેહ વિનાના (વિષય)માં પ્રશ્ન નિરર્થક થાય. જો કે સંસારી તરીકે દુઃખ સંભવે છે, તો પણ સર્વ દુઃખ દૂર કરનાર સાધન સદા આચરવામાં આવતું હોવાથી દુઃખ કેમ હોઈ શકે? એવા અભિપ્રાયથી 'દુઃખ ક્યાંથી (હોય)?' શબ્દ કહેલા છે.

'તે સાધન કયું?' એ જાણવાની ઈચ્છા થાય, તેથી 'ઉત્તમ (પુરુષ)ના મનમાં રહી મુખમાંથી કોઈ સમયે બહાર નીકળનાર આપનાં ચરણકમલ(ની કથા)નો રસ' શબ્દો કહેલા છે. આપ પરમાનંદનો ચરણ ભક્તિમાર્ગની પ્રવૃત્તિ કરાવનારો છે. કમલરૂપ હોવાથી સહેલાઈથી સેવા કરી શકાય તેવો છે. તેમાં મકરંદરસ રહેલો છે, કારણ કે રસરૂપ[૧] ભગવાન્ (પોતાના દેહમાં) સર્વ સ્થલે રહેલા છે. બીજા માર્ગથી[૨] પ્રાપ્ત કરેલ બ્રહ્માનંદ જ દેહ વિગેરેના અભિમાનવાળાઓને પણ દેહ વિગેરેનું વિસ્મરણ કરાવનારો હોઈ 'રસ' શબ્દથી ઓળખાય છે. તે[૩] સ્વભાવથી જ પરમાનંદરૂપ અને બીજા દોષોને[૪] મટાડનારો છે. તેમાં પણ જો તે તેનાથી પણ ઉત્તમ રસ સાથે ભળે, તો બીજા રસથી[૫] પુષ્ટ થઈ તે પરમાનંદ આપે તેમાં કહેવું જ

૧. 'રસઃ' રસ છે 'આત્મનિ' સ્વરૂપમાં જેમના તેવા રસરૂપ ભગવાન્ છે. (એમ ચરણ રસરૂપ હોવાનું સિદ્ધ કરે છે.) તેથી ભગવાન્ સર્વ દેહમાં રસરૂપ છે, માત્ર અધરમાંજ રસ હોય એવો નિયમ તેમને નથી. (લે)

૨. 'બીજા માર્ગથી' એટલે ભક્તિમાર્ગથી આણેલ બ્રહ્મનો એટલે ભગવાનના ચરણનો આનંદ, ભક્તોને સેવામાં ઉપયોગી દેહનું અભિમાન હોવાથી તેને ભૂલાવનારો હોઈ 'રસ' શબ્દથી ઓળખાય છે. જ્ઞાનીઓને તો દેહનું અભિમાન નહિ હોવાથી, તેમના સંબંધમાં 'રસ' શબ્દ વપરાતો નથી. (લે) 'બીજા માર્ગથી' એટલે 'જ્ઞાનમાર્ગથી' એવો અર્થ જણાય છે. સેવામાં ઉપયોગી દેહ તો સેવાથી ફલરૂપ છે. તેનું અભિમાન સૌભાગ્યમદ પેઠે અનિષ્ટ નથી. જ્ઞાનમાર્ગથી બ્રહ્માનંદ પ્રાપ્ત થાય છે.

૩. 'તે' એટલે તે બ્રહ્માનંદ સ્વભાવથી જ આવા પ્રકારનો છે, પરંતુ અધર વિગેરેના રસની પેઠે જેમાં રહેલ હોય તેના લીધે આવો થતો નથી. (લે)

૪. 'બીજા દોષ' એટલે દેહ વિગેરેના વિસ્મરણ સિવાયના કામ વિગેરે પ્રાકૃત દોષ. (લે)

૫. 'બીજા રસથી' એટલે અમુક પ્રકારની ભક્તિ, કીર્તનથી. (લે) 'બીજા રસથી' એટલે

શું? એમ કહેવા માટે, 'ઉત્તમ (પુરુષ)ના મનમાં રહી (મુખમાંથી) કોઈ સમયે બહાર નીકળનાર' એમ કહેલું છે.

આ વિષયમાં ભક્તિમાર્ગનો સિદ્ધાંત આ (નીચે પ્રમાણે) છેઃ

બ્રહ્માનંદ પોતાની ઈચ્છાથી વસ્ત્રની પેઠે સંકેલેલા સ્વરૂપવાળો સો ગણો[૬] ઘટ્ટ થયો હોય તેવો, (દૂધમાંથી) વિકાર પામી થએલા[૭] દહિંની પેઠે ન્યૂન નહિ થએલો ઘાટા આનંદરૂપ થાય છે. ભગવાનનો ચરણ તે (ઘાટા બ્રહ્માનંદ)રૂપ છે. [૮]જ્યારે ભક્તિમાર્ગ પ્રમાણે તે (ભગવાનનો ચરણ) પ્રાપ્ત કરવામાં આવે છે ત્યારે ભગવાનના ભક્તોએ કાયા, વાણી અને મનથી દઢ પ્રકારે ગ્રહણ કરેલો તે રસરૂપ હોઈ ભક્તોને આનંદરૂપ (રસ)નો સ્રાવ કરે છે.[૮] તે 'ભક્તિરસ' એમ કહેવાય છે. શબ્દ બ્રહ્મરૂપ ભાગવત વિગેરેમાંથી કાઢેલો તે સ્વરસ પણ ઘડાથી કાઢેલાં જલની પેઠે ઉત્તમ (પુરુષોએ) કરેલાં શ્રવણ, સ્મરણ, કીર્તન વિગેરેથી (તેઓની) ઈંદ્રિયો સાથે અથડાવાથી તે (ઈંદ્રિયો)નાં છિદ્રો દ્વારા (તેઓનાં) હૃદયરૂપી ધરામાં પ્રવેશ કરે છે. તે તો પાછો ભક્તોની ઈંદ્રિયોથી પાવન થએલો હોઈ ભક્તિરસ કરતાં પણ વધારે ગળાએલો હોઈ, તેનાંથી પણ અધિક રસવાળો હોય છે. આમ હોવાથી જ્યારે જ્યારે (ઉત્તમ ભક્ત) ચરણારવિંદના મકરંદરૂપ ભક્તિમાર્ગ પ્રમાણેના ગૂઢ અર્થરૂપ ભગવાનના ગુણોનું વારંવાર કીર્તન કરે છે, ત્યારે ત્યારે 'મહન્મનસ્તઃ' ઉત્તમ પુરુષના મનમાં રહીને તેમના મુખમાંથી (તે ઉત્તમ રસ) નીકળે છે.

'કોઈ સમયે' શબ્દથી એમ (જણાવેલું છે કે) ઘણા મોટા ભક્તનો સંગ થાય અને રસનો આવિર્ભાવ થાય ત્યારે કોઈ સમયે જ (ઉત્તમ પુરુષ ભગવાનના ગુણો) કહે છે. તેનું જેઓ 'અલં કર્ણપુટૈઃ' ઉંચા કરેલા કાનથી 'અલં' ઘણું પાન કરે છે (તેઓને દુઃખ ક્યાંથી હોય?).

---

ભક્તિરસથી. (બ્રહ્માનંદ જ્ઞાનમાર્ગથી) પ્રાપ્ત થએલ. તે ભક્તિરસથી પુષ્ટ થાય તો પરમાનંદ આપે તેમાં શું કહેવું? એવો અર્થ જણાય છે.

૬. મોટું હોવા છતાં સોવડું વસ્ત્ર કરવામાં આવે, તેવો (ઘટ્ટ) (લે).

૭. 'પરિણત' એટલે 'નીચોવેલું' આનંદ ઘાટો થએલ હોવાથી દષ્ટાંતમાં નીચોવવાનું કહેલું છે. (લે) 'પરિણત' એટલે જામેલું. દૂધનું વિકારવાળું થઈ જામેલું, એવો અર્થ જણાય છે.

૮...૮. જેમ નીચોવેલ દહિં જલમાં ભળી પ્રવાહી થતાં વસ્ત્રથી દઢ પકડાતાં રસ સ્રાવે છે તેમ બ્રહ્માનંદરૂપ ચરણ ભક્તિ સાથે ભળી કાયા વિગેરેથી લેવામાં આવતાં પરમાનંદ સ્રાવે છે. (લે) ભગવાનનું ચરણારવિંદ રસરૂપ હોઈ ભક્તિમાર્ગ પ્રમાણે કાયાથી સ્પર્શ કરતાં, વાણીથી કીર્તન કરતાં અથવા મનથી ચિંતન કરતાં તે પરમાનંદ સ્રાવે છે. દહિંમાં સ્રાવ કરવા પાણી નાખવામાં આવતું નથી. પાણી નાખવાથી તો છાશ થાય તે દહિંથી ઉત્તમ પ્રકારનો રસ ગણાતી નથી. રસ ઘટ્ટ હોવા સંબંધમાં જ દહિંનું દષ્ટાંત આપેલ હોય તેમ જણાય છે.

'આ રસ દુર્લભ છે. (તેનું) ઘણું પાન કરવા સમર્થ કેવી રીતે થાય?' એવી શંકા થાય, તેથી 'હે પ્રભો!' એવું સંબોધન કરેલું છે, કારણ કે તે (પ્રભુ) સર્વ (કરવા) સમર્થ છે. [૯]જેમ મધમાખીઓ ઘણા પ્રયાસથી પુષ્પનો રસ થોડા પ્રમાણ માં કોઈક સ્થલે સંગ્રહે છે[૯] તેવા[૧૦] (ભગવાનના) ભક્તો કરોડો છે. શેઠીઆઓને તો મધથી ભરેલા કલશો કરોડો હોય છે.[૧૦] તેથી[૧૧] ભગવાનનો આશ્રય થાય ત્યારે તેવા ઘણા રસનું પાન થાય છે, તેથી અશુભનો સંભવ પણ ક્યાંથી હોય? અશુભ[૧૨] ધર્મથી જ દૂર થાય છે. ત્યાર પછી જ્ઞાન (થાય), પછી વાસના સાથે અવિદ્યા જતી રહે. પછી ભગવાનમાં સ્થિતિ કરેલો માત્ર આત્મા રહે, ત્યારે આનંદથી ભરપૂર ભગવાન્ પ્રકટ થાય છે. તેમની ભક્તિથી સર્વ દોષોને દૂર કરનાર, નિત્ય સંસારને ભૂલવાના કારણરૂપ ભક્તિરસ પ્રકટ થાય છે. તેનું પણ પહેલાં કહેલી પરંપરા પ્રમાણે નિત્ય પાન કરનારાઓને અશુભનો સંભવ પણ રહેતો નથી. વળી દેહનું અભિમાન હોય તો પણ માત્ર પ્રયત્નથી (તે રસ) ગ્રહણ કરવામાં આવતાં, દેહ ધારણ કરાવનારી જે અસ્મૃતિ (ભગવાનનું વિસ્મરણ) તેનો પણ તે નાશ કરે છે, એટલે મૂલ (દેહ) જતાં દેહથી થતાં (દુઃખ)નો સંભવ પણ નાશ પામે છે.૩.

એ પ્રમાણે પ્રશ્નનો ઉત્તર કહીને, નીચેના શ્લોકમાં પોતાના ઈચ્છેલા (પદાર્થ)ની ભગવાનને વિજ્ઞપ્તિ કરે છેઃ

**હિત્વાત્મધામ વિધુતાત્મકૃતત્ર્યવસ્થ-**
**માનન્દસંપ્લવમખણ્ડમકુણ્ઠબોધમ્ ।।**
**કાલોપસૃષ્ટનિગમાવન આત્તયોગ-**
**માયાકૃતિં પરમહંસગતિં નતાઃ સ્મ ।।૪।।**

અંતઃકરણથી થતી ત્રણે અવસ્થાઓ જેમણે દૂર કરેલી છે તેવા, આનંદના મહાપૂરવાળા, અખંડ, અવિચ્છિન્ન અનુભવવાળા કાલથી નાશ પામતા વેદોનાં રક્ષણ માટે યોગમાયા વડે જેમણે આકૃતિ ધારણ કરેલી છે તેવા, પરમ હંસોએ પ્રાપ્ત કરવા યોગ્ય (આપ)ને પોતાનાં ધામને તજી અમે નમન કરીએ છીએ. ૪.

'પોતાનાં ધામને' એટલે પોતાનાં ઘર વિગેરેને અથવા દેહને તજીને પરમ

---

૯...૯. આ ભાગ વૃંદાવન પ્રેસવાળી પ્રતમાં નથી.

૧૦...૧૦. જેમ શેઠીઆઓને મધ ભરેલા કરોડો કળશાઓ હોય છે, તેમ ભગવાનના તેવા રસવાળા કરોડો ભક્તો છે, એવો અર્થ છે.

૧૧. 'તેથી' એટલે ભગવાન્ પાસે તેવા રસવાળા ઘણા (ભક્તો) હોવાથી. (લે)

૧૨. અશુભ દૂર થવું એતો પહેલી જ કક્ષા છે એવો ભાવ છે. (લે)

હંસોએ પ્રાપ્ત કરવા યોગ્ય આપને અમે નમન કરીએ છીએ, એવો (વાક્યનો) સંબંધ છે. જેમ કોઈક પહેલાની સ્થિતિને તજીને પછીની સ્થિતિ ધારણ કરવા માટે તે (પછીની સ્થિતિ) આપનારને નમન કરે છે (તેમ અમે આપને નમન કરીએ છીએ).

અથવા 'હિ ત્વા' એમ બે શબ્દો લેવા. આત્માના પણ 'ધામ' તેજરૂપ આપને (અમે નમન કરીએ છીએ.) તેવો અર્થ કરવામાં આવે ત્યારે દોષ ન હોવાનું પહેલાં (શ્લોક ૨માં) કહેલ તેનું જ (અહિં) અનુસંધાન કરવું.

'ત્રણ અવસ્થાઓ રહેલી છે ત્યારે ભગવાનને નમન કરવાથી શું (વળે)?' એવી શંકા થાય, તેથી કહે છે કે 'આત્મકૃતાઃ' અંતઃકરણથી થતી ત્રણે અવસ્થાઓ 'વિધુતાઃ' દૂર કરેલી છે જેમણે તેવા (આપ છો). જ્યારે (ભગવાન્)[૧] અહંકારને જ દૂર કરે છે ત્યારે તેનાથી થતી અવસ્થાઓ દૂર કરવામાં તેમને કયા પ્રયત્નની જરુર હોય[૨]? (ભગવાન્) માત્ર અવસ્થાઓ જ દૂર કરે છે એટલું જ નથી. તેમ (એટલું જ) હોય તો (અવસ્થાઓનું) બીજ રહેવાથી પણ તે અવસ્થાઓ રહે, એટલે ભગવાનમાં શું ઉત્તમપણું થાય (ગણાય)? તે વિષયમાં 'આનંદના મહાપૂરવાળા' વિશેષણ કહેલું છે. આનંદનું 'સંપ્લવઃ' મહાપૂર છે જેમનું તેવા (ભગવાન્) છે. 'તે પણ જો હદવાળા હોય તો તે દોષ તે સ્થિતિમાં રહે' એવી શંકા થાય, તેથી 'અખંડ' વિશેષણ કહેલું છે.

'છતાં પણ લોકમાં નહિ જણાએલ પરમાનંદ પુરુષાર્થરૂપ નથી. સુષુપ્તિમાં તેવો (પરમાનંદ) પ્રાપ્ત થતો હોવાથી તે પુરુષાર્થરૂપ નથી' એવી શંકા થાય, તેથી 'અવિચ્છિન્ન અનુભવવાળા' વિશેષણ કહેલું છે. ન રોકાએલો એટલે અવિચ્છિન્ન થાય છે અનુભવ જેમનો તેવા, એટલે જેનો અનુભવ થાય છે તેવા આનંદરૂપ જ (ભગવાન્) છે.

'માત્ર શ્રુતિથી જ જેનું જ્ઞાન થાય છે તેવો, પોતાના અનુભવથી પ્રકટ થતો બ્રહ્માનંદ જ આવો છે, પરંતુ જેમનાં દર્શન થાય છે તે ભગવાન્ (આવા) નથી' એવી શંકા થાય, તેથી 'કાલથી નાશ પામતા વેદોનાં રક્ષણ માટે યોગમાયા વડે જેમણે આકૃતિ ધારણ કરેલી છે તેવા' વિશેષણ કહેલું છે. કાલથી વેદોનો નાશ થતાં, તેમાં જણાવેલ ધર્મો અને તેમના સંબંધવાળા બધાએનું 'અવને' રક્ષણ કરવા માટે ધારણ કરેલી છે. યોગમાયા વડે આકૃતિ (કાયા) જેમણે તેવા છે. ધર્મનું રક્ષણ કરવા માટે આવા પ્રકારે (દેહ ધારણ કરી) પ્રકટ થએલ તે (બ્રહ્માનંદ) જ

૧. 'આત્માના તેજરૂપ' કહ્યા, તેથી અહંકાર દૂર કરનાર કહેવાયા. (લે)

૨. 'ની જરુર હોય' શબ્દ અધ્યાહાર છે. (લે)

(આ) છે, પરંતુ બીજા નથી, એવો અર્થ છે.

'ત્યારે બધાને તે તેવા પ્રકારે કેમ જણાતા નથી?' એવી શંકા થાય, તેથી 'પરમહંસોએ પ્રાપ્ત કરવા યોગ્ય' શબ્દ યોજેલ છે. જેઓ આત્માની સંસારથી જૂદી સ્થિતિ હોવાનું જાણે છે અને તેવી જૂદી સ્થિતિ કરવા શક્તિવાળા છે, તેઓ હંસો છે. તેથી પણ વધારે જેઓ ભગવાનના પદના અને પોતાની સ્થિતિના ભેદને પારખી જાણે છે, તેઓ પરમહંસ છે. તેઓએ પણ 'ગતિઃ' પ્રાપ્ત કરવા યોગ્ય છે, એવો અર્થ છે. તેથી પોતાનાં ભજનને અનુકૂલ થાય તેવા કેટલાએ (આપના) ગુણો (અમે) જાણેલા હોવાથી, તેવા થએલા (તેવું જ્ઞાન પ્રાપ્ત કરેલા) અમે ભગવદ્‌ભાવ પ્રાપ્ત થાય તે માટે આપને નમન કરીએ છીએ, એવો અર્થ છે. ૪.

એ પ્રમાણે પુરુષોની સર્વભાવથી (ભગવાનમાં) ભક્તિ કહીને, સ્ત્રીઓને સાક્ષાત્ ભગવાનમાં ભક્તિ થાય તે માટે પુરુષો દ્વારા થએલી (ભક્તિ)માં પણ તેવી (ભક્તિ)ની પ્રાપ્તિ ભગવાનની પત્નીઓમાં જોવામાં આવતી હોવાથી, તે (ભક્તિ)નું મૂલ કારણ (ભગવાનની પત્નીઓને) પૂછવા બધી સ્ત્રીઓ ભેગી થઈ. પછી તેમની પાસેથી (ભક્તિનાં મૂલ કારણનું) શ્રવણ કરીને, પોતે પણ તેવી (ભક્તિવાળી) થઈ, એટલે બધી સ્ત્રીઓ પુરુષોના જેવી જ (ભક્તિવાળી) થઈ. એવી જે કથા થઈ, તેની નીચેના શ્લોકમાં પ્રસ્તાવના કરે છેઃ

।। ઋષિરુવાચ।।

**ઇત્યુત્તમશ્લોકશિખામણિં જનેષ્વભિષ્ટુવત્સ્વન્ધકકૌરવસ્ત્રિયઃ ।।**
**સમેત્ય ગોવિન્દકથા મિથોઽગૃણંસ્ત્રિલોકગીતાઃ શ્રૃણુ વર્ણયામિ તે ।।૫।।**

એ પ્રમાણે પુરુષો ઉત્તમ (પુરુષો)થી સ્તુતિ કરાતાઓના ચૂડામણિની સ્તુતિ કરતા હતા ત્યારે અંધકો અને કૌરવોની સ્ત્રીઓ ભેગી થઈ ત્રણ લોકમાં ગવાએલી ગોવિંદની કથાઓનું પરસ્પર ગાન કરતી હતી. (તેનું) હું તારી પાસે વર્ણન કરીશ. સાંભળ. ૫.

'ઉત્તમ પુરુષોથી સ્તુતિ કરાતા' શબ્દથી એમ કહેલું છે કે ઉત્તમ પુરુષોનું તે જ પ્રયોજન છે. તેથી પણ ઉત્તમ હોય તે જ કરવા યોગ્ય હોવાથી ઉત્તમ (પુરુષો)થી સ્તુતિ કરાતાઓના ચૂડામણિ ભગવાનની જ સર્વ પુરુષો સ્તુતિ કરતા હતા, પરંતુ સ્ત્રીઓ તો જાણતી નહિ હોવાથી, તે (કથાઓ)નું જ્ઞાન થાય તે માટે અંધકો એટલે યાદવો અને કૌરવોની સ્ત્રીઓ ભેગી થઈ, પરસ્પર ગોવિંદની કથાઓનું ગાન કરતી હતી, તે (કથા)ઓનું હું તારી પાસે વર્ણન કરીશ, એવી પ્રતિજ્ઞા કરે છે.

'તેટલાથી શું થાય?' એવી શંકા થાય, તેથી 'ત્રણ લોકમાં ગવાએલી'

વિશેષણ કહેલું છે. તે કથાઓ ત્રણે લોકમાં ગવાએલી છે, તેથી તું સાવધાન થઈને સાંભળ, એવી (કથાઓ) સાત્ત્વિક સાધનરૂપ હોવાથી આજ્ઞા કરે છે. ૫.

તે પૈકી આરંભમાં નીચેના શ્લોકથી દ્રૌપદીનો પ્રશ્ન કહે છેઃ

|| દ્રૌપદ્યુવાચ||

**હે વૈદર્ભ્યચ્યુતો ભદ્રે હે જામ્બવતિ કૌશલે ||**
**હે સત્યભામે કાલિન્દિ શૈબ્યે રોહિણિ લક્ષ્મણે ||૬||**
**હે કૃષ્ણપત્ન્ય એતન્નો બ્રૂત વો ભગવાનયમ્ ||**
**ઉપયેમે યથા લોકમનુકુર્વન્ સ્વમાયયા ||૭||**

હે વૈદર્ભિ! હે ભદ્રે! હે જાંબવતિ! હે કૌશલે! હે સત્યભામે! હે કાલિંદિ! હે શૈબ્યે! હે રોહિણિ! હે લક્ષ્મણે! હે શ્રીકૃષ્ણની પત્નીઓ! આ અમને કહો કે પોતાની માયાથી લોકનું અનુકરણ કરતાં કયા પ્રકારે આ અચ્યુત ભગવાન્ તમને પરણ્યા. ૬-૭.

સંપૂર્ણ રીતે ભગવાનના ગુણોનું જ્ઞાન થાય તે માટે આઠ સ્ત્રીઓ (પટરાણીઓ)નું દરેકનું અને બીજીઓનું સમૂહથી સંબોધન કરેલું છે. મૂલ ઉત્પત્તિસ્થાન લક્ષ્મી છે, તેમાંથી રુક્મિણી વિગેરે[1] આઠ પ્રકૃતિઓ થઈ. પછી એક હજાર પ્રકારે સોળ વિકારોનાં કાર્યની પ્રકૃતિઓ થઈ. (આ) બધીઓમાં ભગવાને જે લીલાઓ કરી, અથવા જે પ્રકારે તેમની સાથે લગ્ન કર્યા તેનું અનુસંધાન કરવાથી કૃતાર્થ થવાશે એવા આશયથી તેવો પ્રશ્ન કરે છે. ભગવાન્ સર્વે સ્ત્રીઓ સાથે રમણ કરતા હોવા છતાં પણ (તેમની) ક્ષતિ થતી નથી, એવો 'અચ્યુત' શબ્દથી (તેમનો) જીવથી ભેદ કહેલો છે. હે ભદ્રે! હે જાંબવતિ! હે કૌશલે[2]! હે સત્યભામે! હે કાલિંદિ! હે શૈબ્યે! એટલે મિત્રવિંદે! સોળ હજાર રાણીઓમાં રોહિણી મુખ્ય હતી. બીજા કલ્પમાં તે જ આઠ પટરાણીઓમાં પણ હતી. તેથી જ ક્રમ દર્શાવનાર (ગ્રંથો)માં તે(નું) જ (નામ) કહેલું છે. ૬.

'હે કૃષ્ણની પત્નીઓ!' એવું સાધારણ (પત્નીઓ)નું સંબોધન છે. 'આ' એટલે પછી તરત જણાવેલ છે તે 'નઃ' અમને કહો. 'તે શું?' એ જાણવાની જરુર

---

૧. 'રુક્મિણ્યાદ્યાઃ' એટલે રુક્મિણી પહેલી છે જેમનામાં, એ અતદ્ગુણસંવિજ્ઞાન બહુવ્રીહિ સમાસ છે, એટલે રુક્મિણીને ન ગણતાં રોહિણી સહિત આઠ મૂલ પ્રકૃતિઓ છે, એવો અર્થ છે. (લે) રોહિણી તો સોળ હજારમાં મુખ્ય કહેલી છે. આ કલ્પના તે પટરાણી નથી. લક્ષ્મી મૂલ (બધી પત્નીઓનું) ઉત્પત્તિસ્થાન છે, તેમાંથી રુક્મિણી વિગેરે આઠ પટરાણીઓ થઈ; અને પછી સોળ વિકારોના દરેકના એક હજાર પ્રકાર થતાં સોળ હજાર બીજી રાણીઓ થઈ. તેમાં રોહિણી મુખ્ય હતી. તેથી તદ્ગુણવિજ્ઞાન બહુવ્રીહિ સમાસ લેવો વધારે યોગ્ય જણાય છે.

૨. કૌસલ દેશના રાજા નગ્નજીતની પુત્રી સત્યા.

રહે, તેથી 'આ ભગવાન્ કયા પ્રકારે પરણ્યા' એમ કહેલું છે.

'અંદરનો (હૃદયનો) સ્નેહ ઉત્પન્ન કરીને તેમણે વિવાહ કર્યો' એમ કહેવામાં આવે, તેથી 'લોકનું અનુકરણ કરતાં કયા પ્રકારે' શબ્દો યોજેલ છે. લોકનું અનુકરણ બહારના પ્રકારથી (થાય).

'સર્વની અંદર રહેલા ભગવાન્ બહારનો પ્રકાર શા માટે કરે?' એવી શંકા થાય, તેથી 'પોતાની માયાથી' શબ્દ યોજેલ છે. અસાધારણ માયા વડે (ભગવાન્) બહાર પણ પોતાનું સ્વરૂપ પ્રકટ કરે છે, એવો અર્થ છે. ૭.

તે પૈકી પ્રથમ રુક્મિણી નીચેના શ્લોકમાં પોતાના વિવાહનો પ્રકાર કહે છેઃ

।। રુક્મિણ્યુવાચ।।

**ચૈદ્યાય માર્પયિતુમુદ્યતકાર્મુકેષુ રાજસ્વજેયભટશેખરિતાઙ્ઘ્રિરેણુઃ ।।**
**નિન્યે મૃગેન્દ્ર ઈવ ભાગમજાવિયૂથાત્તચ્છ્રીનિકેતચરણોસ્તુ મમાર્ચનાય ।।૮।।**

રાજાઓ મને શિશુપાલને આપવા માટે ધનુષ્ય સજ્જ કરી રહેલા ત્યારે, જેમણે ભટ જીતવો રહ્યો નથી તેવાઓએ જેમના ચરણની રેણુ (પોતાના) મુકુટો ઉપર ચડાવેલી છે તેવા (ભગવાન્), જેમ સિંહ બકરાં અને ઘેટાંનાં ટોળામાંથી (પોતાના) ભાગને લઈ જાય તેમ (મને) લઈ ગએલો, તેમનો લક્ષ્મીનાં ધામરૂપ ચરણ મારે પૂજન (કરવા) માટે હો. ૮.

રાજા મારો પિતા અથવા ભાઈ મને (શિશુપાલને) આપે તે પહેલાં જ (ભગવાન્) લઈ જશે, તેથી તેમનો (મને લઈ જવામાં) વિરોધ કરવા રાજાઓ ધનુષ્ય સજ્જ કરી રહેલા. (કે જેથી) પછી તેઓ રાજા (મારા પિતા અથવા ભાઈ) દ્વારા મને શિશુપાલને અપાવશે (અપાવે). આવી સ્થિતિ હતી ત્યારે 'જેમણે ભટ જીતવો રહ્યો નથી તેવાઓએ જેમના ચરણની રેણુ (પોતાના) મુકુટો ઉપર ચઢાવેલી છે તેવા' ભગવાન્ (મને) લઈ ગયા. જેમણે ભટ પણ જીતવો રહ્યો નથી તેઓ 'અજેયભટાઃ' છે. 'ભટ' એટલે પગે ચાલનાર સૈનિક, કીર્તિ ગાનારો, અથવા દૂતરૂપ ભાટ. તે (અજેયભટો)ના 'શેખરિતઃ' મુકુટોનાં ઉપર ચઢેલી છે ચરણની રેણુ જેમના, તેવા ભગવાનને (આ રાજાઓ) જીતશે એ તો સંભવતું જ ન હતું. તેથી જ (ભગવાન્) મને લઈ ગયા. (ભગવાનને મને લઈ જવામાં) ભય ન હતો એમ જણાવવા 'જેમ સિંહ (બકરાં અને ઘેટાંનાં ટોળામાંથી લઈ જાય તેમ)' એવું દૃષ્ટાંત કહેલું છે. એવી રીતે લઈ જવાનું જરુરી હોવાનું કારણ '(પોતાના) ભાગને' શબ્દથી કહેલું છે. 'બકરાં અને ઘેટાનાં ટોળામાંથી' શબ્દથી બીજા (રાજા)ઓ નમાલા હોવાનું કહેલું છે. 'બકરાં અને ઘેટાંનાં ટોળામાંથી' (શબ્દથી એમ કહેલું છે કે), જેઓ સાત્ત્વિક હતા અને જેઓ રાજસ હતા તેઓ પણ–બંને

પ્રકારનાઓ નમાલા હતા. એવી રીતે (ભગવાને) પુરુષોત્તમપણું પ્રકટ કર્યું તેથી મને સર્વ પુરુષાર્થો પ્રાપ્ત થાય તે માટે તેમનો ચરણ મારે પૂજન (કરવા) માટે હો. તે (ચરણ)માં સર્વ પુરુષાર્થો પ્રત્યક્ષ જ રહેલા છે એમ 'લક્ષ્મીનાં ધામરૂપ' શબ્દથી કહેલું છે. (હું તેમનો) પોતાનો ભાગ હોવાથી (મારા) શરીરનો (ભગવાન્) પોતે જ ભોગ કરશે. ત્યાં[1] પ્રસંગને લીધે આવેલ જીવ ભગવાનની ભક્તિની જ ઈચ્છા કરે છે એમ કહેલું છે[1]. ૮.

જો કે દ્રૌપદીએ (શ્રીકૃષ્ણની પત્નીઓનાં) નામ આડા અવળા ક્રમથી કહેલાં, છતાં પણ તે સ્ત્રીઓ ક્રમ પ્રમાણે જ પોતાનો વૃત્તાંત કહે છે. તેથી તે (રુક્મિણી)ની પછી (પત્ની) થએલી સત્યભામા પોતાનો વૃત્તાંત કહે છેઃ

॥ સત્યભામોવાચ॥

**યો મે સનાભિવધતપ્તહૃદા તતેન લિપ્તાભિશાપમપમાર્ષ્ટુમુપાજહાર ॥**
**જિત્વર્ક્ષરાજમથ રત્નમદાત્સ તેન ભીતઃ પિતાદિશત માં પ્રભવેપિ દત્તામ્ ॥૯॥**

ભાઈના વધથી દુઃખ પામેલા હૃદયવાળા મારા પિતાએ ચઢાવેલા કલંકને દૂર કરવા જેમણે રીંછોના રાજાને જીતી પછી રત્ન લાવી આપ્યું (તે) પ્રભુને (મારા) ભય પામેલા તે પિતાએ (બીજાને) આપેલી હોવા છતાં મને તે (રત્ન) સાથે આપી. ૯.

'સનાભિઃ' સગો ભાઈ, તેનો વધ જો કે બીજા સ્થલે થયો, છતાં પણ તેના વધથી મારા પિતા દુઃખી થએલ હૃદયવાળા થયા. તેમણે વિચાર કર્યા વિના જ ભગવાન્ ઉપર કલંક ચઢાવ્યું. તે (કલંક)ને દૂર કરવા, રીંછોના રાજાને જીતી, 'અથ' પછી જૂદા પ્રકારે દાયજા તરીકે (તેણે) આપેલા રત્નને પોતે ગ્રહણ કરી, તે રત્ન તે મારા પિતાને લાવી આપ્યું. પછી ભય પામેલા મારા પિતાએ તે રત્ન સાથે મને (તેમને) 'આદિશત' આપી. જો કે તેમને (બીજી) પત્નીઓ થએલી, છતાં પણ (તે) પ્રભુ હોવાથી, (મને) બીજાને (અક્રૂરને) 'દત્તામ્' વાણીથી આપેલી હોવા છતાં પણ (આપી), કારણ કે 'વધારે સારો વર આવે (પ્રાપ્ત થાય) તો (વાણીથી) આપેલી કન્યાને પણ (સગપણ કરેલ હોય તેની પાસેથી) લઈ લેવી' (યાજ્ઞવલ્ક્ય.સ્મૃ.૧।૩।૬૫). આ ક્ષત્રિયના સંબંધમાં કહેલું છે. 'જે બીજાની સાથે

૧...૧. આ વાક્યથી ચરણ લક્ષ્મીનું ધામ હોવાનું સિદ્ધ કરે છે. લક્ષ્મીનો દેહ (ભગવાન્) ભોગ કરે તે માટે તેમના વક્ષઃસ્થલમાં રહે છે. ત્યાં દેહના સંબંધના લીધે આવેલ જીવ ભક્તિ પ્રાપ્ત કરવા ચરણમાં રહેવા ઈચ્છે છે. તેથી દેહ વક્ષઃસ્થલમાં રહેલ હોવા છતાં અંતઃકરણ ચરણમાંજ રહે છે. તેથી ચરણ લક્ષ્મીનાં ધામરૂપ છે. (લે) 'ત્યાં' એટલે ચરણમાં પ્રસંગને લીધે એટલે પૂજન માટે આવેલ જીવ પણ ભગવાનની ભક્તિની જ ઈચ્છા રાખે છે, એવો ભાવ લઈ શકાય તેમ છે.

સગપણ કરીને પણ પાછી (કન્યા) બીજાને આપવામાં આવે છે, આ પહેલાનાં ઋષિઓએ કરેલ નથી, અને પછીના કરશે નહિ' એ મનુના વાક્યમાં 'ઋષિ' શબ્દ યોજેલ હોવાથી (તે) બ્રાહ્મણના સંબંધમાં કહેલું છે. વળી વિવાહ (કરવા)માં બંધુઓની સંમતિ લેવામાં આવે છે, ત્યારે જ અધિકાર પ્રાપ્ત થાય છે. તેથી અધિકાર પ્રાપ્ત થાય તે માટે મને (ભગવાનને) આપી. તેથી પ્રાયશ્ચિત્ત કરવા માટે[1] આપેલી હું, (પિતાના) પાપનો નાશ કરવાના ઉપયોગમાં આવી, તેથી પોતાના કાર્ય માટે રહેલ નહિ હોવાથી, કાંઈ પણ કામના કરતી નથી, એવો અર્થ છે. તેથી જ[2] તે (સત્યભામા) ભગવાનને ઘણી પ્રિય છે, અને પિતાનાં કાર્યમાં જ ઉપયોગમાં આવેલી છે. તેથી જ તેને સ્વર્ગ (પ્રાપ્ત થવાનું) નહિ હોવાથી[3], (તેના માટે ભગવાન્) પારિજાતને લઈ આવેલ, અને (તેને) સ્વર્ગમાં લઈ ગએલા. ૯.

જાંબવતીએ એ રીતે નીચે પ્રમાણે કહ્યું:

॥ જામ્બત્યુવાચ ॥

**પ્રાજ્ઞાય દેહકૃદમું નિજનાથદૈવં સિતાપતિં ત્રિણવહાન્યમુનાભ્યયુધ્યત્ ॥**
**જ્ઞાત્વા પરીક્ષિત ઉપાહરદર્હણં માં પાદૌ પ્રગૃહ્ય મણિનાહમમુષ્ય દાસી ॥૧૦॥**

પિતાએ આમને નિજનાથ દેવ સીતાપતિ ઓળખ્યા વિના આમની સાથે સત્તાવીસ દિવસ યુદ્ધ કર્યું. પરીક્ષા થતાં ઓળખીને ચરણો પકડી પૂજા કરવા યોગ્ય (ભગવાન)ને મણિ સાથે મને આપી. હું આમની દાસી છું. ૧૦.

'અજ્ઞાય' ઓળખ્યા વિના, 'પ્રાજ્ઞાય' જરાએ ઓળખ્યા વિના, (આ) કોઈક મનુષ્ય છે, એમ ભગવાનને જાણીને મારા 'દેહકૃત્' કન્યાના પિતાએ (યુદ્ધ કર્યું), કારણ કે ઘણું પાપ કરેલ હોય ત્યારે જ કન્યાના પિતા થવાય છે. તેથી જ (કન્યાના પિતા હોવું) તે દુઃખકારક જ છે એમ શાસ્ત્ર કહે છે. તેથી (મારા પિતાએ) ભગવાનને ઓળખ્યા નહિ. સામે (ભગવાનને) દેખાડીને 'આમને' એમ કહેલ છે. વાસ્તવિક રીતે તો આ 'નિજઃ' (પોતાના) આત્મા, 'નાથઃ' સ્વામી અને 'દૈવં' પૂજા કરવા યોગ્ય (દેવ) છે.

'તેવા રામ છે' એમ કહેવામાં આવે, તેથી 'સીતાપતિ' એમ કહેલું છે.

---

૧. વિવાહ ભોગ માટે કરેલ નહિ હોવાથી, કાંઈ પણ કામના તેણે કરેલી નથી, એવો અર્થ છે. (લે)

૨. કામના વિનાની હોવાથી જ, બીજી સ્ત્રીઓ કરતાં સત્યભામા ભગવાનને ઘણી પ્રિય છે. આરંભમાં પિતાનો દોષ દૂર કરવાના ઉપયોગમાં આવી. પછી ૧૦।૫૪।૭-૮માં જણાવ્યા પ્રમાણે પિતા માટે ઘણાં કાર્ય તેમણે કરેલાં. (લે)

૩. અવતારની સમાપ્તિના સમયે કામનાવાળીઓને ક્રમે ક્રમે મોક્ષ થવાનો એટલે સ્વર્ગ વિગેરે લોકનો ભોગ તેમને થવાનો. કામના વિનાનીને તો તરત જ મોક્ષ થવાનો એટલે મોક્ષ પ્રાપ્ત થવાનું નહિ, એવો અર્થ છે. (લે)

પહેલા સીતાને ઘણું દુઃખ આપીને, પછી તેને ઘણા પ્રકારે અવતાર ધારણ કરાવીને, તેના માટે પોતે પણ પધાર્યા (અવતાર ધારણ કર્યો) એવો અર્થ છે. જ્યાં સુધી ભગવાનનું નિકટપણું (પ્રાપ્ત)ન થાય, ત્યાં સુધી જ અજ્ઞાન રહે છે, કારણકે તેવા પ્રસંગે ત્રણ ગુણોના ભેદરૂપ સત્તાવીસ તત્ત્વો હોવાથી, જુદું જુદું તત્ત્વ આડું આવતું હોવાથી ભગવાન્ ઓળખાતા નથી. તે (આડે આવતાં તત્ત્વ)ને દૂર કરવા આમની સાથે યુદ્ધ કર્યું. પછી આડે આવનારાં (ઢાંકણો) દૂર થતાં 'પરીક્ષિતે' પરીક્ષા થતાં, 'આ ભગવાન જ છે' એમ ઓળખીને 'અહણં' પૂજા કરવા યોગ્ય (ભગવાન)ને ચરણો પકડી મણિની સાથે મને આપી. એ પ્રમાણે વિવાહનું વર્ણન કરી 'હું આમની દાસી છું' શબ્દોથી કામના કહે છે. જે સ્વતંત્ર હોય તે કામના કરે. હું તો દાસી છું. દાસ્ય વિના બીજાં કોઈની આને કામના નથી. ૧૦.

પછી પ્રાપ્ત થએલા કાલિંદી પોતાનો વૃત્તાંત નીચેના શ્લોકમાં કહે છેઃ

॥ કાલિન્દ્યુવાચ॥

**તપશ્ચરન્તીમાજ્ઞાય સ્વપાદસ્પર્શનાશયા ॥**
**સખ્યોપેત્યાગ્રહીત્પાણિં યાહં તદ્ગૃહમાર્જની ॥૧૧॥**

પોતાના ચરણના સ્પર્શની આશાથી તપ કરતી મને જાણીને મિત્ર સાથે આવી (મારો) હાથ ઝાલ્યો. (તેવી) જે હું (તે) તેમનું ઘર સ્વચ્છ કરનારી છું. ૧૧.

અર્જુનને આરંભમાં મોકલ્યો એ યુક્તિ માટે કરેલ. વાસ્તવિક રીતે તો પોતે જ (મને તપ કરતી) જાણીને મિત્ર સાથે આવી (મારો) હાથ ઝાલ્યો. એ પ્રમાણે વિવાહ કહીને 'જે હું (તે) તેમનું ઘર સ્વચ્છ કરનારી છું' શબ્દોથી કામના કહે છે. મારે તો કામના નથી. હું કાલિંદી સ્વભાવથી જ તેમનાં ઘર મથુરાને 'માર્જની' સ્વચ્છ કરનારી છું. અથવા તેમનું ઘર સૂર્યમંડલ છે, (તેને) શુદ્ધ કરીને તેમાંથી હું નીકળેલી છું. અથવા એમ જણાવે છે કે ઘરની દાસી હોવાપણું પોતાનું ઈચ્છેલું જ (પ્રાપ્ત) થયું. ૧૧.

તેમની પછીની મિત્રવિંદા પોતાનો વૃત્તાંત નીચેના શ્લોકમાં કહે છેઃ

॥ ભદ્રોવાચ[૧] ॥

**યો માં સ્વયંવર ઉપેત્ય વિજિત્ય ભૂપાન્ નિન્યે શ્વયૂથગમિવાત્મબલિં દ્વિપારિઃ ॥**
**ભ્રાતૃંશ્ચ મે ડપકુરુતઃ સ્વપુરં શ્રિયૌકઃ તસ્યાસ્તુ**
**મે ડનુભવમઙ્ઘ્ર્યવનેજનત્વમ્ ॥૧૨॥**

જે સ્વયંવરમાં આવી રાજાઓને અને અપકાર કરનારા મારા ભાઈઓને

૧. અહિં ભદ્રાને બદલે મિત્રવિંદા જોઈએ. વિંદ અને અનુવિંદ તેના જ ભાઈઓ હતા. લેખકના ભ્રમથી આ ભૂલ થઈ છે એમ જીવગોસ્વામી કહે છે.

જીતી, જેમ સિંહ કૂતરાનાં ટોળામાં રહેલા પોતાના ઉપહારને લઈ જાય તેમ મને લક્ષ્મીનાં ધામરૂપ પોતાના નગરમાં લઈ ગયા તેમના ચરણ ધોવારૂપ અનુભવ મને હો. ૧૨.

પહેલાં (મિત્રવિંદા) પોતે જ (ભગવાનમાં) આસક્તિવાળી હોવા છતાં પણ ભાઈએ (તેને ભગવાનને પરણતાં) અટકાવી સ્વયંવર કરાવ્યો તેથી 'સ્વયંવરમાં આવી' એમ કહેલું છે. પછી સ્વયંવરમાં (ભગવાને) પોતે આવી, બધાએને જીતી, હું ફોઈની દીકરી હોવાથી પોતાનો ભાગ હોઈ, એકનો ભાગ બીજો લે તે કૂતરો થાય તેથી જેમ કૂતરાના ટોળામાં રહેલ (ઉપહાર) 'દ્વિપારિઃ' સિંહ (લઈ જાય તેમ મને લઈ ગયા). ધર્મ અને ભૂમિનું રક્ષણ કરનાર રાજાઓને પણ (ભગવાને) જીત્યા, તેથી (તેમને સિંહ કહેલ છે). એવી રીતે અપકાર કરનારા મારા ભાઈઓને જીતી (મને લઈ ગયા). જો કે વિંદ અને અનુવિંદ બે (ભાઈઓ) જ વિરોધ કરતા હતા, છતાં પણ બીજા કુટુંબીઓ પણ તેમનો પક્ષ કરનારા હતા, તેથી 'ભ્રાતૄન્' 'ભાઈઓ' એમ બહુવચન યોજેલું છે. 'ચ' 'અને' શબ્દથી બીજા પણ વિરોધ કરાનારાઓ સૂચવેલા છે. પછી પોતાના નગરમાં લઈ ગયા, એટલે મને દ્વારકા લઈ ગયા. આથી રસ્તામાં વિઘ્ન થયું ન હતું એમ જણાવ્યું. 'લક્ષ્મીનાં ધામરૂપ' શબ્દથી શહેરની સર્વ સમૃદ્ધિ કહેલી છે. પછી (પોતાનું) ઈચ્છેલું કહે છે કે તેમના ચરણ ધોવારૂપ અનુભવ (મને) જન્મે જન્મે હો. 'અઙ્ઘ્ર્યવનેજની' એટલે ચરણ ધોનારી આ મારું ઈચ્છેલું છે. ૧૨.

નાગ્નજીતી તો (પોતાનો વૃત્તાંત) નીચેના શ્લોકમાં કહે છે:

।। સત્યોવાચ।।

**સપ્તોક્ષણોઽતિબલવીર્યસુતીક્ષ્ણશૃઙ્ગાન્ પિત્રા કૃતાન્ ક્ષિતિપવીર્યપરીક્ષણાય ।।**
**તાન્ વીરદુર્મદહનસ્તરસા નિગૃહ્ય ક્રીડન્**
**બબન્ધ હ યથા શિશવોઽજતોકાન્ ।।૧૩।।**

ઘણાં બલ, પરાક્રમ અને ઘણાં તીક્ષ્ણ શીંગડાવાળા સાત બળદો (મારા) પિતાએ રાજાઓના પરાક્રમની પરીક્ષા કરવા કરેલા. અહો! વીરોના દુષ્ટ મદને હણનારા તેઓને ઝડપથી વશ કરી જેમ બાલકો બકરીનાં બચ્ચાંઓને બાંધે તેમ રમતાં (ભગવાને) બાંધ્યા. ૧૩.

ઘણું[1] બલ, 'વીર્ય' પરાક્રમ અને ઘણાં તીક્ષ્ણ શીંગડાઓ હતા જેઓનાં, તેવા સાત બળદો વ્યસનરૂપ હતા. તેથી જ (મારા) પિતાએ રાજાઓના પરાક્રમની

૧. આ અર્થ કહેલો છે. ઘણાં બલ સાથે વીર્ય છે જેઓનું તે 'અતિબલવીર્યાઃ' તેવા અને 'સુતીક્ષ્ણશૃંગાઃ' એમ (કર્મધારય) સમાસ કરવો. (લે)

પરીક્ષા કરવા (તેવા) કરેલા; કારણ કે જે વ્યસનથી ઝડપાએલો હોય તે ભોગ કરનાર કેમ થઈ શકે? તેથી પોતાની કન્યાને ભોગ પ્રાપ્ત થાય તે માટે (મારા) પિતાએ તેમને (તેવા) કરેલા. વળી વ્યસનો ત્રણ ગુણોનાં બનેલાં હોય છે, તેથી બળદો તેવા[2] કહેલા છે. પરાક્રમ સાત્ત્વિક છે, બલ તામસ છે. શીંગડાઓ રાજસ છે. વળી વ્યસનો ધર્મ વિગેરેથી દૂર થઈ શકે તેવા નથી એમ જણાવવા 'વીરોના દુષ્ટ મદને હણનારા' એવું તેઓનું વિશેષણ કહેલું છે. વીરો એટલે શૂરવીર રાજાઓ. પરાક્રમ ધર્મને ઠેકાણે છે, છતાં પણ દુષ્ટ મદને ઉત્પન્ન કરનારું હોવાથી વ્યસનનો નાશ કરવાની શક્તિવાળું નથી એવા અભિપ્રાયથી 'દુષ્ટ મદને (હણનારા)' એમ કહેલું છે. વીરોના દુષ્ટ મદનો નાશ કરે તે 'દુષ્ટ મદને હણનારા'. તેથી 'તરસા' ઝડપથી જ તેઓને વશ કરી (બાંધ્યા). વૈદિકો ધર્મ વિગેરેથી પણ જીતી ન શકાય તેવાને લૌકિક (ઉપાય)થી કેવી રીતે વશ કર્યા એવું આશ્ચર્ય દર્શાવવા 'હ' 'અહો!' શબ્દ યોજેલ છે. લૌકિક ઉપાયમાં પણ પ્રયાસ કર્યો ન હતો એમ 'જેમ બાલકો બકરીનાં બચ્ચાંઓને બાંધે' એ દૃષ્ટાંતથી કહેલું છે. મોટાઓ બકરીનાં બચ્ચાંઓને ઉપાડે છે, એટલે બાલકો જ બાંધવા માટે પકડી રાખે છે[3]. છતાં પણ એક બાલકથી તેમ થતું નથી, તેથી બહુવચન યોજેલું છે. વ્યસન મટાડવા માટે બાલકો સપ્તતંતુ યજ્ઞ કરે છે, એવો સૂચવેલો અર્થ છે. ૧૩.

**ય ઇત્થં વીર્યશુલ્કાં માં દાસીભિશ્ચતુરઙ્ગિણીમ્ ।।**
**પથિ નિર્જિત્ય રાજન્યાન્નિન્યે તદ્દાસ્યમસ્તુ મે ।।૧૪।।**

જે માર્ગમાં રાજાઓને(અને તેમની) ચાર અંગવાળી (સેના)ને જીતીને, વીર્ય જેનું મૂલ્ય હતું તેવી મને દાસીઓ સાથે લઈ ગયા, તેમનું દાસ્ય મને હો. ૧૪.

પછી પોતાનું ઈચ્છેલું બનતાં, વીર્ય જ જેનું મૂલ્ય હતું તેવી પિતાએ જ આપેલી મને, માર્ગમાં રાજાઓને અને તેઓની ચાર અંગવાળી સેનાને જીતીને, દાસીઓ સાથે મને ભગવાન્ પોતાના ઘેર લઈ ગયા. 'તેમનું દાસ્ય મને હો' શબ્દોથી (પોતાની) કામના કહેલી છે. ૧૪.

પછી નીચેના શ્લોકમાં ભદ્રા (પોતાનો વૃત્તાંત) કહે છેઃ

।। ભદ્રોવાચ।।

**પિતા મે માતુલેયાય કૃષ્ણે કૃષ્ણાય દત્તવાન્ ।।**

૨.'તેવા' એટલે ઘણું બલ, પરાક્રમ અને ઘણાં તીક્ષ્ણ શીંગડાવાળા એવા ત્રણ ગુણવાળા. (લે)

૩. મોટા પુરુષો બકરીનાં બચ્ચાંઓને ઉપાડીને બીજે સ્થલે લઈ જાય છે. તેમને તેઓને બાંધવાનો શ્રમ લેવાની જરુર નથી. બાલકોમાં તેમને ઉપાડવાની શક્તિ નહિ હોવાથી, તેઓ જ તેમને જેમ તેમ પકડીને બાંધે છે. તે પ્રમાણે એટલું જ કરવાનું પણ હોવાથી ભગવાને પણ માત્ર તેમને બાંધ્યા એવો અર્થ છે.

**તચ્ચિત્તાં ભ્રાતૃભિર્દત્તામક્ષૌહિણ્યા સખીજનૈઃ ॥૧૫॥**

હે દ્રૌપદિ! મારા પિતાએ (મારા) મામાના દીકરા શ્રીકૃષ્ણને તેમનામાં ચિત્તવાળીને, ભાઈઓએ સગપણ કરેલીને (મને) સખીઓ (અને) અક્ષૌહિણી (સેના) સાથે આપી. ૧૫.

ભગવાન્ મારા મામાના દીકરા છે. આ (ભદ્રા) શ્રુતકીર્તિની પુત્રી છે. હે 'કૃષ્ણે' દ્રૌપદિ! 'તેમનામાં ચિત્તવાળીને' વિશેષણથી શ્રીકૃષ્ણના અર્થે દાન કરવાનું ખાસ પ્રયોજન કહેલું છે. 'ભાઈઓએ સગપણ કરેલીને' વિશેષણથી એમ જાણવાનું છે કે વાણીથી દાન (સગપણ) કરવા માટે ભાઈઓ જ દ્વારકા ગએલા. આ (પિતાએ કરેલું) દાન તો સંકલ્પ કરીને કરેલું. અક્ષૌહિણી (સેના) અને સખીઓ દાનમાં સાથે અપાએલાં. ૧૫.

નીચેના શ્લોકમાં (ભદ્રા પોતાની) કામના કહે છેઃ

**અસ્ય મે પાદસંસ્પર્શો ભવેજ્જન્મનિ જન્મનિ ॥**

**કર્મભિર્ભ્રામ્યમાણાયા યેન તચ્છ્રેય આત્મનઃ ॥૧૬॥**

કર્મથી ભ્રમણ કરાવાતીને મને જન્મોજન્મ આમના ચરણનો સ્પર્શ હો, જેનાથી આત્માનું તે કલ્યાણ થાય. ૧૬.

'જન્મોજન્મ હો' શબ્દોથી એમ (કહેલું છે કે) જ્યારે જ્યારે ભગવાન્ અવતાર ધારણ કરશે ત્યારે ત્યારે લક્ષ્મીની પેઠે હું પણ આવીશ (અવતાર લઈશ).

'(તમે) તેમની (ભગવાનની) શક્તિ હોવાથી પોતાની મેળે જ (અવતાર) થશે. તેવી પ્રાર્થના કેમ કરો છો?' એવી શંકા થાય, તેથી 'કર્મથી ભ્રમણ કરાવાતીને' વિશેષણ યોજેલું છે. જીવપણું હોવાથી[1], (મારો) કર્મ સાથે સંબંધ છે. તેમ ન હોય તો હું બીજાના[2] સંબંધવાળી કેમ હોઉં?

જો તેમ (જીવપણું) હોય તો તેથી (ચરણનો સ્પર્શ થવાથી) શું થાય? એ પ્રશ્નનાં સંબંધમાં કહે છે કે જે ચરણનાં સ્પર્શથી 'તે' એટલે પ્રસિદ્ધ બ્રહ્માનંદરૂપ કલ્યાણ (પ્રાપ્ત) થાય છે. 'આત્મનઃ' એટલે પોતાને અથવા આત્માને (પ્રાપ્ત થાય છે). આ સાત (પટરાણીઓ) ભક્તિનાં પ્રકારરૂપ છે. ૧૬.

**અર્ચનાત્મા રુક્મિણી સ્યાચ્છ્રવણં તદનન્તરા ॥**

**સર્વપાપક્ષયઃ પૂર્વં યસ્માદત્ર નિરૂપ્યતે ॥૫॥**

---

૧. મનુષ્યની સ્થિતિનો સ્વીકાર કર્યો એટલે કર્મનાં સંબંધનો પણ સ્વીકાર કર્યો એવો અર્થ છે. (લે)

૨. 'બીજાના' એટલે પિતા વિગેરેના. જન્મ લેવાનો છે, તેથી જ પિતા વિગેરેની જરુર રહે છે એવો ભાવ છે. (લે)

રુક્મિણી અર્ચન (ભક્તિરૂપ) છે. તેની પછીની (સત્યભામા) શ્રવણ (ભક્તિ) છે, કારણ કે પહેલાં સર્વ પાપનો નાશ (સત્યભામાથી થએલ હોવાનું) અહિં કહેલું છે. કા.૫.

**એકાન્તે ચ પ્રદત્તેતિ તૃતીયા સ્મૃતિરુચ્યતે ।।**
**ચતુર્થ્યૈવ ચતુર્થી સ્યાત્ દ્વિતીયા પઞ્ચમી મતા।।૬।।**

અને ત્રીજી (જાંબવતી) એકાંતમાં આપેલી હોવાથી સ્મૃતિ (સ્મરણ ભક્તિ) કહેવાય છે. ચોથી (કાલિંદી) ચોથી (પાદસેવન ભક્તિ) જ છે. પાંચમી (મિત્રવિંદા) બીજી (કીર્તનભક્તિ) છે. કા.૬.

**સર્વાન્ બલવતો દુષ્ટાન્ વિનિવાર્યૈવ કીર્તયેત્ ।।**
**ષષ્ઠી તુ સપ્તમી પ્રોક્તા સપ્તમી તદ્વિપર્યયમ્ ।।૭।।**

(તે) સર્વ બલવાન દુષ્ટોનો નિગ્રહ કરીને જ (ભગવાનનું) કીર્તન કરે છે. છઠ્ઠી (સત્યા) તો સાતમી (દાસ્યભક્તિ) કહેલી છે. સાતમી (ભદ્રા) તેથી ઉલટી (છઠ્ઠી વંદનભક્તિરૂપ) છે. કા.૭.

**નમને પાદસંસ્પર્શઃ પ્રતિવારં ભવેદિતિ ।।**
**સખ્યરૂપા ત્વષ્ટમીયં મહતી વિનિરૂપ્યતે ।।૮।।**

કારણ કે નમન કરતા વારંવાર ચરણનો સારી રીતે સ્પર્શ થાય છે. આઠમી લક્ષ્મણા તો આ સખ્યરૂપ (ભક્તિ) માટે હોવાનું (નીચેના શ્લોકથી આરંભી) કહેવામાં આવે છે. કા.૮.૧૬.

નીચેના શ્લોકથી આરંભી દ્રૌપદીનાં અભિમાનનો નાશ કરવા લક્ષ્મણા પોતાનો વૃત્તાંત કહે છે, કારણ કે તે (દ્રૌપદી) પોતાના વિવાહને ઉત્તમ માનતી હતી.

।। લક્ષ્મણોવાચ।।

**મમાપિ રાજ્ઞ્યચ્યુતજન્મકર્મ શ્રુત્વા મુહુર્નારદગીતમાસ હ ।।**
**ચિત્તં મુકુન્દે કિલ પદ્મહસ્તયા વૃતઃ સુસંમૃશ્ય વિહાય લોકપાન્ ।।૧૭।।**

હે રાણી! નારદે વારંવાર ગાએલ અચ્યુતનાં જન્મ અને કર્મનું શ્રવણ કરીને મારું ચિત્ત પણ મુકુંદમાં ચોંટ્યું. હાથમાં કમલ રાખી સારી રીતે વિચાર કરી, રાજાઓને તજી ખરેખર હું (તેમને) વરી. ૧૭.

રાધાવેધ જાણવો કઠણ છે. તેનાંથી પણ અધિક જો ભગવાને કરેલો (વેધ) પણ થાય, તો (દ્રૌપદી) પતિની મિત્રતા તજી ભગવાનની સખી થાય એવા આશયથી (વૃત્તાંત કહે છે). તે પ્રથમ પોતાના મનમાં (ભગવાન્ માટે થએલ) પ્રેમ કહે છે. જેને જન્મથી આરંભી અથવા પહેલાનાં જન્મોથી ભગવાનમાં જ ચિત્ત

(રહેલ) હોય તે જ (ભગવાન્ સાથે) સખ્ય પ્રાપ્ત કરે છે. (દ્રૌપદી) સાવધાન રહી શ્રવણ કરે તે માટે 'હે રાણી!' એવું સંબોધન કરેલું છે. (શ્રીકૃષ્ણ) ભજન કરવા યોગ્ય હોવાનું મુખ્ય કારણ 'અચ્યુતપણું' છે. (તેમનો) જન્મ ભક્તોનો ઉદ્ધાર (કરવા) માટે જ અને કર્મ ભક્તોનું કાર્ય (કરવા) માટે જ થાય છે એવું, અથવા (તેમના) કુલ અને આચારનું[1] શ્રવણ કરીને (ચિત્ત મુકુંદમાં ચોટ્યું). 'નારદે વારંવાર ગાએલ' શબ્દોથી નિશ્ચય થાય તે માટે (તે) પ્રમાણવાળું[2] હોવાનું કહેલું છે. (ભગવાન્) 'અચ્યુત' હોવાથી આ લોકનું સુખ આપનારા છે અને મુકુંદ હોવાથી મોક્ષ આપનારા છે, તેથી માત્ર તેમનામાં જ (ચિત્ત) પરોવાયું એમ 'ચિત્ત મુકુંદમાં ચોટ્યું' શબ્દોથી (જણાવેલું છે).

'છતાં પણ યોગીઓએ પ્રાપ્ત કરવા યોગ્ય (ભગવાન્) સ્ત્રી માત્રે વરવા યોગ્ય કેમ હોય?' એવી શંકા થાય, તેથી 'હાથમાં કમલ રાખી ખરેખર વરી' શબ્દો યોજેલ છે. 'કમલ છે હાથમાં જેની' (તેવી થઈ), એટલે દીવાની પેઠે (કમલ હાથમાં) રાખી, સર્વ જોઈ, વિચાર કરી વરી એમ કહેલું છે.

'તેટલાથી શું? તમારે બીજાને વરવું યોગ્ય હતું' એમ કહેવામાં આવે, તેથી 'રાજાઓને તજી' શબ્દો યોજેલ છે. બીજા રાજાઓ નમાલા ઘણા દુષ્ટ છે એમ (એ શબ્દોથી) જણાવેલું છે. ૧૭.

**જ્ઞાત્વા મમ મતં સાધ્વિ પિતા દુહિતૃવત્સલઃ ।।**
**બૃહત્સેન ઈતિ ખ્યાતસ્તથોપાયમચીકરત્ ।।૧૮।।**

હે સદ્‌ગુણી સ્ત્રી! મારો મત જાણીને, પુત્રી ઉપર પ્રેમ રાખનાર બૃહત્સેન નામથી પ્રસિદ્ધ (મારા) પિતાએ તેવો ઉપાય કર્યો. ૧૮.

જેનામાં મન ચોંટેલ હોય તેને દાન કરવું યોગ્ય હોવાથી, પોતાની મેળે આપતાં લજ્જા થાય તેથી, સાધારણ સ્વયંવર કરવામાં આવે તો જેવો તેવો પરણી જાય તેથી ભારેપણનો કરાર કરવો જોઈએ, એમ (કહેલું છે). મારો મત જાણીને પુત્રી ઉપર પ્રેમ રાખનાર મારા પિતાએ, જે પ્રકારે ભગવાન જ (મારા પતિ) થાય તેવો ઉપાય કર્યો, એવો અર્થ છે. ૧૮.

નીચેના શ્લોકમાં તે ઉપાય કહે છેઃ

**યથા સ્વયંવરે રાજ્ઞિ મત્સ્યઃ પાર્થેપ્સયા કૃતઃ ।।**
**અયં તુ બહિરાચ્છન્નો દશ્યતે સ જલે પરમ્ ।।૧૯।।**

હે રાણી! જેમ અર્જુનને પ્રાપ્ત કરવાની ઈચ્છાથી મત્સ્ય કરેલો તે પ્રમાણે

---

૧. 'જન્મ'નો અર્થ કુલ, અને 'કર્મ'નો અર્થ આચાર કહેલ છે.

૨. 'પ્રમાણાનુવૃત્તિરુક્તા' એવો વૃંદાવન પ્રેસનો પાઠ લીધેલ છે.

સ્વયંવરમાં મત્સ્ય કર્યો. આ તો બહારથી સંપૂર્ણ ઢંકાએલો હતો, પરંતુ તે જલમાં દેખાતો હતો. ૧૯.

અર્જુનને પ્રાપ્ત કરવાની ઈચ્છાથી એટલે અર્જુન જ પરણે એવી ઈચ્છાથી, તેના (દ્રૌપદીના સ્વયંવરના મત્સ્ય) કરતાં મારા સ્વયંવરમાં કરેલામાં ભેદ હતો, એમ 'આ તો બહારથી સંપૂર્ણ રીતે ઢંકાએલો હતો' શબ્દોથી કહેલ છે. તે (દ્રૌપદીનાં સ્વયંવરનો) તો બહારથી દેખાતો ન હતો, પરંતુ જલમાં દેખાતો હતો. જલમાં તેનું પ્રતિબિંબ દેખાતું હતું એવો અર્થ છે. મારો (મત્સ્ય) તો જલમાં પણ દેખાતો ન હતો. બહારથી સંપૂર્ણ પ્રકારે ઢંકાએલો જ હતો. તેથી અર્જુન પણ (તેને) વીંધી શકશે નહિ. એવો (મારા) પિતાનો અભિપ્રાય હતો. ૧૯.

**શ્રુત્વૈતત્ સર્વતો ભૂપા આયયુર્મત્પિતુઃ પુરમ્ ।।**
**સર્વાસ્ત્રશસ્ત્રતત્ત્વજ્ઞાઃ સોપાધ્યાયાઃ સહસ્રશઃ ।।૨૦।।**

આ સાંભળીને સર્વ અસ્ત્રો અને શસ્ત્રોનાં તત્ત્વને જાણનારા રાજાઓ હજારોની સંખ્યામાં ઉપાધ્યાયો સાથે સર્વ તરફથી મારા પિતાનાં નગરમાં આવ્યા. ૨૦.

'સર્વ અસ્ત્રો અને શસ્ત્રોનાં તત્ત્વને જાણનારા' વિશેષણથી આવવાનું તેઓનું બલ કહેલું છે. નહિ ફેંકેલા અને નહિ પ્રયોગ કરેલા વૈદિક અસ્ત્રો અને લૌકિક શસ્ત્રોનાં 'તત્ત્વં' સ્વરૂપને (જાણનારા), એટલે 'અહિં રહીને ફેંકવાથી આવી રીતે નિશાન પાડશે એમ, અને આ શસ્ત્રનો પ્રયોગ કરવાથી નિશાન પડશે' એમ (જાણનારા). અકસ્માત્ ભૂલી જવાય અથવા સભામાં ધ્રુજાટ થાય, તેથી 'હજારોની સંખ્યામાં ઉપાધ્યાયો સાથે' (આવ્યા), કેમ કે એક નિષ્ફલ થતાં બીજો પરણે (પરણી શકે). પોતે તે (ઉપાધ્યાયો) પાસેથી (કન્યા) લે તો પણ પ્રતિષ્ઠા ન થાય તેથી (તેઓની) સાથે આવ્યા[1]. ૨૦.

**પિત્રા સંપૂજિતાઃ સર્વે યથાવીર્યં યથાવયઃ ।।**
**આદદુઃ સશરં ચાપં વેદ્ધું પર્ષદિ મદ્ધિયઃ ।।૨૧।।**

પરાક્રમ પ્રમાણે (અને) વય પ્રમાણે મારા પિતાએ સત્કાર કરેલા, મારી કામનાવાળા બધાએ સભામાં વેધ કરવા બાણ સાથે ધનુષ્ય લીધું. ૨૧.

આવેલા બધાએનો (મારા) પિતાએ સત્કાર કર્યો, પરંતુ (તેઓની) પદવીના પ્રમાણમાં કર્યો. તેમાં પરાક્રમ અને વય ભેગાં મળી ઉંચી નીચી સ્થિતિ

---

૧. ઉપાધ્યાયો લક્ષ્ય વેધી કન્યા લાવે તો તેમની પાસેથી કન્યા લેવામાં પ્રતિષ્ઠા ન થાય, તેથી રાજાઓ તેઓની સાથે આવ્યા એવો ભાવ જણાય છે. 'સમાગતાઃ' શબ્દ વૃંદાવન પ્રેસવાળી પ્રતમાં અધિક છે, તે પાઠ લીધો છે.

મુકરર કરાવનારાં હતાં. તેમ ન હોય તો તેઓના ઉપાધ્યાયોનો જ સત્કાર થાય[1]. ત્યાં જ ભગવાનના મંત્રથી મંત્રેલું ધનુષ્ટ અને બાણ ત્યાં (સભામાં) જ રાખેલ, (તે) તેમણે લીધાં. 'વેધ કરવા' શબ્દથી (તે) લેવાનું પ્રયોજન (કહેલું છે), 'પર્ષદિ' સભામાં (લીધાં), કારણ કે તેઓ 'મદ્ધિયઃ' મારી કામનાવાળા હતા. ૨૧.

પછી નીચેના શ્લોકમાં તેઓ નિષ્ફલ થવાનો પ્રકાર કહે છેઃ

**આદાય વ્યસૃજન્કેચિત્સજ્જીકર્તુમનીશ્વરાઃ ।।**
**આકોષ્ઠં જ્યાં સમુત્કૃષ્ય પેતુરેકેઽમુના હતાઃ ।।૨૨।।**

કેટલાકે લઈ (પણછ) ચઢાવી ન શકવાથી મૂકી દીધું, બીજાઓ પણછને કોઠા સુધી ખેંચી પડ્યા (અને) તેનાથી ચગદાયા. ૨૨.

તે (નિષ્ફલ થવા)નું કારણ 'ચઢાવી ન શકવાથી' શબ્દોથી કહેલું છે. વળી કેટલાક માત્ર વેધ કરવાનું જ પણ કરેલું હોવાથી (પણછ) ચઢાવાનું જરુરી નહિ હોવાથી, બીજા ઘણાઓએ ચઢાવેલ પણછવાળું જ ધનુષ્ય લઈને કોઠા સુધી પણછને ખેંચીને, તે ધનુષ્યનો પ્રહાર થવાથી પડ્યા. કાનના અંત સુધી પણછ ખેંચવી જોઈએ. કોઠા સુધી તો પણછ રહેલી હોય છે જ. તે (કોઠા)ના અંત સુધી એટલે તેને નજીક ઘણા પ્રયાસે પણછ લાવ્યા, તેટલાથી જ (તેઓનું) બલ ખૂટી ગયું, તેથી તેવી જ સ્થિતિમાં પડ્યા. પછી પોતાની ઉપર પડેલાં ધનુષ્યથી ચગદાયા, એવો અર્થ છે. ૨૨.

એવી રીતે અપ્રસિદ્ધ (પુરુષો)નું સ્વરૂપ કહીને, નીચેના શ્લોકમાં પ્રસિદ્ધ (પુરુષો)નું (સ્વરૂપ) કહે છેઃ

**સજ્યં કૃત્વાપરે વીરા માગધામ્બષ્ઠચેદિપાઃ ।।**
**ભીમો દુર્યોધનઃ કર્ણો નાવિદુસ્તદવસ્થિતિમ્ ।।૨૩।।**

બીજા શૂરવીર જરાસંધ, અંબષ્ઠ, શિશુપાલ, ભીમ, દુર્યોધન (અને) કર્ણે પણછ ચઢાવી, તે (નિશાન)ની સ્થિતિ જાણી નહિ. ૨૩.

'બીજા' એટલે પહેલાં કહ્યા તેથી જૂદા. 'માગધઃ' જરાસંધ, 'અમ્બષ્ઠઃ' હાથીઓને સાચવનાર ભગદત્ત, 'ચેદિપઃ'[1] શિશુપાલ, તે જ પ્રમાણે ભીમ, દુર્યોધન અને કર્ણે (પણછ ચઢાવી), છતાં પણ તે મત્સ્ય ક્યાં રહેલું છે એમ તેની સ્થિતિ જાણી નહિ. ૨૩.

---

૧. પરાક્રમ અને વય પ્રમાણે સત્કાર કરવાનો ન હોય તો ઉપાધ્યાયો તેમના શિક્ષકો હોવાથી, તેઓ જ પૂજા કરવા યોગ્ય ગણાય એવો ભાવ જણાય છે.

૧. ભૌમાસુરનો પુત્ર, પ્રાગ્જ્યોતિષ દેશનો રાજા. આ ઉત્તમ હાથીઓ રાખતો અને હાથીથી યુદ્ધ કરવામાં ઘણો કુશલ હતો.

**મત્સ્યાભાસં જલે વીક્ષ્ય જ્ઞાત્વા ચ તદવસ્થિતિમ્ ।।**
**પાર્થો યત્તોઽસૃજદ્‌બાણં નાચ્છિનત્પસ્પૃશે પરમ્ ।।૨૪।।**

મત્સ્યનું પ્રતિબિંબ જલમાં જોઈને અને તેની સ્થિતિ જાણીને પ્રયત્ન કરી અર્જુને બાણ છોડ્યું. (તેણે) છેદ કર્યો નહિ, પરંતુ સ્પર્શ કર્યો. ૨૪.

પછી અર્જુને ઢાંકણ સાથેનાં (મત્સ્ય)નું જલમાં પ્રતિબિંબ જોઈને, ત્યાં જલમાં પ્રતિબિંબ છે એમ જાણીને, અમુક સ્થલે (મત્સ્ય) રહેલું છે એવો નિશ્ચય કરીને પ્રયત્ન કરી 'પાર્થઃ' અર્જુને બાણ છોડ્યું. તેટલા (પ્રયાસ)થી પણ નિશાન છેદાયું નહિ, પરંતુ 'પસ્પૃશે' (નિશાનનો બાણને) સ્પર્શ જ કરાવ્યો, એવો (અર્થ છે). નર અને નારાયણમાં આટલો ભેદ છે કે, એક (નારાયણ)માં બંને[1] શક્તિઓ પૂરી છે, બીજા (નર)માં ઘણા પ્રયાસે એક[2] છે. ૨૪.

એ પ્રમાણે સાધારણ પ્રસિદ્ધ અને ઘણા પ્રસિદ્ધ (પુરુષો) નિષ્ફલ થતાં બધાએ (રાજાઓ) અટક્યા એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**રાજન્યેષુ નિવૃત્તેષુ ભગ્નમાનેષુ માનિષુ ।।**
**ભગવાન્ધનુરાદાય સજ્જં કૃત્વાથ લીલયા ।।૨૫।।**
**તસ્મિન્સંધાય વિશિખં મત્સ્યં વીક્ષ્ય સકૃજ્જલે ।।**
**છિત્ત્વેષુણાપાતયત્તં સૂર્યે ચાભિજિતિ સ્થિતે ।।૨૬।।**

રાજાઓ અટકી જતાં, અભિમાનીઓનાં અભિમાનનો નાશ થતાં, ભગવાને ધનુષ્ય લઈ, પછી રમતમાં (તેના પર) પણછ ચઢાવી, તેના ઉપર બાણ મૂકી, મત્સ્યને એકવાર જલમાં જોઈ સૂર્ય અભિજીત્ નક્ષત્રમાં હતો ત્યારે તેને બાણથી છેદી પાડ્યું. ૨૫-૨૬.

પછી 'શ્રીકૃષ્ણ શું કરશે?' એવી શંકા દૂર કરવા 'ભગવાન્' એમ કહેલું છે, અને તેમણે રમતમાં પણછ ચઢાવી. આથી એમ જણાવેલું છે કે શરુઆતથી આરંભી બધું (ભગવાને) પોતે જ કર્યું, પરંતુ બીજાએ કરેલ (કાર્ય)માંથી બાકી રહેલ કરેલ ન હતું. મને (લક્ષ્મણાને) સંતોષ થાય તે માટે રમતમાં (પણછ ચઢાવી). ૨૫.

'તેના ઉપર બાણ મૂકી' શબ્દોથી એમ જણાવેલું છે કે લૌકિક ધોરણ પ્રમાણે જ (બાણ) મારેલું. પછી અર્જુનને સંતોષ થાય તે માટે 'મત્સ્યને એકવાર જલમાં જોઈ, બાણથી (તેને) છેદી જલમાં પાડ્યું. તે જ સમયે સૂર્યે અભિજીત (નક્ષત્ર)માં પ્રવેશ કરેલો, તેથી જ સર્વ દોષો દૂર થયા. એમ (મત્સ્ય વીંધવાનો) લૌકિક જ પ્રકાર કહેલો છે. ૨૬.

---
૧. જ્ઞાનશક્તિ અને ક્રિયાશક્તિ.
૨. જ્ઞાનશક્તિ

**દિવિ દુન્દુભયો નેદુર્જયશબ્દયુતા ભુવિ ।।**
**દેવાશ્ચ કુસુમાસારાન્ મુમુચુર્હર્ષવિહ્વલાઃ ।।૨૭।।**

આકાશમાં (અને) ભૂમિ ઉપર 'જય' શબ્દ સાથે નગારાં વાગ્યાં અને હર્ષને લીધે આકુલ થએલા દેવોએ પુષ્પોની વૃષ્ટિઓ કરી. ૨૭.

પછી, ભગવાને સર્વ જીવોથી થઈ ન શકે તેવું (કાર્ય) કરેલ હોવાથી આ એક (ભગવાનનું) ચરિત્ર લોકમાં થયું એવા સંતોષને લીધે આકાશમાં નગારાં વાગ્યાં અને 'જય' ('જય') શબ્દો (ઉચ્ચારાયા). ભૂમિ ઉપર પણ મનુષ્યોનાં નગારાં (વાગ્યાં) અને 'જય' ('જય') શબ્દો (ઉચ્ચારાયા). પછી ભગવાને દેવો માં પોતાની સરસાઈ પ્રકટ કરી. હવે પછી (ભગવાન્) દૈત્યોનો વધ કરશે એવા સંતોષને લીધે દેવોએ, અને 'ચ' 'અને' શબ્દ હોવાથી બીજા પણ સિદ્ધો વિગેરેએ પુષ્પોની વૃષ્ટિઓ કરી અને હર્ષને લીધે આકુલ થયા. ૨૭.

પછી પણ સિદ્ધ થયું તેથી હું ભગવાનને વરી, એમ નીચેના શ્લોકથી આરંભી બે શ્લોકોથી કહે છે. એકમાં પોતાનું વર્ણન કરે છે અને બીજામાં પોતાની ક્રિયાનું (વર્ણન કરે છે).:

**તદ્રઙ્ગમાવિશમહં કલનૂપુરાભ્યાં પદ્ભ્યાં પ્રગૃહ્ય કનકોજ્જ્વલરત્નમાલામ્ ।।**
**નૂત્ને નિવીય પરિધાય ચ કૌશિકાગ્ર્યે સવ્રીડહાસવદના કબરીધૃતસ્રક્ ।।૨૮।।**

પછી સુવર્ણમાં જડેલાં ઉજળાં રત્નોની માલા લઈને, બે નવા ઉત્તમ રેશમી વસ્ત્રો પહેરી તથા ઓઢીને, લજ્જા અને હાસ્યવાળાં મુખવાળી અને અંબોડામાં પહેરેલી છે માલાઓ જેણે તેવીએ મેં મધુર અવાજવાળાં ઝાંઝરોવાળા ચરણોથી (સ્વયંવરના) મંડપમાં પ્રવેશ કર્યો. ૨૮.

શબ્દ વિગેરે વિષયો પાંચ છે. પાંચે મારા(લક્ષ્મણા)માં છે એમ જણાવવા પાંચ વિશેષણો (કહેલાં છે). તેવી (પાંચ વિષયોવાળી)એ મેં જ્યાં વિવાહનો ઉત્સવ હતો તે મંડપના સ્થલમાં પ્રવેશ કર્યો.

(૧) 'મધુર અવાજવાળા ઝાંઝરોવાળા' શબ્દથી **શબ્દ**(અવાજ)વાળા આભરણો કહેલાં છે. આવા ચરણોથી ઓળખાતીએ (મેં પ્રવેશ કર્યો).

(૨) 'સુવર્ણમાં જડેલાં ઉજળાં રત્નોની માલા' શબ્દથી રૂપનું અધિક-પણું કહેલું છે. તે માલા ભગવાનના કંઠમાં દેવાની (પહેરાવવાની) હતી, તેથી (માલાનું) પોતાથી સમાનપણું જણાવતાં, પોતાનું જ અતિશય **રૂપ** જણાવે છે.

(૩) પછી 'કૌશિકાગ્ર્યે' રેશમી બે વસ્ત્રો, એક 'નિવીય' ઉપર ઓઢીને, બીજું 'પરિધાય' પહેરીને, 'ચ' અને શબ્દ હોવાથી કમખાની પેઠે પણ રાખીને (મેં મંડપમાં પ્રવેશ કર્યો). આથી **સ્પર્શ**ની સરસાઈ કહેલી છે.

(૪) 'લજ્જા અને હાસ્યવાળાં મુખવાળી' વિશેષણથી **રસ** જણાવેલો છે. લજ્જા અંદરનો પ્રેમ સૂચવનારી છે. હાસ્ય બહારથી મોહ ઉત્પન્ન કરનારું છે.

(૫) 'અંબોડામાં પહેરેલી છે માલાઓ જેણે' વિશેષણથી **ગંધ** કહેલી છે. ૨૮.

**ઉન્નીય વક્ત્રમુરુકુન્તલકુણ્ડલત્વિડ્ગણ્ડસ્થલં શિશિરહાસકટાક્ષમોક્ષૈઃ ।।**
**રાજ્ઞો નિરીક્ષ્ય પરિતઃ શનકૈર્મુરારેરંસેઽનુરક્તહૃદયા નિદધે સ્વમાલામ્ ।।૨૯।।**

ઘણા કેશવાળું અને કુંડલના પ્રકાશવાળા ગાલના પ્રદેશવાળું મુખ ઉંચું કરીને, શીતલ હાસ્ય સાથે કટાક્ષો નાખી રાજાઓને જોઈ આસપાસ ધીરેધીરે જોઈ મુરારિમાં આસક્ત હૃદયવાળીએ મેં પોતાની માલા મુરારિના સ્કંધમાં નાખી. ૨૯.

એ પ્રમાણે સર્વ ગુણોથી ભરપૂર થએલીએ મેં પોતાની માલા[1] મુરારિના સ્કંધમાં નાખી. ભવિષ્યમાં રસમાં થવાનો ભય દૂર થાય તે માટે 'મુખ ઉંચું કરીને' રાજાઓને જોયા[2]. મુખ ઉંચું કરવાનું પ્રયોજન 'ઘણા કેશવાળું અને કુંડલના પ્રકાશવાળા ગાલના પ્રદેશવાળું' શબ્દથી કહેલું છે. ઘણા કેશ હતા જે મુખમાં, તેથી કેશોથી જોવામાં વિઘ્ન ન થાય તે માટે મુખ ઉંચું કર્યું. 'કુંડલના પ્રકાશવાળા ગાલના પ્રદેશવાળું' શબ્દથી (એમ જણાવેલું છે કે રાજાઓનાં) નેત્રો કુંડલની કાંતિથી પીડાએલાં હોવાથી, વીજળીથી પીડાએલાં હોવાથી, વીજળીથી પીડાએલાં (નેત્રો)ની પેઠે (પોતાની) સમાન (તેજવાળાં મુખ)નું દર્શન કરવા શક્તિવાળાં ન હતાં. આથી (એમ પણ કહેલ છે કે) દેખાડવા માટે મુખનું વર્ણન પણ કરેલું છે.

વળી જે પ્રકારે રાજાઓ અંતરાય કરનારા ન થાય તે પ્રકારે (લક્ષ્મણાએ તેમને) જોયા. તે અર્થ જણાવવા 'શીતલ હાસ્ય સાથે કટાક્ષો નાખી' એમ કહેલું છે. સર્વનું દુઃખ હરનારું શીતલ જે હાસ્ય, જે ઉત્પન્ન થતાં જ સર્વને આનંદ કરનારું છે, તેની સાથે જે કટાક્ષો નાખવાં (તે પ્રકારે જોયા), કારણ કે એક (હાસ્ય)થી વશ થાય, (અને) બીજા (કટાક્ષ નાખવા)થી પીડા પામે. આરંભમાં (લગ્ન પહેલાં) (રાજાઓને) જોવાથી દોષ થતો નથી. બધાએ રાજાઓને જોઈને આસપાસ ધીરેધીરે નજર ફેરવતાં ત્યાં ભગવાનને જોઈને તે મુરારિમાં આસક્ત

---

૧. અહિં તો માલાનું રૂપ વર્ણવેલું છે પરંતુ પોતાનું (લક્ષ્મણાનું) વર્ણવેલું નથી એમ જણાય, તેથી આ વાક્ય કહેલું છે. માલા સુવર્ણના રંગની હોઈ લક્ષ્મણાની સમાન છે તેથી તેનું રૂપ વર્ણવવાથી લક્ષ્મણાનાં રૂપનું જ વર્ણન થયું એવો અર્થ છે. (લે)

૨. બીજાઓને જોયા વિના લક્ષ્મણા ભગવાનને વરે તો પોતાના ગુણ તથા આચાર જણાવવાની આશાએ માર્ગમાં તેમને રસ (પ્રાપ્ત થવા)ની આશા રહે. તેથી બધાને જોઈ તેઓ નમાલા છે એમ જણાવતાં તે ભગવાનને વરી, એવો અર્થ છે. (લે)

હૃદયવાળી થઈ, (તેમના) સ્કંધમાં (માલા નાખી) એટલે (તેમને) મનરૂપ માલા આપી, અને પોતાની માલા એટલે પોતાની પ્રતિમારૂપ રત્નની માલા (તેમના) સ્કંધમાં નાખી. ૨૯.

તે મારું વરણ સર્વને માન્ય થયું એમ જણાવવા તે સમયે ઉત્સવના વાજીંત્રો (વાગ્યા) એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તાવન્મૃદઙ્ગપટહાઃ શઙ્ખભેર્યાનકાદયઃ ।।**
**નિનેદુર્નટનર્તક્યો નનૃતુર્ગાયકા જગુઃ ।।૩૦।।**

તેટલામાં મૃદંગો, ઢોલ, શંખ, દુંદુભિ, નગારાં વિગેરે વાગ્યાં. નટો અને નાચનારીઓએ નૃત્ય કર્યું અને ગવૈયાઓએ ગાન કર્યું. ૩૦.

આ (મૃદંગ વિગેરે) પાંચ નિત્ય મંગલ (સૂચવનારાં) વાજીંત્રો છે. ગાન, વાજીંત્ર અને નૃત્ય કહેવાં જોઈએ, તેથી વાજીંત્રો કહીને 'નટો અને નાચનારીઓએ નૃત્ય કર્યું' શબ્દોથી નૃત્ય કહ્યું, અને 'ગવૈયાઓએ ગાન કર્યું' શબ્દોથી ગાન કહ્યું. ૩૦.

પછી જે થયું તે નીચેના શ્લોકમાં કહે છેઃ

**એવં વૃતે ભગવતિ મયેશે નૃપયૂથપાઃ ।।**
**ન સેહિરે યાજ્ઞસેનિ સ્પર્ધિનો હૃચ્છયાર્દિતાઃ ।।૩૧।।**

હે યાજ્ઞસેનિ! એવી રીતે હું ભગવાન્ ઈશ્વરને વરી ત્યારે હરીફાઈ કરનારા કામથી પીડાએલા રાજાઓના યૂથના નાયકો સહન કરી શક્યા નહિ. ૩૧.

(શ્રીકૃષ્ણ) ભગવાન્ હોવાથી તેમને બધી સંપત્તિઓ હતી. ઈશ્વર હોવાથી (પતિ તરીકે) જરુરી હતા. બીજાઓ રાજાઓના યૂથના નાયકો (હતા), એમ તેઓ ભરવાડ હોવાનું ભૂંડ હોવાનું કહેલું છે, કારણ કે સિંહ એકલો ફરનારો હોય છે, (અને) તેઓ યૂથ (ટોળામાં) ફરનારા હતા. એમ તેઓ વધ કરવા યોગ્ય હોવાનું જણાવેલ છે. તેથી તેઓ 'સહન કરી શક્યા નહિ' આ (શબ્દો)થી તેઓનો અંતઃકરણનો દોષ કહેલો છે. (દ્રૌપદીને) વિશ્વાસ રહે તે માટે 'હે યાજ્ઞસેનિ!' એવું સંબોધન (કરેલું છે). યજ્ઞરૂપ છે સેના જેની તે યજ્ઞસેન. તેની કન્યા યાજ્ઞસેની, કારણ કે તે (દ્રૌપદી) યજ્ઞમાં જ ઉત્પન્ન થઈ હતી. (તેઓ સહન કરી શક્યા નહિ) કારણ કે હરિફાઈ કરનારા ભગવાન્ સાથે હરીફાઈ કરનારા હતા. મને (લક્ષ્મણાને) પ્રાપ્ત કરવા માટે 'હૃચ્છયેન' કામથી પીડાએલા હતા. એ પ્રમાણે બીજાને લીધે થએલો, અને સ્વભાવથી થએલો દોષ કહ્યા. ૩૧.

પછી ભગવાને જે કર્યું, તે નીચેના શ્લોકમાં કહે છેઃ

**માં તાવદ્રથમારોપ્ય હયરત્નચતુષ્ટયમ્ ।।**

**શાર્ઙ્ગમુદ્યમ્ય સંનદ્ધસ્તસ્થાવાજૌ ચતુર્ભુજઃ ।।૩૨।।**

તેટલામાં ઉત્તમ ચાર અશ્વો જોડેલા રથમાં મને બેસાડી શાંર્ગ તૈયાર કરી, કવચ પહેરી, ચાર ભુજાવાળા થઈ (ભગવાન્) સંગ્રામમાં ઉભા રહ્યા. ૩૨.

'તેટલાથી (લક્ષ્મણા વરી તેથી) કેમ આરો આવે?' એવી શંકા દૂર કરવા 'ઉત્તમ ચાર અશ્વો જોડેલા....' એમ કહેલું છે. ૩૨.

**સ્યમન્તકઃ કૌસ્તુભશ્ચ સ્પર્શશ્ચિન્તામણિસ્તથા ।।**
**ચત્વારો મણયઃ પ્રોક્તાસ્તત્તુલ્યાઃ કૃષ્ણવાજિનઃ ।।૯।।**

સ્યમંતક અને કૌસ્તુભ, સ્પર્શ અને ચિંતામણિ (એ) ચાર મણિઓ કહેલા છે. તેઓની સમાન શ્રીકૃષ્ણનાં અશ્વો છે. કા.૯.

પછી (૧) શાંર્ગને તૈયાર કરી (૨) કવચ પહેરી (૩) ચાર ભુજાવાળા થઈ (ભગવાન્) (૪) 'આજૌ' સંગ્રામમાં ઉભા રહ્યા.

**સાધનસ્ય ચ રક્ષાયાઃ ક્રિયાયાઃ સર્વરૂપતઃ ।।**
**કાલસ્યાપિ સ્વચેષ્ટાયાઃ પરિગ્રહ ઈહોદિતઃ ।।૧૦।।**

૧.સાધનનો[1] અને ૨.રક્ષણનો ૩.ક્રિયાનો અને ૪.ભગવાન્ સર્વરૂપ હોવાથી પોતાની ચેષ્ટારૂપ કાલનો પણ સ્વીકાર અહિં કહેલો છે. કા.૧૦. ૩૨.

ભય પમાડવા (ભગવાને) આ(રૂપ) ધારણ કર્યું, પરંતુ તેઓને હણવા (ધારણ) કર્યું ન હતું. તેમ (હણવા ધારણ) કર્યું હોય તે ભૂમિ માટે (ભૂમિનો ભાર ઉતારવા) હણેલા ન થાય (ગણાય), તેથી જ ભગવાને પ્રેરણા કરેલો દારૂક રથ દ્વારકા જ લઈ ગયો, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**દારુકશ્ચોદયામાસ કાઞ્ચનોપસ્કરં રથમ્ ।।**
**મિષતાં ભૂભુજાં રાજ્ઞિ મૃગાણાં મૃગરાડિવ ।।૩૩।।**

હે રાણી! જેમ હરણાં જોઈ રહેતાં સિંહ ચાલ્યો જાય તેમ રાજાઓ જોઈ રહ્યા ત્યારે દારૂકે સુવર્ણનાં સાજવાળો રથ હાંક્યો. ૩૩.

'સુવર્ણનાં સાજવાળો' શબ્દથી એમ સૂચવેલ છે કે (રથ) નાનો હતો અને ઝડપથી જતાં (ક્યાંય) ભરાઈ પડે તેવો ન હતો. 'રાજાઓ જોઈ રહ્યા' શબ્દોથી એમ (જણાવેલું છે કે) તેઓની પણ ક્રિયાશક્તિ ભગવાને જ ચાર ભુજાવાળા થઈ લઈ લીધી હતી એટલે (તેમનામાં) જ્ઞાનશક્તિ જ રહી હતી. 'હે રાણી' એ સંબોધન દ્રૌપદી જાણી શકે તે માટે કરેલું છે. વળી તેઓ (લક્ષ્મણાનું) રૂપ વિગેરેનાં

૧. 'સાધનોનો' એટલે તલવાર, ઢાલ, બાણો અને ધનુષ્યનો એવો ક્રમ છે. (લે) નવમી અને દશમી કારિકાઓમાં સંખ્યા મૂકેલી છે તેવો ક્રમ જણાય છે. શાંર્ગ સાધન છે, કવચ રક્ષણ માટે છે. સંગ્રામમાં ઉભા રહેવું એ ક્રિયા અને (ચાર યુગવાળો કાલ હોવાથી) ચાર ભુજાવાળા થવું એ કાલના સ્વરૂપનો સ્વીકાર છે.

આશ્ચર્યથી જ મોહ પામેલા હતા એમ જણાવવા દૃષ્ટાંત કહેલું છે કે જેમ હરણાં જોઈ રહેતાં હોય ત્યારે સિંહ લઈ જાય છે, (તેમ દારૂક રથ હાંકી લઈ ગયો). ૩૩.

પરંતુ દૂર રહેલા જે (રાજા)ઓને (લક્ષ્મણાનાં) દર્શનનો આનંદ પ્રાપ્ત થયો ન હતો તે કેટલાક નજીક મળ્યા, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તેઽન્વસજ્જન્ત રાજન્યા નિષદ્ધું પથિ કેચન ।।**
**સંયત્તા ઉદ્ધૃતેષ્વાસા ગ્રામસિંહા યથા હરિમ્ ।।૩૪।।**

તે કેટલાક રાજાઓ સાવધાન થઈ ધનુષ્યો ચઢાવી જેમ ગ્રામસિંહો સિંહને રોકવા જાય તેમ માર્ગમાં રોકવા (ભગવાનની) પાછળ દોડ્યા. ૩૪.

કેટલાક દૂર રહેલા માર્ગમાં લઈ જતાં રોકવા માટે માર્ગમાં ભમતા મૂર્ખ રાજાઓ 'સંયતાઃ' સાવધાન થઈ ભગવાનની પાછળ દોડ્યા. 'ઉદ્ધૃતેષ્વાસાઃ' ધનુષ્યો ચઢાવી દોડ્યા. આ શબ્દથી તેઓનું સાધન ભગવાનના સાધનની સમાન હોવાનું કહેલું છે. છતાં પણ તેઓમાં તો માત્ર શબ્દ બોલવાનું જ હતું, અર્થ તો ભગવાનમાં જ હતો, એમ જણાવવા 'ગ્રામસિંહો (જેમ સિંહને રોકવા જાય)' એવું દૃષ્ટાંત કહેલું છે. બંને 'સિંહ' કહેવાતા હોવાનું સમાન હોવા છતાં જેવો ગ્રામસિંહ(કૂતરા) અને સિંહમાં ભેદ છે તેવો તેમનામાં અને ભગવાનમાં ભેદ હતો. ૩૪.

પછી જે થયું તે નીચેના શ્લોકમાં કહે છેઃ

**તે શાર્ઙ્ગચ્યુતવાણૌઘૈઃ કૃત્તબાહ્વઙ્ઘ્રિકન્ધરાઃ ।।**
**નિપેતુઃ પ્રધને કેચિદેકે સન્ત્યજ્ય દુદ્રુવુઃ ।।૩૫।।**

શાંર્ગમાંથી છૂટેલા બાણના સમૂહોથી કપાઈ ગએલ હાથ પગ અને ગરદનવાળા તેઓ કેટલાક રણભૂમિમાં પડ્યા, બીજા રણભૂમિ તજીને નાસી ગયા. ૩૫.

શાંર્ગમાં ચઢાવેલું એક (બાણ) પણ જો તેમાંથી છૂટે તો બાણોનો સમૂહ થતું. તેથી એક જ બાણથી કપાઈ ગએલ હાથ પગ અને ગરદનવાળાના છ કટકા થતા[1]. પછી રણભૂમિમાં પડતા. બીજાઓ તો (રણભૂમિ) તજી નાસી ગયા, એમ (તેઓનાં) પરાક્રમ અને અભિમાનનો[2] નાશ (થયાનું) કહેલ છે. ૩૫.

પછી પત્ની સહિત (ભગવાને) દ્વારકામાં પ્રવેશ કર્યો, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તતઃ પુરીં યદુપતિરત્યલંકૃતાં રવિચ્છદધ્વજપટચિત્રતોરણામ્ ।।**

---

૧. બે હાથ, બે પગ, માથું અને ધડ એમ છ કટકા થતા.

૨. કપાઈ પડવાથી પરાક્રમનો નાશ થયો. નાસી જવાથી અભિમાનનો નાશ થયો.

**કુશસ્થલીં દિવિ ભુવિ ચાભિસંસ્તુતાં સમાવિશત્તરણિરિવ સ્વકેતનમ્ ।।૩૬।।**

પછી સૂર્ય જેમ પોતાનાં ધામમાં પ્રવેશ કરે તેમ યદુપતિએ ઘણી શણગારેલી, સૂર્યને ઢાંકી દેતાં ધજાઓનાં વસ્ત્રો અને ભાતભાતના તોરણોવાળી, સ્વર્ગમાં અને ભૂતલ ઉપર ઘણી પ્રશંસા પામેલી કુશસ્થલી નગરીમાં પ્રવેશ કર્યો. ૩૬.

પછી આ વિવાહ સર્વને પસંદ પડેલો એમ જણાવવા દ્વારકામાં (વિવાહના) ઉત્સવનું વર્ણન કરવામાં આવે છે. પ્રથમ બધીએ નગરીને ઘણી શણગારી. 'રવિચ્છદધ્વજપટચિત્રતોરણા' સૂર્યને પણ ઢાંકી દે તેવાં ધજાઓનાં વસ્ત્રો અને ભાતભાતનાં તોરણોવાળી થઈ. (આ વિશેષણથી) ઉપર અને વચ્ચે શોભા જણાવી. (પહેલાં કહેલ) શણગાર તો લીંપણ વિગેરેથી નીચે (કરેલો). 'કુશસ્થલી' શબ્દથી (તે) સ્થાન કોઈથી ભેદી ન શકાય તેવું (હોવાનું) કહેલું છે. 'દૈત્યના સંબંધને લીધે (તે) નિંદાએલી હશે' એવી શંકા થાય, તેથી 'સ્વર્ગમાં અને ભૂતલ ઉપર ઘણી પ્રશંસા પામેલી' એમ કહેલું છે. (ભગવાને તેમાં) છૂપી રીતે પ્રવેશ કર્યો ન હતો એમ 'સૂર્ય' જેમ (પોતાનાં ધામમાં પ્રવેશ કરે)' એ દૃષ્ટાંતથી (જણાવેલું છે). ૩૬.

એ પ્રમાણે (લક્ષ્મણા) પોતે (દ્વારકાની) અંદર પહોંચ્યાનું કહીને, ત્યાં જઈ પિતાએ વિવાહને યોગ્ય બધુંએ (કાર્ય) કર્યું એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**પિતા મે પૂજયામાસ સુહૃત્સંબન્ધિબાન્ધવાન્ ।।**
**મહાર્હવાસોડલઙ્કારૈઃ શય્યાસનપરિચ્છદૈઃ ।।૩૭।।**

મારા પિતાએ ઘણા કિંમતી વસ્ત્રો અને અલંકારથી શય્યાઓ આસનો અને ઘરવખરીથી સ્નેહીઓ સંબંધીઓ અને બંધુઓનો સત્કાર કર્યો. ૩૭.

સ્નેહીઓ વિગેરે ભગવાનના (હતા તેઓનો સત્કાર કર્યો), 'મહાર્હાઃ' ઘણાં કિંમતી વસ્ત્રો વિગેરે, શય્યાઓ આસનો અને 'પરિચ્છદાઃ' ઘરવખરીથી (સત્કાર કર્યો). ૩૭.

પછી નીચેના શ્લોકમાં દાયજો આપ્યાનું કહે છેઃ

**દાસીભિઃ સર્વસંપદ્ભિર્ભટેભરથવાજિભિઃ ।।**
**આયુધાનિ મહાર્હાણિ દદૌ પૂર્ણસ્ય ભક્તિતઃ ।।૩૮।।**

દાસીઓ, સર્વ સંપત્તિઓ, સૈનિકો, હાથીઓ, રથો, અશ્વો, ઘણાં કિંમતી આયુધો (મારા પિતાએ) પૂર્ણ (ભગવાન)ને (તેમનામાં) ભક્તિ હોવાથી આપ્યાં. ૩૮.

વસ્ત્રો, આભરણો, રૂપ વિગેરે સર્વ સંપત્તિઓ હતી જેઓમાં તેવી દાસીઓ

આપી, અથવા દાસીઓ ઉપરાંત બીજી સંપત્તિઓ ભગવાનના ઉપયોગ માટે જ આપી. તેવી જ રીતે સૈનિકો, હાથીઓ, રથો અને અશ્વો એ સૈન્યના અંગો, અને ઘણાં કિંમતી આયુધો આપ્યાં. તેનું આપવાનું પ્રયોજન 'ભક્તિ હોવાથી' શબ્દથી કહેલું છે. પૂર્ણ શબ્દથી બીજું પ્રયોજન[1] ન હતું એમ જણાવેલું છે. ૩૮.

નીચેના શ્લોકમાં (લક્ષ્મણા પોતાની) કામના કહે છેઃ

**આત્મારામસ્ય તસ્યેમા વયં ચ ગૃહદાસિકાઃ ।।**
**સર્વસઙ્ગનિવૃત્ત્યાદ્ધા તપસા ચ બભૂવિમ ।।૩૯।।**

વળી સર્વ સંગ દૂર કરવાથી અને તપથી ખરેખર આ અમે તે આત્મામાં રમણ કરનારના ઘરની દાસીઓ થઈ છીએ. ૩૯.

બધીઓએ (કામનામાં) દાસ્ય કહ્યું, પરંતુ તે (માટે)ની યોગ્યતા કહી નહિ. (લક્ષ્મણા) પોતે યોગ્યતા પણ કહે છે. નહિ તો બધી ભગવાને આણેલી છે અને (તે બધીને) રમણ કરાવે છે, પરંતુ પોતે તો પોતાની અંદર જ રમણ કરે છે. 'તસ્ય' 'તે' શબ્દથી જણાવેલી પ્રસિદ્ધિ આ વિષયનું પ્રમાણ છે. 'આ' રુક્મિણી વિગેરેને 'અમે' શબ્દથી, મુખ્ય તરીકે જણાવેલી છે. 'ચ' 'વળી' શબ્દથી બીજીઓ પણ (હોવાનું કહેલ છે). બધીએ ઘરની દાસીઓ છીએ, કારણ કે ભગવાનના કાર્યમાં ઉપયોગી નથી. આ પણ ઘણું દુર્લભ છે એમ ઉત્તરાર્ધથી કહેલું છે. પહેલાનાં જન્મમાં સર્વ સંગને દૂર કરી, અને તપ કરીને અમે આ અવસ્થા પ્રાપ્ત કરી છે, એવો અર્થ છે. ૩૯.

રોહિણી જેઓમાં મુખ્ય હતી તેવી એક સ્વભાવવાળી થએલી (સ્ત્રી)ઓ પોતાનો વૃત્તાંત નીચેના શ્લોકમાં કહે છેઃ

।। મહિષ્ય ઊચુઃ।।

**ભૌમં નિહત્ય સગણં યુધિ તેન રુદ્ધાજ્ઞાત્વાથ નઃ ક્ષિતિજયે જિતરાજકન્યાઃ ।।**
**નિર્મુચ્ય સંસૃતિવિમોક્ષમનુસ્મરન્તીઃ પાદામ્બુજં પરિણિનાય ય આપ્તકામઃ।।૪૦।।**

નરકાસુરને યુદ્ધમાં ગણ સાથે હણી, જેમણે અમને (તેણે) પૃથ્વી પર વિજય કરતાં જીતેલા રાજાઓની પૂરી રાખેલી કન્યાઓ જાણીને પછી મુક્ત કરી, તે પૂર્ણકામ (ભગવાન્ તેમના) સંસારમાંથી મુક્ત કરનાર ચરણકમલનું સ્મરણ કરતી અમને પરણ્યા. ૪૦.

'ગણ સાથે' એટલે સેવકો સાથે અથવા તેનું રક્ષણ કરનાર દેવ સાથે. 'યુદ્ધમાં' શબ્દથી (એમ કહેલું છે કે ભગવાને) ચોરી વિગેરેથી તેનો વધ કરેલ ન

---

૧. જમાઈ (ભગવાન)ની જરુરિયાત પૂરી થાય એવું પ્રયોજન ન હતું, કારણ કે ભગવાન્ 'પૂર્ણ' હોઈ તેમની કોઈ ચીજની અપેક્ષા નથી.

હતો. પછી 'નઃ' અમને તેણે પૂરી રાખેલી જાણીને, મુક્ત કરી, ચરણકમલનું સ્મરણ કરતીને તે પરણ્યા, એવો (વાક્યનો) સંબંધ છે. 'પછી' એટલે જૂદા આરંભથી 'મુક્ત કરી' શબ્દોથી સંસારમાંથી દેહથી અને ચિંતામાંથી મુક્તિ કહેલી છે. 'પૃથ્વી પર વિજય કરતાં જે રાજાઓ જીતાએલા તેમની કન્યાઓ હતી' એવું તેમને પૂરી રાખવાનું કારણ કહેલું છે. ભગવાન્ દેહથી મુક્ત કરાવે (બંધનમાંથી છોડાવે) એમાં શું આશ્ચર્ય? જેમનાં 'સંસૃતિવિમોક્ષં' સંસારમાંથી પણ મોક્ષ થાય છે જેમાંથી તેવા ચરણકમલનું અમે જ્યારે સ્મરણ કરીએ છીએ ત્યારે અમને શી ચિંતા હોય? એમ સાધન કહેલું છે. તેથી જ (ભગવાન્ અમને) પરણ્યા. પોતાના પ્રયોજન માટે પરણ્યા ન હતા, એમ 'જે (તે) પૂર્ણકામ' શબ્દથી કહેલું છે. ૪૦.

નીચેના શ્લોકથી આરંભી ત્રણ (શ્લોકો)થી પોતાની કામના કહે છેઃ

**ન વયં સાધ્વિ સામ્રાજ્યં સ્વારાજ્યં ભૌજ્યમપ્યુત ।।**
**વૈરાજ્યં પારમેષ્ઠ્યં ચ આનન્ત્યં વા હરેઃ પદમ્ ।।૪૧।।**
**કામયામહ એતસ્ય શ્રીમત્પાદરજઃ શ્રિયઃ ।।**
**કુચકુઙ્કુમગન્ધાઢ્યં મૂર્ધ્ના વોઢું ગદાભૃતઃ ।।૪૨।।**

હે સદ્‌ગુણી સ્ત્રી! અમે સાર્વભૌમપણું, આત્મારામપણું વળી ભોગ, બ્રહ્માંડરૂપપણું, બ્રહ્માંડનું અધિપતિપણું, અને મોક્ષ અથવા હરિના પદની કામના રાખતી નથી, પરંતુ હરિ સાથે ભોગની અને આ ગદા ધારણ કરનાર ભગવાનના લક્ષ્મીના સ્તન ઉપરનાં કેસરની ગંધવાળા શોભીતા ચરણની રજ માથા ઉપર ધારણ કરવાની કામના રાખીએ છીએ. ૪૧-૪૨.

(દ્રૌપદી) અદેખાઈવાળી વક્ર દૃષ્ટિ ન કરે તે માટે 'હે સદ્‌ગુણી સ્ત્રી!' એવું સંબોધન કરેલું છે. 'સામ્રાજ્ય' સાર્વભૌમપણું. 'સ્વારાજ્યં' આત્મારામપણું. આ શબ્દથી સર્વ દુઃખોનો અભાવ જણાવેલ છે. 'અપિ' 'વળી' શબ્દથી સર્વ ભોગો અને વિદ્યા વિગેરેનો પણ સમાવેશ કરેલો છે. (આની અમે કામના રાખતા નથી) 'ઉત' પરંતુ 'ભોજ્યં' ભગવાન્ સાથેના ભોગની હમણાં તો કામના રાખીએ જ છીએ. 'વૈરાજ્યં' બ્રહ્માંડરૂપ થવાપણું, 'પારમેષ્ઠ્યં' બ્રહ્માંડનું અધિપતિપણું. 'વા' શબ્દ (આ બધાં ફલનો) તિરસ્કાર દર્શાવવા (યોજેલ છે). 'આનન્ત્યં' મોક્ષ, 'હરિનું પદ' એટલે સાયુજ્ય વિગેરે (મુક્તિ). એવી રીતે લોકમાં પ્રસિદ્ધ ફલોનાં નામ દઈ, તેમની અમે કામના રાખતી નથી એમ કહે છે. ૪૧.

પહેલાં ઉપર કહેલા (પદાર્થોની અમે કામના રાખતી નથી, પરંતુ આગળ કહેવામાં આવે છે તે)ની કામના રાખીએ છીએ. 'તે શું' એ જાણવાની ઈચ્છા થાય, તેથી કહે છે (કે) 'એતસ્ય' આ ભગવાનના શોભાવાળા ચરણની રજ.

'લક્ષ્મીનાં સ્તન ઉપરના કેસરના ગંધવાળા' વિશેષણથી તે રજનું વર્ણન કરે છે.

'ત્યારે લક્ષ્મી જેમ પોતાની છાતી ઉપર (ભગવાનનો) ચરણ પધરાવવા ઈચ્છા રાખે છે, એવી તમારીએ ઈચ્છા છે કે શું?' એવો પ્રશ્ન કરવામાં આવે, તેથી 'માથા ઉપર ધારણ કરવાની' શબ્દો કહેલ છે.

'આ અયોગ્ય જણાય છે. ચરણ જો માથા ઉપર રહે તો તેની રજ સદા (ત્યાં) રહે. તે (ચરણ) વિષમ (ઉંચાણ નીચાણવાળા) ઉપર કેમ રહે?' એવી શંકા થાય, તેથી 'ગદા ધારણ કરનાર' શબ્દ યોજેલ છે. જ્યારે (ભગવાનને) કાંઈ કરવાનું ન હોય ત્યારે ગદા ઉપર ટેકો રાખીને અમારા ઉપર ઉભા રહેશે, અને તેમ ન હોય (બીજું કામ હોય) તો ગદાથી (અમારા માથાંને) એકસરખું (સપાટ) કરશે એવો ભાવ છે. અથવા જેમ બ્રહ્મશિલા[1] ઉપર ઉભા રહેલા તેમ તે કઠણ (પદાર્થ) ઉપર પણ ઉભા રહે છે એમ જણાવવા (તે શબ્દ યોજેલ છે). ૪૨.

'જો કામનાઓ તજવા યોગ્ય હોય તો બધીએ તજવી જોઈએ. રજની કામના (રાખવા)નું શું પ્રયોજન?એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**વ્રજસ્ત્રિયો યદ્વાઞ્છન્તિ પુલિન્દ્યસ્તૃણવીરુધઃ ।।**
**ગાવશ્ચારયતો ગોપાઃ પાદસ્પર્શં મહાત્મનઃ ।।૪૩।।**

જે મહાત્માના ચરણના સ્પર્શની વ્રજની સ્ત્રીઓ, ભીલડીઓ, ઘાસ અને વેલાઓ અને ગાયોને ચારતા ગોપો કામના કરે છે (તેની અમે કામના રાખીએ છીએ. શ્લો.૪૨) ૪૩.

પ્રસિદ્ધ (પદાર્થ)નો ત્યાગ કરીને હલકો લોક પણ જેની કામના કરે તે જ સર્વથી ઉત્તમ છે એમ જાણવું (માનવું) યોગ્ય છે. જેમ કે ઘણો ભૂખ્યો (પુરુષ) પ્રાપ્ત થએલાં ભોજનનો પણ ત્યાગ કરીને જો બીજા (પદાર્થ)ની કામના કરે તો તે (પદાર્થ) ભોજનથી ઉત્તમ છે એવો નિર્ણય કરવો જોઈએ. જો ધરાએલો (પુરુષ) તેની કામના કરે તો (તે ભોજનથી ઉત્તમ છે) એવો નિર્ણય ન થાય, તેથી હલકામાં હલકાનું દૃષ્ટાંત (મહારાણીઓ) આપે છે. વ્રજની સ્ત્રીઓએ લોકમાં ઉત્તમ પદાર્થ જોએલો નહિ હોવાથી તેઓ કદાચ ઈંદ્રના સ્થાનની કામના કરે, તેઓ[1] પણ જ્યારે તેનો ત્યાગ કરીને (ભગવાનના ચરણની) રજની જ કામના કરે છે (તો રજ તે સ્થાન કરતાં ઉત્તમ જ હોવી જોઈએ). પછી તેમનાથી પણ હલકી ભીલડીઓ, અને ઘાસ અને વેલાઓ પણ (ચરણરજની કામના કરે છે એમ) 'અહો ચરણરજનું સેવન કરનાર આમના...' ૧૦।૫૪।૬૨ એ વાક્યમાં કહેલું છે. વળી

૧. ૧૦।૭।૨૯ ઉપરનાં શ્રીસુબોધિનીમાં જણાવેલી આ શિલા હશે એમ જણાય છે.
૧. અહિં 'તેપિ' પાઠ છે તેને બદલે 'તા અપિ' હોવો જોઈએ એમ જણાય છે.

ગાયો પણ (ચરણરજની) કામના કરે છે, તેમને જ ચારતા ગોપો પોતે ભગવાનની સમાન હોવા છતાં પણ ચરણના સ્પર્શની જ કામના રાખે છે.

'આ કેમ યોગ્ય ગણાય?' એવો પ્રશ્ન થાય, તેથી 'મહાત્મના' શબ્દ યોજેલ છે. (ભગવાન્) ઉત્તમ જ આત્મા છે. જેમનો આવો પ્રભાવ છે તેવા છે, એવો અર્થ છે. ભગવાનના સંબંધવાળું શરીર તે (ચરણરજ)થી જ થાય છે એવી, અને 'ભગવદીય થવાથી જ સર્વ પુરુષાર્થો જેમને પ્રાપ્ત થયા તેવા થયા' એવી યોગ્યતા તો પહેલાં કહેલી જ છે. ૪૩.

**ઈતિ શ્રીલક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીમદ્‌વલ્લભદીક્ષિતે રચેલી**
**શ્રીમદ્‌ભાગવતની સુબોધિનીમાં દશમા સ્કંધના ઉત્તરાર્ધના વિવરણમાં**
**ચોત્રીસમા અને સળંગ એંશીમા અધ્યાયનું વિવરણ સમાપ્ત.**

# અધ્યાય એક્યાશીમો.

## બાંધવોનું પ્રસ્થાન અને વસુદેવજીના યજ્ઞનું વર્ણન.

**પઞ્ચત્રિંશે સાત્ત્વિકાનાં ફલોત્કર્ષો નિરૂપ્યતે ।।**
**સન્માનસઙ્ગ્રહૌ ચૈવ ઋણાપાકરણં તથા ।।૧।।**

પાંત્રીસમા (અધ્યાય)માં સાત્ત્વિકોનાં ફલનું ઉત્તમપણું[૧] અને વળી સન્માન અને સંગ્રહ અને દેવું ફેડવાનું કહેલ છે[૨]. કા.૧.

**નિરુદ્ધાનાં હિ લોકેઽસ્મિન્ દુર્લભં ચેતિ રૂપ્યતે ।।**
**તદીયત્વં ફલં નાન્યદિતિ ચોક્તં સમાસતઃ ।।૨।।**

અને[૩] જેમનો નિરોધ કરેલ છે[૩] તેઓનું આ લોકમાં દુર્લભ એવું તેમના (ભગવાનના) હોવારૂપ ફલ કહેવામાં આવે છે, અને ફલ બીજું[૪] નથી એમ ટૂંકાણમાં કહેલું છે. કા.૨.

**આત્મીયાનાં નિરોધં હિ હરિરત્ર કરોતિ હિ ।।**
**અતઃ ફલં પૂર્વમેવ સિદ્ધરીત્યા તુ બોધ્યતે ।।૩।।**

અહિં હરિ પોતાના (ભક્તો)નો નિરોધ કરે છે. તેથી ફલ તો પહેલાં જ પ્રાપ્ત થએલ હોય તેવા પ્રકારથી[૫] જણાવેલું છે. કા.૩.

**અદ્ભુતા ભગવલ્લીલા નિરોધઃ ફલસૂચકઃ ।।**
**ફલં તુ ફલતાસિદ્ધ્યૈ કિમાશ્ચર્યમતઃ પરમ્ ।।૪।।**

ભગવાનની લીલા અદ્ભુત છે. નિરોધ ફલ સૂચવનારો[૬] છે. ફલ(નિરોધ)

---

૧. તેમના (ભગવાનના) હોવાપણારૂપ ફલનું ઉત્તમપણું. (લે)

૨. ઋષિઓનું સન્માન, યજ્ઞ (કરવા) માટે તેઓનો સંગ્રહ અને યજ્ઞ વડે દેવું ફેડવાનું કહેલ છે, એવો અર્થ છે. (લે)

૩-૩. આ લોકમાં રોકાઈ રહેલાઓને, લૌકિક કામનાથી સર્વ તરફથી બંધાએલાઓને ભગવદીય થવાનું દુર્લભ છે, તેવા કારણથી પહેલા શ્લોકમાં ભગવદીયપણું કહેલું છે. ભગવાનની કૃપાથી તે સહેલાઈથી પ્રાપ્ત થાય છે એમ જણાવવા 'ચ' 'અને' શબ્દ યોજેલ છે. (લે) જેમનો ભગવાને નિરોધ કરેલો છે તેમનું આ (ભગવદીય હોવું તે) ફલ છે, અને આ લોકમાં તે ફલ દુર્લભ છે એવો અર્થ જણાય છે, તેથી તે પ્રમાણે અર્થ કરેલ છે.

૪. ભગવદીયપણાથી બીજું ફલ નથી, એમ પણ સૂચવેલું છે એવો અર્થ છે. (લે)

૫. સ્કંધનો અર્થ નિરોધ હોવાથી, મુખ્યપણે નિરોધ વિષે જ કહેવામાં આવે છે. તેથી ફલ તો અનુવાદ ના પ્રકારથી જ જણાવેલું છે એવો અર્થ છે. (લે) નિરોધ થતાં જ ફલ ભગવદીય-પણું) પ્રાપ્ત થઈ જાય છે. તેથી તે પ્રાપ્ત થઈ ગએલ હોવાનું જ કહેલું છે એવો અર્થ જણાય છે.

૬.ભગવદીયપણું (ફલ) જેમણે પ્રાપ્ત કરેલું છે તેવાઓનો નિરોધ કહેલો હોવાથી, તેઓને તે ફલ

તો ફલરૂપ હોવાનું સિદ્ધ કરવા કહેલ છે. આથી[૭] વધારે આશ્ચર્ય શું હોઈ શકે? કા.૪.

ગયા અધ્યાયમાં ભગવાનની પોતે કરવારૂપ જણાએલી અને ન જણાએલી બધીએ લીલા કહી. ભગવાને (કરેલ) કાર્ય જણાએલી, અને (તેમના) ચરણની રજ ન જણાએલી (લીલા) છે. બંને પ્રાપ્ત થાય ત્યારે ભગવદીયપણું પ્રાપ્ત થાય છે. તેથી તે સ્ત્રીઓને ઘણું આશ્ચર્ય થયું. ભગવાનનાં ચરિત્રનું શ્રવણ કરીને ભગવાનમાં સ્નેહનું નિરંતરપણું અને આશ્ચર્ય થયાં એમ નીચેનાં શ્લોકમાં કહે છેઃ

।। શ્રીશુક ઉવાચ।।

**શ્રુત્વા પૃથા સુબલપુત્ર્યથ યાજ્ઞસેની।**
**માધવ્યથ ક્ષિતિપપત્ન્ય ઉત સ્વગોપ્યઃ ।।**
**કૃષ્ણેઽખિલાત્મનિ હરૌ પ્રણયાનુબન્ધાઃ।**
**સર્વા વિસિસ્મ્યુરલમશ્રુકલાકુલાક્ષ્યઃ ।।૧।।**

સર્વના આત્મા હરિ કૃષ્ણમાં સ્નેહના નિરંતરપણાવાળી પૃથા સુબલપુત્રી અને યાજ્ઞસેની માધવી અને રાજાઓની પત્નીઓ અને પોતાની ગોપીઓ બધી શ્રવણ કરી ઘણો વિસ્મય પામી અને આંસુઓના બિંદુઓથી પૂરાએલ નેત્રોવાળી થઈ. ૧.

દ્રૌપદીએ માત્ર પ્રસંગ કરેલો (ઉપાડેલો), સાંભળવા માટે તો બધીએ બેઠેલી. તેથી મુખ્ય (સ્ત્રીઓ) નામથી કહે છે. સુબલપુત્રી એટલે ગાંધારી. યાજ્ઞસેની એટલે દ્રૌપદી, માધવી એટલે સુભદ્રા. અને 'ક્ષિતિપપત્ન્યઃ' બીજી રાજાઓની સ્ત્રીઓ અને (ભગવાનની) પોતાની ગોપીઓ. બે 'અથ' 'અને' (શબ્દો) અને 'ઉત' 'અને' શબ્દ સ્ત્રીઓ સાત્ત્વિક, રાજસ, તામસ અને નિર્ગુણ એવા ચાર પ્રકારની હોવાનું જણાવે છે. પરમાનંદ, સર્વના આત્મા બનેલા, સર્વ દોષ દૂર કરનાર શ્રીકૃષ્ણમાં 'પ્રણયઃ' સ્નેહનું જ 'અનુબન્ધઃ' નિરંતરપણું હતું જેઓના તેવી આ બધીએ હતી. ભગવાનની પત્નીઓને તો વિવાહ વિગેરેરૂપ બહારનો પણ (ભગવાન સાથે) સંબંધ હતો. અમારે તો સીધો સંબંધ સ્નેહ જ છે. તેથી 'અમે ભગવદીય કેમ થશું?' એવો 'અને આવી (અમારી) સ્થિતિ કેમ થશે?'

---

પ્રાપ્ત થએલ હોવાનું સૂચવેલ છે, એવો અર્થ છે.(લે) ભગવદીયપણું જેમને પ્રાપ્ત થએલ છે તેમનો નિરોધ થતો હોવાથી, નિરોધથી જ ફલ પ્રાપ્ત થયાનું સૂચવાય છે એવો અર્થ જણાય છે.

૭. સન્માન સંગ્રહ અને દેવું ફેડવાનું જે ફલ કહેવામાં આવે છે તેનાથી નિરોધ સફલ થતો નથી, પરંતુ ભગવદીયપણાંરૂપ ફલથી જ સફલ થાય છે, એવો અર્થ છે. (લે) નિરોધ ફલરૂપ છે એમ સિદ્ધ કરવા જ ફલ કહેલું છે. નિરોધ થવાનું આ ફલ નથી, એવો અર્થ જણાય છે.

એવો બધીએ વિસ્મય પામી. 'સ્મ' શબ્દ પ્રસિદ્ધ જણાવવા (યોજેલ છે). કોઈ સમયે વિસ્મય બહારનો પણ હોય છે, તેથી 'આંસુઓનાં બિંદુઓથી પૂરાએલ નેત્રોવાળી' વિશેષણથી બીજી ક્રિયા પણ કહેલી છે, આંસુઓનાં 'કલાભિઃ' બિંદુઓથી પૂરાએલ હતાં નેત્રો જેઓનાં તેવી (થઈ). 'કલા' 'બિંદુ' શબ્દથી (એમ) કહેલું છે કે તેમને (શોક થયો નહોતો). પૂરાએલ હોવાપણું જ્ઞાનની ક્રિયામાં રોકાએલ હોવાનું જણાવે છે. ૧.

એવી રીતે પહેલાં કહેલાં સાધનને ફલની ઈચ્છા (હોવા)નું[1] કહીને, ભગવાન જ ફલ છે એમ જણાવવા માટે સાધનો આમને આધીન છે[2] એમ કહેતા મુનિઓ આવ્યા એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**ઈત્થં સંભાષમાણાસુ સ્ત્રીભિઃ સ્ત્રીષુ નૃભિર્નૃષુ ।।**
**આયયુર્મુનયસ્તત્ર રામકૃષ્ણદિદક્ષયા ।।૨।।**

આમ સ્ત્રીઓ સાથે સ્ત્રીઓ અને પુરુષો સાથે પુરુષો વાત કરતા હતા ત્યારે બલભદ્ર અને શ્રીકૃષ્ણનાં દર્શન કરવાની ઈચ્છાથી મુનિઓ ત્યાં આવ્યા. ૨.

'સ્ત્રીઓ સાથે સ્ત્રીઓ અને પુરુષો સાથે પુરુષો' શબ્દોથી બધાએ ભગવાનના સંબંધીઓ ભગવાનમાં આસક્તિવાળા હોવાનું કહેવાયું, જેથી સ્ત્રીઓ અને પુરુષોના સમૂહમાં પણ મુનિઓના આવવાથી વિરોધ થાય નહિ. તેથી જ મુનિઓ ત્યાં આવ્યા. જેનું ઈચ્છેલું ફલ જ્યાં હોય ત્યાં જ તે આવે. તેથી બલભદ્ર અને શ્રીકૃષ્ણ અહિં છે એમ મનનથી જાણી, દર્શન કરવાની ઈચ્છાથી મનનરૂપ સાધનનો પણ ત્યાગ કરીને મુનિઓ આવ્યા, એવો અર્થ છે. હમણાં ભગવાન્ બહારની ક્રિયાથી જ પ્રાપ્ત થાય છે (તેથી મનન નકામું છે), એવો ભાવ છે. ૨.

નીચેના ત્રણ શ્લોકોમાં તેઓનાં નામ કહે છેઃ

**દ્વૈપાયનો નારદશ્ચ ચ્યવનો દેવલો ડસિતઃ ।।**
**વિશ્વામિત્રઃ શતાનન્દો ભરદ્વાજોડથ ગૌતમઃ ।।૩।।**
**રામઃ સશિષ્યો ભગવાન્વસિષ્ઠો ગાલવો ભૃગુઃ ।।**
**પુલસ્ત્યઃ કશ્યપોડત્રિશ્ચ માર્કણ્ડેયો બૃહસ્પતિઃ ।।૪।।**
**દ્વિતસ્ત્રિતશ્ચૈકતશ્ચ બ્રહ્મપુત્રસ્તથાઙ્ગિરાઃ ।।**
**અગસ્ત્યો યાજ્ઞવલ્ક્યશ્ચ વામદેવાદયોડપરે ।।૫।।**

---

૧. 'શ્રવણ કરીને વિસ્મય પામ્યા' એમ કહેલું હોવાથી ગયા અધ્યાયમાં કહેલ શ્રવણરૂપ સાધનથી ફલની ઈચ્છા જણાવી, એવો ભાવ છે. (લે)

૨. મનન વિગેરે સાધનવાળાઓ પણ ભગવાનનાં દર્શન કરવા આવ્યા, તેથી સાધનો ભગવાન ને અધીન છે એમ કહેવાયું. તેથી 'ભગવાન જ ફલ છે' એમ સિદ્ધ થયું એવો ભાવ છે. (લે)

દ્વૈપાયન અને નારદ ચ્યવન દેવલ આસિત વિશ્વામિત્ર શતાનંદ ભરદ્વાજ અને ગૌતમ, શિષ્યો સાથે ભગવાન રામ, વસિષ્ઠ ગાલવ ભૃગુ પુલસ્ત્ય કશ્યપ અને અત્રિ, માર્કંડેય બૃહસ્પતિ, દ્વિત, ત્રિત અને એકત, બ્રહ્માનો પુત્ર અને અંગિરા, અગસ્ત્ય અને યાજ્ઞવલ્ક્ય, વામદેવ વિગેરે બીજા મુનિઓ આવ્યા. ૩-૫.

અહિં પણ સાત્ત્વિક વિગેરે પ્રકારો છે. ગૌતમ સુધીના નવ સાત્ત્વિક છે. તેઓમાં પણ ત્રણ ભેદો છે. (પહેલા) બે ઉત્તમ છે, (પછીના) છ મધ્યમ છે અને એક બાકીનો છે. રામ વિગેરે પણ નવ રાજસ છે. 'રામ' એટલે પરશુરામ, તે ભગવાન જ છે, છતાં પણ તેમના શિષ્યો તેમના ઠેકાણે (મુનિઓ) છે. જે લીલાનો તે પ્રકાશ કરે છે તે કહેવામાં આવે છે.

દ્વિત વિગેરે ઘણાએ છે. બ્રહ્માનો પુત્ર પુલહ, અથવા તે (બ્રહ્માનો પુત્ર) અંગિરાનું વિશેષણ લેવું. આ પ્રકાર ભેદ જણાવનારા છે. ૩-૪-૫.

પછી જે થયું, તે નીચેના શ્લોકમાં કહે છેઃ

**તાન્દૃષ્ટ્વા સહસોત્થાય પ્રાગાસીના નૃપાદયઃ ।।**
**પાણ્ડવાઃ કૃષ્ણરામૌ ચ પ્રણેમુર્વિશ્વવન્દિતાન્ ।।૬।।**

પહેલાં બેઠેલા રાજાઓ વિગેરે પાંડવો અને શ્રીકૃષ્ણ તથા બલભદ્રે તેઓને જોઈને એકાએક ઉભા થઈ, વિશ્વે વંદેલા (તેઓ)ને નમન કર્યું. ૬.

લોકમાં તે (મુનિ)ઓના ગુણો પ્રસિદ્ધ હતા એવી તેમની બુદ્ધિને અનુસરીને, અથવા વ્યવહારનો આશ્રય કરીને બધાએ (તેઓનું) સન્માન કર્યું, એમ 'એકાએક ઉભા થઈ' શબ્દોથી (જણાવેલ છે). અહિં (સન્માન કરનારાઓમાં) પણ (૧) સાધારણ (પુરુષો) (૨) ભક્તો અને (૩) ભગવાન્ એવા ત્રણ ભેદ છે. તે પ્રસંગે બધાએ પ્રણામ કર્યા. તેનું કારણ 'વિશ્વે વંદેલાને' શબ્દથી કહેલું છે. ૬.

**તાનાનર્ચુર્યથા સર્વે સહરામોઽચ્યુતોઽર્ચયત્ ।।**
**સ્વાગતાસનપાદ્યાર્ઘ્યમાલ્યધૂપાનુલેપનૈઃ ।।૭।।**

સ્વાગત, આસન, ચરણ ધોવાનું જલ, પૂજાની સામગ્રી, પુષ્પ, ધૂપ અને લેપથી બધાએ તેઓની યોગ્ય પ્રકારે પૂજા કરી. બલભદ્ર સહિત શ્રીકૃષ્ણે પૂજા કરી. ૭.

પછી બધાએ 'યથા' યોગ્ય પ્રકારે તેઓની પૂજા કરી. અથવા જેમ લોકમાં રહેલા સર્વ ભગવન્માર્ગથી અજાણ્યાઓએ પૂજા કરી તેમ (ભગવન્માર્ગ) જાણનારાઓએ પણ પૂજા કરી, એવો અર્થ છે. જો ભગવાન્ પૂજા ન કરે તો ભેદ થાય, તેથી બલભદ્ર સહિત શ્રીકૃષ્ણે પણ પૂજા કરી. 'આર્ચયત્' શબ્દ હોવાથી

સંધિ વૈદિક[1] છે, અથવા (અનદ્યતન ભૂતકાલનો) 'અ' લગાડેલ નથી[1]. 'સ્વાગત, આસન....' થી પૂજાનો પ્રકાર કહેલો છે. ૭.

સ્તુતિ વિના કાયાથી કરેલ સર્વ (સ્વાગત) નટના જેવું થાય, તેથી (તેઓની) સ્તુતિ (કરી એમ) નીચેના શ્લોકમાં કહે છેઃ

**ઉવાચ સુખમાસીનાન્ ભગવાન્ ધર્મગુબ્ વિભુઃ ।।**
**સદસસ્તસ્ય મહતો યતવાચોઽનુશ્રૃણ્વતઃ ।।૮।।**

તે મોટી શાંત રહેલી સભાના સાંભળતાં ધર્મનું રક્ષણ કરનાર સમર્થ ભગવાને સુખથી બેઠેલા (તે)ઓને (નીચે પ્રમાણે) કહ્યુંઃ- ૮.

કારણ કે ભગવાન્ કર્તવ્ય જાણે છે. ભગવાને પણ તેવું કહેવાનું પ્રયોજન 'ધર્મનું રક્ષણ કરનાર' વિશેષણથી કહેલું છે. તેટલું (કરવા) છતાં પણ (ભગવાનને) કાંઈ પણ હાનિ થઈ નથી એમ જણાવવા 'સમર્થ' વિશેષણ યોજેલું છે. 'ધર્મગુપ્તનુઃ' એવો પાઠ હોય ત્યારે ધર્મનું રક્ષણ (કરવા) માટે જ દેહ છે જેમનો, એમ મુનિઓની સ્તુતિ વિગેરે પણ અવતારનું જ કાર્ય હોવાનું સૂચવેલ છે. જે સ્થાનમાં સ્તુતિ કરવાથી (તે) લોકમાં પ્રસિદ્ધ થાય તેવું આ સ્થાન છે એમ જણાવવા 'તે સભાના સાંભળતાં' એમ કહેલું છે. 'મોટી' શબ્દથી ચાલુ પ્રસંગમાં ઉપયોગી (સભાનું) મોટી (હોવા)પણું (કહ્યું). તેવી જ રીતે 'શાંત રહેલી' વિશેષણથી (સભાનું) સાવધનાપણું કહ્યું.

**પઞ્ચભિર્ભગવાનાહ સ્તોત્રં તેષાં મહાત્મનામ્ ।।**
**તન્મુખાન્નિર્ણયં વક્તું પૂર્વપક્ષોક્તિરૂપતઃ ।।૫।।**

મુનિઓના મુખથી નિર્ણય જણાવવા માટે પૂર્વપક્ષ કહેવાના પ્રકારથી પાંચ (શ્લોક)થી ભગવાન્ તે મહાત્માઓની સ્તુતિ કહે છે (કરે છે). કા.૫. ૮.

આરંભમાં નીચેના શ્લોકમાં ભગવાન તેઓનાં દર્શનની પ્રશંસા કરે છેઃ

।। શ્રીભગવાનુવાચ।।

**અહો વયં જન્મભૃતો લબ્ધં કાર્ત્સ્ન્યેન તત્ફલમ્ ।।**
**દેવાનામપિ દુષ્પ્રાપં યદ્યોગેશ્વરદર્શનમ્ ।।૯।।**

અહો! અમારો જન્મ સફલ થયો. તેનું ફલ યોગેશ્વરોનું દર્શન જે દેવોને પણ દુર્લભ છે તે (અમને) સંપૂર્ણતાથી પ્રાપ્ત થયું. ૯.

'અહો!' શબ્દ આશ્ચર્ય દર્શાવે છે. 'વયમ્' 'અમારો' શબ્દ પ્રશંસા દર્શાવવા (યોજેલ છે). જન્મ ધારણ કરનારા એટલે જેઓનો જન્મ સફલ થએલો

---

૧-૧. 'અચ્યુત આર્ચયત્' એવી સંધિ થાય. વિસર્ગનો લોપ થવો જોઈએ. પણ 'અચ્યુતઃ અર્ચયત્' તેવી સંધિ કરેલી છે. તેથી આ બે પક્ષ કહેલા છે.

છે તેવા અમે જ છીએ, એવો અર્થ છે. 'કેવી રીતે (તમારો જન્મ સફલ થયો?)' એ જાણવાની ઈચ્છા થાય, તેથી 'તેનું ફલ સંપૂર્ણતાથી પ્રાપ્ત થયું' શબ્દોથી જન્મનું ફલ (પ્રાપ્ત) થયું એમ કહે છે. જન્મનું ફલ જ્ઞાન વિગેરે પણ છે, ધર્મ પણ છે, છતાં સંપૂર્ણતાથી ફલ (યોગેશ્વરોનાં દર્શન જ છે). 'દેવોને પણ દુર્લભ' વિશેષણથી તે દુર્લભ હોવાનું કહે છે, કારણ કે યોગેશ્વરોનું દર્શન દેવોને પણ દુર્લભ છે, કારણ કે ઘણાં કષ્ટે પણ ઈંદ્રને બૃહસ્પતિનાં દર્શન થયા ન હતાં. તે છઠ્ઠામાં કહેલું છે. ૯.

માત્ર[૧] દર્શન દુર્લભ હોવાનું કહી, તેનાં સંબંધવાળા બધાએ (દુર્લભ હોવા)નું કહેતાં, આ (દર્શન વિગેરે) ફલરૂપ છે એવો તર્ક નીચેના શ્લોકમાં[૧] કહે છેઃ

**કિં સ્વલ્પતપસાં નૃણામર્ચાયાં દેવચક્ષુષામ્ ।।**
**દર્શનસ્પર્શનપ્રશ્નપ્રહ્વપાદાર્ચનાદિકમ્ ।।૧૦।।**

ઘણાં થોડાં તપવાળા, પ્રતિમામાં દેવ (હોવા)ની દૃષ્ટિ રાખનાર મનુષ્યોને શું દર્શન, સ્પર્શ, પ્રશ્ન, વિનય, ચરણ, પૂજા વિગેરે થાય છે? ૧૦.

દેવ વિગેરેનું તપ ઘણું હોય છે જ, મનુષ્યોનું જ હોતું નથી એમ જણાવવા 'મનુષ્યોને' એમ કહેલું છે. તેઓનું તપ થોડું હોવાનું કારણ 'પ્રતિમામાં દેવ (હોવા)ની દૃષ્ટિ રાખનાર' વિશેષણથી (કહેલું છે). આરંભમાં 'અર્ચા' પ્રતિમા જડ હોય છે, જડ સ્વભાવવાળી હોય છે. તે પણ અધમ (લોકોએ) કરેલી હોય છે. તેવી (પ્રતિમા) પોતે ચેતન (મનુષ્ય)ની દેવતા કેમ હોઈ શકે? '(પ્રતિમામાં દેવતાનો)' આકાર હોય છે (તેથી દેવતા હોઈ શકે)' એમ કહેવામાં આવે, તો[૨] નટનો શું અપરાધ છે? '(નટમાં આકારનું) સ્થિરપણું નથી' એમ કહેવામાં આવે, તો (૧) જડ આકાર અને (૨) ચૈતન્ય અને ગુણો એવા બે ઢગલા પાડી વિચાર કરો, કે (નટમાં હોય છે તે) ચૈતન્ય અને ગુણો દેવતા છે કે માત્ર (પ્રતિમામાં સ્થિર હોય છે તે) આકાર? (બે ઢગલામાં) શું ઉત્તમ છે તેમાં સંદેહ નથી. આકાર ભગવાન્ ન હોવાથી પ્રયોજન વિનાનો છે. તેમ ન હોય તો (પ્રતિમા જેમાં હોય છે) તે ગૃહનો અને (પ્રતિમાને હોય છે) તે દેહનો આકાર બધાએને હોવાથી, તે (પોતાના ગૃહ અને દેહ)ને તજી કુશ અને કાશના[૩] આધારથી બુદ્ધિને સ્થિર કર(વા

૧...૧. માત્ર દર્શન ફલ છે એમ કહીને, યોગેશ્વરોનાં સ્પર્શ, પ્રશ્ન, વિનય, ચરણપૂજા બધાંએ ફલરૂપ હોવાનું કહેતાં, 'દર્શન ફલરૂપ છે એવો તર્ક' એટલે તેવા પુરુષોને પ્રતિમાનાં દર્શન વિગેરે શું આવા પ્રકારના થાય છે? (નથી થતાં) એમ જણાવનારી યુક્તિ કહે છે, એવો અર્થ છે.(લે)

૨. દેવનો વેષ ધરનાર નટમાં પણ દેવનો આકાર હોવાથી, એવો તેનો કયો અપરાધ છે કે તેને દેવ ન માનવો?

પ્રયાસ કર)નારા થોડા તપવાળા જ છે. મુનિઓનાં તો દર્શન, ચરણનો સ્પર્શ, પછી પ્રશ્ન, પછી વિનય, પછી ચરણની પૂજા થાય છે. આ વિગેરે સર્વે (પ્રતિમામાં) શું થાય છે? વળી આ ચેતનના ગુણો છે. ૧૦.

'એમ છે ત્યારે બધાએ લોક (પ્રતિમાને દેવ તરીકે પૂજવાની) પ્રવૃત્તિ કેમ કરે છે?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**ન હ્યમ્મયાનિ તીર્થાનિ ન દેવા મૃચ્છિલામયાઃ ।।**
**તે પુનન્ત્યુરુકાલેન દર્શનાદેવ સાધવઃ ।।૧૧।।**

જલમય તીર્થો નથી? માટીમય અને શિલામય દેવો નથી? તેઓ લાંબા સમયે પવિત્ર કરે છે. સાધુઓ માત્ર દર્શનથી પવિત્ર કરે છે. ૧૧.

'તીર્થ' શબ્દથી જે પવિત્ર કરનાર અને સ્વચ્છ હોય તે જણાવાય છે. તે (તેવું) જલ પણ છે, સાધુઓ પણ છે. તેથી શું જલમય (હોય તે) તીર્થ નથી હોતાં? હોય છે જ, કારણ કે જલ શુદ્ધ કરનારાં હોવાનું જોવામાં આવે છે. પરંતુ જે જ્ઞાનરૂપ શુદ્ધિ ઉત્તમ (પુરુષો)થી થાય છે તે (જલથી) થતી નથી જ. તેવી જ રીતે માટીમય અને શિલામય (હોય તે) દેવો પણ છે. કેટલાકના મત પ્રમાણે સ્થાન જ દેવ છે, પ્રતિમા નકામી છે. તે સ્થાનમાં જે કોઈ પ્રતિમાનું સ્થાપન કરવામાં આવે તે જ દેવ થાય છે પરંતુ બીજા સ્થાને (સ્થાપેલી પ્રતિમા દેવ) નથી. તેથી માટીમય (હોય તે) જ દેવો છે, અથવા જ્યાં સ્થાન પ્રસિદ્ધ નથી ત્યાં શિલામય જ દેવો છે; અથવા આઠ પ્રકારની (પ્રતિમાઓ)માં[1] શિલાની બનાવેલી જ સ્થિર હોવાથી 'શિલારૂપ' (સર્વ પ્રતિમાઓનું) ચિહ્ન કહેલું છે.

'ત્યારે લોકમાં પ્રસિદ્ધ (પ્રતિમાઓ તથા તીર્થો)ની શું નિંદા કરો છો?' એવી શંકા થાય, તેથી 'તેઓ લાંબા સમયે પવિત્ર કરે છે' શબ્દોથી '(તેમ કરતા) નથી' એમ કહે છે. સાધુઓ તો માત્ર દર્શનથી જ પવિત્ર કરે છે. નિંદા કરવા માટે નિંદા(નાં વચન)ની પ્રવૃત્તિ થતી નથી, પરંતુ કહેવાના(વિષય)ની પ્રશંસા કરવા માટે (તેથી પ્રવૃત્તિ થાય છે). તેથી પૂજા કરવાનું પ્રાપ્ત થતાં, માટીની બનાવેલ (પ્રતિમાઓ) કરતાં સાધુઓ (વધારે) પૂજવા યોગ્ય છે, તીર્થે જવા કરતાં સાધુઓ પાસે જ જવું યોગ્ય છે એમ (કહીએ છીએ), પરંતુ લોકમાં પ્રસિદ્ધ (પ્રતિમા અથવા તીર્થો)ની નિંદા કરતા નથી, એવો અર્થ છે. ૧૧.

'આ(સાધુઓ) કરતાં સૂર્ય વિગેરે પ્રત્યક્ષ દેવો છે, તેઓની જ પૂજા કેમ

---

૩. કુશ અને કાશ એ જુદી જુદી જાતનાં ઘાસ છે. પ્રતિમા જે જડ પદાર્થોની બનાવેલી હોય તે પદાર્થના અર્થમાં આ શબ્દો યોજાએલા જણાય છે.

૧. જૂઓ ૧૧।૨૭।૧૨.

ન કરવી?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**નાગ્નિર્ન સૂર્યો ન ચ ચન્દ્રતારકા ન ભૂર્જલં ખં શ્વસનોથ વાઙ્મનઃ ।।**
**ઉપાસિતા ભેદકૃતો હરન્ત્યઘં વિપશ્ચિતો ઘ્નન્તિ મુહૂર્તસેવયા ।।૧૨।।**

પૂજેલા અગ્નિ, સૂર્ય અને ચંદ્ર તથા તારાઓ, ભૂમિ, જલ, આકાશ, વાયુ અને વાણી તથા મન ભેદ કરનારના પાપનો નાશ કરે છે, (પરંતુ અધિક) કરતા નથી. વિદ્વાનો મુહૂર્તની સેવાથી (ભેદબુદ્ધિનો) નાશ કરે છે. ૧૨.

અગ્નિહોત્ર વિગેરેમાં પ્રસિદ્ધ અગ્નિ, વળી ઉપાસનામાં (પ્રસિદ્ધ) સૂર્ય, અને વ્રત વિગેરેમાં (પ્રસિદ્ધ) ચંદ્ર, વળી ગ્રહો વિગેરેની પૂજામાં (પ્રસિદ્ધ) બુધ વિગેરેરૂપ અથવા અશ્વિની વિગેરેરૂપ તારાઓ, અને ઉપાસના વિગેરેમાં (પ્રસિદ્ધ) વિશ્વને નભાવનારી ભૂમિ, તે જ પ્રમાણે જલ, તેવી જ રીતે હૃદયરૂપ આકાશ, તે જ પ્રમાણે 'શ્વસનઃ' પ્રાણાયામરૂપ વાયુ, 'અથ' જૂદા આરંભથી 'વાણી' એટલે સરસ્વતી, અને તેવી રીતે 'બીજા દેવો મનને વશ થયા' ૧૧।૨૩।૪૮માં કહ્યા પ્રમાણે યોગ વિગેરેમાં (પ્રસિદ્ધ) મન. આ બધાની 'આ ભગવાન્ છે' એવી બુદ્ધિથી પૂજા કરવામાં આવે તો તેઓ 'અઘં હરન્તિ' પાપનો નાશ જ કરે છે, પરંતુ અધિક[૧] (કાંઈ) કરતા નથી. તેનું કારણ 'ભેદ કરનારના' શબ્દથી કહેલું છે, કારણ કે તે (આમની પૂજા કરનાર) ભેદ સ્વીકારીને (પોતાની) પ્રવૃત્તિ કરે છે. જે અખંડ (બ્રહ્મ)માં ભેદ જૂએ છે, તે કૃતાર્થ કેવી રીતે થાય? વિદ્વાનો તો ભેદનો[૨] નાશ કરે છે. તે (અર્થ) 'વિદ્વાનો મુહૂર્તની સેવાથી (ભેદબુદ્ધિનો) નાશ કરે છે' શબ્દોથી કહેલ છે. 'જે શુદ્ધિ જ્ઞાનની કલાથી થાય છે, તેટલી પૂરી (તપ વિગેરે) કરતા નથી' ૧૧।૧૯।૪એ વાક્ય પ્રમાણે તેટલા (મુહૂર્તની સેવા)થી જ જ્ઞાનનો ઉદય (અને) સર્વ પાપનો નાશ પ્રયાસ વિના થાય છે. ૧૨.

એવી રીતે પરમ તત્ત્વ કહીને, નીચેના શ્લોકમાં આ (અભેદ બુદ્ધિવાળા) સિવાયના બધાને ભેગા કરી, (તેમની) નિંદા કરે છેઃ

**યસ્યાત્મબુદ્ધિઃ કુણપે ત્રિધાતુકે સ્વધીઃ કલત્રાદિષુ ભૌમ ઈજ્યધીઃ ।।**
**યત્તીર્થબુદ્ધિઃ સલિલે ન કર્હિચિજ્જનેષ્વભિજ્ઞેષુ સ એવ ગોખરઃ ।।૧૩।।**

જેની ત્રણ ધાતુવાળા ચૈતન્યરહિત દેહમાં 'આત્મા' એવી બુદ્ધિ છે, સ્ત્રી વિગેરેમાં 'પોતાનાં (મારાં)' એવી બુદ્ધિ છે, ભૂમિના બનેલા પદાર્થમાં 'દેવ'ની બુદ્ધિ છે અને જેની જલમાં 'તીર્થ' એવી બુદ્ધિ છે તેને જ્ઞાની પુરુષોમાં કોઈ પ્રસંગે ગુણવો ન જોઈએ તે જ બલદીઓ અથવા ગધેડો છે. ૧૩.

---

૧. 'અધિક' એટલે ભેદ દૂર કરવાનું. (લે)

૨. અર્થ જોતાં આ શબ્દ મૂલ શ્લોકમાં લેવાનો છે. (લે)

'કુણપે' એટલે દેહમાં. ચૈતન્યરહિત દેહ 'કુણપ' કહેવાય છે, (તે આત્મા નથી), કારણકે જડ (દેહ) ચેતન(પદાર્થ)નો આત્મા હોતો નથી. 'ત્રણ ધાતુવાળા' વિશેષણથી મૂલના વિચારથી પણ તે (દેહ)માં દોષ કહેલ છે. આ દેહ વાત, પિત્ત અને કફ સ્વભાવાવાળો છે, જ્યારે આત્મા ચેતન સ્વભાવવાળો છે. તેથી ધાતુઓ (વાત, પિત્ત અને કફ) જ આ દેહના આત્મા હોવાનું યોગ્ય છે, પરંતુ આત્મા (આ દેહનો આત્મા) હોવાનું યોગ્ય નથી, અને આત્માનો આ (દેહ) આત્મા હોવાનું યોગ્ય નથી.

એ પ્રમાણે (દેહમાં) 'આત્મા' હોવાની બુદ્ધિ ખોટી છે એમ કહીને, ''સ્ત્રી વિગેરેમાં 'પોતાનાં' એવી બુદ્ધિ'' શબ્દોથી (તેઓ) પોતાનાં હોવાની બુદ્ધિ પણ ખોટી છે એમ કહે છે. જેઓ પોતાના ઉપર ઉપકાર કરે તેઓ જ પોતાનાં છે. તેઓ (તેવા) સત્પુરુષો જ છે, સ્ત્રી વિગેરે તો અપકાર કરે છે. તેવી રીતે સદ્રૂપ આત્માઓનાં આત્મા ભગવાન જ (ઉપકાર કરનારા છે).

'ભૌમે' ભૂમિના બનેલા પદાર્થમાં 'દેવની' બુદ્ધિ (પણ ખોટી છે), કારણકે પોતાનો દેહ પણ ભૂમિનો બનેલો છે અને જલમાં 'તીર્થ' એવી બુદ્ધિ (પણ ખોટી છે). એવી જેને ચાર બુદ્ધિઓ છે તેને કોઈ પ્રસંગે જ્ઞાની પુરુષોમાં ગણવો ન જોઈએ, પરંતુ મૂર્ખોમાં જ ગણવો જોઈએ. વધારે (કહેવા)થી શું? તે જ 'ગૌઃ' બળદીઓ અથવા 'ખરઃ' ગધેડો છે, અથવા બળદીઆઓ માટે ઘાસ લાવનારો ગધેડો છે, એટલે ઘરમાં રહેનારાઓ પશુઓ જેવા છે, તેઓનું ભરણપોષણ કરનારો છે. એવી રીતે મુનિઓની પ્રશંસા કરવા માટે લોકમાં પ્રસિદ્ધ પદાર્થોની નિંદા કરેલી છે. ૧૩.

પ્રથમ ભગવાને જ વેદ વિગેરે દ્વારા તે (તીર્થો અને દેવપ્રતિમા)ઓની પ્રશંસા કરેલી. તેથી (વેદ વિગેરે અને આ) બંને વિરુદ્ધ હોવાથી, તે સંબંધી નિર્ણય થાય તે માટે મુનિઓને સંદેહ થયો, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

॥ શ્રીશુક ઉવાચ॥

**નિશમ્યેત્થં ભગવતઃ કૃષ્ણસ્યાકુણ્ઠમેધસઃ ॥**

**વચો દુરન્વયં વિપ્રાસ્તૂષ્ણીમાસન્ ભ્રમદ્ધિયઃ ॥૧૪॥**

એ પ્રમાણે અટક્યા વિનાની મતિવાળા ભગવાન્ શ્રીકૃષ્ણનું અન્વય-વિરુદ્ધ વચન સાંભળીને, જેમની બુદ્ધિ ભમતી હતી તેવા વિપ્રો શાંત રહ્યા. ૧૪.

એ પ્રમાણે ભગવાનનું વચન સાંભળીને, ભમતી બુદ્ધિવાળા થઈ શાંત રહ્યા એવો (વાક્યનો) સંબંધ છે.

'ભગવાનનાં વચનનાં પ્રમાણપણાનો નિશ્ચય જ હોવો જોઈએ. તેમ ન

હોય તો પહેલાં (વેદ વિગેરેમાં) સિદ્ધ થએલ જ અર્થ (સાચો). (તેથી) સંદેહ કેમ થાય?' એવી શંકા થાય, તેથી 'અટક્યા વિનાની મતિવાળા' વિશેષણ યોજેલું છે. અટકતી નથી તેવી મતિ છે જેમની તેવા (ભગવાન્) હોવાથી કોણ જાણી શકે કે કયા અભિપ્રાયથી તે આમ કહે છે, એવો સંદેહ થયો, એવો અર્થ છે.

'નિશ્ચય જ કેમ ન થયો?' એવી શંકા થાય, તેથી 'અન્વયવિરુદ્ધ' વિશેષણ યોજેલું છે. 'અન્વય' એટલે લોકમાં પ્રસિદ્ધ અર્થ આપનાર (તર્ક). તેથી વિરુદ્ધ હોવાથી (ભગવાનનું વચન) અન્વયવિરુદ્ધ હતું તેથી જ જેમની બુદ્ધિ ભમતી હતી તેવા (વિપ્રો) થયા. ૧૪.

પછી તેઓએ નિર્ણય કર્યો એમ નીચેના શ્લોકમાં કહે છે:

**ચિરં વિમૃશ્ય મુનય ઈશ્વરસ્યેશિતવ્યતામ્ ।।**
**જનસંગ્રહ ઈત્યૂચુઃ સ્મયન્તસ્તં જગદ્ગુરુમ્ ।।૧૫।।**

મુનિઓએ લાંબા સમય સુધી વિચાર કરી, ઈશ્વરનું સેવકપણું લોકનાં રક્ષણ માટે છે એમ જાણીને, હસતાં તે જગતના ગુરુને નીચે પ્રમાણે કહ્યું. ૧૫.

'મુનિઓએ' શબ્દથી (એમ જણાવેલું છે કે) મનન વિચારમાં સાધક (નિર્ણય કરાવનારું) હતું. 'ઈશ્વરનું સેવકપણું (લોકના રક્ષણ માટે છે)' શબ્દોથી વિચાર કરેલો વિષય કહે છે. સર્વસમર્થ ઈશ્વરનું જે 'ઈશિતવ્યતા' સેવકપણું, તે લોકનાં કલ્યાણ માટે એટલે લોકોનું આવા પ્રકારની બુદ્ધિથી રક્ષણ થશે એવા આશયથી છે, કારણ કે ઉપર કહેલા પ્રકારે જો (ભગવાન્) પોતે એમ કહે તો બીજો પણ એ પ્રમાણે કહે પછી ભગવાનના વાક્યનો અભિપ્રાય જાણીને 'સ્મયન્તઃ' હસતાં તેઓએ સર્વને હિતકારી ઉપદેશ આપનાર તે જગતના ગુરુને કાંઈક નીચે પ્રમાણે કહ્યું. ૧૫.

મુનિઓ તે સંબંધમાં નિર્ણય બે પ્રકારે કહે છે. શું અત્યારે ભગવાન્ અમને મોહ ઉત્પન્ન કરાવવા (આમ) કહે છે કે બીજાઓના ઉપર ઉપકાર કરવા? જો અમને (મોહ ઉત્પન્ન કરાવવા) કહેતા હોય તો (તેનો) ઉત્તર[1] આપવામાં આવે છે, એમ નીચેના શ્લોકમાં કહે છે:

।। મુનય ઊચુઃ ।।

**યન્માયયા તત્ત્વવિદુત્તમા વયં વિમોહિતા વિશ્વસૃજામધીશ્વરાઃ ।।**
**યદીશિતવ્યાયતિ ગૂઢ ઈહયા અહો વિચિત્રં ભગવદ્વિચેષ્ટિતમ્ ।।૧૬।।**

અહો! જેમની માયાથી તત્ત્વજ્ઞાનીઓમાં ઉત્તમ (અને) પ્રજાપતિઓના

---

૧. સેવકના જેવી ચેષ્ટાનું ઉત્તર એટલે પરિણામ અમો વિગેરેનો મોહ થયો તે છે એમ કહે છે, એવો અર્થ છે. (લે)

અધીશ્વરો અમે મોહ પામેલા છીએ, કારણકે (પોતાની) ચેષ્ટાથી છૂપા રહી સેવક પેઠે આચરણ કરે છે, (તે) ભગવાનનું ચરિત્ર વિચિત્ર છે. ૧૬.

'તત્ત્વજ્ઞાનીઓમાં ઉત્તમ' એટલે (ભગવાનનો) સાક્ષાત્કાર કરવાની (અને) તેનો બોધ કરવાની શક્તિવાળા. આ (વિશેષણ)થી જ્ઞાનશક્તિ જણાવી. 'પ્રજાપતિઓના અધીશ્વરો' એટલે વિશ્વમાં ઉત્પત્તિ કરનારા કશ્યપ વિગેરે જેઓ સદા વિશ્વમાં સૃષ્ટિ (ઉત્પન્ન) કરે છે, તેઓને પણ અમે 'અધીશ્વરો' એટલે ઉપદેશ કરનારા અથવા વશ રાખનારા (છીએ), તે (તેવા) અમે પણ મોહ પામેલા છીએ. મોહ પમાડવાનું (ભગવાનનું કાર્ય) કહે છે. 'યત્' કારણ કે તે ભગવાન્ છૂપા રહી 'ઈહયા' (પોતાની) ચેષ્ટાથી 'ઈશિતવ્યાયતિ' એટલે ઈશિતવ્યની પેઠે આચરણ કરે છે, અથવા સેવકની સ્થિતિ પ્રાપ્ત કરે છે. તેવા પ્રકારની ચેષ્ટા પ્રકટ કરે છે કે જે પ્રકારથી લોક (તેમને) 'ઈશિતવ્ય' જીવ જ માને છે, પરંતુ ઈશ્વર માનતો નથી. આવાં ભગવાનનાં ચરિત્રનું શ્રવણ કરીને આશ્ચર્યમાં ગરકાવ થઈ 'અહો! ભગવાનનું ચરિત્ર વિચિત્ર છે' એમ કહે છે. તે પ્રમાણે કરવાનું અથવા ન કરવાનું કારણ ભગવાનનું ચરિત્રપણું છે. એવું વિચિત્રપણું છે, કારણ કે ભગવાન્ હોવા છતાં પણ કેમ એવા પ્રકારે (ચેષ્ટા) કરે છે અથવા શા માટે (ચેષ્ટા) કરતા નથી, એ બંને વિષયમાં ભગવાનપણું કારણ છે. ઈશ્વર ન હોવાપણું પણ ભગવાનમાં નથી, તેમ જ કોઈ સમયે એવો નિર્ણય (નિયમ) પણ નથી કે ભગવાને આમ કરવું કે આમ ન કરવું. તેથી ભગવાનનું બધુંએ ચરિત્ર અલૌકિક હોવાથી વિચિત્ર છે. ૧૬.

(ભગવાનનું ચરિત્ર) બધુએ અલૌકિક સિદ્ધ થાય તે માટે કુદરતી ભગવાનનું ચરિત્ર પણ પરસ્પર વિરુદ્ધ છે એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**અનીહ એતદ્‌બહુધૈક આત્મના સૃજત્યવત્યત્તિ ન બધ્યતે યથા ।।**
**ભૌમૈર્હિ ભૂમિર્બહુનામરૂપિણી અહો વિભૂમ્નશ્ચરિતં વિડમ્બનમ્ ।।૧૭।।**

ક્રિયારહિત એકલા (ભગવાન્) જે પ્રકારે (પોતાને) બંધન ન થાય તેવી રીતે ઘણા પ્રકારે આ (જગત)ને આત્માથી જ ઉત્પન્ન કરે છે, (તેનું) રક્ષણ કરે છે અને (તેનો) લય કરે છે. ભૂમિનાં વિકારોથી ભૂમિ ઘણાં નામ અને રૂપવાળી થાય છે તેમ (ભગવાન્ જુદા જુદા રૂપવાળા થાય છે). અહો! પરિપૂર્ણ (ભગવાન)નું ચરિત્ર અનુકરણ છે. ૧૭.

લોકમાં ક્રિયાવાળાઓ જ ઘડો વિગેરે બનાવે છે. મંત્ર, યોગ વિગેરેથી (પદાર્થ) બનાવનારો પણ મનની ક્રિયાનું અનુસંધાન કરે છે. ભગવાન્ તો ક્રિયા રહિત જ અને તે પણ એકલા જ, બીજો મનથી જેનો વિચાર પણ ન કરી શકે તેવું

આ (જગત રચે છે), અને તે 'ઘણા પ્રકારે' એટલે કરોડો બ્રહ્માંડોમાં જુદા જુદા પ્રકારના જ રચે છે એવો (અર્થ છે). તે પણ વિકાર ન પામતા (પોતાના) આત્મા (સ્વરૂપ)થી જ (રચે છે), અને એમ કરતાં પણ તે કર્મથી બંધ પ્રાપ્ત કરતા નથી, અને વિકારવાળું (જગત) હોય તેવું બનાવે છે. તેમ ન કરે તો તે સૃષ્ટિ તેવી (ભગવાનના જેવી વિકારરહિત) જ હોવાથી આશ્ચર્ય ન થાય. તે અર્થ 'ભૂમિના વિકારોથી ભૂમિ (ઘણાં નામ અને રૂપવાળી થાય છે' શબ્દોથી કહેલો છે. ભૂમિના વિકારોથી જ ભૂમિ ઘણાં નામ અને રૂપવાળી થાય છે, તેવી રીતે ભગવાન્ પોતે જ જુદા જુદા રૂપવાળા થાય છે. વિકારરહિત હોવાપણું વિગેરે (ગુણો) તો (ભગવાનમાં ભૂમિ કરતાં) અધિક છે. તેથી જ ભગવાનનું અનુકરણ (ભગવાન્ જીવના જેવું કરે છે તે આચરણ) પણ વિચિત્ર છે. અથવા (તેમનું) બધુંએ અનુકરણ છે. ૧૭.

એ પ્રમાણે (અમને મોહ કરવા આ પ્રમાણે કહેવું) યોગ્ય નથી એમ જણાવીને, સાંભળનારાઓને ઉપદેશ આપવા કહેલું હોય તો તેમ કહેવું યોગ્ય છે. એમ નીચેના શ્લોકમાં જણાવે છેઃ

**અથાપિ કાલે સ્વજનાભિગુપ્તયે બિભર્ષિ સત્ત્વં ખલનિગ્રહાય ચ ।।**
**સ્વલીલયા વેદપથં પૂરાતનં વર્ણાશ્રમાત્મા પુરુષઃ પરો ભવાન્ ।।૧૮।।**

છતાં પણ યોગ્ય સમયે પોતાના ભક્તોનું રક્ષણ કરવા અને દુષ્ટોનો નાશ કરવા આપ પર પુરુષ પોતાની લીલાથી સત્ત્વ ધારણ કરો છો (અને) વર્ણ તથા આશ્રમવાળા થઈ જુના વેદમાર્ગનું રક્ષણ કરો છો. ૧૮.

'કાલે' તેતે યોગ્ય સમયે 'સ્વજનાઃ' ભક્તપુરુષો, તેઓનાં 'અભિગુપ્તયે' રક્ષણ માટે આપ સત્ત્વ ધારણ કરો છો. જો કે સર્વ પુરુષોનું પાલન કરવા માટે સત્ત્વ ધારણ કરેલું જ છે, છતાં પણ જેનાથી અવતારો થાય છે તેવું આ (સત્ત્વ) તેથી જૂદું જ છે. પહેલાં જ સચ્ચિદાનંદના, પ્રકૃતિના, અહંકારના, બુદ્ધિના અને કાલના ગુણોના ભેદો[૧] કહેલા છે, તેમાં આ સત્ત્વ સદ્રૂપ (બ્રહ્મ)નું છે, અને તેનાથી જ ભક્તોનું રક્ષણ થાય છે. વળી દુષ્ટોના નાશ માટે, એટલે દૈત્યોનો નાશ કરવા (આ સત્ત્વ ધારણ કરો છો). સર્વનું પાલન કરનારું (સત્ત્વ) તો તેઓનો નાશ કરનારું નથી, પરંતુ પાલન કરનારું જ છે. 'ચ' 'અને' શબ્દથી બીજાં પણ

૧. સત્ત્વ, રજઃ અને તમઃ પ્રકૃતિનાં ગુણો છે, ગુણવાળા અવતારો પોતપોતાના કાર્ય માટે તે ગુણો ધારણ કરે છે. અહંકારનાં ગુણો મન, ઈંદ્રિયો અને મહાભૂતોની ઉત્પત્તિના કારણરૂપ છે. 'બુદ્ધિના ગુણો સત્ત્વમાંથી જ્ઞાન ઉત્પન્ન થાય છે' એ વાક્યનાં સ્થલે કહેલા છે. કાલના ગુણો યુગના અવતારોમાં પ્રસિદ્ધ છે. (લે)

ભક્તિની પ્રવૃત્તિ કરાવવી વિગેરે પ્રયોજનોનો સમાવેશ કરેલો છે.

'ભગવાન્ સ્વરૂપમાં રહેલા, સ્વરૂપનાં ગુણરૂપ તે સત્ત્વને કેવી રીતે ધારણ કરે છે?' એ જાણવાની ઈચ્છા થાય, તેથી 'પોતાની લીલાથી' શબ્દ યોજેલ છે. વળી તે સત્ત્વથી વર્ણ તથા આશ્રમવાળા થઈ જૂના વેદમાર્ગનું આપ રક્ષણ કરો છો અથવા તેને નભાવો છો. રક્ષણ કરવાનું પ્રયોજન 'જૂના' વિશેષણથી કહેલું છે તેમ ન હોય (જૂનાનું રક્ષણ કરવામાં ન આવે), તો નવો બનાવવામાં ઘણું કરવું પડે.

" 'બ્રાહ્મણ આનું મુખ છે' એ શ્રુતિ પ્રમાણે વર્ણ તથા આશ્રમવાળો પુરુષ છે"[૨] એવી શંકા થાય, તેથી 'આપ જ પર પુરુષ (છો)' એમ કહેલું છે. બ્રાહ્મણો આપરૂપ (ભગવદ્રૂપ) હોવાથી, 'પોતે પોતાનું સર્વ થાય છે' એ વચનને આથી પુષ્ટિ મળે છે. ૧૮.

એ પ્રમાણે સાધારણ રીતે વર્ણ અને આશ્રમ સંબંધી કહીને, બ્રાહ્મણનું ઉત્તમપણું નીચેના શ્લોકમાં કહે છેઃ

**બ્રહ્મ તે હૃદયં શુક્લં તપઃસ્વાધ્યાયસંયમૈઃ ।।**
**યત્રોપલબ્ધં સદ્વ્યક્તમવ્યક્તં ચ તતઃ પરમ્ ।।૧૯।।**

તપ, સ્વાધ્યાય અને સંયમને લીધે બ્રાહ્મણ આપનું શુક્લ હૃદય છે, જેમાં પ્રકટ અને અપ્રકટ સત્ અને તેથી ઉત્તમ જોવામાં આવે છે. ૧૯.

'બ્રહ્મ' એટલે બ્રાહ્મણ જાતિ આપનું 'હૃદય' એટલે અંતરંગ શક્તિ છે, અને તે શક્તિઓ ત્રણ પ્રકારની[૧] હોવાથી 'શુક્લ' શબ્દથી પ્રકાર કહે છે. 'તપ, સ્વાધ્યાય અને સંયમને લીધે' એટલે તે અંગોને લીધે, (આપની અંતરંગ શક્તિ છે), એમ તે (બ્રાહ્મણ)નું માહાત્મ્ય કહેલું છે. શુક્ત હૃદયમાં 'સત્' અને 'સત્રૂપ' બ્રહ્મ જોવામાં આવે છે, અને 'અવ્યક્તં' 'અપ્રકટ' એટલે જગતનું કારણ બનેલું અક્ષરરૂપ (સત્) અને 'ચ' 'અને' શબ્દ હોવાથી આત્માનું સ્વરૂપ અને 'તેથી ઉત્તમ' આનંદરૂપ પુરુષોત્તમ (જોવામાં આવે છે). વાનપ્રસ્થ (આશ્રમ)માં તપ, બ્રહ્મચર્યમાં સ્વાધ્યાય (વેદનો અભ્યાસ) અને સંન્યાસમાં સંયમ, એમ ત્રણ

---

૨. 'બ્રહ્મ મુખ છે' વિગેરે સ્થલે પુરુષ વર્ણરૂપ હોવાનું કહેલ છે. 'જઘનમાંથી ગૃહાશ્રમ થયો' એ વાક્યનાં સ્થલે તે આશ્રમરૂપ હોવાનું કહેલું છે. તે જ વેદમાર્ગનું પાલન કરનાર છે. તે તો પુરુષ જ છે, એવો અર્થ છે. (લે)

૧. શુક્લ, લાલ અને કાળી એવા ભેદથી ત્રણ પ્રકારની શક્તિઓ છે, તેમાં બ્રાહ્મણ સાત્ત્વિક હોવાથી શુક્લ છે (શ્વેત) છે. ક્ષત્રિય રાજસ હોવાથી અને વૈશ્યમાં રજોગુણ મુખ્ય હોવાથી તેઓ લાલ છે, શૂદ્ર તામસ હોવાથી કાળી શક્તિ છે. (લે)

આશ્રમોમાં જ 'સત્' વિગેરે જોવામાં આવે છે એવો નિયમ સૂચવેલો છે. ૧૯.

'એમ હોય તેથી શું?' એવો પ્રશ્ન થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**તસ્માદ્બ્રહ્મકુલં બ્રહ્મન્ શાસ્ત્રયોને ત્વમાત્મનઃ ।।**
**સભાજયસિ સદ્ધામ તદ્બ્રહ્મણ્યાગ્રણીર્ભવાન્ ।।૨૦।।**

તેથી હે બ્રહ્મન્! હે વેદના (મૂલ) કારણ! આપ આપના સત્નાં ધામરૂપ બ્રાહ્મણકુલનો આદર કરો છો. તેથી બ્રાહ્મણોનું હિત કરનારાઓમાં આપ મુખ્ય છો. ૨૦.

આપ બ્રાહ્મણના કુલનો આદર કરો છો. તેનું કારણ એ છે કે (૧) (તે) 'સત્'નાં ધામરૂપ છે. 'સત્' વિગેરેનું ધામ એટલે સ્થાન છે અથવા, 'ધામ' એટલે પ્રકાશ અથવા આધાર. (૨) 'હે બ્રહ્મન્!' એ સંબોધનથી આપ (બ્રાહ્મણ)ના પ્રકારના હોવાથી (બ્રાહ્મણનો આદર કરવામાં) પોતાનું જ રક્ષણ કરો છો એવું બીજું કારણ કહેલું છે. (૩) 'હે વેદના (મૂલ) કારણ!' સંબોધનથી ત્રીજું કારણ કહેલું છે. (આપ) 'શાસ્ત્રસ્ય' વેદની 'યોનિઃ' (મૂલ) કારણ છો. (આપે) વેદો ઉત્પન્ન કરેલા છે, તેઓનો આધાર બ્રાહ્મણ જ હોવાથી તે (બ્રાહ્મણો)નું રક્ષણ કરવું જ જોઈએ, એવો અર્થ છે. અથવા 'શાસ્ત્રના કારણરૂપ, આત્માના ('સત્'નાં ધામરૂપ)' એવો (પાઠ લેવો). તે પ્રમાણે (પાઠ) હોય ત્યારે શાસ્ત્ર સાધન અને આત્મા ફલ, એવી રીતે સાધન અને ફલ કહેલાં (જાણવા). વળી આપ (બ્રહ્મકુલનો આદર કરો છો) તેથી બ્રાહ્મણોનું હિત કરનારાઓમાં મુખ્ય છો. જો આ સર્વમાં ફેરફાર થાય તો પણ આપ બ્રાહ્મણોનું હિત કરનાર જ છો. ૨૦.

એવી રીતે ભગવાન બ્રાહ્મણોનું હિત કરનાર છે એમ જાણીને, સંતોષ પામી, પોતાનું રક્ષણ કરનાર વિષ્ણુ આજે પ્રાપ્ત થયા તેથી પોતે કૃતકૃત્ય થવાનું નીચેના શ્લોકમાં કહે છેઃ

**અદ્ય નો જન્મસાફલ્યં વિદ્યાયાસ્તપસો દશઃ ।।**
**ત્વયા સંગમ્ય સદ્ગત્યા યદન્તઃ શ્રેયસાં પરઃ ।।૨૧।।**

સત્પુરુષોના ફલરૂપ આપની સાથે સમાગમ કરીને આજે અમારો જન્મ, વિદ્યા, તપ અને દૃષ્ટિ સફલ થયાં છે, કારણ કે (તે) કલ્યાણોનું છેવટનું પરિપૂર્ણપણું છે. ૨૧.

કારણ કે (અમારો) ઉત્તમ જન્મ ઋષિઓના વંશમાં થયો, અને તેનું ફલ જે બ્રહ્મની પ્રાપ્તિ, તે આજે પ્રાપ્ત થયું. બધી વિદ્યાઓ છે, તેઓનું ફલ સર્વજ્ઞપણું છે. તે (ભગવાનની લીલા) સિવાયનું જ્ઞાન પહેલાં પણ થએલું, પરંતુ ભગવાનની લીલાનું જ્ઞાન તો થયું નહોતું, એટલે તે હમણાં થવાથી વિદ્યાનું ફલ (પ્રાપ્ત થયું).

તપથી જેમનું ઈન્દ્રિયોથી જ્ઞાન થતું નથી તેવા ઉત્તમ જ્યોતિરૂપ ભગવાનનો સાક્ષાત્કાર કરે છે, અને તે (ફલ) પણ આજે જે (પ્રાપ્ત) થયું, તેથી સંપૂર્ણ પ્રકારે અમે કૃતાર્થ થયા. 'દશઃ' ને સ્થલે 'અનઘં' 'પાપ ટાળનાર!' એવો પાઠ હોય ત્યારે 'ન વિદ્યતે' નથી હોતું 'અઘં' પાપ જેમને લીધે એવા, 'હે પાપ ટાળનાર!' એ સંબોધનથી બીજું ફલ પણ સૂચવેલું છે, અથવા (આપ) પાપનો નાશ કરનાર હોવાથી (અમારા પાપનો નાશ થવાથી) અમારા સંબંધથી કાંઈ પણ હાનિ નથી, (એવો અર્થ જાણવો). તેથી જ આપની સાથે સમાગમ કરીને અમારા જન્મનું સફલપણું વિગેરે (ફલ અમને) થયું.

'કેવા પ્રકારના આપ?' એ જાણવાની ઈચ્છા થતાં કહે છે કે 'સદ્ગત્યા' સત્પુરુષોએ 'ગતિઃ' પ્રાપ્ત કરવાનાં ફલરૂપ (આપનું) સ્વરૂપ જ ફલરૂપ છે અને વિકાર વિનાનું છે એમ જણાવવા ('સદ્ગતિઃ' શબ્દ) નારીજાતિ નો યોજેલ છે[1]. કારણ કે (તે) કલ્યાણોનું છેવટનું પરિપૂર્ણપણું છે' શબ્દોથી સફલપણું સિદ્ધ કરે છે. 'યદ્' જે કારણથી (કારણ કે), કલ્યાણોનું 'અન્તઃ' પરિપૂર્ણપણું 'પરઃ' છેવટનું આ (ફલ) જ છે, કેમ કે આથી અધિક બીજું કલ્યાણ નથી. ૨૧.

એવી રીતે ભગવાન્ સાક્ષાત્ દોષ વિનાના અને પૂર્ણ ગુણવાળા છે એમ કહીને, (તેમનામાં) ઘણી શ્રદ્ધા હોવાથી નીચેના શ્લોકમાં તેમને નમન કરે છેઃ

**નમસ્તસ્મૈ ભગવતે કૃષ્ણાયાકુણ્ઠમેધસે ।।**
**સ્વયોગમાયયાચ્છન્નમહિમ્ને પરમાત્મને ।।૨૨।।**

પોતાની યોગમાયાથી જેમનો મહિમા ઢંકાએલો છે તેવા અટક્યા વિનાની મતિવાળા તે ભગવાન્ પરમાત્મા શ્રીકૃષ્ણને નમસ્કાર (કરીએ છીએ). ૨૨.

તે (ઉપર શ્લોક ૨૧માં ત્વયા 'આપની સાથે' શબ્દથી કહ્યા તે) શ્રીકૃષ્ણ જ હોવાથી 'શ્રીકૃષ્ણને (નમસ્કાર)' એમ કહેલું છે.

'બ્રહ્મવાદમાં બધાએ સાક્ષાત્ ભગવાન્ છે. (શ્રીકૃષ્ણમાં) શું અધિક છે?' એવી શંકા થાય, તેથી અટક્યા વિનાની મતિવાળા' વિશેષણ યોજેલું છે. 'ન કુણ્ઠા' અટકેલી નથી 'મેધાઃ' મતિ જેમની તેવા (શ્રીકૃષ્ણ છે). બીજા (અવતારો)માં બીજું રૂપ થાય ત્યારે મતિ જતી રહે છે, (અને) પછી પાછી આવે ત્યારે સાંધેલા

---

૧. સ્ત્રી મોહ કરનારી હોવાથી તેનું સ્વરૂપ જ ફલરૂપ છે. પુરુષને જ ઈન્દ્રિયો વિગેરેના વિકારો થાય છે, પરંતુ સ્ત્રીને થતા નથી. તેથી (સ્ત્રી) વિકારરહિત પણ છે, એવો અર્થ છે. (લે) ભગવાનનું સ્વરૂપ ફલરૂપ અને વિકાર વિનાનું છે એમ જણાવવા નારી જાતિનો શબ્દ યોજેલ હોવાનું જણાય છે, કારણ કે ભગવાન્ વિકારરહિત હોવાથી ગમે તે જાતિનો શબ્દ યોજી શકાય. સ્ત્રી ફલરૂપ હોવાનું પણ સંશયવાળું છે કારણ કે સ્ત્રીથી સંસારમાં આસક્તિ થાય છે. તે પણ વિકારરહિત તો નથી જ.

કપડાંની પેઠે (મતિની) વિચિત્રતા થાય છે. ભગવાનમાં તે (તેવું) હોતું નથી તેથી (મતિનું) ન અટકવાપણું છે. આ જીવોમાં હોતું નથી, તેથી (શ્રીકૃષ્ણ) વિકાર રહિત બ્રહ્મ છે, એવો અર્થ છે.

'જો એમ હોય તો બધાએ (શ્રીકૃષ્ણને બ્રહ્મ) કેમ જાણતા નથી?' એવી શંકા થાય, તેથી 'પોતાની યોગમાયાથી જેમનો મહિમા ઢંકાએલો છે તેવા' વિશેષણથી તેનું કારણ કહેલું છે. પોતાનાં સાધન તરીકે સ્વીકારેલી માયાથી ઢંકાએલો છે મહિમા જેમનો તેવા (શ્રીકૃષ્ણ છે). માયાથી ઢંકાએલી દૃષ્ટિવાળાઓ ભગવાનનાં માહાત્મ્યને જોતા નથી, એવો અર્થ છે.

**વિષયાચ્છાદનં સ્વાર્થં ચેતને નોપપદ્યતે ।।**
**અન્યાર્થમેવ તદ્યુક્તમાત્મસ્થે વિષયેઽપિ ચ ।।૬।।**

બુદ્ધિવાળો પોતાના માટે વિષયને ઢાંકે તે સંભવતું નથી. વિષય પોતામાં રહેલ હોય ત્યારે પણ બીજાના માટે જ તે (વિષયને ઢાંકે તે) યોગ્ય છે[૧]. કા.૬.

'ભગવાન્ સર્વ બનેલા હોવા છતાં, પોતાને જ કેમ ઢાંકેલા રાખે છે?' એવો પ્રશ્ન થાય, તેથી 'પરમાત્મા' શબ્દ યોજેલ છે. જેવો ગંગા અને તેમાં રહેતી દેવતામાં ભેદ છે, તેવો આત્મા (જીવો) અને પરમાત્મામાં ભેદ છે. જેમ (ગંગાનું) જલ જોવામાં આવે ત્યારે પણ ગંગાદેવતાનાં દર્શન થતાં નથી, અને (તે) જલમાંથી તિરોહિત થાય છે, તેની પેઠે (છે), એવો અર્થ છે. ૨૨.

તેથી જ કોઈએ (તેમને) જાણતા નથી, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**ન યં વિદન્ત્યમી ભૂપા એકારામાશ્ચ વૃષ્ણયઃ ।।**
**માયાજવનિકાચ્છન્નમાત્માનં કાલમીશ્વરમ્ ।।૨૩।।**

એક સાથે આનંદ કરનારા આ રાજાઓ અને વૃષ્ણિઓ માયારૂપી પડદાથી ઢંકાએલા જેમને આત્મા, કાલ અને ઈશ્વર જાણતા નથી. ૨૩.

'અમી' (આ) હાજર છે તે રાજાઓ જો (આપને ભગવાન્) જાણતા હોત તો એવી રીતે વ્યવહાર ન કરત. તેઓને (આપનો) સંગ નથી એમ કહેવાય નહિ, કારણ કે 'એક સાથે આનંદ કરનારા' છે. 'ચ' 'અને' શબ્દથી એમ કહેલું છે કે જન્મથી આરંભી બધી ક્રિયાઓ (ભગવાનની) સાથે (થએલી છે). વળી

---

૧. પોતાની અંદર રહેલા મહેમાને પોતાની શક્તિથી ઢાંકવાનું કેવી રીતે બને? એવી શંકા દૂર કરવા આ કારિકા કહેલી છે. બુદ્ધિવાળો પુરુષ પોતાના માટે વિષયને ઢાંકે તે સંભવતું નથી. પોતાની અંદર વિષય રહેલો હોય ત્યારે પણ બીજાને માટે તે ઢાંકે તે યોગ્ય છે. તેથી બુદ્ધિવાળા ભગવાન્ પોતાની શક્તિથી પોતાનો મહિમા પોતાના માટે ઢાંકતા નથી, પરંતુ બીજાના માટે (એટલે બીજાઓ જોઈ અથવા જાણી ન શકે તે માટે ઢાંકે છે. તેથી બીજાને ભગવાનના માહાત્મ્યનું જ્ઞાન થતું નથી, એવો અર્થ છે. (લે)

વૃષ્ણિઓ તેવા (એક સાથે આનંદ કરનારા) તરીકે પ્રસિદ્ધ છે, છતાં પણ જાણતા નથી. 'માયારૂપી પડદાથી ઢંકાએલા' વિશેષણથી તેનાં કારણનું સ્મરણ કરાવે છે. નાટક કરવામાં જરુરી પડદારૂપ, 'આ પુત્ર, ભાઈ, પિતા છે' એવી બુદ્ધિ થવાનું કારણ બનેલી માયાથી (ભગવાન્) ઢંકાએલા છે.

'તેઓ અધમ છે, સ્વભાવથી ભગવાનને ન જાણે. (તેમાં) ઢાંકણનું શું પ્રયોજન?' એવી શંકા થાય, તેથી 'આત્મા' શબ્દ યોજેલ છે. આથી એમ કહેલું છે કે (જો તેઓ ભગવાન્ પોતાના આત્મા છે એમ જાણતા હોત તો) તેઓનો સંસાર પણ ન ચાલત, અને (ભગવાનની) લીલા પણ થઈ ન શકત. વળી આ કાલ જો પોતાની ઓળખાણ કરાવે તો તેઓ હણાયા પણ ન હોત, એવો (અર્થ છે). વળી આ ઈશ્વર છે. ઈશ્વરો (શક્તિવાળાઓ) તો છૂપા જ રહે છે એવો (અર્થ છે). ૨૩.

'(ભગવાન્) આત્મા હોવાથી, ઢાંકણ ન રહેવાથી આમણે (તેમને) કેમ ઓળખ્યા નહિ?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**યથા શયાનઃ પુરુષ આત્માનં ગુણતત્ત્વદૃક્ ।।**
**નામમાત્રેન્દ્રિયાભાતં ન વેદ રહિતં પરમ્ ।।૨૪।।**

જેમ સ્વપ્નમાં જણાતા વિષયોને સત્ય માનનાર સૂતેલો પુરુષ (સ્વપ્ન સમયના) રૂપ, વિષયો અને ઈન્દ્રિયોમાં પ્રકાશતાને આત્મા જાણે છે, (પરંતુ) આત્માને (તે રૂપ વિગેરેથી) રહિત અને (તેઓથી) પર જાણતો નથી. ૨૪.

જેમ આત્માનું જ્ઞાન થવામાં નિદ્રા પડદારૂપ છે તેમ અવિદ્યા અથવા ભગવાનની માયા તેઓને આત્માનું જ્ઞાન ન થવામાં કારણરૂપ છે, એમ કહેવા માટે ભગવાન્ માયારૂપી પડદાથી ઢંકાએલ હોવાનું કહેલ હોવા છતાં જૂદા પ્રકારથી જણાવવા આ કહેવામાં આવે છે. 'જેમ સૂતેલો પુરુષ આત્માને સ્વપ્ન સમયનાં રૂપ, વિષયો અને ઈન્દ્રિયોમાં જ પ્રકાશતો જાણે છે, પરંતુ તેથી પર જાણતો નથી'. તેનું કારણ 'સ્વપ્નમાં જણાતા વિષયોને સત્ય માનનાર' શબ્દથી કહેલું છે. 'ગુણેષુ' સ્વપ્નમાં જણાતા વિષયોમાં 'તત્ત્વદૃક્' સત્ય હોવાની દૃષ્ટિવાળો (તે હોય છે). જો તે જાણતો હોય કે હમણાં જેમનો અનુભવ થાય છે તે દેહ ક્રિયા સાથે આ વિષયો અસત્ય છે તો પોતાને જાગતા હોવાની સ્થિતિવાળો હોવાનું જાણે જ.

'તે (સ્વપ્ન)માં પણ આત્માને અનુભવ થાય છે' એમ કહેવામાં આવે, તો તે સાચું છે, છતાં પણ 'નામ' તે સમયનાં (સ્વપ્નમાં જણાતાં) દેવદત્ત વિગેરેનું રૂપ, 'માત્રા' વિષયો અને 'ઈન્દ્રિયાણિ' ઈન્દ્રિયોમાં જ પ્રકાશતો (જણાય છે). 'હું' તરીકે તે (વિષયો) જ ગ્રહણ કરેલા હોવાથી આત્માના આભાસનું જ ભાન થાય છે, પરંતુ આત્માનું જ્ઞાન થતું નથી, એવો અર્થ છે. '(આત્માને રૂપ વિગેરેથી)

રહિત અને પર જાણતો નથી’ શબ્દોથી બંનેનું સત્ય જ્ઞાન થતું નથી એમ કહે છે. પહેલાં (ઉપર) કહેલાં નામ વિગેરેથી રહિત અને તે (સ્વપ્નની) અવસ્થાથી પણ પર (આત્માને) જાણતો નથી. ૨૪.

એવી રીતે દષ્ટાંત કહીને, જેના સંબંધમાં દષ્ટાંત કહેલું છે તેને નીચેના શ્લોકમાં લાગુ પાડે છેઃ

**એવં ત્વાઽયં જનો બ્રહ્મન્ નામમાત્રેન્દ્રિયેહયા ।।**
**માયયા વિભ્રમચ્ચિત્તો ન વેદ સ્મૃત્યુપપ્લવાત્ ।।૨૫।।**

એ પ્રમાણે હે બ્રહ્મન્! નામ, માત્રા અને ઈન્દ્રિયોમાંની ચેષ્ટાને લીધે માયાથી ભમતા ચિત્તવાળો આ પુરુષ સ્મરણનો નાશ થવાથી આપને જાણતો નથી. ૨૫.

જેમ સ્વપ્નના (સ્વપ્નમાં જણાતા) દેહનો આ દેહ આત્મા છે, તેમ આ (આત્મા)નો ભગવાન્ આત્મા છે. તેથી જ ભગવાનનું અજ્ઞાન રહે છે, એટલે જ્ઞાન થતું નથી. વળી ‘સ્વપ્નમાં આ દેહ રહેલો હોતો નથી, તેથી ભેદ છે’ એમ ન કહેવું. ન રહેતો હોય તો ક્યાં જાય છે? કારણ કે તે (આ દેહ)ના આધારે જ તે (સ્વપ્નનું) જગત્ ઉત્પન્ન થએલું હોય છે. તેમ ન હોય તો તે આ દેહને હચમચાવવાથી તે (સ્વપ્નનું જગત્) જતું ન રહેત.

‘છતાં પણ તે (આ દેહ, સ્વપ્નના જગતથી) જૂદો જણાતો નથી’ એમ કહેવામાં આવે તો (જાણવું કે), તે હદવાળો હોવાથી, અને તેને બદલે બીજો (જીવે) ગ્રહણ કરેલ હોવાથી શક્તિ વિનાનો થવાથી તેનું ભાન થતું નથી. ભગવાન્ તો સર્વત્ર રહેલા હોવાથી અને સર્વ શક્તિવાળા હોવાથી જૂદા પણ જણાય છે. આટલો ભેદ છે. (સ્વપ્નમાં આ દેહનું અને જાગ્રદવસ્થામાં ભગવાનનું) જ્ઞાન ન થવાનું તો સમાન જ છે. તે (અર્થ) કહે છે કે ‘નામમાત્રેન્દ્રિયેહયા’ નામ, માત્રા અને ઈન્દ્રિયોમાંની ચેષ્ટાને લીધે, ખોટી બુદ્ધિ કરાવનારી એટલે આત્મા છે એવી બુદ્ધિ ઉત્પન્ન કરાવનારી (માયા)થી ભમતા ચિત્તવાળો ‘ત્વા’ વાસ્તવિક પ્રકારે (પોતાના) આત્મારૂપ આપને જાણતો નથી. આથી એમ સિદ્ધ કર્યું કે આત્મા અને પરમાત્માની સ્થિતિના ભેદનો સ્વીકાર ન કરવામાં આવે ત્યારે પણ ભગવાનનું અજ્ઞાન રહે છે (જ્ઞાન થતું નથી).

‘સંસાર અનાદિસિદ્ધ થએલ હોવાથી ગુરુ, શાસ્ત્ર અને તપથી કોઈ સમયે ભગવાનનો અનુભવ થવાનું અથવા આત્માનો અનુભવ થવાનું સંભવે છે. તેથી હમણાં ભગવાનને જોઈને (તે સમયે) આ તે (ભગવાન્) છે એવું જ્ઞાન કેમ ન થાય?’ એવી શંકા થાય, તેથી ‘સ્મરણનો નાશ થવાથી’ એમ કહેલું છે. જન્મ,

મરણ વિગેરેથી સ્મરણનો નાશ થવાથી (એવું જ્ઞાન થતું નથી). ૨૫.

તેવા (ભગવાન)નાં આજે દર્શન થયાં, તેથી પોતે કૃતાર્થ થયા એમ ફરી કહીને (ભગવાનની) કૃપા માટે નીચેના શ્લોકમાં પ્રાર્થના કરે છેઃ

**તસ્યાદ્ય તે દદશિમાઙ્ઘ્રિમઘૌઘમર્ષ**
**તીર્થાસ્પદં હૃદિ કૃતં સુવિપક્વયોગૈઃ ।।**
**ઉત્સિક્તભક્ત્યુપહૃતાશયજીવકોશાઃ**
**આપુર્ભવદ્ગતિમથોઽનુગૃહાણ ભક્તાન્ ।।૨૬।।**

પાપના સમૂહનો નાશ કરનારાં, તીર્થોનાં ધામરૂપ, પરિપક્વ યોગવાળાઓએ હૃદયમાં ધારણ કરેલા તે આપના ચરણનાં અમને આજે દર્શન થયા. ઘણી વધેલી ભક્તિથી સમર્પણ કરેલાં છે અંતઃકરણ, જીવ અને દેહ જેઓએ તેવા અમે આપનું શરણ પામશું. આથી (અમો) ભક્તોને પોતાના કરો. ૨૬.

જે કોઈ પણ સમયે પ્રાપ્ત થયા ન હતા અને જે (અમારું) બધું ફલ છે તે. તે (આપ)નાં દર્શન થયાં જ. તેમાં પણ જે પ્રકારે સદા દર્શન થાય તેવા ઉપાય સાથે દર્શન થયાં એમ જણાવવા 'તે (આપ)ના ચરણનાં દર્શન થયાં' એમ કહેલું છે. ચરણનો સદા સાક્ષાત્કાર થવાનાં કારણનો પ્રકાર 'પાપના સમૂહનો નાશ કરનારાં' વિગેરે ત્રણ વિશેષણોથી કહેલો છે.

**મલાપકર્ષણં પૂર્વં શુદ્ધ્યાદિગુણયોજનમ્ ।।**
**તતશ્ચ ફલરૂપં ચ યોગસાધનભાવિતમ્ ।।૭।।**

(૧) આરંભમાં મલને દૂર કરનારું (૨) શુદ્ધિ વિગેરે ગુણો આપનારું અને પછી (૩) યોગના સાધનથી પ્રાપ્ત કરેલ ફલરૂપ (ભગવાનનું ચરણ) છે. કા.૭.

(૧) 'અઘૌઘસ્ય' પાપનાં સમૂહનું 'મર્ષ' નિરર્થકપણું અથવા દૂર થવાપણું અથવા શુદ્ધિ છે જેનાથી તેવું વળી (૨) તીર્થોનાં ધામરૂપ, ગંગા વિગેરેની ઉત્પત્તિનું સ્થાન છે. (૩) પછી યોગમાં નિપુણોએ હૃદયમાં ફલ તરીકે ધારણ કરેલું (ભગવાનનું ચરણ) છે. આવું ચરણ અમને પ્રાપ્ત થયું છે, તો (ભગવાન્) ધીરે ધીરે (અમારા) હૃદયમાં પધારશે (અને) તેથી ભવિષ્યમાં બધું (ફલ) પ્રાપ્ત થશે એવા વિચારથી પોતાના ભાગ્યનું અભિનંદન કરે છે.

'ભવિષ્યમાં તમે કયા પ્રકારે મુક્ત થશો?' એમ પૂછવામાં આવે, તેથી ઉત્તરાર્ધથી તે પ્રકાર કહે છે. 'ઉન્મિક્તા' ઘણી વધેલી, મર્યાદાનું ઉલ્લંઘન કરીને અધિક થએલી જે 'ભક્તિઃ' ભક્તિ, તેને લીધે 'ઉપહૃતાઃ' ભગવાનને સમર્પણ કરેલા છે 'આશયજીવકોશાઃ' અંતકરણ, આત્મા અને દેહ જેઓએ તેવા (અમે થશું). આત્મા અને તેની ઉપાધિ આભ્યંતર છે એમ જણાવવા તેઓને દેહથી જૂદા

જણાવેલા છે. અથવા અંતઃકરણ જ જીવનો સૂક્ષ્મદેહ છે. એવી રીતે ઉપાધિનું (ભગવાનને) સમર્પણ થતાં, ઉપાધિ વિનાના અમે ભગવાનનું શરણ 'આપુઃ' પ્રાપ્ત કરશું. 'ઇચ્છા દર્શાવવાની હોય ત્યારે ભવિષ્યકાલ માટે ભૂતકાલના પ્રત્યય યોજાય છે' એ (પાણિનિ.૩।૩।૧૩૨) સૂત્ર પ્રમાણે બીજો ભવિષ્યકાલ યોજવાને બદલે અનદ્યતન ભૂતકાલ યોજેલો છે. 'અથ' અને વળી (અમે) આપના જ હોવાથી અમો ભક્તોને 'અનુગૃહાણ' પોતાના કરો, એવી પ્રાર્થના છે. ૨૬.

એવી રીતે પ્રાર્થના કરીને, (ભગવાને) શાંત રહીને જ (પ્રાર્થનાનો) સ્વીકાર કરતાં, (મુનિઓએ) જવાનો આરંભ કર્યો, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

।। શ્રીશુક ઉવાચ।।

**ઇત્યનુજ્ઞાપ્ય દાશાર્હં ધૃતરાષ્ટ્રં યુધિષ્ઠિરમ્ ।।**
**રાજર્ષે સ્વાશ્રમાન્ ગન્તું મુનયો દધિરે મનઃ ।।૨૭।।**

હે રાજર્ષિ! એ પ્રમાણે સેવકો જેમને પ્રિય છે તેવા (ભગવાન)ની ધૃતરાષ્ટ્રની (અને) યુધિષ્ઠિરની પરવાનગી લઇ, મુનિઓએ પોતાના આશ્રમોએ જવાનો વિચાર કર્યો. ૨૭.

'દાશાર્હ' સેવકો જેમને પ્રિય છે તેવા (ભગવાને) (અને) પછી ભક્તોએ પણ પરવાનગી આપી, એમ કહેલું છે. 'ધૃતરાષ્ટ્રની (અને) યુધિષ્ઠિરની' શબ્દોથી વૃદ્ધ ભક્તો જણાવેલા છે. ('હે રાજર્ષિ' એ) સંબોધન (પરિક્ષિતને) વિશ્વાસ રહે તે માટે કહેલું છે. પછી પોતાના આશ્રમોએ જવાનો વિચાર કર્યો. ૨૭.

એ પ્રમાણે નિવૃત્તિમાં ચિત્ત રાખનારાઓને ફલ પ્રાપ્ત થયાનું કહીને, પ્રવૃત્તિમાં ચિત્ત રાખનારાઓને પણ ફલ પ્રાપ્ત થયાનું (કહેવા) માટે નીચેના શ્લોકથી જૂદા પ્રકરણનો આરંભ કરે છેઃ

**તદ્વીક્ષ્ય તાનુપવ્રજ્ય વસુદેવો મહાયશાઃ ।।**
**પ્રણમ્ય ચોપસંગમ્ય બભાષેદં સુયન્ત્રિતઃ ।।૨૮।।**

તે જોઇને ઘણા યશવાળા વસુદેવે તેઓ તરફ જઇ પ્રણામ કરી અને નજીક જઇ, સ્વસ્થ થઇ આ (નીચે પ્રમાણે) કહ્યું. ૨૮.

વસુદેવ તે (મુનિ)ઓને ઉત્તમ જાણે છે, તેથી પોતે કૃતાર્થ થવા તેઓને પ્રશ્ન કરવા પ્રયાસ કરે છે. તેથી તેઓ તરફ જઇ...કહ્યું. તેણે એવી રીતે પોતાના ઉદ્ધાર માટે પ્રયત્ન કર્યો, તેનું પહેલાં થઇ ચૂકેલું કારણ 'ઘણા યશવાળા' વિશેષણથી કહેલું છે. ઘણો યશ હતો જેનો, તેવો તે હોવાથી (મુનિઓ ઉત્તર) કહે તે માટે તેણે જણાય તેવો ઉપાય પણ કર્યો એમ 'પ્રણામ કરી' શબ્દથી કહેલું છે. 'ચ' 'અને' શબ્દથી એમ જણાવેલ છે કે સ્તુતિ પણ કરીને, 'ઉપસંગમ્ય' નજીક જઇ, સ્વસ્થ

થઈ, 'આ' એટલે જે કહેવામાં આવશે તે તેણે કહ્યું. સંધિ વૈદિક* છે. ૨૮.

નીચેના શ્લોકમાં તેની વિજ્ઞપ્તિ કહે છેઃ

॥ વસુદેવ ઉવાચ॥

**નમો વઃ સર્વદેવેભ્ય ઋષયઃ શ્રોતુમર્હથ ॥**
**કર્મણા કર્મનિર્હારો યથા સ્યાન્નસ્તદુચ્યતામ્ ॥૨૯॥**

હે ઋષિઓ! સર્વ દેવરૂપ આપને નમસ્કાર. (હું વિનંતિ કરું તે) સાંભળો. જે પ્રકારે કર્મથી અમારાં કર્મનો નાશ થાય તે અમને કહો. ૨૯.

જો કે આ ઋષિઓ હતા, છતાં પણ 'જેટલી દેવતાઓ (છે તે બ્રાહ્મણમાં રહેલી છે)' એ શ્રુતિ પ્રમાણે સર્વ દેવો હતા જેઓમાં તેવા હોવાથી, સર્વ દેવરૂપ હતા. આથી 'દેવો આપને અધીન છે' એવી સ્તુતિ પણ કહેવાઈ. હે 'ઋષયઃ' અલૌકિક જોનારાઓ! તેથી મારું સ્વરૂપ પણ જાણતા હોવાથી હું વિનંતિ કરું છું તે સાંભળો. તે (વિનતિ) જ ઉત્તરાર્ધથી કહે છે.

ભાવાર્થ નીચે પ્રમાણે છે. 'જ્ઞાનરૂપી અગ્નિ સર્વ કર્મોને (ક્ષણમાં બાળે છે)' એ વાક્ય પ્રમાણે જ્ઞાનથી કર્મનો નાશ થવાનું સુપ્રસિદ્ધ છે. કર્મ તો પોતાની જાતનાનો (કર્મનો) નાશ કરતું નથી. જો કે પ્રાયશ્ચિત્ત કર્મનો નાશ કરનારું (છે એમ) કહેલું છે, છતાં પણ તે (પ્રાયશ્ચિત્ત) કર્મ નથી[1]. કર્મ રહિતપણું કર્મનો નાશ કરે છે, અથવા (તેથી) ઉલટું થાય છે[2]. જેમ પ્રાયશ્ચિત્ત (નિષિદ્ધ[3] કર્મનો નાશ કરે છે), અથવા જેમ નખનું (નખ ધોએલ) જલ પહેલાનાં પુણ્યનો નાશ કરે છે, તેમ નિષિદ્ધ (કર્મ) વિધિના[4] બલને લીધે વિહિત[5] (કર્મ)નો નાશ કરે છે[6], છતાં પણ

---

* 'બભાષે' અને 'ઈદમ્'ની સંધિ 'બભાષ ઈદમ્' અથવા 'બભાષયિદમ્' થાય તેને બદલે 'બભાષેદમ્' કરેલ છે, તે સંધિ વૈદિક છે એમ કહેલું છે.

૧. તે પ્રાયશ્ચિત્તરૂપ કર્મ પોતે અકર્મરૂપ થઈ નિષિદ્ધ કર્મનો નાશ કરતું નથી, પરંતુ કર્મરૂપ રહીને જ કરે છે. અને તેથી કર્મનો સ્વભાવ વધવાનો હોવાથી તેનાંથી બીજું કર્મ ઉત્પન્ન થાય છે, એવો અર્થ છે. (લે) પ્રાયશ્ચિત્ત કર્મ નથી, નિષિદ્ધ કર્મનો નાશ કરનારું સાધન છે, એવો અર્થ જણાય છે.

૨. નાશ પામતું કર્મ અકર્મરૂપ થઈ નાશ પામતું નથી, પણ તેના ફલના ભોગમાં વિલંબ કરે છે. તેથી કર્મનો નાશ થતો નથી. (લે) '(તેથી) ઉલટું થાય છે' એટલે કર્મ કર્મરહિતપણાનો નાશ કરે છે, એવો અર્થ જણાય છે.

૩. વેદાદિ શાસ્ત્રમાં જે ન કરવાની આજ્ઞા કરેલી હોય તે નિષિદ્ધ કર્મ કહેવાય છે.

૪. 'વિધિ' એટલે વેદની અથવા શાસ્ત્રની આજ્ઞા.

૫. જે કર્મ કરવાની વેદ વિગેરે શાસ્ત્ર આજ્ઞા કરતું હોય તે 'વિહિત' કર્મ કહેવાય છે.

૬. પ્રાયશ્ચિત્તરૂપ વિહિત કર્મ નિષિદ્ધ કર્મનો નાશ કરે છે. (લે) નિષિદ્ધ કર્મ વિહિત કર્મનો નાશ

એક જાતનું (કર્મ) પોતાની જાતનાં (કર્મ)નો નાશ કરતું નથી. નખ વિગેરે, નખનું જલ વિગેરે અધર્મ ઉત્પન્ન કરી, તે (અધર્મ) દ્વારા કર્મનો નાશ કરે છે. તેથી તે (કર્મનો) નાશ દુઃખ જ પ્રાપ્ત કરાવે છે, પરંતુ સંસાર ફીટાડતો નથી. તેમ ન હોત તો ઉત્તમ પુરુષો જ્ઞાનની પેઠે તે (તેવા પ્રકારના કર્મના નાશ) માટે પણ પ્રયત્ન કરત. તેથી જે થતાં સંસાર જ ફીટે તેવા કર્મના નાશની જ જરુર છે. જો (વસુદેવ) સંસાર ફીટાડવાની જ પ્રાર્થના કરે તો (ઋષિઓ) જ્ઞાન વિગેરેનો જ ઉપદેશ કરે, પરંતુ 'કર્મ (કરવા)નો જ તારો અધિકાર છે' એ વાક્ય પ્રમાણે જ્ઞાન ગૃહસ્થને (હોતું) નથી એમ તે માનતો હતો. તેથી હરકોઈ પ્રકારે કરેલા કર્મથી જ જે પ્રકારે સંસારનાં કારણરૂપ બનેલ કર્મનો નાશ થાય, તે પ્રકાર કહો, એમ 'તે અમને કહો' શબ્દોથી કહેલું છે.

અહિં વળી પહેલાની પેઠે ઋષિઓને સંદેહ ઉત્પન્ન થયો. જેમ ભગવાને ઈશ્વર હોવા (છતાં) વિરુદ્ધ વચન કહ્યું અને તેનાં ભાવનું (અમે) ઘણા પ્રયાસે વર્ણન કર્યું, એવી રીતે વસુદેવ પણ મુક્ત હોવા છતાં, સર્વ પુરુષાર્થો પ્રાપ્ત કરેલ હોવા છતાં (તેથી) વિરુદ્ધ (બંધનવાળો) હોય તેમ પહેલાં કર્મના નાશ સંબંધી પ્રશ્ન કરે છે. (તે) કયા અભિપ્રાયથી કરે છે? શું અમારાં જ્ઞાનની પરીક્ષા કરે છે, અથવા બીજા પ્રકારથી કરે છે? એવો (સંદેહ થયો). ૨૯.

એવો ઋષિઓનો સંદેહ જાણીને નારદ પોતે (નીચે પ્રમાણે) કહે છેઃ

॥ નારદ ઉવાચ॥

**નાપિ ચિત્રમિદં વિપ્રા વસુદેવો બુભુત્સયા ॥**
**કૃષ્ણં મત્વાર્ભકં યન્નઃ પૃચ્છતિ શ્રેય આત્મનઃ ॥૩૦॥**

હે વિપ્રો! શ્રીકૃષ્ણને બાલક માનીને વસુદેવ આજે પોતાનું કલ્યાણ જાણવાની ઈચ્છાથી આપણને પૂછે છે તે વિચિત્ર પણ નથી. ૩૦.

'આ' વસુદેવનું વચન વિચિત્ર પણ નથી. 'અપિ' 'પણ' શબ્દ હોવાથી તે ઉંડા અર્થવાળું પણ નથી. 'વિપ્રાઃ' 'વિપ્રો!' એ સંબોધનથી (એમ જણાવેલું છે) કે તમે પૂરનારા (પૂર્ણ કરનારા) હોવાથી પોતાની પૂર્તિ (સંતોષ) માટે જ (પૂછે છે). તે (અર્થ) 'જાણવાની ઈચ્છાથી' શબ્દથી કહેલો છે.

'જો જાણવાની ઈચ્છા જ (પ્રશ્ન કરવાનું) પ્રયોજન હોય તો શ્રીકૃષ્ણને કેમ ન પૂછ્યું?' એવી શંકા થાય, તેથી 'શ્રીકૃષ્ણને બાલક માનીને જે આપણને (પૂછે છે)' એમ કહેલું છે, કારણ કે (તે એમ જાણે છે) પોતાથી ઉત્પન્ન થએલ (શ્રીકૃષ્ણ) પોતે જાણતો નથી તે કેવી રીતે જાણે? 'જેઓ મને જે પ્રકારે ભજે છે (તેઓને હું તે જ પ્રકારે ભજું છું)' એ વાક્ય પ્રમાણે વસુદેવની દૃષ્ટિમાં (શ્રીકૃષ્ણ)

બાલક જ જણાય છે. તેથી જ આપણને '(આ) મોટા પંડિતો છે' એમ જાણીને પૂછે છે. ૩૦.

'(શ્રીકૃષ્ણ) ભગવાન્ સર્વના ઈશ્વર છે એમ (વસુદેવ) જાણે છે' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**સંનિકર્ષોઽત્ર મર્ત્યાનામનાદરકારણમ્ ।।**
**ગાઙ્ગં હિત્વા યથાન્યામ્ભસ્તત્રત્યો યાતિ શુદ્ધયે ।।૩૧।।**

જેમ ગંગાનું જલ તજીને તેના કાંઠે રહેનારો શુદ્ધિ માટે બીજું જલ શોધે છે તેમ આ વિષયમાં નજીક રહેવું એ મર્ત્યોના અનાદરનું કારણ છે. ૩૧.

નજીક રહેવું એ જ અનાદરનું કારણ છે. 'મર્ત્યોના' શબ્દથી (એમ જણાવેલું છે કે) મરણરૂપ ગુણવાળા તેઓ એમ જાણે છે કે 'બધાએ મરણરૂપ ગુણવાળા છે. (શ્રીકૃષ્ણમાં) શું ભેદ છે?' પોતાની પેઠે સર્વને તેઓ જૂએ છે, તેથી (શ્રીકૃષ્ણનો) અનાદર કરે છે. (આ) અસંભવિત માનીને ઉત્તરાર્ધથી દૃષ્ટાંત કહે છે. 'તત્રત્યઃ' 'તેનાં કાંઠે રહેનારો' એટલે ગંગાનાં તીર ઉપર રહેનાર પુરુષ, 'શુદ્ધિ માટે' (બીજું જલ શોધે છે). ગંગાનાં કાંઠે લોકના સમૂહમાં સ્નાન કરીને, 'હું અશુદ્ધ થયો, ઘેર સ્નાન કરીશ' એમ વિચારી જેમ ઘેર ફરીથી સ્નાન કરે છે તેમ (નજીક રહેવાથી અનાદર થાય છે). તે (અર્થ) 'શુદ્ધિ માટે' શબ્દથી કહેલો છે; કારણ કે તે ગંગાનાં જલને પણ જલ તરીકે જ માને છે, પરંતુ તેનું માહાત્મ્ય જાણતો નથી. ૩૧.

(નારદ) પોતે નીચેના શ્લોકમાં ભગવાનનું માહાત્મ્ય કહે છેઃ

**યસ્યાનુભૂતિઃ કાલેન લયોત્પત્ત્યાદિનાસ્ય વૈ ।।**
**સ્વતોઽન્યસ્માચ્ચ ગુણતો ન કુતશ્ચન રિષ્યતિ ।।૩૨।।**
**તં ક્લેશકર્મ-પરિપાક-ગુણ-પ્રવાહૈરવ્યાકૃતાનુભવમ્ ઈશ્વરમ્ અદ્વિતીયમ્ ।।**
**પ્રાણાદિભિઃ સ્વવિભવૈરુપગૂઢમન્યો**
**મન્યેત સૂર્યમિવ મેઘહિમોપરાગૈઃ ।।૩૩।।**

જેમના અનુભવનો કાલથી, આ (જગત)ના લય, ઉત્પત્તિ વિગેરેથી, પોતાની મેળે, અને બીજાથી ગુણથી, કોઈથી પણ નાશ થતો નથી તેવા, ક્લેશ કર્મ અને તેના સંપૂર્ણ પાકમાં રહેલા ગુણના પ્રવાહોથી જેમનાં સ્વરૂપનો નાશ થતો નથી તેવા, પ્રાણ વિગેરે પોતાની વિભૂતિઓથી ઢંકાએલા અદ્વિતીય ઈશ્વરને વાદળાં હિમ અને રાહુથી ઢંકાએલા સૂર્યના જેવા બીજો (જીવ) જાણે. ૩૨-૩૩.

ઋષિઓને તો શાસ્ત્ર વિગેરેથી જ્ઞાન (પ્રાપ્ત) થએલું હોય છે, છતાં પણ કપાઈને સંધાએલાં વસ્ત્રની પેઠે તેઓનું જ્ઞાન ઉત્તમ હોતું નથી. ભગવાનનું જ્ઞાન

તો કોઈ પણ પ્રસંગે અટકતું નથી. તે જ (અર્થ) કહે છે 'કાલેન' કાલથી એટલે પ્રલયથી જેમના 'અનુભૂતિઃ' અનુભવનો 'ન રિષ્યતિ' નાશ થતો નથી. પ્રલય થતાં દરમ્યાન પણ નાશ થવાનું સંભવે, તેથી 'લય ઉત્પત્તિ વિગેરેથી' શબ્દથી તે કારણોથી પણ નાશ ન થવાનું કહેલ છે. જ્યારે પ્રાણી મરણ પામે છે ત્યારે (તેના) પહેલાના અનુભવ (જ્ઞાન)નો નાશ થાય છે, જ્યારે તે જન્મે છે ત્યારે પણ તેનો બીજા લોકના (પહેલાના ભવના) અનુભવનો નાશ થાય છે. એવી રીતે અપસ્માર વિગેરે મોટા રોગ વિગેરેથી પણ પહેલાના અનુભવનો નાશ થાય છે. તે (તેવું) એક પણ ભગવાનમાં સંભવતું નથી. કોઈ પ્રસંગે જ્યારે (અનુભવ) સંસ્કાર (જ્ઞાનની મગજમાં પડતી છાપ) ઉત્પન્ન કરતો નથી, ત્યારે તે પોતાની મેળે પણ નાશ પામે છે. કાર્ય અને કારણમાં ભેદ નહિ હોવાથી એ પ્રમાણે કહેલું છે. 'બીજાથી' એટલે બીજા પદાર્થ શાપ વિગેરેથી 'ચ' 'અને' શબ્દ હોવાથી સમયના વિલંબથી અને વિરુદ્ધ જ્ઞાન જણાવાથી, 'ગુણથી' એટલે રજોગુણ અને તમોગુણ પ્રકટ થવાથી, (ભગવાનના અનુભવનો નાશ થતો નથી). નહિ કહેલાં (કારણો)નો સમાવેશ કરવા 'કોઈથી પણ' (નાશ થતો) નથી એમ કહેલું છે. ૩૨.

એવી રીતે ભગવાનનું માહાત્મ્ય કહીને, (વસુદેવ) તે જાણતો નથી એવો તેનો દોષ તેત્રીસમા શ્લોકમાં કહે છે. બીજો તેમને પ્રાણ વિગેરે પોતાની વિભૂતિઓથી ઢંકાએલા, પ્રાણ વિગેરેએ વશ કરેલ જીવ જાણે; કારણ કે તે મિથ્યા જ્ઞાનને (ભગવાન્ જીવ જણાય તેનાં) કારણ તરીકે જાણતો નથી, પરંતુ (પ્રાણ વિગેરે) પદાર્થોના માત્ર સંબંધને જાણે છે. જેમ કેદખાનામાં કેદી પણ હોય છે, બંધન કરનારો પણ હોય છે (અને) રાજા પણ હોય છે, (છતાં) મૂર્ખ બધાને સરખા જ માને છે (તેમ ભગવાનને તે જીવ જાણે છે).

ભગવાનને દેહ વિગેરેમાં અધ્યાસ (આત્મા છે એવું મિથ્યા જ્ઞાન) હોવાનું કારણ નથી એમ જણાવવા, 'ક્લેશ (કર્મ અને તેના સંપૂર્ણ પાકમાં રહેલા ગુણોના પ્રવાહોથી જેમના સ્વરૂપનો નાશ થતો નથી તેવા)' (વિગેરે)થી તેમનામાં દોષ નથી અને ગુણો છે એમ કહે છે. 'અવિદ્યા, હુંપદ[૧], રાગ, દ્વેષ અને મૃત્યુનો ભય એ પાંચ ક્લેશો છે' એમ બીજા શાસ્ત્રમાં પ્રસિદ્ધ (પાંચ ક્લેશો) છે. અહિં તો સંસારના દુઃખનો અનુભવ જ ક્લેશ છે, અને કર્મ તે (ક્લેશ) પ્રાપ્ત કરાવનારું છે. બીજા મત પ્રમાણે તો (કર્મ) તે (ક્લેશ)થી પ્રાપ્ત થવાનું છે. તે (કર્મ)નો સંપૂર્ણ પાક જાતિ, આયુષ્ય અને ભોગ[૨], અથવા દેહનો સંબંધ છે. તેમાં જે ગુણનો પ્રવાહ એટલે

૧. 'હું' ના અર્થમાં 'અસ્મિ' યોજેલ છે. તેથી 'અસ્મિતા' એટલે અહંતા એવો અર્થ છે. (લે)
૨. બ્રાહ્મણપણું વિગેરે જાતિ, એકસો વર્ષ વિગેરે આયુષ્ય અને કર્મનાં ફલરૂપ ભોગ, એવો અર્થ

ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયની પરંપરા છે. અજ્ઞાનથી આરંભી સંસારના પ્રવાહ સુધીનાં કહ્યાં. આ બધાથી પણ 'અવ્યાકૃતઃ' નાશ થતો નથી અનુભવનો જેમના તેવા ભગવાન્ છે. 'વિશેષેણ' સારી રીતે 'આ' સર્વ તરફથી 'કરણં' કરવું (તે) 'વ્યાકરણં' પોતાને અધીન કરવું, એટલે સ્વરૂપનો નાશ કરવો, એવો અર્થ છે. 'અનુભવ'નો અર્થ અહિં સ્વરૂપ છે, કારણ કે ભગવાનના જ્ઞાનનો નાશ થતો નથી એમ પહેલાં (બત્રીસમા શ્લોકમાં) કહેલું છે; અથવા (અહિં) તે જ ફરી કહેલું છે.

(અનુભવનો) નાશ ન થવાનું કારણ 'ઈશ્વર' શબ્દથી કહેલું છે, કારણ કે ઈશ્વરના અનુભવનો નાશ કરવા કોઈ શક્તિવાળું હોતું નથી. 'તેવો (ઈશ્વર જેવો) બીજો તેમનાથી પણ વધારે સત્તાવાળો (તેમના અનુભવનો) નાશ કરે' એવી શંકા થાય, તેથી 'અદ્વિતીય' વિશેષણ યોજેલું છે. જેમની સમાન અથવા જેમનાથી અધિક કોઈ નથી (તેવા ઈશ્વર છે), એવો અર્થ છે. આવા (ઈશ્વર)ને પણ પોતાની આધિદૈવિક આનંદમય વિભૂતિઓ-પ્રાણ, ઈન્દ્રિયો, અંતઃકરણ તથા દેહથી-અથવા પોતે જ તેવા થએલ હોવાથી સ્વરૂપ બનેલી તે(વિભૂતિ)ઓથી ઢંકાએલા એટલે લીલા કરવા માટે ઘેરાએલા (ભગવાન)ને બીજો એટલે આપણે વિગેરે મૂર્ખ જીવ પોતાની સમાન માને.

'(મૂર્ખ જીવ તેમને) કેવા માને છે?' એવી શંકા થાય, તેથી '(મેઘ હિમ અને રાહુથી ઢંકાએલા) સૂર્યના જેવા' એમ કહેલું છે. જેમ સૂર્યને મેઘોથી ઢંકાએલો, હિમથી પ્રભા વિનાનો થએલો (અને) રાહુથી ગળાએલો માને છે તેવી રીતે (ભગવાન્) અવિદ્યાથી ગળાએલા, લોભ વિગેરેને લીધે પ્રભા વિનાના, શરીરથી ઢંકાએલા છે એમ (માને છે). વાસ્તવિક રીતે તો ઘણા અંતરને લીધે સૂર્યને વાદળાં વિગેરે સાથે સંબંધ જ નથી, અને તેવી જ રીતે બીજો પણ[3] વાસ્તવિક રીતે અવિદ્યા વિગેરેથી ગળાએલો વિગેરે નથી તો પછી ભગવાન્ (તેવા) કેમ જ હોય? ભગવાનનો પ્રકાર તો કહેલો જ છે. ૩૩.

એવી રીતે તે (વસુદેવ)નું ભ્રાંતપણું જણાવીને, (તે) પોતાના ઉદ્ધાર માટે તેવા સત્યની જ પ્રાર્થના કરે છે એવો નિર્ણય થતાં, (ઋષિઓએ) શંકારહિત થઈ ઉત્તર આપવાની પ્રવૃત્તિ કરી, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**અથોચુર્મુનયો રાજન્નાભાષ્યાનકદુન્દુભિમ્ ।।**

---

છે. (લે)

૩. 'બીજો,' એટલે સૂર્યથી જૂદા આપણે વિગેરે પણ વાદળાં વિગેરેથી જેમ સૂર્ય ઢંકાએલો વિગેરે નથી તેમ અવિદ્યા વિગેરેથી ગળાએલા વિગેરે નથી એટલે અવિદ્યાથી ગળાએલા નથી, લોભ વિગેરેથી પ્રભા વિનાના થએલા નથી અને શરીરથી ઢંકાએલા નથી, કારણકે આત્મા નિર્લેપ છે. તો પછી ભગવાન્ તો તેવા કેમ જ થાય? એવો અર્થ છે. (લે)

**સર્વેષાં શ્રુણ્વતાં રાજ્ઞાં તથૈવાચ્યુતરામયોઃ ॥૩૪॥**

પછી હે રાજન્! મુનિઓએ આનકદુંદુભિને સંબોધીને બધા રાજાઓના તેમ જ શ્રીકૃષ્ણ અને બલભદ્રના સાંભળતા (નીચે પ્રમાણે) કહ્યું. ૩૪.

મુનિઓ હોવાથી (તેઓને) જ્ઞાન હતું. 'હે રાજન્!' એ સંબોધન (પરિક્ષિત્) સાવધાન રહે તે માટે (કરેલું છે). 'સંબોધીને' એટલે 'હે વસુદેવ!' સાવધાન રહી સાંભળ' એમ કહીને (કહ્યું), કારણ કે આનકદુંદુભિ, ઉત્તમ (પુરુષ) હતો. 'બધા સાંભળતાં' એ શબ્દથી તે (ઋષિ)ઓનો કહેવામાં ઉત્સાહ સૂચવેલો છે. 'તેમ જ શ્રીકૃષ્ણ અને બલભદ્રના (સાંભળતાં)' શબ્દોથી એમ જણાવેલું છે કે ભગવાન્ સાંભળે છે તેથી તર્ક સાથે સર્વ (કોઈ પણ) સિદ્ધાંતથી વિરુદ્ધ ન હોય તેવું કહેશે. ૩૪.

નીચેથી આરંભી સાત શ્લોકોથી કર્મનો નાશ કરવાનો પ્રકાર કહે છેઃ

**કર્મણા કર્મનિર્હાર એષ સાધુ નિરૂપિતઃ ॥**
**યચ્છ્રદ્ધયા યજેદ્વિષ્ણું સર્વયજ્ઞેશ્વરં મખૈઃ ॥૩૫॥**

કર્મથી કર્મનો નાશ આ સારા પ્રકારે કહેલો છે કે સર્વ યજ્ઞોના ઈશ્વર વિષ્ણુનું યજ્ઞોથી શ્રદ્ધાપૂર્વક પૂજન કરવું. ૩૫.

આરંભમાં (કર્મથી કર્મનો નાશ કરવાનો) પ્રકાર કહે છે. 'આ' આગળ કહેવામાં આવશે તે કર્મથી કર્મનો નાશ કરવાનો પ્રકાર બધાએ સિદ્ધાંતીઓએ સારા પ્રકારે કહેલો છે, એમ પ્રમાણ (જણાવ્યું).

'તે કયો પ્રકાર?' એ જાણવાની ઈચ્છા થાય, તેથી ઉત્તરાર્ધ કહેલો છે. શ્રદ્ધા સર્વમાં જરુરી ભાગ છે. 'વિષ્ણુનું પૂજન કરવું' એ કર્મનો નાશ કરનારું કર્મ છે. તેમાંનો 'વિષ્ણુ' શબ્દ ઈન્દ્રિયોનાં અધિષ્ઠાતા દેવ માટે પણ યોજાતો હોવાથી ગુરુ, બ્રાહ્મણ વિગેરેના ચરણની પૂજા કરવાથી પણ પરંપરાથી વિષ્ણુનો યજ્ઞ થાય છે, તેથી તેને બાતલ કરવા 'સર્વ યજ્ઞોના ઈશ્વર' શબ્દ યોજેલ છે. સર્વ યજ્ઞોના ઈશ્વર વિષ્ણુ જે યજ્ઞવરાહના રૂપથી પ્રકટ થએલા તે અહિં (વિષ્ણુ શબ્દથી) કહેલા છે. 'યજ્ઞ વિષ્ણુ જ છે' શ્રુતિ પ્રમાણે 'યજ્ઞથી યજ્ઞને પૂજ્યા' વાક્યમાં કહેલ બીજી વિભક્તિના પ્રત્યયવાળો જણાવેલ યજ્ઞ અહિં કહેલ છે. તેમનું પૂજન તો યજ્ઞોથી જ થાય છે, તેથી 'યજ્ઞોથી (પૂજન કરવું)' એમ કહેલું છે. 'ઈશ્વર' શબ્દથી એવું પ્રમાણ પણ સૂચવેલું છે કે ભગવાનની આજ્ઞા (યજ્ઞ કરવાની) હોવાથી યજ્ઞોમાં જ (યજ્ઞો કરવાથી જ) ભગવાનની આજ્ઞાનું સંપૂર્ણ પાલન થાય છે. ૩૫.

'પંચરાત્ર વિગેરે શાસ્ત્રોમાં (ભગવાનની) સેવા વિગેરે અને ઉત્સવો પણ કહેલા છે. તેથી વૈષ્ણવ શાસ્ત્રનો ત્યાગ કરીને શ્રૌત (વૈદિક) માર્ગ જ કેમ કહ્યો?

એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**વિત્તસ્યોપશમોઽયં વૈ કવિભિઃ શાસ્ત્રચક્ષુષા ।।**
**દર્શિતઃ સુગમો યોગો ધર્મશ્ચાત્મસુખાવહઃ ।।૩૬।।**

કવિઓએ શાસ્ત્રદષ્ટિથી આજ ધનની શાંતિ કરનારો, સહેલાઈથી થઇ શકે તેવો ઉપાય અને પોતાને સુખ કરાવનાર ધર્મ દર્શાવેલો છે. ૩૬.

ધન હોય ત્યારે આ પ્રકાર (કરવાનો) કવિઓએ કહેલો છે. વૈષ્ણવમાર્ગ તો મોટા ભાગે ગરીબોના અધિકારનો જ છે. અમે જે યજ્ઞરૂપ (માર્ગ) કહ્યો તે તો ધનની જ શાંતિ કરનારો છે, શરીરનો તો તે (ધન)ની દ્વારા ઉપયોગ થશે.

'આ ઉપાય પ્રમાણરહિત છે' એવી શંકા થાય, તેથી 'કવિઓએ શાસ્ત્રદષ્ટિથી (દર્શાવેલો છે)' એમ કહેલું છે. કરનાર (દેખાડનાર) અને સાધનનું ઉત્તમપણું કહ્યું.

વળી આ 'સહેલાઈથી થઇ શકે તેવો ઉપાય' છે, કારણ કે શરીરના દુઃખ કરતા બહારના અંગરૂપ (મિલકત સંબંધી) છે[1] વળી અમે 'તે ધર્મો પહેલાં હતા' વાક્ય પ્રમાણે આને 'ધર્મ' જણાવેલો છે, પરંતુ ભક્તિ કહેલ નથી. આ કર્મનો નાશ કરનારો છે એ આગળ કહેશે.

'ધર્મ હોય તેથી શું (ફલ) થાય? એવી શંકા થાય, તેથી 'પોતાને સુખ કરાવનાર' વિશેષણ યોજેલું છે. પોતાને સુખ કરાવે તેવો (આ છે). આ કર્મનો નાશ કરનારો છે એવી પ્રતિજ્ઞા કરેલી છે, તેથી પોતાને સુખ કરાવનારપણું વધારામાં હોવાથી, આને અધિક જાણવો. ૩૬.

'બીજા માર્ગો પણ છે, ત્યારે આ કેમ કહ્યો?' એવો પ્રશ્ન થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**અયં સ્વસ્ત્યયનં પન્થા દ્વિજાતેર્ગૃહમેધિનઃ ।।**
**યચ્છ્રદ્ધયાપ્તવિત્તેન શુક્લેનેજ્યેત પૂરુષમ્ ।।૩૭।।**

દ્વિજાતિ ગૃહસ્થ માટે કલ્યાણ પ્રાપ્ત કરાવનારો આ માર્ગ છે કે સન્માર્ગે પ્રાપ્ત કરેલા ધનથી શ્રદ્ધાપૂર્વક પુરુષનું પૂજન કરવું. ૩૭.

ગૃહસ્થ માટે આજ માર્ગ કલ્યાણ પ્રાપ્ત કરાવનારો છે, બીજા બધાએ માર્ગો તો ગૃહસ્થપણાનો નાશ કરનારા છે એમ 'જેમના ચરિત્રની લીલારૂપ'

૧. 'ચિત્તની વૃત્તિને રોકવી' એ મુખ્ય યોગ છે. તેમાં ચિત્તની પીડા કરતાં શરીરની પીડારૂપ યોગ બહારના અંગરૂપ હોઈ સહેલાઈથી થઈ શકે તેવો છે, એવો અર્થ છે. (લે) 'શરીર ક્લેશાપેક્ષયા' શરીરની પીડા કરતાં બહારના અંગરૂપ એટલે ધન અથવા મિલકતની જ શાંતિ કરનાર હોવાથી વધારે સહેલાઈથી થઈ શકે તેવો છે, એવો અર્થ જણાય છે.

૧૦।૪૪।૧૮ વિગેરે (વાક્યો)માં જણાવેલ છે. તેથી આ જ માર્ગ ગૃહસ્થને ઘરમાં રાખે છે. વળી અહિં બધા દ્વિજાતિઓનો અધિકાર છે. બીજે (બીજા માર્ગમાં) તો બીજા પણ બીજ સંસ્કાર વિગેરે[1] અધિકારીના વિશેષણ માટે પ્રયાસ કરવાનો રહે છે. એ પ્રમાણે (આ માર્ગ કર્મથી કર્મનો નાશ કરનાર હોવાનું) સિદ્ધ કરીને ઉત્તરાર્ધથી ઉત્તમ નિર્ણય ફરીથી કહે છે, કે 'આપ્તેન' પોતાની મેળે પ્રાપ્ત કરેલા, 'વિત્તેન' નાશ ન કરે અને હિત કરે તેવા[2] 'શુક્લેન' સન્માર્ગથી પ્રાપ્ત થએલા ધનથી 'પૂરુષં' યજ્ઞપૂરુષનું શ્રદ્ધાથી પૂજન કરવું. (આ) જે (પૂજન કરવું), એ જ માર્ગ છે, એવો (વાક્યનો) સંબંધ છે. ૩૭.

'આ (વિષ્ણુનું પૂજન) કર્મનો નાશ કરનારું કેવી રીતે થાય?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**વિત્તૈષણાં યજ્ઞદાનૈર્ગૃહૈર્દારસુતૈષણામ્ ॥**
**આત્મલોકેષણાં દેવકાલેન વિસૃજેદ્બુધઃ ॥**
**ગ્રામે ત્યક્તેષણાઃ સર્વે યયુર્ધીરાસ્તપોવનમ્ ॥૩૮॥**

પંડિતે યજ્ઞ અને દાનથી ધનની ઈચ્છાનો, ગૃહસ્થાશ્રમમાં રહીને પત્ની અને પુત્રની ઈચ્છાનો (અને) દેવો સાથે ક્રીડા કરીને સ્વર્ગ વિગેરે લોકોની ઈચ્છાનો ત્યાગ કરવો. ગામમાં રહીને જેમણે ઈચ્છાઓનો ત્યાગ કરેલો છે તે સર્વ ધૈર્યવાળાઓ તપોવનમાં ગએલા છે. ૩૮.

ત્રણ ઈચ્છાઓનો ત્યાગ કર્મનું બંધન રહેલ નથી એમ જણાવનારો છે, કારણ કે કર્મો ઈચ્છા દ્વારા જ બંધન કરે છે. ઈચ્છા ન રહેતાં કર્મ નથી રહેતું એ પ્રસિદ્ધ જ છે. (૧) ધનની ઈચ્છા (૨)પત્નીની ઈચ્છા (અને) (૩) લોકની ઈચ્છા એવી ત્રણ ઈચ્છાઓ લોકમાં હોવાથી આ શ્લોકમાં ત્રણ ઈચ્છાઓના ત્યાગનો પ્રકાર કહેવામાં આવે છે.

(૧) જેને ધનની ઘણી ઈચ્છા હોય તેણે ધન કમાઈને યજ્ઞ અને દાન કરવાં જોઈએ. પછી ધનનું ઘણા પ્રકારે કામ પડેલ હોવાથી, તેની ઈચ્છા જતી રહે છે, યજ્ઞ દાન વિગેરે અદષ્ટ દ્વારા પણ અંતઃકરણની શુદ્ધિ કરીને (ધનની ઈચ્છાને)

---

૧. જ્ઞાનમાર્ગમાં પંચાગ્નિ વિદ્યાથી પ્રાપ્ત કરેલ દેહ માટે, ભક્તિમાં અલૌકિક દેહ પ્રાપ્ત કરવા માટે પ્રયાસ કરવો પડે છે, એવો અર્થ છે. (લે) ભક્તિમાર્ગ કરતાં આ માર્ગને ઉત્તમ કહેલ હોવાનું જણાતું નથી, અલૌકિક દેહની પ્રાપ્તિ ભક્તિમાર્ગનું સાધન નથી, પણ ફલ છે. તેવો દેહ પ્રાપ્ત કર્યા વિના ભક્તિ થઈ ન શકે એવો સિદ્ધાંત ક્યાંય હોવાનું જણાતું નથી.

૨. 'ધન છે તે મનુષ્યો છે', 'થઈને તે આમનું રક્ષણ કરે છે' એ શ્રુતિઓ પ્રમાણે ધન રક્ષણ કરનારું અને હિત કરનારું છે, એવો અર્થ છે. (લે)

મટાડે છે એમ જાણવું.

(૨) પછી પત્ની અને પુત્રની ઈચ્છા ગૃહસ્થાશ્રમમાં રહીને દૂર કરવી. ગૃહસ્થાશ્રમમાં તેઓનું ઘણા પ્રકારે કામ પડતું હોવાથી, પત્ની અને પુત્રનું કામ પડેલ હોવાથી તેઓની ઈચ્છા પણ જતી રહે છે.

'આત્મનાં લોકાનામ્' સ્વર્ગ વિગેરે લોકોની ઈચ્છાને 'દેવકાલેન' દેવોની સાથે ક્રીડા કરીને 'બુધઃ' પંડિતે જ તજવી, કારણ કે તેમાં (જરુરી) વૈરાગ્ય માત્ર જ્ઞાનથી જ પ્રાપ્ત થાય તેવો છે. તેથી જ વેદમાં સ્વર્ગ (પ્રાપ્ત કરવા) માટે જ યજ્ઞો કહેલા છે. બીજા બે (ધનની ઈચ્છા અને પત્નીની ઈચ્છાનો ત્યાગ) તો પ્રસંગથી જ પ્રાપ્ત થવાના, કારણ કે ધન અને પત્ની વિના યજ્ઞ થતા નથી. તેથી જ સ્ત્રીઓનો અધિકારના અંગમાં પ્રવેશ કહેલો[૧] છે, અને ધનનો ક્રિયામાં (પ્રવેશ કહેલો છે). તેમ ન હોત[૨] તો વેદમાં મનથી કરવાના યજ્ઞો જ કહ્યા હોત. તેમ (ઈચ્છાના ત્યાગ માટે યજ્ઞો) કરવાના ન હોત તો 'દ્રવ્યના યજ્ઞ કરતાં જ્ઞાનયજ્ઞ વધારે સારો છે' ભ.ગી.૪|૩૩ એ વાક્ય પ્રમાણે દ્રવ્યયજ્ઞો સર્વથી હલકા હોવાથી તે કરવાનું કહેનાર[૩] વેદ નિષ્ફલ થાય. મુનિઓ વેદનું આ જ તાત્પર્ય માનતા હતા. તેથી જ 'પોતાના સુખ કરાવનાર ધર્મ' (શ્લોક.૩૬) વચનથી સ્વર્ગરૂપ યજ્ઞ (ફલ?) પ્રાપ્ત કરવા માટે જ યજ્ઞો કરવા જોઈએ, એમ જે પ્રકારે શ્રવણ કરેલ તે જ પ્રકારે શ્રુતિનું સમર્થન કરેલું છે. તેથી જ આશ્રમોના ધર્મો માટે પણ વિધિ (વેદની આજ્ઞા) છે એમ કહેવા 'ગામમાં રહીને જેમણે ઈચ્છાઓનો ત્યાગ કરેલો છે તે સર્વે' શબ્દોથી ગૃહસ્થાશ્રમની વિધિનું આજ પ્રયોજન છે એમ કહેલું છે. ગામમાં જ રહીને ઈચ્છાનો ત્યાગ કરવો જોઈએ.

આથી આ જણાવેલું છે કેઃ-પહેલાં યજ્ઞ કરવામાં આવે અને સ્વર્ગ (પ્રાપ્ત) થાય, પછી લોક (સ્વર્ગ વિગેરે લોક)માં વૈરાગ્ય પ્રાપ્ત કરીને, ફરીથી (ભૂતલ ઉપર) આવીને, લોકની ઈચ્છા નહિ હોવાથી ગૃહસ્થાશ્રમમાં જ અંગ તરીકે પહેલાં કામમાં લીધેલા સુવર્ણ અને સ્ત્રીને મુખ્યતાથી કામમાં લઈને, પછી ત્રણ ઈચ્છાઓનો ત્યાગ કરીને, તેમ કરવાથી ચિત્તની શુદ્ધિ ન થઈ હોય તો વિહ્વલ રહેલા મનને પણ ધૈર્ય પ્રાપ્ત કરાવી, સારી રીતે ચિત્તની શુદ્ધિ થાય તે માટે ફરીથી (સ્વર્ગમાં) જવાના ક્લેશનો ત્યાગ કરીને (વનમાં કરેલા) તપથી સારી રીતે ચિત્તની

૧. યજ્ઞ કરવાનો અધિકાર પ્રાપ્ત થાય તે માટે સ્ત્રી હોવી જોઈએ, એવો અર્થ જણાય છે.

૨. 'તેમ ન હોત' એટલે 'યજ્ઞમાં ધનનો ઉપયોગ થાય તેવી ક્રિયાની જરુર ન હોત તો' એવો અર્થ જણાય છે.

૩. 'તે' એટલે દ્રવ્યમય યજ્ઞો કરવાનું કહેલ છે જેમાં (એવો બહુવ્રીહિ સમાસ છે) (લે)

શુદ્ધિ (પ્રાપ્ત) થશે એવા વિચારથી તપોવનમાં જ ગએલા છે. જેઓ[૪] એક જન્મના સંબંધમાં જ સર્વનો અર્થ કરે છે તેઓ(નો અર્થ) વિચાર કરવા જેવો છે. (તેઓ) 'દેવ' શબ્દથી વસુદેવનું સંબોધન કર્યાનું અને 'કાલેન' 'કાલથી' શબ્દથી (લોકની ઈચ્છા ત્યાગ કરવાનો) ઉપાય ન હોવાનું કહે છે[૪]. તેઓ(ના[૫] મત પ્રમાણે) લોકની ઈચ્છા દૂર થએલી નહિ હોવાથી સર્વ ઈચ્છાઓનો ત્યાગ કેવી રીતે થાય? એ (વિચાર કરવા જેવું છે)[૫]. 'બુધઃ' 'પંડિતે' શબ્દથી (એમ જણાવેલું છે કે)[૬] જ્ઞાનથી જ તે (ઈચ્છા)નું દૂર થવું બીજામાં[૬] પણ સમાન છે. વળી પહેલાં યજ્ઞો કરવાનું ઈચ્છાઓનો ત્યાગ થાય તે માટે કહેલું. તે (ઈચ્છાઓના ત્યાગ) દ્વારા કર્મનો નાશ કરનારું પણ થાય છે. ૩૮.

હમણાં તો (તમારે) દેવું ફીટાડવા માટે જ યજ્ઞો કરવા જોઈએ, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**ઋણૈસ્ત્રિભિર્દ્વિજો જાતો દેવર્ષિપિતૃણાં પ્રભો ।।**
**યજ્ઞાધ્યયનદાનૈસ્તાન્યનિસ્તીર્ય ત્યજન્પતેત્ ।।૩૯।।**

હે શક્તિમાન્! દેવોનાં, ઋષિઓનાં અને પિતૃઓનાં ત્રણ દેવાં સાથે જન્મેલો દ્વિજ, યજ્ઞ, અધ્યયન અને દાનથી તેમને ફીટાડ્યા વિના (સંસારનો) ત્યાગ કરતાં વિનાશ પામે છે. ૩૯.

'બ્રાહ્મણ જન્મે છે ત્યારે ત્રણ દેવાંવાળો હોય છે' એ શ્રુતિ પ્રમાણે જન્મતાં એટલે જનોઈ ધારણ કરતાં બ્રાહ્મણને (ત્રણ દેવાં હોય છે). 'દેવોનાં, ઋષિઓનાં અને પિતૃઓનાં' શબ્દથી તે દેવાં ગણાવે છે. 'બ્રહ્મચર્યથી ઋષિઓનાં, યજ્ઞથી દેવોનાં અને પ્રજાથી પિતૃઓનાં (દેવાથી છૂટે છે)' એ શ્રુતિ પ્રમાણે (દેવાં ફીટાડવાનાં હોય છે). 'યજ્ઞ, અધ્યયન અને દાનથી' શબ્દથી અહિં તો પિતૃઓનું દેવું દાનથી ફીટાડવાનું કહેલું છે. પ્રજાનાં દાનને જ અહિં દાન કહેલું છે. કેટલાક પિંડદાન (ને અહિં દાન કહેલું છે) એમ કહે છે. તે (પિંડદાન) કરવાનું હોવાથી ફલથી[૧] કહેલું છે.

વળી જેઓનો ઈચ્છાઓથી છૂટકારો થઈ જ ગએલો છે, તેઓ પણ દેવાંથી છૂટેલા નથી એવા મુખ્ય મત પ્રમાણે, 'ત્રણ દેવાં ફીટાડીને મન મોક્ષમાં

૪....૪. આ બીજાનો મત કહેલો છે. (લે)

૫....૫. આ ભાગથી ઉપર જણાવેલ બીજાનો મત ખોટો હોવાનું દર્શાવેલ છે. (લે)

૬-૬. 'પંડિત' શબ્દમાં સૂચવેલ જ્ઞાનથી લોકની ઈચ્છા દૂર થશે એમ બીજા મતવાળા કહે, તેથી જ્ઞાન તો ત્રણે ઈચ્છાઓને દૂર કરનારું છે એમ જણાવેલું છે. 'બીજામાં' એટલે ધનની ઈચ્છામાં અને પત્ની તથા પુત્રની ઈચ્છામાં. (લે)

લગાડવું. તે ત્રણને ફીટાડ્યા વિના મોક્ષની ઈચ્છા કરનાર તો નીચે પછડાય છે' એ મનુના વાક્ય પ્રમાણે ગૃહસ્થાશ્રમ પછી તરત જ સંન્યાસ લેવાય એ મતનો આધાર લઈ, 'ફીટાડ્યા વિના (સંસારનો) ત્યાગ કરનાર વિનાશ પામે છે' એમ કહેલું છે.

'બ્રહ્મચર્યમાંથી જ સંન્યાસ લેવો' વિગેરે શ્રુતિઓનો વિષય શું?' એવો પ્રશ્ન થાય, તેથી કહીએ છીએ કેઃ

ઈચ્છા ન હોવી અને દેવું ન હોવું એ મોક્ષની પહેલાં થવાં જોઈએ. એક (ઈચ્છા ન હોવી તે) (મોક્ષના) અધિકારીનું વિશેષણ છે, બીજું (મોક્ષ પ્રાપ્તિમાં) વિઘ્ન ન રહેવારૂપ છે. અધિકારીના વિશેષણ માટે પ્રયાસ કરવો જ પડે. વિઘ્ન ન રહેવાના સંબંધમાં તો ભગવાનના ભજનના આધારરૂપ ભલમનસાઈથી પણ-જેમ 'તેના કીર્તિવાળાં કૃત્યોથી પણ પ્રસન્ન થાય છે' વાક્યમાં (જણાવ્યું) તેમ-કાર્ય થાય (ચાલે). અંગરૂપ કીર્તિવાળાં કૃત્યથી પણ ત્રણ દેવાં ફીટે છે. એવી રીતે 'જે જે યજ્ઞનો અભ્યાસ કરે છે તેથી તેથી આનું ઈચ્છેલું થાય છે' એ શ્રુતિ પ્રમાણે એકલાં વેદના અધ્યયનથી પણ પહેલાં ઘણા પ્રકારે દેવાં ફીટાડેલાં છે. 'એક (મા-બાપ)થી ઉત્પન્ન થએલા ભાઈઓમાં (જો એક પુત્રવાળો હોય, તો તે પુત્રથી બધા પુત્રવાળા છે)' એ વાક્યના ધોરણે ભાઈના પુત્રથી પિતૃઓનું દેવું ફીટવાનો સંભવ હોવાથી, અથવા બીજા દત્તક (પુત્ર) વિગેરેથી (પિતૃઓનું દેવું ફીટવાનો સંભવ હોવાથી) 'બ્રહ્મચર્યમાંથી જ સંન્યાસ લેવો' એ વાક્ય સિદ્ધ થાય છે. તેથી જે મુખ્ય ઉત્તમ અધિકારી છે તેણે દેવાં ફીટાડવાં અને ઈચ્છાઓનો ત્યાગ કરવો એમ ઋષિઓએ બરાબર કહેલું છે. ૩૯.

એવી રીતે દેવાં ફીટાડવાનું કરવું જોઈએ એમ કહીને, ત્રણ દેવાં પૈકી બે દેવાં ફીટેલા છે, અને એક જ દેવું બાકી રહેલું છે એમ બે (શ્લોકો)થી કહે છેઃ

**ત્વં ત્વદ્યમુક્તો દ્વાભ્યાં વૈ ઋષિપિત્રોર્મહામતે ।।**
**યજ્ઞૈર્દેવર્ણમુન્મુચ્ય નિર્ઋણોઽશરણો ભવ ।।૪૦।।**
**વસુદેવ ભવાન્નૂનં ભક્ત્યા પરમયા હરિમ્ ।।**
**જગતામીશ્વરં પ્રાર્ચઃ સ યદ્વાં પુત્રતાં ગતઃ ।।૪૧।।**

હે ઘણા બુદ્ધિવાળા! ઋષિઓનાં અને પિતૃઓનાં બે (દેવાં)થી તો હવે તું છૂટેલ છો જ. યજ્ઞોથી દેવોનાં દેવાંથી છૂટો થઈ, દેવાંરહિત થઈ, યોગી થા. ૪૦.

હે વસુદેવ! તમે ખરેખર પરમ ભક્તિથી જગતોનાં ઈશ્વર હરિનું પૂજન

૧. પિંડદાન પુત્રોએ કરવાનું હોવાથી, 'પિંડદાન કરવું' એમ કહે તેમાં પુત્રની ઉત્પત્તિ કરવાનો સમાવેશ થઈ જાય છે. પુત્રોત્પત્તિનું ફલ પિંડદાન હોવાથી તે ફલ કહેવાથી પુત્રોત્પત્તિ પણ કહેવાઈ, એવો ભાવ જણાય છે.

કરેલું છે, કારણ કે તે તમો બેના પુત્ર થએલા છે. ૪૧.

તમે વેદોનો અભ્યાસ કર્યો અને પુત્રો ઉત્પન્ન કર્યા, તેથી ઋષિઓનાં અને પિતૃઓનાં દેવાંઓથી તમે છૂટેલા છો. 'હે ઘણા બુદ્ધિવાળા' સંબોધનથી જડપણું ન હોવાથી યજ્ઞનો અધિકાર જણાવેલો છે. તેથી 'યજ્ઞોથી દેવોનાં દેવાંથી છૂટો થઈ, દેવાંરહિત થઈ' 'અશરણઃ' સર્વનો ત્યાગ થતાં યોગી થા, એવો અર્થ છે, કારણ કે ભિક્ષુ અગ્નિ વિનાનો અને ઘર વિનાનો હોય છે. એ પ્રમાણે કર્મનો નાશ કરવા માટે, ઈચ્છાઓનો ત્યાગ કરવા માટે અને દેવાં ફીટાડવા માટે ત્રણ પ્રકારથી યજ્ઞો કરવાનો ઉપદેશ કરેલો છે. ૪૦.

કેટલાક એમ કહે છે કે ભગવાન્ તારા (પુત્ર) થયા તેથી ભગવાનનાં પૂજન માટે પણ (યજ્ઞ) કરવા જોઈએ એમ આગળના (એકતાલીસમા શ્લોક)થી કહેલું છે. બીજાઓ તો એમ કહે છે કે 'તારે દેવો વિગેરેનું દેવું જ નથી, કારણ કે તે જગતના ઈશ્વરોનું પૂજન કરેલું છે. તેથી તારા યજ્ઞનો બીજે (બીજાં કાર્યો માટે) ઉપયોગ નહિ હોવાથી તારો યજ્ઞ કર્મનો નાશ કરવાના પ્રયોજનવાળો જ હશે.' વાસ્તવિક રીતે તો 'તું કૃતાર્થ છો. તારે કર્મનો નાશ કરવો વિગેરેની જરુર નથી' એવો મૂલ પ્રશ્નનો ઉત્તર કહેવાયો. જ્યારે તેં પરમ ભક્તિથી ભગવાનની પૂજા કરેલી છે, ત્યારે તે પોતે પણ ઘણા પ્રેમવાળા થએલા હોવાથી (તારા) પુત્ર થએલા છે, એવો અર્થ છે. એ પ્રમાણે (કર્મનો નાશ કરવા) યજ્ઞો કરવા જોઈએ, એમ કહેવાયું. ૪૧.

પછી યજ્ઞ કરાવવાનું કામ બ્રાહ્મણોનું જ હોવાથી, દેવોનો યજ્ઞકુંડ પણ કુરુક્ષેત્ર જ હોવાથી (અને) ભાગ્યને લીધે ઋષિઓ આવેલા હોવાથી, તેઓનાં વચન પ્રમાણે (વસુદેવે) કર્યું, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

|| શ્રીશુક ઉવાચ||

**ઈતિ તદ્વચનં શ્રુત્વા વસુદેવો મહામનાઃ ||**

**તાનૃષીનૃત્વિજો વવ્રે મૂર્ધ્નાનમ્ય પ્રસાદ્ય ચ ||૪૨||**

એવું તેઓનું વચન સાંભળીને ઘણા ઉત્સાહી વસુદેવે તે ઋષિઓને માથાથી નમન કરી અને પ્રસન્ન કરી(તેઓનું) ઋત્વિજ તરીકે વરણ કર્યું. ૪૨.

'મહામનાઃ' એટલે યજ્ઞ કરવામાં ઘણા ઉત્સાહી (વસુદેવે) 'તે જ પહેલાં નામ આપેલા ઋષિઓનું ઋત્વિજ તરીકે વરણ કર્યું'. 'ચોખા પકવે છે' એની પેઠે વરણ કરીને તેઓને ઋત્વિજો બનાવ્યા એવો અર્થ છે. 'માથાથી નમન કરીને' શબ્દથી (એમ કહેલું છે કે) નમન કરીને જ વશ કર્યા (ઋત્વિજ થવાનું કરાવ્યું). 'અમે કહેલું કરવાનું હોવાથી અમારે જ યજ્ઞ કેમ કરાવવો?' એવી તેમની શંકા દૂર

કરાવી એમ 'પ્રસન્ન કરી' શબ્દથી કહેલું છે. 'ચ' 'અને' શબ્દ હોવાથી સ્તુતિ વિગેરે કરીને પણ (પ્રસન્ન કર્યા). ૪૨.

પછી સોમયજ્ઞમાં શ્રોત્રિયોને પસંદ કરનારે તેઓનું વરણ કર્યું ત્યારે દ્વૈપાયન વિગેરેએ તે (વસુદેવ)ને યજ્ઞો કરાવ્યા એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**ત એનમૃષયો રાજન્ વૃતા ધર્મેણ ધાર્મિકમ્ ।।**
**તસ્મિન્નયાજયન્ક્ષેત્રે મખૈરુત્તમકલ્પકૈઃ ।।૪૩।।**

હે રાજન્! વરણ કરાએલા તે ઋષિઓએ તે સ્થલમાં ઉત્તમ વિધિવાળા યજ્ઞો વડે તે ધાર્મિક વસુદેવને ધર્મ પ્રમાણે યજન કરાવ્યું. ૪૩.

'ધર્મેણ' 'ધર્મ પ્રમાણે', (યજન કરાવ્યું), પરંતુ અઘટિત માર્ગે (કરાવ્યું) નહિ, કારણ કે તે (વસુદેવ) ધાર્મિક હતો. યાદવો વૈદિક ધર્મમાં પંકાએલા ન હતા, તેથી વસુદેવમાં (આ) ભેદ કહેલો છે. તે જ સ્થલ (કુરુક્ષેત્ર)માં ઉત્તમ હતો વિધિ જેઓમાં, તેવા બધાએ યજ્ઞોથી યજન કરાવ્યું. કોઈ પણ સ્થલે અનુકલ્પ[1] કર્યો ન હતો એવો અર્થ છે. ૪૩.

એ પ્રમાણે વૈદિક અધિકપણું કહીને, લૌકિક અધિકપણું કહે છેઃ

**તદ્દીક્ષાયાં પ્રવૃત્તાયાં વૃષ્ણયઃ પુષ્કરસ્રજઃ ।।**
**સ્નાતાઃ સુવાસસો રાજન્રાજાનઃ સુષ્ઠ્વલંકૃતાઃ ।।૪૪।।**

હે રાજન્! તે (વસુદેવ)ને દીક્ષા આપવાની પ્રવૃત્તિ થઈ ત્યારે કમલની માલા પહેરેલા વૃષ્ણિઓ (અને) રાજાઓએ સ્નાન કરી સુંદર વસ્ત્રો પહેરી સારા અલંકારો ધારણ કર્યા. ૪૪.

બધાએ વૃષ્ણિઓએ કમલની માલાઓ પહેરી. અથવા આ ફરી કહેલું[1] છે. આથી (તેઓને) ભગવાનના જેવા સ્વરૂપવાળા કહેલા છે. પછી તેલ ચોળીને સ્નાન કર્યું, સુંદર વસ્ત્રો પહેર્યાં અને અલંકારો ધારણ કર્યા. ૪૪.

**તન્મહિષ્યશ્ચ મુદિતા નિષ્કકણ્ઠ્યઃ સુવાસસઃ ।।**
**દીક્ષાશાલામુપાજગ્મુરાલિપ્તા વસ્તુપાણયઃ ।।૪૫।।**

અને આનંદ પામેલી તેમની સ્ત્રીઓ કંઠમાં સુવર્ણની માલાઓ પહેરી સુંદર વસ્ત્રો પહેરી, લેપ કરી, હાથમાં વસ્તુઓ રાખી દીક્ષાશાલામાં ગઈ. ૪૫.

તેવી જ રીતે તેમની સ્ત્રીઓએ (અલંકાર પહેર્યા). 'આનંદ પામેલી' વિશેષણથી અંદરનો સંતોષ કહેલો છે. 'કંઠમાં સુવર્ણની માલાઓ પહેરી, સુંદર

---

૧. કોઈ ચીજ ન મળે ત્યારે તેને બદલે બીજાથી ચલાવી લેવું–જેમ કે જવ ન હોય તો તેને બદલે ઘઉં અથવા ચોખાથી ચલાવી લેવું–તેને અનુકલ્પ કહે છે.

૧. અધ્યાય ૩૩ શ્લોક ૯માં માલાઓ પહેર્યાનું કહેલું છે.

વસ્ત્રો પહેરી' શબ્દોથી પુરુષોથી ભેદ કહેલો છે. આ વસ્ત્ર ઉપર ઓઢવાનું (કહેલું છે). પછી ચંદન વિગેરેનો લેપ કરી, હાથમાં ભેટ(ની વસ્તુઓ) રાખી, જે શાલામાં દીક્ષા કરેલી (કરવાની) હતી ત્યાં (વસુદેવની) પત્નીઓનાં દર્શન કરવા ગઈ. ૪૫.

એવી રીતે મનુષ્યોનો કોલાહલ વર્ણવીને નીચેના શ્લોકમાં વાજીંત્રો વિગેરેનાં કોલાહલનું વર્ણન કરે છેઃ

**નેદુર્મૃદઙ્ગપટહશઙ્ખભેર્યાનકાદયઃ ।।**
**નનૃતુર્નટનર્તક્યસ્તુષ્ટુવુઃ સૂતમાગધાઃ**
**જગુઃ સુકણ્ઠ્યો ગન્ધર્વ્યઃ સંગીતં સહભર્તૃકાઃ ।।૪૬।।**

મૃદંગ, ઢોલ, શંખ, નોબત, નગારા વિગેરે વાગ્યાં. નટોએ અને નાચનારીઓએ નૃત્ય કર્યું. ભાટ અને ચારણોએ સ્તુતિ કરી, સુંદર કંઠવાળી ગંધર્વોની સ્ત્રીઓએ (પોતાના) પતિઓ સાથે સંગીતનું ગાન કર્યું. ૪૬.

વાંજીત્રો, નૃત્ય અને ગાન કહેલાં છે, અને વચ્ચે ભાટ અને ચારણોની સ્તુતિ (કહેલી છે). અહિં રસ અધિક ઉત્પન્ન થાય તે માટે મુખ્યપણે સ્ત્રીઓનું ગાન કહેલું છે, અને એકલી સ્ત્રીઓની શાસ્ત્રમાં મના કરેલી હોવાથી 'પતિઓ સાથે' હોવાનું કહેલું છે. ૪૬.

એ પ્રમાણે લૌકિક કોલાહલ કહીને, યજ્ઞનો પ્રકાર કહે છેઃ

**તમભ્યસિઞ્ચન્વિધિવદક્તમભ્યક્તમૃત્વિજઃ ।।**
**પત્નીભિરષ્ટાદશભિઃ સોમરાજમિવોડુભિઃ ।।૪૭।।**

નક્ષત્રો સહિત ચંદ્રનો અભિષેક કરે તેમ અઢાર પત્નીઓ સાથે અંજન આંજેલા અને તેલ ચોળેલા તેનો ઋત્વિજોએ વિધિ પ્રમાણે અભિષેક કર્યો. ૪૭.

દશ દીક્ષાઓમાં અંજન આંજવાનું અને તેલ ચોળવાનું હોય છે. પછી પવિત્ર કર્યા પછી 'વિધિવત્' (વેદનાં અંગ) કલ્પમાં કહેલા પ્રકારે તેનો અભિષેક કર્યો. તેને અઢાર પત્નીઓ હતી, કોઈ પણ તેની રખાત ન હતી, તે અર્થ 'અઢાર પત્નીઓ સાથે' શબ્દોથી કહેલ છે. જેમ ચંદ્રના રાજસૂય (યજ્ઞ)માં ઘણી પત્નીઓ સાથે રાખેલી, તેમ અહિં પણ કર્યું એમ કહેવા '(નક્ષત્રો સહિત) ચંદ્રનો અભિષેક કરે તેમ' એવું દ્દષ્ટાંત કહેલું છે. ૪૭.

**તાભિર્દુકૂલવલયૈર્હારનૂપુરકુણ્ડલૈઃ ।।**
**સ્વલંકૃતાભિર્વિબભૌ દીક્ષિતોઽજિનસંવૃતઃ ।।૪૮।।**

દીક્ષા લીધેલા અને મૃગચર્મ ઓઢેલા વસુદેવ રેશમી વસ્ત્રો અને કડાંઓ, હાર ઝાંઝર અને કુંડલોથી શણગારેલી તે (સ્ત્રી)ઓ સાથે ઘણું શોભ્યા. ૪૮.

તે(સ્ત્રી)ઓ તો અલંકારોવાળી હતી અને પોતે (વસુદેવ) તો અલંકાર–

રહિત હતો, એમ (કહેલું છે), કારણ કે તેણે દીક્ષા લીધી હતી અને 'અજિનેન' કાળા મૃગનું ચામડું ઓઢેલું હતું. રેશમી વસ્ત્ર, કડાં વિગેરે બધાએ વૈભવથી સ્ત્રીઓ શણગારાએલી હતી. ૪૮.

પછી નીચેના શ્લોકમાં તેના ઋત્વિજોની શોભા વર્ણવે છેઃ

**તસ્યર્ત્વિજો મહારાજ રત્નકૌશેયવાસસઃ ।।**
**સસદસ્યા વિરેજુસ્તે યથા વૃત્રહણોઽધ્વરે ।।૪૯।।**

હે મહારાજ! જેમ ઈંદ્રનાં યજ્ઞમાં (બનેલું) તેમ રત્નો અને રેશમી વસ્ત્રો પહેરેલા તેના તે ઋત્વિજો સભાસદો સાથે ઘણું શોભ્યા. ૪૯.

ઋત્વિજો યજ્ઞનું કર્મ કરાવનારા હોવાથી કદાચ અલંકાર વિનાના હશે એમ મનાય, તેથી અલંકાર ધારણ કર્યાનું કહે છે. સભાસદો સાથે બધાએ ઋત્વિજો ઘણું શોભ્યા. વૃત્રનો વધ કર્યા પછી ઈંદ્રે ઘણી દક્ષિણાવાળો અશ્વમેધ યજ્ઞ કરેલો. તેમાં ઋત્વિજો પણ ધનવાન થએલા, તેમ અહિં પણ થયું, એવો અર્થ છે. ૪૯.

એ પ્રમાણે ઈંદ્ર વરુણ વિગેરેના જેવો આનો યજ્ઞ હતો એમ સમાનપણાનું વર્ણન કરીને, નીચેના શ્લોકમાં (તેનું) સર્વથી ઉત્તમપણું કહે છેઃ

**તદા રામશ્ચ કૃષ્ણશ્ચ સ્વૈઃ સ્વૈર્બન્ધુભિરન્વિતૌ ।।**
**રેજતુઃ સ્વસુતૈર્દારૈર્જીવેશૌ સ્વવિભૂતિભિઃ ।।૫૦।।**

તે સમયે પોતપોતાના બંધુઓથી અનુસરાએલા પોતાની વિભૂતિરૂપ પોતાના પુત્રો અને પત્નીઓ સાથે, જીવ અને ઈશ્વર બલભદ્ર અને શ્રીકૃષ્ણ શોભ્યા. ૫૦.

જુદા જુદાના સંબંધીઓ ઘણા હતા, તેથી 'ચ' 'અને' શબ્દ બે વાર યોજેલ છે. પોતપોતાના બંધુઓથી અનુસરાએલા પુત્રો અને પત્નીઓ, તેઓની સાથે બલભદ્ર અને શ્રીકૃષ્ણ–એક જીવ અને બીજા ઈશ્વર, અથવા બંને જીવોને વશ રાખનારા–શોભ્યા. પહેલાં પત્નીઓ વિગેરે કહ્યાં તે વિભૂતિરૂપ છે, અથવા (બલભદ્રની) તામસી અને (શ્રીકૃષ્ણની) સાત્ત્વિક એવી વિભૂતિઓ જૂદી (જાણવી). ૫૦.

એ પ્રમાણે કોલાહલ કહીને, એવી રીતે ઘણા યજ્ઞો કર્યા એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**ઈજે ઽનુયજ્ઞં વિધિના અગ્નિહોત્રાદિલક્ષણૈઃ ।।**
**પ્રાકૃતૈર્વૈકૃતૈર્યજ્ઞૈર્દ્રવ્યજ્ઞાનક્રિયેશ્વરમ્ ।।૫૧।।**

અગ્નિહોત્ર વિગેરે નામવાળા પ્રાકૃત અને વૈકૃત યજ્ઞોથી દરેક યજ્ઞમાં વિધિ પ્રમાણે દ્રવ્ય જ્ઞાન અને ક્રિયાનાં ઈશ્વરનું યજન કર્યું. ૫૧.

અગ્નિહોત્ર વિગેરે નામો જ જેમના નામ છે તેવા દરેક યજ્ઞમાં વિધિ પ્રમાણે યજન કર્યું. પ્રાકૃત અગ્નિહોત્ર યજ્ઞ પ્રસિદ્ધ છે, વૈકૃત તો કુંડમાંથી પાન કરનાર(દેવતા?)ના માર્ગમાં રહેલ દૂધથી અગ્નિમાં કરેલ હોમ અથવા દ્રવ્યથી અગ્નિમાં કરેલ હોમ છે. તેવી જ રીતે દર્શ અને પૂર્ણમાસ સિવાયના બધા યજ્ઞો વૈકૃત છે. લોક પ્રસિદ્ધ સિવાયના પશુઓ વૈકૃત છે. એવી રીતે સોમમાં પણ સર્વ સ્થલે પ્રકૃતિનો અથવા વિકૃતિનો ભાવ હોય છે. બધાએ યજ્ઞોથી ભગવાનનું જ યજન કર્યું. તેનું કારણ એ છે કે આધિભૌતિક દ્રવ્ય, આધિદૈવિક જ્ઞાન, આધ્યાત્મિક ક્રિયા-આ ત્રણેના ભગવાન્ ઈશ્વર છે. તેથી જ તે (દ્રવ્ય જ્ઞાન અને ક્રિયા) ત્રણેથી ભગવાનનું જ પૂજન કરવામાં આવે તે યોગ્ય છે. આથી એમ કહેલું છે કે તેણે (વસુદેવે) સામાન્ય યજ્ઞો જ કર્યા પરંતુ રાજસૂય વિગેરે પ્રસિદ્ધ (યજ્ઞો કર્યા) ન હતા. ૫૧.

પછી નીચેના શ્લોકમાં દક્ષિણા (આપ્યાનું) કહે છેઃ

**અથર્ત્વિગ્ભ્યો ऽદદાત્કાલે યથામ્નાયં સ દક્ષિણાઃ ।।**
**સ્વલંકૃતેભ્યોऽલંકૃત્ય ગોભૂકન્યા મહાધનાઃ ।।૫૨।।**

પછી સારી રીતે અલંકારવાળા ઋત્વિજોને અલંકાર (ધારણ) કરાવીને તેણે સમયે શાસ્ત્રમાં કહેલા પ્રકારે ગાયો, ભૂમિ, કન્યાઓ અને ઘણા ધનવાળી દક્ષિણાઓ આપી. ૫૨.

દક્ષિણાનું દાન ઉત્તમતા (પ્રાપ્ત) કરાવનાર તરીકે, લોકમાં પ્રસિદ્ધ હોવાથી (તે) જૂદું કહેવામાં આવે છે. 'સમયે' એટલે જુદા જુદા (યજ્ઞના) સમયે 'યથામ્નાયં' શાસ્ત્રમાં કહેલા પ્રકારે (દક્ષિણાઓ આપી). 'સારી રીતે અલંકારવાળા....(અલંકાર કરાવીને)' શબ્દથી (એમ કહેલું છે કે) પહેલાં યજ્ઞ માટે અલંકાર (ધારણ) કરાવેલા હોવા છતાં, ફરીથી દક્ષિણા (આપવા)ના અંગ તરીકે અલંકાર (ધારણ) કરાવ્યા. 'રસવાળી (ભૂમિ) પ્રતિષ્ઠિતને આપવી' એમ કોઈ સ્થલે ભૂમિ દક્ષિણા તરીકે જણાવેલી છે. તેવી જ રીતે દૈવ વિવાહમાં 'કર્મ કરનાર ઋત્વિજને (અલંકાર ધારણ કરાવી કન્યાનું દાન)' (મનુસ્મૃતિ.૩।૨૮)માં કહેલું છે. ઘણા ધનવાળી બીજી કોઈક દક્ષિણાઓ (આપી). ૫૨.

**પત્નીસંયાજાવભૃથ્યૈશ્ચરિત્વા તે મહર્ષયઃ ।।**
**સસ્નૂ રામહ્રદે વિપ્રા યજમાનપુરઃસરાઃ ।।૫૩।।**

તે મહર્ષિ વિપ્રોએ પત્નીસંયાજ અને અવભૃથ કરાવીને યજમાનને આગળ કરી પરશુરામે કરેલ ધરામાં સ્નાન કર્યું. ૫૩.

પછી પહેલાની પેઠે[1] જૂદાં પત્નીસંયાજ અને અવભૃથ કર્મો કર્યા.

૧.'પહેલાંની પેઠે' એટલે યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞની પેઠે. (લે).

મહર્ષિઓ (તે કર્મો) કરાવતા હતા તેથી કોઈ પ્રસંગે ચિંતા કરવાનું કારણ ન હતું. પછી અવભૃથ સ્નાન કાર્ય પતેલું હોવાથી પરશુરામના ધરામાં જ કર્યું. યજમાન જેમની આગળ જતા હતા તેવાઓએ (પરશુરામના) ધરામાં સ્નાન કર્યું. ૫૩.

પછી નીચેના શ્લોકમાં સ્નાનના ઉત્સવનું વર્ણન કરે છેઃ

**નાનાલંકારવાસાંસિ વન્દિભ્યોઽદાત્તથા સ્ત્રિયઃ ।।**
**તતઃ સ્વલંકૃતો વર્ણાનાશ્વભ્યોઽન્નેનાપૂજયત્ ।।૫૪।।**
**બન્ધૂન્સદારાન્સસુતાન્પારિબર્હેણ ભૂયસા ।।**
**વિદર્ભકોસલકુરૂન્કાશિકેકયસૃઞ્જયાન્ ।।૫૫।।**
**સદસ્યર્ત્વિક્સુરગણાન્નૃભૂતપિતૃચારણાન્ ।।**
**શ્રીનિકેતમનુજ્ઞાપ્ય શંસન્તઃ પ્રયયુઃ ક્રતુમ્ ।।૫૬।।**

તે (વસુદેવે) અને (તેમની) સ્ત્રીઓએ ભાટોને જાતજાતના અલંકારો અને વસ્ત્રો આપ્યાં. પછી (વસુદેવે) અલંકાર ધારણ કરી (સર્વ) વર્ણોની અને કૂતરાં સુધીના (પ્રાણીઓ)ની અન્નથી પૂજા કરી, પત્નીઓ સહિત તથા પુત્રો સહિત વિદર્ભ, કોસલ, કુરુ, કાશિ, કેકય અને સૃંજય બંધુઓને, તથા સભાસદો, ઋત્વિજો, દેવોના સમૂહો, માણસો, ભૂતો, પિતૃઓ અને ચારણોની ઘણી પહેરામણીથી પૂજા કરી. તેઓ લક્ષ્મીનાં ધામ (ભગવાન)ની રજા લઈ, યજ્ઞની પ્રશંસા કરતા ગયા. ૫૪-૫૫-૫૬.

વસુદેવે અને તેની સ્ત્રીઓએ પણ અલંકારો અને વસ્ત્રો આપ્યાં. પછી અવભૃથ સ્નાનનાં જલમાંથી બહાર નીકળીને પોતે અલંકારો ધારણ કરીને બધાએની પૂજા કરી. કૂતરાં સુધીનાં પ્રાણીઓની અન્નથી પૂજા કરી (અન્ન આપ્યું). અને બંધુઓની પહેરામણીથી પૂજા કરી. 'વિદર્ભ' વિગેરેથી બંધુઓને ગણાવે છે. તે પ્રમારે સભાસદો, ઋત્વિજો, દેવોના સમૂહો (વિગેરે)ની 'અપૂજયત્' પૂજા કરી એ પહેલાનાં (શ્લોક ૫૪ના ક્રિયાપદ) સાથે જ સંબંધ છે. 'અન્નોથી પૂજા કરી' (અન્નો આપ્યાં) એવો પાઠ છે. પછી તેઓ લક્ષ્મીનાં ધામ ભગવાનની રજા લઈ, યજ્ઞની પ્રશંસા કરતાં ગયા એમ (તેઓ) પાછા ગયાનું કહેલું છે. ૫૪-૫૫-૫૬.

સાધારણ (માણસો) ગયાનું કહી, નીચેના શ્લોકમાં પ્રસિદ્ધ (પુરુષો ગયા)નું કહે છેઃ

**ધૃતરાષ્ટ્રોઽનુજઃ પાર્થા ભીષ્મો દ્રોણઃ પૃથા યમૌ ।।**
**નારદો ભગવાન્ વ્યાસઃ સુહૃત્સંબન્ધિબાન્ધવાઃ ।।૫૭।।**
**બન્ધૂન્પરિષ્વજ્ય યદૂન્સૌહૃદાક્લિન્નચેતસઃ ।।**
**યયુર્વિરહકૃચ્છ્રેણ સ્વદેશાંશ્ચાપરે જનાઃ ।।૫૮।।**

ધૃતરાષ્ટ્ર, (તેનો) નાનો ભાઈ, પૃથાના પુત્રો, ભીષ્મ, દ્રોણ, પૃથા, જોડકાં ભાઈઓ, નારદ, ભગવાન્ વ્યાસ, મિત્રો, સંબંધીઓ અને બાંધવો, બાંધવ યાદવોને ભેટી, સ્નેહથી ભીંજાએલ હૃદયવાળા થઈ વિરહના દુઃખ સાથે પોતાને દેશ ગયા, અને બીજા માણસો પણ ગયા. ૫૭-૫૮.

'નાનો ભાઈ' એટલે વિદુર. પૃથાના પુત્રો એટલે પાંડવો (યુધિષ્ઠિર, ભીમ, અર્જુન). 'જોડકાં ભાઈઓ' એટલે નકુલ અને સહદેવ, આ ક્ષત્રિયો સગાં હતાં. પછી 'નારદ, ભગવાન્ વ્યાસ' શબ્દોથી દેવઋષિ વિગેરે સંબંધીઓ કહેલા છે. બધાએ યાદવોને ભેટી, સ્નેહથી ભીંજાએલ હૃદયવાળા થઈ વિરહના દુઃખ સાથે જ પોતપોતાના દેશ ગયા. ૫૭-૫૮.

એ પ્રમાણે સર્વ ગયાનું કહી, 'નંદ ભગવાનનો વિરહ થાય તેથી જશે નહિ, અથવા ભગવાન્ સાથે જશે' એવી શંકા થાય, તેથી વસુદેવે નંદનાં મનને નિર્મલ કરી નંદને મોકલી ભગવાનને રાખ્યા એમ કહેવા માટે, તે બેનો સંવાદ કહેવામાં આવે છે. પહેલાં નંદ પોતાની મેળે ગયા નહિ એમ કહે છેઃ

**નન્દસ્તુ સહ ગોપાલૈર્બૃહત્યા પૂજયાર્ચિતઃ ।।**
**કૃષ્ણરામોગ્રસેનાદ્યૈર્ન્યવાત્સીદ્‌બન્ધુવત્સલઃ ।।૫૯।।**

બંધુઓ ઉપર પ્રેમ રાખનાર નંદ તો ગોપાલો સાથે ભારે પૂજાથી સત્કાર પામી શ્રીકૃષ્ણ, બલભદ્ર, ઉગ્રસેન વિગેરે સાથે રહ્યા. ૫૯.

યજ્ઞ પછી અથવા આરંભમાં જ ગોપાલો સાથે નંદ ભારે પૂજાથી સત્કાર પામ્યા. પછી શ્રીકૃષ્ણ, બલભદ્ર, ઉગ્રસેન વિગેરે સાથે રહ્યા. યાદવોના જેવા તે પણ એક (યાદવ થઈ રહ્યા). બંધુઓ ઉપર પ્રેમ રાખનાર હોવાથી (તેમનામાં અને યાદવોમાં) ભેદ ન હતો. ૫૯.

પછી નીચેના શ્લોકમાં સંવાદ કહેવા માટે પ્રસંગ કહે છેઃ

**વસુદેવોઽઞ્જસોત્તીર્ય મનોરથમહાર્ણવમ્ ।।**
**સુહૃદ્‌વૃતઃ પ્રીતમના નન્દમાહ કરે સ્પૃશન્ ।।૬૦।।**

મનોરથરૂપ મહાસાગરને સહેલાઈથી ઓળંગીને સ્નેહીઓથી વીંટાએલા પ્રસન્ન ચિત્તવાળા વસુદેવે નંદને હાથ પકડી (નીચે પ્રમાણે) કહ્યું. ૬૦.

મનોરથ એ જ યજ્ઞ. તેમાં વિઘ્નરૂપ મઘરો હોવાથી 'તે કેવી રીતે તરાશે?' એવો મહાસાગર જ હતો. તે ઓળંગ્યા પછી સ્નેહીઓથી વીંટાએલા વસુદેવે પ્રસન્ન ચિત્તવાળા થઈ, હાથ પકડી નંદને (નીચે પ્રમાણે) કહ્યું. હાથ પકડવાથી વસુદેવે પોતાનો ગુણ તે (નંદ)માં મૂક્યો. તેથી એમ સૂચવેલું છે કે નંદ પોતાનું (વસુદેવનું) ઈચ્છેલું કરશે. ૬૦.

આરંભમાં તેની પ્રશંસા કહેવા માટે નીચેના શ્લોકમાં નંદે પોતાના ઉપર કરેલો સ્નેહ જણાવે છેઃ

॥ વસુદેવ ઉવાચ॥

**ભ્રાતરીશકૃતઃ પાશો નૃણાં યઃ સ્નેહસંજ્ઞિતઃ ॥**
**તં દુસ્ત્યજમહં મન્યે દેવાનામપિ યોગિનામ્ ॥૬૧॥**

હે ભાઈ! મનુષ્યોનું 'સ્નેહ' નામનું જે બંધન ઈશ્વરે કરેલું છે, તેને યોગીઓથી અને દેવોથી પણ તજી ન શકાય તેવું હું માનું છું. ૬૧.

તેથી જ સ્નેહ તજી ન શકાય તેવો છે. ભોગમાં રચ્યા પચ્યા રહેનારાઓ, જ્ઞાનીઓ, દેવો, મોક્ષનાં સાધનો (આચરવા)માં મચી રહેલા યોગીઓ-તેઓને 'સ્નેહ' ન હોવાનું સંભવે. હવે (મારા) પોતાના અનુભવથી જ જણાય છે કે તેઓથી પણ (સ્નેહ) તજી ન શકાય તેવો છે. તેથી બંધુ હોવાથી તમે સ્નેહ કર્યો (રાખ્યો), પરંતુ અમારાથી આનો બદલો થઈ શકે તેમ નથી, એવો ભાવ છે. ૬૧.

નીચેના શ્લોકમાં (નંદની) બદલો વાળી ન શકાય તેવી મૈત્રી પણ કહે છેઃ

**અસ્માસ્વપ્રતિકલ્પેયં યત્કૃતાજ્ઞેષુ સત્તમૈઃ ॥**
**મૈત્ર્યર્પિતાऽફલા વાપિ ન નિવર્તેત કર્હિચિત્ ॥૬૨॥**

(આપ) ઉત્તમ પુરુષોએ અમો અજ્ઞાનીઓ પ્રતિ આ જે મૈત્રી કરેલી છે તે બદલો વાળી ન શકાય તેવી હોઈ નિષ્ફલ પણ છે. કોઈ પણ પ્રસંગે તે અટકવાની નથી. ૬૨.

આમ ઉત્તમ પુરુષોએ અમો પ્રતિ જે મૈત્રી કરેલી છે તે અજ્ઞાનીઓથી 'અપ્રતિકલ્પા' બદલો વાળી ન શકાય તેવી છે. 'પ્રતિકલ્પઃ' એટલે પ્રત્યુપકાર (બદલો). તે(વી હોવા)થી નિષ્ફલ છે. 'વા' 'પણ' શબ્દ તિરસ્કાર દર્શાવવા (યોજેલ છે). અથવા તે સફલ થાય. (તે) નિષ્ફલ હો કે સફલ હો, પરંતુ (તે) અટકવાની નથી. ૬૨.

એ પ્રમાણે પ્રત્યુપકાર થવાનો નથી અને મૈત્રી રહેવાની છે એમ જણાવી, નીચેનો શ્લોક કહે છેઃ

**પ્રાગકલ્પાસ્તુ કુશલં ભ્રાતર્વો નાચરામહિ ॥**
**અધુના શ્રીમદાન્ધાક્ષા ન પશ્યામ પુરઃ સતઃ ॥૬૩॥**

હે ભાઈ! પહેલાં તો શક્તિરહિત હોવાથી અમે તમારું કલ્યાણ કર્યું ન હતું. હમણાં લક્ષ્મીના મદથી અંધ થએલા હોવાથી પ્રત્યક્ષ રહેલા (તમ)ને જોતા નથી. ૬૩.

ક્રિયાથી બદલો વાળી ન શકતો હોય તો પણ પોતાની શક્તિ પ્રમાણે

પ્રત્યુપકાર કરવો જોઈએ, તે પણ ન કરવાનું કારણ કહે છે. પહેલાં જ્યારે કંસને હણેલ ન હતો અને દ્વારકા ગયા ન હતા ત્યારે અમે (બદલો વાળવા) શક્તિરહિત જ હતા. તેથી જ હે ભાઈ! અમે તમારું કલ્યાણ કર્યું ન હતું. ('હે ભાઈ!' એ) સંબોધનથી કલ્યાણ (કરવું) જરુરી હતું એમ જણાવેલું છે. હમણાં રાજ્ય પ્રાપ્ત કરેલા (કલ્યાણ કરવા) શક્તિવાળા હોવા છતાં પણ લક્ષ્મીના મદથી જ અંધ થએલા હોવાથી પ્રત્યક્ષ 'સતઃ' રહેલાઓને પણ તમને જોતા નથી. (આમ કહેલું છે), કારણ કે ધર્મી (જેના ઉપર સાચો ઉપકાર કરવાનો છે તે)ને જોયા પછી તેના ઉપર પ્રત્યુપકાર કરવાનું સંભવે. ૬૩.

'ત્યારે શું યોગ્ય છે?' એ જાણવાની ઈચ્છા થાય, તેથી નીચેના શ્લોકમાં નિર્ણય કહે છેઃ

**મા રાજ્યશ્રીરભૂત્પુંસઃ શ્રેયસ્કામસ્ય માનદ ॥**
**સુજનાનુત બન્ધૂંશ્ચ ન પશ્યતિ યયાऽન્ધદૃક્ ॥૬૪॥**

હે આદર આપનાર! રાજ્યલક્ષ્મી જેનાથી અંધ થએલી દૃષ્ટિવાળો સત્પુરુષોને અને બંધુઓને જોતો નથી તે કલ્યાણ ઈચ્છનાર પુરુષને (પ્રાપ્ત) ન થજો. ૬૪.

જો કે બંને સ્થિતિમાં બદલો વળાતો નથી, તો પણ અશક્તિવાળી સ્થિતિ જ સારી, કારણ કે જ્ઞાનશક્તિ અને ક્રિયાશક્તિ એ બે પૈકી જ્ઞાનશક્તિવાળા હોઈએ તે જ સારી સ્થિતિ છે. ધન હોય ત્યારે ક્રિયાશક્તિ તો હોવા છતાં પણ જ્ઞાનશક્તિ ન હોવાથી નકામી છે. તેથી (બે શક્તિઓમાં) એવો ભેદ હોવાથી કલ્યાણ ઈચ્છનાર પુરુષને રાજ્યલક્ષ્મી (પ્રાપ્ત) ન થજો. 'માનં' આદર 'દદાતિ' આપે તે આદર આપનાર. આથી (એમ કહ્યું કે) તમે અમોને સંપૂર્ણ રીતે આદર જ આપો છો.

'રાજ્યનો શું દોષ?' એવો પ્રશ્ન થાય, તેથી ઉત્તરાર્ધ કહેલો છે, જે (રાજ્યની) લક્ષ્મીથી અંધ થએલી છે દૃષ્ટિ જેની, એટલે આંધળો થએલો, એવો અર્થ છે. (રાજ્યલક્ષ્મીથી આંધળો થએલો) સત્પુરુષોને અને બંધુઓને જોતો નથી. ૬૪.

એવી રીતે પોતાનો દોષ જણાવીને અને નંદના ગુણો પ્રકટ કરીને સ્નેહને લીધે (વસુદેવ) રડ્યા, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

॥ શ્રીશુક ઉવાચ॥

**એવં સૌહૃદશૈથિલ્યચિત્ત આનકદુન્દુભિઃ ॥**
**રુરોદ તત્કૃતાં મૈત્રીં સ્મરન્નશ્રુવિલોચનઃ ॥૬૫॥**

સ્નેહને લીધે શિથિલ ચિત્તવાળા આનકદુંદુભિ એ પ્રમાણે તેમણે (નંદે)

કરેલ મૈત્રીનું સ્મરણ કરતાં આંખમાં આંસુવાળા થઈ રડ્યા. ૬૫.

રડવું (ઉપર) કહેલા અર્થને સિદ્ધ કરનારું હતું. તેમ (રડ્યા) ન હોત તો, '(આ) મુખથી જ કહે છે' એવી શંકા થાય. સ્નેહને લીધે શિથિલપણું થએલું જે ચિત્તનું, તેવું ચિત્ત હતું જેમનું તેવા (વસુદેવ થયા), કારણ કે આ 'આનકદુંદુભિ' ઘણી ઉત્તમ બુદ્ધિવાળા હતા. તેમણે કંસથી ભગવાનનું રક્ષણ કરેલું, (તો પછી) નંદ પાસેથી પોતાના ઘેર લઈ જવામાં (તેમને) શું પ્રયાસ હોય? એવો ભાવ છે. 'તેમણે કરેલી મૈત્રી' એટલે ભગવાનનું રક્ષણ કરવા રૂપ (મૈત્રી). 'આંસુઓ હતા બે આંખોમાં જેમની' એ વિશેષણથી દુઃખ કુદરતી હોવાનું કહેલ છે. ૬૫.

**નન્દસ્તુ સખ્યુઃ પ્રિયકૃત્પ્રેમ્ણા ગોવિન્દરામયોઃ ।।**
**અદ્ય શ્વ ઈતિ માસાંસ્ત્રીન્યદુભિર્માનિતોઽવસત્ ।।૬૬।।**

મિત્રનું પ્રિય કરનાર નંદ તો ગોવિંદ અને બલભદ્ર ઉપરના પ્રેમને લીધે યાદવોથી માન પામીને 'આજ' 'કાલ' કરતાં ત્રણ મહિના રહ્યા. ૬૬.

એવી રીતે સ્નેહનું સતતપણું પ્રાપ્ત કરીને, મિત્રનું પ્રિય કરનાર નંદ, ગોવિંદ અને બલભદ્ર ઉપરના પ્રેમને લીધે 'હું આજે જઈશ, કાલે જઈશ' એમ કહેતાં ત્રણ મહિના (કુરુક્ષેત્રમાં) રહ્યા. દરરોજ જ યાદવોથી માન પામીને ત્રણ મહિના સુધી સ્વભાવથી જ રહ્યા, પછી 'આજ (જઈશ) કાલ (જઈશ)' એમ કહેતાં (બીજા) ત્રણ મહિના રહ્યા. ૬૬.

**તતઃ કામૈઃ પૂર્યમાણઃ સવ્રજઃ સહ બાન્ધવઃ ।।**
**પરાર્ધ્યાભરણક્ષૌમનાનાનર્ઘ્યપરિચ્છદૈઃ ।।૬૭।।**
**વસુદેવોગ્રસેનાભ્યાં કૃષ્ણોદ્ધવબલાદિભિઃ ।।**
**દત્તમાદાય પારિબર્હં યાપિતો યદુભિર્યયૌ ।।૬૮।।**

પછી જેમની કામનાઓ પૂર્ણ કરવામાં આવતી હતી તેવા (નંદ) ગોપો સાથે અને બાંધવો સાથે, વસુદેવ અને ઉગ્રસેને, શ્રીકૃષ્ણ, ઉદ્ધવ અને બલભદ્ર વિગેરેએ ઘણાં કિંમતી આભરણો, રેશમી વસ્ત્રો, જાતજાતની ઘણી કિંમતી ઘરવખરી સાથે આપેલ પહેરામણી લઈને, યાદવોએ વળાવેલા ગયા. ૬૭-૬૮.

એવી રીતે માઘ (મહિના)થી આષાઢ સુધી રહીને, પછી જાતજાતની જેમની ઈચ્છેલી કામનાઓ ભગવાન્ પૂર્ણ કરતા હતા તેવા (નંદ) 'સવ્રજઃ' ગોપો સાથે અને બાંધવો સાથે (ગયા). 'ઘણાં કિંમતી (આભરણો વિગેરે)' શબ્દથી ઈચ્છેલા પદાર્થો ગણાવે છે. ઘણાં કિંમતી આભરણો, 'ક્ષૌમાનિ' રેશમી વસ્ત્રો, 'અનર્ઘ્યપરિચ્છદાઃ' દિવ્ય ઘરવખરી. આ ઘણાએ દરેકને આપ્યાં એમ તે (આપનારા)ઓને અડસઠમા શ્લોકમાં ગણાવે છે.

પાંચ મુખ્ય પ્રકારે ગણાવેલા છે. ઉગ્રસેન રાજા; (તેણે આપ્યાં), કારણ કે વસુદેવની પેઠે તેને પણ ભગવાને (કારાગ્રહમાંથી) મુક્ત કરાવ્યો હતો. ઉદ્ધવ પણ ઘણા સમય સુધી તે (નંદ)ના ઘેર રહેલ હોવાથી (તેણે પણ આપ્યાં). 'બલઃ' બલભદ્ર. 'આદિ' 'વિગેરે' શબ્દથી દેવકી વિગેરેનો પણ સમાવેશ કરેલો છે. આમણે આપેલ પહેરામણી લઈને દૂર સુધી સાથે આવી વળાવેલા હોઈ, (નંદ) 'યયૌ' ત્યાંથી ગયા. ૬૭-૬૮.

**નન્દો ગોપશ્ચ ગોપાશ્ચ ગોવિન્દચરણામ્બુજે ।।**
**મનઃ ક્ષિપ્તં પુનર્હર્તુમશક્તા મથુરાં યયુઃ ।।૬૯।।**

નંદ અને ગોપીઓ અને ગોપો ગોવિંદના ચરણકમલમાં મૂકેલું મન પાછું લેવા અશક્ત થઈ મથુરા ગયા. ૬૯.

નંદ અને ગોપીઓ એક વર્ગના, ગોપો વળી બીજા વર્ગના. બંનેએ સમૃદ્ધિ થાય તે માટે ગોવિંદના ચરણકમલમાં મૂકેલું મન ઘણું પુષ્ટ થવાથી પાછું લેવા અશક્ત થઈ, મથુરાના દેશમાં જ ગયા; કારણ કે મનના પ્રયોજનથી બધું આપવામાં આવે છે. નંદ વિગેરેનું મન તો ભગવાનમાં જ હતું. (ત્યાં જ રાખી ગયા). તેથી નંદ વિગેરેનું જ ઘણું દ્રવ્ય અહિં રહેલું, એવો અર્થ છે. ૬૯.

પછી જે થયું તે નીચેના શ્લોકમાં કહે છેઃ

**બન્ધુષુ પ્રતિયાતેષુ વૃષ્ણયઃ કૃષ્ણદેવતાઃ ।।**
**વીક્ષ્ય પ્રાવૃષમાસન્નાં યયુર્દ્વારવતીં પુનઃ ।।૭૦।।**

બંધુઓ પાછા ગયા, પછી શ્રીકૃષ્ણ જેમના દેવ હતા તેવા યાદવો વર્ષાઋતુ નજીક આવેલી જોઈને પાછા દ્વારકા ગયા. ૭૦.

બધાએ પોતપોતાના દેશ ગયા, ત્યાર પછી (યાદવો) પોતે એકલા પણ ઘણો સમય રહ્યા. ત્યાં ભય વિના રહેવાનું કારણ 'શ્રીકૃષ્ણ જેમના દેવ હતા તેવા' વિશેષણથી કહેલું છે. શ્રીકૃષ્ણ જ અલૌકિક પ્રકારે રક્ષણ કરતા હતા જેમનું તેવા (હોવાથી રહ્યા).

'ત્યારે કેમ ગયા?' એ જાણવાની ઈચ્છા થાય, તેથી 'વર્ષાઋતુ નજીક આવેલી જોઈને' શબ્દો કહેલા છે. ચાર અથવા દશ દિવસના અંતરે (વર્ષા છે) એમ જાણી ગયા. ૭૦.

પછી 'જેઓ (કુરુક્ષેત્ર) આવ્યા ન હતા તેઓને પણ ઉત્સવ થયો ન હતો' એવી શંકા દૂર કરવા, (તેઓને) વૃત્તાંત કહ્યો એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**જનેભ્યઃ કથયાંચક્રુર્વસુદેવમહોત્સવમ્ ।।**
**યદાસીત્તીર્થયાત્રાયાં સુહૃત્સંદર્શનાદિકમ્ ।।૭૧।।**

વસુદેવે કરેલો મહોત્સવ (અને) તીર્થયાત્રામાં જે સ્નેહીઓનો મેળાપ વિગેરે થએલ તે તેઓએ લોકોને કહ્યાં. ૭૧.

વસુદેવે કરેલો યજ્ઞનો મહોત્સવ, અને સ્નેહીઓનો જે મેળાપ વિગેરે (થએલ), તે પણ (કહ્યાં). એવી રીતે (ભગવાને) નિરોધ કરેલા સાત્ત્વિકોને મોટા ઉત્સવરૂપ ફલનું દાન કર્યું એવો (અર્થ છે). ૭૧.

**ઈતિ શ્રીલક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીમદ્વલ્લભદીક્ષિતે રચેલી શ્રીમદ્ભાગવતની સુબોધિનીમાં દશમા સ્કંધના ઉત્તરાર્ધના વિવરણમાં પાંત્રીસમા અને સળંગ એક્યાશીમા અધ્યાયનું વિવરણ સંપૂર્ણ.**